بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# નુઝ્હતુલ્ ક઼ારી

# શરહે સહીહ બુખારી

[ભાગ : ત્રીજો]

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી

હસ્બે ફર્માઈશ

હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી

અઝ : ફક઼ીહુલ્ હિંદ હઝરત અલ્લામા

## મુફતી મુહમ્મદશરીફુલ હક઼ અમજદી رحمۃ اللہ علیہ

(પૂર્વ સદર મુફતી જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)


પ્રકાશકો

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/
Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨)
(ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા શાખા

GRWB/058/
Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
પિન. ૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨)
(ઓફિસ) ૨૮૦૦૧૧,(ઘર) ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net
Email :anjuman2006@hotmail.com

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا رَسُوۡلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصۡحَابِكَ يَا حَبِيۡبَ اللّٰهِ ﷺ

**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**


**કિતાબનું નામ** : **નુઝ્હતુલ્ ક઼ારી શરહે સહીહ બુખારી (ભાગ ત્રીજો)**

**અઝ** : *ફક઼ીહુલ્ હિંદ હઝરત અલ્લામા મુફ્તી*
**મુહમ્મદશરીફુલ હક્ક઼ અમજદી** رحمۃ اللہ علیہ
(પૂર્વ સદર મુફ્તી જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)

**અનુવાદક** : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email : anjuman2006@hotmail.com**

**કંપોઝિંગ & ડિઝાઈન** : સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી (મો. ૯૪૨૭૮ ૧૭૩૯૯)

**પેજીસ** : ૫૩૬ ★ **કિંમત** : રૂા. ૨૦૦/– ★ **આવૃત્તિ** : પ્રથમ

**પ્રકાશન વર્ષ** : ૦૮ ઝી ક઼અદા, હિ.સ. ૧૪૩૨
અંગ્રેજી તા. ૦૮ ઓકટોબર ૨૦૧૧, વાર : શનિવાર

**પ્રાપ્તિસ્થાન** : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧ (ઘર) ૨૮૦૧૯૨
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, **Email : anjuman2006@hotmail.com**
**www.barkatekhwaja.net**

**પ્રકાશકો**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** | **સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા)

★ નકલ : ૩૦૦૦ C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,** ★ નકલ : ૧૦૦૦
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,
(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

નોંધ : **ડોનરો–મેમ્બરોને દરેક કિતાબની એક કોપી ફ્રીમાં મોકલવામાં આવે છે. (મેમ્બર ફી રૂા. ૩૦૦/–)**

# અ.....નુ.....ક્ર.....મ.....ણિ.....કા.....


| વિષય | પેજ નં |
|---|---|
| **અનુવાદકના બે બોલ...** | |
| *(અઝ :પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)* | 011 |
| **કિતાબુલ્ મવાક઼ીતુસ્સલાત** | |
| **"નમાઝના સમયો વિશે"** | 013 |
| [હદીષ : ૩૪૭ અને ૩૪૮] | 013 |
| [હદીષ : ૩૪૯] | 017 |
| [હદીષ : ૩૫૦] | 019 |
| [હદીષ : ૩૫૧] | 020 |
| [હદીષ : ૩૫૨] | 021 |
| [હદીષ : ૩૫૩] | 021 |
| [હદીષ : ૩૫૪] | 022 |
| [હદીષ : ૩૫૫] | 023 |
| [હદીષ : ૩૫૬] | 023 |
| [હદીષ : ૩૫૭] | 024 |
| [હદીષ : ૩૫૮] | 028 |
| [હદીષ : ૩૫૯] | 030 |
| [હદીષ : ૩૬૦] | 031 |
| [હદીષ : ૩૬૧] | 032 |
| [હદીષ : ૩૬૨] | 035 |
| [હદીષ : ૩૬૩] | 035 |
| [હદીષ : ૩૬૪] | 036 |
| [હદીષ : ૩૬૫] | 036 |
| [હદીષ : ૩૬૬] | 038 |
| [હદીષ : ૩૬૭] | 039 |
| [હદીષ : ૩૬૮] | 039 |
| [હદીષ : ૩૬૯] | 042 |
| [હદીષ : ૩૭૦] | 044 |
| [હદીષ : ૩૭૧] | 047 |
| [હદીષ : ૩૭૨] | 048 |
| [તઅલીક઼ : ૧૨૨] | 051 |
| [હદીષ : ૩૭૩] | 052 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૩૭૪] | 052 |
| [હદીષ : ૩૭૫] | 054 |
| [હદીષ : ૩૭૬] | 054 |
| [હદીષ : ૩૭૭] | 056 |
| [હદીષ : ૩૭૮] | 056 |
| [હદીષ : ૩૭૯] | 058 |
| [હદીષ : ૩૮૦] | 059 |
| [તઅલીક઼ : ૧૨૩] | 064 |
| [હદીષ : ૩૮૧] | 064 |
| [હદીષ : ૩૮૨] | 065 |
| [હદીષ : ૩૮૩] | 065 |
| [હદીષ : ૩૮૪] | 066 |
| [હદીષ : ૩૮૫] | 067 |
| [હદીષ : ૩૮૬] | 068 |
| [હદીષ : ૩૮૭] | 068 |
| [હદીષ : ૩૮૮] | 069 |
| [હદીષ : ૩૮૯] | 070 |
| [હદીષ : ૩૯૦] | 070 |
| જુમ્આના દિવસે ઝવાલના સમયે નમાઝ અપવાદ | 071 |
| [તઅલીક઼ : ૧૨૪] | 072 |
| [હદીષ : ૩૯૧] | 074 |
| [હદીષ : ૩૯૨] | 074 |
| [હદીષ : ૩૯૩] | 075 |
| [હદીષ : ૩૯૪] | 075 |
| [હદીષ : ૩૯૫] | 078 |
| [હદીષ : ૩૯૬] | 079 |
| નમાઝ કઝા થવાનો સબબ | 081 |
| [તઅલીક઼ : ૧૨૫] | 082 |
| [હદીષ : ૩૯૭] | 082 |
| ખાસ હિદાયત : | 083 |
| [તઅલીક઼ : ૧૨૬] | 084 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૩૯૮] | 084 |
| **કિતાબુલ્ અઝાન** | |
| **"અઝાન વિશે પ્રકરણ"** | 090 |
| [હદીષ : ૩૯૯] | 090 |
| અઝાનનો અર્થ | 090 |
| [હદીષ : ૪૦૦] | 091 |
| [હદીષ : ૪૦૧] | 095 |
| દેવબંદી મોટેરાઓની સાક્ષીઓ | 097 |
| [તઅલીક઼ : ૧૨૭] | 098 |
| [હદીષ : ૪૦૨] | 098 |
| [હદીષ : ૪૦૩] | 099 |
| [હદીષ : ૪૦૪] | 100 |
| [હદીષ : ૪૦૫] | 101 |
| [હદીષ : ૪૦૬] | 101 |
| [હદીષ : ૪૦૭] | 102 |
| [તઅલીક઼ : ૧૨૮] | 105 |
| [હદીષ : ૪૦૮] | 105 |
| [તઅલીક઼ : ૧૨૯] | 106 |
| [તઅલીક઼ : ૧૩૦] | 106 |
| [હદીષ : ૪૦૯] | 107 |
| [હદીષ : ૪૧૦] | 108 |
| ફજર પહેલાં અઝાન | 108 |
| [હદીષ : ૪૧૧] | 109 |
| [હદીષ : ૪૧૨] | 110 |
| [હદીષ : ૪૧૩] | 110 |
| [હદીષ : ૪૧૪] | 111 |
| [હદીષ : ૪૧૫] | 112 |
| [હદીષ : ૪૧૬] | 112 |
| [હદીષ : ૪૧૭] | 113 |
| [હદીષ : ૪૧૮] | 114 |
| [હદીષ : ૪૧૯] | 115 |
| [તઅલીક઼ : ૧૩૧] | 115 |

| વિષય | પેજ નં |
|---|---|
| [તઅલીક઼ : ૧૩૨] | 116 |
| [તઅલીક઼ : ૧૩૩] | 116 |
| [તઅલીક઼ : ૧૩૪] | 116 |
| [તઅલીક઼ : ૧૩૫] | 116 |
| [હદીષ : ૪૨૦] | 117 |
| [તઅલીક઼ : ૧૩૬] | 117 |
| [હદીષ : ૪૨૧] | 117 |
| [હદીષ : ૪૨૨] | 118 |
| [હદીષ : ૪૨૩] | 119 |
| [હદીષ : ૪૨૪] | 119 |
| [હદીષ : ૪૨૫] | 120 |
| [તઅલીક઼ : ૧૩૭] | 120 |
| [તઅલીક઼ : ૧૩૮] | 121 |
| [તઅલીક઼ : ૧૩૯] | 121 |
| [હદીષ : ૪૨૬] | 122 |
| [હદીષ : ૪૨૭] | 122 |
| [હદીષ : ૪૨૮] | 122 |
| [હદીષ : ૪૨૯] | 123 |
| [હદીષ : ૪૩૦] | 124 |
| [હદીષ : ૪૩૧] | 126 |
| [હદીષ : ૪૩૨] | 127 |
| [હદીષ : ૪૩૩] | 127 |
| [હદીષ : ૪૩૪] | 129 |
| [હદીષ : ૪૩૫] | 129 |
| ઈક઼ામત પછી સુન્નત | 130 |
| ફજરની સુન્નતની વિશિષ્ટતા | 131 |
| [હદીષ : ૪૩૬] | 133 |
| [હદીષ : ૪૩૭] | 135 |
| [તઅલીક઼ : ૧૪૦] | 136 |
| [હદીષ : ૪૩૮] | 136 |
| [હદીષ : ૪૩૯] | 137 |
| [હદીષ : ૪૪૦] | 137 |
| [તઅલીક઼ : ૧૪૧] | 138 |
| [હદીષ : ૪૪૧] | 138 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૪૪૨] | 138 |
| [હદીષ : ૪૪૩] | 139 |
| [હદીષ : ૪૪૪] | 141 |
| [હદીષ : ૪૪૫] | 142 |
| [હદીષ : ૪૪૬] | 143 |
| [હદીષ : ૪૪૭] | 144 |
| [હદીષ : ૪૪૮] | 145 |
| [તઅલીક઼ : ૧૪૨] | 147 |
| [તઅલીક઼ : ૧૪૩] | 147 |
| [હદીષ : ૪૪૯] | 148 |
| [હદીષ : ૪૫૦] | 149 |
| [હદીષ : ૪૫૧] | 150 |
| [તઅલીક઼ : ૧૪૪] | 151 |
| [તઅલીક઼ : ૧૪૫] | 152 |
| ઈમામતનો મુસ્તહિક઼ કોણ ? | 152 |
| [હદીષ : ૪૫૨] | 153 |
| [હદીષ : ૪૫૩] | 154 |
| [હદીષ : ૪૫૪] | 154 |
| [તઅલીક઼ : ૧૪૬] | 155 |
| બદ્‌મઝહબની પાછળ નમાઝનો હુકમ | 155 |
| [હદીષ : ૪૫૫] | 156 |
| [તઅલીક઼ : ૧૪૭] | 157 |
| [હદીષ : ૪૫૬] | 158 |
| નફલવાળા પાછળ ફર્ઝવાળાની નમાઝ | 159 |
| [હદીષ : ૪૫૭] | 161 |
| [હદીષ : ૪૫૮] | 161 |
| [તઅલીક઼ : ૧૪૮] | 162 |
| [હદીષ : ૪૫૯] | 162 |
| [હદીષ : ૪૬૦] | 163 |
| [હદીષ : ૪૬૧] | 163 |
| [તઅલીક઼ : ૧૪૯] | 164 |
| [તઅલીક઼ : ૧૫૦] | 165 |
| [હદીષ : ૪૬૨] | 165 |
| [હદીષ : ૪૬૩] | 167 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૪૬૪] | 167 |
| [હદીષ : ૪૬૫] | 168 |
| [હદીષ : ૪૬૬] | 169 |
| [હદીષ : ૪૬૭] | 170 |
| [તઅલીક઼ : ૧૫૧] | 171 |
| [હદીષ : ૪૬૮] | 172 |
| [તઅલીક઼ : ૧૫૨] | 173 |
| [તઅલીક઼ : ૧૫૩] | 173 |
| [હદીષ : ૪૬૯] | 175 |
| [હદીષ : ૪૭૦] | 176 |
| [હદીષ : ૪૭૧] | 177 |
| [હદીષ : ૪૭૨] | 177 |
| [હદીષ : ૪૭૩] | 177 |
| તહરીમા વખતે ક્યાં સુધી હાથ ઉઠાવે ? | 177 |
| [હદીષ : ૪૭૪] | 178 |
| રફએ યદૈન ન કરનારા સહાબા | 186 |
| [હદીષ : ૪૭૫] | 187 |
| [હદીષ : ૪૭૬] | 188 |
| [હદીષ : ૪૭૭] | 189 |
| [હદીષ : ૪૭૮] | 190 |
| [હદીષ : ૪૭૯] | 191 |
| [હદીષ : ૪૮૦] | 193 |
| [હદીષ : ૪૮૧] | 193 |
| [હદીષ : ૪૮૨] | 194 |
| [હદીષ : ૪૮૩] | 195 |
| [હદીષ : ૪૮૪] | 195 |
| [હદીષ : ૪૮૫] | 199 |
| [હદીષ : ૪૮૬] | 207 |
| [હદીષ : ૪૮૭] | 209 |
| [હદીષ : ૪૮૮] | 210 |
| [હદીષ : ૪૮૯] | 211 |
| [હદીષ : ૪૯૦] | 212 |
| [હદીષ : ૪૯૧] | 213 |
| [હદીષ : ૪૯૨] | 214 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૪૯૩] | 215 |
| [હદીષ : ૪૯૪] | 216 |
| [હદીષ : ૪૯૫] | 220 |
| [તઅલીક઼ : ૧૫૪] | 220 |
| [તઅલીક઼ : ૧૫૫] | 221 |
| [તઅલીક઼ : ૧૫૬] | 222 |
| [તઅલીક઼ : ૧૫૭] | 222 |
| [તઅલીક઼ : ૧૫૮] | 222 |
| [તઅલીક઼ : ૧૫૯] | 223 |
| [હદીષ : ૪૯૬] | 224 |
| [તઅલીક઼ : ૧૬૦] | 226 |
| [તઅલીક઼ : ૧૬૧] | 226 |
| [તઅલીક઼ : ૧૬૨] | 227 |
| [હદીષ : ૪૯૭] | 227 |
| [હદીષ : ૪૯૮] | 228 |
| [હદીષ : ૪૯૯] | 229 |
| [હદીષ : ૫૦૦] | 233 |
| [હદીષ : ૫૦૧] | 234 |
| [હદીષ : ૫૦૨] | 235 |
| [હદીષ : ૫૦૩] | 236 |
| [હદીષ : ૫૦૪] | 236 |
| [હદીષ : ૫૦૫] | 238 |
| [હદીષ : ૫૦૬] | 239 |
| [હદીષ : ૫૦૭] | 240 |
| [હદીષ : ૫૦૮] | 240 |
| [હદીષ : ૫૦૯] | 241 |
| [હદીષ : ૫૧૦] | 242 |
| [હદીષ : ૫૧૧] | 242 |
| [હદીષ : ૫૧૨] | 243 |
| [તઅલીક઼ : ૧૬૩] | 243 |
| [હદીષ : ૫૧૩] | 244 |
| વલીદ બિન વલીદ | 244 |
| સલ્મા બિન હિશામ | 245 |
| અય્યાશ બિન રબીઆ | 245 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૫૧૪] | 247 |
| [હદીષ : ૫૧૫] | 253 |
| [હદીષ : ૫૧૬] | 254 |
| [હદીષ : ૫૧૭] | 256 |
| [હદીષ : ૫૧૮] | 258 |
| [હદીષ : ૫૧૯] | 258 |
| [તઅલીક઼ : ૧૬૪] | 259 |
| [હદીષ : ૫૨૦] | 259 |
| [તઅલીક઼ : ૧૬૫] | 260 |
| [હદીષ : ૫૨૧] | 261 |
| [હદીષ : ૫૨૨] | 262 |
| [હદીષ : ૫૨૩] | 265 |
| [હદીષ : ૫૨૪] | 266 |
| તશહ્હુદમાં ધીમો અવાજ | 270 |
| [હદીષ : ૫૨૫] | 271 |
| [હદીષ : ૫૨૬] | 274 |
| [હદીષ : ૫૨૭] | 274 |
| [તઅલીક઼ : ૧૬૫] | 275 |
| [હદીષ : ૫૨૮] | 276 |
| [હદીષ : ૫૨૯] | 277 |
| [તઅલીક઼ : ૧૬૬] | 277 |
| [હદીષ : ૫૩૦] | 278 |
| [હદીષ : ૫૩૧] | 280 |
| [હદીષ : ૫૩૨] | 281 |
| [હદીષ : ૫૩૩] | 282 |
| [હદીષ : ૫૩૪] | 284 |
| [તઅલીક઼ : ૧૬૭] | 284 |
| [તઅલીક઼ : ૧૬૮] | 285 |
| [હદીષ : ૫૩૫] | 285 |
| [તઅલીક઼ : ૧૬૯] | 286 |
| [હદીષ : ૫૩૬] | 287 |
| [હદીષ : ૫૩૭] | 288 |
| [હદીષ : ૫૩૮] | 288 |
| [હદીષ : ૫૩૯] | 289 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૫૪૦] | 291 |
| [હદીષ : ૫૪૧] | 291 |
| [હદીષ : ૫૪૨] | 293 |
| [હદીષ : ૫૪૩] | 293 |
| [હદીષ : ૫૪૪] | 295 |
| [હદીષ : ૫૪૫] | 295 |
| [હદીષ : ૫૪૬] | 296 |
| કિતાબુલ્ જુમ્અહ્ | |
| "જુમ્આ વિશે પ્રકરણ" | 297 |
| [હદીષ : ૫૪૭] | 297 |
| [હદીષ : ૫૪૮] | 299 |
| [હદીષ : ૫૪૯] | 300 |
| [હદીષ : ૫૫૦] | 302 |
| [હદીષ : ૫૫૧] | 303 |
| [હદીષ : ૫૫૨] | 305 |
| [હદીષ : ૫૫૩] | 306 |
| અઠવાડિયા ભરના ગુનાહોની માફી હાંસલ | 306 |
| [હદીષ : ૫૫૪] | 307 |
| [હદીષ : ૫૫૫] | 307 |
| [હદીષ : ૫૫૬] | 308 |
| [હદીષ : ૫૫૭] | 310 |
| [હદીષ : ૫૫૮] | 311 |
| [હદીષ : ૫૫૯] | 311 |
| [હદીષ : ૫૬૦] | 312 |
| [હદીષ : ૫૬૧] | 313 |
| [હદીષ : ૫૬૨] | 316 |
| [તઅલીક઼ : ૧૭૦] | 318 |
| [હદીષ : ૫૬૩] | 319 |
| [હદીષ : ૫૬૪] | 319 |
| [હદીષ : ૫૬૫] | 320 |
| [તઅલીક઼ : ૧૭૧] | 321 |
| [તઅલીક઼ : ૧૭૨] | 321 |
| [હદીષ : ૫૬૬] | 322 |
| [હદીષ : ૫૬૭] | 323 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૫૬૮] | 324 |
| [હદીષ : ૫૬૯] | 324 |
| [હદીષ : ૫૭૦] | 324 |
| [તઅલીક઼ : ૧૭૩] | 326 |
| [તઅલીક઼ : ૧૭૪] | 326 |
| [તઅલીક઼ : ૧૭૪] | 327 |
| [હદીષ : ૫૭૧] | 327 |
| [હદીષ : ૫૭૨] | 328 |
| [હદીષ : ૫૭૩] | 328 |
| [હદીષ : ૫૭૪] | 334 |
| [હદીષ : ૫૭૫] | 335 |
| [હદીષ : ૫૭૬] | 336 |
| [તઅલીક઼ : ૧૭૬] | 336 |
| [હદીષ : ૫૭૭] | 337 |
| [હદીષ : ૫૭૮] | 337 |
| [હદીષ : ૫૭૯] | 339 |
| [હદીષ : ૫૮૦] | 340 |
| [હદીષ : ૫૮૧] | 340 |
| [હદીષ : ૫૮૨] | 342 |
| [હદીષ : ૫૮૩] | 345 |
| [હદીષ : ૫૮૪] | 345 |
| [હદીષ : ૫૮૫] | 347 |
| [હદીષ : ૫૮૬] | 348 |
| [હદીષ : ૫૮૭] | 349 |
| [હદીષ : ૫૮૮] | 350 |
| અબ્વાબુસ્સલાતિલ્ ખૌફ | |
| "નમાઝે ખૌફ વિશેનું પ્રકરણ" | 351 |
| [હદીષ : ૫૮૯] | 351 |
| [હદીષ : ૫૯૦] | 353 |
| [હદીષ : ૫૯૧] | 353 |
| [તઅલીક઼ : ૧૭૭] | 354 |
| [તઅલીક઼ : ૧૭૮] | 355 |
| [તઅલીક઼ : ૧૭૯] | 357 |
| [હદીષ : ૫૯૨] | 357 |

| વિષય | પેજ નં |
|---|---|
| કિતાબુલ ઈદૈન | |
| "ઈદ વિશે પ્રકરણ" | 359 |
| [હદીષ : ૫૯૩] | 359 |
| [હદીષ : ૫૯૪] | 361 |
| [હદીષ : ૫૯૫] | 362 |
| [હદીષ : ૫૯૬] | 363 |
| [હદીષ : ૫૯૭] | 364 |
| [હદીષ : ૫૯૮ થી ૬૦૧] | 366 |
| ઈદની નમાઝ ક્યાં પઢે ? | 368 |
| [હદીષ : ૬૦૨] | 369 |
| [હદીષ : ૬૦૩] | 369 |
| [હદીષ : ૬૦૪] | 369 |
| [તઅલીક઼ : ૧૮૦] | 370 |
| [હદીષ : ૬૦૫] | 370 |
| [હદીષ : ૬૦૬] | 371 |
| [તઅલીક઼ : ૧૮૧] | 371 |
| [તઅલીક઼ : ૧૮૨] | 372 |
| [તઅલીક઼ : ૧૮૩] | 372 |
| [તઅલીક઼ : ૧૮૪] | 372 |
| [હદીષ : ૬૦૭] | 372 |
| [તઅલીક઼ : ૧૮૫] | 374 |
| [તઅલીક઼ : ૧૮૬] | 374 |
| [તઅલીક઼ : ૧૮૭] | 374 |
| [તઅલીક઼ : ૧૮૮] | 374 |
| [હદીષ : ૬૦૮] | 375 |
| [હદીષ : ૬૦૯] | 376 |
| [હદીષ : ૬૧૦] | 377 |
| [હદીષ : ૬૧૧] | 378 |
| [તઅલીક઼ : ૧૮૯] | 378 |
| [તઅલીક઼ : ૧૯૦] | 379 |
| [તઅલીક઼ : ૧૯૧] | 379 |
| [તઅલીક઼ : ૧૯૨] | 379 |
| [તઅલીક઼ : ૧૯૩] | 380 |

| વિષય | પેજ નં |
|---|---|
| અબ્વાબુલ વિત્ર | |
| "વિત્ર વિશેના પ્રકરણો" | 381 |
| [તઅલીક઼ : ૧૯૪] | 381 |
| [તઅલીક઼ : ૧૯૫] | 381 |
| [હદીષ : ૬૧૨] | 383 |
| [હદીષ : ૬૧૩] | 384 |
| [હદીષ : ૬૧૪] | 385 |
| [હદીષ : ૬૧૫] | 385 |
| [હદીષ : ૬૧૬] | 386 |
| [હદીષ : ૬૧૭] | 386 |
| [હદીષ : ૬૧૮] | 387 |
| [હદીષ : ૬૧૯] | 387 |
| [હદીષ : ૬૨૦] | 388 |
| અબ્વાબુલ્ ઈસ્તિસ્ક઼ાઅ્ | |
| "ઈસ્તિસ્ક઼ાઅ્ વિશેનાં પ્રકરણો" | 390 |
| [હદીષ : ૬૨૧] | 390 |
| [હદીષ : ૬૨૨] | 391 |
| [હદીષ : ૬૨૩] | 394 |
| [તઅલીક઼ : ૧૯૬] | 394 |
| [હદીષ : ૬૨૪] | 397 |
| [તઅલીક઼ : ૧૯૭] | 399 |
| [હદીષ : ૬૨૫] | 400 |
| [હદીષ : ૬૨૬] | 401 |
| [હદીષ : ૬૨૭] | 403 |
| [તઅલીક઼ : ૧૯૮] | 403 |
| [હદીષ : ૬૨૮] | 403 |
| [હદીષ : ૬૨૯] | 404 |
| [હદીષ : ૬૩૦] | 404 |
| [હદીષ : ૬૩૧] | 406 |
| અબવાબુલ કુસૂફ | |
| "ગ્રહણ વિશે પ્રકરણ" | 408 |
| [હદીષ : ૬૩૨] | 408 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૬૩૩] | 411 |
| [હદીષ : ૬૩૪] | 411 |
| [હદીષ : ૬૩૫] | 412 |
| [હદીષ : ૬૩૬] | 412 |
| [હદીષ : ૬૩૭] | 414 |
| [હદીષ : ૬૩૮] | 415 |
| [હદીષ : ૬૩૯] | 417 |
| [તઅલીક઼ : ૧૯૯] | 418 |
| [તઅલીક઼ : ૨૦૦] | 418 |
| [હદીષ : ૬૪૦] | 419 |
| [હદીષ : ૬૪૧] | 421 |
| [હદીષ : ૬૪૨] | 421 |
| **સુજૂદુલ કુર્આન "કુર્આનના સિજદાઓ વિશેનું પ્રકરણ"** | 422 |
| [હદીષ : ૬૪૩] | 422 |
| [હદીષ : ૬૪૪] | 424 |
| [તઅલીક઼ : ૨૦૧] | 425 |
| [હદીષ : ૬૪૫] | 426 |
| [હદીષ : ૬૪૬] | 428 |
| [હદીષ : ૬૪૭] | 429 |
| [તઅલીક઼ : ૨૦૨] | 429 |
| [હદીષ : ૬૪૮] | 430 |
| [તઅલીક઼ : ૨૦૩] | 431 |
| [તઅલીક઼ : ૨૦૪] | 431 |
| [તઅલીક઼ : ૨૦૫] | 432 |
| [તઅલીક઼ : ૨૦૬] | 432 |
| [તઅલીક઼ : ૨૦૭] | 432 |
| [હદીષ : ૬૪૯] | 433 |
| [તઅલીક઼ : ૨૦૮] | 434 |
| **અબ્વાબ તક઼સીરિસ્સલાત "કસર નમાઝ વિશેનું પ્રકરણ"** | 435 |
| [હદીષ : ૬૫૦] | 435 |
| [હદીષ : ૬૫૧] | 437 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૬૫૨] | 438 |
| [હદીષ : ૬૫૩] | 438 |
| [હદીષ : ૬૫૪] | 438 |
| [હદીષ : ૬૫૫] | 440 |
| [તઅલીક઼ : ૨૦૯] | 441 |
| [તઅલીક઼ : ૨૧૦] | 441 |
| [હદીષ : ૬૫૬] | 442 |
| [હદીષ : ૬૫૭] | 446 |
| [તઅલીક઼ : ૨૧૧] | 447 |
| [હદીષ : ૬૫૮] | 447 |
| [હદીષ : ૬૫૯] | 448 |
| [હદીષ : ૬૬૦] | 449 |
| [હદીષ : ૬૬૧] | 452 |
| [હદીષ : ૬૬૨] | 452 |
| [હદીષ : ૬૬૩] | 452 |
| [હદીષ : ૬૬૪] | 453 |
| [હદીષ : ૬૬૫] | 453 |
| [હદીષ : ૬૬૬] | 454 |
| [હદીષ : ૬૬૭] | 455 |
| [તઅલીક઼ : ૨૧૨] | 455 |
| [તઅલીક઼ : ૨૧૩] | 456 |
| [હદીષ : ૬૬૮] | 456 |
| [હદીષ : ૬૬૯] | 457 |
| [તઅલીક઼ : ૨૧૪] | 457 |
| [હદીષ : ૬૭૦] | 459 |
| [તઅલીક઼ : ૨૧૫] | 460 |
| [હદીષ : ૬૭૧] | 460 |
| [તઅલીક઼ : ૨૧૬] | 461 |
| [હદીષ : ૬૭૨] | 462 |
| [હદીષ : ૬૭૩] | 462 |
| **કિતાબુત્તહજ્જુદ "તહજ્જુદ વિશેનું પ્રકરણ"** | 464 |
| [હદીષ : ૬૭૪] | 464 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૬૭૫] | 466 |
| [હદીષ : ૬૭૬] | 468 |
| કેટલા દિવસ વહી રોકાયી ? | 469 |
| [હદીષ : ૬૭૭] | 470 |
| [હદીષ : ૬૭૮] | 471 |
| [હદીષ : ૬૭૯] | 472 |
| [હદીષ : ૬૮૦] | 472 |
| [હદીષ : ૬૮૧] | 473 |
| [હદીષ : ૬૮૨] | 473 |
| [હદીષ : ૬૮૩] | 474 |
| [હદીષ : ૬૮૪] | 475 |
| [હદીષ : ૬૮૫] | 475 |
| [હદીષ : ૬૮૬] | 475 |
| [તઅલીક઼ : ૨૧૭] | 476 |
| [હદીષ : ૬૮૭] | 479 |
| [હદીષ : ૬૮૮] | 480 |
| [હદીષ : ૬૮૯] | 481 |
| [હદીષ : ૬૯૦] | 481 |
| [હદીષ : ૬૯૧] | 483 |
| [હદીષ : ૬૯૨] | 483 |
| [હદીષ : ૬૯૩] | 485 |
| [હદીષ : ૬૯૪] | 486 |
| [હદીષ : ૬૯૫] | 487 |
| [હદીષ : ૬૯૬] | 487 |
| [હદીષ : ૬૯૭] | 488 |
| [હદીષ : ૬૯૮] | 488 |
| [હદીષ : ૬૯૯] | 489 |
| [હદીષ : ૭૦૦] | 490 |
| [હદીષ : ૭૦૧] | 490 |
| [તઅલીક઼ : ૨૧૮] | 491 |
| [તઅલીક઼ : ૨૧૯] | 491 |
| [હદીષ : ૭૦૨] | 492 |

| વિષય | પેજ નં |
|---|---|
| [હદીષ : ૭૦૩] | 493 |
| [હદીષ : ૭૦૪] | 494 |
| [હદીષ : ૭૦૫] | 494 |
| [હદીષ : ૭૦૬] | 494 |
| [તઅલીક઼ : ૨૨૦] | 495 |
| [હદીષ : ૭૦૭] | 495 |
| [હદીષ : ૭૦૮] | 496 |
| [હદીષ : ૭૦૯] | 497 |
| [હદીષ : ૭૧૦] | 498 |
| [હદીષ : ૭૧૧] | 500 |
| [હદીષ : ૭૧૨] | 505 |
| [હદીષ : ૭૧૩] | 507 |
| [હદીષ : ૭૧૪] | 513 |
| [હદીષ : ૭૧૫] | 514 |
| [હદીષ : ૭૧૬] | 516 |
| [હદીષ : ૭૧૭] | 516 |
| [હદીષ : ૭૧૮] | 517 |
| [તઅલીક઼ : ૨૨૧] | 518 |
| [તઅલીક઼ : ૨૨૨] | 518 |
| [તઅલીક઼ : ૨૨૩] | 519 |
| [હદીષ : ૭૧૯] | 520 |
| [હદીષ : ૭૨૦] | 521 |
| [હદીષ : ૭૨૧] | 522 |
| [હદીષ : ૭૨૨] | 523 |
| [હદીષ : ૭૨૩] | 526 |
| [તઅલીક઼ : ૨૨૪] | 527 |
| [તઅલીક઼ : ૨૨૫] | 527 |
| [હદીષ : ૭૨૪] | 529 |
| [તઅલીક઼ : ૨૨૬] | 530 |
| [હદીષ : ૭૨૫] | 530 |
| [હદીષ : ૭૨૬] | 531 |
| [તઅલીક઼ : ૨૨૭] | 532 |
| [હદીષ : ૭૨૭] | 533 |
| [હદીષ : ૭૨૮] | 534 |

બુખારી શરીફની શરહ (ભાગ-૩)ના પ્રકાશન ટાણે

# અનુવાદકના બે બોલ........

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِيَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

અલ્લાહ તઆલાનો બેહદ શુક્રો એહસાન છે કે પ્યારા હબીબ સરકારે દો જહાં ﷺના સદકાઓ તુફૈલથી મુઝ નાચીઝ અજ્ઞાનીને એ તૌફીક બખ્શી કે **નુઝહતુલ કારી શરહે બુખારી (ભાગ-૩) બુખારી શરીફની સમજૂતી (શરહ) ભાગ-૩**નો ગુજરાતી અનુવાદ લાંબા ઈંતેઝાર પછી પણ આપના મુબારક હાથોમાં ભેટ ધરી રહ્યો છું. અલ્હમ્દુલિલ્લાહ !

આ કામમાં ખાસ કરીને સમયનો અભાવ તેમજ અન્ય મુશ્કેલીઓથી મને જે માનસિક પીડાઓ થતી રહે છે અને જે મુંઝવણો સતાવ્યા કરે છે તેનો ઉલ્લેખ કરીને શું કરું ? બસ ! દુઆની ગુઝારિશ છે કે અલ્લાહ તબારક વ તઆલા તેના મહબૂબ ﷺના સદકામાં બુઝુર્ગાને દીનના વસીલાથી આ કામને આસાન ફર્માવે અને શરહે બુખારીના નવે નવ ભાગો વહેલી તકે પ્રકાશિત થઈ જાય. રબ્બે કરીમ આ કામમાં આવતી સર્વ રુકાવટોને દૂર ફર્માવી એને પરિપૂર્ણ ફર્માવે અને કબૂલિયતથી નવાઝે. (આમીન)

### ★ હુઝૂર ﷺની દુઆની બરકતો પામવા આમંત્રણ ! ★

પોતાની શક્તિ, ક્ષમતા તથા લાયકાત પ્રમાણે હદીષ શરીફના પ્રચારના કાર્યમાં સહભાગી થનારા સર્વ હઝરાતને રસૂલુલ્લાહ ﷺના તરફથી બહાર પડનારી એક બશારત તથા દુઆથી માહિતગાર કરવાનું સદ્‌ભાગ્ય હું મેળવી રહ્યો છું કે ફર્માવ્યું :

**"અલ્લાહ તે બંદાને હર્યોભર્યો રાખે જે મારું કલામ (હદીષ) સાંભળે, તેને યાદ રાખે, ખયાલ રાખે અને પહોંચાડી આપે......."** *(મિર્આતુલ મનાજીહ ઉર્દૂ તર્જુમો મિશ્કાતુલ મસાબીહ, પેજ-૨૦૫)* તેમજ ફર્માવ્યું : **"અલ્લાહ તેને હર્યોભર્યો રાખે જે અમારાથી કાંઈક સાંભળે પછી જેવું સાંભળે એવું જ પહોંચાડી આપે........"** *(હવાલો : ઉપર મુજબ)*

એની શરહમાં હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہએ લખ્યું છે કે, "આ હદીષ હેઠળ કયામત સુધીના મુહદ્દિષો સામેલ છે. એટલે કે અલ્લાહ તઆલા હદીષના હાફિઝ તથા મુહદ્દિષને દુનિયામાં હર્યાભર્યા ફુલ્યા ફલ્યા રાખે અને આખેરતમાં તેમનો ચહેરો તરોતાઝા રાખે અને આ ગિરોહમાં સામેલ કરે : "કયામતના દિવસે અમુક ચહેરાઓ તરોતાઝા હશે પોતાના રબના દીદારથી." *(સૂ. કયામહ, આ. ૨૨-૨૩)* હુઝૂરની આ દુઆ મકબૂલ છે. હદીષના ખાદિમો અલ્લાહ ﷻના ફઝલો કરમથી દીન તથા દુનિયામાં આબાદ છે, જેમ કે અનુભવ બતાવી રહ્યો છે. *(હવાલો : ઉપર મુજબ)*

પ્રિય વાંચકો ! અલ્લાહ તબારક વ તઆલાથી ભરપુર ઉમ્મીદ છે કે જે રીતે હદીષના ખાદિમો, મુહદ્દિષો તથા શરહકર્તાઓને નબી કરીમ ﷺની દુઆનો હિસ્સો મળ્યો તથા મળતો રહેશે તો તેમના તુફૈલ એ જ હદીષોનો અનુવાદ તથા તેની શરહોના પ્રચારમાં જોડાનારા આપણને સર્વને પણ રબ તઆલા બંને જહાનમાં હર્યા ભર્યા તથા ખુશો આબાદ ફર્માવશે. જેથી નાચીઝની નમ્ર વિનંતિ છે કે જો તમો પણ સરકારે દો જહાં ﷺની દુઆની બરકતોથી ફયઝયાબ થવા ચાહતા હોઉ તો જે રીતે બને આ હદીષોના પ્રચાર કાર્યમાં સહભાગી બનશો. ઉલમાએ કિરામથી અરજ છે કે ઈલ્મી રીતે આ કાર્યમાં માર્ગદર્શન જરૂરથી આપે તથા અવામને આ કામમાં સહકાર કરવા પ્રોત્સાહિત કરે, કિતાબોને ખરીદીને મફત વહેંચણી કરવા સમજાવે.

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા તેમજ **પ્રકાશન કાર્યમાં ભરપુર ડોનેશન કરવા માટે સખીદાતાઓને** અમારી પણ નમ્ર વિનંતિ છે કે પોતાના તથા મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે શક્ય તે રીતે સહાય કરશો.

આ તકે **હઝરત અલ્લામા મૌલાના કલીમુલ્લાહ નિઝામી** مدظلہ العالی *(માજી સદર મુદર્રિસ દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ)*નો તથા **હઝરત અલ્લામા મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** مدظلہ العالی *(સદર મુદર્રિસીન : દા.ઉ. બરકાતે ખ્વાજા-આમોદ)* જેમણે મને અનુવાદમાં જ્યારે જરૂર પડી સહકાર કર્યો છે તેમજ **હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી** مدظلہ العالی *(ખતીબો ઈમામ મક્કા મસ્જિદ-બોલ્ટન, યુ.કે.)* જેમણે પૂરો અનુવાદ વાંચીને ક્ષતિઓ સુધારી તથા અમુક નોંધ પણ કેટલાક ઠેકાણે *"મિસ્બાહી"* લખીને મારેલી છે. તેમનો તથા જેમણે જે રીતે સહકાર કર્યો તેમનો હું આભારી છું, સાથોસાથ **જનાબ સાદિક યાકૂબ બરજી (દયાદરા)** જેમણે **A To Z** સર્વ અરબીનું સેટિંગ કરવામાં જેહમત ઉઠાવી છે તે સૌને રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં જઝાએ ખૈર અતા કરે. (આમીન)

**અલ્હમ્દુલિલ્લાહ !** હકીર નાચીઝે રમઝાન મુબારકના બરકતવંત દિવસોમાં મસ્જિદમાં એ'તેકાફની હાલતમાં જ મોટાભાગના અનુવાદો સંપૂર્ણ કરેલા છે તેને રબ્બે કરીમ કબૂલ ફર્માવે તથા મારાં મર્હૂમ વાલિદ, દાદા, દાદી, નાના, નાની તથા સર્વ સહાયકોનાં મર્હૂમોની રબ્બે કરીમ મગફેરત ફર્માવે તથા એને અમારી નજાતનો ઝરીયો બનાવે તથા અમારી ઔલાદને તાકયામત પેઢી દર પેઢી મઝહબે હક્ક **"અહલે સુન્નત વ જમાઅત"** યા'ની **"મસ્લકે આ'લા હઝરત"** પર કાયમ રાખી ખાત્મા બિલ ખૈર ફર્માવે.

**નુઝહતુલ કારી શરહે બુખારી (ભાગ-૪)**નો ગુજરાતી અનુવાદ પણ થઈ ચૂક્યો છે જે જલ્દીથી પ્રસિદ્ધિ પામે એવી દુઆની અપીલ છે તથા અલ્લાહે દૌલત આપી છે તો આ કામે દિલ ખોલીને મદદની અપીલ છે કે આ **કામમાં લાખોનો ખર્ચ થતો હોય છે** અને પૂરા ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર **મોટા ભાગે ડોનરો, મેમ્બરોને આ કિતાબ ફ્રીમાં જ વહેંચાય છે.** તેને લક્ષમાં રાખી જરૂરથી સહકાર કરશો.

**:: સુન્નીઓનો નાચીઝ ખાદિમ ::**

**-પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*ઈસ્લામી ચાંદ ૦૮ ઝી કઅદા, હિ.સ. ૧૪૩૨ અંગ્રેજી તા. ૦૮ ઓકટોબર ૨૦૧૧, વાર : શનિવાર*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# كتاب مواقيت الصلوٰة

**(કિતાબુલ્ મવાક઼ીતુસ્સલાત) "નમાઝના સમયો વિશે"**

## حدیث ٣٤٧ ٣٤٨

**[હદીષ : ૩૪૭ અને ૩૪૮]**

اَنَّ عُمَرَ بْنَ عَبْدِ الْعَزِيْزِ اَخَّرَ الصَّلٰوةَ يَوْمًا فَدَخَلَ

''હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝે એક દિવસે નમાઝમાં મોડુ કરી નાખ્યું તો એમની પાસે

عَلَيْهِ عُرْوَةُ بْنُ الزُّبَيْرِ اَخْبَرَهُ اَنَّ الْمُغِيْرَةَ بْنَ شُعْبَةَ اَخَّرَ الصَّلٰوةَ

ઉરવા ઈબ્ને ઝુબેર આવ્યા અને તેમણે બતાવ્યું કે મુગીરા બિન શઅબાએ એક દિવસ નમાઝમાં મોડુ

يَوْمًا وَهُوَ بِالْعِرَاقِ فَدَخَلَ عَلَيْهِ اَبُوْ مَسْعُوْدِ الْاَنْصَارِيُّ رَضِيَ اللّٰهُ

કરી દીધુ જયારે કે તે ઈરાક઼માં હતા તો એમની પાસે હઝરત અબૂ મસઊદ અન્સારી رضی اللہ عنہ તશરીફ

تَعَالٰى عَنْهُ فَقَالَ مَا هٰذَا يَا مُغِيْرَةُ اَلَيْسَ قَدْ عَلِمْتَ اَنَّ جِبْرَئِيْلَ عَلَيْهِ

લાવ્યા અને ફર્માવ્યું, આ શું છે ? હે મુગીરા ! શું તમે નથી જાણતા કે જિબ્રઈલ علیہ السلام ઉતર્યા

**સમજૂતી : ૩૪૭ અને ૩૪૮**

આ હદીષમાં અહીં ટૂંકાણમાં છે. અબૂ દાઊદ, નિસાઈ વગેરેમાં હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہ થી અને નિસાઈમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી એની વિગત આ પ્રમાણે છે : હઝરત જિબ્રઈલ علیہ السلام હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં નમાઝના સમયો દર્શાવવા માટે હાજર થયા. હઝરત જિબ્રઈલ આગળ ઉભા રહ્યા એમના પાછળ હુઝૂરે અક઼દસ ﷺ ઉભા થયા. હુઝૂરની પાછળ સહાબાએ કિરામ સફબંધી ઉભા થઈ ગયા. ઝોહરની નમાઝ સૂરજ ઢળ્યા પછી પઢી અને જયારે પડછાયો બમણો થઈ ગયો તો આવ્યા અને

السَّلَامُ نَزَلَ فَصَلّٰى، فَصَلّٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

અને નમાઝ પઢી અને રસૂલુલ્લાહ ﷺએ પણ

ثُمَّ صَلّٰى۔ فَصَلّٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ صَلّٰى فَصَلّٰى

નમાઝ પઢી. ત્યારબાદ ફરી જિબ્રઈલે નમાઝ પઢી અને રસૂલુલ્લાહ ﷺએ પણ

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ، ثُمَّ صَلّٰى فَصَلّٰى رَسُوْلُ اللّٰهِ

નમાઝ પઢી. ત્યારબાદ ફરી જિબ્રઈલે નમાઝ પઢી અને રસૂલુલ્લાહ ﷺએ પણ પઢી ત્યાર

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ صَلّٰى فَصَلّٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

બાદ ફરી જિબ્રઈલે નમાઝ પઢી, રસૂલુલ્લાહ ﷺએ પણ નમાઝ પઢી. ત્યારબાદ ફરી જિબ્રઈલે નમાઝ

وَسَلَّمَ ثُمَّ قَالَ بِهٰذَا اُمِرْتُ۔ فَقَالَ عُمَرُ لِعُرْوَةَ اِعْلَمْ مَا تُحَدِّثُ بِهٖ

પઢી અને રસૂલુલ્લાહ ﷺએ પણ નમાઝ પઢી. ત્યારબાદ ફર્માવ્યું, મને એનો હુકમ આપવામાં આવ્યો છે.

اَوَ اَنَّ جِبْرَئِيْلَ هُوَ اَقَامَ لِرَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَقْتَ

એના પર ઉમર બિન અબ્દુલ અઝીઝે ઉરવાને કહ્યું, તમે જાણો શું વર્ણવો છો ! શું જિબ્રઈલ علیہ السلام એ

الصَّلٰوةِ قَالَ عُرْوَةُ كَذٰلِكَ كَانَ بَشِيْرُ بْنُ اَبِيْ مَسْعُوْدٍ يُحَدِّثُ عَنْ اَبِيْهِ

રસૂલુલ્લાહ ﷺ માટે નમાઝના સમયો નિશ્ચિત કર્યા હતા ? તો ઉરવાએ કહ્યું કે બશીર બિન અબી મસઊદ

قَالَ عُرْوَةُ وَلَقَدْ حَدَّثَتْنِيْ عَائِشَةُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

પોતાના વાલિદથી આ જ પ્રમાણે હદીષ બયાન કરતા હતા. ઉરવાએ કહ્યું, મને હઝરત આઈશા رضی اللہ عنہا એ

એવું જ કર્યું જેવું (પહેલાં) કર્યું હતું. જિબ્રઈલ આગળ ઉભા રહ્યા અને રસૂલુલ્લાહ ﷺ પાછળ અને સહાબા રસૂલુલ્લાહ ﷺની પાછળ. હવે મગરિબ પઢી પછી શફક઼ (રતાશ) ડૂબ્યા પછી આવ્યા અને આગળ ઉભા રહ્યા, રસૂલુલ્લાહ ﷺ એમની પાછળ અને સહાબા રસૂલુલ્લાહ ﷺની પાછળ. હવે તેમણે ઈશાની નમાઝ પઢી. ફજર તુલૂઅ થતી વખતે જિબ્રઈલ ફરી આવ્યા અને તે આગળ ઉભા રહ્યા અને રસૂલુલ્લાહ ﷺ તેમની પાછળ અને સહાબા રસૂલુલ્લાહ ﷺની પાછળ ઉભા રહ્યા. હવે તેમણે સવારની નમાઝ પઢી. પછી બીજા દિવસે એ સમયે આવ્યા જ્યારે દરેક શખ્સનો પડછાયો તેના બરાબર થઈ ગયો. કાલની જેમ આજે પણ કર્યું અને ઝોહર પઢી. પછી એ સમયે આવ્યા જ્યારે પુરૂષનો પડછાયો બમણો થઈ ગયો અને એવું જ કર્યું અને અસ્ર પઢી. એના પછી ફરી એ વખતે આવ્યા જ્યારે સૂર્ય ડૂબી ગયો અને કાલની જેમ કર્યું અને મગરિબ પઢી. ત્યારબાદ અમે સૂઈ ગયા ફરી ઉઠયા ફરી સૂઈ ગયા ફરી ઉઠયા ત્યારબાદ જિબ્રઈલ આવ્યા અને કાલની જેમ કર્યું અને ઈશા પઢી. ત્યારબાદ જ્યારે ફજર ફેલાઈ ગઈ અને અજવાળુ થઈ ગયું પણ તારાઓ હજી ઝુમખા રૂપે મૌજૂદ હતા કે ફરી આવ્યા અને કાલની જેમ કર્યું અને સવારની નમાઝ પઢી પછી અર્ઝ કરી, આ સમયોના

عَلَيۡهِ وَسَلَّمَ كَانَ يُصَلِّى الۡعَصۡرَ وَ الشَّمۡسُ فِىۡ حُجۡرَتِهَا قَبۡلَ

*હદીષ વર્ણવી, રસૂલુલ્લાહ ﷺ અસ્રની નમાઝ એ સમયે પઢતા હતા જ્યારે તડકો તેમના ઓરડામાં રહેતો,*

اَنۡ تَظۡهَرَ

*હજી ઉપર ન ચઢયો હોતો."*

*(બુખારી, ૧/૭૮ સલાત મવાકિ઼તુસ્સલાત, બદઉલ ખલ્ક઼ બાબ ઝિક્રુલ મલાઈકા-૪૫૭, ૨/૫૭૧ મગાઝી,*

*મુસ્લિમ, અબૂદાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

દરમ્યાન નમાઝોના સમયો છે. *(નિસાઈ, ૧/૮૯ સલાત આખર વક઼્તુલ અસ્ર)*

**ان عمر بن عبد العزيز** : એ નમાઝ અસ્રની હતી જેમ કે બુખારી બદ ઉલ ખલ્ક઼માં છે. આ બનાવ તે સમયનો છે જ્યારે કે તે વલીદ બિન અબ્દુલ મલિકના તરફથી મદીના મુનવ્વરાના વાલી હતા અને એ મોડુ કરવું ખૂબ જ થોડુ હતું જેવું કે ત્યાં જ છે : **اَخَّر العصر شيئًا** "અસ્ર થોડી મોડી કરી દીધી" મુરાદ એ છે કે જે સમયે મુસ્તહબ પર નમાઝ પઢવાની તેમની આદત હતી, કોઈ મહત્વની વ્યસ્તતાને કારણે તે સમયે ન પઢી, થોડીકવાર પછી પઢી. અને તિબ્રાનીમાં જે એ છે કે નમાઝ પઢતાં પહેલાં સાંજ થઈ ગઈ હતી. એનાથી મુરાદ એ છે કે સાંજ નજીક થઈ ગઈ હતી.

**يوما** : એનાથી જાણવા મળ્યું છે કે મહત્વની વ્યસ્તતાને કારણે એક દિવસ એ મોડુ થઈ ગયું હતું. બની ઉમય્યાની અન્ય વ્યક્તિઓની જેમ એમની એ આદત ન હતી. હઝરત ઉરવાની ચેતવણી એ કારણે હતી કે બની ઉમય્યા નમાઝોને સામાન્યતઃ ક઼ઝા કરીને પઢતા હતા. જેવું કે વલીદે એકવાર સાંજના સમયે જુમ્આ પઢાવ્યો. અને હજ્જાજની પણ એ જ આદત હતી એના પર હઝરત ઈબ્ને ઉમરે એને એકવાર ટોક્યો પણ કે સૂરજ, તારી રાહ જોશે નહીં. વલીદ બિન ઉક઼બા અસ્ર હમેશાં મોડુ કરીને પઢતો હતો જેના પર હઝરત ઈબ્ને મસ્ઊદ એને ટોકતા રહેતા. એવા માહોલમાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી એકવાર એવું થઈ ગયું જે એમની શાનને લાયક ન હતું (એટલા માટે હઝરત ઉરવાએ ચેતવણી કરી)

**اَخَّر الصّلوٰة يوما** : એ પણ અસ્રની જ નમાઝ હતી જેમ કે બુખારીની મગ઼ાઝીવાળી રિવાયતમાં છે. આ બનાવ તે સમયનો છે જ્યારે કે હઝરત મુગીરહ બિન શઅબા رضی اللہ عنہ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની તરફથી કૂફ઼ાના ગવર્નર હતા. એમનાથી એકવાર સંજોગોવસાત થોડુ મોડુ થઈ ગયુ હતું.

**نزل فصلى** : ઈમામ બિન ઈસ્હાક મગ઼ાઝીમાં લખ્યું છે કે આ બનાવ શબે મેઅરાજની સવારે ઉપસ્થિત થયો એટલે મેઅરાજની રાત પસાર થયા પછી જે દિવસ હતો એ દિવસમાં. સવારથી મુરાદ બાદમાં આવનારો દિવસ છે. એટલા માટે કે બનાવ સવારે બન્યો ન હતો બલ્કે સૂરજ ઢળ્યા પછી. તિર્મિઝીમાં હઝરત ઈબ્ને અબ્બાસની હદીષમાં છે કે જિબ્રઈલ علیہ السلامએ બયતુલ્લાહ શરીફની પાસે ઈમામત કરી હતી. સહીહ એ જ છે કે એ નમાઝોમાં જિબ્રઈલ علیہ السلام ઈમામ હતા અને હુઝૂર ﷺ તેમના મુક઼્તદી. જેમ કે બુખારીની જ બદઉલ્ ખલ્ક઼વાળી હદીષમાં છે : **فامّنى جبرئيل** જિબ્રઈલે મારી ઈમામત કરી. તેમજ તિર્મિઝીમાં હઝરત ઈબ્ને અબ્બાસની હદીષમાં પણ એ જ છે. તેમજ નિસાઈની જે વિગતવાર હદીષ અમે વર્ણવી એનાથી પણ એ જ જાહેર છે. અને એમાં કોઈ વાંધો નથી કે મફ઼ઝુલ (ઓછી ફ઼ઝીલતવાળો) પોતાનાથી અફ઼ઝલની ઈમામત કરે. હઝરત સિદ્દીક઼ે અકબર તથા હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ રضی اللہ عنہમાંની ઈક઼્તેદામાં ખૂદ હુઝૂર ﷺએ નમાઝ પઢી. અને ગઝવએ તબૂકના પ્રસંગે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મક્તૂમ ઈમામત કરતા. અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તેઓની પાછળ નમાઝ

પઢતા. હઝરત ઈસા عليه السلام તથા હઝરત ઈમામ મેહદી رضي الله عنه એકત્ર થશે તો ઈમામ હઝરત ઈમામ મેહદી હશે. મૈં **فصلی** "ફસલ્લા"નો તર્જુમો "અને નમાઝ પઢી" કર્યો છે એટલા માટે કે **فاء** (ફાઅ્) વાવના અર્થમાં છે જેમ કે ઈમરાઉલ્ કૈસના પહેલાં **شعربين الدُّخول فحومل** માં છે, એટલા માટે કે તઅકીબ મુરાદ લેવું હકીકતની વિરૂધ્ધ છે અને સબબીય્યતના અર્થમાં લેવું ઘણુ દૂર છે.

**بهٰذا اُمرتُ** : એમાં બંને રિવાયતો છે. **تاء**ને પેશ (એકવચન કહેનાર) છે. "મને એનો હુકમ આપવામાં આવ્યો." અને **تاء**ને ઝબર (એકવચન સાંભળનાર) "આપને એનો હુકમ આપવામાં આવ્યો." એટલે કે નમાઝોના સમયોની આ હદબંધી અલ્લાહ તરફથી છે.

**اِعْلَم ما تُحدِّثُ به** : હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝનો એ ઈર્શાદ એ કારણે હતો કે હઝરત ઉરવાએ હદીષની સનદ નથી વર્ણવી. એટલા માટે બાદમાં હઝરત ઉરવાએ સનદ વર્ણન કરી. એક સંભાવના એ પણ છે કે શક્ય છે કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ સુધી આથી પહેલાં એ હદીષ ન પહોંચી હોય, અને એ કહેવું એ તેમની મહાન શાનને પાત્ર નથી, આવી પ્રખ્યાત હદીષ અને એમને ન પહોંચી હોય એ સહીહ નથી. દરેક ઈલ્મવાળો જાણે છે કે બે હદીષોથી નાવાકેફ હોવું તેમની તથા કોઈની અઝમત (બુઝુર્ગી)ની વિરૂધ્ધ નથી.

**હું કહું છું** : પહેલો જવાબ પણ વાંધાથી ખાલી નથી એટલા માટે કે હઝરત ઉરવાએ હઝરત અબૂ મસઊદ અન્સારી رضي الله عنه નું નામ લીધું હતું કે તે હઝરત મુગીરાની પાસે ગયા. હઝરત ઉરવા હિ.સ. ૨૨માં પેદા થયા અને આ બનાવ હઝરત મુઆવિયહના જમાનાનો છે. તેમની સત્તા હિ.સ. ૪૩માં સ્થપાઈ એ સમયે હઝરત મુગ઼ીરા કમસે કમ ૨૦ વરસના હતા. એ આ બનાવના ચશ્મદીદ ગવાહ થઈ શકે છે અને આ હદીષને ડાયરેક્ટ હઝરત અબૂ મસઊદથી સાંભળી શકે છે પછી એવું કહેવું કઈ રીતે દુરુસ્ત થશે કે તેમણે આ હદીષ સનદ વિના વર્ણન કરી હતી ? એનો જવાબ એ છે કે હઝરત ઉરવા મદીના તયબાહ રહેતા હતા અને હઝરત અબૂ મસઊદ અન્સારી કૂફામાં વસ્યા હતા, એ કારણે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝને એ શંકા થઈ કે તમે કેવી રીતે એ બયાન કરો છો જ્યારે કે તમે એ સમયે મૌજૂદ પણ ન હતા અને તમારી તેમનાથી મુલાકાત પણ નથી થઈ. તો તેમણે વચ્ચેનો વાસ્તો વર્ણન કર્યો કે મૈં એમના સાહબઝાદા બશીરથી સાંભળ્યું છે, તે પોતાના પિતાથી રિવાયત કરે છે.

**كان بشير بن ابي مسعود** : ઈમામતે જિબ્રઈલવાળી હદીષ જેટલા પણ સહાબાએ કિરામથી રિવાયત થયેલ છે એમનામાં કોઈનું પણ એ નમાઝ શરીક થવું તો મોટી વાત છે, એ સમયે એમનામાંથી કોઈ સાહબ એ વખતે મૌજૂદ પણ ન હતા. હઝરત અબૂ હુરૈરહ, હઝરત અનસ, હઝરત જાબિર, હઝરત અબૂ મસ્ઊદ અન્સારી, હઝરત અબૂ મૂસા અશ્અરી, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત બરાઅ, હઝરત અમ્ર બિન હઝ્મ એમનામાંથી કોઈ પણ એ સમય સુધી ઈસ્લામથી પાવન થયા ન હતા અને હઝરત ઈબ્ને અબ્બાસ હજી પેદા પણ થયા ન હતા. એટલા માટે આ હદીષ મુરસલ છે. પણ સહાબીએ મુરસલ હદીષ એકમતિએ મુત્તસિલના હુકમમાં છે. એટલા માટે કે એ સહાબીએ ક્યાં તો તેને ખૂદ હુઝૂરથી સાંભળી અથવા કોઈ સહાબીથી સાંભળી છે જે પ્રસંગમાં હાજર હતા. એનાથી મહાશય શિબ્લી નોઅમાની અને તેમના ખાસ શાર્ગિદ સુલેમાન નદવી મહાશયની એ તેહકીક઼ ખુલી ગઈ જે એમણે પુષ્કળ હદીષોને કેવળ એ કારણે રદ કરી આપી છે કે તેનો રાવી પ્રસંગમાં હાજર ન હતો.

**અસ્રનો સમય** : અમે નિસાઈની જે મુફસ્સલ રિવાયત નક઼લ કરી છે એમાં સ્પષ્ટતા છે કે હુઝૂરે અક઼દસ ﷺએ અસ્રની નમાઝ પ્રથમ દિવસે મિષ્લે અવ્વલ (સૂરજ બપોરે ઢળ્યા બાદ એનો પડછાયો અસલી સાયા બાદ એના જેટલો અધિક થાય) માં પઢી એનાથી સાબિત થઈ ગયું કે મિષ્લે અવ્વલમાં અસ્રની નમાઝનો સમય થઈ જાય છે અને ઝોહરનો સમય નીકળી જાય છે. જ્યારે કે હઝરત ઈમામે આ'ઝમ رضي الله عنهનો મઝહબ જેના પર ફત્વો આપવામાં આવ્યો જે જાહેર રિવાયતથી એ છે કે ઝહોરનો સમય મિષ્લૈન (અસલી સાયા સિવાય બમણો થતાં) સુધી છે અને અસરનો સમય મિષ્લૈન પછી શરૂ થાય છે. અમારો જવાબ એ છે કે આ હદીષ ત્રણ સહીહ

# حدیث ۳۴۹

**[હદીષ : ૩૪૯]**

## حَدَّثَنِیْ شَقِیْقٌ قَالَ سَمِعْتُ حُذَیْفَۃَ قَالَ کُنَّا جُلُوْسًا عِنْدَ

*"શક઼ીક઼ે કહ્યું, મેં હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી સાંભળ્યું, તેમણે બતાવ્યું કે અમે લોકો*

હદીષોની વિરૂધ્ધ છે. એક હદીષ **ابردوا**ના બીજા **حتی اذا ساوی ظل التلول**ના ત્રીજા. એ હદીષ જેમાં આ ઉમ્મતની આગલી ઉમ્મતોથી ઉત્તમત્તા બયાન કરવામાં આવી જે મુફસ્સલન ખૂબ જ જલ્દી વર્ણન થશે. આ ટકરાવના નિવારણની કોઈ શક્યતા નથી, અનાયાસે ઈમામતે જિબ્રઈલવાળી હદીષ આ હદીષોથી મન્સૂખ (જેના ઉપર અમલ કરવામાં નહીં આવે) થશે. એટલા માટે કે ઈમામતે જિબ્રઈલની હદીષ એ સૌમાં પ્રથમ વર્ણન થયેલ છે.

**શંકા તથા નિવારણ :** આ હદીષ પર એક શંકા એ છે કે એમાં એ સ્પષ્ટતા છે કે હઝરત જિબ્રઈલ علیہ السلام એ બીજા દિવસે ઝહોરની નમાઝ મિષ્લે અવ્વલ થવા પર પઢી એટલે મિષ્લે ષાનીમાં તો સાબિત થઈ ગયું કે ઝહોરનો સમય મિષ્લે ષાની સુધી છે. અને પ્રથમ દિવસે અસરની નમાઝ મિષ્લે અવ્વલ ખત્મ થયા પછી મિષ્લે ષાનીમાં પઢી. એનાથી એ સાબિત થયું કે મિષ્લે ષાનીના શરૂ થતાં જ અસરનો સમય શરૂ થઈ જાય છે. એટલા માટે ઘણા ઈમામોએ એ કથન કહ્યું છે કે મિષ્લે ષાની ઝહોર તથા અસરનો મિશ્ર સમય છે, પણ તેમનું કથન મુસ્લિમ શરીફની આ હદીષના કારણે અસ્વીકાર્ય છે કે ફર્માવ્યું, **وقت الظهر مالم تحضر العصر** "જ્યાં સુધી અસરનો સમય ન આવી જાય, ઝહોરનો સમય છે." *(૧/૨૨૩ પાંચ સમયની નમાઝોના સમયનું પ્રકરણ)* આ હદીષથી અમુક શાફઈઓ તથા દાઊદ ઝાહિરીનો એ ક઼ૌલ પણ બાતિલ થઈ ગયો કે ઝોહર તથા અસ્રની વચ્ચે કેટલોક સમય છે જેમાં કોઈ નમાઝનો સમય નથી. શાફઈ હઝરાત એની તાવીલ કરે છે કે **حين كان ظلّ الرّجل مثل شخصه**થી મુરાદ એ છે કે "નજીક હતું કે સાયો એક મિષ્લ થઈ જાય."

**બીજી શંકાનું નિવારણ :** ફરિશ્તાઓ પર પંજગાના નમાઝ ફર્ઝ નથી એટલા માટે હઝરત જિબ્રઈલની નમાઝ નફ્લ હતી, પણ હુઝૂરે અક઼દસ ﷺની એ નમાઝો ફર્ઝ હતી તો લાઝિમ આવશે કે ફર્ઝ પઢવાવાળાની ઈક઼્તેદા નફ્લ પઢવાવાળા પાછળ સહીહ થાય. એનો જવાબ એ છે કે એ બે દિવસની નમાઝે પંજગાના હઝરત જિબ્રઈલ પર ફર્ઝ હતી જેવું કે એમના ઈર્શાદ : **بهٰذا امرت** "મને એનો હુકમ આપવામાં આવ્યો છે"થી જાહેર છે, ભલે ફર્ઝિયત કેવળ એટલા માટે હતી કે તે અલ્લાહના હુકમની તબ્લીગ કરે અને નમાઝ પઢીને નમાઝના શરૂ તથા અંતિમ સમયોને નિશ્ચિત કરી આપે. **و الشَّمسُ فی حُجرتِها**ની તક઼રીર હદીષ નં–૩૬૧માં આવી રહી છે.

### સમજૂતી : ૩૪૯ અને ૩૫૦

**الفتنة :** (ફિત્ના) એનાથી મૂળ અર્થ આઝમાઈશ તથા ઈમ્તેહાન (કસોટી) છે. પણ એનો ઉપયોગ કુફ્ર તથા શિર્ક, ગુનાહ, જંગ તથા ઝઘડા માટે અને કદીક સર્વ બુરાઈ તથા ફસાદ (ઝઘડા)ના અર્થમાં થાય છે અને હવે ઉર્દૂમાં બુરાઈ તથા ટંટા ફસાદના અર્થમાં જ વપરાય છે.

**تكفرها الصلوٰة :** મુરજિયાએ આ પ્રકારની હદીષોથી દલીલો રજૂ કરી છે કે ફર્માબર્દારી તથા ઈબાદત સગીરા તથા કબીરા દરેક ગુનાહનો કફ્ફારો છે. અહલે સુન્નતનો મસ્લક એ છે કે ફર્માબર્દારી તથા ઈબાદત કેવળ સગીરાઓના માટે કફ્ફારો છે, કબીરા ગુનાહો તૌબા કર્યા વિના તથા હક્ક઼ોની અદાયગી વિના માફ થશે નહીં. ઈર્શાદ છે : **اِنۡ تَجۡتَنِبُوۡا کَبَآئِرَ مَا تُنۡهَوۡنَ عَنۡهُ نُکَفِّرۡ عنكم سيّاٰتِكُم** ...... نساء ۲۱، "જો એવી મના બાબતોથી બચશો જે

عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ فَقَالَ اَیُّکُمْ یَحْفَظُ قَوْلَ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ

હઝરત ઉમર رضی اللہ عنہની ખિદમતમાં હાજર હતા કે તેમણે ફર્માવ્યું કે ફિત્નાઓના બારામાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِی الْفِتْنَۃِ قُلْتُ اَنَا کَمَا قَالَہٗ - قَالَ اِنَّکَ عَلَیْہِ اَوْ عَلَیْھَا

આદેશ સૌથી વધુ તમારામાંથી કોણે યાદ રાખ્યો છે ? મેં અર્ઝ કરી, મેં એવી રીતે યાદ રાખ્યો છે જેમ કે હુઝૂરે

لَجَرِیٌّ - قُلْتُ فِتْنَۃُ الرَّجُلِ فِیْ اَھْلِہٖ وَمَالِہٖ وَوَلَدِہٖ وَجَارِہٖ تُکَفِّرُھَا الصَّلٰوۃُ

ઈર્શાદ ફર્માવ્યો છે. ફર્માવ્યું, તમે એના પર નીડર છો ? મેં અર્ઝ કરી, મર્દનો ફિત્નો જે તેનાં બીવી બચ્ચાં

وَالصَّوْمُ وَالصَّدَقَۃُ وَالْاَمْرُ وَالنَّھْیُ - قَالَ لَیْسَ ھٰذَا اُرِیْدُ وَلٰکِنَّ الْفِتْنَۃَ

તથા તેના માલ તથા તેની ઔલાદમાં હોય છે. નમાઝ, રોઝા, સદકા, અમ્ર બિલ્ અમ્રૂફ નહીં અનિલ્ મુન્કર

الَّتِیْ تَمُوْجُ کَمَا یَمُوْجُ الْبَحْرُ قَالَ لَیْسَ عَلَیْکَ مِنْھَا بَاْسٌ یَّا اَمِیْرَالْمُؤْمِنِیْنَ

એનો કફ્ફારો થઈ જાય છે. ફર્માવ્યું, મારી મુરાદ એવો ફિત્નો નથી, હું એ ફિત્નાને પૂછવા ચાહુ છું જે

اِنَّ بَیْنَکَ وَبَیْنَھَا لَبَابًا مُّغْلَقًا قَالَ یُکْسَرُ اَمْ یُفْتَحُ - قَالَ یُکْسَرُ - قَالَ

સમુદ્રના મોજાની જેમ ઉઠશે. હુઝૈફાએ કહ્યું, હે અમીરુલ મોમિનીન ! એનાથી તમને કોઈ નુકસાન ન થશે,

اِذًا لَّا یُغْلَقُ اَبَدًا قُلْنَا اَکَانَ عُمَرُ یَعْلَمُ الْبَابَ قَالَ نَعَمْ کَمَا اَنَّ دُوْنَ

એના તથા આપની વચ્ચે બંધ દરવાજો છે. ફર્માવ્યું, દરવાજો તોડવામાં આવશે કે ખોલવામાં આવશે ? અર્ઝ

الْغَدِ اللَّیْلَۃَ اِنِّیْ حَدَّثْتُہٗ بِحَدِیْثٍ لَیْسَ بِالْاَغَالِیْطِ فَھِبْنَا اَنْ نَسْئَلَ

કરી, તોડવામાં આવશે. ફર્માવ્યું, તો કદી બંધ કરવામાં આવી શકશે નહીં. અમે હઝરત હુઝૈફાથી અર્ઝ કરી,

حُذَیْفَۃَ فَاَمَرْنَا مَسْرُوْقًا فَسَأَلَہٗ فَقَالَ الْبَابُ عُمَرُ

શું હઝરત દરવાજાને જાણતા હતા ? ફર્માવ્યું, હા ! એવી રીતે જાણતા હતા જેવી રીતે કાલથી પહેલાં રાત છે. મેં તેમને તે હદીષ બયાન કરી જે ગલત નથી (દરવાજો કોણ હતો) એ પૂછવામાં અમે હઝરત હુઝૈફાથી પ્રભાવિત થઈ ગયા તો અમે મસ્રૂકને કહ્યું. તેમણે પૂછયું તો ફર્માવ્યું, દરવાજો હઝરત ઉમર હતા."

(બુખારી ૧/૭૫ મવાકીત બાબુસ્સલાત કફ્ફારા, ૧/૨૫૪ સિયામ કફ્ફારો, ૧/૧૯૩ ઝકાત, ૨/૧૦૫૧ ફિતન, મુસ્લિમ, તિર્મિઝી, ઈબ્ને માજહ)

કબીરા છે તો અમે તમારા ગુનાહોનો કફ્ફારો (નેકીઓને) બનાવી દઈશું." (નિસાઅ્-૨૧)

મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે ઈર્શાદ છે :-

الصّلوٰۃ الخمسُ والجمعۃُ الی الجمعۃ و رمضان الیٰ رمضان مکفرات لما بینھنَّ اذا اجتنب الکبائر

# حديث ٣٥٠

**[હદીષ : ૩૫૦]**

عَنِ ابْنِ مَسْعُوْدٍ رَضِىَ اللهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَجُلًا اَصَابَ مِنِ امْرَأَةٍ

*''હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક જણે એક સ્ત્રીને ચુંબન કરી લીધું ત્યારબાદ હુઝૂરની*

قُبْلَةً فَاَتَى النَّبِىَّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَاَخْبَرَهٗ فَاَنْزَلَ اللهُ عَزَّ وَجَلَّ

*ખિદમતમાં હાજર થયા અને જણાવ્યું. એના પર અલ્લાહ ﷻ એ આ આયત નાઝિલ કરી, ''દિવસના બંને*

اَقِمِ الصَّلٰوةَ طَرَفَىِ النَّهَارِ وَ زُلَفًا مِّنَ الَّيْلِ اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ

*કિનારાઓમાં અને રાતના અમુક ભાગોમાં નમાઝ કાયમ કરો, બેશક ! નેકીઓ બુરાઈઓને નષ્ટ કરી દે છે.''*

فَقَالَ الرَّجُلُ يَا رَسُوْلَ اللهِ اَلِىْ هٰذَا قَالَ لِجَمِيْعِ اُمَّتِىْ كُلِّهِمْ

*એના પર તે સાહબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ કેવળ ખાસ મારા માટે છે ? ફર્માવ્યું, મારી તમામ ઉમ્મતના માટે.''*

*(ઉપર મુજબ, ૨/૬૭૮ તફસીરે સૂરએ હૂદ, મુસ્લિમ મૌલા, તિર્મિઝી, તફસીર, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)*

''નમાઝે પંજગાના અને એક જુમ્આથી બીજી જુમ્આ સુધી અને એક રમઝાનથી બીજી રમઝાન સુધીના વચ્ચેના ગુનાહોનો કફ્ફારો છે જ્યાં સુધી કબીરાઓથી બચે.'' *(૧/૧૨૨ તહારત)*

**يكسر** : એનાથી મુરાદ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની શહાદત છે, તેનું સમર્થન ઈતિહાસની એક એક લીટી કરી રહી છે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ સુધી ઈસ્લામનો કલ્મો મુત્તહિદ હતો, મુસલમાન દૂધમાં સાકરની જેમ હતા, ન કોઈ મઝહબી મતભેદ હતો ન કોઈ રાજનૈતિક. એમની શહાદત પછી જ જે ફિત્નાઓ ઉઠવાના શરૂ થયા તો આજે ૧૪૦૦ વરસો થઈ ગયાં ખત્મ નથી થતા. ખત્મ શું થાય એક જરા કાંઈ ઠંડુ પડે છે તો બીજો ફિત્નો માથુ ઉંચકે છે, જેમ કે હદીષમાં ફર્માવવામાં આવ્યું છે.

**كما يموجُ البحر** : એનાથી મુરાદ એ છે કે તે કોઈના કાબૂમાં થશે નહીં અને જેમ સમુદ્રનાં મોજાંઓ એકબીજા સાથે ટકરાય છે તેમ આ પણ (ફિત્નાઓ) એકબીજા સાથે ટકરાતા રહેશે. આ હદીષથી સાબિત થયું કે સહાબાએ કિરામ પણ ''ઈલ્મે ગયબ'' ધરાવતા હતા, ત્યાં સુધી કે એ વિગત પણ જાણતા હતા કે ભવિષ્યમાં શું થવાનું છે.

હદીષ ૩૫૦માં જે આયતે કરીમા છે એમાં **طَرَفَىِ النَّهار** થી રાજેહ (ઉત્તમતા અપાયેલુ કથન) કૌલ અનુસાર ફજરની નમાઝ તથા અસ્રની નમાઝ મુરાદ છે. એ જ ઈમામ મુજાહિદ તથા ઈમામ દ્હાકનો કૌલ છે. અલ્લામા અયનીએ એનાથી દલીલ રજૂ કરી કે ફજરમાં અજવાળુ કરી પઢવું અને અસ્રમાં મોડુ કરવું મુસ્તહબ છે, તે એ રીતે કે દિવસના બે કિનારા તુલૂઅ (સૂર્યોદય) તથા ગુરૂબ (સૂર્યાસ્ત) છે, તુલૂઅ આફતાબ સમયે અથવા તેના પછી તરત કોઈ નમાઝ નથી એટલા માટે મજાઝન એનાથી તુલૂઅની નજીકમાં થશે. જ્યારે ક્યાંક હકીકી (વાસ્તવિક) અર્થ ન લઈ શકાતો હોય તો મજાઝી અર્થ નિશ્ચિત થાય છે. જેથી સાબિત થયું કે ફજરની નમાઝ તુલૂઅ આફતાબ (સૂર્યોદય)ની નજીક પઢવામાં આવે એટલે કે અજવાળુ કરી પઢવામાં એ જ પ્રમાણે ગુરૂબના સમયથી મુરાદ

# حديث ٣٥١

**[હદીષ : ૩૫૧]**

سَمِعْتُ اَبَا عَمْرٍو نِ الشَّيْبَانِيَّ يَقُوْلُ حَدَّثَنَا صَاحِبُ هٰذِهِ الدَّارِ

*"અબૂ અમ્ર શયબાની કહે છે કે એ ઘરના માલિકે મારાથી હદીષ બયાન કરી અને ઈશારો કર્યો*

وَاَشَارَ اِلٰى دَارِ عَبْدِ اللّٰهِ قَالَ سَاَلْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ۔ اَيُّ الْعَمَلِ

*હઝરત અબ્દુલ્લાહના ઘરની તરફ તેમણે કહ્યું, મેં નબી ﷺથી પૂછયું, અલ્લાહને સૌથી વધુ કયો અમલ પ્રિય*

اَحَبُّ اِلَى اللّٰهِ ۔ قَالَ الصَّلٰوةُ عَلٰى وَقْتِهَا ۔ قَالَ ثُمَّ اَيٌّ ۔ قَالَ ثُمَّ بِرُّ الْوَالِدَيْنِ ۔ قَالَ

*છે? ફર્માવ્યું, તેના સમય પર નમાઝ ! તેમણે પૂછયું, પછી કયો ? ફર્માવ્યું, પછી માં બાપ સાથે ભલાઈ. તેમણે*

ثُمَّ اَيٌّ قَالَ الْجِهَادُ فِىْ سَبِيْلِ اللّٰهِ ۔ قَالَ حَدَّثَنِىْ بِهِنَّ وَلَوِ اسْتَزَدْتُّهٗ لَزَادَنِىْ ؏

*પૂછયું, પછી કયો ? ફર્માવ્યું, અલ્લાહના માર્ગમાં જેહાદ. તેમણે કહ્યું, તેમને હુઝૂરે બયાન કર્યું, જો હું વધુ પૂછત*

*તો ઓર પણ બતાવત." (બુખારી, ૧/૭૬ સલાત, નમાઝના સમયો, ૧/૩૯૦ જેહાદ, ૨/૮૮૨ અદબ કૌલહુ*

*ઈલાહી ووصّينا الانسان بوالديه, ૨/૧૧૨૪ તૌહીદ, મુસ્લિમ ઈમાન, તિર્મિઝી–સલાત, નિસાઈ–સલાત)*

ગુરૂબની નિકટ છે. ગુરૂબથી પહેલાં સૂર્યમાં પીળાશ પેદા થયા બાદ મકરૂહ છે. જેથી મુરાદ એ થશે કે મકરૂહ સમય પહેલાં તેની નજીક પઢો. એ જ પ્રમાણે **زلفا من الليل**થી વિત્રની નમાઝની પણ સાબિતી થાય છે એ રીતે કે **زلفا** બહુવચન છે અને **اقل** બહુવચન ત્રણ છે. હવે આયતનો મતલબ એ થયો કે રાતના ત્રણ હિસ્સાઓમાં નમાઝ પઢો, મગરિબ અને ઈશા સૌને ખબર છે, ત્રીજી નમાઝ વિત્ર છે.

## સમજૂતી : ૩૫૧

**الى دارعبدالله** : અહીં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ મુરાદ છે જેવી કે જેહાદ તથા તૌહીદમાં સ્પષ્ટતા છે.

**احب الى الله** : મોટા ભાગની રિવાયતોમાં અફઝલ છે, મુરાદ એક જ છે, એટલા માટે કે બંનેમાં અનિવાર્યપણુ છે કે જે અમલ અલ્લાહ ﷻને વધુ પ્રિય હશે તે મૂળભૂત રીતે સૌથી અફઝલ હશે અને જે અફઝલ હશે તે સૌથી વધુ પ્યારો હશે. હદીષોમાં વિવિધ અમલોને અમલોમાં અફઝલ ફર્માવેલ છે. એની સ્પષ્ટતા ભાગ–૦૧, હદીષ–૧૨ માં જુઓ.

**الصلٰوة على وقتها** : મુરાદ એ છે કે નમાઝ સમયની અંદર અંદર અદા કરો કઝા ન કરો. અમુક શારેહીને એવું કહ્યું કે મુસ્તહબ સમયમાં અદા કરવું મુરાદ છે અને દલીલમાં તિર્મિઝીની આ હદીષ લાવ્યા : **اَلْوَقْتُ الْاَوَّلُ مِنَ الصَّلٰوةِ رِضْوَانُ اللّٰهِ وَالوقت الآخر عَفْوُاللّٰهِ** "નમાઝનો શરૂ સમય અલ્લાહની રઝામંદી છે અને અંતિમ સમય માફી છે." *(બુખારી, ૧/૨૪)*

ઈબ્ને હિબ્બાને કહ્યું કે એની રિવાયત એકલા યાકૂબ બિન વલીદે કરી છે અને એ હદીષો ઘડયા કરતો હતો.

# حدیث ۳۵۲

**[હદીષ : ૩૫૨]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّهٗ سَمِعَ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને એ કહેતાં સાંભળ્યા, બતાવો !

عَلَیْهِ وَسَلَّمَ یَقُوْلُ اَرَاَیْتُمْ لَوْ اَنَّ نَهْرًا بِبَابِ اَحَدِکُمْ یَغْتَسِلُ فِیْهِ کُلَّ یَوْمٍ خَمْسًا

જો તમારામાંથી કોઈકના દરવાજા પર નહેર હોય જેમાં દરરોજ પાંચ વાર ગુસ્લ કરે તો એના બારામાં શું

مَا تَقُوْلُ ذٰلِكَ یُبْقِیْ مِنْ دَرَنِهٖ قَالُوْا لَا یُبْقِیْ مِنْ دَرَنِهٖ شَیْئًا - قَالَ فَذٰلِكَ

કહો છો ? એના મેલમાંથી કાંઈ રહી જશે ? લોકોએ અર્ઝ કરી કે એના મેલમાંથી કાંઈ બાકી રહેશે નહીં.

مَثَلُ الصَّلَوَاتِ الْخَمْسِ یَمْحُو اللّٰهُ بِهَا الْخَطَایَا ع

ફર્માવ્યું, આ જ પાંચેવ નમાઝોનું દૃષ્ટાંત છે કે એના કારણે અલ્લાહ عزوجل ગુનાહોને નષ્ટ કરી આપે છે.''

(બુખારી, ૧/૭૬ નમાઝના સમયો, મુસ્લિમ–સલાત, તિર્મિઝી–ઈમ્થાલ, નિસાઈ–સલાત)

# حدیث ۳۵۳

**[હદીષ : ૩૫૩]**

سَمِعْتُ الزُّهْرِیَّ یَقُوْلُ دَخَلْتُ عَلٰی اَنَسِ بْنِ مَالِكٍ بِدِمَشْقَ وَهُوَ

''ઈમામ ઝુહરી કહે છે કે હું અનસ બિન માલિક رضی اللہ عنہ ની ખિદમતમાં હાજર થયો જ્યારે તે દમિશ્ક તશરીફ

یَبْکِیْ فَقُلْتُ مَا یُبْکِیْكَ فَقَالَ لَا اَعْرِفُ شَیْئًا مِمَّا اَدْرَکْتُ اِلَّا هٰذِهِ الصَّلٰوةَ

લાવ્યા હતા (તો જોયું) તે રડી રહ્યા છે. મેં અર્ઝ કરી, આપના રડવાનો સબબ શો છે ? ફર્માવ્યું, મેં (હુઝૂર ﷺ ના

وَهٰذِهِ الصَّلٰوةُ قَدْ ضُیِّعَتْ ع

મુબારક યુગમાં) જે કાંઈ હતું એમાં નમાઝ સિવાય કાંઈ ન જોયું અને એ નમાઝમાં વેડફી નાખવામાં આવી છે.''

(બુખારી, ૧/૭૬ નમાઝના સમયો)

અબૂ હાતિમ રાઝીએ કહ્યું, એ હદીષ મૌઝૂઅ (બનાવટી) છે. મૈમૂનીએ કહ્યું, આ વિષયે કોઈ હદીષ સાબિત નથી. *(અયની, ૫/૧૪)*

**સમજૂતી : ૩૫૩**

હઝરત અનસ رضی اللہ عنہ દમિશ્ક સમયના શહેનશાહ વલીદ બિન અબ્દુલમલિકની પાસે જાલિમ હજ્જાજના જુલ્મોથી ત્રાસીને ફરિયાદ લઈને ગયા હતા, ખાસ કરીને નમાઝના બારામાં, પણ વલીદે પણ કાંઈ નિવડો ન

# حديث ٣٥٤

[હદીષ : ૩૫૪]

عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું, સજદાઓમાં મધ્યમમાર્ગીપણુ રાખો,*

اَنَّهُ قَالَ اِعْتَدِلُوْا فِي السُّجُوْدِ وَلَا يَبْسُطْ اَحَدُكُمْ ذِرَاعَيْهِ كَالْكَلْبِ وَاِذَا

*અને તમારાં હાથોને કૂતરાની જેમ ન બિછાવો અને જ્યારે થૂકો તો સામે અને જમણી તરફ ન થૂકો*

بَزَقَ فَلَا يَبْزُقَنَّ بَيْنَ يَدَيْهِ وَلَا عَنْ يَمِيْنِهِ فَاِنَّهُ يُنَاجِيْ رَبَّهُ -

*એટલા માટે કે તે પોતાના રબથી મુનાજાત કરે છે."*

આણ્યો. લગભગ તેના કારણે હઝરત અનસ રડી રહ્યા હતા. આમ તો હઝરત અનસ رضی اللہ عنہ બસરા રહેતા હતા ત્યાં દફન પણ થયેલા છે. દમિશ્ક હઝરત સિદ્દીકે અકબરના ખિલાફતકાળના અંતિમ દિવસોમાં ફતહ થયું ત્યારથી આજ સુધી તે મુસલમાનોના જ કબજામાં છે અને સીરિયાનું પાટનગર રહ્યું. હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ જ્યારે પોતાની સલ્તનત સ્થાપી તો તેને પાટનગર બનાવ્યું. બની ઉમૈયાની જ્યાં સુધી સત્તા રહી એ જ એમનું પાટનગર રહ્યું અને આજકાલ પણ એ જ પાટનગર છે.

## સમજૂતી : ૩૫૪

સજદામાં મધ્યમમાર્ગીપણાથી મુરાદ એ છે કે જમીન પર કેવળ હથેળીઓ રાખે હાથોને ઉઠાવેલા રાખે, તેને બાવડાંઓથી અને બાવડાંઓને પાસાંઓથી અલગ રાખે. એ જ પીંડલીઓ જમીનથી ઉઠાવેલી રાખે અને તેને જાંગોથી અને જાંગોને પેટથી અલગ રાખે. આ હુકમ પુરૂષોના માટે છે. સ્ત્રીઓએ જરૂરી છે કે સમેટાઈને (સંકોચાઈને) સજદો કરે એટલે બાવડાંને પાસાંથી અને પેટને જાંગથી જાંગ પીંડલીઓથી અને પીંડલીઓ જમીન સાથે મિલાવેલ રાખી સજદો કરે. *(બહારે શરીઅત, ૩/૮૨)* એનાથી જાહેર થઈ ગયું કે સ્ત્રીઓ માટે પગોની આંગળીઓનાં પેટ જમીન પર લગાડવાં જરૂરી નથી, નહીં તો પીંડલીઓ ભેગી થઈ શકશે નહીં.

**فلا يبزقن** : એના પર ભાગ–૨ માં વિસ્તારપૂર્વક ચર્ચા થઈ ચૂકી છે. અહીં એ મુદ્દા પર પ્રકાશ વેરવો છે કે **فَاِنَّهُ يُنَاجِيْ رَبَّهُ** આગળના થૂકવાનો સબબ બની શકે છે પણ જમણી બાજુ થૂકવાની મનાઈનું કારણ નથી થઈ શકતું એટલા માટે કે ભાગ–૨ માં હદીષ આવી ગઈ કે ફર્માવ્યું **وَاِنَّ رَبَّهُ بَيْنَهُ وبين القبلة** તેમજ હદીષ આવી ગઈ કે જમણી તરફ એટલા માટે ન થૂકો કે એ બાજુ ફરિશ્તો છે.

**હું કહું છું** : હલના માટે એના સિવાય અન્ય કાંઈ નથી કહી શકાતુ કે રિવાયત બિલ્મઅના (અસલ રિવાયતનો ભાવાર્થ બીજા શબ્દોમાં)ના લીધે શબ્દોમાં આગળ પાછળ થઈ ગયેલ છે. **يُنَاجِي ربه** પ્રથમ હતું જેમ કે હદીષ–૨૮૨ માં છે. અહીં રાવીએ બાદ વર્ણન કરી દીધું. જો હદીષ–૨૮૨ માં **فان ربه بينه وبين القبلة** ન હોત તો એવું કહી શકતા હતા કે એક હુકમના બે કારણો હોઈ શકે છે જમણી બાજુ થૂકવાની મનાઈ મુનાજાત પણ છે અને ફરિશ્તાનું હોવુ પણ છે.

## حدیث ۳۵۵

**[હદીષ : ૩૫૫]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللهُ تَعَالٰی

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી. હુઝૂરે ફર્માવ્યું, જ્યારે સખત ગરમી હોય*

عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِذَا اشْتَدَّ الْحَرُّ فَاَبْرِدُوْا بِالصَّلٰوةِ فَاِنَّ شِدَّةَ الْحَرِّ مِنْ

*તો નમાઝ ઠંડી કરીને પઢો એટલા માટે કે સખત ગરમી જહન્નમના જોશના કારણે છે. જહન્નમે પોતાના*

فَیْحِ جَهَنَّمَ وَاشْتَکَتِ النَّارُ اِلٰی رَبِّهَا فَقَالَتْ یَا رَبِّ اَکَلَ بَعْضِیْ بَعْضًا فَاَذِنَ

*રબથી શિકાયત કરી કે મારા અમુકે અમુકને ખાઈ લીધું, તો તેને બે શ્વાસોની ઈજાઝત આપી દીધી એક*

لَهَا بِنَفَسَیْنِ نَفَسٍ فِی الشِّتَاءِ وَنَفَسٍ فِی الصَّیْفِ وَهُوَ اَشَدُّ مَا تَجِدُوْنَ مِنَ

*શ્વાસ ઠંડીમાં અને એક શ્વાસ ગરમીમાં. અને આ જ તે સખત ગરમી છે જેને તમે મેહસૂસ કરો છો અને તે*

الْحَرِّ وَ اَشَدُّ مَا تَجِدُوْنَ مِنَ الزَّمْهَرِیْرِ ۔

*સખત ઠંડી છે જેને તમે અનુભવો છો."*

*(બુખારી, ૧/૭૭ નમાઝના સમયો, અઝાન લિલ મુસાફિર–૭૮, બદઉલ્ બાબ–સિફતુન્નાર–૪૬૨)*

## حدیث ۳۵۶

**[હદીષ : ૩૫૬]**

عَنْ اَبِیْ سَعِیْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللهِ صَلَّی اللهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ કહ્યું, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સમય ઠંડો કરીને ઝોહર પઢો એટલા*

**સમજૂતી : ૩૫૫–૩૫૬–૩૫૭**

**اذا اشتد الحر :** અહીં **رَاَیْنَا فَیْئَ التُّلُوْل** છે અને અઝાનુલ મુસાફિરમાં **حتی ساوی ظِلُّ نِ التُّلُوْلُ** છે. આ હદીષ એના પર નસ (દલીલ) છે કે ઝોહરનો મુસ્તહબ સમય મિષ્લે ષાની છે, તેમજ એના પર દલીલ છે કે મિષ્લે ષાની સુધી ઝોહરનો સમય રહે છે. તે એ રીતે કે આમાં સ્પષ્ટ હુકમ મૌજૂદ છે કે ઝોહરને ઠંડો કરીને પઢો. કેટલું ઠંડુ કરવું જોઈએ તે અબૂઝર رضی اللہ عنہ ની હદીષમાં વર્ણન થયેલ છે કે હઝરત બિલાલે અઝાન કહેવા ચાહ્યું તો ફર્માવ્યું, ઠંડો કર ! ત્રણવાર એવું જ ફર્માવ્યું. જેવું કે અઝાનુલ મુસાફિરમાં છે. બલ્કે **حتی ساوی ظِلُّ نِ التُّلُوْلُ** થી જાહેર થાય છે કે એ ત્રણવારમાં જ સીમિત નથી એનાથી વધુ પણ અઝાનનો ઈરાદો અને ઠંડા કરવાનો હુકમ થયો હશે. અને એ જ અહીંની રિવાયત અને અઝાનુલ મુસાફિરની રિવાયતમાં

اَبْرِدُوا بِالظُّهْرِ فَاِنَّ شِدَّةَ الْحَرِّ مِنْ فَيْحِ جَهَنَّمَ

*માટે કે સખત ગરમી જહન્નમના જોશના કારણે છે." (બુખારી, ૧/૭૭ નમાઝના સમયો, ઉપર મુજબ)*

# حديث ۳۵۷

**[હદીષ : ૩૫૭]**

عَنْ اَبِیْ ذَرٍّ الْغِفَارِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کُنَّا مَعَ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ

*"હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે એક સફરમાં હતા.*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِیْ سَفَرٍ فَاَرَادَ الْمُؤَذِّنُ اَنْ یُّؤَذِّنَ لِلظُّهْرِ فَقَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

*મોઅઝ્ઝિને અઝાન આપવાનો ઈરાદો કર્યો તો નબી ﷺ એ ફર્માવ્યું, ઠંડો કર ! પછી થોડીવાર પછી અઝાન*

વર્ગીકરણનો સબબ છે. અહીં બે વાર વર્ણન થયેલ છે બલ્કે એનાથી પ્રથમ રિવાયતમાં એક જ વાર વર્ણન થયેલ છે અને અઝાનુલ મુસાફિરમાં ત્રણવાર છે. વર્ગીકરણનો સબબ એ છે કે એક અથવા બે અથવા ત્રણ સીમિત કરવાના માટે નથી, હઝરત બિલાલ અઝાનનો ઈરાદો વારંવાર કરતા અને હુઝૂર વારંવાર ઠંડક કરીને પઢવા (ઈબ્રાદ)નો હુકમ આપતા. જ્યારે ટેકરીઓના પડછાયા દેખાવા લાગ્યા અને ટેકરીઓના જેટલા થઈ ગયા ત્યારે અઝાન થઈ અને જો હદીષના આગળ પાછળને લક્ષમાં લીધા વિના ત્રણ જ વાર માનીએ તો પણ શું કમ છે. એનાથી મોડુ કરવાની અતિશયતાનો અંદાજો કરવો જોઈએ. દરેક બે ઈરાદાઓમાં એટલા પ્રમાણે અંતર યક઼ીનન હતું જેને ઠંડક કરીને પઢવું (ઈબ્રાદ) કહી શકીએ. અને બીજો સમય પહેલા સમયની સરખામણીમાં ઠંડો હોય, નહીં તો લાઝિમ ઠરશે કે સૈયદના બિલાલ رضی اللہ عنہ એ હુકમનું પાલન ન કર્યું. જ્યારે અઝાનમાં આટલુ મોડુ થયું તો નમાઝ તો ઔર બાદમાં થઈ. ઉલમા ફર્માવે છે કે ટેકરીઓ સામાન્યતઃ ફેલાયેલી હોય છે એમના પડછાયા બપોર થયા પછી ઘણીવારે જાહેર થાય છે. ઈમામ અહમદ ખતીબ કસ્તલાની શાફઈ ઈર્શાદુસ્સારી શરહે બુખારી *(૧/૩૯૮ મવાક઼ીબ)*માં ફર્માવે છે, ટેકરીઓનો પડછાયો એ સમયે જાહેર થાય છે જ્યારે ઝોહરનો મોટા ભાગનો સમય નીકળી જાય છે એટલે મિષ્લે અવ્વલ. એટલા માટે કે ઈમામ શાફઈને ત્યાં ઝોહરનો સમય કેવળ મિષ્લે અવ્વલ સુધી છે. જાહેર છે કે જ્યારે ટેકરીઓના પડછાયા મોટા ભાગે મિષ્લે અવ્વલ પસાર થયા પછી શરૂ થશે તો ટેકરીઓના બરાબર મિષ્લે ષાનીના અંતિમ હિસ્સામાં થશે. એ સમય સુધી હુઝૂરે અઝાન ન થવા દીધી. નમાઝ તો યક઼ીનન એના પણ પછીથી થઈ. હવે એમાં કોઈ શંકા નથી રહી જતી કે મિષ્લે ષાની પણ ઝહોરનો સમય છે. આ હદીષને જમા બયનુસ્સલાતૈન પર ધારવી ખૂદ આ જ હદીષથી બાતિલ છે. પ્રથમ એ કે હુઝૂર અહીં ઈબ્રાદનો હુકમ ઈર્શાદ ફર્માવી રહ્યા છે એટલે એ કે નમાઝ પોતાના સમયના ઠંડા હિસ્સામાં પઢવી જોઈએ, ન એ કે સમય જવા દઈને બીજી નમાઝના સમયમાં પઢવી જોઈએ. બીજુ એ કે અહીં હુકમ સામાન્ય ઈર્શાદ ફર્માવી રહ્યા છે કે જ્યારે ગરમી સખત હોય તો આ પ્રમાણે ઠંડા સમયમાં પઢો, એવું નથી ફર્માવતા કે મુસાફિર હોય તો ઝોહરને અસ્રથી મિલાવીને પઢો.

**નાનોત્વી મહાશયની પકડ :** મતબૂઆ હિંદ બુખારીના હાશિયા પર (خ) નું નિશાન આપીને અમારી ઉપરોક્ત દલીલ પર એ રિમાર્ક છે. પરંતુ **قَدْ قِیْلَ مقدار الفئی کان با قیا بعد**. લગભગ એનો મતલબ એ છે કે પડછાયો અસલી નીકળ્યા પછી એ સમય બે મિષ્લ રહેશે નહીં.

عَلَيۡهِ وَسَلَّمَ اَبۡرِدۡ ثُمَّ اَرَادَ اَنۡ يُّؤَذِّنَ فَقَالَ لَهٗ اَبۡرِدۡ حَتّٰى رَأَيۡنَا فَيۡئَ التُّلُوۡلِ فَقَالَ

*આપવાનો ઈરાદો કર્યો તો ફરી તેને ફર્માવ્યું, ઠંડો કર ! ત્યાં સુધી કે અમે ટેકરીઓનો પડછાયો જોયો તો નબી*

النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيۡهِ وَسَلَّمَ اِنَّ شِدَّةَ الۡحَرِّ مِنۡ فَيۡحِ جَهَنَّمَ فَاِذَا اشۡتَدَّ الۡحَرُّ

*ﷺએ ફર્માવ્યું, બેશક ! સખત ગરમી જહન્નમના જોશથી છે. જ્યારે ગરમી સખત હોય તો સમયને ઠંડો*

فَاَبۡرِدُوۡا بِالصَّلٰوةِ ۔ قَالَ ابۡنُ عَبَّاسٍ يَتَفَيَّؤُا يَتَمَيَّلُ ۔

*કરીને નમાઝ પઢો. હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું يَتَفَيَّؤُ નો અર્થ يَتَمَيَّلُ નો છે એટલે ઝુકે છે."*

*(ઈબ્ને અબી હાતિમ ફી તફસીરિહી)*

**હું કહું છું :** અફસોસ ! એનો છે કે હાશિયો લખનાર સાહબ પોતાને હનફી કહે છે. બલ્કે દેવબંદીઓનો દાવો છે કે એ હાશિયો નાનોત્વી મહાશયનો લખેલો છે જે પોતાના ઉસ્તાદના નામથી તેમણે આજીજીરૂપે છપાવ્યો છે, અને હનફી મઝહબને બદનામ બતાવવા માટે આવી નીચ વાત ! હાશિયા લેખકે એને સહારનપુર ધાર્યુ છે તે પણ પોતાના ઘરની દીવાલ પર. હરમૈન તયૈબેન અને તેના શહેરોમાં ગરમીઓમાં અસલી પડછાયો કદી કદી બે આંગળીથી અધિક થતો ન હતો અને મક્કા મુકર્રમામાં કદી કદી તદ્દન નથી હોતો. ઉત્તરને બદલે દક્ષિણ બાજુ હોય છે. અબૂ દાઊદ *(૧/૫૬ સલાત મવાક઼ીત)* તથા તિર્મિઝી *(૧/૨૧ સલાત–મવાક઼ીત)*માં ઈમામતે જિબ્રઈલની હદીષમાં છે : **فَصَلّٰى بِى الظُّهۡرَ حِيۡنَ زَالَتِ الشَّمۡسُ وكان قَدۡرَ الشِّرَاكِ** "સૂર્ય ઢળ્યા પછી ઝોહર પઢાવી અને સાયો દોરી જેટલો હતો." બહરુર્રાઈક *(૧/૨૦૮ સલાત)*માં મબસૂતથી છે : **واعلم ان لكل شى ظلا وقت الزوال الابمكة والمدينة فى اطول ايام السنة** "ઝવાલના સમયે દરેક ચીજનો પડછાયો છે પણ વરસના સૌથી લાંબા દિવસોમાં હરમૈનમાં નથી."

એના હાશિયા પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝાએ ફર્માવ્યું :–

**كانه رحمه اللّٰه تعالٰى اطلق العدم واراد القلة والافا لمدينة الطيبة عرضها اله زائد على الميل الكلى بدرجة وثلث و ثلثين دقيقة فكيف ينعدم فيها الظل ومكة عرضها-كام- اقل من الميل الاعظم بدرجة وسبع واربعين دقيقة فلا ينعدم فيها الظل فى اطول الايام بل يكون جنوبيا وانما ينعدم حيث ماذكرنا واللّٰه تعالٰى اعلم**

"હઝરત ઈમામ રહમતુલ્લાહ બોલ્યા, અદમ (ન હોવું) છે અને મુરાદ લીધું છે કમ હોવું. નહીં તો મદીના તયબાહની પહોળાઈ મીલે કુલ્લી પર ૧.૩૩ દક઼ીક઼ા વધારે છે તો ત્યાં અસલી પડછાયો કઈ રીતે અદશ્ય હશે. અને મક્કા મુકર્રમાની જમીનની પહોળાઈ મીલે આઝમથી ઓછી છે એટલા માટે અહીં અસલી પડછાયો મોટા દિવસોમાં પણ અદશ્ય થશે નહીં, બલ્કે દક્ષિણ બાજુ થશે. અદશ્ય એ વખતે થશે જ્યારે અમે વર્ણવ્યું."

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો આ ઈર્શાદ એના પર છે કે ફર્માવ્યું, "લાંબા દિવસે પડછાયો નથી હોતો." નહીં તો એનાથી સહમતિ છે કે અમુક દિવસોમાં મક્કા મોઅઝ્ઝમામાં અસલી પડછાયો તદ્દન નથી હોતો. ફતાવા રઝવિય્યહ, ભાગ–૨, પેજ–૩૩૩ માં ફર્માવ્યું : મક્કા મોઅઝ્ઝમામાં તો અમુક સમયો એટલે જ્યારે સૂર્ય સમ્તુર્રાસથી (માથા પર)થી પસાર થાય............ મુત્લક઼ન (અસલી પડછાયો) નથી હોતો. એ વાત ત્યાં ત્યારે થાય છે જ્યારે આફતાબ મિથુન અથવા કર્ક પર હોય. (એટલે ૩૦ મે તથા ૨૪ જુલાઈએ).

**મોલ્વી મહમૂદ હસન તથા કશ્મિરી મહાશયની પકડ :** દેવબંદના શયખુલ હિંદ સાહબે તક઼રીરે

તિર્મિઝીમાં કહ્યું, "અમુક મજબૂત હનફીએ કહ્યું, ساوی فئی التلول નો અર્થ એ છે કે પડછાયા ટેકરીઓના લંબાઈ પહોળાઈમાં સરખા થઈ ગયા, દા.ત. ટેકરી જો દસ હાથ લાંબી છે તો પડછાયો પણ જમીન પર દસ હાથ ફેલાઈ ગયો, એ દુરુસ્ત નથી, નહીં તો લાઝિમ આવશે કે નબી ﷺએ ઝહોરની નમાઝ ગુરૂબની નજીક પઢી." લગભગ પોતાના માનનીય ઉસ્તાદની અનોખી તેહકીકના આધારે અન્વર કશ્મિરીએ કહ્યું, જો કે મારી નજીક مساوأة فئی التلول થી હનફીઓએ પણ દલીલ ન કરવી જોઈએ, કેમ કે જાહેરી રીતે રાવીનો ઈરાદો હકીકી સમાનતા ન હશે અને ન મિષ્લ તથા મિષ્લૈન સાબિત કરવાનો હતો. *(અન્વારુલ બારી, ૧૨/૧૭૧)*

આ પ્રગતિ પસંદ મન્તિકનો પાયો લગભગ એના પર છે કે ઉલમાએ ફર્માવ્યું કે આ પડછાયો જમીન પર મિષ્લે અવ્વલના મોટા ભાગના હિસ્સાના પસાર થઈ ગયા બાદ જોવામાં આવશે. તો લાઝિમ કે મિષ્લે ષાની બરાબર થશે એટલા માટે કે જમીન પર દેખાવા માટે એક બે આંગળી પડછાયાનું જમીન પર પડવું પૂરતુ નથી. તો જ્યારે એક બે આંગળી પડછાયો મિષ્લે અવ્વલના મોટા ભાગના હિસ્સાને પસાર થઈ ગયા બાદ જમીન પર પડયો તો ટેકરીઓ બરાબર થતાં થતાં જરૂર સૂર્ય આથમવા નજીક થઈ જશે. બલ્કે આ હિસાબથી ગુરૂબ થઈ જશે.

**હું કહું છું :** પડછાયાને જમીન પર આવતાં આવતાં મિષ્લે અવ્વલનો મોટા ભાગનો હિસ્સો પસાર થઈ જવાનું કારણ એ છે કે ટેકરીઓનો ઘાટ ત્રાંસો હોય છે. દા.ત. જમીન પર એની પહોળાઈ દસ હાથ છે તો તેની ટોચ પાંચ હાથ અથવા એથીય ઓછી હશે. હવે એક ટેકરી પાંચ હાથ ઊંચી જ માની લો તો અનાયાસે ટોચનો પડછાયો પ્રથમ ટેકરીની ઢાળ પર પડશે, એને પાર કરીને જમીન પર આવશે. ઢાળ પર પડછાયાને સરકવાનો તે મુનાસિબત નહીં હોય જે સપાટ જમીન પર હોય છે, બલ્કે એનાથી ઓછો હશે. એટલા માટે જમીન પર આવતાં આવતાં મિષ્લે અવ્વલનો મોટો ભાગ પસાર થઈ જશે, પણ જમીન પર આવી ગયા પછી તેની મુનાસિબત એ જ રહેશે જે સામાન્ય ચીજોનો હોય છે, એટલા માટે મિષ્લે ષાની ગુજર્યા પહેલાં ટેકરીની બરાબર થઈ જશે. અને જ્યારે હદીષમાં સ્પષ્ટપણે ساوی ظل التلول છે તો એવું કહેવું કે રાવીનો ઈરાદો હકીકી સમાનતાનો હશે નહીં એ વિના કારણે સ્પષ્ટ નસ (દલીલ)માં વસવસો પેદા કરવું છે.

**બીજી દલીલ :** ساوی ظل التلول થી નજર હટાવીને કેવળ ابرد અથવા ابردوا પર ઈન્સાફની સાથે વિચારણા કરવામાં આવે તો એનાથી સાબિત કે મિષ્લે ષાની સુધી ઝોહરનો સમય છે. ગરમીઓમાં અનુભવ કરીને જોઈ લો, ઝવાલના સમયે ગરમીમાં જે સખ્તી હોય છે મિષ્લે અવ્વલ સુધી એમાં કોઈ કમી નથી હોતી. એનો સબબ એ છે કે ભલે ઝવાલના પછી સૂરજનાં કિરણો આડા ત્રાંસાં પડવા લાગે પણ કેમ કે જમીન, પહાડ, દીવાલો તપતી રહે છે એટલા માટે ગરમીનો એહસાસ બપોર જેટલો જ થાય છે. ગરીમીની સખ્તી મિષ્લે ષાનીમાં જ ઓછી થવાનું શરૂ થાય છે. એટલા માટે જો ساوی ظل التلول ન પણ હોત અને થોડી થોડી વારે ત્રણવાર ابرد-ابرد ન હોત તો પણ સાબિત હતું કે ઝોહરનો સમય મિષ્લે ષાની સુધી છે પણ એમાં ઝઘડાળુ વાંધો કરનારના માટે ગુંજાઈશ છે, પરંતુ હઝરત અબૂ ઝરની હદીષે એ ગુંજાઈશને સંપૂર્ણપણે ખત્મ કરી દીધી. فالحمد علی ذالك

**કશ્મિરી મહાશયની પકડ :** ظاهرا روایه **ઝાહિરૂર્રિવાયા** (એટલે કે જે રિવાયત ઉપર ફત્વો આપવામાં આવે) એ જ છે કે હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો કૌલ એ છે કે ઝોહરનો સમય બે મિષ્લ સુધી અને અસરનો સમય એના પછી શરૂ થાય છે. જેમ કે તમામ મતનો (મૂળ લખાણો)માં છે અને મતનો જ મઝહબના નકલ માટે મૌઝૂઅ છે. ઈમામ મુહમ્મદે કિતાબુલ અસ્લ એટલે મબસૂતમાં એ જ ઈમામનો કૌલ લખ્યો છે. નિહાયામાં છે : ઈમામથી આ જ ઝાહિર્રુવાયહ (છ કિતાબોનાં નામ) છે. ગાયતુલ બયાનમાં છે : આ જ ઈમામનો મઝહબ મશહૂર માખૂઝ છે. મુહીતમાં છે : ઈમામનો મઝહબ આ જ છે. યનાબીઅમાં છે : સહીહ એ છે કે આ જ

ઈમામનો કૌલ છે. *(બહરુર્રાઈક઼ ૧/૨૫૭–૫૮ સલાત)* એનાથી વિરૂધ્ધ કશ્મિરી સાહબ ફર્માવે છે કે, "ક્યાંથી લોકોએ એને જાહેર રિવાયત કરી દીધી ! જ્યારે કે ઝોહરના અંતિમ સમયને ન જામેઅ કબીરમાં વર્ણવ્યો અને ન સગીરમાં અને ન ઝિયાદાતમાં અને ન મબસૂતમાં. સરખસીએ સ્પષ્ટતા કરી છે કે મુહમ્મદે ઝોહરના અંતિમ સમયનો ઉલ્લેખ જ નથી કર્યો. એ રીતે સિયરે કબીરમાં એનો ઉલ્લેખ નથી, અને મેં સિયરે સગીર જોઈ નથી. *(ફયઝુલબારી, ૨/૧૯૪)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફતાવા રઝવિય્યહ, ભાગ–૨ માં તેહક઼ીક઼ ફર્માવી કે આપણા શહેરોમાં ઋતુઓની વહેંચણી આ પ્રમાણે છે કે જ્યારે સૂર્ય બુર્જો (રાશીઓ) મીન, વૃષભ, મેષમાં હોય તો વસંતઋતુ હશે અને જ્યારે મિથુન, કર્ક, સિંહમાં હોય તો ઉનાળો અને જ્યારે કન્યા, તુલા, વૃશ્વિકમાં હોય તો પાનખર અને જ્યારે ધન, મકર, કુંભમાં હોય ત્યારે શિયાળો. અંગ્રેજી મહિનાઓથી સખત ગરમીનો સમય ૨૨ મે થી ૨૪ ઓગષ્ટ સુધી છે. *(પેજ–૨૭૬)*

**બીજી પકડ** : કશ્મિરી મહાશયે એના પર પણ ખૂબ જોર આપ્યું છે કે મિષ્લે ષાની ઝોહર તથા અસરનો મિશ્ર સમય છે. એ વાત આ સહીહ હદીષથી બાતિલ (ખોટી) છે, જેને ઈમામ મુસ્લિમ *(૧/૨૨૩ સલાત–નમાઝના સમયો)* અને અબૂ દાઊદ *(૧/૫૮ સલાત)* એ પોત પોતાની સુનન અને ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہما થી રિવાયત કરી કે ફર્માવ્યું, **وقت الظهر مالم تحضر العصر** જ્યાં સુધી અસરનો સમય ન આવે ઝોહરનો સમય છે. આ હદીષથી બે વાતો જાણવા મળી, એક એ કે ઝોહર તથા અસ્ર વચ્ચે કોઈ સમય મિશ્ર નથી.

બીજુ એ કે ઝોહર તથા અસ્રની વચ્ચે કોઈ એવો સમય નથી જેમાં ફર્ઝ નમાઝનો સમય ન હોય. રહી ગઈ કમજોર તાવીલો, તો એનાથી કઈ નસ (દલીલ) સલામત રહી શકે છે એટલે માટે એ સ્વીકાર્ય નથી.

**فاذن لها بنفسين** : આ હદીષ પર આજકાલ એ ખૂબ જ શંકા ખડી કરવામાં આવે છે કે જો એ સહીહ છે કે ગરમીની સખ્તી જહન્નમના જોશના કારણે છે તો એ જરૂરી હોવું જોઈતુ હતું કે ગરમીઓમાં દિવસ રાત ૨૪ કલાક એક સરખી ગરમી પડતી, એ જ પ્રમાણે શિયાળામાં ઠંડી પણ પડતી. તેમજ આખા જગતમાં એકી સાથે ગરમી અને એક જ સાથે ઠંડી રહેતી. જ્યારે કે વિષુવવૃત્તની ઉત્તર બાજુ જ્યારે ગરમી પડે છે તો દક્ષિણ બાજુ ઠંડી રહે છે અને જ્યારે ત્યાં ઠંડી રહે છે તો આ તરફ ગરમી થાય છે. **હું કહું છું અલ્લાહની તૌફીક઼થી** : જો જહન્નમ એક જ શ્વાસ લેત તો વિષુવવૃત્તની ઉત્તર તથા દક્ષિણના શહેરમાં ઋતુઓના ફેરફારથી વાંધો કરવું દુરુસ્ત હતું. હદીષમાં છે : બે શ્વાસ લે છે એટલે પૂરા બે શ્વાસ, એવું નહીં શ્વાસ એક જ લે છે પણ અંદર બહાર કરવાને બેથી તાબીર કરી આપ્યું. પૂરા શ્વાસનો મતલબ એ થાય છે કે બહારથી અંદર ખેંચે અને અંદરથી બહાર ફેંકે. જે શહેરો અંદર ખેંચતી વખતે એના હેઠળ આવે છે ત્યાં ઠંડી પડે છે અને બહાર ફેંકતી વખતે એના હેઠળ આવે છે ત્યાં ગરમી પડે છે. ક્યારેક ઉત્તરી શહેરો તરફ બહાર ફેંકવાનુ રુખ હોય છે તો એ તરફ ગરમી થાય છે અને કદી દક્ષિણી શહેરો તરફ બહાર ફેંકવાનું રુખ હોય છે તો ત્યાં ગરમી પડે છે.

**نفس في الشتاء** : અહીં الشتاء તથા **الصيف**થી મદીના પાક તથા તેની આસપાસનો શિયાળો તથા ઉનાળો મુરાદ છે. એટલે તે શહેરો જે વિષુવવૃત્તના ઉત્તરમાં આવેલાં છે. મતલબ એ થયો કે એ આસપાસના શિયાળામાં એક શ્વાસ લે છે એની પોઝીશન એ હોય છે કે એ આસપાસના શહેરોના રુખ તરફથી શ્વાસ અંદર ખેંચે છે અને દક્ષિણ બાજુના શહેરો પર ફેંકે છે એના પરિણામે ઉત્તરી શહેરોમાં શિયાળો હોય છે અને દક્ષિણી શહેરોમાં ગરમી. એ જ રીતે મદીના તયબાહની આસપાસ એટલે દક્ષિણી કે ગરમીઓના દિવસોમાં દક્ષિણી શહેરોથી શ્વાસ અંદર ખેંચે છે અને ઉત્તરી શહેરો તરફ કાઢે છે, તેના પરિણામે દક્ષિણ શહેરોમાં શિયાળો અને ઉત્તરી શહેરોમાં ઉનાળો રહે છે. **هذا غاية ما قيل في هذا الباب والعلم بالحق جل مجده وعند رسوله صلى الله تعالى عليه وسلم**

# حديث ۳۵۸

**[હદીષ : ૩૫૮]**

أَخْبَرَنِي أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ أَنَّ رَسُولَ اللهِ

''ઈમામ ઝુહરીએ ફર્માવ્યું કે મને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ خَرَجَ حِينَ زَاغَتِ الشَّمْسُ فَصَلَّى الظُّهْرَ فَقَامَ

સૂરજ ઢળતાં જ બહાર તશરીફ લાવ્યા અને ઝોહર પઢી. ત્યારબાદ મિમ્બર પર ઉભા થયા અને કયામતનું

عَلَى الْمِنْبَرِ فَذَكَرَ السَّاعَةَ وَذَكَرَ أَنَّ فِيهَا أُمُورًا عِظَامًا ثُمَّ قَالَ مَنْ أَحَبَّ أَنْ

વર્ણન કર્યું અને એવું બયાન ફર્માવ્યું કે એમાં મોટા મોટા બનાવો બનશે. ત્યારબાદ ફર્માવ્યું, જે શખ્સ પણ

يَسْأَلَ عَنْ شَيْءٍ فَلْيَسْأَلْ فَلَا تَسْأَلُونِي عَنْ شَيْءٍ إِلَّا أَخْبَرْتُكُمْ مَا دُمْتُ فِي

મને કાંઈ પૂછવા ચાહે તો પૂછી લે, જ્યાં સુધી હું અહીં છું ત્યાં સુધી જે ચીજ પણ પૂછશો હું બતાવીશ. એના

مُقَامِي هٰذَا فَأَكْثَرَ النَّاسُ فِي الْبُكَاءِ - وَأَكْثَرَ أَنْ يَقُولَ سَلُونِي فَقَامَ

પર લોકો ખૂબ જ પ્રમાણમાં રડવા લાગ્યા અને હુઝૂરે અકદસ ﷺ વારંવાર ફર્માવી રહ્યા હતા મારાથી

عَبْدُ اللهِ بْنُ حُذَافَةَ السَّهْمِيُّ فَقَالَ مَنْ أَبِي - قَالَ أَبُوكَ حُذَافَةُ -

પૂછો ! તો અબ્દુલ્લાહ બિન હુઝાફા સહમી ઉભા થયા અને પૂછયું, મારા પિતા કોણ છે ? ફર્માવ્યું, તારો બાપ

હુઝાફા છે.''

**يتفيّؤا يتميّل** : કુર્આન મજીદમાં છે : يَتَفَيَّؤُا ظِلٰلُهٗ عَنِ الْيَمِيْنِ عَنِ الشَّمَالِ سُجَّدًا لِّلّٰهِ وَهُمْ دَاخِرُوْنَ ''એના પડછાયાઓ જમણે ડાબે ઝુકે છે અલ્લાહને સજદો કરતાં.'' (નહ્લ-૪૮) يَتَفَيَّؤُ નો માદ્દો فيئ છે. فيئ નો શબ્દ આ હદીષમાં આવ્યો છે, એટલા માટે આદત પ્રમાણે ઈમામ બુખારીએ એનાથી મુશ્તક يَتَفَيَّؤُ ની જે કુર્આન મજીદમાં આવેલ છે તેવી તફસીર ફર્માવી. દર્શાવવા એ ચાહે છે કે فيئ નો અર્થ ઝુકવું છે. પડછાયાને فيئ એટલા માટે કહે છે તે એક તરફથી બીજી તરફ ઝુકતી રહે છે એટલે ઉર્ફી તથા શાબ્દિક અર્થમાં સામ્યતા દર્શાવી.

**સમજૂતી : ૩૫૮**

વિગત અહીં એટલી જ છે કે હઝરત અબ્દુલ્લાહે સવાલ કર્યો. પરંતુ કિતાબુલ ઈલ્મ અને **كتاب الاعتصام** કિતાબુલ એઅ્તેસામમાં હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ની હદીષમાં છે કે એક અન્ય સાહબે પણ જેમનું નામ સઅદ બિન સાલિમ હતું, ઉભા થયા અને આ જ સવાલ કર્યો તો ફર્માવ્યું, તારા બાપનું નામ સાલિમ મૌલા શયબા છે. તેમજ કિતાબુલ એઅ્તેસામમાં હઝરત અનસ رضی اللہ عنہ ની હદીષમાં એ પણ અધિક છે કે કોઈકે પૂછયું, હું ક્યાં જઈશ ? (જન્નત કે દોઝખમાં) તો ફર્માવ્યું, જહન્નમમાં ! બીજી રિવાયતમાં એ પણ અધિક છે કે એના પર આ આયતે કરીમા નાઝિલ થઈ : يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَسْئَلُوْا عَنْ اَشْيَآءَ اِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْ ''હે ઈમાનવાળાઓ !

ثُمَّ اَكْثَرَ اَنْ يَّقُوْلَ سَلُوْنِىْ فَبَرَكَ عُمَرُ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَلٰى رُكْبَتَيْهِ

હુઝાફા છે. ત્યારબાદ વારંવાર ફર્માવતા રહ્યા, મને પૂછો ! તો હઝરત ઉમર رضی اللہ عنہ એ ગુઠણો પર ઉભા થઈને

فَقَالَ رَضِيْنَا بِاللّٰهِ رَبًّا وَّبِالْاِسْلَامِ دِيْنًا وَّبِمُحَمَّدٍ نَّبِيًّا فَسَكَتَ ثُمَّ

અર્ઝ કરી, અલ્લાહના પરવરદિગાર હોવા પર અને ઈસ્લામના દીન હોવા પર અને હઝરત મુહમ્મદના નબી

قَالَ عُرِضَتْ عَلَىَّ الْجَنَّةُ وَالنَّارُ اٰنِفًا فِىْ عُرْضِ هٰذَا الْحَائِطِ

હોવા પર અમે રાજી છીએ. હવે હુઝૂરે મૌન ધારણ કર્યું. પછી ફર્માવ્યું, જન્નત અને દોઝખ હમણા આ

فَلَمْ اَرَ كَالْخَيْرِ وَالشَّرِّ

દીવાલના ખૂણામાં પેશ કરવામાં આવી, આવી ઉમદા તથા બુરી ચીજ મેં કદી નથી જોઈ."

*(બુખારી, ૧/૭૭ નમાઝના સમયો, અલઈલ્મ–૨૦, સલાત–૬૨, ૨/૧૦૮૩ એઅ્તેસામ બે તરીક઼ાથી)*

એવી વાતો ન પૂછો જે તમારા પર જાહેર કરી દેવામાં આવે તો તમને બુરી લાગે." *(માઈદા–૧૦૧)*

**حِيْنَ زَاغَتِ الشَّمْسُ** : એનાથી અમને ઈન્કાર નથી કે સૂરજ ઢળતાં જ ઝહોરનો સમય શરૂ થઈ જાય છે અને એ કે શરૂ સમયમાં નમાઝ વિના કરાહતે દુરુસ્ત છે. તેમજ એ કે શિયાળામાં એ જ મુસ્તહબ છે કે ઝોહરની નમાઝ શરૂ સમયમાં પઢવામાં આવે. મતભેદ એમાં છે કે ઉનાળામાં ઝોહરનો મુસ્તહબ સમય કયો છે ? અમારી નજીક ઈબ્રાદ (ઠંડક કરી પઢવું) મુસ્તહબ છે, એની સંપૂર્ણ ચર્ચા હમણા આવી ગઈ. ઈબ્ને બતાલે કરખીથી ઈમામે આઝમ અબૂહનીફાનો એક ક઼ૌલ એ નક઼લ કર્યો છે કે શરૂ સમયમાં નફલ નમાઝ થશે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, ઈમામે આઝમની તરફ એની નિસ્બત સહીહ નથી. ઈમામ સરખસીએ મબસૂતમાં ફર્માવ્યું કે એમાં કોઈ મતભેદ નથી કે સૂરજ ઢળતાં જ ઝોહરનો સમય શરૂ થઈ જાય છે. હા ! અમુક લોકોએ એવું કહ્યું છે કે ઝોહરનો સમય ત્યાં સુધી નહીં થાય જ્યાં સુધી કે પડછાયો દોરાના જેટલો ન થઈ જાય.

**હું કહું છું** : કદાચ આ ક઼ૌલનો આધાર એ હદીષ પર છે જે અબૂ દાઊદ *(૧/૫૮ સલાત–સમયો, તિર્મિઝી ૧/૨૧)* વગેરેમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺને જિબ્રઈલે અમીને ઝોહરની નમાઝ એ વખતે પઢાવી જ્યારે પડછાયો દોરીના બરાબર થઈ ગયો. પણ જાહેર છે કે એ કોઈક ખાસ દિવસોની વાત છે, આખા વરસની વાત નથી. એટલા માટે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદની હદીષમાં છે કે ગરમીમાં હુઝૂરે અક઼દસ ﷺના ઝોહરની નમાઝ પઢવાના સમયે પડછાયાની માત્રા ત્રણ કદમથી પાંચ ક઼દમ હતી, અને ઠંડીમાં પાંચ ક઼દમથી સાત ક઼દમ સુધી. *(અબૂદાઊદ, નમાઝના સમયો–૮૫, નિસાઈ ૧/૮૮ સલાત, ઝોહરનો છેલ્લો સમય)* એટલા માટે ઈબ્ને અબ્બાસની હદીષથી એ દલીલ કરવું કે જ્યાં સુધી પડછાયો (ભૂતકાળમાં શુઝમાં બાંધવામાં આવતી) દોરીના બરાબર ન થઈ જાય ત્યાં સુધી ઝોહરનો સમય થશે નહીં, એ સાક઼િત (એનો કોઈ એતબાર નથી) છે.

# حدیث ۳۵۹

**[હદીષ : ૩૫૯]**

عَنْ اَبِیْ بَرْزَۃَ قَالَ کَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ یُصَلِّی الصُّبْحَ

*"હઝરત અબૂ બરઝહ્ અસ્લમી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ સવારની નમાઝ એવા સમયે પઢતા કે અમે*

وَ اَحَدُنَا یَعْرِفُ جَلِیْسَہٗ وَیَقْرَاُ فِیْھَا مَا بَیْنَ السِّتِّیْنَ اِلَی الْمِائَۃِ وَیُصَلِّی

*અમારી સાથે બેસનારાને ઓળખી લેતા, અને એમાં સાઈઠથી લઈને સો સુધી આયતો પઢતા. અને જ્યારે*

الظُّھْرَ اِذَا زَالَتِ الشَّمْسُ وَالْعَصْرَ وَ اَحَدُنَا یَذْھَبُ اِلٰی اَقْصَی الْمَدِیْنَۃِ

*સૂર્ય ઢળી જતો ત્યારે ઝોહર પઢતા. અને અસ્ર એ સમયે પઢતા કે અમારાથી કોઈ પલટીને મદીનાના કિનારા*

رَجَعَ - وَالشَّمْسُ حَیَّۃٌ - وَنَسِیْتُ مَا قَالَ فِی الْمَغْرِبِ وَلَا یُبَالِیْ بِتَاخِیْرِ الْعِشَاءِ

*સુધી ચાલ્યો જતો અને સૂર્ય બદલાતો નહીં. (અબુલ મિન્હાલે કહ્યું) હું ભૂલી ગયો કે હઝરત અબૂ બરઝહે*

اِلٰی ثُلُثِ اللَّیْلِ ثُمَّ قَالَ اِلٰی شَطْرِ اللَّیْلِ وَقَالَ مُعَاذُ قَالَ شُعْبَۃُ ثُمَّ

*મગરિબના બારામાં શું કહ્યું હતું, અને રાતના ત્રીજા ભાગ સુધી ઈશામાં મોડુ થવાની પરવા કરતા ન હતા.*

لَقِیْتُہٗ مَرَّۃً فَقَالَ اَوْ ثُلُثِ اللَّیْلِ ؏

*પછી ફર્માવ્યું કે અડધી રાત સુધીની પણ પરવા કરતા ન હતા. શઅબાએ કહ્યું, મેં એકવાર એમનાથી મુલાકાત કરી તો તેમણે કહ્યું, અથવા ૧/૩ રાત સુધી." (બુખારી ૧/૭૭ મવાક઼ીતુસ્સલાત, ૧/૭૮ બાબે વક્તે અસ્ર, ૧/૮૦, ૧/૭૪, ૧/૧૦૬ અઝાબ, મુસ્લિમ–સલાત, અબૂદાઊદ–સલાત, નિસાઈ–સલાત, ઈબ્ને માજહ–સલાત)*

**સમજૂતી : ૩૫૯**

**પરિપૂર્ણતા** : ત્યારબાદ 'વક્તે સલાતુલ અસ્ર' અને 'અઝાન'માં એટલુ વધારે છે કે ઈશાથી પહેલાં સૂવાને અને ઈશા બાદ વાત કરવાને નાપસંદ કરતા હતા. આ રિવાયતમાં એ પણ છે કે એવા સમયે ફજરની નમાઝ પઢતા હતા કે (એટલુ ઉજાસ થતું કે) અમે અમારી બાજુમાં બેસનારાને ઓળખી લેતા. હનફીઓ (અહનાફ)ને ત્યાં ફજરની નમાઝમાં ઈસ્ફાર (અજવાળુ કરી પઢવું) મુસ્તહબ છે. એની ચર્ચા આગળ આવશે. અહીં હદીષનો ચર્ચા પાત્ર હિસ્સો આ છે : **والعصر واحدنا یذھب الی اقصی المد ینۃ رجع والشمس حیۃ** "અમે અસ્ર પઢીને મદીનાના કિનારે પરત થઈ જતા અને સૂર્ય બદલતો ન હતો." અમુક અનુવાદકોએ એવો અનુવાદ કર્યો કે, "અમારામાંથી કોઈ મદીનાના કિનારા સુધી જઈને પલટી આવે." પણ આ અનુવાદ આ હદીષના બીજા તરીક઼ાની વિરૂધ્ધ છે. **ثم یرجع احدنا الی رحلہ فی اقصی المد ینۃ والشمس حیۃ** કિતાબુલ અઝાનમાં પણ આ પ્રમાણે છે, અલ્બત્ત **رحلہ** નથી. એટલે કે અમે મદીનાના કિનારે અમારા ઘરે પરત થતા તો પણ સૂરજ બદલાતો ન હતો.

# حدیث ۳٦۰

[હદીષ : ૩૬૦]

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺએ સાત રકાત તથા

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ صَلّٰى بِالْمَدِيْنَةِ سَبْعًا وَّثَمَانِيًا اَلظُّهْرَ وَالْعَصْرَ

આઠ રકાત મદીનામાં નમાઝ પઢી ઝહોર અને અસર અને મગરિબ અને ઈશાની.

وَالْمَغْرِبَ وَالْعِشَاءَ فَقَالَ اَيُّوْبُ لَعَلَّهٗ فِيْ لَيْلَةٍ مَّطِيْرَةٍ قَالَ

ઐયૂબે જાબિરથી પૂછયું, કદાચ વરસાદવાળી રાતમાં થયું હોય.

જેથી અનાયાસે માનવુ પડશે કે રજઅનો મુતઅલ્લિક મહઝૂફ **الی رحله** છે, ન કે મસ્જિદે નબવી. એટલા માટે સહીહ તર્જુમો એ જ થયો જે અમે કર્યો, "પરત થઈને મદીનાના છેડે જતા અને સૂર્ય ન બદલાતો."

આ હદીષથી એ દલીલ કરવું બાતિલ કે હુઝૂરે અક્દસ ﷺ મિષ્લ ષાનીના શરૂ થતાં જ અસ્રની નમાઝ પઢતા, એટલા માટે કે આપણા વિસ્તારમાં મિષ્લ ષાની ખત્મ થયા બાદ ગરમીના દિવસોમાં બે કલાક તો કદીક એનાથી અધિક સમય પણ રહે છે, એટલા માટે કે હઝરત અનસ رضی اللہ عنہની જે હદીષ અબૂદાઊદ *(૧/૭૭ મવાકીતે સલાત)*માં છે એમાં **اقصى المدينة**ને બદલે **العوالى** છે. એમાં ત્યાં જ ઈમામ ઝહરીનો ક઼ૌલ નક઼લ થયેલ છે કે મદીનાના કિનારાનું અંતર એ બે કે ત્રણ માઈલ અથવા વધુમાં વધુ ચાર માઈલ હતું. મધ્યમ કક્ષાની ગતિથી એક કલાકમાં ચાર માઈલ કાપી શકાય છે. આ સ્થિતિમાં મસ્જિદે નબવીમાં અસ્રની નમાઝ પઢીને મદીનાના છેડે પહોંચ્યા બાદ પણ સૂર્ય ફેરફારવાળો ન થશે, એટલા માટે કે સૂર્યમાં ફેરફાર સૂર્યાસ્તના વીસ મિનિટ અગાઉથી થાય છે. ધારો કે પંદર મિનિટમાં નમાઝ થઈ અને એક કલાકમાં મદીનાના કિનારે પહોંચી ગયા, તો હજી સૂર્યાસ્ત થવામાં ૪૫ મિનિટ બાકી રહે છે. આપણા ત્યાં અસરમાં મોડુ કરવું મુસ્તહબ છે, એવા સમયે પઢે કે મકરૂહ સમય આવવાથી પહેલાં સુન્નત તથા મુસ્તહબો સાથે નમાઝ અદા કર્યા બાદ જો નમાઝમાં કોઈ કારણે ખરાબી પેદા થઈ જાય તો ફરીથી સુન્નત તથા મુસ્તહબોની કાળજી સાથે નમાઝ પઢવામાં આવી શકે.

આ હદીષથી સાબિત થયું કે ઈશાને ૧/૩ રાત સુધી મોડી કરવી મુસ્તહબ છે. તેમજ એ પણ માલૂમ થયું કે ઈશાથી પહેલાં સૂવું અને ઈશા બાદ દુનિયવી વાતો કરવી મના છે. મેજબાનનું મહેમાન સાથે, પત્નીઓનું આપસમાં વાત કરવું અપવાદ છે, એ જ પ્રમાણે દીની વાતો પણ (કરી શકાય છે) બલ્કે તેહક઼ીક઼ની બિના પર મુસલમાનોના લાભોના માટે દુનિયવી વાતો પણ કરી શકાય છે.

## સમજૂતી : ૩૬૦

મતલબ એ છે કે ઝોહર અને અસર એક સાથે મિલાવીને આઠ રકાત અને મગરિબ તથા ઈશા મિલાવીને સાત રકાત પઢી. એનાથી વિરૂધ્ધ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની તે હદીષ છે જેને બુખારી *(૧/૨૨૮ મનાસિક)* અને મુસ્લિમે *(૧/૪૧૭ હજ્જ)* રિવાયત કરી કે મુઝદલ્ફાના સિવાય મેં ક્યાંય નથી જોયું કે રસૂલુલ્લાહ ﷺએ કોઈ નમાઝને તેના સમયના સિવાય કોઈ અન્ય સમયમાં પઢી હોય, એટલા માટે એનાથી મુરાદ જમએ

عَسٰی اَعْ

એમણે કહ્યું, બની શકે છે." (બુખારી, ૧/૭૭ મવાક઼ીતે સલાત, મુસ્લિમ-સલાત, અબૂદાઊદ-સલાત, નિસાઈ-સલાત)

# حدیث ۳۶۱

**[હદીષ : ૩૬૧]**

عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ كَانَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

"ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, નબી ﷺ

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یُصَلِّی الْعَصْرَ وَالشَّمْسُ لَمْ تَخْرُجْ مِنْ حُجْرَتِهَا

અસ્રની નમાઝ એ સમયે પઢતા કે તડકો (હજી) તેમના હુજરા (રૂમ)થી બહાર ન થતો.

(وَفِیْ رِوَایَةٍ اُخْرٰی) وَالشَّمْسُ فِیْ حُجْرَتِهَا لَمْ یَظْهَرِ الْفَیْءُ مِنْ

તડકો તેમના હુજરામાં રહેતો તેનો પડછાયો હુજરા (ની જમીનથી)

حُجْرَتِهَا (وَفِیْ اُخْرٰی) وَالشَّمْسُ طَالِعَةٌ فِیْ حُجْرَتِیْ وَلَمْ یَظْهَرِ

ઉપર ન ચઢયો હોતો. અને તડકો તેમના હુજરામાં ચમકતો રહેતો અને પડછાયો તે સમય સુધી

الْفَیْءُ بَعْدُ (وَفِیْ اُخْرٰی) وَالشَّمْسُ قَبْلَ اَنْ تَظْهَرَ ۔

ઉપર ચઢયો ન હોતો, તડકો ઉપર ચઢતાં પહેલાં."

સૂરી છે એટલે ઝોહરને લેટ કરી અને અંતિમ સમયમાં અદા કરી અને અસર શરૂ સમયમાં પઢી, ઝોહર તેના સમય તથા અસર તેના સમયમાં. એ પ્રમાણે મગરિબની નમાઝ અંતિમ સમયમાં અને ઈશા શરૂ સમયમાં અદા કરી.

**સમજૂતી : ૩૬૧**

અબૂ ઝર અને ઉસૈલી તથા કરીમાની રિવાયતમાં પ્રકરણના ટાઈટલમાં એ સંબંધી પણ છે. وَقَالَ اَبُوْ اُسَامَةَ عَنْ هِشَامٍ-عَنْ قَعْرِ حُجْرَتِهَا એટલે અબૂ ઓસામાએ હિશામથી જે રિવાયત કરી તેમાં حُجْرَتِهَاથી પહેલાં قعر શબ્દ અધિક છે. એના પર શારેહીન (શરહકર્તાઓ)ની એકમતિ છે કે આ હદીષોમાં પણ 'શમ્સ'થી મુરાદ તડકો છે. અને એ સૌથી મુરાદ એ છે કે તડકો હુજરાની જમીન પર હોતો, દીવાલ પર ચઢેલો ન હોતો, અને તડકા પછી જે પડછાયો થતો તે પણ જમીન પર જ હોતો એટલા માટે કે તડકાની સાથોસાથ પડછાયો પણ આગળ પાછળ થતો રહે છે. જ્યારે તડકો દીવાલ પર ન ચઢેલો હતો તો એના જોડાયેલ જે પડછાયો હશે તે પણ ચઢશે નહીં. એક મતલબ એ પણ થઈ શકે છે કે لم يظهر الفئ بعدથી મુરાદ મસ્જિદે અક઼દસની દીવાલનો પડછાયો હોય અથવા તો હુજરા મુબારકના આગળ કોઈ આંગણુ રહ્યું હોય તેની પશ્ચિમી દીવાલનો સાયો મુરાદ હોય. મતલબ એ થયો કે ફર્માવે છે, તડકો મારા હુજરા (ઓરડા)માં રહેતો. બહારની દીવાલનો પડછાયો

હુજરાની પૂર્વી દીવાલ પર હજી ચઢેલો ન હોતો. શક્ય છે કે બહારની દીવાલ અને દરવાજાનું અંતર એ રહ્યું હોય કે જ્યારે બહારની દીવાલનો પડછાયો હુજરાની પૂર્વી દીવાલ પર ચઢતો તો હુજરા મુબારકથી તકડો અદશ્ય થઈ જતો. મારા ખયાલમાં આ બીજો અર્થ અધિક જાહેર છે.

**શાફઈઓ (શવાફેઅ)ની દલીલ** : આ હદીષથી શાફઈઓએ એ દલીલ કરી છે કે હુઝૂરે અક્દસ ﷺ અસ્રની નમાઝ મિષ્લે અવ્વલમાં પઢતા હતા એટલા માટે કે હુજરા મુબારક ખૂબ જ નાનો હતો. મિષ્લે ષાની પછી તડકો જરૂર દીવાલ પર ચઢી જતો.

**જવાબ** : શાફઈ હઝરાતની દલીલના જવાબ પહેલાં અમુક વિવેચન પાત્ર બાબતોની તેહકીક જરૂરી છે :

૧. હુજરો મુબારક મસ્જિદે અક્દસથી તદ્દન જોડાયેલો હતો. હદીષ આવી ગઈ, ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે એતેકાફની હાલતમાં હુઝૂરે અક્દસ ﷺ સરે અક્દસ મારા તરફ લંબાવી દેતા, હું તેમાં કાંસકી કરી આપતી અને હું હૈઝની હાલતમાં હોતી. તદ્‌ઉપરાંત મસ્જિદે અક્દસનો નક્શો જોવાથી પણ એ જ સ્પષ્ટ થાય છે કે મસ્જિદ મુબારક હુજરા અક્દસની પશ્ચિમી દીવાલ સુધી છે અને પશ્ચિમી બાજુ જાળીઓ મસ્જિદમાં લગાડવામાં આવી છે. એ જ કારણે ઉસ્તવાનાએ સરીર તથા ઉસ્તાવનાએ મુહર્રસ સુધી જાળીઓ છે.

૨. મસ્જિદે અક્દસ પર છત હતી

૩. હઝીરાએ અક્દસ અને હુજરા મુબારકની પશ્ચિમી દીવાલો બિલકુલ જોડાયેલ છે, દરમ્યાનમાં કોઈ અવકાશ નથી. જેમ કે અલ્લામા સહમૂદીએ વફાઉલ વફામાં પોતાનો અનુભવ લખ્યો છે. એનાથી અંદાઝો થાય છે કે હઝીરા મુક્દસને બનાવ્યા પહેલાં મસ્જિદ મુબારક હુજરા મુબારકની પશ્ચિમી દીવાલ સુધી હતી.

૪. એનાથી જાહેર થઈ ગયું કે હુજરા મુબારકની દક્ષિણ બાજુ કિબ્લાની તરફ અન્ય અજવાઝે મુતહ્હરાત (પાક બીવીઓ)ના હુજરા હતા. ઉમ્મુલ મોમિનીન હઝરત હફસા رضی اللہ عنہاનો હુજરો એ તરફ હતો. હવે પ્રશ્ન એ ઉઠે છે કે હુજરા મુબારકમાં તડકો કઈ બાજુથી આવતો હતો. અલ્લાહની તૌફીકથી હું કહું છું કે મસ્જિદે અક્દસ શરૂમાં પૂર્વ પશ્ચિમ સાઈઠ હાથ પહોળી હતી. ખૈબરના ગઝવા પછી એમાં વધારો થયો અને સો હાથ પહોળી અને સો હાથ લાંબી થઈ ગઈ. એનો મતલબ એ થયો કે પૂર્વ પશ્ચિમ ચાલીસ હાથનો વધારો થયો, આ વધારો પૂર્વમાં પણ થયો અને પશ્ચિમમાં પણ. એનાથી જાહેર થઈ ગયું કે ગઝવાએ ખૈબરથી પહેલાં મસ્જિદે અક્દસ અને હુજરા મુબારકમાં અંતર હતું. શક્ય છે કે એ અંતર વીસ હાથ સુધીનું હોય, શક્ય છે એનાથી ઓછુ હોય. શક્ય છે કે તે દિવસોમાં પશ્ચિમ તરફ અમુક આંગણુ પણ રહ્યું હોય, વચ્ચેના અંતરથી તડકો આવતો હોય. જે લોકો વાણીની શૈલી સમજવાની લાયકાત ધરાવે છે એમના સમક્ષ સ્પષ્ટ છે કે હઝરત ઉમ્મુલ મોમિનીનના ઈર્શાદ **والشمس فی حجرتها-لم یظهر،لم یظهر الفیئ بعد**થી એ જાહેર છે કે તડકો પૂર્વી દીવાલની ખૂબ જ નજીક પહોંચેલી હોતી, અલ્બત્ત દીવાલ પર ચઢેલી ન હોતી. જો હઝરત ઉમ્મુલ મોમિનીનની મુરાદ જો એ ન હોતી તો આ પ્રમાણે ફર્માવતા, "તડકો હુજરાની વચ્ચે હોતો, ચોથાઈમાં હોતો." એ વખતે પડછાયો બે મિષ્લની અંદર અંદર રહેતો અથવા બે મિષ્લથી અધિક હોતો. એનો ફૈંસલો એના પર અવલંબિત છે કે હુજરા મુબારક કેટલો પહોળો હતો, દરવાજો કેટલો ઊંચો હતો અને જો આંગણુ હતું તો તેની દીવાલ કેટલી ઊંચી હતી, આંગણુ કેટલું પહોળુ હતું. હુજરા મુબારકની પૂર્વ પશ્ચિમ પહોળાઈનો અંદાઝો હઝીરા મુક્દસાથી લગાડવો મુશ્કેલ છે, એટલા માટે કે હઝીરા મુક્દસાની દીવાલોની પહોળાઈ હુજરા મુબારકની દીવાલોની પહોળાઈ તથા તેમના વચ્ચે કેટલું અંતર છે એમાં ઈતિહાસકારોનો એટલો મતભેદ છે કે કોઈ એક વાતનો હવે ફૈંસલો મુશ્કેલ છે. પછી તેને હુકમનો આધાર ઠરાવવું કોઈ રીતે સહીહ નથી, અને કયાસોથી જે અંદાઝો થાય છે તે શાફઈઓના વિરૂધ્ધ તથા અમારા સમર્થનમાં છે :–

(૧) હુઝૂરે અક્દસ ﷺને કબ્ર મુબારકમાં પગોની તરફથી ઉતારવામાં આવ્યા હતા. (મદારિજુન્નબુવ્વત,

૨/૫૬૮) એનાથી જાણવા મળ્યું કે મઝાર મુબારકની પૂર્વ બાજુ માનવ કદ જેટલી જગા હતી.

(૨) કબ્ર મુબારક માનવ કદથી કાંઈક વધુ જરૂર હશે, એનાથી અંદાઝો થાય છે કે કબ્ર મુબારકના સિરહાનેથી પૂર્વી દીવાર સુધી લગભગ દસ ફૂટનું અંતર જરૂર હતું.

(૩) સહીહ સમજ બતાવે છે કે કબ્ર મુબારક પશ્ચિમી દીવાલથી બિલકુલ અડીને જ નથી ખોદવામાં આવી, બલ્કે હુજરા મુબારકની વચ્ચો વચ્ચમાં ખોદવામાં આવી હશે. મવાજહે અક્દસનું નિશાન પણ એનું જ સમર્થન કરે છે. એનાથી કયાસ થાય છે કે પશ્ચિમ તરફ પણ માનવ કદ જેટલી જગા છૂટી હતી. આ ચર્ચા અનુસાર હુજરા મુબારક ૧૪–૧૫ ફૂટ પૂર્વ પશ્ચિમ પહોળો હતો. (૪) હુજરા મુબારકની છત માનવ કદથી એક હાથ અધિક હતી. લાંબા કદનો માણસ પાંચ ફૂટ હોય છે જેથી છતની ઊંચાઈ વધુમાં વધુ સાડા છ હાથ હતી.

(૫) એ યુગમાં દરવાજા ખૂબ નીચા રહેતા હતા. હુજરા મુબારકની દીવાલ પણ એના પ્રમાણેની છે. શક્ય છે કે ચાર ફૂટ રહી હોય, શક્ય છે કે પાંચ ફૂટ રહી હોય.

(૬) જો પશ્ચિમ તરફ કોઈ આંગણુ હતું તો તેની પણ પશ્ચિમી દીવાલ હુજરાની છતથી ઊંચી ન રહી હશે, કાંઈક ઓછી જ રહી હશે.

હવે જ્યારે કે હુજરા મુબારક ૧૪–૧૫ ફૂટ પહોળો હતો અને દરવાજો પાંચ ફૂટ માની લો તો મિષ્લ ષાની થઈ ગયા પછી પણ તડકો પૂર્વી દીવાલથી દૂર રહેશે. પૂર્વી દીવાલ પર ત્રણ ગણા જેટલો પૂર્ણ થતાં સુધીમાં પહોંચશે. એ જ પ્રમાણે જો કોઈ આંગણુ હતું અને તેની ઊંચાઈ છતના બરાબર સાડા છ ફૂટ માનીએ તો તેની દીવાલનો પડછાયો મિષ્લ ષાની સુધી પૂર્વી દીવાલની નજીક પહોંચશે નહીં, બલ્કે હુજરાની વચ્ચે રહેશે. એટલા માટે કે આખરે આંગણુ પણ કાંઈક પહોળુ રહ્યું હશે. મદીનાપાકમાં ગરમીઓના દિવસોમાં કદી કદી અસલી પડછાયો આંગળ બે આંગળ રહે છે.

સારાંશ કે કોઈ રીતે પણ શાફઈઓની દલીલ આ હદીષથી બંનેવ મુદ્દામાંથી કોઈના માટે સહીહ નથી. ન એના પર કે મિષ્લે ષાનીમાં નમાઝ પઢી અને ન એના પર કે શરૂ સમયમાં પઢી. એટલા માટે કે તેમના ત્યાં શરૂ સમય મિષ્લે ષાનીના પ્રારંભમાં છે. આ વર્ણન કરેલ ચર્ચા પર હુઝૂરે અક્દસ ﷺએ મિષ્લે ષાલિષ (ત્રણ ગણા)માં નમાઝ પઢી. આપણા મઝહબના પ્રમાણે પણ એ નમાઝ શરૂ સમયમાં ન થઈ એટલા માટે કે હુજરા મુબારકના આગળ આંગણુ ન હોવાની સ્થિતિમાં મિષ્લે ષાનીના ખત્મ થતા સુધી તડકો ૧/૩ હુજરાથી કાંઈક આગળ થશે. પૂર્વી દીવાલ સુધી પહોંચવાના માટે ૧/૩ જેટલો હુજરો નક્કી કરવો બાકી છે. અને આગળ આંગણુ માનીએ તો આંગણુ જેટલુ પહોળુ માનીશું મિષ્લે ષાની પછી પૂર્વી દીવાલ સુધી પહોંચવાના માટે એટલું અધિક અંતર પાર પાડવું બાકી રહેશે. અમે ઉપર દર્શાવી ચૂક્યા કે હઝરત ઉમ્મુલ મોમિનીનના ઈર્શાદની શૈલી દર્શાવી રહી છે કે તડકો પૂર્વી દીવાલ સુધી પહોંચેલો હતો, અલ્બત્ત હજી દીવાલ પર ચઢેલી ન હોતી. એનાથી સાબિત કે એ નમાઝ મિષ્લે ષાલિષનો ઘણો બધો હિસ્સો ગુજર્યા પછી પઢવામાં આવતી હતી, ન કે શરૂ સમયામાં. જો કે અમારા આ વાંધામાં ચર્ચાનો ખૂબજ અવકાશ છે પણ અમે દલીલ આપનારા નથી, મના કરવાવાળા છીએ. દલીલ આપનારા ઈમામ શાફઈ છે. એક વિરોધી સંભાવના પણ દલીલોની પૂરી ઈમારત પાડી નાખે છે.

# حديث ٣٦٢

**[હદીષ : 3૬૨]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کُنَّا نُصَلِّی

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે અસ્રની નમાઝ પઢી લેતા પછી*

الْعَصْرَ ثُمَّ یَخْرُجُ الْاِنْسَانُ اِلٰی بَنِیْ عَمْرِو بْنِ عَوْفٍ فَیَجِدُ

*કોઈ માણસ બની અમ્ર બિન ઔફમાં જતો તો તેમને અસ્રની*

ہُمْ یُصَلُّوْنَ الْعَصْرَ ع

*નમાઝ પઢતા પામતો." (બુખારી, ૧/૭૮ મવાક઼ીત, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત)*

# حديث ٣٦٣

**[હદીષ : 3૬3]**

سَمِعْتُ اَبَا اُمَامَۃَ یَقُوْلُ صَلَّیْنَا مَعَ عُمَرَ بْنِ عَبْدِ الْعَزِیْزِ الظُّہْرَ ثُمَّ

*"હઝરત અબૂ ઓમામા رضی اللہ عنہ ફર્માવે છે કે અમે ઉમર બિન અબ્દુલ અઝીઝની સાથે ઝોહરની નમાઝ*

خَرَجْنَا حَتّٰی دَخَلْنَا عَلٰی اَنَسِ بْنِ مَالِكٍ فَوَجَدْنَاہُ یُصَلِّی الْعَصْرَ فَقُلْتُ یَا

*પઢી. ત્યારબાદ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયા તો તેમને અસ્રની નમાઝ*

عَمِّ مَا ہٰذِہِ الصَّلٰوۃُ الَّتِیْ صَلَّیْتَ قَالَ الْعَصْرُ وَہٰذِہٖ صَلٰوۃُ رَسُوْلِ اللّٰہِ

*પઢતા પામ્યા. મેં અર્ઝ કરી, હે સાચા ! તમે આ કઈ નમાઝ પઢી છે ? ફર્માવ્યું, અસ્ર. આ જ સમય*

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الَّتِیْ کُنَّا نُصَلِّیْ مَعَہٗ ع

*રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનો આ નમાઝને પઢવાનો છે. અમે આ જ સમયે હુઝૂરની સાથે નમાઝ પઢતા હતા."*

*(હવાલો : ઉપર મુજબ)*

**સમજૂતી : 3૬૨–3૬3–3૬૪–3૬૫**

**كنا نصلى (કુન્ના નુસલ્લી)** : આ હદીષ મૌકૂફ અથવા મુરસલ છે, એના બારામાં મતભેદ છે. એના પર અલ્લામા અયનીએ લખ્યું છે કે સહાબીનો એ ક઼ૌલ કે અમે આવુ કરતા હતા, એ મરફૂઅના હુકમમાં છે. ......... અમુક લોકોએ કહ્યું, આ હુકમની રીતે મરફૂઅ છે એ જ ઈમામ હાકિમનું મુખ્તાર (પસંદીદા) છે. ઈમામ બુખારીએ એને જે રીતે વર્ણન કરેલ છે એ એના પ્રતિ નિર્દેશ છે કે એ મુસ્નદ છે, ભલે સ્પષ્ટ રીતે હુઝૂરની

# حدیث ۳۶۴

**[હદીષ : ૩૬૪]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ قَالَ كُنَّا نُصَلِّي الْعَصْرَ ثُمَّ يَذْهَبُ الذَّاهِبُ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે અસ્રની નમાઝ પઢી લેતા પછી જનારો

مِنَّا اِلٰى قُبَاءَ فَيَاْتِيْهِمْ وَالشَّمْسُ مُرْتَفِعَةٌ۔

કુબા સુધી જતો અને ત્યાં પહોંચી જતો અને સૂર્ય ઊંચો રહેતો."

# حدیث ۳۶۵

**[હદીષ : ૩૬૫]**

حَدَّثَنِيْ اَنَسُ بْنُ مَالِكٍ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ અસ્રની

عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّي الْعَصْرَ وَالشَّمْسُ مُرْتَفِعَةٌ حَيَّةٌ فَيَذْهَبُ الذَّاهِبُ اِلَى

નમાઝ પઢી લેતા તો પણ સૂર્ય ઊંચે રોશન રહેતો. ત્યારબાદ જનારો અવાલી સુધી જતો, ત્યાં પહોંચી જતો

الْعَوَالِيْ فَيَاْتِيْهِمْ وَالشَّمْسُ مُرْتَفِعَةٌ۔ وَبَعْضُ الْعَوَالِيْ مِنَ الْمَدِيْنَةِ

અને સૂર્ય ઊંચો રહેતો. (ઈમામ ઝુહરીએ) કહ્યું કે મદીનાથી અમુક અવાલીનું

عَلٰى اَرْبَعَةِ اَمْيَالٍ اَوْ نَحْوِهٖ ؏

અંતર ચાર માઈલ કે એના જેટલુ છે."

*(બુખારી, ૧/૭૮ મવાક઼ીત, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–સલાત, નિસાઈ–સલાત, ઈબ્ને માજહ–સલાત)*

ﷺ તરફ નિસ્બત નથી. દારકુન્ની, ખતીબ તથા અન્ય લોકોએ કહ્યું કે આ મૌકૂફ છે. સહીહ એ છે કે આ શાબ્દિક રીતે મૌકૂફ છે પણ હુકમની રીતે મરફૂઅ છે. એટલા માટે કે અહીં કરવું જરૂરી છે કે એમની મુરાદ એ છે કે અમે હુઝૂર ﷺના જમાનામાં આવું કરતા હતા. આ ખાસ હદીષના મરફૂઅ હોવા પર આ દલીલ છે કે નિસાઈ *(૧/૮૮ સલાત)*માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક ઈમામે આઝમ رضی اللہ عنہما ના શાર્ગિદથી આ હદીષ આ પ્રમાણે રિવાયત પામી છે કે રસૂલુલ્લાહ ﷺ અસ્રની નમાઝ એવા સમયમાં પઢી લેતા ............. છેવટ સુધી.

**الٰى بنى عمر وبن عوف (ઈલા બની અમ્ર બિન ઔફ)** : એ કબીલા બની ઔફમાં રહેતો હતો. આ રીતે આ હદીષ તથા હદીષ–૩૬૪ નો સારાંશ એક થયો. ફરક એના પછી છે કે આ હદીષમાં છે કે ત્યાં પહોંચ્યા પછી જોતા કે તે લોકો અસ્રની નમાઝ પઢી રહ્યા છે. અને હદીષ–૩૬૫ માં છે કે સૂરજ ઊંચે રહેતો. નિસાઈમાં હઝરત અનસથી બે સાહબોએ રિવાયત કરી છે. ઈમામ ઝુહરીએ અને ઈમામ ઈસ્હાક઼ બિન અબ્દુલ્લાહે, બંને

**الی قباء** સુધી સહમત છે, આગળ એ છે કે એમનામાંથી એકે કહ્યું કે "એમને નમાઝ પઢતા પામ્યા." બીજાએ કહ્યું, "અને સૂરજ ઊંચે રહેતો." એ બંનેમાં ટકરાવ નથી, બંને વાતો સહીહ થઈ શકે છે. ત્યાં પહોંચ્યા પછી તેમને નમાઝ પઢતા પણ પામ્યા અને સૂરજ પણ ઊંચો હતો. કુબા શરીફ મસ્જિદે નબવીથી ત્રણ માઈલ છે. અમે પ્રથમ દર્શાવી ચૂક્યા કે મધ્યમ ચાલે ત્રણ માઈલ ૪૫ મિનિટમાં પાર કરી શકાય છે. તો જો ધારો કે હુઝૂરે અક્દસ ﷺએ મિષ્લે ષાની ખત્મ થયા બાદ નમાઝ પઢી પછી કોઈ કુબા ગયો તો પણ સૂરજ ઊંચો અને ચમકતો રહેશે અને તે સમય પણ અસ્રનો ગૈર મકરૂહ છે. એ સમયે જો કુબાવાળા અસ્રની નમાઝ પઢતા હોય તો કોઈ વાંધો નથી. વળી એ પણ સ્પષ્ટતા નથી કે જનારો પગપાળા જ જાય છે, શક્ય છે કે સવારીથી જતો હોય અને સવારીને દોડાવીને લઈ જતો હોય, તો અધિક રીતે કાંઈ ઉલઝન નથી રહેતી.

**والشمس حية (વશ્શમ્સુલ્ હ્ય્ય)** : એની તફસીર હઝરત ઈમામ ઝુહરીથી અબૂ દાઊદમાં એ રિવાયત થયેલ છે કે તેની ગરમી મેહસૂસ થાય. મુરાદ એ જ છે કે એમાં પીળાશ પેદા થયેલ ન હોતી.

**والعوالی (વલ્અવાલી)** : 'અવાલી' એ 'આલિયહ'નું બહુવચન છે જેનો અર્થ મદીના તયબાહની આસપાસનો એ હિસ્સો છે જે પોતાના સાથવાળાના કરતાં ઊંચે છે. મદીના પાકથી "નજદ"ની તરફ એટલે કે પૂર્વી હિસ્સાને "આલિયહ" કહે છે અને એના સામે તહામાની તરફ પશ્ચિમી હિસ્સો છે તેને "સાફલા" કહે છે. સહીહ એ છે કે એ ઈમામ ઝુહરીનો ઈર્શાદ છે કે "અવાલી" મદીના પાકથી ચાર માઈલ અથવા એના જેટલે છે. એટલે કે લગભગ ચાર માઈલ છે. અબૂ દાઊદમાં છે કે એમણે બે વાતો બતાવી રાવીએ એ પણ કહ્યું કે હું ગુમાન કરું છું કે તેમણે એ પણ કહ્યું, "અથવા ચાર માઈલ છે." આ મતભેદ એના પર આધારિત છે કે "અવાલી" મદીના પાકથી બે માઈલથી લઈને આઠ માઈલ સુધી છે. કુબા શરીફ પણ અવાલીમાં છે. એક હદીષ બીજાની તફસીર હોય છે એટલા માટે અહીં બોલ્યા તો "અલ્અવાલી" છે પણ લગભગ મુરાદ કુબા શરીફ જ છે એટલા માટે આ રિવાયતોમાં કોઈ ટકરાવ નથી, અને ન આપણા (હનફી) મઝહબની વિરૂધ્ધ છે.

**કશ્મીરી મહાશયની પકડ** : અન્વારુલ બારીમાં કશ્મીરી મહાશયનું આ કથન નકલ કર્યું. મુઅત્તા ઈમામ માલિકમાં સેર રાકિબનું વર્ણન આવે છે અને અમુક રિવાયતો સેર અનક પણ આવે છે એટલે અસ્રની નમાઝ પઢીને સવાર તેજ ગતિએ બે ત્રણ ફરસખ સુધી ગુરૂબ (સૂર્યાસ્ત)થી પહેલાં પહોંચી શક્તો હતો. *(ભાગ–૧૨, પેજ–૧૭૯)* આટલી ઉચ્ચ દુકાનેથી આટલો ફીકો પકવાન !

ચર્ચા થઈ રહી છે બુખારીની એ હદીષ પર કે અસ્ર પઢીને જનારો અવાલી સુધી જતો અને સૂરજ ઊંચે રહેતો. તમો સાબિત એ કરવા માંગો છો કે જનારો પગપાળા ન જતો, સવાર થઈને જતો તે પણ તેજ ગતિએ જતો. અને પેશ કરી રહ્યા છે મુઅત્તાની એ હદીષ જેમાં એવું છે કે, "એક સવાર બે ફરસંગ કે ત્રણ ફરસંગ સુધી જતો સૂરજ ડૂબવાથી પહેલાં." ક્યાં અવાલીની વાત અને ક્યાં ફરસંગ બે ફરસંગ ચાલવાની વાત ?! ક્યાં એ કે સૂરજ ઊંચો ચમકતો રહેતો અને ક્યાં સૂરજના ડૂબતા પહેલાંની વાત ?! અને સેર અનકવાળી હદીષમાં ન ફરસંગનો ઉલ્લેખ છે અને ન અવાલીનો અને ન સૂર્યના ઊંચા તથા ચમકતા રહેવાની ! આ હદીષમાં એવુ વર્ણન થયેલ છે કે અસ્ર પઢીને સવાર તેજ ગતિએ ચાલતો અને સૂરજ ડૂબવાથી પહેલાં ઝુલ્ હલીફા પહોંચી જતો. *(નિસાઈ, ૧/૯૧ મવાક઼ીબે સલાત)* પણ તેહક઼ીક઼ની ચીજ જુદી છે અને ફોગટમાં તલબા પર ભપકો પાડવો ઓર વાત છે !

**અહનાફ (હનફીઓ)નો મઝહબ** : હનફીઓનો મઝહબ એ છે કે અસ્રમાં મોડુ કરવું મુસ્તહબ છે એટલુ કે સર્વ સુન્નતો તથા મુસ્તહબોની સાથે અદા કરવામાં આવી શકે છતાં મકરૂહ સમય સિવાય એટલો સમય બચે કે જો નમાઝમાં કોઈ ખરાબી પેદા થઈ જાય તો ફરીવાર સુન્નતો તથા મુસ્તહબોની કાળજીની સાથે અદા કરવામાં આવી શકે. અમારી મુસ્તદલ આ હદીષો છે : ૧. હઝરત અલી ઈબ્ને શયબાન કહે છે, અમે મદીના પાક રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા તો (એ જોયું) કે હુઝૂર અસ્રની નમાઝ મોડુ કરીને પઢતા જ્યાં સુધી સૂરજ સફેદ સુથરો રહેતો. *(અબૂ દાઊદ, ૧/૫૯ સલાત)*

# حديث ٣٦٦

**[હદીષ : ૩૬૬]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેની અસ્રની*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَلَّذِىْ تَفُوْتُهٗ صَلٰوةُ الْعَصْرِ فَكَاَنَّمَا

*નમાઝ છૂટી ગઈ જાણે કે તેનાં બીવી બચ્ચાં, માલ બર્બાદ થઈ ગયાં. અબૂ અબ્દુલ્લાહ એટલે ઈમામ*

وُتِرَ اَهْلُهٗ وَمَالُهٗ قَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ يَتِرَكُمْ وَتَرْتُ الرَّجُلَ

*બુખારીએ ફર્માવ્યું, કુર્આન મજીદમાં આવ્યું છે :* **لن يتركم اعمالكم** *(સૂ. મુહમ્મદ–૬૬) "અને અલ્લાહ તમારા*

اِذَا قَتَلْتَ لَهٗ قَتِيْلًا اَوْ اَخَذْتَ مَالَهٗ۔

*અમલો હરગિઝ હરગિઝ બર્બાદ કરશે નહીં."* **وترت الرجل** *એ વખતે બોલે છે જ્યારે તું એના કોઈ માણસને*

*કત્લ કરી આપે અથવા તેના માલને લઈ લે." (બુખારી, ૧/૭૮ મવાકીબુસ્સલાત, મુસ્લિમ–સલાત,*

*અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–મવાકીબ, નિસાઈ–મવાકીબ, ઈબ્ને માજહ–સલાત)*

૨. બયહકીએ રાફેઅ ઈબ્ને ખદીજ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એમને અસ્રને મોડુ કરવાનો હુકમ આપતા. ૩. તિર્મિઝી (૧/૨૩ સલાત)માં હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ઝહોરમાં તમારાથી અધિક જલ્દી કરતા હતા અને તમે અસ્રમાં જલ્દી કરો છો.

ઈમામ હાકિમ ઝિયાદ બિન અબ્દુલ્લાહ નખઈથી રિવાયત થયેલ છે કે અમે કૂફાની મસ્જિદે આઝમમાં હઝરત અલીની સાથે બેઠા હતા. મોઅઝ્ઝિન આવ્યો અને અર્ઝ કરી, હે અમીરુલ મોમિનીન ! અસ્રની નમાઝ ! ફર્માવ્યું, બેસી જાવ ! તો બેસી ગયો. ફરી આવ્યો અને એ જ કહ્યું, એના પર ફર્માવ્યું, આ કૂતરો અમને સુન્નત શીખવાડે છે ! ત્યારબાદ અમને અસ્રની નમાઝ પઢાવી. અસ્રથી ફારિગ થઈને અમે એ જ જગાએ આવ્યા જ્યાં પહેલાં બેઠા હતા તો અમે ગુઠણો ભેર ઉભા થયા કે કદાચ સૂર્ય ડૂબી ગયો છે. મોઅત્તા ઈમામ માલિકમાં છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہને લખ્યું કે, "અસ્ર એ સમયે પઢો કે સૂરજમાં પીળાશ ન આવે, તે સફેદ ચમકતો હોય." *(વકૂફુસ્સલાત, પેજ–૩)*

રહી ગઈ તે હદીષો જેનાથી જલ્દી કરવું પ્રદર્શિત થાય છે તે અસ્રનો શરૂનો સમય બતાવવાના માટે છે અને આપણી વિરૂધ્ધ પણ નથી. અમે ક્યારે એવું કહ્યું કે અવ્વલ (શરૂ) સમયમાં અસ્રની નમાઝ પઢવી મકરૂહ છે. એની પણ સંભાવના છે કે એ જ દર્શાવવા માટે કે શરૂ સમયમાં અસ્રની નમાઝ મકરૂહ નથી, કદી કદી શરૂ સમયમાં અસ્રની નમાઝ પઢી લીધી છે.

**સમજૂતી : ૩૬૬**

ઈમામ બુખારી એવું બતાવવા ચાહે છે કે હદીષમાં જે શબ્દ (وُتِرَ) આવ્યું છે એનો અર્થ છે કોઈને નુકસાન પહોંચાડવું, હાથ પગ વિનાનો કરવું.

# حدیث ۳۶۷

**[હદીષ : ૩૬૭]**

عَنْ اَبِی الْمَلِیْحِ قَالَ کُنَّا مَعَ بُرَیْدَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ

*"અબુલ મલીહે કહ્યું કે અમે હઝરત બુરીદા رضی اللہ عنہ ની સાથે એક જંગમાં બદલીવાળા દિવસમાં હતા*

فِیْ غَزْوَۃٍ فِیْ یَوْمٍ ذِیْ غَیْمٍ فَقَالَ بَکِّرُوْا بِصَلٰوۃِ الْعَصْرِ فَاِنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

*તો તેમણે ફર્માવ્યું, અસ્રની નમાઝ જલ્દી પઢી લો એટલા માટે કે નબી ﷺ એ ફર્માવ્યું, જેણે અસ્રની*

عَلَیْہِ وَسَلَّمَ قَالَ مَنْ تَرَکَ صَلٰوۃَ الْعَصْرِ فَقَدْ حَبِطَ عَمَلُہٗ

*નમાઝ છોડી તેનો અમલ બેકાર થઈ ગયો." (બુખારી–સલાત, ૧/૭૮, ૧/૮૩, નિસાઈ–સલાત, ઈબ્ને માજહ–સલાત)*

# حدیث ۳۶۸

**[હદીષ : ૩૬૮]**

عَنْ جَرِیْرِ بْنِ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کُنَّا عِنْدَ النَّبِیِّ

*"હઝરત જરીર બિન અબ્દુલ્લાહ (બજલી) رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે એક દિવસ નબી ﷺ ની*

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَنَظَرَ اِلَی الْقَمَرِ لَیْلَۃً فَقَالَ اِنَّکُمْ سَتَرَوْنَ

*ખિદમતમાં હાજર હતા. હુઝૂરે ચાંદની તરફ નજર કરી અને ઈર્શાદ ફર્માવ્યો, તમે તમારા પરવરદિગારને*

**સમજૂતી : ૩૬૭**

અમારો મઝહબ પણ એ જ છે કે જો વાદળ હોય તો અસ્રની નમાઝ જલ્દી પઢવી મુસ્તહબ છે, બલ્કે ઈશામાં પણ જલ્દી કરવું મુસ્તહબ છે.

**સમજૂતી : ૩૬૮**

**تضآمّون (તદ઼ામ્મુન)** : એમાં બે રિવાયતો છે. એક (تاء) નો પેશ અને મીમ સાકિન (એનો માદ્દો ضیم છે) જેનો અર્થ થાક, ઝેહમત, દિક્કત, મુશક્કત (તકલીફ) છે. બીજો (تاء) ના ઝબરની સાથે અને મીમ મુશદદ (તશદીદ સાથે) તેનો માદ્દો ضمٌّ છે મળવુ, અર્થ એ થયો કે એકબીજા પર પડશો ગબડશો નહીં.

**لَیْلَۃً (લયલતન)** : બુખારી *(૧/૮૧)* ની જ બીજી રિવાયતમાં આટલુ વધારે છે : لیلۃ البدر અને તફસીરમાં لیلۃ اربع عشرۃ વધારે છે, એટલે કે ચૌદમીની રાતે. તેમજ મુસ્લિમ *(૧/૨૨૮)*માં પણ એના જેમ છે. બાબ ફઝલુસ્સલાતિલ ફજરમાં ઈબ્ને શહાબ ઝુહરીથી અને કિતાબુત્તૌહીદમાં છે : ستروں ربکم عیانا તમે લોકો તમારા પરવરદિગારને ઉઘાડે છોગે જોશો.

ستروں ربکم અહલે સુન્નત વ જમાઅતની એના પર એકમતિ છે કે ક્યામતના દિવસે મુસલમાનને અલ્લાહ

رَبَّكُمْ كَمَا تَرَوْنَ هٰذَا الْقَمَرَ لَا تَضَامُّوْنَ فِيْ رُؤْيَتِهٖ فَاِنِ اسْتَطَعْتُمْ اَنْ

*યક઼ીનન એવી રીતે જોશો જેવી રીતે આ ચાંદને જોઈ રહ્યા છે ! એના જોવામાં જરા પણ શક કરશો નહીં.*

لَا تُغْلَبُوْا عَلٰى صَلٰوةٍ قَبْلَ طُلُوْعِ الشَّمْسِ وَ قَبْلَ غُرُوْبِهَا فَافْعَلُوْا ثُمَّ

*તો જો તમારાથી થઈ શકે કે સૂર્ય નીકળતા પહેલાંની અને સૂર્યાસ્ત પહેલાંની નમાઝ પર મગ્લૂબ ન હોઉ*

قَرَأَ فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ قَبْلَ طُلُوْعِ الشَّمْسِ وَ قَبْلَ الْغُرُوْبِ قَالَ

*(ન છૂટવા પામે) તો જરૂર એને અદા કરી લો. પછી હુઝૂરે આ આયતે કરીમા તિલાવત કરી. સૂર્યોદય પહેલાં*

اِسْمَاعِيْلُ اِفْعَلُوْا لَا تَفُوْتَنَّكُمْ ع

*તથા સૂર્યાસ્ત પહેલાં તમારા પરવરદિગારની તસ્બીહ કરો તેની પ્રશંસાની સાથે. ઈસ્માઈલ એટલે ઈમામ*

*બુખારીએ કહ્યું* **افعلوا** *નો મતલબ એ છે કે તમારાથી આ નમાઝો ન છૂટે."*

*(બુખારી ૧/૭૭ સલાત, ૧/૮૧, ૨/૭૧૯, ૨/૧૧૦૫, મુસ્લિમ–સલાત, અબુ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

ﷻનો દીદાર થશે અને માથાની આંખો વડે થશે. રાફઝીઓ, મોઅતઝલીઓ તથા અમુક મુર્જિયા એના મુન્કિર છે. અમારી દલીલ છે કે અલ્લાહ તઆલાની રૂયત (દીદાર) હદીષોમાં વીસ સહાબીઓથી રિવાયત થયેલ છે જે લફઝૂન નહીં તો મઅ્નન જરૂર મશહૂર છે, તદ્ઉપરાંત એના પર સહાબાએ કિરામનો ઈજમાઅ છે, તેમજ કુર્આન મજીદથી પણ સાબિત છે. ઈર્શાદ છે : **وُجُوْهٌ يَّوْمَئِذٍ نَّاضِرَةٌ اِلٰى رَبِّهَا نَاظِرَةٌ** "ઘણા બધાં મોઢાં એ દિવસે તરોતાઝાં હશે પોતાના રબને જોવાવાળાં હશે." **كَلَّا اِنَّهُمْ عَنْ رَّبِّهِمْ يَوْمَئِذٍ لَّمَحْجُوْبُوْنَ** "હા ! એ લોકો એ દિવસે પોતાના રબના દીદારથી વંચિત હશે." જ્યારે કાફિરો ખુદા તઆલાના દીદારથી વંચિત થશે, જેથી સાબિત કે મોમિન (દીદારથી) સરફરાઝ થશે.

**રાફઝીઓની દલીલો :-**

**૧.** કુર્આને કરીમમાં છે : **لَا تُدْرِكُهُ الْاَبْصَارُ وَهُوَ يُدْرِكُ الْاَبْصَارَ** એનો જવાબ એ છે કે એનાથી મતલબ દષ્ટિમાં સમાવવું છે. એટલે કે આંખો અલ્લાહ ﷻને પોતાના કિરણોથી સંપૂર્ણપણે ઘેરી નથી શકતી.

**૨.** હઝરત મૂસા علیہ السلامએ જોવાની તમન્ના પેશ કરી તો ઈર્શાદ થયો : **لَنْ تَرَانِيْ** અને **لَنْ** કાયમી નકાર માટે છે. એનો જવાબ એ છે કે, એ જ ખોટુ છે કે **لَنْ** કાયમી નકાર માટે આવે છે. ઈર્શાદ છે : **ولن يَّتَمَنَّوْهُ۔ بقره** યહૂદી મૌતની હરગિઝ તમન્ના નહીં કરે. જ્યારે ક઼યામતના દિવસે અન્ય કાફિરોની જેમ એઓ પણ તમન્ના કરશે. અર્ઝ કરશે : **يَالَيْتَنِيْ كُنْتُ تُرَابًا** "હે કાશ ! કે હું માટી બની જાત !"

**૩.** ઈર્શાદ છે : **مَا كَانَ لِبَشَرٍ اَنْ يُّكَلِّمَهُ اللّٰهُ اِلَّا وَحْيًا اَوْمِنْ وَّرَاءِ حِجَابٍ اَوْ يُرْسِلَ رَسُوْلًا** કોઈ માનવીની શક્તિ નથી કે અલ્લાહ ﷻથી વાતચીત કરે સિવાય એના કે વહી રૂપે હોય અથવા એ કે એ માનવ જલાલના પર્દાની ઓઠમાં હોય અથવા એ કે કોઈ ફરિશ્તો મોકલે. જ્યારે કલામ (વાત) કરવાના સમયે કોઈ માનવી અલ્લાહ ﷻને નથી જોઈ શક્તો તો બીજા સમયોમાં એથી વિશેષ રૂપે નથી જોઈ શક્તો. એનો જવાબ એ છે કે, એવું આ દુનિયાની સાથે ખાસ છે.

**૪.** બની ઈસ્રાઈલે જ્યારે એ ખ્વાહિશ કરી **اَرِنَا اللّٰهَ جَهْرَةً** "અલ્લાહ ﷻને અમને ઉઘાડા છોગે દેખાડો." તો

એમના પર અઝાબ આવ્યો, જો એ શક્ય હતું તો અઝાબ શાથી આવ્યો ? એનો જવાબ એ છે કે, એમનો એ સવાલ નાફર્માની તથા ઘમંડના લીધે હતો, એટલા માટે અઝાબમાં પડયા. એમનો એ સવાલ બિલકુલ આ પ્રમાણે છે જેમ કે આપણા હુઝૂરે અક્દસ ﷺથી સવાલ થયો હતો :–

لَوْلَا اُنْزِلَ عَلَيْنَا الْمَلٰٓئِكَةُ اَوْنَرٰى رَبَّنَا لَقَدِاسْتَكْبَرُوْا فِىْٓ اَنْفُسِهِمْ وَعَتَوْ عُتُوًّا كَبِيْرًا "કેમ અમારા પર ફરિશ્તા નથી ઉતારવામાં આવ્યા અથવા અમે અમારા રબને જાતા. એઓ પોતાના જીવમાં ખૂબ જ ઊચું ઉડયન ઉડયા, અંતિમ કક્ષાની સરકશી કરી." (ફુર્કાન) તો શું ફરિશ્તાઓનું ઉતરવું પણ અશક્ય હતું !

રાફઝી વગેરે પોતાના આ અક્રીદા પર નક્લી દલીલોથી આજિઝ આવીને એવું કહે છે કે બૌધ્ધિક રીતે જોવા માટે આઠ વાતો જરૂરી છે : નજરનું દુરુસ્ત રહેવું, જોવામાં આવનાર ચીજ એવી હોય કે તેનું જોવું સહીહ થઈ શકે, જોનાર તથા જોવામાં આવે તે સામ સામે હોય અથવા આમને સામનેના હુકમમાં હોય. જેમ કે અઅ્રાઝ કે એ શરીરના સમક્ષ નથી, એટલા માટે કે અર્ઝ શરીરના સમક્ષ નથી થઈ શકતુ. પણ અઅ્રાઝ શરીરમાં હુલૂલ (પ્રવેશેલ) છે અને શરીર જોનારાના સમક્ષ છે તો અઅ્રાઝ પણ એ હુકમ કરવો કે તે પણ જોનારના સામે છે, એ સહીહ છે. જોવામાં આવનાર ચીજ જોનારની અતિ નજીક ન હોય, અને અત્યંત દૂરી પર પણ ન હોય અને ન ખૂબ જ પ્રમાણમાં નાની તથા ખૂબ જ પ્રમાણમાં બારીક અને એ કે જોનાર તથા જોવામાં આવનાર વચ્ચે પડદો ન હોય.

એનો જવાબ એ છે કે છેવટની છ શર્તો શરીર તથા જે ચીજ શરીરના હુકમમાં હોય તેમને જોવા માટે શર્ત છે અને અલ્લાહ ﷻ ન શરીર છે ન શરીરના હુકમમાં છે જેથી તેના દીદાર માટે આ શર્તોની જરૂરત નથી. અલ્બત્ત બે આગલી શર્તો જરૂરી છે કે આંખનું સહી સલામત હોવું અને જોવામાં આવનારનું એવું હોવું કે એને જોવુ સહીહ થાય. રૂયતે બારી તઆલા (અલ્લાહનો દીદાર)માં એ બંને શર્તો ઉપલબ્ધ છે એટલા માટે બારી તઆલા ﷻના દીદારની શક્યતા પર કોઈ વાંધો નથી.

અમારો અક્રીદો એ છે કે એના દીદાર કૈફ વિના થશે, જોઈશું પણ એવું નથી કહી શક્તા કે કેવી રીતે જોઈશું. જે ચીજને જોઈએ છીએ તે જેનાથી અમુક અંતરે હોય છે, પણ ત્યાં એવું નથી ! તેમજ એનો દીદાર વિના દિશાએ થશે. જે ચીજને જોઈએ છીએ તે જોનારની આગળ, નીચે, ડાબે, જમણે હોય છે. પણ અલ્લાહનો દીદાર એનાથી પાક છે. રહ્યું એ કે તો પછી કઈ રીતે જોઈશું ?! એ જ તો કહેવામાં આવી રહ્યું છે કે એના જોવામાં કેવી રીતે ? કેમ કરીને ? ને કોઈ દખલ નથી. ઈન્શાઅલ્લાહ ! જ્યારે જોઈશું તો બતાવી દઈશું ! સારાંશ એ કે જેવી રીતે અલ્લાહ ﷻ સુધી અક્કલની પહોંચ નથી એ જ રીતે તેની સિફતો સુધી પણ પહોંચ નથી.

દુનિયામાં અલ્લાહ ﷻનો દીદાર જાગૃતાવસ્થામાં હુઝૂરે અક્દસ ﷺ માટે ખાસ છે અને આખેરતમાં દરેક સુન્ની મુસલમાનના માટે શક્ય બલ્કે ખરેખર થશે. ક્લ્બી (દિલથી) દીદાર અથવા ખ્વાબમાં દીદાર અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام બલ્કે અવલિયા رضوان الله تعالىٰ عليهم اجمعينના માટે પણ ઉપલબ્ધ છે. આપણા ઈમામે આઝમ અબૂ હનીફા رضى الله عنهને ખ્વાબમાં સો વાર ઝિયારત થઈ. *(બહારે શરીઅત, ૧/૮)* કાફિરોને અલ્લાહ ﷻનો દીદાર નસીબ થશે નહીં, અને સહીહ એ છે કે મુનાફિક્રોને પણ નસીબ થશે નહીં, ભલે આ ઉમ્મતના મુનાફિક્ હોય.

**ثم قرأ સુમ્મ ક્રરા** : એના કર્તા હઝરત જરીર છે જેમ કે મુસ્લિમ શરીફમાં છે : **ثم قرأ جرير** *(મુસ્લિમ, ૧/૨૨૮)*

# حديث ٣٦٩

[હદીષ : ૩૬૯]

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કેટલાક ફરિશ્તા રાતમાં અને*

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ یَتَعَاقَبُوْنَ فِیْکُمْ مَلَائِکَةٌ بِاللَّیْلِ وَمَلٰئِکَةٌ بِالنَّهَارِ

*કેટલાક ફરિશ્તા દિવસમાં એક પછી એક આવતા રહે છે અને ફજરની નમાઝ તથા અસ્રની નમાઝમાં એકત્ર*

وَیَجْتَمِعُوْنَ فِیْ صَلٰوةِ الْفَجْرِ وَصَلٰوةِ الْعَصْرِ ثُمَّ یَعْرُجُ الَّذِیْنَ بَاتُوْا

*થાય છે. પછી તે ફરિશ્તા જેઓ તમારામાં રાતભર રહ્યા (તેઓ) ઉપર જાય છે તો તેમને તેમનો રબ પૂછે છે,*

**સમજૂતી : ૩૬૯**

**يتعا قبون (યતઆકૂબૂન)** : જમહૂર (બહુમતિ ઉલમા)નો કૌલ એ છે કે એનાથી મુરાદ એ ફરિશ્તા છે જેઓ બંદાની હિફાઝત તથા તેમનું આમાલનામુ લખવા માટે નિયુક્ત છે. પરંતુ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે એની પણ સંભાવના છે કે મુહાફિઝ તથા (આમલનામુ) લખનારાઓ ઉપરાંત અન્ય ફરિશ્તા હોય. એમનો કયાસ એના પર આધારિત છે કે હઝરત આદમના સર્જન વખતે ફરિશ્તાઓએ આદમની ઔલાદ પર વાંધો ઉઠાવતાં એવું કહ્યું હતું : اَتَجْعَلُ فِیْهَا مَنْ یُّفْسِدُ فِیْهَا وَیَسْفِكُ الدِّمَآءَ "શું જમીનમાં એવાને નાયબ કરશે જે એમાં ઝઘડા કરશે અને ખૂનરેજીઓ કરશે."એના પર ધમકાવવાના માટે અલ્લાહ ﷻ તેમને પૂછશે કે તમે મારા બંદાઓને કયા હાલમાં પામ્યા ? અલ્લામા કુર્તબીએ ફર્માવ્યું કે અલ્લાહ ﷻનો અતિશય કરમ (કૃપા) તથા તેની અત્યંત મહેરબાની છે કે એ ફરિશ્તાઓ પર આપણા ગુનાહોની ખબર નથી થતી. હવે એ વાત કિરામન કાતિબીન પર લાગુ નથી થતી, એટલા માટે કે કિરામન કાતિબીનમાંથી એક બુરાઈઓ લખે છે, તો એમનામાંથી કમસે કમ એક ફરિશ્તો તો માણસના ગુનાહોથી જરૂર માહિતગાર થાય છે. મુહાફિઝ ફરિશ્તા તો કોઈવાર માણસથી અલગ નથી થતા, જેથી તેઓ પણ બુરાઈઓથી માહિતગાર થતા હશે. આ હદીષથી ન તો મુહાફિઝ ફરિશ્તા મુરાદ છે ન તો કિરામત કાતિબીન મુરાદ છે.

**અલ્લાહના તૌફીકથી હું કહું છું** : આ હદીષ એના પર કતઈ (યકીની) રીતે કોઈ દલીલ નથી પૂરી પાડતી કે આ ફરિશ્તા ગુનાહોથી માહિતગાર ન થતા. એ જુદી વાત છે કે તે આપણા પર પ્રેમભાવના કારણે અલ્લાહ ﷻની બારગાહમાં અર્ઝ નથી કરતા. હદીષમાં અલ્લાહ ﷻનો જે સવાલ વર્ણન થયેલો છે તે આ છે, "તમે મારા બંદાઓને કઈ હાલતમાં છોડયા ?" કેમ કે નમાઝીઓને તેમણે નમાઝ પઢતા છોડયા હતા તે જ અર્ઝ કરી આપશે. જો અલ્લાહનો સવાલ એવો હોત કે મારા બંદાઓએ દિવસ ભરમાં શું કર્યુ ? અથવા રાતભર શું કર્યુ ? પછી તેઓ આટલુ જ અર્ઝ કરત તો ઈમામ કાઝી અયાઝ તથા અલ્લામા કુર્તબીના દલીલ કરવાને અવકાશ રહેતો. વળી વિચારવા પાત્ર વાત એ છે કે ધારો કે કોઈ બંદો એ વખતે ગુનોહ કરી રહ્યો હોય તો તે ફરિશ્તા તેના બારામાં શું અર્ઝ કરશે ? અને બેનમાઝીઓ અથવા જેણે અસ્રની નમાઝ કઝા કરી તેના બારામાં શું અર્ઝ કરશે ? એટલા માટે ખાદિમ (લેખક)ની નજીક જમહૂરની રાય સહીહ છે.

فِيْكُمْ فَيَسْئَلُهُمْ رَبُّهُمْ وَهُوَ اَعْلَمُ بِهِمْ كَيْفَ تَرَكْتُمْ عِبَادِىْ فَيَقُوْلُوْنَ

*જો કે તે એમના હાલને સારી પેઠે જાણે છે, તમે મારા બંદાઓને કયા હાલમાં છોડયા ? તો ફરિશ્તા અર્ઝ કરશે*

تَرَكْنَاهُمْ وَهُمْ يُصَلُّوْنَ وَ اَتَيْنَاهُمْ وَهُمْ يُصَلُّوْنَ

*કે અમે એમને છોડયા તો તેઓ નમાઝ પઢી રહ્યા હતા અને એમની પાસે જ્યારે ગયા તો પણ તેઓ નમાઝમાં મશ્ગૂલ હતા." (૧/૭૯ સલાત, ઝિક્રે મલાઈકા–૪૫૭, ૨/૧૧૦૫ તૌહીદ, ૨/૧૧૧૫, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત)*

એનું સમર્થન આ આયતે કરીમાથી પણ થાય છે : **لَهٗ مُعَقِّبَاتٌ مِّنۢ بَيْنِ يَدَيْهِ وَمِنْ خَلْفِهٖ يَحْفَظُوْنَهٗ مِنْ اَمْرِ اللّٰهِ** " માણસના આગળ તથા પાછળ અમુક ફરિશ્તા છે જેઓ ખુદાના હુકમથી તેની રક્ષા કરે છે." *(રઅદ)*

એમની સંખ્યા કેટલી છે એમાં વિવિધ કથનો છે, બે, ચાર, પાંચ, દસ, એકસો સાઈઠ વગેરે. હદીષમાં (**ملائکه**) મલાઈકા બહુવચન છે. એ જ પ્રમાણે કુર્આન મજીદમાં પણ "મુઅક્કિબાત" (**معقبات**) બહુવચન આવેલ છે. હું કહું છું : બહુવચન (જમઅ) ત્રણ છે, એટલા માટે બે નો કૌલ સાકિત (રદ) ભલે કદી કદી જમઅ એકથી વધુને પણ બોલાય છે, પણ એ અસ્લની વિરૂધ્ધ છે. *(શામી, ૧/૩૭૦ બાબ સિફતુસ્સલાત)*

મશ્હૂર એ છે કે ગુનાહો લખનાર સંભોગ તથા જાજરૂ જતી વેળા તથા નમાઝના સમયે અલગ થઈ જાય છે, બલ્કે શરહે જોહરે કબીરમાં અલ્લામા લકાનીએ લખ્યું છે કે આ હાલતમાં બંનેવ ફરિશ્તા અલગ થઈ જાય છે. એમણે એ પણ લખ્યું છે કે એ હાલતમાં બંદો જે કાંઈ કરે છે એને ખાસ નિશાનીઓ વડે લખી લે છે. એના પર અલ્લામા શામીએ ફર્માવ્યું કે, "એના પર એમણે કોઈ દલીલ રજૂ નથી કરી." અને આ જ હિલ્યામાં અલ્લામા હલબીએ પણ લખ્યું છે. એના પર કેટલાક લોકોએ આ હદીષથી દલીલ રજૂ કરી હતી કે હઝરત સૈયદના અબૂબક્ર رضی اللہ عنہ બયતુલ ખલા (જાજરૂ)માં પ્રવેશતાં પહેલાં પોતાની ચાદર બિછાવી દેતા અને ફર્માવતા, હે મારા માટે નિયુક્ત થયેલા ફરિશ્તાઓ ! અહીં બેસો ! મેં અલ્લાહથી અહદ (વાયદો) કરી લીધો છે કે જાજરૂમાં કોઈ વાત કરીશ નહીં. એના જવાબમાં હિલ્યાના કર્તાએ ફર્માવ્યું કે અમારા શયખ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ ફર્માવ્યું કે આ હદીષ ઝઈફ છે.

**باتوا (બાતૂ)** : એનાથી જાહેરી રીતે એ જાણવા મળે છે કે આસ્માન પર કેવળ તે જ ફરિશ્તા જાય છે જે રાતે બંદાઓની સાથે રહે છે, પરંતુ હકીકતમાં એવું નથી. કલામ (વાણી)ની એક શૈલી એ પણ છે કે બે વાતોમાંથી એકને વર્ણન કરી આપે છે અને બીજીને છોડી આપે છે જ્યારે કે એકના વર્ણનથી બીજાનો પણ ફાયદો થતો હોય. જેમ કે કુર્આનમાં છે : **سَرَابِيْلَ تَقِيْكُمُ الْحَر** "અને તમારા માટે લિબાસ બનાવ્યા જે તમને ગરમીથી બચાવે." *(નહલ–૧૮)* જ્યારે કે લિબાસ ઠંડીથી પણ બચાવે છે, પણ કેવળ ગરમીથી બચાવવાનો ઉલ્લેખ કર્યો જેનાથી લાઝમી તૌર પર ઠંડીથી બચાવવાનું સાબિત થઈ ગયું. એ જ પ્રમાણે અહીં કેવળ રાતના ફરિશ્તાઓના જવાનો ઉલ્લેખ ફર્માવ્યો પણ જ્યારે કે અગાઉ એ વર્ણન થઈ ચૂક્યું છે કે દિવસના ફરિશ્તા તથા રાતના ફરિશ્તા વારાફરતી આવજા કરે છે, તો એનાથી પણ લાઝમી તૌર પર સાબિત થઈ ગયું કે દિવસના ફરિશ્તા પણ અસ્રના સમયે બારગાહે ખુદાવંદીમાં હાજર થઈ જાય છે.

આ હદીષથી ફજરની તથા અસ્રની નમાઝની એ મહાન ફઝીલત સાબિત થઈ કે એ બંનેવ નમાઝો વખતે રાત તથા દિવસના ફરિશ્તા ભેગા થઈ જાય છે તેમજ એનાથી પણ મહાન એ ફઝીલત સાબિત થઈ કે તે નમાઝોના સમયે અલ્લાહ عزوجل ની બારગાહમાં નમાઝીઓનો ઝિક્ર ખૈર થાય છે.

**وهو اعلم بهم (વહુવ અઅ્લમુ બિહિમ)** : એનાથી જાણવા મળ્યું કે સવાલ એની દલીલ નથી કે સાઈલ

# حديث ٣٧٠

**[હદીષ : ૩૭૦]**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ اِذَا اَدْرَكَ اَحَدُكُمْ سَجْدَةً مِّنْ صَلٰوةِ الْعَصْرِ قَبْلَ اَنْ

*જ્યારે તમે સૂર્ય ડૂબવાથી પહેલાં પહેલાં અસ્રનો એક સિજદો મેળવી લો તો તમારી નમાઝ*

(સવાલ કરનાર) જેના વિશે પૂછે છે તેનાથી નાવાકેફ છે, વાકેફ હોવા છતાં પણ કદી કદી કેટલીક મસ્લેહતના લીધે સવાલ કરવામાં આવે છે. એનાથી વહાબીઓની જેહાલત જાહેર થઈ કે હદીષોમાં ક્યાંક જે ઉલ્લેખ છે કે હુઝૂરે અક્દસ ﷺ એ કોઈ સવાલ કર્યો તો કહી આપે છે કે જો હુઝૂરને ઈલ્મ હોત તો શા માટે પૂછતા ? આ સવાલમાં હિકમત એ છે કે ફરિશ્તા ભલાઈની સાક્ષી આપે, અને ફરિશ્તાઓને એ સૂચન પણ કરવાનું છે કે એ બંદાઓ પર મહેરબાની કરે, તેમજ એ કે જે તેમણે કહ્યું હતું કે "શું તું જમીનમાં એવા લોકોને તારો નાયબ બનાવીશ જે જમીનમાં ઝઘડા ફસાદ મચાવશે અને ખૂનરેજીઓ કરશે. જ્યારે કે અમે તારી તસ્બીહ તથા પાકી અને હમ્દ (પ્રશંસા) કરીએ છીએ." એનો ફરિશ્તાઓને જવાબ આપવાનો હેતુ છે કે તમે દુનિયવી ઝંઝટોથી પાક થઈને તસ્બીહ તથા પાકી કરો છો અને મારા આ બંદા દુનિયવી ઝંઝટોના હોવા છતાં મારી તસ્બીહ તથા પાકી તથા હમ્દ કરે છે.

**કશ્મીરી મહાશયની પકડ** : કશ્મીરી મહાશયે જણાવ્યું, જ્યારે ફજરની ફઝીલતનું પ્રકરણ રચ્યુ તો ત્યાં પણ આ હદીષને ન લાવ્યા અને કેવળ આયતે કરીમા : اِنَّ قُرْاٰنَ الْفَجْرِ كَانَ مَشْهُوْدًا વર્ણન કરી. *(અન્વારુલબારી, ૧/૧૮૫)*

તમે હઝરાત બુખારી શરીફનો અભ્યાસ કરો તો આશ્ચર્યમાં પડી જશો, એ પ્રકરણમાં આ આયતનો પણ ઉલ્લેખ નથી ! અને જો કશ્મીરી મહાશયની મુરાદ કિતાબુલ અઝાનમાં જે પ્રકરણ "ફઝ્લિ સલાતુલ ફજર બિલ જમાઅહ" છે, તે છે તો ત્યાં આ હદીષ પણ છે ભલે સંક્ષિપ્તમાં છે. અને આયત ઈમામ બુખારીએ નથી વર્ણવી બલ્કે હઝરત અબૂ હુરૈરહએ ખૂદ હદીષ વર્ણન કરીને ફર્માવ્યું કે, "જો તમે ચાહો તો આ આયતે કરીમા પઢો." જુઓ પેજ-૯૧. કશ્મીરી મહાશયની બંને વાતો ગલત થઈ. તેમણે કહ્યું કે ઈમામ બુખારી આ હદીષ નથી લાવ્યા, જ્યારે કે લાવ્યા છે. તેમણે કહ્યું કે કેવળ આયત વર્ણવી, જ્યારે કે ઈમામ બુખારીએ આ આયત નથી વર્ણવી, હઝરત અબૂ હુરૈરહએ વર્ણવી છે.

## સમજૂતી : ૩૭૦

**سجدۃ (સજદા)** : એનાથી મુરાદ રકાત છે જેમ કે બુખારી (૧/૮૨)માં જ ખૂદ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી જ سَجْدَةً ને બદલે رَكْعَةً પણ રિવાયત થયેલ છે. અને એનાથી મુરાદ એ છે કે નમાઝનો કાંઈ પણ હિસ્સો મળ્યો તો એના માટે આ હુકમ છે. અસ્રની નમાઝ માટે ઈજમાઅ છે કે જો કોઈએ સૂર્ય ડૂબતા પહેલાં શરૂ કરી અને નમાઝ પૂર્ણ થતા પહેલાં સૂર્ય ડૂબી ગયો તો તે પોતાની નમાઝ પૂરી કરી લે, નમાઝ ફાસિદ થશે નહીં. એમાં રહસ્ય એ છે કે એણે નમાઝ મકરૂહ સમયમાં શરૂ કરી હતી અને મકરૂહ સમયમાં જ પૂર્ણ કરી. નાકિસ

تَغْرُبَ الشَّمْسُ فَلْيُتِمَّ صَلٰوتَهٗ وَاِذَا اَدْرَكَ سَجْدَةً مِّنْ صَلٰوةِ الصُّبْحِ

*પૂર્ણ કરી લો. અને જ્યારે તમે સૂર્ય નીકળતાં પહેલાં પહેલાં સવારની નમાઝનો એક સિજદો પામી લો તો*

قَبْلَ اَنْ تَطْلُعَ الشَّمْسُ فَلْيُتِمَّ صَلٰوتَهٗ

*તમારી નમાઝ પૂર્ણ કરી લો." (૧/૭૯ મવાક઼ીબ, ૧/૮૨, નિસાઈ–સલાત)*

(અપૂર્ણ) શરૂ કરી હતી અને નાકિસ અદા થઈ. સવારની નમાઝના બારામાં પણ ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ વગેરેનો આ જ મઝહબ છે પણ આપણે ત્યાં હુકમ એ છે કે નમાઝ ફાસિદ થઈ જશે. તે લોકોની દલીલ આ હદીષ છે.

આ મસ્અલાને લઈને આજકાલના ગૈર મુક઼લ્લિદ હનફીઓના સંબંધે ખૂબ જ ઝહેર ઓકે છે એટલા માટે અમે એની થોડીક તફસીલ રજૂ કરીએ છીએ, કે હુઝૂર ﷺથી એ સમયોમાં નમાઝ એટલા પુષ્કળ પ્રમાણમાં રિવાયત પામેલી છે કે એટલી અધિક્તા એ સમયોમાં નમાઝના મુબાહ હોવાની રિવાયતોની નથી. તો અમે એવું કહીએ છીએ કે એ સમયોમાં નમાઝનું મુબાહ હોવું એ હદીષોથી મન્સૂખ છે જેમાં મનાઈ આવેલ છે, તે એ રીતે કે અહીં મુહર્રિમ (હરામ કરનાર) તથા મુબીહ (હલાલ કરનાર) બંનેવ ભેગા છે અને જ્યારે મુહર્રિમ તથા મુબીહ ભેગા હશે તો અગ્રતા મુહર્રિમને મળશે, તે એ રીતે કે નાસિખ (રદ કરનાર)નું પાછળ હોવું જરૂરી છે અને એમાં કોઈ શંકા નથી કે હુર્મત (હરામ હોવું) ઈબાહત (મુબાહ હોવા)થી બાદમાં છે, એટલા માટે કે મૂળ ચીજમાં મુબાહ હોવું છે અને તહરીમ (હરામ હોવુ) ટેમ્પરરી છે (એટલે કે હરામ હોવું કોઈ કારણના લઈને લાગુ પડે છે) એટલા માટે તહરીમ (હરામ હોવું) બાદમાં થશે. અને એવું નથી થઈ શક્તુ કે મુબીહ તથા મુહર્રિમમાં ભેગા થતી વેળા મુબીહ મુહર્રિમથી બાદમાં હોય, નહીં તો બે વાર નસ્ખ (હુકમનુ ખત્મ થવુ) લાઝિમ આવશે તે એ રીતે કે જ્યારે મૂળ ચીજ (ઈબાહત) મુબાહપણુ છે તો તે ચીજ જે પ્રથમ મુબાહ રહી હશે પછી તહરીમ (હરામ હોવા)ના હુકમ બાદ અબાહતનો હુકમ આવે તો એનો મતલબ એ થશે કે હુર્મત મન્સૂખ થઈ ગઈ. હવે બન્યુ એ કે એકવાર મુહર્રિમે અસલી અબાહતને મન્સૂખ કરી ફરી મુહર્રિમને બાદવાળા મુબીહે મન્સૂખ કર્યું, એ રીતે નસ્ખ બે વાર લાઝિમ આવ્યું.

**અલ્લાહની તૌફીકથી હું કહું છું** : આ જ ચર્ચા ઈમામ અબૂ જઅફર તહાવીએ પણ શરહુલ મઆનિયુલ આષારમાં કરી છે. પણ મને એમાં વાંધો છે, પ્રથમ તો અબાહતે અસલિયાનો ઈર્તેફાઅ નસ્ખ નથી કે મુબીહના પછી મુહર્રિમ હોય તો નસ્ખ બે વાર લાઝિમ આવશે. જેમ કે ક઼િબ્લાના બારામાં છે, હુઝૂરે અક઼દસ ﷺ મદીના પાક આવતા પહેલાં કાબાની તરફ મોઢું કરી નમાઝ પઢતા હતા, જેવો કે અરબવાસીઓનો દસ્તૂર હતો. પછી જ્યારે મદીના પાક તશરીફ લાવ્યા તો હુકમ થયો કે બયતુલ મુક઼દ્દસને ક઼િબ્લો બનાવે. પછી એ મન્સૂખ થઈ ગયો. અહી નસ્ખ બે વાર નથી, કેવળ એટલા માટે કે મક્કા મોઅઝ઼્ઝમામાં કાબાની તરફ મોઢું કરીને નમાઝ પઢવી ખુદા તઆલાના હુકમ વિના હતું. એને એવું ન કહેવામાં આવશે કે મદીના પાકમાં જ્યારે બયતુલ મુક઼દ્દસને ક઼િબ્લો બનાવવાનો હુકમ થયો તો તેણે પ્રથમ હુકમને મન્સૂખ કરી આપ્યો, બલ્કે એવું કહેવાશે કે પ્રથમ અલ્લાહ તરફથી કોઈ ક઼િબ્લો નિશ્ચિત ન હતો, મદીનામાં એનો સ્પષ્ટ હુકમ નાઝિલ થયો પછી એ હુકમ બાદમાં મન્સૂખ થઈ ગયો. એને એ રીતે સમજો કે નસ્ખના માટે કોઈ અગાઉનો હુકમ જરૂરી છે અને અહીં પહેલેથી કોઈ હુકમ હતો જ નહીં કે મન્સૂખ થઈ જાય ! બીજુ એ કે જ્યારે આ હદીષ ત્રણેવ સમયોમાં નમાઝથી મનાઈવાળી હદીષથી મન્સૂખ થઈ ગઈ તથા મન્સૂખ પર અમલ જાઈઝ નથી, તો જોઈએ કે આ સ્થિતિમાં

અસ્રની નમાઝ પણ સહીહ ન થાય, ફાસિદ થઈ જાય, જ્યારે કે આપણા હનફી ઈમામો ફર્માવે છે કે અસ્રની નમાઝ આ સ્થિતિમાં પણ સહીહ છે.

સહીહ સ્પષ્ટતા એ છે કે આ હદીષો ત્રણેવ સમયોમાં પણ નમાઝથી મનાઈવાળી હદીષની વિરૂધ્ધ છે અને બંનેના વર્ગીકરણની કોઈ સ્થિતિ નથી. જેથી અમે ક્યાસ પર અમલ કર્યો જેમ કે આપણો હનફીઓનો ઉસૂલ છે અને જેનું સહીહ હોવું દલીલોથી સાબિત છે, જેમ કે ઉસૂલે ફિક્હમાં સ્પષ્ટ છે ક્યાસ કરવું એનો તકાઝો છે, કે ફજરની નમાઝ આ સ્થિતિમાં ફાસિદ થઈ જશે અને અસ્રની નમાઝ સહીહ થઈ જશે. તે એ રીતે કે ફજરની નમાઝમાં કોઈ સમય મકરૂહ નથી એટલે કે તેનો કોઈ સમય અપૂર્ણ નથી, પૂરેપૂરો કામિલ (પરિપૂર્ણ) છે, એથી ઉલ્ટુ અસ્રમાં કે એનો આખર સમય જ્યારે કે સૂર્યમાં પીળાશ ઉત્પન્ન થઈ જાય મકરૂહ તથા નાક્સિ (અપૂર્ણ) છે. અને નમાઝ વાજિબ થવાનો સબબ સમયનો તે હિસ્સો છે જે અદાથી મળેલ હોય, તે એ રીતે કે નમાઝના સમયો માટે મેઅ્યાર★ નથી બલ્કે ઝર્ફ છે એટલે કે રોઝો દિવસ ભર રાખવો ફર્ઝ છે, એ રીતે નમાઝ પૂરા સમયમાં પઢવી ફર્ઝ નથી બલ્કે સમયના કોઈ પણ ભાગમાં પઢે નમાઝ સહીહ થઈ જશે. એનો સબબ એ છે કે જો નમાઝને સમયો માટે મેઅ્યાર માનીએ તો અદા કરવું સમયથી મોડુ થવું લાઝિમ થશે. એટલા માટે એ નિશ્ચિત છે કે સમયનો અમુક હિસ્સો વાજિબ થવાનો સબબ છે અને તે પ્રારંભિક સમયનો પ્રથમ હિસ્સો છે, હવે જો અદા કરવું એ જ હિસ્સાથી સંબંધિત રહ્યું તો સબબિયતે જુઝ અવ્વલ (પ્રથમ હિસ્સા)ની બાકી રહી, નહીં તો આ સબબિયત જુઝે અવ્વલથી જુઝે ષાની (બીજો હિસ્સો) પછી બીજા હિસ્સાથી ત્રીજા હિસ્સા ત્યાં સુધી કે ક્રમે ક્રમે છેવટ સમય સુધી તબદીલ થતી રહેશે ત્યાં સુધી કે સમયનો એટલો હિસ્સો બાકી રહી જાય જેમાં તહરીમા બાંધવામાં આવી શકે. હવે એ અંતિમ હિસ્સો કામિલ છે, નાકિસ અને મકરૂહ નથી જેમ કે ફજરમાં છે તો મુસલ્લીનું નમાઝને કામિલ રીતે અદા કરવું વાજિબ છે. હવે જો સૂરજ નીકળી આવ્યો અને નમાઝ પૂરી ન થઈ તો નમાઝ ફાસિદ થઈ જશે, એટલા માટે નમાઝ વાજિબ થઈ હતી કામિલ અને હવે બાકીની નમાઝ અદા થઈ નાક્સિ. જે ચીજ કામિલ વાજિબ થાય છે તે નાકિસ અદા કરવાથી અદા નથી થતી. જેમ કે કોઈએ રોઝાની મુત્લક મન્નત માની અથવા એના માથે કઝાનો રોઝો હતો એ રોઝો ઈદના દિવસે અથવા ઐયામે નહર તથા તશરીક (૧૦ થી ૧૩ ઝિલહજ્જ)માં કોઈ રાખે તો રોઝો અદા થશે નહીં. અને અસ્રમાં કેમ કે નમાઝ નાક્સિ તથા મકરૂહ સમયમાં શરૂ કરી અને એ જ એનો સબબ બન્યો તો નાક્સિ વાજિબ થઈ એટલા માટે કે સબબનું નુકસાન મુસબ્બબના નુકસાનમાં અસરકર્તા છે. જ્યારે સૂર્ય ડૂબી ગયો તો નાક્સિ સમય ખત્મ થઈ ગયો અને કામિલ સમય આવી ગયો તો વધુમાં વધુ એવું કહેવામાં આવશે કે વાજિબ થઈ હતી નાક્સિ, અને એનો કેટલોક ભાગ કામિલ સમયમાં અદા કરવામાં આવ્યો તો એ ફાસિદ થવાનો સબબ નથી. જેમ કે કોઈએ સૌમે નહર (કુર્બાનીના દિવસે રોઝા)ની મન્નત માની અને તેને મના દિવસો સિવાયમાં કોઈ દિવસે અદા કરી લીધો. આ ક્યાસ પર અમલ નથી બલ્કે ક્યાસ વડે અસ્રના બારામાં ચર્ચા હેઠળની હદીષને અગ્રતા આપવામાં આવી, અને ફજરના બારામાં એ હદીષને જેમાં ત્રણેવ સમયોમાં નમાઝ પઢવાની મનાઈ છે, આ હદીષને ત્યજવું ન થયું બલ્કે બંને હદીષો પર અમલ થઈ ગયો, પોત પોતાના સંજોગોને આધારે. ગૈર મુક્લ્લિદોથી ઉલ્ટુ કે તેઓ આ હદીષ પર તો અમલ કરે છે અને ત્રણ સમયોમાં નમાઝથી મનાઈવાળી હદીષોને છોડી આપે છે !

★ *(નો મતલબ એ કે સર્વ સમયમાં તેને અદા કરવું પડે, જેમ કે રોઝા માટેનો સમય : સહેરી બંધ થવાથી સૂર્ય ડૂબતા સુધી એને મેઅ્યાર કહેવાય.)*

# حديث ٣٧١

**[હદીષ : ૩૭૧]**

عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ اَبِيْهِ اَنَّهُ سَمِعَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે તેમણે ખબર આપી કે રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم થી

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ اِنَّمَا بَقَاءُكُمْ فِيْمَا سَلَفَ قَبْلَكُمْ مِّنَ الْاُمَمِ

તેમણે સાંભળ્યું. ફર્માવતા હતા, તમારું દુનિયામાં રહેવું આગલી ઉમ્મતોની સરખામણીમાં એવું જ છે

كَمَا بَيْنَ صَلٰوةِ الْعَصْرِ اِلٰى غُرُوْبِ الشَّمْسِ اُوْتِيَ اَهْلُ التَّوْرَاةِ

જેવું કે અસ્રથી સૂરજ ડૂબવા સુધીનો સમય. તો રાતવાળાઓને તો રાત આપવામાં આવી, તેમણે અમલ કર્યો

التَّوْرَاةَ فَعَمِلُوْا حَتّٰى اِذَا انْتَصَفَ النَّهَارُ عَجَزُوْا فَاُعْطُوْا قِيْرَاطًا

ત્યાં સુધી કે બપોરનો સમય થયો તો થાકી ગયા. તેમને એક ક઼ીરાત આપવામાં આવ્યો. પછી

قِيْرَاطًا ثُمَّ اُوْتِيَ اَهْلُ الْاِنْجِيْلِ الْاِنْجِيْلَ فَعَمِلُوْا اِلٰى صَلٰوةِ الْعَصْرِ ثُمَّ عَجَزُوْا

ઈન્જીલવાળાઓને ઈન્જીલ આપવામાં આવી, તેમણે અસ્રની નમાઝ સુધી કામ કર્યું પછી થાકી ગયા તો

فَاُعْطُوْا قِيْرَاطًا قِيْرَاطًا ثُمَّ اُوْتِيْنَا الْقُرْاٰنَ فَعَمِلْنَا اِلٰى غُرُوْبِ الشَّمْسِ

તેમને પણ એક ક઼ીરાત આપવામાં આવ્યો. પછી અમને કુર્આન આપવામાં આવ્યું અને આપણે સૂર્ય ડૂબતા

فَاُعْطِيْنَا قِيْرَاطَيْنِ قِيْرَاطَيْنِ فَقَالَ اَهْلُ الْكِتَابَيْنِ اَيْ رَبَّنَا اَعْطَيْتَ هٰٓؤُلَاءِ

સુધી કામ કર્યું, તો આપણને બે બે ક઼ીરાત આપવામાં આવ્યા. એના પર અહલે તૌરાત તથા ઈન્જીલ કહેવા

قِيْرَاطَيْنِ قِيْرَاطَيْنِ وَاَعْطَيْتَنَا قِيْرَاطًا قِيْرَاطًا وَّنَحْنُ كُنَّا اَكْثَرَ

લાગ્યા, હે અમારા રબ ! તેં એ લોકોને બબ્બે ક઼ીરાત અતા કર્યા અને અમને લોકોને (કેવળ) એક એક ક઼ીરાત

## સમજૂતી : ૩૭૧-૩૭૨

**انما بقاء کم (ઈન્નમા બક઼ાઉકુમ)** : ફી ઝરફિયત માટે આવે છે એનાથી શંકા થાય છે કે હદીષનો મતલબ એ છે કે આ ઉમ્મતની "બક઼ા" (મૌજૂદગી) પાછલી ઉમ્મતના જમાનામાં થઈ, જ્યારે કે એવું નથી. અલ્લામા ઈબ્ને હજરે એ ખુલાસો કર્યો છે કે "ફી" એ "ઈલા"ના અર્થમાં છે અને "બક઼ા" તથા "કમા" થી પહેલાં નિસ્બત મહઝૂફ છે. મતલબ એ થયો કે તમારી "બક઼ા"ની નિસ્બત ઉમમે માઝિયહ્‌ના એતબારથી એ જ છે જે અસ્રના સમયને પૂરા દિવસથી હાંસલ છે. આ હદીષ અહનાફ (હનફીઓ)ની (સમર્થક) છે કે અસ્રનો સમય બે મિષ્લ

عَمَلًا ۔ قَالَ اللّٰهُ عَزَّ وَجَلَّ هَلْ ظَلَمْتُكُمْ مِّنْ اَجْرِكُمْ مِنْ شَيْءٍ قَالُوْا

અતા ફર્માવ્યો ! જ્યારે કે અમે એ લોકો કરતાં વધુ કામ કર્યુ. અલ્લાહ ﷻ એ ફર્માવ્યું, શું મેં તમારી મજૂરીમાં

لَا قَالَ وَهُوَ فَضْلِيْ اُوْتِيْهِ مَنْ اَشَاءُ

કાંઈ કમી કરી છે ? તેમણે અર્ઝ કરી, નહીં ! અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, આ મારો ફઝ્લ છે જેને ચાહુ છું

અતા કરું છું." (બુખારી, ૧/૭૯ મવાક઼ીત, ઈજારો ૧/૩૦૨, અંબિયા ૧/૪૯૧ ફઝાઈલુલ કુર્આન ૧/૭૧૫, તૌહીદ, મુસ્લિમ, તિર્મિઝી)

# حدیث ۳۷۲

**[હદીષ : ૩૭૨]**

عَنْ اَبِيْ مُوْسٰى عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَثَلُ۔

"હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે

الْمُسْلِمِيْنَ وَالْيَهُوْدِ وَالنَّصَارٰى كَمَثَلِ رَجُلٍ اِسْتَاجَرَ قَوْمًا يَّعْمَلُوْنَ لَهٗ

મુસલમાનો અને યહૂદી તથા ઈસાઈનું દષ્ટાંત એ શખ્સની જેમ છે જેણે કેટલાક લોકોને મજૂરી પર રાખ્યા કે

عَمَلًا اِلَى اللَّيْلِ فَعَمِلُوْا اِلٰى نِصْفِ النَّهَارِ فَقَالُوْا لَا حَاجَةَ لَنَا اِلٰى اَجْرِكَ

એના માટે રાત સુધી કામ કરે. તેમણે બપોર સુધી કામ કર્યુ પછી કહ્યું, કે અમારે તારી મજૂરીની જરૂરત નથી.

فَاسْتَاجَرَ اٰخَرِيْنَ فَقَالَ اَكْمِلُوْا بَقِيَّةَ يَوْمِكُمْ وَلَكُمُ الَّذِيْ شَرَطْتُّ فَعَمِلُوْا

હવે એ શખ્સે બીજા લોકોને મજૂરી પર રાખ્યા અને કહ્યું, જેટલો દિવસ બાકી છે તમે એમાં કામ કરો અને

પસાર થયા પછી છે એટલા માટે કે હુઝૂરે અક઼દસ ﷺ એ દિવસના ત્રણ ભાગ પાડયા, એક સવારથી બપોર સુધી, બીજો બપોરથી અસર સુધી અને ત્રીજો અસ્રથી લઈને મગરિબ સુધી. યહૂદીઓએ બપોર સુધી કામ કર્યુ અને નસારા (ઈસાઈઓ)એ બપોરથી અસ્ર સુધી. અને એ બંનેવે શિકાયત કરી કે અમે એ ઉમ્મતની સરખામણીમાં અધિક કામ કર્યું છે. એ ત્યારે જ બરાબર ગણાશે જ્યારે ઝહોરનો સમય અસરથી વધુ માનવામાં આવે. તે સ્થિતિ પામવાનો માર્ગ કેવળ એક જ છે કે ઝહોરનો સમય બે મિષ્લ પછી હોય, નહીં તો જો ઝહોરનો સમય કેવળ મિષ્લે અવ્વલ સુધી માનવામાં આવશે અથવા કમસે કમ બરાબર થશે અને એ તાવીલ કરવી કે **نحن اکثر عمل** પોતાના ભેગા સમયના લેહાઝથી કહ્યું છે અથવા એવું કહેવું કે મોટા ભાગના **عملا** થી મુરાદ થોડા સમયમાં વધુ કામ કરવું છે જે હદીષના આગળ પાછળના વર્ણનથી વિરૂધ્ધ છે.

**التوراۃ (અત્તૌરાત)** : અમુક લોકોએ કહ્યું કે એ **الوری** થી મુશ્તક઼ છે. **تفعلة** ના વજન પર. અને 'ઈન્જીલ' નજલુનથી મુશ્તક઼ છે. પણ એ સહીહ નથી, એટલા માટે કે આ બંનેવ અજમી શબ્દો છે અરબી નથી. ઈમામ હસન બસરીની ક઼િરાઅત 'અન્જીલ' છે હમઝાના ઝબરની સાથે, એ એના અજમી હોવાની દલીલ છે. એટલા માટે કે **اَفعِيل** નું વજન અરબી ભાષામાં નથી.

حَتّٰى إِذَا كَانَ حِيْنُ صَلٰوةِ الْعَصْرِ قَالُوْا لَكَ مَا عَمِلْنَا فَاسْتَاجَرَ قَوْمًا فَعَمِلُوْا

*તમારા માટે એ જ મજૂરી છે જે મેં નિશ્ચિત કરી છે. તેમણે પણ કામ કર્યું, ત્યાં સુધી કે જ્યારે અસરનો સમય*

بَقِيَّةَ يَوْمِهِمْ حَتّٰى غَابَتِ الشَّمْسُ فَاسْتَكْمَلُوْا اَجْرَ الْفَرِيْقَيْنِ

*થવા આવ્યો તો તેમણે કહ્યું, જે કાંઈ અમે કર્યું તે તમારું (અમને રજા આપો). પછી તે શખ્સે બીજા લોકોને મજૂરી પર રાખ્યા. તેમણે બાકીનો દિવસ કામ કર્યું ત્યાં સુધી કે સૂરજ ડૂબી ગયો. તેમણે બંનેવ પાર્ટીઓના બરાબર મજૂરી મેળવી."*

**عجزوا (અજઝૂ)** : એનાથી મુરાદ એ છે કે એમનાથી નક્કી એ હતું કે દિવસભર કામ કરશે અને એ લોકોએ દિવસભર કામ નથી કર્યું. એક પાર્ટીએ બપોર સુધી કામ કર્યું પછી ઈન્કાર કરી આપ્યો. બીજાએ અસ્રના સમય સુધી કામ કર્યું અને ઈન્કાર કરી આપ્યો.

**(قيراط) ક઼ીરાત** : ક઼ીરાત (قِرَاط) અસલમા 'ક઼િર્રાત' (قيراط) હતું એટલા માટે કે એનું બહુવચન **قراريط** (ક઼રારીત) આવે છે. જેમ કે દીનાર અસલમાં દિન્નાર હતું એનું બહુવચન 'દનાનીર' આવે છે. ક઼ીરાતમાં પ્રથમ را (રે)ને, દીનારમાં પ્રથમ નૂનને ક઼યાસની વિરૂધ્ધ یاء (યે)થી બદલી નાખ્યો. ક઼ામૂસમાં છે કે ક઼ીરાતનું વજન વિવિધ શહેરોમાં વિવિધ છે. મક્કા મોઅઝ્ઝમામાં દીનારનો ૨૪ મો ભાગ હોય છે અને એક દીનાર સાડાચાર માશાનો, તો ક઼ીરાત દોઢ રતીનો થયો. અને ઈરાકમાં ક઼ીરાત દીનારનો ૨૦ મો ભાગ છે. હવે ક઼ીરાત પોણા બે રતીથી કાંઈક વધુ થશે. ગયાષુલ્લુગાતમાં છે કે મોટાભાગનાનો પસંદીદા આ ક઼ૌલ છે કે ક઼ીરાત અડધા દાંગનો છે અને એક દાંગ આઠ જવનો. આ હિસાબથી ક઼ીરાત ચાર જવનો થયો. અલ્લામા અયનીએ પણ આ જ લખ્યું છે કે ક઼ીરાત અડધો દાંગ હોય છે. મુરાદ એ છે કે દરેક કામ કરવાવાળાને એક એક ક઼ીરાત ચાંદી આપવામાં આવી છે.

**એક શંકાનું નિવારણ** : અમુક મુહદ્દિષોએ આ હદીષથી એ દલીલ રજૂ કરી છે કે આ ઉમ્મતનો જમાનો હુઝૂરે અક઼દસ ﷺની વિલાદત (જન્મ)થી લઈને હજાર વરસ છે. તે એ રીતે કે હુઝૂરે અક઼દસ ﷺએ દિવસના બે હિસ્સા કર્યા, અડધો પ્રથમ ભાગ યહૂદીઓ માટે, તેમની મુદ્દત એક હજાર છસો વરસ અને કાંઈક અધિક હતી. જેમ કે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું. પાછલા અડધાને નસારા (ઈસાઈ) તથા મુસલમાનો માટે કર્યું. નસારાની મુદ્દત છસો વરસ છે, હવે મુસલમાનો માટે હજાર વરસ બચ્યાં. અલ્લામા અયનીએ એના પર વાંધો ઉઠાવ્યો કે હુઝૂરના આગમન પહેલાના સમયની મુદ્દતમાં મતભેદ છે. ઈમામ હાકિમે અકલીલમાં ફર્માવ્યું કે એકસો પચીસ વરસ છે. અને અમુક લોકોએ વર્ણવ્યું કે ચારસો સાલ. એક કથન એ છે કે પાંચસો વરસ. ઈમામ ઝહાકથી રિવાયત થયેલ છે કે ૪૩૦ થી કાંઈ વધુ. જ્યારે હુઝૂરના આગમન અગાઉનો સમય જ નિશ્ચિત નથી તો નસારાના માટે મુદ્દતનું નિશ્ચિત કરવું મુશ્કેલ છે.

**હું કહું છું** : જો હદીષનો ઉપરોક્ત મતલબ લેવામાં આવે તો વર્ણવેલ ક઼ૌલ આ હદીષથી વિરૂધ્ધ થશે એટલા માટે કે આ હદીષ સ્પષ્ટપણે દલીલ રજૂ કરી રહી છે કે આ ઉમ્મતનો જમાનો નસારાથી ઓછો છે અને આ જ દલીલના આધારે લાઝિમ આવશે કે આ ઉમ્મતનો જમાનો નસારાથી વધુ હોય. નસારાનો જમાનો કેવળ ૬૦૦ વર્ષ અને મુસલમાનોનો ૧૦૦૦ વર્ષ. આમ તો અલ્લામા સુહૈલીએ હઝરત ઈબ્ને અબ્બાસથી એક હદીષ મૌકૂફ વર્ણન કરી છે કે તેમણે ફર્માવ્યું કે દુનિયા સાત દિવસ છે અને દરેક દિવસ એક હજાર વરસનો છે. એક અન્ય હદીષમાં પણ એવું જ આવ્યું છે કે દુનિયા સાત હજાર વરસની છે. અને હુઝૂરે અક઼દસ ﷺ તેના અંતમાં

મોકલવામાં આવ્યા. એના આધારે એક હજાર વરસ પૂરાં થતા પહેલા કેટલાક લોકોએ એવું કહ્યું હતું કે હિ.સ. ૧000ના અંતમાં કયામત આવશે. જેના રદમાં અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ એક કિતાબ લખી હતી : الكشف بتجاوُزِ الامة عن الالف આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે હુઝૂરે અક્દસ ﷺએ એ પણ ઈર્શાદ ફર્માવ્યો છે કે મને આશા છે કે અલ્લાહ ﷻ પોતાના કરમથી મારી ઉમ્મતને અડધો દિવસ અધિક અતા ફર્માવશે એ હિસાબથી ૧૫ મી સદીના અંતમાં કયામત આવવી જોઈએ. ૧૫ મી સદી શરૂ થઈ પણ ગઈ પરંતુ કયામતની મોટી નિશાનીઓમાંથી કોઈપણ ન જોવા મળી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એનો જવાબ એ આપ્યો કે અલ્લાહના કરમથી બહાર એ વાત નથી કે તે આ ઉમ્મતને ઓર પણ મુદ્દત અતા ફર્માવે.

**عن ابی موسٰی (અન્ અબી મૂસા)** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષમાં છે કે તૌરાતવાળાઓએ બપોર સુધી કામ કર્યું અને આજિઝ થઈ ગયા અને ઈન્જીલવાળાઓએ બપોરથી અસર સુધી કામ કર્યું અને આજિઝ થઈ ગયા, તેના પર દરેકને એક એક કીરાત આપવામાં આવ્યો અને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہની હદીષમાં છે કે યહૂદીએ કહ્યું કે તમારી મજદૂરીની અમને જરૂરત નથી અને નસારાએ કહ્યું કે જે અમે કર્યું તે તારા માટે છે. એટલે કે અમારે મજૂરી ન જોઈએ. આ એની દલીલ છે કે આ બંનેવ બે હદીષો અલગ અલગ છે. એ જ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીની રાય છે અને આ જ જાહેર પણ છે. ઈબ્ને રૂશ્દે કહ્યું કે હઝરત ઈબ્ને ઉમરની હદીષનો ફાયદો એ છે કે તે કામ કરવાથી આજિઝ આવી ગયા હતા એટલા માટે એમને કાંઈક મજૂરી મળી. એનાથી એ જાહેર થયું કે જો ઉઝરના કારણે નિશ્ચિત કાર્ય ન થઈ શકે તો કોઈ પૂછતાછ નથી, બલ્કે થોડી ઘણી મજૂરીનો પણ હક્કદાર થશે.

અને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہની હદીષનો ફાયદો એ છે કે તે કામ કરવાથી આજિઝ ન થતા હતા પણ આળસ તથા સુસ્તીના કારણે કામ કરવાથી ઈન્કાર કરી આપતા હતા, એટલા માટે એમને મજદૂરી ન મળી. એનાથી સાબિત થયું કે શરારત અથવા આળસના કારણે જે કરવાનો હુકમ થયો છે તે અદા નહીં કરે તે સવાબનો હક્કદાર નથી. હું કહું છું અલ્લાહની તૌફીકથી કે, અલ્લામા ઈબ્ને હજર رحمۃ اللہ علیہના આ ઈર્શાદથી કે બંનેમાં કાંઈક ટૂંકાણ તથા લંબાણ છે. હઝરત ઈબ્ને હજરની હદીષમાં તો એ વર્ણન થયેલ છે કે એ બંનેવને કેટલી મજૂરી મળી પણ એ વર્ણન નથી કે આજિઝ આવ્યા બાદ શું કહીને કામ છોડયું, અને હઝરત અબૂ મૂસાની હદીષમાં મજૂરીનો ઉલ્લેખ નથી પણ એ વર્ણન છે કે તેમણે કામ શું કહીને છોડયું. બંનેને મિલાવીએ તો પૂરી હદીષ આ પ્રમાણે થઈ કે, યહૂદી સવારથી બપોર સુધી અને ઈસાઈ બપોરથી અસ્ર સુધી કામ કરતાં થાકી ગયા અને એવું કહ્યું કે તમારી મજૂરીની અમને જરૂરત નથી. અમે જે કાંઈ કર્યું તે તમારું છે. મજદૂરી પર રાખનારે કૃપા કરીને તે બંનેવને એક એક કીરાત (દીરહમના બારમા હિસ્સા બરાબર એક વજન) આપ્યો.

**પ્રકરણથી સામ્યતા** : ઈમામ બુખારીએ અહીં આ પ્રકરણ રચ્યું છે "જેણે મગરિબથી પહેલાં અસ્રની એક રકાત પામી (એનો શું હુકમ છે)" હવે સવાલ એ પેદા થાય છે કે આ હદીષને પ્રકરણથી શું સામ્યતા છે ? અલ્લામા ઈબ્ને હજરે એ મળતાપણુ વર્ણન કર્યું છે કે મુહલ્લબે કહ્યું, ઈમામ બુખારી આ હદીષને આ તર્જુમામાં એટલા માટે લાવ્યા છે કે એ એના પર દલીલ પૂરી પાડે છે કે કદીક થોડુ કામ કરવા પર પૂરો બદલો મળે છે, જેમ કે આ ઉમ્મતે અસ્રથી મગરિબ સુધી કામ કર્યું અને મજૂરી દિવસ ભરના કામની મળી. એના જેમ એ પણ છે કે કોઈએ અસ્રની એક રકાત મેળવી અને સૂરજ ડૂબી ગયો તો બાકી ત્રણ રકાતો કઝા થઈ ગઈ પણ તેને સવાબ પૂરી નમાઝનો મળશે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે એમાં એ પણ ઉમેરો કરી લેવામાં આવે કે અલ્લાહ ﷻના જે ફઝ્લએ અસ્રના સમયથી સૂર્યાસ્ત સુધીના કામને પૂરા દિવસના કામનું સ્થાન પામ્યુ એ જ તેનો તકાઝો છે કે અસ્રની એક રકાત પૂરી નમાઝના સ્થાને કરી આપે. બંનેમાં મળતાપણુ એ છે કે અમુક અમલ પૂરા અમલના સ્થાને છે.

ت ۱۲۲ وَقَالَ عَطَاءٌ يَجْمَعُ الْمَرِيضُ بَيْنَ الْمَغْرِبِ وَالْعِشَاءِ

**[તઅલીક઼ : ૧૨૨]** *''ઈમામ અતાએ ફર્માવ્યું, બીમારો મગરિબ તથા ઈશાને ભેગી કરે.'' (એક સાથે પઢે)*

*(મુન્સફે અબ્દુર્રઝ઼ઝાક)*

**કશ્મીરી મહાશયની પકડ :** ફયઝુલ બારી (૨/૧૨૫)માં છે : ઈબ્ને માજહમાં છે કે મારી ઉમ્મતના માટે અડધો દિવસ છે. મેં ઈબ્ને માજહનું એક એક પેજ જોઈ નાખ્યું પણ ઈબ્ને માજહમાં આ વિષયની કોઈ હદીષ નથી. હા ! અબૂ દાઊદ (૨/૨૪૨)માં કેવળ એટલુ છે કે અલ્લાહ ﷻ આ ઉમ્મતને અડધો દિવસથી આજિઝ નહીં કરે. તેમજ એ પણ છે કે હું ઉમ્મીદ કરું છું કે મારી ઉમ્મત પોતાના રબની હુઝૂર એનાથી આજિઝ નહીં થાય કે તેને અડધા દિવસ સુધી લેટ કરે. હદીષના રાવી હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہથી પૂછવામાં આવ્યું કે અડધો દિવસ કેટલો છે ? ફર્માવ્યું, પાંચસો વરસ.

એની માફી ચાહતાં 'અન્વારુલ બારી'માં લખ્યું કે મારી યાદ શક્તિમાં અબૂ દાઊદનો હવાલો છે, અને એ જ સહીહ છે. શક્ય છે 'ફયઝુલ બારી'ના કાતિબ (લહિયા)થી એ ગલતી થઈ હોય. પણ આપે અબૂ દાઉદનો હવાલો આપ્યો તે પણ તો સહીહ નથી ! આપના હઝરતે તો હદીષ આ બતાવી છે : ''મારી ઉમ્મતના માટે અડધો દિવસ છે.'' એવું ક્યાં અબૂ દાઉદમાં છે ? અબૂ દાઉદની હદીષનો જે તર્જુમો આપે કર્યો છે તે આ પ્રમાણે છે : ''હક્ક઼ તઆલા આ ઉમ્મતને અડધા દિવસની મજદૂરીથી આજિઝ તથા મેહરૂમ કરશે નહીં.'' બીજી હદીષમાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, મને ખાત્રી છે કે મારી ઉમ્મત હક્ક઼ તઆલાની જનાબમાં એટલી ઈજ્જત પામવાથી આજિઝ નથી કે અડધા દિવસ સુધી ઈજ્જત પામવાનો મોક઼ો પ્રાપ્ત કરે.'' એમાં અને ફયઝુલ બારીમાં હદીષના નામે નક઼લ થયેલ લખાણમાં કેટલો ફરક છે !

## તઅલીક઼ : ૧૨૨ની સમજૂતી

એનાથી મુરાદ એ છે કે મગરિબને મગરિબના અંતિમ સમયમાં એટલીવારમાં પઢે કે નમાઝથી ફારિગ થતાં જ મગરિબનો સમય ખત્મ થઈ જાય અને ઈશાનો શરૂ થઈ જાય. હવે તુરત ઈશાને શરૂ સમયમાં પઢી લે. એને 'જમાએ સુવરી' કહે છે. આ જાહેરમાં ભેગુ કરવું છે હક઼ીક઼તમાં ભેગુ નથી. મગરિબ તેના સમયમાં પઢી લે અને ઈશાને તેના સમયમાં પઢી. અહીં ઈમામ બુખારીએ પ્રકરણનું હેડીંગ એ રાખ્યું કે 'વક્તુલ મગરિબ' આ તઅલીક઼માં ભેગાથી હક઼ીક઼ી મુરાદ લેવામાં આવે તો ન મગરિબના શરૂ સમયનો પતો લાગે છે ન અંતિમ સમયનો. આ રીતે તઅલીક઼ને પ્રકરણથી કોઈ મળતાપણુ ન રહેશે. અનાયાસે એ માનવું પડશે કે ઈમામ બુખારીએ પણ અહીં 'જમઅ'થી 'જમાએ સુવરી' જ સમજ્યું છે. આ રીતે આ તઅલીક઼ને પ્રકરણથી મળતાપણુ થઈ જશે કે એનાથી સાબિત થશે કે મગરિબનો સમય ઈશા સુધી છે. એનાથી મગરિબના અંતિમ સમયની સાબિતી થઈ જશે.

## حديث ٣٧٣

**[હદીષ : ૩૭૩]**

قَالَ سَمِعْتُ رَافِعَ بْنَ خَدِيجٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُولُ كُنَّا نُصَلِّي الْمَغْرِبَ

*"હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ ફર્માવે છે કે અમે નબી ﷺની સાથે*

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَيَنْصَرِفُ أَحَدُنَا وَإِنَّهُ لَيُبْصِرُ مَوَاقِعَ نَبْلِهِ۔

*મગરિબની નમાઝ પઢતા પછી પાછા ફરતા તો અમારા તીરને પડવાની જગા જોઈ લેતા."*

*(બુખારી, ૧/૭૯ અવ્વલ મવાકીત, મુસ્લિમ–સલાત, ઈબ્ને માજહ–સલાત)*

## حديث ٣٧٤

**[હદીષ : ૩૭૪]**

عَنْ مُحَمَّدِ بْنِ عَمْرِو بْنِ الْحَسَنِ بْنِ عَلِيٍّ قَالَ قَدِمَ الْحَجَّاجُ

*"મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને હસન ઈબ્ને અલીએ ફર્માવ્યું કે હજ્જાજ (મદીના પાકમાં) આવ્યો તો અમે*

فَسَأَلْنَا جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا فَقَالَ كَانَ النَّبِيُّ

*જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી પૂછયું તો તેમણે ફર્માવ્યું કે નબી ﷺ ઝહોરની નમાઝ (દોપહર)*

**સમજૂતી : ૩૭૩**

**فينصرف (ફયન્સરિફ)** : આ હદીષમાં એવું વર્ણન નથી કે ક્યાં પાછા ફરતા પણ બીજી હદીષમાં છે. હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہની હદીષમાં છે કે અમે અમારા ઘરવાળાઓમાં બની સલ્માના મહોલ્લામાં જતા. અને એવું જ હઝરત જાબિરની હદીષમાં પણ છે. આ હદીષથી એ સાબિત થયું કે હુઝૂરે અક્દસ મગરિબની નમાઝમાં 'તઅજીલ' ફર્માવતા હતા એટલે કે સમય થતાં જ વિના વિલંબે પઢી લેતા હતા.

**સમજૂતી : ૩૭૪**

**قَدِمَ الحَجَّاجُ : કદિમલ્ હજ્જાજ** : હજ્જાજ મશ્હૂર જાલિમ ઝુલ્મી છે, જેના બારામાં કોઈએ કહ્યું છે કે જો કયામતના દિવસે હજ્જાજની મગફિરત થઈ જશે તો પછી કોઈ મુસલમાન જહન્નમમાં જશે નહીં. હજ્જાજની આદત હતી કે તે નમાઝ ખૂબ જ મોડુ કરીને પઢતો હતો. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہને શહીદ કર્યા પછી જયારે અબ્દુલ મલિકે હરમૈન તૈયેબેન પણ તેના વાલીપણામાં આપી દીધુ તો એ મદીના પાક આવ્યો અને આદત પ્રમાણે મોડેથી નમાઝ પઢયા કરતો. તો લોકોએ હઝરત જાબિર رضی اللہ عنہ થી પૂછયું કે હુઝૂરે અક્દસ ﷺની આદતે કરીમા શું હતી ? એના પર હઝરત જાબિર رضی اللہ عنہએ આ ઈર્શાદ ફર્માવ્યો.

**هاجرة (હાજિરહ)** : આ હિજરતથી બનેલ છે જેનો અર્થ છોડવું છે, એનાથી મુરાદ ઝવાલના પછીનો સમય છે. એને હાજિરા એટલા માટે કહે છે કે ગરમીની સખ્તીના કારણે લોકો પોતાના કારોબારને છોડીને

صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّي الظُّهْرَ بِالْهَاجِرَةِ وَالْعَصْرَ وَالشَّمْسُ نَقِيَّةٌ

*બપોરના પઢતા હતા અને અસ્રની એવા સમયમાં કે સૂરજ ચમકતો હોતો, અને મગરિબ જ્યારે સૂર્ય*

وَالْمَغْرِبَ إِذَا وَجَبَتْ وَالْعِشَاءَ أَحْيَانًا وَّأَحْيَانًا إِذَا رَآهُمْ اِجْتَمَعُوْا

*ડૂબી જતો અને ઈશાની કદી કોઈ વખતે તો કદી કોઈ વખતે. જ્યારે હુઝૂર જોતા કે લોકો ભેગા થઈ ગયા છે*

عَجَّلَ وَإِذَا رَآهُمْ أَبْطَأُوْا أَخَّرَ وَالصُّبْحَ كَانُوْا أَوْ كَانَ النَّبِيُّ

*તો જલ્દી પઢી લેતા, અને જ્યારે જોતા કે મોડુ કરી દીધું તો મોડેથી પઢતા. અને સવારની નમાઝ*

صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّيْهَا بِغَلَسٍ ـ

*લોકો "અથવા એવું કહ્યું" કે હુઝૂરે અક્દસ ﷺ અંધારામાં પઢતા હતા."*

*(બુખારી, ૧/૭૯ મવાક઼ીબ, ૧/૮૦, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–સલાત, નિસાઈ–સલાત)*

આરામ કરતા હતા. આ હદીષે ઈબરાદની વિરૂધ્ધ નથી. એટલા માટે કે તે ખાસ સમયના માટે છે એટલે કે ગરીમીના દિવસોના માટે છે અને અહીં આમ દિવસોની આદતે મુબારક વર્ણવવાનો હેતુ છે. તદ્ઉપરાંત અમે અગાઉ દર્શાવી ચૂક્યા કે 'હાજિરા'નો અર્થ એ નથી કે ઝવાલ પછી તરત જ બલ્કે જ્યાં સુધી ગરીમીમાં સખ્તી હોય, સઘળો સમય એના ભાવાર્થમાં સામેલ છે.

**واذا رآهم ابطاءوا** : અમે અગાઉ પણ દર્શાવી ચૂક્યા કે ઈશા અથવા કોઈપણ નમાઝને એના શરૂ સમયમાં પઢવું વિના કરાહતે દુરુસ્ત છે. એના ફાયદા માટે કદી કદી ઈશા પણ શરૂ સમયમાં પઢી લેતા હતા. ઈશાનો મુસ્તહબ સમય રાતનો ત્રીજો ભાગ છે જેવું કે આગળ આવી રહ્યું છે. જાહેર હદીષનો ભાવાર્થ એ છે કે સવારની નમાઝ અંધારામાં પઢી લીધા કરતા હતા, નમાઝીઓને ભેગા થવાની રાહ જોતા ન હતા. હનફીઓને ત્યાં મુસ્તહબ એ છે કે ફજરની નમાઝ અજવાળુ થતાં પઢવામાં આવે જેમ કે અમો અગાઉ દર્શાવી ચૂક્યા. તિર્મિઝી, નિસાઈમાં હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો:–

**اسفروا بالفجر فانه اعظم للاجر** "ફજરની નમાઝ અજવાળામાં પઢો એમાં અધિક સવાબ છે."

શાફઈ હઝરાતે એની તાવીલ (અર્થઘટન) એ કરી કે, મુરાદ એ છે કે જ્યારે ફજર તુલૂઅ (શરૂ) થવાનું યક઼ીન થઈ જાય એ વખતે ફજર પઢો. પરંતુ આ તાવીલ સહીહ નથી એટલા માટે કે "અઅ્ઝમ" ઈસ્મે તફઝીલ છે જે મુઝફલ મિન્હુ ચાહે છે તો સામે કોઈ એવો સમય હોવો જોઈએ જેમાં જો નમાઝ પઢવામાં આવે તો તે સહીહ પણ થાય અને અજરનો સબબ પણ બને. અને એના પર સૌની એકમતિ છે કે જ્યારે નમાઝનો સમય હોવામાં શક હોય તો નમાઝ સહીહ નથી. જો શવાફેઅ (શાફઈઓ)ની તાવીલ દુરુસ્ત માની લેવામાં આવે તો લાઝિમ ઠરશે કે ફજરના તુલૂઅમાં જો શક હોય તો પણ ફજરની નમાઝ સહીહ પણ થાય અને અજરનો સબબ પણ બને. એટલા માટે આ હદીષ પોતાના જાહેરી અર્થ પર આધારિત છે, એટલે જો તમે નમાઝને ફજર તુલૂઅ થતાં જ પઢશો તો પણ નમાઝ સહીહ થશે અને એના પર પણ અજર મળશે, પરંતુ જો ખૂબ અજવાળુ થતાં પઢશો તો એમાં વધારે સવાબ છે.

## حدیث ۳۷۵

**[હદીષ : ૩૭૫]**

عَنْ سَلَمَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کُنَّا نُصَلِّیْ مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ

*"હઝરત સલ્મા رضی اللہ عنہએ ફર્માવ્યું કે અમે લોકો નબી ﷺની સાથે મગરિબની નમાઝ જ્યારે સૂર્ય પર્દામાં*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الْمَغْرِبَ اِذَا تَوَارَتْ بِالْحِجَابِ۔

*છુપાઈ જતો ત્યારે પઢતા." (બુખારી, ૧/૭૯ મવાક઼ીત, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

## حدیث ۳۷۶

**[હદીષ : ૩૭૬]**

قَالَ حَدَّثَنِیْ عَبْدُ اللّٰہِ الْمُزَنِیُّ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

*"હઝરત અબ્દુલ્લાહ મુઝની رضی اللہ عنہએ મને હદીષ બયાન કરી કે નબી ﷺએ*

عَلَیْہِ وَسَلَّمَ قَالَ لَا یَغْلِبَنَّکُمُ الْاَعْرَابُ عَلٰی اِسْمِ صَلٰوتِکُمُ الْمَغْرِب

*ફર્માવ્યું, તમારી નમાઝ મગરિબના નામ પર ગામડીયા ગાલિબ ન થઈ જાય. રાવીએ કહ્યું,*

قَالَ وَیَقُوْلُ الْاَعْرَابُ ھِیَ الْعِشَاءُ۔

*ગામડીયા લોકો એને ઈશા કહેતા હતા."*

### સમજૂતી : ૩૭૫

આ ષુલાષી (હુઝૂર સુધીમાં ત્રણ રાવી હોય) હદીષ છે. એ પણ હઝરત મક્કી બિન ઈબ્રાહીમથી ઈમામ બુખારીને મળી જે સૈયદના ઈમામુલ અઈમ્મા ઈમામે આ'ઝમ رضی اللہ عنہના શાર્ગિદ છે.

### સમજૂતી : ૩૭૬

'ઈશા'નો શાબ્દિક અર્થ રાતનો પ્રારંભિક અંધકાર છે. ગામડીયા લોકો મગરિબને ઈશા કહેવા લાગ્યા હતા. એના પર ચેતવણી કરવા માટે હુઝૂરે એ ઈર્શાદ ફર્માવ્યો કે મગરિબને મગરિબ જ કહ્યા જ કરો, ગામડીયાઓથી પ્રભાવિત થઈને તેને ઈશા ન કહેવા માંડશો.

**ھِیَ العشاء**: આ હદીષના મતન (મૂળ લખાણ)માં મતભેદ છે. ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને અબૂ નુઐમે પોતાના મુસ્તખરજમાં તથા ઈબ્ને ખુઝૈમાએ પોતાની સહીહમાં એ જ પ્રમાણે રિવાયત કરી છે, પરંતુ અબૂ મસ્ઊદ રાઝીએ અબ્દુસ્સમદથી આ શબ્દોમાં રિવાયત કરી છે : "ગામડીયા તમારી નમાઝ પર ગાલિબ ન થાય. ગામડીયા તેને અત્મહ કહે છે." એ જ પ્રમાણે અલી ઈબ્ને અબ્દુલ અઝીઝ બગવીએ ઈમામ બુખારીના ઉસ્તાદ અબૂ મુઅમ્મરથી અને તિબ્રાનીએ પણ રિવાયત કરી છે. ઈસ્માઈલીએ અબૂ મસ્ઊદ રાઝીની

રિવાયતને અગ્રતા આપી છે. એટલા માટે કે આ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની એ હદીષના માફક છે જેને ઈમામ મુસ્લિમે (૧/૨૨૯) અબૂ સલ્મા બિન અબ્દુર્રહમાનના તરીક઼ાથી આ શબ્દોમાં રિવાયત કરી છે : "ગામડીયા તમારી નમાઝના નામ પર ગાલિબ ન થઈ જાય. એ અલ્લાહની કિતાબમાં ઈશા છે એ અંધારામાં પઢવામાં આવે છે ઊંટોનાં દૂધ દોહતાં સુધી." તેમજ ઈબ્ને માજહમાં હઝરત અબૂ હુરૈરહની હદીષ પણ એના જેમ છે. અને અબૂ યઅલા તથા બયહક઼ીમાં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہما ની હદીષમાં પણ એ પ્રમાણે છે. એટલે બુખારીની આ હદીષથી એવું માલૂમ થાય છે કે ગામડીયા મગરિબને ઈશા કહેતા હતા એના પર સહાબાએ કિરામને સાવચેત કરવામાં આવ્યા. પરંતુ બીજી હદીષોથી તેમજ એ જ હદીષના જે મૂળ લખાણ (મતન) બીજી કિતાબોમાં છે તેનાથી એવું માલૂમ પડે છે કે ગામડીયા ઈશાને અત્મહ કહેતા હતા. એટલા માટે સહાબાએ કિરામને એની તાકીદ કરવામાં આવી કે તમે લોકો ગામડીયાઓથી સાંભળીને ઈશાને અત્મહ ન કહેવા લાગશો. ઈશાને ઈશા જ કહેશો. અત્મહનો અર્થ સખત અંધારાનો છે. કેમ કે ગામડીયાઓની આદત હતી કે સૂરજ ડૂબ્યા પછી જ્યારે અંધારું ફેલાઈ જાય તો તેઓ ઊંટોને દોહતા હતા એના પછી ઈશા પઢતા હતા એટલા માટે ઈશાને અત્મહ કહેતા હતા, જ્યારે કુર્આનમાં એને ઈશા ફર્માવવામાં આવ્યું : **وَمِنۡ بَعۡدِ صَلٰوةِ الۡعِشَآءِ**

અમુક હદીષોમાં અત્મહ ઈશાના માટે વપરાય છે. એની સ્પષ્ટતા ઈમામ નવવીએ એ ફર્માવી કે આ હદીષમાં નેહી તેહરીમના માટે નથી, તન્ઝીહના માટે અથવા એ બિના પર છે કે એ વખતે લોકો ઈશાને અત્મહ અધિક્તર કહેતા હતા, એમના બોલવાનો લેહાઝ કરીને અત્મહ ઈર્શાદ ફર્માવ્યો જેથી કરીને તે લોકો સહીહ તૌર પર સમજી લે.

**કશ્મીરી મહાશયનું પાગલપન** : ફયઝુલ બારી, ભાગ–૩, પેજ–૧૨૯ પર આ પ્રકરણ હેઠળ છે : **والعرب يعكسون فى التسمية فكانوا يسمون العشاء العتمة** "અને અરબવાસીઓ ઉલ્ટુ નામ રાખતા હતા, ઈશાને અત્મા કહેતા હતા." અહીં પ્રકરણ તો આ છે "જે મગરિબને ઈશા કહેવાને મકરૂહ જાણે" પછી ખુલાસામાં એનો ઉલ્લેખ કરવાથી શો ફાયદો કે ઈશાને અત્મહ કહેતા હતા. એક અધિક તુક્કાબાજી જુઓ, લખે છે : **ولذا يوجد اطلاق العتمة فى الاحاديث الخ** એના કારણે અત્મહનો ઈત્લાક હદીષમાં આવેલ છે. એની સાથે આ પ્રકરણને શું સંબંધ ? અત્મહ ઈશા માટે આવેલ છે ન કે મગરિબ માટે. આ હદીષમાં ચેતવણી એના માટે છે કે ગામડીયા મગરિબને ઈશા કહેતા હતા, ન એના માટે છે કે ઈશાને અત્મહ કહેતા હતા. આ પ્રકારના લતીફાઓથી ફયઝુલ બારી ભરેલી છે ! જો અમે સર્વને લખવા જઈએ તો કિતાબ ઘણી લાંબી થઈ જશે એટલા માટે ક્યાંક ક્યાંક વર્ણન કરી આપીએ છીએ. આ એમની જમાઅતના તે બુઝુર્ગ છે જેમની તારીફમાં જમીન તથા આસ્માન જ નહીં તહતુષ્ષરા તથા અર્શને એક કરી દેવામાં આવે છે, અને હાલ એ છે કે આવી કઢંગી બલ્કે મેળ વિનાની વાતો કરે છે કે સામાન્ય વિદ્યાર્થી પણ આશ્ચર્યમાં પડી જાય છે. વાત એ જ છે કે દર્સ દરમ્યાન જે જીવમાં આવ્યું વધુથી વધુ બોલીને ભપકો પાડવાની એ મહાશયોની આદત હતી. જો વાત સમજની હોય તો ઠીક અને મેળ વિનાની હોય તો એવો પ્રોપેગંડો કરવામાં આવતો હતો કે એટલી ગહરી વાત કરતા હતા કે વિદ્યાર્થીની સમજ બહારની હતી.

حدیث ۳۷۷ اَخۡبَرَنِیۡ عَبۡدُ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُ قَالَ صَلّٰی لَنَا رَسُوۡلُ اللّٰہِ

**[હદીષ : ૩૭૭]** ''અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ لَیۡلَۃً صَلٰوۃَ الۡعِشَاءِ وَھِیَ الَّتِیۡ یَدۡعُوۡ النَّاسُ

એક રાત ઈશાની નમાઝ પઢાવી એ જ જેને લોકો 'અતમહ્' કહે છે. પછી

الۡعَتَمَۃَ ثُمَّ انۡصَرَفَ نَا قۡبَلَ عَلَیۡنَا فَقَالَ اَرَاَیۡتُکُمۡ لَیۡلَتَکُمۡ ھٰذِہٖ فَاِنَّ

હુઝૂરે ચહેરો મુબારક અમારા તરફ કર્યો અને ફર્માવ્યું, શું તમે એ રાતને જોયી, એ રાતને સો વરસ પસાર

رَاۡسَ مِاَۃِ سَنَۃٍ مِّنۡھَا لَا یَبۡقٰی مِمَّنۡ ھُوَ الۡیَوۡمَ عَلٰی ظَھۡرِ الۡاَرۡضِ اَحَدٌ

થતાં જેટલા લોકો જમીન પર છે એમાંથી કોઈ બાકી રહેશે નહીં.'' *(બાબુઝ્ઝિક્રિલ ઈશા, પેજ-૮૦)*

## حدیث ۳۷۸

**[હદીષ : ૩૭૮]**

عَنۡ اَبِیۡ مُوۡسٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُ قَالَ کُنۡتُ اَنَا وَاَصۡحَابِیۡ

''હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું તથા મારા તે સાથી જેઓ નાવડીમાં મારી

### સમજૂતી : ૩૭૭

આ હદીષ કિતાબુલ ઈલ્મ બાબુસ્મરિ બિલ ઈલ્મમાં આવી ગઈ છે ત્યાં એના પર વિગતવાર ચર્ચા થઈ ચૂકી છે, અહીં કેમ કે એટલું વધારે હતું કે ઈશાની નમાઝ પઢી જેને લોકો ''અતમહ્'' કહે છે એટલા માટે એને વર્ણન કરવામાં આવી. એનાથી જાહેર થઈ ગયું કે રિસાલતકાળમાં ઘણા લોકો ઈશાને 'અતમહ્' કહેતા હતા. એટલા માટે હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો કે ગામડીયા તમારી નમાઝના નામ પર તમારા પર ગાલિબ ન થઈ જાય. ગામડીયા તેને 'અતમહ્' કહે છે. લગભગ મનાઈ પહેલાં લોકો તેને 'અતમહ્' કહેતા હશે. બલ્કે અમુક હદીષોમાં એ પણ આવ્યું છે કે ખૂદ હુઝૂરે અક્દસ ﷺ એ ઈશાને 'અતમહ્' કહ્યું. 'અતમહ્'નો અર્થ અમે અગાઉ દર્શાવ્યો ''રાતનો સખત અંધકાર'', એ ઈમામ નવવીએ ઈર્શાદ ફર્માવ્યો. ખલીલે કહ્યું કે શફક (રતાશ) ડૂબ્યા પછીનો સમય છે, તેમજ 'અતમહ્'નો અર્થ મોડુ કરવું છે. તેમજ એ દૂધને પણ કહે છે જે ઊંટણીના બાવલામાં છોડી દેવામાં આવતુ હતું કે રાતમાં દોહવામાં આવે, રાતનો પ્રથમ ૧/૩ ભાગ. આ સૌનો સાર એક જ થયો કેમ કે ઊંટણીનું દૂધ એ જ વખતે દોહવામાં આવતુ હતું એટલા માટે એ સમયનું નામ 'અતમહ્' પડી ગયું અને એ નિસ્બતના કારણે એ સમયે પઢવામાં આવતી નમાઝને ગામડીયા 'અતમહ્' કહેવા લાગ્યા. એ સમયે અંધારું પણ ખૂબ ફેલાય જતુ હતું અને રાતનો પ્રથમ ૧/૩ ભાગ પણ થઈ જતો હતો.

### સમજૂતી : ૩૭૮

**શાબ્દિક અર્થ :** **نزولا** (નુઝૂલા) એ મસ્દર નથી **نازل** 'નાઝિલ'નું બહુવચન છે. જેમ કે (**شاهد**) શાહિદનું બહુવચન **شهود** (શહૂદ) છે. **بقيع** (બક઼ીઅ) લાંબી પહોળી વિશાળ જમીનના અર્થમાં છે. **بُطحان**

الَّذِيْنَ قَدِمُوْا مَعِيَ فِي السَّفِيْنَةِ نُزُوْلًا فِيْ بَقِيْعِ بُطْحَانَ وَالنَّبِيُّ صَلَّى اللّٰهُ

સાથે હતા, બક઼ીઅ બતહાનમાં ઉતર્યા હતા અને નબી ﷺ મદીનામાં હતા. નબી ﷺની

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالْمَدِيْنَةِ فَكَانَ يَتَنَاوَبُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

ખિદમતમાં ઈશાની નમાઝના સમયે એમાનાં કેટલાક લોકો વારાફરતી હાજર થતા હતા.

عَلَيْهِ وَسَلَّمَ عِنْدَ صَلٰوةِ الْعِشَاءِ كُلَّ لَيْلَةٍ نَفَرٌ مِّنْهُمْ فَوَافَقْنَا النَّبِيَّ صَلَّى اللّٰهُ

એકવાર હું અને મારા સાથી નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને હુઝૂર પોતાના કોઈ કામમાં

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَا وَاَصْحَابِيْ وَلَهٗ بَعْضُ الشُّغْلِ فِيْ بَعْضِ اَمْرِهٖ فَاَعْتَمَ

વ્યસ્ત હતા એટલા માટે નમાઝમાં મોડુ કરી આપ્યું ત્યાં સુધી કે અડધી રાત થવા આવી.

بِالصَّلٰوةِ حَتّٰى اِبْهَارَّ اللَّيْلُ ثُمَّ خَرَجَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

તો નબી ﷺ બહાર તશરીફ લાવ્યા તો લોકોને નમાઝ પઢાવી. જ્યારે નમાઝ પઢી ચૂક્યા તો ફર્માવ્યું,

فَصَلّٰى بِهِمْ فَلَمَّا قَضٰى صَلٰوتَهٗ قَالَ لِمَنْ حَضَرَهٗ عَلٰى رِسْلِكُمْ اَبْشِرُوْا اِنَّ

પોતાની જગાએ બેસી રહો ! તમને બશારત થાય, તમારા પર અલ્લાહની નેઅમતોમાંથી એ પણ

مِنْ نِّعْمَةِ اللّٰهِ عَلَيْكُمْ اَنَّهٗ لَيْسَ اَحَدٌ مِّنَ النَّاسِ يُصَلِّيْ هٰذِهٖ

છે કે તમારા સિવાય કોઈ પણ નથી જે અત્યારે નમાઝ પઢતો હોય. અથવા એવું ફર્માવ્યું કે

السَّاعَةَ غَيْرُكُمْ اَوْ قَالَ مَا صَلّٰى هٰذِهٖ السَّاعَةَ اَحَدٌ غَيْرُكُمْ لَا يَدْرِيْ

તમારા સિવાય કોઈએ પણ અત્યારે નમાઝ ન પઢી. માલૂમ નહીં આ બંનેવ વાક્યોમાં કયું ફર્માવ્યું હતું.

اَيَّ الْكَلِمَتَيْنِ قَالَ، قَالَ اَبُوْ مُوْسٰى فَرَجَعْنَا فَرْحٰى بِمَا سَمِعْنَا مِنْ

હઝરત અબૂ મૂસાએ કહ્યું, અમે જે રસૂલુલ્લાહ ﷺ થી

(બુતહાન) મદીના તયબહથી અડીને દક્ષિણ બાજુ એક જગાનું નામ છે જે એ સમયે મેદાન હતું.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ પોતાના ૭૦ સાથીઓની સાથે હબ્શાથી નીકળીને દરિયાઈ માર્ગે ખયબરના પ્રસંગે ખયબરમાં જ ખિદમતમાં હાજર થયા હતા. હઝરત જઅફર ઈબ્ને અક઼ીલ رضی اللہ عنہما ઝુલજનાહૈન પણ સાથમાં હતા. હઝરત અબૂ મૂસા યમનના રહેવાસી હતા. મક્કા મોઅઝ્ઝમામાં હાજર થઈને મુસલમાન થયા. જ્યારે એ ખબર મળી કે હુઝૂરે અક઼દસ ﷺએ મદીના તયબહ હિજરત ફર્માવી છે તો યમનથી કશ્તીના ઝરીયા મદીના પાકના ઈરાદાથી ચાલ્યા પણ આંધી તથા તુફાનના કારણે કશ્તી હબ્શા પહોંચી ગઈ. સાત વરસ ત્યાં રોકાણ કર્યું પછી મદીના પાક હાજર થયા અને ત્યાં જ સ્થાયી થયા. (અલ્ ઈસ્તીઆબ વગેરે)

رَسُوْلِ اللهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـ

*સાંભળ્યું એના પર ખુશ ખુશ પરત થયા." (બુખારી, ૧/૮૦ મવાકીત, મુસ્લિમ સલાત)*

# حدیث ۳۷۹

**[હદીષ : ૩૭૯]**

عَنْ عُرْوَةَ اَنَّ عَائِشَةَ قَالَتْ اَعْتَمَ رَسُوْلُ اللهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ એકવાર*

عَلَيْهِ وَسَلَّمَ بِالْعِشَاءِ حَتّٰى نَادَاهُ عُمَرُ اَلصَّلٰوةَ نَامَ النِّسَاءُ وَالصِّبْيَانُ

*ઈશાની નમાઝમાં મોડુ કર્યું ત્યાં સુધી કે હઝરત ઉમર رضی اللہ عنہ એ હુઝૂરને અવાજ આપ્યો, નમાઝ ! સ્ત્રીઓ*

فَخَرَجَ فَقَالَ مَا يَنْتَظِرُهَا مِنْ اَهْلِ الْاَرْضِ اَحَدٌ غَيْرُكُمْ قَالَ وَلَا يُصَلّٰى يَوْمَئِذٍ

*તથા બાળકો સૂઈ ગયાં. હવે હુઝૂર બહાર આવ્યા, ફર્માવ્યું : તમારા સિવાય કોઈ પણ પૃથ્વીના પટ ઉપર*

اِلَّا بِالْمَدِيْنَةِ قَالَ وَكَانُوْا يُصَلُّوْنَ فِيْمَا بَيْنَ اَنْ يَّغِيْبَ الشَّفَقُ اِلٰى ثُلُثِ

*એની રાહ નથી જોઈ રહ્યો. રાવીએ કહ્યું, એ વખતે મદીના સિવાય ક્યાંય નમાઝ પઢવામાં આવતી ન હતી.*

اللَّيْلِ الْاَوَّلِ ـ

*રાવીએ કહ્યું, લોકો શફક ડૂબવા તથા રાતના ૧/૩ ભાગ સુધી નમાઝ પઢતા હતા."*

*(બુખારી, ૧/૮૧ બાબે ફઝલુલ ઈશા, ૧/૧૧૯ અઝાન, મુસ્લિમ)*

હુઝૂરે અકદસ ﷺનો મોડુ કરવાનો સબબ એ હતો કે એક લશ્કર તૈયાર કરી રહ્યા હતા, જેવું કે મોઅજમે તિબ્રાનીમાં હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત પામેલ છે. *(અયની, ૫/૬૫)*

**સમજૂતી : ૩૭૯-૩૮૦**

અહીં ઈમામ બુખારીએ એ પ્રકરણ રચ્યું છે : **النوم قبل العشاء لمن غُلِبَ** "જે ઊંઘની અસર હેઠળ આવી જાય એણે ઈશા પહેલાં સૂવું." કેમ કે ઈશા પહેલાં સૂવાની હદીષમાં મનાઈ આવી છે જેનાથી જાહેરી તૌર પર એવું જણાય છે કે કોઈ પણ હાલતમાં સૂવાની ઈજાઝત નથી, એટલા માટે જરૂરી થયું કે એની સ્પષ્ટતા કરી દેવામાં આવે. એ હેતુના માટે આ પ્રકરણ રચ્યું અને એવું દર્શાવ્યું કે જે શખ્સ ઊંઘની અસર હેઠળ આવી જાય તેને સૂવાની ઈજાઝત છે.

**حتىٰ ناداه عمر (હત્તા નાદાહુ ઉમર)** : મુસ્લિમ (૧/૨૨૮)માં એટલુ વધારે છે કે એના પર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺને તમોએ નમાઝ માટે આગ્રહ કરવો યોગ્ય નથી.

**ما ينتظرها (માયન્તઝિરુહા)** : એની સ્પષ્ટતા ખૂદ આ હદીષના રાવીએ કરી આપી કે અત્યારે મદીના

## حدیث ۳۸۰

**[હદીષ : ૩૮૦]**

حَدَّثَنَا عَبْدُ اللّٰہِ بْنُ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّ رَسُوْلَ اللّٰہِ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ અમને હદીષ વર્ણન કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ شُغِلَ عَنْہَا لَیْلَۃً فَاَخَّرَھَا حَتّٰی رَقَدْنَا فِی

એક રાત્રે ઈશાના સમયે કોઈ કામમાં વ્યસ્ત થઈ ગયા અને તેને લેટ કરી આપી ત્યાં સુધી કે અમે

الْمَسْجِدِ ثُمَّ اسْتَیْقَظْنَا ثُمَّ رَقَدْنَا ثُمَّ اسْتَیْقَظْنَا ثُمَّ خَرَجَ عَلَیْنَا النَّبِیُّ

મસ્જિદમાં સૂઈ ગયા. પછી અમે જાગ્યા, પછી સૂઈ ગયા, પછી જાગ્યા તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બહાર

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ثُمَّ قَالَ لَیْسَ اَحَدٌ مِّنْ اَھْلِ الْاَرْضِ یَنْتَظِرُ

તશરીફ લાવ્યા પછી ફર્માવ્યું, પૃથ્વીવાસીઓમાં (અત્યારે) તમારા સિવાય કોઈ પણ નમાઝની રાહ

الصَّلٰوۃَ غَیْرُکُمْ وَکَانَ ابْنُ عُمَرَ لَا یُبَالِیْ اَقَدَّمَھَا اَمْ اَخَّرَھَا اِذَا کَانَ لَا

જોઈ રહ્યો નથી. અને ઈબ્ને ઉમર એની પરવા નથી કરતા કે તેને શરૂ સમયમાં પઢી લીધી કે મોડુ કરીને

یَخْشٰی اَنْ یَّغْلِبَہُ النَّوْمُ عَنْ وَّقْتِھَا وَقَدْ کَانَ یَرْقُدُ قَبْلَھَا قَالَ ابْنُ جُرَیْجٍ

પઢી, જ્યારે એનો અંદેશો નથી હોતો કે ઊંઘને કારણે કઝા થઈ જશે. અને ઈશાથી પહેલાં સૂતા હતા.

قُلْتُ لِعَطَاءٍ فَقَالَ سَمِعْتُ ابْنَ عَبَّاسٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا یَقُوْلُ اَعْتَمَ

ઈબ્ને જરીહે કહ્યું, મેં અતાથી એના બારામાં પૂછયું તો એમણે જણાવ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી

رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَیْلَۃً بِالْعِشَاءِ حَتّٰی رَقَدَ النَّاسُ

સાંભળ્યું. તે કહેતા હતા કે એક રાતે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈશાની નમાઝમાં એટલુ મોડુ કરી આપ્યું કે લોકો

وَاسْتَیْقَظُوْا وَرَقَدُوْا وَاسْتَیْقَظُوْا فَقَامَ عُمَرُ بْنُ الْخَطَّابِ رَضِیَ اللّٰہُ تَعَالٰی

સૂઈ ગયા અને પછી જાગ્યા, અને ફરી સૂઈ ગયા અને ફરી જાગ્યા. તો ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ ઉભા થયા

સિવાય અન્ય ક્યાંય નમાઝ પઢવામાં આવતી ન હતી એટલે કે એલાનિયા જમાઅતની સાથે. એટલા માટે કે મક્કા મુકર્રમામાં જે કમજોર મુસલમાન હતા તેઓ એકલા એકલા લપાઈ છુપાઈને નમાઝ પઢતા હતા.

**હું કહું છું :** હઝરત અબૂ મૂસા અશ્અરી હિ.સ. ૭માં મદીના પાક હાજર થયા એ વખતે મદીના પાકમાં

عَنْهُ فَقَالَ اَلصَّلٰوةَ قَالَ عَطَاءٌ قَالَ ابْنُ عَبَّاسٍ فَخَرَجَ نَبِيُّ اللّٰهِ صَلَّى اللّٰهُ

(અને જઈને હુઝૂરને અર્ઝ કરી) નમાઝ ! અતાએ કહ્યું, ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે નબી ﷺ

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَاَنِّىْ اَنْظُرُ اِلَيْهِ الْاٰنَ يَقْطُرُ رَاْسُهٗ مَاءً وَّاضِعًا يَدَهٗ عَلٰى

બહાર તશરીફ લાવ્યા, જાણે હું આપને અત્યારે જોઈ રહ્યો છું કે આપના માથેથી પાણી ટપકી રહ્યું છે અને

رَاْسِهٖ فَقَالَ لَوْلَا اَنْ اَشُقَّ عَلٰى اُمَّتِىْ لَاَمَرْتُهُمْ اَنْ يُّصَلُّوْهَا هٰكَذَا

આપે પોતાનો હાથ માથા પર રાખેલો છે. પછી ફર્માવ્યું, જો હું એવું ન સમજતો હોત કે મારી ઉમ્મતને

فَاسْتَثْبَتُّ عَطَاءً كَيْفَ وَضَعَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَلٰى

તકલીફમાં નાખીશ તો તેમને હુકમ આપતો કે ઈશાની નમાઝ આ રીતે (એટલે આ સમયે) પઢયા કરે. (ઈબ્ને

رَاْسِهٖ يَدَهٗ كَمَا اَنْبَاَهُ ابْنُ عَبَّاسٍ فَبَدَّدَ لِىْ عَطَاءٌ بَيْنَ اَصَابِعِهٖ شَيْئًا

જરીહે કહ્યું) પછી મેં અતાને હાલતની તેહકીક ખાતર પૂછયું કે નબી ﷺ એ પોતાના માથા પર હાથ કઈ

مِّنْ تَبْدِيْدٍ ثُمَّ وَضَعَ اَطْرَافَ اَصَابِعِهٖ عَلٰى قَرْنِ الرَّاْسِ ثُمَّ ضَمَّهَا

રીતે રાખ્યો હતો જેવું કે એમને ઈબ્ને અબ્બાસે બતાવ્યું હતું. તો અતાએ (મને બતાવવાના માટે) પોતાની

يُمِرُّهَا كَذٰلِكَ عَلَى الرَّاْسِ حَتّٰى مَسَّتْ اِبْهَامُهٗ طَرَفَ الْاُذُنِ مِمَّا

આંગળીઓની વચ્ચે કાંઈક અંતર રાખ્યું ત્યારબાદ આંગળીઓના છેડા માથાની એક તરફ રાખી દીધા પછી

يَلِى الْوَجْهَ عَلَى الصُّدْغِ وَنَاحِيَةِ اللِّحْيَةِ لَا يُقَصِّرُ وَلَا يَبْطُشُ اِلَّا كَذٰلِكَ

એની મિલાવીને એ રીતે માથા પર ખેંચ્યા કે હુઝૂરનો અંગૂઠો હુઝૂરની કાનની બુટ્ટી સાથે અને ચહેરાની નજીક

وَقَالَ لَوْلَا اَنْ اَشُقَّ عَلٰى اُمَّتِىْ لَاَمَرْتُهُمْ اَنْ يُّصَلُّوْا هٰكَذَا ع

દાઢીનો જે કિનારો છે તેનાથી મળી ગયો. હુઝૂર જ્યારે પણ વાળોથી પાણી નીચોવતા અને એને પકડતા તો

એ જ પ્રમાણે કર્યા કરતા. અને ફર્માવ્યું, જો મારી ઉમ્મત પર ભારે ન પડત તો એમને હુકમ આપી દેતો કે

ઈશાની નમાઝ આ જ રીતે (એટલે આ જ સમયે) પઢયા કરે."

(બુખારી, ૧/૮૧ મવાકીત, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–તહારત, નિસાઈ)

કેટલીયે મસ્જિદો હતી. દારેકુત્નીએ ફર્માવ્યું કે નવ મસ્જિદો હતી જેમાં બાજમાઅત નમાઝ થતી હતી અને મસ્જિદે કુબા તો પ્રથમ દિવસથી મૌજૂદ હતી પણ એ મસ્જિદોના લોકો એ સમયે નમાઝથી ફારિગ થઈ ચૂક્યા હતા. હવે આ ખુલાસાનો ખુલાસો એ છે કે એ દિવસોમાં મદીના પાક સિવાય અન્ય ક્યાંય એલાનિયા જમાઅત સાથે નમાઝ થતી ન હતી અને મદીનાપાકની અન્ય મસ્જિદોમાં એ સમયથી પહેલાં નમાઝ થઈ ચૂકી હતી.

એટલા માટે આ ઈર્શાદ એના જાહેરી અર્થના એતબારથી પણ દુરુસ્ત છે.

**ان يغيب الشفق (અંય્યગીબશ્શફક઼)** : ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ, ઈમામ મુહમ્મદ, ઈમામ અબૂ યુસુફનો ક઼ૌલ એ છે કે 'શફક઼' એ રતાશનું નામ છે જે ગુરૂબ (સૂર્યાસ્ત) પછી ક્ષિતિજ પર રહે છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો ક઼ૌલ એ છે કે 'શફક઼' એ સફેદીને કહે છે જે રતાશ પછી ક્ષિતિજ પર ઉત્તર દક્ષિણ ફેલાયેલી રહે છે. અને એ જ સૈયદના સિદ્દીકે઼ અકબર, મઆઝ બિન જબલ, અબૂ હુરૈરહ, ઉબય બિન કઅબ, ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા તથા અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہم અને એક રિવાયતની બિના પર ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો પણ મઝહબ છે. તેમજ ઉમર બિન અબ્દુલ અઝીઝ, અબ્દુલ્લાહ બિન મુબારક, ઈમામ ઝફર, ઈમામ અવઝાઈ (એક રિવાયતમાં) મઝી બિન મુન્ઝિર, અબૂ ષૌર તથા મુબર્રદ, ફરાઅ્ અને ષઅલબનું પણ એક કથન છે. એનું સમર્થન આ હદીષથી થાય છે જેને ઈમામ ઈબ્ને હુમામે ફત્હુલ કદીર (૧/૮૭)માં તિર્મિઝીના હવાલાથી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની રિવાયતથી વર્ણન કર્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **وان آخر وقت المغرب حين يغيب الافق وان اول وقت العشاء حين يغيب الافق** "બેશક ! મગરિબનો અંતિમ સમય તે છે જ્યારે ઉફક઼ ગાયબ થઈ જાય અને ઈશાનો શરૂ સમય તે છે જ્યારે ઉફક઼ ગાયબ થઈ જાય."

અને એ સૌ જાણે છે કે જ્યાં સુધી સફેદી રહેશે ઉફક઼ ગાયબ થશે નહીં, જેથી સાબિત થયું કે સફેદીના અસ્ત થતા સુધી મગરિબનો સમય છે. તિર્મિઝીના હિંદુસ્તાની છપાયેલ નુસ્ખામાં હદીષના પ્રથમ ભાગમાં "ઉફક઼"ને બદલે "શફક઼" છે પણ આખરનો હિસ્સો એ જ પ્રમાણે મૌજૂદ છે એટલા માટે દાવા પર કોઈ અસર નથી પડતી. એટલા માટે કે એના પર એકમતિ છે કે મગરિબ તથા ઈશાની વચ્ચે ન કોઈ અન્ય નમાઝનો સમય છે અને ન કોઈ સમય નમાઝથી ખાલી છે. તો જ્યારે એ મૌજૂદ છે કે ઈશાનો શરૂ સમય "ઉફક઼" ગાયબ થયા પછી શરૂ થાય છે તો એનું અનિવાર્ય પરિણામ એ આવ્યું કે મગરિબનો સમય "ઉફક઼" ગાયબ થતા સુધી છે, બલ્કે આ નુસ્ખાએ સ્પષ્ટ કરી આપ્યું કે જે હદીષોમાં "શફક઼" આવ્યું છે એનાથી મુરાદ "સફેદી" છે લાલાશ (રતાશ) નથી.

ઈમામ બુરહાનુદ્દીન મર્ગીનાની رحمۃ اللہ علیہએ હિદાયા (૧/૬૬)માં એના પર આ હદીષથી દલીલ પેશ કરી છે. **وآخر وقت المغرب اذا اسود الافق** મગરિબનો સમય તે છે જ્યારે "ઉફક઼" અંધકારમય થઈ જાય. એના પર દિરાયહમાં ફર્માવ્યું, મેં એને નથી પામ્યું.

**હું કહું છું** : ઈમામ ઈબ્ને હુમામે તિર્મિઝીના હવાલાથી જે વર્ણન કરેલ રિવાયતનો ઉલ્લેખ કર્યો છે તે એના સમઅર્થી છે, એટલા માટે કે ઉફક઼ના ગાયબ તથા અંધકારમય હોવાનો મતલબ એક જ છે અને રિવાયત બિલમાઅના (ભાવાર્થવાળી) છે. શક્ય છે ઈમામ મર્ગીનાનીની મુરાદ આ જ હદીષ હોય, તદ્ઉપરાંત અમે પ્રસ્તાવનામાં દર્શાવી ચૂક્યા છીએ કે ફક઼ીહ જ્યારે કોઈ હદીષથી દલીલ પેશ કરે તો એ દલીલ છે એ વાતની કે આ હદીષ એની નજીક સહીહ તથા સાબિત અને દલીલને પાત્ર છે. એનું દષ્ટાંત બુખારીની તઅલીક઼ો છે. કેટલી તઅલીક઼ોનો હદીષની કિતાબોમાં ક્યાંય પતો નથી, પણ સૌની એકમતિ છે કે જ્યારે ઈમામ બુખારીએ એને પોતાની જામેઅ સહીહમાં વર્ણન કરી છે તો જરૂર એની અસ્લ (દલીલ) છે. આપણી નજીક ફક઼ીહોનું કોઈ હદીષથી દલીલ રજૂ કરવું એની દલીલ છે કે તે જરૂર જરૂર દલીલને પાત્ર છે, એટલે કે સહીહ છે, નહીં તો હસન જરૂર છે.

**કશ્મીરી સાહબનું પાગલપન** : ફયઝુલ્ બારી (૨/૩૧૧)માં છે કે અમારી દલીલ તિર્મિઝીની આ હદીષ છે : **حتى يسود الافق** આજકાલ આવા હવાલાનો મતલબ એ થાય છે કે બેઠે બેઠા આ શબ્દો મૌજૂદ છે. આગળ આવી ગયું કે તિર્મિઝીમાં આ શબ્દો નથી, તિર્મિઝી શું પણ કોઈ હદીષની કિતાબમાં આ શબ્દો નથી.

**કયાસથી દલીલ કરવું** : હદીષોમાં સ્પષ્ટતા છે કે મગરિબનો અંતિમ સમય 'શફક઼'નું અસ્ત થવું છે. અને 'શફક઼' એ રતાશ તથા સફેદી બંનેને કહેવામાં આવે છે. સૂરજ ડૂબતાં જ મગરિબનો સમય યક઼ીની તૌર પર શરૂ થઈ જાય છે. રતાશના અસ્ત થવાથી સમય નીકળી ગયો કે નહીં એ શંકાસ્પદ છે અને શક યક઼ીનને રદ નથી કરતો.

મગરિબની નમાઝ એ ફજરની નમાઝના જેમ છે એ અર્થમાં એ તુલૂઅ આફતાબ પહેલાંની નમાઝ છે અને આ ગુરૂબ પછીની. ફજરનો સમય સફેદી તથા રતાશ બંનેનું સંગમ છે તો મગરિબનો પણ એવો જ હોવો જોઈએ. 'શફક઼'નો અસલી અર્થ રિક્ક઼ત છે એટલા માટે 'શફક઼તે ક઼લ્બ' એ રિક્ક઼તે ક઼લ્બના અર્થમાં છે. મઅના મન્કૂલ અને મન્કૂલ અન્હૂમાં સામ્યતા જરૂરી છે રતાશમાં રિક્ક઼ત (પતલાપણુ) નહીં ગાઢાપણુ હોય છે, રિક્ક઼ત સફેદીમાં હોય છે એટલા માટે શફક઼ સફેદીનું નામ છે ન કે સુર્ખી (રતાશ)નું. ઈમામ શાફઈ વગેરેનું દલીલ કરવું આ હદીષથી છે જે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત પામેલ છે કે નબી ﷺએ ફર્માવ્યું, 'શફક઼' સુર્ખી (લાલાશ) છે. આ હદીષને દારોકુત્નીએ રિવાયત કરી. પણ બયહકી અને નવવીએ ફર્માવ્યું, સહીહ એ છે કે એ 'મૌકૂફ' છે, જે મરફૂઅ હદીષ તથા અન્ય મહાન સહાબીઓના ઈર્શાદથી વિરૂદ્ધ પણ છે. *(ફત્હુલ ક઼દીર, ૧/૮૭ અવક઼ાત)*

**فاخرها (ફઅખ્ખરહા)** : એનાથી મુરાદ એ છે કે જે સમયે સામાન્યતઃ ઈશા પઢતા હતા એના કરતાં મોડુ કર્યું.

**حتی رقدنا (હત્તા રક઼દ્‌ના)** : એનાથી તે લોકો દલીલ કરે છે જેઓ કહે છે કે ઊંઘ વુઝૂ તોડનાર નથી. એટલા માટે કે હદીષમાં એ નથી કે તે હઝરાતે જાગ્યા બાદ વુઝૂ કર્યુ હોય. અમારો જવાબ એ છે કે તેઓ એવી રીતે બેઠા બેઠા સૂતા હતા કે ન ટેકો લગાડયો હતો ન તેમની બેઠક એક અથવા બંને જમીનથી અલગ થઈ હતી કે વુઝૂ તૂટતુ. એની પૂરી તફસીલ વર્ણન થઈ ચૂકી છે.

**كان ابن عمر (કાન ઈબ્ને ઉમર)** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ઈશાની નમાઝ કદીક પ્રારંભમાં જ પઢી લેતા હતા કદીક મોડેથી પઢતા હતા. એટલા માટે કે અડધી રાત સુધી ઈશાનો સમય કરાહતથી ખાલી છે. કદીક ઈશાથી પહેલાં સૂઈ પણ રહેતા જ્યારે એમને ક઼ઝા થઈ જવાનો ખતરો ન રહેતો. એમાં કોઈ વાંધો પણ નથી એટલા માટે કે ઈશાથી પહેલાં સૂવું મકરૂહે તન્ઝીહી છે તે પણ તેના માટે જેને ઈશા ક઼ઝા થઈ જવાનો અંદેશો હોય અને કોઈ જગાડનાર ન હોય.

**قال ابن جريج (ક઼ાલ ઈબ્ને જરીહ)** : કેમ કે એ વાત મશહૂર હતી કે હુઝૂરે અક઼દસ ﷺએ ઈશાથી પહેલાં સૂવાને નાપસંદ કર્યુ છે અને હઝરત ઈબ્ને ઉમરની આ હદીષ અને એમના અમલથી જાહેર થાય છે કે ઈશાથી પહેલાં સૂવામાં કોઈ વાંધો નથી. એટલા માટે ઈબ્ને જરીહે હઝરત અતાથી એને વર્ણન કરીને એનું સમર્થન ચાહ્યું તો ઈમામ અતાએ હઝરત ઈબ્ને અબ્બાસની હદીષ વર્ણવીને તેનું સમર્થન કરી આપ્યું.

**اعتم (અઅ્તમ)** : સહીહ એ છે કે આ બનાવ વિવિધ વાર થયો છે એટલા માટે કે દરેક રાવી બનાવને એ રીતે વર્ણન કરે છે જેનાથી માલૂમ પડે છે કે ચશ્મદીદ (આંખે દેખ્યો) વર્ણન કરી રહેલ છે. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ મદીના તયબાહમાં પોતાની હાજરીના પ્રારંભિક દિવસોનો બનાવ વર્ણવી રહ્યા છે. આપ હિ.સ. ૭માં મદીના હાજર થયા હતા. હઝરત ઈબ્ને અબ્બાસ હિ.સ. ૮માં ફતહે મક્કા પછી ખિદમતે અક઼દસમાં હાજર થયા છે. અલ્બત્ત ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીક઼ા તથા ઈબ્ને ઉમર رضی اللہ عنہما હિજરતના પ્રારંભથી જ મદીના તયબહમાં હતા. હઝરત અબૂ મૂસા અશ્અરી તથા હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષમાં ખૂબ જ સામ્યતા છે, બંનેમાં મોડુ થવાનો સબબ કોઈ મહત્વના મામલામાં મશ્ગૂલિયત વર્ણન થયેલી છે. અને હઝરત

ઉમર رضی اللہ عنہની અર્ઝનો ઉલ્લેખ નથી. શક્ય છે કે આ બંનેવ એક જ બનાવ હોય. પણ ઉમ્મુલ મો'મિનીન અને ઈબ્ને અબ્બાસની હદીષો યક઼ીનન બે બનાવો છે. એની પણ શક્યતા છે કે અબૂ મૂસા અશ્અરી, ઉમ્મુલ મો'મિનીન અને ઈબ્ને ઉમરની હદીષો એક બનાવથી સંબંધિત હોય. રિવાયતમાં વિસ્તરણ તથા સંક્ષિપ્તતા (વધ ઘટ) થઈ ગઈ, પણ ઈબ્ને અબ્બાસની હદીષ યક઼ીનન અલગ બનાવ છે.

**لولا ان اشق (લવ્લા અન્ અશુક્ક઼)** : જો મારી ઉમ્મતને ભારે ન પડત તો તેમને હુકમ આપતો કે આ જ પ્રમાણે એટલે આ સમયે ઈશા પઢે. મુરાદ એ છે કે એ જ ઈશાનો સમય નિશ્ચિત કરી આપત. એ જ અમારી દલીલ છે કે ઈશામાં મોડુ કરવું મુસ્તહબ છે, જો જમાઅતમાં નમાઝીઓના ઘટાડાનો અંદેશો ન હોય.

**હુઝૂર શારેઅ છે** : આ હદીષથી સાબિત થયું કે હુઝૂરે અક઼દસ ﷺને એ ઈખ્તિયાર હાંસલ હતો કે નમાઝોના સમયો જે ચાહે નિશ્ચિત કરી લે. એ દલીલ છે કે અલ્લાહ ﷻએ હુઝૂરે અક઼દસ ﷺને શરઈ હુકમોમાં ફેરફાર તથા તબદીલીનો હક્ક઼ અતા કર્યો છે. જેણે એની પૂર્ણ વિગત જોવી હોય તે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ **منية اللبيب بان التشريع بيدا الحبيب** "મુન્યતુલલબીબ બિઅન્નત્તશ્રીઅ બિયઝિલહ઼બીબ"નો અભ્યાસ કરે. આ કિતાબ "અલ્ અમ્નુ વલ્ ઉલા"ની સાથે અને અલગ પણ છપાઈ ચૂકેલ છે.

**ઈશાનો અંતિમ સમય** : ઈશાનો સમય ક્યાં સુધી છે, એના અનુસંધાનની સર્વ હદીષો પર જ્યારે નજર કરીએ છીએ તો એનાથી એ જ સાબિત થાય છે કે 'શફક઼'ના અસ્ત થવાથી લઈને પૂરી રાત ઈશાનો સમય છે. હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબૂ મૂસા અશ્અરી, હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہمએ રિવાયત કરી, હુઝૂર ﷺએ એને ૧/૩ રાત સુધી લેટ કરી. હઝરત અબૂ હુરૈરહ, હઝરત અનસ رضی اللہ عنہماએ રિવાયત કરી કે અડધી રાત સુધી લેટ કરી. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ રિવાયત કરી કે રાતના ૨/૩ ભાગ સુધી લેટ કરી. ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہاએ રિવાયત કરી કે એટલુ મોડુ કર્યું કે રાતનો મોટાભાગનો હિસ્સો વહી ગયો. આ સૌના સમૂહથી જાહેર થઈ ગયું કે આખી રાત ઈશાનો સમય છે. એટલા માટે હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہને લખ્યું કે રાતમાં જે સમયે ચાહો ઈશા પઢો, અલ્બત્ત એનાથી ગાફેલ થઈને ક઼ઝા ન કરી બેસશો.

અવક઼ાતે સલાત **مالا يرك الابالسماء** (નમાઝના સમયો તે છે જે સાંભળ્યા વિના નથી જાણી શકાતા)માં છે : આ મરફૂઅના હુકમમાં છે. એટલે કે હઝરત ઉમર رضی اللہ عنہએ એવું એ સમયે ફર્માવ્યું કે તેમણે હુઝૂરે અક઼દસ ﷺ થી એ સાંભળ્યું છે કે પૂરી રાત ઈશાનો સમય છે. હદીષથી જ સાબિત છે કે ફજર તથા ઝોહર સિવાય બાકી નમાઝોના સમયોમાં એવો સતત ક્રમ છે કે જ્યાં સુધી બીજી નમાઝનો સમય નથી આવતો આગલી નમાઝનો સમય બાકી રહે છે. મુસ્લિમ (૧/૨૩૯ મસાજિદ)માં છે : હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہ થી મરવી છે કે 'લયલતુત્તઅરીસ'ના મોક઼ા પર હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું કે ઊંઘમાં કમી નથી, કમી એના પર છે જે નમાઝ ન પઢે ત્યાં સુધી કે બીજી નમાઝનો સમય આવી જાય. એનાથી સાબિત થઈ ગયું કે જ્યાં સુધી બીજી નમાઝનો સમય ન આવી જાય ત્યાં સુધી પ્રથમ નમાઝનો સમય બાકી છે. હિદાયાના કર્તા એના પર આ હદીષથી દલીલ લાવ્યા છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, ફજર તુલૂઅ થતાં સુધી ઈશાનો સમય છે. આ હદીષ વર્તમાન હદીષની કિતાબોમાં નથી, પણ અમે દર્શાવી ચૂક્યા છીએ તે ફક઼ીહ જ્યારે કોઈ હદીષથી દલીલ રજૂ કરે તો એ તેના દલીલ પાત્ર હોવા માટે પૂરતુ છે, જેવી રીતે ઈમામ બુખારીની તઅલીક઼ો છે. ઈશાના સમયમાં એ તફસીલ છે કે ૧/૩ રાત સુધી અફઝલ છે અને એના પછી અડધી રાત સુધી વિના કરાહત સહીહ છે અને અડધી રાત પછી મકરૂહ છે.

ت ۱۲۳ وَقَالَ اَبُوْ بَرْزَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ کَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

[તઅલીક઼ : ૧૨૩] "અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَسْتَحِبُّ تَاخِیْرَھَا۔

ઈશા મોડી કરવાને પસંદ કરતા હતા."

## حدیث ۳۸۱

[હદીષ : ૩૮૧]

عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ اَخَّرَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ઈશાની નમાઝમાં અડધી રાત સુધી મોડુ કર્યું

عَلَیْہِ وَسَلَّمَ صَلٰوۃَ الْعِشَاءِ اِلٰی نِصْفِ اللَّیْلِ ثُمَّ صَلّٰی ثُمَّ قَالَ قَدْ صَلَّی۔

ત્યારબાદ પઢી. પછી ફર્માવ્યું, લોકો નમાઝ પઢીને સૂઈ ગયા. સાંભળો ! તમે લોકો જ્યાં સુધી

النَّاسُ وَنَامُوْا اَمَا اِنَّکُمْ فِیْ صَلٰوۃٍ مَّا انْتَظَرْتُمُوْھَا وَزَادَ ابْنُ

નમાઝની રાહ જોતા રહ્યા નમાઝમાં જ હતા. ઈબ્ને અબી મરયમે એ રિવાયત કરી

اَبِیْ مَرْیَمَ۔ کَاَنِّیْ اَنْظُرُ اِلٰی وَبِیْصِ خَاتَمِہٖ لَیْلَتَئِذٍ ع

(કે હઝરત અનસે એ પણ કહ્યું હતું) જાણે હું એ રાત્રે હુઝૂરની અંગૂઠીની ચમક જોઈ રહ્યો છું."

(બુખારી ૧/૮૧ મવાકીત, ૧/૯૦ અઝાન, ૨/૮૭૨ લિબાસ, મુસ્લિમ–સલાત,

અબૂ દાઊદ–સલાત, ઈબ્ને માજહ–સલાત, મુસ્નદે ઈમામ અહમદ)

### તઅલીક઼ : ૧૨૩ની સમજૂતી

આ હદીષ–૩૫૯ ના અંતિમ હિસ્સાની એક રિવાયત છે. પાછલી રિવાયતના શબ્દો આ હતા : નબી કરીમ صلی اللہ علیہ وسلم ઈશાની નમાઝ ત્રીજા ભાગની (૧/૩) કે અડધી રાત સુધી જો મોડી થઈ જાય તો કોઈ પરવા કરતા ન હતા. આ બંનેવ રિવાયતોને ધ્યાનમાં રાખ્યા બાદ આ તઅલીક઼ના પ્રકરણ સાથેની સામ્યતા સ્પષ્ટ થઈ જાય છે. અહીં પ્રકરણનું ટાઈટલ છે, "ઈશાનો સમય અડધી રાત સુધી છે."

### સમજૂતી : ૩૮૧

**الیٰ نصف اللیل (ઈલા નિસ્ફિલ્ લૈલ)** : એના જાહેર પરથી એ માલૂમ પડે છે કે એ દિવસે ઈશાની નમાઝ અડધી રાત પછી પઢી. પણ મુસ્લિમની રિવાયત એના પર નસ (દલીલ) છે કે એનાથી મુરાદ અડધી રાતની નિકટતા છે. એમાં ક઼તાદાના તરીકાથી આ શબ્દો છે : **حتی کان قریبا من نصف اللیل**

## حديث ٣٨٢

**[હદીષ : ૩૮૨]**

عَنْ اَبِیْ بَکْرِبْنِ اَبِیْ مُوْسیٰ عَنْ اَبِیْہِ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે બંનેવ ઠંડી નમાઝો*

تَعَالیٰ عَلَیْہِ وَسَلَّمَ قَالَ مَنْ صَلَّی الْبَرْدَیْنِ دَخَلَ الْجَنَّۃَ ؏

*પઢશે તે જન્નતમાં જશે." (બુખારી, ૧/૮૧ મવાક઼ીત, મુસ્લિમ–સલાત, દારમી, મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ)*

## حديث ٣٨٣

**[હદીષ : ૩૮૩]**

عَنْ اَنَسٍ اَنَّ زَیْدَبْنَ ثَابِتٍ رَضِیَ اللّٰہُ تَعَالیٰ عَنْھُمَا حَدَّثَہٗ

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ એ તેમનાથી હદીષ વર્ણન કરી*

اَنَّھُمْ تَسَحَّرُوْا مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالیٰ عَلَیْہِ وَسَلَّمَ ثُمَّ قَامُوْا

*કે લોકોએ નબી صلی اللہ علیہ وسلم ની સાથે સહરી ખાધી પછી નમાઝના માટે ઉભા થયા. હઝરત અનસે ફર્માવ્યું,*

اِلَی الصَّلٰوۃِ قُلْتُ کَمْ بَیْنَھُمَا قَالَ قَدْرُ خَمْسِیْنَ اَوْسِتِّیْنَ یَعْنِیْ اٰیَۃً ؏

*મેં પૂછયું કે બંનેના વચ્ચે કેટલુ અંતર હતુ ? ફર્માવ્યું, પચાસ કે સાઈઠ આયત પઢવાનું."*

*(બુખારી, ૧/૮૧ મવાક઼ીત, ૧/૨૫૭ સૂમ, મુસ્લિમ–સૂમ, તિર્મિઝી–સૂમ,*

*નિસાઈ–સૂમ, ઈબ્ને માજહ, દારમી, મુસ્નદે ઈમામ અહમદ)*

**સમજૂતી : ૩૮૨** بردین **(બરદૈન)** : થી મુરાદ અસ્ર તથા ફજરની નમાઝ છે અને મુરાદ પાબંદી સાથે પઢવાનું છે. આ બંનેવ નમાઝોની વિશિષ્ટતાનું કારણ એ છે કે ફજરનો સમય સૂવાનો છે અને અસર બાદ લોકો બજારોમાં ખરીદ વેચાણમાં વ્યસ્ત હોય છે અથવા અન્ય કામોમાં તેમજ વર્ણન થઈ ચૂક્યું કે ફરિશ્તા એ બંનેવ સમયોમાં બદલાય છે, જે એ નમાઝોનો પાબંદ હશે તેનો આખરી અમલ જે ખુદાની બારગાહમાં પેશ થશે તે નમાઝ હશે. તદ્ઉપરાંત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ પર મૌકૂફ આ હદીષમાં છે : **સવારની નમાઝના સમયે મુનાદી નિદા આપે છે, હે આદમની ઔલાદ ! ઉઠો અને તમારા ઉપર જે સળગાવી રહ્યા છો તેને ઓલવો ! એ જ પ્રમાણે અસરની નમાઝ બાદ પણ એ નિદા આપે છે. એના પર જે લોકો પાકી હાંસલ કરીને નમાઝ પઢી લે છે તો જ્યારે સૂએ છે તેમના પર કોઈ ગુનોહ નથી રહેતો.** *(અયની, ૫/૭૨ બહવાલા તિબ્રાની તથા અબુલ ક઼ાસિમ જઝરી)*

**સમજૂતી : ૩૮૩**

تسحّروا (તસહ્હરૂ)નો માદ્દો سحرٌ (સહરૂન્) છે જેનો અર્થ તે ખાણુ તથા પીણુ છે જે સહરીના સમયે

# حديث ٣٨٤

**[હદીષ : ૩૮૪]**

عَنْ اَبِیْ حَازِمٍ اَنَّهٗ سَمِعَ سَهْلَ بْنَ سَعْدٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰی

*"અબૂ હાઝિમથી રિવાયત છે કે તેમણે હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ ને*

عَنْهُ يَقُوْلُ كُنْتُ اَتَسَحَّرُ فِیْ اَهْلِیْ ثُمَّ تَكُوْنُ سُرْعَةٌ بِیْ اَنْ اُدْرِكَ

*એવું ફર્માવતાં સાંભળ્યા, હું મારા ઘરવાળાઓ સાથે સહરી ખાતો પછી મને ઉતાવળ થતી કે*

صَلٰوةَ الْفَجْرِ مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

*રસૂલુલ્લાહ ﷺની સાથે ફજરની નમાઝ મેળવી લઉં." (બુખારી, ૧/૮૨ મવાક઼ીત, ૧/૨૫૭ સૂમ)*

ખાવામાં આવે છે. **سُحُرٌ** (સહરૂન્) સીનના પેશની સાથે પણ આવે છે. એ મસ્દર પણ છે અને હાસિલે મસ્દર પણ. આ હદીષથી સાબિત થયું કે સહરી મોડુ કરીને ફજરના તુલૂઅના સમયે ખાવી મુસ્તહબ છે. અહનાફ (હનફીઓ)ને ત્યાં ફજરમાં અસ્ફાર જો કે રમઝાનમાં પણ મુસ્તહબ છે, પણ આ હદીષ તેનાથી વિરૂદ્ધ નથી, એટલા માટે કે શરૂ સમયમાં પણ ફજરની નમાઝ વિના કરાહતે દુરુસ્ત છે. સહરી ખાધા પછી સૂવાથી ગફલતની ઊંઘ આવી જાય છે જેનાથી જમાઅત બલ્કે કેટલીકવાર નમાઝ છૂટી જવાનો ખતરો રહે છે. અને આજે મુસલમાનોનો જે હાલ છે તે સૌ જાણે છે ! એટલા માટે આ ખાદિમે અમારે ત્યાં આ હદીષના પ્રમાણે શરૂ સમયમાં ફજરની નમાઝ પઢવાનો રિવાજ કર્યો છે. અલ્લાહ ﷻનો શુક્ર છે કે એને દરેક તબક઼ાએ પસંદ કર્યું અને હવે એના પર અમલ ઘણે દૂર સુધી થઈ રહ્યો છે.

આ જ હદીષને એના બાદ ઈમામ બુખારીએ હઝરત અનસ رضی اللہ عنہ થી જ આ શબ્દોમાં રિવાયત કરી છે કે અલ્લાહ ﷻના નબી ﷺ અને ઝયદ બિન ષાબિતે સહરી ખાધી. સહરીથી પરવારીને નમાઝના માટે ઉભા થઈ ગયા. અંતમાં એ છે કે સહરી અને નમાઝમાં એટલું અંતર હતું કે કોઈ પચાસ આયત પઢી લેતો. બંને રિવાયતોમાં ફરક એ છે કે પ્રથમ રિવાયતની બિના પર આ હદીષ મસાનીદે ઝયદ બિન ષાબિત (ની સનદ)થી છે અને બીજીની બિના પર મસાનીદે અનસ (ની સનદ)થી છે. તેમજ પહેલીમાં અનિશ્ચિતતા છે કે ૫૦ કે ૬૦ આયતો પઢવાની માત્રાનું અંતર હતું. બીજીમાં નિશ્ચિત છે કે ૫૦ આયતોનું અંતર હતું. ઈમામ મુસ્લિમ (૧/૩૫૦ સિયામ) એ કેવળ પ્રથમ રિવાયત વર્ણન કરી છે, એનાથી જાહેર છે કે પ્રથમ રિવાયત રાજેહ (ઉત્તમ) છે. તહાવી (૧/૧૦૪ સલાત)માં હિશામ દસ્તવાઈના તરીક઼ાથી અનસ તથા હઝરત ઝયદ બિન ષાબિત બંનેથી એ પ્રમાણે રિવાયત છે કે અમે સેહરી ખાધી.

## સમજૂતી : ૩૮૪

અહીં ઈમામ બુખારીએ પ્રકરણનું હેડીંગ એ રચ્યું છે : **وقت الفجر** આ હદીષથી ફજરનો શરૂ સમય એ રીતે સમજમાં આવે છે કે હઝરત સહલની ઉતાવળ એ કારણે હતી કે હુઝૂરે અક઼દસ ﷺ ફજર તુલૂઅ થતાં જ ફજરની નમાઝ શરૂ કરી આપતા હતા. તો જાણવા મળ્યું કે ફજરનો શરૂ સમય તુલૂએ ફજર છે. આ હદીષોથી ઈમામ બુખારી એવું સાબિત કરવા ચાહે છે કે રમઝાન મુબારકમાં એ જ હુઝૂરે અક઼દસ ﷺની આદતે કરીમા હતી.

# حديث ۳۸۵

**[હદીષ : ૩૮૫]**

عَنْ اَبِىْ هُرَيْرَةَ رَضِىَ اللهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ اَدْرَكَ رَكْعَةً مِّنَ الصَّلٰوةِ فَقَدْ اَدْرَكَ الصَّلٰوةَ

*જેણે નમાઝની એક રકાત મેળવી એણે નમાઝ મેળવી." (બુખારી, ૧/૮૨)*

**ઈસ્ફારના મુસ્તહબ હોવા પર એક નવી દલીલ :** પરંતુ એ સૌથી ઉલ્ટુ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદની આ હદીષ છે જેને ઈમામ બુખારીએ મનાસિક (૧/૨૫૭)માં વર્ણન કરી છે કે જ્યારે ફજર તુલૂઅ થઈ ગઈ તો ફર્માવ્યું કે નબી ﷺ એ (તુલૂઅ ફજરના) સમયે કોઈ નમાઝ પઢતા ન હતા પણ કેવળ આ નમાઝ તે જગાએ તે દિવસે જ. **عن وقتها**થી મુરાદ જે સમયે નિયમાનુસાર પઢવામાં આવતી હતી. નહીં તો જાહેર છે કે ફજર તુલૂઅ થયા બાદ ફજરનો સમય થઈ ગયો તો સમયથી ક્યાં હટાવવામાં આવી ? નકારનો ઈસ્તેગરાક એવું ચાહે છે. રમઝાનમાં પણ ફજરની નમાઝ અવ્વલ (શરૂ) સમયમાં ન પઢતા હતા. એટલા માટે બંનેમાં વર્ગીકરણની એ જ સ્થિતિ છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની હદીષમાં નફી (નકાર)થી મુરાદ નિયમ (કાયમનો નિયમ) છે એટલે કે તે વખતે નમાઝ પઢવાની આદત (નિયમ) હમેશાંની ન હતી, રમઝાનમાં ન ગૈર રમઝાનમાં. અને આ હદીષનો ભાવાર્થ એ છે કે કદી કદી રમઝાનમાં શરૂ સમયમાં પઢી લીધા કરતા હતા, એ તદન જાહેર છે. એટલા માટે કે હઝરત અનસની હદીષમાં કેવળ એકવારનો બનાવ વર્ણન થયેલો છે, અલ્બત્ત હઝરત સહલની હદીષમાં સતત જાહેર છે પણ તે એના પર નસ (દલીલ) નથી કે ફજરની નમાઝ શરૂ સમયમાં થતી હતી. શક્ય છે એમનું ઘર માઈલ બે માઈલની દૂરી પર રહ્યું હોય એટલા માટે તે જલ્દી કરતા હતા. ઈમામ નવવીએ આ હદીષ સામે એ વાંધો ઉઠાવ્યો કે અરફાતમાં અસર સમયથી પહેલાં પઢવામાં આવે છે જેથી આ હસ્ર (પાબંદી) દુરુસ્ત નથી, જેના કારણે આ હદીષ અર્થના એતબારથી મઅલૂલ (કમીવાળી) છે, વિશ્વસનીય નથી.

**હું કહું છું :** મોક઼ાના એતબારથી રિવાયતમાં સંક્ષિપ્તપણુ (ટૂંકાણ) અપનાવવું રાવીઓની સામાન્ય આદત છે, એના પ્રમાણે અહીં પણ ટૂંકાણ છે, નહીં તો નિસાઈ (૨/૪૪ મનાસિક)માં આ જ હદીષ હઝરત ઈબ્ને મસ્ઊદથી આ પ્રમાણે છે : **كان رسول اللّٰه صلى الله تعالىٰ عليه وسلم يصلى الصلوٰة لوقتها الابجمع وعرفات** "રસૂલુલ્લાહ ﷺ સર્વ નમાઝો પોત પોતાના સમયમાં અદા કરતા હતા પણ જમા (મુઝદલ્ફા) તથા અરફાતમાં."

**સમજૂતી : ૩૮૫**

એટલે કે એણે જમાઅત પામી લીધી, એને જમાઅતનો સવાબ મળશે. રકાતથી પૂરી રકાત મુરાદ નથી બલ્કે મુત્લક઼ન નમાઝનો ભાગ મુરાદ છે, એટલા માટે જો કોઈ છેલ્લા ક઼ાઈદામાં સલામથી પહેલાં સામેલ થયો અને **એક તસ્બીહ જેટલી નમાઝ મળી ગઈ તો તે પણ જમાઅતમાં સામેલ થઈ ગયો**, તેને પણ જમાઅતનો સવાબ મળશે. એ જ પ્રમાણે **જો કોઈ રુકૂઅમાં સામેલ થયો તો તેને તે રકાત મળી ગઈ.**

# حدیث ۳۸۶

**[હદીષ : ૩૮૬]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ شَہِدَ عِنْدِیْ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, મને પસંદીદા લોકોએ એ બતાવ્યું અને એ*

رِجَالٌ مَّرْضِیُّوْنَ وَ اَرْضَاھُمْ عِنْدِیْ عُمَرُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ

સૌમાં સૌથી અધિક પસંદીદા મારી નજીક ઉમર છે, કે નબી صلی اللہ علیہ وسلم એ સવારની નમાઝ પછી

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ نَھٰی عَنِ الصَّلٰوۃِ بَعْدَ الصُّبْحِ حَتّٰی تُشْرِقَ

નમાઝ પઢવાથી મના ફર્માવ્યું, ત્યાં સુધી કે સૂરજ ચમકે અને અસ્રના

الشَّمْسُ وَ بَعْدَ الْعَصْرِ حَتّٰی تَغْرُبَ ؏

*પછી ત્યાં સુધી કે સૂર્ય ડૂબી જાય." (બુખારી, ૧/૮૨ મવાક઼ીત, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

# حدیث ۳۸۷

**[હદીષ : ૩૮૭]**

حَدَّثَنِیْ اِبْنُ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ قَالَ رَسُوْلُ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ઈરાદાપૂર્વક*

**સમજૂતી : ૩૮૬**

ફજરની નમાઝ પછી સૂર્ય નીકળતાં સુધી **કેવળ નફલો મકરૂહ** છે, ફર્ઝો દા.ત. **ક઼ઝા વિના કરાહતે દુરુસ્ત** છે. અસ્ર પછી સૂર્યાસ્ત સુધી પણ પૂરો સમય મકરૂહ છે, પણ એમાં તફસીલ છે. ગુરૂબથી ૨૦ મિનિટ પહેલાં સુધી **કેવળ નફલો મકરૂહ** છે ફર્ઝો નહીં. અને **૨૦ મિનિટથી લઈને ગુરૂબ (સૂર્યાસ્ત) સુધી નફલો, ફર્ઝો સૌ મકરૂહ** છે અને તે જે હુઝૂર صلی اللہ علیہ وسلم થી રિવાયત થયેલ છે કે અસર બાદ બે રકાતો પઢયા કરતા હતા તે હુઝૂર صلی اللہ علیہ وسلم ની વિશિષ્ટતાઓમાંથી છે. મનાઈની હદીષો ૨૩ સહાબાએ કિરામથી રિવાયત થયેલી છે જેના મશહૂર હોવામાં કોઈ શંકા જ નથી. આ હદીષમાં **شَہِدَ**નો અર્થ **اخبر** છે, જેમ કે આયતે કરીમા **شَہِدَ اللّٰہُ اَنَّہٗ لَا اِلٰہَ اِلَّا ھُوَ**માં છે. જલાલૈનમાં છે : **بَیَّنَ لخلقہ** અલ્લાહે પોતાની મખ્લૂક઼ પર સ્પષ્ટ કરી આપ્યું કે એના સિવાય કોઈ મઅબૂદ નથી.

**સમજૂતી : ૩૮૭**

**પરિપૂર્ણતા :** સિફતુલ જુનૂદ ઈબ્લીસમાં **تَحَرَّوا**ની જગાએ **تَحَیَّنُوا** છે એટલે કે સમય બનાવી લો, એટલે વિના મજબૂરી વિના ઈરાદા નમાઝને મોડી ન કરો. અને તુલૂઅ તથા ગુરૂબના સમયે પઢો, એટલુ અધિક છે.

اللہ صلی اللہ تعالیٰ علیہ وسلم لا تحروا بصلاتکم طلوع الشمس

સૂર્ય નીકળવા તથા ડૂબવાના સમયે નમાઝ ન પઢો.

ولا غروبھا قال وحدثنی ابن عمر رضی اللہ تعالیٰ عنہما قال قال

(ઉરવાએ કહ્યું) અને ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ મને હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

رسول اللہ صلی اللہ تعالیٰ علیہ وسلم اذا طلع حاجب الشمس

જ્યારે સૂરજનો કિનારો નીકળી જાય તો એ સમયે નમાઝ ન પઢો જ્યાં સુધી ઊંચો ન થઈ જાય,

فاخروا الصلوٰۃ حتی ترتفع و اذا غاب حاجب الشمس فاخروا الصلوٰۃ

અને જ્યારે ડૂબવા લાગે તો પણ ન પઢો

حتی تغیب ؏

જ્યાં સુધી સંપૂર્ણ ડૂબી ન જાય.''

(બુખારી ૧/૮૨ મવાકીત, બદઉલ ખલ્ક બાબુ સિફતુલ ઈબ્લીસ વ જુનૂદહૂ, પેજ–૪૬૩, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત)

## حدیث ۳۸۸

**[હદીષ : ૩૮૮]**

انہ سمع ابا سعید الخدری رضی اللہ تعالیٰ عنہ یقول سمعت

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને એવું ફર્માવતાં મેં

એટલા માટે કે સૂરજ શૈતાનની બંનેવ શીંગોના વચ્ચે નીકળે છે. હાજતના ત્રણ અર્થો છે : કિનારો, તે કિરણો જે સૂર્યોદય (તુલૂઅ) પહેલાં ક્ષિતિજ પર જોવા મળે છે, આસપાસ. અહીં મુરાદ કિનારો છે. તુલૂઅથી મુરાદ સૂરજના ઉપરના કિનારાના ચમકવાથી લઈને ૨૦ મિનિટ સુધી છે. એ જ પ્રમાણે ગુરૂબ (સૂર્યાસ્ત)થી મુરાદ સૂરજના ઉપરવાળા કિનારાના ડૂબવાના સમયથી લઈને ૨૦ મિનિટ પહેલાં સુધી છે. આ બંનેવ સમયોમાં ન નફલની ઈજાઝત છે ન ફર્ઝની. અમુક લોકોએ આ સમય ૧૫ મિનિટ રાખ્યો છે, પણ સહીહ એ છે કે ૨૦ મિનિટ છે. એની સંપૂર્ણ તેહકીક ફતાવા રઝવિય્યહ, ભાગ–૨માં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફર્માવી છે.

### સમજૂતી : ૩૮૮–૩૮૯–૩૯૦

**પરિપૂર્ણતા** : ઈસ્માઈલીએ આ હદીષના પ્રારંભમાં એટલુ વધાર્યું કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما દિવસના પ્રારંભિક હિસ્સામાં ઝવાલના સમય સુધી કોઈ નમાઝ પઢતા ન હતા. મતલબ એ થયો કે તે ઝવાલના સમયે નમાઝ પઢતા હતા. હઝરત ઈમામ માલિકને ત્યાં ઝવાલના સમયે નમાઝ મકરૂહ નથી. એમની દલીલ આ જ હદીષ છે.

رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ لَا صَلٰوةَ بَعْدَ الصُّبْحِ

સાંભળ્યા કે સવારના પછી કોઈ નમાઝ નથી, ત્યાં સુધી કે સૂરજ ઊંચો થઈ જાય, અને અસ્ર પછી (પણ)

حَتّٰى تَرْتَفِعَ الشَّمْسُ وَلَا صَلٰوةَ بَعْدَ الْعَصْرِ حَتّٰى تَغِيْبَ الشَّمْسُ ؏

કોઈ નમાઝ નથી ત્યાં સુધી કે સૂરજ અસ્ત થઈ જાય." *(બુખારી, ૧/૮૨ મવાક઼ીત, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત)*

## حدیث ۳۸۹

**[હદીષ : ૩૮૯]**

عَنْ مُعَاوِيَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اِنَّكُمْ لَتُصَلُّوْنَ صَلٰوةً

"હઝરત મુઆવિયા رضی اللہ عنہ એ કહ્યું કે તમે લોકો એક એવી નમાઝ પઢો છો કે અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને

لَقَدْ صَحِبْنَا رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَمَا رَاَيْنَاهُ يُصَلِّيْهِمَا

પણ એ નમાઝ પઢતા નથી જોયા અને એનાથી

وَلَقَدْ نَهٰى عَنْهُمَا يَعْنِى الرَّكْعَتَيْنِ بَعْدَ الْعَصْرِ ؏

મના પણ ફર્માવ્યું છે, એટલે કે અસર બાદ બે રકાતો." *(બુખારી ૧/૮૩ મવાક઼ીત)*

## حدیث ۳۹۰

**[હદીષ : ૩૯૦]**

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ اُصَلِّى كَمَا رَاَيْتُ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, જેવી રીતે મેં મારા સાથીઓને નમાઝ પઢતા જોયા છે

**અહનાફ (હનફીઓ)ની દલીલ :** અહનાફની નજીક ઝવાલના સમયે પણ નમાઝ મકરૂહ છે. તેમની દલીલ હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہ ની આ હદીષ છે :–

**ثلث ساعت كان رسول اللّٰه صلى الله تعالىٰ عليه وسلم نهانا ان تصلى فيهن او ان نقبر فيهن مو تانا، حين يطلع الشمس بازغة حتى ترتفع وحين يقوم قائم الظهيرة حتى تميل الشمس وحين تضيف الشمس للغر وب حتى تغرب**

"રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ આપણને ત્રણ સમયોમાં નમાઝ પઢવા તથા મુડદાંઓને દફન કરવાથી મના ફર્માવ્યું છે : જ્યારે સૂરજ ચમકતો નીકળે ત્યાં સુધી કે ઊંચો થઈ જાય અને બરાબર મધ્યાન્હ વેળા ત્યાં સુધી કે સૂરજ ઢળી જાય, અને જ્યારે ડૂબવાના માટે ઝુકે ત્યાં સુધી કે ડૂબી જાય." *(મુસ્લિમ ૧/૨૭૬, અબૂ દાઊદ, ૨/૯૮, તિર્મિઝી ૧/૧૨૨, નિસાઈ, ૧/૯૬ સલાત, ઈબ્ને માજહ, દારમી–સલાત–૧૪૨, મુસ્નદે ઈમામ અહમદ)*

**حين يقوم قائم الظهيرة :** નો શાબ્દિક તર્જુમો આ છે : જ્યારે બપોરે ઉભા થનારાનો પડછાયો સીધો ખડો

اَصۡحَابِیۡ یُصَلُّوۡنَ لَآ اَنۡھٰی اَحَدًا یُّصَلِّیۡ بِلَیۡلٍ اَوۡ نَھَارٍ مَّاشَاءَ غَیۡرَ اَنۡ لَّا

*હું પણ પઢીશ. હું કોઈને રાત કે દિવસમાં જ્યારે ચાહે કોઈ સમયે પણ નમાઝથી મના કરતો નથી. હા !*

تَحَرَّوۡا طُلُوۡعَ الشَّمۡسِ وَلَا غُرُوۡبَھَا

*સૂરજના તુલૂઅ તથા ગુરૂબ (સૂર્યોદય તથા સૂર્યાસ્ત)ના સમયે ઈરાદાપૂર્વક નમાઝ ન પઢો."*

*(બુખારી, ૧/૮૩ મવાકીત)*

થઈ જાય, ન પૂર્વ ઝુકે ન પશ્ચિમ. એનો સાર બરાબર મધ્યાન્હ (બપોર) છે. **ان نقبرفیھن مو تانا**થી મુરાદ નમાઝે જનાઝા છે. જેમ કે અબૂ દાઊદની રિવાયતમાં આ તફસીલ છે. **ان نصلی فیھن او ان نقبرفیھن مو تانا** એટલે એ સમયોમાં મુર્દા પર નમાઝ પઢવા અને તેને દફન કરવાથી મના ફર્માવ્યું. **આ કરાહત ત્યારે છે જ્યારે કે જનાઝો પહેલેથી તૈયાર હોય અને કોઈ કારણે મોડુ થઈ ગયું.** દા.ત. કોઈની રાહ જોવામાં, અને ઝવાલનો સમય આવી ગયો. **અને જો જનાઝો એ જ સમયે તૈયાર કર્યો હોય તો કરાહત નથી, હવે ઝવાલનો સમય નીકળી જવાની રાહ જોવી મના છે !** એટલા માટે કે જનાઝાને તૈયાર થઈ ગયા બાદ દફનમાં જલ્દી કરવાની તાકીદ કરતો હુકમ હદીષોમાં આવ્યો છે, જેથી મોડુ કરવું આ હદીષોની વિરૂદ્ધ છે.

**ઝવાલથી મુરાદ :** પબ્લિક એ સમયને ઝવાલ કહે છે જ્યારે કે તેનું સાચુ નામ નિસ્ફુન્નહાર (મધ્યાન્હ) છે. અમે ઉર્ફ (આમ બોલી)નો લેહાઝ કરતાં તેને ઝવાલ દર્શાવ્યું, નહીં તો હકીકતમાં **ઝવાલ**નો અર્થ છે **ઢળવું**, એ વખતે ઝોહરનો સમય શરૂ થઈ જાય છે અને મકરૂહ સમય ખત્મ થઈ જાય છે. એનાથી મુરાદ ઝહ્‌વએ કુબરા છે એટલે નિસ્ફુન્નહારે શરઈ તથા નિસ્ફુન્નહારે હકીકી વચ્ચેનો સમય. શરઈ દિવસ સુબ્હ સાદિકથી લઈને સૂર્ય ડૂબવા સુધી છે અને ઉર્ફી દિવસ સૂરજ નીકળવાથી લઈને સૂરજ ડૂબવા સુધી છે. સુબ્હ સાદિકથી લઈને સૂર્ય ડૂબવા સુધીનો જે સમય છે તેના ડૂબવા સુધી છે. તેના મધ્યથી ઝહ્‌વએ કુબરા શરૂ થાય છે અને તદ્દન વચ્ચે આવવાથી લઈને સૂર્ય ઢળતા સુધી રહે છે. આ સંપૂર્ણ સમય નિસ્ફુન્નહાર (મધ્યાન્હ) છે. આ સમયે નમાઝ મકરૂહ છે. ઝહવએ કુબરા આપણા શહેરોમાં (યુ.પી.માં) કમસે કમ **૩૯** મિનિટ અને વધુમાં વધુ ૪૭ મિનિટ હોય છે. *(ફતાવા રઝવિય્યહ, ૨/૪૧૬)*

નિસ્ફુન્નહારથી ઝહવએ કુબરા મુરાદ છે. આ કૌલ ખ્વારિઝમના ઈમામોની પ્રતિ સંબંધિત છે. ઈમામ રૂકનુદ્દીન સબાગ઼ીએ એના પર ફત્વો આપ્યો. એટલા માટે કે નિસ્ફુન્નહાર ઉર્ફી પછી કોઈ જ ગેપ વિના ઝવાલ થઈ જાય છે, એમાં કોઈ પણ નમાઝ શક્ય નથી. અને એ સમયે નમાઝની મનાઈથી જાહેર થાય છે કે એ સમયે નમાઝ પઢી શકાશે નહીં. તેમજ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષનો જાહેરી ભાવાર્થ પણ એ જ છે કે ફર્માવ્યું : **نھی عن الصلوٰۃ نصف النھار حتی تزول الشمس** "હુઝૂરે અક્દસ ﷺએ નિસ્ફુન્નહારના સમયે નમાઝથી મના ફર્માવ્યું ત્યાં સુધી કે સૂરજ ઢળી જાય." *(મિશ્કાત-૯૫)*

હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہની આ હદીષ સિવાય અન્ય પણ હદીષ અહનાફ (હનફીઓ)ના સમર્થનમાં છે. દા.ત. હઝરત અમ્ર બિન ગબસા અને હઝરત અબ્દુલ્લાહ બિન અલસનાબહી, હઝરત અબૂ હુરરહ, હઝરત અબૂ કતાદા رضی اللہ عنہمની હદીષો.

**જુમ્આના દિવસે ઝવાલના સમયે નમાઝ અપવાદ :** હઝરત અબૂ હુરૈરહ અને હઝરત અબૂ કતાદાની હદીષમાં મધ્યાહનના સમયે નમાઝની મનાઈથી જુમ્આનો દિવસ અપવાદ છે. એના પ્રમાણે ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہનો કૌલ છે. હાવીમાં છે : એના પર ફત્વો છે. દુર્રે મુખ્તારમાં ઈશ્બાહથી નકલ ફર્માવ્યું કે, આ

ت ۱۲۴ وَقَالَ كُرَيْبٌ عَنْ أُمِّ سَلَمَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا صَلَّى النَّبِيُّ

**[તઅલીક઼ : ૧૨૪]** "કુરૈબે હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત કરી. નબી ﷺ એ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَعْدَ الْعَصْرِ رَكْعَتَيْنِ وَقَالَ شَغَلَنِيْ نَاسٌ

અસ્ર પછી બે રકાત પઢી અને ફર્માવ્યું, અબ્દુલ કૈસના કેટલાક લોકોએ મને મશ્ગૂલ રાખ્યો અને હું ઝોહર

مِّنْ عَبْدِ الْقَيْسِ عَنِ الرَّكْعَتَيْنِ بَعْدَ الظُّهْرِ ۔

પછીની બે રકાતો ન પઢી શક્યો હતો."

*(બુખારી ૧/૮૩ મવાક઼ીત, ૧/૧૬૪ તહજ્જુદ, ૨/૬૨૭ મગાઝી, મુસ્લિમ, અબૂ દાઊદ)*

જ સહીહ તથા વિશ્વનીય છે. પણ અલ્લામા શામીએ એના પર એ વાંધો નક઼લ કર્યો કે મતનો તથા શરહો એના વિરૂદ્ધ છે. એટલે કે મનાઈના હુકમમાં જુમ્આનો દિવસ પણ સામેલ છે. અને આ હદીષોનો જવાબ હનફી ઉલમાથી એ નક઼લ કર્યો કે મુબીહ તથા મુહર્રિમમાં ટકરાવ છે એટલા માટે અગ્રતા મુહર્રિમને થશે.

**મક્કા મોઅઝ્ઝમામાં અપવાદનો જવાબ :** એ જ પ્રમાણે અબૂ દાઊદ, તિર્મિઝી તથા નિસાઈએ હઝરત જુબૈર બિન મુત્ઈમ رضی اللہ عنہ થી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું, હે અબ્દે મુનાફ ! કોઈ કોઈ પણ સમયે કાબાનો તવાફ કરે અથવા નમાઝ પઢે તો તેને મના ન કરો. (મિશ્કાત–૯૫) એનાથી સાબિત થયું કે મક્કા મોઅઝ્ઝમામાં કોઈ નમાઝ કોઈ સમયમાં પઢવી મના નથી. એનો જવાબ એ છે કે પાછલી હદીષો પર નજર કરતાં એનાથી મુરાદ એ છે કે મકરૂહ સમયો સિવાયમાં જે સમયે જેનો જીવ ચાહે તવાફ કરે, નમાઝ પઢે એ ન રોકો, જેથી હદીષોમાં વર્ગીકરણ થઈ જશે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ જદ્દુલ મુમ્તારમાં ફર્માવ્યું : એ પણ શક્ય છે કે આ તે વાતનો સંબંધ એમાંથી હોય જેમ કે ફર્માવવામાં આવ્યું કે પબ્લિક જો મકરૂહ સમયોમાં નમાઝ પઢે તો મના ન કરવામાં આવે. જાઈઝ ન હોવુ ઓર છે અને મના ઓર ચીજ છે. મતલબ એ છે કે જાણકાર ખૂદ એ સમયોમાં મક્કા મોઅઝ્ઝમામાં પણ નમાઝ ન પઢે, પરંતુ જો કોઈ પઢે છે તેને મના કરવામાં ન આવે. નમાઝ એવો હસીન અમલ છે જેનાથી રોકવામાં ન આવે. *(જદ્દુલ્ મુમ્તાર, ૨૪૯)*

## તઅલીક઼ : ૧૨૪ની સમજૂતી

**પરિપૂર્ણતા :** અબવાબુસ્સહૂદ તથા મગાઝીમાં આ તઅલીક઼ ઈમામ બુખારીએ પૂરી સનદની સાથે વિસ્તારપૂર્વક વર્ણન કરી છે. કુરૈબ કહે છે કે મને ઈબ્ને અબ્બાસ તથા મિસ્વર બિન મખ્રમા તથા અબ્દુર્રહમાન બિન અઝહરે હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં મોકલ્યા કે હાજર થઈને તેમની ખિદમતમાં અમારા સૌના સલામ અર્ઝ કરો. પછી અસ્રના બાદની બે રકાતોના બારામાં તેમનાથી સવાલ કરો અને અર્ઝ કરો કે અમને લોકોને એ ખબર મળી છે કે આપ અસ્ર બાદ બે રકાત પઢો છો. જ્યારે કે અમને એ હદીષ પહોંચી છે કે નબી ﷺએ એનાથી મના ફર્માવ્યું છે. અને ઈબ્ને અબ્બાસે બતાવ્યું કે હઝરત ઉમરની સાથે હું લોકોને આ નમાઝ પઢવા પર માર્યા કરતો હતો. કુરૈબે કહ્યું કે હું હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં હાજર થયો અને એ લોકોનો પયગામ પહોંચાડી આપ્યો. તેમણે ફર્માવ્યું, ઉમ્મે સલ્માને પૂછો. હું ત્યાં તે હઝરાતની પાસે ગયો અને હઝરત આઈશાનો ઈર્શાદ જણાવ્યો. હવે તે હઝરાતે

મને ઉમ્મે સલ્મા رضی اللہ عنہاની ખિદમતમાં મોકલ્યો. હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ ફર્માવ્યું, હું નબી ﷺને એ બે રકાતોથી મના કરતાં સાંભળી ચૂકી હતી. ત્યારબાદ મેં જોયું કે અસ્ર પઢયા બાદ જ્યારે મારા ઘરમાં તશરીફ લાવ્યા તો એને પઢી રહ્યા છે. મારી પાસે બની હરામની કેટલીક અન્સારની સ્ત્રીઓ હતી એટલા માટે મેં મારી ખાદિમાને હુઝૂરની પાસે મોકલી અને શીખવ્યું કે બાજુમાં ઉભી થઈ જા અને અર્ઝ કર, ઉમ્મે સલ્મા ખિદમતે પાકમાં અર્ઝ કરે છે, યા રસૂલલ્લાહ ! આપને આ રકાતોથી મના કરતાં હું સાંભળી ચૂકી છું અને જોઈ રહી છું કે હુઝૂર એને પઢી રહ્યા છે ! જો હાથથી ઈશારો કરે તો પાછળ હટી જજે. ખાદિમાએ એવું જ કર્યું તો હુઝૂરે હાથથી ઈશારો કર્યો તો તેણી હટી ગઈ. જ્યારે હુઝૂર નમાઝથી ફારિગ થઈ ચૂક્યા તો ફર્માવ્યું, હે અબૂ ઉમૈયાની પુત્રી ! અસ્ર પછીની બે રકાતના બારામાં તેં પૂછયું છે ! વાત એ થઈ કે અબ્દુલકૈસના કેટલાક લોકો મારી ખિદમતમાં હાજર થયા અને મશગૂલ રાખ્યો જેના લીધે ઝહોરના બાદવાળી બે રકાતો નથી પઢી શક્યો આ તે જ બંને છે.

**શંકા તથા જવાબ** : આ હદીષથી એવું માલૂમ પડે છે કે નફલોની કઝા છે પણ આગળ વિસ્તારપૂર્વક વર્ણન આવી રહ્યું છે કે આ હુઝૂરે અક્દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે.

**સામ્યતા** : અહીં ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે : "અસ્ર પછી છૂટેલી નમાઝો અને એના જેવી નમાઝોને પઢવું." પણ જ્યારે એ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે તો એનાથી પ્રકરણ સાબિત ન થશે. આ મસ્અલામાં આપણે ત્યાં સ્પષ્ટતા છે. સૂર્યાસ્તથી ૨૦ મિનિટ પહેલાં સુધી કેવળ નફલો મકરૂહ છે પણ ફર્ઝો તથા વાજિબો વિના કરાહતે દુરુસ્ત છે. પછી ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત) સુધી કોઈ નમાઝ જાઈઝ નથી, **સિવાય તે દિવસની અસરના,** અને **એ નમાઝે જનાઝાના જે તે જ સમયે તૈયાર થયો હોય,** અને **સિજદાએ તિલાવત જે એ સમયે તિલાવતથી વાજિબ થયો હોય.**

**نحوھا** : પ્રકરણમાં **نحوھا** હતું. ઈબ્ને મુનીરે ફર્માવ્યું, એમાં નવાફિલે રાતિબા એટલે સુન્નતે મોઅક્કદા દાખલ છે. અને હદીષમાં મનાઈ તે નફલોથી છે જેના માટે કોઈ સબબ ન હોય, એટલે કે જે પોતાની મરજીથી પઢવામાં આવે. એના પર અલ્લામા અયનીએ એ પકડ કરી કે, અમને એ માન્ય નથી કે **نحوھا** નવાફિલે રાતિબાને દાખલ કરવાના માટે વધાર્યું. બલ્કે એનાથી મુરાદ તે નમાઝે જનાઝા છે જે એ સમયે તૈયાર થયો હોય અને તિલાવતનો સિજદો છે જે એ જ વખતે વાજિબ થયો હોય, એટલે કે વાજિબો તથા ફર્ઝો અને હઝરત ઉક્બા رضی اللہ عنہની હદીષ તથા અન્ય હદીષોથી અત્યારે મુત્લકન દરેક નફલની મનાઈ સાબિત છે. ચાહે તેનો કોઈ સબબ હોય કે ન હોય. તે હદીષો પોતાના સામાન્યપણાના લેહાઝથી સર્વ નફલોને સમાવે છે. **હું કહું છું** : અલ્લામા અયનીના આ ઈર્શાદનો પાયો એના પર છે કે એને ઈબ્ને મુનીરે પણ સ્વીકારી લીધેલ છે કે ફવાઈતથી મુરાદ છૂટી ગયેલા ફર્ઝો છે. તો એના જેમ તે જ નમાઝો થશે જે ફર્ઝ અથવા કમસે કમ વાજિબ હોય. જેમ કે નમાઝે જનાઝા જે ફર્ઝ છે અને સિજદાએ તિલાવત જે વાજિબ છે અને નફલોની કઝા એકમતિએ ન ફર્ઝ છે ન વાજિબ છે. એટલા માટે તે **نحوھا**માં દાખલ નથી થઈ શકતી.

# حدیث ۳۹۱

**[હદીષ : ૩૯૧]**

اَنَّہٗ سَمِعَ عَائِشَۃَ قَالَتْ وَالَّذِیْ ذَھَبَ بِہٖ مَا تَرَکَھُمَا حَتّٰی

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, એ ઝાતની ક઼સમ ! જે હુઝૂરને દુનિયાથી લઈ ગઈ,

لَقِیَ اللّٰہَ وَمَا لَقِیَ اللّٰہَ حَتّٰی ثَقُلَ عَنِ الصَّلٰوۃِ وَکَانَ یُصَلِّیْ کَثِیْرًا مِّنْ صَلَاتِہٖ

અસ્ર પછીની બે રકાતો હુઝૂરે કદી નથી છોડી, ત્યાં સુધી કે અલ્લાહ عزوجل થી મુલાકાત કરી અને અલ્લાહ عزوجل થી

قَاعِدًا تَعْنِیْ الرَّکْعَتَیْنِ بَعْدَ الْعَصْرِ وَکَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یُصَلِّیْھِمَا وَلَا

મુલાકાત તે વખતે કરી જ્યારે આપ નમાઝ પઢવાથી થાક અનુભવવા લાગ્યા અને હુઝૂર મોટાભાગે નમાઝ

یُصَلِّیْھِمَا فِی الْمَسْجِدِ مَخَافَۃَ اَنْ یُّثْقِلَ عَلٰی اُمَّتِہٖ وَکَانَ یُحِبُّ مَا یُخَفِّفُ عَنْھُمْ ۔

બેસીને પઢતા હતા એટલે કે અસ્ર પછીની બંનેવ રકાતો. નબી ﷺ એને પઢતા હતા અને મસ્જિદમાં ન

પઢતા હતા એ અંદેશાના કારણે કે ઉમ્મત પર ભારરૂપ ન થઈ જાય અને એ પસંદ ફર્માવતા

હતા કે ઉમ્મત પર હલકાપણુ રહે.'' *(બુખારી ૧/૮૩ મવાફ઼ીત, મુસ્લિમ)*

# حدیث ۳۹۲

**[હદીષ : ૩૯૨]**

قَالَ قَالَتْ عَائِشَۃُ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا اِبْنَ اُخْتِیْ مَا تَرَکَ

''ઉરવાએ કહ્યું કે હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, હે ભાણ્યા !

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ سَجْدَتَیْنِ بَعْدَ الْعَصْرِ عِنْدِیْ قَطُّ ۔

નબી ﷺ એ અસ્ર પછી બે રકાતો મારી પાસે કદી નથી છોડી.''

**સમજૂતી : ૩૯૧–૩૯૨–૩૯૩–૩૯૪**

સહીહ એ જ છે કે અસ્ર બાદ નફલ મુત્લક઼ન (અબાધિત કોઈ અપવાદ વિના) મકરૂહ છે અને હુઝૂરે અક઼દસ ﷺનું પઢવું હુઝૂરની વિશિષ્ટતાઓમાંથી છે. તેની દલીલો નીચે મુજબ છે :–

**૧.** હમણા વર્ણન થઈ ચૂકેલી બુખારીની હદીષ–૩૯૧માં એ ખુલાસો છે કે હુઝૂરે અક઼દસ ﷺ મસ્જિદમાં એ બે રકાતોને એટલા માટે પઢતા ન હતા કે ઉમ્મત પર બોજ ન પડે અને એવું પસંદ કરતા હતા કે ઉમ્મત પર હલકાપણુ (રાહત) રહે. આ હદીષથી જાહેર થઈ ગયું કે હુઝૂરે અક઼દસ ﷺને એ પસંદીદા ન હતું કે ઉમ્મત એ નમાઝને પઢે. આ જ દલીલ વિશિષ્ટતા માટેની છે.

# حدیث ۳۹۳

**[હદીષ : ૩૯૩]**

عَنْ عَائِشَةَ قَالَتْ رَكْعَتَانِ لَمْ يَكُنْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, બે રકાતો રસૂલુલ્લાહ ﷺ કદી છોડતા ન હતા,*

وَسَلَّمَ يَدَعُهُمَا سِرًّا وَّلَا عَلَانِيَةً رَكْعَتَانِ قَبْلَ صَلٰوةِ الصُّبْحِ وَرَكْعَتَانِ بَعْدَ الْعَصْرِ۔

*ન છુપી રીતે ન એલાનિયા. સવારની નમાઝ પહેલાં બે રકાત અને અસરની નમાઝ બાદ બે રકાત."*

# حدیث ۳۹۴

**[હદીષ : ૩૯૪]**

قَالَ رَأَيْتُ الْاَسْوَدَ وَمَسْرُوْقًا شَهِدَا عَلٰى عَائِشَةَ قَالَتْ مَاكَانَ

*"અસ્વદ અને મસરૂકે હઝરત આઈશા પર ગવાહી આપી કે તેમણે ફર્માવ્યું, નબી ﷺ જ્યારે પણ*

النَّبِیُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَاْتِيْنِيْ فِيْ يَوْمٍ بَعْدَ الْعَصْرِ اِلَّا صَلّٰى رَكْعَتَيْنِ۔

*અસ્ર બાદ મારી પાસે તશરીફ લાવ્યા તો બે રકાતો પઢતા." (બુખારી ૧/૮૨ મવાક઼ીત, અબૂ દાઊદ, નિસાઈ)*

**૨.** હઝરત ઝકવાન મૌલા ગુલામે આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا એ તેમનાથી આ હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺ અસ્ર બાદ નમાઝ પઢતા હતા અને એનાથી મના કરતા હતા. સૂમે વિસાલ (ઈફતારી વિનાના સતત રોઝા) રાખતા હતા અને એનાથી મના કરતા હતા. *(અબૂ દાઊદ, ૧/૧૮૧ સલાત)*

**૩..** હમણા હદીષ વર્ણન થઈ ચૂકી કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, હું હઝરત ઉમર رضی اللہ عنہ ની સાથે લોકોને અસ્ર બાદ નમાઝ પઢવા પર માર્યા કરતો હતો. તદ્‌ઉપરાંત ઈમામ તહાવી (૧/૧૮૦)એ શરહે મઆનિયુલ આષારમાં વિવિધ સનદોની સાથે એ વર્ણન કર્યુ અને આવું તમામ સહાબીઓની મૌજૂદગીમાં થયું અને કોઈએ એનો ઈન્કાર નથી કર્યો.

**૪..** તેમજ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا થી અમુક રિવાયતો એનાથી વિરૂદ્ધ પણ આવી છે, દા.ત. તઅલીક઼–૧૨૪ કે જ્યારે કુરૈબે એમની ખિદમતમાં હાજર થઈને એના બારામાં સવાલ કર્યો તો ફર્માવ્યું, ઉમ્મે સલ્માને પૂછો. જો ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશાને એના બારામાં કાંઈ માલૂમ હતું તો ખૂદ શા માટે ન બતાવ્યું ? ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા પાસે શા માટે મોકલ્યા ? બલ્કે તહાવી *(શરહે મઆનિયુલ આષાર, ૧/૧૪૭, ૧૪૮)*એ અબૂ સલ્મા બિન અબ્દુર્રહમાનથી એક હદીષ વર્ણન કરી છે કે હઝરત મુઆવિયાએ તેમને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہ ની પાસે એના બારામાં પૂછવા માટે મોકલ્યા તો ફર્માવ્યું, "લા અદરી" હું નથી જાણતી. તદ્‌ઉપરાંત હઝરત મુઆવિયાની બીજી હદીષમાં છે કે ફર્માવ્યું : **ليس عندى صلاهما** મારી પાસે આ બે રકાતો નથી પઢી. લગભગ આ જ અર્થના હિસાબે કમીની બિના પર ઈમામ તિર્મિઝી (સલાત ૧/૨૬)એ પ્રથમ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની આ હદીષ વર્ણન કરી, કે રસૂલુલ્લાહ

ﷺએ અસ્ર બાદ બે રકાત કેવળ એ કારણે પઢી હતી કે ખિદમતે અક્દસમાં અમુક માલ આવી ગયો હતો એમાં મશગૂલિયતના કારણે ઝહોર બાદની બે રકાત પઢી ન હતી એને અસ્ર બાદ પઢી. ثم لم يعدها પછી કદી નથી પઢી. એના બાદ ફર્માવ્યું :–

**وقد رویٰ غير واحد عن النبی صلی الله تعالیٰ عليه وسلم انه صلی بعد العصر ركعتين وهذا خلاف ماروی عنه انه نهی عن الصلوٰة بعد العصر حتی تغرب الشمس وحديث ابن عباس اصح حيث قال لم يعد هما–**

"વિવિધ હઝરાતે નબી ﷺના બારામાં આ રિવાયત કરી છે કે અસ્ર બાદ બે રકાત પઢી છે. એ તે હદીષની વિરૂદ્ધ છે જે રિવાયત થઈ છે કે હુઝૂરે અસ્ર બાદ સૂરજ ડૂબવા સુધી નમાઝથી મના ફર્માવ્યું છે. અને ઈબ્ને અબ્બાસ رضی الله عنهماની હદીષ અધિક સહીહ છે કે તેમણે ફર્માવ્યું, પછી કદી નથી પઢી.

**એક શંકાનું નિવારણ :** વિવિધ હદીષોમાં આવ્યું છે કે અસ્ર બાદ જે બે રકાત હુઝૂરે અક્દસ ﷺએ પઢી તે ઝોહર બાદની સુન્નતની કઝા હતી. તેમજ દારકુત્નીની એક રિવાયતમાં છે કે અસ્રના સમયે બિલાલે ઈક઼ામત જલ્દી કરી દીધી અને હું અસ્ર પહેલાંની સુન્નત ન પઢી શકયો હતો, આ અસ્ર બાદ જે પઢી રહ્યો છું એ તેની કઝા છે. જ્યારે કે સુન્નતોની કઝા નથી. એનો જવાબ એ છે કે આ પણ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. એની દલીલ દારકુત્નીની એ રિવાયત છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન જ્યારે પૂછયું કે શું અમે લોકો પણ કઝા કરીએ ? તો ફર્માવ્યું, નહીં ! *(ઉમ્દતુલ કારી, ૫/૮૪)*

**કશ્મીરી મહાશયની રદ :** અલ્લામા ઈબ્ને હજરે હઝરત ઈબ્ને અબ્બાસની ઉપરોક્ત હદીષ પર આલોચના કરી **وفيه جرير عن عطاء وسماعه منه بعد الاختلاط** પણ ફયઝુલ્ બારી ૨/૧૪૧માં કશ્મીરી મહાશયે એને હઝરત આઈશા رضی الله عنهاની હદીષ પર ફીટ કરી આપ્યું છે.

**કશ્મીરી મહાશયની દિલેરી :** અન્વારુલ બારી, ભાગ–૧૮, પેજ–૩૪ ઉપર હદીષ–૩૯૧ના બારામાં છે : અન્વરશાહ કશ્મીરી મહાશયે કહ્યું કે મૂળ લખાણ હદીષનું આ પ્રમાણે હતું :–

**ماتركهما حتی لقی الله تعنی الركعتين بعد العصر، وما لقی الله تعالی حتی ثقل عن الصلوة وكان يصلی كثيرا من صلوته قاعدا وكان النبی صلی الله تعالی عليه وسلم۔۔الخ**

રાવીએ قاعداની સાથે تعنی વાળા શબ્દોને જોડીને ગોઠવણી તથા અર્થ બગાડી નાખ્યો. એના પર બીજનોરી સાહબે આ હેડીંગ રચ્યું : "ઈમામ બુખારીની ચૂક." **હું કહું છું :** પ્રથમ તો એ કે રાવીએ તરતીબ (ગોઠવણ) બગાડી તો એ ઈમામ બુખારીની ચૂક કેવી રીતે થઈ ગઈ ?! એ એમની ઉચ્ચ કક્ષાની પ્રમાણિક્તા છે કે જેવું સાંભળ્યું તેવું જ યાદ રાખ્યું અને તેવું જ લખ્યું. બીજુ એ કે તરતીબ (ક્રમ) બદલી નાખી એના માટે શું દલીલ છે ? સહીહ તરીતબનો તમને ઈલ્મ કેવી રીતે થયો ? ત્રીજુ એ કે અર્થ બગાડવાનો આક્ષેપ પણ ગલત છે, તમે તો એવું જ કહેવા ચાહો છો ને કે હુઝૂરે અક્દસ ﷺ આખરી ઉમર મુબારકમાં મોટાભાગે નફલો બેસીને પઢતા હતા, ચાહે તે અસ્ર પછીની હોય કે કોઈ અન્ય. અને બુખારીમાં વર્ણવેલ ક્રમ (તરતીબ)થી એ માલૂમ પડે છે કે કેવળ અસ્રના બાદ વાળી નફલ મોટાભાગે બેસીને પઢતા હતા. પરંતુ આપને માલૂમ હોવું જોઈએ કે એવું ઘણુ થાય છે કે કોઈ ખાસ પ્રસંગે કોઈ ખાસ ચીજનું મહત્વ જાહેર કરવા માટે સામાન્ય હુકમને એવી રીતે બયાન કરવામાં આવે છે જેનાથી શંકા ઉપજે છે કે આ હુકમ એ ખાસ ચીજની સાથે ખાસ છે. જેમ કે કુર્આન મજીદમાં છે : **لَا تَأْكُلُوا الرِّبٰوٓا اَضْعَافًا مُّضٰعَفَةً** "ચક્રવૃધ્ધિ વ્યાજ ન ખાવ." અને ફર્માવ્યું : **لَا تُكْرِهُوْا فَتَيٰتِكُمْ عَلَى الْبِغَآءِ اِنْ اَرَدْنَ تَحَصُّنًا** "તમારી બાંદીઓને ઝિના માટે મજબૂર ન કરો જો તેણીઓ પાકદામની ચાહે." જ્યારે કે વ્યાજ મુત્લકન હરામ છે ભલે ચક્રવૃધ્ધિ ન હોય. ઝિના માટે કોઈને મજબૂર કરવું દરેક સંજોગોમાં હરામ છે. એ જ પ્રમાણે હઝરત ઉમ્મુલ મો'મિનીન અસ્ર બાદની નફલનું મહત્વ દર્શાવવા માટે

ફર્માવે છે કે હુઝૂરનું શરીર મુબારક જ્યારે ભારે થઈ ગયું અને નફલો બેસીને પઢવા લાગ્યા હતા, એ સમયે પણ એને ન છોડી. વળી ક્યારેક એવું પણ થાય છે કે વાતચીત દરમ્યાન કોઈ અધ્યાહન વાત કરી દેવામાં આવે છે અને ધ્યાન ન હોવાના કારણે વાતનો ક્રમ આગળ વધી જાય છે. પછી ખયાલ આવે છે કે ફલાણી વાત અધ્યાહન હતી, તો હવે તફસીર કરી દેવામાં આવે છે.

**પરિપૂર્ણતા** : ઈમામ લયૂષ ઈબ્ને સઅદ رحمۃ اللہ علیہએ પોતાના તબકાતમાં લખ્યું છે કે તે હજજના દિવસોમાં મક્કા મોઅઝ્ઝમામાં હાજર થયા. અસ્ર બાદ સૂરજમાં ગ્રહણ લાગ્યું પણ કોઈએ પણ "નમાઝે કસૂફ" ન પઢી. પૂછવા પર લોકોએ જણાવ્યું કે કેમ કે એ વખતે નમાઝ મકરૂહ છે એટલા માટે "નમાઝે ફસૂફ" પઢવામાં ન આવી. એ સહાબાનો અંતિમ દૌર હતો અને તાબઈનનો અવ્વલ દૌર હતો. હજારો તાબઈન મૌજૂદ હતા પણ કોઈએ પણ ન પઢી. એનાથી સાબિત થઈ ગયું કે જમહૂર (બહુમતિ) તાબઈનનો પણ એ જ મઝહબ છે કે **અસ્ર બાદ નફલ મુત્લકન મકરૂહ** છે. આ પરથી શાફઈ હઝરાતનું એવું કહેવું પણ રદ થઈ ગયું કે અસ્ર બાદ કેવળ બે નમાઝો મકરૂહ છે જે અસ્બાબવાળા ન હોય. અને અસ્બાબવાળા મકરૂહ નથી એટલા માટે નમાઝે કુસૂફ અસ્બાબવાળામાંથી છે. આ ઈમામ લયૂષ ઈબ્ને સઅદ એ કક્ષાના પેશવા છે કે ઈમામ શાફઈ એ ફર્માવ્યું, એ ઈમામ માલિકથી કમ નથી, પણ એમના શાગિર્દો એ એને ત્યજી દીધું.

**પરિપૂર્ણતા** : હનફીઓને ત્યાં તુલૂઅ, ઈસ્તવા, ગુરૂબના સમયે કોઈ પણ નમાઝ જાઈઝ નથી, ન ફર્ઝો ન વાજિબો ન નફલો. બાકી મકરૂહ સમયોમાં કેવળ નફલો મકરૂહ છે ફર્ઝો તથા વાજિબો દા.ત. નમાઝે જનાઝા તથા તિલાવતનો સિજદો મકરૂહ નથી. એના પર ઈમામ ઈબ્ને હુમામે ફર્માવ્યું, نِهی આમ છે. પછી આ ત્રણેવ સિવાય બાકી સમયોમાં ફર્ઝો તથા વાજિબોનું ખાસ હોવું કયા કારણે છે ? **હું કહું છું** : આ ત્રણેવ સમયોમાં નમાઝની મનાઈની ઈલ્લત (સબબ) ખૂદ શારેઅ علیہ السلامએ વર્ણન કરી આપી કે તુલૂઅ તથા ગુરૂબના સમયે સૂર્ય શૈતાનની શીંગો વચ્ચે રહે છે અને મધ્યાન્હના સમયે જહન્નમ ભડકાવવામાં આવે છે. એનાથી જાણવા મળ્યું કે આ ત્રણેવ સમયોમાં મનાઈ એવા કારણે છે જે સમયમાં જોવા મળે છે જેના કારણે એ સમયો નમાઝના સમયો હોવાની લાયકાત જ નથી ધરાવતા, એટલા માટે એ સમયોમાં કોઈ નમાઝની ઈજાઝત નથી. અન્ય સમયોથી ઉલ્ટુ કે એમાં મનાઈની ઈલ્લત (સબબ) શારેઅ ﷺએ નથી બતાવી, પણ હદીષોથી જ સાબિત કે અન્ય સમયો નમાઝની લાયકાત ધરાવે છે. ખૂદ હુઝૂર ﷺએ અસ્ર બાદ નમાઝ પઢી. એટલા માટે એ સમયોમાં અમે તફસીલ કરી કે ફર્ઝો તથા વાજિબો અને નફલો મના. એમાં એક ખાસ કારણ છે. ફર્ઝો તથા વાજિબો અલ્લાહ ﷻના ફર્ઝ તથા વાજિબ કરવાથી છે. જો અદા ન થયા તો જિમ્મે રહી જશે અને બંદાની એના માટે પૂછતાછ થશે. એનાથી શક્ય તેટલા જલ્દી ભારમુક્ત થવું જરૂરી છે. પહેલાં તૌફીક ન થઈ અને એ જ સમયોમાં તૌફીક થઈ તો મોડુ શા માટે કરે. નવાફિલ ઉલ્ટુ કે તે ઈખ્તિયારી છે. અને એ સમયોમાં જ્યારે નમાઝથી મનાઈ છે તો તેનાથી મુરાદ કોઈ ન કોઈ નમાઝ જરૂર હોવી જોઈએ. અમે નફલોને એના મુરાદ બનાવવું અધિક યોગ્ય જાણ્યું. બીજુ, એ ઉપરાંત તુલૂઅ તથા ગુરૂબ તથા ઈસ્તિવાના સમયે મનાઈની હદીષો એટલી પુષ્કળ છે કે મુતવાતિરના અર્થમાં છે, અને એના વિરૂદ્ધ કોઈ હદીષ નથી એ પોતાની શક્તિના એતબારથી ફર્ઝો તથા વાજિબોને માટે પણ આમ થઈ, બીજા સમયોમાં મનાઈની હદીષોનાથી ઉલ્ટુ કે તે એટલી અધિક પ્રમાણમાં નથી અને એના વિરુદ્ધ બીજી હદીષો પણ છે. અને ફર્ઝો તથા વાજિબો કવી (મજબૂત) એટલા માટે એ હદીષોને નફલો સાથે જ ખાસ રાખવામાં આવી. ત્રીજુ : બીજા સમયોમાં મનાઈની હદીષોમાં ટકરાવ છે એમાં વર્ગીકરણની હનફીઓએ એ સ્થિતિ પેદા કરી કે ઈજાઝતની હદીષોને ફર્ઝો તથા વાજિબોની સાથે ખાસ કરી અને મનાઈની હદીષોને નફલોની સાથે. **هٰذَا ما عندی والعلم بالحق عند ربی وعلمه جل مجده اتم واحکم** એ સમયોમાં તવાફના પછીની નમાઝ પણ સહીહ નથી જ્યારે કે તે વાજિબ છે. ફરકનો સબબ એ છે કે એ સમયોમાં ફર્ઝો તથા તે વાજિબોની ઈજાઝત છે જે ફર્ઝોના જેમ વાજિબુલ અયનિયા હોય, અને તવાફ પછીની નમાઝ વાજિબુલ અયનિયા નથી બલ્કે તવાફના કારણે વાજિબ થઈ.

# حدیث ٣٩٥

**[હદીષ : ૩૯૫]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ اَبِیْ قَتَادَةَ عَنْ اَبِیْهِ قَالَ سِرْنَا مَعَ النَّبِیِّ صَلَّی اللّٰهُ

"હઝરત કતાદાએ ફર્માવ્યું, અમે એક રાત્રે નબી ﷺની સાથે ચાલ્યા ત્યાં સુધી કે કેટલાક લોકોએ

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَیْلَةً فَقَالَ بَعْضُ الْقَوْمِ لَوْ عَرَّسْتَ بِنَا یَا رَسُوْلَ اللّٰهِ قَالَ اَخَافُ

અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જો રાતના આખરમાં આપણે સૌના સાથે રોકાણ કરી લેત (તો સારું હતું).

اَنْ تَنَامُوْا عَنِ الصَّلٰوةِ قَالَ بِلَالٌ اَنَا اُوْقِظُكُمْ فَاضْطَجَعُوْا وَ اَسْنَدَ بِلَالٌ

ફર્માવ્યું, મને અંદેશો છે કે ક્યાંક તમે લોકો નમાઝથી ગાફેલ થઈને સૂઈ ન જાવ. બિલાલે અર્ઝ કરી, હું તમને

ظَهْرَهٗ اِلٰی رَاحِلَتِهٖ فَغَلَبَتْهُ عَیْنَاهُ فَنَامَ فَاسْتَیْقَظَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

સૌને જગાડી દઈશ, હવે સર્વ લોકો સૂઈ ગયા અને બિલાલે પોતાના ઊંટ પર પીઠ લગાડી લીધી. તેમની

وَقَدْ طَلَعَ حَاجِبُ الشَّمْسِ فَقَالَ یَا بِلَالُ اَیْنَ مَا قُلْتَ قَالَ مَا اُلْقِیَتْ عَلَیَّ

આંખો તેમના પર ગાલિબ આવી ગઈ અને સૂઈ ગયા. સૌ પ્રથમ રસૂલુલ્લાહ ﷺ જાગ્યા તે સમયે કે

نَوْمَةٌ مِّثْلُهَا قَطُّ قَالَ اِنَّ اللّٰهَ قَبَضَ اَرْوَاحَكُمْ حِیْنَ شَاءَ وَرَدَّهَا عَلَیْكُمْ

સૂરજનો કિનારો નીકળી ચૂક્યો હતો. હુઝૂરે ફર્માવ્યું, હે બિલાલ ! ક્યાં છે તે જે તેં કહ્યું હતું ?! અર્ઝ કરી,

حِیْنَ شَاءَ یَا بِلَالُ قُمْ فَاَذِّنْ بِالنَّاسِ بِالصَّلٰوةِ فَتَوَضَّاَ فَلَمَّا ارْتَفَعَتِ

આવી ઉંઘ મારા પર કદી નથી નાખવામાં આવી ! ફર્માવ્યું, બેશક ! જ્યારે અલ્લાહે ચાહ્યું તમારી રૂહોને કબ્ઝ

الشَّمْسُ وَابْیَاضَّتْ قَامَ فَصَلّٰی ؏

કરી લીધી અને જ્યારે ચાહ્યું પરત કરી આપી. હે બિલાલ ! ઉઠો અને નમાઝના માટે અઝાન આપો. હવે

હુઝૂરે વુઝૂ કર્યું અને જ્યારે સૂર્ય બુલંદ થયો અને સફેદ થયો તો ઉઠયા અને નમાઝ પઢી."

(બુખારી, ૧/૮૨ મવાકીત, ૨/૧૧૧૨ તૌહીદ, અબૂ દાઊદ, નિસાઈ)

**સમજૂતી : ૩૯૫**

હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ વાળી હદીષ–૨૪૦ની શરહમાં અમે દર્શાવી ચૂક્યા કે આખર રાતમાં રોકાણ કરીને સૂઈ જવાના કારણે ફજરની નમાઝ ત્રણવાર કઝા થઈ છે, જો કે કશ્મીરી સાહબ તેનો ઈન્કાર કરે છે, કેવળ એકવાર માને છે. (ફયઝુલ બારી, ૨/૧૪૩) પણ એ તેમનો ખોટો ખયાલ છે. બનાવોમાં એટલો તફાવત છે

# حدیث ۳۹۵

**[હદીષ : ૩૯૬]**

عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ

*"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ*

કે આ સર્વ બનાવો એક નથી હોઈ શકતા. દા.ત. હઝરત ઈમરાનવાળી હદીષમાં છે કે સૌ પ્રથમ હઝરત અબૂબક્ર જાગ્યા અને પછી ફલાણા અને પછી ફલાણા. પછી હઝરત ઉમર જાગ્યા. તેમની ઊંચા અવાજે તકબીર સાંભળીને હુઝૂર જાગ્યા. એ હદીષમાં એવું છે કે જાગ્યા બાદ ત્યાંથી થોડેક દૂર જઈને ફજરની નમાઝ પઢી. આ હદીષની વર્ણન શૈલી બતાવે છે કે ત્યાં જ નમાઝ પઢી. તે હદીષમાં એવું છે કે અમને તડકાની ગરમીએ જગાડયા, અને આમાં એવું છે કે જ્યારે હુઝૂર જાગ્યા તો સૂર્યનો કિનારો નીકળ્યો હતો, અને નમાઝનો મકરૂહ સમય હતો એટલા માટે હુઝૂર અટકી ગયા અને જ્યારે સૂર્ય એટલો ઊંચો થઈ ગયો કે પીળાશ ખત્મ થઈ ગઈ અને સૂરજ સફેદ થઈ ગયો તો નમાઝ પઢી.

મોઅત્તા ઈમામ માલિકમાં હઝરત ઝયદ બિન મુસ્લિમ رضی اللہ عنہની હદીષમાં એ ખુલાસો છે કે મક્કા મોઅઝ્ઝમાના માર્ગમાં ફજર ક઼ઝા થઈ હતી અને હઝરત ઈમરાનવાળી હદીષનો કિસ્સો ખયબરથી પરત થતાં બન્યો હતો. હઝરત ક઼તાદાવાળી હદીષમાં વર્ણન થયેલ તથા હઝરત ઝયદ બિન મુસ્લિમવાળી હદીષમાં વર્ણન થયેલ બનાવો પણ એક નથી. એટલા માટે કે એમાં એ છે કે ઈર્શાદ ફર્માવ્યો, અહીંથી ચાલો ! આ વાદીમાં શૈતાન છે. *(બાબુન્નૌમ અન્ સલાત, પેજ-૬)*

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે જો પૂરી જમાઅતની નમાઝ ક઼ઝા થઈ જાય તો એના માટે અઝાન પણ કહી શકીએ છીએ અને તેને બાજમાઅત પઢી પણ શકીએ છીએ. જો માણસ નમાઝનો પાબંદ છે અને સૂઈ જવાના કારણે નમાઝ ક઼ઝા થઈ ગઈ તો ગુનોહ નથી. એવા સમયે સૂવાથી બચવું જોઈએ કે નમાઝ ક઼ઝા થઈ જવાનો ખતરો હોય. હા ! જો કોઈ જગાડવાની જિમ્મેદારી લે તો કોઈ વાંધો નથી. આ હદીષોમાં ફજરની સુન્નત પઢવાનો ઉલ્લેખ નથી પણ બીજી હદીષોમાં છે. દા.ત. મુસ્લિમ શરીફ (૨/૨૩૯) તથા તહાવી (૧/૨૩૩)માં હઝરત અબૂ ક઼તદાની જ હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ પ્રથમ બે રકાતો પઢી પછી ફજરની નમાઝ પઢી. હઝરત અબૂ મરયમ (૧/૧૦૨) અને હઝરત અબૂ હુરૈરહ *(મુસ્લિમ-૧, નિસાઈ-૧)* رضی اللہ عنہماની હદીષમાં છે : પ્રથમ હુઝૂરે ફજરની પ્રથમવાળી બે રકાતો પઢી. તેમજ તહાવી (૧/૨૩૩)માં જ હઝરત ઈમરાનવાળી હદીષમાં છે : અઝાન બાદ અમે બે રકાતો પઢી પછી ઈક઼ામત કહેવામાં આવી.

ઉલમાનો એના બારામાં મતભેદ છે. આપણે ત્યાં સહીહ તથા મુખ્તાર એ છે કે જો ઝવાલથી પહેલાં ક઼ઝા પઢે તો ફજરની સુન્નત પણ પઢી લે. સૂર્ય નીકળ્યા બાદ જ્યાં સુધી એમાં પીળાશ બાકી રહે ક઼ઝા નમાઝ જાઈઝ નથી જ્યાં સુધી કે સફેદ ન થઈ જાય. વર્ણન થઈ ચૂક્યું કે એની માત્રા ૨૦ મિનિટ છે.

## સમજૂતી : ૩૯૬

આ હદીષમાં બે શંકાઓ છે : પ્રથમ એ કે **ماکدت ان اصلی العصر**નો શો અર્થ છે. એટલે કે હઝરત ઉમરે અસ્રની નમાઝ પઢી હતી કે નહીં. અલ્લામા અયનીની તેહક઼ીક઼ એ છે કે એનો મતલબ એ છે કે અસ્રની નમાઝ નથી પઢી. અલ્લામા ઈબ્ને હજરની રાય એ છે કે પઢી લીધી હતી. આ મતભેદનો પાયો એના પર છે કે **کد** સાબિતી તથા નકારમાં બીજા ફેઅલોની જેમ છે અને તેની નફી ઈષ્બાત, ઈષ્બાત નફી છે. અલ્લામા અયનીનો

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ جَاءَ یَوْمَ الْخَنْدَقِ بَعْدَ مَا غَرَبَتِ الشَّمْسُ فَجَعَلَ

સૂર્ય ડૂબ્યા પછી ગઝવએ ખંદકના દિવસે આવ્યા અને કુરૈશના કાફિરોને બુરા કહેવા લાગ્યા

یَسُبُّ کُفَّارَ قُرَیْشٍ قَالَ یَا رَسُوْلَ اللّٰہِ مَا کِدْتُّ اُصَلِّی الْعَصْرَ حَتّٰی

અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું અસ્ર પઢી શક્યો ન હતો એવામાં સૂરજ ડૂબવા લાગ્યો (એટલે કે અસ્ર

کَادَتِ الشَّمْسُ تَغْرُبُ۔ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَاللّٰہِ

પઢી ન શક્યો). નબી ﷺએ ફર્માવ્યું, ખુદાની કસમ ! મેં પણ અસ્ર નથી પઢી. ત્યાર બાદ

مَا صَلَّیْتُہَا فَقُمْنَا اِلٰی بُطْحَانَ فَتَوَضَّاَ لِلصَّلٰوۃِ وَ تَوَضَّأْنَا لَہَا فَصَلَّی الْعَصْرَ

અમો સૌ બુતહાન ગયા, હુઝૂરે પણ નમાઝ માટે વુઝૂ કર્યું અને અમે

بَعْدَ مَا غَرَبَتِ الشَّمْسُ ثُمَّ صَلّٰی بَعْدَہَا الْمَغْرِبَ ؏

પણ સૂરજ ડૂબ્યા બાદ અસ્ર પઢી ત્યારબાદ મગરિબ પઢી."

*(બુખારી ૧/૮૩ મવાકીત, ૧/૮૪ સલાત, મગાઝી, પેજ–૫૯૦, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ–સલાત)*

મુખ્તાર (પસંદીદા મઝહબ) એ છે કે આ ઈષ્બાત (સાબિતી) તથા નફી (નકાર)માં અન્ય અફઆલ (ફેઅલો)ની જેમ છે. એને અલ્લામા ઈબ્ને હાજિબે કાફિયામાં અસ્સહ (સહીહ) કહેલ છે અને એ જ રાજેહ (પસંદીદા) છે. જેવું કે કુર્આને મજીદમાં છે : اِذَا اَخْرَجَ یَدَہٗ لَمْ یَکَدْ یَرَاہَا "જ્યારે પોતાનો હાથ કાઢે તો તેને ન જોઈ શકે." *(નૂર)*

અલ્લામા ઈબ્ને હજરનો મુખ્તાર (પસંદીદા) એ મઝહબ છે કે **کاد**ની નફી અષ્બાતના માટે હોય છે. તો હઝરત ઉમરના ઈર્શાદનો સારાંશ એ નીકળ્યો કે મેં નમાઝ એ વખતે પઢી કે સૂરજ ડૂબવાની નિકટ હતો, પણ હજી ડૂબ્યો ન હતો. પરંતુ કેમ કે આ મઝહબ કુર્આની મુહાવરાથી વિરૂદ્ધ છે એટલા માટે મરજૂહ (અવિશ્વસનીય) છે. અને સહીહ મતલબ એ જ છે કે હઝરત ઉમરની મુરાદ એ જ છે કે હું અસ્રની નમાઝ ન પઢી શક્યો ત્યાં સુધી કે સૂર્ય ડૂબવાની નિકટ થઈ ગયો, એટલે કે ડૂબવા લાગ્યો. અને એ વખતે કેમ કે નમાઝ મના છે એટલા માટે મેં ન પઢી. એની દલીલ એના બાદ વાળી રિવાયત છે જેમાં છે : **حتی غربت الشمس** "ત્યાં સુધી કે સૂર્ય ડૂબી ગયો." એટલા માટે કે હઝરત ઉમરથી એ અસંભવ હતું કે હુઝૂર નમાઝ ન પઢે અને એકલા હઝરત ઉમર પઢી લે, જ્યારે કુર્આન મજીદમાં એની મનાઈ આવેલી છે. ઈર્શાદ છે : **یٰاَیُّہَا الَّذِیْنَ آمَنُوْا لَا تُقَدِّمُوْا بَیْنَ یَدَیِ اللّٰہِ وَرَسُوْلِہٖ** "હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને એના રસૂલથી આગળ ન વધો." *(હુજુરાત)*

એના પર ધારણા એ છે કે કુરૈશના કાફિરોને બુરા કહી રહ્યા હતા, જો નમાઝ પઢી લીધી હતી તો બુરા કહેવાનું કોઈ ખાસ કારણ ન હતું.

**બીજી શંકા** : એ છે કે ગઝવએ ખંદકમાં કેટલી નમાઝો કઝા થઈ હતી અને કઝા થવાનો સબબ શું હતો, એના અનુસંધાનમાં વિવિધ રિવાયતો આવી છે.

**૧.** તિર્મિઝી (૧/૨૫ સલાત) તથા નિસાઈ (૧/૧૦૭ અઝાન)માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી

મરવી છે, ચાર વખતની નમાઝો કઝા થઈ હતી, ઝોહર, અસ્ર, મગરિબ, ઈશા.

**૨.** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ *(મુસ્નદે ઈમામ અહમદ, ૩/૪૯, નિસાઈ–૧૦૭)* ની એક હદીષમાં છે : ઝોહર, અસ્ર, મગરિબ નથી પઢી શક્યા, ત્યાં સુધી કે રાતનો અમુક હિસ્સો પસાર થઈ ગયો.

**૩.** કેવળ અસ્ર કઝા થઈ હતી, જેમ કે ચર્ચા હેઠળની હદીષથી જાહેરી રીતે માલૂમ થાય છે. તેમજ બુખારી (૧/૫૯૦ જેહાદ), મુસ્લિમ (૧/૨૨૬ મસાજિદ) નિસાઈ (૧/૮૩ સલાત), ઈબ્ને માજહ (પેજ–૫૦), તિર્મિઝી (૨/૧૨૩), મુસ્નદે ઈમામ અહમદ (૧/૭૯)માં છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ એ (કુરૈશના કાફિરો)ના ઘરો તથા કબરોને આગથી ભરી આપે, તેમણે અમને વચ્ચેવાળી નમાઝ (અસ્ર) ન પઢવા દીધી ત્યાં સુધી કે સૂર્ય ડૂબી ગયો.

**ખુલાસો :** હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની હદીષમાં ઈશાનો પણ ઉલ્લેખ છે. પણ ઈશાને કઝા થવાનો સવાલ જ નથી એટલા માટે કે તે રાતમાં કોઈ પણ સમયે પઢવામાં આવે કઝા થશે નહીં. મુરાદ એ છે કે વક્તે મઅહૂદ (નિશ્ચિત સમય) પર ન પઢી શક્યા. એટલા માટે એ હદીષનો પણ ફાયદો એ થયો કે ત્રણ નમાઝો કઝા થઈ હતી. ઝોહર, અસ્ર, મગરિબ, જે રિવાયતોમાં કેવળ અસ્રનો ઉલ્લેખ છે જેમાં હલાકતની દુઆ વર્ણન થયેલી છે, તેનો ખુલાસો અમુક હઝરાતે એ કર્યો કે એના મહત્વના કારણે એને વર્ણન કરી અને હલાકતની દુઆઓનો સબબ એને ઠરાવી. પણ અમે દર્શાવી ચૂક્યા કે ચર્ચા હેઠળની હદીષથી પણ એ જ સાબિત થાય છે કે કેવળ અસ્ર કઝા થઈ હતી. એટલા માટે સહીહ ખુલાસો એ જ છે કે બનાવ બે વાર બન્યો, એકવાર કેવળ અસ્ર કઝા થઈ અને એકવાર ઝોહર, અસ્ર અને મગરિબ ત્રણેવ કઝા થઈ.

**નમાઝ કઝા થવાનો સબબ :** મુસ્નદે ઈમામ અહમદમાં ઈબ્ને લુહૈઆની હદીષમાં છે કે અબૂ જુમ્આ હબીબ બિન સબાઅ્એ કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ અહઝાબના દિવસે મગરિબ પઢી, પછી પૂછયું કે કોઈને ખબર છે કે મેં અસ્ર પઢી છે ? લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરે નથી પઢી. તો હુઝૂરે ફરી ઈકામત કહેવડાવી અને અસર પઢી પછી ફરીથી મગરિબ પઢી. એનાથી અમુક હઝરાતે એ દલીલ કરી કે ભૂલી જવાના કારણે નમાઝ કઝા થઈ હતી. **હું કહું છું :** પણ આ ભૂલી જવાનો સબબ દુશ્મનોની સખત ભીડ તથા ખતરનાક હમ્લાની રોકથામમાં વ્યસ્તતા હતી, એટલા માટે અસલ સબબ કાફિરોની ભીડ તથા સખત હુમ્લો હતો.

**પ્રકરણની સામ્યતા :** અહીં ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે : "સમય પસાર થયા બાદ જે લોકોને નમાઝ પઢાવે." ઈમામ બુખારી જે હદીષ લાવ્યા છે એમાં જમાઅતનો દૂર સુધી ક્યાંય પતો નથી. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે અહીં હદીષની વર્ણનશૈલીમાં સંક્ષિપ્તપણુ છે. તફસીલવાર હદીષ પરથી ઈમામ બુખારીએ પ્રકરણનું ટાઈટલ સેટ કર્યું છે. અલ્લામા ઈબ્ને હજરે એના સમર્થનમાં ફર્માવ્યું કે ઈસ્માઈલની રિવાયતમાં **فصلی بنا العصر** મૌજૂદ છે.

**હું કહું છું :** સહીહ એ જ છે કે હુઝૂરે અક્દસ ﷺએ નમાઝ કઝા જમાઅતથી પઢી હતી, જેમ કે મુસ્નદે ઈમામ અહમદ (૩/૪૯) તથા નિસાઈ (૧/૧૦૭)માં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની હદીષ તફસીલવાર આ પ્રમાણે છે : રસૂલુલ્લાહ ﷺએ બિલાલને હુકમ આપ્યો તો તેમણે ઝોહરના માટે ઈકામત કહી તો હુઝૂરે ઝોહર એ જ પ્રમાણે પઢી જેવી રીતે સમયમાં પઢતા હતા..... છેવટ સુધી. તેમજ નિસાઈ (૧/૧૦૭)માં જ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہماની જે હદીષ છે એમાં આ પ્રમાણે છે : **فا قا م الصلوۃ الظہر فصلینا** ઝોહરની ઈકામત કહી જેથી અમે ઝોહર પઢી..... છેવટ સુધી. અને હઝરત અબૂ ઓબૈદાની હદીષમાં પણ લગભગ એવું જ છે. અને ઈકામત જમાઅત સાથે ખાસ છે, એટલા માટે એનાથી પણ સાબિત કે કઝા બાજમાઅત થઈ હતી, બલ્કે મુસ્નદે ઈમામ અહમદ (૧/૪૨૩)માં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની હદીષમાં આ સ્પષ્ટતા છે : **فصلی بنا الظہر** "હુઝૂરે અમને ઝોહરની નમાઝ પઢાવી."

ت ١٢٥ قَالَ اِبْرَاهِيْمُ مَنْ تَرَكَ صَلٰوةً وَاحِدَةً عِشْرِيْنَ سَنَةً

**[તઅલીક઼ : ૧૨૫]** *"ઈબ્રાહીમે ફર્માવ્યું, જે એક નમાઝ ૨૦ વરસ છોડે તો કેવળ એ જ*

لَمْ يُعِدْ اِلَّا تِلْكَ الصَّلٰوةَ -

*નમાઝને દોહરાવે."*

## حديث ٣٩٧

**[હદીષ : ૩૯૭]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ، عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,*

**મસાઈલ :** **૧.** જો જાન તથા માલની હિફાઝતમાં નમાઝ કઝ઼ા થઈ જાય તો ગુનોહ નથી.

**૨.** જો દુશ્મનની ભીડ એટલી જબરદસ્ત હોય કે નમાઝે ખૌફ પઢવામાં પણ એમના ગાલિબ (સવાર થઈ જવાનો) સહીહ અંદેશો હોય તો નમાઝમાં મોડુ કરી શકાય છે. આમ તો ગઝવએ ખંદકના સમય સુધી નમાઝ મશરૂઅ થઈ ન હતી. (નમાઝે ખૌફ મશરૂઅ એટલે કે તેનો હુકમ આપવામાં ન આવ્યો હતો) વર્ણન થઈ ચૂક્યું કે એ હિ.સ. ૯માં નાઝિલ થઈ.

**૩.** જો આખી જમાઅતની નમાઝ કઝ઼ા થઈ જાય તો અઝાન તથા ઈક઼ામત અને જમાઅતની સાથે કઝ઼ા કરી શકાય છે.

**૪.** ભલે નમાઝો સઘળી પૂરી જમાઅતની સાથે જતી રહે તો પહેલીના માટે અઝાન કહે અને બાકીનીના માટે ઈક઼ામત. એ ઈખ્તિયાર છે કે સૌના માટે અલગ અલગ અઝાન પણ કહે અને ઈક઼ામત પણ.

**૫.** જો કોઈની અમુક નમાઝો કઝ઼ા થઈ જાય અને તે "સાહિબે તરતીબ" હોય તો ક્રમવાર અદા કરવી **ફર્ઝ** છે, જો કઝ઼ા થયેલી અદા કર્યા સિવાય જે તે સમયની પઢે તે તો થશે નહીં, પણ એ કે સમયમાં તંગી હોય. અને જો સાહિબે તરતીબ નથી તો કઝ઼ામાં તરતીબ (ક્રમ) જરૂરી નથી. **"સાહિબે તરતીબ"** તે છે **જેના માથે પાંચથી વધુ નમાઝો બાકી ન હોય.**

### તઅલીક઼ : ૧૨૫ની સમજૂતી

આ અષર (ક઼ૌલ) જામેઅ ષૌરીમાં મન્સૂર વગેરેથી મુત્તસિલ સનદ સાથે વર્ણન થયેલ છે. આ અષારનો સારાંશ એ છે કે હઝરત ઈબ્રાહીમ નખઈની નજીક છૂટી ગયેલી નમાઝોમાં તરતીબ (ક્રમ) ફર્ઝ નથી, એટલા માટે કે જો ક્રમ ફર્ઝ હોત તો સતત પાંચ નમાઝો સહીહ ન થાત, તો કમસે કમ એ છૂટી ગયેલી સિવાયની પાંચ અધિક નમાઝોની કઝ઼ા ફર્ઝ થાત, કેવળ તે એકની જ ફર્ઝ ન થાત.

### સમજૂતી : ૩૯૭

મુસ્લિમ (૧/૨૪૧ મસાજિદ)માં આટલુ અધિક છે : **او نام عنها** એટલે ભૂલી ગયો કે સૂઈ ગયો અને ન પઢી તો એ જ હુકમ છે.

**અન્વારુલ બારીની રદ :** અહીં ઈમામ બુખારીએ એ પ્રકરણ રચ્યું છે : "જે કોઈ નમાઝ ભૂલી જાય તો

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ نَسِيَ صَلٰوةً فَلْيُصَلِّ اِذَا ذَكَرَ لَا كَفَّارَةَ

*જે કોઈ નમાઝ ભૂલી જાય તો જ્યારે યાદ આવી જાય તે સમયે પઢે, તેનો કફ્ફારો એના સિવાય કાંઈ નથી.*

لَهَا اِلَّا ذٰلِكَ اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِيْ

*(અલ્લાહ ﷻ એ ફર્માવ્યું) મારી યાદના માટે નમાઝ ક઼ાયમ કરો." (બુખારી, ૧/૮૪ મવાક઼ીત, મુસ્લિમ, અબૂ દાઊદ)*

જ્યારે યાદ આવે તો તેને પઢી લે, અને કેવળ એના સિવાય કોઈને ન દોહરાવે." આ હનફીઓનો ઉઘાડો વિરોધ છે. એના પર શાહ વલીયુલ્લાહ સાહબે શરહે તરાજિમે બુખારીમાં લખ્યું છે કે આ પ્રકરણનો હેતુ એ છે કે સમયની તથા છૂટી ગયેલી નમાઝો વચ્ચે તરતીબ (ક્રમ) નથી એના વિરૂદ્ધ જે ઈમામ અબૂ હનીફાનો મઝહબ છે એના પર અન્વારુલ બારી (૧૬/૪૨)માં છે : હઝરત શાહ સાહબનો આ ઈર્શાદ એટલા માટે સહીહ નથી કે હનફીઓની નજીક તરતીબનો વજૂદ ત્રણ કારણે સાક઼િત છે : ભૂલી જવાથી, સમયની તંગીના લીધે, અને પાંચથી અધિક નમાઝો ક઼ઝા થઈ જવાથી. જ્યારે આવી વાત છે તો અહીં ઈમામ બુખારી નિસ્યાન (ભૂલી જવા) વાળી સ્થિતિ વર્ણવીને ઈમામ સાહબની રદ કેવી રીતે કરી શકતા હતા ? એ મહાશયે ઈમામ બુખારીના ઈર્શાદનો મતલબ એ સમજ્યો છે કે કોઈ નમાઝ પઢવાનું ભૂલી ગયો અને યાદ આવતાં પહેલાં એણે બીજા સમયની નમાઝ પઢી લીધી, પછી છૂટી ગયેલી નમાઝ યાદ આવી તો હવે તેના પર એ જ છૂટી ગયેલી નમાઝની ક઼ઝા છે, એ જે તે સમયની નમાઝ નહીં. ઈમામ બુખારીની જાહેરી વાતોથી એ જ સમજમાં આવે છે પણ ઈમામ બુખારીની મુરાદ તઅમીમ (આમ કરવું) છે, અને **من نسی**નો સંબંધ કેવળ છૂટી ગયેલીથી છે. તે એવું દર્શાવવા ચાહે છે કે જો કોઈ નમાઝ પઢવાનું ભૂલી ગયો અને એના પછી જે તે સમયની પઢી તો તે સમયની થઈ ગઈ, ચાહે તેને ભૂલાય ગયેલી યાદ હોય કે ન યાદ હોય. એના પર નિશાની હઝરત ઈબ્રાહીમ નખઈનો ક઼ૌલ (અષર) છે કે ફર્માવ્યું, જેને એક નમાઝ ૨૦ વરસ સુધી યાદ ન આવે, એ આદત મુજબ લગભગ અશક્ય છે. વળી **ترك**નો મદલૂલ એ છે કે ઈરાદાપૂર્વક છોડે, હવે જો ઈમામ બુખારીના ઈર્શાદનો મતલબ એ લેવામાં આવે જે તમે સમજ્યો છે તો પછી આ ક઼ૌલ (અષર)ને પ્રકરણથી મેળાપ રહેશે નહીં. બલ્કે હું તો એવું કહું છું કે **نسی**ની ક઼ૈદ કેવળ હદીષના તાબે હોય છે, એહતેરાઝી નથી. ઈમામ બુખારીની મુરાદ એ છે કે જો કોઈ ઈરાદાપૂર્વક પણ નમાઝ છોડે અને તેના પછી જે તે સમયની પઢી લે તો પણ કેવળ તે જ એક છૂટી ગયેલીની ક઼ઝા વાજિબ છે અને જો આ પ્રમાણે ઈમામ બુખારીની મુરાદ કોઈ ન માને તો સવાલ એ થશે કે જેની સૂવાના કારણે નમાઝ ક઼ઝા થઈ અથવા ઈરાદાપૂર્વક છોડી આપી અને યાદ આવતાં જે તે સમયની પઢી લીધી તો ઈમામ બુખારીનો શું ફત્વો છે ?

**મસાઈલ : ૧.** આ ઈર્શાદથી એનો કફ્ફારો સિવાય એના કાંઈ જ નથી, એ (મસ્અલો) બને છે કે નાયબપણુ (નયાબત) નથી કે કોઈ કોઈના તરફથી નમાઝ પઢી આપે.

**૨.** ક઼ઝા નમાઝના બદલામાં ફિદીયો નથી કે અમુક માલ આપીને જવાબદારીથી મુક઼્ત થઈ જાય. આપણા ફક઼ીહોએ એવું ફર્માવ્યું છે કે જો કોઈના જિમ્મે નમાઝો રહી ગઈ છે અને તે મૃત્ય શૈયાએ વસીયત કરી ગયો કે મારી નમાઝોના બદલામાં ફિદીયો આપજો અને વારસો ફિદીયો આપી દીધો તો ઉમ્મીદ છે કે જિમ્મેદારીમાંથી મુક઼્ત થઈ જશે, બલ્કે વિના વસીયતે પણ વારસો ફિદીયો આપી દે તો ઉમ્મીદ છે કે ક઼બૂલ થઈ જાય.

**ખાસ હિદાયત :** જે લોકો ફાતિહામાં ખર્ચ કરે છે **તેમણે જોઈએ કે મૈયતની છૂટી ગયેલી નમાઝો, રોઝાઓના ફિદીયાની નિય્યતથી મિસ્કીનોને ખવડાવે તો** આ ઈસાલે સવાબ કરતાં અધિક તેમના માટે ફાયદાકારક થશે. **એક નમાઝ અને એક રોઝાનો ફિદીયો સદક઼એ ફિત્રના સમાન છે.**

ت ١٢٦ قَالَ مُوسىٰ قَالَ هَمَّامٌ سَمِعْتُهٗ يَقُوْلُ بَعْدُ وَ اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِيْ۔

[તઅલીક઼ : ૧૨૬] "મૂસા ઈબ્ને ઈસ્માઈલે કહ્યું કે હમ્મામે કહ્યું, એના પછી મેં સાંભળ્યું કે હઝરત ક઼તાદા કહેતા હતા اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِيْ.

حدیث ٣٩٨

[હદીષ : ૩૯૮]

عَنْ عَبْدِ الرَّحْمٰنِ بْنِ اَبِيْ بَكْرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ اَصْحَابَ

"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબૂબક્ર رضی اللہ عنہما થી રિવાયત છે કે અસ્હાબે સુફ્ફા ગરીબ લોકો હતા.

## તઅલીક઼ : ૧૨૬ની સમજૂતી

પ્રથમ રિવાયતમાં આયતે કરીમાનો અંતિમ હિસ્સો **للذکری** હતો. અલિફ–લામની સાથે એ ઈબ્ને શહાબ ઝુહરીની ક઼િરાઅત છે. ક઼િરાઅતે મુતવાતિરા **لذکری** વિના અલિફ–લામ છે. મૂસા ઈબ્ને ઈસ્માઈલી જે પહેલી રિવાયતના પણ બે રાવીઓમાંથી એક છે. કહે છે કે એકવાર ક઼તાદાએ જે હઝરત અનસના શાર્ગિદ છે **لذکری** રિવાયત કર્યું જેવું કે ઈબ્ને શહાબની ક઼િરાઅત છે, પછી કેટલાક દિવસો બાદ મેં ક઼તાદાથી જ ક઼િરાઅતે મુતવાતિરા પ્રમાણે **لذکری** સાંભળ્યું. એના પછી ઈમામ બુખારીએ પ્રકરણનું આ ટાઈટલ રચ્યું : "ક઼ઝા નમાઝોને ક્રમવાર પઢવાનું બયાન." એની સાબિતીમાં એ જ હઝરત જાબિરવાળી હદીષ–૩૯૬ વર્ણન કરી છે કે હુઝૂરે ખંદકના મોક઼ા પર પ્રથમ છૂટી ગયેલી અસ્ર પઢી પછી મગરિબ પઢી.

**હું કહું છું** : આ હદીષથી વિવિધ ક઼ઝા થયેલી નમાઝોના વચ્ચે ક્રમ સાબિત નથી થતો, એટલા માટે કે આ હદીષમાં અસ્ર છૂટવાનો ઉલ્લેખ છે, બલ્કે એના પ્રથમવાળા પ્રકરણની વિરૂદ્ધ એ સાબિત થાય છે કે છૂટી ગયેલી તથા જે તે સમયની નમાઝોમાં ક્રમ જરૂરી છે.

તેમજ છૂટી ગયેલી તથા જે તે સમયવાળી નમાઝોમાં વિવિધ છૂટી ગયેલી નમાઝોના દરમ્યાન ક્રમનું હોવું એ હદીષોથી પણ સાબિત થાય છે જે હદીષ–૩૯૬ના હેઠળમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત અબૂ ઓબૈદા رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી વર્ણન થઈ ચૂકી છે જેમાં સ્પષ્ટતા છે કે પ્રથમ ઝોહર પઢી પછી અસ્ર પઢી પછી મગરિબ પઢી પછી ઈશા પઢી. તેમજ મુસ્નદે ઈમામ મુહમ્મદ (૪/૧૦૬)માં અબૂ જમ્આ હબીબ બિન સબાઅની હદીષ પણ એની દલીલ છે કે રસૂલુલ્લાહ ﷺ એ મગરિબ પઢયા બાદ પૂછયું, તમારામાંથી કોઈ જાણે છે કે મેં અસ્ર પઢી લીધી છે? લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂરે અસ્ર નથી પઢી તો મોઅઝ્ઝિને ઈક઼ામતનો હુકમ આપ્યો. અસ્ર પઢી પછી મગરિબ પઢી.

**મૌલાના અબ્દુલહય લખનવીની પક઼ડ** : મૌલાના મૌસૂફે અત્તઅલીકુલ મુમજજદમાં તરતીબના મસ્અલામાં શાફઈ મઝહબને અગ્રતા આપી છે. કદાચ એમને આ હદીષો નથી મળી.

## સમજૂતી : ૩૯૮

**પરિપૂર્ણતા** : આ હદીષની બીજી રિવાયતોમાં દષ્ટિ કરવાથી સાબિત થાય છે કે એમાં ટૂંકાણ પણ છે અને ઉલટફેર તથા અદલ બદલ પણ છે. દા.ત. કિતાબુલ અદબમાં છે : કે હઝરત અબૂબક્રએ અમુક લોકોને મહેમાન

الصُّفَّةِ كَانُوْا اُنَاسًا فُقَرَاءَ وَ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ مَنْ

(એકવાર) નબી ﷺએ ફર્માવ્યું, જેની પાસે બે માણસોનું ખાવા હોય તે ત્રીજાને લઈ જાય

كَانَ عِنْدَہٗ طَعَامُ الِاثْنَیْنِ فَلْیَذْھَبْ بِثَالِثٍ وَ اِنْ اَرْبَعٌ فَخَامِسٌ اَوْ سَادِسٌ

અને જો ચારનુ ખાવા હોય તો પાંચમાને અને જો પાંચનું હોય તો છઠ્ઠાને. અને અબૂબક્ર ત્રણ શખ્સને

وَّ اَنَّ اَبَا بَكْرٍ جَاءَ بِثَلَاثَۃٍ وَّ انْطَلَقَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِعَشَرَۃٍ

લઈ ગયા અને નબી ﷺ દસને. હઝરત અબ્દુર્રહમાને કહ્યું, ઘરમાં હું અને મારા

قَالَ فَھُوَ اَنَا وَ اَبِیْ وَ اُمِّیْ وَلَا اَدْرِیْ ھَلْ قَالَ وَ امْرَأَتِیْ وَخَادِمٌ بَیْنَ

પિતા અને મારા મા હતાં. (હદીષના રાવી અબૂ ઉષ્માન નહદીએ કહ્યું) હું નથી જાણતો કે

بَیْتِنَا وَ بَیْتِ اَبِیْ بَكْرٍ وَّ اَنَّ اَبَا بَكْرٍ تَعَشّٰی عِنْدَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی

આવુ પણ કહ્યું હતું કે નહીં અને પત્ની અને મારો ખાદિમ જે મારા તથા અબૂબક્રના ઘરમાં

عَلَیْہِ وَسَلَّمَ ثُمَّ لَبِثَ حَیْثُ صُلِّیَتِ الْعِشَاءُ ثُمَّ رَجَعَ فَلَبِثَ حَتّٰی تَعَشّٰی

સંયુક્ત હતો. અને અબૂ બકરે નબી કરીમ ﷺના ઘરે સાંજનુ ખાવા ખાઈ લીધું પછી ત્યાં જ રહ્યા ત્યાં સુધી

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَجَاءَ بَعْدَ مَا مَضٰی مِنَ اللَّیْلِ مَا شَاءَ اللّٰہُ

કે ઈશાની નમાઝ પણ પઢી લેવામાં આવી. ત્યારબાદ પાછા વળીને ખિદમતે અક્દસ ﷺમાં હાજર થયા

قَالَتْ لَہٗ امْرَأَتُہٗ مَا حَبَسَكَ عَنْ اَضْیَافِكَ اَوْ قَالَتْ ضَیْفِكَ قَالَ اَوَ

અને ત્યાં જ રહ્યા ત્યાં સુધી કે નબી ﷺએ રાતનું ખાવા પણ ખાઈ લીધું. ત્યારબાદ જ્યારે એટલી રાત

બનાવ્યા. અને અબ્દુર્રહમાનને કહ્યું, આપણા મહેમાનોને જો જો હું નબી ﷺની ખિદમતમાં જઈ રહ્યો છું. મારા આવતા પહેલાં તેમની મહેમાનનવાઝીથી ફારિગ થઈ જજો. અબ્દુર્રહમાન ગયા અને જે કાંઈ એમની પાસે હતું મહેમાનો સમક્ષ લાવ્યા અને કહ્યું, તમે લોકો ખાવ. મહેમાનોએ કહ્યું, ઘરના માલિક ક્યાં છે ? અબ્દુર્રહમાને કહ્યું, આપ લોકો ખાઈ લો ! તેમણે કહ્યું, જ્યાં સુધી ઘર માલિક ન આવી જાય અમે લોકો ખાઈશું નહીં. અબ્દુર્રહમાને કહ્યું, અમારી મહેમાનદારી ક઼બૂલ કરી લો, કેમ કે જો તમે ન ખાધુ અને એ આવ્યા તો અમારે ઘણુ બધુ વેઠવું પડશે, છતાં મહેમાન ન માન્યા, હવે હું જાણી ગયો કે વાલિદ સાહબ મારા પર નારાજ થશે. જ્યારે અબૂબક્ર ઘરે આવ્યા તો હુ ત્યાંથી ખસી ગયો. તેમણે પૂછયું કે તમે શું કર્યું ? તો એમને લોકોએ બતાવ્યું. હવે ફર્માવ્યું, હે અબ્દુર્રહમાન ! હું ચૂપ રહ્યો. ફરી પોકાર્યું, હે અબ્દુર્રહમાન ! હું ત્યારે પણ ચૂપ રહ્યો. તો ફર્માવ્યું, હે પાજી ! હું તમને ક઼સમ આપુ છું જો તમે મારો અવાજ સાંભળી રહ્યા છો તો કેમ નથી આવતા ? હવે હું નીકળ્યો અને અર્ઝ કરી, આપના મહેમાનોને પૂછી લો. એના પર મહેમાનોએ કહ્યું, તેમણે સાચુ કહ્યું, તે ખાવા લાવ્યા હતા. ફર્માવ્યું,

مَا عَشَيْتِهِمْ قَالَتْ اَبَوْا حَتّٰى تَجِيْئَ قَدْ عُرِضُوْا فَاَبَوْا قَالَ فَذَهَبْتُ اَنَا

*પસાર થઈ ગઈ જેટલી અલ્લાહે ચાહી તો ઘરે આવ્યા અને પોતાની પત્નીને કહ્યું, પોતાના મહેમાનોની*

فَاخْتَبَأْتُ فَقَالَ يَا غُنْثَرُ فَجَدَّعَ وَسَبَّ وَقَالَ كُلُوْا لَا هَنِيْئًا لَكُمْ فَقَالَ وَاللّٰهِ

*ખબરગીરીથી તને કઈ ચીજે રોકી લીધી ? અબૂ બકરે કહ્યું, શું તેમને રાતનુ ખાવા નથી ખવડાવ્યું ?*

لَا اَطْعَمُهُ اَبَدًا وَايْمُ اللّٰهِ مَا كُنَّا نَاخُذُ مِنْ لُقْمَةٍ اِلَّا رَبَا مِنْ اَسْفَلِهَا اَكْثَرُ

*તેમના પત્નીએ કહ્યું, તમારા આવ્યા વિના ખાવાથી તેમણે ના પાડી દીધી. તેમની સામે ખાણુ પેશ કરવામાં*

مِنْهَا قَالَ شَبِعُوْا وَصَارَتْ اَكْثَرَ مِمَّا كَانَتْ قَبْلَ ذَالِكَ فَنَظَرَ اِلَيْهَا اَبُوْ بَكْرٍ

*આવ્યું પણ તેમણે મના કરી દીધું. અબ્દુર્રહમાને કહ્યું, હું ત્યાંથી હટી ગયો અને છુપાઈ ગયો તો અબૂબકે કહ્યું,*

فَاِذَا هِيَ كَمَا هِيَ اَوْ اَكْثَرُ فَقَالَ لِامْرَاَتِهٖ يَا اُخْتَ بَنِيْ فِرَاسٍ مَا هٰذَا قَالَتْ

*હે પાજી ! جدع الله انفك અલ્લાહ તારી નાક કાપે ! અને કડક શબ્દોમાં તતડાવ્યો. અને કહ્યું ખાવ ! તમને*

لَا وَقُرَّةِ عَيْنِيْ لَهِيَ الْاٰنَ اَكْثَرُ مِنْهَا قَبْلَ ذٰلِكَ بِثَلٰثِ مِرَارٍ فَاَكَلَ مِنْهَا

*માન્ય (પસંદ) ન હોય. અને કહ્યું, ખુદાની કસમ ! હું આ ખાવા કદી ખાઈશ નહીં. અને ખુદાની કસમ ! અમે જે પણ*

اَبُوْ بَكْرٍ وَقَالَ اِنَّمَا كَانَ ذَالِكَ مِنَ الشَّيْطَانِ يَعْنِيْ يَمِيْنَهٗ ثُمَّ اَكَلَ مِنْهَا

*કોળિયો લેતા તેની નીચેથી એનાથી વિશેષ વધી જતું ! અબ્દુર્રહમાને કહ્યું, મહેમાનોએ પેટ ભરીને ખાધુ અને*

તો તમે લોકોએ મારી રાહ જોયી. કસમ ખુદાની આજે રાતે હું ખાઈશ નહીં ! બીજાઓએ પણ કહ્યું કે કસમ ખુદાની અમે લોકો પણ નહીં ખાઈએ જ્યાં સુધી આપ નહીં ખાવ ! ફર્માવ્યું, એ રાત જેવી બુરાઈ કદી નથી જોઈ. તમારા લોકો માટે ખરાબી થાય ! શું થયું કે તમે લોકો અમારી મહેમાનદારી નથી કબૂલ કરતા ? (મને ફર્માવ્યું) આપણુ ખાવા લાવ ! તો હું ખાવા લાવ્યો. હવે એમાં હાથ રાખ્યો અને પઢયા, બિસ્મિલ્લાહ. પ્રથમ વાત (કસમ) શૈતાનના કારણે હતી, હવે એમણે પણ ખાવા ખાધુ અને મહેમાનોએ પણ ખાધુ.

આ રિવાયતથી જેવી રીતે એ જણાય ગયું કે ચર્ચા હેઠળની રિવાયતમાં ખૂબ જ ટૂંકાણ છે તે જ પ્રમાણે ઘણી બધી ઉલઝનો પણ દૂર થઈ ગઈ. હવે હદીષનો પ્રારંભિક હિસ્સો એ થયો કે હઝરત અબૂબક્ર સિદીક મહેમાનોને લાવીને હઝરત અબ્દુર્રહમાનના હવાલે કરીને હુઝૂરે અકદસ ﷺની ખિદમતમાં પાછા જતા રહ્યા અને એમને કહી ગયા હતા કે મહેમાનોને ખાવા ખવડાવી આપજે, મારી રાહ ન જોતા. નારાજગીનો સબબ એ જ હતો અને એટલા જ માટે હઝરત અબ્દુર્રહમાન છુપાઈ ગયા હતા. અને સખત શબ્દો એમને જ કહેવામાં આવ્યા હતા, ન મહેમાનોને કહ્યા હતા ન તેમનાં પત્નીને.

**અસ્હાબે સુફ્ફા** : મસ્જિદે નબવીના ઉત્તર–પૂર્વ (ઈશાન) ખૂણામાં એક ચતૂબરો હતો અને આજે પણ છે જેના પર છાપરૂ કરેલુ હતું એમાં તે લોકો રહેતા હતા જેમનું કોઈ ઠેકાણુ ન હતું અને ન રોજીનો ઝરીયો હતો.

لُقْمَةٌ ثُمَّ حَمَلَهَا إِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَأَصْبَحَتْ عِنْدَهُ

ખાવા પહેલાં જેટલુ હતું એનાથી વધી ગયું. હવે અબૂ બકરે એને જોયું તો ખાણુ જેમનુ તેમ અથવા અધિક

وَكَانَ بَيْنَنَا وَبَيْنَ قَوْمٍ عَقْدٌ فَمَضَى الْأَجَلُ فَفَرَّقْنَا اثْنَيْ عَشَرَ رَجُلًا

જણાયું. હવે પોતાની પત્નીથી કહ્યું, હે બની ફરાસની બહેન ! આ શું છે ? તેણીએ કહ્યું, મારી આંખની ઠંડકની

مَعَ كُلِّ رَجُلٍ مِّنْهُمْ أُنَاسٌ وَّاللّٰهُ أَعْلَمُ كَمْ مَعَ كُلِّ رَجُلٍ فَأَكَلُوا مِنْهَا

ક઼સમ ! આ હદે પહેલાં કરતાં ત્રણ ગણુ વધારે છે ! હવે અબૂ બકરે તેમાંથી ખાધુ અને કહ્યું, તે શૈતાનના

أَجْمَعُوْنَ أَوْ كَمَا قَالَ ؏

વસવસાથી હતી, એટલે કે એમની ક઼સમ. ત્યારબાદ એક કોળિયો તેમાંથી ખાધો પછી તેને નબી ﷺની ખિદમતમાં લાવ્યા ત્યાં સવાર સુધી રહ્યું. અને અમારા તથા એક ક઼ૌમની વચ્ચે ક઼રાર હતો તેની મુદ્દત પૂરી થઈ ગઈ હતી. અમે બાર માણસો અલગ કરી લીધા અને દરેક માણસની સાથે ઘણા બધા લોકો હતા, તે સૌએ ખાવામાંથી ખાધુ (અબૂ ઉષ્માને કહ્યું) હઝરત અબ્દુર્રહમાને આવું જ ફર્માવ્યું હતું અથવા એના જેમ અન્ય કાંઈ ફર્માવ્યું હતું." (બુખારી, ૧/૮૪ મવાક઼ીત, અલામાતે નબુવ્વત, પેજ–૫૦૬, ૨/૯૦૬ અદબ, ૨/૯૦૭, મુસ્લિમ, અત્ઈમ્મા, અબૂ દાઊદ, મુસ્નદે ઈમામ અહમદ, ૧/૧૯૭)

તેમનું ભરણ પોષણ હુઝૂરે અક઼દસ ﷺ તથા સહાબાએ કિરામ કરતા હતા. બુખારી રક઼ાક઼માં છે : **واهل الصفة اضياف الاسلام** સામાન્યતઃ તેમની સંખ્યા ૭૦ રહેતી. બુખારી કિતાબુસ્સલાત (પેજ–૬૩)માં છે : **رایت سبعین من اصحاب الصفة** પણ એ સંખ્યા ઘટતી વધતી રહેતી. અબૂ નુઐમ ઈમામ બુખારીના ઉસ્તાઝે હિલ્યામાં સૌથી અધિક નામો ગણાવ્યાં છે. *(અયની, ૫/૯૯)*

**تعشى مع النبی صلی اللہ علیه وسلم** : અરબની આદત હતી કે સૂર્ય આથમતા પહેલાં ખાઈ લેતા એને અશા કહેતા હતા. હઝરત સિદ્દીકે઼ અકબર મહેમાનોને પોતાના ઘરે પહોંચાડીને ફરી ખિદમતે અક઼દસમાં હાજર થયા અને ત્યાં જ સાંજનું ખાવા ખાઈ લીધું. કોઈ મહત્વના મામલામાં વિચાર વિમર્શ કરવાનો હતો એટલા માટે રોકાઈ ગયા, અને જ્યારે ઈશાની નમાઝ પછી હુઝૂરે અક઼દસ ﷺ આરામ ફર્માવવા માટે ઉભા થયા તો ઘરે પાછા આવ્યા **حتی تعشى النبی صلی اللہ علیه وسلم** મુસ્લિમ શરીફમાં અહીં **تعشى**ને બદલે **نَعَسَ** છે. ઈમામ ક઼ાઝી અયાઝે ફર્માવ્યું, આ અસ્વબ છે એટલે અધિક સારુ છે. અલ્લામા અસ્ક઼લાનીએ એને **اوجه** ફર્માવ્યું. એટલા માટે કે જ્યારે પ્રથમ આવી ચૂક્યું કે હઝરત અબૂબક રضی اللہ عنہએ નબી ﷺની સાથે સાંજનું ખાણુ ખાઈ લીધુ હતું તો એનાથી જાહેર છે કે હુઝૂરે પણ ખાઈ લીધુ હતું. પછી એનો શો મતલબ કે ઈશાની નમાઝ બાદ રોકાઈ રહ્યા ત્યાં સુધી કે નબી ﷺએ સાંજનું ખાવા ખાઈ લીધું. જો કે અલ્લામા ઈબ્ને હજર વગેરેએ એની તાવીલ કરી છે કે મતલબ એ છે કે હઝરત અબૂબક ખિદમતે અક઼દસમાં એટલી વાર રોકાયા કે ત્યાં જ સાંજનુ ખાવા ખાધુ અને ઈશાની નમાઝ પઢી અને ઘરે રાત ગુજર્યા બાદ પરત આવ્યા પણ બોલવાની સ્પીડ ખત્મ થઈ જાય છે એટલા માટે **نعس النبی صلی اللہ تعالٰی علیه وسلم**ની રિવાયત છે અસ્વબ કહેવાને બદલે **صواب** (સવાબ) કહેવું જ સવાબ છે.

**ما كنا ناخذ لقمة** : અહીં તક્દીમ તથા તાખીર છે તેમજ હઝફ પણ છે જેમ કે કિતાબુલ અદબની રિવાયતથી જાહેર છે કે જ્યારે હઝરત સિદ્દીકે અકબરે એ રાત્રે ખાવાની કસમ ખાઈ લીધી તો એમનાં પત્ની તથા એમનાં મહેમાનોએ પણ કસમ ખાઈ લીધી. તો હઝરત સિદ્દીકે અકબરે ખાવા મંગાવ્યું અને સૌએ ખાધુ. એના પછી છે કે લોકો જે કોળિયો પણ ઉઠાવતા એના નીચેથી એનાથી અધિક વધી જતુ.

**يا اخت بنی فراس** : એનાથી મુરાદ હઝરત અબ્દુર્રહમાન અને ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકાની મા ઉમ્મે રોમાન رضی اللہ عنہا છે. બની કનાનાનાં ચશમો ચિરાગ હતાં, તેમનું નામ ઝયનબ હતું અથવા વઅદ. એ પહેલાં અબ્દુર્રહમાન બિન હારિષ અઝવીના પત્ની હતાં, તેમના ઈન્તેકાલ પછી હઝરત સિદ્દીકે અકબરે નિકાહ કરી લીધા. તેમના પેટ થી ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا અને હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ છે. કદીમુલ ઈસ્લામ ખાતૂન છે.

જ્યારે મદીના તયબાહ પહોંચીને હુઝૂરે અક્દસ ﷺએ હઝરત ઝયદ બિન હારિષા અને હઝરત અબૂ રાફેઅને મોકલ્યા કે તેઓ હુઝૂરના બીવી બચ્ચાંને લઈ આવે તો હઝરત સિદ્દીકે અકબરે પણ અબ્દુલ્લાહ બિન અરીકતને મોકલ્યા કે તે એમના બીવી બચ્ચાંને લઈ આવે. જેથી બંનેવ હઝરાતના બીવી બચ્ચાં હઝરત તલ્હા બિન ઓબૈદુલ્લાહની સાથે મદીના તયબહ આવ્યાં. હુઝૂરે અક્દસ ﷺએ એમના બારામાં ફર્માવ્યું, જે હુરૈનને જોવા ચાહે તે ઉમ્મે રોમાનને જુએ. તેમની તારીખ તથા વિસાલના સનના બારામાં પુષ્કળ મતભેદો છે. અબૂ અમૂદે કહ્યું કે ઝુલ હજ્જ હિ. સ. ૪ અથવા હિ. સ. ૫ ખંદકના વરસે થયો. ઈમામ વાકેદીએ કહ્યું, ઝુલ હજ્જ હિ. સ. ૬માં થયો, પરંતુ એ સહીહ નથી એટલા માટે કે ચર્ચા હેઠળની હદીષથી સાબિત કે હઝરત અબ્દુર્રહમાનના મદીના આવ્યા બાદ સુધી એ જીવતાં હતાં. અને હઝરત અબ્દુર્રહમાન સુલહે હુદૈબિયા બાદ ફતહ પહેલાં ઈસ્લામથી પાવન થઈને મદીના પાક આવ્યા છે. સુલેહ હુદૈબિયા અવ્વલ ઝીલ કઅદ હિ. સ. ૬માં થઈ હતી અને ફતહે મક્કા રમઝાનુલ મુબારક હિ. સ. ૮માં થઈ. બલ્કે એટલે સુધી ખુલાસો મળે છે કે તખઈરના બનાવ સુધી જીવતાં હતાં. એટલા માટે કે મુસ્નદે ઈમામ અહમદ (૬/૨૧૨)માં છે કે હુઝૂરે અક્દસ ﷺએ ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકાથી ફર્માવ્યું, આ મામલો વાલિદૈન અબૂ બકર તથા ઉમ્મે રોમાનના સમક્ષ રજૂ કરો. જ્યારે હુઝૂરે આયતે તખઈર સંભળાવી તો ઉમ્મુલ મો'મિનીને અર્ઝ કરી, હું અલ્લાહ અને તેના રસૂલ અને આખેરતને અપનાવુ છું, હુઝૂરના મામલામાં અબૂબક તથા ઉમ્મે રોમાનથી મશ્વરો કરીશ નહીં. અને તખય્યુરનો બનાવ હિ. સ. ૯માં થયો હતો. ઈમામ બુખારીએ તારીખમાં લખ્યું છે કે હુઝૂરે અક્દસ ﷺના પછી પણ અરસા સુધી જીવતાં રહ્યાં. એટલા માટે કે ઈમામ મશ્રૂકે એમનાથી રિવાયત કરતાં કહ્યું છે કે **حد ثتنی ام رومان** મારાથી ઉમ્મે રોમાને હદીષ સાંભળી તો તેમની ઉમર પંદર વરસની હતી, એનો મતલબ થયો કે એ હઝરત ઉમરના યુગ સુધી જીવંત રહ્યાં. સારાંશ કે એનાથી એટલુ તો સાબિત થયું કે હુઝૂરે અક્દસ ﷺના પછી સુધી જીવતાં રહ્યાં એટલા માટે કે ઈમામ મશ્રૂક હુઝૂરે અક્દસ ﷺના વિસાલ બાદ મદીના આવ્યા છે. ખતીબ વગેરેએ એના પર વાંધા ઉઠાવ્યા છે પણ અલ્લામા ઈબ્ને હજરની રાય એ જ છે જે ઈમામ બુખારીએ ફર્માવી, એ જ સહીહ છે. *(અલ્ ઈસ્તીઆબ, અલ્ અસાબા, ૪/૪૫૦-૪૫૨)*

**لا وقرة عينی** : આ لا (લા) ઝાઈદા (વધારાનો) છે જે કસમની તાકીદના માટે આવે છે. જેમ કે આયતે કરીમા **فلاوبرك**માં છે. لا નાફિયહ્ પણ હોઈ શકે છે જેનો ઈસ્મ મહઝૂફ છે. એટલે **لا شی غیر ما اقول** અલ્લામા દાઊદીએ ફર્માવ્યું કે ઉમ્મે રોમાનની **قرة عينی**થી મુરાદ હુઝૂરે અક્દસ ﷺ છે. એની પણ સંભાવના છે કે એનાથી મુરાદ ખૂદ સિદ્દીકે અકબર رضی اللہ عنہ હોય. આ ફિક્હી કસમ નથી, મહોબ્બતને પ્રદર્શિત કરવા માટે છે.

**كان بيننا وبين قوم عقد** : એટલે કે અમારો મુશ્રિકોની એક કૌમ સાથે નિશ્ચિત મુદ્દત સુધી કરાર હતો તે

મુદ્દત પૂર્ણ થઈ. એ કૌમના લોકો હાજર થયા હતા. અમે એમનામાંથી બાર માણસો ચૂંટી લીધા હતા. علامات النبوةની રિવાયતમાં تَعَرَّفنا છે. એટલે કે બાર માણસો અરીફ બનાવી દીધા એટલે નિગરાં, જે એમની હાલતો તથા જરૂરિયાતની ખબર રાખે. મતલબ એ થયો કે એ બાર માણસોને એ લોકોના હિસ્સાનુ ખાણુ આપી દેવામાં આવ્યું જે એમના હેઠળ હતા જેમ કે અલામતુન્નબુવ્વત વ બઅષ મઅહુમથી હાંસલ થાય છે.

**મસાઈલ :–**

**૧.** ઈશા બાદ મહેમાન તથા પોતાનાં ઘરવાળાંઓ સાથે વાત કરવામાં કોઈ વાંધો નથી.

**૨.** મહેમાનોની ખિદમત ઘણી જ મોટી સઆદત છે.

**૩.** ઘરનો માલિક મૌજૂદ ન હોય તો જે લોકો ઘરે રહે તેમના માટે લાઝિમ છે કે મહેમાનોની ખિદમત કરે.

**૪.** જે કસમનું તોડવું કસમ પૂરી કરવા કરતાં અધિક સારું હોય તો કસમ તોડી આપે અને કસમનો કફ્ફારો અદા કરે.

**૫.** આ હદીષથી હઝરત સિદ્દીકે અકબરની કરામત માલૂમ પડી કે ખાવાથી તે ઓછુ ન થયું પણ વધી ગયું અને એને અધિક માણસોએ ખાધુ.

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

**બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ**

# كِتَابُ الْاَذَانُ

## (કિતાબુલ્ અઝાન) "અઝાન વિશે પ્રકરણ"

حدیث ۳۹۹

**[હદીષ : ૩૯૯]**

عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ ذَکَرُوا النَّارَ وَالنَّاقُوْسَ فَذَکَرُوا الْیَھُوْدَ

"હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું, લોકોએ આગ તથા નાકૂસ (શંખ)નું વર્ણન કર્યું તો લોકોએ યહૂદી તથા

وَالنَّصَارٰی فَاُمِرَ بِلَالٌ اَنْ یَّشْفَعَ الْاَذَانَ وَاَنْ یُّوْتِرَ الْاِقَامَۃَ

ઈસાઈનું વર્ણન કર્યું. ત્યારબાદ બિલાલને હુકમ આપવામાં આવ્યો કે અઝાનના શબ્દો બે બે વાર કહે અને ઈક઼ામત એક એક વાર." (બુખારી ૧/૮૫ અઝાન, ઝિક્રે બની ઈસ્રાઈલ–૪૯૧, મુસ્લિમ સલાત, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–સલાત, ઈબ્ને માજહ–સલાત)

**સમજૂતી : ૩૯૯–૪૦૦**

**અઝાનનો અર્થ :** અઝાનનો શાબ્દિક અર્થ ખબર આપવું છે. અને શરીઅતમાં મુખ્ય એલાનનું નામ છે. જે નિયુક્ત શબ્દો તથા હાલતની સહિત કરવામાં આવે છે જે સર્વને ખબર છે. અઝાન હિ.સ. ૧માં મશ્રૂઅ થઈ.

**પરિપૂર્ણતા :** હદીષ–૩૯૯ સંક્ષિપ્ત છે પૂરી હદીષ આ પ્રમાણે છે. લોકોએ કહ્યું, જો અમે નાકૂસ (શંખ) બનાવી લઈએ ? તો નબી ﷺ એ ફર્માવ્યું, આ નસારા (ઈસાઈ)ના માટે છે. તો લોકોએ કહ્યું, જો અમે શંખ બનાવી લઈએ તો ? ફર્માવ્યું, એ યહૂદીઓના માટે છે. હવે લોકોએ કહ્યું, જો અમે કોઈ ઊંચી જગાએ આગ સળગાવીએ તો ? ફર્માવ્યું, એ મજૂસી (અગ્નિપૂજકો)ના માટે છે. (અયની, ૫/૧૦૩ બહવાલા અબૂશયબ, મુસ્લિમ, ૧/૧૬૪ સલાત) બીજી સંક્ષિપ્તતા એ છે કે એમાં યહૂદીઓના શંખનું વર્ણન નથી. ત્રીજી એ કે હઝરત ઉમર

# حديث ۴۰۰

**[હદીષ : ૪૦૦]**

اَنَّ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا کَانَ یَقُوْلُ کَانَ الْمُسْلِمُوْنَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما કહેતા હતા કે મુસલમાન જ્યારે મદીના આવ્યા તો

حِیْنَ قَدِمُوا الْمَدِیْنَۃَ یَجْتَمِعُوْنَ فَیَتَحَیَّنُوْنَ الصَّلٰوۃَ لَیْسَ یُنَادِیْ لَھَا

અંદાઝો કરીને નમાઝના માટે એકઠા થઈ જતા હતા. નમાઝના માટે પોકાર ન થતી હતી, તો લોકોએ

فَتَکَلَّمُوْا یَوْمًا فِیْ ذَالِکَ فَقَالَ بَعْضُھُمْ اِتَّخِذُوْا نَاقُوْسًا مِثْلَ نَاقُوْسِ النَّصَارٰی

આપસમાં એના બારામાં એક દિવસ ચર્ચા કરી. અમુકે કહ્યું, નસારા (ઈસાઈ)ના નાકૂસ (શંખ)ની જેમ એક

وَقَالَ بَعْضُھُمْ بَلْ بُوْقًا مِثْلَ قَرْنِ الْیَھُوْدِ فَقَالَ عُمَرُ اَوَلَا تَبْعَثُوْنَ رَجُلًا

શંખ બનાવી લો. અને અમુકે કહ્યું, યહૂદીઓના શંખની જેમ એક શંખ બનાવી લો. એના પર હઝરત ઉમરે

یُنَادِیْ بِالصَّلٰوۃِ فَقَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَا بِلَالُ قُمْ فَنَادِ بِالصَّلٰوۃِ

ફર્માવ્યું, કેમ કોઈ માણસને નથી મોકલી આપતા જે નમાઝના માટે પોકાર (એલાન) કરે.

તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હે બિલાલ ! ઉઠ અને નમાઝના માટે પોકાર કર."

*(બુખારી ૧/૮૫ અઝાન, મુસ્લિમ–સલાત, તિર્મિઝી–સલાત, નિસાઈ–સલાત)*

رضی اللہ عنہના મશ્વરાનું વર્ણન નથી. એ જ પ્રમાણે હદીષ–૪૦૦માં **ناد بالصلوٰة**માં અધ્યાહન છે એ નથી કે ક્યાં શબ્દોમાં પોકાર કરે. અલ્લામા ઈબ્ને હજરની રાય એ છે કે પ્રારંભમાં હઝરત બિલાલ ગલીઓમાં પોકારતા હતા **الصلوٰة جامعة** અસ્સલાતુલ જામિઆ, જેવું કે તબ્કાતે ઈબ્ને સઅદમાં મરાસીલે સઈદ ઈબ્ને મુસૈયબથી છે. ત્યારબાદ અઝાન મશ્રૂઅ (અઝાનની શરૂઆત) થઈ. પણ ઈસ્માઈલીએ આ હદીષની જે તખરીજ કરી છે એમાં **فناد بالصلوٰة**ની જગાએ **فازن** છે. એનાથી એ જ જાહેર થાય છે કે **فناد بالصلوٰة** અઝાને મશ્રૂઅ મુરાદ છે, ભલે એ સંભાવના છે કે અહીં અઝાનનો શાબ્દિક અર્થ મુરાદ હોય, અને એ જ જાહેર છે. હદીષોમાં સારા તરીકાથી વર્ગીકરણના માટે આ જરૂરી છે.

**અઝાન કઈ રીતે મશ્રૂઅ (શરૂઆત) થઈ ? :** એના બારામાં હદીષો એટલી વિવિધ તથા જાહેરી તૌર પર ટકરાવવાળી છે કે સૌને વર્ણન કરવી અને સૌના વિવિચન તથા સૌના વર્ગીકરણને માટે એક દફતર જોઈએ. એટલા માટે મારા ખયાલમાં જે રાજેહ તથા સહીહ છે એના વર્ણન પર સંતોષ માનુ છું. આ ખાસ કરવામાં સૌથી સહીહ એ રિવાયત છે જેને અબૂ દાઊદ (૧/૭૧ સલાત, તિર્મિઝી ૧/૨૬, ઈબ્ને માજહ–૫૧) અને તિર્મિઝી તથા ઈબ્ને માજહએ વર્ણન કર્યું કે હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہએ બયાન કર્યું કે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ નાકૂસ બનાવવા માટેનો હુકમ આપ્યો જેથી લોકોને નમાઝના એકઠા કરવાના માટે વગાડવામાં આવે. તો મેં ખ્વાબ જોયો કે એક શખ્સ પોતાના હાથમાં નાકૂસ લઈને મારી પાસે ઘુમી રહ્યો છે. એમણે તેને કહ્યું,

હે અલ્લાહના બંદા ! એને વેચશો ? તેણે પૂછયું, તમે એને શું કરશો ? તેણે કહ્યું, અમે એના વડે લોકોને નમાઝના માટે બોલાવીશું ? એણે કહ્યું, શું હું એનાથી ઉમદા વાત ન બતાવું ? તેમણે કહ્યું, જરૂર બતાવો ! તો તેણે કહ્યું, આ પ્રમાણે કહો. (અને તેણે પૂરી અઝાન બતાવી.) હઝરત ઝયદે કહ્યું, જ્યારે સવાર થઈ તો નબી ﷺની ખિદમતમાં હાજર થયો અને મેં જે ખ્વાબ જોયો હતો તે વર્ણવી આપ્યો. ઈર્શાદ થયો, આ ખ્વાબ હક્ક છે. બિલાલની સાથે ઉભા થઈ જાવ અને જે ખ્વાબમાં જોયું છે તે એમને બતાવો જેથી તે અઝાન આપે કેમ કે એમનો અવાજ તમારા કરતાં અધિક બુલંદ છે. હવે હું બિલાલની સાથે ઉભો થઈ ગયો, હું તેમને બતાવતો અને તે અઝાન આપતા. એને ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ પોતાના ઘરે સાંભળી તો પોતાની ચાદર ઘસેડતા ઘસેડતા એવું કહેતા કહેતા નીકળ્યા કે યા રસૂલલ્લાહ ! જેણે આપને હક્કની સાથે મોકલ્યા છે, મેં પણ એ જ જોયું છે જે એણે જોયું છે. હવે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : فلله الحمد બીજી હદીષ અબૂ દાઊદ (૧/૭૧)માં આ પ્રમાણે છે કે હુઝૂરે અક્દસ ﷺ આ મામલામાં ખૂબ જ વિવિધ વિચારોમાં હતા કે નમાઝના માટે લોકોને કેવી રીતે એકઠા કરવામાં આવે. અર્ઝ કરવામાં આવી, નમાઝનો સમય થઈ ગયા બાદ એક ઝંડો લગાડવામાં આવે કે લોકો જ્યારે એને જુએ તો એકબીજાને બતાવી આપે. એ હુઝૂરને પસંદ ન આવ્યું. લોકોએ યહૂદીઓના શંખનો ઉલ્લેખ કર્યો તો એ પણ પસંદ ન આવ્યું અને ફર્માવ્યું, એ યહૂદીઓનો તરીકો છે. અને લોકોએ નાકૂસનો ઉલ્લેખ કર્યો તો ફર્માવ્યું, આ નસારા (ઈસાઈઓ)નો તરીકો છે. અબ્દુલ્લાહ બિન ઝયદ ત્યાંથી પરત થયા અને તે રસૂલુલ્લાહ ﷺની ઉલ્ઝનના કારણે પોતે પણ પરેશાન હતા, તો ખ્વાબમાં અઝાન જોઈ અને સવારમાં ખિદમતે અક્દસમાં હાજર થઈને અર્ઝ કરી. હું સૂવા તથા જાગવાની વચ્ચેની હાલતમાં હતો કે એક આવનારો આવ્યો અને મને અઝાન બતાવી. અને હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે પણ એના પહેલાં એને જોયો હતો અને વીસ દિવસ છુપાવેલ રહ્યા ત્યારબાદ હુઝૂર ﷺને ખબર આપી. ઈર્શાદ ફર્માવ્યો, મને બતાવવાથી કઈ ચીજે રોક્યા ? તો તેમણે અર્ઝ કરી, બતાવવામાં અબ્દુલ્લાહ બિન ઝયદ મારાથી આગળ નીકળી ગયા તો હયા આવી ! આ બંનેવ હદીષોનું લખાણ એક જ છે.

**વિવેચનો :** **૧.** અબૂ દાઊદની પ્રથમ હદીષના પ્રારંભિક હિસ્સા પર એ શંકા છે કે જ્યારે નસારાના કારણે નાકૂસને નાપસંદ કરી લીધુ હતું તો તેને બનાવવાનો હુકમ કેમ કરીને આપ્યો. **હું કહું છું :** શક્ય છે કે પછી એ ખયાલ ફર્માવીને કે કાફિરોમાં આપણાથી સૌથી નજીક નસારા (ઈસાઈ) છે, એનો હુકમ આપી દીધો હોય. એનું સમર્થન આ પરથી પણ થાય છે કે જ્યાં સુધી મનાઈ ન હોય એહલે કિતાબના મળતાપણાને પસંદ કરતા હતા.

**૨.** પ્રથમ હદીષથી જાહેર થઈ રહ્યું છે કે અઝાન સાંભળીને હઝરત ઉમર ઝડપભેર હાજર થયા અને બતાવ્યું કે મેં પણ આવું જ ખ્વાબમાં જોયું છે. એનાથી જાહેરી રીતે એ જ જણાય છે કે એ જ રાત્રે ખ્વાબ જોયો. અને બીજી હદીષમાં છે કે ૨૦ દિવસ પહેલાં ખ્વાબ જોયો હતો અને શરમના કારણે ન બતાવ્યો, કે ક્યાંક લોકો એવું ન કહે કે ઉમર એટલા મોટા થઈ ગયા કે ખ્વાબમાં એમને હુકમો ઈલ્કા થાય છે ! અને પ્રસંગ તદ્દન શરૂઆતનો છે. લોકો હઝરત ઉમરની શાનની મહાનતાથી વાકેફ ન હતા. **હું કહું છું :** કોઈ ટકરાવ નથી. ખ્વાબમાં ૨૦ દિવસ પહેલાં જોયુ હતુ પણ શરમના કારણે ન બતાવ્યું. જ્યારે અઝાન સાંભળી તો ઝડપભેર હાજર થયા અને બતાવ્યું. فاستحييت માં તાખીર (મોડુ કરવું) છે એનો સંબંધ પહેલાથી છે, એટલે જ્યારે હુઝૂરે પૂછયું કે તમને બતાવવામાં કઈ ચીજ આડે આવી ? તો અર્ઝ કરી, મને શરમ આવી ! જ્યારે અબ્દુલ્લાહ બિન ઝયદે બતાવ્યું તો હવે હું પણ બતાવું છું. રિવાયતોમાં હઝફ, ઈખ્તેસાર, તક્દીમ તથા તાખીરનાં પુષ્કળ દષ્ટાંતો છે.

**૩.** તબ્કાતે ઈબ્ને સઅદથી વર્ણન થઈ ચૂક્યું કે શરૂમાં હઝરત બિલાલ الصلوٰة جامعة ગલીઓમાં પુકારતા હતા, પછી નાકૂસ બનાવવાની શું જરૂરત હતી ? **હું કહું છું :** એમાં ઘણી તકલીફ હતી. પૂરા શહેરમાં પાંચેવ વખત દરેક દરેક મહોલ્લામાં જઈ જઈને અવાજ આપવો ખૂબ જ મુશ્કેલ કામ છે. એ મુશ્કેલીને દૂર કરવાના માટે

આ મશ્વરો થયો હતો. એના પર વધુમાં વધુ એ કહેવામાં આવશે કે મશ્વરો બે વાર થયો. એમાં કોઈ વાંધો નથી.

**૪.** ગૈર નબીનો ખ્વાબ શરઈ દલીલ નથી પછી હઝરત અબ્દુલ્લાહ બિન ઝયદના ખ્વાબ પર શાથી અમલ થયો ? **હું કહું છું** : કેવળ એમના ખ્વાબ પર આધાર નથી, આધાર એના પર છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું : **انه لرويا حق** "આ ખ્વાબ સાચો છે." હુઝૂરે અક્દસ ﷺ શારેઅ (સાહિબે શરીઅત) છે હુઝૂરનો ક઼ૌલ હુજ્જત (દલીલ) છે. એના ઉપરાંત મુસ્નફે અબ્દુર્રઝ્ઝાક઼ તથા મરાસીલે અબૂ દાઊદની હદીષમાં છે કે હુઝૂરે હઝરત ઉમરને ફર્માવ્યું : **سبقك بذالك الوحى** "તમારા કહેવાના પહેલાં વહી આવી ચૂકી છે." (ઉમ્દતુલ ક઼ારી, ૫/૧૦૭) એનો સાર એ નીકળ્યો કે હુઝૂરનો ઈર્શાદ "આ ખ્વાબ સાચો છે" વહી હતો અને વહી દલીલ છે.

**فَأُمِرَ بِلَال** : મજહૂલના સેગા સાથે, એટલે બિલાલને હુકમ આપવામાં આવ્યો. જાહેર છે કે આ હુકમ આપનાર તે જ હોય શકે છે જેમને એ હક્ક઼ હતો, અને તે હુઝૂર ﷺ જ છે. જેમ કે નિસાઈ (૧/૧૦૩)માં સ્પષ્ટતા છે : **ان النبى صلى الله عليه وسلم امر بلال** કે હુઝૂરે અક્દસ ﷺએ બિલાલને હુકમ આપ્યો.

**કશ્મીરી મહાશયની ટુક્કાબાજી** : આ પરથી કશ્મીરી મહાશયનો તે મુદ્દો હવા થઈ ગયો જે વરસો વરસ પસીનો પાડ્યા બાદ તેમને હાથ લાગ્યો હતો જેને ફયઝુલ બારી ૨/૧૫૯માં લખવામાં આવ્યો છે. જેના પર તેમના શાગિર્દ બદરે આલમે ખૂબ ગર્વભેર ડિંગો મારી છે. એટલા માટે કે એનો પાયો **اُمِرَ بلال** મજહૂલ સેગા પર હતો અને જ્યારે સહીહ રિવાયતો સેગાએ મઅરૂફ મૌજૂદ છે તે પણ રસૂલુલ્લાહ ﷺની પ્રતિ સ્પષ્ટ અસ્નાદની સાથે, તો એની કોઈ ગુંજાઈશ જ ન રહી ! આમેય એ મુદ્દામાં અભણ લોકો પર ભપકો પાડવા સિવાય અન્ય કાંઈ નથી.

**ان يوترا لاقامة** : હઝરત બિલાલને હુકમ આપવામાં આવ્યો કે અઝાનના શબ્દો બે વાર કહે અને ઈક઼ામતના એક એક વાર, હનફીઓને ત્યાં ઈક઼ામત પણ અઝાનની જેમ છે. એના શબ્દો પણ બે વાર કહેવામાં આવશે. અહનાફ (હનફીઓ)ની દલીલ આ હદીષો છે :

**૧.** ઈમામ તિર્મિઝીએ (૧/૨૬ સલાત) અબ્દુર્રહમાન ઈબ્ને અબી લયલાના તરીક઼ાથી રિવાયત કરી કે અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺની અઝાન અને ઈક઼ામત બે બે વાર થતી હતી. એના પર ઈમામ તિર્મિઝીએ એ જરહ (પકડ) કરી કે અબ્દુર્રહમાન બિન અબી લયલાએ હઝરત અબ્દુલ્લાહ બિન ઝયદથી હદીષ નથી સાંભળી. આ જરહનો સાર એ મળ્યો કે આ હદીષ મુન્કતઅ છે. પણ ષિક઼હનો ઈન્કેતાઅ આપણા તથા જમહૂર (બહુમતિ ઉલમા)ના ત્યાં કોઈ ફરક નથી, જેમ કે પ્રસ્તાવનામાં વર્ણન થઈ ચૂક્યું.

**૨.** આ જ ઈમામ તિર્મિઝી (૧/૨૬ સલાત) તથા અબૂ દાઊદ (પેજ–૭૧), નિસાઈ (૧૦૨), ઈબ્ને માજહ (૫૨) હઝરત અબૂ મહઝૂરા رضی اللہ عنہથી રિવાયત કરે છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺને અઝાનના ૧૯ વાક્યો અને ઈક઼ામતના ૧૭ વાક્યો શીખવાડ્યાં. આ હદીષને ઈમામ તિર્મિઝીએ હસન સહીહ કહી.

**૩.** બયહક઼ીએ સુનને કુબરામાં, અબૂ અવાનાએ પોતાની સહીહમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઝયદથી રિવાયત કરી કે તેમણે અઝાનનાં વાક્યો પણ બે વાર કહ્યાં અને ઈક઼ામતનાં પણ. *(અયની, ૫/૧૦૩)*

**૪.** ઈમામ તહાવી (શરહે મઆનીઉલ આષાર–૬૬)એ રિવાયત કરી કે હઝરત સલ્મા ઈબ્ને અકવઅ અઝાનનાં વાક્યો બે બે વાર કહેતા અને ઈક઼ામતનાં પણ.

**૫.** તેમજ એમાં છે, ઈમામ અસ્વદ રિવાયત કરે છે કે હઝરત બિલાલ અઝાનનાં પણ વાક્યો બે બે વાર કહેતા અને ઈક઼ામતનાં પણ.

**૬.** એમાં છે કે હઝરત મહઝૂરાએ ફર્માવ્યું કે મને રસૂલુલ્લાહ ﷺએ ઈક઼ામતના શબ્દો બે બે વાર શીખવાડ્યા. બીજી રિવાયતમાં છે કે ઈક઼ામતના ૧૭ વાક્યો શીખવાડ્યાં.

૭. એમાં છે કે હઝરત ષૌબાન رضي الله عنه અઝાનના શબ્દો બે બે વાર કહેતા અને ઈક઼ામતના પણ.

૮. હઝરત અલી رضي الله عنه એક મોઅઝ્ઝિન પાસે થઈને પસાર થયા તો તેને હુકમ આપ્યો કે ઈક઼ામતના વાક્યો બે બે વાર કહ ! તારી મા ન રહે ! (અયની, ૫/૧૦૪)

૯. તહાવીમાં છે : ઈમામ મુજાહિદે ઈક઼ામતના વાક્યો એક એક વાર કહેવાના બારામાં ફર્માવ્યું કે એને અમુક બાદશાહોએ ઘડી કાઢેલ છે, અસ્લ એ જ છે કે બે બે વાર કહેવામાં આવે.

આ સૌના પરથી જાહેર થઈ ગયું કે અઝાનની જેમ ઈક઼ામતના પણ વાક્યો બે બે વાર કહેવામાં આવે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, એના પર અહલે મક્કાનો અમલ છે, જ્યારે કે ત્યાં પૂરી દુનિયાના મુસલમાન એકત્ર થાય છે. હઝરત અબૂ મહઝૂરા رضي الله عنهનો બનાવ હુનૈનના મોક઼ા પર થયો હતો એટલા માટે એ જ પસંદીદા છે, ત્યાં સુધી કે અમુક અહનાફે ફર્માવ્યું કે હઝરત અનસની આ હદીષ હઝરત અબૂ મહઝૂરાની હદીષથી મન્સૂખ છે. એના પર ઈમામ અહમદે ફર્માવ્યું, જો મન્સૂખ હોત તો હુઝૂરે અક઼દસ ﷺ મદીના પરત થઈને હઝરત બિલાલને એ હુકમ આપતા કે ઈક઼ામતના વાક્યો બે બે વાર કહો. અલ્લામા અયનીએ એના પર ફર્માવ્યું કે અબ્દુર્રહમાન ઈબ્ને અબી લયલાએ ફર્માવ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદે એવું કહ્યું કે રસૂલુલ્લાહ ﷺની અઝાન અને ઈક઼ામત બંનેવ શફઅહ્ હતી એટલે એના વાક્યો બે બે વાર હતાં એટલા માટે નસ્ખના દાવામાં કોઈ ખરાબી નથી.

**તરજીઅની ચર્ચા** : ઈમામ શાફઈને ત્યાં અઝાનમાં તરજીઅ છે એટલે શહાદતો ધીમા અવાજે કહેવામાં આવે પછી બે વાર બુલંદ અવાજથી. આપણે ત્યાં તરજીઅ નથી. આપણી દલીલ હઝરત અબ્દુલ્લાહ બિન ઝયદની હદીષ છે એમાં ફરિશ્તાએ જે અઝાન શીખવાડી એમાં તરજીઅ નથી, એના પ્રમાણે હુઝૂરે હઝરત બિલાલને અઝાન કહેવાનો હુકમ આપ્યો. ઈમામ શાફઈની દલીલ હઝરત મહઝૂરાની હદીષ છે જે પૂરી તફસીલ સાથે નિસાઈ તથા ઈબ્ને માજહમાં આ પ્રમાણે વર્ણન થયેલ છે : હઝરત અબૂ મહઝૂરા કહે છે, જ્યારે રસૂલુલ્લાહ ﷺ હુનૈનથી પરત થઈ રહ્યા હતા તો હું દસ વ્યક્તિઓની સાથે નીકળ્યો. રસ્તામાં રસૂલુલ્લાહ ﷺના મોઅઝ્ઝિનનો અવાજ સાંભળ્યો જે રસૂલુલ્લાહ ﷺની પાસે અઝાન આપી રહ્યો હતો અને અમે એના બેઝાર (બેપરવા) હતા એટલા માટે એની નકલ ઉતારવાના માટે ચીસો પાડી. અમે તેની મજાક ઉડાડી રહ્યા હતા. એને રસૂલુલ્લાહ ﷺએ સાંભળી લીધું અને અમારી પાસે અમુક લોકોને મોકલ્યા, તે લોકોએ અમને પકડીને રસૂલુલ્લાહ ﷺની પાસે બેસાડી આપ્યા. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, તમારામાંથી કોનો અવાજ ઊંચો છે ? સૌએ મારી તરફ ઈશારો કર્યો અને તેમણે સહીહ ઈશારો કર્યો હતો. હુઝૂરે સૌને છોડી મૂક્યા અને મને રોકી લીધો અને ફર્માવ્યું, ઉભો થા અને અઝાન કહ ! હું ઉભો થઈ ગયો. જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ તથા એ જેનો આપ હુકમ આપી રહ્યા હતા એનાથી અધિક મને કોઈ ચીજ નાપસંદ ન હતી ! હું હુઝૂર ﷺની સમક્ષ ઉભો થઈ ગયો. હુઝૂરે જાતે પોતે મને અઝાન શીખવાડી. ફર્માવ્યું કે, અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર. શહાદતો ત્રણ સુધી કહેવડાવ્યા બાદ ફર્માવ્યું, તારો અવાજ ઊંચો કર અને પછી શહાદતો બે બે વાર કહેવડાવી...... છેવટ અઝાન સુધી. અઝાન પૂરી થયા બાદ મને બોલાવ્યો અને મને એક થેલી આપી જેમાં થોડીક ચાંદી હતી. પછી પોતાનો દસ્તે મુબારક અબૂ મહઝૂરાના આગલા વાળો પર રાખ્યો અને તેને ચહેરા તથા છાતી પર ફેરવતાં ડૂંટી સુધી લઈ ગયા, પછી ફર્માવ્યું, અલ્લાહ તારા માટે અને તારા ઉપર બરકત આપે. હવે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મક્કામાં અઝાન કહેવા માટે મને નિશ્ચિત કરી આપો. ફર્માવ્યું, ઠીક છે, મેં તને અઝાન આપવા માટે ત્યાં નિયુક્ત કર્યો. હવે રસૂલુલ્લાહ ﷺની નાપસંદીદગી તદ્દન ખત્મ થઈ ગઈ અને એની જગાએ રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત આવી ગઈ. રસૂલુલ્લાહ ﷺના મક્કાના આમિલ એતાબ ઈબ્ને ઉસૈદની પાસે આવ્યો અને રસૂલુલ્લાહ ﷺના હુકમથી ત્યાં અઝાન આપી. અબૂ દાઊદ (૧/૭૩)માં છે કે અબૂ મહઝૂરા

# حدیث ۴۰۱

**[હદીષ : ૪૦૧]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે નબી ﷺ એ ફર્માવ્યું,*

માથાના આગલા હિસ્સાના એ વાળને કાપતા ન હતા ને પોતાની જગાએથી ખસેડતા હતા. જ્યાં સુધી જીવતા રહ્યા અઝાન આપતા રહ્યા. એમના પછી એ હોદ્દો એમના સાહબઝાદા અબ્દુલ્લાહને મળ્યો. તેમનો અવાજ ખૂબ જ આકર્ષક હતો અને એટલો ઊંચો કે એકવાર હઝરત ફારૂકે આ'ઝમે સાંભળ્યો તો એમને ફર્માવ્યું, એવું લાગે છે કે તમારુ ગળુ ફાટી જશે ! *(અલ ઈસ્તીઆબ, ૪/૧૭૮)*

એનો જવાબ હનફી ઉલમાએ એ આપ્યો કે શહાદતોની તકરાર (ફરી ફરી દોહરાવવું) તેમની તાલીમના માટે હતી. જાહેર છે કે તેમણે અઝાનની નકલ ઉતારી હતી. યકીનન ! ડરતા રહ્યા હશે, વળી તે એ વખતે કુફ્રની હાલતમાં હતા અને હુઝૂરે અક્દસ ﷺ તથા અઝાનને સખત નાપસંદ કરતા હતા તો એની મજબૂત શક્યતા છે કે બંને શહાદતોના સમયે ખચકાતા હશે જેના કારણે અવાજ ધીમો કરી દીધો હશે જેથી હુઝૂરે તેમને ચેતવણી આપી કે અવાજ ઊંચો કરીને શહાદતો અદા કરો. જો ખરેખર હુઝૂર ﷺનો હેતુ તરજીઅની તાલીમ હતો તો બાદમાં હઝરત બિલાલને કેમ હુકમ ન આપ્યો કે હવે તરજીઅ કર્યા કરો. એ એના પર સ્પષ્ટ ધારણા છે કે તે કેવળ તેમની તાલીમના માટે હતું. હઝરત બિલાલે વરસો વરસ હુઝૂરે અક્દસ ﷺ અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના સમક્ષ અઝાન આપી અને એમાં તરજીઅ ન હતી. એનાથી સાબિત થઈ ગયું કે મૂળ અઝાનમાં તરજીઅ નથી. બલ્કે તિબ્રાની (અયની, ૫/૧૦૮)એ મોઅજમે અવસતમાં ખૂદ હઝરત અબૂ મહઝૂરાથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે હુઝૂરે અક્દસ ﷺએ મને અઝાનનો એક એક હર્ફ શીખવાડયો. અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર....... છેવટ સુધી એમાં તરજીઅ નથી.

**હુઝૂરે અક્દસ ﷺએ કદી અઝાન આપી કે નહીં ?** : સુહેલીએ લખ્યું છે કે એકવાર સફરમાં હુઝૂરે અક્દસ ﷺએ અઝાન આપી. એ હાલતમાં સહાબાને નમાઝ પઢાવી કે તેઓ પોતાની સવારી પર જ હતા. ઉપરથી વર્ષા થઈ રહી હતી અને નીચે કીચડ હતો. એને ઈમામ તિર્મિઝીએ એવા તરીકાથી (૧/૫૫ સલાત) તખરીજ કરી છે જે ઉમર ઈબ્ને રમાહના આસપાસ ઘુમે છે. એ તેને હઝરત અબૂ હુરૈરહ સુધી પહોંચાડે છે. ઈમામ નવવીએ પણ લખ્યું છે કે હુઝૂરે એકવાર સફરમાં અઝાન આપી તેને ઈમામ તિર્મિઝીની તરફ સંબંધિત કરી અને એની તકવિયત (મજબૂતી) કરી. અલ્લામા ઈબ્ને હજરે એના પર આ પકડ કરી : આ હદીષ હઝરત અબૂ હુરૈરહથી નથી બલ્કે હઝરત અબૂ યઅલા બિન મર્રાથી મરવી છે. અમે તેને મુસ્નદે અહમદમાં એ જ તરીકાથી જેનાથી ઈમામ તિર્મિઝીએ તખરીજ કરી છે તે આ પ્રમાણે પામી : **فامر بلالا فاذّن** એનાથી જાણવા મળ્યું કે તિર્મિઝીની રિવાયતમાં ટૂંકાણ છે અને હુકમ કરવાના કારણે હુઝૂરની તરફ મજાઝન અસ્નાદ છે. જેમ કે **اعطی الملک**માં છે. મુસ્નદે ઈમામ અહમદ (૪/૧૭૪)માં છે. **واللّٰہ تعالٰی اعلم**

## સમજૂતી : ૪૦૧

**પરિપૂર્ણતા** : સહવ તથા બદઉલખલ્કમાં આટલુ વધારે છે :–

**فاذا لم یدرکم صلی ثلثا اوار بعا فلیسجدسجدتین** પછી એ ન યાદ રહે કે ત્રણ પઢી કે ચાર તો બે સિજદા

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِذَا نُوْدِیَ لِلصَّلٰوۃِ اَدْبَرَ الشَّیْطَانُ لَہٗ ضُرَاطٌ حَتّٰی

જ્યારે નમાઝના માટે અઝાન આપવામાં આવે છે તો શયતાન વા છોડતો છોડતો નાસે છે ત્યાં સુધી કે અઝાન

لَا یَسْمَعَ التَّاذِیْنَ فَاِذَا قُضِیَ النِّدَاءُ اَقْبَلَ حَتّٰی اِذَا ثُوِّبَ بِالصَّلٰوۃِ

નથી સાંભળતો. જ્યારે અઝાન પૂરી થઈ જાય છે તો આવી જાય છે. ત્યાં સુધી કે જ્યારે ઈક઼ામત કહેવામાં

اَدْبَرَ حَتّٰی اِذَا قُضِیَ التَّثْوِیْبُ اَقْبَلَ حَتّٰی یَخْطُرَ بَیْنَ الْمَرْءِ وَنَفْسِہٖ یَقُوْلُ

આવે છે તો ભાગે છે ત્યાં સુધી કે જ્યારે ઈક઼ામત પૂરી થઈ જાય છે તો ફરી આવી જાય છે. અને માણસના

اُذْکُرْ کَذَا اُذْکُرْ کَذَا لِمَا لَمْ یَکُنْ یَذْکُرُ حَتّٰی یَظَلَّ الرَّجُلُ لَا یَدْرِیْ کَمْ صَلّٰی

દલમાં વસવસા નાખે છે. કહે છે આ યાદ કર આ યાદ કર, જે વાતો એને યાદ ન હતી, ત્યાં સુધી કે માણસ

ભૂલી જાય છે કે કેટલી પઢી." (બુખારી ૧/૮૫ અઝાન, અલ અમલ ફિસ્સલાત-૧૬૩, અસ્સહૂદ-૧૬૪,

બદઉલખલ્ક઼-૪૬૪, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, દારમી, મોઅત્તા, મુસ્નદે ઈમામ અહમદ)

કરી લે.

**حتی لا یسمع التاذین** : મુસ્લિમ (૪/૧૭૪ મુસ્નદે ઈમામ અહમદ)માં હઝરત જાબિરની હદીષમાં છે 'રવહા' સુધી ભાગે છે. હઝરત જાબિરે જ બતાવ્યું કે 'રવહા' મદીનાથી ૩૬ માઈલ દૂર છે. અહીં એક શંકા છે કે અઝાન અને ઈક઼ામત સાંભળીને શૈતાન નાસે છે અને કુર્આન મજીદ તથા અઝકારે (ઝિક્રો) નમાઝના સમયે આવી જાય છે ! આ શું મામલો છે ? વાત એમ છે કે અઝાનના બારામાં એક હદીષમાં આવ્યું છે કે જ્યાં સુધી અઝાનનો અવાજ જાય છે, જિન તથા માનવ જે ચીજ પણ અઝાન સાંભળે છે તે કયામતના દિવસે મોઅઝ્ઝિનના માટે ગવાહી આપશે. શૈતાન એના પર ડરનો માર્યો નાસે છે કે મારે પણ ગવાહી ન આપવી પડે, એ ભલે શહાદતને પાત્ર નથી પણ પોતે પોતાને કદાચ ગવાહીને પાત્ર સમજે છે. વળી આ શહાદત ખબરે મુતવાતિરની કક્ષાએ હશે અને ખબરે મુતવાતિરમાં મુખ્બિરો (ખબર આપનારાઓ)નું આદિલ હોવું બલ્કે મુસલમાન હોવું પણ શર્ત નથી.

**حتی اذا ثوب** : 'તસ્વીબ'નો મૂળ અર્થ કોઈ ચીજને બતાવવું અને તેના અસ્તિત્વથી ડરાવવું છે. વળી મોટાભાગે તેનો ઉપયોગ બુલંદ અવાજથી બતાવવાના અર્થમાં થઈ ગયો. તેમજ કોઈ ચીજને એકવાર બતાવ્યા બાદ બે વાર બતાવવાના અર્થમાં પણ છે. અહીં ઈક઼ામત મુરાદ છે જેમ કે મુસ્લિમમાં છે, કેમ કે અઝાન પણ નમાઝને બતાવવાના માટે છે અને આ પણ એલાન બાદ એલાન થઈ ગયું. આમ તો એ યુગમાં તસ્વીબ **الصلوٰۃ خیر من النوم અસ્સલાતુ ખયરુમ્ મિનન્નૌમ**ને કહેતા હતા. અને હવે અઝાન તથા ઈક઼ામતના વચ્ચે ખાસ શબ્દો સાથે નમાઝના સમયના એલાનને કહે છે. જેમ કે ઘણી જગાએ સલાતો સલામ એના માટે નિશ્ચિત છે એટલે સુધી કે તેને ઘણી જગાએ 'સલાત' કહે પણ છે. આ પાછલા હનફી ફક઼ીહોની એકમતિથી મુસ્તહસન છે જેમ કે હિદાયાથી લઈને શામી સુદ્ધાંમાં સ્પષ્ટતા છે.

**اذکر کذا و کذا** : ફત્હુલબારી (૨/૬૦)માં છે કે એક શખ્સ ઘરમાં માલ દફન કરીને ભૂલી ગયો. ખૂબ જ વિચાર્યું પણ યાદ ન આવ્યું કે ક્યાં છે ? હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો. હઝરત

ઈમામે ફર્માવ્યું, ઘરે જઈને રાતભર નફ્લ નમાઝ પઢ એની પૂરી કોશિશ કરજે કે હુઝૂરે ક઼લ્બ (હાજર દિલ) રહે, આમ તેમ દિલ ન ભટકે. તેણે ઘરે જઈને નફલો પઢવાની શરૂ કરી. શૈતાને વિચાર્યું કે આવા ખુશૂઅ તથા ખુઝૂઅ (ખુદા તરફ દિલ લગાડી તલ્લીન થઈને) સાથે નફલો પઢીને એક રાતમાં અલ્લાહનો મુક઼ર્રબ બંદો બની જશે ! એટલા માટે એને જલ્દીથી એણે માલ દફન કરેલ જગા યાદ અપાવી દીધી. તેણે નમાઝ ખત્મ કરીને એ જગાએ ખોદયું અને દફન કરેલ માલ નીકળી આવ્યો.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે શૈતાનને ભગાડવાના માટે અઝાન ખૂબ જ અસરકારક છે. હવે સવાલ એ પેદા થાય છે કે આ અસર કેવળ એ જ અઝાનના માટે છે જે નમાઝના માટે કહેવામાં આવે છે કે પછી જ્યારે પણ કહેવામાં આવે આ જ અસર થશે ? તેમજ એ કે અઝાન નમાઝ સાથે જ ખાસ છે કે પછી નમાઝ ઉપરાંત બીજા સમયોમાં પણ મશ્રૂઅ (દુરુસ્ત) છે ? આપણે જ્યારે હદીષો તથા સહાબાના તથા બુઝુર્ગોના કથનો (અક઼વાલ) પર નજર કરીએ છીએ તો સાબિત થાય છે કે અઝાન કેવળ નમાઝના માટે ખાસ નથી, અન્ય મોક઼ાઓ પર પણ મશ્રૂઅ (દુરુસ્ત) છે. દા.ત. બાળકના જન્મ પછી. હદીષમાં છે : હઝરત અબૂ રાફેઅ કહે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે હસન ઈબ્ને અલી જ્યારે પેદા થયા તો તેમના કાનમાં નમાઝવાળી અઝાન કહી. (અબૂ દાઊદ ૨/૩૪૦ અદબ, તિર્મિઝી ૧/૧૮૩) ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ સહીહ છે અને એના પર અમલ છે. અસદુલ્ ગાબા (૨/૧૮)માં છે : કે જ્યારે હઝરત હુસૈન પેદા થયા તો નબી ﷺએ એમના કાનમાં અઝાન કહી. મિર્કાત (૪/૩૬૦)માં શરહુસ્સુન્નહથી છે કે ઉમર બિન અબ્દુલ અઝીઝ જ્યારે બાળક પેદા થતુ તો જમણા કાનમાં અઝાન આપતા અને ડાબા કાનમાં ઈક઼ામત કહેતા. મુસ્નદે અબૂ યઅલા મૂસલીમાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہથી મરફૂઅન રિવાયત કરે છે, જેનો બાળક પેદા થાય અને એના જમણા કાનમાં અઝાન અને ડાબામાં ઈક઼ામત કહે તો ઉમ્મુસ્સિબ્યાન (એક બીમારી ખેંચની) તેને નુકસાન નહીં પહોંચાડે.

એ જ પ્રમાણે એક અન્ય હદીષમાં છે કે ફર્માવ્યું, "જ્યારે ભૂત પરેશાન કરે તો અઝાન આપો." (મુસ્નદે ઈમામ અહમદ ૧/૪૧૪) હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે મને નબી ﷺએ ગમગીન જોયો તો ફર્માવ્યું, હે ઈબ્ને અબી તાલિબ ! શું વાત છે કે હું તમને ગમગીન જોઈ રહ્યો છું ? તમારા કોઈ ઘરવાળાને કહો તમારા કાનમાં અઝાન આપે, એ ગમને દૂર કરનારી છે. હઝરત અલીએ ફર્માવ્યું, મેં એનો અનુભવ કર્યો તો એવું જ પામ્યુ. આ હદીષના સર્વ રાવીઓએ કહ્યું, મેં એનો અનુભવ કર્યો તો એને એવું જ પામ્યું.

એક અન્ય હદીષમાં છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, કોઈ માનવ કે જાનવર અસભ્યતા (બદ ખુલ્ક઼ી) કરે તો તેના કાનમાં અઝાન કહો.

**દેવબંદી મોટેરાઓની સાક્ષીઓ** : અવજઝુલ મસાલિક ૧/૧૮૩ માં છે. હદીષે નબવીથી અમુક પૂર્વજ બુઝુર્ગોએ અઝાનને નમાઝના સમયો સિવાય પણ શૈતાન તથા જિન્નાતની અસરોને દૂર કરવા માટે સાબિત કરી છે. મુસ્લિમ શરીફ (૧/૬૭ અઝાન) સુહેલ બિન અબી સાલેહની રિવાયત છે જેમાં એ છે કે તેમણે કોઈ નજરે ન આવનારનો અવાજ સાંભળવાનો ઉલ્લેખ પોતાના પિતાને કર્યો. તો ફર્માવ્યું, જ્યારે કોઈ એવા અવાજ સાંભળો તો અઝાન કહો. અલ્લામા ઈબ્ને અબ્દુલ બરે ઈમામ માલિકથી નક઼લ કર્યું કે ઝયદ બિન અસ્લમ (ફત્હુલબારી ૨/૭૨) મઅદને બની સુલૈમ પર આમિલ બનાવીને મોકલવામાં આવ્યા જ્યાં લોકોને જિન સતાવતા હતા. જ્યારે એ લોકોએ શિકાયત કરી તો હઝરત ઝયદે તેમને ઊંચા અવાજે અઝાન આપવાનો મશ્વરો આપ્યો. તેમણે એવું કર્યું, તો પછી જિન્નાતોએ નથી સતાવ્યા. હઝરત ઉમરની ખિદમતમાં ભૂત, પ્રેતનો ઉલ્લેખ કરવામાં આવ્યો તો આપે પણ અઝાન આપવાનો હુકમ કર્યો. સઆયામાં છે કે અઝાનનો મૂળ સબબ તો નમાઝ માટે જ હતી પણ અન્ય જગાએ પણ ઉપયોગમાં લેવાઈ. દા.ત. બાળ જન્મ પર જમણા કાનમાં અઝાન ડાબામાં ઈક઼ામત મસ્નૂન (સુન્નત મુજબ) થઈ. જ્યારે ભૂત પ્રેતની જ્યાં અસર હોય ત્યાં પણ અઝાન આપવામાં આવે છે. જ્યારે સવારીનું

ت ١٢٧ قَالَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيْزِ اَذِّنْ اَذَانًا سَمْحًا وَ اِلَّا فَاعْتَزِلْنَا

**[તઅલીક઼ : ૧૨૭]** *"હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે કહ્યું, સીધી સાદી અઝાન કહે, નહીં તો અમારાથી દૂર થા."* (બુખારી, ૧/૮૫ મવાફ઼ીત)

# حديث ۴۰۲

**[હદીષ : ૪૦૨]**

اَنَّہٗ اَخْبَرَہٗ اَنَّ اَبَا سَعِیْدِ الْخُدْرِیَّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ

*"અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુર્રહમાન ઈબ્ને સઅસઆએ ખબર આપી કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ*

જાનવર ન ગાંઠે અથવા કોઈ બદ કિરદાર બદ અખ્લાક઼ સાથે વાસ્તો પડે તો તેના કાનમાં અઝાન કહેવામાં આવે, ગમગીન, વાયુ ચઢવાની બીમારીવાળો અને ગુસ્સાવાળા માણસના માટે પણ અઝાન એના કાનમાં કહેવી ફાયદાકારક છે. લડાઈના મેદાનમાં જંગના સમયે, આગ લાગી જતાં અને જંગલમાં માર્ગ ભૂલી જવાય ત્યારે પણ અઝાન આપવી જોઈએ. અલ્લામા ઈબ્ને આબિદીન શામીએ દસ પ્રસંગો ગણી બતાવ્યા. *(અન્વારુલ બારી, ૧૩/૫૮)*

**અઝાને ક઼બ્રની સાબિતી :** આ સર્વનો સાર એ છે કે અઝાન નમાઝ સાથે જ ખાસ નથી, નમાઝ સિવાય ઘણા બધા એવા પ્રસંગો છે જ્યાં અઝાન મશ્રૂઅ (દુરુસ્ત) છે, ખાસ કરીને જ્યાં શૈતાનોની દખલ હોય. સુહૈલ બિન અબી સાલેહની જે રિવાયત મુસ્લિમ શરીફના હવાલાથી વર્ણન થઈ એના અંતમાં છે : મેં એ વખતે અઝાનનો હુકમ એટલા માટે આપ્યો કે મેં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી સાંભળ્યું છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું કે શૈતાન જ્યારે અઝાન સાંભળે છે તો મોઢું ફેરવીને નાસે છે અને તેની હવા સરતી રહે છે. આ એના પર નસ્સે જલી (મહાન દલીલ) છે કે જ્યાં શૈતાનનો દખલ હોય તેને ભગાડવાના માટે અઝાન ખૂબ જ અસરકારક છે. હવે આવો અઝાને ક઼બ્રના વિશે વિચારણા કરીએ. ઈમામ હકીમ તિર્મિઝીએ નવાદિરુલ ઉસૂલમાં આ હદીષ વર્ણન કરી છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ ફ઼ર્માવ્યું કે જ્યારે મુડદુ ક઼બ્રમાં રાખવામાં આવે છે અને તેનાથી સવાલ થાય છે કે તારો પરવરદિગાર કોણ છે ? તો શૈતાન ત્યાં પહોંચીને પોતાની તરફ ઈશારો કરે છે, એટલે મને બતાવ ! મને બતાવ ! જ્યારે ક઼બ્રમાં પણ શૈતાનની દખલગીરી છે તો તેને ભગાડવાના માટે જો ક઼બ્ર પર અઝાન કહેવામાં આવે તો એ જુર્મ કેવી રીતે છે ? બુધ્ધિ સમાય તેવી વાત નથી.

## તઅલીક઼ : ૧૨૭ની સમજૂતી

મુસ્નફે ઈબ્ને અબી શયબામાં પૂરી અષર આ પ્રમાણે છે કે, એક મોઅઝ્ઝિને અઝાન આપી અને તેણે પોતાની અઝાનમાં લય (રાગડા) કાઢી, તો હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે ફ઼ર્માવ્યું, સીધી સાદી અઝાન આપ, નહીં તો અમારાથી અલગ થઈ જા ! એનાથી જાહેર થઈ ગયું કે મનાઈનું કારણ લય કાઢવું છે, એટલે કે અવાજ લાંબો તથા ઊંચો કરતી વખતે ગવૈયાઓની જેમ રાગડા તથા ગીત પેદા કરતો હતો જેના કારણે શબ્દોની ફસાહત (ઉમદાપણુ) ખત્મ થઈ જતુ હતું, 'મદ'ની જગાએ 'કસ્ર' અને 'કસ્ર'ની જગાએ 'મદ' કરતો હતો.

## સમજૂતી : ૪૦૨

**મસાઈલ :** **૧.** અઝાન ઊંચા અવાજે આપવામાં આવે. **૨.** એકલો માણસ ભલે જંગલમાં હોય એણે અઝાન

لَہٗ اِنِّیْ اَرَاكَ تُحِبُّ الْغَنَمَ وَالْبَادِيَۃَ فَاِذَا كُنْتَ فِیْ غَنَمِكَ اَوْ بَادِیَتِكَ

તેમને કહ્યું, હું જોઉં છું કે તમે બકરી તથા જંગલ પસંદ કરો છો. જ્યારે તમે તમારી બકરીઓ તથા જંગલમાં રહો

فَاَذَّنْتَ لِلصَّلٰوۃِ فَارْفَعْ صَوْتَكَ بِالنِّدَاءِ فَاِنَّہٗ لَا یَسْمَعُ مَدٰی صَوْتِ

અને અઝાન આપો તો તમારી અઝાનની સાથે તમારો અવાજ બુલંદ કરો. એટલા માટે કે જ્યાં સુધી મોઅઝ્ઝિનનો

الْمُؤَذِّنِ جِنٌّ وَّلَا اِنْسٌ وَّلَا شَیْءٌ اِلَّا شَھِدَ لَہٗ یَوْمَ الْقِیٰمَۃِ قَالَ اَبُوْ

અવાજ પહોંચે છે ત્યાં સુધી જે પણ જિન તથા ઈન્સાન અથવા કોઈ ચીજ પણ સાંભળશે તે ક઼યામતના દિવસે

سَعِیْدٍ سَمِعْتُہٗ مِنْ رَّسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ؏

મોઅઝ્ઝિનના માટે ગવાહી આપશે. અબૂ સઈદે કહ્યું, મેં એને રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે."

(બુખારી ૧/૮૪ અઝાન, બાબુઝ્ઝિક્રુલ જિન્ન–૪૬૫, ૨/૧૧૨૬ તૌહીદ, નિસાઈ–અઝાન, ઈબ્ને માજહ–અઝાન,
મોઅત્તા ઈમામ માલિક નિદાઅ, મુસ્નદે ઈમામ અહમદ)

## حدیث ۴۰۳

## [હદીષ : ૪૦૩]

عَنْ اَنَسٍ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَنَّہٗ کَانَ

"હઝરત અનસ رضی اللہ عنہ એ નબી ﷺના બારામાં બતાવ્યું કે હુઝૂર અમને

اِذَا غَزَا بِنَا قَوْمًا لَمْ یَکُنْ یُغِیْرُ بِنَا حَتّٰی یُصْبِحَ وَیَنْظُرَ فَاِنْ سَمِعَ اَذَانًا كَفَّ

લઈને જ્યારે કોઈ ક઼ૌમ પર ચઢાઈ કરતા તો જ્યાં સુધી સવાર ન થઈ જતી હુમ્લો ન કરતા અને રાહ જોતા.

તથા ઈક઼ામત સાથે નમાઝ પઢવી મુસ્તહબ છે. **૩.** જંગલમાં પણ અઝાન પૂરા અવાજ સાથે આપવી જોઈએ. **૪.** જિન એક મખ્લૂક઼ છે જે માણસનો અવાજ સાંભળે છે. **૫.** દરેક ચીજમાં એક પ્રકારની જિંદગી છે જેના કારણે તે માનવનો અવાજ સાંભળે છે. અબૂ દાઊદ (૧/૮૩)માં એ હદીષ છે કે જંગલમાં એક નમાઝ પર પચાસ નમાઝનો સવાબ મળે છે, બલ્કે બીજી રિવાયતમાં છે કે નમાઝ બાજમાઅતનો પચાસ ગણો અધિક સવાબ મળે છે. એનાથી મુરાદ એ છે કે જે શખ્સ નમાઝ બાજમાઅતનો પાબંદ હોય અને કોઈ જરૂરતથી જંગલમાં ચાલ્યો ગયો અથવા તે પોતાની કોઈ દીની અથવા દુનિયવી જરૂરતથી જંગલમાં રહેતો હોય.

### સમજૂતી : ૪૦૩

يغير (યુગ઼ીર) ક઼ાયદાના એતબારથી يُغِيْرُ હઝફેયા (یاء) અને રા (راء) એ સાકિનની સાથે હોવું જોઈએ. અને એક નુસ્ખો આ પણ છે. અને ઉપરોક્ત નુસ્ખો ઉસૈલીનો છે. અહીં અધિક ત્રણ અન્ય નુસ્ખા છે. لم يغدو - لَمْ يَغْزُ وَلَمْ يَغْزُ આ હદીષમાં આ પણ છે : خرجوا الينا بمكاتيلهم و مساحيهم ખયબરના વાસીઓ

عَنْهُمْ وَاِنْ لَّمْ يَسْمَعْ اَذَانًا اَغَارَ عَلَيْهِمْ قَالَ فَخَرَجْنَا خَيْبَرَ فَانْتَهَيْنَا

જો અઝાન સાંભળતા તો રોકાઈ જતા અને જો અઝાન ન સાંભળતા તો તેમના પર હુમ્લો કરતા.

اِلَيْهِمْ لَيْلًا فَلَمَّا اَصْبَحَ وَلَمْ يَسْمَعْ اَذَانًا رَكِبَ الحديث

હઝરત અનસે કહ્યું, અમે ખયબરના માટે નીકળ્યા. ખયબરવાળાઓ સુધી રાતમાં પહોંચી ગયા. જ્યારે હુઝૂરે સવાર કરી અઝાન ન સાંભળી તો સવાર થયા. એના પછી હદીષ–૨૫૬નું લખાણ સંક્ષિપ્તમાં છે."

(બુખારી ૧/૮૪ અઝાન, જેહાદ–૪૧૧, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–જેહાદ, તિર્મિઝી–સિયર, દારમી–સિયર)

## حدیث ۴۰۴

**[હદીષ : ૪૦૪]**

عَنْ اَبِيْ سَعِيْدِ الْخُدْرِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِذَا سَمِعْتُمُ النِّدَاءَ فَقُوْلُوْا مِثْلَ مَا يَقُوْلُ الْمُؤَذِّنُ

જ્યારે તમે અઝાન સાંભળો તો જે મોઅઝ્ઝિન કહે તે જ કહો."

(૧/૮૬ અઝાન, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત, તિર્મિઝી–સલાત, અબૂ દાઊદ–સલાત, ઈબ્ને માજહ)

અમારી સામે ટોપલા તથા પાવડા લઈને નીકળ્યા. 'ખમીસ'ની જેમ "જયશ" પણ એ લશ્કરને કહે છે જેના આ પ્રમાણે હિસ્સા હોય : મયમૂના, મયસરા, ક઼લ્બ, મુક઼દ્દમા, સાક્ક઼હ.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે અઝાન ઈસ્લામની નિશાનીઓમાંથી છે. જે ક઼ૌમ શક્તિ ધરાવવા છતાં અઝાન છોડે તેની સાથે જંગ વાજિબ છે. અને જે ક઼ૌમ અઝાન કહે તેને મુસલમાન સમજવામાં આવશે એ શર્તે કે તેમનાથી કોઈ કુફ્ર થયું ન હોય, અને જો ખબર છે કે ક઼ૌમ અઝાન કહેવા છતાં કુફ્રમાં પડે છે તો અઝાન પછી પણ તેમની સાથે જંગ કરવામાં આવશે. જેમ કે ફત્હુલબારીમાં અયસુવિયા ફિર્ક઼ાના બારામાં સ્પષ્ટતા છે. એ યહૂદીઓનો એક એવો ફિર્ક઼ો છે જેઓ હુઝૂરે અક઼દસ ﷺ ને રસૂલ માને છે પણ કેવળ અરબના માટે. એનો સ્થાપક અબૂ ઈસા છે જે બની ઉમૈયાના અંતિમ દૌરમાં પેદા થયો હતો. આ રીતે બાગીઓથી પણ જંગ કરવામાં આવશે, ભલે તેઓ અઝાન કહે. જેમ કે શેરે ખુદા હઝરત અલી رضی اللہ عنہ એ કહ્યું, દુશ્મન સાથે અથડામણ વખતે તકબીર મુસ્તહબ છે.

### સમજૂતી : ૪૦૪–૪૦૫–૪૦૬

**فقولوا (ફક઼ૂલૂ)** : આ અમ્રનો સેગો છે જેમાં અસ્લ વાજિબ હોવું છે. એટલા માટે એનાથી સાબિત થયું કે અઝાનનો જવાબ આપવો વાજિબ છે, ત્યાં સુધી કે જો તિલાવત અથવા વઝીફામાં હોય તો તેને બંધ કરીને અઝાન સાંભળે અને તેનો જવાબ આપે.

**مثل ما يقول** : આ અધિકતાના એતબારથી છે, નહીં તો حی علی الفلاح حی الیٰ صلوٰۃ હય્ય

## حديث ۴۰۵

[હદીષ : ૪૦૫]

حَدَّثَنِیْ عِیْسَی بْنُ طَلْحَۃَ اَنَّہٗ سَمِعَ مُعَاوِیَۃَ یَوْمًا فَقَالَ

"ઈસા ઈબ્ને તલ્હાએ હદીષ વર્ણન કરી. એમણે એક દિવસે મુઆવિયહને સાંભળ્યા કે જે મોઅઝ્ઝિન

لِمِثْلِہٖ اِلٰی قَوْلِہٖ وَ اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہِ عـــہ

કહેતા હતા તે પણ એવું જ કહેતા હતા. અશ્હદુ અન્ન મુહમ્મદ રસૂલુલ્લાહ સુધી" (૧/૮૬ અઝાન, નિસાઈ)

## حديث ۴۰۶

[હદીષ : ૪૦૬]

قَالَ یَحْیٰی وَحَدَّثَنِیْ بَعْضُ اِخْوَانِنَا اَنَّہٗ قَالَ لَمَّا قَالَ حَیَّ

"યહયાએ કહ્યું, મારા અમુક ભાઈઓએ મને બયાન કર્યું કે જ્યારે મોઅઝ્ઝિને 'હય્ય અલસ્સલાહ' કહ્યું,

عَلَی الصَّلٰوۃِ قَالَ لَاحَوْلَ وَلَاقُوَّۃَ اِلَّا بِاللّٰہِ وَقَالَ ھٰکَذَا سَمِعْتُ نَبِیَّکُمْ

તો મુઆવિયહએ لَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللهِ લાહવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ કહ્યું. અને કહ્યું,

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ ســہ

મેં તમારા નબી ﷺને આ પઢતાં સાંભળ્યા." (૧/૮૬ અઝાન)

અલસ્સલાહ–હય્ય અલલ ફલાહના જવાબમાં لَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّابِاللهِ કહેઅને સવારે الصلوۃ خیر من النوم ના જવાબમાં صَدَقْتَ وَبَرِرْتَ કહે.

**قَالَ یحیٰ** : આ તઅલીક઼ નથી મુસ્નદ છે અને એના પહેલાં જે સનદ યહયા સુધી વર્ણન થયેલ છે એ સનદની સાથે આ પણ ઈમામ બુખારીને પહોંચી છે. એટલે **حدثنا اسحق بن راھویہ۔الخ** એમાં **بعض اخواننا**થી મુરાદ ક્યાં તો અલ્ક઼મા બિન વક્ક઼ાસ લયષી છે અથવા તેમના સાહબઝાદાઓ અબ્દુલ્લાહ તથા ઉમરમાંથી કોઈ એક મુરાદ છે. એટલા માટે કે આ હદીષ તહાવી, નિસાઈ, ઈબ્ને ખુઝૈમા, દારમી, તિબ્રાની વગેરેમાં હઝરત અલ્ક઼માથી તેમના બંનેવ સાહબઝાદાઓના થકી રિવાયત પામેલ. હવે જો યહયા ઈબ્ને કષીરની અલ્ક઼માથી મુલાકાત છે તો તે મુરાદ છે, નહીં તો એમના બંને પુત્રોમાંથી કોઈ એક મુરાદ છે.

**કશ્મીરી મહાશયની પકડ** : ફયઝુલબારી ૨/૧૬૪માં છે કે મુસ્લિમ પેજ–૧૬૭ પર છે કે અઝાનમાં શહાદતૈનના વખતે હુઝૂર ફર્માવતા : اَنَااَنَا જ્યારે કે આ હદીષ મુસ્લિમમાં આ પેજ ઉપર શું ક્યાંય નથી ! અલ્બત્ત અબૂ દાઊદ ૧/૭૭ પર છે. બિજનોરી મહાશયે એનાથી કશ્મીરી સાહબને મુક્ત દર્શાવ્યા છે અને તેને બદરે આલમ મહાશયના માથે ચોડયું છે. બિજનોરી મહાશયનું કહેવું એવું છે કે હઝરતે એવું ફર્માવ્યું હતું, એક હદીષમાં આવ્યું છે તેને જામેઅ એટલે બદરે આલમે પોતાના તરફથી આ

# حديث ۴۰۷

**[હદીષ : ૪૦૭]**

عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا-اَنَّ رَسُوْلَ

*"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ قَالَ حِيْنَ يَسْمَعُ النِّدَاءَ اَللّٰهُمَّ

*જ્યારે કોઈ અઝાન સાંભળે અને આવું કહે, "હે આ પરિપૂર્ણ દાવત તથા નમાઝ ક઼ાયમના માલિક !*

رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّامَّةِ وَالصَّلٰوةِ الْقَائِمَةِ آتِ مُحَمَّدَ نِ الْوَسِيْلَةَ

*(હઝરત) મુહમ્મદ ﷺ ને વસીલો તથા ફઝીલત અતા ફર્માવ. અને આ મક઼ામે મહમૂદ પર એમને ક઼ાયમ*

وَالْفَضِيْلَةَ وَابْعَثْهُ مَقَامًا مَّحْمُوْدَ نِ الَّذِيْ وَعَدْتَّهُ حَلَّتْ لَهُ شَفَاعَتِيْ يَوْمَ الْقِيٰمَةِ

*ફર્માવ જેનો તેં એમને વાયદો કર્યો છે "તો તે ક઼યામતના દિવસે મારી શફાઅતનો મુસ્તહિક઼ થશે."*

*(બુખારી, ૧/૮૬ અઝાન, ૨/૬૮૬ તફસીરે સૂરએ બની ઈસ્રાઈલ, અબૂ દાઊદ–સલાત,*

*તિર્મિઝી–સલાત, નિસાઈ–સલાત, ઈબ્ને માજહ)*

હવાલો હઝરતના માથે થોપ્યો છે. જો એ સહીહ છે તો બદરે આલમ સાહબે બે ગલતીઓ કરી, એક હવાલો ગલત આપ્યો, બીજુ એને શયખની પ્રતિ સંબંધિત કરી આપ્યો. તેમજ એ પણ સાબિત થયું કે પોતાના શયખનો ભપકો બાકી રાખવાના માટે બલ્કે ભપકો જમાવવાના માટે પોતાની ઘડી કાઢેલી વાતો પણ પોતાના મશાઈખના આમાલનામામાં લખી નાખે છે. સાબિત થઈ ગયું કે ફયઝુલ બારી એકલા કશ્મીરી સાહબની જ લખેલી નથી પણ તેમના શાગિર્દોની પણ તેહક઼ીક઼ોનો સમૂહ છે જે એમના પ્રતિ સંબંધિત છે.

## સમજૂતી : ૪૦૭

**وسيلة (વસીલા)** : નો અર્થ એ છે કે દરેક તે ચીજ જેના ઝરીયાથી કોઈની નિકટતા પ્રાપ્ત કરવામાં આવે, બાદશાહની નજીક ઉચ્ચ સ્થાન. અહીં જન્નતનો ખાસુલ ખાસ દરજો મુરાદ છે. જેમ કે મુસ્લિમ (૧/૧૬૬ સલાત, અબૂ દાઊદ, નિસાઈ, તહાવી)માં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે તેમણે કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા છે કે જ્યારે મોઅઝ્ઝિનને અઝાન આપતાં સાંભળો તો જેવું એ કહે છે તમે પણ કહો. પછી મારા પર દુરૂદ પઢો. એટલા માટે કે જે મારા પર એકવાર દુરૂદ પઢશે, અલ્લાહ ﷻ તેના પર દસવાર રહમત નાઝિલ ફર્માવશે, પછી મારા માટે વસીલાનો સવાલ કરો, એ જન્નતમાં એક દરજો છે. અલ્લાહના બંદાઓમાંથી કોઈ એકના માટે છે, મને ઉમ્મીદ છે કે તે હું હોઈશ. જે મારા માટે વસીલાનો સવાલ કરશે તે મારી શફાઅતનો હક્ક઼દાર થશે.

**الفضيلة** : એટલે એવો રુત્બો જે સર્વ મખ્લૂક઼થી વિશેષ હોય.

**مقام محمود (મક઼ામે મહમૂદ)** : એટલે એવો મક઼ામ જેના પર બિરાજમાન થનારની દરેક વ્યક્તિ હમ્દ

(પ્રશંસા) કરે, એને આવા આવા ફઝાઈલ તથા મનાક઼િબથી નવાઝવામાં આવે જે દાદને પાત્ર હોય. અલ્લામા ઈબ્ને જવઝીએ કહ્યું, મોટા ભાગના ઉલમાનો ક઼ૌલ છે કે એનાથી મુરાદ શફાઅત છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની એક હદીષથી પણ એ જ સાબિત છે. એક ક઼ૌલ એ છે કે અર્શ પર જુલૂસ મુરાદ છે. એક ક઼ૌલ એ છે કે કુર્સી પર જુલૂસ મુરાદ છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું, એ મક઼ામ છે જ્યાં અવ્વલીન તથા આખરીન સૌ હુઝૂરની હમ્દ (પ્રશંસા) કરશે જેના કારણે સર્વ મખ્લૂક઼ાત પર હુઝૂરની ઉચ્ચતા જાહેર થશે, જે માંગશે આપવામાં આવશે, જેની શફાઅત કરશે કબૂલ કરવામાં આવશે, સૌ એમના ઝંડાના નીચે હશે. (ઉમ્દતુલ ક઼ારી, ૫/૧૨૩) સહીહ ઈબ્ને હબ્બાનમાં હઝરત ક઼અબ બિન માલિકની હદીષ મરફૂઅ છે કે ફર્માવ્યું, અલ્લાહ جل جلالہ મને લીલો હુલ્લો પહેરાવશે તો અલ્લાહ જે ચાહશે હું કરીશ, એ જ મક઼ામે મહમૂદ છે. *(ફત્હુલ બારી ૨/૭૫)*

આ કથનોમાં ટકરાવ નથી. શક્ય છે કે અર્શ પર કુર્સી રાખવામાં આવશે જેના પર હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم બિરાજમાન થાય, એ જ વખતે અલ્લાહ جل جلالہ લીલો હુલ્લો પહેરાવે અને હુઝૂર અલ્લાહ جل جلالہની હમ્દો ષના કરે પછી શફાઅતની ઈજાઝત મળે અને ત્યાં જ રોનક અફરોઝ થઈને શફાઅત કરે અને એ જ મોક઼ા પર અવ્વલીન તથા આખરીન (આગલા–પાછલા) હુઝૂરની પ્રશંસા કરે. એનાથી જાહેર થઈ જશે કે ખુદાઈ (ખુદાની મખ્લૂક઼)માં સૌથી શ્રેષ્ઠ તથા અફઝલ એઓ જ છે.

**وَعَدْتَه** : આ આયતે કરીમા **عسیٰ اَن یّبعثك رَبُّكَ مَقاماً مَحْمُوْدا**ની તરફ નિર્દેશ છે. એટલે તમારો પરવરદિગાર નજીકમાં જ તમને મક઼ામે મહમૂદ પર બિરાજમાન કરશે. અહીં એક પ્રશ્ન ઉદ્ભવે છે કે જ્યારે અલ્લાહ جل جلالہએ વાયદો ફર્માવી લીધો તો દુઆથી શો ફાયદો ? આ દુઆનો ફાયદો દુઆ કરનારને મળશે કે તે શફાઅતનો હક્ક઼દાર થઈ જશે.

**حلت له** : એનો તર્જુમો ઈમામ નવવીએ ફર્માવ્યો : **وجبت** તહાવીમાં હઝરત ઈબ્ને મસ્ઊદની હદીષમાં આ જ છે : "એની શફાઅત મારા જિમ્મે વાજિબ થઈ ગઈ." અને અલ્લામા અયનીએ ફર્માવ્યું : **استحقت** એનાથી ખાસ શફાઅત મુરાદ છે. દા.ત. જન્નતમાં વિના હિસાબ કિતાબ દાખલ કરાવવું. નહીં તો મુત્લક઼ શફાઅત માટે તો ઈર્શાદ ફર્માવ્યો : **شفاعتی لا هل الکبائر من امتی** "મારી ઉમ્મતના કબીરા ગુનાહમાં સપડાનારાઓના માટે મારી શફાઅત છે." એનાથી સાબિત થયું કે અઝાનના સમયે દુઆ ક઼બૂલ થાય છે. એની વિશેષતામાં સ્પષ્ટ હદીષો પણ આવેલી છે. ફર્માવ્યું :–

**ساعتان لا یرد فیهما الدعاء حضرة النداء بالصلوٰة و حضرة الصف فی سبیل الله** "બે સમયે દુઆ રદ નથી થતી, નમાઝના માટે અઝાનના સમયે અને રાહે ખુદામાં જેહાદના માટે સફબંધીના સમયે." (ઉમ્દતુલ ક઼ારી, ૫/૧૨૩) અને ફર્માવ્યું, **لا یرد الدعاء بین الاذان والاقامة** "અઝાન તથા ઈક઼ામતના દરમ્યાનની દુઆ રદ નથી કરવામાં આવતી." *(અબૂ દાઊદ ભાગ–૧, અઝાન, તિર્મિઝી ૧/૨૯, ૨/૧૯૯)*

તેમજ આ હદીષથી એ પણ સાબિત થયું કે, "માણસ કેટલોય ઉચ્ચ મર્તબાવાળો હોય એણે જોઈએ કે મુસલમાનોને દુઆના માટે કહે, ખાસ કરીને નેક લોકોથી, ખાસ કરીને કુબૂલિયત (ઈજાબત)ના સમયે.

**કશ્મીરી મહાશયની રદ** : ફયઝુલ બારીમાં છે કે અઝાન બાદ દુઆમાં હાથ ઉઠાવવા બિદઅત છે, એટલા માટે કે એ દુઆમાં હાથ ઉઠાવવું સાબિત નથી. અને ઉમૂમાત (સામાન્યપણા)નો સહારો લેવો નિરર્થક છે. એના બાદ છે કે એમાં હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمનો ખાસ ક઼ૌલ આવેલ છે, હા ! જો એમાં હુઝૂર صلی اللہ علیہ وسلمનો ખાસ ફેઅલ આવેલ હોત તો ઉમૂમાતનો સહારો લાભદાયી હોત, પણ જ્યારે કે હુઝૂરનો ખાસ ફેઅલ (અમલ) નક઼લ થયેલ છે તો એ જ ઉસ્વએ હસ્ના (બેહતરીન નમૂનો) છે. *(૨/૧૬૭)*

મને યક઼ીન નથી આવતું કે આ આદેશ કશ્મીરી સાહબનો જ છે ! પણ જ્યારે એમના શાગિર્દોએ એમના પ્રતિ

સંબંધિત કર્યો છે તો યક઼ીન કરવું જ પડશે. એનો સાર એ નીકળ્યો કે કદાચ કશ્મીરી સાહબની નજીક એવી કોઈ રિવાયત સાબિત છે કે હુઝૂરે અક઼દસ ﷺ અઝાન બાદવાળી દુઆમાં હાથ ઉઠાવતા ન હતા, એટલા માટે ઉમૂમાતથી દલીલ કરવું સહીહ નથી.

**હું કહું છું :** કદાચ કશ્મીરી સાહબના ખઝાનાએ આમિરામાં કોઈ બંધ સંદૂકમાં એવી કોઈ હદીષ હોય જે હવે લાંબા કાળના કારણે નષ્ટ થઈ ગઈ હોય ! નહીં તો હદીષોની કોઈ કિતાબમાં એવી કોઈ રિવાયત નથી જેમાં એવું સ્પષ્ટ થયું હોય કે હુઝૂરે અક઼દસ ﷺએ અઝાનના પછીના દુઆમાં હાથ નથી ઉઠાવ્યો. અને જો એવી કોઈ રિવાયત નથી, તો કશ્મીરી સાહબના કથનાનુસાર ઉમૂમાતથી દલીલ કરવું હક્ક઼ છે. હદીષોમાં મુત્લક઼ન (બિનશર્તી) દુઆનો તરીક઼ો એ ઈર્શાદ થયો છે કે હાથ ઉઠાવીને દુઆ માંગો. અબૂ દાઊદમાં છે કે ફ઼ર્માવ્યું :– **إِذَا سَئَلْتُمُ اللهَ فَاسْئَلُوْا ببطون اكفكم ولا تَسْئَلُوْا بظهور ها "અલ્લાહથી જ્યારે સવાલ કરો તો હથેળી વડે (ઉઠાવીને) માંગો, હાથની પીઠ વડે ન માંગો."** *(૧/૨૦૯–બાબુદુઆ)*

એમાં જ એ જ અમુક હદીષો પછી છે કે હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہએ ફ઼ર્માવ્યું :– **اَنَّ النبی صلی اللّٰہ علیہ وسلم کان اذا دعا فر فع یدیہ مسح وجھہ بیدیہ "નબી ﷺ જ્યારે દુઆ માંગતા તો પોતાના બંનેવ હાથ ઉઠાવતા, તેને ચહેરા પર ઘસતા."** મિશ્કાતમાં બયહકીની દઅવાતે કબીરના હવાલાથી હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત થયેલ છે :–

**کان رسول اللّٰہ صلی اللّٰہ علیہ وسلم یر فع یدیہ فی الدعاء حتی یُرىٰ بَیَاضُ ابطیہ "રસૂલુલ્લાહ ﷺ દુઆમાં પોતાના હાથો ઉઠાવતા એટલા કે બગલની સફ઼ેદી જોવા મળતી."** *(મિશ્કાત, ૩/૧૯૬)*

અબૂ દાઊદમાં ત્યાં જ એક હદીષના પહેલાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો ઈર્શાદ નકલ થયેલ છે : **المسئالۃان ترفع یدیك حذو منکبیك او نحوھما "સવાલ એ છે કે તમારા હાથોને તમારા ખભાઓ સુધી ઉઠાવો અથવા એની નજીક નજીક."**

હદીષે ફ઼ેઅલી તથા ક઼ૌલી બંને વડે સાબિત થઈ ગયું કે મુત્લક઼ન (અબાધિત) **દુઆનો મસ્નૂન તરીક઼ો** એ છે કે **બંને હાથોની હથેળીઓ ઉપર કરીને ખભાઓ સુધી ઉઠાવવામાં આવે** અને **દુઆ બાદ મોઢા પર ઘસી લેવામાં આવે.** એમાં ન કોઈ દુઆની ખાસ વાત છે ન અઝાન બાદની દુઆ વિશે અપવાદ છે. એટલા માટે કશ્મીરી મહાશયથી ઉલ્ટુ એ સાબિત કે અઝાન બાદવાળી દુઆમાં પણ સુન્નત એ જ છે કે હાથ ઉઠાવીને દુઆ માંગવામાં આવે. કોઈ સાહબ આ દુઆનું અપવાદ હોવું ક્યાંક બતાવી આપે તો અમે તેમના આભારી થાશું.

**દુઆના શબ્દો :** અઝાનના બાદવાળી દુઆમાં અન્ય ઘણા શબ્દો આવેલા છે, પણ ઉમ્મતનો મામૂલ (નિયમ) ઉપર વર્ણવેલ દુઆ પઢવાનો છે. **الدرجۃ الرفیعۃ**નો પણ ઉલમાએ વધારો કર્યો છે. બયહક઼ી (ઉમ્દતુલ ક઼ારી, ૫/૧૨૩)ની રિવાયતમાં **انك لا تخلف المیعاد** વધારે છે, એનો પણ ઉમેરો કરે. દુઆ પહેલાં દુરૂદ શરીફ઼ પઢે જેમ કે મુસ્લિમ વગેરેની હદીષ વર્ણન થઈ ચૂકી. શામી (૧/૨૭૮)માં છે :–

**قولہ یدعُوْاَىْ بعدمایصلی علی النبی صلی اللّٰہ تعالٰی علیہ وسلم لماروٰہ مسلم وغیرہ** "દુઆ કરે એના પછી કે નબી ﷺ પર દુરૂદ પઢી લે, કેમ કે મુસ્લિમ વગેરેએ રિવાયત કરી છે."

ت ۱۲۸ وَيُذْكَرُ اَنَّ قَوْمًا اِخْتَلَفُوْا فِي الْاَذَانِ فَاَقْرَعَ بَيْنَهُمْ سَعْدٌ

**[તઅલીક઼ : ૧૨૮]** *"અને વર્ણન કરવામાં આવે છે કે એક ક઼ૌમે અઝાન આપવાના માટે મતભેદ કર્યો તો એમનામાં હઝરત સઅદે ડ્રો (કુર્આ) કર્યો." (બુખારી ૧/૮૬ બાબુલ ઈસ્તિહામ ફીલ અઝાન)*

## حديث ۴۰۸

**[હદીષ : ૪૦૮]**

عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું,*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَوْيَعْلَمُ النَّاسُ مَا فِي النِّدَاءِ وَالصَّفِّ الْاَوَّلِ ثُمَّ

*જો લોકો જાણતા કે અઝાન કહેવામાં અને પ્રથમ સફમાં કેટલો સવાબ છે અને કુર્રાઅંદાઝી (ડ્રો પધ્ધતિ)*

### તઅલીક઼ : ૧૨૮ની સમજૂતી

આ બનાવ હિ.સ. ૧૫માં ફતહે ક઼ાદસિયાના દિવસે ઉપસ્થિત થયો હતો. મોઅઝ્ઝિન એ જંગમાં શહીદ થઈ ગયા હતા. બપોરથી પહેલાં પહેલાં ક઼ાદસિયા જીતી લેવામાં આવ્યું. ઝોહરના વખતે અમુક હઝરાત એ મન્સબ (હોદ્દો)ના ઉમેદવાર બન્યા અને વાત વધી ગઈ, તો મામલો હઝરત સઅદની ખિદમતમાં રજૂ થયો. તેમણે કુર્આ અંદાઝી (ડ્રો પધ્ધતિ) કરીને ફૈંસલો કર્યો. ક઼ાદસિયા હાજીઓના રસ્તા પર કૂફાથી એક મંઝિલના અંતરે છે. અહીં હિ.સ. ૧૫માં હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં ઈરાનીઓ સાથે ઈસ્લામના મુજાહિદોનો સૌથી મોટો અને નિર્ણાયક જંગ થયો હતો, જે ત્રણ દિવસ સુધી સતત ચાલુ રહ્યો. ચોથા દિવસે અલ્લાહ جل جلالہ એ ઈસ્લામના મુજાહિદોને જબરદસ્ત ફતહ અપર્ણ કરી. ઈરાનીઓનો સેનાપતિ રુસ્તમ માર્યો ગયો. આ અષર (ક઼ૌલ)ને સઈદ ઈબ્ને મન્સૂર બયહક઼ી તથા સૌફ ઈબ્ને ઉમરે અલ્ફતૂહમાં અને ઈબ્ને જરીર તિબરીએ રિવાયત કરી.

### સમજૂતી : ૪૦૮

અબૂશ્શયખની રિવાયતમાં من الخير والبركة અધિક છે. એ ما ની તફસીર છે. استهام - لاستهموا عليه નો માદ્દો سَهْم છે. એનો તર્જુમો થશે, હિસ્સો તલબ કરવું, આમ બોલીમાં એનો અર્થ કુર્રો નાખવું (ડ્રો) છે. عليه નો મરજઅ ઉપરોક્ત તાવીલથી નિદા તથા પ્રથમ સફ બંને છે. જેમ કે આયતે કરીમા وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ يَلْقَ اَثَامًا (ફુર્ક઼ાન) ઉપર શિર્ક, નાહક઼ ક઼ત્લ, ઝિના ત્રણ ગુનાહોનું વર્ણન હતું. એ ત્રણેવની જેમ ذٰلِكَ વાહિદ (એકવચન)ના સેગાથી ઈશારો કરવામાં આવ્યો. જે એમાંથી કોઈ એકમાં સપડાય તે સજા પામશે. تَهجير નો અર્થ શરૂ સમયે આવવું. અને هاجره માં આવવું. પ્રથમ ચર્ચા પર મુરાદ એ છે કે મુસ્તહબ સમયના શરૂમાં આવવું અથવા એ કે મસ્જિદમાં હાજર થઈને નમાઝનો ઈંતેઝાર કરવો. નહીં તો આ હદીષ તે હદીષોની વિરૂધ્ધ થશે જેમાં ફજરમાં ઈસ્ફાર (અજવાળુ કરી પઢવું), ઝોહરમાં ઈબરાદ (ઝોહરની નમાઝ ઠંડી કરીને પઢવા) અને ઈશામાં તાખીર (મોડુ કરવા)નો હુકમ છે. બીજી તક઼દીર (ચર્ચા) પર કેમ કે هاجره બપોરથી લઈને અસ્ર શરૂ થતા પહેલાં સુધી

لَا يَجِدُوْنَ اِلَّآ اَنْ يَّسْتَهِمُوْا عَلَيْهِ لَاسْتَهَمُوْا وَلَوْ يَعْلَمُوْنَ مَا فِى

*સિવાય ન પામતા તો જરૂર ડ્રો કરાવતા. જો લોકો જાણતા કે બપોરની નમાઝમાં કેટલો સવાબ છે તો*

التَّهْجِيْرِ لَاسْتَبَقُوْا اِلَيْهِ وَلَوْ يَعْلَمُوْنَ مَا فِى الْعَتَمَةِ وَالصُّبْحِ لَاَتَوْهُمَا وَلَوْ حَبْوًا-

*એની તરફ દોડતા આવતા, અને જો લોકો જાણતા કે ઈશા અને સવારની નમાઝમાં કેટલો સવાબ છે*

*તો ઘસેડાતા ઘસેડાતા આવતા."*

*(બુખારી ૧/૮૬ અઝાન, ૧/૯૦, ૧/૧૦૦ શહાદાત–૩૭૦, મુસ્લિમ–સલાત, તિર્મિઝી–સલાત, નિસાઈ–સલાત)*

ت ١٢٩ وَتَكَلَّمَ سُلَيْمَانُ بْنُ صُرَدٍ فِىْ اَذَانِهٖ-

**[તઅલીક઼ : ૧૨૯]** *"અને સુલૈમાન બિન સુરદ رضی اللہ عنہ એ પોતાની અઝાનમાં વાત કરી."*

ت ١٣٠ وَقَالَ الْحَسَنُ لَا بَاسَ اَنْ يَّضْحَكَ وَهُوَ يُؤَذِّنُ اَوْ يُقِيْمُ-

**[તઅલીક઼ : ૧૩૦]** *"અને હઝરત હસન બસરીએ કહ્યું, અઝાન આપતાં અને ઈક઼ામત કહેતી વેળા હસવામાં વાંધો નથી."*

બોલાય છે, જેમ કે અમે અગાઉ સાબિત કરી ચૂક્યા. જેથી આ હદીષ ઈબ્રાદની વિરૂધ્ધ નથી. لاستبقوا થી ખરેખર દોડવું મુરાદ નથી, એટલા માટે કે નમાઝ માટે દોડીને જવું મના છે. અહીં ઝડપભેર લપકવું મુરાદ છે حبوًا નો અર્થ છે બાળકનું ઘૂટણો તથા હાથોભેર ચાલવું અથવા સીટ પર ઘસડાવું.

**પ્રથમ સફના ફઝાઈલ** : મુસ્લિમ (૧/૧૮૨ સલાત)માં છે કે ફર્માવ્યું, **પુરૂષોની સૌથી શ્રેષ્ઠ સફ પ્રથમ છે.** તિબ્રાની (ઉમ્દતુલકારી, ૫/૧૨૫)ની મોઅજમે અવસતમાં છે કે ફર્માવ્યું કે **હુઝૂરે અક઼દસ** صلی اللہ علیہ وسلم **એ પ્રથમ સફના માટે ત્રણવાર મગફિરતની દુઆ કરી, અને બીજી સફના માટે બે વાર, ત્રીજીના માટે એકવાર.** મુસ્લિમ (૧/૧૮૨ સલાત)માં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે, **"કેટલાક લોકો પ્રથમ સફથી પાછળ થતા જશે ત્યાં સુધી કે અલ્લાહ તેમને પાછળ કરી આપશે."** ઈબ્ને માજહ (ઈકામતુસ્સફૂફ–૭૧)માં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ અને હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہما થી છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, **"બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તા પ્રથમ સફ પર રહમત નાઝિલ કરે છે."** ઈબ્ને હબ્બાન (ઉમ્દતુલકારી, ૫/૧૨૫)એ પણ હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત કર્યું. મુસ્લિમ (૧/૧૮૧ સલાત)માં હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ થી છે કે હુઝૂરે ફર્માવ્યું, તમે લોકો એ પ્રમાણે સફ કેમ નથી લગાડતા જેવી રીતે ફરિશ્તા અલ્લાહ عزوجل ની હુઝૂર સફ લગાડે છે. તેઓ પ્રથમ સફ પૂરી કરે છે અને ખૂબ જ અડીને ઉભા રહે છે.

## સમજૂતી : તઅલીક઼ : ૧૨૯–૧૩૦, હદીષ : ૪૦૯

અષર–૧૨૦ ને ઈમામ બુખારીએ તારીખમાં, તેમના ઉસ્તાદ અબૂ નુઐમે કિતાબુસ્સલાતમાં અને ઈબ્ને અબી શયબાએ રિવાયત કર્યું છે કે હઝરત સુલૈમાન બિન સુરદ લશ્કરમાં હતા અને અઝાન કહેતા હતા અને પોતાની જરૂરિયાતના માટે અઝાનની જ હાલતમાં ખાદિમને હુકમ આપ્યા કરતા હતા. અલ્લામા અયનીએ ફર્માવ્યું, અષર–૧૩૦ ને પ્રકરણ સાથે કાંઈ મળતાપણુ નથી, એટલા માટે કે પ્રકરણ એ છે કે "અઝાનમાં

## حدیث ۴۰۹

**[હદીષ : ૪૦૯]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ الْحَارِثِ قَالَ خَطَبَنَا ابْنُ عَبَّاسٍ فِیْ یَوْمٍ رَزْغٍ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ એક કીચડવાળા દિવસે અમને ખુત્બો આપ્યો.*

فَلَمَّا بَلَغَ الْمُؤَذِّنُ حَیَّ عَلَی الصَّلٰوۃِ فَاَمَرَہٗ اَنْ یُّنَادِیَ، اَلصَّلٰوۃُ فِی الرِّحَالِ

*જ્યારે મોઅઝ્ઝિન હય્ય અલસ્સલાહ પર પહોંચ્યો તો તેને હુકમ આપ્યો, એવું એલાન કરી આપ કે પોત*

فَنَظَرَ الْقَوْمُ بَعْضُهُمْ اِلٰی بَعْضٍ فَقَالَ فَعَلَ هٰذَا مَنْ هُوَ خَیْرٌ مِّنْهُ وَاِنَّهَا عَزْمَةٌ

*પોતાના ઠેકાણે નમાઝ પઢી લે. એના પર હાજરજનોએ એકબીજાને જોયા તો ફર્માવ્યું, આ એ*

*હસ્તીએ કહ્યું છે જે એનાથી બેહતર છે અને આ એટલે જુમ્આ ફર્ઝ છે."*

*(બુખારી, ૧/૯૨ અઝાન, જુમ્આ-૧૨૩, મુસ્લિમ-સલાત, અબૂ દાઊદ-સલાત, ઈબ્ને માજહ-સલાત)*

વાતચીતનું વર્ણન" અને 'ઝહક' વાતચીત નથી. એટલા માટે કે 'ઝહક' એ રીતે હસવાને કહે છે કે ખૂદ સાંભળે પણ બાજુવાળા ન સાંભળે. જો એના બદલે આ અષરને વર્ણવતા તો પ્રકરણના અધિક મુતાબિક્ હોત, કેમ કે ઈબ્ને અલિય્યહએ અઝાન તથા ઈક઼ામતમાં વાતચીતના બારામાં 'યૂનુસ'થી પૂછયું તો તેમણે કહ્યું કે તે એમાં કોઈ વાંધો જાણતા ન હતા.

**હુ કહું છું :** પરંતુ ફક઼ીહોએ 'ઝહક'ને નમાઝ તોડનાર એટલા માટે ઠરાવ્યું કે એ વાતચીતથી જોડાયેલ છે એટલા માટે આ અષરનું પણ પ્રકરણથી મળતાપણુ જાહેર છે.

**પરિપૂર્ણતા :** પ્રકરણ **هل يصلى الامام لمن حضر**માં આટલુ વધારે છે, "મેં એને પસંદ નથી કર્યુ કે તમને તકલીફમાં નાખુ." ત્યાં બીજી રિવાયતમાં છે : "મેં એ પસંદ ન કર્યુ કે તમને ગુનેહગાર કરું. તમે લોકો ઘૂટણો સુધી કીચડમાં ઘુસેલા આવો." કિતાબ 'અલ્ જુમ્આ'માં આ પ્રમાણે છે કે હઝરત ઈબ્ને અબ્બાસે પોતાના મોઅઝ્ઝિનને વર્ષાવાળા દિવસે કહ્યું, જ્યારે તું **اشهد ان محمد رسول الله** કહી ચૂકે તો **حی علی الصّلوٰۃ** ન કહેતો. એવું કહેજે, પોતાનાં ઘરોમાં નમાઝ પઢી લો. છેવટમાં છે : મેં એ પસંદ ન કર્યુ કે તમને મુશ્કેલમાં નાખી દઉં અને તમે લોકો કીચડ તથા લપસણા માર્ગે આવો.

**رزغ**નો અર્થ **الغيم البارد** ઠંડક પેદા કરનારા વાદળો પણ છે અને કીચડ પણ સામાન્યતઃ તેનો તર્જુમો ઠંડી તથા વાદળ કરવામાં આવે છે, પણ બીજા તરીક઼ામાં જ્યારે એ સ્પષ્ટતા છે કે હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, મેં એ નથી પસંદ કર્યું કે તમે લોકો કીચડમાં ઘૂટણો સુધી ખુપીને આવો. આ એના પર નસ (દલીલ) છે કે રઝઅથી મુરાદ કીચડ જ છે. એ દિવસે વરસાદ થઈ ગયો હતો જેના કારણે કાદવ કીચડ પેદા થઈ ગયો હતો. એક રિવાયતમાં **اُؤَثِّمَكُم** પણ આવ્યું છે. એટલે કે મેં એવું પસંદ ન કર્યુ કે તમને ગુનેહગાર કરું. એનો ખુલાસો એ છે કે કીચડમાં ચાલવાથી તકલીફ થશે જેથી નાપસંદીદગી સાથે નમાઝના માટે આવશો, એ ગુનોહ છે. બીજુ એ કે કાદવ સાથે ખરડાયેલા પગો સાથે મસ્જિદમાં આવશો જેથી મસ્જિદ ખરડાશે.

# حدیث ۴۱۰

**[હદીષ : ૪૧૦]**

عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ اَبِيْهِ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

**الصَّلوٰۃ فِی الرحال** : કિતાબુલ જુમ્આમાં છે : **فی البیوت**. એનાથી જાહેર થયું કે આ બનાવ કોઈ શહેરમાં ઉપસ્થિત થયો. ત્યાં એવું પણ છે કે મોઅઝ્ઝિનને હુકમ આપ્યો **حی علی الصّلوٰۃ** હય્ય અલસ્સલાહ ન કહેશો, **صلوافی بیوتکم** કહેશો. એનાથી જાહેર થયું કે અઝાનની ગોઠવણમાં તબદીલીનો હુકમ આપ્યો. અને અઝાન દરમ્યાન એવું કહેવડાવ્યું. આગળ બાબુલ અઝાન લિલ મુસાફિરમાં છે કે હુઝૂરે અક્દસ ﷺ એ અઝાન પછી એ એલાન કરાવ્યું હતું. હુઝૂર ﷺ નો ફેઅલ નિઃશંક ! અગ્રતાને પાત્ર છે. તદ્ઉપરાંત હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષમાં ઈઝતિરાબ પણ છે. કિતાબુસ્સલાતની બંને રિવાયતોમાં છે કે જ્યારે મોઅઝ્ઝિન હય્ય અલસ્સલાહ પર પહોંચ્યો તો ફર્માવ્યું કે **الصّلوٰۃ فی الرحال** પુકારો ! અને કિતાબુલ જુમ્આની જે રિવાયત છે એનાથી એ જાહેર થાય છે કે અઝાન શરૂ કરતાં પહેલાં જ મોઅઝ્ઝિનને હિદાયત કરી આપી હતી કે હય્ય અલસ્સલાહ ન કહેશો પણ **صلوافی بیوتکم** કહેશો. આ ઈઝતિરાબ દૂર થઈ શકે છે તો અગ્રતાનું મૂળ કારણ એ જ થશે કે રસૂલનો ઈર્શાદ સહાબીના ફેઅલ પર અગ્રતા પામશે.

**અઝાન દરમ્યાન વાતચીત** : પ્રકરણથી મળતાપણુ જાહેર છે કે મોઅઝ્ઝિને હઝરત ઈબ્ને અબ્બાસના હુકમાનુસાર **الصّلوٰۃ فی الرحال** અથવા **صلوافی بیوتکم** જરૂર પોકાર્યું હશે. આ શબ્દો અઝાનના નથી પણ પબ્લિકને સંબોધન છે. તો સાબિત થયું કે અઝાન દરમ્યાન વાતચીત જાઈઝ છે. આપણે ત્યાં (હનફીમાં) મકરૂહે તન્ઝીહી છે એટલા માટે કે નબવી યુગમાં કદી એવો બનાવ ઉપસ્થિત નથી થયો કે મોઅઝ્ઝિનોએ અઝાન દરમ્યાન વાત કરી હોય. રહી ગયો હઝરત ઈબ્ને અબ્બાસ તથા હઝરત સુલૈમાન બિન સરુદના આદેશ તથા અમલ, તો એ મકરૂહે તન્ઝીહીના વિરૂધ્ધ નથી. કિતાબુસ્સલાતની બંને રિવાયતોથી સાબિત થાય છે કે મોઅઝ્ઝિન અઝાન દરમ્યાન વાત કરી શકે છે અને આપણે (હનફીઓમાં) મના છે. એનો જવાબ કિતાબુલ જુમ્આની રિવાયત છે જેનાથી જાહેર છે કે અઝાનથી અગાઉ એ હિદાયત (સૂચના) આપી હતી. જ્યારે આ હદીષની રિવાયત ટકરાવવાળી છે તો એનાથી દલીલ કરવું રદ થશે.

**وانها عزمة** : ઝમીરે મન્સૂબનો મરજઅ જુમ્આ છે જે **خطبنا** થી મફહુમ થાય છે એ દલીલ છે કે જુમ્આ ફર્ઝ છે.

**સમજૂતી : ૪૧૦**

**ફજર પહેલાં અઝાન** : અઈમ્માએ ષલાષા (ત્રણેવ ઈમામો) વગેરે તથા ઈમામ અબૂ યૂસુફ આ જ હદીષથી દલીલ કરીને કહે છે કે ફજરની અઝાન ફજર પહેલાં દુરુસ્ત છે, પણ આપણે ત્યાં (હનફીમાં) દુરુસ્ત નથી, જો કોઈ સમય પહેલાં અઝાન કહે તો સમય થતાં ફરીથી એને દોહરાવવી જરૂરી છે. આપણી દલીલ આ હદીષ છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે ફર્માવ્યું, એકવાર બિલાલે ફજર તુલૂઅ (થતાં) પહેલાં અઝાન આપી દીધી તો એમને નબી ﷺ એ હુકમ આપ્યો કે જાવ અને એવું પુકારો કે બંદો સૂઈ ગયો હતો. (અબૂ દાઊદ–૭૯, અઝાન, તહાવી ૧/૬૭) આ હદીષ પર ઈમામ તિર્મિઝીની આલોચનાનો

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِنَّ بِلَالًا یُؤَذِّنُ بِلَیْلٍ فَکُلُوْا وَاشْرَبُوْا حَتّٰی یُنَادِیَ

બિલાલ રાતમાં અઝાન આપે છે. તેની અઝાન બાદ ખાવ, પીઓ ત્યાં સુધી કે ઈબ્ને ઉમ્મે મકતૂમ

اِبْنُ اُمِّ مَکْتُوْمٍ قَالَ وَکَانَ رَجُلًا اَعْمٰی لَا یُنَادِیْ حَتّٰی یُقَالَ لَہٗ اَصْبَحْتَ اَصْبَحْتَ ـ ع

અઝાન આપવા લાગે. હઝરત અબ્દુલ્લાહે કહ્યું, અને એ નાબીના હતા. તે ત્યાં સુધી અઝાન ન આપતા

જ્યાં સુધી તેમને એવું કહેવામાં ન આવતુ કે તમે સવાર કરી લીધી."

(બુખારી ૧/૮૬ અઝાન, ૧/૬૭, ૧/૮૭, અસ્સૌમ-૨૫૭, ૨/૧૦૭૬ આહાદ, મુસ્લિમ-અસ્સિયામ, તિર્મિઝી-સલાત, નિસાઈ-સલાત)

## حدیث ۴۱۱

**[હદીષ : ૪૧૧]**

عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ اَخْبَرَتْنِیْ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે મને હફસાએ ખબર આપી. જ્યારે મોઅઝ્ઝિન

حَفْصَۃُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ اِذَا اعْتَکَفَ الْمُؤَذِّنُ

સવારની અઝાનના માટે ઉભો થઈ જતો અને સવાર જાહેર થઈ જતી તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

لِلصُّبْحِ وَبَدَا الصُّبْحُ صَلّٰی رَکْعَتَیْنِ خَفِیْفَتَیْنِ قَبْلَ اَنْ تُقَامَ الصَّلٰوۃُ ـ ع

હલ્કી બે રકાત ઈક઼ામતથી પહેલાં પઢતા હતા."

મોહક્કિ઼કાના જવાબ ઉમ્દતુલ ક઼ારીમાં જુઓ. તદન એ જ લખાણ હઝરત અનસ رضی اللہ عنہ થી પણ મરવી છે. (ઉમ્દતુલ ક઼ારી, ૫/૧૩૧) અબૂ દાઊદ (૧/૭૯)માં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ ના મોઅઝ્ઝિને એકવાર ફજર તુલૂઅ થતા પહેલાં અઝાન આપી દીધી તો તેને એ જ હુકમ આપ્યો. અબૂ દાઊદ (૧/૭૯)માં જ હઝરત બિલાલ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમને હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યાં સુધી આ પ્રમાણે ફજર જાહેર ન થઈ જાય અઝાન ન આપ, અને હુઝૂરે હાથને પહોળાઈમાં ફેલાવ્યા. રહી ગઈ ચર્ચા હેઠળ ની હદીષ તો આગળહઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદની હદીષ આવી રહી છે જેમાં એવું ફર્માવ્યું કે બિલાલ એટલા માટે અઝાન આપે છે જેથી તમારો તહજ્જુદ પઢવાવાળો પલટે અને સૂવાવાળો જાગી જાય. એનાથી જાહેર છે કે હઝરત બિલાલની અઝાન નમાઝના માટે ન હતી બલ્કે તહજ્જુદ તથા સહરીના માટે હતી. એની સંપૂર્ણ ચર્ચા શરહે મઆનિયુલ આષાર તથા ઉમ્દતુલ ક઼ારી તથા ફત્હુલ ક઼દીરમાં જુઓ. આ હદીષથી સાબિત થયું કે નાબીનાની અઝાન વિના કરાહતે દુરુસ્ત છે જો કોઈ તેને સમય બતાવનાર હોય. હા ! જો કોઈ તેને સમય બતાવનાર ન હોય તો મકરૂહ છે.

**સમજૂતી : ૪૧૧-૪૧૨**

આ બંનેવ હદીષોથી સાબિત થયું કે ફજરમાં ફર્ઝથી પહેલાં બે રકાત સુન્નત છે અને એ કે એને ખૂબ જ સંક્ષિપ્તમાં પઢવી જોઈએ. *(૧/૮૭ બાબુલ અઝાન, મુસ્લિમ-સલાત)*

## حدیث ۴۱۲

**[હદીષ : ૪૧૨]**

عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا کَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم

یُصَلِّیْ رَکْعَتَیْنِ خَفِیْفَتَیْنِ بَیْنَ النِّدَاءِ وَالْاِقَامَۃِ مِنْ صَلٰوۃِ الصُّبْحِ ؏

સવારની અઝાન અને ઈક઼ામતની વચ્ચે હલ્કી બે રકાત પઢતા હતા."

(બુખારી ૧/૮૭ અઝાન, તહજ્જુદ–૧૫૭, મુસ્લિમ–સલાત, તિર્મિઝી–સલાત, નિસાઈ–સલાત, ઈબ્ને માજહ)

## حدیث ۴۱۳

**[હદીષ : ૪૧૩]**

عَنْ عَبْدِ اللّٰہِ بْنِ مَسْعُوْدٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી મરવી છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, તમારામાંથી કોઈને

عَلَیْہِ وَسَلَّمَ قَالَ لَا یَمْنَعَنَّ اَحَدَکُمْ اَوْ اَحَدًا مِّنْکُمْ اَذَانُ بِلَالٍ مِّنْ سُحُوْرِہٖ فَاِنَّہٗ

સહરીથી બિલાલની અઝાન ન રોકે એટલા માટે કે તે રાતમાં અઝાન આપે છે જેથી તહજ્જુદ પઢનાર પલ્ટે

یُؤَذِّنُ اَوْ یُنَادِیْ بِلَیْلٍ لِیَرْجِعَ قَائِمُکُمْ وَلِیَنْتَبِہَ نَائِمُکُمْ وَلَیْسَ اَنْ یَّقُوْلَ الْفَجْرُ

અને સૂનારો જાગી જાય. એ નહીં કે કોઈ કહે ફજર અથવા સવાર થઈ ગઈ, અને હુઝૂરે પોતાની આંગળીઓ

اَوِ الصُّبْحُ وَقَالَ بِاَصَابِعِہٖ وَرَفَعَھُمَا اِلٰی فَوْقٍ وَّطَاْطَاَ اِلٰی اَسْفَلَ حَتّٰی یَقُوْلَ ھٰکَذَا

વડે ઈશારો કર્યો, અને એને ઉપર ઉઠાવી અને નીચે ઝુકાવી ત્યાં સુધી આ પ્રમાણે થઈ જાય. અને ઝહીરે

**સમજૂતી : ૪૧૩–૪૧૪**

પહેલી હદીષ એના પર નસ (દલીલ) છે કે હઝરત બિલાલ તુલૂઅ ફજરથી પહેલાં જે અઝાન કહેતા હતા તે નમાઝના માટે ન હતી, બલ્કે એવું બતાવવા માટે હતી કે ફજરનો સમય નજીક આવી રહ્યો છે, જે લોકો તહજ્જુદ પઢી રહ્યા હોય તેઓ હવે થોડીકવાર આરામ કરી લે જેથી ફજરની નમાઝ સુકૂનની સાથે અદા કરે. વિત્ર નથી પઢી તો વિત્ર પઢી લે, સહરી નથી ખાધી તો ખાઈ લે, સૂનારા જાગી જાય અને જરૂરિયાતથી ફારિગ થઈ જાય. ફજરની નમાઝના માટે તૈયાર થઈ જાય. તેમજ એનાથી જાણવા મળ્યું કે સુબ્હ કાઝિબ રાતનો ભાગ છે, તુલનામાં એ સાબિત થયું કે સુબ્હ સાદિક દિવસનો ભાગ છે, તેમજ એ સાબિત થયું કે સુબ્હ કાઝિબની સફેદી લંબાઈમાં હોય છે એટલે કે ક્ષિતિજથી ઉપરની બાજુ અને સુબ્હ સાદિક ઉત્તર દક્ષિણ ફેલાયેલી હોય છે. બીજો ફરક એ છે કે સુબ્હ કાઝિબની નીચે ક્ષિતિજ અંધકારમય હોય છે અને સુબ્હ સાદિક ક્ષિતિજના મૂળમાંથી ઉભરાય છે અને બુલંદ

وَقَالَ زُهَيْرٌ بِسَبَّابَتَيْهِ إِحْدَاهُمَا فَوْقَ الْأُخْرَى ثُمَّ مَدَّهُمَا عَنْ يَمِينِهِ وَشِمَالِهِ ؏

પોતાની કલ્માની બંનેવ આંગળીઓને એકબીજાની ઉપર રાખી પછી તેને જમણે ડાબે ખેંચી."

(બુખારી, ૧/૮૭ બાબુલ અઝાન, ૨/૭૯૮ તલાક, અલ્આહાદ ૧/૧૦૭૬,

મુસ્લિમ–સૌમ, નિસાઈ–સલાત–સૌમ, અબૂ દાઊદ–સૌમ, ઈબ્ને માજહ)

## حديث ۴۱۴

**[હદીષ : ૪૧૪]**

عَنِ ابْنِ عُمَرَ وَ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُمْ إِنَّ بِلَالًا كَانَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما અને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે બિલાલ

يُؤَذِّنُ بِلَيْلٍ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ كُلُوْا وَاشْرَبُوْا

રાતમાં અઝાન આપતા હતા. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ખાવ, પીઓ ત્યાં સુધી કે ઈબ્ને ઉમ્મે મક્તૂમ

حَتّٰى يُؤَذِّنَ ابْنُ أُمِّ مَكْتُوْمٍ فَإِنَّهُ لَا يُؤَذِّنُ حَتّٰى يَطْلَعَ الْفَجْرُ ـــ قَالَ

અઝાન આપે. એટલા માટે કે જ્યાં સુધી ફજર તુલૂઅ નથી થઈ જતી એ અઝાન નથી આપતા. ઈમામ

اَلْقَاسِمُ وَلَمْ يَكُنْ بَيْنَ أَذَانِهِمَا إِلَّا أَنْ يَرْقَى ذَا وَيَنْزِلَ ذَا ؏

ક઼ાસિમે ફર્માવ્યું, એ બંનેવની અઝાનમાં ફરક઼ એટલો જ હતો કે એ ચઢતા અને તે ઉતરતા."

(બુખારી, ૧/૨૫૭ અસ્સૌમ, અઝાન–૬૭)

થવાની સાથોસાથ ક્ષિતિજના કિનારા પર ફેલાય છે. બીજી હદીષથી જાણવા મળ્યું કે હઝરત બિલાલ અને હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમની અઝાનની વચ્ચે બહુ મોટુ અંતર ન રહેતુ હતુ.

**قال القاسم** : હઝરત ક઼ાસિમ રિસાલતકાળ પછી હિ.સ. ૨૯માં પેદા થયા. એટલા માટે આ રિવાયત મુરસલ થઈ. **હું કહું છું** : જમહૂર તથા આપણે ત્યાં ષિક઼હની મુરસલ રિવાયત હુજ્જત છે. તદ્ઉપરાંત નિસાઈની જે રિવાયત છે એમાં આ પ્રમાણે છે : **قَالَتْ عَائِشَةُ فلم يكن بين اذا نيهما الا ان ينزل هذا ويصعد هذا** એનાથી સાબિત થઈ ગયું કે અહીં બુખારીમાં **قال القاسم**નો મતલબ આ છે : **عن عائشة**.

# حدیث ۴۱۵

**[હદીષ : ૪૧૫]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مُغَفَّلِ الْمُزَنِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગ઼ફ્ફલ મુઝની رضی اللہ عنہ થી રિવાયત છે કે*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ بَيْنَ كُلِّ اَذَانَيْنِ صَلٰوةٌ ثَلٰثًا لِّمَنْ شَاءَ عـ

રસૂલુલ્લાહ ﷺ એ ત્રણવાર ફર્માવ્યું, દરેક બે અઝાનોની વચ્ચે નમાઝ છે, જે ચાર છે."

*(બુખારી, ૧/૮૭, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–તતૂઅ, તિર્મિઝી–સલાત, નિસાઈ–અઝાન, ઈબ્ને માજહ–ઈક઼ામત)*

# حدیث ۴۱۶

**[હદીષ : ૪૧૬]**

اَنَّ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું,*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا سَكَتَ الْمُؤَذِّنُ بِالْاُوْلٰى مِنْ صَلٰوةِ الْفَجْرِ قَامَ فَرَكَعَ

*જ્યારે ફજરની પ્રથમ અઝાન કહીને મોઅઝ્ઝિન ચૂપ થઈ જતો તો રસૂલુલ્લાહ ﷺ ઉભા થતા અને*

رَكْعَتَيْنِ خَفِيْفَتَيْنِ قَبْلَ صَلٰوةِ الْفَجْرِ بَعْدَ اَنْ يَّسْتَبِيْنَ الْفَجْرُ ثُمَّ اضْطَجَعَ

*ફજરની નમાઝથી પહેલાં ફજરના જાહેર થયા બાદ બે રકાત ટૂંકી પઢતા. ત્યારબાદ જમણા પડખે આડા*

## સમજૂતી : ૪૧૫

આ સામાન્યપણામાંથી મગરિબની નમાઝ અપવાદ છે. એટલા માટે કે સહાબાએ કિરામ ખાસ કરીને ખુલફાએ રાશિદીન મગરિબમાં ફર્ઝથી પહેલાં નફલ પઢતા ન હતા, પણ સહીહ હદીષોથી સાબિત છે કે મગરિબની અઝાન પછી સહાબા ઝડપભેર મસ્જિદની તરફ ધપતા અને જ્યારે નબી કરીમ ﷺ તશરીફ લાવતા તો તેઓ એ જ પ્રમાણે નમાઝ પઢતા રહેતા. બે રકાત મગરિબની ફર્ઝથી પહેલાં પઢતા. અઝાન તથા ઈક઼ામત વચ્ચે ખૂબ જ ટૂંકુ અંતર રહેતું.

## સમજૂતી : ૪૧૬

આ હદીષથી સાબિત થયું કે સુન્નતો ઘરમાં પઢવી બેહતર છે અને એ કે ઘરમાં રહીને પણ નમાઝની રાહ જોવી દુરુસ્ત છે ચાહે તે ઈમામ હોય ચાહે મુક્તદી. પરંતુ ઘરમાં રાહ જોવામાં પ્રથમ સફમાં જગા મળવી શંકાસ્પદ હોય તો મસ્જિદમાં આવીને રાહ જુએ. જે શખ્સ તહજ્જુદનો આદી હોય તે ફજરની સુન્નત પઢીને થોડીવાર આડો પડી જાય તો બેહતર છે પણ ઘરમાં, મસ્જિદમાં ગૈરમુકલ્લિદો જેમ ન આળોટે કે નમાઝી બેસીને

عَلٰى شِقِّهِ الْاَيْمَنِ حَتّٰى يَاْتِيَهُ الْمُؤَذِّنُ لِلْاِقَامَةِ ؏

પડતા ત્યાં સુધી કે ઈક઼ામતની ઈજાઝત લેવા મોઅઝ઼્ઝિન હાજર થતો." (૧/૮૭, નિસાઈ–સલાત)

## حديث ۴۱۷

**[હદીષ : ૪૧૭]**

عَنْ مَالِكِ بْنِ الْحُوَيْرِثِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اَتَيْتُ النَّبِيَّ

"હઝરત માલિક બિન હુવૈરિષ رضي الله عنه એ ફર્માવ્યું, હું નબી કરીમ ﷺની

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ نَفَرٍ مِّنْ قَوْمِيْ فَاَقَمْنَا عِنْدَهٗ عِشْرِيْنَ لَيْلَةً وَّكَانَ

ખિદમતમાં અમારી ક઼ૌમના કેટલાક લોકોની સાથે હાજર થયો. ૨૦ રાત ત્યાં હાજર રહ્યો અને હુઝૂર ઘણા જ

رَحِيْمًا رَّفِيْقًا فَلَمَّا رَاٰى شَوْقَنَا اِلٰى اَهْلِيْنَا قَالَ ارْجِعُوْا فَكُوْنُوْا فِيْهِمْ وَعَلِّمُوْهُمْ

મહેરબાન અને પ્રેમાળ હતા. જેથી જ્યારે અમારાં બીવી બચ્ચાં તરફ અમારી આતુરતાને અનુભવી તો ઈર્શાદ

وَصَلُّوْا فَاِذَا حَضَرَتِ الصَّلٰوةُ فَلْيُؤَذِّنْ لَكُمْ اَحَدُكُمْ وَلْيَؤُمَّكُمْ اَكْبَرُكُمْ ؏

ફર્માવ્યો, હવે જાવ અને એમનામાં રહો અને એમને તાલીમ આપો અને નમાઝ પઢતા રહેજો. જ્યારે નમાઝનો સમય આવી જાય તો કોઈ અઝાન કહે અને તમારા લોકોમાં જે સૌથી મોટો હોય તે ઈમામત કરે."

(૧/૮૭, બાબુલ અઝાન–૧/૮૮, ૧/૯૦, ૧/૯૪ જેહાદ–૩૯૯, ૨/૮૮૮ અદબ, અલ્આહાદ ૧/૧૦૭૬, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–સલાત, નિસાઈ–સલાત, ઈબ્ને માજહ–સલાત)

વિર્દોમાં મશગૂલ થાય છે, સુન્નતો પઢે છે અને આ લોકો ટાંટીયા લંબાવીને આડા પડી જાય છે. ક્યારેક એવું પણ બને છે કે લોકો કુર્આન મજીદ હાથમાં લઈને તિલાવત કરતા રહે છે અને આ કુર્આન મજીદ તરફ પગો કરીને લાંબો થઈ જાય છે !

**સમજૂતી : ૪૧૭**

માલિક બિન હુવૈરિષ رضي الله عنه બસરામાં સ્થાયી હતા, ત્યાં હિ.સ. ૯૪માં વિસાલ ફર્માવ્યો. આ પણ તે સહાબાએ કિરામમાંથી છે જેમનો જમાનો હઝરત ઈમામે આ'ઝમ رضي الله عنهએ પામ્યો છે. અધિક્તર એ છે કે ઝિયારત પણ કરી છે.

**પરિપૂર્ણતા** : બુખારી શરીફના વિવિધ પ્રકરણોમાં આ હદીષની અંદર જે અધિક્તા છે એ સૌને મેળવ્યા બાદ આ હદીષ આ પ્રમાણે છે : હઝરત માલિક બિન હુવૈરિષ કહે છે, હું અમારી ક઼ૌમના અમુક લોકોની સાથે નબી ﷺની ખિદમતમાં હાજર થયો અને અમે સૌ યુવાન સમવયના હતા. અમે ત્યાં વીસ દિવસ અને વીસ રાત રહ્યા અને હુઝૂર ખૂબ જ મહેરબાન તથા હેતાળ હતા. અમને અમારાં ઘરવાળાં બીવી બચ્ચાંની આતુરતા જાગી. જ્યારે હુઝૂરે એ મેહસૂસ કરી લીધું તો અમને પૂછયું, તમારા ઘરે કોને મૂકીને આવ્યા છો ? અમે જણાવ્યું તો ફર્માવ્યું, તમારા ઘરવાળાંઓમાં જાવ ! અને એમનામાં રહો અને એમને હુકમ આપો. હુઝૂરે અમુક વાતો

# حديث ۴۱۸

**[હદીષ : ૪૧૮]**

عَنْ مَالِكِ بْنِ الْحُوَيْرِثِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اَتَى رَجُلَانِ

*"હઝરત માલિક બિન હુવૈરિષ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે બે શખ્સ નબી ﷺની ખિદમતમાં હાજર થયા,*

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُرِيْدَانِ السَّفَرَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*તેઓ સફરનો ઈરાદો ધરાવતા હતા. તો તેમને નબી ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે બંનેવ નીકળો તો*

عَلَيْهِ وَسَلَّمَ اِذَا اَنْتُمَا خَرَجْتُمَا فَاَذِّنَا ثُمَّ اَقِيْمَا ثُمَّ لِيَؤُمَّكُمَا اَكْبَرُكُمَا

*અઝાન આપો પછી ઈક઼ામત કહો અને તમારામાં જે અધિક વયનો હોય તે ઈમામત કરે."*

*(બુખારી, ૧/૮૮ બાબુલ અઝાન લિલ મુસાફિર)*

વર્ણન કરી હતી જેને ભૂલી ગયો. જેમ કે મને નમાઝ પઢતાં જોયો છે તેવી જ નમાઝ પઢજો અને તેમને તાલીમ આપો અને ફલાણા સમયે ફલાણી નમાઝ પઢો, અને ફલાણા સમયે ફલાણી નમાઝ. જ્યારે નમાઝનો સમય આવી જાય તો કોઈ અઝાન કહે અને જે તમારામાં મોટી વયનો હોય તે ઈમામત કરે. એ સર્વ લોકો ઈલ્મમાં સરખા હતા, એટલા માટે કે સાથે સાથે હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થયા હતા અને સાથે જ પરત થયા હતા એટલા માટે ઈમામત માટે અધિક ઉમરવાળાને અગ્રતા આપવાનો હુકમ કર્યો. આ હદીષથી સાબિત થયું કે ઈમામત અઝાનથી અફઝલ છે.

**સામ્યતા** : અહીં પ્રકરણ હતું : જેણે એવું કહ્યું સફરમાં એક મોઅઝ્ઝિન અઝાન આપે. એનાથી સામ્યતા એ છે કે એમને વિદાય કરતાં ફર્માવ્યું, જ્યારે નમાઝનો સમય આવી જાય તો કોઈ અઝાન કહે. વિદાય પછી આ હુકમ લાગુ થઈ ગયો એટલા માટે રસ્તાના માટે પણ હુકમ થઈ ગયો અને જ્યાં સુધી ઘરે પહોંચશે નહીં ત્યાં સુધી મુસાફર રહેશે. તો સાબિત કે મુસાફર પણ અઝાન કહે.

## સમજૂતી : ૪૧૮

આ હદીષ હક઼ીક઼તમાં પ્રથમવાળી જ છે. એ બંનેવ શખ્સોથી મુરાદ માલિક બિન હુવૈરિષ અને તેમના સાથી છે. જેમ કે કિતાબુલ જિહાદમાં છે. પણ જાહેરી રીતે એવું જણાય છે કે આ બે શખ્સો એમના સિવાયના હતા. એટલા માટે અમે એને મતનની (મૂળ લખાણ) સાથે લખ્યું. اذنا - اقيما - તષનીયાનો સેગો છે પણ મુરાદ એ છે કે તમારા બંનેવમાંથી એક અઝાન કહે અને ઈક઼ામત કહે. એ મુરાદ નથી કે તમે બંનેવ સાથે સાથે કે વારાફરતી અઝાન તથા ઈક઼ામત કહો. એટલા માટે કે એક અઝાન તથા ઈક઼ામત પૂરી જમાઅતના માટે પૂરતી છે.

# حدیث ۴۱۹

**[હદીષ : ૪૧૯]**

حَدَّثَنِیْ نَافِعٌ قَالَ اَذَّنَ ابْنُ عُمَرَ فِیْ لَیْلَۃٍ بَارِدَۃٍ بِضَجْنَانَ

"નાફેએ કહ્યું કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ઝજનાનમાં ઠંડીની હાલતમાં અઝાન

ثُمَّ قَالَ صَلُّوْا فِیْ رِحَالِکُمْ وَاَخْبَرَنَا اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

આપી પછી કહ્યું, તમે લોકો પોતાના પડાવમાં નમાઝ પઢી લો અને અમને ખબર આપી કે નબી صلی اللہ علیہ وسلم

وَسَلَّمَ کَانَ یَاْمُرُ مُؤَذِّنًا یُّؤَذِّنُ ثُمَّ یَقُوْلُ عَلٰی اَثَرِہٖ اَلَا صَلُّوْا فِی الرِّحَالِ

કોઈ મોઅઝ્ઝિનને અઝાનનો હુકમ આપતા પછી ફર્માવતા પડાવમાં નમાઝ પઢો, ઠંડી અથવા વર્ષાની

فِی اللَّیْلَۃِ الْبَارِدَۃِ اَوِ الْمَطِیْرَۃِ فِی السَّفَرِ ع

રાતમાં અથવા સફરની હાલતમાં." (ઉપર મુજબ, ઈબ્ને માજહ–સલાત)

ت ۱۳۱ وَیُذْکَرُ عَنْ بِلَالٍ اَنَّہٗ جَعَلَ اِصْبَعَیْہِ فِیْ اُذُنَیْہِ۔

**[તઅલીક઼ : ૧૩૧]** "હઝરત બિલાલ رضی اللہ عنہ ના બારામાં વર્ણન કરવામાં આવે છે કે તે પોતાની આંગળીઓ કાનોમાં કરી લેતા હતા."

## સમજૂતી : ૪૧૯

**ضجنان (ઝજનાન)** : મક્કા મોઅઝ્ઝમાથી ૨૫ માઈલના અંતરે એક પહાડનુ નામ છે જે મદીના તયબાહ જતાં આવે છે. આ હદીષથી સાબિત થયું કે સુન્નત એ જ છે કે અઝાનના વાક્યોમાં કાંઈ ઉમેરવામાં ન આવે. બાદમાં **صلوا فی الرحال** પોકારવામાં આવે. **فی السفر**ની શર્ત (કૈ઼દ) વાકઈ છે એહતેરાઝી નથી. સખ્ત ઠંડી, વરસાદ, કીચડ હોય તો આબાદીમાં અને મુકી઼મ હોવા છતાં મસ્જિદમાં હાજરી તથા જમાઅત માફ છે.

## તઅલીક઼ : ૧૩૧ની સમજૂતી

આ તઅલીક઼ને ઈબ્ને માજહ તથા તિબ્રાનીએ અવસતમાં હઝરત અબૂ હુજૈફા رضی اللہ عنہ થી રિવાયત કરી છે.

**પ્રકરણની સાબિતી** : અહીં પ્રકરણ છે : મુસાફરના માટે અઝાન તથા ઈક઼ામત જ્યારે જમાઅત થાય, એવી જ અરફા તથા જુમ્આમાં એટલે મુઝદલ્ફામાં પણ. અને વરસાદ તથા ઠંડીની રાતમાં મોઅઝ્ઝિનનું એ કહેવું કે પોતાનાં ઠેકાણાઓ પર નમાઝ પઢી લો. જેટલી હદીષો આ પ્રકરણમાં વર્ણન થયેલી છે એમાં અરફા તથા મુઝદલ્ફાનું વર્ણન નથી. એટલે કે કોઈ હદીષમાં એવું વર્ણન નથી કે અરફા તથા મુઝદલ્ફામાં પણ અઝાન તથા ઈક઼ામતથી નમાઝ પઢો. પણ અરફાત તથા મુઝદલ્ફામાં હાજીઓ સફરની હાલતમાં જ રહે છે અને મુત્લક઼ (કોઈપણ) સફરમાં અઝાન તથા ઈક઼ામત સાબિત છે જેથી આ બંને જગાઓમાં પણ સાબિત ગણાશે.

ت ۱۳۲ وَكَانَ ابْنُ عُمَرَ لَا يَجْعَلُ إِصْبَعَيْهِ فِي أُذُنَيْهِ۔

**[તઅલીક઼ : ૧૩૨]** "અને ઈબ્ને ઉમર رضی اللہ عنہما પોતાની આંગળીઓ પોતાના કાનોમાં કરતા ન હતા."

ت ۱۳۳ قَالَ إِبْرَاهِيمُ لَا بَأْسَ أَنْ يُؤَذِّنَ عَلَى غَيْرِ وُضُوءٍ۔

**[તઅલીક઼ : ૧૩૩]** "ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું, વુઝૂ વિના અઝાન આપવામાં કોઈ વાંધો નથી."

ت ۱۳۴ وَقَالَ عَطَاءٌ اَلْوُضُوْءُ حَقٌّ وَسُنَّةٌ۔

**[તઅલીક઼ : ૧૩૪]** "અને ઈમામ અતાએ કહ્યું કે વુઝૂ સાબિત છે અને સુન્નત છે."

ت ۱۳۵ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

**[તઅલીક઼ : ૧૩૫]** "ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم

وَسَلَّمَ يَذْكُرُ اللّٰهَ عَلَى كُلِّ أَحْيَانِهِ۔

દરેક સમયે અલ્લાહનો ઝિક્ર કર્યા કરતા હતા." (૧/૮૮, ૧/૧૬૨ તહારત)

## તઅલીક઼ : ૧૩૨ની સમજૂતી

આ તઅલીક઼ને ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી છે. નુસેર કહે છે કે મેં ઈબ્ને ઉમરને જોયા કે પોતાના ઊંટ પર બેઠા બેઠા અઝાન આપી રહ્યા હતા. સૂફિયાને પૂછયું, તે પોતાના કાનોમાં આંગળીઓ નાખતા હતા કે નહીં ? તો નુસેરે કહ્યું, નહીં. પણ જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمની સમક્ષ હઝરત બિલાલે કાનોમાં આંગળીઓ નાખીને અઝાન કહી તો એ જ સુન્નત થઈ. શક્ય છે હઝરત ઈબ્ને ઉમરે એટલા માટે કાનોમાં આંગળીઓ ન નાખી હોય કે તેમના હાથમાં ઊંટની લગામ રહી હશે.

## તઅલીક઼ : ૧૩૩ની સમજૂતી

આ ક઼ૌલને પણ ઈમામ અબી શયબાએ રિવાયત કરેલ છે. આપણે ત્યાં વુઝૂ વિના અઝાન આપવી મકરૂહ છે પરંતુ જો કોઈ વિના વુઝૂ અઝાન આપી દે તો થઈ જશે.

## તઅલીક઼ : ૧૩૪ની સમજૂતી

આ તઅલીક઼ને અબ્દુર્રઝઝાકે આ શબ્દોમાં વર્ણન કરી છે. અતાએ કહ્યું, એ સાબિત તથા સુન્નત છે કે મોઅઝ્ઝિન બાવુઝૂ જ અઝાન આપે. એ નમાઝથી છે એ નમાઝનો ફાતેહ છે. ઈબ્ને અબી શયબાએ પોતાના મુસ્નફમાં હઝરત અતાઅ્ના જ બારામાં રિવાયત કર્યું છે કે તે વિના વુઝૂએ અઝાન આપવાને મકરૂહ જાણતા હતા અને એ હદીષથી સાબિત છે. અબૂશ્શયખે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કર્યું કે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બાવુઝૂ શખ્સ જ અઝાન આપે.

## તઅલીક઼ : ૧૩૫ની સમજૂતી

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ આ છે : શું મોઅઝ્ઝિન પોતાનું મોઢું આમતેમ ફેરવે, શું આમતેમ

## حدیث ۴۲۰

**[હદીષ : ૪૨૦]**

عَنْ عَوْنِ ابْنِ اَبِیْ جُحَیْفَۃَ عَنْ اَبِیْہِ اَنَّہٗ رَاٰی بِلَالًا یُؤَذِّنُ

''હઝરત અબૂ જુહૈફાએ કહ્યું કે એમણે બિલાલને અઝાન કહેતાં જોયા. તે કહે છે કે પછી

فَجَعَلْتُ اَتَتَبَّعُ فَاہُ ھٰہُنَا وَھٰہُنَا بِالْاَذَانِ ؏

હું પણ તેમની સાથે આમતેમ મોઢું કરવા લાગ્યો.'' (૧/૮૮)

**ت ۱۳۶** وَكَرِهَ ابْنُ سِيْرِيْنَ اَنْ يَّقُوْلَ فَاتَتْنَا الصَّلٰوةُ وَلْيَقُلْ لَمْ نُدْرِكْ

**[તઅલીક઼ : ૧૩૬]** ''ઈબ્ને સીરીન એને મકરૂહ જાણતા હતા કે કોઈ એવું કહે કે અમારી

قَوْلُ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَصَحُّ۔

નમાઝ છૂટી ગઈ, એવું કહે અમે ન પામી અને નબી ﷺ નો ઈર્શાદ સહીહ છે.'' (૧/૮૮)

## حدیث ۴۲۱

**[હદીષ : ૪૨૧]**

عَنْ عَبْدِ اللّٰہِ بْنِ اَبِیْ قَتَادَۃَ عَنْ اَبِیْہِ قَالَ بَیْنَمَا نَحْنُ نُصَلِّیْ

''હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે નબી ﷺ ની સાથે નમાઝ પઢી રહ્યા હતા તેવામાં

مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذْ سَمِعَ جَلَبَۃَ رِجَالٍ فَلَمَّا

હુઝૂરે કેટલાક લોકોના દોડવાનો અવાજ સાંભળ્યો. જ્યારે નમાઝ પઢી ચૂક્યા તો પૂછ્યું, તમારો શો

જોઈ શકે છે ? અને જાહેર છે કે આ ચારેવ તઅલીક઼ને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી. વાત કેવળ એટલી છે કે અઝાનના અનુસંધાનમાં ચાર વાતોમાં મતભેદ છે : **૧.** મોઅઝ્ઝિન પોતાની આંગળીઓ કાનોમાં કરશે કે નહીં ? **૨.** 'હય્યઅલતૈન'ના સમયે જમણે ડાબે મોઢું ફેરવશે કે નહીં ? **૩.** અઝાનમાં આમતેમ જોઈ શકે છે કે નહીં ? **૪.** વિના વુઝૂએ અઝાન આપવી જાઈઝ છે કે નહીં ? એ ચારેવ વાતોમાંથી કેવળ એકનું ટાઈટલ રચ્યું અને વર્ણન ચારેવનું કરી આપ્યું. ઈમામ બુખારીનો શો મસ્લક છે એ માલૂમ ન થઈ શક્યું, આપણો મઝહબ એ છે કે કેવળ 'હય્યઅલતૈન'ના સમયે જમણે ડાબે મોં કરે, બાકી સમયોમાં નહીં. કાનોમાં આંગળીઓ રાખીને અઝાન કહે અને બાવુઝૂ કહે.

**સમજૂતી : ૪૨૧-૪૨૨**

અહીં એક મતભેદ એ છે કે મસ્બૂકે ઈમામની સાથે જે નમાઝ પઢી છે એ મસ્બૂક઼ની પ્રારંભિક નમાઝ છે કે અંતિમ ? ઈમામ શાફઈ વગેરેનો ક઼ૌલ છે કે એ એની પ્રારંભની નમાઝ છે. હનફીઓ તથા હંબલીઓ જણાવે છે

صَلّٰی قَالَ مَا شَاْنُکُمْ قَالُوْا اِسْتَعْجَلْنَا اِلَی الصَّلٰوۃِ قَالَ فَلَا تَفْعَلُوْا اِذَا

*હાલ છે ?! લોકોએ અર્ઝ કરી, નમાઝના માટે અમે જલ્દી કરી. ફર્માવ્યું, એવું ન કરો ! જ્યારે નમાઝના*

اَتَیْتُمُ الصَّلٰوۃَ فَعَلَیْکُمُ السَّکِیْنَۃُ فَمَا اَدْرَکْتُمْ فَصَلُّوْا وَمَا فَاتَکُمْ فَاَتِمُّوْا ؏

*માટે આવો તો ઈત્મિનાન તથા સુકૂનની સાથે આવો, ઈમામની સાથે જેટલી મેળવો પઢો અને જે*

*છૂટી જાય તેને બાદમાં પૂરી કરો." (૧/૮૮, મુસ્લિમ–સલાત)*

## حدیث ۴۲۲

**[હદીષ : ૪૨૨]**

عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَا

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું,*

عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِذَا سَمِعْتُمُ الْاِقَامَۃَ فَامْشُوْا اِلَی الصَّلٰوۃِ وَعَلَیْکُمُ السَّکِیْنَۃُ

*જ્યારે ઈક઼ામત સાંભળો તો નમાઝના માટે સુકૂન તથા વક઼ારથી ચાલો, દોડો નહીં. જે ઈમામની*

وَالْوَقَارُ وَلَا تُسْرِعُوْا فَمَا اَدْرَکْتُمْ فَصَلُّوْا وَمَا فَاتَکُمْ فَاَتِمُّوْا ؏

*સાથે મેળવી લો તેને ઈમામ સાથે પઢી લો અને જે છૂટી જાય તેને બાદમાં પૂરી કરો."*

*(૧/૮૮, અલ્જુમ્અહ્–૧૨૪, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ–જુમ્આ, ઈબ્ને માજહ મસાજિદ)*

કે અંતિમ છે. ઈમામ શાફઈ વગેરેની દલીલ આ હદીષના ઈર્શાદ **فاتموا**થી છે, એટલા માટે કે અંતિમના માટે લાઝિમ છે કે કોઈ ચીજની શરૂઆત જે અપૂર્ણ રહી ગઈ હોય જેને પૂર્ણ કરવા ચાહે છે, અમારી દલીલ આ હદીષના બીજા તરીક઼ામાં આવેલ શબ્દ **فاقضوا**થી છે. જેને ઈબ્ને અબી શયબાએ મુસ્નફમાં રિવાયત કરી છે. તેમજ મુસ્લિમ (૧/૨૨૦)માં પણ આ પ્રમાણે છે : **واقض ما سَبَقَكَ** તેમજ અબૂ દાઊદ (૧/૮૪–૮૫)માં પણ છે. તેમજ બયહક઼ીએ હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી પણ રિવાયત કરી. અને છૂટી ગયેલીની ક઼ઝા કરવા ચાહે છે તો આ ઈર્શાદની સેહત (સહીહ હોવા)ના માટે લાઝિમ છે કે મસ્બૂક઼ને જેટલી નમાઝ ઈમામની સાથે ન મળી તે છૂટી ગઈ, એની નમાઝ એ વખતથી શરૂ થઈ રહી છે જે સમયે તે ઈમામની સાથે શરીક થયો છે, એટલા માટે મસ્બૂક઼ની પ્રારંભિક તે થઈ જે એણે ઈમામની સાથે પામી. અને ઈમામના સલામ ફેરવ્યા બાદ જે પઢશે તે અંતિમ તથા આખરી નમાઝ ગણાશે. **مافاتكم**એ બતાવી આપ્યું છે કે એને જે નમાઝ નથી મળી તે છૂટી ગઈ તો ઈમામના સલામ ફેરવ્યા પછી એણે જે પઢવાની છે એ પણ છૂટી ગયેલી પઢવાની છે, અને તે પ્રારંભિક નમાઝ છે. અને **مافاتكم**નો જવાબ એ છે કે એ જ રિવાયતના શબ્દ **مافاتكم**થી સાબિત કે એની નમાઝનો તે હિસ્સો જે એને નથી મળ્યો, છૂટી ગયો છે એટલા માટે નમાઝ અપૂર્ણ છે, એને ક઼ઝા પઢીને નમાઝ પૂરી કરી લો.

# حدیث ۴۲۳

**[હદીષ : ૪૨૩]**

عَنْ عَبْدِ اللّٰہِ بْنِ اَبِیْ قَتَادَۃَ عَنْ اَبِیْہِ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی

*"હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો,*

عَلَیْہِ وَسَلَّمَ اِذَا اُقِیْمَتِ الصَّلٰوۃُ فَلَا تَقُوْمُوْا حَتّٰی تَرَوْنِیْ وَعَلَیْکُمُ السَّکِیْنَۃُ ع

*જ્યારે ઈકામત કહેવામાં આવે તો તમે લોકો ઉભા ન થઈ જાવ જ્યાં સુધી મને જોઈ ન લો કે*

*(હું હુજરાથી–રૂમથી બહાર આવી ગયો) અને સુકૂનની સાથે રહો."*

*(બુખારી, ૧/૮૯ જુમ્આ–૧૨૪, મુસ્લિમ–મસાજિદ, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–સલાત, નિસાઈ–અઝાન, ઈમામત, દારમી–સલાત, મુસ્નદે ઈમામ અહમદ, ભાગ–૫)*

# حدیث ۴۲۴

**[હદીષ : ૪૨૪]**

عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ اُقِیْمَتِ الصَّلٰوۃُ وَالنَّبِیُّ صَلَّی

*"હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે ઈકામત કહેવાઈ ચૂકી હતી અને નબી ﷺ*

## સમજૂતી : ૪૨૩

જ્યારે સહાબાએ કિરામ નમાઝના માટે એકત્ર થઈ જતા અને અઝાનનો સમય થઈ જતો તો હઝરત બિલાલ ઈજાઝત લઈને ઈકામત શરૂ કરી આપતા. શરૂમાં સહાબાએ કિરામ શરૂ ઈકામતથી જ ઉભા થઈ જતા. એના પર હુઝૂરે અકદસ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે જ્યાં સુધી એ જોઈ ન લો કે હું હુજરા મુબારકાથી બહાર આવી ગયો, ઉભા ન થાવ ભલે ઈકામત ખત્મ થઈ જાય. એના આધારે ઉલમાએ ફર્માવ્યું કે જો ઈકામતના સમયે ઈમામ મસ્જિદમાં ન હોય તો જ્યાં સુધી ઈમામને જોઈ ન લે ઉભા ન થાવ ભલે ઈકામત પૂરી થઈ જાય. અને ઈમામ તથા મુક્તદી મસ્જિદમાં જ હોય તો ઈકામતના સમયે સૌ બેઠેલા રહે. જ્યારે મોઅઝ્ઝિન 'હય્ય અલસ્સલાહ' સુધી પહોંચે તો ઉભા થવાનુ શરૂ કરે, 'હય્ય અલલ ફલાહ' પર સીધા ઉભા થઈ જાય. ઉભા રહીને ઈકામત સાંભળવી મકરૂહ છે. જેમ કે મુઝમરાત, આલમગીરી, શામીમાં છે.

**દેવબંદીઓનો પૂર્વગ્રહ** : દેવબંદીઓની પબ્લિક તથા ખાસ લોકો, ઉલમા જાહિલો સૌ અહલે સુન્નત વ જમાઅતની સાથે પૂર્વગ્રહના કારણે ઉભા થઈને ઈકામત સાંભળે છે જ્યારે કે હનફી હોવાના દાવેદાર પણ છે, ત્યાં સુધી કે લગભગ આ મસ્અલો અહલે સુન્નતની નિશાનીની હદ સુધી પહોંચી ગયો છે.

## સમજૂતી : ૪૨૪

અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું, એનું નામ નથી જાણી શકાયું. શક્ય છે કે એ શખ્સ પોતાની કૌમની રઈસ (માલદાર) રહ્યો હોય. હુઝૂર ﷺ એ તેના દિલને સંતોષ ખાતર મોડે સુધી સરગોશી (ગુપ્ત વાત) કરી હોય.

اللہ تعالیٰ علیہ وسلم یناجی رجلاً فی جانب المسجد فما قام الی

એક શખ્સ સાથે મસ્જિદના કિનારે સરગોશી (ધીમે વાતચીત) કરતા રહ્યા.

الصلوٰۃ حتی نام القوم ۔

નમાઝના માટે એ વખતે ઉભા થયા જે વખતે સૌ લોકો સૂઈ ગયા."

(બુખારી ૧/૮૯, ૨/૯૩૧, મુસ્લિમ-હૈઝ, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૧૨૦, અબૂ દાઊદ-સલાત, નિસાઈ-ઈમામત)

ت ۱۳۷ وقال الحسن ان منعتہ امہ عن العشاء فی الجماعۃ

**[તઅલીક઼ : ૧૩૭]** *"અને હઝરત હસન બસરીએ ફર્માવ્યું, જો ઈશાની જમાઅતથી હેતના કારણે*

شفقۃ لم یطعھا۔

*જો તેની મા રોકે તો માની વાત ન માને."*

## حدیث ۴۲۵

**[હદીષ : ૪૨૫]**

عن ابی ھریرۃ رضی اللہ تعالیٰ عنہ ان رسول اللہ صلی اللہ تعالیٰ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો,*

علیہ وسلم قال والذی نفسی بیدہ لقد ھممت ان آمر بحطب لیحطب

*એ ઝાતની કસમ ! જેના કબજામાં મારી જાન છે, મેં ઈરાદો કર્યો કે કેટલાક લોકોને લાકડીઓ જમા કરવાનો*

ثم آمر بالصلوٰۃ فیؤذن لھا ثم آمر رجلا فیؤم الناس ثم اخالف

*હુકમ આપુ પછી નમાઝના માટે અઝાન કહેવાનો હુકમ આપુ કે તે ઈમામત કરે, ત્યારબાદ એને છોડીને તે*

અલ્લામા અયનીએ ફર્માવ્યું, શક્ય છે કે ફરિશ્તો રહ્યો હોય. **હું કહું છું :** શક્ય છે તે શખ્સ કોઈ મહત્વની વાત બતાવી રહ્યો હોય. જેની તેહકીક઼ તથા તપાસના માટે સવાલ જવાબો તેમજ તથા ભવિષ્યના માટે હિદાયત આપવામાં મોડુ થઈ ગયું હોય. આ હદીષથી સાબિત થઈ ગયું કે કોઈ મહત્વના દીની તથા કૌમી કામમાં આમ મજમામાં કોઈ ખાસ માણસ સાથે સરગોશી (વાત કરનારા બે પોતે જ સાંભળે એટલા અવાજમાં વાત) કરી શકાય છે.

**સમજૂતી : ૪૨૫**

**الی رجال :** બીજી રિવાયતોમાં છે : પછી હું એમને જેઓ વિના કોઈ સબબે ઘરોમાં નમાઝ પઢે છે સળગાવી દઉં. *(અબૂ દાઊદ, ૧/૮૧ સલાત)* જો ઘરોમાં સ્ત્રીઓ અને બાળકો ન હોતાં તો હું ઈશાની ઈક઼ામત કહેવડાવતો અને અમારા યુવાનોને હુકમ આપતો કે ઘરોને સળગાવી આપે. *(મુસ્નદે ઈમામ અહમદ)* એનાથી સાબિત થયું કે

إِلىٰ رِجَالٍ فَأُحَرِّقَ عَلَيْهِمْ بُيُوْتَهُمْ وَالَّذِيْ نَفْسِيْ بِيَدِهٖ لَوْ يَعْلَمُ أَحَدُهُمْ

લોકોની તરફ જાઉં જેઓ જમાઅતમાં હાજર નથી અને તેમનાં ઘરોને સળગાવી દઉં. ક઼સમ છે એ જાતની

أَنَّهٗ يَجِدُ عَرْقًا سَمِيْنًا أَوْ مِرْمَاتَيْنِ حَسَنَتَيْنِ لَشَهِدَ الْعِشَاءَ ؏

જેના ક઼બજામાં મારી જાન છે આ લોકો જો એવું જાણતા કે તાજુ હાડકુ તથા ઉમદા ગોશ્ત ભરેલાં

હાડકાં પામશે તો જરૂર ઈશામાં શરીક થતા." *(બુખારી ૧/૮૯ વજૂબે જુમ્આ, ખુસૂમાત–૩૨૬, ૨/૧૦૭૨, નિસાઈ–સલાત)*

ت ١٣٨ وَكَانَ الْأَسْوَدُ إِذَا فَاتَتْهُ الْجَمَاعَةُ ذَهَبَ إِلىٰ مَسْجِدٍ آخَرَ ؏

**[તઅલીક઼ : ૧૩૮]** *"અને અસ્વદ رحمۃ اللہ علیہ ની જમાઅત જ્યારે છૂટી જતી તો*

*બીજી મસ્જિદમાં જતા." (૧/૮૯ ઈબ્ને અબી શયબા)*

ت ١٣٩ وَجَاءَ أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالىٰ عَنْهُ إِلىٰ مَسْجِدٍ قَدْ

**[તઅલીક઼ : ૧૩૯]** *"અને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એક મસ્જિદમાં આવ્યા જેમાં નમાઝ થઈ*

صُلِّيَ فِيْهِ فَأَذَّنَ وَأَقَامَ وَصَلّٰى جَمَاعَةً ؏

*ચૂકી હતી તો અઝાન અને ઈક઼ામત કહી અને જમાઅતથી નમાઝ પઢી." (ઉપર મુજબ)*

**જમાઅતથી નમાઝ વાજિબ છે, અને મજબૂરી વિના જમાઅત છોડવી ગુનોહ છે અને જે નમાઝ છોડવાનો આદી હોય તે 'ફ઼ાસિક઼ે મોઅલિન' છે.**

## તઅલીક઼ : ૧૩૮–૧૩૯ની સમજૂતી

પોતાની મસ્જિદમાં જમાઅત છૂટી જાય તો બીજી મસ્જિદમાં જમાઅત માટે જવું જરૂરી નથી, ચાહે તો જાય એ બેહતર છે પણ મસ્જિદે હરામ, મસ્જિદે નબવીથી ન જાય, એ જ પ્રમાણે બયતુલ મુક઼દ્દસથી ન જાય, એટલા માટે કે આ મસ્જિદોમાં જે સવાબ છે તે અન્ય મસ્જિદોમાં નથી. જે મસ્જિદમાં જમાઅત થઈ ચૂકી હોય તો એમાં અઝાન તથા ઈક઼ામત સાથે બાજમાઅત નમાઝ ત્યારે જાઈઝ છે જ્યારે કે તે બજાર તથા જાહેર માર્ગની મસ્જિદ હોય જેમાં કોઈ ઈમામ તથા મોઅઝ્ઝિન નિશ્ચિત ન હોય. જે મસ્જિદમાં ઈમામ તથા મોઅઝ્ઝિન નિશ્ચિત હોય એમાં પ્રથમ જેવી સ્થિતિમાં બીજી જમાઅત મકરૂહ છે. પ્રથમ જમાઅત જેવી સ્થિતિ બદલાય જાય એ જરૂરી છે. *(તો વિના કરાહત દુરુસ્ત છે. મહેરાબથી ખસી જવામાં પ્રથમ સ્થિતિ બદલાય જાય છે. –મિસ્બાહી)* રદ્દુલ મુહતાર, આલમગીરી વગેરે.

## حدیث ۴۲۶

**[હદીષ : ૪૨૬]**

عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ صَلٰوۃُ الْجَمَاعَۃِ تَفْضُلُ صَلٰوۃَ الْفَذِّ بِسَبْعٍ وَّعِشْرِیْنَ دَرَجَۃً سے

જમાઅત સાથેની નમાઝ એકલા નમાઝ પઢવા પર ૨૭ ગણી ફઝીલત ધરાવે છે."

(બાબુ ફઝલિ સલાતિલ જમાઅહ–૭૯, મુસ્લિમ, નિસાઈ–સલાત)

## حدیث ۴۲۷

**[હદીષ : ૪૨૭]**

عَنْ اَبِیْ سَعِیْدٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّہٗ سَمِعَ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી મરવી છે કે તેમણે નબી કરીમ صلی اللہ علیہ وسلم ને એવું કહેતાં સાંભળ્યા કે

عَلَیْہِ وَسَلَّمَ یَقُوْلُ صَلٰوۃُ الْجَمَاعَۃِ تَفْضُلُ صَلٰوۃَ الْفَذِّ بِخَمْسٍ وَّعِشْرِیْنَ دَرَجَۃً ۓ

નમાઝ બાજમાઅત એકલી નમાઝ પર પચીસ ગણી ફઝીલત ધરાવે છે." (બાબુ ફઝલિ સલાતિલ જુમ્આ–૮૯)

## حدیث ۴۲۸

**[હદીષ : ૪૨૮]**

سَمِعْتُ سَالِمًا قَالَ سَمِعْتُ اُمَّ الدَّرْدَاءِ تَقُوْلُ دَخَلَ عَلَیَّ اَبُو الدَّرْدَاءِ

"સાલિમે કહ્યું મેં ઉમ્મે દરદાથી સાંભળ્યું તે કહી રહ્યાં હતાં કે મારી પાસે અબૂ દરદા આવ્યા અને તે

وَھُوَ مُغْضَبٌ فَقُلْتُ مَا اَغْضَبَکَ قَالَ وَاللّٰہِ مَا اَعْرِفُ مِنْ اَمْرِ مُحَمَّدٍ

ગુસ્સામાં હતા. મેં પૂછયું, ગુસ્સાનો શો સબબ છે ? તો ફર્માવ્યું, ખુદાની કસમ ! હું હઝરત મુહમ્મદ

### સમજૂતી : ૪૨૬–૪૨૭

હદીષ–૩૩૦ ના હેઠળ અમે દર્શાવી ચૂકયા કે ૨૫, ૨૭ અથવા ૫૦ દરજ્જાનો ફરક નમાઝીના ઈખ્લાસ, હુઝૂરે ક઼લ્બ, ખુશૂઅ તથા ખૂઝૂઅના આધારે છે.

### સમજૂતી : ૪૨૮

ઉમ્મે દરદાથી મુરાદ ઉમ્મે દરદા સુગરા છે જેમનું નામ હજીમા છે. આ તાબઈય્યા છે. ઉમ્મે દરદા કુબરા

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلَّا اَنَّهُمْ يُصَلُّوْنَ جَمِيْعًا ؏

*મુસ્તફા ﷺના દીનની કોઈ વાત હવે નથી જોતો સિવાય એના કે લોકો જમાઅતથી નમાઝ પઢી લે છે."*

*(બાબુલ ફઝ્‌લ સલાતિલ ફજર ફી જમાઅહ–૯૦)*

## حديث ۴۲۹

**[હદીષ : ૪૨૯]**

عَنْ اَبِىْ مُوْسٰى رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ

*"હઝરત અબૂ મૂસા અશ્અરી رضي الله عنهએ ફર્માવ્યું કે નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો,*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَعْظَمُ النَّاسِ اَجْرًا فِى الصَّلٰوةِ اَبْعَدُهُمْ فَاَبْعَدُهُمْ

*નમાઝનો સૌથી વિશેષ સવાબ એને છે જે મસ્જિદથી સૌથી વધુ દૂર હોય, પછી તેને જે તેનાથી પણ અધિક*

مَمْشًى وَّ الَّذِىْ يَنْتَظِرُ الصَّلٰوةَ حَتّٰى يُصَلِّيَهَا مَعَ الْاِمَامِ اَعْظَمُ

*દૂર હોય. અને જે શખ્સ નમાઝની રાહ જુએ છે કે જેથી ઈમામની સાથે નમાઝ પઢે તેનો*

اَجْرًا مِّنَ الَّذِىْ يُصَلِّىْ ثُمَّ يَنَامُ ؏

*સવાબ તેમનાથી પણ વધારે છે જે નમાઝ પઢીને સૂઈ જાય છે." (ઉપર મુજબ, મુસ્લિમ–સલાત)*

જેમનું નામ ખયરા છે તે મુરાદ નથી, એટલા માટે કે સાલિમ બિન અબી જઅદ રાવીની એમનાથી મુલાકાત નથી થઈ. ઉમ્મે દરદા કુબરા હઝરત અબૂ દરદાની હયાતમાં જ વફાત પામી ચૂક્યાં હતાં.

**من امر** : મોટાભાગના નુસ્ખાઓમાં **امر**ની જગાએ **امة** છે. ઈસ્માઈલી અને અબૂ નુઐમની રિવાયતમાં **مااعرف** પછી **فيهم**નો વધારો છે. મુરાદ એ છે કે "એ શહેરના લોકોમાં" એનાથી મુરાદ દમિશ્ક છે જ્યાં હઝરત અબૂ દરદા રહેતા હતા. મુરાદ એ છે કે દીનની જે પાબંદી અને લેહાઝ નબવી યુગમાં તથા શૈખૈનના જમાનામાં હતો તે હવે એની કક્ષાએ બાકી નથી રહ્યો.

હઝરત અબૂ દરદાનો વિસાલ હઝરત ઉષ્માનગનીના યુગમાં હિ.સ. ૩૩માં થયો છે.

### સમજૂતી : ૪૨૯

આ હદીષથી જાણવા મળ્યું કે નમાઝ અથવા કોઈ નેક કામ માટે ચાલવુ પણ સવાબનો સબબ છે એ કારણે મસ્જિદ જેટલી વધુ દૂર હશે એટલો જ અધિક સવાબ મળશે. ઈમામ સાથે જમાઅતથી નમાઝ પઢવામાં વધુ સવાબ છે એકલા પઢવાની સરખામણીએ.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ છે : ફજરની નમાઝ બાજમાઅત પઢવાની ફઝીલત. આ હદીષની પ્રકરણ સાથે સામ્યતા હદીષના સામાન્યપણાથી છે.

# حدیث ۴۳۰

**[હદીષ : ૪૩૦]**

عَنْ اَبِی هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એક શખ્સ રસ્તામાં*

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ بَیْنَمَا رَجُلٌ یَّمْشِیْ بِطَرِیْقٍ وَّجَدَ غُصْنَ شَوْكٍ

*ચાલી રહ્યો હતો એવામાં કાંટાની ડાળી રસ્તા પર મળી તો તેને હટાવી દીધી. અલ્લાહે એને કૂબૂલ ફર્માવી*

عَلَی الطَّرِیْقِ فَاَخَّرَهٗ فَشَكَرَ اللّٰهُ لَهٗ فَغَفَرَ لَهٗ۔ ثُمَّ قَالَ الشُّهَدَاءُ خَمْسَةٌ

*લીધું અને તેને બખ્શી આપ્યો. પછી ફર્માવ્યું, શહીદ પાંચ છે : પ્લેગમાં મરનારો અને પેટની*

اَلْمَطْعُوْنُ وَالْمَبْطُوْنُ وَالْغَرِیْقُ وَصَاحِبُ الْهَدَمِ وَالشَّهِیْدُ فِیْ سَبِیْلِ اللّٰهِ عزوجل

*બીમારીમાં મરનારો અને ડૂબીને મરનારો અને ક્યાંક દબાઈને મરનારો અને ખુદાની રાહમાં શહીદ."*

*(બુખારી, ૧/૯૦, ૧/૩૯૭ જેહાદ, મુસ્લિમ, અયારત, અબૂ દાઊદ અદબ, તિર્મિઝી, અલ્બર,*

*મોઅત્તા ઈમામ માલિક–જમાઅત, મુસ્નદે ઈમામ અહમદ)*

**સમજૂતી : ૪૩૦**

**بینما** એ અસલમાં بَیْنَ હતું ઈશ્બાઅના માટે 'અલિફ'નો વધારો કર્યો. પછી 'મીમ' વધારવામાં આવી આ રીતે **بینما** થઈ ગયું. ક્યારેક 'મીમ' વિના **بینا** પણ આવે છે. આ ઝરફે ઝમાન છે જે મફાઝાતના માટે આવે છે.

**والشهداء** : આ 'શહીદ'નું બહુવચન છે તે 'શહાદત'થી નીકળ્યું છે જેનો અર્થ હાજર હોવું છે. એ ક્યાં તો મશહૂદના અર્થમાં છે એ આધારે કે એના મૃત્યુના સમયે રહમતના ખાસ ફરિશ્તા હાજર થાય છે. અથવા એ કારણે કે તેના માટે જન્નતની ગવાહી આપવામાં આવે છે અથવા 'શાહિદ'ના અર્થમાં છે, એટલા માટે કે એ ઝિંદા છે અને બારગાહે કુદ્સમાં હાજર છે. અથવા એ કારણે કે એનાં માટે અલ્લાહ ﷻ એ જે દરજાઓ તૈયાર રાખ્યા હતા ત્યાં પહોંચી ગયો.

**خمس** : આ રિવાયતમાં પાંચની સંખ્યા છે. મોઅત્તા ઈમામ માલિક (જનાઈઝ–૮૮, અબૂ દાઊદ ૨/૮૭, નિસાઈ ૧/૨૬૧) તથા અબૂ દાઊદ, નિસાઈ, તિબ્રાની, ઈબ્ને હિબ્બાનની હદીષમાં **شهید فی سبیل الله**ના ઉપરાંત સાતની સંખ્યા છે. ચાર આ તથા ન્યૂમોનિયામાં મૃત્યુ પામનાર, સળગીને મરી જનાર, બાળજન્મ વેળા જે સ્ત્રી મૃત્યુ પામે. ઈબ્ને માજહ (૨/૧૧૭)માં સફરમાં મૃત્યુ પામનારનો વધારો છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما (ઉમ્દતુલ કારી, ૫/૧૭૧)ની એક હદીષમાં છે, તે આશિક જે પાક દામન રહ્યો અને છુપાવેલ રાખ્યું અને એમાં જ મરી ગયો, તે પણ શહીદ છે. મુસ્નદે ઈમામ અહમદ (૨/૪૪૧)માં ચોપગાથી પડીને મરી જનારને પણ શહીદ કહ્યો. તદ્ઉપરાંત ઈબ્ને અસાકિરે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી શરીક (પાણી વગેરે પીતી વખતે ગળામાં ફસાઈ જવાથી મૃત્યુ પામનાર) અને જેને જંગલી જાનવરે ફાડી ખાધો હોય તે પણ શહીદ

છે. આ કુલ ૧૪ થયા. પણ આમાં પણ બસ નથી, બહારે શરીઅતમાં હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ ૩૬ ગણાવ્યા, પણ એ પણ લિમિટ માટે નથી. મશ્હૂર હદીષ છે :–

**من قتل دون ما له فهو شهيد من قتل دون اهله او دون دمه فهو شهيد من قتل دون دينه فهو شهيد**

"જે માલની રક્ષામાં માર્યો જાય તે શહીદ છે, જે પોતાના ઘરવાળાંની રક્ષામાં માર્યો જાય તે શહીદ છે, જે પોતાનો દીન બચાવવાના માટે માર્યો જાય તે શહીદ છે. *(અબૂ દાઊદ, ૨/૩૦૨, તિર્મિઝી, ૧/૧૭૦)*

અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ એના પર પૂરી કિતાબ લખી છે. અલ્લામા અજહૂરી માલિકીએ સાઈઠ સુધી પહોંચાડેલ છે.

શહીદોના વિશે જે હદીષો આવેલી છે એના પર નજર કરવાથી એ જાણવા મળે છે કે જે કોઈ વબાની બીમારીથી મરે, જે કોઈ અકસ્માતના લીધે મરે, જે સખત પીડાજનક બીમારીથી મરે, જે પોતાની અથવા કોઈ મુસલમાનની જાન, માલ, આબરૂ બચાવવામાં મરે તે શહીદ છે.

**المبطون** : સહીહ એ છે કે એનાથી મુરાદ પેટની દરેક બીમારી છે, ચાહે તે ઈસ્તિસ્કા હોય, ઈસ્હાલ હોય કે સખ્ત કબજીયાત કે સખત દર્દ હોય.

**શહીદનો હુકમ** : હુકમોના એતબારથી શહીદના બે પ્રકારો છે : પ્રથમ શહીદે ફિક્હી, આ તે શહીદ છે જેને જંગના મોક઼ા પર કાફિરોએ મારી નાખ્યો હોય. અથવા જંગના મેદાનમાં મરેલો મળ્યો અને એના શરીર પર ઘા હોય અથવા તેને મુસલમાનોએ જુલ્મથી ક઼ત્લ કર્યો હોય અને તેના ક઼ત્લથી કે઼સાસ કે દિયત વાજિબ ન થાય. અને ગુસ્લ આપ્યા વિના નમાઝે જનાઝા પઢીને દફન કરવામાં આવે. **બીજા** શહીદે ગૈર ફિક઼્હી. ઉપરોક્ત શહીદો સિવાય બાકીના તમામ શહીદોને ગુસ્લ આપવું ફર્ઝ છે. તેમનો શહીદ થવાનો મતલબ એ છે કે તેમને શહીદો જેવો સવાબ મળશે.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ છે : ઝોહરની નમાઝના માટે જલ્દી જવાનુ વર્ણન. વર્ણવેલ મતન (મૂળ લખાણ)ની આગળ તે હિસ્સો છે જે હદીષ–૪૦૮ છે જેના અંતમાં છે, **જો લોકો જાણતા કે શરૂ સમયે નમાઝના માટે જવામાં શો સવાબ છે લોકો આગળ વધવા કોશિશ કરતા.**

કદાચ ઈમામ બુખારીએ **تهجير**નો અર્થ ઝવાલના તુરંત બાદ જવાને સમજી રાખેલ હતું એટલા માટે એને આ પ્રકરણમાં પણ લાવ્યા. એનો પાયો એના પર છે કે એ હાજરાથી મુશ્તક છે જેનો અર્થ ઝવાલ પછીનો સમય છે. આ બે કારણે સહીહ નથી : **પ્રથમ** હરવીએ કહ્યું કે તહજીરનો અર્થ તકબીર છે એટલે શરૂ સમયમાં જવું કે આવવું, બપોરનો સમય ખાસ નથી. **બીજુ** અમે પ્રથમ દર્શાવી ચૂક્યા કે હાજરાનો અર્થ તીવ્ર ગરમીનો છે એ લેહાઝથી એ બપોરથી લઈને અસ્ર સુધી લાગુ થાય. ઈમામ બુખારીએ તહજીરનો જે અર્થ સમજ્યો છે એનાથી મળતાપણુ જાહેર છે અને સહીહ અર્થના એતબારથી સામ્યતા તેની આમ દલીલોથી છે, પણ આ આમ હુકમથી ગરમીઓની ઝોહર તથા અસ્ર, ઈશા ફજર બીજી હદીષોથી ખાસ છે.

# حديث ٤٣١

**[હદીષ : ૪૩૧]**

حَدَّثَنِیْ اَنَسٌ اَنَّ بَنِیْ سَلِمَةَ اَرَادُوْا اَنْ یَّتَحَوَّلُوْا عَنْ

''હમીદે કહ્યું મને હઝરત અનસ رضی اللہ عنہ એ હદીષ વર્ણન કરી કે બની સલ્માએ ઈરાદો કર્યો કે પોતાના મહોલ્લાથી

مَّنَازِلِهِمْ فَیَنْزِلُوْا قَرِیْبًا مِّنَ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ فَکَرِهَ

નીકળી જઈએ અને નબી ﷺ ના નજીક રહીએ. હઝરત અનસે કહ્યું, નબી ﷺ એ એ પસંદ નથી ફર્માવ્યું

النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اَنْ یُّعْرُوْا الْمَدِیْنَةَ فَقَالَ اَلَا تَحْتَسِبُوْنَ

કે મદીનાને ખુલ્લુ છોડી દઈએ. એટલા માટે ફર્માવ્યું, શું ચાલીને આવવાને સવાબ નથી સમજતા. ઈમામ

آثَارَکُمْ قَالَ مُجَاهِدٌ خُطَاهُمْ آثَارُ الْمَشْیِ فِی الْاَرْضِ بِاَرْجُلِهِمْ ع

મુજાહિદે ફર્માવ્યું : خُطَاهُم નો અર્થ તે નિશાનીઓ છે જે જમીન પર પગપાળા ચાલવાથી પડે છે.'' (૧/૯૦ એહતેસાબુલ આષાર, ૧/૨૫૨ ફઝાઈલે મદીના, મુસ્લિમ–મસાજિદ, ઈબ્ને માજહ–મસાજિદ, મુસ્નદે ઈમામ અહમદ–ભાગ–૩)

**સમજૂતી : ૪૩૧**

**પરિપૂર્ણતા :** મુસ્લિમ (મસાજિદ–૨૩૫)માં હઝરત જાબિર رضی اللہ عنہ ની હદીષમાં આ પ્રમાણે છે કે મસ્જિદે નબવીની આસપાસ કેટલીક જમીનો ખાલી થઈ તો બનૂ સલ્માએ ચાહ્યું કે મસ્જિદની નજીક તબદીલ થઈ જાય. તેની જાણ જ્યારે હુઝૂરે અક્દસ ﷺ ને થઈ તો એમનાથી પૂછયું. તેમણે અર્ઝ કરી, અમારાં ઘરો મસ્જિદથી દૂર છે, અમે એવું ચાહ્યું કે તેને વેચીને મસ્જિદની નજીક આવી જઈએ તો હુઝૂરે ફર્માવ્યું, **તમારા માટે દરેક ક્દમ પર એક દરજો છે.** ઈબ્ને માજહ (મસાજિદ–૫૭)માં છે કે એના પર આ આયત નાઝિલ થઈ :– وَنَکْتُبُ مَا قَدَّمُوْا وَاٰثَارَهُمْ ''જે પ્રથમ કરી ચૂક્યા અને એમના ક્દમના નિશાનો અમે લખી રહ્યા છીએ.'' મુસ્નદે સિરાજમાં છે કે તેમનાં ઘર ''સલઅ''ની પાસે હતાં. સલઅ મસ્જિદે નબવીથી એક માઈલના અંતરે છે. *(ઉમ્દતુલ ક્ારી, ૫/૧૭૩)*

**મસાઈલ :** સ્પષ્ટપણે એ સાબિત થયું કે **નમાઝના માટે ચાલવા પર દરેક ડગલે નેકી છે** અને લાઝમી રીતે એ સાબિત થયું કે **કોઈપણ નેક કાર્ય માટે ચાલવામાં પણ એ જ ફઝીલત છે.** એનાથી જાહેરી રીતે એવું જણાય છે કે દૂરની મસ્જિદમાં નજીકવાળી કરતાં અધિક સવાબ છે પણ પડોશીનો હક્ અગ્ર સ્થાને છે એ લેહાઝથી નજીકની મસ્જિદમાં નમાઝ અફઝલ છે, ખાસ કરીને જ્યારે કે મસ્જિદ વેરાન થવાનો અંદેશો હોય. મસ્જિદને વેરાન કરવી મના છે.

**قال مجاهد :** આયતે કરીમા وَنَکْتُبُ مَا قَدَّمُوْا وَاٰثَارَهُمْ માં آثَارَهُمْ ની તફસીરમાં ઈમામ મુજાહિદે ફર્માવ્યું, خُطَاهُم એટલે કે એમનાં કદમોની નિશાનીઓ.

## حدیث ۴۳۲

**[હદીષ : ૪૩૨]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, મુનાફિક઼ ! પર ફજર તથા*

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَیْسَ صَلٰوةٌ اَثْقَلَ عَلَی الْمُنَافِقِیْنَ مِنَ الْفَجْرِ وَالْعِشَاءِ وَلَوْ یَعْلَمُوْنَ

*ઈશાથી અધિક અઘરી કોઈ નમાઝ નથી, જો તેઓ જાણતા કે આ બંનેવમાં શો સવાબ છે તો આ બંનેવમાં*

مَا فِیْهِمَا لَاَتَوْهُمَا وَلَوْ حَبْوًا لَقَدْ هَمَمْتُ اَنْ آمُرَ الْمُؤَذِّنَ فَیُقِیْمَ ثُمَّ آمُرَ رَجُلًا یَؤُمُّ

*જરૂર આવતા ભલે ઘસેડાતા ઘસેડાતા. મેં નિશ્ચય કરી લીધો છે કે મોઅઝ્ઝિનને ઈક઼ામત કહેવાનો હુકમ આપુ*

النَّاسَ ثُمَّ آخُذُ شُعَلًا مِنْ نَارٍ فَاُحَرِّقُ عَلٰی مَنْ لَا یَخْرُجُ اِلَی الصَّلٰوةِ بَعْدُ علیه

*પછી કોઈ શખ્સને હુકમ આપુ કે લોકોની ઈમામત કરે, પછી આગના અંગારા લઈને તે લોકોને*

*સળગાવી દઉં જેઓ અત્યાર સુધી નમાઝના માટે ઘરથી નથી નીકળ્યા.'' (બુખારી, ૧/૯૦ સલાત)*

## حدیث ۴۳۳

**[હદીષ : ૪૩૩]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી કે ફર્માવ્યું,*

### સમજૂતી : ૪૩૨

હદીષ–૪૨૫માં આ તહદીદ (ધમકાવવું) સામાન્ય છે અને અહીં ખાસ મુનાફિક઼ોના માટે છે, શક્ય છે આ ઈર્શાદ કોઈ એવા મોક઼ાનો હોય જેમાં મુનાફિક઼ો ગૈરહાજર રહ્યા હોય. હક઼ીક઼ત એ જ હતી કે આ બે નમાઝો મુનાફિક઼ો પર ભારી (અઘરી) હતી એના કારણે તેઓ ગાયબ રહેતા. શક્ય છે એમને જોઈને કેટલાક મુખ્લિસ મો'મિનોમાં પણ કાંઈક સુસ્તી જોયી હોય તો ધમકી તથા ચેતવણી માટે આ પ્રમાણે ફર્માવ્યું હોય. એની પણ સંભાવના છે કે હદીષ–૪૨૫માં પણ સંબોધનની દિશા મુનાફિક઼ોના માટે હોય જેમ કે **لویعلم احدهم انه یجد عرقا سمینا ... الخ**થી આ દિશામાં ખયાલ જાય છે. વલ્લાહુ તઆલા અઅલમ.

### સમજૂતી : ૪૩૩

**سبعة (સબઅત)** : સાત જ ખાસ નથી. સંખ્યાનો ભાવાર્થ વિશ્વસનીય નથી એટલા માટે ક્યાંય પણ સંખ્યાનું વર્ણન સીમિત નથી કરતું જ્યાં સુધી સીમા પણ (ઘેરાવ) પર નિશાની ન હોય. મુસ્લિમ (૨/૫૧૬)માં હઝરત અબૂસ્સિયર رضی اللہ عنہ ની હદીષ છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું :–

عَلَيْهِ وَسَلَّمَ قَالَ سَبْعَةٌ يُظِلُّهُمُ اللّٰهُ فِيْ ظِلِّهٖ يَوْمَ لَاظِلَّ اِلَّاظِلُّهٗ ا لْاِمَامُ

સાત માણસોને અલ્લાહ ﷻ એ દિવસે પોતાના સાયામાં રાખશે જે દિવસે એના સાયાના સિવાય કોઈ

الْعَادِلُ، وَشَابٌّ نَشَأَ فِيْ عِبَادَةِ رَبِّهٖ وَرَجُلٌ قَلْبُهٗ مُعَلَّقٌ فِي الْمَسَاجِدِ

સાયો ન હશે. ઈન્સાફ કરનાર બાદશાહ, અને તે જુવાન જે પોતાના પરવરદિગારની ઈબાદતમાં

وَرَجُلَانِ تَحَابَّا فِي اللّٰهِ اِجْتَمَعَا عَلَيْهِ وَتَفَرَّقَا عَلَيْهِ وَرَجُلٌ طَلَبَتْهُ ذَاتُ

બચપનથી યુવાન થયો. અને તે શખ્સ જેનું દિલ મસ્જિદમાં લાગેલુ રહે છે. અને તે બે શખ્સો જેમણે

مَنْصَبٍ وَّجَمَالٍ فَقَالَ اِنِّيْ اَخَافُ اللّٰهَ، وَرَجُلٌ تَصَدَّقَ اِخْفَاءً حَتّٰى لَاتَعْلَمَ

આપસમાં અલ્લાહના માટે મહોબ્બત કરી, એના માટે એકત્ર થયા અને એના માટે જુદા થયા. અને તે શખ્સ

شِمَالُهٗ مَاتُنْفِقُ يَمِيْنُهٗ، وَرَجُلٌ ذَكَرَاللّٰهَ خَالِيًا فَفَاضَتْ عَيْنَاهُ ؏

જેને કોઈ ઈજ્જતદાર ખૂબસૂરત સ્ત્રીએ બોલાવ્યો તો તેણે કહી આપ્યું, હું અલ્લાહથી ડરું છું. અને તે શખ્સ

જેણે છુપી રીતે સદક઼ો કર્યો ત્યાં સુધી કે તેના ડાબા હાથને ખબર નથી કે તેનો જમણો શું ખર્ચ કરે છે.

અને તે શખ્સ જેણે એકાંતમાં અલ્લાહની યાદ કરી તો તેની આંખો વહી ગઈ."

(બુખારી, ૧/૯૧, ઝકાત–૧૯૧, ૨/૯૫૯ રિક઼ાક, મુહારિબીન ૨/૧૦૦૫, મુસ્લિમ–ઝકાત, તિર્મિઝી–ઝુહદ, નિસાઈ–ક઼ઝા–રિક઼ાક)

من انظر معسرا اوضع له اظله الله فى ظله "જે કોઈ ગરીબ કરજદારને મોહલત આપે અથવા તેને માફ કરી આપે તેને અલ્લાહ પોતાના સાયામાં રાખશે જ્યારે એના સાયા સિવાય અન્ય કોઈ સાયો ન હશે."

**يوم لاظل** : એનાથી મુરાદ ક઼યામતનો દિવસ છે જેવું કે જાહેર છે. તેમજ કિતાબુલ હુદૂદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક ઈમામે આ'ઝમના શાર્ગિદ અને ઈમામ બુખારીના ઉસ્તાદથી જે રિવાયત છે એમાં એની સ્પષ્ટતા છે. સાયો કેવળ જિસ્મે કષીફ (ઘન શરીર)નો પડે છે. અને અલ્લાહ ﷻ ઘનતા તથા શરીરથી પાક છે એટલા માટે ઉલમાએ તેની તાવીલો કરી છે. આ ઈઝાફત મહાનતા તથા શરાફતને પ્રદર્શિત કરવાના માટે છે, જેમ કે બયતુલ્લાહ (ખાનએ ખુદા). મુરાદ અર્શનો સાયો છે જેમ કે સઈદ બિન મન્સૂરે (ઉમ્દતુલ ક઼ારી, ૫/૧૭૭) સલ્માન ફ઼ારસી رضی اللہ عنہ થી રિવાયત કરી છે : **سبعة يظلهم الله فى ظل عرشه** સાત વ્યક્તિઓને અલ્લાહ પોતાના અર્શના સાયામાં રાખશે."

અથવા જેમ કે દુઆએ તવાફમાં છે : **اللّٰهم اظلنى تحت ظل عرشك يوم لا ظل الا ظلك** "હે અલ્લાહ ! મને તારા અર્શના સાયામાં જગા આપ જે દિવસે તારા સાયા સિવાય અન્ય કોઈ સાયો નથી."

અથવા મુરાદ પનાહ તથા રહમત છે જેમ કે કહે છે : **انا فى ظل فلان** "હું ફલાણાની પનાહમાં છું." અથવા જન્નતનો સાયો મુરાદ છે અથવા તૂબાનો.

**પ્રકરણની સામ્યતા** : અહીં પ્રકરણ આ છે : જે મસ્જિદમાં બેસીને નમાઝનો ઈન્તેઝાર કરે. અને મસ્જિદોમાં અને મસ્જિદોની આ હદીષનો આ હિસ્સો કે "તે શખ્સ જેનું દિલ મસ્જિદમાં લાગેલુ રહે છે" ને પ્રકરણના બીજા ભાગ સાથે સામ્યતા છે. જો મસ્જિદમાં કોઈ ફઝીલત ન હોય તો મસ્જિદ દિલથી લગાડી

# حدیث ۴۳۴

**[હદીષ : ૪૩૪]**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે નબી ﷺએ ફર્માવ્યું, જે શખ્સ સવારે કે રાતે મસ્જિદે જાય તો*

قَالَ مَنْ غَدَا اِلَی الْمَسْجِدِ اَوْرَاحَ اَعَدَّ اللّٰهُ لَهٗ نُزُلَهٗ مِنَ الْجَنَّةِ كُلَّمَا غَدَا اَوْرَاحَ

*અલ્લાહ ﷻ જન્નતમાં તેની મહેમાનીનો સામાન તૈયાર કરે છે, જ્યારે જ્યારે જાય." (બુખારી ૧/૯૧, મુસ્લિમ)*

# حدیث ۴۳۵

**[હદીષ : ૪૩૫]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَالِكٍ اِبْنِ بُحَيْنَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ مَرَّ النَّبِیُّ

*" હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને માલિક ઈબ્ને બહીના رضی اللہ عنہથી મરવી છે કે નબી ﷺ એક*

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ بِرَجُلٍ قَالَ سَمِعْتُ رَجُلًا مِّنَ الْاَزْدِ يُقَالُ لَهٗ مَالِكُ ابْنُ

*જણાની પાસે થઈને પસાર થયા. હફ્સ બિન આસિમના તરીકાથી આ પ્રમાણે રિવાયત છે કે મેં અઝદના*

રાખનાર આટલી મહાન ઈજ્જતનો હક્કદાર કઈ રીતે થતો ?!

**ફાયદો** : એના પછી હદીષ–૩૮૧ વર્ણન થયેલી છે. અહીં એટલુ અધિક છે કે **ثم اقبل علینا بوجهه بعد ما صلّٰی** નમાઝથી ફારિગ થયા બાદ હુઝૂરે અમારા પ્રતિ ચહેરો મુબારક કર્યો. આ નમાઝે ઈશા હતી જેના પછી સુન્નત છે. એનાથી સાબિત થયું કે જે નમાઝો બાદ સુન્નતો તથા નફલો છે તેના પછી પણ ઈમામ સલામ ફેરવ્યા બાદ મુક્તદીઓ તરફ પીઠ કરીને ન બેઠેલ રહે એ જ સુન્નત છે.

## સમજૂતી : ૪૩૪

અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે અમુક રિવાયતોમાં **غدا او راح**ના બદલે **غدا و راح** છે. બંનેમાં તફાવત એ રહ્યો કે **او** (વાળી રિવાયતમાં સંખ્યા આ બંનેમાંથી એક પર પણ થશે અને **و**ની રિવાયતના લીધે બંનેના સમૂહ પર. અમુક હઝરાતે ફર્માવ્યું કે **غدا او راح** સવાર સાંજ ગયો, નિર્દેશ છે ગેપ પાડયા વિના પાબંદી સાથે જવા સાથે. જેમ કે આયતે કરીમા **وَلَهُمْ رِزْقُهُمْ فِيْهَا بُكْرَةً وَّعَشِيًّا** "તેમના માટે જન્નતમાં સવાર સાંજ ખાણુ છે"માં કાયમી તથા હમેશગી મુરાદ છે.

## સમજૂતી : ૪૩૫

**શબ્દકોશ :** **ازد** ઝાએ મોઅજમા સાકિન. એક મશ્હૂર કબીલાનું નામ છે એને અસદ પણ કહેવાય છે. તેને **ازد شنؤه** પણ કહે છે. **لاث**નો અર્થ **دار احاط** છે એટલે એને ઘેરી લીધો. **بِهٖ**ની ઝમીરનો મરજઅ રસૂલુલ્લાહ ﷺ છે. એટલે કે સહાબાએ કિરામ હુઝૂર ﷺની આસપાસ ભેગા થઈ ગયા. પણ અલ્લામા અયનીએ

بُحَيْنَةَ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ رَاٰى رَجُلًا وَقَدْ اُقِيْمَتِ الصَّلٰوةُ

*એક જણ માલિક બિન ઈબ્ને બહીનાથી સાંભળ્યું કે નબી ﷺ એ એક જણને જોયા કે તે બે રકાતો પઢી*

يُصَلِّيْ رَكْعَتَيْنِ فَلَمَّا انْصَرَفَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَاثَ بِهِ النَّاسُ فَقَالَ

*રહ્યા છે જ્યારે કે ઈક઼ામત થઈ ચૂકી છે. જ્યારે રસૂલુલ્લાહ ﷺ નમાઝથી ફારિગ થયા તો લોકોએ*

لَهٗ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ آلصُّبْحَ اَرْبَعًا آلصُّبْحَ اَرْبَعًا

*તેમને ઘેરી લીધા. તેમને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું સવાર ચાર છે ? શું સવાર ચાર છે ?"*

*(બુખારી ૧/૯૧, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૨૪૫)*

ફર્માવ્યું, અહીંની રિવાયતની વર્ણન શૈલી એવું દર્શાવી રહ્યું છે કે આ ઝમીરનો મરજઅ **رجل** (રજલ) છે એટલે કે તે સાહબને લોકોએ ઘેરી લીધા. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે એ સાહબ ખૂદ માલિક ઈબ્ને બહીના હતા. જેમ કે મુસ્નદે ઈમામ અહમદમાં તેમની રિવાયત કરેલ હદીષથી જાહેર છે. **હું કહું છું** : મુસ્નદે ઈમામ અહમદ (૫/૨૪૫)ની જે રિવાયતનો અલ્લામા અયનીએ હવાલો આપ્યો છે તે આ પ્રમાણે છે : નબી ﷺ એમની નજીકથી પસાર થયા. એ નમાઝે ફજરથી પહેલાંવાળી સુન્નત પઢી રહ્યા હતા જેને લાંબી પઢી તો નબી ﷺ એ ફર્માવ્યું, આ નમાઝને ઝોહરથી પહેલાં અને બાદવાળીના જેમ ન બનાવી લો. એ બંનેના વચ્ચે અંતર રાખો. જાહેર છે કે આ બનાવ તે નથી જે ચર્ચા હેઠળની હદીષમાં છે. એટલા માટે એનાથી એ દલીલ કરવું કે આ હદીષમાં 'રજલ'થી મુરાદ ખૂદ હદીષના રાવી હઝરત અબ્દુલ્લાહ બિન માલિક ઈબ્ને બહીના જ છે, એ સહીહ નથી. ખૂદ મુસ્નદે ઈમામ અહમદમાં આ હદીષ વિવિધ તરીક઼ાઓથી રિવાયત થયેલ છે, સૌનાથી એ જ જાહેર થાય છે કે એ અન્ય કોઈ સાહબ હતા.

**أالصبح اربعا** : આ **الصبح-تصلی** ફેઅલે મહઝૂફનો મફઉલબિહ છે. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, એ પણ થઈ શકે છે કે **الصبح** મરફૂઅ હોય અને **تصلی** મહઝૂફ બાદમાં થાય. એટલે **الصبح** મુબ્તદા અને **تصلی اربعا** તેની ખબર. બંને ચર્ચાથી અર્થ એ થશે કે શું સવારે ચાર રકાત પઢે છે ? આ સવાલ ધમકાવવાના માટે છે.

**ઈક઼ામત પછી સુન્નત** : એના પર એકમતિ છે કે ફજર સિવાય બાક઼ીની નમાઝોમાં ઈક઼ામત પછી સુન્નતો પઢવી જાઈઝ નથી. અલ્બત્ત ફજરમાં મતભેદ છે. ઈમામ શાફઈ, ઈમામ અહમદનો મઝહબ એ છે કે ફજરની સુન્નત પણ ઈક઼ામત પછી જાઈઝ નથી. એમની દલીલ વર્ણવેલ હદીષ છે. હઝરત ઈમામે આ'ઝમે ફર્માવ્યું કે જો તેને યક઼ીન હોય કે બીજી રકાત મળી જશે તો મસ્જિદ બહાર પઢી લે. જામિઉસ્સગીર તથા બદાએઅ્માં ઈમામ સાહબનો આ જ મઝહબ વર્ણન થયેલો છે. હિદાયામાં એને અપનાવવામાં આવ્યું. અલ્બત્ત એટલો વધારો કર્યો કે જે હિસ્સામાં જમાઅત થઈ રહી હોય તેમાં ન પઢે, જો જમાઅત અંદર થઈ રહી હોય તો બહાર પઢે અને બહાર થઈ રહી હોય તો અંદર પઢે. વધુમાં એ કે તેને ત્રણેવ ઈમામો : ઈમામે આ'ઝમ, ઈમામ અબૂ યૂસુફ, ઈમામ મુહમ્મદનો મઝહબ બતાવ્યો. (શરહે મઆનિયુલ આષાર, ૧/૧૮૪) ઝખીરામાં એને અપનાવવામાં આવ્યું. (ઉમ્દતુલ ક઼ારી, ૫/૧૮૪) આપણી દલીલો આ છે : પ્રથમ તે હદીષ જેને ઈમામ બયહક઼ીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : **اذا اقيمت الصلوة فلا صلوٰة الا المكتوبة الا ركعتى الفجر** "જ્યારે ઈક઼ામત કહેવામાં આવે તો ફર્ઝ સિવાય અન્ય કોઈ નમાઝ નથી સિવાય ફજરની બે રકાતોના."

એના પર ઈમામ બયહકીએ આ પ્રમાણે ફર્માવ્યું : આ વધારો એટલે ફજરની સુન્નતના અપવાદ હોવાની કોઈ દલીલ નથી અને હજ્જાજ તથા એબાદ ઝઈફ છે. અલ્લામા અયનીએ એનો જવાબ એ આપ્યો કે ઈમામ ઈબ્ને મુઈને ફર્માવ્યું કે હજ્જાજ બિન નસીર, સદૂક છે. ઈમામ ઈબ્ને હબ્બાને તેમને ષિકાતમાં ગણાવ્યા અને એબાદ સાલિહીનમાંથી છે. *(ઉપર મુજબ)*

**બીજુ** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ મસ્જિદમાં આવ્યા, ઈકામત થઈ ચૂકી હતી. તેમણે એક થાંભલાની આડમાં સુન્નત પઢી. હઝરત અબૂ હુઝૈફા અને હઝરત અબૂ મૂસા મૌજૂદ હતા. *(શરહે મઆનિયુલ આષાર, ૧૮૩)*

**ત્રીજુ** : અબૂ મહાઝ કહે છે કે હું ઈબ્ને ઉમર તથા ઈબ્ને અબ્બાસની સાથે મસ્જિદમાં પ્રવેશ્યો. ઈમામ નમાઝ પઢાવી રહ્યો હતો. ઈબ્ને ઉમર તો નમાઝમાં સામેલ થઈ ગયા પણ ઈબ્ને અબ્બાસે બે રકાતો (ફજરની સુન્નત) મસ્જિદની અંદર પઢી પછી જમાઅતમાં સામેલ થયા.

**ચોથુ** : હઝરત અબૂ દરદા رضی اللہ عنہના બારામાં એ આવ્યું છે કે મસ્જિદમાં જતા અને લોકો ફજરની નમાઝ પઢતા હોતા. એ મસ્જિદના કોઈ ખૂણામાં ફજરની સુન્નત પઢીને જમાઅતમાં સામેલ થઈ જતા.

**પાંચમુ** : અબૂ ઉષ્માન નહદી કહે છે, અમે હઝરત ઉમરની પાસે જો ફજરની સુન્નત પઢયા વિના આવતા અને તે નમાઝમાં હોતા તો અમે લોકો મસ્જિદના અંતિમ હિસ્સામાં સુન્નત પઢીને નમાઝમાં શરીક થતા.

**છઠ્ઠુ** : હઝરત ઈબ્ને ઉમર એકવાર મસ્જિદમાં આવ્યા, જમાઅત થઈ રહી હતી. તે હઝરત હફસાના ઘરમાં ગયા અને સુન્નત પઢયા બાદ જમાઅતમાં શરીક થયા. *(ઉપર મુજબ)*

**ફજરની સુન્નતની વિશિષ્ટતા** : અન્ય સુન્નતોથી ઉલ્ટુ ફજરની સુન્નતોની આ વિશિષ્ટતા એ કારણે છે કે એના બારામાં ઘણી જ તાકીદ આવી છે. અબૂ દાઊદમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : **لا تدعو هما وان طردتكم الخيل** "આ બંનેને ન છોડશો ભલે તમને દુશ્મનના ઘોડા કચડી નાખે." *(૧/૧૭૯)*

એમાં જ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું :–

**لم تكن على شى من النوافل اشد معاهدة منه على الركعتين قبل الفجر** "કોઈ નફલના હુઝૂર એટલા પાબંદ ન હતા જેટલા અધિક ફજરની સુન્નતના પાબંદ હતા." *(ઉપર મુજબ)*

નફલોની કઝા નથી અને જો છે પણ તો જે વાત અદામાં છે તે કઝામાં ક્યાં ? હવે જો ફર્ઝથી પહેલાં પઢશે નહીં તો એ કઝા થઈ જશે એટલા માટે આપણા ઉલમાએ એને પઢવાનો હુકમ આપ્યો જેથી કરીને એની ફઝીલત પણ પામી લે અને જમાઅત પણ.

અને જો કોઈની ફજરની સુન્નત કઝા થઈ જાય તો સૂર્ય ઊંચે ચઢયા બાદ ઝવાલથી પહેલાં પહેલાં પઢી લે જેમ કે અબૂ દાઊદમાં જ છે કે એક જણને હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمએ તુલૂએ આફતાબ (સૂર્યોદય) પછી તેની કઝા પઢતાં જોયો તો મૌન અપનાવ્યું.

**હદીષના પ્રકરણની સ્પષ્ટતા** : રહી ગયું હદીષનું પ્રકરણ તો તેનો ખુલાસો એ છે કે તે સફથી જોડાઈને પઢી રહ્યા હતા, બલ્કે એ પણ થઈ શકે છે કે સફમાં દાખલ થઈને પઢી રહ્યા હોય, એટલા માટે એમને મના ફર્માવ્યું. એના અનુસંધાનમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની એક હદીષ છે કે જ્યારે ઈકામત થઈ જાય તો ફર્ઝ સિવાય અન્ય કોઈ નમાઝ નથી. એનો એક જવાબ એ છે કે આ હઝરત અબૂ હુરૈરહ પર મૌકૂફ છે. બીજો જવાબ એ છે કે હમણા બયહકીની હદીષ વર્ણન થઈ ચૂકી કે એનાથી ફજરની સુન્નત અપવાદ છે.

**સનદમાં તસામોહ (ચૂક)** : પ્રસ્તાવના (મુક઼દમા)માં દર્શાવી ચૂક્યા છીએ કે આ હદીષની સનદમાં ત્રણ તસામોહ (ચૂક) છે : એક એ કે આ હદીષના રાવી માલિકને દર્શાવ્યા, જ્યારે કે માલિક ઈમાનથી વંચિત રહ્યો. રાવી બતાવવાથી ગુમાન શું પણ યક઼ીન થાય છે કે સહાબી હતો. બીજુ એ રાવી નથી પણ રાવી એના સાહબઝાદા અબ્દુલ્લાહ છે જે સહાબી હતા. ત્રીજુ એ કે માલિક બિન કહેવાથી શંકા થાય છે કે માલિક બહીનાનો પુત્ર છે જ્યારે કે તે પતિ છે. ઈબ્ને બહીના અબ્દુલ્લાહની સિફત છે. બહીના એમની મા છે એટલા માટે ઈબ્ને બહીના છે ઈબ્નના 'હમ્ઝા'ને લખવામાં આવે છે જેમ કે મુહમ્મદ ઈબ્ને અલી ઈબ્ને હનીફા.

**જવાબ** : અલ્લાહની તૌફીક઼થી હું કહું છું : જો ઈમામ બુખારીએ કેવળ એક જ સનદ વર્ણવી હોત જેમાં માલિક બિન બહીના છે તો નિશ્ચિત હતું કે ઈમામ બુખારીથી લગઝિશ થઈ છે પણ અહીં મળતાપણાને લીધે એની પાંચ સનદો વર્ણવી છે. બે સહીહ છે જેમાં અબ્દુલ્લાહ ઈબ્ને માલિક ઈબ્ને બહીના રાવી છે. અને ત્રણમાં અબ્દુલ્લાહ નથી માલિક બિન બહીના છે. એ દલીલ છે કે આ લગઝિશ ઈમામ બુખારીથી નથી થઈ પણ ઉપરના રાવીઓથી થઈ છે. ઈમામ બુખારીએ જેવું પોતાના ઉસ્તાદોથી સાંભળ્યું તેવું નકલ કરી આપ્યું. હવે ઈમામ બુખારી પર એ ઈલ્ઝામ લાગુ પડે છે કે, તો પછી આવી ગલત સનદ પોતાની સહીહમાં વર્ણવી શા માટે ? એનો જવાબ એ છે કે શક્ય છે કે એ લગઝિશ પ્રતિ એમનું ધ્યાન ન ગયું હોય અથવા એના બારામાં તેહક઼ીક઼ ન હોય કે અસલ રાવી કોણ છે ? અબ્દુલ્લાહ અથવા માલિક, અને માલિક મુસલમાન થયો કે નહીં ? વળી એમાં મતભેદ છે કે બહીના અબ્દુલ્લાહની મા છે કે માલિકની ? અબૂ નુઐમ અસ્બહાનીએ કહ્યું કે એ માલિકની મા છે. અલ્લામા ઈબ્ને અબ્દુલ બરે પણ એમાં મતભેદ દર્શાવ્યો છે. સહીહ એ જ છે કે બહીના માલિકની પત્ની અને અબ્દુલ્લાહની મા છે. હઝરત બહીના હારિષ બિન અબ્દુલ મુત્તલિબની સાહબઝાદી છે અને ક઼દીમુલ ઈસ્લામ સહાબિયા છે.

**સુધારણા** : મુક઼દમા (પ્રસ્તાવના)ના પેજ–૯૨ (ઉર્દૂ)ની સત્તરમી અઢારમી લીટીઓમાં કાતિબ સાહબથી એ ગલતી થઈ ગઈ છે કે અઢારમી લીટીમાં આ પ્રમાણે લખ્યું. બીજુ એ કે આ તહવીલ સનદના પછી છે : **سمعت رجلا من الازديقال له مالك بن بحينه ان ﷺرای رجلا** *(અલ હદીષ)* બીજુ એ કે ........ ને છોડીને પૂરુ લખાણ સત્તરમી લીટીના શરૂનુ છે. કાતિબ સાહબે ઈસ્લાહ કરીને કાતિબ સાહબે એને અઢારમી લીટીમાં લખી આપ્યું. આવી મહેરબાની કેટલીયે જગાએ કરી છે. વાંચકો એની સુધારણા કરી લે. સહીહ લખાણ આ પ્રમાણે છે.

તહવીલે સનદ પછી છે :–

**سمعت رجلاً من الازديقال له مالك بن بحينه ان رسول الله صلى الله تعالٰى عليه وسلم رای رجلا الحديث**

એમાં ઈમામ બુખારીથી બે ચૂકો થઈ : એક તો એ કે માલિક બિન બહીનાએ કહ્યું. એનાથી જણાય છે કે બહીના માલિકની મા છે, જ્યારે કે એ માલિકની પત્ની છે અને અબ્દુલ્લાહની મા છે. બીજુ એ કે આ સનદમાં હદીષના રાવી માલિકને બતાવ્યો જ્યારે કે એના રાવી માલિકના પુત્ર અબ્દુલ્લાહ છે. માલિકને ઈમાન પણ નસીબ થયું ન હતું.

# حديث ۴۳۶

**[હદીષ : ૪૩૬]**

قَالَ الْاَسْوَدُ كُنَّا عِنْدَ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا فَذَكَرْنَا

"અસ્વદે કહ્યું અમે હઝરત આઈશા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર હતા. અમે નમાઝની પાબંદી

الْمُوَاظَبَةَ عَلَی الصَّلٰوةِ وَالتَّعْظِيْمَ لَهَا قَالَتْ لَمَّا مَرِضَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

અને અઝમતનો ઉલ્લેખ કર્યો તો ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, જ્યારે નબી ﷺ એ બીમારીમાં

تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ مَرَضَهُ الَّذِیْ مَاتَ فِيْهِ فَحَضَرَتِ الصَّلٰوةُ فَاُذِّنَ فَقَالَ

પડયા જેમાં વિસાલ થયો." (એક દિવસ એવું થયું) કે નમાઝનો સમય થઈ ગયો અને અઝાન કહી દેવામાં

مُرُوْا اَبَا بَكْرٍ فَلْيُصَلِّ بِالنَّاسِ فَقِيْلَ لَهُ اِنَّ اَبَا بَكْرٍ رَجُلٌ اَسِيْفٌ اِذَا قَامَ

આવી હતી તો ફર્માવ્યું, અબૂ બક્રને કહો લોકોને નમાઝ પઢાવે. એના પર અર્ઝ કરવામાં આવી કે

مَقَامَكَ لَمْ يَسْتَطِعْ اَنْ يُّصَلِّیَ بِالنَّاسِ وَاَعَادَ فَاَعَادُوْا لَهُ فَاَعَادَ الثَّالِثَةَ

અબૂબક્ર નરમ દિલ માણસ છે જ્યારે તમારી જગાએ ઉભા થશે તો નમાઝ નહીં પઢાવી શકે. હુઝૂરે ફરી એ

فَقَالَ اِنَّكُنَّ صَوَاحِبُ يُوْسُفَ مُرُوْا اَبَا بَكْرٍ فَلْيُصَلِّ بِالنَّاسِ فَخَرَجَ اَبُوْ بَكْرٍ

જ ફર્માવ્યું તો હાજરજનોએ ફરી પોતાની વાત દોહરાવી. ત્રીજીવાર હુઝૂરે ફરી એને દોહરાવ્યું અને એ પણ

يُصَلِّیْ فَوَجَدَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ مِنْ نَفْسِهٖ خِفَّةً فَخَرَجَ

ફર્માવ્યું, તમે યૂસુફને ઘેરાવમાં લેનારીઓની માફક છો, અબૂ બક્રને હુકમ આપો તે નમાઝ પઢાવે ! હવે

**સમજૂતી : ૪૩૬**

**પરિપૂર્ણતા** : મૃત્યુ વેળાની બીમારીની શરૂઆત આ પ્રમાણે થઈ કે હુઝૂરે અકદસ ﷺ બકીઅ કોઈ જનાઝામાં શરીક થવા તશરીફ લઈ ગયા. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના માથા મુબારકમાં દર્દ હતું. જ્યારે હુઝૂર જનાઝાથી પરત થયા તો ઉમ્મુલ મો'મિનીનને જોયાં તે તકલીફ સખ્તીના કારણે **وارأساه** હાય ! મારું માથુ ! કહી રહ્યાં હતાં. હુઝૂરે ફર્માવ્યું, **بل انا وارأساه** અને ફર્માવ્યું, તમારું શું નુકસાન છે ? જો તમે મારા પહેલાં મરો અને હું તમને ગુસ્લ આપુ અને કફન પહેરાવું, તમારો જનાઝો પઢું, તમને દફન કરું ! ઉમ્મુલ મો'મિનીને નાઝે મહબૂબાના સાથે અર્ઝ કરી, ત્યાર પછી હુઝૂર મારા ઘરમાં પોતાની કોઈ પત્નીની સાથે રહે ! એના પર હુઝૂર હસી પડયા. ત્યાર પછી એ બીમારી શરૂ થઈ જેમાં વિસાલ થયો. (મુસ્નદે ઈમામ અહમદ, ૭/૨૨૮, ઈબ્ને માજહ–જનાઈઝ–૧૦૭) આ તદન પ્રારંભિક વાત છે નહીં તો બીમારી મુબારકની સખ્તી બુધવારના દિવસે હઝરત ઉમ્મુલ મો'મિનીન મૈમૂના رضی اللہ عنہا ની વારીમાં થઈ. (મુસ્લિમ, ૧/૧૦૭, ૧૦૮)

يُهَادٰى بَيْنَ الرَّجُلَيْنِ كَأَنِّىْ اَنْظُرُ اِلٰى رِجْلَيْهِ تَخُطَّانِ الْاَرْضَ مِنَ الْوَجَعِ

અબૂ બક્ર નીકળ્યા અને નમાઝ પઢાવવી શરૂ કરી. ત્યાર બાદ નબી ﷺએ બીમારીમાં કાંઈક

فَاَرَادَ اَبُوْ بَكْرٍ اَنْ يَّتَاَخَّرَ فَاَوْمَاَ اِلَيْهِ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

રાહત અનુભવી તો બે માણસોના સહારે મસ્જિદમાં તશરીફ લઈ ગયા. જાણે હું જોઈ રહી છું કે હુઝૂરના

وَسَلَّمَ اَنْ مَكَانَكَ ثُمَّ اُتِىَ بِهٖ حَتّٰى جَلَسَ اِلٰى جَنْبِهٖ فَقِيْلَ لِلْاَعْمَشِ

પગો બીમારીના કારણે જમીન પર લીટી બનાવી રહ્યા છે. અબૂ બક્રે ચાહ્યું કે પાછળ થઈ જાય તો

فَكَانَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّىْ وَ اَبُوْ بَكْرٍ يُصَلِّىْ بِصَلٰوتِهٖ

નબી ﷺએ ઈશારો ફર્માવ્યો, તમારી જગાએ રહો. પછી હુઝૂરને એમની નજીક લાવવામાં આવ્યા ત્યાં

وَالنَّاسُ يُصَلُّوْنَ بِصَلٰوةِ اَبِىْ بَكْرٍ فَقَالَ بِرَاْسِهٖ نَعَمْ. زَادَ مُعَاوِيَةُ

સુધી કે હુઝૂર એમની બાજુમાં બેસી ગયા. અઅમશને પૂછવામાં આવ્યું કે નબી ﷺ નમાઝ પઢી રહ્યા હતા

جَلَسَ عَنْ يَّسَارِ اَبِىْ بَكْرٍ فَكَانَ اَبُوْ بَكْرٍ يُّصَلِّىْ قَائِمًا

અને અબૂ બક્ર હુઝૂરની ઈક્તેદા કરી રહ્યા હતા, અન્ય લોકો અબૂ બક્રની ઈક્તેદામાં નમાઝ પઢી રહ્યા હતા. તો

તેમણે માથાથી ઈશારો કર્યો, હા ! મુઆવિયહએ આટલી અધિક રિવાયત કરી કે હુઝૂર અબૂ બક્રના ડાબી

તરફ બેઠા અને અબૂ બક્ર ઉભા રહીને નમાઝ પઢી રહ્યા હતા."

(બુખારી ૧/૯૧, ૧/૯૮, ૧/૯૯, મુસ્લિમ, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)

હુઝૂરે અક્દસ ﷺ અડધી રાત્રે બક્રીઅ તશરીફ લઈ ગયા. પરત થયા તો સખત તાવ અને માથાનો દુઃખાવો શરૂ થઈ ગયો. અમુક જાહિલોએ એવું લખી આપ્યું છે કે હુઝૂરે અક્દસ ﷺને ન્યૂમોનિયા થઈ ગયો હતો, એ ગલત છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત સલ્મા તથા હઝરત અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہاને પણ એ જ શંકા થઈ ગઈ હતી, એમણે એના પર ક્રિસ્તે હિંદી (દવા) આપી હતી. એના પર હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, "ન્યૂમોનિયા શૈતાનના તરફથી છે અને અલ્લાહ તઆલા શૈતાનને મારા પર કાબૂ આપશે નહીં." (મદારિજ, ૧/૫૪૧ ખુર્દ) પાંચ દિવસ અન્ય અઝવાજે મુતહહરાત (પાક બીવીઓ)ના ઘરે રહ્યા, સોમવારે ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકાની વારી હતી. અન્ય અઝવાજની ઈજાઝતથી આઠ દિવસ તેમના જ ઘરે રહ્યા. બીમારીના કુલ દિવસો ૧૩ થયા. એની પણ સંભાવના છે કે બીમારીના દિવસ કુલ પાંચ હોય. બુધવારે શરૂઆત થઈ જુમેરાતે હઝરત સિદ્દીકાના ઘરે તશરીફ લાવ્યા અને સોમવારે વિસાલ ફર્માવ્યો. વલ્લાહુ તઆલા અઅ્લમ.

આ બનાવ જુમેરાતે રાતમાં ઈશાના સમયે બન્યો હતો. હુઝૂર ﷺની હયાત મુબારકમાં ત્રણ દિવસ ૧૭ સમયોની નમાઝો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પઢાવી જેમાં એક જુમ્આ પણ હતી.

**فقیل** : હદીષ ૪૪૩માં એની વિગત વર્ણન થયેલી છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકાને رضی اللہ عنہاએ ખયાલ આવ્યો, તેમણે હઝરત હફસાને કહ્યો. હઝરત હફસાએ ખિદમતે અક્દસમાં અર્ઝ કર્યો.

# حدیث ۴۳۷

**[હદીષ : ૪૩૭]**

سَمِعْتُ اَنَسًا يَّقُوْلُ قَالَ رَجُلٌ مِّنَ الْاَنْصَارِ اِنِّيْ لَا اَسْتَطِيْعُ الصَّلٰوةَ

*''હઝરત અનસ કહે છે કે એક અન્સારીએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ હું હુઝૂરની સાથે*

مَعَكَ وَكَانَ رَجُلًا ضَخْمًا فَصَنَعَ لِلنَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ طَعَامًا فَدَعَاهُ

*નમાઝ નથી પઢી શકતો. એ જાડા હતા. એમણે નબી ﷺના માટે ખાવા તૈયાર કર્યું અને હુઝૂરને ઘરે*

اِلٰى مَنْزِلِهٖ فَبَسَطَ لَهٗ حَصِيْرًا وَّنَضَحَ طَرَفَ الْحَصِيْرِ فَصَلّٰى عَلَيْهِ رَكْعَتَيْنِ فَقَالَ رَجُلٌ

*બોલાવ્યા અને હુઝૂરના માટે ચટાઈ બિછાવી અને ચટાઈના કિનારાને ધોયો. હુઝૂરે તેના પર બે રકાત*

**ان کن صواحب یوسف : صاحبة ،صواحب** સવાહિબ, સાહિબાનું ક઼યાસ વિરૂધ્ધ બહુવચન છે એનાથી મુરાદ એકલાં ઝુલૈખા છે. ક્યારેક એવું બને છે કે કોઈ મસ્લેહતના લીધે બહુવચન બોલાય છે અને મુરાદ એકવચન હોય છે. જેમ કે કહે છે : **فلان یمیل الی النساء** જ્યારે કે એમનો આશય કોઈ એકની જ તરફ હોય છે. સંબોધન જાહેરી રીતે હઝરત હફસાથી છે પણ મુરાદ હઝરત સિદ્દીક઼ા છે, કેમ કે એમણે જ હઝરત હફસાને કહેવડાવ્યું હતું. એની પણ સંભાવના છે કે હઝરત સિદ્દીક઼ા અને હઝરત હફસા બંનેવ મુરાદ છે. હઝરત ઝુલૈખાના કિસ્સા અને આ કિસ્સામાં મળતાપણુ એ છે કે ઝુલૈખાએ મિસ્રી સ્ત્રીઓને ઝિયાફતના બહાને બોલાવી હતી અને હેતુ હઝરત યુસુફ علیہ السلامનો જલ્વો દેખાડવાનો અને પોતાની લાચારી જાહેર કરવાનો હતો. જાહેરમાં ઝિયાફત કરી અને દિલમાં કાંઈક અન્ય હતું. એ જ પ્રમાણે હઝરત સિદ્દીક઼ાએ કહેવડાવ્યું હતું તો એ કે અબૂ બક્ર નરમ દિલવાળા છે હુઝૂરને મુસલ્લા પર જોશે નહીં તો ક઼ાબૂ રાખી શકશે નહીં અને રડવા લાગશે અને નમાઝ પઢાવી શકશે નહીં, અને દિલમાં એ હતું કે લોકો ક્યાંક હઝરત અબૂ બક્રની ઈમામતના કારણે બદફાલી ન લે, જેમ કે બુખારી (૨/૬૩૯)માં જ છે કે મને વારંવાર અર્ઝ પર આ ખયાલે ઉભારી કે જે શખ્સ હુઝૂરના સ્થાને નમાઝ પઢ ાવશે તેને લોકો પસંદ નહીં કરે. એનાથી લોકો બુરો ફાલ લેશે એટલે એ કે આ ઉભો થયો અને હુઝૂરનો વિસાલ થઈ ગયો. એટલા માટે હું ચાહતી હતી કે નમાઝ કોઈ અન્ય પઢાવે. જાહેર કાંઈ કર્યું અને દિલમાં કાંઈ અન્ય હતું. એ પણ શક્ય છે કે મુરાદ એ હોય કે જેવી રીતે મિસ્રની સ્ત્રીઓ હઝરત યુસુફને તેમની મરજીની વિરૂધ્ધ અમલ કરવા કહેતી હતી એ જ પ્રમાણે તમો મારાથી મારી મરજી વિરૂધ્ધ હુકમ બહાર પડાવવા ચાહો છો અથવા એ કે મિસ્રની એ સ્ત્રીઓની જેમ તમો પણ પોતાની વાત મનાવવા ચાહો છો.

આ હદીષથી જાણવા મળ્યું કે જો બીમાર મસ્જિદે ન જઈ શકે તો તેના પર જમાઅત વાજિબ નથી.

**સમજૂતી : ૪૩૭**

**ચાશ્તની નમાઝ :** સહીહ એ જ છે કે નમાઝે ચાશ્ત હુઝૂર ﷺએ ઘણીવાર પઢી છે. અલ્બત્ત પાબંદીની સાથે નથી પઢી, અને એ મુસ્તહબ છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીક઼ા તથા હઝરત ઈબ્ને ઉમરથી જે ઈન્કાર મરવી છે તે એ બિના પર કે તેમણે હુઝૂરને પઢતાં જોયા નથી. આ હદીષથી સાબિત થયું કે જાડાપણુ પણ જમાઅત છોડવાની મજબૂરીઓમાંથી છે, જ્યારે એટલા અધિક પ્રમાણમાં હોય કે મસ્જિદમાં જવું મુશ્કેલ હોય.

مِنْ آلِ الْجَارُوْدِ لِأَنَسٍ أَكَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّي الضُّحٰى

નમાઝ પઢી. આલે જારૂદના એક શખ્સે હઝરત અનસને પૂછયું, શું નબી ﷺ ચાશતની નમાઝ પઢતા હતા ?

قَالَ مَا رَأَيْتُهُ صَلَّاهَا إِلَّا يَوْمَئِذٍ ع

તો હઝરત અનસે બતાવ્યું, એ દિવસ સિવાય કદી એને પઢતા નથી જોયા."

(બુખારી ૧/૯૨, સલાત ૧/૧૫૭, ૨/૮૯૮ અલ અદબ, અબૂ દાઊદ)

ت ۱۴۰ | وَقَالَ أَبُو الدَّرْدَاءِ مِنْ فِقْهِ الْمَرْءِ إِقْبَالُهُ عَلٰى حَاجَتِهِ حَتّٰى

**[તઅલીક઼ : ૧૪૦]** "અને હઝરત અબૂ દરદાએ ફર્માવ્યું, માણસની અકલમંદી એ છે કે પોતાની

يُقْبِلَ عَلٰى صَلٰوتِهِ وَقَلْبُهُ فَارِغٌ ع

હાજત પૂરી કરી લે જેથી જ્યારે નમાઝ પ્રતિ ધ્યાનીત થાય તો તેનું દિલ સંતુષ્ઠ રહે." (બુખારી ૧/૯૨)

## حديث ۴۳۸

**[હદીષ : ૪૩૮]**

سَمِعْتُ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે રાતનુ

وَسَلَّمَ أَنَّهُ قَالَ إِذَا وُضِعَ الْعَشَاءُ وَأُقِيمَتِ الصَّلٰوةُ فَابْدَءُوْا بِالْعَشَاءِ ع

ખાવા સામે રાખી દેવામાં આવે તો મગરિબની નમાઝ પઢતાં પહેલાં ખાણુ ખાઈ લો. ખાણુ છોડીને

નમાઝના માટે જલ્દી ન કરો." (૧/૯૨, ૨/૮૨૧)

### તઅલીક઼ : ૧૪૦ની સમજૂતી

એવા સમયે નમાઝ મકરૂહ છે કે માણસને કોઈ હાજત ઉભી થઈ હોય જેની સાથે દિલનો સખત લગાવ હોય જેનાથી નમાઝમાં દિલ ન જામે અને ધ્યાન વેરવિખેર રહે.

### સમજૂતી : હદીષ : ૪૩૮-૪૩૯-૪૪૦, તઅલીક઼-૧૪૧

આ ત્રણેવ હદીષોથી જાણવા મળ્યું કે જો ખાવા સામે રાખી દેવામાં આવ્યું હોય અથવા તે ખાઈ રહ્યો હોય કે જમાઅત શરૂ થઈ ગઈ તો ખાવા છોડીને જમાઅત માટે જવું વાજિબ નથી. અને એના જ હુકમમાં એ સ્થિતિ પણ છે કે સખત ભૂખ લાગી હોય અને ખાવા તૈયાર હોય. સૈયદના ઈમામે આ'ઝમે ફર્માવ્યું, નમાઝને ખાવા બનાવી દઉં કે નમાઝના સમયે દિલ ખાવામાં લાગેલુ રહે એ એનાથી બેહતર છે કે ખાવાને નમાઝ બનાવી દઉં કે ખાતી વખતે દિલ નમાઝમાં લાગેલુ રહે. આ ત્યારે છે જ્યારે નમાઝના સમયમાં ગુંજાઈશ હોય, અને જો એનો અંદેશો

## حدیث ۴۳۹

**[હદીષ : ૪૩૯]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِذَا قُدِّمَ الْعَشَاءُ فَابْدَءُوْا بِہٖ قَبْلَ اَنْ تُصَلُّوْا صَلٰوۃَ

જ્યારે રાતનુ ખાવા સામે રાખી દેવામાં આવે તો મગરિબની નમાઝ પઢતાં પહેલાં ખાણુ ખાઈ લો.

الْمَغْرِبِ وَلَا تَعْجَلُوْا عَنْ عَشَائِکُمْ ؏

*ખાણુ છોડીને નમાઝના માટે જલ્દી ન કરો." (૧/૯૨, ૨/૮૨૧)*

## حدیث ۴۴۰

**[હદીષ : ૪૪૦]**

عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا وُضِعَ عَشَاءُ اَحَدِکُمْ وَاُقِیْمَتِ الصَّلٰوۃُ فَابْدَءُوْا بِالْعَشَاءِ

*જ્યારે તમારી સમક્ષ તમારું સાંજનુ ભોજન રાખી દેવામાં આવે અને ઈક઼ામત કહેવામાં આવે તો પ્રથમ ખાવા*

وَلَا یَعْجَلْ حَتّٰی یَفْرُغَ مِنْہُ ۔ وَکَانَ ابْنُ عُمَرَ یُوْضَعُ لَہُ الطَّعَامُ وَتُقَامُ الصَّلٰوۃُ

*ખાઈ લો. નમાઝના માટે જલ્દી ન કરવામાં આવે જ્યાં સુધી ખાવાથી પરવારી ન જાવ. અને ઈબ્ને ઉમરની*

فَلَا یَاْتِیْہَا حَتّٰی یَفْرُغَ وَاِنَّہُ لَیَسْمَعُ قِرَاءَۃَ الْاِمَامِ ؎

*સમક્ષ ખાવા રાખવામાં આવતુ અને ઈક઼ામત કહેવામાં આવતી તો પણ આપ નમાઝના માટે ન આવતા જ્યાં*

*સુધી ખાવાથી પરવારી ન જતા જ્યારે કે તે ઈમામની ક઼િરાઅત સાંભળતા રહેતા." (૧/૯૨, મુસ્લિમ)*

હોય કે ખાતાં ખાતાં નમાઝનો સમય નીકળી જશે અથવા મકરૂહ સમય આવી જશે તો ગમે તે રીતે નમાઝ પ્રથમ પઢી લે.

**صلوٰۃ المغرب** : હદીષ–૪૯૯માં મગરિબના સમયની શર્ત છે પણ આ હુકમ સર્વ નમાઝોના માટે સામાન્ય છે. મગરિબના સમયની શર્તનું કારણ કેવળ એ છે કે મગરિબનો ગૈર મકરૂહ સમય ખૂબ ઓછો છે, એમાં એનો સખત ખતરો છે કે ખાતાં ખાતાં મકરૂહ સમય આવી જાય, અથવા એ કારણે કે એ યુગ અરબવાસીઓ સૂર્ય ડૂબતાં જ ખાતા હતા, એટલા માટે એમાં ખાવા તથા નમાઝની ખેંચતાણ મોટાભાગે થાય છે.

ت ۱۴۱ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

**[તઅલીક઼ : ૧૪૧]** "હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તમે ખાવા પર

عَلَیْہِ وَسَلَّمَ اِذَا کَانَ اَحَدُکُمْ عَلَی الطَّعَامِ فَلَا یَعْجَلْ حَتّٰی یَقْضِیَ حَاجَتَہٗ مِنْہُ وَاِنْ اُقِیْمَتِ الصَّلٰوۃُ

હોવ તો જલ્દી ન કરો ત્યાં સુધી કે તમારી હાજત પૂરી કરી લો ભલે ઈક઼ામત થઈ ગઈ હોય."

## حدیث ۴۴۱

**[હદીષ : ૪૪૧]**

عَنِ الْاَسْوَدِ قَالَ سَأَلْتُ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا مَا کَانَ النَّبِیُّ

"ઈમામ અસ્વદે કહ્યું, મેં હઝરત આઈશા رضی اللہ عنہا ને પૂછયું, નબી صلی اللہ علیہ وسلم

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَصْنَعُ فِیْ بَیْتِہٖ قَالَتْ کَانَ یَکُوْنُ فِیْ مِہْنَۃِ اَہْلِہٖ تَعْنِیْ

પોતાના ઘરમાં શું કરતા હતા ? તેમણે બતાવ્યું, પોતાના ઘરવાળાંઓના કામમાં રહેતા હતા, અને

خِدْمَۃَ اَہْلِہٖ فَاِذَا حَضَرَتِ الصَّلٰوۃُ خَرَجَ اِلَی الصَّلٰوۃِ ؏

જ્યારે નમાઝનો સમય થઈ જતો તો નમાઝના માટે તશરીફ લઈ જતા." (૧/૯૩, ૨/૮૦૮, તિર્મિઝી–ઝુહદ)

## حدیث ۴۴۲

**[હદીષ : ૪૪૨]**

عَنْ اَبِیْ مُوْسٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ۔ قَالَ مَرِضَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

"હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ એ કહ્યું, નબી صلی اللہ علیہ وسلم

### સમજૂતી : ૪૪૧

**مھنۃ** : નો અર્થ કામકાજ છે. એની તફસીલ શમાઈલે તિર્મિઝી વગેરેમાં આ પ્રમાણે છે : બકરી દોહી લેવી, કપડાં સીવી લેવાં, પગરખાં ઠીક કરવાં, ડોલમાં થીંગડુ મારવું વગેરે વગેરે.

### સમજૂતી : ૪૪૨–૪૪૩

**مروا ابابکر** : એના અનુસંધાનમાં બે વાતો નોંધપાત્ર છે : પ્રથમ એ કે જો એ વખતે ઈમામતનો હુકમ વિના કોઈ ખાસ મક઼સદે કેવળ એટલા માટે હોતો કે જમાઅત થઈ જાય તો એમાં કોઈ વાંધો ન હતો કે હઝરત ઉમર અથવા કોઈ અન્ય સાહબ નમાઝ પઢાવી દેતા. હઝરત આઈશા તથા હઝરત હફસાના વારંવાર અર્ઝ તથા વિનંતિઓ પછી પણ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم નું એ જ ફર્માવવું કે અબૂબકને કહો નમાઝ પઢાવે. પછી પોતાની

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَاشْتَدَّ مَرَضُہٗ فَقَالَ مُرُوْا اَبَابَکْرٍ فَلْیُصَلِّ بِالنَّاسِ

બીમાર થયા અને હુઝૂરની બીમારી સખ્ત થઈ ગઈ તો ફર્માવ્યું, અબૂબક્રને હુકમ આપો કે લોકોને નમાઝ

قَالَتْ عَائِشَۃُ اِنَّہٗ رَجُلٌ رَقِیْقٌ اِذَا قَامَ مَقَامَکَ لَمْ یَسْتَطِعْ اَنْ یُّصَلِّیَ

પઢાવે. હઝરત આઈશાએ કહ્યું, એ નરમ દિલ ઈન્સાન છે જ્યારે હુઝૂરની જગાએ ઉભા થશે તો નમાઝ

بِالنَّاسِ قَالَ مُرِیْ اَبَابَکْرٍ فَلْیُصَلِّ بِالنَّاسِ فَعَادَتْ فَقَالَ مُرِیْ اَبَابَکْرٍ

પઢાવી શકશે નહીં. ફર્માવ્યું, અબૂબક્રને કહો લોકોને નમાઝ પઢાવે. હઝરત આઈશાએ ફરી એ જ દોહરાવ્યું.

فَلْیُصَلِّ بِالنَّاسِ فَاِنَّکُنَّ صَوَاحِبُ یُوْسُفَ فَاَتَاہُ الرَّسُوْلُ فَصَلّٰی بِالنَّاسِ

તો ફર્માવ્યું, અબૂબક્રને કહો કે તે લોકોને નમાઝ પઢાવે, તમો યૂસુફ પર ઘેરાવ કરનારીઓની જેમ છો.

فِیْ حَیٰوۃِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ؏

હવે હઝરત અબૂબક્રની પાસે ક઼ાસિદ આવ્યો અને તેમણે નબી ﷺની હયાતમાં નમાઝ પઢાવી.''

(બુખારી ૧/૯૩, ૧/૪૭૯ અંબિયા, મુસ્લિમ–સલાત)

## حدیث ۴۴۳

**[હદીષ : ૪૪૩]**

عَنْ عَائِشَۃَ اُمِّ الْمُؤْمِنِیْنَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا اَنَّہَا قَالَتْ اِنَّ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ પોતાની

رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ فِیْ مَرَضِہٖ مُرُوْا اَبَابَکْرٍ یُّصَلِّیْ

બીમારીમાં ફર્માવ્યું, અબૂબક્રને કહો તે લોકોને નમાઝ પઢાવે. હઝરત આઈશાએ કહ્યું, મેં કહ્યું,

સૌથી અધિક ચહીતી રફીક઼ાએ હયાતને બોલવું તે પણ આટલી સખ્તીની સાથે, એ બતાવી રહ્યું છે કે એ સમયે ઈમામતની નિયુક્તિ અને એના માટે હઝરત અબૂબક્રની નિશ્ચિતતા એ કોઈ ખૂબ જ મહત્વના હેતુસર હતું. અને એ હેતુ પોતાની સંપૂર્ણ તથા મુકમ્મલ જાનશીની હતી. મુસલ્લા પર ઉભા કરવા હક઼ીક઼તમાં પોતાની જગાએ ક઼ાયમ કરવુ છે અને આ હુકમ અસલમાં અલ્લાહ તરફથી હતો. જેમ કે બીજી હદીષમાં ફર્માવ્યું :–

**ادعی لی ابا بکر اباک واخاک حتی اکتب کتابا فانی اخاف ان یّتمنی متمنٍّ ویقول قائل انا اولٰی ویابی اللّٰہ والمومنون الّا ابابکر**

''મારી પાસે તમારા બાપ અબૂબક અને ભાઈને બોલાવો જેથી હું લખી આપું. મને અંદેશો છે કે કોઈ તમન્ના કરવાવાળો તમન્ના કરે અને કોઈ કહેવાવાળો કહે, હું અધિક હક્ક઼દાર છું, જ્યારે કે અલ્લાહ અને મો'મિનો અબૂબક સિવાય કોઈને પસંદ નહીં કરે. *(મુસ્લિમ, ૨/૩૭૩ ફઝાઈલે સહાબા, મુસ્નદે ઈમામ અહમદ)*

بِالنَّاسِ قَالَتْ عَائِشَةُ قُلْتُ إِنَّ اَبَا بَكْرٍ إِذَا قَامَ مَقَامَكَ لَمْ يُسْمِعِ النَّاسَ

અબૂબક્ર જ્યારે આપની જગાએ ઉભા રહેશે તો રડવાના કારણે લોકોને સંભળાવી નહીં શકે. તમે ઉમરને

مِنَ الْبُكَاءِ فَمُرْ عُمَرَ فَلْيُصَلِّ بِالنَّاسِ قَالَتْ عَائِشَةُ قُلْتُ لِحَفْصَةَ قُوْلِي لَهٗ إِنَّ اَبَا بَكْرٍ

હુકમ આપો તે નમાઝ પઢાવે. હઝરત આઈશાએ કહ્યું મેં હફસાને કહ્યું તમે અર્ઝ કરો, અબૂબક્ર જ્યારે આપની

إِذَا قَامَ فِي مَقَامِكَ لَمْ يُسْمِعِ النَّاسَ مِنَ الْبُكَاءِ فَمُرْ عُمَرَ فَلْيُصَلِّ لِلنَّاسِ فَفَعَلَتْ حَفْصَةُ

જગાએ ઉભા હશે તો રડવાના લીધે લોકોને સંભળાવી શકશે નહીં, હુઝૂર ઉમરને હુકમ આપો તે નમાઝ

فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَهْ إِنَّكُنَّ لَاَنْتُنَّ صَوَاحِبُ يُوْسُفَ مُرُوْا

પઢાવે. હફસાએ એવું કહ્યું તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, છોડો ! તમો યૂસુફ પર ઘેરો ઘાલનારીઓની

اَبَا بَكْرٍ فَلْيُصَلِّ لِلنَّاسِ فَقَالَتْ حَفْصَةُ لِعَائِشَةَ مَا كُنْتُ لِاُصِيْبَ مِنْكِ خَيْرًا ؏ـه

જેમ છો. અબૂબક્રને કહો તે લોકોને નમાઝ પઢાવે. હવે હફસાએ આઈશાને કહ્યું, તમારા તરફથી મને કોઈ

ભલાઈ ન પહોંચી." (બુખારી ૧/૯૩૧, ૨/૧૦૮૫ અલ એઅતેસામ, તિર્મિઝી–મનાક઼િબ, મોઅત્તા)

બુખારીનું લખાણ એ છે, મેં ઈરાદો કરી લીધો હતો કે અબૂબક્ર અને એમના પુત્ર (અબ્દુર્રહમાન)ને બોલાવો અને અબૂબક્રને વલીઅહદ (અનુગામી) કરી દઉં કે ક્યાંક કહેવાવાળો કહે અથવા આરઝૂ કરનારો આરઝૂ કરે. પછી મેં કહ્યું, અલ્લાહ તથા મો'મિનો અબૂબક્ર સિવાય કોઈ અન્યને પસંદ કરશે નહીં. એમના સિવાય કોઈપણ હોય દૂર કરશે. (બુખારી ૨/૧૦૭૨ અહકામ) બાબે મદીનતુલ ઈલ્મ હઝરત અલી رضی اللہ عنہએ આ મુદ્દાને સારી પેઠે સમજ્યો અને ઈર્શાદ ફર્માવ્યો, હુઝૂરે અક઼દસ ﷺએ અબૂબક્રને નમાઝ પઢાવવાનો હુકમ આપ્યો જ્યારે કે હું મૌજૂદ હતો, ક્યાંય ગયો ન હતો અને ન બીમાર હતો. એટલા માટે મારી દુનિયાના માટે મેં એને પસંદ કર્યો જેને નબી ﷺએ આપણા દીનના માટે પસંદ કર્યો. *(તારીખુલ ખુલફા બ હવાલા ઈબ્ને અસાકિર–૪૭)*

આ હદીષ આ મસ્અલામાં મુસ્તદલ (દલીલ) છે કે ઈમામતનો હક્ક઼ તેને છે જે સૌથી અધિક ઈલ્મવાળો હોય અને આ જ ઈમામ બુખારીનો પણ મઝહબ છે. એમણે એના પર પ્રકરણનુ ટાઈટલ એ રચ્યું : **اهل العلم والفضل احق بالا مامة** સહાબાએ કિરામમાં સૌથી અધિક જાણકાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼े અક઼બર رضی اللہ عنہ હતા એટલા માટે હુઝૂર ﷺએ એમને ઈમામ બનાવ્યા. હુઝૂરે અક઼દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **ما صب الله فی صدری الا صببت فی صدر ابی بکر** "અલ્લાહે જે કાંઈ મારા સીનામાં નાખ્યું મેં તે સર્વ અબૂબક્રના સીનામાં નાખી આપ્યું." મુસ્લિમ શરીફ વગેરેની હદીષમાં જે અક઼રઅની તક઼દીમ આવી છે તેનાથી મુરાદ અઅ્લમ જ છે. એટલા માટે કે એ જમાનામાં જે અક઼રા (ખૂબ જ પઢનારો) હોતો તે અઅ્લમ (ખૂબ જ જાણકાર) હોતો.

એના અનુસંધાનમાં એક ખાસ વાત એ પણ નોંધ કરી લો, જ્યારે ગઝવએ તબૂક઼ના માટે તશરીફ લઈ ગયા તો હઝરત અલી رضی اللہ عنہને મદીનામાં છોડયા અને વ્યવસ્થાની બાબતો એમને સુપ્રત કરી પણ ઈમામત ન સોંપી, ઈમામત હઝરત ઈબ્ને ઉમ્મે મકતૂમને અતા કરી, શા માટે ? એટલા માટે કે આ અંતિમ સફર હતી. એ સમયે ઈમામ બનાવવાથી શક્ય હતું કે કોઈ એમની ખિલાફત વિના આંતરે પર દલીલ લાવે.

# حديث ۴۴۴

**[હદીષ : ૪૪૪]**

اَخْبَرَنِیْ اَنَسُ بْنُ مَالِكٍ الْاَنْصَارِیُّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ وَكَانَ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ખબર આપી અને એ નબી صلی اللہ علیہ وسلم ના

تَبِعَ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ وَخَدَمَهٗ وَصَحِبَهٗ اَنَّ اَبَا بَكْرٍ كَانَ یُصَلِّیْ

તાબેદાર અને ખાદિમ અને સહાબી હતા કે નબી صلی اللہ علیہ وسلم ની એ બીમારીમાં જેમાં હુઝૂર صلی اللہ علیہ وسلم નો વિસાલ

لَهُمْ فِیْ وَجَعِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ الَّذِیْ تُوُفِّیَ فِیْهِ حَتّٰی اِذَا

થયો હઝરત અબૂબક્ર નમાઝ પઢાવ્યા કરતા હતા. ત્યાં સુધી કે જ્યારે સોમવારનો દિવસ આવ્યો અને

كَانَ یَوْمُ الْاِثْنَیْنِ وَهُمْ صُفُوْفٌ فِی الصَّلٰوةِ فَكَشَفَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

સહાબા સફ બાંધીને નમાઝમાં હતા કે નબી صلی اللہ علیہ وسلم એ હુજરાનો પર્દો હટાવ્યો અને અમારી તરફ જોવા લાગ્યા,

عَلَیْهِ وَسَلَّمَ سِتْرَ الْحُجْرَةِ یَنْظُرُ اِلَیْنَا وَهُوَ قَائِمٌ كَاَنَّ وَجْهَهٗ وَرَقَةُ مُصْحَفٍ

અને હુઝૂર ઉભા હતા. હુઝૂરનો ચેહરાએ અન્વર એવો લાગતો હતો જાણે મુસ્હફ (કિતાબ)નું

ثُمَّ تَبَسَّمَ یَضْحَكُ فَهَمَمْنَا اَنْ نَفْتَتِنَ مِنَ الْفَرَحِ بِرُؤْیَةِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

પાનું છે. પછી હુઝૂરે મુસ્કુરાતાં હસ્યા. નબી صلی اللہ علیہ وسلم ના જોવાની ખુશીમાં નજીક હતું કે અમે લોકો નમાઝ

عَلَیْهِ وَسَلَّمَ فَنَكَصَ اَبُوْ بَكْرٍ عَلٰی عَقِبَیْهِ لِیَصِلَ الصَّفَّ وَظَنَّ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی

છોડી બેસતા, અબૂબક્ર પોતાની એડીઓ પર પાછા પલટયા જેથી સફમાં આવી જાય અને એમણે એવું ધાર્યું કે

عَلَیْهِ وَسَلَّمَ خَارِجٌ اِلَی الصَّلٰوةِ فَاَشَارَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اَنْ اَتِمُّوْا

નબી صلی اللہ علیہ وسلم નમાઝના માટે બહાર તશરીફ લાવી રહ્યા છે, એના પર નબી صلی اللہ علیہ وسلم એ ઈશારો કર્યો, તમારી નમાઝ

صَلٰوتَكُمْ وَاَرْخَی السِّتْرَ فَتُوُفِّیَ مِنْ یَوْمِهٖ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

પૂરી કરો અને પર્દો છોડી આપ્યો. એ જ દિવસે વિસાલ કર્યો." (બુખારી ૧/૯૩, ૨/૬૪૦ મગાઝી, મુસ્લિમ—સલાત)

બીજુ એ કે ઈસ્લામના પ્રથમ હજના માટે પોતાના નાયબ હઝરત અબૂબક્રને બનાવ્યા. બાદમાં સૂરએ બરાઅતના એલાનના માટે હઝરત અલીને મોકલ્યા પણ તેમને હઝરત અબૂબક્રના હેઠળ રાખ્યા. એમાં પણ ઈશારો છે કે એ બંનેવમાંથી ઈમામતનો મન્સબ (હોદ્દો) તથા અમારત (સરદારી)નો હક્ક હઝરત અબૂબક્રનો જ છે.

# حدیث ۴۴۵

**[હદીષ : ૪૪૫]**

عَنْ اَنَسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ لَمْ یَخْرُجِ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

''હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ ત્રણ દિવસ હુજરા (રૂમમાં)થી બહાર તશરીફ

عَلَیْہِ وَسَلَّمَ ثَلٰثًا فَاُقِیْمَتِ الصَّلٰوۃُ فَذَھَبَ اَبُوْبَکْرٍ یَّتَقَدَّمُ فَقَالَ نَبِیُّ اللّٰہِ

નથી લાવ્યા. ઈક઼ામત કહેવામાં આવી અને અબૂબક્ર આગળ વધી રહ્યા હતા કે નબી ﷺ એ પર્દો ઉઠાવ્યો.

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِالْحِجَابِ فَرَفَعَہٗ فَلَمَّا وَضَحَ وَجْہُ النَّبِیِّ صَلَّی اللّٰہُ

જ્યારે નબી ﷺ નો ચેહરાએ અન્વર જાહેર થયો તો તેને જોયો, અને કોઈ પણ મન્ઝર નબી ﷺ ના ચહેરા

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَا نَظَرْنَا مَنْظَرًا کَانَ اَعْجَبَ اِلَیْنَا مِنْ وَّجْہِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

મુબારકથી સારો અમે નથી જોયો. અને નબી ﷺ એ અબૂબક્રની તરફ પોતાના દસ્તે મુબારક વડે

وَسَلَّمَ حِیْنَ وَضَحَ لَنَا فَاَوْمَأَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِیَدِہٖ اِلٰی اَبِیْ بَکْرٍ اَنْ

ઈશારો કર્યો કે તે આગળ વધે અને નબી ﷺ એ પર્દો લટકાવી આપ્યો. ત્યારબાદ હુઝૂર ઉભા ન થઈ

یَّتَقَدَّمَ وَاَرْخَی النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الْحِجَابَ فَلَمْ یُقْدَرْ عَلَیْہِ حَتّٰی مَاتَ

શક્યા ત્યાં સુધી કે વિસાલ ફર્માવ્યો.'' *(બુખારી ૧/૯૪ અત્તહજ્જુદ-૧૬૦, મુસ્લિમ-સલાત)*

**સમજૂતી : ૪૪૪-૪૪૫**

આ બનાવ સોમવારે ફજરની નમાઝમાં બન્યો, જેવું અહીં પણ અને મગાઝીની રિવાયતમાં یوم الاثنین છે. બુખારીમાં فھممنا છે અને મુસ્લિમમાં فَبُھِتْنَا છે. فھممنا નો અર્થ છે : અમે ઈરાદો કરી લીધો અને فَبُھِتْنَا નો અર્થ છે અમે બેકાબૂ થઈ ગયા. اَنْ نَفْتَتِنَ ફિત્નાનો અર્થ આજમાઈશ છે. અહીં આજમાઈશ એ હતી કે ઈક઼ામત થઈ ચૂકી હતી. ઈમામ મુસલ્લા પર ઉભો થઈ ચૂક્યો હતો. નમાઝ શરૂ થઈ રહી હતી એ સમયે સહાબાએ કિરામને નમાઝમાં મશ્ગૂલ થવું લાઝિમ હતું. આ તરફ સહાબાએ કિરામને ત્રણ દિવસ થઈ ગયા હતા કે આ જમાલે જહાંઆરાની ઝિયારતથી (હુઝૂરના દીદાર મુબારકથી) વંચિત હતા. જ્યારે પર્દો હટાવીને જાને જાનાને આલમ ઉભા થઈ ગયા તો દીદારની પ્યાસી નજરો અનાયાસે એ તરફ ઉઠી ગઈ. દિલ શું કહી રહ્યું હતું એ તો સહાબાએ કિરામ જ જાણે. સમયનો તક઼ાઝો હતો કે નમાઝમાં મશ્ગૂલ થઈ જાય, કોઈ બાજુ ન જુએ, અને ભાવનાઓનું તોફાન એના માટે મજબૂર કરી રહ્યું હતું કે જીવ ભરીને (ધરાઈને) નઝારો કરી લો ! હઝરત જામી ફર્માવે છે :-

(અર્થ) : સવારના સમયે જ્યારે તેં ચેહરાને દેખાડયો તો મારી નમાઝ કઝા થઈ ગઈ. સજદો કરવાનું ક્યાં દુરુસ્ત ગણાય છે જ્યારે સૂર્ય નીકળી આવે !

# حدیث ۴۴۶

**[હદીષ : ૪૪૬]**

عَنْ حَمْزَةَ بْنِ عَبْدِ اللهِ اَنَّهُ اَخْبَرَهُ عَنْ اَبِيْهِ قَالَ لَمَّا اشْتَدَّ بِرَسُوْلِ اللهِ

"હમ્ઝા ઈબ્ને અબ્દુલ્લાહ (ઈબ્ને ઉમર)એ પોતાના બાપથી રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું,

صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَجَعُهُ قِيْلَ لَهُ فِي الصَّلٰوةِ فَقَالَ مُرُوْا اَبَا بَكْرٍ فَلْيُصَلِّ بِالنَّاسِ

જ્યારે રસૂલુલ્લાહ ﷺની બીમારી સખત થઈ ગઈ તો હુઝૂરને નમાઝના બારામાં અર્ઝ કરવામાં આવ્યું.

قَالَتْ عَائِشَةُ اِنَّ اَبَا بَكْرٍ رَجُلٌ رَقِيْقٌ اِذَا قَرَأَ غَلَبَهُ الْبُكَاءُ قَالَ مُرُوْهُ فَلْيُصَلِّ

ફર્માવ્યું, અબૂબકને કહો નમાઝ પઢાવે. હઝરત આઈશાએ કહ્યું, અબૂબક નરમ દિલ માણસ છે જ્યારે

فَعَاوَدَتْهُ فَقَالَ مُرُوْهُ فَلْيُصَلِّ اِنَّكُنَّ صَوَاحِبُ يُوْسُفَ عَلَيْهِ السَّلَامُ

કિ઼રાઅત કરશે તો તેમના પર રડવાનો પ્રભાવ થઈ જશે. ફર્માવ્યું, તેમને કહો નમાઝ પઢાવે. હવે ફરી હઝરત

وَقَالَ عُقَيْلٌ وَّمَعْمَرٌ عَنِ الزُّهْرِيِّ عَنْ حَمْزَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ -

સિદ્દીક઼ાએ એ જ વાત દોહરાવી તો ફરી ફર્માવ્યું, એમને કહો નમાઝ પઢાવે, તમે સૌ યૂસુફ પર ઘેરાવ

કરવાવાળીઓ છો. અને ઉકૈ઼લ અને મઅમર ઝહરીથી તે હમ્ઝાથી તે નબી ﷺ થી રિવાયત કરે છે."

**فوائد** : એનાથી રાફઝીઓની રદ થઈ ગઈ જેઓ એવું કહે છે કે જ્યારે અબૂબક રضی اللہ عنہને ઈમામ બનાવ્યા બાદ ખૂદ હુઝૂરે તશરીફ લાવીને નમાઝ પઢાવી જેથી ખલીફા બનાવવું ખત્મ થઈ ગયું. જવાબ જાહેર છે કે આ ઈશારો હુકમની મંઝિલે (સ્થાને) છે અને ખલીફા બનાવવું છે.

**فنكص** : એનાથી જાહેર થાય છે કે હઝરત અબૂબક નમાઝ પઢાવવાના માટે ઉભા થઈ ગયા હતા. બીજી રિવાયતથી જાહેર થાય છે કે હજી ઈમામની જગાએ પહોંચ્યા ન હતા. વર્ગીકરણ એ છે કે **ذهب يتقدم**નો અર્થ અહીં એ છે કે હઝરત અબૂબક કાંઈક આગળ વધી ચૂક્યા હતા અને **فنكص على عقبيه**નો અર્થ છે કે જ્યાં સુધી પહોંચ્યા હતા ત્યાંથી પલટયા, એ મુરાદ નથી કે ઈમામની જગાએથી પલટયા. મગાઝી મૂસા ઈબ્ને ઉક઼બાથી છે : એ વખતે હુઝૂરે અક઼દસ ﷺએ હઝરત સિદ્દીકે઼ અકબરની પાછળ નમાઝ પણ પઢી. એક રકાત પાછળની મળી. પ્રથમ રકાતમાં મસ્બૂક઼ થઈ ગયા હતા. પણ સિહાહની રિવાયતોમાં મસ્જિદમાં આવવાનો ઉલ્લેખ નથી. પર્દો હટાવીને દરવાજા પર ઉભા ઉભા જોવાનો ઉલ્લેખ છે. તો બંને રિવાયતોમાં વર્ગીકરણના માટે એ જ કહેવામાં આવશે કે હુજરા મુબારકમાં ઈક઼્તેદા ફર્માવી.

**સમજૂતી : ૪૪૬**

આ હદીષ કેટલાક તરીક઼ાથી જોડાયેલી છે અમુક મુરસલ. એને બતાવવા માટે ઈમામ બુખારીએ આ મુતાબેઅત (સામ્યતા) વર્ણન કરી. એ દર્શાવવા ચાહે છે કે આ બંને તરીક઼ાઓથી એ મુરસલ છે. એટલા માટે કે હમ્ઝાની મુલાકાત હુઝૂરે અક઼દસ ﷺ થી નથી થઈ. ઝહબીએ ઝહરયાતમાં ઉકૈ઼લના તરીક઼ને મૌસૂલ દર્શાવ્યો છે અને

# حديث ۴۴۷

**[હદીષ : ૪૪૭]**

عَنْ عَائِشَةَ قَالَتْ اَمَرَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَبَا بَكْرٍ

"હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ પોતાની

اَنْ يُّصَلِّيَ بِالنَّاسِ فِيْ مَرَضِهٖ فَكَانَ يُصَلِّيْ بِهِمْ قَالَ عُرْوَةُ فَوَجَدَ رَسُوْلُ اللّٰهِ

અલાલત (બીમાર હાલત)માં નાદુરુસ્ત હાલતમાં અબૂબક્રને હુકમ આપ્યો કે નમાઝ પઢાવે તો તે નમાઝ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنْ نَفْسِهٖ خِفَّةً فَخَرَجَ فَاِذَا اَبُوْبَكْرٍ يَّؤُمُّ

પઢાવવા લાગ્યા. ઉરવાએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ કાંઈક રાહત અનુભવી અને મસ્જિદમાં તશરીફ લાવ્યા

النَّاسَ فَلَمَّا رَاٰهُ اَبُوْبَكْرٍ اِسْتَاخَرَ فَاَشَارَ اِلَيْهِ اَنْ كَمَا اَنْتَ فَجَلَسَ رَسُوْلُ

તો જોયું કે અબૂબક્ર ઈમામત કરી રહ્યા છે. જ્યારે અબૂબક્રે હુઝૂરને જોયા તો પાછળ હટવા લાગ્યા, એના પર

اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حِذَاءَ اَبِيْ بَكْرٍ اِلٰى جَنْبِهٖ فَكَانَ اَبُوْبَكْرٍ يُصَلِّيْ

હુઝૂરે ઈશારો કર્યો કે જેવા છો તેવા જ રહો. અને રસૂલુલ્લાહ ﷺ અબૂબક્રના લગોલગ તેમની બાજુમાં

بِصَلٰوةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَالنَّاسُ يُصَلُّوْنَ بِصَلٰوةِ اَبِيْ بَكْرٍ ع

બેસી ગયા. તો અબૂબક્ર રસૂલુલ્લાહ ﷺ ની ઈક્તેદા કરી રહ્યા હતા અને લોકો અબૂબક્રની."

*(બુખારી, ૧/૯૪ મુસ્લિમ–સલાત, ઈબ્ને માજહ–સલાત)*

મઅમરવાળા તરીકાને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક ઈબ્ને સઅદ અને અબૂ યઅલાએ મુરસલ જ વર્ણવેલ છે. અલ્બત્ત અબ્દુર્રઝઝાકે મૌસૂલન વર્ણન કરેલ છે, પણ ઈબ્ને ઉમરના બદલે હઝરત આઈશાના વાસ્તાથી અને મુસ્લિમમાં પણ એ જ પ્રમાણે છે.

**સમજૂતી : ૪૪૭**

**ان کما انت** : એમાં **ما** ઈસ્મે મૌસૂલ અને **انت** મુબ્તદા છે જેની ખબર અલૈહ યાફિયહ્ વગેરે છે. એટલે કે જે હાલ છો એ હાલમાં રહો. જ્યારે કે 'કાફ'ને અધિક માનીએ અને જો તશ્બીહ (મળતાપણા) માટે માનીએ તો શાબ્દિક તર્જુમો આ પ્રમાણે થશે : જે હાલ પર પહેલાં હતા એના જેમ અથવા એ જ પ્રમાણે અત્યારે પણ રહો સરખામણી અધિક મુનાસિબ છે એટલા માટે કે હજી પણ ફેરફાર થયો તદન એ જ સ્થિતિ નથી રહી. પહેલાં ઈમામ અબૂબક્ર મુસ્તકિલ (પૂર્ણપણે) હતા અને હવે હુઝૂરના મુક્તદી થઈ ગયા કેવળ કૌમના ઈમામ રહ્યા.

**قال عروه** : એનાથી અલ્લામા કિરમાનીને શંકા થઈ ગઈ કે આ તઅલીકનો હિસ્સો છે, જ્યારે કે એવું નથી. ઈબ્ને માજહમાં પૂરુ મતન (અસલ લખાણ) આ સનદની સાથે વર્ણન થયેલ છે, એટલા માટે પૂરુ મતન મૌસૂલ છે. આ હદીષથી સાબિત થઈ ગયું કે મજબૂરીના કારણે ઈમામની બાજુમાં ઉભા રહેવું દુરુસ્ત છે, એ મજબૂરીઓમાં

# حديث ۴۴۸

**[હદીષ : ૪૪૮]**

عَنْ سَهْلِ ابْنِ سَعْدِ نِ السَّاعِدِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ

''હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ એ રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ذَهَبَ اِلٰى بَنِىْ عَمْرِو بْنِ عَوْفٍ لِّيُصْلِحَ بَيْنَهُمْ فَحَانَتِ

બની અમ્ર બિન ઔફના દરમ્યાન સુલહ કરાવવાના માટે (કુબા) તશરીફ લઈ ગયા હતા એવામાં નમાઝનો

الصَّلٰوةُ فَجَاءَ الْمُؤَذِّنُ اِلٰى اَبِىْ بَكْرٍ فَقَالَ اَتُصَلِّىْ لِلنَّاسِ فَاُقِيْمُ قَالَ نَعَمْ فَصَلّٰى

સમય થઈ ગયો તો મોઅઝ્ઝિન અબૂબક્રની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી તમે નમાઝ પઢાવશો તો

اَبُوْبَكْرٍ فَجَاءَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَالنَّاسُ فِى الصَّلٰوةِ

હું ઈક઼ામત કહું. અબૂબક્રે કહ્યું, પઢાવી દઈશ. નમાઝ થઈ જ રહી હતી એવામાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પરત

فَتَخَلَّصَ حَتّٰى وَقَفَ فِى الصَّفِّ فَصَفَّقَ النَّاسُ وَكَانَ اَبُوْبَكْرٍ لَّا يَلْتَفِتُ فِىْ

તશરીફ લાવ્યા અને સફોમાં થઈને આગળ વધ્યા ત્યાં સુધી કે પ્રથમ સફમાં ઉભા થઈ ગયા. એ

صَلٰوتِهٖ فَلَمَّا اَكْثَرَ النَّاسُ التَّصْفِيْقَ اِلْتَفَتَ فَرَاٰى رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

જોઈને લોકોએ તાલી વગાડી અને અબૂબક્ર નમાઝની હાલતમાં કોઈ બાજુ જોતા ન હતા. જ્યારે લોકોએ ખૂબ

જગાની તંગી પણ છે.

**પ્રકરણની સામ્યતા** : અહીં હેડીંગ છે : ''જો કોઈ કારણે ઈમામની બાજુમાં ઉભો થાય.'' અને હદીષમાં છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ વખતે ઉભા ન હતા પણ બેઠા હતા. અલ્લામા અયનીએ એ ખુલાસો કર્યો કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ઉભા થયા પછી બેઠા અથવા એવું કહેવામાં આવે કે હુઝૂર તથા અબૂબક્રમાં ઈમામ હુઝૂર જ હતા અને અબૂબક્ર હુઝૂરના મુક઼્તદી અને એ ઉભા હતા. **હું કહું છું** : એ પણ બની શકે છે કે ક઼યામથી મુરાદ લેવામાં આવે **کون** એટલે હોવું. એ ઉભા રહેવા તથા બેસવા બંને માટે સામાન્ય છે. અથવા એ કે ક઼યામને સામાન્ય કરી દેવામાં આવે, હક઼ીક઼ી હોય કે હુકમી, અને જાહેર છે કે બીમારીના કારણે ક઼યામના સમયે બેસવું ક઼યામના હુકમમાં છે.

**સમજૂતી : ૪૪૮**

**પરિપૂર્ણતા** : બની અમ્ર ઈબ્ને ઔફ, અવસની શાખ હતી જે કુબામાં વસેલી હતી એમના દરમ્યાન ઝઘડો થઈ ગયો ત્યાં સુધી કે તેમણે એક બીજા પર પથ્થર ફેંક્યા. તેની ખબર હુઝૂર صلی اللہ علیہ وسلمને ઝોહર બાદ પડી. હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ઝોહરની નમાઝ પઢીને લોકોને સાથે લઈને તેમના મહોલ્લામાં તશરીફ લઈ ગયા જેથી એમના દરમ્યાન સુલહ કરાવી આપે. જતી વેળા હઝરત બિલાલને કહી ગયા હતા, જો હું અસ્રના સમય સુધી પાછો ન

عَلَيْهِ وَسَلَّمَ فَاَشَارَ اِلَيْهِ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنِ امْكُثْ

અધિક પ્રમાણમાં તાલી વગાડી તો નજર ફેરવી અને રસૂલુલ્લાહ ﷺ ને જોયા. રસૂલુલ્લાહ ﷺ એ ઈશારો

مَكَانَكَ فَرَفَعَ اَبُوْبَكْرٍ يَدَهٗ فَحَمِدَ اللّٰهَ عَلٰى مَا اَمَرَبِهٖ رَسُوْلُ اللّٰهِ صَلَّى

કર્યો કે તમારી જગાએ રહો, એના પર અબૂબક્રએ પોતાનો હાથ ઉઠાવ્યો અને રસૂલુલ્લાહ ﷺ ના એ

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مِنْ ذٰلِكَ ثُمَّ اسْتَاخَرَ اَبُوْبَكْرٍ حَتّٰى اسْتَوٰى فِى الصَّفِّ

ઈશારા પર અલ્લાહની હમ્દ કરી, ત્યારબાદ અબૂબક્ર પાછળ હટીને સફમાં ઉભા થઈ ગયા અને

وَتَقَدَّمَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَصَلّٰى فَلَمَّا انْصَرَفَ قَالَ

રસૂલુલ્લાહ ﷺ આગળ વધ્યા અને નમાઝ પઢાવી. નમાઝથી ફારિગ થઈ ગયા તો ફર્માવ્યું, હે અબૂબક્ર !

يَا اَبَابَكْرٍ مَّا مَنَعَكَ اَنْ تَثْبُتَ اِذْ اَمَرْتُكَ فَقَالَ اَبُوْبَكْرٍ مَا كَانَ لِابْنِ

જ્યારે મેં હુકમ આપી દીધો હતો તો તમારી જગાએ કેમ ન રહ્યા ? એના પર અબૂબક્રએ અર્ઝ કરી, અબૂ

اَبِىْ قُحَافَةَ اَنْ يُّصَلِّىَ بَيْنَ يَدَىْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

કહાફાના પુત્રની મજાલ નથી કે રસૂલુલ્લાહ ﷺ ની મૌજૂદગીમાં નમાઝ પઢાવે ! એના પછી

فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَالِىْ رَاَيْتُكُمْ اَكْثَرْتُمُ التَّصْفِيْقَ

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમે લોકોએ આટલી અધિક તાલીઓ શા માટે વગાડી ? જ્યારે નમાઝ દરમ્યાન

مَنْ نَابَهٗ شَيْءٌ فِىْ صَلٰوتِهٖ فَلْيُسَبِّحْ فَاِنَّهٗ اِذَا سَبَّحَ اُلْتُفِتَ اِلَيْهِ اِنَّمَا التَّصْفِيْقُ لِلنِّسَاءِ

કોઈ બનાવ બની જાય તો "સુબ્હાનલ્લાહ" પઢો, કેમ કે જ્યારે સુબ્હાનલ્લાહ પઢશે તો ઈમામ

એના પ્રતિ ધ્યાનિત થશે. તાલી કેવળ સ્ત્રીઓ માટે છે."

*(બુખારી ૧/૯૪ તહજ્જુદ–૧૬૦, ૧૬૨, ૧૬૫, ૩૭૦, ૧૦૬૬, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત, અબૂ દાઊદ)*

ફરું તો અબૂબક્રને કહેજો એ નમાઝ પઢાવી આપે. *(બુખારી, ૧/૧૦૬૬)*

**فتخلص** : બીજા પ્રકરણોમાં આ પ્રમાણે છે : **يمشى فى الصفوف يشقها شقا** સફોને ચીરતા ચાલ્યા.

**لايلتفت** : એનું કારણ એ છે કે એ ખુશૂઅમાં ખલેલ પાડનાર પણ છે અને હુઝૂરે અક્દસ ﷺ એ એનાથી મના પણ કર્યું છે, ત્યાં સુધી ફર્માવ્યું, એ શૈતાનનો હિસ્સો છે જે નમાઝથી ઊંચકી લે છે.

**انما التصفيق للنساء** : સ્ત્રીઓને (નમાઝમાં) તાલીનો હુકમ એટલા માટે છે કે, "એમનો અવાજ પણ ઔરત (છુપાવવાની ચીજ) છે." **સ્ત્રીઓ માટે એ જાઈઝ નથી કે એટલો અવાજ કાઢે કે ગૈર મેહરમ સાંભળી શકે,** એના કારણે તેણી બુલંદ અવાજથી તસ્બીહ નથી પઢી શકતી. તાલી પણ એ રીતે વગાડશે કે જમણા હાથથી બે

## ت ١٤٢ وَقَالَ ابْنُ مَسْعُوْدٍ إِذَا رَفَعَ قَبْلَ الْإِمَامِ يَعُوْدُ فَيَمْكُثُ بِقَدْرِ

**[તઅલીક઼ : ૧૪૨]** *"અને હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, જો ઈમામથી પહેલાં માથુ ઉઠાવી લે*

مَا رَفَعَ ثُمَّ يَتْبَعُ الْإِمَامَ

*તો પાછો ફરે અને જેટલી વાર માથુ ઉઠાવેલું રાખ્યુ એટલી વાર રોકાઈ રહે પછી ઈમામની ઈત્તેબાઅ કરે." (બુખારી, ૧/૯૫)*

## ت ١٤٣ وَقَالَ الْحَسَنُ فِيْمَنْ يَّرْكَعُ مَعَ الْإِمَامِ رَكْعَتَيْنِ وَلَا يَقْدِرُ عَلٰی

**[તઅલીક઼ : ૧૪૩]** *"અને ઈમામ હસન બસરીએ કહ્યું, જો કોઈ શખ્સ ઈમામની સાથે બે રકાતો પઢે અને*

આંગળી ડાબા હાથની પીઠ પર મારશે.

**શંકાનું નિવારણ** : આ હદીષથી જાહેર થાય છે કે નિશ્ચિત ઈમામ સિવાય કોઈ અન્ય નમાઝ પઢાવી રહ્યો હોય અને નમાઝ દરમ્યાન નિશ્ચિત ઈમામ આવી જાય તો એ જાઈઝ છે કે એ શખ્સ પાછળ હટી જાય અને નિશ્ચિત ઈમામ આગળ વધીને નમાઝ પઢાવે. પણ એના પર ઉમ્મતનો **ઈજમાઅ** છે કે ઉઝર (મજબૂરી) વિના એ જાઈઝ નથી. આ હદીષમાં જે વર્ણન થયું છે તે હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. જેવું કે અલ્લામા ઈબ્ને અબ્દુલ બરે ફર્માવ્યું, હવે કોઈને આ જાઈઝ નથી. *(ઉમ્દતુલ ક઼ારી, ૫/૨૧૦)*

**મસાઈલ** : નમાઝમાં માષૂરા ઝિક્રો સિવાય અને અઝકાર પણ જાઈઝ છે, એનાથી નમાઝ ફાસિદ થશે નહીં. અને ઝિક્રથી મતલબ કાંઈ અન્ય હોય તો નમાઝ તૂટી જશે. જેમ કે છીંકનો જવાબ આપવો, સારી ખબર સાંભળીને અલ્હમ્દુલિલ્લાહ કહેવું, બુરી ખબર સાંભળીને **انا للہ وانا الیہ راجعون** પઢવું વગેરે. અલ્બત્ત જો કોઈ અંધ છે અને આગળ કૂવો છે અથવા સાપ છે અથવા જંગલી જાનવર છે તો એને માહિતગાર કરવા માટે તસ્બીહ પઢી શકે છે.

નમાઝમાં જમણે ડાબે જોવું મકરૂહ છે, પણ એ કે કોઈ જરૂરત હોય, જેમ કે અબૂ દાઊદ (૧/૧૩૨ સલાત)માં છે કે રસૂલુલ્લાહ ﷺએ પહેરો ભરવા માટે ઘાટીની તરફ સવાર મોકલ્યો હતો. નમાઝ માટે ઉભા થયા તો ઘાટી તરફ જોતો હતો. અમલે ક઼લીલથી નમાઝ ફાસિદ નથી થતી. જેમ કે સિદ્દીક઼ે અકબર મુસલ્લાથી હટીને પ્રથમ સફમાં આવી ગયા. ઈમામને લુકમો આપવો જાઈઝ છે બલ્કે જો ગલતી એવી છે જેનાથી નમાઝ તૂટવાનો અંદેશો હોય તો વાજિબ છે. દીની હોદ્દો મળવા પર અલ્લાહનો શુક્ર કરવો જોઈએ.

### તઅલીક઼ : ૧૪૨ની સમજૂતી

આ તઅલીક઼ને અબૂબક્ર ઈબ્ને શયબાએ સહીહ સનદ સાથે મરફુઅન્ રિવાયત કરી છે, ભલે આ સનદમાં ઈરસાલ છે. મુરાદ એ છે કે ઈમામ રુકૂઅ અથવા સજદામાં હતો અને મુક઼્તદીએ માથુ ઉઠાવી લીધુ તો એના માટે વાજિબ છે કે ફરી રુકૂઅ કે સજદામાં ચાલ્યો જાય અને જેટલી વાર રુકૂઅ કે સજદામાં માથુ ઉઠાવેલ રહ્યો એટલી વાર રુકૂઅ કે સજદામાં રહે, નહીં તો નમાઝ મકરૂહે તહરીમી થશે. આ હુકમ એ સંજોગોમાં છે કે ફર્ઝ જેટલો એટલે એક તસ્બીહ જેટલી વાર ઈમામ સાથે રુકૂઅમાં કે સજદામાં રહી ચૂક્યો હતો પછી માથુ ઉઠાવ્યું, નહીં તો પાછા ફરવું ફર્ઝ થશે, અને જો પાછો નહીં ફરે તો નમાઝ થશે નહીં.

### તઅલીક઼ : ૧૪૩ની સમજૂતી

આ અષર (ક઼ૌલ)ના પ્રથમ ભાગને સઈદ બિન મન્સૂરે મુત્તસિલ સનદ સાથે વર્ણન કરેલ છે. એના શબ્દો આ

السُّجُودِ يَسْجُدُ لِلرَّكْعَةِ الْاٰخِرَةِ سَجْدَتَيْنِ ثُمَّ يَقْضِيْ لِرَّكْعَةَ الْاُوْلٰى بِسُجُوْدِهَا

સજદો ન કરી શકે તો આખરી રકાતના બંને સજદા કર્યા બાદ પ્રથમ રકાત સજદા સાથે કઝા પઢે, અને

وَفِيْمَنْ نَسِيَ سَجْدَةً حَتّٰى قَامَ يَسْجُدُ

જે સજદો ભૂલીને ઉભો થઈ ગયો તેના બારામાં ફર્માવ્યું કે તરત જ સજદો કરે." (બુખારી ૧/૯૫)

## حديث ۴۴۹

**[હદીષ : ૪૪૯]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا قَالَتْ صَلّٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ પોતાના ઘરમાં

عَلَيْهِ وَسَلَّمَ فِيْ بَيْتِهٖ وَهُوَ شَاكٍ فَصَلّٰى جَالِسًا وَصَلّٰى وَرَاءَهٗ قَوْمٌ قِيَامًا فَاَشَارَ

બીમારીની હાલતમાં નમાઝ બેસીને પઢી અને હુઝૂરની પાછળ લોકોએ ઉભા થઈને તો હુઝૂરે તેમના

اِلَيْهِمْ اَنِ اجْلِسُوْا فَلَمَّا انْصَرَفَ قَالَ اِنَّمَا جُعِلَ الْاِمَامُ لِيُؤْتَمَّ بِهٖ فَاِذَا رَكَعَ فَارْكَعُوْا

પ્રતિ ઈશારો કર્યો કે, બેસી જાવ. જ્યારે નમાઝથી ફારિગ થયા તો ફર્માવ્યું, ઈમામ એટલા માટે બનાવવામાં

وَاِذَا رَفَعَ فَارْفَعُوْا وَاِذَا قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ فَقُوْلُوْا رَبَّنَا وَلَكَ الْحَمْدُ وَاِذَا

આવે છે કે તેની ઈક્તેદા કરવામાં આવે, જ્યારે તે રુકૂઅ કરે તમે પણ રુકૂઅ કરો, જ્યારે તે માથુ ઉઠાવે તમે

પ્રમાણે છે : ભીડના કારણે જુમ્આના દિવસે જો કોઈ પ્રથમ રકાતનો સજદો ન કરી શક્યો તો ઈમામની નમાઝ પૂરી થયા બાદ પ્રથમ રકાત સજદા સાથે પઢે પછી બીજી પણ પઢે.

બીજા ભાગને અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ આ શબ્દોમાં રિવાયત કરેલ છે : જો કોઈ પ્રથમ રકાતનો એક સજદો ભૂલી ગયો અને છેલ્લી રકાતમાં યાદ આવ્યું તો તે ત્રણ સજદા કરે અને જો સજદો કર્યા બાદ સલામથી પહેલાં યાદ આવ્યું તો તુરત જ એક અધિક સજદો કરી લે, અને જો સલામ પછી યાદ આવ્યું તો નમાઝ ફરીથી પઢે.

**પ્રકરણથી સામ્યતા :** અહીં પ્રકરણ આ છે : "ઈમામ એટલા માટે બનાવવામાં આવ્યો છે કે તેની ઈક્તેદા કરવામાં આવે." અને ઈમામ હસન બસરીનો ઈર્શાદ આ સ્થિતિમાં છે કે મુક્તદીએ ઈમામની વિરૂધ્ધતા કરી. સામ્યતા એ છે કે આ અષરથી એ સાબિત થયું કે થોડી સરખી આ પ્રકારની વિરૂધ્ધતાથી ઈક્તેદા બાતિલ નથી થતી.

**સમજૂતી : ૪૪૯**

**فی بیتہ :** એનાથી મુરાદ તે ઉપલો માળ છે જે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ના હુજરા મુબારકની ઉપર હતું.

صَلّٰی جَالِسًا فَصَلُّوْا جُلُوْسًا اَجْمَعُوْنَ ع

પણ ઉઠાવો જ્યારે سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَه કહે તો તમે ربنا لك الحمد કહો, અને જ્યારે તે બેસીને

નમાઝ પઢે તો તમે પણ બેસીને પઢો." *(બુખારી ૧/૯૫ અસ્સહવ–૧૬૫, ૨/૮૪૫, અબૂ દાઊદ–સલાત)*

## حديث ٤٥٠

**[હદીષ : ૪૫૦]**

حَدَّثَنِیْ الْبَرَاءُ وَهُوَ غَیْرُ کَذُوْبٍ قَالَ کَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی

"હઝરત બરાઅ رضی اللہ عنہ એ મને હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે

عَلَیْهِ وَسَلَّمَ اِذَا قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ لَمْ یَحْنِ مِنَّا اَحَدٌ ظَهْرَهٗ حَتّٰی یَقَعَ النَّبِیُّ

سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَه કહેતા તો અમે લોકો તુરત સજદાના માટે અમારી પીઠ ન વાળતા જ્યાં સુધી

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ سَاجِدًا ثُمَّ نَقَعُ سُجُوْدًا بَعْدَهٗ ع

હુઝૂર સજદો ન કરી લેતા, ત્યારબાદ અમે સજદો કરતા."

*(બુખારી ૧/૯૬, ૧/૧૦૩–સલાત, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી, મુસ્નદે ઈમામ અહમદ, ભાગ–૪)*

**وهو شاك :** હઝરત ઉમ્મુલ મો'મિનીન આ બીમાર સ્થિતિની સ્પષ્ટતા નથી કરી કે શું હતી. પરંતુ આગળ છે કે બેસીને નમાઝ પઢાવી. એનાથી જાહેર થાય છે કે આ પગોમાં ચોટ લાગવાના સમયનો બનાવ છે, જે હદીષ–૨૬૩માં વિગતે વર્ણન થઈ ચૂકેલ છે કે ઘોડા પરથી પડવાના કારણે પગ મોચકાઈ ગયો હતો અને જમણી બાજુ ચોટ પણ આવી હતી.

**اذا صلى جالسا الحديث :** હદીષ ૨૬૩માં દર્શાવી ચૂક્યા કે આ હદીષ મન્સૂખ છે એટલા માટે કે વિસાલ વેળાની બીમારીમાં હુઝૂરે બેસીને નમાઝ પઢાવી અને હઝરત અબૂબક્ર અને સર્વ સહાબાએ ઉભા રહીને પઢી.

**ફાયદો :** આ હદીષ ૨૬૩માં અમે ચર્ચા ઉઠાવી હતી કે જ્યારે હુઝૂરે અક્દસ ﷺ મસ્જિદમાં તશરીફ ન લાવ્યા હતા તો નમાઝ કોણ પઢાવતુ ? અલ્લામા અયનીએ આ હદીષ હેઠળ ફર્માવ્યું કે કાઝી અયાઝે કહ્યું, શક્ય છે હુઝૂરે અક્દસ ﷺ હુજરામાં જ રહીને ઈમામત ફર્માવતા હોય, અને અમુક સહાબા હુજરામાં સાથે રહેતા હોય તે અને બાકીના મસ્જિદમાં રહીને ઈક્તેદા કરતા હોય.

**સમજૂતી : ૪૫૦**

**પરિપૂર્ણતા :** અબ્દુલ્લાહ બિન યઝીદ, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہما ની તરફથી કૂફાના વાલી હતા. તે સમયના દસ્તૂરના પ્રમાણે ત્યાં નમાઝ પણ પઢાવતા હતા. તેમના મુક્તદી તેમનાથી પહેલાં સજદો કરી લેતા અને તેમનાથી પહેલાં સજદાથી માથુ ઉઠાવી લેતા. એના પર એમણે ખુત્બો (પ્રવચન) આપ્યું અને હઝરત બરાઅ્ رضی اللہ عنہ ની ઉપરોક્ત હદીષ વર્ણવી.

**غير كذوب :** સહીહ એ છે કે **غير كذوب** (ગૈર કઝૂબ) એ અબ્દુલ્લાહ બિન યઝીદનો કૌલ છે અને હઝરત બરાઅની સિફત છે. એના પર દલીલ એ છે કે આ હદીષના રાવી અબૂ ઈસ્હાકથી અમુક તરીકામાં આ શબ્દો

# حدیث ۴۵۱

**[હદીષ : ૪૫૧]**

قَالَ سَمِعْتُ اَبَا هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ

*"મેં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી સાંભળ્યું કે નબી ﷺ એ ફર્માવ્યું,*

આવ્યા છે કે અબ્દુલ્લાહ બિન યઝીદ ખુત્બો આપી રહ્યા હતા, મેં તેમને એવું કહેતાં સાંભળ્યા કે મને બરાએ હદીષ વર્ણવી અને તે જૂઠા નથી. અને આ સહીહ ઈબ્ને ખુઝૈમામાં પણ છે. અબ્દુલ્લાહ ઈબ્ને યઝીદે આવું એટલા માટે નથી કહ્યું કે કોઈ હઝરત બરાઅને જૂઠની તોહમત લાગેલ માનતુ હતું, બલ્કે પોતાની વાતના સમર્થનના માટે કહ્યું છે જેથી લોકો એમની વાત પર કામિલ યક઼ીન કરી લે, જેમ કે આપણા ઉર્ફમાં બોલે છે કે ફલાણાએ મને આ વાત કહી છે અને એ જૂઠા નથી.

અબૂ દાઊદમાં એ જ હદીષ આ પ્રમાણે છે કે હુઝૂરે અક઼દસ ﷺ જ્યારે રુકૂઅ કરતા તો અમે પણ રુકૂઅ કરતા અને જ્યારે سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَہٗ કહેતા તો જ્યાં સુધી હુઝૂર પોતાની પેશાની જમીન પર ન રાખતા અમે ઉભા રહેતા. એનાથી સાબિત થાય છે કે રુકૂઅ સાથે સાથે કરતા, એ જ પ્રમાણે અન્ય અફઆલ (કામો) પણ. કેવળ સજદાના માટે રાહ જોતા, જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ સજદામાં માથુ રાખતા તો એ લોકો ઝુકવાનુ શરૂ કરતા. લગભગ આ અંતિમ ઉમર મુબારકની સ્થિતિ હશે. જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ પર કમજોરી છવાઈ ગઈ હતી, અને સજદા માટે જવામાં કાંઈક તકલીફ થતી હતી જેના કારણે મોડુ થતુ હતું, એનો અંદેશો હતો કે જો સાથે સાથે જ સજદામાં જઈશું તો હુઝૂર પહેલાં સજદો થશે જે મના છે. જેવું કે મુસ્નદે ઈમામ અહમદ (૪/૯૨-૯૭) તથા અબૂ દાઊદ (૧/૯૧) તથા ઈબ્ને માજહ (૩/૬૫ ઈક઼ામહ)માં હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ની હદીષથી જાહેર છે કે ફર્માવ્યું, મારા પહેલાં રુકૂઅ તથા સજદા ન કરો, જો ધારો કે ક્યારેક રુકૂઅ હું તમારાથી પહેલાં કરી લઉં તો મારા માથુ ઉઠાવ્યા બાદ તમે તેને અદા કરી લેશો એટલા માટે કે હવે મારું શરીર ભારે થઈ ગયું છે. મુરાદ એ છે કે કેમ કે હવે મારુ શરીર ભારે થઈ ગયું છે, જેટલી ઝડપથી તમે લોકો એક રુકનથી બીજા રુકન તરફ જાવ છો એટલી ઝડપથી હું નથી જઈ શકતો. જો મારી સાથે સાથે રુકન બદલવાનુ શરૂ કરશો તો મારાથી પહેલાં રુકૂઅ તથા સજદામાં ચાલ્યા જશો અને મારાથી આગળ નીકળી જશો. એટલા માટે તમે લોકો મારા પછી સ્થિતિ બદલવાનુ શરૂ કરો જેથી મારાથી આગળ ન નીકળી જાવ. એની સ્પષ્ટતા હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ની આ હદીષથી થાય છે કે ફર્માવ્યું, મારું શરીર ભારે થઈ ગયું છે, જ્યારે હું રુકૂઅ કરી લઉં તો રુકૂઅ કરો અને જ્યારે માથુ ઉઠાવી લઉં તો ઉઠાવો, અને જ્યારે સજદો કરી લઉં તો સજદો કરો, કોઈને એવો ન પામો કે મારાથી પહેલાં રુકૂઅ સજદામાં ચાલ્યો જતો હોય. *(ઈબ્ને માજહ-૬૧)*

**કશ્મીરી સાહબનો વહેમ** : આ મસ્અલા પર ચર્ચા કરતાં 'ફયઝુલ બારી'માં છે કે, મુસ્લિમમાં છે કે હુઝૂરે આ હુકમ એ સમયે આપ્યો હતો જ્યારે શરીર ભારે થઈ ગયું હતું. મસ્લિમ શરીફમાં આ વિષયની કોઈ હદીષ બતાવી આપે તો અમે તેમના આભારી થાશું ! આ હદીષની સનદમાં અબ્દુલ્લાહ ઈબ્ને યઝીદ બાપ બેટા બંને સહાબી હતા. એ જ પ્રમાણે હઝરત બરાઅ્ ઈબ્ને આઝિબ પણ સહાબીના સાહબઝાદાએ સહાબીના સાહબઝાદાથી રિવાયત કરી.

**સમજૂતી : ૪૫૧**

اَلَا : હર્ફે નફી પર હમ્ઝા ઈસ્તફહામ દાખલ છે એ ઈસ્તફહામ ઝજર તથા તવબીખ (ધમકાવવા)ના માટે છે.

تَعَالیٰ عَلَیْہِ وَسَلَّمَ قَالَ اَمَا یَخْشٰی اَحَدُکُمْ اَوْ اَلَا یَخْشٰی اَحَدُکُمْ اِذَا رَفَعَ

જે શખ્સ પોતાનું માથુ ઈમામથી પહેલાં ઉઠાવે છે શું તે એનાથી નથી ડરતો કે

رَأْسَہٗ قَبْلَ الْاِمَامِ اَنْ یَّجْعَلَ اللّٰہُ رَأْسَہٗ رَأْسَ حِمَارٍ اَوْ یَجْعَلَ اللّٰہُ

અલ્લાહ ﷻ એના માથાને ગધેડાનુ માથુ બનાવી આપે ! અથવા એવું ફર્માવ્યું કે

صُوْرَتَہٗ صُوْرَۃَ حِمَارٍ ؂

અલ્લાહ એની સૂરત (ચહેરો) ગધેડાનો ચહેરો બનાવી આપે."

(બુખારી ૧/૯૬, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)

ت ۱۴۴ وَكَانَتْ عَائِشَةُ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا یَؤُمُّہَا عَبْدُہَا ذَکْوَانُ مِنَ الْمُصْحَفِ ؂

**[તઅલીક઼ : ૧૪૪]** *"હઝરત આઈશા رضی اللہ عنہا ના ગુલામ ઝકવાન એમની ઈમામત કરતી વેળા કુર્આનમાં જોઈને પઢતા." (બુખારી–ઈમામત ૧/૯૬)*

**اذا رفع** : આ આમ (સામાન્ય) છે ચાહે રુકૂઅથી માથુ ઉઠાવે કે સજદાથી, મુરાદ મુત્લક઼ રીતે ઈમામથી આગળ વધી છે. ચાહે માથુ ઝુકાવવામાં હોય કે માથુ ઉઠાવવામાં. આ બાબે ઈક઼્તેફાથી છે. સરખામણી કરનારાઓમાંથી એકના વર્ણન પર ઈક઼્તેફા કરી લેવામાં આવી કે એના પરથી એના સામેવાળાને માલૂમ કરી લેવામાં આવે, જેમ કે **سرابیل تقیکم الحر** જ્યારે કે લિબાસ ગરમીથી પણ રક્ષા કરે છે અને ઠંડીથી પણ.

ચહેરો ગધેડા જેવો કરી દેવાથી ક્યાં તો એનો હક઼ીક઼ી અર્થ મુરાદ છે કે ખરેખર તેનું માથુ ગધેડા જેવું બનાવી આપે અથવા મજાઝી અર્થ મુરાદ છે, એટલે બેવકૂફી તથા કમઅક઼લી. આ જ અલ્લામા કિર્માની તથા ક઼ાઝી અબૂબક્રનું મંતવ્ય છે. અલ્લામા અયનીની રાય એ છે કે હક઼ીક઼ી અર્થ આ ઉમ્મત મસ્ખના અઝાબથી સલામત છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે પુષ્કળ પ્રમાણમાં સહાબીઓ જેમ કે હઝરત અલી, હઝરત આઈશા, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અનસ, હઝરત અબૂ હુરૈરહ વગેરેથી રિવાયત થયેલ છે કે આ ઉમ્મતના અંતમાં મસ્ખે ખઝફ તથા ક઼ઝફ થશે.

**હું કહું છું** : ક઼ાઝી અબૂબક્રનો આ ઈર્શાદ પણ હક઼્ક઼ છે કે આ ઉમ્મત મસ્ખ (ચહેરો બગાડવાથી) સલામત છે. એનાથી મુરાદ પૂરી ઉમ્મતનો મસ્ખ છે, એટલે કે આ ઉમ્મત પૂરી ને પૂરી મસ્ખ ન થશે જેમ કે બની ઈસ્રાઈલમાં ઈલાવાળાઓનો મસ્ખ થયો. અને અંતિમ જમાનામાં જે થશે તે આંશિક તૌર પર થશે. રહી ગયો એ સવાલ કે ઘણા લોકો ઈમામથી પહેલાં ઈન્તેક઼ાલાત (રુકૂઅ સજદામાં જાય છે) અને તેમની સૂરત (ચહેરો) નથી બગડતો. તેનો જવાબ એ છે કે તેની સજા આ પ્રમાણે છે કે એ અલ્લાહ ﷻ ની શાને કરીમી છે કે તેને માફ ફર્માવી આપે છે. એ પણ શક્ય છે કે ક઼બ્ર અથવા આખેરતમાં એ સજા આપવામાં આવશે.

## તઅલીક઼ : ૧૪૪ની સમજૂતી

મુસ્નફે ઈબ્ને અબી શયબા અને બયહકી વગેરેમાં તરાવીહ મુસ્હફ (કુર્આન)માં જોઈને પઢાવતા હતા, અને એ તે સમયે આઝાદ થયા ન હતા. (અયની, ૫/૨૨૫) ગુલામ એ બાળકને કહે છે જે હજી બાલિગ ન થયો હોય.

## ت ۱۴۵ لِقَوْلِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَؤُمُّ الْقَوْمَ أَقْرَأُهُمْ لِكِتَابِ اللّٰهِ

**[તઅલીક઼ : ૧૪૫]** *"નબી ﷺના ઈર્શાદના કારણે કે જે શખ્સ સૌથી અધિક કુર્આન પઢેલો હોય તે ક઼ૌમની ઈમામત કરે." (બુખારી ૧/૯૬)*

હવે આ તઅલીક઼ના કારણે બે ચર્ચાઓ ઉપસ્થિત થઈ. એક એ કે મુસ્હફ (કુર્આન)માં જોઈને પઢવાથી નમાઝ સહીહ થાય છે કે નહીં ? એના અનુસંધાનમાં અહનાફ (હનફીઓ)નો મઝહબ એ છે કે જો તે હાફિઝ છે અને કેવળ સાવચેતી પૂરતુ કુર્આન સામે રાખ્યું છે તો નમાઝ થઈ જશે. અને આ જ આ તઅલીક઼નો હેતુ છે કે ઝકવાન હાફિઝ રહ્યા હશે, એટલા માટે કે એ નમાઝમાં અન્ય લોકો પણ શરીક થયા હતા. જેમ કે ઈમામ શાફઈએ રિવાયત કર્યું છે કે અબ્દુલ્લાહ બિન ઓબૈદુલ્લાહ બિન અબી મલીકા, ઓબૈદ બિન ઉમર, મસ્વર બિન મુખરમા અન્ય ઘણા લોકો એ જમાઅતમાં શરીક થતા હતા, પછી ઝકવાનમાં શું વિશિષ્ટતા હતી જેના કારણે તેમને ઈમામ બનાવવામાં આવતા, જ્યારે કે હઝરત મસ્વર બિન મુખઝમા સહાબી પણ હતા. લગભગ આ વિશિષ્ટતા હાફિઝ હોવાની છે. બીજુ એ કે નાબાલિગ પાછળ બાલિગોની તરાવીહ સહીહ છે અને એના પર ક઼યાસ કરીને અન્ય નવાફિલ પણ. જ્યારે કે અહનાફને ત્યાં મુખ્તાર (પસંદીદા) એ છે કે **નાબાલિગની ઈક્તેદામાં બાલિગની નમાઝ સહીહ નથી.** અમારી દલીલ હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہનો આ ઈર્શાદ છે કે ફર્માવ્યું : **لا يوم الغلام حتى تجب عليه الحدود** જ્યાં સુધી બાળક એ ઉમરે ન પહોંચી જાય કે એના પર હદ (શરીઅતના કાનૂન) લાગુ થઈ શકે ત્યાં સુધી ઈમામત ન કરે. તેમજ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, **لايوم الغلام حتى يحتلم** જ્યાં સુધી બાળક બાલિગ ન થઈ જાય ઈમામત ન કરે. (ઉપર મુજબ) મઝકૂર તઅલીક઼નો જવાબ એ છે કે મોટાભાગે વપરાશ એ છે કે ગુલામ નાબાલિગ બાળકને કહે છે પણ કદી કદી નવયુવાન એવા બાળકને પણ કહે છે જે બાલિગ થઈ ગયો હોય જેવુ કે હમણા ઈબ્ને મસઊદ તથા હઝરત ઈબ્ને અબ્બાસના ઈર્શાદોથી પણ જાહેર છે. હઝરત યૂસુફ علیہ السلامને ભાઈઓએ જ્યારે કૂવામાં નાખ્યા હતા તો તેમની ઉમર મુબારક એક રિવાયતના પ્રમાણે સત્તર (૧૭) વરસની હતી છતાં પણ તેમને ગુલામ કહેવામાં આવ્યા.

રહી ગઈ ગુલામની ઈમામત, તો એના અનુસંધાનમાં અમારો મસ્લક ખૂબ જ સ્પષ્ટ છે કે જો ગુલામ જ ખૂબ જ અધિક જાણકાર અને ખૂબ પ્રમાણમાં કુર્આન પઢનાર હોય તો અદના કરાહત પણ નથી.

### તઅલીક઼ : ૧૪૫ની સમજૂતી

ઈમામ બુખારીએ અહીં પ્રકરણ એ રચ્યું છે કે, "ગુલામ તથા આઝાદ થયેલ ગુલામ અને નામાલૂમ નસબવાળો તથા ગામડીયો અને એ બાળકની ઈમામત જે હજી બાલિગ ન થયો હોય." બંને પ્રથમવાળાઓ માટે હઝરત ઉમ્મુલ મો'મિનીનનો તે અમલ નકલ કર્યો અને આ બંનેના માટે પણ અને બાકીના માટે પણ. હુઝૂરે અક઼દસ ﷺનો દર્શાવેલ ઈર્શાદ વર્ણન કર્યો કે જે સૌથી અધિક કુર્આન પઢેલો હોય તે ક઼ૌમની ઈમામત કરે. એમાં આઝાદ, શહેરી, સહીહુન્નસબનુ ખાસપણુ નથી એટલા માટે એ પોતાના સામાન્યપણાના લેહાઝથી સૌને સમાવે છે. અમારા ત્યાં એમાં તફસીલ છે કે જો ક઼ૌમમાં અન્ય કોઈ બીજો વિશેષ જ્ઞાની હોય તો તે જ ઈમામત માટે અધિક અગ્રતાને પાત્ર છે, અને એમની ઈમામત મકરૂહે તન્ઝીહી છે, અને એટલા માટે કે એમની ઈમામતમાં જમાઅતમાં કમીનો સબબ છે અને જો એ જ ક઼ૌમ સૌથી વધુ જાણકાર હોય તો તેમની ઈમામત મકરૂહે તન્ઝીહી પણ નથી. આ તઅલીક઼ને ઈમામ મુસ્લિમે *(મસાજિદ–૨૩૬, અબૂ દાઊદ ૧/૮૬–સલાત, નિસાઈ ૧/૧૨૬, ઈબ્ને માજહ–સલાત, ૭૦)* તથા અસ્હાબે સુનને હઝરત અબૂ મસઊદ અન્સારી رضی اللہ عنہથી રિવાયત કરી.

**ઈમામતનો મુસ્તહિક઼ કોણ ? :** આ ચર્ચા હદીષ ૪૪૨ માં વર્ણન થઈ ચૂકી, કે આપણે ત્યાં અગ્રતાનો

# حدیث ۴۵۲

**[હદીષ : ૪૫૨]**

عَنْ عَبْدِاللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ لَمَّا قَدِمَ الْمُھَاجِرُوْنَ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺના મદીના તશરીફ લાવવાથી*

اَلْاَوَّلُوْنَ الْعُصْبَۃَ مَوْضِعًا بِقُبَاءٍ قَبْلَ مَقْدَمِ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

*પહેલાં જ્યારે મુહાજિરો અવ્વલીને ઉસ્બામાં આવ્યા જે કુબામાં એક જગા હતી તો હુઝૈફાના આઝાદ કરેલા*

کَانَ یَؤُمُّھُمْ سَالِمٌ مَوْلٰی اَبِیْ حُذَیْفَۃَ وَکَانَ اَکْثَرُھُمْ قُرْاٰنًا

*ગુલામ સાલિમ એમની ઈમામત કરતા હતા. એઓમાં સૌથી અધિક એ જ કુર્આન પઢેલા હતા."*

*(બુખારી ૧/૯૬ અબૂ દાઊદ–સલાત)*

હક્ક ઈલ્મની અધિક્તા તથા ફિકહની જાણકારી છે. કેમ કે એ મુબારક યુગમાં જે કુર્આન પઢનાર હોતો તે જાણકાર પણ જરૂર રહેતો હતો. એના પર દલીલ એ છે કે ખૂદ હુઝૂરે અક્દસ ﷺએ જાહેરી હયાત મુબારકના અંત ભાગમાં સંપૂર્ણ આગ્રહ સાથે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને ઈમામત માટે નિયુક્ત કર્યા. અને એ જ જરૂરી પણ છે, એટલા માટે કે ક્રિઅતની જરૂરત કેવળ એક રુકન કયામમાં છે અને ઈલ્મની જરૂરત આ રુકનમાં પણ છે અને બાકીના દરેક રુકનમાં દરેક સમયે છે. ફકીહ (દીની મસાઈલનો માહિર) હશે તો એના કારણે સજદાએ સહ્વ વાજિબ થાય તો તે સજદાએ સહ્વ કરી લેશે અને નમાઝને દોહરાવવાની જરૂરત ઉભી ન થશે.

**અલ્લામા નવવીની લગઝિશ :** શરહે મુસ્લિમમાં અલ્લામા નવવીએ એ લખી આપ્યું કે ઈમામતના ખૂબ જ કુર્આન પઢનાર કારીને ફકીહ પર અગ્રતા એ હઝરત ઈમામ અબૂ હનીફાનો મઝહબ છે, એ સહીહ નથી. હઝરત ઈમામે આઝમ رضی اللہ عنہનો કૌલ એ છે કે ફકીહ, કારી પર અગ્રતા ધરાવે છે, અલ્બત્ત હઝરત ઈમામ અબૂ યૂસુફનો કૌલ એ છે કે કારી, ફકીહ પર અગ્રતા ધરાવે છે, જાહેરી હદીષ પર નજર કરતાં.

## સમજૂતી : ૪૫૨

હઝરત સાલિમ મૌલાએ અબૂ હુઝૈફા رضی اللہ عنہماએ એ ફારસી નસલના અસ્તખર અથવા કિર્માનના હતા. એ એક અન્સારી ખાતૂનના ગુલામ હતા. એણે જ્યારે આઝાદ કરી આપ્યા તો એ હઝરત અબૂ હુઝૈફાની સાથે રહેવા લાગ્યા. એમણે એમને દત્તક પુત્ર કરી લીધા જેના કારણે એમને સાલિમ બિન અબી હુઝૈફા કહેવા લાગ્યા. જ્યારે આયતે કરીમા اُدْعُوْھُمْ لِاٰبَائِھِمْ નાઝિલ થઈ : દત્તક પુત્રને એના બાપની જેમ નિસ્બત કરીને પુકારો. તો એમને મૌલા અબી હુઝૈફા કહેવાવા માંડયું. આ બંનેવ બુઝુર્ગ જંગે યમામામાં શહીદ થયા. એમની લાશ એ શાનથી મળી કે હઝરત સાલિમનુ માથુ હઝરત અબૂ હુઝૈફના પગો પાસે હઝરત અબૂ હુઝૈફાનું માથુ હઝરત સાલિમના પગો પાસે મળ્યું. આ બંનેવ સાબિકીને અવ્વલીનમાંથી હોવા ઉપરાંત અગ્રગણ્ય મુહાજિરો તથા બદરવાળાઓમાંથી છે. આ હદીષથી સાબિત થયું કે આઝાદ થયેલ ગુલામ જો કૌમથી અધિક કુર્આન પઢેલ છે તો એની ઈમામત વિના કરાહતે દુરુસ્ત છે.

# حدیث ۴۵۳

**[હદીષ : ૪૫૩]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ હુઝૂરે અક્દસ ﷺ થી રિવાયત કરે છે કે ફર્માવ્યું,*

وَسَلَّمَ قَالَ اِسْمَعُوْا وَ اَطِيْعُوْا وَاِنِ اسْتُعْمِلَ حَبَشِيٌّ كَاَنَّ رَاْسَهٗ زَبِيْبَةٌ

*જો તમારા પર એવો કોઈ હબ્શી હાકિમ બનાવી દેવામાં આવે જાણે તેનુ માથુ સંકોચાયેલુ છે, છતાં પણ અને વાત સાંભળો અને માનો." (બુખારી, ૧/૯૬ ઈમામત ૧/૯૭, ૨/૧૦૫૭ અહકામ, ઈબ્ને માજહ-જેહાદ)*

# حدیث ۴۵۴

**[હદીષ : ૪૫૪]**

عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું (નજીકમાં કેટલાક હાકિમ થશે)*

**સમજૂતી : ૪૫૩**

**ان استعمل** : એના પછીના પ્રકરણમાં છે કે હુઝૂરે અક્દસ ﷺ એ એ હઝરત અબૂઝરને ફર્માવ્યું હતું કિતાબુલ અહકામમાં **علیکم** અધિક છે. મુરાદ એ છે કે જો તમારા પર આમિલ હાકિમ કોઈ કદરૂપા કે બેવકૂફ હબ્શીને બનાવી દેવામાં આવે તો પણ તેનું આજ્ઞાપાલન કરો એટલા માટે કે વિરોધમાં ફિત્ના ખડા થશે, કત્લ તથા તબાહી થશે અને બિલકુલ એ દષ્ટાંત બનશે કે એક ઘર બનાવવાના માટે આખુ શહેર બર્બાદ કરવામાં આવે. ઈસ્લામી ખલીફા મુરાદ નથી એટલા માટે કે એના માટે કુરૈશી હોવું ઈજમાઅ સાથે શર્ત છે એટલા માટે કોઈ હબ્શીને ખલીફા બનાવી આપવાનો સવાલ જ નથી. હા ! જો પોતાની શક્તિથી સવાર થઈ જાય તો એ અલગ વાત છે, તેમજ મુરાદ એ છે કે જો તે કોઈ ગુનાહનો હુકમ ન આપે. આજ્ઞાપાલન કેવળ જાઈઝ બાબતોની સાથે થઈ શકે છે. ફર્માવ્યું : **لاطاعة للمخلوق فی معصیة الخالق** "ખાલિક્ની નાફર્માનીમાં મખ્લૂકનું આજ્ઞાપાલન નથી."

**کان راسه** : 'ઝબીબ' સૂકી દ્રાક્ષને એટલે 'મુનક્કા'ને કહે છે. મુરાદ એ છે કે તે બેડોળ (કદરૂપો) હોય, તેના વાળ વિખેરાયેલા હોય અથવા તેનુ માથુ નાનુ હોય જે બેવકૂફી પ્રતિ નિર્દેશ છે. આ શબ્દો નિર્દેશ છે હલકાપણાથી એટલે કે કેટલોય હકીર હોય. આમિલના કેવળ હકીર હોવાના કારણે તેની ઈતાઅત (આજ્ઞાપાલન)થી ઈન્કાર ન કરો.

**સમજૂતી : ૪૫૪**

**ઈમામની નમાઝ ફાસિદ થવાથી મુક્તદીની નમાઝ ફાસિદ થશે કે નહીં ?!** ઈમામ શાફઈનો મઝહબ એ છે કે ઈમામની નમાઝ ફાસિદ થવાથી મુક્તદીની નમાઝ ફાસિદ ન થશે. એટલા માટે કે તેમની નજીક ઈક્તેદા કેવળ મુતાબેઅત (અનુસરણ)નું નામ છે, અને આપણે ત્યાં ફાસિદ થઈ જાય છે આપણે ત્યાં

قَالَ يُصَلُّوْنَ لَكُمْ فَإِنْ أَصَابُوْا فَلَكُمْ وَإِنْ أَخْطَأُوْا فَلَكُمْ وَعَلَيْهِمْ

જે તમને નમાઝ પઢાવશે, જો સહીહ નમાઝ પઢાવશે તો પણ તમને સવાબ મળશે અને જો ગલત

*તરીક઼ાથી તો પણ તમને સવાબ મળશે." (બુખારી, ૧/૯૬)*

ت ۱۴۶ وَقَالَ الْحَسَنُ وَصَلِّ وَعَلَيْهِ بِدْعَتُهُ

**[તઅલીક઼ : ૧૪૬]** *"ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, અને નમાઝ પઢ અને તેની બિદઅતનો*

*વબાલ તેના પર છે." (બુખારી–ઈમામત ૧/૯૬)*

ઈમામની નમાઝ મુક઼્તદીની નમાઝના મુતઝમ્મિન (એના તાબે) છે.

**અમારી દલીલ** : જેમ કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું : **الامام ضامن** *(ઉમ્દતુલ ક઼ારી, ૫/૨૨૯ બહવાલા હાકિમ)* આ હદીષને ઈમામ હાકિમે મુસ્લિમની શર્તે હઝરત સહલ બિન સઅદથી રિવાયત કરી અને એને સહીહ કહી. હમણા હદીષ ગુજરી કે ફર્માવ્યું : **انما جعل الا مام ليوتم به** ઈમામ એટલા માટે બનાવવામાં આવ્યો છે કે તેની ઈક઼્તેદા કરવામાં આવે. અને ઈક઼્તેદા મૌકૂફ છે નમાઝ સહી હોવા માટે. જ્યારે નમાઝ જ ફાસિદ થઈ જશે તો પછી ઈક઼્તેદા શા માટે થશે ?!

**આ હદીષની સ્પષ્ટતા** : આ હદીષમાં **فان اخطأوا**થી મુરાદ મસ્નૂન સમય ગુજારીને મકરૂહ સમયમાં નમાઝ પઢવી. એના પર નિશાની એ છે કે અબૂ દાઊદમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જ આ પ્રમાણે રિવાયત છે : **يكون عليكم امراء من بعدى يوخرون الصلوٰة فهى لكم وهى عليهم فصلوا معهم ما صلوا القبلة** "મારા પછી અમુક હાકિમો થશે જેઓ નમાઝને સમયથી હટાવીને પઢશે એ તમારા માટે સવાબનો સબબ અને તેમના માટે વબાલ છે તેમની પાછળ નમાઝ પઢ જ્યાં સુધી ક઼િબ્લાની તરફ મોઢું કરીને નમાઝ પઢે." *(ઉમ્દતુલ ક઼ારી, ૫/૨૨૯)*

તદ્ઉપરાંત મુસ્લિમ વગેરેમાં હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**كيف بك اذا كانت عليك امراء يوخرون الصلوٰة عن وقتها او يميتون الصلوٰة عن وقتها قال قلت فما تا مرنى قال صل الصلوٰة لو قتها فان ادركتها معهم فصل فا نها لك نا فلة**

"તમારો શો હાલ થશે જ્યારે તમારા પર એવા હાકિમો થશે જેઓ નમાઝને મોડુ કરીને પઢશે અથવા સમય ગુજારીને પઢશે. તેમણે અર્ઝ કરી, પછી મને શો આદેશ થાય છે ? ફર્માવ્યું, નમાઝ તેના સમય પર પઢી લે, તેમની સાથે નમાઝ મળે તો તેમની સાથે પણ પઢી લે એ તારા માટે નફલ ગણાશે." *(મુસ્લિમ ૧/૨૩૦ મસાજિદ)*

એક હદીષ બીજીની તફસીર હોય છે એટલા માટે **اخطأوا**થી એ જ મુરાદ છે કે મસ્નૂન સમય બાદ પઢવું.

## તઅલીક઼ : ૧૪૬ની સમજૂતી

**બદમઝહબની પાછળ નમાઝનો હુકમ** : હઝરત હસન બસરીથી બદમઝહબની પાછળ નમાઝ પઢવાના બારામાં સવાલ થયો તો ફર્માવ્યું, નમાઝ પઢી લો, એની બિદઅત એના પર છે. આ ત્યારે છે જ્યારે કે એની બદમઝહબી કુફ્ર સુધી ન પહોંચી હોય. નહીં તો એમના પાછળ નમાઝ તદ્દન થશે નહીં. એટલા માટે કે નમાઝ ઈમાનના સહીહ હોવા પર મૌકૂફ છે. જ્યારે ઈમાન જ નથી તો નમાઝ કેવી ? અને જ્યારે ઈમામની જ નમાઝ નથી થતી તો મુક઼્તદીઓની કેવી રીતે થશે ? એની દલીલ એ છે કે હઝરત ઈમામ બસરીના યુગમાં જે

## حديث ۴۵۵

**[હદીષ : ૪૫૫]**

عَنْ عُبَيْدِ اللّٰهِ بْنِ عَدِيِّ بْنِ الْخِيَارِ اَنَّهٗ دَخَلَ عَلٰى عُثْمَانَ بْنِ عَفَّانَ

*"ઓબૈદુલ્લાહ ઈબ્ને અદી ઈબ્ને ખિયારથી રિવાયત છે કે હઝરત ઉષ્માન બિન અફ્ફાન*

وَهُوَ مَحْصُوْرٌ فَقَالَ اِنَّكَ اِمَامُ عَامَّةٍ وَّقَدْ نَزَلَ بِكَ مَا تَرٰى وَيُصَلِّىْ لَنَا اِمَامُ

*જ્યારે ઘેરાયેલા હતા તો એ તેમની ખિદમતમાં હાજર થયા અને એ અર્ઝ કરી આપ ઈમામે કુલ બર હક્ક છો*

فِتْنَةٍ وَّنَتَحَرَّجُ فَقَالَ الصَّلٰوةُ اَحْسَنُ مَا يَعْمَلُ النَّاسُ فَاِذَا اَحْسَنَ النَّاسُ فَاَحْسِنْ

*અને આપના પર જે બલા છે તેને જોઈ રહ્યા છો અને અમને ફસાદીઓનો (બળવાખોરોનો) ઈમામ નમાઝ*

مَعَهُمْ وَاِذَا اَسَاءُوْا فَاجْتَنِبْ اِسَاءَتَهُمْ ؏

*પઢાવી રહ્યો છે એનાથી અમને તકલીફ થાય છે. આદેશ આપ્યો, એ લોકો જે કાંઈ કરે છે એમાંથી બેહતર નમાઝ છે, જ્યારે એ લોકો સારું કામ કરે તો તું પણ તેમની સાથે કર અને બુરુ કામ કરે તો એમનાથી દૂર રહે."*

*(બુખારી ૧/૯૬ ઈમામત)*

બદમઝહબો હતા તેમની બદમઝહબી કુફ્રની હદ સુધી પહોંચી ન હતી. મારું અધિક્તર ગુમાન એ છે કે એમનો આ ઈર્શાદ ખારજીઓના બારામાં છે જેમનો કબજો અમુક દિવસો માટે બસરા પર થઈ ગયો હતો. શાંતિ સલામતિ તથા ઈખ્તિયારની હાલતમાં આવા બિદઅતી પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે, પણ જ્યારે તેમનો કબજો થયો અને તેમની પાછળ નમાઝ ન પઢવામાં ઈજ્જત આબરૂ, જાન માલનો ખતરો હોય તો કરાહત નથી. તેમજ આ હુકમ ત્યારે છે જ્યારે કે હાકિમો જ ઈમામત કરતા હોય અથવા પોતાના નિયુક્ત કરેલા ઈમામ પાછળ નમાઝ પઢવા મજબૂર કરતા હોય, નહીં તો ઈખ્તિયારની હાલતમાં બદમઝહબ પાછળ પઢવી નાજાઈઝ તથા ગુનોહ, મકરૂહે તહરીમી દોહરાવવી વાજિબ છે, ભલે તેની બદમઝહબી કુફ્રની હદ સુધી ન પહોંચી હોય, જેવો કે ફિક્હની કિતાબોમાં ઉલ્લેખ છે.

**સમજૂતી : ૪૫૫**

**قال لنا** : સામાન્ય દસ્તૂરની વિરૂધ્ધ અહીં **حدثنا** વગેરેના બદલે **قال لنا** ફર્માવ્યું. સાહિબે તલ્વીહએ ફર્માવ્યું કે શક્ય છે કે આ હદીષ ઈમામ બુખારીએ ચર્ચા રૂપે ચૂંટી હોય એટલા માટે **حدثنا** ન ફર્માવ્યું. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું, આ સેગો એટલે **قال لنا** એ વખતે કહે છે જ્યારે કે હદીષ મૌકૂફ હોય અથવા એનો કોઈ રાવી એમની શર્ત પર ન હોય. અલ્લામા અયનીએ ફર્માવ્યું, જો કોઈ રાવી એમની શર્ત પર ન હોય તો તેને પોતાની સહીહમાં કઈ રીતે વર્ણન કરે.

**وهو محصور** : આ બનાવ હિ.સ. ૩૫ માં ઉપસ્થિત થયો. શવ્વાલમાં બળવાખોરો મદીના તયબાહ પહોંચી ગયા હતા. ઝિલ કઅદામાં તેમણે સખત ઘેરાવ કરી દીધો. ચાલીસ દિવસ ઘેરાવ રહ્યો, ૧૮ ઝિલ હજ્જના જુમ્આના દિવસે ચાશતના સમયે શહીદ કરી દેવામાં આવ્યા. એક રિવાયતમાં છે કે ઐયામે તશરીકમાં આ દુઃખદ

ت ۱۴۷ قَالَ الزُّهْرِیُّ لَانَرٰی اَنْ یُّصَلّٰی خَلْفَ الْمُخَنَّثِ اِلَّامِنْ ضَرُوْرَةٍ لَّابُدَّمِنْهَا

**[તઅલીક઼ : ૧૪૭]** *"ઈમામ ઝહરીએ ફર્માવ્યું, હિજડા પાછળ નમાઝ અમો જાઈઝ નથી જાણતા પણ જ્યારે કે મજબૂરી હોય."* *(બુખારી ૧/૯૭ ઈમામત)*

બનાવ નથી બન્યો, પણ એ સહીહ નથી. એટલા માટે કે શહાદતથી એક દિવસ પહેલાં અને શહાદતના દિવસે પણ રોઝાથી હતા. અને ઐયામે તશ્રીક઼માં રોઝો મના છે. અને એ રોઝાથી મુરાદ કેવળ ફાક઼ો નથી બલ્કે ઈરાદાપૂર્વક રોઝો રાખવું છે, એટલા માટે કે હઝરત નાઈલા કહે છે કે ઈફતારના સમયે કોઈ ખોરાક તથા પાણી ન મળી શક્યું, સુબ્હ સાદિક઼ નજીક એક પડોશીએ એક કૂજો પાણી આપ્યું, મેં રજૂ કર્યું. આકાશ તરફ નજર કરી, જોયું કે સુબ્હ સાદિક઼ ચમકી ઉઠી છે તો ફર્માવ્યું, હું રોઝાથી છું. *(અલ બિદાયા વન્નિહાયા, ૬/૧૮૩)* નુઝહતુલ ક઼ારી, ભાગ–૧, પેજ–૪૯૦ પર શહાદતનો સમય અસર બાદનો લખ્યો છે પણ આ લીટીઓ લખતી વખતે અલ બિદાયા વન્નિહાયા, ભાગ–૬, પેજ–૧૯૦ પર જોયું કે બંનેવ કથનો નક઼લ કર્યા છે અને ચાશતના સમયે **ذلك اشبه** લખ્યું છે એટલા માટે અહીંથી લીધું.

**امامُ فِتنَةٍ** : એનાથી મુરાદ અબ્દુર્રહમાન ઈબ્ને અદીસ બલવાઈ અને કનાનહ બિન બશર રઈસુલ ખ્વારિજ (ખારજીઓનો સરદાર) છે. પ્રથમ દર્શાવેલ તે ફિત્નાગર છે જે મિસ્રીઓને ભડકાવીને લાવ્યો હતો. શરૂમાં જ્યારે હંગામામાં કમી હતી. હઝરત ઝુન્નૂરૈન મસ્જિદમાં તશરીફ લાવીને ખૂદ નમાઝો પઢાવ્યા કરતા હતા. એકવાર જુમ્આ બાદ મિમ્બરે અક઼દસ પર તશરીફ લઈ ગયા અને હંગામો ખડો કરવાવાળાઓને સમજાવટ પતાવટ કરી રહ્યા હતા એવામાં એ જાલિઓએ પથ્થર મારવાનુ શરૂ કરી આપ્યું, માથુ મુબારક ઝખ્મી થઈ ગયું. અસા મુબારક જે ઝુન્નૂરૈનના હાથ મુબારકમાં હતો તે છીનવી લઈને જમજાહ ગફફારીએ ઘૂંટણો પર માર્યો, અસા મુબારક તૂટી ગયો અને હઝરત ઝુન્નૂરૈન બેહોશ થઈને પડી ગયા. લોકો ઉઠાવીને ઘરે લાવ્યા. ત્યારબાદ ફરી જાલિમોએ ઘરમાં ન આવવા દીધા. પ્રથમ હઝરત અબૂ ઉમામા બિન સહલ બિન હનીફે નમાઝ પઢાવી પણ તે હંગામાખોરોએ તેમને રોકી દીધા તો કદી અબ્દુર્રહમાન બિન અદીસ બલવાઈ અને કદીક કનાનહ બિન બુશ્ર નમાઝ પઢાવતો. દસ દિવસ સુધી એ જ હાલ રહ્યો. ઘેરાવના દિવસોમાં કદી કદી હઝરત અલી, હઝરત તલ્હા, હઝરત ઐયૂબ અન્સારી, હઝરત અબૂ હુરૈરહ, હઝરત સહલ બિન હનીફ رضوان الله تعالیٰ علیہم اجمعین એ પણ નમાઝ પઢાવી છે. પણ આ લોકો કોઈ રીતે મુરાદ નથી હોઈ શકતા, એટલા માટે કે હઝરત ઉષ્માનની ઈજાઝતથી નમાઝ પઢતા હતા, પછી તેમની પાછળ નમાઝ પઢવામાં બુરુ સમજવાનો સવાલ જ નથી, અને ન એ હઝરાત ફિત્નામાં શરીક હતા. *(ઉમ્દતુલ ક઼ારી, ૫/૨૩૧, અલબિદાયા વન્નિહાયા, ૬/૧૭૬, લુગાયત–૧૯૦)*

**نتحرج** : હરજનો અર્થ દિલમાં તંગી ખટકો મેહસૂસ કરવો અને ગુનાહના પણ અર્થમાં આવે છે. મતલબ એ હતો કે બલ્વાઈ ઈમામે બરહક઼ પર નાહક઼ બગાવત કરીને બદતરીન ગુનાહમાં સપડાયને ફાસિક઼ે મોઅલિન છે. અમને એ ગુમાન થાય છે કે એમની પાછળ નમાઝ પઢવી ગુનોહ છે.

**ફાસિક઼ે મોઅલિનની ઈમામત** : એનાથી જાહેર થાય છે કે ફાસિક઼ે મોઅલિનની પાછળ નમાઝ પઢવામાં કાંઈ વાંધો નથી, પણ એ ન કેવળ હઝરત ઉષ્માનનો ઈર્શાદ છે. આમ સહાબા તથા તાબઈન મકરૂહ જ જાણતા હતા, સિવાય હઝરત ઉષ્માનના. **હું કહું છું** : ફાસિક઼ે મોઅલિનની પાછળ નમાઝ અમ્નની હાલતમાં મકરૂહ છે, ફિત્ના તથા હંગામાંના વખતે ઈજાઝત છે અને એ જ ખુલાસો છે હદીષ **صلوا خلف کل بروفاجر**નો.

## તઅલીક઼ : ૧૪૭ની સમજૂતી

હિજડા ત્રણ પ્રકારના હોય છે : એક તે જેનામાં સ્ત્રીઓની નિશાની અધિક્તર હોય, એ સ્ત્રીના હુકમમાં છે.

## حديث ۴۵۶

**[હદીષ : ૪૫૬]**

سَمِعْتُ جَابِرَ بْنَ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا قَالَ كَانَ مُعَاذُ بْنُ جَبَلٍ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે મઆઝ બિન જલાલ નબી صلی اللہ علیہ وسلم ની સાથે

يُصَلِّي مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ يَرْجِعُ فَيَؤُمُّ قَوْمَهُ فَصَلَّى الْعِشَاءَ

નમાઝ પઢીને જતા અને પોતાની કૌમને નમાઝ પઢાવતા. એક દિવસ ઈશા પઢી અને એમાં સૂરએ બક઼રહ પઢી

فَقَرَأَ بِالْبَقَرَةِ فَانْصَرَفَ الرَّجُلُ فَكَانَ مُعَاذٌ يَنَالُ مِنْهُ فَبَلَغَ النَّبِيَّ صَلَّى اللّٰهُ

એના પર એક શખ્સ ચાલ્યો ગયો એના કારણે મઆઝ એના પર ટીકા ટીપ્પણ કરતા. આ ખબર નબી صلی اللہ علیہ وسلم ને

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ فَتَّانٌ فَتَّانٌ فَتَّانٌ ثَلٰثَ مِرَارٍ أَوْ قَالَ فَاتِنًا فَاتِنًا

પહોંચી તો ફર્માવ્યું, ફત્તાન છે, ફત્તાન છે, ફત્તાન છે. અથવા ફર્માવ્યું, ફાતિન છે ફાતિન છે

બીજો તે જેનામાં પુરૂષોની નિશાની અધિક્તર હોય, એ ઘણા બધા હુકમોમાં પુરૂષો સમાન છે. ત્રીજો તે જેમાં સ્ત્રીમય તથા પુરૂષમય નિશાનીઓમાંથી કોઈ છવાયેલ ન હોય એ સરખી નિશાનીવાળો હિજડો કહેવાય છે, એમનામાંથી કોઈની પાછળ નમાઝ જાઈઝ નથી. પ્રથમ પ્રકાર સ્ત્રીઓના હુકમમાં છે અને સ્ત્રીઓની ઈમામત દુરુસ્ત નથી. બીજા તથા ત્રીજા પ્રકારના હિજડાઓમાં મોટાભાગે અધિક્તર બદ કિરદારીની આદત હોય છે, તેમજ તેમને ઈમામ બનાવવામાં જમાઅતમાં કમી પણ છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે એક પેદાઈશી હિજડો હોય છે જેના અંગોમાં સ્ત્રીમય લચક હોય છે તેને પણ ઈમામ બનાવવો મકરૂહ છે. બીજો તે જે કશાય ખચકાટ વિના તથા સ્ત્રીપણુ અપનાવે છે એની પાછળ પણ નમાઝ મકરૂહ છે. અબૂ અબ્દુલમલિકે કહ્યું કે ઈમામ ઝુહરીની મુરાદ મફઉલ બિહી છે, (જે લવાતતનું કામ કરવાતો હોય) એની પાછળ નમાઝ મકરૂહ થવામાં શું શંકા ?!

પ્રકરણથી સામ્યતા એ રીતે છે કે હિજડાપણુ ફિત્નો છે અને હિજડો મફતૂન (જેનાથી ફિત્નો પેદા થાય) છે એટલા માટે ઈમામ બુખારીએ આ પ્રકરણમાં વર્ણન કર્યું. આ તઅલીક઼ને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે આ શબ્દોમાં રિવાયત કરી : **قلت فالمخنث قال لا كرامة لا تاتم به** મેં અર્ઝ કરી, હિજડાનો શો હુકમ છે ? તો ફર્માવ્યું, કોઈ ઈજ્જત નથી, તેની ઈક્તેદા ન કરો.

**સમજૂતી : ૪૫૬**

**પરિપૂર્ણતા** : એના પછીના પેજ ઉપર આ પ્રમાણે છે કે એક સાહબ પાણી ખેંચનારા બે ઊંટોની સાથે આવ્યા અને રાત એટલી ગુજરી ચૂકી હતી કે અંધારું છવાઈ ચૂક્યું હતું. હઝરત મઆઝને નમાઝ પઢતાં જોયા. તેમણે પોતાનાં ઊંટો બેસાડી આપ્યાં અને હઝરત મઆઝની તરફ વધ્યા. હઝરત મઆઝે સૂરએ બક઼રહ કે સૂરએ નિસાઅ્ શરૂ કરી આપી અને તે સાહબ જતા રહ્યા અને એકલા ટૂંકાણથી નમાઝ પઢી લીધી, એના પર હઝરત મઆઝે એમને મુનાફિક઼ કહી આપ્યા. તેમને ખબર મળી કે મઆઝે તેમને મુનાફિક઼ કહ્યા છે તો તે નબી صلی اللہ علیہ وسلم ની

فَاتَّانًا وَّاَمَرَهٗ بِسُوْرَتَيْنِ مِنْ اَوْسَاطِ الْمُفَصَّلِ قَالَ عَمْرٌو وَلَا اَحْفَظُهُمَا عِـ

*ફાતિન છે, અને તેમને અવસાતે મુફસ્સલની બે સૂરતો પઢવાનો હુકમ આપ્યો. અમ્ર રાવીએ કહ્યું, હું એને ભૂલી ગયો."*

*(બુખારી, ૧/૯૭, ૯૮, ૨/૯૦૨ મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ, નિસાઈ–સલાત, ઈબ્ને માજહ)*

ખિદમતમાં હાજર થયા અને હુઝૂરને હઝરત મઆઝની ફરિયાદ કરી. એના પર નબી ﷺએ ફર્માવ્યું, હે મઆઝ ! શું ફત્તાન છે તું ? અથવા ફર્માવ્યું કે, શું ફાતિન છે તું ? ત્રણવાર. કેમ નહીં ! તું سَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى તથા والشمس وضحٰها પઢતો, એટલા માટે કે મારી પાછળ વૃધ્ધ, કમજોર, જરૂરતમંદ (સૌ) નમાઝ પઢતા. મુસ્લિમમાં એ પણ છે કે એક સાહબ અલગ થઈ ગયા અને સલામ ફેરવી દીધી અને એકલા નમાઝ પઢી.

**يصلى مع النبى صلى الله تعالٰى عليه وسلم** : હુઝૂરે અક્દસ ﷺની પાછળ હઝરત મઆઝ નફલ પઢતા હતા જેથી હુઝૂરે અક્દસ ﷺની ઈક્તેદા અને મસ્જિદે નબવીમાં નમાઝની ફઝીલત હાંસલ કરી લે.

**فانصرف الرجل** : મુસ્નદે ઈમામ અહમદમાં છે કે તેમનું નામ 'સુલૈમ' હતું અને બની સલ્માના વ્યક્તિ હતા. એમણે એવું અર્ઝ કર્યું હતું, યા રસૂલલ્લાહ ! અમે દિવસભર કામ કરીએ છીએ સાંજે ઘરે આવીએ છીએ અને નમાઝ પઢીએ છીએ. મઆઝ આપના ત્યાંથી આવીને અઝાન કહેવડાવે છે અને નમાઝ પઢાવે છે તો લાંબી કરી દે છે. એમાં છે કે એકવાર હુઝૂરે ઈશાની નમાઝમાં મોડુ કરી દીધું. મઆઝ હુઝૂરની સાથે નમાઝ પઢીને પોતાની કૌમમાં આવ્યા અને સૂરએ બક્રહ પઢી.

મુસ્નદે અબૂ દાઊદ તયાલ્સી તથા બઝ્ઝારમાં છે કે એમનું નામ હઝમ બિન કઅબ હતું. મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત અનસની રિવાયતમાં છે કે તેમનું નામ હરામ બિન મિલ્હાન હતું. એ હઝરત અનસના મામા હતા. મુસ્લિમમાં એ છે કે એક સાહબ હતા.

**فتان۔فاتن** : ફત્તાન મુબાલિગા (અતિશયોક્તિ)નો સેગો છે જેનો અર્થ થયો અધિક ફિત્નો ખડો કરનાર. ફાતિન ઈસ્મે ફાઈલ (કર્તાવાચક) છે એનો અર્થ છે ફિત્નો ખડો કરનાર મતલબ એ થયો કે તમારા કારણે લોકો જમાઅત છોડી બેસે અને પછી આપસમાં શાબ્દિક ટપાટપી થાય. હુઝૂરે અક્દસ ﷺનો આ જલાલ કેવળ નમાઝ લાંબી કરનારાઓ પર ન હતો બલ્કે એ સાહબને મુનાફિક્ કહેવા પર પણ હતો.

**اوساط مفصل** : સૂરએ હુજુરાતથી લઈને અંતિમ કુર્આનને મુફસ્સલ કહે છે એના ત્રણ હિસ્સા છે, સૂરએ લમયકુન સુધી મુફસ્સલનું મધ્ય, સૂરએ ઝિલઝાલથી લઈને છેવટ સુધી.....

**નફલવાળા પાછળ ફર્ઝવાળાની નમાઝ** : ઈમામ શાફઈ વગેરે ફર્માવે છે કે નફલ પઢવાવાળા પાછળ ફર્ઝ પઢવાવાળાની નમાઝ દુરુસ્ત છે. તેમની દલીલ આ હદીષ છે, ખાસ કરીને તે વધારો જે બતરીકે ઈબ્ને જરીજમાં છે.

**هى له طوع ولهم فريضة** : એનો જવાબ એ છે કે, પ્રથમ તો આ વધારો સહીહ નથી જેમ કે ઈમામ તહાવી તથા અલ્લામા અયનીએ દલીલોથી સાબિત કર્યું છે. બીજું કે એ રાવીનું પોતાનું ગુમાન છે હઝરત મઆઝથી ક્યાંય નકલ થયેલ નથી કે તેમણે એવું દર્શાવ્યું હોય કે હું મારી કૌમને જે નમાઝ પઢાવતો હતો તે નફલની નિય્યતથી પઢાવતો હતો. જ્યાં સુધી કર્તા ખૂદ ન બતાવે ત્યાં સુધી નિય્યતનો હાલ નથી જાણી શકાતો. ત્રીજુ, આ સલાતે ખૌફથી મન્સૂખ છે. આ બનાવ ગઝવએ ઓહદથી પહેલાંનો છે. (મુસ્નદે ઈમામ અહમદ, ૫/૭૪) અને સલાતે ખૌફ હિ.સ. ૬માં નાઝિલ થઈ. જો એવું જાઈઝ હોત કે ઈમામ અમુક લોકોને ફર્ઝની નિય્યતથી પઢાવી આપે અને અમુક લોકોને નફલની નિય્યતથી, તો સલાતે ખૌફની કોઈ હાજત ન હતી, ખાસ કરીને એ સ્થિતિની સાથે કે અન્ય સ્થિતિઓમાં એ નમાઝ ફાસિદ થઈ જાય છે. તેમજ ઈમામ અહમદ (મુસ્નદે ઈમામ અહમદ

૫/૭૪) અને ઈમામ તહાવીએ (શરહે મઆનિયુલ આષાર, ૧/૯૯)એ સુલૈમ બિન હારિષની હદીષમાં આ વધારો નકલ કર્યો છે : **لا تكن فتانا اما ان تصلى معى واما ان تخفف عن قومك** ફિત્તાન ન બન, ક્યાં તો મારી સાથે નમાઝ પઢ અથવા તારી કૌમને ટૂંકી નમાઝ પઢાવ.

એટલા માટે કે એનો ઉઘાડો મતલબ એ છે કે ક્યાં તો મારી સાથે નમાઝ પઢો અથવા તમારી કૌમની સાથે પઢો તો સંક્ષિપ્ત (ટૂંકાણ)માં પઢો, બંનેને ભેગી ન કરો. કેમ કે હુઝૂર ﷺની સાથે નમાઝ પઢવા તથા કૌમને ટૂંકી નમાઝ પઢાવવામાં કોઈ મતભેદ નથી પછી રદ કરવું બેકાર થશે. ઈબ્ને જરીજના વધારાને છોડીને અસલ હદીષથી એ દલીલ પૂર્ણ નથી થતી કે શક્ય છે કે હુઝૂરે અક્દસ ﷺની પાછળ નફલ પઢયા હોય અને પોતાની કૌમની સાથે ફર્ઝ, જેમ કે અમે અગાઉ દર્શાવી ચૂક્યા.

**કશ્મીરી સાહબની પકડ** : ફયઝુલ બારીમાં કશ્મીરી સાહબે ૨/૨૨૯–૩૦ પર એ જોર લગાડયું છે કે હઝરત મઆઝ رضی اللہ عنہની આદત એ ન હતી કે તે ઈશા હુઝૂરની પાછળ પઢીને પોતાની કૌમને નમાઝ પઢાવતા, કેવળ એકવાર એવું થયું. આદત એ હતી કે મગરિબ હુઝૂરે અક્દસ ﷺની પાછળ પઢતા અને ઈશા પોતાના મહોલ્લા બની સલ્માામાં આવીને પઢતા હતા. એના પર તે તિર્મિઝી શરીફ (૧/૭૫ જુમ્આ)ની આ હદીષથી દલીલ લાવ્યા છે કે મઆઝ મગરિબ હુઝૂરની પાછળ પઢતા હતા પછી પોતાની કૌમમાં આવીને તેમની ઈમામત કરતા. **હું કહું છું** : આ નિરર્થક વાતને લંબાવવું આ સિલસિલાની સર્વ હદીષો પર નજર ન રાખવાનું ફળ છે. તિર્મિઝીની આ હદીષની વિરૂધ્ધ મુસ્નદે ઈમામ અહમદ (૩/૩૦૨)માં એ જ હઝરત જાબિરથી મગરિબને બદલે ઈશા છે કે તે નબી ﷺ સાથે ઈશા પઢીને પોતાની કૌમમાં આવીને ઈમામત કરતા. પછી જ્યારે તમો એકવાર માનો છો કે એવું થયું તો ઈમામ શાફઈની દલીલ તેની જગાએ રહી અને અમારે જવાબના માટે એવું જ કહેવું પડશે જે અમે લખી ચૂક્યા તો નિરર્થક બકવાસથી શો લાભ ! શું એના સિવાય કે કાચી સમજવાળા તાલિબે ઈલ્મ એવું હાંકે કે શાહ સાહબે આ હદીષ પર આટલા કલાક તક્રીર કરી !

**અમારી દલીલ** : અમારી દલીલ તે હદીષ છે જેને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ રિવાયત કરી છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું : **الا مام ضامن والموذن مو تمن** "ઈમામ જામિન છે અને મોઅઝ્ઝિન અમીન છે. *(અબૂ દાઊદ ૧/૨૬ તિર્મિઝી, ૧/૨૯)*

એટલે ઈમામ સર્વ મુક્તદીઓની નમાઝને પોતાની નમાઝના હેઠળ લીધેલ છે. અને એ તદન સ્પષ્ટ છે કે આ'લાના હેઠળ અદના આવી શકે છે પણ અદના હેઠળ આ'લા નથી આવી શકતું. ફર્ઝ આ'લા છે એટલા માટે કે તે બે વાતો પર આધારિત છે : ફર્ઝિયત અને ઈબાદત અને નફલ એના કરતાં અદના, કેમ કે તેમાં કેવળ ઈબાદત છે એટલા માટે ફર્ઝ હેઠળ નફલ આવી શકે છે પણ નફલ હેઠળ ફર્ઝ નથી આવી શકતી. એ જ પ્રમાણે હેઠળ આવવા માટે સરખાપણુ જરૂરી છે, સરખાપણુ ન હોવા પછી હેઠળ આવવું યોગ્ય થશે નહીં, એટલા માટે એક ફર્ઝ પઢવાવાળા પાછળ બીજો ફર્ઝ પઢનાર ઈક્તેદા નથી કરી શકતો, દા.ત. અસ્ર પઢવાવાળા પાછળ ઝહોરની કઝા પઢનાર અથવા કાલની અસ્ર જ કઝા પઢનારો ઈક્તેદા નથી કરી શકતો.

## حدیث ۴۵۷

**[હદીષ : ૪૫૭]**

اَخْبَرَنِیْ اَبُوْ مَسْعُوْدٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَجُلًا قَالَ وَاللّٰہِ یَا

"હઝરત અબૂ મસઊદ رضی اللہ عنہ એ ખબર આપી કે એક સાહબે અર્ઝ કરી, ખુદાની કસમ !

رَسُوْلَ اللّٰہِ اِنِّیْ لَاَ تَاَخَّرُ عَنْ صَلٰوۃِ الْغَدَاۃِ مِنْ اَجْلِ فُلَانٍ مِمَّا یُطِیْلُ بِنَا فَمَا رَاَیْتُ

યા રસૂલલ્લાહ ! હું ફલાણાના કારણે ફજરમાં શરીક નથી થતો કેમ કે તે લાંબી નમાઝ પઢાવે છે.

رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِیْ مَوْعِظَۃٍ اَشَدَّ غَضَبًا مِّنْہُ یَوْمَئِذٍ ثُمَّ

એ દિવસથી વધુ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને વઅઝમાં મેં ગઝબનાક નથી જોયા, ફર્માવ્યું, તમારામાં કેટલાક લોકો

قَالَ اِنَّ مِنْکُمْ مُنَفِّرِیْنَ فَاَیُّکُمْ مَا صَلّٰی بِالنَّاسِ فَلْیَتَجَوَّزْ فَاِنَّ فِیْھِمُ الضَّعِیْفَ

નફરત અપાવનારા છે. તમારામાં જે કોઈ પણ લોકોને નમાઝ પઢાવે તો ટૂંકાવે,

وَالْکَبِیْرَ وَذَا الْحَاجَۃِ ؏

એટલા માટે કે એમાં કમજોર, વૃધ્ધ, જરૂરતમંદ સર્વ હોય છે."

(બુખારી ૧/૯૭, ૧/૯૮, ૨/૯૦૨ અદબ, અહકામ ૨/૧૦૦૭, મુસ્લિમ–સલાત, નિસાઈ–ઈલ્મ)

## حدیث ۴۵۸

**[હદીષ : ૪૫૮]**

عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِذَا صَلّٰی اَحَدُکُمْ لِلنَّاسِ فَلْیُخَفِّفْ فَاِنَّ فِیْھِمُ الضَّعِیْفَ

જ્યારે તમે લોકોને નમાઝ પઢાવો તો ટૂંકી પઢાવો એટલા માટે કે એમાં કમજોર, બીમાર તથા વૃધ્ધ પણ

### સમજૂતી : ૪૫૭–૪૫૮

**فلاں** : એનાથી મુરાદ હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ છે. તે કુબામાં ઈમામ હતા. ટૂંકાણથી મુરાદ એ છે કે કયામમાં એટલી લાંબી કિરાઅત ન કરે કે મુકતદીઓને ભારે પડે. રહી ગયા રુકૂઅ તથા સજદા તે મુસ્તહબ તરીકાથી અદા કરે. અલ્બત્ત તેને પણ બહુ લાંબા ન કરે. અને આ મનાઈ પણ કરાહતે તન્ઝીહીની હદ સુધી છે, કેમ કે ખૂદ હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم થી મરવી છે કે નમાઝોમાં ખૂબ લાંબી લાંબી કિરઅતો ફર્માવ્યા કરતા, ત્યાં સુધી

وَالسَّقِيْمَ وَالْكَبِيْرَ وَ اِذَا صَلّٰى اَحَدُكُمْ لِنَفْسِهٖ فَلْيُطَوِّلْ مَاشَاءَ ؎

*હોય છે અને જ્યારે એકલા પઢો તો જેટલી ચાહો લાંબી પઢો." (બુખારી ૧/૯૭, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

ت ۱۴۸ وَقَالَ اَبُوْ اُسَيْدٍ طَوَّلْتَ بِنَا يَا بُنَيَّ ؎

**[તઅલીક઼ : ૧૪૮]** *"હઝરત અબૂ ઉસૈદે ફર્માવ્યું, હે બેટા ! તેં નમાઝ લાંબી કરી દીધી."*

## حديث ۴۵۹

**[હદીષ : ૪૫૯]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُوْجِزُ الصَّلٰوةَ وَيُكَمِّلُهَا ؎

*નમાઝ ટૂંકી અને સંપૂર્ણ પઢતા હતા." (બુખારી ૧/૯૮, મુસ્લિમ–સલાત, ઈબ્ને માજહ–સલાત)*

કે બુખારીમાં જ છે કે મગરિબમાં હુઝૂરે **સૂરએ વલમુરસિલાત** પઢી. આ હદીષથી જાહેર થયું કે ગુસ્સાની હાલતમાં વઅઝ કહેવામાં કોઈ વાંધો નથી, અલ્બત્ત ગુસ્સાની હાલતમાં કાઝી (ન્યાયાધીશ)એ ફૈસલો કરવો અથવા મુફતીએ ફત્વો આપવો મના છે. કોઈ ખાસ માણસને પણ ચેતવણી કરવી હોય તો બેહતર એ છે કે આમ ખિતાબમાં કરે, દરેક તે કામ જે સામૂહિક રીતે થાય એમાં એનો લેહાઝ જરૂરી છે કે લોકો પર ભારે ન પડે, ભલે તે ગમે તેટલુ મહત્વ તેમજ દીની કામ હોય.

### તઅલીક઼ : ૧૪૮ની સમજૂતી

આ તઅલીક઼ને ઈબ્ને અબી શયબાએ આ શબ્દો સાથે રિવાયત કરી છે. હઝરત ઉસૈદના સાહબઝાદા મુન્ઝર કહે છે કે મારા વાલિદ મારી પાછળ નમાઝ પઢતા હતા. કદી કદી એવું ફર્માવતા કે હે બેટા ! આજે તેં સૂરએ વસ્સાફ્ફાત પઢીને નમાઝ લાંબી કરી દીધી.

હઝરત ઉસૈદ બિન હઝીર સાઅદી અન્સારી ઘણા જ પ્રખ્યાત સહાબી છે. બયઅતે ઉક઼બાથી લઈને સર્વ જંગોમાં શરીક રહ્યા. અસ્હાબે બદરમાં સૌના પછી વિસાલ ફર્માવ્યો, લગભગ હિ.સ. ૬૦માં.

### સમજૂતી : ૪૫૯

હઝરત અનસ صلی اللہ علیہ وسلم નો મક઼સદ એ છે કે હવે જે કાંઈ લોકો લાંબી લાંબી કિ઼રઅત કરે છે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એટલી લાંબી કિ઼રઅત કરતા ન હતા. અલ્બત્ત અરકાન ખૂબ જ સુકૂન તથા ઈત્મિનાનની સાથે અદા કરતા હતા. અમુક રિવાયતોના શબ્દો આ પ્રમાણે છે : سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કહ્યા બાદ ઉભા થતા તો એટલી વાર રહેતા કે અમને અંદશો થતો કે કશુંક ભૂલી ગયા ! અને જ્યારે બંનેવ સજદાઓ વચ્ચે બેસતા તો એટલી વાર બેસતા કે શંકા જતી કે ભૂલી ગયા છે ! *(મુસ્લિમ, ૧/૧૮૯)*

## حدیث ۴٦۰

**[હદીષ : ૪૬૦]**

عَنْ عَبْدِاللّٰهِ بْنِ اَبِیْ قَتَادَةَ عَنْ اَبِیْهِ اَبِیْ قَتَادَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

"હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું,

عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِنِّیْ لَاَقُوْمُ فِی الصَّلٰوةِ اُرِیْدُ اَنْ اُطَوِّلَ

હું નમાઝમાં ઉભો થાઉં છું, ચાહું છું કે એમાં (કિરાઅત) લાંબી કરું કે બાળકોના રડવાના અવાજો

فِیْهَا فَاَسْمَعُ بُكَاءَ الصَّبِیِّ فَاَتَجَوَّزُ فِیْ صَلٰوتِیْ كَرَاهِیَةَ اَنْ اَشُقَّ عَلٰی اُمِّهٖ

સાંભળુ છું તો ટૂંકાવી દઉં છું, એ પસંદ નથી કે તેની માને તકલીફમાં નાખું."

(બુખારી, ૧/૯૮, ૧૨૦ મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ, મુસ્નદે ઈમામ અહમદ, ભાગ-૩)

## حدیث ۴٦۱

**[હદીષ : ૪૬૧]**

سَمِعْتُ اَنَسَ بْنَ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ یَقُوْلُ مَا صَلَّیْتُ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહે છે, રસૂલુલ્લાહ ﷺ થી

وَرَاءَ اِمَامٍ قَطُّ اَخَفَّ صَلٰوةً وَّلَا اَتَمَّ مِنَ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

અધિક ટૂંકી તથા મુકમ્મલ નમાઝ મેં કદી કોઈ ઈમામની પાછળ નથી પઢી. બાળકોના રડવાનો

وَسَلَّمَ اِنْ كَانَ لَیَسْمَعُ بُكَاءَ الصَّبِیِّ فَیُخَفِّفُ مَخَافَةَ اَنْ تُفْتَنَ اُمُّهٗ

અવાજ સાંભળતા તો ટૂંકાવી દેતા એ અંદેશાથી કે ક્યાંક તેની મા ફિત્નામાં ન પડી જાય."

(બુખારી ૧/૯૮ ત્રણ તરીકાથી, મુસ્લિમ-સલાત, તિર્મિઝી-સલાત)

**સમજૂતી : ૪૬૧-૪૬૨**

બુખારીમાં જ અધિક બે તરીકાઓ થકી હઝરત અનસવાળી હદીષ થોડી વિવિધતા સાથે રિવાયત થયેલ છે. એના પ્રારંભમાં આ પ્રમાણે છે : હું નમાઝમાં દાખલ થાઉં છું અને ઈરાદો કરું છું કે એને લાંબી કરું કે બાળકોના રડવાનો અવાજ સાંભળુ છું.....છેવટ સુધી. અંતમાં આ પ્રમાણે છે : કારણ કે બાળકના રડવાથી તેની માની સખ્ત બેચેનીને હું જાણું છું. આ હદીષથી સાબિત થયું કે નમાઝમાં મુક્તદી અથવા ગૈર મુક્તદીની તકલીફ અથવા જરૂરતના ખયાલથી નમાઝમાં ખલલ નથી આવતી પણ આપણા ફકીહો લખે છે કે કોઈ આવનારના માટે રુકૂઅ લાંબો કરવો મના છે. જ્યારે કે તેની સરદારીના કારણે હોય, અને જો એમાં એની સરદારીનો ખયાલ ન હોય બલ્કે નિય્યત એ હોય કે તે રકાત પામી લે, તો કોઈ વાંધો નથી. બંનેમાં ફરક એ છે કે પ્રથમ સ્થિતિમાં આવનારાની

ت ١٤٩ وَيُذْكَرُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ

[તઅલીક઼ : ૧૪૯] "નબી ﷺથી વર્ણન કરવામાં આવે છે કે ફર્માવ્યું, તમે મારી ઈક઼્તેદા કરો

اِئْتَمُّوْا بِیْ وَلْیَاْتَمَّ بِكُمْ مَنْ بَعْدَكُمْ ؏

અને તમારા બાદવાળા તમારી ઈક઼્તેદા કરશે." (બુખારી ૧/૯૯)

મહાનતાનો લેહાઝ કરવામાં આવ્યો અને બીજી સ્થિતિમાં ફર્માંબરદારી પર મદદ કરવું છે. **انما الا عمال با لنیات** (અમલોનો દારોમદાર નિય્યત પર છે.) એ જ પ્રમાણે તે શરીર (બદમાશ) છે કે જો રુકૂઅને લાંબો નહીં કરે તો તે તકલીફ પહોંચાડશે, તો પણ પોતાને નુકસાનથી બચાવવા માટે લાંબો કરવામાં કોઈ વાંધો નથી. અને આ હદીષમાં પણ ફર્માંબરદારી પર મદદ કરવું જ છે અને મુસલ્લીથી નુકસાન દૂર કરવુ પણ, એટલા માટે હુઝૂર ﷺએ ટૂંકાણ કર્યુ.

**કશ્મીરી મહાશયનો બુખારીમાં વધારો !** : ફયઝુલબારી ૨/૨૩૩ પર છે :– **قوله عن محمد اخشی علیه عظیما** મેં આ વાક્યને બુખારીમાં એ જગાએ નહીં પૂરી બુખારીમાં શોધ્યું, ક્યાંય નથી. અને ન શરહ કરનારાઓએ કોઈ નુસ્ખામાં એની ભાળ બતાવી ! શક્ય છે કે કશ્મીરી મહાશયની ખાસ સંદૂકોમાં બુખારીનો કોઈ ખાસ નુસ્ખો મહફૂઝ હોય એમાં આ વાક્ય હોય !

## તઅલીક઼ : ૧૪૯ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ મુસ્લિમે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરી છે. આખી હદીષ આ પ્રમાણે છે : રસૂલુલ્લાહ ﷺએ એ જોયું કે સહાબા નમાઝમાં પાછળ ઉભા રહે છે. તો ફર્માવ્યું, આગળ આવો, મારી ઈક઼્તેદા કરો અને તમારા બાદવાળા તમારી ઈક઼્તેદા કરે. કેટલાક લોકો પાછળ થતા રહેશે ત્યાં સુધી કે અલ્લાહ એમને પાછળ કરી દેશે.

**પ્રકરણનો ફાયદો** : ઈમામ શઅબીનો મઝહબ છે કે આગલી સફવાળા ઈમામના મુક઼્તદી છે અને બીજી સફવાળા આગલી સફવાળાના. એ જ પ્રમાણે ક્રમશઃ થશે. અલ્લામા અયનીએ લખ્યું છે કે બુખારીનો પણ એ જ મઝહબ હતો એટલા માટે એ પ્રકરણ બાંધ્યું કે, "પુરૂષ ઈમામની ઈક઼્તેદા કરે અને લોકો મુક઼્તદીની."

આ મઝહબના આધારે ઈમામ રુકૂઅથી માથુ ઉઠાવી લે અને આગલી સફના મુક઼્તદી રુકૂઅમાં હોય અને એમની પાછળ કોઈ એમને રુકૂઅમાં મેળવી લે તો તેને રકાત મળી ગઈ, પણ જાહેર છે કે આ હદીષથી એ વાત સાબિત નથી થતી, એટલા માટે કે અહીં દીનમાં પયરવી કરવું મુરાદ છે અને **من بعدکم**થી બાદમાં આવનારી નસલ મુરાદ છે. મતલબ એ થયો કે આગલી સફમાં ઉભા થઈને મારી નમાઝને સારી રીતે દિમાગમાં બેસાડી લો અને એના પ્રમાણે અદા કરો જેથી તમને જોઈને બાદવાળી નસલો પણ એ જ પ્રમાણે નમાઝ પઢે.

ઈમામ બુખારીએ જુઝઉલ ક઼િરાઅતમાં આ પ્રમાણે લખ્યું છે કે જો કોઈ ઈમામને રુકૂઅમાં પામે તો તેને એ રકાત નથી મળી કેવળ ઈક઼્તેદા સહીહ થઈ. એનાથી જાહેર થયું કે ઈમામ બુખારીનો મસ્લક તે નથી જે ઈમામ શઅબીનો છે. શક્ય છે કે ઈમામ બુખારીએ હદીષના શબ્દોને ધ્યાનમાં લઈને આ પ્રકરણ રચ્યું હોય.

એના પછી પ્રકરણના સમર્થનમાં ઈમામ બુખારીએ મર્ઝે વિસાલ (વિસાલ વેળાની બીમાર અવસ્થા)વાળી હદીષ નક઼લ ફર્માવી છે જેના અંતમાં છે :–

ت ١٥٠ وَقَالَ عَبْدُ اللّٰهِ بْنُ شَدَّادٍ سَمِعْتُ نَشِيْجَ عُمَرَ وَ اَنَا فِيْ

**[તઅલીક઼ : ૧૫૦]** *"અને અબ્દુલ્લાહ ઈબ્ને શદ્દાદે કહ્યું, મેં હઝરત ઉમરના રડવાને સાંભળ્યું અને*

اٰخِرِ الصُّفُوْفِ يَقْرَأُ اِنَّمَا اَشْكُوْ بَثِّيْ وَحُزْنِيْ اِلَى اللّٰهِ

*હું અંતિમ સફમાં હતો. આ આયતે કરીમા પઢી રહ્યા હતા : હું મારા ગમ તથા પરેશાનીની ફરિયાદ અલ્લાહને જ કરું છું." (બુખારી, ૧/૯૯)*

## حديث ۴۶۲

**[હદીષ : ૪૬૨]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ પોતાની*

અબૂબક્ર **يقتدى ابو بكر بصلوٰة رسول الله صلى الله تعالٰى عليه وسلم والناس مقتدون بصلوٰة ابى بكر** રસૂલુલ્લાહ ﷺની ઈક્તેદા કરતા હતા, અને લોકો અબૂબક્રની ઈક્તેદા કરતા હતા. એની સાથે પ્રકરણને મળતાપણુ છે. જમહૂર એનો મતલબ એ દર્શાવે છે કે અબૂબક્ર હુઝૂરે અક્દસ ﷺના રુકૂઅ સજદા કરવા પર રુકૂઅ સજદા વગેરે કરતા હતા અને બાકીના હઝરાત હઝરત અબૂબક્રની તકબીર સાંભળીને સ્થિતિ બદલતા હતા. જેમ કે એ જ હદીષના બીજી તરીક઼ામાં છે : **وابوبكر يسمع الناس التكبير** અને અબૂબક્ર લોકોને તકબીર સંભળાવતા હતા.

### તઅલીક઼ : ૧૫૦ની સમજૂતી

**પ્રકરણનો હેતુ** : અહીં પ્રકરણ આ મુજબ છે : "જ્યારે ઈમામ નમાઝમાં રડે." અહનાફ (હનફીઓ)નો મઝહબ એ છે કે જો કોઈ ખશિય્યતે ખુદાવંદી (ખૌફે ખુદા)માં અથવા જન્નત તથા દોઝખના વર્ણન વખતે નમાઝમાં રડે તો નમાઝ ફાસિદ ન થશે. અને જો કોઈ અન્ય કારણે રડે, દા.ત. કોઈ તકલીફ કે મુસીબતના લીધે રડે તો નમાઝ તૂટી જશે, એટલા માટે કે એ રડવું વાત સાથે મળેલુ હશે. શક્ય છે કે ઈમામ બુખારી હનફીઓના મસ્લક઼થી સંપૂર્ણપણે વાકેફ ન હોય અને વાંધારૂપે આ પ્રકરણ રચ્યું હોય. પરંતુ જાહેર છે કે જો ઈમામ બુખારીનો મક઼સદ હનફીઓ પર તઅરીઝ (વાંધો) છે તો એમનું નિશાન ખતા કરી ગયું. એટલા માટે કે હઝરત ઉમરનું રડવું ન કોઈ તકલીફને કારણે હતું ન કોઈ મુસીબતના લીધે, બલ્કે ખુદાના ડરથી હતું, પછી અમને શું નુકસાન ! એ જ પ્રમાણે એના હેઠળમાં જે હદીષ વર્ણન કરી છે એનાથી પણ પ્રકરણને કોઈ સંબંધ નથી, નમાઝમાં હઝરત સિદ્દીક઼ે અકબરના રડવાનો કોઈ ઉલ્લેખ જ નથી કેવળ ઉમ્મુલ મો'મિનીને એ અંદેશો જાહેર કર્યો હતો કે તે જ્યારે હુઝૂરને નહીં જુએ તો પોતાના ઉપર ક઼ાબૂ ન પામી શકશે, નમ્ર દિલવાળા છે, રુદનની સખ્તીના કારણે લોકોને સંભળાવી શકશે નહીં, જ્યારે નમાઝમાં રડવાનો ઝિક્ર નથી તો એનાથી પ્રકરણની સાબિતીને શો સંબંધ ?! વળી હઝરત સિદ્દીક઼ે અકબરનું રડવું કોઈ શારીરિક કે દુનિયાવી તકલીફની લીધે નથી હોતું બલ્કે હુઝૂરે અક઼દસ ﷺના વિરહના લીધે જે દીની કારણે થાય.

### સમજૂતી : ૪૬૨

વિસાલ વેળાની બીમારીની તફસીલ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا થી વિવિધ તરીક઼ાથી રિવાયત

عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِيْ مَرَضِهٖ مُرُوْا اَبَا بَكْرٍ يُّصَلِّيْ بِالنَّاسِ قَالَتْ عَائِشَةُ قُلْتُ

*કમજોરીમાં ફર્માવ્યું, અબૂબકને કહો કે તે લોકોને નમાઝ પઢાવે. હઝરત આઈશાએ કહ્યું, મેં અર્ઝ કરી કે*

لَهٗ اِنَّ اَبَا بَكْرٍ اِذَا قَامَ فِيْ مَقَامِكَ لَمْ يُسْمِعِ النَّاسَ مِنَ الْبُكَاءِ فَمُرْ عُمَرَ يُصَلِّيْ

*અબૂબક જ્યારે આપની જગાએ ઉભા થશે તો રડવાના કારણે લોકોને સંભળાવી શકશે નહીં, હુઝૂર ! ઉમરને*

بِالنَّاسِ فَقَالَ مُرُوْا اَبَا بَكْرٍ فَلْيُصَلِّ بِالنَّاسِ فَقَالَتْ عَائِشَةُ فَقُلْتُ لِحَفْصَةَ

*હુકમ આપો કે નમાઝ પઢાવે. તો હુઝૂરે ફર્માવ્યું, અબૂબકને કહો તે નમાઝ પઢાવે. હઝરત આઈશાએ કહ્યું,*

قُوْلِيْ لَهٗ اِنَّ اَبَا بَكْرٍ اِذَا قَامَ فِيْ مَقَامِكَ لَمْ يُسْمِعِ النَّاسَ مِنَ الْبُكَاءِ فَمُرْ عُمَرَ

*હવે મેં હઝરત હફસાને કહ્યું, તમે અર્ઝ કરો કે અબૂબક જ્યારે આપની જગાએ ઉભા રહેશે તો રડવાના કારણે*

فَلْيُصَلِّ بِالنَّاسِ فَفَعَلَتْ حَفْصَةُ فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَهْ اِنَّكُنَّ

*લોકોને સંભળાવી નહીં શકે, હુઝૂર ! ઉમરને હુકમ આપો કે લોકોને નમાઝ પઢાવે. હફસાએ એવું જ કર્યું, તો*

لَاَنْتُنَّ صَوَاحِبُ يُوْسُفَ مُرُوْا اَبَا بَكْرٍ فَلْيُصَلِّ لِلنَّاسِ فَقَالَتْ حَفْصَةُ مَا كُنْتُ لِاُصِيْبَ مِنْكِ خَيْرًا ؏

*રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બસ ! તમે સૌ યૂસુફ પર ઘેરાવ કરનારી છો ! અબૂબકને કહો તે નમાઝ પઢાવે !*

*એના પર હફસાએ કહ્યું, તમારાથી કોઈ ભલાઈ મને નસીબ નથી થઈ." (બુખારી, ૧/૯૯, ૧૦૦)*

થયેલ છે અને હઝરત અબૂબકની ઈમામત માટે આગ્રહપૂર્વક દોહરાવવાની તફસીલ ત્રણ તરીકાથી છે. બતરીકે અસ્વદ, બતરીકે હિશામ ઈબ્ને ઉરવા, બતરીકે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉતબા. અમે અમારા નિયમ મુજબ આ હદીષને ત્રણેવ તરીકાથી વર્ણવી છે. એટલા માટે કે જેવું કે અમે અગાઉ સાબિત કરી ચૂક્યા કે આ હદીષ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનું વિના કોઈ આડ ખલીફા થવાનો એક ખૂબ જ મજબૂત દસ્તાવેજ છે. જેવી રીતે અમુક સહાબીઓની રિવાયતથી હદીષની કુવ્વત ખૂબ જ વધી જાય છે એવી જ રીતે એક જ સહાબી કરતાં અમુક તાબઈનની રિવાયતથી પણ હદીષની મજબૂતી ખૂબ જ વધી જાય છે. આ હદીષ પર વિગતવાર ચર્ચા થઈ ચૂકી છે, હવે વધુ સ્પષ્ટતાની જરૂરત નથી.

# حدیث ۴٦۳

**[હદીષ : ૪૬૩]**

قَالَ سَمِعْتُ النُّعْمَانَ بْنَ بَشِيْرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَقُوْلُ قَالَ

*"હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہما કહે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમે લોકોને તમારી*

النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَتُسَوُّنَّ صُفُوْفَكُمْ اَوْ لَيُخَالِفَنَّ اللّٰهُ بَيْنَ وُجُوْهِكُمْ

*સફોને સીધી કરો, નહીં તો અલ્લાહ તમારી અંદર ઈખ્તેલાફ (મતભેદ) પેદા કરી આપશે."*

*(બુખારી ૧/૧૦૦, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–સલાત, નિસાઈ–ઈમામત, મુસ્નદે ઈમામ અહમદ–૪)*

# حدیث ۴٦۴

**[હદીષ : ૪૬૪]**

حَدَّثَنَا اَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ اُقِيْمَتِ الصَّلٰوةُ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ આ હદીષ બયાન કરી કે નમાઝના માટે ઈક઼ામત*

فَاَقْبَلَ عَلَيْنَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِوَجْهِهٖ فَقَالَ اَقِيْمُوْا صُفُوْفَكُمْ

*કહેવાય ચૂકી તો રસૂલુલ્લાહ ﷺ એ પોતાનો ચેહરાએ અન્વર અમારા તરફ કર્યો અને ફર્માવ્યું,*

وَتَرَاصُّوْا فَاِنِّيْ اَرَاكُمْ مِنْ وَّرَاءِ ظَهْرِيْ

*સફો ઠીક કરો અને ખૂબ અડીને (મળીને) ઉભા રહો ! હું તમને મારી પીઠની પાછળથી પણ જોઉં છું."*

*(બુખારી ૧/૧૦૦, મુસ્લિમ–સલાત, નિસાઈ–ઈમામત)*

**સમજૂતી : ૪૬૩–૪૬૪**

સફોના બારામાં ત્રણ ચીજોની હુઝૂરે અક઼દસ ﷺ ખૂબ કાળજી રાખતા હતા, પ્રથમ : આગલી સફ પૂરી કરી લેવામાં આવે, બીજું : ખૂબ જ અડીને (મળીને) ઉભા રહો. ત્રીજુ : સફો તદન સીધી રહે. એના અનુસંધાનમાં બે વાતોની સાબિતી આ હદીષથી છે, બાકીની પ્રથમ વાત પર હદીષ આવી ગઈ કે જો લોકોને એ જાણ થઈ જાય કે પ્રથમ સફમાં શું છે તો વિના ચિટ્ઠી ફરકાવ્યે (ડ્રો કર્યા વિના) પ્રથમ સફમાં જગ્યા ન પામતા, તો લોકો ડ્રો કરતા. એક હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺ પ્રથમ સફ પર ત્રણવાર દુઆ ફર્માવતા અને બીજી પર એકવાર. (નિસાઈ–ઈમામત, ૧૩૧) બીજી હદીષમાં છે કે અલ્લાહ ﷻ રહમત પ્રથમ આગલી સફો પર નાઝિલ ફર્માવે છે. *(નિસાઈ–ઈમામત, ૧૩૦)* ખૂબ મળીને (અડીને) ઉભા રહેવાના બારામાં ફર્માવ્યું :– **مَنْ وصل صفا وصله الله ومن قطع صفا قطعه الله** જે સફ મિલાવશે અલ્લાહ ﷻ તેને મિલાવશે અને જે સફ કટ કરે અલ્લાહ એનો રિશ્તો કટ કરી આપશે. *(નિસાઈ–ઈમામત, ૧૩૧, અબૂ દાઊદ–સલાત, ૯૭, મુસ્નદે ઈમામ અહમદ–૨/૯૮)*

# حدیث ۴۶۵

[હદીષ : ૪૬૫]

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે હુઝૂરે ફર્માવ્યું,*

وَسَلَّمَ قَالَ اِنَّمَا جُعِلَ الْاِمَامُ لِیُؤْتَمَّ بِهٖ فَلَا تَخْتَلِفُوْا عَلَیْهِ فَاِذَا رَكَعَ فَارْكَعُوْا

*ઈમામ એટલા માટે બનાવવામાં આવ્યો છે કે તેની ઈક્તેદા કરવામાં આવે. ઈમામની વિરૂધ્ધ ન કરો. જ્યારે*

وَاِذَا قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ فَقُوْلُوْا رَبَّنَا لَكَ الْحَمْدُ وَاِذَا سَجَدَ فَاسْجُدُوْا

*તે રુકૂઅ કરે તો તમે લોકો રુકૂઅ કરો અને سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કહે તો رَبَّنَا لَكَ الْحَمْدُ કહો. અને જ્યારે*

સફોને ઠીક કરવાની હુઝૂરે અક્દસ ﷺ જેટલી કાળજી લેતા હતા તે જાહેર છે. બાદમાં ખુલફાએ રાશિદીન પણ એની ખાસ કાળજી લેતા હતા. હઝરત ઉમર رضی اللہ عنہએ અમુક લોકોને નિયુક્ત કરી આપ્યા હતા, જ્યાં સુધી તે લોકો એ ખબર ન આપી દેતા કે સફો ઠીક થઈ ગઈ ત્યાં સુધી નમાઝ શરૂ ન કરતા. હઝરત અલી, હઝરત ઉષ્માન ગની પણ એની ખાસ કાળજી રાખતા હતા. હઝરત અલીની આદત એ હતી કે નામ લઈ લઈને કહેતા, હે ફલાણા ! આગળ વધ, હે ફલાણા ! પાછળ હટ. *(ઉમ્દતુલ ક઼ારી, ૫/૨૫૪)* મુસ્લિમ શરીફમાં હઝરત નોઅમાન બિન બશીરની હદીષમાં આ તફસીલ વર્ણન થયેલી છે કે રસૂલુલ્લાહ ﷺ એ રીતે સફોને સીધી કરતા જણાતુ હતું કે જાણે એમનાથી તીર સીધાં કરશે ત્યાં સુધી કે હુઝૂરે યકીન ફર્માવી લીધું કે અમે એ સારી રીતે સમજી ગયા. એક દિવસ એવું થયું કે હુઝૂર બહાર તશરીફ લાવ્યા. નજીક હતું કે તકબીરે તહરીમા કહી આપે એવામાં એક શખ્સને જોયો કે તે પોતાની છાતી આગળ કરેલ છે. ફર્માવ્યું, અલ્લાહના બંદાઓ ! સફો સીધી કરી લો, નહીં તો અલ્લાહ તમારા દરમ્યાન મતભેદ પેદા કરી આપશે.

**فَانی اراکم** : અમુક લોકોએ કહ્યું હતું કે એનાથી મુરાદ જાણવું છે, હક઼ીક઼તમાં જોવું નહીં. હઝરત અલ્લામા અયનીએ એની રદ કરતાં ફર્માવ્યું, આ તાવીલ છે એની કોઈ જરૂરત નથી. એ એના જાહેર પર આધારિત છે અને આ શારેઅ علیہ السلامના ફઝાઈલમાંથી છે. એને અલ્લામા કુર્તબીએ ફર્માવ્યું અને ઈમામ અહમદ તથા જમહૂર ઉલમાએ ફર્માવ્યું કે મુરાદ આંખના જોવાની જેમ ખરેખર જોવું છે. *(ઉમ્દતુલ ક઼ારી, ૫/૨૫૪)*

**જરૂરી ચેતવણી** : આ સર્વ હદીષોથી જાણવા મળ્યું કે ઈક઼ામત પછી પણ જો સફો દુરુસ્ત ન થાય તો જ્યાં સુધી સફો દુરુસ્ત ન થાય તકબીરે તહરીમામાં મોડુ કરી શકાય છે. અને એ જ હુઝૂરે અક્દસ ﷺ તથા ખુલફાએ રાશિદીનનો નિયમ હતો. આજે જાહિલ અવામમાં મશહૂર છે કે જ્યાં સુધી ઈમામ મુસલ્લા પર ન આવી જાય અને સફો દુરુસ્ત ન થઈ જાય ત્યાં સુધી તકબીર કહેવાને જાઈઝ નથી જાણતા. આ શરીઅત પર આક્ષેપ છે.

وَاِذَا صَلّٰی جَالِسًا فَصَلُّوْا جُلُوْسًا اَجْمَعُوْنَ وَ اَقِيْمُوا الصَّفَّ فِي الصَّلٰوةِ

સજદો કરે તો સજદો કરો. અને જ્યારે બેસીને પઢે તો તમે સૌ બેસીને પઢો. અને સફ્ફોને સીધી કરો.

فَاِنَّ اِقَامَةَ الصَّفِّ مِنْ حُسْنِ الصَّلٰوةِ ؏

સફ્ફોને સીધી કરવી નમાઝના હુસ્નમાંથી છે." (બુખારી ૧/૧૦૦, ૧૦૧, મુસ્લિમ–સલાત)

## حدیث ۴۶۶

**[હદીષ : ૪૬૬]**

عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત અનસ رضی اللہ عنہ થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું, સફ્ફો સીધી કરો,

قَالَ سَوُّوْا صُفُوْفَكُمْ فَاِنَّ تَسْوِيَةَ الصُّفُوْفِ مِنْ اِقَامَةِ الصَّلٰوةِ ؏

એટલા માટે કે સફ્ફોને સીધી કરવું પૂર્ણપણે નમાઝના ક઼યામનો ભાગ છે."

(બુખારી ૧/૧૦૦, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–સલાત, ઈબ્ને માજહ–સલાત)

**સમજૂતી : ૪૬૫–૪૬૬**

પ્રથમ હદીષની જેમ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા તથા હઝરત અનસ رضی اللہ عنہما થી હદીષ આવી ચૂકી છે, **اجمعون** સુધી. અને એના પર જરૂરત મુજબની ચર્ચા પણ થઈ ચૂકી છે. કેવળ **اجمعون** પછીનો હિસ્સો હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની આ હદીષમાં અધિક છે.

**પ્રકરણથી સામ્યતા** : ઈમામ બુખારીએ અહીં એ ટાઈટલ રચ્યું છે : સફ સીધી કરવી નમાઝની પરિપૂર્ણતામાંથી છે. બે હદીષો લાવ્યા છે બંનેમાં પરિપૂર્ણતાનો કોઈ ઉલ્લેખ નથી. ઈમામ બુખારીના પ્રકરણોની મુશ્કેલ બાબતોને સમજવું એક મહત્વનું કામ છે. હઝરત અનસની હદીષથી એ જાહેર થાય છે કે સફને દુરુસ્ત કરવું નમાઝને ક઼ાયમ કરવાનો ભાગ છે. એટલા માટે કે મિન તબ્ઈઝયાનો એ જ ભાવાર્થ છે. તો એનો મતલબ એ થશે કે જો સફ સીધી ન થાય તો નમાઝ જ ન થશે. એ શંકાના નિવારણના માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે. ફાયદો એ કર્યો કે મુરાદ નમાઝનું પરિપૂર્ણ હોવું છે. એની દલીલમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષ પ્રથમ પેશ કરી જેમાં **من حسن الصلوٰة** છે. હુસ્ન કોઈ ચીજની ખૂબસૂરતી તે ચીજનો ભાગ નથી હોતો બલ્કે તેનો કમાલ હોય છે. એક હદીષ બીજીની તફસીર હોય છે. એટલા માટે માલૂમ થઈ ગયું કે હઝરત અનસવાળી હદીષમાં **من اقامة الصلوٰة** થી મુરાદ ઈક઼ામતનો કમાલ છે, એટલે પૂર્ણપણે ઈક઼ામત નમાઝનો એક ભાગ સફ્ફોને સીધી કરવી પણ છે.

## حديث ٤٦٧

[હદીષ : ૪૬૭]

عَنْ بُشَيْرِ بْنِ يَسَارٍ الْاَنْصَارِيِّ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

*"બશીર બિન યસાર અન્સારીથી રિવાયત છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ મદીના તશરીફ લાવ્યા તો*

اَنَّهٗ قَدِمَ الْمَدِيْنَةَ فَقِيْلَ لَهٗ مَا اَنْكَرْتَ مِنَّا مُنْذُ يَوْمِ عَهِدْتَّ رَسُوْلَ اللّٰهِ

*એમને પૂછવામાં આવ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના જમાનાની વિરૂધ્ધ અમારામાં કઈ કઈ વાત તમે જોયી ? તો*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَا اَنْكَرْتُ شَيْئًا اِلَّا اَنَّكُمْ لَا تُقِيْمُوْنَ الصُّفُوْفَ

*એમણે ફર્માવ્યું, મેં એ સિવાય કે તમે લોકો સફો સીધી નથી રાખતા, અન્ય કોઈ વાત વિરૂધ્ધ નથી જોયી.*

قَالَ عُقْبَةُ بْنُ عُبَيْدٍ عَنْ بُشَيْرِ بْنِ يَسَارٍ قَدِمَ عَلَيْنَا اَنَسٌ اَلْمَدِيْنَةَ ؏

*અને ઉક્બા બિન ઉબૈદે બશીર બિન યસારથી આ પ્રમાણે રિવાયત કરી કે હઝરત અનસ મદીના અમારા ત્યાં આવ્યા."* (બુખારી, ૧/૧૦૦)

### સમજૂતી : ૪૬૭

**સફોને સીધી કરવાનો હુકમ :** અહીં પ્રકરણ એ છે કે, "જેણે સફ પૂર્ણ ન કરી એનો ગુનોહ" સામ્યતા આ રીતે છે કે હઝરત અનસે એને મુન્કર જાણ્યું, એટલા માટે એ ગુનોહ છે. ઈબ્ને હઝમ ઝાહિરીએ કહ્યું કે સફોને સીધી કરવી નમાઝનો ભાગ છે એટલા માટે જો સફ સીધી ન હોય તો નમાઝ બાતિલ થશે. ગૈર મુકલ્લિદોના આ ઈમામ પણ અજીબો ગરીબ (વિચિત્ર) બુઝુર્ગ છે ! એનો જાહેરી મતલબ એ થયો કે જો પૂરી સફમાં એક શખ્સ આગળ કે પાછળ થઈ ગયો તો એ સફના સર્વ મુક્તદીઓની નમાઝ ફાસિદ થશે ! જ્યારે જુર્મ કેવળ એકનો છે.

આ કૌલ જમહૂરના મઝહબથી જ નહીં, હદીષોની પણ વિરૂધ્ધ છે. એ જ હદીષથી સાબિત છે કે લોકો એ વખતે સફો વાંકી રાખતા, પણ હઝરત અનસ અથવા કોઈ સાહબે નમાઝને દોહરાવવાનો હુકમ નથી આપ્યો. તેમજ એનાથી આગળવાળી હઝરત અબૂ હુરૈરહની હદીષમાં من حسن الصلوٰة આવ્યું છે, એટલે કે જે ચીજો વડે નમાઝમાં હુસ્ન (ખૂબ સૂરતી) આવે છે એનામાંથી એક આ પણ છે. હુસ્નના સબબોમાંથી એક જ નહીં, મુદ્દલે હુસ્ન જ ન હોય તો શું એ ચીજ ખત્મ થઈ જાય છે ?! શું બદસૂરત માણસ માણસ નથી ?! જમહૂર તથા અઈમ્માએ ષલાષાની નજીક સીધી રાખવી સુન્નતે મોઅક્કદા છે અને સુન્નતે મોઅક્કદાનો ત્યાગ પણ મુન્કર અને ગુનાહનો સબબ હોય છે.

**એક વર્ગીકરણ :** બુખારીમાં જ હઝરત અનસથી જ બે અન્ય વાતો વર્ણન થયેલી છે. પ્રથમ ૧/૭૮ પર બાબે વક્તુલ અસ્રમાં છે કે હઝરત ઉમામા કહે છે કે અમે ઝોહરની નમાઝ પઢીને હઝરત અનસની ખિદમતમાં હાજર થયા તો જોયું કે તે નમાઝ પઢી રહ્યા છે. મેં પૂછયું કે આ કઈ નમાઝ છે ? ફર્માવ્યું, અસ્રની. અમે લોકો નબી صلی اللہ علیہ وسلم ના જમાનામાં આ જ સમયે અસ્રની નમાઝ પઢયા કરતા હતા. એ સમયે મદીના પાકના હાકિમ ઉમર બિન અબ્દુલ અઝીઝ હતા. એનાથી સાબિત થયું કે હઝરત અનસ رضی اللہ عنہ ને એ નાપસંદ પડયું કે ઝોહરની

ت ١٥١ وَقَالَ النُّعْمَانُ بْنُ بَشِيرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا رَأَيْتُ الرَّجُلَ مِنَّا

**[તઅલીક઼ : ૧૫૧]** *"અને હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં જોયું કે અમારામાંથી*

يُلْزِقُ كَعْبَهُ بِكَعْبِ صَاحِبِهٖ

*દરેક શખ્સ પોતાની ઘૂંટી તેની સાથેવાળાની ઘૂંટી સાથે મિલાવી દેતો હતો." (બુખારી, ૧/૧૦૦)*

નમાઝમાં એટલુ મોડુ કરીને પઢવામાં આવે કે અસરના સમય સાથે જોડાય જાય.

બીજી ૧/૮૬ પર બાબુ તઝઈ ઈસ્સલાતિ અન વક્તિહામાં છે કે ઈમામ ઝુહરી કહે છે કે હઝરત અનસ رضی اللہ عنہ દમિશ્ક઼માં તશરીફ લાવ્યા. હું ખિદમતમાં હાજર થયો તો જોયું, રડી રહ્યા છે. મેં સબબ પૂછયો તો ફર્માવ્યું, હુઝૂરે અક઼દસ ﷺના યુગ મુબારકની ચીજોમાંથી કેવળ નમાઝ રહી ગઈ હતી, હવે તે પણ વેડફી દેવામાં આવી. એટલે સમય નીકળ્યા પછી પઢાવા માંડી.

અને એક આ હદીષમાં છે. જાહેરી રીતે આ ત્રણેવમાં ટકરાવ છે પણ હક઼ીક઼તમાં નથી. બુસરા હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہએ વસાવ્યું હતું. હઝરત અનસ બુસરામાં આવીને વસી ગયા હતા. એ વિવિધ સમયોમાં મદીના તયબાહમાં હાજર થયા. એકવાર હાજર થયા તો કેવળ એ ખરાબી જોયી કે સફો વાંકી રહે છે. ફરી કદી આવ્યા તો જોયું કે નમાઝ મોડુ કરીને પઢવામાં આવે છે, જો કે સમયમાં જ પઢવામાં આવે છે. આ બે વાતો ખાસ મદીના તયબાહની છે.

અને ૧/૭૬ પર જે વર્ણન થયેલ છે તે બુસરા અને દમિશ્ક઼ની વાત છે જ્યારે કે બુસરામાં હજ્જાજ હાકિમ હતો અને પૂરા મુલ્કનો સત્તાધારી વલીદ ઈબ્ને અબ્દુલ મલિક હતો. એમાં એ છે કે **وهٰذه الصلوٰة قد ضيعت** અને એ જ પ્રકરણની પ્રથમ હદીષ એ છે કે ફર્માવ્યું, હુઝૂરના યુગ મુબારકની કોઈ વાત નથી જોતો. લોકોએ અર્ઝ કરી, નમાઝ તો છે. ફર્માવ્યું, **اليس صنتعم فيها ما صنعتم** એમાં તમે શું શું કરી લીધું છે ! મહલબે કહ્યું કે એનાથી મુરાદ મુસ્તહબ સમય ગુજારીને પઢવું છે. પરંતુ અલ્લામા અયનીની તેહક઼ીક઼ એ છે કે સમય પસાર કરીને પઢવું મુરાદ છે. અને એ જ અધિક જાહેર છે, એટલા માટે કે હઝરત અનસને મુત્લક઼ન (કોઈ અપવાદ વિના) ફર્માવ્યું કે મુબારક યુગની કોઈ વાત હું નથી જોતો. આ ઈર્શાદ ખાસ બુસ્રા તથા દમિશ્ક઼ના માટે છે અને હજ્જાજ તથા વલીદના માટે. અથવા શક્ય છે કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝની અમારતથી પહેલાં મદીનાનો પણ એ જ હાલ રહ્યો હોય. સારાંશ કે વિવિધ ઈર્શાદો વિવિધ સમયોના એતબારથી છે. અથવા ત્રીજુ ખાસ બુસ્રા દમિશ્ક઼ તથા બુસ્રાના માટે છે. આ મસ્અલા પર વિચારણા કરતી વખતે એ દિમાગમાં રહે કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ હિ.સ. ૮૩ થી હિ.સ. ૯૪ સુધી મદીના તયબાહના ગવર્નર રહ્યા. અને હઝરત અનસ رضی اللہ عنہનો વિસાલ મશ્હૂર ક઼ૌલ પ્રમાણે હિ.સ. ૯૩માં થઈ ગયો હતો. તેમજ એ પણ ધ્યાન રાખશો કે હજ્જાજને હિ.સ. ૭૩ તથા ૭૪માં હરમૈન તથા તાઈફનો વાલી બનાવવામાં આવ્યો અને હિ.સ. ૭૫માં કૂફા તથા બસરાનો.

## સમજૂતી : તઅલીક઼-૧૫૧, હદીષ-૪૬૮

વર્ણવેલ તઅલીક઼ને ઈમામ અબૂ દાઊદે (સલાત-૯૭) પોતાની સુનનમાં આ પ્રમાણે રિવાયત કરી છે. હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہما એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ લોકોની તરફ ચહેરો મુબારક કર્યો અને ત્રણવાર ઈર્શાદ ફર્માવ્યો, તમારી સફો સીધી કરો ! તમારી સફો સીધી કરો ! નહીં તો બખુદા અલ્લાહ جل جلاله તમારા દરમ્યાન મતભેદ પેદા કરી આપશે. ત્યારબાદ મેં જોયું કે દરેક શખ્સ પોતાનો ખભો પોતાની સાથેવાળાના ખભા સાથે અને પોતાનો ક઼દમ તેના ક઼દમ સાથે મિલાવી રાખતો.

## حدیث ۴٦٨

**[હદીષ : ૪૬૮]**

عَنْ اَنَسٍ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اَقِیْمُوْا صُفُوْفَکُمْ

*"હઝરત અનસ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું,*

فَاِنِّیْ اَرَاکُمْ وَرَاءَ ظَھْرِیْ وَکَانَ اَحَدُنَا یُلْزِقُ مَنْکِبَہٗ بِمَنْکِبِ صَاحِبِہٖ وَ

*તમારી સફો સીધી કરો, હું તમને મારી પાછળથી પણ જોઉં છું. અને અમારાથી દરેક પોતાના ખભા*

قَدَمَہٗ بِقَدَمِہٖ ؏

*પોતાની સાથેવાળાના ખભાથી અને પોતાના કદમ તેના કદમથી મિલાવેલા રાખતો." (ઉપર મુજબ)*

**کعبہ بعکب صاحبہ** : ગૈર મુકલ્લિદો એનાથી એ દલીલ કરે છે કે સુન્નત એ છે કે દરેક નમાઝી પોતાના પગોની ઘૂંટીઓ પોતાની બરાબરવાળાની ઘૂંટીઓ સાથે ચિપકાવીને ઉભો, રહે, એના કારણે એઓ નમાઝમાં ટાંટીયાઓને એવી રીતે પહોળા કરીને ઉભા થાય છે કે જાણે એવું લાગે છે કે નમાઝ પઢવા નહીં બલ્કે કુશ્તી લડવા માટે ઉભા છે ! એટલા માટે જેવી રીતે પહેલવાન કુશ્તીથી પહેલાં છાતી પર બંનેવ હાથ બાંધે છે એઓ પણ સીના પર જ હાથ બાંધે છે જયારે કે તેમનો આ અમલ પૂરી ઉમ્મતની આદતની વિરૂધ્ધ છે. પૂરી ઉમ્મતે **الزاق منکب بمنکب وکعب بکعب**ના અર્થ એ મુરાદ લીધો છે કે ખૂબ મળીને ઉભા રહો અને આ સફોને મિલાવવા અતિશ્યોક્તિ પર આધારિત છે. માણસની સાઈઝ એવી છે કે ખભાએથી ખભા સારી રીતે મિલાવ્યા પછી પણ ઘૂંટીઓથી ઘૂંટીઓ મિલાવવામાં ઘણી તકલીફ તથા મુશ્કેલી પડશે અને ઉભા રહેવાની પોઝિશન પણ ખૂબ કઢંગી થઈ થશે. તકલીફ તથા મુશ્કેલીના લીધે ખુશૂઅ તથા ખુઝૂઅમાં પણ ખલેલ પડશે. કોઈ હદીષમાં એવું નથી કે હુઝૂરે અકદસ ﷺ એ કદમથી કદમને મિલાવવાનો હુકમ આપ્યો હોય, અને આ હદીષમાં જે છે તે અસલમાં રાવીએ સફોને આપસમાં મિલાવવાનો જે મન્ઝર દર્શાવ્યો હતો તેને અતિશયોક્તિપૂર્વક વર્ણન કર્યો છે. એટલા માટે અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ એક શખ્સને જોયો કે તે પોતાના બંને પગો મિલાવીને નમાઝ પઢી રહ્યો છે. તો ફર્માવ્યું, એણે સુન્નત છોડી આપી છે. જો તે મરાવહા કરતો તો મને સારું લાવત. એટલે કે બંને પગો વચ્ચે થોડુક અંતર રાખતો. આ પરથી જાહેર થયું કે નમાઝમાં એવી પોઝિશન રાખવી જોઈએ જેમાં તકલીફ તથા મુશ્કેલી ન હોય. આપણા ફકીહોએ સ્પષ્ટતા કરી છે કે બંને કદમોની વચ્ચે ત્રણ કે ચાર આંગળીઓનું અંતર રાખે.

તદ્ઉપરાંત **باء** ઈત્તેસાલે મજાઝી બમાઅના કુર્બે મકાની પણ આવે છે. જેમ કે **مررت بزید**માં છે. આ ચર્ચાથી ઈત્તેસાલનો મતલબ એ થાય છે કે એક ઘૂંટી બીજાથી એટલી નજીક હોતી જે નમાઝીની સ્થિતિના પ્રમાણે છે, જેને ઉર્ફમાં ઈત્તેસાલ કરી શકાય.

અહીં એ ખાસ વાત નોંધનીય છે કે પૂર્વજ બુઝુર્ગોનો તરીકો એવી મહત્વની ચીજ છે કે એને અવગણી નથી શકાતુ. ઈમામ તિર્મિઝી ગૈર મુકલ્લિદોના કથનાનુસાર 'એહલે હદીષ' છે, તેમની કિતાબ ઉઠાવીને જુઓ કેટલી જગાએ ફર્માવ્યું, હદીષ સહીહ હસન છે પણ એના પર અમલ નથી. કેટલી જગાએ ફર્માવ્યું, આ હદીષ ઝઈફ છે પણ એના પર અમલ છે !

એ જ પ્રમાણે અહીં ઉમ્મતનો અમલ એના પર છે કે તે ખભાઓને ખભાઓ સાથે ખૂબ મિલાવીને ઉભા રહે

ت ١٥٢ وَقَالَ الْحَسَنُ لَا بَأْسَ اَنْ تُصَلِّیَ وَبَیْنَكَ وَبَیْنَهٗ نَهْرٌ ؏

[તઅલીક઼ : ૧૫૨] "અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, આ રીતે નમાઝ પઢવામાં કોઈ વાંધો નથી કે ઈમામ તથા મુક઼્તદી અથવા બે સફ઼ોની વચ્ચે (નાની) નહેર હોય." (બુખારી, ૧/૧૦૧)

ت ١٥٣ وَقَالَ اَبُوْ مِجْلَزٍ یَاْتَمُّ بِالْاِمَامِ وَاِنْ کَانَ بَیْنَهُمَا طَرِیْقٌ اَوْجِدَارٌ

[તઅલીક઼ : ૧૫૩] "અબૂ મિજલઝે કહ્યું, ઈમામ તથા ક઼ૌમની વચ્ચે રસ્તો કે દીવાલ હોય તો પણ

اِذَا سَمِعَ تَکْبِیْرَ الْاِمَامِ ؏

ઈક઼્તેદા કરે, જ્યારે કે ઈમામની તકબીર સાંભળે." (ઉપર મુજબ)

## حدیث ۴۶۹

**[હદીષ : ૪૬૯]**

عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ کَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત થયેલ (મરવી) છે. તેમણે બતાવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

છે પણ ક઼દમને ક઼દમ સાથે બિલકુલ ચિપકાવતા નથી, વિના મુશ્કેલીએ સ્વભાવિક પોઝિશન પર ક઼દમોમાં જેટલુ અંતર હોવું જોઈએ એટલુ રાખે છે.

### તઅલીક઼ : ૧૫૨-૧૫૩ની સમજૂતી

અબૂ મુજલઝના અષર (કથન)ને ઈમામ ઈબ્ને અબી શયબાએ રિવાયત કરી. ઈમામ હસન બસરીથી અમુક રિવાયતમાં 'નહરે સગીર' (નાની નહેર) પણ આવી છે. આ બંને અષરોનો મતલબ એ થયો કે જો ઈમામ અને મુસલ્લી અથવા બે સફ઼ોની વચ્ચે નહેર, દીવાલ કે રસ્તો આડો હોય તો ઈક઼્તેદા સહીહ છે. આપણે ત્યાં એ જરૂરી છે કે રસ્તો ખૂબ જ ટૂંકો હોય જે બળદગાડુ (થ્રી ફ઼ોર વ્હીલર) ન જઈ શકે એ જ પ્રમાણે નહેર એટલી નાની હોય કે એમાં નાવડી ન ચાલી શકે તો દુરુસ્ત છે. નહીં તો જો સફ઼ો જોડાયેલી નથી અને વચ્ચે એટલો પહોળો માર્ગ છે જેમાં બળદગાડુ ચાલી શકે છે, ત્રણ સફ઼ો બની શકે છે તો ઈક઼્તેદા દુરુસ્ત નથી. એ જ પ્રમાણે જો દીવાલ આડી હોય અને સફ઼ો જોડાયેલી છે અને ઈમામની હાલત શંકાસ્પદ નથી થઈ જતી તો સહીહ છે, નહીં તો નહીં. આ બંનેવ તઅલીક઼નો આધાર એ જ છે. આ હુકમ મેદાન અથવા મસ્જિદે કબીરના છે, રહી ગઈ મસ્જિદે સગીર તો એમાં ઈમામ તથા મુક઼્તદાની વચ્ચે કેટલોય ફ઼ાસલો હોય ઈક઼્તેદા દુરુસ્ત છે જ્યારે કે ઈમામનો હાલ માલૂમ પડતો હોય.

### સમજૂતી : ૪૬૯-૪૭૦-૪૭૧

પ્રથમ હદીષમાં અહીં એ મઝકૂર (ઉલ્લેખ) નથી કે આ પ્રસંગ ક્યારે બન્યો, પણ તહજ્જુદમાં સ્પષ્ટતા છે કે એ રમઝાનમાં થયો હતો. બીજી હદીષ જે કિતાબુલ્ લિબાસમાં છે એમાં એટલુ વધારે છે કે જ્યારે લોકો વધી ગયા તો લોકોની તરફ઼ ચેહરો મુબારક કરીને ફ઼ર્માવ્યું, હે લોકો ! એટલો જ અમલ અપનાવો જેની શક્તિ ધરાવો છો. અલ્લાહ جل جلالہ હરગિઝ થાકશે નહીં પણ અલ્બત્ત તમો થાકી જશો. અને અલ્લાહ عزوجل ને એ અમલ અધિક

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّيْ مِنَ اللَّيْلِ فِيْ حُجْرَتِهٖ وَجِدَارُ الْحُجْرَةِ قَصِيْرٌ

રાતમાં પોતાના હુજરામાં નમાઝ પઢયા કરતા હતા અને હુજરાની દીવાલ નાની હતી.

فَرَاَى النَّاسُ شَخْصَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَامَ اُنَاسٌ يُّصَلُّوْنَ

લોકોએ નબી ﷺને જોયા તો ઉભા થઈ ગયા અને હુઝૂર ﷺની ઈક્તેદામાં નમાઝ પઢવા લાગ્યા.

بِصَلٰوتِهٖ فَاَصْبَحُوْا فَتَحَدَّثُوْا بِذٰلِكَ فَقَامَ اللَّيْلَةَ الثَّانِيَةَ فَقَامَ مَعَهٗ

જ્યારે સવાર થઈ તો તેનું ખૂબ વર્ણન કર્યું. બીજી રાતે પણ હુઝૂરે ક્યામ કર્યો તો લોકો ઉભા થઈ ગયા

بِصَلٰوتِهٖ فَاَصْبَحُوْا فَتَحَدَّثُوْا بِذٰلِكَ فَقَامَ اللَّيْلَةَ الثَّانِيَةَ فَقَامَ مَعَهٗ

અને હુઝૂરની ઈક્તેદામાં નમાઝ પઢવા લાગ્યા. બે ત્રણ રાતો લોકોએ એવું જ કર્યું. ત્યારબાદ

اُنَاسٌ يُّصَلُّوْنَ بِصَلٰوتِهٖ صَنَعُوْا ذٰلِكَ لَيْلَتَيْنِ اَوْ ثَلٰثًا حَتّٰى اِذَا كَانَ بَعْدَ

રસૂલુલ્લાહ ﷺ બેસેલા રહ્યા અને બહાર ન નીકળ્યા. જ્યારે સવાર થઈ તો

ذٰلِكَ جَلَسَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَمْ يَخْرُجْ فَلَمَّا

લોકોએ હુઝૂરને એના વિશે કહ્યું તો ફર્માવ્યું, મેં અંદેશો કર્યો કે ક્યાંક રાતની નમાઝ

اَصْبَحَ ذَكَرَ ذٰلِكَ النَّاسُ فَقَالَ اِنِّيْ خَشِيْتُ اَنْ تُكْتَبَ عَلَيْكُمْ صَلٰوةُ اللَّيْلِ ؏

તમારા પર ફર્ઝ ન કરી દેવામાં આવે." (બુખારી ૧/૧૦૧ તહજ્જુદ–૧૫૨, ૨/૮૭૧, અબૂ દાઊદ–સલાત)

પસંદ છે જે હમેશાં થાય ભલે થોડો હોય. ત્રીજા હદીષના શબ્દો કિતાબુલ એઅ્તેસામમાં આ પ્રમાણે છે : એક રાત્રે લોકો ભેગા થઈ ગયા અને અવાજ ન સાંભળ્યો તો લોકોએ ગુમાન કર્યું કે હુઝૂર સૂઈ ગયા. ખોંખારો ખાવા લાગ્યા જેથી હુઝૂર બહાર તશરીફ લાવે. કિતાબુલ અદબમાં છે કે એક રાત્રે લોકો હાજર થયા, મોડુ થયું અને હુઝૂર બહાર તશરીફ ન લાવ્યા તો અમુક લોકોએ પોતાનો અવાજ ઊંચો કર્યો અને દરવાજા પર કાંકરીઓ મારી, તો હુઝૂર ગઝબનાક હાલતમાં બહાર તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, મને અંદેશો થયો કે ક્યાંક તમારા પર ફર્ઝ ન કરી દેવામાં આવે, જો ફર્ઝ કરી દેવામાં આવતી તો એને અદા ન કરી શકતા.

**એ કઈ નમાઝ હતી ?** : એ નમાઝ તરાવીહની નમાઝ હતી જેને હુઝૂરે વધુમાં વધુ ત્રણ દિવસ બાજમાઅત પઢી. કેટલી રકાતો પઢી એ કોઈ હદીષમાં મઝકૂર નથી, પણ બયહકીમાં હઝરત સાઈબ બિન યઝીદ સહાબી رضی اللہ عنہથી મરવી છે. હઝરત ઉમર رضی اللہ عنہના ખિલાફતકાળમાં ૨૦ રકાત પઢવામાં આવતી હતી અને એ જ હઝરત ઉષ્માન તથા હઝરત અલી رضی اللہ عنہماના ખિલાફતકાળમાં પણ થતુ હતું. (ઉમ્દતુલ કારી, ૫)

**فی حجرته** : બાદની રિવાયતોથી જાહેર થઈ રહ્યું છે કે હુજરો બનાવી લીધો હતો અને એ જ સહીહ છે. જેમ કે કિતાબુલ લિબાસમાં અબૂ સલ્મા બિન અબ્દુર્રહમાનથી આ મુત્તસિલ વર્ણન થયેલ છે કે રાતમાં ચટાઈથી હુજરો બનાવી લેતા હતા. અને બાબુત્તહજ્જુદમાં હઝરત ઉરવાની રિવાયતમાં **فی المسجد**ની સ્પષ્ટતા છે.

## حدیث ۴۷۰

**[હદીષ : ૪૭૦]**

عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺની એક ચટાઈ (સાદડી) હતી જેને દિવસમાં બિછાવતા*

وَسَلَّمَ کَانَ لَہٗ حَصِیْرٌ یَبْسُطُہٗ بِالنَّھَارِ یَحْتَجِرُہٗ بِاللَّیْلِ فَثَابَ اِلَیْہِ نَاسٌ فَصَفُّوْا وَرَاءَہٗ

*અને રાતમાં એનો જ હુજરો બનાવી લેતા. તો હુઝૂરની પાસે લોકો જમા થઈ ગયા અને હુઝૂરની પાછળ સફ લગાડી." (બુખારી, ૧/૧૦૦ બાબુસલતુલ્લૈલ, ૨/૮૭૧, મુસ્લિમ–સલાત, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સર્વમાં સલાત)*

એટલા માટે કે એ જ હદીષમાં છે કે હુઝૂર દેખાતા હતા. હુજરા મુબારકથી નજર આવવાનો સવાલ જ નથી. એટલા માટે કે જો હુજરાથી મુરાદ એ હિસ્સો છે જેના પર છત હતી તો તદ્દન નિશ્ચિત છે કે નજર નથી આવી શકતા અને જો એ ધારી લેવામાં આવે કે હુજરા મુબારકમાં પશ્ચિમ તરફ આંગણુ હતું ત્યાં એ નમાઝ પઢી. ત્યાંથી દેખાયા તો શક્ય નથી કે આગણની દીવાલ એટલી નાની રહી હોય કે ઉભા થતાં બહારથી દેખાય આવે, કેમ કે પછી દીવાલનો કોઈ ફાયદો ન થશે. તદ્ઉપરાંત એ નિશ્ચિત છે કે સહાબાએ કિરામ મસ્જિદમાં હતા. હવે જો એવું માની લેવામાં આવે કે હુઝૂર હુજરાએ આઈશામાં હતા તો ઈક્તેદા કઈ રીતે દુરુસ્ત થઈ ? હુઝૂરની પાછળ સહાબાએ કિરામ ન થયા બલ્કે જમણી બાજુ થયા. રહી ગઈ અબૂ નુએમની તે રિવાયત જેમાં એવું છે કે હુઝૂરે અક્દસ ﷺ પોતાની પત્નીઓના હુજરાઓમાંથી કોઈ હુજરામાં નમાઝ પઢી રહ્યા હતા. આ લગભગ રિવાયત બિલ્માઅનાનું પરિણામ છે. અગ્રતા સિહાહની (બુખારી, મુસ્લિમ)ની રિવાયતને અપાશે. અબૂ દાઊદ (૧/૧૯૫ કયામ)માં છે કે ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, મેં હુજરો મારા ઘરના દરવાજા પર બનાવ્યો હતો, એને બે અલગ અલગ બનાવો દર્શાવવા દુરુસ્તગીની નિકટ નથી. એટલા માટે કે જ્યારે હુઝૂરે એકવાર મના ફર્માવી આપ્યું તો પછી સહાબાએ કિરામે કેવી રીતે એની હિંમત કરી. એ કૌલ કે બીજીવાર પ્રથમ જમાઅત સિવાયના અન્ય લોકો રહ્યા હશે, એ ઘણી દૂરની વાત છે. **فتحدثوا** શક્ય છે કે હુઝૂરે ખૂદ બયાન ફર્માવ્યું હોય. એ પણ શક્ય છે કે બીજા હઝરાતે બયાન કર્યું હોય જેમ કે મુસ્નફે અબ્દુર્રઝ્ઝાકમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ બયાન કર્યું હતું.

**افضل الصلوٰۃ** : એટલે કે **નફ્લ નમાઝ ઘરમાં પઢવી મસ્જિદ કરતાં અફઝલ** છે, ત્યાં સુધી કે અબૂ દાઊદ (૧૪૯)માં હઝરત ઝૈદવાળી હદીષમાં અહમદ બિન સાલેહના તરીકાથી એ છે કે ફર્ઝો સિવાય મારી આ મસ્જિદમાં નમાઝ પઢવા કરતાં અફઝલ ઘરમાં નમાઝ પઢવું છે, એટલા માટે કે નવાફિલ (નફલો)માં છુપાવીને પઢવું અધિક સારું છે જેથી રિયા તથા દિખાવાની દખલ ન રહે. તદ્ઉપરાંત એ કે **એનાથી ઘરોમાં રહમતનો નુઝૂલ તથા બરકત થશે, શૈતાનની અસર દૂર થશે.** પરંતુ આજકાલ મસ્જિદમાં જ નફલનો આમ રિવાજ થઈ ગયો છે, જો કોઈ મસ્જિદમાં નફલ ન પઢો તો અવામ એના પર આંગળી ઉઠાવશે. દે **એટલા માટે અવામની બદગુમાનીથી બચવાના માટે મસ્જિદમાં જ પઢવું એક હદ સુધી જરૂરી છે.**

**અમુક નવાફિલમાં અપવાદ** : આ આમ હુકમથી કેટલા નફલો અપવાદ છે. તહય્યતુલ મસ્જિદ, એહરામ પહેલાંની નમાઝ જ્યારે કે મીકાતની નજીક મસ્જિદ હોય, ઈસ્તિસ્કા, કસૂફ એ પ્રમાણે તરાવીહ પણ.

**એક શંકાનું નિવારણ** : હનફીઓને ત્યાં 'તદાઈ'ની સાથે નફલ મકરૂહ છે. 'તદાઈ'નો મતલબ એ છે કે ઈમામ સિવાયના ત્રણ મુક્તદી હોય એને હુઝૂરે પઢી. જવાબ એ છે કે એ નમાઝ તરાવીહ હતી અને તરાવીહ આ જ હદીષને કારણે બાજમાઅત મસ્નૂન છે. *(કોઈક જગ્યા નફલ જમાઅત સહિત અદા કરવામાં આવતી હોય*

# حديث ۴۷۱

**[હદીષ : ૪૭૧]**

عَنْ زَيْدِ بْنِ ثَابِتٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہ એ રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِتَّخَذَ حُجْرَةً قَالَ حَسِبْتُ اَنَّهٗ قَالَ مِنْ حَصِيْرٍ فِيْ رَمَضَانَ

*એક હુજરો બનાવ્યો, મેં ગુમાન કર્યું કે ચટાઈનો. રમઝાનમાં તે હુજરામાં અમુક રાતો*

فَصَلّٰى فِيْهَا لَيَالِيَ فَصَلّٰى بِصَلٰوتِهٖ نَاسٌ مِّنْ اَصْحَابِهٖ فَلَمَّا عَلِمَ بِهِمْ جَعَلَ يَقْعُدُ

*નમાઝો પઢી, પછી હુઝૂરની ઈક્તેદામાં કેટલાક લોકોએ પણ નમાઝ પઢી. જ્યારે હુઝૂરને ઈલ્મ થયો*

فَخَرَجَ اِلَيْهِمْ فَقَالَ قَدْ عَرَفْتُ الَّذِيْ رَاَيْتُ مِنْ صَنِيْعِكُمْ فَصَلُّوْا اَيُّهَا النَّاسُ

*તો હુઝૂર બેસેલા રહેવા લાગ્યા. પછી એક દિવસે એ લોકોની પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, તમે લોકોએ*

فِيْ بُيُوْتِكُمْ فَاِنَّ اَفْضَلَ الصَّلٰوةِ صَلٰوةُ الْمَرْءِ فِيْ بَيْتِهٖ اِلَّا الْمَكْتُوْبَةَ

*જે કાંઈ કર્યું મેં જાણ્યું. હે લોકો ! તમારા ઘરોમાં નમાઝ પઢો, ઘરમાં નમાઝ અફઝલ છે સિવાય ફર્ઝના."*

*(બુખારી ૧/૧૦૧, ૨/૯૦૩, ૨/૧૦૮૨, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી)*

*તો તેઓની સાથે ઝઘડો કરવામાં નહીં આવે, હા તમો એમાં શામેલ ન થાવ. –નિઝામુદ્દીન મિસ્બાહી)*

**કશ્મીરી મહાશયની પકડ** : કશ્મીરી મહાશયે કહ્યું કે આ બંનેવ બે બનાવો છે એટલા માટે કે **جدار الحجره**થી ચટાઈની દીવાલ મુરાદ લેવું એમને ત્યાં બહુ જ મોટી જોક છે ! કદાચ હઝરતના નજીક દીવાલના માટે માટી, પથ્થર હોવું જરૂરી છે. અમે સાબિત કરી ચૂક્યા કે આ સર્વ એક જ બનાવનું વર્ણન છે.

**અન્વારુલબારી પર પકડ** : એના અનુસંધાનમાં અન્વારુલબારીમાં છે, એમની પાસે પણ રિવાયતો છે. આગલા પ્રકરણમાં ૨–૩ હદીષ પછી બુખારીમાં પણ છે. હવે જેને ઈચ્છા થાય તે બુખારી ઉઠાવીને જોઈ લે આ વિષયની હદીષ આગલા પ્રકરણ ૨–૩ હદીષ પછી કઈ હદીષ છે ? બે હદીષો છે પણ બંનેવ ઉમ્મુલ મો'મિનીનની હદીષથી મુત્તસિલ છે. એક એ જ પ્રકરણમાં બીજી હદીષ ઝૈદ બિન ષાબિતવાળી હદીષ બાબુસ્સલાતુલ્લૈલ બે ત્રણ હદીષ પછી હઝરત અનસ તથા હઝરત અબૂ હુરૈરહની હદીષ **انما جعل الامام ليوتم به** છે ન કે ઉપરોક્ત હદીષ.

**ચેતવણી** : બાબુસ્સલાતુલ્લૈલ અહીં કેવળ મુસ્તમલાની રિવાયતમાં છે. બાકીની રિવાયતોમાં નથી. અહીં એ પ્રકરણનો કોઈ મોકો પણ નથી એટલા માટે કે બયાન ચાલી રહ્યું હતું સફોના વિશે અને ત્યારબાદ સિફતુસ્સલાત છે. તેમજ કિતાબુસ્સલાતના અંતમાં એ પ્રકરણ છે પણ તેની તવજીહ એ જ સહીહ છે જે અલ્લામા ઈબ્ને હજરે કરી છે કે એના પહેલાવાળી હઝરત ઉમ્મુલ મો'મિનીનની હદીષનો અંતિમ હિસ્સો સલાતુલ્લૈલ હતો. લગભગ લખવાનો ભૂલચૂકથી એ વાક્ય ડબલ થઈ ગયું તો રાવીએ સમજ્યું કે આ પ્રકરણનો વિષય છે. શબ્દ 'બાબ' (પ્રકરણ) લખવાથી રહી ગયો છે, તો એણે એને બાબુસ્સલાતુલ્લૈલ કરી દીધું.

## حدیث ۴۷۲

**[હદીષ : ૪૭૨]**

عَنْ عَبْدِاللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ رَأَیْتُ رَسُوْلَ اللّٰہِ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا قَامَ فِی الصَّلٰوۃِ رَفَعَ یَدَیْہِ حَتّٰی تَکُوْنَا حَذْوَ

જોયા કે જ્યારે નમાઝના માટે ઉભા થતા તો પોતાના બંને હાથોને ખભાઓના બરાબર ઉઠાવતા.

مَنْکِبَیْہِ وَکَانَ یَفْعَلُ ذٰلِکَ حِیْنَ یُکَبِّرُ لِلرُّکُوْعِ وَیَفْعَلُ ذٰلِکَ اِذَا رَفَعَ

અને જ્યારે રુકૂઅથી ઉઠતા તો પણ એવું જ કરતા. અને જ્યારે પોતાનુ માથુ રુકૂઅથી ઉઠાડતા

رَاْسَہٗ مِنَ الرُّکُوْعِ وَیَقُوْلُ سَمِعَ اللّٰہُ لِمَنْ حَمِدَہٗ وَلَا یَفْعَلُ ذٰلِکَ فِی السُّجُوْدِ

અને સમિઅલ્લાહુલિમન હ઼મિદા કહેતા તો પણ એવું જ કરતા હતા અને સજદામાં એવું કરતા ન હતા."

## حدیث ۴۷۳

**[હદીષ : ૪૭૩]**

عَنْ اَبِیْ قِلَابَۃَ اَنَّہٗ رَأَی مَالِکَ بْنَ الْحُوَیْرِثِ اِذَا صَلّٰی کَبَّرَ وَ

"અબૂ ક઼લાબા કહે છે કે તેમણે હઝરત માલિક બિન હુવૈરિષ رضی اللہ عنہ ને જોયા કે જ્યારે તે તકબીરે

رَفَعَ یَدَیْہِ وَاِذَا اَرَادَ اَنْ یَّرْکَعَ رَفَعَ یَدَیْہِ وَاِذَا رَفَعَ رَاْسَہٗ مِنَ الرُّکُوْعِ

તહરીમા કહેતા તો બંને હાથોને ઉઠાવતા અને જ્યારે રુકૂઅ કરવા ચાહતા તો ઉઠાવતા અને જ્યારે રુકૂઅથી

رَفَعَ یَدَیْہِ وَحَدَّثَ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ صَنَعَ ھٰکَذَا ۔

માથુ ઉઠાવતા તો ઉઠાવતા. અને બયાન કર્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને આ પ્રમાણે કરતાં જોયા છે."

(બુખારી ૧/૧૦૨ અઝાન, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)

**સમજૂતી : ૪૭૨-૪૭૩-૪૭૪**

**તહરીમા વખતે ક્યાં સુધી હાથ ઉઠાવે ? :** આપણા તથા શાફઈઓ દરમ્યાન નમાઝના સંબંધે પુષ્કળ મતભેદો છે એમાંથી બે મતભેદોનો પાયો ઉપરોક્ત બંને હદીષો છે. એમાંથી એક એ છે કે તકબીરે તહરીમાના સમયે હાથ કાનોની પટ્ટી સુધી ઉઠાવવામાં આવે કે ખભાઓ સુધી ? ઈમામ શાફઈ, ઈમામ અહમદનો

# حدیث ۴۷۴

**[હદીષ : ૪૭૪]**

عَنْ نَافِعٍ اَنَّ ابْنَ عُمَرَ كَانَ اِذَا دَخَلَ فِي الصَّلٰوةِ كَبَّرَ وَرَفَعَ يَدَيْهِ وَاِذَا

*"નાફેઅ કહે છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما જ્યારે નમાઝમાં દાખલ થવા ચાહતા તો તકબીર પઢતા*

رَكَعَ رَفَعَ يَدَيْهِ وَاِذَا قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ رَفَعَ يَدَيْهِ وَاِذَا قَامَ مِنَ الرَّكْعَتَيْنِ

*અને હાથોને ઉઠાવતા, અને જ્યારે રુકૂઅ કરતા તો ઉઠાવતા, અને જ્યારે* سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ *પઢતા*

رَفَعَ يَدَيْهِ وَرَفَعَ ذٰلِكَ ابْنُ عُمَرَ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ رَوَاهُ حَمَّادُ

*તો ઉઠાવતા અને જ્યારે બે રકાતોથી ઉઠતા તો ઉઠાવતા, ઈબ્ને ઉમરે એને નબી ﷺ સુધી પહોંચાડયું.*

بْنُ سَلَمَةَ عَنْ اَيُّوْبَ عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*એને હમ્માદ ઈબ્ને સલ્માએ અન ઐયૂબ, અન નાફેઅ, અન ઈબ્ને ઉમર અન નબી ﷺ રિવાયત કર્યું."*

*(બુખારી–અલ્અઝાન બાબુ રફએ યદૈન, પેજ–૧૦૨, અબૂ દાઊદ)*

કૌલ એ છે કે ખભાઓ સુધી ઉઠાવે. ઈમામ માલિકનો સહીહ કૌલ એ જ છે. (ઉમ્દતુલ કારી, ૫/૨૭૩) શાફઈ હઝરાત વગેરેની દલીલ હદીષ ૪૭૨ છે.

આપણો મઝહબ એ છે કે કાનો સુધી ઉઠાવે એ રીતે કે અંગૂઠા કાનોની પટ્ટી સુધી પહોંચી જાય. અમારી દલીલ આ હદીષ છે.

**પ્રથમ** : ઈમામ મુસ્લિમે (બાબે ઈસ્તિહબાબ–૧૬૮) હઝરત માલિક બિન હુવૈરિષ رضی اللہ عنہથી રિવાયત કરી, નબી ﷺ જ્યારે તકબીર કહેતા તો હાથોને એટલા ઉઠાવતા કે કાનો બરાબર થઈ જતા. એક રિવાયત એ છે કે કાનોના છેડાના બરાબર થઈ જતા. **બીજી** : એના જેમ દારકુત્ની (ઉમ્દતુલકારી, ૫/૨૭૪)માં હઝરત અનસ رضی اللہ عنہથી પણ મરવી છે.

**ત્રીજી** : ઈમામ તહાવી (શરહે મઆનિયુલ આષાર–૯૬)એ હઝરત બરાઅ رضی اللہ عنہ થી રિવાયત કરી. નબી ﷺ હાથને એટલો ઉઠાવતા કે હુઝૂરના અંગૂઠા કાનોની પટ્ટીની નજીક થઈ જતા.

**વર્ગીકરણ** : ઈમામ અબૂ જઅફર તહાવીએ આ બંનેવ વિરોધાભાસી હદીષોમાં વર્ગીકરણ એ કર્યું કે જ્યારે ઠંડીના કારણે ગરમ લિબાસ અને ચાદર ઓઢેલ રહેતા તો ખભાઓ સુધી ઉઠાવતા, નહીં તો કાનો સુધી. એટલા માટે કે હઝરત વાઈલ બિન હજર رضی اللہ عنہથી મરવી છે કે હું હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થયો તો જોયું કે તકબીરના વખતે હાથ કાનો સુધી ઉઠાવતા હતા. અને જ્યારે ફરીવાર હાજર થયો તો જોયું કે લોકો પોતાની છાતીઓ સુધી હાથ ઉઠાવે છે અને તેઓએ ગરમ કપડાં પહેરી રાખેલ છે અને ઢોંસા ઓઢેલા છે. *(બુખારી, ૧/૧૦૫ સલાત, બાબે રફએ યદૈન)*

તહકીક એ છે કે આના અનુસંધાનમાં રિવાયતો ત્રણ પ્રકારની આવી છે : ખભાઓ સુધી, કાનોની પટ્ટી સુધી, કાનોના ઉપર સુધી હાથ હથેળીથી લઈને આંગળીઓના છેડાઓ સુધી, તમો જ્યારે હાથોને એટલા ઉઠાવો કે

અંગૂઠાના છેડા કાનોની પટ્ટી સુધી પહોંચી જાય તો હથેળીઓની જડો ખભાઓ સુધી રહેશે અને બાકીની આંગળીઓ કાનોની ઉપર સુધી. એટલા માટે આ સર્વ હદીષોનો સાર એક સરખો થયો. એની દલીલ હઝરત વાઈલ બિન હજર رضی اللہ عنہની તે હદીષ છે જેને અબૂ દાઊદે (૧/૧૦૫ સલાત–રફએ યદૈન) રિવાયત કરી. તે કહે છે કે તેમણે નબી ﷺને જોયા કે જ્યારે નમાઝના માટે ઉભા થયા તો હાથોને ઉઠાવ્યા ત્યાં સુધી કે ખભાઓની સીધમાં થઈ ગયા અને અંગૂઠા કાનોના, પછી તકબીર કહી.

**રફએ યદૈન** : બીજો મતભેદ એ છે કે રફએ યદૈન કેવળ તકબીરે તહરીમાના જ વખતે જાઈઝ છે, કે અન્ય મોક઼ાઓ પર પણ ? ઈમામ શાફઈ, ઈમામ અહમદ વગેરે એવું ફર્માવે છે કે રુકૂઅમાં જતી વખતે, રુકૂઅથી ઉઠતી વખતે અને સજદામાં જતી વખતે પણ રફેઅ યદૈન મસ્નૂન છે. એમની દલીલ આ વર્ણવેલ ઉપરોક્ત હદીષો તથા એના જેવી અન્ય હદીષો છે.

આપણો મઝહબ એ છે કે રફએ યદૈન કેવળ તકબીરે તહરીમાના સમયે છે ત્યારબાદ નથી, ઈમામ માલિકનો વિશ્વસનીય મઝહબ એ જ છે. અમારી દલીલ આ હદીષો છે :

**પ્રથમ** : ઈમામ અબૂ દાઊદ (૧/૧૦૯ સલાત), ઈમામ તિર્મિઝી (૧/૩૫ સલાત), ઈમામ નિસાઈ (૧/૧૫૮ સલાત) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે તેમણે ફર્માવ્યું, શું હું તમને રસૂલુલ્લાહ ﷺની નમાઝ પઢાવી દઉં ? તેમણે નમાઝ પઢી અને હાથ કેવળ એકવાર ઉઠાવ્યા. ઈમામ તિર્મિઝીએ આ હદીષને હસન કહી અને ફર્માવ્યું, સહાબા તથા તાબઈનમાંથી વિવિધ હઝરાતનો આ જ ક઼ૌલ છે.

**બીજી** : ઈમામ અબૂ જઅફર તહાવીએ શરહુલ મઆનિયુલ આષાર (૧/૧૧૦)માં ત્રણ તરીક઼ાઓથી અને અબૂ દાઊદ (૧/૧૦૯) પોતાની સુનનમાં હઝરત બરાઅ બિન આઝિબ ﷺથી રિવાયત કરી. તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરી. તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺ નમાઝ શરૂ કરવાના માટે તકબીર કહેતા તો હાથોને એટલા ઉઠાવતા કે અંગૂઠા કાનોની બુટ્ટીની નજીક થઈ જતા પછી ફરીથી એવું કરતા ન હતા.

**ત્રીજી** : તિબ્રાની હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હાથ કેવળ સાત જગાએ ઉઠાવવામાં આવશે : નમાઝ શરૂ કરતી વખતે, અને ક઼િબ્લાની સામે થતી વખતે, અને સફા મરવા પર, અરફાત અને જમઅ (મુઝદલ્ફા)માં, મક઼ામૈનમાં, જમરાઓની નજીક. એને ઈમામ બુખારીએ રિસાલા રફએ યદૈનમાં હઝરત ઈબ્ને ઉમરથી પણ મરફુઅન્ રિવાયત કરી.

**ચોથી** : ઈમામ બયહક઼ીએ ખિલાફિયાત (કશ્ફુર્રયન) લિલ શયખ મુહમ્મદ હાશિમ અસ્સિંદી)માં હઝરત ઓબાદ બિન ઝુબૈર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ જ્યારે નમાઝ શરૂ કરતા તો શરૂ નમાઝમાં હાથોને ઉઠાવતા પછી ક્યાંય ન ઉઠાવતા ત્યાં સુધી કે ફારિગ થઈ જતા.

**પાંચમી** : ઈમામ મુસ્લિમ (૧/૧૮૧ સલાત) પોતાની સહીહમાં હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી રાવી છે, કે રસૂલુલ્લાહ ﷺ અમારી પાસે બહાર તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, શું વાત છે કે હું જોઈ રહ્યો છું કે તમે પોતાના હાથોને એ રીતે ઉઠાવો છો જાણે તે ચંચળ ઘોડાની પૂછડી છે ! નમાઝમાં સુકૂનની સાથે રહો.

અને વારંવાર હાથ ઉઠાવવા જાહેરી રીતે સુકૂનની વિરૂધ્ધ છે અને ચંચળ ઘોડાઓની પૂછડી ઊંચી નીચી કરવાની જેમ છે અને હુઝૂરે અક઼દસ ﷺએ નમાઝમાં સુકૂનનો હુકમ આપ્યો. તો હદીષથી ક઼તઈ તૌર પર સાબિત છે કે વારંવાર રફએ યદૈન મના છે.

**સ્પષ્ટતા** : એના અનુસંધાનમાં તેહક઼ીક઼ યુક્ત ક઼ૌલ તે છે જે ઈમામ અબૂ જઅફર તહાવીએ શરહે મઆનિયુલ આષારમાં ફર્માવ્યું કે ઈસ્લામના પ્રારંભમાં રફએ યદૈનનો હુકમ હતો, બાદમાં મન્સૂખ થઈ ગયો. એની સાબિતી એ છે કે જે બુઝુર્ગોથી રફએ યદૈન રિવાયત પામેલ છે ખૂદ તેમનો ફેઅલ એ મરવી છે કે તેઓ રફએ યદૈન તકબીરે તહરીમા સિવાય ક્યાંય કરતા ન હતા. દા.ત. એના અનુસંધાનની સૌથી મજબૂત (ક઼વી) હદીષ જેના પર

વિરોધીઓને ખૂબ જ ગર્વ છે : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષ ચર્ચા હેઠળ છે, પણ ખૂદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો એ ફેઅલ રિવાયત થયેલ છે કે તે રફએ યદૈન તહરીમા સિવાય અન્ય મોકાઓ કરતા ન હતા. જેમ કે ઈમામ અબૂ જઅફર તહાવીએ શરહે મઆનિયુલ આષાર (૧૧૦)માં રિવાયત કર્યું કે ઈમામ મુજાહિદ કહે છે કે મેં ઈબ્ને ઉમરની પાછળ નમાઝ પઢી. પ્રથમ તકબીર સિવાય તે ક્યાંય હાથ ઉઠાવતા ન હતા.

એ જ પ્રમાણે હઝરત અલી رضی اللہ عنہ થી પણ રફએ યદૈનની રિવાયત આવી છે પણ એમનો અમલ એનાથી વિરૂધ્ધ હતો. એમાં જ આસિમ બિન કલીબના તરીકાથી અન અબિયહ્ મરવી છે કે હઝરત અલી رضی اللہ عنہ કેવળ નમાઝની પ્રથમ તકબીરના સમયે હાથ ઉઠાવતા પછી ક્યાંય ન ઉઠાવતા હતા. ઈમામ તહાવીના સિવાય એને અબૂબક્ર ઈબ્ને અબી શયબા (ઉમ્દતુલ કારી, ૫/૩૭૪) તથા બયહકીએ પણ રિવાયત કરી છે.

એ જ પ્રમાણે હઝરત ઉમર رضی اللہ عنہ થી પણ રફએ યદૈનની હદીષ મરવી છે પણ તેમનો અમલ રફએ યદૈન ત્યજવાનો હતો. ઈમામ તહાવી તથા અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ ઈમામ અસ્વદથી રિવાયત કરી કે મેં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ ને જોયા કે પ્રથમ તકબીરમાં હાથ ઉઠાવતા ફરી ક્યાંય ન ઉઠાવતા.

એ વાત ઘણી મહત્વની છે કે એક સહાબી ખૂદ હુઝૂરે અકદસનો એક ફેઅલ રિવાયત કરે અને ખૂદ એનાથી વિરૂધ્ધ અમલ કરે ! શું સહાબાના વિશે આવું વિચારી પણ શકાય છે કે સુન્નતે રસૂલની વિરૂધ્ધતા કરે ?! જ્યારે કે સહાબાએ કિરામનો તરીકો માલૂમ છે કે તેઓ ઈબાદતો તો ઈબાદતો છે હુઝૂરે અકદસ ﷺ ની આદતોમાં પણ સંપૂર્ણપણે પયરવી કરતા હતા. ખાસ કરીને **હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો હાલ તો સૌને ખબર છે. હદીષ વર્ણન થઈ ચૂકી કે મક્કા મોઅઝ્ઝમાના માર્ગમાં જે જે સ્થળોએ હુઝૂરે અકદસ ﷺ એ નમાઝ પઢી હતી તે એને શોધી શોધીને ઈરાદાપૂર્વક એ સ્થાનો પર નમાઝ પઢતા હતા.** એમના બારામાં એ કલ્પના પણ નથી કરી શકાતી કે તે ઈબાદતમાં હુઝૂરે અકદસ ﷺ ના કોઈ ફેઅલની વિરૂધ્ધ કરે. એટલા માટે એવું કહેવું પડશે કે એમણે જે હુઝૂરે અકદસ ﷺ થી રિવાયત કર્યું છે તેનું મન્સૂખ *(અમલની મુદતનું એક નિયુક્ત સમય સુધી સીમિત હોવું ત્યાર બાદ બીજા હુકમ ઉપર અમલ થાય. –મિસ્બાહી)* હોવું તેમની નજીક સાબિત થઈ ચૂક્યું છે એટલા માટે એમણે પોતાની રિવાયત કરેલ હદીષની વિરૂધ્ધ અમલ કર્યો. આ રીતે સર્વ હદીષોમાંનો ટકરાવ દૂર થઈ જાય છે અને વાત સ્પષ્ટ થઈ જાય છે.

**શંકાઓ અને તેના જવાબો** : હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ની આ હદીષ પર નીચે પ્રમાણે શંકાઓ વિવિધ લોકોએ કરી છે જેના હનફી ઉલમાએ તેહકીકી (સંશોધનાત્મક) જવાબો આપ્યા છે. એ શંકાઓ તથા જવાબોને અહીં નકલ કરવામાં આવે છે.

**૧.** ઈમામ અબ્દુલ્લાહ બિન મુબારકે ફર્માવ્યું, રફએ યદૈનની હદીષ ઝુહરીના તરીકાથી અન સાલિમ અન અબિય્યહ સાબિત છે પણ હઝરત ઈબ્ને મસઊદની હદીષ સાબિત નથી. એનો જવાબ ઈબ્ને દકીક અલ અબ્દ માલિકી શાફઈએ પોતાની કિતાબ અલ્ ઈમામમાં આ પ્રમાણે આપ્યો, હઝરત ઈબ્ને મુબારકની નજીક સાબિત ન હોવાથી એ ક્યાં લાઝિમ થાય છે કે તે હકીકતમાં સાબિત ન હોય, અને જો એના પર કોઈકે કાંઈ કહ્યું છે તો એનો જવાબ શક્ય ન હોય. આ હદીષના એક રાવી આસિમ બિન કલીલ છે એમના પર કાંઈ ચર્ચા કરવામાં આવી પણ તે હકીકતમાં ષિકહ છે જેમ કે હમણા વિસ્તારપૂર્વક આવે છે.

**૨.** ઈબ્ને કત્તાને કિતાબુલ વહય વલ ઈયહામમાં એ શંકા ખડી કરી છે કે આ હદીષ સહીહ છે. અલ્બત્ત વકીઅએ જે એવું કહ્યું છે : **ثم لا يعود** એ મુન્કર છે લોકોએ કહ્યું કે તે કદી એને પોતાના તરફથી કહેતા. જેનો મતલબ એ થાય છે કે આ હઝરાત ઈબ્ને મસઊદના ફેઅલની વાત કરી રહ્યા છે અને ક્યારેક હદીષના તાબે (હેઠળ) બયાન કરતા જાણે તે હઝરત ઈબ્ને મસઊદનો કૌલ (કથન) છે, હવે એ હુઝૂરે અકદસ ﷺ નો ફેઅલ બની જતો. એનો જવાબ એ છે કે એ સહીહ નથી, એટલા માટે કે આ હદીષ ઈમામ વકીઅથી જ વિવિધ કિતાબોમાં વિવિધ

તરીકાઓથી રિવાયત પામેલી છે. દરેક ثم لا يعود નો સમાન અર્થી હઝરત ઈબ્ને મસ્ઊદનો ઈર્શાદ નકલ થયેલ છે. તેમજ નિસાઈ (૧/૧૫૮)માં અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકના તરીકાથી છે : لم يعد. અબૂ દાઊદ (૧/૧૦૯ સલાત)માં મુઆવિયા તથા ખાલિદ ઈબ્ને અમ્ર તથા અબૂ હુઝૈફાના તરીકાથી છે : فرفع يديه اول مرة وقال بعضهم مرة واحدة. એવું કહેવું બીજીવાર રફએ યદૈન નથી કર્યું અને એમ કહેવું કે પહેલી વાર હાથ ઉઠાવ્યા અથવા એકવાર ઉઠાવ્યા, સૌનો અર્થ એક જ છે. તો સાબિત થઈ ગયું કે એ એકલા ઈમામ વકીઅની જ રિવાયત નથી બલ્કે સુફયાન ષૌરીના અન્ય શાગિર્દો હઝરત ઈબ્ને મુબારક વગેરે પણ રિવાયત કરે છે.

**૩.** દારકુત્નીએ કહ્યું કે ઈમામ અહમદ બિન હંબલ અને અબૂબક્ર બિન અબી શયબાએ لم يعد નથી રિવાયત કર્યું. એનો જવાબ એ છે કે મુસ્નદે ઈમામ અહમદ અને મુસ્નફે ઈબ્ને અબી શયબા એને જૂઠલાવી રહ્યા છે. મુસ્નદે ઈમામ અહમદ તેમજ મુસ્નફે ઈબ્ને અબી શયબા ઉઠાવીને જોઈ લો એમાં સ્પષ્ટપણે છે : فلم يرفع يديه الامرة واحدة "હુઝૂરે કેવળ એક જ વાર હાથ ઉઠાવ્યો."

આ એટલે مرة واحدة ثم لم يعد ના સમઅર્થી તથા અમારા દાવા પર અધિક કૃતઈ છે. એમાં એ તાવીલનો પણ અવકાશ નથી જે વિરોધીઓ કરે છે કે મુરાદ એ છે કે બીજી રકાતમાં ઉઠતી વખતે તકબીરના વખતે રફએ યદૈન નથી કર્યું. જો કે આ તાવીલની સ્થિતિ પણ કેવી છે તે જાહેર છે.

**૪.** દારકુત્નીએ એ શંકા કરી કે વકીઅના શાગિર્દોએ આ હદીષ રિવાયત કરી અને એમાં لم يعد નથી. એનો જવાબ એ છે કે ઈમામ વકીઅના વિવિધ અસ્હાબે એના સમઅર્થી રિવાયત કર્યું. હમણાં આવી ગયું કે ઈમામ અહમદ બિન હંબલ, ઈબ્ને અબી શયબાએ فلم يرفع يديه الا مرة રિવાયત કર્યું. તેમજ તહાવીમાં નુઐમ બિન હમ્માદ તથા યહયા બિન યહયાએ, અબૂ દાઊદમાં ઉષ્માન બિન શયબાએ, તિર્મિઝીમાં હનાદે, નિસાઈમાં મહમૂદ બિન ગૈલાને ઈમામ વકીઅથી જ એના સમઅર્થી રિવાયત કરેલ છે. પછી એવું કહેવું કેવી રીતે સહીહ છે કે ઈમામ વકીઅના શાગિર્દોએ એ રિવાયત નથી કર્યું.

**૫.** ઈમામ બુખારી તથા અબૂ હાતિમે કહ્યું કે એમાં સુફયાનથી વહેમ થઈ ગયો છે, એટલા માટે કે આસિમથી એક જમાઅતે આ હદીષ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ નમાઝ શરૂ કરી, અને હાથોને ઉઠાવ્યા, બંને હથેળીઓ મિલાવી અને બંને ઘૂંટણોની વચ્ચે કરી લીધી. કોઈએ પણ એ નથી કહ્યું જે સુફયાન ષૌરીએ કહ્યું.

ઈમામ અહમદે ફર્માવ્યું કે મને યહયા ઈબ્ને આદમે બયાન કર્યું કે મેં અબ્દુલ્લાહ ઈબ્ને ઈદરીસ અન આસિમવાળી કિતાબ જોયી. એમાં ثم لم يعد નથી, અને જે કિતાબમાં હોય એ અધિક સહીહ હોય છે. એના ત્રણ જવાબો છે. **પ્રથમ** : આ બંનેવ બે હદીષો છે જેના માટે બંને હદીષોની આગળ પાછળની સ્થિતિ દલીલ પુરવાર કરે છે. **બીજુ** : એ કે આપણે માની પણ લઈએ કે આ બંનેવ બે હદીષો નથી, તો ઈબ્ને ઈદરીસની સરખામણીમાં અગ્રતા સુફયાનની હદીષની થશે. સુફયાન, ઈબ્ને ઈદરીસની સરખામણીમાં અધિક ષિકહ અધિક વિશ્વાસપાત્ર છે. અલ્લામા ઈબ્ને હજરે સુફયાનને ષિકહ, હાફિઝ, ઈમામે હુજ્જત કહ્યા છે. **ત્રીજુ** : એ ષિકહનો વધારો છે અને ષિકહનો વધારો સ્વીકાર્ય છે. અલ્લામા ઝીલઈએ નસબુર્રાયહમાં એનો એ જવાબ આપ્યો કે બુખારી તથા અબૂ હાતિમે કહ્યું, સુફયાનથી વહેમ થયો, અને ઈબ્ને કત્તાન વગેરેએ કહ્યું, વકીઅથી વહેમ થયો. ટકરાવને કારણે બંને કથનો રદ (સાકિત) અને હદીષ ષિકહ હઝરાત થકી રિવાયત પામી છે એટલા માટે હુજ્જત થશે.

**૬.** ઈમામ બયહકીએ પોતાની સુનનમાં, પછી ઈબ્ને અબ્દુલ હાદીએ તન્કીહમાં અબૂબક્ર ઈબ્ને ઈસ્હાકનો આ કૌલ નકલ કર્યો. શક્ય છે હઝરત ઈબ્ને મસ્ઊદ અન્ય પ્રસંગોએ રફએ યદૈન ભૂલી ગયા હોય. એનો જવાબ એ છે કે જો હદીષોના સ્પષ્ટ લખાણોને એવું કહીને રદ કરવાના માર્ગ ખોલી દેવામાં આવે તો દીનનો ખુદા હાફિઝ ! કોઈ ગુસ્તાખ જંગલી મિજાઝી રફએ યદૈનના બારામાં કહી શકે છે કે માખી ઉડાડવાના માટે કર્યું હતુ.

૭. આ હદીષના રાવી આસિમ બિન કલીબ ગૈર મક્બૂલ છે. જવાબ એ છે કે એમને ઈબ્ને મુઈન, નિસાઈ તથા અબૂ સાલેહે ષિક્હ કહ્યા. અલ્બત્ત ઈબ્ને મદીનીએ કહ્યું, જો એઓ એકલા કોઈ હદીષ બયાન કરે તો એ દલીલને પાત્ર નથી. પણ તે અહીં એકલા નથી, એના પ્રમાણેની રિવાયત મૌજૂદ છે. દારકુત્ની તથા ઈબ્ને અદીએ મુહમ્મદ બિન જાબિર અન હમ્માદ બિન અબી સુલૈમાન અન ઈબ્રાહીમ અન અલ્ક્મા અન અબ્દુલ્લાહ, આ શબ્દોમાં રિવાયત કરી કે મેં રસૂલુલ્લાહ ﷺ તથા અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ની સાથે નમાઝ પઢી. આ હઝરાત નમાઝ શરૂ કરવાના સિવાય અન્ય ક્યાંય હાથ ઉઠાવતા ન હતા. આ હદીષના રાવી મુહમ્મદ બિન જાબિરના બારામાં પણ ચર્ચા કરવામાં આવી, પણ રાજેહ (પસંદીદા) એ છે કે એમની હદીષ વિશ્વસનીય છે. પછી મુતાબિઅત (સમર્થનમાં હોવા)ના માટે ઝેઆફ (ઝઈફ હદીષો) પણ પૂરતી છે. તદ્ઉપરાંત એના મુતાબેઅ સૈયદના ઈમામે આ'ઝમની આ હદીષ છે જે ઈમામે (ફત્હુલ ક્દીર, ૧/૧૩૫) હમ્માદના તરીક્થી અન ઈબ્રાહીમ અન અલ્ક્મા વલ અસ્વદ અન્ અબ્દુલ્લાહ રિવાયત કરી. જેમાં એ છે કે તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ કેવળ નમાઝ શરૂ કરતી વખતે હાથો ઉઠાવતા પછી ક્યાંય ન ઉઠાવતા.

૮. અબ્દુર્રહમાન અલ્ક્માથી નથી સાંભળ્યું. ઈમામ ઈબ્ને હુમામે ફત્હુલ ક્દીરમાં એનો જવાબ આપ્યો. આ ક્ૌલ બાતિલ છે, કોઈ નામાલૂમ શખ્સનો ક્ૌલ છે. ઈબ્ને હિબ્બાને એમને ષિક્ાતમાં ગણ્યા અને કહ્યું કે હિ.સ. ૯૯માં મૃત્યુ પામ્યા. રિવાયત પ્રમાણે એ જ વર્ષે હઝરત ઈબ્રાહીમ નખઈનો પણ એ જ વરસે વિસાલ થયો. અને ઈમામ નખઈનો અલ્ક્માથી સમઅ (સાંભળ્યું) એકમતિએ સાબિત છે તો અલ્ક્માથી વલ્ મુફતરિક્માં અબ્દુર્રહમાનના હાલતમાં લખ્યું, એમણે પોતાના બાપ તથા અલ્ક્માથી સાંભળ્યું.

**બરાઅની હદીષ** : પર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. એમાં ثم لم يعد હઝરત ઈબ્ને મસ્ઊદનો ક્ૌલ નથી. આ યઝીદ ઈબ્ને ઝિયાદે પોતાના તરફથી વધારી આપ્યું જેને 'ઈદરાજ' કહે છે. એની દલીલ એ છે કે એનાથી જ ઈમામ શઅબા, ઈમામ ષૌરી વગેરે હુફ્ફાઝે આ હદીષને રિવાયત કરી, પણ કોઈએ لم يعد વર્ણન નથી કર્યું. હમીદીએ કહ્યું, આ વધારો કેવળ યઝીદ રિવાયત કરે છે. ઈમામ અહમદે ફર્માવ્યું, એ સહીહ નથી. એ જ પ્રમાણે ઈમામ બુખારી, યહ્યા, દારમી, હમીદી વગેરેએ એને ઝઈફ કહી. ઈમામ અહમદે ફર્માવ્યું, આ હદીષ વાહી છે. યઝીદના જમાના સુધી આ હદીષ રિવાયત કરતા રહ્યા પણ ثم لم يعد રિવાયત કરતા ન હતા. જ્યારે કૂફાવાળાઓએ એમને સૂચન કર્યું તો એને વર્ણન કરવા લાગ્યા. અલજૌહરુન્નક્ી ફી રદ્દિ અલલ્ બયહક્ીમાં છે કે ઈમામ બયહક્ી એ સુફયાન બિન ઓયય્નાની એ હદીષ વર્ણન કરી કે હઝરત બરાએ કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને જોયા, જ્યારે નમાઝ શરૂ કરતા તો હાથોને ઉઠાવતા. સુફયાન બિન ઓયય્નાએ કહ્યું, જ્યારે હું કૂફા આવ્યો તો યઝીદને આ હદીષ બયાન કરતાં સાંભળ્યું. અને ثم لايعود આટલો વધારો કર્યો. મેં ગુમાન કર્યું કે કૂફાવાળાઓએ તેમને શીખવાડી આપ્યું છે. એનો જવાબ એ છે કે અલ્લાહ એ બુઝુર્ગો પર રહમ ફર્માવે, કેમ કે કેવળ ગુમાન થકી આટલી મહાન વાત કહેવી જાઈઝ નથી من كذب علي متعمدا فليتبوأ مقعده من النار જો એ વાત સહીહ હતી તો તઅનના માટે અવરાજના ક્ૌલની જરૂરત જ ન હતી. યઝીદના ગૈર મોઅતબર હોવાના માટે એ જ પૂરતુ હતું કે એક ગલત વાત કેવળ કૂફાવાળાઓના કહેવાથી હુઝૂરની તરફ સંબંધિત કરી દીધી. હવે એમની રિવાયતોનો શો એતબાર ? વળી એ કે આ જ હદીષ યઝીદ બિન ઈબ્ને ઝિયાદના સિવાય અન્ય હઝરાતે આ વધારાની સાથે રિવાયત કરી. દા.ત. ઈમામ તહાવી, ઈમામ અબૂ દાઊદ, ઈમામ બયહક્ીએ ઈસા ઈબ્ને અબી લયલા તથા હકમ બિન ઉત્બાથી અને એ બંનેવ અબ્દુર્રહમાન બિન અબી લયલાથી આ જ હદીષ ثم لايعودના વધારાની સાથે રિવાયત કરી છે.

તેમજ એ કે ખૂદ યઝીદ બિન અબી ઝિયાદથી સુફયાન બિન ઓયય્નાના અન્ય ઘણા શાગિર્દો એ ثم لايعودના વધારાની સાથે રિવાયત કરી છે. દા.ત. ઈસ્માઈલ બિન ઝકરિયા, મુહમ્મદ બિન અબ્દુર્રહમાન બિન લયલા, શરીક, હૈશમ, ઈસ્રાઈલ બિન યૂનુસ બિન અબી ઈસ્હાક્ વગેરે એક જમાઅતે. હવે આ હદીષની સહીહ પોઝિશન

આ પ્રમાણે થઈ કે યઝીદ બિન અબી ઝિયાદની રિવાયતને ઈસા તથા હાકિમને રિવાયતથી કુવ્વત (મજબૂતી) મળી અને મુહમ્મદ બિન અબ્દુર્રહમાનની રિવાયતને મુહદ્દિષોની એક જમાઅતની રિવાયતથી તક઼્વિયત (મજબૂતી) મળી.

ઈમામ અહમદ તથા ઈબ્ને ઓયય્નાનું એ ફર્માવવું કે પ્રથમ ثم لا يعود ના વિના રિવાયત કરતા હતા, કૂફા આવ્યા બાદ એ વધારા સાથે રિવાયત કરવા લાગ્યા. એ કોઈ વાંધાજનક વાત નથી. કદી કેવળ હદીષનો એટલો હિસ્સો બયાન કર્યો જેટલાની એ વખતે જરૂરત હતી અને ક્યારેક પૂરી મુકમ્મલ હદીષ રિવાયત કરી. આ પ્રકારના ટૂંકાણનાં અસંખ્ય દષ્ટાંતો ખૂદ બુખારીમાં મૌજૂદ છે.

**ઈબ્ને અબ્બાસની હદીષ** : એના પર પાંચ શંકાઓ લાગુ પાડવામાં આવેલી છે : **૧.** કે એને એકલા ઈબ્ને અબી લયલાએ રિવાયત કરી છે અને તે દલીલ રૂપે અપનાવવા પાત્ર નથી. એનો જવાબ એ છે કે અજલીએ કહ્યું કે ઈબ્ને અબી લયલા ફકીહ એ સાહિબે સુન્નત, ખૂબ જ સાચા તથા જાઈઝુલ હદીષ હતા, એટલે કે એમની હદીષ સ્વીકાર્ય છે. યા'કૂબ બિન અબી સુફયાને કહ્યું, એ ષિક઼હ આદિલ છે એમની હદીષમાં કાંઈક ચર્ચા છે અને થોડા નરમ હતા. અબૂ હાતિમે અહમદ બિન યૂનુસથી રિવાયત કરી કે તેમણે કહ્યું, એ એટલે ઈબ્ને અબી લયલા પૂરી દુનિયાવાળાઓથી અધિક ફકીહ હતા.

**૨.** ઈમામ શઅબાએ ફર્માવ્યું કે હકમે મુક઼સમથી કેવળ ચાર હદીષો સાંભળી છે એમાં આ હદીષ નથી. એનો જવાબ એ છે કે ઈમામ શઅબાએ પોતાની જાણકારીના પ્રમાણે કહ્યું, નહીં તો તિર્મિઝીએ હકમ અન મુક઼સમ પુષ્કળ હદીષો રિવાયત કરી છે અને તેના મોટાભાગમાં તહદીષ (હદીષ વર્ણવવું) તથા સમાઅ (સાંભળ વાની) સ્પષ્ટતા છે, જેમ કે તન્સીકુન્નિઝામની પ્રસ્તાવનામાં છે.

**૩.** ઈમામ વકીએ મૌકૂફન્ રિવાયત કરી છે. એનો એક જવાબ એ છે કે ક્યારેક મૌકૂફન રિવાયત કરી અને કદી મરફૂઅન્. જેમ કે ખૂદ હઝરત ઈબ્ને ઉમરની હદીષ પણ બંને પ્રકારની રિવાયત થયેલ છે. એનાથી મરફૂઅ હોવાનો નકાર કઈ રીતે સાબિત થયો ? બીજુ એ કે આ મામલો ઈબાદતનો છે એમાં ક઼યાસને દખલ નથી એટલા માટે આ મૌકૂફ પણ મરફૂઅના હુકમમાં છે.

**૪.** આ હદીષના જાહેરથી જે પરિણામ નીકળે છે તે ક઼ઈત (તદ્દન) મુરાદ નથી, એટલા માટે કે એ સાત જગાઓ સિવાય અન્ય બીજા મોક઼ાઓએ પણ રફએ યદૈન સાબિત છે. દા.ત. ઈદોની તકબીરો તથા કુનૂતમાં દુઆના સમયે. એનો જવાબ એ છે કે જો આ હદીષને મૌકૂફ માનીએ તો આ હઝરત ઈબ્ને અબ્બાસના પોતાના ઈલ્મની વાત થઈ. શક્ય છે કે અન્ય મોક઼ાઓ પર રફએ યદૈનનો એમને એ સમય સુધી ઈલ્મ ન થયો હોય પણ પંજવક્તા નમાઝોમાં રફએ યદૈનનો ઈલ્મ એ સહાબાઓને ન હોવો જે સદા હાજર રહેનારા હતા જેઓ ગેર હાજર હતા એમની સરખામણીમાં જરૂરી છે. એટલા માટે કે દરરોજ પાંચ વાર હુઝૂરે અક઼દસ ﷺની નમાઝને જુએ તથા રફએ યદૈન ન જુએ એ લગભગ અશક્ય છે.

અને જો આ હદીષ મરફૂઅ છે જેમ કે હક઼ીક઼તમાં છે તો જવાબ એ છે કે નુસૂસ (આયતો)માં એવું ઘણુ છે કે કેટલાક અહકામ સેગાએ હસ્રથી (સીમા સૂચન સાથે) થાય છે પણ બીજી નુસૂઅ (આયતો)થી તે હુકમ એમાં ઘેરાયેલ (સીમિત) નથી રહેતો. દા.ત. કુર્આને કરીમમાં છે :–

اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَا اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ "અલ્લાહે તમારા પર કેવળ મુરાદાર તથા લોહી તથા સુવ્વરનો ગોશ્ત તથા તે જાનવર જે અલ્લાહના ગૈરના નામ પર ઝબહ કરવામાં આવ્યાં હોય હરામ ફર્માવ્યાં છે. *(બક઼રહ–૧૭૩)*

શું આ આયતની સીમાને સામે રાખીને કોઈ એવું કહી શકે છે કે આ ચાર ચીજો સિવાય અન્ય કાંઈ હરામ નથી ? સર્વ હલાલ છે ?!

૫. ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસે હુઝૂરે અક઼દસ ﷺની વફાત પછી રુકૂઅમાં રફએ યદૈન કર્યું અને અહનાફનો એ ક઼ાયદો છે કે રાવી જ્યારે પોતાની રિવાયત કરેલ હદીષની વિરૂધ્ધ અમલ કરે તો તે હદીષ દલીલને પાત્ર નથી રહેતી. એનો જવાબ એ છે કે આ ક઼ાયદાનું લાગુ થવું એ વખતે છે જ્યારે એ માલૂમ હોય કે રાવીએ આ અમલ રિવાયત વર્ણવ્યા પછી કર્યો છે. અને જો એ માલૂમ ન હોય કે ક્યારે કર્યો છે અથવા એ માલૂમ હોય કે રિવાયતથી પહેલાં કર્યો છે તો હદીષ મજરૂહ નથી થતી, દલીલને પાત્ર રહે છે. અને અહીં ઈતિહાસની ખબર નથી એટલા માટે આ હદીષ દલીલમાં રજૂ કરવા પાત્ર છે.

**જાબિર બિન સમુરહની હદીષ** : એના પર ઈમામ બુખારીએ પોતાની શાને જલાલની સાથે ખૂબ જ સખ્ત લહેજામાં એ વાંધો ઉઠાવ્યો છે કે આ હદીષથી બેઈલ્મે દલીલ કરી છે જ્યારે કે આ હદીષ ક઼યામ તથા રુકૂઅના બારામાં મુદ્દલે છે જ નથી. એ તો એ બારામાં છે કે સહાબાએ કિરામની આદત હતી કે કાઈદાએ અખીરામાં સલામના વખતે એકબીજાને સલામ કરતા અને હાથો વડે ઈશારો કરતા. જેમ કે ખૂદ મુસ્લિમમાં જ હઝરત જાબિર બિન સમુરહથી જ ઓબૈદુલ્લાહ બિન કિબ્તિયાના તરીક઼ાથી આ વિગત મઝકૂર છે, તે કહે છે : જ્યારે અમે નબી ﷺની સાથે નમાઝ પઢતા તો કહેતા, **السلام عليكم ورحمة الله، السلام عليكم ورحمة الله** અને અમારા હાથો વડે બંને તરફ ઈશારો કરતા. તો હુઝૂરે આ પ્રમાણે ફર્માવ્યું. એનો જવાબ ઈમામ જલાલુદ્દીન ઝીલઈએ નસ્બુર્રાયહમાં આ આપ્યો : અમે જે હદીષ વર્ણન કરી તે તમીમ બિન તરફા તાઈના તરીક઼ાથી છે તે અલગ છે અને આ જે ઓબૈદુલ્લાહ બિન કિ઼બ્તિયાના તરીક઼ાથી રિવાયત પામી છે તે અલગ હદીષ છે. બંનેમાં બે અલગ અલગ મોક઼ાઓના અલગ અલગ બનાવો મઝકૂર છે. એની દલીલ બંનેના સિયાક઼ (આગળ પાછળની સ્થિતિ)નું વર્ણન છે. અમારી મુસ્તદલ તમીમ બિન તરફાવાળી હદીષના શબ્દો આ પ્રમાણે છે : **دخل علينا رسول الله صلى الله تعالىٰ عليه وسلم ونحن رافعوا ايدينا** "રસૂલુલ્લાહ ﷺ અમારા પર દાખલ થયા અને અમે અમારા હાથોને ઉઠાવેલા હતા."

જેમ કે અબૂ દાઊદ તથા મુસ્નદે અહમદમાં છે. અને નિસાઈ તથા મુસ્લિમમાં આ પ્રમાણે છે : **خرج علينا رسول الله صلى الله تعالىٰ عليه وسلم الحديث** "રસૂલુલ્લાહ ﷺ અમારા પર નીકળીને આવ્યા."

અને ઓબૈદુલ્લાહ ઈબ્ને કિ઼બ્તિયાની હદીષ બુખારીમાં આ પ્રમાણે છે :–

**كنا اذا صلينا خلف النبى صلى الله تعالىٰ عليه وسلم قلنا السلام عليكم** "અમે જ્યારે નબી ﷺની પાછળ નમાઝ પઢતા તો **السلام عليكم** કહેતા." *(અલ્ હદીષ)*

અબૂ દાઊદમાં આ પ્રમાણે છે :–

**كنا اذا صلينا خلف رسول الله صلى الله تعالىٰ عليه وسلم فسلم احدنا اشار بيده عن يمينه وعن يساره**

"અમે જ્યારે રસૂલુલ્લાહ ﷺની પાછળ નમાઝ પઢતા અને સલામ ફેરવતા તો અમારા હાથો વડે જમણે ડાબે ઈશારો કરતા, તો હુઝૂરે ફર્માવ્યું."

વિચાર કરો ! તમીમની રિવાયતમાં છે કે હુઝૂર અમારી પાસે તશરીફ લાવ્યા, અમે નમાઝ પઢી રહ્યા હતા અને હાથોને ઉઠાવતા હતા તો ફર્માવ્યું. એનો સીધો ફાયદો એ છે કે સહાબીઓ એકલા એકલા નમાઝ પઢી રહ્યા હતા અને નમાઝ દરમ્યાન હાથોને ઉઠાવતા હતા. અને આ ઉઠાવવું કેવળ રુકૂઅમાં જતાં તથા ઉઠતાં અને સજદામાં જતી વેળાના સિવાય અન્ય કાંઈ નથી હોઈ શકતું. તો હુઝૂરે ફર્માવ્યું કે, "તમારો શો હાલ છે ! તમો હાથોને એવી રીતે ઉઠાવો જેવી રીતે ચંચળ ઘોડાઓની પૂછડી ! નમાઝમાં સુકૂનની સાથે રહો." એના પરથી જાહેર થઈ ગયું કે આ ઈર્શાદ ખાસ વિવાદાસ્પદ રફએ યદૈનના બારામાં છે, એટલા માટે આ હદીષ એની દલીલ છે કે વિવાદાસ્પદ રફએ યદૈન મન્સૂખ થઈ ગયું. અને ઓબૈદુલ્લાહની રિવાયતમાં સાફ સાફ છે કે અમે

હુઝૂરની પાછળ નમાઝ પઢી રહ્યા હતા અને નમાઝથી બહાર થવા માટે સલામના સમયે અમે ઈશારો કર્યો તો હુઝૂરે એવું ફર્માવ્યું. બંનેના વિષયમાં કેટલો ફરક છે ? વળી એકે એક હદીષ બીજીની તફસીર કઈ રીતે હોઈ શકે છે. હવે જાહેર થઈ ગયું કે ઈલ્મવાળો કોણ છે ?

બીજો જવાબ એ છે કે સલામના વખતે ઈશારો કરનારાને **اسکنوا فی الصلوٰة** "નમાઝમાં સુકૂનની સાથે રહો" કહેવું નિરર્થક છે, તે હવે નમાઝમાં ક્યાં છે ?! એ તો નમાઝથી બહાર થઈ ગયો ! **اسکنوا فی الصلوٰة** દલીલ છે કે નમાઝની અંદર સુકૂનની વિરૂધ્ધ કોઈ વાત થતી હતી જેના લીધે આવું ફર્માવ્યું. જેથી બે વાતો માલૂમ પડી, એક એ કે બંનેવ હદીષોમાં બે અલગ અલગ બનાવો વર્ણન થયેલા (મઝકૂર) છે. બીજુ એ કે તરફાની હદીષ અલગ છે અને ઓબૈદુલ્લાહની હદીષ અલગ છે.

ઈમામ બુખારીએ આ હદીષ પર જે એવું ફર્માવ્યું કે જો આ નમાઝમાં રફએ યદૈનના બારામાં હોય તો લાઝિમ આવશે કે તકબીરે તહરીમાના સમયે અને કુનૂતમાં અને ઈદોની તકબીરોમાં પણ રફએ યદૈન મના હોય. એનો જવાબ એ છે કે યક઼ીનન જો બીજી હદીષોથી આ મોક઼ાઓ પર રફએ યદૈન સાબિત ન થાત તો મશ્રૂઅ (જાઈઝ) ન થાત, પણ બીજી હદીષોના કારણે વર્ણવેલ મોક઼ાઓ પર રફએ યદૈન આ હુકમથી અપવાદ થઈ ગયું. અને તકબીરે તહરીમા વખતે રફએ યદૈન નમાઝમાં છે ક્યાં ? રફએ યદૈન અમારે ત્યાં નમાઝની શર્ત છે, રુકન નથી. તેમજ ઈદોની વધારાની તકબીરોમાં રફએ યદૈન અહનાફ (હનફીઓ)માં વિવાદાસ્પદ પણ છે, ઈમામ અબૂ યૂસુફ એના માનનારા નથી.

**એબાદ બિન ઝુબૈરની હદીષ** : એના પર ઈમામ ઈબ્ને દક઼ીક઼ ઈદે ફર્માવ્યું કે, એબાદ તાબઈ છે એટલા માટે આ હદીષ મુરસલ છે. એનો જવાબ એ છે કે અહનાફ (હનફીઓ) તથા ઈમામ માલિક, ઈમામ અહમદ તથા જમહૂર ફક઼ીહોની નજીક હદીષે મુરસલ હુજ્જત (દલીલ) છે એટલા માટે એ શંકા સાક઼િત (રદ) થઈ ગઈ.

**નસ્ખના દાવા પર શંકા અને તેનો જવાબ** : ઈમામ તહાવીએ રફએ યદૈનનવાળી હદીષને ફર્માવ્યું કે મન્સૂખ છે. ઈમામ ઝીલઈએ એના પર નસબુર્રાયહમાં ફર્માવ્યું : શૈખે 'અલ્ ઈમામ'માં ફર્માવ્યું, રફએ યદૈનની હદીષ મન્સૂખ હોવાનો દાવો એના માટે સહીહ નથી કે મૂસા ઈબ્ને ઉક઼બાના તરીક઼ાથી અન નાફેઅ, હઝરત ઈબ્ને ઉમરથી જ એ પણ રિવાયત પામેલ છે : **فما زالت تلك صلوته حتى لقى الله تعالىٰ** રસૂલુલ્લાહ હમેશાં આ પ્રમાણે નમાઝ પઢતા રહ્યા ત્યાં સુધી કે અલ્લાહ ﷻ ને પ્યારા થઈ ગયા. (આ વધારાને બયહક઼ીએ વર્ણવ્યો છે) બયહક઼ીએ આ હદીષ વર્ણન કરીને ફર્માવ્યું, એનાથી સાબિત થઈ ગયું કે ઈમામ મુજાહિદની તે રિવાયત ખતા છે જેમાં એવું છે કે હઝરત ઈબ્ને ઉમર તકબીરે તહરીમાના સિવાય બીજે ક્યાંય રફએ યદૈન કરતા ન હતા. એનો જવાબ એ છે કે એના એક નહીં બે બે રાવી પર હદીષ ઘડવાની તોહમત છે. એક અબ્દુર્રહમાન બિન કુરૈશ બિન ખુઝૈમા હરવી, મીઝાનમાં ઈમામ ઝહબીએ લખ્યું કે સુલૈમાને તેમને હદીષ ઘડવાવાળા આરોપી ઠરાવ્યા. બીજા અસ્મા બિન મુહમ્મદ અન્સારીના બારામાં કહ્યું, અબૂ હાતિમે કહ્યું, આ ક઼વી (મજબૂત) નથી. યહ્યાએ કહ્યું, કઝ્ઝાબ (જૂઠો) છે, હદીષ ઘડયા કરે છે. ઓક઼ૈલીએ કહ્યું, ષિક઼ાતથી બાતિલ હદીષો વર્ણન કરતો હતો. દારકુત્ની વગેરેએ કહ્યું, આ મતરુક઼ છે.

**ચર્ચાનો સાર** : એ સૌનો ખુલાસો એ નીકળ્યો કે એ સાબિત છે કે રસૂલુલ્લાહ ﷺ શરૂમાં રફએ યદૈન કર્યા કરતા હતા, પણ બાદમાં મના ફર્માવ્યું એટલા માટે એ મન્સૂખ છે, જેના કારણે હઝરત ઉમર, હઝરત અલી, હઝરત ઈબ્ને ઉમર હુઝૂરના વિસાલ પછી રફએ યદૈન કરતા ન હતા. જેથી સહીહ તથા સંશોધન યુક્ત એ છે કે તકબીરે તહરીમાના સિવાય અન્ય મોક઼ાઓ પર રફએ યદૈન મના છે.

**ખાસ મુદ્દો** : અહીં ખાસ વિચારવાની બાબત એ છે કે રફએ યદૈનના સિલસિલામાં આપણા વિરોધીઓને પણ સ્વીકૃત છે કે સૌથી સહીહ હઝરત ઈબ્ને ઉમરની હદીષ છે, બાકીની હદીષો પર કેટલીય રીતે ચર્ચા કરવામાં

આવી છે જેને લખાણ લંબાવાના લીધે મેં વર્ણન નથી કરી. અને હાલ એ છે કે ખૂદ હઝરત ઈબ્ને ઉમરથી એ પણ રિવાયત થયેલ છે કે તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે બે રકાત બાદ ઉઠતા તો પણ તકબીર કહેતા અને રફએ યદૈન કરતા જેમ કે ખૂદ બુખારીમાં છે. ચર્ચા હેઠળની હદીષોમાં ત્રીજા નંબરની હદીષ છે. તેમજ અબૂ દાઊદમાં હઝરત અબૂ હમીદ સાઅદી અને હઝરત અલીની હદીષમાં પણ છે. તેમજ અબૂ વાઈલની હદીષમાં એ પણ છે કે જ્યારે (બીજી રકાતના માટે) સજદાથી માથુ ઉઠાવતા તો પણ રફએ યદૈન કરતા, બલ્કે અમુક રિવાયતોમાં એ પણ છે કે દરેક ઝુકવા તથા ઉઠવાના સમયે રફએ યદૈન કરતા હતા. તો સવાલ એ ઉદ્ભવે છે કે રફએ યદૈનના શોખિનો સજદાઓથી ઉઠતી વખતે પ્રથમ રકાતના અંતિમ સજદાથી ઉઠતાં અને બે રકાતના ક઼ાયદાથી ઉઠતાં શા માટે રફએ યદૈન કરતા નથી કરતા ? જો તમે કહો કે આ હિસ્સો વાંધાજનક છે તો ગુઝારિશ છે કે આપ લોકોની પસંદીદા જગાઓના બારામાં જેટલી પણ હદીષો આવી છે તે સૌ વાંધાજનક છે, પછી તમે લોકો એને પણ કેમ નથી છોડતા ? રફએ યદૈન એ મસાઈલમાંથી જેને આજકાલ ગૈર મુક઼લ્લિદોએ પોતાની આબરૂનો મસ્અલો બનાવી રાખ્યો છે, એટલા માટે અમે એના ઉપર થોડીક વિગતે ચર્ચા કરી. જો કે હજી એનાં ઘણા પાસાંઓ રહી ગયાં છે પણ ન્યાયપ્રિયના માટે આટલુ જ પૂરતુ છે, અને ઝઘડાળુ તથા વિરોધીના માટે દફતરના દફતર બેકાર છે, જે હઝરાત ચાહે તે ફત્હુલ ક઼દીર, અયની, શરહે હિદાયા, ઉમ્દતુલ ક઼ારી શરહે બુખારી, ઈન્તેસારુલ હક઼્ક઼ વગેરેનો અભ્યાસ કરે. અંતિમ કિતાબ ઉર્દૂમાં છે.

**લતીફો** : રફએ યદૈનના સિલસિલામાં અલ્લામા ઈબ્ને હજરે ત્યાં સુધી લખ્યું છે કે મારા શયખ હાફિઝ અબુલ ફઝ્લે તલાશ તથા શોધખોળ કરી તો તેના રાવી સહાબાની સંખ્યા પચાસ સુધી પહોંચી ગઈ છે. અલ્લામા મજદુદીન ફીરોઝબાદીએ સફરુસ્સઆદતમાં લખ્યું કે આ ક્રમના અખબાર (ખબરો) તથા આષાર (કથનો) ચારસો સુધી છે. અફસોસ એ છે કે આ સર્વ રિવાયતો તથા ખબરો તે બુઝુર્ગોએ લખી નથી, નહીં તો આપણે પણ જોતા કે એમની હૈસિયત શું છે ? **સહીહ એ છે કે રફએ યદૈનની સહીહ તથા સક઼ીમ હદીષો કુલ મિલાવીને પંદર સહાબીઓથી રિવાયત પામી છે. પણ કેમ કે અમે એ સાબિત કરી ચૂક્યા કે રફએ યદૈન પ્રારંભમાં હતું બાદમાં મન્સૂખ થઈ ગયું, તો રિવાયતની અધિક્તા કે ઓછાપણાથી કાંઈ ફરક પડતો નથી.** જો સ્પષ્ટપણે રફએ યદૈનના ત્યાગની હદીષોમાં એ સહાબાએ કિરામની હદીષો મિલાવી દેવામાં આવે જેમણે નમાઝના અરકાન બતાવ્યા અને રફએ યદૈન કેવળ તકબીરે તહરીમા વખતે વર્ણવી, જ્યારે કે જરૂરત એની જણાય છે કે જો તકબીરે તહરીમા સિવાય બીજા મોક઼ાઓ પર રફએ યદૈન એમની નજીક સાબિત હતું તો તેને જરૂર વર્ણન કરતા. અને જરૂરતના સમયે ચૂપ રહેવું છે તો રફએ યદૈનને છોડવાની હદીષો રિવાયત કરનારા સહાબાની સંખ્યા રફએ યદૈનની રિવાયત કરવાવાળાઓ કરતાં ખૂબ જ અધિક થઈ જશે.

**રફએ યદૈન ન કરનારા સહાબા** : બદાએઅ્માં છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે હઝરાત અશ્રાએ મુબશ્શિરા રફએ યદૈન કરતા ન હતા. એ દસ હઝરાતના સિવાય હઝરત ઈબ્ને મસ્ઊદ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત બરાઅ બિન આઝિબ, જાબિર બિન સમુરહ, અબૂ સઈદ ખુદરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ પંદર સહાબા છે જેમના બારામાં રિવાયત મૌજૂદ છે કે તકબીરે તહરીમાના સિવાય અન્ય કોઈ મોક઼ા પર રફએ યદૈન કરતા ન હતા. (ઉમ્દતુલ ક઼ારી, ૫/૨૭૨) બાકી સહાબીઓથી રિવાયત નથી આવી પણ સૌને માલૂમ છે કે અદમે રિવાયત રિવાયાતે અદમ નથી. (રિવાયત ન કરવાથી રિવાયત ન હોવું લાઝિમ નથી થતું.)

**رفع ذلك الى النبي ﷺ** : હદીષ ૪૭૪માં આટલુ અધિક છે કે હઝરત ઈબ્ને ઉમર જ્યારે બે રકાતના પછી ઉઠતા તો પણ રફએ યદૈન કરતા હતા. હઝરત ઈબ્ને ઉમર એને રસૂલુલ્લાહ ﷺ સુધી પહોંચાડતા હતા, એટલે એવું ફર્માવતા હતા કે હુઝૂરે અક઼દસ ﷺનો આ અમલ હતો. આ હદીષ મૌકૂફ છે કે મરફૂઅ એના બારામાં મુહદ્દિષોની વચ્ચે મતભેદ છે. ઈમામ અબૂ દાઊદે ફર્માવ્યું, સહીહ એ છે કે હઝરત ઈબ્ને ઉમરનો ક઼ૌલ છે, મરફૂઅ નથી. બયહક઼ીએ **العلل**માં મતભેદ વર્ણવીને કહ્યું, **اشبه با لصواب** અબ્દુલ આ'લાનો ક઼ૌલ છે જે બુખારીમાં

# حدیث ۴۷۵

**[હદીષ : ૪૭૫]**

عَنْ سَهْلِ بْنِ سَعْدٍ قَالَ كَانَ النَّاسُ يُؤْمَرُونَ أَنْ يَضَعَ الرَّجُلُ

*"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે લોકોને હુકમ આપવામાં આવતો હતો કે પુરૂષ*

الْيَدَ الْيُمْنٰى عَلٰى ذِرَاعِهِ الْيُسْرٰى فِى الصَّلٰوةِ وَقَالَ اَبُوْ حَازِمٍ لَا اَعْلَمُهُ اِلَّا يَنْمِىْ ذٰلِكَ

*નમાઝમાં પોતાનો જમણો હાથ પોતાના ડાબા પહોંચા પર રાખે. અબૂ હાઝિમે કહ્યું, હું એ જ જાણું છું કે*

اِلَى النَّبِىِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِسْمَاعِيْلُ يُنْمٰى ذٰلِكَ وَلَمْ يَقُلْ يَنْمِىْ ؏

*એને નબી صلی اللہ علیہ وسلم સુધી પહોંચાડતા હતા. ઈસ્માઈલે કહ્યું, એને પહોંચાડવામાં આવતુ હતું,*

*એવું નથી કહ્યું કે પહોંચાડતા હતા."* (બુખારી, ૧/૧૦૨ અઝાન)

છે. એટલે કે આ હદીષ મરફૂઅ છે. અમુક રિવાયતોમાં **الركعتين**ને બદલે **السجدتين** આવ્યું છે જેનાથી શંકા થાય છે કે દરેક સજદા પછી ઉઠતાં રફએ યદૈન કરતા હતા. પણ સજદાનો અર્થ રકાત પણ આવે છે એટલા માટે **حين يرفع راسه من السجود** "અને સજદાથી માથુ ઉઠાવતી વખતે રફએ યદૈન કરતા ન હતા" ની સાથે વર્ગીકરણના માટે **السجدتين** થી **الركعتين** મુરાદ લઈ શકાય છે. આપણે ત્યાં આ પણ જાબિર બિન સમુરહની હદીષથી મન્સૂખ છે જેની ચર્ચા હમણા વર્ણન થઈ ચૂકી.

**એક પ્રપંચનું નિવારણ** : આજકાલ ગૈર મુક઼લ્લિદો રફએ યદૈનના બારામાં કેવળ હનફીઓને નિશાનો બનાવે છે જેનાથી શંકા જાય છે કે કેવળ હનફીઓ જ તકબીરે તહરીમા સિવાય અન્ય મોક઼ાઓ પર રફએ યદૈન નથી કરતા. જ્યારે કે એ જ ઈમામ માલિકનો પણ મઝહબ છે. તદ્ઉપરાંત અબૂબક્ર બિન અયાશે ફર્માવ્યું, મેં કોઈ ફક઼ીહને તકબીરે તહરીમાના સિવાય અન્ય કોઈ મોક઼ા પર રફએ યદૈન કરતાં નથી જોયો. આ ઈમામ ષૌરી, ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક, ઈમામ અહમદના ઉસ્તાદ તથા ઈમામ બુખારીના ઉસ્તાદુલ ઉસ્તાદ છે. તેમજ ક઼ૈસ, શઅબી, ઈબ્ને અબી લયલા અસ્વદ, અલક઼મા, અબૂ ઈસ્હાક઼ વગેરેનો પણ એ જ મઝહબ હતો, બલ્કે ઈમામ માલિકના જમાનામાં મદીનાવાળાઓનો એના પર અમલ હતો.

**સમજૂતી : ૪૭૫**

આ હદીષથી એ સાબિત થાય છે કે નમાઝમાં જમણા હાથને ડાબા હાથના પહોંચા પર રાખે. પણ અબૂ દાઊદ (૧/૧૧૦ સલાત) અને નિસાઈ (૧/૧૪૧ સલાત)માં હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે કે એ નમાઝ પઢી રહ્યા હતા અને ડાબો હાથ જમણા પર રાખેલ હતો કે એને નબી صلی اللہ علیہ وسلمએ જોયું તો એમના જમણા હાથને ડાબા પર રાખ્યો. એનાથી સાબિત થયું કે હાથને હાથ પર રાખવામાં આવશે પહોંચા પર નહીં. અમુક રિવાયતોમાં એની સ્પષ્ટતા પણ છે કે ડાબા હાથની પીઠ પર રાખ્યો. નિસાઈમાં હઝરત વાઈલથી મરવી છે કે, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને જોયા કે નમાઝમાં જમણા હાથ વડે ડાબા હાથને પકડેલ હતા. અહનાફે આ સર્વ હદીષોના દરમ્યાન એવું જમા કર્યું કે જમણા હાથના અંગૂઠા અને ટચલી આંગળીથી ડાબા હાથના કાંડાને પકડે, વચ્ચેની ત્રણ આંગળીઓ ડાબા પહોંચા (કાંડાથી ઉપરનો ભાગ) પર રાખે અને જમણી હથેળી ડાબા હાથની પીઠ પર રાખે.

# حديث ٤٧٦

**[હદીષ : ૪૭૬]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે હુઝૂરે ફર્માવ્યું, રુકૂઅ તથા સજદા*

**હાથ ક્યાં બાંધે ?** : ઈમામ માલિકનો મઅરૂફ (પ્રખ્યાત) મઝહબ અને માલિકીઓનો મુખ્તાર (પસંદીદા) એ છે કે કયામમાં હાથ બાંધવામાં ન આવે. ઈમામ માલિકથી એક રિવાયત આ પ્રમાણે છે કે છાતીની નીચે, ડૂંટીની ઉપર બાંધવામાં આવે અને એ જ ઈમામ શાફઈનો પણ મઝહબ છે. ઈમામ અહમદથી બંનેવ રિવાયતો છે : એક મઝહબ એ છે કે બાંધવા તથા છોડવામાં ઈખ્તિયાર છે. આ ઈમામ અવઝાઈ તથા ઈબ્ને મુન્ઝરનો મઝહબ છે. અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગોનો) આ સિવાય અન્ય કોઈ મઝહબ નથી. એટલા માટે ગૈર મુકલ્લિદોનો એ કૌલ હાથ છાતી પર બાંધવામાં આવે એ અસ્લાફના મઝહબથી ખારિજ (આઉટ) તથા તેમની ઈજમાઅ એકમતિની વિરૂધ્ધ છે. એના પર ગૈર મુકલ્લિદો વાઈલ બિન હજરની હદીષથી સનદ લાવે છે, જેમાં એવું છે કે તેમણે નબી ﷺને જોયા કે જમણો હાથ ડાબા હાથ પર રાખ્યો પછી તેને છાતી પર રાખ્યો. એને ઈમામ બયહકીએ પોતાની સુનનમાં બે તરીકાથી વર્ણન કર્યો, બંનેવ મજરૂહ (પકડ કરવામાં આવેલ) છે. એ જ પ્રમાણે એ સહીહ ઈબ્ને ખુઝૈમામાં પણ છે, પણ તે પણ મતઊન (ટીકા કરવામાં આવેલ) છે. ઈમામ શાફઈની દલીલ હઝરત જરીરની હદીષ (અબૂ દાઊદ–૧)થી છે. તે કહે છે કે મેં હઝરત અલીને જોયા કે તે ડાબા હાથના કાંડાને જમણા હાથથી પકડેલ હતા ડૂંટીની ઉપર. પણ આ બંનેવ હદીષો દલીલમાં આપવા પાત્ર નથી. પ્રથમ હદીષ બદર શુજાઅ બિન અલવલીદ અન અબી તાલૂત અબ્દુસ્સલામ બિન અબી હાઝિમ એકલા રિવાયત કરે છે. એના બારામાં અલ્લામા ઈબ્ને હજરે મુકદમામાં અને ઈમામ ઝહબીએ મીઝાનમાં ફર્માવ્યું, **لين الحديث** છે મુત્કિન (મજબૂત) નથી. એ જ પ્રમાણે હઝરત સઈદ બિન જુબૈરના અષર (કૌલ) પર પણ (કલામ) ચર્ચા કરવામાં આવી છે એટલા માટે એ એહતેજાજને પાત્ર નથી. વળી એ તાબઈ છે અને હઝરત ઈમામે આ'ઝમ પણ તાબઈનમાંથી છે એટલા માટે બંને કથનો સમાન થઈ ગયાં. આગળ આવી ચૂક્યું કે હઝરત ઈમામે આઝમે ફર્માવ્યું, તાબઈનથી અમે મતભેદ કરીએ છીએ અને તે અમારાથી.

**અમારી દલીલ** : અબૂ દાઊદ, ઈબ્ને અરબીની રિવાયતથી તથા મુસ્નદે ઈમામ અહમદ (૧/૧૧૦)માં છે કે હઝરત અલીએ ફર્માવ્યું, નમાઝમાં હથેળીને હથેળી પર ડૂંટીની નીચે રાખવું સુન્નત છે. અને એમાં જ છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ ફર્માવ્યું, નમાઝમાં હથેળીઓને હથેળીઓ પર ડૂંટીની નીચે પકડવી. આ બંનેવ હદીષોના એક રાવી અબ્દુર્રહમાન બિન ઈસ્હાક કૂફી ઝઈફ છે.

ઈબ્ને હઝમે મુહલ્લીમાં તઅલિકન્ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કર્યું કે તેમણે ફર્માવ્યું, નબુવ્વતના અખ્લાકમાંથી ત્રણ ચીજો છે : ઈફતારમાં જલ્દી કરવી, સહરીમાં મોડુ કરવું, નમાઝમાં ડૂટી નીચે જમણા હાથને ડાબા પર રાખવો. એના પર કોઈ કલામ (ચર્ચા) નથી કરવામાં આવી એટલા માટે એ સહીહ છે. એના પર અહનાફ (હનફીઓ)નો અમલ છે.

**સમજૂતી : ૪૭૬**

**સામ્યતા** : અહીં પ્રકરણ એ છે : નમાઝમાં ખુશૂઅનું બયાન. ખુશૂઅના વિવિધ અર્થો વર્ણન કરવામાં આવ્યા છે. નમ્રતા તથા આજીજી કરવી, ડરવું. હઝરત અલીએ ફર્માવ્યું, ખુશૂઅ દિલમાં હોય છે અને એ કે મો'મિન સાથે

عَلَيْهِ وَسَلَّمَ قَالَ اَقِيْمُوا الرُّكُوْعَ وَالسُّجُوْدَ فَوَاللّٰهِ اِنِّیْ لَاَرَاكُمْ مِّنْ بَعْدِیْ وَ

સારી રીતે કરો ! બખુદા ! હું મારી પાછળ, અને કદી એ કહેતા, પીઠ પાછળથી જોઉં છું જ્યારે

رُبَّمَا قَالَ مِنْ بَعْدِ ظَهْرِیْ اِذَا رَكَعْتُمْ وَسَجَدْتُّمْ ـ ع

તમે રુકૂઅ તથા સજદા કરો છો." (બુખારી ૧/૧૦૨ અઝાન, મુસ્લિમ–સલાત)

## حديث ٤٧٧

**[હદીષ : ૪૭૭]**

عَنْ اَنَسٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ અને અબૂબક્ર તથા ઉમર **الحمد لله رب العالمين** થી

وَاَبَابَكْرٍ وَّعُمَرَ كَانُوْا يَفْتَتِحُوْنَ الصَّلٰوةَ بِالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ ع

નમાઝ શરૂ કરતા હતા." (બુખારી ૧/૧૦૩ અઝાન, મુસ્લિમ, નિસાઈ–સલાત)

નમ્ર વર્તાવ કરે અને આમતેમ ન જુએ. ઈમામ મુજાહિદે ફર્માવ્યું, નજર નીચી રાખવી તથા બાવડાં ઝુકાવેલ રાખવાં. હઝરત અમ્ર બિન દીનારે ફર્માવ્યું, રુકૂઅ તથા સજદાઓનું નામ ખુશૂઅ નથી, સુકૂન તથા ઉમદા હાલતનું નામ છે. ઈબ્ને સીરીને ફર્માવ્યું, સજદાની જગાએથી નજર ન હટાવવી. એક કૌલ એ છે કે નમાઝમાં એકદમ સંપૂર્ણપણે ધ્યાનિત થવું, અને ખુદા સિવાય અન્યથી અલિપ્ત થવું. અબૂબક્ર વાસેતીએ કહ્યું, સાચા દિલથી અલ્લાહના માટે નમાઝ પઢવી કોઈ બદલા વિના. ખુશૂઅના આ વિવિધ અર્થોમાંથી એક એ પણ છે જે હઝરત અમ્ર બિન દીનારે બતાવ્યો કે, સુકૂન તથા ઉમદા હાલતનું નામ છે. જ્યારે નમાઝી સહીહ તરીક઼ાથી રુકૂઅ તથા સિજદા કરશે તો સારી સ્થિતિ થશે, એનો આ હદીષમાં હુકમ આપવામાં આવ્યો છે. આ હદીષનો અંતિમ હિસ્સો વર્ણન થઈ ચૂક્યો છે.

**સમજૂતી : ૪૭૭**

અહનાફનો આ જ હદીષ પર અમલ છે કે જહરી નમાઝોમાં બુલંદ અવાજથી ક઼િર્અત અલ્હમ્દથી શરૂ કરે છે. બિસ્મિલ્લાહ ધીમેથી પઢે છે, શાફઈઓથી વિરૂધ્ધ કે તેઓ બિસ્મિલ્લાહથી જ બુલંદ અવાજથી જહરી નમાઝોમાં ક઼િર્અત કરે છે. શાફઈઓની દલીલ બીજી હદીષો છે, જેમાં એ મઝકૂર છે કે નમાઝ શરૂ કરી તો બિસ્મિલ્લાહ પઢયું. આ સર્વ હદીષો મજરૂહ છે અને સહીહ હોવાની તક઼દીર પર એમની તાવીલ એ છે કે અમે બિસ્મિલ્લાહ પઢવાનો ક્યારે ઈન્કાર કરીએ છીએ ? અમને તો મોટા અવાજે પઢવાથી ઈન્કાર છે. રહી ગયું એ કે જો બિસ્મિલ્લાહ આહિસ્તા પઢી તો રાવીને કઈ રીતે ખબર પડી ? એનો જવાબ એ છે કે બીજી દુઆઓ જ એકમતિએ આહિસ્તા પઢવામાં આવે છે અને હદીષના રાવીઓ રિવાયત કરે છે તેનો કઈ રીતે ઈલ્મ થયો ? શક્ય છે તાલીમથી માલૂમ પડયું હોય. શક્ય છે કે ખૂબ જ નજીક રહ્યા હોય અને સાંભળી લીધું હોય.

અમુક રિવાયતોમાં એ પણ છે કે બિસ્મિલ્લાહ મોટા અવાજે પઢી. આ રિવાયતો સહીહ નથી. આ મતભેદ તેની શાખ છે કે બિસ્મિલ્લાહ સૂરએ ફાતિહાનો જુઝ (ભાગ) છે કે નહીં ? ઈમામ શાફઈનો મસ્લક એ છે કે એ

# حديث ٤٧٨

**[હદીષ : ૪૭૮]**

حَدَّثَنَا اَبُوهُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ અમને હદીષ બયાન કરી કે રસૂલુલ્લાહ ﷺ તકબીર તથા*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَسْكُتُ بَيْنَ التَّكْبِيْرِ وَبَيْنَ الْقِرَاءَةِ

*કિ઼રાઅતના દરમ્યાન કાંઈક મૌન રહેતા. અબૂઝરે કહ્યું કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મેં અર્ઝ કરી*

اِسْكَاتَةً قَالَ اَحْسِبُهٗ قَالَ هُنَيَّةً فَقُلْتُ بِاَبِىْ اَنْتَ وَاُمِّىْ يَارَسُوْلَ

*મારાં માબાપ આપના પર કુર્બાન ! તકબીર તથા કિ઼રાઅતના વચ્ચે મૌન વખતે શું પઢો છો ? ફર્માવ્યું, આ*

اللّٰهِ اِسْكَاتُكَ بَيْنَ التَّكْبِيْرِ وَبَيْنَ الْقِرَاءَةِ مَا تَقُوْلُ قَالَ اَقُوْلُ اَللّٰهُمَّ

*પ્રમાણે પઢુ છું : હે અલ્લાહ ! મારા તથા ગુનાહોની વચ્ચે એટલી દૂરી કરી આપ જેટલી પૂર્વ તથા પશ્ચિમના*

સૂરએ ફાતિહાનો ભાગ છે એટલા માટે સૂરએ ફાતિહાની સાથે એને પણ બુલંદ અવાજથી પઢે. આપણે ત્યાં બિસ્મિલ્લાહ સૂરએ ફાતિહાનો ભાગ નથી એટલા માટે આપણે તેને ધીમેથી પઢીએ છીએ. એ જ હઝરત સુફયાન ષૌરી, ઈમામ અહમદ અને ઈસ્હાક઼નો પણ મઝહબ છે જેને ઈમામ મુસ્લિમે (૧/૧૭૦ સલાત) રિવાયત કરી. તે કહે છે કે નબી ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ عزوجل ફર્માવે છે કે મેં નમાઝ (સૂરએ ફાતિહા)ને મારા તથા મારા બંદાઓની વચ્ચે અડધો અડધ વહેંચી આપી છે. અને મારો બંદો જે માગે તે તેને મળશે. જ્યારે બંદાએ કહ્યું, સર્વ પ્રશંસાઓ અલ્લાહના જ માટે છે જે સર્વ આલમનો પાલનહાર છે તો અલ્લાહ عزوجل એવું ફર્માવે છે : મારા બંદાએ મારી હમ્દ કરી. તેમજ મુસ્લિમ (૧/૨૧૯ મસાજિદ) તથા તહાવી (૧/૯૮)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે તેમણે કહ્યું, રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે બીજી રકાતથી ઉઠતા તો અલ્હમ્દથી શરૂ કરતા મૌન રહેતા. તેમજ મુસ્લિમ (૧/૧૯૪ સલાત)માં જ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ નમાઝને તકબીરથી અને કિ઼રાઅતને અલ્હમ્દથી શરૂ કરતા. બિસ્મિલ્લાહ જે રીતે સૂરએ ફાતિહાનો હિસ્સો નથી એ જ રીતે કોઈ સૂરતનો હિસ્સો નથી. અલ્બત્ત કુર્આનનો હિસ્સો છે જે સૂરતોમાં ફરક કરવા માટે નાઝિલ થયો છે. ઈમામ માલિકનો પણ એ જ મસ્લક છે કે એ સૂરએ ફાતિહાનો ભાગ નથી. બંને પક્ષોની દલીલો તથા જવાબોનો તફસીરની કિતાબો તેમજ બુખારીની શરહો ખાસ કરીને ઉમ્દતુલ કા઼રીમાં અભ્યાસ કરી શકાય છે.

**સમજૂતી : ૪૭૮**

هُنَيَّةٌ : આ هَنُوَةٌની તસ્ગીર (તુકારવાચક) هُنَيْوَةٌ છે. **વાવ-યા** ભેગા થયા જેમાં પ્રથમ સાકિન હતો. **વાવ** ને **યા** થી બદલીને ઈદગામ કરી દીધુ هُنَيَّةٌ થઈ ગયું. بابى انت وامى **બા** (باء)નો મુતઅલ્લિક઼ મહઝૂફ છે અથવા તો ઈસ્મ, એટલે مَفْدِىٌّ અથવા ફેઅલ. હવે તક઼દીર આ પ્રમાણે થઈ فَدَيْتُكَ باب بى وامى. અહનાફને ત્યાં આ વાક્ય દરેક મો'મિનના માટે બોલી શકાય છે. એમાં કોઈ કરાહત પણ નથી.

بَاعِدْ بَيْنِيْ وَبَيْنَ خَطَايَايَ كَمَا بَاعَدْتَ بَيْنَ الْمَشْرِقِ وَالْمَغْرِبِ

*વચ્ચે છે. હે અલ્લાહ ! મને ખતાઓથી એ પ્રમાણે પાક કરી આપ જેવી રીતે સફેદ કપડુ*

اَللّٰهُمَّ نَقِّنِيْ مِنَ الْخَطَايَا كَمَا يُنَقَّى الثَّوْبُ الْاَبْيَضُ مِنَ الدَّنَسِ اَللّٰهُمَّ

*મેલથી સાફ થાય છે. હે અલ્લાહ ! મારી ખતાઓને પાણી,*

اِغْسِلْ خَطَايَايَ بِالْمَاءِ وَالثَّلْجِ وَالْبَرَدِ

*બરફ તથા કરાઓથી ધોઈ આપ." (બુખારી ૧/૧૦૩ અઝાન, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)*

## حديث ۴۷۹

**[હદીષ : ૪૭૯]**

عَنْ اَسْمَاءَ بِنْتِ اَبِيْ بَكْرٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત અસ્મા બિન્તે અબૂબક رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ એ સૂર્યગ્રહણની નમાઝ પઢી.*

عَلَيْهِ وَسَلَّمَ صَلّٰى صَلٰوةَ الْكُسُوْفِ فَقَامَ فَاَطَالَ الْقِيَامَ ثُمَّ رَكَعَ فَاَطَالَ الرُّكُوْعَ

*હુઝૂરે ક઼યામ કર્યો તો ક઼યામને લંબાવ્યો પછી રુકૂઅ કર્યો તો રુકૂઅને લંબાવ્યો. પછી ઉભા થયા તો ક઼યામને*

હુઝૂરે અક઼દસ ﷺનું આ દુઆ પઢવું ક્યાં તો ઉમ્મતની તા'લીમ માટે હતું. અથવા નમ્રતાના રૂપે અથવા મુરાદ તે **زَلَّات** છે જે હુઝૂરે અક઼દસ ﷺની ઉચ્ચ તથા આ'લા શાનના મુનાસિબ ન હતી. જેમ કે કહેવામાં આવ્યું છે :- **حسنات الابرار سيّاٰتُ المُقرَّبِين** –:

આપણે ત્યાં અફઝલ એ છે કે આ દુઆના બદલે **سبحانك اللّٰهم** પઢે, જેમ કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી અબૂ દાઊદ, તિર્મિઝી તથા ઈબ્ને માજહમાં મરવી છે. ઈમામ હાકિ઼મે પણ અબૂ દાઊદ તથા તિર્મિઝીની સનદની સાથે એને રિવાયત કરીને ફર્માવ્યું, એના બારામાં આનાથી અધિક સહીહ અન્ય કોઈ હદીષ મને યાદ નથી. તેમજ હઝરત ઉમર رضی اللہ عنہથી પણ મરવી છે કે તે એને પઢતા હતા. તેમજ તિર્મિઝીમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે નબી ﷺ જ્યારે નમાઝના માટે ઉભા થતા તો તકબીર પછી **سبحانك اللّٰهم**પઢતા. ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું, આ પ્રકરણમાં હઝરત અલી તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ તથા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા, હઝરત જુબેર બિન મુત્ઈમ તથા ઈબ્ને ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી પણ હદીષ આવી છે. ફર્ઝોમાં કેવળ આટલા પર જ સંતોષ કરો, એટલા માટે કે ફર્ઝોનો આધાર ટૂંકાણ પર છે, નફલોમાં અધિકાર છે, ચાહો તો સર્વ દુઆઓ પઢો.

**સમજૂતી : ૪૭૯**

**كسوف** : સૂરજગ્રહણ, **خسوف** ચંદ્રગ્રહણ ક્યારેક ક્યારેક એકને બીજા પર બોલી દેવામાં આવે છે. એક ક઼ૌલ એ છે કે જો ગ્રહણ ચાંદ તથા સૂરજના કાંઈક હિસ્સામાં થાય તો સૂર્યગ્રહણ છે અને પૂર્ણપણે થાય તો ચંદ્રગ્રહણ છે.

ثُمَّ قَامَ فَاَطَالَ الْقِيَامَ ثُمَّ رَكَعَ فَاَطَالَ الرُّكُوْعَ ثُمَّ رَفَعَ ثُمَّ سَجَدَ

લંબાવ્યો, પછી રુકૂઅ કર્યો તો રુકૂઅને લંબાવ્યો. પછી માથુ ઉઠાવ્યું પછી સજદો કર્યો તો સજદાને લંબાવ્યો.

فَاَطَالَ السُّجُوْدَ ثُمَّ رَفَعَ ثُمَّ سَجَدَ فَاَطَالَ السُّجُوْدَ ثُمَّ قَامَ فَاَطَالَ الْقِيَامَ

પછી માથુ ઉઠાવ્યું પછી સજદો કર્યો તો સજદાને લંબાવ્યો. ફરી ક઼યામ કર્યો તો લાંબો ક઼યામ કર્યો, ફરી રુકૂઅ

ثُمَّ رَكَعَ فَاَطَالَ الرُّكُوْعَ ثُمَّ رَفَعَ فَاَطَالَ الْقِيَامَ ثُمَّ رَكَعَ فَاَطَالَ الرُّكُوْعَ

કર્યો તો રુકૂઅને લંબાવ્યો, ફરી માથુ ઉઠાવ્યું ફરી સજદો કર્યો તો સજદાને લંબાવ્યો. ફરી માથુ ઉઠાવ્યું ફરી સજદો

ثُمَّ رَفَعَ فَسَجَدَ فَاَطَالَ السُّجُوْدَ ثُمَّ رَفَعَ ثُمَّ سَجَدَ فَاَطَالَ السُّجُوْدَ ثُمَّ

કર્યો તો સજદાને લંબાવ્યો. પછી ફારિગ થયા અને ફર્માવ્યું, જન્નત મારાથી નજીક થઈ એટલી કે જો હું ચાહતો

انْصَرَفَ فَقَالَ قَدْ دَنَتْ مِنِّي الْجَنَّةُ حَتّٰى لَوِ اجْتَرَأْتُ عَلَيْهَا لَجِئْتُكُمْ بِقِطَافٍ

તો એના ઝુમખામાંથી કોઈ ઝુમખો તમારી પાસે લાવતો. અને જહન્નમ મારાથી નજીક થઈ એટલી કે હું કહી

مِّنْ قِطَافِهَا وَدَنَتْ مِنِّي النَّارُ حَتّٰى قُلْتُ اِيْ رَبِّ اَوَ اَنَا مَعَهُمْ فَاِذَا امْرَاَةٌ

ઉઠયો, હે પરવરદિગાર ! શું હું તેઓની સાથે છું ?! અચાનક એક સ્ત્રી પર નજર પડી. નાફેએ કહ્યું કે મને એનું

حَسِبْتُ اَنَّهٗ قَالَ تَخْدِشُهَا هِرَّةٌ قُلْتُ مَاشَاْنُ هٰذِهٖ قَالُوْا حَبَسَتْهَا حَتّٰى مَاتَتْ

ગુમાન છે કે (ઈબ્ને અબી મલીકા)એ એવું કહ્યું કે એક બિલાડી તે સ્ત્રી પંજા વડે ચૂંથી રહી છે (હુઝૂરે ફર્માવ્યું) મેં

جُوْعًا لَّا اَطْعَمَتْهَا وَلَا اَرْسَلَتْهَا تَاْكُلُ قَالَ نَافِعٌ حَسِبْتُ اَنَّهٗ قَالَ

પૂછયું, શું આ સ્ત્રીનો શો હાલ છે ? તો લોકોએ બતાવ્યું કે તેણીએ આ બિલાડીને બાંધી દીધી હતી ત્યાં સુધી કે

مِنْ خَشِيْشِ الْاَرْضِ اَوْ خِشَاشِ ع

એ ભૂખથી મરી ગઈ, ન તેને ખવડાવતી ન તેને છોડતી કે જમીનના કીડા મકોડા ખાય લેતી.''

(બુખારી, ૧/૧૦૩ અઝાન, ૧/૩૧૮, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)

لو اجترأتُ نો માદો جرئت છે જેનો અર્થ જસારત (હિંમત) થાય છે, અહીં કેવળ ઈરાદો મુરાદ છે. اجتراء-اجترأتُ

**મસાઈલ** : ગ્રહણ લાગે ત્યારે ઈસ્તિગફાર, ઝિક્ર તથા દુઆ મસ્નૂન છે અને નમાઝ પણ. **સૂર્યગ્રહણની નમાઝ બાજમાઅત સિર્રી ક઼િરાઅતની સાથે બે રકાત છે.** એની **શરતો તે જ છે જે જુમ્આ તથા ઈદોની છે.** ચંદ્રગ્રહણની નમાઝ બે રકાત **એકલા એકલા જહરી ક઼િરાઅત**ની સાથે છે. આ નમાઝ પણ અન્ય નમાઝોની જેમ એક રુકૂઅ તથા બે સજદાઓની સાથે પઢવામાં આવશે. આ હદીષની તાવીલ તથા આપણા મઝહબની દલીલ 'કિતાબુલ કુસૂફ'માં બયાન કરવામાં આવશે.

حدیث ۴۸۰

**[હદીષ : ૪૮૦]**

عَنْ اَبِیْ مَعْمَرٍ قَالَ قُلْنَا لِخَبَّابٍ اَکَانَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

*"અબૂ મઅ્મરથી રિવાયત છે કે તેમણે કહ્યું, અમે હઝરત ખબ્બાબને પૂછયું શું નબી ﷺ*

وَسَلَّمَ یَقْرَءُ فِی الظُّھْرِ وَالْعَصْرِ قَالَ نَعَمْ فَقُلْنَا بِمَ کُنْتُمْ تَعْرِفُوْنَ

*ઝોહર તથા અસ્રમાં ક઼િરાઅત કરતા હતા ? તો તેમણે કહ્યું, હા ! પછી અમે પૂછયું, તમે લોકો એ કેવી રીતે*

ذَاکَ قَالَ بِاِضْطِرَابِ لِحْیَتِہٖ ؏

*માલૂમ કરતા હતા ? તો ફર્માવ્યું, હુઝૂરની દાઢીના હાલવાથી."*

*(બુખારી ૧/૧૦૩ અઝાન, ૧/૧૦૫ ક઼િરાઅત, ૧/૧૦૭ અબૂ દાઊદ, ઈબ્ને માજહ–સલાત)*

حدیث ۴۸۱ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ صَلّٰی لَنَا النَّبِیُّ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી ﷺ એ અમને નમાઝ પઢાવી* **[હદીષ : ૪૮૧]**

**સમજૂતી : ૪૮૦**

હઝરત ખબ્બાબ ઈબ્ને અરત્ત رضی اللہ عنہ જાહિલિયતના (ઈસ્લામ પહેલાનાં) સમયમાં કેદ થઈ ગયા. તેમને એક ખઝાઈ સ્ત્રીએ ખરીદી લીધા. એ ઈસ્લામ લાવનારાઓમાં સાબિક઼ીને અવ્વલીનમાંથી છે. એમનો ઈસ્લામ સ્વીકાર કરવામાં છટ્ઠો નંબર છે. ગુલામ તથા નિરાધાર હોવાના કારણે તેમને મક્કાના જાલિમોએ સખ્તથી સખ્ત તકલીફો આપી. સળગતા અંગારાઓ પર સૂવાડયા જેનાથી તેમની પીઠ મુબારક પર ડાઘ પડી ગયા હતા જે જીવનભર અડગતાના નિશાન રહ્યાં. આમ ગઝવાતમાં શરીક રહ્યા. હિ. ૪૮ માં કૂફામાં વિસાલ કર્યો. જંગે સિફ્ફીનથી પરત થયા પછી આ પ્રથમ શખ્સ છે જેમની જનાઝાની નમાઝ હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પઢી. તેમના થકી ૩૨ હદીષ રિવાયત પામી. પાંચ બુખારીએ રિવાયત કરી.

**મસાઈલ** : ફર્ઝોની પ્રથમ બે રકાતોમાં સૂરએ ફાતિહાની સાથે સાથે અધિક ક઼િરાઅત પણ વાજિબ છે. કેટલાક લોકોએ એ હદીષથી એના માટે દલીલ કરી એઓમાં ઈમામ બુખારી પણ છે, જેમ કે આગળ તેઓ એના પર આ પ્રકરણ રચશે "ઝોહરમાં ક઼િરાઅત, અસ્રમાં ક઼િરાઅત પણ દાઢી મુબારકની હરકતથી ક઼િરાઅત પર દલીલ કરવું દુરુસ્ત નથી. શક્ય છે કે ક઼િરાઅતના બદલે તસ્બીહ, ઝિક્ર તથા દુઆ પઢતા રહ્યા હોય. એની સાબિતી હદીષોથી છે જે આગળ આવી રહી છે.

**સમજૂતી : ૪૮૧**

**સામ્યતા** : પ્રકરણ સાથે સામ્યતા એ રીતે છે કે આ હદીષથી સાબિત કે હુઝૂરે અક઼દસ ﷺ એ નમાઝની હાલતમાં જન્નત તથા દોઝખને જોઈ. તો જયારે જન્નત તથા દોઝખને જોવું જાઈઝ તો ઈમામને જોવું એથી અધિક કક્ષાએ જાઈઝ. **منذ صلیت**થી મુરાદ એ છે કે જયારે હું હમણા નમાઝ પઢાવી રહ્યો હતો. એટલે કે જન્નતને જોવું

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ رَقِيَ الْمِنْبَرَ فَأَشَارَ بِيَدَيْهِ قِبَلَ قِبْلَةِ

પછી મિમ્બર પર તશરીફ લઈ ગયા અને પોતાના બંનેવ હાથો વડે મસ્જિદના ક઼િબ્લાની તરફ ઈશારો કર્યો

الْمَسْجِدِ ثُمَّ قَالَ لَقَدْ رَأَيْتُ الْآنَ مُنْذُ صَلَّيْتُ لَكُمُ الصَّلٰوةَ الْجَنَّةَ وَالنَّارَ

અને ફર્માવ્યું, હમણા જ્યારે હું તમને નમાઝ પઢાવી રહ્યો હતો જન્નત તથા દોઝખને તેની મિષાલી શક્લની સાથે

مُمَثَّلَتَيْنِ فِيْ قِبْلَةِ هٰذَا الْجِدَارِ فَلَمْ أَرَ كَالْيَوْمِ فِي الْخَيْرِ وَالشَّرِّ ثَلٰثًا ؏

આ ક઼િબ્લાની દીવાલમાં જોઈ. મેં જેવું સારુ તથા ખરાબ આજે જોયું તેવુ કદી નથી જોયું. ત્રણવાર ફર્માવ્યું."

(બુખારી ૧/૧૦૩ અઝાન, ૨/૯૫૭)

## حدیث ۴۸۲

**[હદીષ : ૪૮૨]**

أَنَّ أَنَسَ بْنَ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ حَدَّثَهُمْ قَالَ قَالَ النَّبِيُّ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَا بَالُ أَقْوَامٍ يَرْفَعُوْنَ أَبْصَارَهُمْ إِلَى السَّمَاءِ فِيْ صَلٰوتِهِمْ

فَاشْتَدَّ قَوْلُهُ فِيْ ذَالِكَ حَتّٰى قَالَ لَيَنْتَهُنَّ عَنْ ذَالِكَ أَوْ لَتُخْطَفَنَّ أَبْصَارُهُمْ ؏

નમાઝની હાલતમાં હતું. **ممثلتين** એનાથી મુરાદ એ છે કે જન્નત દોઝખ પોતાની મિષાલી વજૂદની સાથે મારી સમક્ષ રજૂ કરવામાં આવી, જેમ કે હઝરત જિબ્રઈલ કદીક દહીયા કલબીના સ્વરૂપમાં કદી ગામડિયાના સ્વરૂપમાં હાજર થતા, તો જેવા આ રૂપમાં પણ હઝરત જિબ્રઈલ, હઝરત જિબ્રઈલ જ હતા એવી જ રીતે અહીં ખરેખર જન્નત તથા દોઝખ જ હતી ન કે કેવળ તેમની તસ્વીર. એના પર દલીલ હઝરત અસ્મા તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષ છે કે જો હું ચાહું તો જન્નતનો એક ઝુમખો લઈ લેતો, અને જો લઈ લેત તો તમે ક઼યામત સુધી એમાંથી ખાતા. તસ્વીરથી આ વાત ક્યાં ઉપલબ્ધ થશે ?!

**સમજૂતી : ૪૮૨**

**અહકામ (હુકમો)** : નમાઝમાં આકાશની તરફ જોવું આ હદીષના કારણે મકરૂહ છે, રહી ગયું નમાઝની બહાર દુઆઓમાં. તો ક઼ાઝી શુરેહ વગેરેએ એને પણ મકરૂહ ફર્માવ્યું, પણ મોટાભાગના એને વિના કરાહત જાઈઝ લખે છે. તેમનું કહેવું એ છે કે જેવી રીતે નમાઝનો ક઼િબ્લો કા'બા છે એવી રીતે દુઆનો ક઼િબ્લો આસ્માન છે. નમાઝમાં આંખો મીંચી લેવી આપણે ત્યાં મકરૂહ છે, એટલા માટે કે એ સુન્નતની વિરૂધ્ધ છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે નબી ﷺ નમાઝ શરૂ કર્યા બાદ કેવળ સજદાની જગાએ નજર મુબારક રાખતા.

## حدیث ۴۸۳

[હદીષ : ૪૮૩]

عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا قَالَتْ سَأَلْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

''ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને નમાઝમાં આમતેમ

عَنِ الْاِلْتِفَاتِ فِی الصَّلٰوۃِ فَقَالَ ھُوَ اخْتِلَاسٌ یَّخْتَلِسُہُ الشَّیْطَانُ مِنْ صَلٰوۃِ الْعَبْدِ عہ

જોવાના બારામાં પૂછ્યું તો ફર્માવ્યું, એ શૈતાનનો હિસ્સો છે જે બંદાની નમાઝ ઊચકી લે છે.''

(બુખારી ૧/૧૦૪ અઝાન, ૧/૪૬૫, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)

## حدیث ۴۸۴

[હદીષ : ૪૮૪]

عَنْ جَابِرِ بْنِ سَمُرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ شَکٰی اَھْلُ الْکُوْفَۃِ سَعْدًا

''હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ એ કહ્યું કૂફાવાળાઓને હઝરત સઅદ બિન વક્કાસની

اِلٰی عُمَرَ فَعَزَلَہٗ وَاسْتَعْمَلَ عَلَیْھِمْ عَمَّارًا فَشَکَوْا حَتّٰی ذَکَرُوْا اَنَّہٗ لَا یُحْسِنُ یُصَلِّیْ فَاَرْسَلَ

હઝરત ઉમરથી શિકાયત કરી તો હઝરત ઉમરે તેમને બરતરફ કરી દીધા. પછી હઝરત અમ્મારને વાલી

(નોંધ : દુઆમાં પણ આસ્માન બાજુ ન જોવું જોઈએ. જેમ કે અલ્લામા નક઼ી رحمۃ اللہ علیہ એ અસ્રારુલ અહકામમાં લખ્યું છે. –મિસ્બાહી)

### સમજૂતી : ૪૮૩

**اختلاس:** જબરદસ્તી કોઈ ચીજને જલ્દીથી લઈ લેવી. આ મસ્દર ઈસ્મે મફઊલના અર્થમાં છે. નમાઝમાં આમતેમ જોવું મકરૂહે તન્ઝીહી છે, જ્યારે કે કેવળ ચહેરો આમતેમ ફેરવે અને જો પૂરું શરીર ફરી ગયું તો નમાઝ તૂટી જશે.

### સમજૂતી : ૪૮૪

**કૂફા :** નો અર્થ રેતીની ગોળ ટેકરી છે. એ જ્યાં આબાદ છે ત્યાં પહેલાં એ ગોળ ટેકરી હતી એટલા માટે એનું નામ કૂફા પડયું. કેટલાક લોકોએ કહ્યું કે ''કોહે સાનીદ'' એને ઘેરેલ છે એટલા માટે એને કૂફા કહેવાવા લાગ્યું. એને કાદસિયાની ફતહ પછી હિ.સ. ૧૭માં હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના હુકમથી હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہ એ વસાવ્યું હતું. અહીં એક હજાર પચાસ સહાબા આવીને વસ્યા જેમાં ૩૦૦ સહાબા બયઅતે રિદવાન અને ૭૦ બદરી સહાબા હતા. મુહમ્મદ ઈબ્ને સઅદે કહ્યું, અહીં હઝરત નૂહ علیہ السلام સ્થાયી થયા હતા અને એની મસ્જિદ એમની જ બાંધેલી છે. યાકૂબીએ કહ્યું, આ ઈરાક઼નું સૌથી મોટુ શહેર છે જે કુબ્બતુલ ઈસ્લામ છે. બગદાદથી એનું અંતર ૯૦ માઈલ છે. આ જ તે મહત્વનું સ્થળ છે જેને હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ પોતાનું

إِلَيْهِ فَقَالَ يَا أَبَا إِسْحَاقَ إِنَّ هٰؤُلَاءِ يَزْعُمُونَ أَنَّكَ لَا تُحْسِنُ تُصَلِّيْ قَالَ أَمَّا

બનાવ્યા. કૂફાવાળાઓએ શિકાયત કરી ત્યાં સુધી કે એ પણ વર્ણન કર્યું કે તેઓ સારી રીતે નમાઝ પણ

أَنَا وَاللّٰهِ فَإِنِّيْ كُنْتُ أُصَلِّيْ بِهِمْ صَلٰوةَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

નથી પઢતા. હઝરત ઉમરે તેમને પોતાની પાસે બોલાવ્યા અને પૂછયું, હે અબૂ ઈસ્હાક઼ ! આ લોકો ગુમાન

مَا أَخْرِمُ عَنْهَا أُصَلِّيْ صَلٰوةَ الْعِشَاءِ فَأَرْكُدُ فِي الْأُوْلَيَيْنِ وَأُخِفُّ فِي الْأُخْرَيَيْنِ

કરે છે કે તમે સારી રીતે નમાઝ નથી પઢતા ? તેમણે જવાબ આપ્યો, બખુદા ! હું તેમને રસૂલુલ્લાહ ﷺની

قَالَ ذَاكَ الظَّنُّ بِكَ يَا أَبَا إِسْحٰقَ فَأَرْسَلَ مَعَهُ رَجُلًا أَوْ رِجَالًا إِلَى الْكُوْفَةِ يَسْأَلُ

નમાઝ પઢાવતો હતો, એમાં કાંઈ પણ કમી કરતો ન હતો. હું ઈશાની નમાઝ પઢાવતો હતો તો પ્રથમ

عَنْهُ أَهْلَ الْكُوْفَةِ وَلَمْ يَدَعْ مَسْجِدًا إِلَّا سَأَلَ عَنْهُ وَيُثْنُوْنَ عَلَيْهِ مَعْرُوْفًا حَتّٰى دَخَلَ

બે રકાતોને લાંબી કરતો હતો અને અંતિમ બે રકાતોને ટૂંકાવીને પઢતો હતો. હઝરત ઉમરે ફર્માવ્યું,

مَسْجِدًا لِبَنِيْ عَبْسٍ فَقَامَ رَجُلٌ مِّنْهُمْ يُقَالُ لَهٗ أُسَامَةُ بْنُ قَتَادَةَ يُكْنٰى أَبَا سَعْدَةَ

તમારા બારામાં આ જ ગુમાન હતું હે અબૂ ઈસ્હાક઼ ! હવે એમની સાથે એક શખ્સ અથવા અમુક માણસોને

فَقَالَ أَمَّا إِذْ نَشَدْتَنَا فَإِنَّ سَعْدًا كَانَ لَا يَسِيْرُ بِالسَّرِيَّةِ وَلَا يَقْسِمُ بِالسَّوِيَّةِ وَلَا يَعْدِلُ

કૂફા મોકલ્યા કે હઝરત સઅદના બારામાં કૂફાવાળાઓથી પૂછે, જનારાઓએ કોઈ મસ્જિદ ન છોડી જ્યાં

કેપિટલ (પાટનગર) બનાવ્યું અને અહીં જ વિસાલ ફર્માવ્યો. એ શિકાયત કૂફાના અમુક ગમારોએ કરી હતી જેમ કે મુસ્લિમ (૧/૧૮૬ સલાત)ની રિવાયતમાં છે કે હઝરત સઅદે ફર્માવ્યું, ગમારો મને નમાઝ શીખવાડશે !

**સઅદ્** : કાદસિયાની ફતહ પછી હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તેમને કૂફાના વાલી બનાવ્યા જેમ કે મદીના તયબાહમાં હમેશાં કેટલાક મુનાફિકો રહ્યા એ જ પ્રમાણે કૂફામાં પણ હમેશાં અમુક બદમાશ તત્વો હતા. તેમણે હઝરત સઅદની ખિલાફતના દરબારમાં ફરિયાદ કરી, જેમની સંખ્યા ચાર પાંચ બદ્માશોથી વધુ હતી. એના પર હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તેમને બરતરફ કરી દીધા અને મદીના તયબાહ બોલાવ્યા અને પૂછતાછ કરી કે તમારી દરેક વાતમાં લોકોએ ફરિયાદ કરી, ત્યાં સુધી કે નમાઝમાં પણ. પણ તેહકીક કર્યા પછી સર્વ શિકાયતો ગલત સાબિત થઈ તો હઝરત ફારૂકે આ'ઝમે તેમને ફર્માવ્યું, મારું ગુમાન તમારા બારામાં આ જ હતું અને પોતાની વસિયતમાં ફર્માવ્યું, મેં સઅદને ગેરલાયકાત તથા ખયાનતના કારણે બરતરફ નથી કર્યા. હઝરત સઅદને કૂફાના ગવર્નર હિ.સ. ૧૭માં બનાવવામાં આવ્યા અને હિ.સ. ૨૧માં બરતરફ કરવામાં આવ્યા.

**صلوٰة العشاء** : અહીં જુર્જાની સિવાય સૌની રિવાયતો صلوٰة સેગાએ વાહિદ (એકવચન સૂચક)ની સાથે અને العشاءની સાથે છે. અલ્બત્ત જુર્જાનીની રિવાયત અહીં પણ العشاءને બદલે العَشِی છે. અલ્બત્ત એના પછી "બાબુલ કિરઅત ફીઝઝુહ્રવલઅસ્ર"માં صلوٰتي العشی છે, એટલે 'સલાત' સેગાએ તસ્નિયહ્ની સાથે العشاءને

فِي لقَضِيَّةِ قَالَ سَعْدٌ أَمَا وَاللهِ لَأَدْعُوَنَّ بِثَلَاثٍ اَللّٰهُمَّ إِنْ كَانَ عَبْدُكَ هٰذَا

*એમના બારામાં ન પૂછયું હોય, અને લોકો એમની ખૂબી જ બયાન કરતા, ત્યાં સુધી કે બની અબસની*

كَاذِبًا قَامَ رِيَاءً وَسُمْعَةً فَأَطِلْ عُمُرَهُ وَأَطِلْ فَقْرَهُ وَعَرِّضْهُ بِالْفِتَنِ وَكَانَ بَعْدُ إِذَا

*મસ્જિદમાં ગયા તો એમનામાં એક શખ્સ ઉભો થયો જેનુ નામ ઓસામા બિન કતાદા હતું. તેની કુન્નિયત*

سُئِلَ يَقُولُ شَيْخٌ كَبِيرٌ مَفْتُونٌ أَصَابَتْنِي دَعْوَةُ سَعْدٍ قَالَ عَبْدُ الْمَلِكِ فَأَنَا رَأَيْتُهُ بَعْدُ

*અબૂ સઅદહ્ હતી. તેણે કહ્યું, સાંભળો ! જ્યારે તમે કસમ અપાવી દીધી છે તો સાંભળો ! સઅદ લશ્કરની*

قَدْ سَقَطَ حَاجِبَاهُ عَلَى عَيْنَيْهِ مِنَ الْكِبَرِ وَإِنَّهُ لَيَتَعَرَّضُ لِلْجَوَارِي فِي الطُّرُقِ يَغْمِزُهُنَّ

*સાથે જતા ન હતા, માલ બરાબર વહેંચતા ન હતા, અને ફેંસલામાં ઈન્સાફ કરતા ન હતા. હઝરત સઅદે કહ્યું, સાંભળો ! બખુદા ! હું ત્રણ દુઆઓ કરીશ, હે અલ્લાહ ! જો આ તારો બંદો જૂઠો છે અને નામના તથા દેખાડો કરવા ઉભો થયો છે તો એની ઉમર લાંબી કર અને તેની તંગદસ્તીને લાંબી કર અને તેને ફિત્નાઓમાં સપડાવ. ત્યારબાદ જ્યારે તેને પૂછવામાં આવતુ તો કહેતો, ફિત્નામાં સપડાયેલ વૃદ્ધ છું, મને સઅદની બદ દુઆ લાગી ગઈ છે. અબ્દુલમલિકે કહ્યું, મેં એને એના બાદ જોયો છે, બુઢાપાના કારણે તેનાં ભવાં ઢળી પડયાં હતાં અને તે રસ્તામાં લોંડીઓને છેડતો, તેમના પર હાથ લંબાવતો."*

*(બુખારી ૧/૧૦૪ અઝાન, ૧/૧૦૫, ૧/૧૦૬, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)*

બદલે **العشی** છે, એનો અર્થ દિવસની અંતિમ નમાઝો છે. એટલે કે ઝોહર તથા અસ્ર. અને આ જ રિવાયત અરજહમાં છે. અલ્બત્ત કશ્મહીનીની રિવાયત અહીં પણ **العشاء** છે. સર્વ રિવાયતોનો સાર એ થયો કે હઝરત સઅદે ઝોહર તથા અસ્ર અથવા ઈશાની નમાઝના બારામાં બતાવ્યું કે હું એ પ્રમાણે પઢુ છું જેવી રીતે રસૂલુલ્લાહ ﷺ પઢતા હતા. ખાસ કરીને એ નમાઝોના બારામાં એટલા માટે બતાવ્યું કે એ જાહિલોનો એતરાઝ એ જ નમાઝોના બારામાં રહ્યો હશે. અમુક લોકોએ **صلوتی العشاء** ની રિવાયતની સ્પષ્ટતા એ કરી કે એનાથી મુરાદ મગરિબ તથા ઈશા છે, પણ એ હઝરાતે બાદવાળા શબ્દો પર વિચારણા ન કરી કે આવેલ છે : **اخف فی الاخريين**. મગરિબમાં **اخريين** (આખરીન) ક્યાં છે કેવળ એક રકાત છે. **صلوتی العشاء** વાળી રિવાયત અહનાફનું એના બારામાં સમર્થન છે કે ઝોહરનો સમય મિષ્લે ષાની સુધી છે, નહીં તો ઝોહર બપોરની નમાઝ થશે, આખર દિવસની ન થશે.

**اخف فی الاخرين** : એટલે કે બાદવાળી બે રકાતોમાં કિર્અત ટૂંકી કરું છું, એનો એક મતલબ એ પણ છે કે કેવળ સૂરએ ફાતિહા પઢુ છું. જેમ કે હનફીઓનો મસ્લક છે કે ફર્ઝોની આખરની રકાતોમાં કેવળ ફાતિહાનું પઢવું પૂરતુ છે. અહીં કશ્મહીનીની રિવાયત **اَحْذِفُ** છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું, આ હદીષના સર્વ તરીકાઓમાં જેના પર હું વાકેફ થયો આ જ છે. અલ્બત્ત મુહમ્મદ ઈબ્ને કષીરની રિવાયતમાં ઈસ્માઈલને ત્યાં **احزم** છે, **احزم** નો મતલબ **اسرع** છે, એટલે જલ્દી કરું છું. **احذف**નો અર્થ એ છે કે, આખરની રકાતોમાં કિર્અત 'હઝફ' કરી દઉં છું, એટલે કિર્અત નથી કરતો. જેમ કે અહનાફનો મઝહબ છે કે ફર્ઝોની અંતિમ રકાતોમાં કિર્અત નથી,

અને એ કહેવું કે احذفનો મફઊલ મહઝુફુર્રકૂદ છે ખિલાફ જાહેર છે.

**કશ્મીરી મહાશયની પકડ** : અહીં ફયઝુલ બારી ૨/૨૮૧ પર છે કે ઈન્સાફ એ છે કે احذفથી મુરાદ કમ કરવું (તખફીફ) છે. સુબ્હાનલ્લાહ ! 'હઝફ'નો શબ્દ સ્પષ્ટ છે. એના બારામાં 'હઝફ' નિશ્ચિત છે, છતાં તમો શબ્દના સ્પષ્ટ અર્થની વિરૂધ્ધને ઈન્સાફ બતાવી રહ્યા છો ?!

**فارسل معه رجلا اورجالا** : એ મુહમ્મદ બિન મુસ્લિમા હતા જેમ કે સૈફ તથા તિબરીએ વર્ણન કર્યું છે. ઉમ્માલના બારામાં શિકાયતની તેહકીક઼ એમને જ સુપ્રત થયેલી હતી ઈબ્ને તયને નક઼લ કર્યું કે આ સાહબ અબ્દુલ્લાહ બિન અરક઼મ હતા. ઈબ્ને સઅદે મલીહ બિન ઔફ સલ્લમીથી રિવાયત કરી કે હઝરત ઉમરે મને મુહમ્મદ બિન મુસ્લિમાની સાથે એટલા માટે મોકલ્યો હતો કે તેમને રસ્તો બતાવું. શક્ય છે એ ત્રણેવ સાથે સાથે મોકલ્યા હોય એટલા માટે રિવાયતમાં અહીં શક છે.

**بالسرية** : એનો માદ્દો السرى છે જેનો અર્થ નફીસ (ઉમદા) છે એ નાના લશ્કરને કહે છે જેમાં વધુથી વધુ ચારસો વ્યક્તિઓ હોય. કેમ કે નાના લશ્કરમાં ચૂંટેલી વ્યક્તિઓ હોય છે એટલા માટે એને સરિય્યા કહે છે.

**اصابتنى دعوة سعد** : હઝરત સઅદ ઘણા જ મુસ્તજાબુદ્દા'વાત બુઝુર્ગ હતા. તેમને પૂછવામાં આવ્યું કે તમે ક્યારથી મુસ્તજાબુદ્દા'વાત બન્યા ? તો ફર્માવ્યું, ગઝવએ બદરના પ્રસંગે હુઝૂરે અક઼દસ ﷺએ મારા હક્ક઼માં આ દુઆ ફર્માવી : اللّٰهم استجب لسعدٍ "હે અલ્લાહ ! સઅદની દુઆ ક઼બૂલ ફર્માવ." *(ઉમ્દતુલ ક઼ારી ૬/૮)*

**للجوارى** : અમુક અનુવાદકોએ એનો તર્જુમો બાળકીઓ કર્યો પણ એ સહીહ નથી, મુરાદ લોંડીઓ છે. એટલા માટે કે તિબ્રાની તથા અબૂ યઅલાની રિવાયતમાં للاماء જે કનીઝોના અર્થમાં નિશ્ચિત છે.

**يغمزهن** : એનો પણ તર્જુમો અમુક લોકોએ આ પ્રમાણે કર્યો છે કે ઈશારો કરતા હતા, પણ એ સહીહ નથી. અલ્લામા અયનીએ એની શરહમાં ફર્માવ્યું : يعصر اعضاء هن بالاصابع તેમનાં અંગોની ચૂટકી લેતો હતો. એની દલીલ એ છે કે અમુક રિવાયતોમાં આવ્યું છે કે તે આંધળો થઈ ગયો. તેની દસ બાળકીઓ હતી. જ્યારે કોઈ સ્ત્રીને સાંભળતો કે તે હસીન છે તો તેને પકડતો. જ્યારે માર પડતી તો કહેતો, સઅદની દુઆનું પરિણામ છે. એ મુખ્તાર ષક઼ફી કઝ્ઝાબના ફિત્નામાં ક઼ત્લ થયો.

**સામ્યતા** : અહીં પ્રકરણનો વિષય છ મસાઈલ પર આધારિત છે : દરેક નમાઝમાં ઈમામની ક઼િર્અત મુક઼્તદીની ક઼િર્અત, રહેઠાણે પણ અને સફરમાં પણ અને જહરી નમાઝોમાં જહરી અને સિર્રી નમાઝોમાં સિર્રી ક઼િર્અત. આ હદીષનો કેવળ પ્રથમ ભાગ સ્પષ્ટપણે દલીલ પૂરી પાડે છે તેમજ વિષયના પાંચમા ભાગ પર પણ. એટલા માટે કે હઝરત સઅદે પોતાની જે નમાઝને વર્ણન કરી તે રહેઠાણની હાલતમાં હતી. બીજા ભાગને છોડીને બાકીના પર એ દલીલ કરી શકાય છે કે હઝરત સઅદે ફર્માવ્યું, હું એને રસૂલુલ્લાહ ﷺની નમાઝની જેમ પઢાવુ છું. અને એ સાબિત છે કે હુઝૂરે અક઼દસ ﷺ સફરમાં હોય કે મક઼ામ પર દરેક નમાઝમાં ક઼િર્અત કરતા હતા. તેમજ જહરી નમાઝોમાં જહરની સાથે (મોટા અવાજ) અને સિર્રી નમાઝોમાં સિર્રની સાથે (ધીમેથી) ક઼િર્અત કરતા હતા. અલ્બત્ત પ્રકરણનો બીજા ભાગ એટલે મુક઼્તદીની ક઼િર્અત એ આ હદીષના કોઈ ભાગથી સાબિત નથી.

**મસાઈલ** : ૧. આ હદીષમાં احذف فى الأخرين વાળી રિવાયતથી સાબિત થયું કે **ફર્ઝોની પ્રથમ રકાતોમાં ક઼િરાઅત ફર્ઝ છે. અંતમાં ઈખ્તિયાર છે, ચાહે ક઼િરાઅત કરે ચાહે તસ્બીહ પઢે.** આ જ હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી મરવી છે કે ફર્માવ્યું, પ્રથમ રકાતોમાં કુર્આન પઢો અને આખરવાળીમાં તસ્બીહ. જેમ કે ઈબ્ને મુન્ઝરે રિવાયત કરી અને મુસન્નફે અબ્દુર્રઝ્ઝાકમાં છે. અને ઈબ્ને મસઊદ رضی اللہ عنہاથી પણ મરવી છે. (ઉમ્દતુલ ક઼ારી, ૬/૯) ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી પણ આ જ મરવી છે. (૬/૮)

# حديث ٤٨٥

## [હદીષ : ૪૮૫]

## عَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّ

*"હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہ થી રિવાયત છે કે*

**૨.** મુસ્તહબ એ છે કે બાદવાળી રકાતો પહેલી કરતાં ટૂંકી પઢે. અહનાફને ત્યાં એ ફજરની સાથે ખાસ છે. બાકી નમાઝોમાં સમાન ક઼િર્અત હોવી જોઈએ.

**૩.** કેવળ ફરિયાદોના કારણે વિના તેહક઼ીક઼ે આમિલને કોઈ મસ્લેહતના આધાર પર બરતરફ કરવું દુરુસ્ત છે. હઝરત સઅદને બરતરફ કરવામાં મસ્લેહત એ હતી કે ફિત્નો દબાય જાય. અથવા એ મસ્લેહત હતી કે હઝરત ઉમર તેમને મશ્વરાના માટે પોતાની પાસે રાખવા ચાહતા હતા. કેટલાક લોકોએ એવું કહ્યું કે કારણ મૂળ એ હતું કે હઝરત ઉમર કોઈ આમિલને એક જગાએ ચાર વરસથી અધિક રાખતા ન હતા, પણ એ સહીહ નથી. હઝરત મુઆવિયહ હિ.સ. ૧૭ થી શામના વાલી હતા અને હઝરત ઉમરની જિંદગીભર ત્યાંના વાલી રહ્યા, પણ તેમને હોદ્દેથી નથી હટાવાયા. કાશ ! કે એ કાયદા પર અમલ થાત તો અયોગ્ય બનાવો જે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના યુગમાં ઉપસ્થિત થયા કદાચ તો ઉદ્‌ભવ ન પામતા.

**૪.** કેવળ ફરિયાદ સાંભળીને કોઈના બારામાં કોઈ મંતવ્ય નક્કી કરવું ન જોઈએ, તેહક઼ીક઼ કરવી જોઈએ, તેહક઼ીક઼ કરવી જરૂરી છે.

**૫.** જો આપણા કોઈ ક઼દમથી કોઈ મુસલમાન ખાસ કરીને પ્રભાવવાળાને તકલીફ પહોંચે તો માફી માંગવી જોઈએ.

**૬.** જો કોઈ આક્ષેપ મૂકે, તકલીફ આપે તો એના માટે બદદુઆ કરી શકાય છે.

**૭.** અલ્લાહ ﷻ ના મહબૂબ બંદાઓની દુઆઓ જલ્દી ક઼બૂલ થાય છે.

### સમજૂતી : ૪૮૫

આ હદીષના વિશે બે મહત્વની ચર્ચાઓ છે : એક એ છે કે સૂરએ ફાતિહાનું નમાઝમાં પઢવું ફર્ઝ છે કે વાજિબ? ઈમામ શાફઈ વગેરે એને નમાઝનો ફર્ઝ તથા રુકન માને છે. જો કોઈએ સૂરએ ફાતિહા નથી પઢી તો ફર્ઝના ત્યજવાથી તેની નમાઝ તદ્દન ન થઈ. એમની દલીલ આ હદીષ છે. આ લોકો لا (લા)ને જાઈઝ ન હોવા માટે આધાર બનાવે છે. એમનું કહેવું એ છે કે لا (લા)એ નફી જિન્સનો હક઼ીક઼ી અર્થ નફસે માહિયતનો ઈન્તેફા છે. એનાથી નફી (નકાર)નો જવાઝ (જાઈઝ હોવું) લાઝિમ કરે છે. આપણે ત્યાં નમાઝમાં મુતલક઼ન (બિનશરતી ગમે ત્યાંથી) કુર્આન મજીદનું પઢવું, કોઈ પણ સૂરત કોઈ પણ આયત હોય ફર્ઝ તથા નમાઝનો રુકન છે. જેમ કે કુર્આને કરીમમાં ફર્માવ્યું فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ " કુર્આનમાંથી જેટલું તમારા પર આસાન હોય પઢો." એમાં مَا આમ છે જે કુર્આન મજીદના નાનામાં નાના એ હિસ્સા પર લાગુ થાય છે જેને કુર્આન કહેવામાં આવી શકે. એની માત્રા ફક઼ીહોએ એક નાની આયત રાખી છે. હવે આ આયતનો ફાયદો એ થયો કે કુર્આન મજીદની એક નાની આયતનું પઢવું ફર્ઝ છે ચાહે તે સૂરએ ફાતિહાની આયત હોય અથવા કોઈ અન્ય સૂરતની. અને સૂરએ ફાતિહા પઢવી વાજિબ છે, એટલા માટે ફર્ઝિયતની સાબિતીના માટે દલીલે ક઼તઈ જરૂરી છે અને આ હદીષ ખબરે

વાહિદ છે એને ખબરે મશ્હૂર કહેવું કેવળ દાવો છે. એટલા માટે કે ખબરે મશ્હૂર તે હદીષ છે જેના રાવીઓની સંખ્યા તાબઈનના યુગથી જ એટલી અધિક હોય કે એ સૌના જૂઠા હોવા પર એકમતિ સાધવામાં બુધ્ધિ અશક્ય જાણે. આ હદીષનો હાલ એ છે કે તાબઈનના યુગમાં એના રાવીઓની એટલી સંખ્યા નથી, એના કારણે તાબઈન ખૂદ આ મસ્અલામાં વિવિધ છે. આ હદીષની તાવીલ આપણે એ કરીએ છીએ કે (لای) એ નફી જિન્સે નફી કમાલમાં જાહેર જ છે. હદીષમાં છે : **لاصلوٰۃ لجار المسجد الا فی المسجد** મસ્જિદના પડોશીની નમાઝ મસ્જિદ સિવાય ક્યાંય નથી." અને આવેલી છે : **لاصلوٰۃ لِحضرۃ الطعام** "ખાવાની મૌજૂદગીમાં નમાઝ નથી." આ બંનેવ હદીષોમાં એકમતિએ બંને પક્ષો એકમત છે કે لاء નફીના કમાલના માટે છે. આ હદીષમાં لاءને જો નકારના જાઈઝ હોવા માટે લેવામાં આવે તો એ કુર્આન મજીદ તથા અન્ય હદીષોના વિરૂધ્ધ થઈ જશે. કુર્આન હદીષમાં ટકરાવને હટાવવા તથા વર્ગીકરણના માટે જરૂરી છે لاءને નફીના કમાલ પર ધારવામાં આવે.

એને આ રીતે પણ કહી શકાય છે કે કુર્આન મજીદમાં ما ઉમૂમ (સામાન્ય)ના માટે કતઈ છે અને હદીષમાં لا મુહતમલ છે. નફીએ જવાઝ તથા નફીએ કમાલ બંનેમાં કતઈને મુહતમલ પર દરેક રીતે અગ્રતા થશે.

તદ્ઉપરાંત હદીષની તફસીર જે હદીષ જ કરતી હોય તે અન્ય તફસીરો પર રાજેહ (ઉત્તમ) રહેશે. મુસ્લિમ (૧/૧૭૦ સલાત) વગેરેમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષમાં આ પ્રમાણે છે, જેણે કોઈ નમાઝમાં સૂરએ ફાતિહા નથી પઢી તે અપૂર્ણ (નાકિસ) છે. તેમજ એમાંની જ અમુક રિવાયતમાં ગૈર તમામ આવેલ છે. ગૈર તમામ, નાકિસ એ કામિલ (પરિપૂર્ણ)નો વિરૂધ્ધાર્થી શબ્દ છે એટલા માટે જે હદીષોમાં لا છે એને નકારની પરિપૂર્ણતા પર ધારવુ જરૂરી છે. *(નોંધ : સૂરએ ફાતિઆ છૂટી જાય તો નમાઝ કામિલ નહીં થાય, ફર્ઝ અદા થઈ જશે. –મિસ્બાહી)*

**قراۃ خلف الا مام** : બીજો મસ્અલો આ હદીષના વિશે ઈમામ પાછળ કિર્અત કરવા વિશેનો છે. ઈમામ શાફઈ વગેરે કહે છે કે ઈમામની જેમ મુક્તદી પર પણ સૂરએ ફાતિહાનું પઢવું ફર્ઝ છે ચાહે નમાઝ જહરી હોય ચાહે સિર્રી. એમની દલીલ આ હદીષ છે, એ રીતે કે એમાં مَن ઉમૂમ (અબાધિત)ના માટે છે જે ઈમામની સાથે સાથે મુક્તદીને પણ સમાવે છે. એટલા માટે જેવી રીતે ઈમામ પર કિર્અત ફર્ઝ છે એ જ રીતે મુક્તદી પર પણ ફર્ઝ છે.

અમારો મુખ્તાર (પસંદીદા) મઝહબ એ છે કે મુક્તદીને કિર્અતની ઈજાઝત નથી, ચાહે જહરી નમાઝ હોય કે સિર્રી, બલ્કે નાજાઈઝ તથા મકરૂહે તહરીમી છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ, ભાગ–૩ માં ફર્માવે છે : હનફી મઝહબ મુક્તદીની કિરાઅતના બારામાં નાજાઈઝ હોવું તથા કરાહતે તહરીમી દર્શાવે છે. સિર્રી નમાઝમાં મુસ્તહબ હોવાની રિવાયત કે જે હઝરત ઈમામ મુહમ્મદ બિન શયબાનીની તરફ કરવામાં આવી છે તે તદ્દન ઝઈફ છે. જેમ કે મુહક્કિકે અલલ ઈત્લાક ફકીહુન્નફસ મૌલાના કમાલુલ મિલ્લત વદીન મુહમ્મદ رحمۃ اللہ علیہએ શરહ તથા વિસ્તાર સાથે લખ્યું છે, જેમ કે દુર્રે મુખ્તારમાં ફર્માવ્યું. ખૂદ ઈમામ મુહમ્મદની કૃતિઓમાં ઠેકઠેકાણે નાજાઈઝ હોવાની સ્પષ્ટતા કરી. આષારમાં ફર્માવે છે, આ જ મઝહબ અમારો મુખ્તાર (પસંદીદા) અને એના પર જ આમ હદીષો તથા ખબરો આવેલ છે. અને ફર્માવ્યું, એક સહાબાની જમાઅત رضوان اللہ تعالٰی علیہم اجمعین મુક્તદીની કિર્અતને નમાઝ ફાસિદ કરનાર કહે છે અને બે દલીલોમાંથી

*તેની નમાઝ નથી."* *(બુખારી, ૧/૧૦૪ અઝાન, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)*

સૌથી મજબૂત દલીલ પર અમલ કરવામાં જ સાવધાની છે. મોઅત્તામાં ઘણા આષાર રિવાયત કર્યા જેનાથી જાઈઝ ન હોવું સાબિત છે. એને શયખ મુહક્કિક મૌલાના અબ્દુલ હક્ક દહેલ્વી رحمۃ اللہ علیہએ લમ્આતમાં ફર્માવ્યું, આ બધી ચીજો છતાં ઈમામની સ્પષ્ટતાની વિરુદ્ધ એક રિવાયત મૌજૂદ છે, સિર્રી નમાઝમાં જાઈઝ હોવું, ચાહે કિર્અતનુ મુસ્તહબ હોવું એમનો મઝહબ ઠરાવવું અને ફિકહે હનફીમાં એનુ વજૂદ સમજવું તદ્દન બાતિલ અને ગલત વહેમ છે. આપણા ઉલમા એકમતિએ નાજાઈઝને માનનારા છે. અને એ જ મઝહબ બહુમતિ સહાબા તથા તાબઈનનો છે. *(પેજ–૮૮)*

હનફીઓ એવું કહે છે કે પ્રથમ તો ફર્ઝિયત ખબરે વાહિદથી સાબિત થશે નહીં. એના માટે કતઈ દલીલની હાજત છે. અને ખબરે વાહિદ ઝન્ની (એવી દલીલ જેના વડે વાજિબ પુરવાર થાય) સાબિતી છે, એનાથી જો સાબિત થાત તો વાજિબ હોવુ સાબિત થાત. પણ કેમ કે એનું સામાન્યપણુ (ઉમૂમ) અન્ય હદીષોથી ખાસ થઈ ગયું છે એટલા માટે હવે મુક્તદીના માટે કિર્અતની ઈજાઝત નથી, ન સૂરએ ફાતિહાની, ન કુર્આન મજીદના કોઈ અન્ય ભાગની. તે હદીષો આ પ્રમાણે છે :

**૧.** ઈમામ અહમદ (૪/૪૧૫) પોતાની મુસ્નદમાં, ઈમામ મુસ્લિમ (૧/૧૭૪) પોતાની સહીહમાં, ઈબ્ને માજહ (૬૧) પોતાની સુનનમાં સૈયદના અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું : **اذا صليتم فا قيموا صفوفكم ثم ليو مّكم احد كم فاذا اكبر فكبروا واذا قرأفا نصتوا** "જ્યારે તમે નમાઝ પઢવા ચાહો તો તમારી સફોને દુરુસ્ત કરો, પછી કોઈ તમારી ઈમામત કરે, જ્યારે તે તકબીર કહે તો તકબીર કહો, અને જ્યારે કિર્અત કરે તો ચૂપ રહો.

**૨.** ઈમામ અહમદ (૨/૩૭૬) પોતાની મુસ્નદમાં ઈમામ અબૂ દાઊદ (૧/૮૯–સલાત) અને ઈમામ નિસાઈ (૧/૧૪૬), ઈબ્ને માજહ (૬૧) પોતાના સુનનમાં, ઈમામ તહાવી શરહે મઆનિયુલ આષાર (૧/૧૦૬)માં સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું : **انما الامام ليوتم به فاذا كبر فكبر واواذا قرافانصتوا۔اللفظ للنسائی** "ઈમામ એટલા માટે છે કે એની પયરવી કરવામાં આવે, પછી જ્યારે તે તકબીર કહે તો તકબીર કહો અને જ્યારે કિર્અત કહે તો ખામોશ રહો."

ઈમામ મુસ્લિમ (૧/૧૭૪ સલાત)એ પોતાની સહીહમાં ફર્માવ્યું, "મારી નજીક આ હદીષ સહીહ છે."

**૩.** ઈમામ તિર્મિઝી (૧/૪૨ સલાત)એ પોતાની જામેઅમાં અને ઈમામ માલિકે પોતાની મોઅત્તા (૩૦)માં મૌકૂફન અને ઈમામ અબૂ જઅફર તહાવી શરહે મઆનિયુલ આષાર (૧/૧૦૭ સલાત)માં મરફૂઅન હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કર્યું કે **من صلى ركعة لم يقرأ فيهابام القرآن فلم يصل الا ان يكون وراء الامام** "જેણે કોઈ રકઅત સૂરએ ફાતિહા વિના પઢી તેણે નમાઝ નથી પઢી, પણ જ્યારે ઈમામની પાછળ હોય, (તો સૂરએ ફાતિહા ન પઢે).

ઈમામ તિર્મિઝીએ આ હદીષને હસન સહીહ કહી.

**૪.** મોઅત્તા ઈમામ મુહમ્મદ (પેજ–૯૮)માં છે કે સૈયદના જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી સૈયદના ઈમામે આ'ઝમ رضی اللہ عنہએ રિવાયત કરી :–

حدثنا ابو الحسن موسیٰ بن ابی عائسة عن عبد الله شدا دبن الهادعن جابربن عبد الله رضی الله تعالٰی عنهما عن النبی صلی الله تعالٰی علیه وسلم انه قال من صلی خلف الامام فان قرأة الامام له قرأة

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما નબી ﷺથી રિવાયત કરે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ ઈમામની પાછળ નમાઝ પઢે તો ઈમામનું પઢવું તે શખ્સનું પણ પઢવું છે."

આ હદીષ સહીહ છે. એના રાવી તમામે તમામ સિહાહ સિત્તહના છે. આ હદીષ વિવિધ સનદોની સાથે હદીષની વિવિધ કિતાબોમાં મરવી છે. ખૂદ ઈમામ મુહમ્મદે આ સનદની સાથે વર્ણન કર્યા બાદ બીજા તરીક઼ાથી વર્ણન કરી. ઈબ્ને માજહ (પેજ-૬૧)માં જાબિર તથા અબૂ ઝુબેરના તરીક઼ાથી મઝકૂર છે, આ શબ્દોની સાથે مَن کان له امام فقراة الامام له قراة. તેમજ ઈમામ તહાવીએ શરહે મઆનિયુલ આષાર (૧/૧૦૭-૧૦૮)માં પોતાની સનદની સાથે મૂસા ઈબ્ને અબી આઈશાના તરીક઼ાથી .....છેવટ સુધી રિવાયત કર્યું. તદ્ ઉપરાંત વિવિધ ચાર સનદોની સાથે રિવાયત કર્યું. તદ્ ઉપરાંત મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ (૨/૩૩૯)માં પણ તેમની ખાસ સનદની સાથે મઝકૂર (વર્ણન થયેલ) છે. તદ્ ઉપરાંત આ હદીષ વિવિધ સહાબાએ કિરામથી મરવી છે. દારકુત્નીએ પોતાની સુનનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તથા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہماથી અને તિબ્રાનીએ અવસતમાં અને ઈબ્ને અદીએ કામિલમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મામૂલી ફેરફાર સાથે. તેમજ હઝરત અનસ رضی اللہ عنہથી ઈબ્ને હિબ્બાને કિતાબુઝ્ઝોઅફામાં પણ રિવાયત કર્યું. તેમજ દારકુત્નીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી આ શબ્દોની સાથે રિવાયત કર્યું કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, یکفیك قرأة الامام خافت اوجهر "તને ઈમામની ક઼િર્અત પૂરતી છે, આહિસ્તા પઢે કે બુલંદ અવાજથી પઢે."

આ રીતે આ હદીષ છ સહાબાએ કિરામથી સામાન્ય શાબ્દિક ફેરફાર સાથે રિવાયત પામી છે. એ સૌના પર દારકુત્નીએ ટીકા કરી છે. એમને પણ સ્વીકાર્ય છે કે આ તરીક઼ા સિવાય જે હઝરત ઈમામે આ'ઝમથી મરવી છે સૌમાં કાંઈ ન કાંઈ કલામ (ચર્ચા) છે, પણ તે આપણને જરાય નુકસાનકર્તા નથી. પ્રથમ એ કે હઝરત ઈમામે આ'ઝમે જે રિવાયત કરી તે દરેક પ્રકારની ટીકાથી પાક છે અને વિના શંકા કુશંકાએ સહીહ છે. વર્ણન થઈ ચૂક્યું કે સર્વ રિજાલ સિહાહ સિત્તહના છે. જો કોઈ હદીષ વિવિધ તરીક઼ાઓથી મરવી હોય અને એમાં એક તરીક઼ાથી પણ સહીહ હોય તો તે ફી નફસિહી (અસલમાં) સહીહ જ છે. અન્ય તરીક઼ાઓમાં ઝોઅફના કારણે એના સહીહ હોવા પર કોઈ અસર નહીં પડે. **બીજુ** એ કે જ્યારે એક હદીષ વિવિધ તરીક઼ાઓથી રિવાયત થઈ હોય તો તે દલીલમાં રજૂ કરવા પાત્ર છે, ભલે તે સર્વ તરીક઼ાઓથી ઝઈફ હોય. જેની ચર્ચા પ્રસ્તાવનામાં આવી ચૂકી. **ત્રીજુ** એ કે દારકુત્નીની જરહ (પકડ)ના જવાબો અલ્લામા અયનીએ ઉમ્દતુલ ક઼ારી વગેરેમાં ખૂબ જ વિસ્તારપૂર્વક સ્પષ્ટતાથી આપ્યા છે જેને ઈચ્છા થાય તે જોઈ લે. હવે હક઼ીક઼તમાં આ નવ હદીષો થઈ જેનાથી ઈમામની પાછળ ક઼િર્અત કરવાની મનાઈ સાબિત થઈ છે. અને જે હદીષ لا صلوٰۃ الا بفاتحة الکتاب ની ખાસ કરનાર છે કે એનાથી મુરાદ કેવળ ઈમામ છે, મુક઼્તદી તેનાથી અપવાદ છે તે પણ જાહેરી દષ્ટિએ છે, નહીં તો બારીક દષ્ટિએ બંને વિષયની હદીષોમાં ટકરાવ છે જ નથી, જેમ કે હમણા આવી રહ્યું છે.

**વર્ગીકરણ** : રહી ગઈ તે હદીષો જેનાથી મુત્લક઼ન એ સાબિત થાય છે કે સૂરએ ફાતિહા પઢયા વિના નમાઝ થશે નહીં. તેનો સૌથી ઉમદા એ જવાબ છે જે સૈયદના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફતાવા રઝવિય્યહ ભાગ-૩, પેજ-૮૯ પર આપ્યો છે, ફર્માવે છે :

"જવાબ આ હદીષ કેટલાક તરીક઼ાથી છે. અહીં એટલા પ્રમાણમાં પૂરતુ છે કે આ હદીષ ન તમારા માટે લાભકારક છે ન અમારા માટે નુકસાનકર્તા. અમે માનીએ છીએ કે કોઈ નમાઝ રુકૂઅ, સજદા તથા સૂરએ

ફાતિહા વિના મુકમ્મલ નથી, ઈમામની હોય કે મુક્તદીની હોય. પણ મુક્તદીના હક્કમાં ખૂદ હુઝૂર ﷺએ ફર્માવ્યું કે એના માટે ઈમામની ક્રિઅત પૂરતી છે અને ઈમામનું પઢવું એનું પઢવું છે જેમ કે હદીષ વર્ણન થઈ ચૂકી. બસ ! હુઝૂરના આદેશની વિરૂધ્ધ તમે ક્યાંથી કાઢી લીધું કે મુક્તદી જ્યાં સુધી ખૂદ ન પઢે નમાઝ તેની સૂરએ ફાતિહા વિનાની રહેશે ?! અને ફાસિદ થઈ જશે !''

હવે ન્યાયપ્રિય વાંચકો વિચારે કે અહનાફનો મઝહબ સર્વ હદીષો પર વર્ગીકૃત છે, **ગૈર મુક્લ્લિદોથી ઉલ્ટુ કે તેઓ આ સિલસિલાની અમુક હદીષો પર અમલ કરે છે અને મોટાભાગને પીઠ પાછળ રાખી દે છે અને દાવો તો હદીષો પર અમલનો કરે છે ! સહીહ ફર્માવ્યું હઝરત સુલૈમાન અઅ્મશે કે હદીષો થકી ફક્રીહો સિવાય અન્ય લોકો ગુમરાહ થઈ શકે છે. સત્ય અર્થ ન સમજી શકવાથી. الحديث مضلةٍ الا للفقهاء**

**શંકાઓ તથા જવાબો : પ્રથમ** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષના બારામાં ઈમામ અબૂ દાઊદે ફર્માવ્યું : اذا اقرأ فانصتواનો વધારો મહફૂઝ નથી. એ અબૂ ખાલિદથી વહેમ થઈ ગયો છે.

**જવાબ** : અલ્લામા અયનીએ એનો જવાબ ઈર્શાદ ફર્માવ્યો, પ્રથમ તો એ કે અબૂ ખાલિદ રિજાલે સિહાહ સિત્તહથી છે. ઈમામ વકીઅ ઉસ્તાઝે ઈમામ શાફઈએ ફર્માવ્યું, અબૂ ખાલિદના બારામાં સવાલ કરવામાં આવે છે, જ્યારે કે ઈમામ અબૂ હિશામ રાફઈએ કહ્યું, અમે અબૂ ખાલિદ અહમદથી હદીષ બયાન કરી જે ષિક્હ અમીન છે. અને ષિક્હનો વધારો સ્વીકાર્ય છે. બીજુ એ કે આ વધારામાં અબૂ ખાલિદ એકલા નથી, એના પ્રમાણેની અન્ય પણ રિવાયતો છે. દા.ત. નિસાઈમાં મુહમ્મદ બિન સઅદના તરીક઼ાથી અને તિબ્રાનીમાં ઈસ્માઈલ ઈબ્ને અબાનના તરીક઼ાથી છે. ત્રીજુ એ કે ઈમામ મુસ્લિમે પોતાની સહીહમાં આ વધારાને ફર્માવ્યું કે સહીહ છે. તેમજ ઈબ્ને ખુઝૈમાએ પણ એને સહીહ કહ્યું.

**શંકા બીજી** : એ જ પ્રમાણે હઝરત અબૂ મૂસા رضی اللہ عنہની હદીષના બારામાં દારકુત્ની વગેરેએ કહ્યું કે આ વધારો મેહફૂઝ નથી, આ ઈબ્ને ઉજલાનનો ઉભો કરેલો છે.

**જવાબ** : એનો અલ્લામા અયનીએ જવાબ આપ્યો કે સહીહ એ છે કે ઈબ્ને ઉજલાન ષિક્હ છે. જેમ કે અજલીએ કહ્યું, ઈકમાલમાં કહ્યું. આ ષિક્હ પુષ્કળ હદીષોવાળા છે. દારકુત્નીએ કહ્યું કે ઈમામ મુસ્લિમે પોતાની સહીહમાં તેમની રિવાયત લીધી બલ્કે ઈમામ બુખારીના ઉપરાંત સિહાહ સિત્તહના સર્વ અસ્હાબે એમની રિવાયત શહાદત રૂપે લીધી. સારાંશ કે એ ષિક્હ છે અને ષિક્હનો વધારો સ્વીકાર્ય છે. બીજુ કે બયહક઼ીની સુનને કુબરામાં ખારજા બિન મુસ્અબ અને યહ્યા બિન ઉલાઅ્થી એના પ્રમાણેની રિવાયતો મૌજૂદ છે. એટલે કે એવું પણ નથી કે ઈબ્ને ઉજલાન આ વધારામાં એકલા છે.

**ત્રીજી શંકા** : મુસ્લિમ શરીફ વગેરેમાં ખૂદ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી એ મન્કૂલ છે કે જ્યારે તેમણે આ હદીષ બયાન ફર્માવી કે જેણે સૂરએ ફાતિહાના વિના નમાઝ પઢી તો એની નમાઝ નાકિસ (અપૂર્ણ) છે, તમામ નથી. તો કોઈકે અર્ઝ કરી, અમે લોકો કદીક ઈમામની પાછળ હોઈએ છીએ ! તો ફર્માવ્યું, હે ફારસી ! તારા જીવમાં પઢી લે.

**જવાબ** : એનો જવાબ એ છે કે આ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનો ફત્વો છે જેને તેમણે ખૂદ ઈસ્તિખરાજ કર્યો (કાઢયો) છે. એમના આ ફત્વાની સમક્ષ એમના અનંતગણા અફઝલ તથા ઉચ્ચ અન્ય મહાન સહાબાઓનો ફત્વો છે, દા.ત. ખુલફાએ રાશિદીન હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, હઝરત ઈબ્ને ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہના અંગત ફત્વાની સરખામણીમાં આ અગ્રેસર સહાબાનો ફત્વો વિના શંકાએ અગ્રતાને પાત્ર છે. બીજુ કે તેમણે **اقرأ بهافى نفسك** ફર્માવ્યું છે, ''અને પોતાના જીવમાં પઢી લે.'' એવું નથી ફર્માવ્યું કે **اقرأ بها مخافة** એને ધીમેથી (ચૂપકેથી) પઢી લે. અને જીવમાં (મનમાં) ક્રિઅત નથી થતી. વિચાર

તથા ખયાલ થાય છે. (એને પઢવાના હુકમમાં ગણાતુ જ નથી) હવે તેમના આદેશનો મતલબ એ થયો કે સૂરએ ફાતિહાના શબ્દો તથા અર્થોનો ખયાલ કર.

**ચોથી શંકા** : ચોથી હદીષના વિવિધ તરીક઼ાઓમાં આ તરીક઼ાને અમે સહીહ કહ્યો જે સૈયદના ઈમામે આ'ઝમ رضي الله عنهથી મરવી છે, જ્યારે કે દારકુત્નીએ ખૂદ ઈમામને ઝઈફ કહ્યા.

**જવાબ** : હઝરત ઈમામે આ'ઝમ رضي الله عنهને ઝઈફ કહેવું દારકુત્નીનો એટલો ભારે પૂર્વગ્રહ તથા અનાદ છે કે હઝરત અલ્લામા અયનીને અહીં જલાલ આવી ગયો અને તેમણે લખવું પડયું કે ઈમામે આ'ઝમને ઝઈફ કહેવાના કારણે દારકુત્ની ખૂદ ઝઈફ હોવાના મુસ્તહિક઼ (પાત્ર) થઈ ગયા. જો દારકુત્ની અદબ કરતા તો ઈમામે આ'ઝમના બારામાં આવા શબ્દો ન કાઢતા, જેમનો ઈલ્મ પૂર્વ પશ્ચિમ પર છવાઈ ગયો છે. ઈમામુન્નક઼દ વત્તઅદીલ ઈબ્ને મઈનથી જ્યારે ઈમામે આ'ઝમના બારામાં સવાલ થયો તો ફર્માવ્યું, તે ષિક઼હ મામૂન (ભરોસાપાત્ર ષિક઼હ) છે. મેં કોઈ એવા શખ્સને નથી સાંભળ્યો કે તેણે તેમને ઝઈફ કહ્યા હોય. શઅબા જેવા ઈમામે હદીષે તેમને લખ્યું કે, તે હદીષ બયાન કરે. શઅબા શઅબા જ છે. તેમણે જ ફર્માવ્યું કે ઈમામ અબૂ હનીફા ષિક઼હ દીનદાર સાચા હતા. એ જૂઠની સાથે તોહમત પામેલા ન હતા. અલ્લાહના દીન પર મામૂન અને હદીષમાં આ'લા દરજાના સાચા હતા. મોટા મોટા ઈમામોએ તેમની પ્રશંસા કરી છે, જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક એ એમના શાગિર્દ હતા. સુફયાન ઈબ્ને ઓયયૂના, સુફયાન ષૌરી, હમ્માદ બિન ઝૈદ, અબ્દુર્રઝ્ઝાક તથા ઈમામ વક઼ીઅ, ત્યાં સુધી કે બાકી ત્રણેવ મહઝબના ઈમામો ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ અને અસંખ્ય લોકોએ. એની ઘણી બધી તફસીલ પ્રસ્તાવનામાં વર્ણન થઈ ચૂકી છે.

આ જરહ (પકડ) એને લાયક ન હતી કે એને વર્ણન કરવામાં આવતી પણ મેં કેવળ એટલા માટે વર્ણન કરી છે કે વાંચકોના જ્ઞાનમાં એ વાત આવી જાય કે હઝરત ઈમામે આ'ઝમ હમેશાં મહસૂદ (તેમનો હસદ થતો) રહ્યા છે અને આજે પણ છે. એનું ફળ ભૂતકાળમાં દારકુત્ની તથા ઈમામ બુખારીના ઈર્શાદો છે, અને આજકાલ બદમઝહબ નફસ પરસ્ત ગૈર મુક઼લ્લિદો પણ એ જ આગમાં સળગી રહ્યા છે, શું કરીએ એમના મુક઼દ્દરમાં દુનિયા તથા આખેરતમાં સળગવાનું જ છે. *(આ છેવટના કથનથી ઈમામ બુખારી અને ઈમામ દારકુત્ની બહાર છે. –મિસ્બાહી)*

**જમહૂર (બહુમતિ) સહાબાનો મસ્લક** : મુક઼્તદીએ ક઼િર્અત જાઈઝ નથી એ જ જમહૂર સહાબા તથા તાબઈનનો મસ્લક છે. સહાબાએ કિરામની મોટા ભાગની સંખ્યા એને જ માનનારી છે કે મુક઼્તદીએ ક઼િર્અત જાઈઝ નથી, ત્યાં સુધી કે સાહિબે હિદાયા ઈમામ બુરહાનુદ્દીન મર્ગીનાનીએ ફર્માવ્યું કે એના પર સહાબાનો ઈજમાઅ છે જેમનામાંથી ૮૦ સહાબાએ કિરામથી સહીહ રિવાયતો સાથે સાબિત છે કે મુક઼્તદીએ ઈમામ પાછળ ક઼િર્અત પઢવું જાઈઝ જાણતા ન હતા. જેમનામાં ખુલફાએ રાશિદીન તથા અશ્રાએ મુબશ્શિરામાંથી હઝરત સઅદ ઈબ્ને વક્ક઼ાસ અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ પણ છે. તેમજ ત્રણેવ અબ્દુલ્લાહનો પણ એ જ મઝહબ છે. એના અનુસંધાનમાં સહાબાએ કિરામ તથા તાબઈને એઝામના એટલા પુષ્કળ ઈર્શાદો છે કે સૌને વર્ણન કરવાની અહીં ગુંજાઈશ નથી. એમનામાંથી અમુક હઝરાતને એના બારામાં એટલી સખ્તી હતી કે તેમણે ત્યાં સુધી ફર્માવી આપ્યું કે, "કાશ ! કે જે ઈમામની પાછળ પઢે છે એના મોઢામાં અંગારો હોત !" જેમ કે મોઅત્તા ઈમામ મુહમ્મદ (૧/૧૦૧, ૧૦૨)માં હઝરત સઅદ બિન વક્ક઼ાસ તથા હઝરત ફારૂક઼ે આ'ઝમનો ઈર્શાદ નક઼લ થયેલ છે. અને આ સખ્તી કુર્આને કરીમના એહતેરામના લીધે છે. ઉઘાડી વાત છે કે કોઈ બાદશાહનું ફર્માન કોઈની સમક્ષ વાંચવામાં આવે તો હાજરજનો પર લાઝિમ થશે કે તેઓ એકચિત્ત થઈને ધ્યાનપૂર્વક સાંભળે, જો ધારો કે કોઈ ન સાંભળે તો યક઼ીનન ! તે બાદશાહના પ્રકોપને પાત્ર થશે. તો જ્યારે કે સામાન્ય બાદશાહોની આ કક્ષા છે તો તે જબ્બાર તથા કહહાર માલિકુલ મુલ્ક વ મલકૂતના ફર્માનની હૈસિયત શું હશે ? શું

કોઈ પણ બુધ્ધિશાળીની દષ્ટિએ એ વાત પસંદીદા થશે કે તે તેને ધ્યાનથી ન સાંભળે અને પોતાને વ્યસ્ત રાખે ? અને શું એમાં અદબ વિરૂધ્ધનું પાસુ નથી ? એ પાસાને સામે રાખીને اشدھم فی امر اللہ સૈયદના ફારૂકે આ'ઝમે ફર્માવ્યું કે, "એના મોઢામાં અંગારો છે !"

વિરોધીઓના પૂર્વગ્રહ તથા ઝઘડાના કારણે આ ચર્ચા હજી વિગતવાર થવી જોઈએ પણ મેં જરૂરત જેટલું જ લખ્યું છે જે ન્યાયપ્રિય દીનદારના માટે પૂરતુ છે. આ વિષય પર રફએ યદૈનની જેમ ઘણી પુસ્તિકાઓ બંને પક્ષોએ લખેલ છે જે વિસ્તારપૂર્વક જોવા ચાહતો હોય તે તેનો અભ્યાસ કરે.

આ વિષય પર અમારી દલીલ બનતી આયતે કરીમા وَاِذَا قُرِئَ الْقُرْآنُ فَاسْتَمِعُوا لَهٗ وَاَنْصِتُوا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ પણ છે. બયહકીએ હઝરત ઈમામ અહમદનો આ ઈર્શાદ નકલ કર્યો છે કે એના પર ઈજમાઅ છે કે આ આયત નમાઝમાં કુર્આન પઢવાના બારામાં નાઝિલ થઈ. એમાં કોઈ શંકા નથી કે આ આયત તેના ઉમૂમ (સામાન્યપણા)ના લેહાઝથી નમાઝમાં કુર્આન પઢવાને પણ સમાવે છે એટલા માટે નમાઝમાં મુક્તદીના માટે કિર્અતનું મના હોવું જરૂર એનાથી સાબિત છે કેમ કે અમે પ્રસ્તાવનામાં આ ચર્ચા વર્ણવી આપી છે એટલા માટે ફરીથી અહીં નથી લાવ્યા. અંતમાં હદીષ–૪ થી મુતઅલ્લિક તે તફસીલ જે ઈમામ મુહમ્મદે મુઅત્તામાં વર્ણન મુરસલન્ તથા કિતાબુલ આષારમાં મુત્તસિલન્ જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત કરી, તેને વર્ણન કરીને આ ચર્ચાને ખત્મ કરીએ છીએ.

હઝરત જાબિર કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ અસ્રમાં ઈમામત ફર્માવી તો એક શખ્સે હુઝૂરની પાછળ કિર્અત કરી એના પર જે સાહબ એમની જોડે હતા તેમણે તેને ચૂંટી ખણી લીધી. તેમને નમાઝથી ફારિગ થતાં તેમણે પૂછયું કે તમે મને ચૂંટી કેમ ખણી ? તો તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ તારી આગળ ઈમામ હતા, મેં એને મકરૂહ જાણ્યું કે તું હુઝૂરની પાછળ પઢે. એને રસૂલુલ્લાહ ﷺએ સાંભળી લીધું તો ફર્માવ્યું, જેનો કોઈ ઈમામ હોય તો ઈમામની કિર્અત એની કિર્અત છે. આ હદીષ સહીહ છે એના રિજાલ (રાવીઓ) સિહાહ સિત્તહના રિજાલ છે. એને ઈમામ મુહમ્મદ સિવાય દારકુત્નીએ પણ રિવાયત કરી અને કહ્યું, અને જરીર ઈબ્ને સુફયાન, અબુલ અહવસ, શઅબા, ઝાઈદા, ઝુબેર, અબૂ અવાના, ઈબ્ને અબી લયલા, કૈસ, શરીક વગેરેએ પણ રિવાયત કરી. આ હદીષથી નીચે પ્રમાણેના ફાયદા હાંસલ થયા.

**૧.** હુઝૂર ﷺએ સહાબાને ઈમામની પાછળ કિર્અતનો હુકમ નથી આપ્યો. **૨.** જે અમુક સહાબાના બારામાં નકલ થયેલ છે કે એમણે ઈમામની પાછળ કિર્અત કરી એ એમનો પોતાનો ફેઅલ (અમલ) હતો જેને તેઓ પોતાની સમજ મુજબ કરતા હતા. **૩.** સહાબાએ કિરામની મોટાભાગની બહુમતિ મુક્તદીના માટે કિર્અતને ના પસંદ કરતી હતી. **૪.** હુઝૂરે અક્દસ ﷺએ ઈમામ પાછળ કિર્અત કરવાથી મના કર્યું. **૫.** હુઝૂરે અક્દસ ﷺએ સૂરએ ફાતિહાને અપવાદ નથી કર્યું અને મોકો એવો હતો કે જો તે હુકમ મનાઈથી અપવાદ હોત તો જરૂર અપવાદ દર્શાવતા. જેથી સાબિત કે સૂરએ ફાતિહાનું પઢવું પણ મના છે.

**કશ્મીરી મહાશયની પકડ** : ફયઝુલબારી, ભાગ–૨, પેજ–૨૭૨ પર છે કે મારી નજીક ઈમામે આ'ઝમનો મસ્લક એ છે કે જહરી નમાઝમાં કિર્અત મના છે અને સિર્રીમાં જાઈઝ છે. જેમ કે સાહિબે હિદાયાએ મુહમ્મદ બિન હસન رحمۃ اللہ علیہથી નકલ કર્યું છે. જો કે ઈમામ ઈબ્ને હુમામે એનાથી ઈન્કાર કર્યો અને કહ્યું કે મેં એને મોઅત્તા તથા કિતાબુલ આષારમાં નથી જોયું.

**હું કહું છું** : કાશ કે કશ્મીરી સાહબ આ જગ્યાએ ફત્હુલ કદીર (૧/૧૩૫) જોઈ લેત તો ઈમામ ઈબ્ને હુમામના માથે જૂઠ ન બાંધત. ઈમામ ઈબ્ને હુમામે કિતાબુલ આષાર તથા મોઅત્તા બંનેના હવાલાથી એ

સાબિત કર્યું છે કે ઈમામ મુહમ્મદનો કૌલ એ જ છે કે કોઈ નમાઝમાં મુક્તદીને કિર્અત જાઈઝ નથી ન જહરીમાં ન સિર્રીમાં. ફર્માવે છે :–

હક્ક એ છે કે ઈમામ મુહમ્મદનો કૌલ આ મસ્અલામાં પણ શૈખૈનના કૌલની જેમ છે, કેમ કે એમની કિતાબોમાં એમનાં લખાણો આ બારામાં સ્પષ્ટતા કરી રહ્યાં છે કે તે શૈખૈનથી આ મસ્અલામાં અલગ નથી. જેમ કે કિતાબુલ આષાર પ્રકરણ : "ઈમામ પાછળ મુક્તદીનું કિર્અત ન પઢવું"માં પ્રથમ અલ્કમા બિન કૈસનો આ અમલ સનદની સાથે વર્ણવ્યો કે તેમણે કદી કિર્અત નથી કરી, ન જહરીમાં ન સિર્રીમાં. પછી ફર્માવ્યું, એને અમે લઈએ છીએ. એનાથી જાહેર થઈ ગયું કે કોઈ નમાઝમાં જહરી હોય કે સિર્રી કિર્અતને જાઈઝ સમજતા ન હતા. પછી અન્ય આષારોને સનદો સાથે વર્ણન કર્યા બાદ ફર્માવ્યું, કોઈ નમાઝમાં ઈમામની પાછળ કિર્અત મુનાસિબ નથી. અને મોઅત્તામાં એના અનુસંધાનના આષાર નક્લ કર્યા બાદ ફર્માવ્યું, ઈમામની પાછળ કિર્અત નથી, ન જહરીમાં ન સિર્રીમાં. એના પ્રમાણે આમ ખબરો આવેલી છે. એ જ અબૂ હનીફાનો કૌલ છે.

વાંચકો જુએ કે કશ્મીરી મહાશયે કેવી રીતે આંખોમાં ધૂળ ઝોંકી છે. ઈમામ ઈબ્ને હુમામ તો સાફ સાફ લખી રહ્યા છે કે કિતાબુલ આષાર તથા મોઅત્તા બંનેમાં તેમણે સ્પષ્ટતા કરી છે કે ઈમામ પાછળ ન જહરી નમાઝમાં કિર્અત છે ન સિર્રીમાં. અને આ ઈમામ ઈબ્ને હુમામના માથે થોપી રહ્યા છે ! કે એમણે કેવળ એ બિના પર ઈમામ મુહમ્મદનો કૌલ સ્વીકાર્યો નહીં કે એમને ક્યાંય ન મળ્યો ! હું નથી કહી શકતો કે આ ગૈર મુકલ્લિદોની સમક્ષ હથિયાર નાખવાનું પરિણામ છે અથવા એમની ઉચ્ચ કક્ષાની યાદ શક્તિની ખૂબી છે !

**ગંગોહી મહાશયની પકડ :** તઝકેરતુર્રશીદ, ૧/૯૨ પર ગંગોહી સાહબની ઈલ્મી મહાનતાની સાબિતીમાં તેમના આશિક મેરઠી સાહબે આ કિસ્સો બયાન કર્યો છે કે એમના એક શાગિર્દ હજજના માટે ગયા તો શૈખુદ્દલાઈલ હઝરત મૌલાના અહમદ અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہના ત્યાં તિર્મિઝીના દર્સમાં શરીક થતા હતા. "ઈમામ પાછળ મુક્તદી કિર્અત ન કરે"ની ચર્ચાના દરમ્યાન ગંગોહી મહાશયના ન્યાઝમંદે ગંગોહીની આ નુક્તાસંજીનો ઉલ્લેખ કર્યો કે હઝરત જાબિર رضی اللہ عنہથી એક હદીષ મૌકૂફન સહીહ મુસ્લિમમાં મરવી છે કે કિર્અત ફાતિહા દરેક રકાતમાં જરૂરી છે **الا ان یکون وراء الامام** પણ એ કે ઈમામની પાછળ હોય. અને હઝરત મૌલાના રશીદ અહમદ સાહબને મેં સાંભળ્યા કે જણાવતા હતા કે આ હદીષ જો કે મૌકૂફ જાબિર رضی اللہ عنہ પર છે પણ મરફૂઅના હુકમમાં છે, કેમ કે અહકામના સંબંધે છે કે સહાબી પોતાના તરફથી એ અપવાદ નથી કરી શકતા. મૌલાના અબ્દુલ હક્ક સાહબ આ તકરીરને સાંભળીને ભડકી ઉઠયા અને ઘણા જ શોખપૂર્વક આગ્રહપૂર્વક ફર્માવ્યું કે હિંદમાં પહોંચીને જનાબ મૌલાના રશીદ અહમદ સાહબથી આ હદીષ પતો મેળવીને મને જરૂર લખજો કે કઈ જગાએ અને કયા પેજ ઉપર છે. જેથી મેં પરત થઈને ગંગોહીની હાજરીમાં હઝરતથી આ હદીષનો પતો પૂછયો અને પેજ–લીટી નં. સાથે લખીને મૌલાના અબ્દુલહક્ક સાહબને હિ.સ. ૧૩૦૪ માં ખબર આપી.

**હું કહું છું :** ગંગોહી મહાશય અને તેમના આ શાગિર્દ અને તેમના આશિક મેરઠી સૌ આંજહાની થઈ ગયા (મૃત્યુ પામ્યા) હવે અમે કોને પૂછીએ કે આ હદીષ મુસ્લિમમાં ક્યાં છે ? વાંચકોએ જાણવું જોઈએ કે શૈખુદ્દલાઈલે આ'ઝમ મક્કાના ઉલમામાંથી હતા અને નારા જિ. ઈલાહાબાદ તેમનું જન્મ સ્થળ છે. હિજરત કરીને મક્કા મોઅઝ્ઝમા વસી ગયા હતા. આ કિસ્સો કેવળ તેમની શાન ઘટાડવા માટે ઘડી કાઢવામાં આવ્યો. તેમનો જુર્મ કેવળ એ છે કે તેમણે "હુસ્સામુલ હરમૈન"ની તસ્દીક (સમર્થન) કરી આપી હતી, પણ સુન્નતે ઈલાહી હજી જારી છે. (શેઅર) :–

**(અર્થ)** : જ્યારે ખુદા કોઈના પર્દાને હટાવવા ચાહે છે તો તેનું દિલ નેક લોકો પર ટીકા કરવા પ્રતિ વળી જાય છે.

કહેવત મશ્હૂર છે કે, "ચોર ભાગતો જાય છે અને કદમોનાં નિશાન છોડતો જાય છે" એ જ હાલ અહીં થયો.

## حدیث ۴۸۶

**[હદીષ : ૪૮૬]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

*"હઝરત અબૂ હુરૈરહ રضی اللہ عنہ એ રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ*

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ دَخَلَ الْمَسْجِدَ فَدَخَلَ رَجُلٌ فَصَلّٰی فَسَلَّمَ

*મસ્જિદમાં તશરીફ લાવ્યા તો એક શખ્સ મસ્જિદમાં આવ્યો અને નમાઝ પઢી. નબી ﷺ ને*

عَلَی النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَرَدَّ وَقَالَ ارْجِعْ فَصَلِّ

*સલામ કરી, હુઝૂરે એના સલામનો જવાબ આપ્યો અને ફર્માવ્યું, પાછો વળ અને ફરી નમાઝ પઢ ! એટલા*

فَاِنَّكَ لَمْ تُصَلِّ فَرَجَعَ فَصَلّٰی كَمَا صَلّٰی ثُمَّ جَاءَ فَسَلَّمَ عَلَی النَّبِیِّ

*માટે કે તેં નમાઝ નથી પઢી. તે પાછો ફર્યો અને તેણે ફરી નમાઝ પઢી જેવી પહેલાં પઢી હતી. ફરી આવ્યો*

આ હદીષ મુસ્લિમમાં નહીં, તિર્મિઝી અવ્વલમાં જ છે. હઝરત શૈખુદ્દલાઈલ આ કઝ્ઝાબ (જૂઠાના) કથનાનુસાર તિર્મિઝી ભાગ–૧નો દર્સ આપી રહ્યા હતા તો તેમનાથી આ કઈ રીતે છુપી રહી શકતી હતી. જ્યારે કે એ તિર્મિઝીનો પેજ–૪૨ પર જ છે અને તે પણ "કિ઼ર્અત ખલફે ઈમામ"ના પ્રકરણમાં છે. પછી આ હદીષનું પેજ નં. પૂછવાનો શો અર્થ ? અને જે નુક્તાઆફરીની ગંગોહી મહાશય પ્રતિ સંબંધિત છે એ ઉસૂલે હદીષનો એટલો મશહૂર તથા પ્રખ્યાત કા઼યદો છે કે અહલે સુન્નતના મદ્રસાના સર્વ તલબા જાણે છે, પછી કોની સમજમાં આવી શકે છે કે હઝરત શૈખુદ્દલાઈલ કઈ વાત પર ભડકી ગયા. આ કેવળ હઝરત શૈખુદ્દલાઈલની ઉચ્ચ શાનને ઘટાડવાના માટે ઘડી કાઢેલ છે, નહીં તો એમની જલાલતે ઈલ્મ સાથે ગંગોહી મહાશય જેવા લોકોની શું હકી઼કત ?! આ એક વાક્યામાં આટલાં બધાં જૂઠો એકી સાથે છે : **૧.** આ હદીષ મુસ્લિમમાં છે. **૨.** એને સાંભળીને શૈખુદ્દલાઈલ ભડકી ઉઠયા. **૩.** એનો પતો પૂછયો. **૪.** અને એ દેવબંદીને ગંગોહી મહાશયે મુસ્લિમ શરીફનો પેજ નં. લીટી નં. બતાવ્યો. **૫.** પછી એ દેવબંદીએ શૈખુદ્દલાઈલને એની ખબર આપી.

### સમજૂતી : ૪૮૬

**સામ્યતા** : વર્ણન થઈ ચૂક્યું કે આ પ્રકરણના છ હિસ્સા છે, છઠ્ઠો ભાગ એ છે કે સિર્રી નમાઝોમાં પણ કિ઼ર્અત છે. આ હદીષમાં જે બનાવ મશહૂર છે તે દિવસની નમાઝનો છે જેમાં હુઝૂરે અક઼દસ ﷺ એ હમેશાં સિર્રી કિ઼ર્અત કરી છે. આ કિસ્સો જે સાહબનો છે એમનું નામ ખલ્લાદ બિન રાફેઅ છે. તિર્મિઝીમાં છે કે એક સાહબ આવ્યા જે ગામડીયા જેમ હતા. નમાઝ પઢી અને ખૂબ જ હલકી પઢી.

**મસાઈલ** : **૧.** સલામનો જવાબ આપવો વાજિબ છે. **૨.** તઅદીલે અરકાન (અટકી અટકીને અરકાન અદા કરવા એટલે સુકૂનથી અદા કરવું. દા.ત. રુકૂઅથી સીધા ઊભા થવું) વાજિબ છે, ફર્ઝ નથી. એટલા માટે કે આ હદીષના અમુક તરીકા઼ (ઉમ્દતુલ કા઼રી, ૬/૧૬)માં અંતમાં આ વાક્ય છે :–

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ ارْجِعْ فَصَلِّ فَاِنَّكَ لَمْ تُصَلِّ

અને નબી ﷺ ને સલામ કરી, ફરી હુઝૂરે ફર્માવ્યું, પાછો ફર અને ફરી નમાઝ પઢ ! એટલા માટે કે તેં

ثَلٰثًا فَقَالَ وَالَّذِىْ بَعَثَكَ بِالْحَقِّ مَا اُحْسِنُ غَيْرَهٗ فَعَلِّمْنِىْ

નમાઝ નથી પઢી. ત્રણવાર આવું જ થયું. હવે તેણે અર્ઝ કરી, એ ઝાતની કસમ ! જેણે આપને હક્કની સાથે

فَقَالَ اِذَا قُمْتَ اِلَى الصَّلٰوةِ فَكَبِّرْ ثُمَّ اقْرَأْ مَا تَيَسَّرَ مَعَكَ مِنَ الْقُرْاٰنِ

મોકલ્યા છે, હું એનાથી બેહતર નમાઝ નથી પઢી શકતો ! હુઝૂર મને શીખવાડી દો ! તો ઈર્શાદ ફર્માવ્યો,

ثُمَّ ارْكَعْ حَتّٰى تَطْمَئِنَّ رَاكِعًا ثُمَّ ارْفَعْ حَتّٰى تَعْتَدِلَ قَائِمًا ثُمَّ

જ્યારે નમાઝના માટે ઉભા થાવ તો તકબીર પઢો, પછી જેટલુ કુર્આન તમને યાદ હોય, એમાંથી જે બની

اسْجُدْ حَتّٰى تَطْمَئِنَّ سَاجِدًا ثُمَّ ارْفَعْ حَتّٰى تَطْمَئِنَّ جَالِسًا

શકે પઢો. ત્યારબાદ રુકૂઅ કરો ત્યાં સુધી કે ઈત્મિનાન સાથે રુકૂઅ થઈ જાય. પછી માથુ ઉઠાવ ત્યાં સુધી કે

وَافْعَلْ فِىْ صَلٰوتِكَ كُلِّهَا ء

તું સીધો ઉભો થઈ જાય. પછી સજદો કર ત્યાં સુધી કે ઈત્મિનાન સાથે સજદો થઈ જાય, પછી માથુ ઉઠાવ

અને ઈત્મિનાન સાથે બેસી જા અને એવું જ તારી દરેક નમાઝમાં કર."

(બુખારી, ૧/૧૦૪ અઝાન, ૧/૧૦૯, ૨/૯૨૪, ૨/૭૮૬, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–સલાત,

તિર્મિઝી–મવાકીત, દારમી–સલાત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૧૨૭)

اذا فعلت هذا افقد تمت صلوٰتك وما انتقصت من هذا انتقصت من صلوٰتك હુઝૂરે અકદસ ﷺ એ નુકસાનના છતાં તેને નમાઝ ઠરાવી એ એ વાતની દલીલ છે. لم تصل માં કમાલની નફી (પરિપૂર્ણતાનો નકાર) મુરાદ છે, તદ્ઉપરાંત ખબરે વાહિદ છે અને ખબરે વાહિદથી ફર્ઝિયત સાબિત નથી થતી. ૩. નમાઝનો પ્રારંભ તકબીર વડે થવો જરૂરી છે. ઈમામ શાફઈ વગેરે કહે છે કે કેવળ 'અલ્લાહુ અકબર' શબ્દ હોવો ફર્ઝ છે. આપણે ત્યાં દરેક તે સેગો (સૂચન) જે અલ્લાહ ﷻ ની અઝમત તથા કિબ્રિયાઈ પર દલીલ પૂરી પાડે તે પૂરતો છે. એટલા માટે કે કુર્આન મજીદમાં છે : وذكراسم ربه فصلى "અને તેણે પોતાના રબનું નામ લીધું અને નમાઝ પઢી." અને ઝિક્ર સર્વ આવા સર્વ સેગાઓને આમ છે જે જલાલતે કિબ્રિયાઈ પર દલીલ પૂરી પાડે છે, જેમ કે અલ્લાહુ અકબર, અલ્લાહુ અઅ્ઝમ, અર્રહમાનુ અકબર, અર્રહમાનુ અજલ, સુબ્હાનલ્લાહ, અલ્હમ્દુલિલ્લાહ વગેરે. પણ આ હદીષના કારણે શબ્દ 'અલ્લાહુ અકબર' હોવું વાજિબ છે. ૪. ثم اقرأ ما تيسرمن القرآن પછી તમે જેટલુ કુર્આન યાદ હોય એમાંથી જેટલુ તમને આસાન હોય એટલુ પઢો. અમારી દલીલ એ છે કે ખાસ સૂરએ ફાતિહા પઢવી ફર્ઝ નથી, કુર્આન મજીદનો જે પણ હિસ્સો પઢો ફર્ઝ અદા થઈ જશે, ભલે સૂરએ ફાતિહા ન હોય. એટલા માટે કે આ મોકો તાલીમનો હતો. જો ખાસ સૂરતે ફાતિહાનું પઢવું ફર્ઝ હોત તો હુઝૂરે અકદસ ﷺ એમને જરૂર તાલીમ આપત. ૫. અલ્બત્ત સૂરએ ફાતિહા તથા ત્રણ ટૂંકી આયતોનું ઈમામ તથા મુન્ફરિદે પઢવું

## حديث ۴۸۷

**[હદીષ : ૪૮૭]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ قَتَادَةَ عَنْ اَبِيْهِ قَالَ كَانَ النَّبِيُّ

"હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم ઝોહરની પ્રથમ બે

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ فِى الرَّكْعَتَيْنِ الْاُوْلَيَيْنِ مِنْ صَلٰوةِ

રકાતોમાં ફાતિહતુલ્ કિતાબ અને બે સૂરતો પઢતા હતા. પહેલીમાં લાંબી કિર્અત કરતા હતા અને

الظُّهْرِ بِفَاتِحَةِ الْكِتَابِ وَسُوْرَتَيْنِ يُطَوِّلُ فِى الْاُوْلٰى وَيُقَصِّرُ فِى الثَّانِيَةِ

બીજીમાં ઓછી. અને કદી કદી અમને આયત સંભળાવી દેતા. અને અસ્રમાં સૂરએ ફાતિહા

وَيُسْمِعُ الْاٰيَةَ اَحْيَانًا وَكَانَ يَقْرَأُ فِى الْعَصْرِ بِفَاتِحَةِ الْكِتَابِ وَسُوْرَتَيْنِ وَكَانَ

અને બે સૂરતો પઢતા હતા અને પહેલીમાં કિર્અત લાંબી કરતા. અને સવારની

વાજિબ છે. ૬. હદીષ **لا صلوٰة الا بفاتحه الكتاب**ની વિરૂધ્ધ થશે જો એ **لا**ને પરિપૂર્ણતાના નકારના માટે લેવામાં આવે. ૭. આ હદીષથી સાબિત કે નમાઝથી બહાર આવવાના માટે 'અસ્સલામ' ફર્ઝ નથી, એટલા માટે કે જો ફર્ઝ હોત તો હુઝૂર તેમને જરૂર તાલીમ આપતા. તાલીમના પ્રસંગે એને ત્યજવું (ન દર્શાવવું) એની દલીલ છે કે તે ફર્ઝ નથી. એના માટે સ્પષ્ટ દલીલ હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہની હદીષનો અંતિમ હિસ્સો છે કે ફર્માવ્યું : **اذ اقلت هذا وفعلت هذا فقد تمت صلوٰتك**. જ્યારે તેં આટલું પઢી લીધું અથવા આટલું કરી લીધું તો તારી નમાઝ થઈ ગઈ. એમાં પણ શબ્દ 'અસ્સલામ'નો શબ્દ નથી. ૮. વાજિબના ત્યજવાથી દોહરાવવું વાજિબ છે. ૯. નફલ શરૂ કર્યા બાદ તેને પૂર્ણ કરવું લાઝિમ છે, એટલા માટે કે જાહેર એ જ છે કે એ નમાઝ નફલ હતી.

### સમજૂતી : ૪૮૭

**મસાઈલ :** **૧.** આ હદીષથી સાબિત થયું કે ઝોહર તથા અસ્ર અને ફજરની પ્રથમ રકાતમાં બીજી રકાતો કરતાં કિર્અત લાંબી હોવી સુન્નત છે. પણ કેમ કે એનાથી વિરૂધ્ધ અન્ય હદીષો પણ છે, દા.ત. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની મુસ્લિમ (૧/૧૮૬ સલાત)માં આ હદીષ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ઝોહરની દરેક રકાતમાં ત્રીસ આયતોની જેટલું પઢતા એટલા માટે અમારો મઝહબ એ છે કે ઝોહર તથા અસ્રની બંનેવ રકઅતોમાં કિરાઅત સરખી રહેવી સુન્નત છે અને હદીષમાં જે આવ્યું છે એનાથી મુરાદ એ છે કે ષના, તઅવ્વુઝ, તસ્મિયાના લીધે પ્રથમ રકાત બીજી કરતા લાંબી થઈ જતી હતી, આ હદીષ આગળ પ્રકરણ **يقرأ فى الاخريين بفاتحة الكتاب**માં આ વધારા સાથે આવેલી છે. અને અંતિમ રકાતોમાં ફાતિહતુલ કિતાબ પઢ તા હતા. એનાથી સાબિત થયું કે અંતિમ રકાતોમાં સૂરત મિલાવવી વાજિબ નથી. અમારે ત્યાં પાછલી રકાતોમાં સૂરએ ફાતિહા પઢવી મુસ્તહબ છે. જો ચાહે તો તસ્બીહ પર પણ અટકી શકે છે, જેમ કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી ઈબ્ને મુન્ઝરે રિવાયત કરી કે તેમણે ફર્માવ્યું કે આગલી રકાતોમાં કુર્આન મજીદ પઢ અને મુસ્નફે ઈબ્ને અબી

يُطَوِّلُ فِي الْأُوْلٰى وَكَانَ يُطَوِّلُ فِي الرَّكْعَةِ الْأُوْلٰى مِنْ صَلٰوةِ الصُّبْحِ وَيُقَصِّرُ

*પ્રથમ રકાતમાં કિ઼ર્અત લાંબી કરતા, અને*

فِي الثَّانِيَةِ ؏

*બીજીમાં કાંઈક ઓછી કરતા." (બુખારી, ૧/૧૦૫ અઝાન, ૧/૧૦૭)*

## حديث ۴۸۸

## [હદીષ : ૪૮૮]

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا أَنَّهُ قَالَ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે*

اِنَّ اُمَّ الْفَضْلِ سَمِعَتْهُ وَهُوَ يَقْرَأُ، وَالْمُرْسَلٰتِ عُرْفًا فَقَالَتْ

*ઉમ્મુલ ફ઼દ્લએ સાંભળ્યું અને તે (સૂરત) "વલ્ મુર્સલાતિ ઉર્ફન" (وَالْمُرْسَلٰتِ عُرْفًا) પઢી રહ્યા હતા તો*

يَا بُنَيَّ لَقَدْ ذَكَّرْتَنِي بِقِرَاءَتِكَ هٰذِهِ السُّوْرَةَ اِنَّهَا لَاٰخِرُ مَا سَمِعْتُ

*તેમણે કહ્યું, હે બેટા ! તેં તારી કિ઼રઅતથી આ સૂરત મને યાદ અપાવી દીધી. આખરી કુ઼ર્આન જે મેં*

શયબામાં હઝરત અલી તથા હઝરત ઈબ્ને મસ્ઊદનો અમલ આ પ્રમાણે વર્ણન થયો છે કે એ લોકો પ્રથમ રકાતોમાં કુ઼ર્આન મજીદ પઢતા અને પાછલી રકાતોમાં તસ્બીહ. ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકા઼ رضی اللہ عنہا થી પણ એ જ રિવાયત થયેલ છે. તાબઈનની સંખ્યા એના ઉપરાંત છે. જે રિવાયતોમાં પાછળની રકાતોમાં સૂરએ ફ઼ાતિહા પઢવાનો ઉલ્લેખ છે તે ઈસ્તિહબાબ (મુસ્તહબ હોવા) પર નિશ્ચિત છે, એટલા માટે કે તિબ્રાનીએ અવસતમાં હઝરત જાબિરથી રિવાયત કરી છે કે નમાઝમાં કિ઼રઅતની સુન્નત એ છે કે પ્રથમવાળી રકાતોમાં ઉમ્મુલ કુ઼ર્આન તથા સૂરત પઢવામાં આવે અને પાછલી રકાતોમાં ઉમ્મુલ કુ઼ર્આન (એટલે અલ્હમ્દ શરીફ઼), રહી ગયું એ કે હઝરત અબૂ કતાદાને એનો ઈલ્મ કેવી રીતે થયો કે હુઝૂર ﷺ સૂરએ ફ઼ાતિહા તથા સૂરત પઢયા કરતા હતા ? એને તે ખૂદ વર્ણન કરી ચૂક્યા છે કે કદી કદી હુઝૂર અમને આયત સંભળાવી દેતા હતા. એ સાંભળવું બે રીતે હોઈ શકે છે, એક એ રીતે કે તાલીમના માટે કદી કદી, અથવા શરૂમાં હુઝૂરે બુલંદ અવાજથી કિ઼ર્અત કરી હોય, અથવા એ રીતે કે કદી આહિસ્તા પઢવામાં નજીકના માણસ કિ઼ર્અત સાંભળી લીધા કરે છે, એ રીતે હઝરત અબૂ કતાદાએ સાંભળી હોય.

### સમજૂતી : ૪૮૮

**પરિપૂર્ણતા :** કિતાબુલ મગાઝીમાં આટલુ અધિક છે : "પછી એના હુઝૂરે અમને કોઈ નમાઝ નથી પઢાવી, ત્યાં સુધી કે અલ્લાહે ઉઠાવી લીધા." નિસાઈમાં એ સ્પષ્ટતા છે કે એ મગરિબની નમાઝ હતી અને એ કે હુઝૂરે પોતાના કાશાનાએ અક઼દસ (ઘર મુબારક)માં પઢાવી હતી. તિર્મિઝીમાં છે કે હુઝૂર અમારી તરફ઼ પોતાની બીમારી દરમ્યાન તશરીફ઼ લાવ્યા અને હુઝૂરે માથા પર પટ્ટી બાંધેલી હતી અને મગરિબ પઢી જેમાં મુરાસિલાત

مِنْ رَّسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ بِهَا فِي الْمَغْرِبِ

રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે તે આ જ છે. હુઝૂર એને મગરિબમાં પઢી રહ્યા હતા."

(બુખારી, ૧/૧૦૫ અઝાન, ૨/૬૩૭ મગાઝી, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત સર્વમાં)

## حديث ٤٨٩

## [હદીષ : ૪૮૯]

عَنْ عُرْوَةَ بْنِ الزُّبَيْرِ عَنْ مَرْوَانَ بْنِ الْحَكَمِ قَالَ

"ઉરવા ઈબ્ને ઝુબેર رضی اللہ عنہ એ મરવાન ઈબ્ને હકમથી રિવાયત કરી કે

قَالَ لِيْ زَيْدُ بْنُ ثَابِتٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ مَالَكَ تَقْرَأُ فِي الْمَغْرِبِ

તેણે કહ્યું, મને ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ એ ફર્માવ્યું, તું મગરિબમાં 'ક઼િસાર' પઢે છે

بِقِصَارٍ وَقَدْ سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ

અને મેં નબી ﷺ ને સાંભળ્યા કે તે બે મોટી સૂરતોથી પણ

પઢી. ત્યાર બાદ વિસાલના સમય સુધી (મગરિબની) નમાઝ નથી પઢાવી. તિર્મિઝીની રિવાયતથી જાહેરી રીતે એ માલૂમ પડે છે કે હુઝૂર મસ્જિદે અક઼દસમાં તશરીફ લાવ્યા અને મસ્જિદમાં જ નમાઝ પઢાવી. અને નિસાઈની રિવાયતમાં છે કે ઘરની અંદર પઢાવી. કાશાનાએ અક઼દસમાં જ્યાં સૂતા હતા ત્યાંથી નીકળ્યા, એવું નહીં કે હજુરાએ મુક઼દસાથી નીકળીને મસ્જિદમાં તશરીફ લાવ્યા. આ હદીષના સર્વ તરીક઼ાઓ પર વિચારણા કરવાથી માલૂમ પડે છે કે લગભગ હઝરત ઉમ્મુલ મો'મિનીન સિદીક઼ા رضی اللہ عنہا ના ઘરે તશરીફ લાવ્યા બાદ આ કિસ્સો તેમના જ ઘરે થયો હતો, અને અમુક લોકો જે હુજરા મુબારકમાં હતા તેમને નમાઝ પઢાવી. તેમજ બાકીની રિવાયતોના આ હિસ્સાથી કે પછી અમને નમાઝ નથી પઢાવી. ક઼યાસ કરી શકાય છે કે આ વિસાલના દિવસથી એક દિવસ આગળ રવિવારની મગરિબ હતી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

### સમજૂતી : ૪૮૯

આ હદીષના એક રાવી મરવાન ઈબ્ને હિકમ સમયનો પ્રખ્યાત મક્કાર, ફ઼િત્નાખોર તથા ફ઼િત્ના ઉભા કરનાર છે જેના કારણે સૈયદના ઉષ્માનગની رضی اللہ عنہ ની શહાદત થઈ, જેના કારણે ઈસ્લામની એક્તા ટુકડે ટુકડા થઈ ગઈ અને હજારો મુસલમાન ક઼ત્લ કરવામાં આવ્યા. એ વાત મારી સમજથી બહાર છે કે ઈમામ બુખારી જેવા સખત સાવધાન મુહદ્દિષે પોતાની સહીહ કિતાબમાં એની રિવાયત કેવી રીતે લીધી ? એનો બાપ હિકમ બિન આસ તે બુરી આદતોવાળો ખબીષ હતો જે હુઝૂરે અક઼દસ ﷺ ની નક઼લો ઉતારતો હતો. કાશાનાએ અક઼દસ (મુબારક ઘર)માં ઝાંકતો હતો, જેના કારણે હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું, મારો જીવ ચાહે છે કે આ કાંસકા વડે તારી આંખ ફોડી નાખુ ! આ જ ખરાબીઓના કારણે હકમને તાઈફ તડીપાર કરી દીધો હતો. તેની સાથે તેનો આ ફસાદી પુત્ર તાઈફ ચાલ્યો ગયો હતો. અહબાબે સિયર (ઈતિહાસ વેત્તાઓ)ની એના પર એકમતિ છે કે મરવાને હુઝૂરે અક઼દસ ﷺ ની ઝિયારત (દીદાર) નથી કરી.

بِطُولَى الطُّولَيَيْنِ ؏ـ

મોટી સૂરત પઢતા હતા."

حدیث ۴۹۰

[હદીષ : ૪૯૦]

عَنْ مُحَمَّدِ بْنِ جُبَيْرِ بْنِ مُطْعِمٍ عَنْ اَبِيْهِ قَالَ

"મુહમ્મદ બિન ઝુબેર બિન મુત્ઈમ પોતાના પિતાથી રિવાયત

سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَرَأَ فِى الْمَغْرِبِ

કરે છે કેએમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે મગરિબમાં

بِالطُّوْرِ ؏ـ

સૂરએ તૂર પઢી."

*(બુખારી ૧/૧૦૫ અઝાન, જેહાદ–૪૨૮, ૨/૫૭૩ મગાઝી, તફસીરે સૂરએ તૂર–૭૨૦, મુસ્લિમ, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–મવાક઼ીત, નિસાઈ–ઈફતેતાહ, દારમી–સલાત, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૮૦, મુઅત્તા ફ઼િદાઅ્)*

**طولى الطوليين-طولى** : **طويل**થી ઈસ્મે તફઝીલ મુનિષે ફેઅલીના વઝન પર છે અને **الطوليين** એનો તષ્નિયહ છે. એ બે મોટી સૂરતોમાંથી એક તો એઅ્રાફ છે અને બીજી મહફૂઝ ક઼ૌલની બિના પર **અન્આમ** છે. *(ઉમ્દતુલ ક઼ારી, ૬/૨૪)* ક઼િસારથી મુરાદ ક઼િસારે મુફસ્સલ છે જેમ કે કશમહીનીની રિવાયત પણ છે. સૂરએ **لم يكن الذين كفروا**થી લઈને છેવટ સુધી ક઼િસારે મુફસ્સલ કહે છે.

**સમજૂતી : ૪૯૦**

**પરિપૂર્ણતા** : કિતાબુલ્ જિહાદ અને મગાઝીમાં એટલુ અધિક છે કે એ એટલે જુબેર બિન મુત્ઈમ ગઝવએ બદરમાં મદીના તયબાહ હાજર થયા હતા જેથી બદરના કેદીઓના બારામાં હુઝૂરે અક઼્દસ ﷺથી સિફારિશ કરે કે હુઝૂર તેમને છોડી આપે. એ વખતે મગરિબમાં સૂરએ તૂર પઢતાં સાંભળ્યું હતું. ફર્માવે છે કે એ પ્રથમ પ્રસંગ હતો કે ઈસ્લામ મારા દિલમાં ઘર કરી ગયો. કિતાબુત્તફસીરમાં એ પણ છે કે જ્યારે હુઝૂરે અક઼્દસ ﷺ આ આયત પર પહોંચ્યા :–

**اَمْ خُلِقُوْا مِنْ غَيْرِ شَيْءٍ اَمْ هُمُ الْخَالِقُوْنَ اَمْ خَلَقُوا السَّمٰوَاتِ وَالْاَرْضَ بَلْ لَا يُوْقِنُوْنَ اَمْ عِنْدَهُمْ خَزَائِنُ رَحْمَةِ رَبِّكَ اَمْ هُمُ الْمُصَيْطِرُوْنَ**

"શું તે કોઈ અસલથી નથી બનાવવામાં આવ્યા અથવા એઓ જ બનાવવાવાળા છે ? શું આસ્માનો તથા જમીનોને એમણે પેદા કર્યાં છે ? બલ્કે એમને યક઼ીન નથી. શું એમની પાસે તમારા રબની રહમતના ખજાનાઓ છે ? કે તેઓ નિગેહબાન છે." તો માલૂમ પડતુ હતું કે મારું દિલ ઉઠી જશે.

એમની સિફારિશ પર ફર્માવ્યું, જો મુત્ઈમ બિન અદી જીવંત હોત અને એ નાપાકોના બારામાં સિફારિશ

કરત તો છોડી આપત.

**સામ્યતા** : જુબેર બિન મુત્ઈમ رضی اللہ عنہ એ સમયે મુસલમાન થયા ન હતા છતાં પણ તેમણે સાંભળ્યું, તો સાબિત થયું કે હુઝૂરે અક્દસ ﷺ બુલંદ અવાજથી કિ્અર્ત કરી રહ્યા હતા.

**મસાઈલ** : **૧.** આ ત્રણેવ હદીષોથી જાણવા મળ્યું કે મગરિબમાં લાંબી સૂરતો પઢવી સુન્નત છે. આ જ ઈમામ શાફઈનો મઝહબ છે. આપણે ત્યાં મુસ્તહબ એ છે કે મગરિબમાં કિ્સારે મુફસ્સલ *(સૂરએ હુજુરાતથી સૂરએ બુરૂજ સુધી સુરતો તિવાલે મુફસ્સલ કહેવાય છે. અને સૂરએ બુરૂજથી સૂરએ લમકુનિલ્લઝીન સુધી અવસાતે મુફસ્સલ કહેવાય છે અને લમયકૂનથી આખર સુધી કિ્સારે મુફસ્સલ કહેવાય છે. –અનુવાદક)* પઢવામાં આવે. આપણી દલીલ તે હદીષો છે જેમાં એ વર્ણન થયું છે કે હઝરત જાબિર, હઝરત અનસ رضی اللہ عنہم કહે છે કે અમે મગરિબ પઢીને અમારા ઘરે મદીનાના કિનારે તીર ફેંકતા ફેંકતા જતા તો એટલુ અજવાળુ રહેતુ કે તીર પડવાની જગા જોઈ લેતા. તેમજ ઈબ્ને માજહ (બાબુલ કિ્રઅત–૬૦)માં સહીહ સનદ સાથે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે, કહે છે કે રસૂલુલ્લાહ ﷺ મગરિબમાં **قل یا ایها الکٰفرون** તથા **قل هو الله احد** પઢતા હતા. બઝ્ઝારે પોતાની મુસ્નદમાં સહીહ સનદ સાથે હઝરત બુરીદા رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ મગરિબ તથા ઈશામાં **واللّیل اذا یغشی** તથા **والضحٰی** અને ઝહોર તથા અસ્રમાં **سبح اسم ربك الا علٰی** તથા **هل اتاك** પઢતા હતા, ઈબ્ને મરદવયહ્એ પોતાની કિતાબ ઈદલાદુલ મુહદ્દિષીનમાં હઝરત જાબિર ઈબ્ને સમુરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ જુમ્આની રાતની મગરિબમાં **قل یا ایها الکٰفرون** તથા **قل هو الله احد** પઢતા હતા. તેમજ મહાન સહાબાએ કિરામનો એના પર અમલ હતો, દા.ત. હઝરત સિદ્દીકે અકબર, ફારૂકે આ'ઝમ, ઈબ્ને મસઊદ, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈમરાન બિન હુસૈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین. એટલા માટે ઈમામ માલિક ફર્માવે છે કે મગરિબમાં લાંબી સૂરતો પઢવી મકરૂહ છે. આ હદીષોનો જવાબ એ છે કે કદી કદી જવાઝ (જાઈઝ હોવા)ના બયાનના માટે અથવા સહાબાએ કિરામના સુકૂનના સમયે આ સૂરતો પઢી છે. શક્ય છે કે હુઝૂર ﷺની કિ્રાઅતમાં પણ ઝબાનનો એઅ્જાઝ (મોજિઝો) રહ્યો હોય કે થોડા સરખા સમયમાં વધુથી વધુ કિ્અર્ત કરતા હતા. જેમ કે હઝરત દાઊદ علیہ السلامના બારામાં રિવાયત થયેલ છે કે સવારી પર ઝીન કસવાનો હુકમ આપીને ઝબૂરની તિલાવત કરી લેતા. (ઉમ્દતુલ કારી, ૬/૨૬) નહીં તો જ્યારે હુઝૂર ﷺએ લાંબી કિ્રઅતના કારણે હઝરત મઆઝ પર ચેતવણી કરી હતી તો પછી ખૂદ કેવી રીતે એ પસંદ કરતા કે સૂરએ અઅ્રાફ તથા અન્આમ જેવી લાંબી સૂરતો મગરિબમાં પઢતા.

**૨.** હદીષ–૨૮૯ **بطولی الطولیین** એની દલીલ છે કે મગરિબનો સમય શફકે અહમરની જ સુધી નથી શફકે અબયઝના ગુરૂબ સુધી છે, એટલા માટે કે શફકે અહમર એટલી વાર નથી રહેતી કે સૂરએ અઅ્રાફ કે અન્આમ પઢી શકાય.

**સમજૂતી : ૪૯૧**

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ આ છે : ''ઈશાની નમાઝમાં મોટા અવાજે કિ્અર્ત.'' એની સાબિતી એ રીતે છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે કે મેં હુઝૂરે અક્દસ ﷺની પાછળ આ સૂરતમાં સજદો કર્યો. મુક્તદી પર સજદો ત્યારે જ વાજિબ છે જ્યારે કે ઈમામ સિજદાની આયત મોટા અવાજે પઢે. જેથી સાબિત થયું કે હુઝૂરે અક્દસ ﷺએ ઈશામાં મોટા અવાજે કિ્રઅત કરી. આ હદીષથી સાબિત થયું કે સૂરએ ઈન્શિકાક્માં

تَعَالٰی عَنْہُ الْعَتَمَۃَ فَقَرَأَ اِذَا السَّمَاءُ انْشَقَّتْ فَسَجَدَ فَقُلْتُ لَہٗ

ઈશાની નમાઝ પઢી એમાં તેમણે اِذَا السَّمَاءُ انْشَقَّتْ પઢી તો સજદો કર્યો. મેં તેમને પૂછયું તો બતાવ્યું

قَالَ سَجَدْتُ خَلْفَ اَبِی الْقَاسِمِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَلَا اَزَالُ

કે મેં હઝરત અબુલ ક઼ાસિમ ﷺની પાછળ સજદો કર્યો છે, હું એના પર હમેશાં સજદો કરતો રહીશ,

اَسْجُدُ بِھَا حَتّٰی اَلْقَاہُ

ત્યાં સુધી કે તેમને મળું."

(બુખારી, ૧/૧૦૫ અઝાન, ક઼િર્અત–૧૦૬, સજૂદુલ કુર્આન–૧૪૬, ૧૪૭, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)

## حدیث ۴۹۲

**[હદીષ : ૪૯૨]**

عَنْ عَدِیٍّ قَالَ سَمِعْتُ الْبَرَاءَ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ

"અદીએ કહ્યું, મેં હઝરત બરાઅ્ رضی اللہ عنہથી સાંભળ્યું કે

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ فِیْ سَفَرٍ فَقَرَأَ فِی الْعِشَاءِ فِیْ اِحْدَی الرَّکْعَتَیْنِ

નબી ﷺએ સફરની હાલતમાં ઈશાની એક રકાતમાં

بِالتِّیْنِ وَالزَّیْتُوْنِ

تین તથા وَالزَّيْتُوْنِ પઢી."

(બુખારી ૧/૧૦૫ અઝાન, ૧/૧૦૬ ક઼િરઅતુલ ઈશા, ૨/૭૩૯, અત્તૌહીદ ૨/૧૧૨૬, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)

સજદો છે. ઈમામ માલિકથી ઉલ્ટુ કે તેમની નજીક આ સૂરતમાં સજદો નથી. વળી ઉલમાએ કિરામની વચ્ચે એના બારામાં મતભેદ છે કે આયતે સજદા શું છે ? આપણે ત્યાં આયતે કરીમા وَاِذَا قُرِئَ عَلَيْهِمُ الْقُرْآنُ لَا يَسْجُدُوْنَ છે. અને કેટલાક લોકો કહે છે કે એ સૂરતની અંતિમ આયત. એટલા માટે બેહતર એ છે કે સૂરત પૂરી કર્યા બાદ સજદો કરે.

**સમજૂતી : ૪૯૨**

આપણે ત્યાં ઈશામાં અવસાતે મુફસ્સલ પઢવું મુસ્તહબ છે જેમ કે હમણા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની હદીષ ગુજરી કે હુઝૂરે અક઼દસ ﷺએ ઈશામાં સૂરએ ઈન્શિક઼ાક઼ પઢી. તેમજ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ ઈશામાં સૂરએ والنجم તથા હઝરત ઈબ્ને ઉમરે لم یکن الذین کفرو પઢી. અને આ હદીષમાં જે વર્ણન થયેલ છે તે સફરનો (મુસાફરીનો) બનાવ છે અને સફરમાં ટૂંકાણ થાય જ છે. અને પ્રકરણથી સામ્યતા જાહેર થઈ રહી છે કે હુઝૂરે અક઼દસ ﷺએ મોટા અવાજે પઢયું હતું, ત્યારે જ તો તેમને જાણ થઈ કે આ સૂરત પઢી. આ

## حديث ۴۹۳

**[હદીષ : ૪૯૩]**

اَخْبَرَنِیْ عَطَاءٌ اَنَّهٗ سَمِعَ اَبَاهُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی

*"અતાએ મને ખબર આપી કે તેમણે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને એવું ફર્માવતાં સાંભળ્યા*

عَنْهُ يَقُوْلُ فِیْ كُلِّ صَلٰوةٍ يُقْرَاُ فَمَا اَسْمَعَنَا رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

*કે દરેક નમાઝમાં કુર્આન પઢવામાં આવે. રસૂલુલ્લાહ ﷺએ અમને જે નમાઝોમાં સંભળાવ્યું અમે તમને*

تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ اَسْمَعْنَاكُمْ وَمَا اَخْفٰی عَنَّا اَخْفَيْنَا عَنْكُمْ وَاِنْ

*સંભળાવ્યું, અને જેમાં આહિસ્તા પઢીને અમારાથી છુપાવ્યું, અમે પણ આહિસ્તા પઢીને છુપાવીએ છીએ.*

لَمْ تَزِدْ عَلٰی اُمِّ الْقُرْاٰنِ اَجْزَاَتْ وَاِنْ زِدْتَّ فَهُوَ خَيْرٌ

*જો સૂરએ ફાતિહાથી અધિક ન પઢવામાં આવે તો પણ પૂરતુ છે, અને જો તમે અધિક કરો તો એ બેહતર છે."*

*(બુખારી ૧/૧૦૬ અઝાન, મુસ્લિમ, નિસાઈ–સલાત, મુસ્નદે ઈમામ અહમદ)*

હદીષથી એ પણ લાભ થયો કે સફરમાં જ્યાં સુધી બને ટૂંકાણ કરવી સુન્નત છે. એના બાદવાળી રિવાયતમાં આટલુ અધિક છે : **وَمَا سَمِعْتُ اَحَداً اَحْسَنَ صوتامنه او قرأة** "અને મેં હુઝૂરથી અધિક સારો અવાજ અથવા ઉમદા કિર્અત કોઈની નથી સાંભળી."

**સમજૂતી : ૪૯૩**

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે દરેક નમાઝમાં કિર્અત ફર્ઝ છે. તેમજ આ હદીષ ઈમામ શાફઈની દલીલ છે કે નમાઝમાં કેવળ સૂરએ ફાતિહા પઢવી વાજિબ છે. સૂરતનું મિલાવવું વાજિબ નથી મુસ્તહબ છે. અમારો મઝહબ એ છે કે ફર્ઝોની બે રકાતોમાં સૂરતનું મિલાવવું વાજિબ છે. આપણી દલીલ આ હદીષો છે :

ઈબ્ને અદી કામિલમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : **لا صلوٰة الا بفاتحة الكتاب وسورة معها** "સૂરએ ફાતિહા તથા તેની સાથે કોઈ સૂરત મિલાવ્યા વિના નમાઝ જ નથી."

તિર્મિઝી અને ઈબ્ને માજહમાં એનાથી આ શબ્દોમાં મરવી છે :–

**لا صلوٰة لمن لم يقرأ بالحمد وسورة فی فريضة او فی غيرها** "જેણે સૂરએ ફાતિહા અને તેની સાથે અન્ય સૂરત નથી પઢી તેની નમાઝ નથી, ફર્ઝ હોય કે અન્ય કોઈ નમાઝ."

ઈમામ અહમદ તથા અબૂ દાઊદે તેમનાથી જ આ શબ્દોમાં રિવાયત કરી :–

**امرنارسول الله صلی الله تعالٰی عليه وسلم ان نقرا الفاتحه ومايتسر-واللفظ للامام احمد**

"અમને રસૂલુલ્લાહ ﷺએ હુકમ આપ્યો કે સૂરએ ફાતિહા તથા જેટલુ આસાન હોય એટલુ પઢો."

તેમજ અદીએ હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

## حديث ۴۹۴

**[હદીષ : ૪૯૪]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ انْطَلَقَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું,

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِیْ طَائِفَۃٍ مِّنْ اَصْحَابِہٖ عَامِدِیْنَ

નબી صلی اللہ علیہ وسلم પોતાના સહાબાના એક ગિરોહની સાથે ઉકાઝ બજારની તરફ ઈરાદો કરીને ચાલ્યા અને એ

اِلٰی سُوْقِ عُکَاظٍ وَّقَدْ حِیْلَ بَیْنَ الشَّیَاطِیْنِ وَبَیْنَ خَبَرِ السَّمَاءِ وَ

વખતે શયતાનો અને આસ્માની ખબરોની વચ્ચે રોક લગાડી દેવામાં આવી હતી અને તેમના પર અગનગોળા

اُرْسِلَتْ عَلَیْھِمُ الشُّھُبُ فَرَجَعَتِ الشَّیَاطِیْنُ اِلٰی قَوْمِھِمْ فَقَالُوْا

ફેંકવામાં આવી રહ્યા હતા. તો શયતાનો પોતાની કૌમની તરફ પરત થયા. તેમણે પૂછયું, તમારો શો હાલ છે ?

مَا لَکُمْ قَالُوْا حِیْلَ بَیْنَنَا وَبَیْنَ خَبَرِ السَّمَاءِ وَاُرْسِلَتْ عَلَیْنَا

તેમણે બતાવ્યું કે અમારા તથા આસ્માનની ખબરો વચ્ચે રોક લગાડી દેવામાં આવી છે અને અમારા પર

**لا تجزئ المكتوبة الا بفاتحة الكتاب وثلاث آيات فصاعدا**"ફર્ઝ નમાઝ સૂરએ ફાતિહા અને ત્રણ અથવા એથી વધુ આયતો પઢયા વિના ન થશે."

અબૂ નુએમે તારીખે અસ્બહાનમાં હઝરત અબૂ મસ્ઊદ અન્સારી رضی اللہ عنہએ રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : **لا تجزئ صلوٰة لا يقرأ فيها بفا تحة الكتاب وشئ معها** "જે નમાઝમાં **સૂરએ ફાતિહા** તથા એના ઉપરાંત કાંઈ અધિક ન પઢવામાં આવે તે થશે નહીં."

અને આ હદીષમાં જે વર્ણન થયેલ છે : **وان لم تزدعلى ام القران۔۔الخ** જાહેર છે કે એ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનો પોતાનો ફત્વો છે.

### સમજૂતી : ૪૯૪

**عکاظ** : અરબવાસીઓ હુર્મતવાળા મહિનાઓમાં (જેમાં લડાઈ હરામ હતી) ત્રણ બજારોમાં એકત્ર થતા હતા જેમાં સામાનોની લેણદેણ ઉપરાંત આપસમાં ગર્વ પણ કરતા હતા. ઉકાઝ, મુજના, ઝુલ મજાઝ. પ્રથમ ઝુલ કઅદાએ ઉકાઝમાં ભેગા થતા, વીસ દિવસ ત્યાં રહેતા પછી મુજના આવતા ત્યાં દસ દિવસ રહેતા. ત્યાર પછી ઝુલ મજાઝમાં આવતા અને પછી ત્યાંથી મિના જતા. ઉકાઝનું બજાર આમ્મુલ ફીલ (હાથીવાળા બનાવ) પછી ૧૫ વરસ બાદ સ્થપાયુ. અને હિ.સ. ૧૨૯ સુધી રહ્યું. ઉકાઝની સ્થાપિત થવાની જગા કઈ છે તે નિશ્ચિત ન થઈ શક્યું. સિહાહમાં છે કે મક્કાની આસપાસ હતું, કોઈકે કહ્યું અરફાતની પાસે નજદ જતાં, કોઈકે કહ્યું કે તાઈફના આસપાસમાં કર્નુલ મનાઝિલની પાછળ એક મંઝિલ સનઆના માર્ગમાં હતું. એક કૌલ એ છે કે એ તાઈફથી દસ

الشُّهُبُ قَالُوْا مَا حَالَ بَيْنَكُمْ وَبَيْنَ خَبَرِ السَّمَاءِ اِلَّا شَيْءٌ حَدَثَ فَاضْرِبُوْا

અંગારા ફેંકવામાં આવી રહ્યા છે. તો તેમણે કહ્યું, તમારી તથા આસ્માનની ખબરની દરમ્યાન કોઈ

مَشَارِقَ الْاَرْضِ وَمَغَارِبَهَا فَانْظُرُوْا مَا هٰذَا الَّذِيْ حَالَ بَيْنَكُمْ وَ

નવી ચીજે રોક લગાડી દીધી છે, તો જમીનના પૂર્વ પશ્ચિમમાં ઘૂમો અને જુઓ કે તે કઈ ચીજ છે જે

بَيْنَ خَبَرِ السَّمَاءِ فَانْصَرَفَ اُولٰئِكَ الَّذِيْنَ تَوَجَّهُوْا نَحْوَ تِهَامَةَ اِلَى

તમારા અને આસ્માનની ખબર વચ્ચે આડ છે. એમાંથી જેઓ તહામાની તરફ ગયા હતા તેઓ નબી ﷺની

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ بِنَخْلَةَ عَامِدِيْنَ اِلٰى سُوْقِ

નજીક આવ્યા, અને હુઝૂર નખલામાં હતા. ઉકાઝના બજારે જઈ રહ્યા હતા અને પોતાના સહાબાને

عُكَاظٍ وَهُوَ يُصَلِّيْ بِاَصْحَابِهٖ صَلٰوةَ الْفَجْرِ فَلَمَّا سَمِعُوا الْقُرْاٰنَ اِسْتَمَعُوْا

ફજરની નમાઝ પઢાવી રહ્યા હતા. જ્યારે તેમણે કુર્આન સાંભળ્યું તો તેને ધ્યાનપૂર્વક સાંભળ્યું અને કહ્યું,

لَهٗ فَقَالُوْا هٰذَا وَاللّٰهِ الَّذِيْ حَالَ بَيْنَكُمْ وَبَيْنَ خَبَرِ السَّمَاءِ فَهُنَالِكَ

ખુદાની કસમ ! આ જ છે તે જે તમારા અને આસ્માનની ખબર વચ્ચે આડ છે. ત્યાંથી પોતાની કૌમની પાસે

حِيْنَ رَجَعُوْا اِلٰى قَوْمِهِمْ قَالُوْا يَا قَوْمَنَا اِنَّا سَمِعْنَا قُرْاٰنًا عَجَبًا يَّهْدِيْ

પરત થઈ ગયા અને એમનામાં જઈને કહ્યું હે અમારી કૌમ ! અમે અજીબ કુર્આન સાંભળ્યું જે હિદાયતનો

માઈલ પહેલાં તાઈફ અને નખ્લાની વચ્ચે હતું. આ હદીષથી એ કૌલનું સમર્થન થાય છે, એટલા માટે કે એમાં એવું છે કે ઉકાઝ જતાં નખ્લામાં હતા.

**طائفة من اصحابه** : ભાગ–૨ પેજ ૧૬૨–૬૩માં જે હદીષો વર્ણન થઈ ચૂકી એનાથી એવું જાહેર થાય છે કે **ليلة الجن**માં હુઝૂરે અક્દસ ﷺની સાથે કેવળ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ હતા. બલ્કે અમુક રિવાયતોમાં છે કે કોઈ ન હતું. અને એ હદીષનો સ્પષ્ટ ભાવાર્થ એ છે કે રસૂલુલ્લાહ ﷺ સહાબાએ કિરામની સાથે હતા અને તેમને ફજરની નમાઝ પઢાવી રહ્યા હતા. તેમજ ઈબ્ને ઈસ્હાકે કહ્યું કે જ્યારે હુઝૂરે અક્દસ ﷺ તાઈફથી પરત થઈ રહ્યા હતા તો આ બનાવ ઉપસ્થિત થયો. અને એના પર એકમતિ છે કે તાઈફ હુઝૂર ﷺની સાથે કેવળ હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہ હતા.

**હું કહું છું અલ્લાહની તૌફીકથી** : અલ્લામા અયનીએ ઈર્શાદ ફર્માવ્યો કે વિવિધ વખતે જિન્નોનું પ્રતિનિધિમંડળ મક્કામાં પણ અને મદીનામાં પણ હાજર થયું છે. એનાથી ઉપરોક્ત સર્વ શંકાઓ દૂર થઈ ગઈ. તેમજ આ હદીષમાં જે બનાવ વર્ણન થયો છે એમાં મુલાકાતનો ઉલ્લેખ નથી. અને બીજા ભાગમાં જે વર્ણન થયેલ છે એમાં મુલાકાત, વાતચીતનું પણ વર્ણન છે. ઈમામ વાકેદીએ વર્ણન કર્યું કે તાઈફથી પરત થયા બાદ ત્રણ મહિના પર જિન્ન હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા હતા. હવે વાત તદન સ્પષ્ટ થઈ ગઈ કે તાઈફથી પરત

اِلَى الرُّشْدِ فَاٰمَنَّا بِهٖ وَلَنْ نُّشْرِكَ بِرَبِّنَا اَحَدًا۔ فَاَنْزَلَ اللّٰهُ عَلٰى نَبِيِّهٖ

*માર્ગ બતાવે છે જેથી અમે એના પર ઈમાન લાવ્યા અને આપણા પરવરદિગારનો હરગિઝ કોઈને શરીક*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قُلْ اُوْحِيَ اِلَيَّ وَاِنَّمَا اُوْحِيَ اِلَيْهِ قَوْلُ الْجِنِّ۔

*ઠરાવીશું નહીં. તો અલ્લાહ તઆલાએ પોતાના નબી ﷺ પર નાઝિલ કર્યું, તમે ફર્માવી દો કે મારી તરફ*

*વહી કરવામાં આવી છે. જ્યારે હુઝૂર ﷺની તરફ જિનના ક઼ૌલની વહી કરવામાં આવી હતી.''*

*(બુખારી, ૧/૧૦૬ અઝાન, ૨/૭૩૨ તફસીરે સૂરએ જિન, મુસ્લિમ–સલાત, તિર્મિઝી–તફસીર)*

થયા બાદ સહાબાએ કિરામની સાથે ઉકાઝ જઈ રહ્યા હતા એ વખતે આ કિસ્સો ઉપસ્થિ થયો. આ બિના પર ઈબ્ને ઈસ્હાક઼ની રિવાયત મરજૂહ થઈ ગઈ. અને જાહેર છે કે સહીહ બુખારીની સરખામણીમાં ઈબ્ને ઈસ્હાક઼ની આ રિવાયતનું શું વજન ?!

**شياطين (શયાતીન)** : શૈતાનનું બહુવચન છે તેનો માદો ક્યાં તો **شطن** છે જેનો અર્થ છે; દૂર થવું. કેમ કે શૈતાન અલ્લાહની રહમતથી દૂર છે એટલા માટે શયતાનને શયતાન કહે છે. આ ક઼ૌલ પર એમાં **يا** (યા) તથા **الف** (અલિફ) અધિક થશે, હવે એ ફીઆલના વજન પર થયો. **يا** એનો માદો **شيط** છે, એનો અર્થ છે ગુસ્સામાં સળગતો રહે છે એટલા માટે એને શૈતાન કહે છે. ઉર્ફમાં શયતાનનો અર્થ ખબીષ, બદતીનત, સરકશ થાય છે ચાહે તે જિન હોય ચાહે ઈન્સાન હોય, ચાહે ચોપગુ. આ હદીષ એના પર દલીલ છે કે શયતાન અને જિન એક જ પ્રકારમાંથી છે, એમાં સરકશ બદતીનતને શૈતાન કહે છે. અને જિન સામાન્ય છે, નેક તીનત તથા બદ્તીનત બંને માટે વપરાય છે સહીહ એ છે કે જિન ઈબ્લીસની ઔલાદ છે.

**الشهب** : આ **شهاب**નું બહુવચન છે જેનો અર્થ છે શોલા, અંગારા. સહીહ એ છે કે હુઝૂર અક઼દસ ﷺથી પહેલાં પણ શોલા પડતા હતા પણ હુઝૂરે અક઼દસ ﷺના આગમન સુધી તેમના થકી શૈતાનને ભગાડવાનુ કામ લેવામાં આવતુ ન હતું. બઅષત પછી તેમને શયતાનોને આસ્માન જવાથી રોકવાના કામમાં લગાડી દેવામાં આવ્યા.

**صلوٰة الفجر** : આ બનાવ હિજરતના ત્રણ વરસ પહેલાંનો છે અને મેઅરાજથી પહેલાંનો છે. મેઅરાજથી પહેલાં પંજગાના નમાઝ ફર્ઝ ન હતી તો આ ફજરની નમાઝ કેવી ? એનો જવાબ એ છે કે આ જ હદીષ એની દલીલ છે કે મેઅરાજ પહેલાં ફજરની નમાઝ પણ ફર્ઝ હતી. જેમ કે ભાગ–૨માં જમાનુત્તાજના હવાલાથી વર્ણન થઈ ચૂક્યું છે.

**فانزل اللّٰه** : આ એ વાતની દલીલ છે કે એ વખતે હુઝૂરે અક઼દસ ﷺને જિન્નોની હાજરી તથા ક઼િર્અત સાંભળવાની ખબર ન થઈ, જ્યારે વહી નાઝિલ થઈ તો માલૂમ પડયું. એનાથી સાબિત કે જિન્નોની મુલાકાત તથા વાતચીતથી મુશર્રફ થયા બાદના બનાવો આ સિવાયના છે.

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે જિન્નતોનું વજૂદ છે. જિન્ન મો'મિન તથા કાફિર બધા જ હોય છે. હુઝૂરે અક઼દસ ﷺ માણસોની જેમ જિન્નોની તરફ પણ મોકલવામાં આવ્યા છે. મેઅરાજ પહેલાં પણ નમાઝ બાજમાઅત રિવાજ પામેલ હતી. ફજરની નમાઝમાં ક઼િર્અત મોટા અવાજે થવી જોઈએ.

**શંકાઓનું નિવારણ** : અમે દર્શાવી ચૂક્યા કે હુઝૂરે અક઼દસ ﷺના આગમનથી પહેલાં પણ તારાઓ તૂટતા હતા એટલે કે અગનગોળા પડતા હતા એના પર નસ્સે સરીહ (સ્પષ્ટ દલીલ)ની મુસ્નદે ઈમામ અહમદ

(૧/૨૧૮), મુસ્લિમ (૨/૨૩૩), તિર્મિઝી (૨/૧૫૪, તફસીર સૂ. મુલ્ક)ની આ હદીષ છે જે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે. તે એક અન્સારી સહાબીથી રિવાયત કરે છે કે એ લોકો એક રાત્રે રસૂલુલ્લાહ ﷺની સાથે બેઠા હતા એવામાં એક તારો ફેંકવામાં આવ્યો (ખર્યો) જેણે પ્રકાશ ફેલાવી આપ્યો. તો રસૂલુલ્લાહ ﷺએ તેમને પૂછયું, તમે લોકો જાહિલિયતના (ઈસ્લામ પહેલાના) જમાનામાં જ્યારે તારો ખરતો તો શું કહેતા હતા ? લોકોએ અર્ઝ કરી, અલ્લાહ તથા તેના રસૂલ ખૂબ સારી રીતે જાણે છે, અમે એવું કહેતા હતા કે આજની રાતે કોઈ મહાન માણસ જન્મ પામ્યો કે મૃત્યુ પામ્યો છે. હુઝૂરે ફર્માવ્યું, કોઈના મરવા તથા જન્મવા પર એ નથી ફેંકવામાં આવતો. **الحديث بطولها**

એના પર શંકા એ છે કે ચર્ચા હેઠળની હદીષ પરથી જાહેર થાય છે કે હુઝૂર ﷺના આગમન (બઅષત) બાદ શૈતાનોને આસ્માન સુધી જવાથી રોકવાના માટે એમના પર શેહાબ (અગનગોળો) ફેંકવા લાગ્યો. જેનો સાફ મતલબ એ છે કે હુઝૂરના આગમન પહેલાં એમનું વજૂદ ન હતુ.

**અલ્લાહની તૌફીક઼થી હું કહું છું :** આ ખાસ શેહાબ (અગન ગોળા, તારા) જે શૈતાન પર મારવામાં આવે છે એ યક઼ીનન હુઝૂરે અક઼દસ ﷺના આગમનથી પહેલાં ન હતા. અને જે શેહાબ (તારા) જે પહેલાં ખરતા જોવા મળતા હતા તે હક઼ીક઼તમાં જમીન તથા આસ્માનની વચ્ચે એવી રીતે પેદા થતા હતા જેવી રીતે ખગોળશાસ્ત્રીઓ કહે છે. એના ઈન્કાર પર કોઈ શરઈ દલીલ ક઼ાયમ નથી અને ન તેને સ્વીકારી લેવામાં કોઈ ખરાબી ઉપસ્થિત થશે.

બીજી શંકા એ કરવામાં આવે છે કે ૧૪૦૦ વરસથી અધિક થઈ ગયાં તારાઓને તોડી તોડીને ફરિશ્તા શૈતાનોને મારે છે, જો એ સહીહ હોત તો તારા ખત્મ થઈ ગયા હોત.

**અલ્લાહની તૌફીક઼થી હું કહું છું :** અસંખ્ય તારાઓમાંથી હજાર બે હજાર ખત્મ પણ થઈ ગયા હોય તો શું ફરક પડે છે ! બીજુ તમે તારાને એટલો જ મોટો સમજો છો જેટલો મોટો તમને જણાય છે ? હક઼ીક઼તમાં એવું નથી, એમાં સૌથી બારીક તારો "સયદુક઼" છે જેને "સુહા" પણ કહે છે જે દુબ્બે અકબરમાં બિન્તે વુસ્તાની બાજુમાં છે, જેનાથી આંખની રોશનીનું પરીક્ષણ કરે છે. એ આપણી પૃથ્વીથી ૨૩ ગણો મોટો છે. હવે બતાવો ! જો આ જ માની લેવામાં આવે કે તારાઓને તોડી તોડીને શયતાનોને મારે છે તો પણ એમાં ક્યાં કમી થવાની ?! આપ જયપૂર જઈને જોઈ લો, પહાડ કાપી કાપીને આખુ શહેર વસી ગયું પણ પહાડ પોતાના સ્થાનેથી કેવળ નાનો સરખો ટુકડો કાપેલો જણાય છે. પૂરી પૃથ્વીના હિસાબે આ કટિંગની શું ગણત્રી ?! વળી પૃથ્વીથી ૨૩ ગણા મોટા ગોળામાંથી ચિંગારીઓ લઈને શયતાનોને મારવામાં આવે તો એમાં શું ફરક પડશે ?! એના ભૌતિક ગોલાઈમાં હોવા પર પણ કોઈ અસર ન પડશે. વળી આ તો એ નાનો તારો હતો પણ અર્વાચીન સંશોધન મુજબ અમુક અમુક તારા સૂરજથી પણ સેંકડો ગણા મોટા છે જ્યારે કે સૂર્ય પૃથ્વીથી ૧૩ લાખ ગણો મોટો છે. મોડર્ન સાયન્સી સંશોધન પ્રમાણે સૂર્યથી ૧૩ લાખ ગણો મોટો છે. મોડર્ન સાયન્સી સંશોધન પ્રમાણે સૂર્યથી દરરોજ કરોડો ટન ગેસ બહાર આવે છે જેનાથી પૂરી દુનિયાને ગરમી તથા રોશની મળે છે. નવા સંશોધન મુજબ સૂર્યની ઉંમરનો હિસાબ લગાડીને જણાવો કે કેટલો અગણિત મહાસંખ ટન ગેસ સૂરજ ફેંકી ચૂક્યો છતાં સૂરજમાં શું કમી આવી ? ત્રીજુ એ જ પાયાની ગલતી છે કે આપે આ હદીષનો મતલબ એ સમજી રાખ્યો છે કે તારાઓને તોડીને તેના ટુકડાઓ શૈતાનોને મારવામાં આવે છે, પૂરી તેહક઼ીક઼ કિતાબુત્તફસીરમાં આવશે.

## حدیث ۴۹۵

**[હદીષ : ૪૯૫]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ قَرَأَ النَّبِیُّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, જે નમાઝોમાં નબી صلی اللہ علیہ وسلم ને પઢવાનો

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فِیْمَا اُمِرَ وَسَکَتَ فِیْمَا اُمِرَ وَمَا کَانَ

હુકમ થયો તેમાં પઢયું અને જેમાં સુકૂત (મૌન)નો હુકમ થયો મૌન અપનાવ્યું. અને તમારો પરવરદિગાર

رَبُّکَ نَسِیًّا ـ وَلَقَدْ کَانَ لَکُمْ فِیْ رَسُوْلِ اللّٰہِ اُسْوَۃٌ حَسَنَۃٌ ـ ع ـ

ભૂલતો નથી, અને બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની પયરવી (અનુસરણ) બેહતર છે." (બુખારી, ૧/૧૦૬ અઝાન)

ت ۱۵۴ وَیُذْکَرُ عَنْ عَبْدِ اللّٰہِ بْنِ السَّائِبِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَرَأَ النَّبِیُّ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સાઈબ رضی اللہ عنہ થી રિવાયત કરતાં વર્ણન કરવામાં **[તઅલીક઼ : ૧૫૪]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الْمُؤْمِنُوْنَ فِی الصُّبْحِ حَتّٰی اِذَا جَاءَ ذِکْرُ مُوْسٰی

આવે છે કે નબી صلی اللہ علیہ وسلم એ સવારની નમાઝમાં સૂરએ મુ'મિનૂન પઢી. જ્યારે મૂસા તથા હારૂન અથવા ઈસાનો

وَھَارُوْنَ اَوْ ذِکْرُ عِیْسٰی اَخَذَتْہُ سَعْلَۃٌ فَرَکَعَ ـ ع ـ

ઉલ્લેખ આવ્યો તો હુઝૂરને ખાંસી આવી અને રુકૂઅ કરી લીધું." (બુખારી, ૧/૧૦૬ અઝાન, મુસ્લિમ, ૧/૧૮૬ સલાત)

### સમજૂતી : ૪૯૫

આ હદીષમાં ક઼િરઅતથી મુરાદ બુલંદ અવાજથી પઢવું છે અને સુકૂતથી મુરાદ ધીરેથી પઢવું, સુકૂતથી તદ્દન ન પઢવું મુરાદ નથી, કેમ કે એ રિવાયત શોહરતની હદ સુધી પહોંચેલી છે કે ઈશા અને મગરિબની પ્રથમ બે રકાતોમાં અને સવારની નમાઝમાં બુલંદ અવાજે ક઼િરઅત કરતા હતા અને આ બધુ અલ્લાહના હુકમથી હતું. એટલા માટે આપણા ઉપર એના પ્રમાણે અમલ કરવું લાઝિમ (અનિવાર્ય) ઠરે છે, જેથી સાબિત કે આપણા પર લાઝિમ છે કે ફજરમાં મોટા અવાજે ક઼િર્અત કરીએ.

### તઅલીક઼ : ૧૫૪ની સમજૂતી

અહીં પ્રકરણનો વિષય છે : "એક રકાતમાં બે સૂરતોને ભેગી કરવી અને અંતિમ આયતો પઢવી અને જે સૂરત પઢી ચૂકયા છે એનાથી પહેલાંની પઢવી અને શરૂની સૂરત પઢવી." આ ચાર વિષયો છે, એ સૌના પર વિવિધ અષરો વડે દલીલ કરી છે, પણ એમાં સફળ થયા કે નહીં એ આવી રહ્યું છે.

મઝકૂર અસરથી અંતિમ ભાગ સાબિત છે, એટલા માટે કે એમાં વર્ણન થયેલ છે કે સૂરએ મુ'મિનૂન પઢી. એનો જાહેરી ફાયદો એ જ છે કે શરૂથી પઢી અને મૂસા તથા હારૂન અથવા ઈસાના ઉલ્લેખ પર ખાંસી ઉઠી અને

ت ۱۵۵ وَقَرَأَ عُمَرُ رَضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُ فِي الرَّكْعَةِ الْأُوْلٰى بِمِائَةٍ وَّعِشْرِيْنَ

*"અને હઝરત ઉમર رضی اللہ عنہ એ પ્રથમ રકાતમાં એકસો વીસ આયતો સૂરએ બકરહની અને*

آيَةً مِّنَ الْبَقَرَةِ وَفِي الثَّانِيَةِ بِسُوْرَةٍ مِّنَ الْمَثَانِيْ ع ـ ه

*બીજીમાં મષાનીની એક સૂરત પઢી." (બુખારી, ૧/૧૦૭ અઝાન)*

રુકૂઅ કરી દીધો જેથી સાબિત થઈ ગયું કે કોઈ નમાઝમાં પૂરી સૂરત પઢવી જરૂરી નથી, અમુક હિસ્સો પઢવો પૂરતો છે જે નમાઝના માટે પૂરતો હોય ભલે તે શરૂનો હિસ્સો હોય.

**اذا جاء ذكر موسىٰ** : એનાથી મુરાદ એ સૂરતની ૪૫મી આ આયત છે : **ثم ارسلنا موسىٰ واخاه هٰرون** અને ઈસાના ઝિક્રથી મુરાદ ૫૦મી આ આયત છે : **وجعلنا ابن مريم وامه آية** આ સૂરતમાં હઝરતનો ઉલ્લેખ નામ સાથે નથી, એ શક મુહમ્મદ બિન ઓબાદને થયો. ઈમામ બુખારીએ આ અષર (કૌલ)ને તમરીઝના સેગા **يذكر**થી એટલા માટે વર્ણવ્યો કે એની સનદમાં મતભેદ છે.

ઈબ્ને ઓયયનાએ આ વર્ણવી : **عن ابن جريج عن بن ابى مليكة عن عبد الله بن السائب** અને અબૂ આસિમે કહ્યું, **عن محمد بن عباد عن ابى سلمة بن ثعبان او ثعبان بن ابى سلمة** હવે **ગૈર મુકલ્લિદોને અમારો સવાલ છે કે આ હદીષ જ્યારે કે ઈમામ બુખારીની નજીક ઝઈફ છે તો એનાથી દલીલ શા માટે લાવ્યા ? ક્યાંક એવું તો નથી કે તેમની નજીક ઝઈફ હદીષ પણ અમલને પાત્ર છે !**

## તઅલીક : ૧૫૫ની સમજૂતી

"મષાની"થી મુરાદ તે સૂરતો છે જે સો આયતથી ઓછી હોય. આમ તો મષાની સૂરએ ફાતિહાને પણ અને કુર્આને કરીમને પણ કહે છે. એક કથન એ છે કે સૂરએ બકરહથી લઈને સૂરએ બરઅતને મષાની કહે છે.

**સામ્યતા** : આ અષર (કૌલ)ને પણ પ્રથમ હિસ્સા સાથે એ રીતે સામ્યતા થઈ શકે છે કે સૂરએ બકરહની એ આયતોને પ્રારંભિક આયતો પર ધારવામાં આવે, નહીં તો પ્રકરણના કોઈ હિસ્સા સાથે અષરને કોઈ મળતાપણુ નથી. એનાથી મલતી જુલતી ઈબ્ને અબી શયબાએ પોતાની મુસ્નફમાં એક અષર વર્ણન કરી છે કે અબૂ રાફેઅ કહે છે કે ઉમર رضی اللہ عنہ સવારની નમાઝમાં સૂરએ બકરહની સો આયતો પઢતા અને ત્યાર બાદ મષાની અથવા પ્રારંભિક મુફસ્સલની કોઈ સૂરત પઢતા અને સૂરએ આલિ ઈમરાનની સો આયતો પઢતા અને ત્યાર બાદ મષાની કે પ્રારંભિક મુફસ્સલની કોઈ સૂરત પઢતા. એના બે મતલબ થઈ શકે છે કે પ્રથમ રકાતમાં સૂરએ બકરહની સો આયતોની સાથે મષાની અથવા મુફસ્સલની કોઈ સૂરત પઢતા અને બીજી રકાતમાં સૂરએ આલિ ઈમરાન અને મષાનીની કોઈ સૂરત અથવા મુફસ્સલની પ્રારંભિક સૂરત પઢતા. આ ચર્ચા હેઠળ આ અષર આ પ્રકરણના બે હિસ્સાથી સામ્યતા ધરાવનાર થઈ ગઈ, પ્રથમથી પણ અને ત્રીજાથી પણ. એક સંભાવના એ છે કે દરેક રકાતમાં સર્વ પઢતા. હજી પણ બંને દર્શાવેલ હિસ્સાઓથી મળતાપણુ થઈ ગયું.

ت ۱۵۶ وَقَرَأَ الْاَحْنَفُ بِالْكَهْفِ فِي الْاُوْلٰى وَفِي الثَّانِيَةِ بِيُوْسُفَ اَوْ

''અને હઝરત અહનફે પ્રથમ રકાતમાં સૂરએ કહફ તથા બીજીમાં યૂસુફ અથવા **[તઅલીક઼ : ૧૫૬]**

يُوْنُسَ وَذَكَرَ اَنَّهُ صَلّٰى مَعَ عُمَرَ الصُّبْحَ بِهِمَا ع ۱ ۔

યૂનુસ પઢી અને વર્ણવ્યું એમણે આ પ્રમાણે હઝરત ઉમરની પાછળ સવારની નમાઝ પઢી.'' (બુખારી, ૧/૧૦૭)

ت ۱۵۷ وَقَرَأَ ابْنُ مَسْعُوْدٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ بِاَرْبَعِيْنَ آيَةً مِّنَ

''અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ અન્ફાલની ચાલીસ આયતો પઢી અને **[તઅલીક઼ : ૧૫૭]**

الْاَنْفَالِ وَفِي الثَّانِيَةِ بِسُوْرَةٍ مِّنَ الْمُفَصَّلِ ۔ ع ۱

બીજીમાં મુફસ્સલની એક સૂરત.'' (બુખારી, ૧/૧૦૭ અઝાન)

ت ۱۵۸ وَقَالَ قَتَادَةُ فِيْمَنْ يَقْرَأُ سُوْرَةً وَّاحِدَةً فِي رَكْعَتَيْنِ اَوْ

''અને ક઼તાદાએ એ શખ્સના બારામાં કહ્યું જે એક જ સૂરત બંને રકાતોમાં પઢે અને **[તઅલીક઼ : ૧૫૮]**

يُرَدِّدُ سُوْرَةً وَّاحِدَةً فِي رَكْعَتَيْنِ كُلٌّ كِتَابُ اللّٰهِ عَزَّ وَجَلَّ ۔ للع ۱

એક સૂરતને બીજી રકાતમાં દોહરાવે, સૌ કિતાબુલ્લાહ છે.'' (ઉપર મુજબ)

## તઅલીક઼ : ૧૫૬ની સમજૂતી

આ અષરને મવસૂલન્ અબૂ નુઐમે અલ્ મુસ્તખરજમાં વર્ણન કરી, આપણે ત્યાં એ મકરૂહ છે કે સૂરતોને ઉલ્ટી પઢવામાં આવે, એટલા માટે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, **જે કુર્આનને ઉલ્ટાવીને પઢે છે તે એનાથી ડરતો કે તેનું દિલ ઉલ્ટુ થઈ જાય.** એના પર એકમતિ છે કે આયતોનો ક્રમ અલ્લાહ તરફથી છે, સૂરતોના બારામાં મતભેદ છે કે એ અલ્લાહ તરફથી છે કે સહાબાએ કિરામની સમજથી રાખવામાં આવેલ છે. બાક઼લાનીએ કહ્યું, સહીહ એ જ છે આ જ છે ભલે એ સંભાવના છે કે અલ્લાહ તરફથી હોય.

## તઅલીક઼ : ૧૫૭ની સમજૂતી

આ અષરને સઈદ બિન મન્સૂરે રિવાયત કરી છે તેમજ અબ્દુર્રઝ્ઝાકે પણ. એના એક તરીક઼ામાં આ શબ્દ છે : **فافتتح الا نفال** અને બુખારીમાં જે વર્ણન થયેલ છે. એનાથી જાહેરી રીતે એ જ છે કે આ રીતે એને પ્રકરણના પ્રથમ હિસ્સા સાથે સામ્યતા થઈ ગઈ.

## તઅલીક઼ : ૧૫૮ની સમજૂતી

આ અષરને પ્રકરણના ચારેવ ભાગોમાંથી કોઈની સાથે સંબંધ નથી. લગભગ અધિક ફાયદાને માટે ઈમામ બુખારીએ આ અષરને વર્ણન કરી છે. પ્રથમ સ્થિતિ એ છે કે આ સૂરતનો કેટલોક હિસ્સો પહેલીમાં અને કેટલોક બીજીમાં. એ હુઝૂરે અક઼દસ ﷺ અને હઝરત સિદ્દીકે અકબર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ વગેરેથી મરવી છે. બીજી

ت ۱۵۹ عَنْ اَنَسٍ کَانَ رَجُلٌ مِّنَ الْاَنْصَارِ یَؤُمُّھُمْ فِیْ مَسْجِدِ قُبَاءَ

''હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે અન્સારમાંથી એક સાહબ [તઅલીક઼ : ૧૫૯]

وَکَانَ کُلَّمَا افْتَتَحَ سُوْرَۃً یَّقْرَأُ بِھَا لَھُمْ فِی الصَّلٰوۃِ مِمَّا یَقْرَأُ بِہٖ

મસ્જિદે કુબામાં અન્સારની ઈમામત કરતા હતા અને જે નમાઝોમાં ક઼િર્અત કરવામાં આવે છે તેમાં તે

اِفْتَتَحَ بِقُلْ ھُوَ اللّٰہُ اَحَدٌ حَتّٰی یَفْرُغَ مِنْھَا ثُمَّ یَقْرَأُ بِسُوْرَۃٍ اُخْرٰی مَعَھَا

સૂરએ ફ઼ાતિહા પછી જ્યારે કદી કોઈ સૂરત શરૂ કરતા જેને નમાઝમાં પઢવા ચાહતા તો قل ھو اللہથી

وَکَانَ یَصْنَعُ ذٰلِکَ فِیْ کُلِّ رَکْعَۃٍ فَکَلَّمَہٗ اَصْحَابُہٗ وَقَالُوْا اِنَّکَ تَفْتَتِحُ

શરૂ કરતા ત્યાં સુધી કે તેને પૂરી પઢતા, પછી તેની સાથે બીજી સૂરત પઢતા અને તે દરેક રકાતમાં એવું જ

بِھٰذِہِ السُّوْرَۃِ ثُمَّ لَا تَرٰی اَنَّھَا تُجْزِئُکَ حَتّٰی تَقْرَأَ بِاُخْرٰی فَاِمَّا تَقْرَأُ

કરતા હતા. એના પર એમના સાથીઓએ એમની સાથે વાત કરી અને કહ્યું, આપ આ સૂરતથી શરૂ કરો છો

بِھَا وَاِمَّا اَنْ تَدَعَھَا وَتَقْرَأَ بِاُخْرٰی فَقَالَ مَا اَنَا بِتَارِکِھَا اِنْ اَحْبَبْتُمْ

પછી અમે એ નથી જોતા કે તે આપના માટે પૂરતી છે કે એવામાં બીજી પઢો છો. ક્યાં તો આપ કેવળ તેને

اَنْ اَؤُمَّکُمْ بِذٰلِکَ فَعَلْتُ وَاِنْ کَرِھْتُمْ تَرَکْتُکُمْ وَکَانُوْا یَرَوْنَ

જ પઢો અથવા તેને છોડી આપો અને કેવળ બીજી પઢો. તો એણે કહ્યું, હું તેને છોડીશ નહીં, જો તમે લોકો આ

સ્થિતિ કે એક જ સૂરત પૂરેપૂરી બંને રકાતોમાં પઢે. એ પણ હુઝૂરે અક઼દસ ﷺથી મઆઝ બિન ઔબેદ જહની કહે છે કે જહીનામાંથી એક સાહબે બતાવ્યું કે તેમણે રસૂલુલ્લાહ ﷺને સવારની નમાઝની બંને રકાતોમાં સૂરત اذا زلزلت الارضને પઢતાં સાંભળ્યા. હું નથી જાણતો કે તે હુઝૂર ﷺની યાદમાંથી નીકળી ગયું કે હુઝૂરે ઈરાદાપૂર્વક એવું કર્યું.

## તઅલીક઼ : ૧૫૯ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ તિર્મિઝી (૨/૧૧૩)એ મુત્તસિલ સનદ સાથે રિવાયત કરી છે. આ સાહબ કુલ્થૂ બિન ઈદમ હતા જે બની અમ્ર ઈબ્ને ઔફ કુબાવાસીઓના સરદાર હતા. આ હદીષથી જાણવા મળ્યું કે એ યુગમાં કેવળ એઓ જ એવું કરતા હતા. હુઝૂરે અક઼દસ ﷺ તથા અન્ય ઈમામોની એ આદત ન હતી. એના પરથી જાહેર થઈ ગયું કે અસલ તરીકો એ જ હતો કે એક રકાતમાં એક સૂરત પઢવામાં આવે અને એક જ સૂરત દરેક રકાતમાં દોહરાવવામાં ન આવે, નહીં તો સહાબાએ કિરામ એના પર વાંધો શાથી ઉઠાવતા. જો કે એનાથી પણ નમાઝ થઈ જશે.

હુઝૂરે અક઼દસ ﷺએ એમને પૂછયું કે દરેક રકાતમાં قل ھو اللہ પઢવા માટે કઈ ચીજે પ્રોત્સાહિત કર્યા ?

انّه من افضلهم وكرهوا ان يؤمّهم غيره فلمّا اتاهم النبيّ صلّى

રીતે ઈમામતને પસંદ કરો છો તો ઈમામત કરીશ. અને જો નાપસંદ કરો છો તો છોડી દઈશ. અને

اللّٰه تعالٰى عليه وسلّم اخبروه الخبر فقال يا فلان ما يمنعك ان

લોકોનો એતેક઼ાદ (માનવું) એ હતું કે એમનામાં અફઝલ છે. અને એમણે એ પસંદ નથી કર્યું કે એમના

تفعل ما يأمرك به اصحابك وما يحملك على لزوم هذه

સિવાય કોઈ અન્ય એમની ઈમામત કરે. ત્યાર બાદ જ્યારે નબી ﷺ તેમની પાસે તશરીફ લાવ્યા તો

السورة فى كل ركعة فقال انّى احبّها قال حبّك ايّاها ادخلك الجنّة

હુઝૂર ﷺને લોકોએ આ બનાવ સંભળાવ્યો. એના પર ઈર્શાદ ફર્માવ્યો, હે ફલાણા ! તારા સાથી જેવું કહે છે તેને માનવાથી તને શું નડે છે ? અને કઈ ચીજ તમને દરેક રકાતમાં આ સૂરતને આયોજનપૂર્વક પઢવા માટે તૈયાર કર્યો ? તો તેમણે અર્ઝ કરી, હું એને પસંદ કરું છું ! તો ઈર્શાદ ફર્માવ્યો, એની પસંદગી તને જન્નતમાં દાખલ કરશે." *(બુખારી, ૧/૧૦૭ અઝાન)*

## حديث ۴۹۶ سمعت ابا وائل قال جاء رجل الى ابن مسعود

"અબૂ વાઈલે કહ્યું, એક શખ્સ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની ખિદમતમાં આવ્યો **[હદીષ : ૪૯૬]**

તેમણે કહ્યું, હું એને પસંદ કરું છું. પણ સવાલ એ છે કે દરેક રકાતમાં પઢવાનું કારણ તો બરાબર છે પણ એ જ નમાઝ સંપૂર્ણ થવા માટે પૂરતુ છે પછી અન્ય કોઈ સૂરત પઢવાની શું જરૂરત હતી ? એનો જવાબ એ છે કે બીજી સૂરત સુન્નતની પયરવીમાં પઢતા હતા, કેમ કે તે જાણતા હતા કે હુઝૂરે અક઼દસ ﷺ નમાઝોમાં લાંબી લાંબી ક઼િરઅત કરે છે અને આ સૂરત મુબારક ઘણી ટૂંકી છે, જેથી સુન્નતની પયરવીમાં બીજી સૂરત પણ મિલાવી દેતા હતા, કેમ કે બીજી સૂરતોનું પઢવું રિવાજ હતુ. એના પર વાંધો ન હતો કે એના બારામાં સફાઈની જરૂરત હતી, વાંધો તો કેવળ દરેક રકાતમાં વારંવાર એક જ સૂરત પઢવા પર હતો જે એક નવી વાત હતી, એટલા માટે કેવળ એ પાસાને અપનાવ્યું. આ હદીષને પ્રકરણના પ્રથમ હિસ્સા તથા એક તક઼દીર પર ત્રીજા હિસ્સા સાથે સામ્યતા છે. સૂરએ ઈખ્લાસ સાથે સૂરત મિલાવતા હતા તે એના અગાઉની હોતી કે બાદવાળી બંનેની શક્યતા છે. જો બાદવાળી હોતી તો સાબિત કે નમાઝમાં સૂરતોનો ક્રમ બદલવાથી કોઈ વાંધો નથી પડતો. આ હદીષથી સાબિત થયું કે મુસ્તહસન કાર્ય આયોજનપૂર્વક કરતા રહેવું જન્નતમાં દાખલ થવાનો સબબ છે.

### સમજૂતી : ૪૯૬

આ સાહબ નહીક બિન સનાન હતા જેવું કે મુસ્લિમમાં છે. તફસીલ આ પ્રમાણે છે કે અબૂ વાઈલ કહે છે કે નહીક બિન સનાન હઝરત ઈબ્ને મસ્ઊદની ખિદમતમાં હાજર થયા અને પૂછયું, હે અબૂ અબ્દુર્રહમાન ! આપ આ આયત مِنْ مَّآءٍ غَيْرِ آسِنٍ અલિફની સાથે પઢો છો અથવા یا غیر یاسن યા (یاء)ની સાથે ? તો હઝરત અબ્દુલ્લાહે ફર્માવ્યું, એના સિવાય બાકી કુર્આનની પણ સર્વે ક઼િરાઅતો યાદ કરી લીધી છે ? તો એણે બતાવ્યું કે હું મુફસ્સલ એક રકાતમાં પઢું છું....... છેવટ સુધી.

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَقَالَ قَرَأْتُ الْمُفَصَّلَ اللَّيْلَةَ فِيْ رَكْعَةٍ فَقَالَ

*અને કહ્યું, આજની રાત મુફસ્સલ એક રકાતમાં મેં પઢી છે. તો તેમણે ફર્માવ્યું,*

هَذًّا كَهَذِّ الشِّعْرِ لَقَدْ عَرَفْتُ النَّظَائِرَ الَّتِيْ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

*એ પ્રમાણે જલ્દી જેવી રીતે શેઅર પઢવામાં આવે છે હું એ એક ટાઈપની સૂરતોને જાણુ છું જેને નમાઝમાં*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقْرِنُ بَيْنَهُنَّ فَذَكَرَ عِشْرِيْنَ سُوْرَةً مِّنَ

*મિલાવીને હુઝૂર ﷺ પઢતા રહેતા હતા. તેમણે મુફસ્સલની વીસ સૂરતો વર્ણવી અને બતાવ્યું કે*

الْمُفَصَّلِ سُوْرَتَيْنِ فِيْ كُلِّ رَكْعَةٍ

*રસૂલુલ્લાહ ﷺ કેવળ બે સૂરતોને દરેક રકાતમાં પઢયા કરતા હતા."*

*(બુખારી, ૧/૧૦૭ અઝાન, ૨/૭૪૭ ફઝાઈલે કુર્આન, ૨/૭૫૪, મુસ્લિમ–મુસાફિર,*

*અબૂ દાઊદ–રમઝાન, નિસાઈ–સલાત, મુસ્નદે ઈમામ અહમદ–અવ્વલ–૩૮૦)*

**فقال هذًا** : સામાન્યતઃ અનુવાદકોએ એને નહીક બિન સનાનનો કૌલ ઠરાવીને અનુવાદ કર્યો છે, એ ગલત છે. મુસ્લિમમાં સ્પષ્ટતા છે : **فقال عبد الله هذا كهذا لشعران اقوا ما يقرأون القرآن ولا يجاوز تراقيهم** શેઅરની જેમ જલ્દીથી પઢે છે. કેટલાક લોકો કુર્આન પઢશે અને તે તેમના ગળાની આગળ નહીં વધે. હા ! કુર્આન જ્યારે દિલમાં ઉતરી જાય છે તો નફો (લાભ) આપે છે. નમાઝનો અફઝલ રુકન રુકૂઅ તથા સજદા છે........... છેવટ સુધી. મતલબ એ છે કે કુર્આન મજીદને ઈત્મિનાનપૂર્વક અટકી અટકીને પઢવું જોઈએ, અને એના અર્થો પર ચિંતન મનન કરવું જોઈએ તો કુર્આન મજીદથી પૂરો લાભ મળે છે.

**عشرين سورة** : ફઝાઈલે કુર્આનમાં છે : મુફસ્સલની ૧૮ સૂરતો અને હા–મીમવાળી બે સૂરતો. વર્ણન થઈ ચૂક્યું કે સૂરએ હુજુરાતથી છેવટ કુર્આન સુધીને મુફસ્સલ કહે છે. એક કથન એ પણ છે કે સૂરએ મુહમ્મદથી એક કૌલની બિના પર, સૂરએ ફતહથી એક કૌલ પર, સૂરએ કાફથી મુફસ્સલ શરૂ થાય છે, જેવું કે બાબે તાલીફુલ કુર્આન, પેજ–૭૪૭માં છે : **عشرون سورة من اول المفصل على تاليف ابن مسعود آخرهن حٰمٓ الدُّخان** અવ્વલ મુફસ્સલની વીસ સૂરતો જેના અંતમાં હા–મીમ, અદ્દુખાન છે, હઝરત ઈબ્ને મસઊદની કૃતિ પ્રમાણે છે.

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ જે ક્રમસર કુર્આન જમા કર્યું હતું તે હઝરત ઉષ્માનના ક્રમથી અલગ છે. એમાં સૂરએ ફાતિહા પછી સૂરએ બકરહ પછી નિસાઅ્ પછી આલિ ઈમરાન છે. અને ફઝાઈલે કુર્આનમાં રાવીએ ક્રમ (તરતીબ) ઉષ્માનગની رضی اللہ عنہ પ્રમાણે વર્ણન કર્યો છે. કુર્આન મજીદની સૂરતોની ગોઠવણ (ક્રમ)માં સહાબાએ કિરામ વચ્ચે મતભેદ એની દલીલ છે કે સૂરતોની ગોઠવણ (ક્રમ) સહાબાએ કિરામ પોતાની સમજ પર રાખ્યો છે. આ મુનઝ્ઝલ્ મિનલ્લાહ (અલ્લાહ તરફથી ઉતરેલી) નથી. અમારું એ કહેવું છે કે ઉષ્માની મુસ્હફ (કુર્આન)માં સૂરતોનો જે ક્રમ છે તે સહાબાએ કિરામના ઈજમાઅથી છે અને મુતવાતિર છે એટલા માટે એની કાળજી લેવી વાજિબ છે, નમાઝમાં એની વિરુદ્ધ પઢવું મકરૂહ છે.

અબૂ દાઊદમાં છે કે હુઝૂરે અકદસ ﷺ નીચે વર્ણવેલ વિગત સાથે સૂરતો મિલાવતા હતા. સૂરએ રહમાન અને સૂરએ **النجم** અન્નજ્મ એક રકાતમાં સૂરએ **اقتربت** ઈક્તરબત અને **الحاقة** અલ્ હાક્કહ્ એક રકાતમાં.

ت ۱۶۰ وَقَالَ عَطَاءٌ آمِیْنَ دُعَاءٌ اَمَّنَ ابْنُ الزُّبَیْرِ وَمَنْ وَّرَاءَهٗ

''ઈમામ અતાએ ફર્માવ્યું, આમીન દુઆ છે. ઈબ્ને ઝુબૈર અને એમના **[તઅલીક઼ : ૧૬૦]**

حَتّٰی اِنَّ لِلْمَسْجِدِ لَلَجَّةً ؁

પાછળવાળાઓએ આમીન એટલા અવાજથી કહી કે મસ્જિદમાં ગુંજ પેદા થઈ ગઈ.'' (બુખારી, ૧/૧૦૭ અઝાન)

ت ۱۶۱ وَكَانَ اَبُوْهُرَيْرَةَ رَضِیَ اللهُ تَعَالٰی عَنْهُ يُنَادِی الْاِمَامَ

''અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ઈમામ કરતાં બુલંદ અવાજમાં કહેતા. **[તઅલીક઼ : ૧૬૧]**

لَا تَفُتْنِیْ بِاٰمِیْنَ ؁

મારી આમીન નષ્ટ ન કરશો.'' (બુખારી ૧/૧૦૭ અઝાન)

સૂરએ વઝ્ઝારિયાત **والزاريات** અને **الطور** અત્તૂર એક રકાતમાં અને **الواقعه** અલ્ વાકિ઼આ અને **نون** નૂન એક રકાતમાં. **سأل سائل** અને **النازعات** અન્નાઝિઆત એક રકાતમાં **ويل لمطففين** અને **عبس** અને અબસ એક રકાતમાં. **المدثر** અલ મુદષ્ષિર અને **المزمل** અલ્ મુઝ્ઝમ્મિલ એક રકાતમાં અને **هل اتی** હલઅતા અને **لا اقسم** લાઉક઼ સિમ એક રકાતમાં. **عم يتسائلون** અમ્મ યતસાઅલૂન અને **مرسلٰت** મુરસલાત એક રકાતમાં, **اذا الشمس كوّرت** ઈઝશ્શમ્સુ કુવ્વિરત તથા **الدّخان** અદુખાન એક રકાતમાં.

## તઅલીક઼ : ૧૬૦ની સમજૂતી

**آمین** (આમીન) ઈસ્મે ફેઅલ **استجب**ના અર્થમાં છે એટલે મારી દુઆ ક઼બૂલ ફર્માવ. એને **آمین** ''મદ'' વિના પણ પઢી શકાય છે અને ''મદ''ની સાથે પણ. મુસ્નફે અબ્દુર્રઝ્ઝાક઼માં એક ઝઈફ રિવાયત આવી છે કે અલ્લાહ عزوجل ના નામોમાંથી છે અને એના જેમ હિલાલ બિન યસાફ તાબઈથી પણ નક઼લ થયેલ છે. એક ક઼ૌલ એ છે કે આ અર્શના ખજાનાઓમાંથી એક ખજાનો છે, એનો અર્થ અલ્લાહ જ જાણે છે. હદીષમાં છે કે જે દુઆ આમીન પર ખત્મ કરવામાં આવે તે જરૂર ક઼બૂલ થશે. **تامین** બાબે તફઈલનો મસ્દર છે એનો અર્થ આમીન કહેવું. નમાઝ મુક઼્તદીએ અને મુન્ફરિદ તથા નમાઝ બહાર ક઼ારીએ સૂરએ ફાતિહા બાદ ''આમીન'' કહેવું સુન્નત છે. એના પર એકમતિ છે કે ''આમીન'' કુર્આન મજીદનો હિસ્સો નથી.

ઈમામ અતાના ઈર્શાદનો મતલબ એ છે કે આમીન દુઆ છે એટલા માટે એને ઈમામ તથા મુક઼્તદી સૌ કહેશે, કુર્આન મજીદ નથી કે કેવળ ઈમામ પઢે અને મુક઼્તદી ન પઢે. પોતાના આ કથનના સમર્થનમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ નો અમલ વર્ણવ્યો. આ અષરને અબ્દુર્રઝ્ઝાકે઼ પોતાના મુસ્નફમાં થોડા સરખા ફેરફાર પછી રિવાયત કરી છે.

## તઅલીક઼ : ૧૬૧ની સમજૂતી

**પરિપૂર્ણતા :** **مصنف ابن ابی ثیبه محلی لابن حزم** મુસ્નફે ઈબ્ને અબી શયબા મુહ઼લી લિ ઈબ્ને હઝ્મમાં છે : બહરૈનમાં અલાઅ્ બિન હઝરમી ઈમામ હતા અને હઝરત અબૂ હુરૈરહ્ મોઅઝ્ઝિન. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ એમની સાથે એ શર્ત કરી હતી કે મારાથી પહેલાં આમીન ન કહેશો. બયહક઼ીમાં છે કે હઝરત અબૂ

وَقَالَ نَافِعٌ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ لَا يَدَعُهُ ت ١٦٢

''અને નાફેએ કહ્યું, હઝરત ઈબ્ને ઉમર એને છોડતા ન હતા અને લોકોને એના માટે **[તઅલીક઼ : ૧૬૨]**

وَيَحُضُّهُمْ وَسَمِعْتُ مِنْهُ فِي ذٰلِكَ خَيْرًا

પ્રોત્સાહિત કરતા હતા, અને મેં એમનાથી એના બારામાં ઘણી સારી વાત સાંભળી છે.'' (ઉપર મુજબ)

## حديث ۴۹۷

**[હદીષ : ૪૯૭]**

عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ أَنَّ رَسُولَ

''હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે ઈમામ આમીન

اللهِ صَلَّى اللهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ قَالَ إِذَا أَمَّنَ الْإِمَامُ فَأَمِّنُوا فَإِنَّهُ

કહે તો તમે લોકો પણ આમીન કહો એટલા માટે કે જેનું આમીન કહેવું ફરિશ્તાના આમીન પઢવાના

હુરૈરહ્‌ رضی اللہ عنہ મરવાનના મુઅઝ્ઝિન હતા. મરવાન સાથે એ શરત કરી રાખી હતી કે જ્યાં સુધી એને એ માલૂમ ન થઈ જાય કે તે એટલે અબૂ હુરૈરહ્‌ સફમાં દાખલ થઈ ગયા وَلَا الضَّالِّيْنَ ન કહેવાનુ હોતુ. એવું કે જ્યારે મરવાન આમીન કહેતો તો હઝરત અબૂ હુરૈરહ્‌ આમીન કહેતા, એના પર પોતાનો અવાજ ખેંચતા અને ફર્માવતા, જ્યારે જમીનવાળાઓનું આમીન કહેવું આસ્માનવાળાઓના આમીન કહેવાના માફક થશે તો તેમને એટલે જમીવાળાઓને બખ્શી આપવામાં આવશે. આ બંનેમાં ટકરાવ નથી થઈ શક્તો કે બહરૈનમાં હઝરત અલાઅ્‌ના પણ મુઅઝ્ઝિન રહ્યા હોય અને કદી મદીનામાં મરવાનના પણ.

આ આષારને લાવવાથી ઈમામ બુખારીનો હેતુ એ છે કે આમીન ઈમામ તથા મુક઼્તદી બંનેવે કહેવાની છે, અને એ કે બુલંદ અવાજથી કહેવાની છે.

### તઅલીક઼ : ૧૬૨ની સમજૂતી

ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે એને આ શબ્દોમાં રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ જ્યારે ઉમ્મુલ કુ઼ર્આન (સૂરએ ફાતિહા) ખત્મ કરતા તો આમીન કહેતા જ્યારે પણ એને ખત્મ કરતા તો એને ન છોડતા અને લોકોને એના માટે પ્રોત્સાહિત કરતા. આ ઈમામ, મુક઼્તદી, મુન્ફરિદ સૌને માટે સામાન્ય છે. નમાઝ તથા નમાઝ બહાર સૌમાં સામેલ છે.

### સમજૂતી : ૪૯૭-૪૯૮-૪૯૯

**જોરથી આમીન કહેવા વિશે :** ઈમામ બુખારીએ જોરથી આમીન કહેવા સંબંધે બે પ્રકરણો રચ્યાં, એક મુત્લક઼ (વિના અપવાદનું) જેમાં ન ઈમામને ખાસ કર્યા ન મુક઼્તદીને. બીજુ પ્રકરણ ખાસ મુક઼્તદીના માટે. આશ્ચર્ય એના પર જ છે કે ઈમામ બુખારી જેવા અમીરુલ મો'મિનીન ફિલ હદીષ તથા ઈમામુલ મુહદ્દિષીનને એક પણ હદીષ એવી ન મળી જેનાથી ઈમામ તથા મુક઼્તદી અથવા એમનામાંથી કોઈ એકના માટે બુલંદ અવાજથી આમીન કહેવાની સાબિતી મળી જાય. એનો સાફ મતલબ એ છે કે ઈમામ બુખારીની શર્ત પર કોઈ

مَنْ وَّافَقَ تَامِيْنُهٗ تَامِيْنَ الْمَلَائِكَةِ غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ

પ્રમાણે થશે તેના સર્વ પાછલા ગુનાહો બખ્શી દેવામાં આવશે."

(બુખારી, ૧/૧૦૮ અઝાન, ૨/૯૭૪, મુસ્લિમ–સલાત, તિર્મિઝી–સલાત, મલાઈકા, ઈબ્ને માજહ, અબૂ દાઊદ–સલાત)

## حدیث ۴۹۸

**[હદીષ : ૪૯૮]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِذَا قَالَ اَحَدُکُمْ اٰمِیْنَ وَقَالَتِ

જ્યારે તમારામાં કોઈ આમીન કહે અને આસ્માનમાં ફરિશ્તા પણ આમીન કહે

الْمَلَائِكَةُ فِی السَّمَاءِ اٰمِیْنَ فَوَافَقَتْ اِحْدٰهُمَا الْاُخْرٰی غُفِرَ لَهٗ مَا

અને એક જમાઅતનો કૌલ બીજાના પ્રમાણે થઈ જાય (મળી જાય) તો તેના સર્વ પાછલા

تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ ع ه

ગુનાહો બખ્શી દેવામાં આવશે." (બુખારી ૧૦૮, નિસાઈ–સલાત, મલાઈકા)

એવી સહીહ હદીષ નથી જેનાથી મોટા અવાજે આમીન કહેવાની સાબિતી મળી શકે. આ મસ્અલા પર બે પ્રકરણો રચીને કોઈ હદીષ ન લાવવી શું અર્થ ધરાવે છે. અને જે હદીષ લાવ્યા છે એનાથી કોઈ રીતે બુલંદ અવાજથી આમીનની સાબિતી નથી થતી, જેવું કે દરેક બુદ્ધિશાળી પર જાહેર છે.

આજકાલ ગૈર મુકલ્લિદો મુસલમાનોમાં વિખવાદ તથા હંગામો મચાવવા માટે મોટા અવાજે આમીન કહેવા પર છેડછાડ કરતા રહે છે, જોરથી આમીન જબરદસ્તી કહેવડાવે છે. એમાં એટલી સખ્તી વર્તે છે કે જ્યાં તેમની બહુમતિ છે ત્યાં હનફીઓ જો રફએ યદૈન નથી કરતા અથવા આમીન મોટા અવાજે નથી કહેતા તો તેમને મસ્જિદોમાં નમાઝ નથી પઢવા દેતા. એક ગૈર મુકલ્લિદ મુજતહિદે આ હદીષથી જોરથી આમીન આ રીતે સાબિત કર્યું છે કે હદીષમાં જ્યારે એવું છે કે ઈમામ જ્યારે આમીન કહે તો તમે પણ આમીન કહો, જો ઈમામ બુલંદ અવાજ આમીન ન કહેશે તો મુક્તદીઓને ખબર કેવી રીતે પડશે કે ઈમામે આમીન કહ્યું.

**હું કહું છું :** પ્રથમ તો ઈજતેહાદની શાનને દાદ નથી આપી શકાતી. જ્યારે એક જ હદીષ બાદ આ હદીષ મૌજૂદ છે કે ઈમામ જ્યારે وَلَا الضَّآلِّیْنَ કહે તો આમીન કહો. આ હદીષથી માલૂમ પડી ગયું કે ઈમામ ક્યારે આમીન કહેશે. આ હદીષથી સૌને જાણ થઈ ગઈ કે ઈમામ وَلَا الضَّآلِّیْنَના પછી આમીન કહેશે. હવે પ્રથમ હદીષનો મતલબ એ થયો કે ઈમામ وَلَا الضَّآلِّیْنَના બાદ આમીન કહે છે તે વખતે તમે પણ આમીન કહો. આપની આ મુજતહિદાના ઉપજથી આપના કહ્યાનુસાર એ સાબિત થઈ ગયું કે ઈમામ બુલંદ અવાજથી આમીન કહે પણ મુક્તદીના માટે બુલંદ અવાજથી આમીનની સાબિતી તો હજી પણ ન થઈ.

# حدیث ۴۹۹

**[હદીષ : ૪૯૯]**

## عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે*

## اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِذَا قَالَ الْاِمَامُ غَیْرِ الْمَغْضُوْبِ

*ઈમામ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ કહે તો તમે લોકો આમીન કહો એટલા માટે કે જેનો*

**تطفل برابن حجر** : એના પર અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે મુક્તદીને કોઈ કારણે એ હુકમ ન માલૂમ થાય તો ? શું અર્ઝ કરું ! ઘણા જ મહાન બુઝુર્ગની વાત છે પણ અદબની સાથે ગુઝારિશ છે કે મુક્તદી દૂર હોય ઈમામનો અવાજ ન સાંભળતો હોય તો ? તેમજ એ હુકમ જ ન ખબર હોય કે ઈમામની સાથે આમીન આપણે પણ કહેવાની છે તો ? તેમજ સિર્રી (ધીમી કિ઼રઅતવાળી) નમાઝોમાં મુક્તદી આમીન ક્યારે પઢશે ? તમે તો સીર્રી નમાઝોમાં પણ આમીન પઢવાનો હુકમ આપો છો !

**લતીફો** : આ જ હાલ તે સર્વ હદીષોનો છે જેનાથી ગૈર મુક઼લ્લિદોના કહ્યાનુસાર જોરથી આમીન બોલવાની સાબિત થાય છે કે એનાથી જો સાબિત થાય છે તો કેવળ ઈમામના માટે મુક઼્તદીઓએ પણ બુલંદ અવાજથી કહેવું જોઈએ. એની સાબિતી કોઈ હદીષથી કોઈ રીતે નથી.

**બીજો લતીફો** : બલ્કે એ હદીષોમાં બારીક દષ્ટિ નાખવાથી માલૂમ થાય છે કે ઈમામ તથા મુક્તદી બંનેવ આહિસ્તા આમીન કહેશે, એટલા માટે કે ફરિશ્તા આહિસ્તા આમીન કહે છે, જો બુલંદ અવાજથી કહેતા તો જરૂર સંભળાઈ જતુ. અને એના માફક કરવામાં અસલ જેમ હોવું માફક થવાનો કમાલ છે એટલે જ્યાં સુધી થઈ શકે દરેક રીતે સમાનતા થાય એટલે સમયમાં પણ સરખાપણુ હોય અને ગુણમાં પણ થાય. ગુણમાં સરખાપણુ એ છે કે જેવી રીતે ફરિશ્તા ધીરેથી આમીન કહે છે તેવી રીતે જ નમાઝી પણ આમીન કહે, જેથી બુખારીની આ હદીષથી સાબિત કે આહિસ્તા આમીન કહેવું સુન્નત છે.

એના પર એ શંકા કરવામાં આવી શકે છે કે બુખારીની જ બીજી હદીષમાં છે કે, "અને ફરિશ્તા આસ્માનમાં આમીન કહેશે." અને જાહેર છે કે આસ્માનનો અવાજ આપણે કેવી રીતે સાંભળીશું ?! અલ્લાહની તૌફીક઼થી **હું કહું છું** : એ સહીહ છે કે અમુક રિવાયતોમાં فی السماء છે. પણ બુખારીની અહીં વર્ણન થયેલી ત્રીજી હદીષમાં فی السماء નથી, એટલા માટે ફરિશ્તાઓથી કેવળ આસ્માનના ફરિશ્તા મુરાદ નથી બલ્કે તે ફરિશ્તા છે જેઓ એ નમાઝમાં શરીક છે, ચાહે તે આસ્માનના હોય ચાહે જમીનના, જેમ કે સનદુલ હુફ્ફાઝ અલ્લામા ઈબ્ને હજરે ફત્હુલ બારી (૨/૨૨૦)માં ફર્માવ્યું, હવે જો આસ્માનના ફરિશ્તાઓનો અવાજ નથી સાંભળી શક્તા તો જો જમીનવાળા મોટા અવાજથી આમીન કહેતા તો એ જરૂર સંભળાઈ જવું જોઈતુ હતું.

**ફાયદો** : અહીં આ ક્રમની મઝકૂર ત્રીજી હદીષમાં જે جهر الماموم بالتامين ના હેઠળ છે, એ છે કે જ્યારે ઈમામ وَلَا الضَّآلِّيْنَ કહે તો તમે આમીન કહો, એનાથી જાહેરી રીતે ઈમામના આમીન કહેવાની સાબિતી નથી થતી, બલ્કે વહેંચણીથી ફાયદો થાય છે કે ઈમામ આમીન નહીં કહે. પરંતુ જ્યારે બીજી હદીષોથી સાબિત છે કે ઈમામ પણ કહેશે તો તે હદીષો તેની બયાન કરવાવાળી થઈ.

عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ فَقُوْلُوْا آمِيْنَ فَإِنَّ مَنْ وَافَقَ قَوْلُهُ قَوْلَ

ક઼ૌલ ફરિશ્તાઓના ક઼ૌલના માફક (સાથોસાથ) હશે તેના

الْمَلَائِكَةِ غُفِرَلَهُ مَاتَقَدَّمَ مِنْ ذَنْبِهٖ ع

પાછલા ગુનાહો બખ્શી દેવામાં આવશે."

*(બુખારી, ૧/૧૦૮ અઝાન, ૨/૬૪૨ તફસીરે સૂરએ ફાતિહા, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–સલાત)*

આ હદીષથી જોરથી આમીન બોલવા વિશે દલીલ કરતાં ઈબ્ને મુનીરે કહ્યું છે કે જ્યારે ક઼ૌલનો હુકમ થાય છે તો અસ્લ એ છે કે તે જહરી (મોટેથી) હોય, અને જો એનાથી મુરાદ સિર્રી થાય છે તો સિર્રીની ક઼ૈદ (શર્ત) જરૂરી હોય છે. એટલા માટે અસ્લના લેહાઝથી જહરી (મોટેથી પઢવું) ક઼ૌલ મુરાદ થશે. અલ્લાહની તૌફીક઼થી હું કહું છું : આ ક઼ાયદો સહીહ નથી. ઘણે ઠેકાણે ક઼ૌલ મુત્લક (બિન શર્તી) છે અને મુરાદ સિર્રી કે નફસી છે. દા.ત. હદીષ : ૫૦૯માં આવી ચૂક્યું કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, અને જ્યારે ઈમામ **سمع الله لمن حمده** કહે તો તમે **ربنا ولك الحمد** કહો. **ربنا ولك الحمد** એકમતિએ આહિસ્તા કહેવામાં આવે છે.

**ધીમેથી આમીન કહેવા વિશે દલીલો :** આપણો મઝહબ એ છે કે ઈમામ તથા મુક઼્તદી બંનેવ આમીન ધીરેથી કહેશે અને આ જ ઈમામ માલિકનો પણ એક ક઼ૌલ છે. અને ઈમામ શાફઈનો ક઼ૌલે જદીદ (નવો ક઼ૌલ) પણ આ જ છે. લગભગ અહનાફની દલીલોથી માહિતગાર થયા બાદ રજૂઅ કરી લીધું, નહીં તો ક઼ૌલ ક઼દીમ (જૂનો ક઼ૌલ) એમનો એ છે કે મોટા અવાજે કહેવી જોઈએ. આ મતભેદ કેવળ અફઝલિયતમાં છે, નહીં તો એકમતિએ બંનેવ જાઈઝ છે, પણ આપણા ત્યાં આહિસ્તા અફઝલ છે અને ઈમામ શાફઈના ક઼ૌલે ક઼દીમમાં મોટા અવાજથી. અમારી દલીલો આ પ્રમાણે છે :–

**૧.** ઈમામ અહમદ, અબૂ દાઊદ તયાસી અને અબૂ યઅલા પોત પોતાની મુસ્નદોમાં અને તિબ્રાની પોતાની મોઅજમમાં, દારકુત્નીએ પોતાની સુનનમાં અને ઈમામ હાકિમે પોતાની મુસ્તદરકમાં શઅબાની આ હદીષ રિવાયત કરી :–

**عن سلمة بن كهيل عن حجربن العنبسط عن علقمة بن وائل عن ابيه انه صلّى مع البنى صلى الله تعالىٰ عليه وسلم فلما بلغ غير المغضوب عليهم ولا الضَّآلِّيْنَ قال امين داخفى بها صوته۔ولفظ الحاكم فى العزاء ات وخفض بها صوته**

"અલ્ક઼મા પોતાના પિતા હઝરત વાઈલથી રિવાયત કરે છે કે તેમણે નબી ﷺની પાછળ નમાઝ પઢી. જ્યારે હુઝૂર ﷺ પર પહોંચ્યા તો આમીન કહ્યું અને પોતાનો અવાજ ધીરો કર્યો." ઈમામ હાકિમે ફર્માવ્યું કે આ હદીષ સહીહ સનદોવાળી છે. શૈખેને એને રિવાયત નથી કરી.

**શંકાઓ :** ઈમામ અબૂ દાઊદ તથા તિર્મિઝીએ હઝરત સુફયાનના તરીક઼ાથી પોતાની સનદની સાથે અલ્કમાને હટાવીને આ હદીષને રિવાયત કરી. એમાં **فجهر بآمين** છે, એટલે કે આમીન મોટા અવાજે કહ્યું. તેમજ નિસાઈએ પોતાની સનદની સાથે અબ્દુલજબ્બાર બિન વાઈલ અન અબિહી રિવાયત કરી એમાં છે : **رفع بها صوته**.

અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયની એના જવાબમાં ફર્માવે છે કે અબૂ દાઊદ તથા તિર્મિઝીએ જે રિવાયત

કરી તેનાથી ઉલ્ટુ ખૂદ ઈમામ તિર્મિઝીની તે હદીષ છે જે ઈમામ શઅબાથી એ જ સનદની સાથે થોડા ફેરફાર સાથે રિવાયત પામેલ છે. હજર બિન અનબસને બદલે હજર અબી અનબસ છે. એમાં છે : وخفض بها صوته આ હદીષ પર વાંધો ઉઠાવતાં ઈમામ તિર્મિઝીએ કહ્યું, મેં મુહમ્મદ બિન ઈસ્માઈલ એટલે ઈમામ બુખારીથી સાંભળ્યું કે તે કહેતા હતા, સુફયાનની હદીષ શઅબાની હદીષથી અધિક સહીહ છે. શઅબાએ કેટલીયે જગાએ ખતા કરી. તેમણે હજર અબી અનબસ કહ્યું જયરે હજર બિન અનબસ છે. એમની કુન્નિયત અબૂસ્સકન છે અને એમાં અલ્કમાને વધારી દીધા, જ્યારે અલ્કમાના વાસ્તા વિના હજર અબૂ વાઈલ રાવી છે. خفض بها صوته કહ્યું, જ્યારે કે مدبها صوته છે.

એનો જવાબ અલ્લામા અયનીએ આ પ્રમાણે આપ્યો. ઈમામ શઅબા જેવા જલીલુલકદર (મહાન) મુસલ્લમષ્ષબૂત મુહદ્દિષના માટે એવું કહેવું કે તેમણે ખતા કરી એ ખતા છે. કઈ રીતે એમના પ્રતિ ખતાની નિસ્બત દુરુસ્ત થઈ શકે છે, જ્યારે કે તે "અમીરુલ મો'મિનીન ફિલ હદીષ" છે. અને એવું કહેવું કે હજર અબી અબસ નથી, એ ગલત છે આ અબૂ અનબસ પણ છે અને હજર બિન અનસબ પણ છે. એના પર ઈબ્ને હિબ્બાને "અષ્ષિકાત"માં યકીન કર્યું અને કહ્યું, એમની કુન્નિયત એમના બાપના નામ પર છે. એવું થઈ શકે છે કે એમની કુન્નિયત અબૂસ્સકન પણ હોય અને અબૂ અનબસ પણ હોય. એક શખ્સની બે કુન્નિયત હોઈ શકે છે. તેમજ અબૂ દાઊદમાં હજર અબૂ અબસ છે અને અલ્કમાનુ અધિક હોવું નુકસાનકર્તા નથી, ષિકહનો વધારો સ્વીકાર્ય છે, ખાસ કરીને શઅબા જેવા ઈમામનો. રહી ગયો خفض بها صوته તથા مد بها صوتهનો મામલો તો خفض بها صوتهની સમર્થક દારકુત્નીની રિવાયત છે જે એ જ હઝરત વાઈલ બિન હજરથી મરવી છે. એમાં اخفى بها صوته છે. આ રિવાયત પર દારકુત્નીએ એ ટીકા કરી કે એમાં શઅબાથી વહમ થઈ ગયો છે, એટલા માટે કે સુફયાન ષૌરી અને મુહમ્મદ બિન સલ્મા બિન કુહૈલ વગેરેએ એમને સલ્મા બિન કુહૈલથી જે રિવાયત કરી છે એમાં ورفع بها صوته છે. એ જ પ્રમાણે ટીકા કરનારે એની એ ટીકા કરી કે બયહકીએ અબુલ વલીદ તિલ્યાસીના તરીકાથી ખૂદ શઅબાથી જે રિવાયત કરી છે એમાં رافعًا صوته છે આ ખૂદ શઅબાની રિવાયત સુફયાનની રિવાયતના પ્રમાણે છે. બયહકીએ "મઅરેફત"માં કહ્યું, આ રિવાયતની અસનાદ સહીહ છે. શઅબાએ ખૂદ કહ્યું કે સુફયાન અહફઝ છે. યહ્યા કિત્તાન અને યહ્યા ઈબ્ને મુઈને કહ્યું, જ્યારે શઅબા અને સુફયાનમાં વિરોધાભાસ હોય તો સુફયાનની વાત સ્વીકારવામાં આવશે. એ પણ કહ્યું કે ઈમામ બુખારી વગેરેએ ઈજમાઅ કર્યો કે આ રિવાયતમાં શઅબાથી ખતા થઈ. આ સૌના જવાબમાં અલ્લામા અયની ફર્માવે છે :–

શઅબા તથા સુફયાન બંનેવ મહાન ઈમામો છે અને બંનેવ એક પાયાના છે, પછી એવું કેવી રીતે માની લેવામાં આવે કે શઅબાથી જ વહમ થયો, શક્ય છે સુફયાનથી વહમ થયો હોય. જો શઅબા મઅસૂમ નથી તો સુફયાન પણ મઅસૂમ નથી. વળી એના પર આગ્રહ કે શઅબાથી જ વહમ થયો એ ઝઘડો છે. તેમજ એવું પણ હોઈ શકે કે બંનેવ સનદો સહીહ હોય એના કારણે અમુક ઉલમાએ ફર્માવ્યું કે જહર સાથે (મોટેથી) આમીન કહેવું પણ સાબિત છે અને ધીરા અવાજે કહેવું પણ સાબિત છે, અને દરેક પર એક એક જમાઅતે અમલ કર્યો.

**હું કહું છું :** ઈમામ શઅબાએ જે એવું કહ્યું કે સૂફયાન મારાથી અહફઝ છે. પણ ખૂદ સુફયાન ષૌરીએ કહ્યું કે શઅબા અમીરુલ મો'મિનીન ફિલ હદીષ છે. અબૂ તાલિબે ઈમામ અહમદથી રિવાયત કરતાં કહ્યું કે શઅબા હદીષમાં સુફયાનથી અહસન છે. શઅબાના જમાનામાં શઅબા સમાન અથવા એમનાથી સારો હદીષમાં કોઈ ન હતો. તેમને એને પૂરે પૂરો હિસ્સો મળ્યો હતો. ઈમામ નિસાઈએ કહ્યું, મેં અબૂ અબ્દુલ્લાહ બુખારીથી પૂછયું, શોઅબા અષ્બત છે કે સુફયાન ? તો તેમણે ફર્માવ્યું કે સુફયાન હાફિઝ તથા સાલેહ શખ્સ હતા અને શઅબા એમના કરતાં વિશેષ અષ્બત તથા અત્કા હતા. આ બધુ તહઝીબુત્તહઝીબમાં છે.

આવી સ્થિતિમાં જ્યારે કે હદીષમાં ટકરાવ છે તો એમાંથી કોઈ એકને કોઈ અન્ય દલીલ વડે અગ્રતા આપીશું. હદીષ પછી શરઈ દલીલ કેવળ કયાસ છે એટલા માટે એના વડે અગ્રતા આપવામાં આવશે અને કયાસ એનો તકાઝો કરનાર છે કે અગ્રતા ધીમેથી આમીન કહેવાને છે. એટલા માટે કે એના પર બંને પક્ષોની એકમતિ છે કે આમીન દુઆ છે અને દુઆમાં અસ્લ ધીમેથી હોવું છે. કુર્આન મજીદમાં છે : اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعاً وَّ خُفْيَةً اِنَّهٗ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ "તમારા રબથી દુઆ કરો ગદ ગદ (રડી રડીને આજીઝીપૂર્વક) થઈને ધીમેથી, બેશક ! હદથી વધનાર એને પસંદ નથી." *(અઅ્રાફ–૫૫)*

ઈબ્ને કત્તાને ઉપરોક્ત પકડો (જરહો) ઉપરાંત એક અન્ય પકડ કરી હતી કે હજરનો હાલ માલૂમ નથી. અલ્લામા અયનીએ ફર્માવ્યું, હજરનો હાલ જો તમને માલૂમ તો ન હોય, પણ કેવળ આપના ન જાણવાથી તે મજહૂલ થઈ જશે નહીં. તેમનો હાલ કઈ રીતે માલૂમ નથી ! જ્યારે કે તે સહાબી છે. બગવી અબુલ ફરજ ઈબ્ને અષીર વગેરેએ તેમને સહાબામાં ગણ્યા છે. જો કોઈ સહાબી ન માને તો તાબઈ યકીનન છે ! એક જમાઅતે તેમની પ્રશંસા કરી ષિકહ કહ્યા, એમનામાં ખતીબ બગદાદી પણ છે. તેમણે લખ્યું કે એ નહરવાનમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની સાથે ગયા અને મદાઈનમાં તેમની સાથે રહ્યા. એ ષિકહ છે, એમની હદીષથી વિવિધ ઉલમા દલીલ લાવ્યા છે. ઈબ્ને હબ્બાને તેમને ષિકહ હઝરાતમાં વર્ણવ્યા. ઈબ્ને મુઈને કહ્યું, કૂફાના રહેવાવાળા ષિકહ પ્રખ્યાત છે. રહી ગયો હજર તથા વાઈલના વચમાં અલ્કમાનો વાસ્તો, તો શક્ય છે કે આ હદીષ અલ્કમાથી પણ સાંભળી હોય અને વાઈલથી પણ. ક્યારેક ઉલૂ (અફઝલ) સનદના માટે અલ્કમાને કટ કરીને ડાયરેક્ટ હઝરત વાઈલથી રિવાયત કરી, કદીક અલ્કમાના વાસ્તાથી, તો એમાં વાંધાને ક્યાં સ્થાન છે !

**૨.** ઈમામ મુહમ્મદે કિતાબુલ આષારમાં આ હદીષ રિવાયત કરી :–

**حدثنا ابو حنيفة حدثنا حمادبن ابى سليمان عن ابراهيم النخعى قال ار بع يخفيهن الا مام التعوذو بسم الله الرحمٰن الرحيم وسبحانك اللّٰهم و آمين**

હઝરત ઈબ્રાહીમ નખઈએ ફર્માવ્યું, "ચાર ચીજોને ઈમામ આહિસ્તા કહેશે : અઊઝુબિલ્લાહ, બિસ્મિલ્લાહ, સુબ્હાનકલ્લા હુમ્મ તથા આમીન."

આ અષરને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે પોતાના મુસ્નફમાં થોડા ફેરફાર સાથે રિવાયત કરેલ છે એમાં "સુબ્હાનકલ્લાહુમ્મ"ને બદલે "અલ્લાહુમ્મ રબ્બના વ લકલ હમ્દ" પછી બીજી સનદ સાથે તેને વર્ણન કરી, એમાં એ છે કે, પાંચ ચીજોને ઈમામ ધીમેથી અદા કરે, એમાં "સુબ્હાનકલ્લાહુમ્મ" પણ છે.

**૩.** તિબ્રાનીએ "તહઝીબુલ આષાર"માં રિવાયત કર્યું કે હઝરત ઉમર અને હઝરત અલી બિસ્મિલ્લાહને બુલંદ અવાજથી અદા કરતા ન હતા. તેમજ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ થી પણ મરવી છે કે તે આમીન ધીરા અવાજે કહેતા હતા.

**૪.** હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہ થી મરવી છે કે મેં રસૂલુલ્લાહ ﷺ થી સક્તહ (અવાજ ન કરવું) યાદ રાખ્યું છે, એક સક્તહ તકબીર પછી અને એક સક્તહ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ પછી. ઈમરાન બિન હુસેને એનાથી ઈન્કાર કર્યો તો હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ ને લખવામાં આવ્યું. તેમણે જવાબ આપ્યો કે સમુરહે સાચુ કહ્યું. *(અબૂ દાઊદ, ૧/૧૧૩ સલાત, તિર્મિઝી, ૧/૩૪ સલાત)*

એવું નથી કહી શકાતુ કે وَلَا الضَّآلِّيْنَ પછી જે સક્તા (અવાજ ન કરવું) હતું તે શ્વાસ ઠીક કરવા માટે હતો, નહીં તો જરૂરી થશે કે મુક્તદી પ્રથમ આમીન કહેતા અને હુઝૂર બાદમાં. આ સહીહ હદીષની વિરુદ્ધ જાય છે. હમણા હદીષ વર્ણન થઈ ચૂકી કે ફર્માવ્યું, જ્યારે ઈમામ આમીન કહે તો તમે પણ આમીન કહો. અને فا તઅકીબના માટે. એટલા માટે માનવુ પડશે કે આ સક્તહ આમીન કહેવાને માટે હતો.

# حديث ٥٠٠

[હદીષ : ૫૦૦]

عَنْ اَبِیْ بَكْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّهٗ اِنْتَهٰی اِلَی النَّبِیِّ صَلَّی اللّٰهُ

*"હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી મરવી છે કે તે નબી ﷺની તરફ*

**વિવેચન :** અબૂ દાઊદમાં અબૂ મસ્ઊદના તરીક઼ાથી જે રિવાયત છે તે એ જ છે જે વર્ણન થઈ, ત્યાર બાદ ખૂદ અબૂ દાઊદમાં અને તિર્મિઝીમાં મુહમ્મદ બિન મુષન્નાના તરીક઼ાથી જે રિવાયત છે એમાં આ પ્રમાણે છે : સઈદને ક઼તાદાએ પૂછયું, આ બંનેવ સક્તહ (અવાજ ન કાઢવું) શું છે ? તો તેમણે બતાવ્યું, નમાઝ શરૂ કર્યા બાદ અને ક઼િર્અતથી ફ઼ારિગ થયા બાદ પછી એના પછી ? કહ્યું, જ્યારે وَلَا الضَّآلِّيْنَ પઢી લેતા.

**અલ્લાહની તૌફ઼ીક઼થી હું કહું છું :** જાહેરી રીતે આ હદીષમાં ઈઝતેરાબ છે. બીજા સક્તહ (અવાજ ન કરવાના) બારામાં અમુક રિવાયતોમાં એ છે કે પૂરી ક઼િર્અતથી ફ઼ારિગ થયા બાદ અથવા સૂરએ ફ઼ાતિહા તથા અન્ય સૂરત પઢયા બાદ. અને અમુક રિવાયતોમાં એ છે કે ولاالضالین પઢયા બાદ. આ ઈઝતેરાબને એ રીતે દૂર કરી શકાય છે કે અસલમાં ત્રણ સક્તહ (ત્રણ સ્થાન અવાજ ન કરવાના) છે : એક તકબીરે તહરીમા પછી, બીજા ولاالضالین પછી, ત્રીજુ સૂરતની ક઼િર્અત બાદ રુકૂઅ પહેલાં. રિવાયતોમાં ટૂંકાણ થઈ ગયું છે સૌને એકત્ર કરવામાં આવે તો સાર એ જ નીકળે છે. એના પર નિશાની તિર્મિઝીની રિવાયતનો આ વધારો છે કે હુઝૂર ﷺને એ પસંદ હતું કે ક઼િર્અતથી ફ઼ારિગ થયા બાદ કાંઈક સૂકૂત ફ઼ર્માવે જેથી શ્વાસ ઠીક થઈ જાય. જ્યારે કે તિર્મિઝીમાં એ પણ છે કે એક સક્તહ ولاالضالین પછી હતો. જો એ વખતે શ્વાસ ઠીક કરવા માટે સક્તહ માનવામાં આવે તો સહીહ હદીષો પર સંપૂર્ણપણે અમલ થઈ શકશે નહીં. એટલા માટે કે હમણા હદીષ વર્ણન થઈ ચૂકી કે ઈમામ જ્યારે ولاالضالین કહે તો તમે આમીન કહો. ولاالضالین વલદ્દાલ્લીન પછી તરત આમીન કહેવા માટે فاء આવે છે તો આ હદીષના મુતાબિક઼ ઈમામના ولاالضالین કહેતાં જ મુક઼્તદી વિના વિલંબે આમીન કહે. અને બીજી હદીષમાં છે કે ઈમામ જ્યારે આમીન કહે તો આમીન કહો. અહીં પણ فاء છે. આ હદીષનો ફાયદો એ છે કે ઈમામના આમીન કહ્યા બાદ મુક઼્તદી આમીન કહે. હવે સ્થિતિ એ છે કે જો તિર્મિઝીના આ વધારાને ولاالضالینના બાદના માટે માનીએ તો ઈમામ પ્રથમ શ્વાસ ઠીક કરશે પછી આમીન કહેશે. હવે મુક઼્તદી આમીન કહેશે તો ઈમામના ولاالضالین કહેવા અને મુક઼્તદીના આમીન દરમ્યાન ગાળો પડી જશે, અને હમણા વર્ણન થઈ ચૂક્યું કે ઈમામના ولاالضالین કહેવાના તુરત જ વિના વિલંબે મુક઼્તદી આમીન કહે. એટલા માટે અમુક હદીષોનું એકત્ર કરવું તિર્મિઝીના વધારા حتٰی یتراد نفسہને રુકૂઅથી પહેલાં માને. હવે તિર્મિઝીની આ રિવાયતથી ત્રણ સક્તાઓ (ત્રણ સ્થળે અવાજ ન કરવાની) સાબિતી થઈ ગઈ. આ રીતે આ હદીષનો ઈઝતેરાબ દૂર થઈ ગયો. فللّٰہ الحجۃ السامیہ

## સમજૂતી : ૫૦૦

**ولا تعد** : ની ત્રણ સ્પષ્ટતાઓ છે : એક એ કે હવેથી એવું ન કરશો કે સફમાં દાખલ થતા પહેલાં જ રુકૂઅ કરી લેવો. જેમ કે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે નમાઝના માટે આવો તો સફમાં દાખલ થતા પહેલાં જ રુકૂઅ ન કર્યા કરો, જ્યાં સુધી સફમાં તમારી જગા ન મેળવી લો. બીજુ એ કે નમાઝના માટે દોડીને ન આવશો કે શ્વાસ ફૂલી જાય. જેવું કે એમનાથી જ મરવી છે કે રસૂલુલ્લાહ

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَھُوَ رَاکِعٌ فَرَکَعَ قَبْلَ اَنْ یَّصِلَ اِلَی الصَّفِّ فَذُکِرَ

આવ્યા અને હુઝૂર રુકૂઅમાં હતા તો તેમણે સફ સુધી પહોંચતા પહેલાં રુકૂઅ કરી લીધો. નબી ﷺને

ذٰلِکَ لِلنَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَقَالَ زَادَکَ اللّٰہُ حِرْصًا وَّ

એનો ઉલ્લેખ કરવામાં આવ્યો તો ફર્માવ્યું, અલ્લાહ તારા શોખને ઔર અધિક કરે !

لَا تَعُدْ۔ ع ہ

ફરીવાર એવું ન કરશો.'' *(બુખારી, ૧/૧૦૮ અઝાન, અબૂ દાઊદ, સલાત, નિસાઈ–સલાત)*

حدیث ۵۰۱ | عَنْ عِمْرَانَ بْنِ حُصَیْنٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ

''હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہએ કહ્યું કે તેમણે **[હદીષ : ૫૦૧]**

صَلّٰی مَعَ عَلِیٍّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ بِالْبَصْرَۃِ فَقَالَ ذَکَّرَنَا ھٰذَا

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની સાથે બસરામાં નમાઝ પઢી તો કહ્યું, એ સાહબે તે નમાઝ

ﷺએ ફર્માવ્યું, જયારે નમાઝ ક઼ાયમ થઈ જાય તો દોડીને ન આવો, ઈત્મિનાનની સાથે આવો, જે મેળવો તે પઢી લો, રહી જાય તો બાદમાં પૂર્ણ કરો. ત્રીજુ એ પણ અર્થ બની શકે છે કે હવેથી આટલુ મોડુ ન કરશો.

**એક શંકાનો જવાબ** : આ હદીષની સનદમાં છે : عن الحسن عن ابی بکرة કેટલાક લોકોએ કહ્યું કે હઝરત હસનનું હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી સાંભળવું સાબિત નથી, એ અહનફના ઝરીયાથી હઝરત અબૂબક્રથી રિવાયત કરે છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, સહીહ એ છે કે હઝરત હસને હઝરત અબૂબક્રથી સાંભળ્યું છે, એના માટે એ જ હદીષની નિસાઈમાં જે સનદ મઝકૂર છે તે દલીલ છે. એમાં આ પ્રમાણે છે : **اخبر نا الحسن ان ابابکرة حدثه**

**મસાઈલ** : સફમાં દાખલ થતા પહેલાં જ રુકૂઅ કરીને સફ સુધી જવું નમાઝ તોડનાર નથી, કેમ કે હુઝૂરે અક઼દસ ﷺએ હઝરત અબૂબક્રને નમાઝ દોહરાવવાનો હુકમ નથી આપ્યો, અલ્બત્ત એ મકરૂહ છે. જો એ અંતર વધારે હોય કે ચાલવું અમલે કષીરમાં દાખલ થઈ જાય તો નમાઝ ફાસિદ થઈ જશે (તૂટી જશે). જો કોઈ સફની પાછળ એકલો નમાઝ પઢે તો તેની નમાઝ થઈ જશે, અલ્બત્ત એવું કરવું મકરૂહ છે. મુક઼્તદી ઈમામને જે હાલમાં પામે તેમાં શરીક થઈ જાય, એના બારામાં હદીષ શરીફમાં હુકમ પણ સ્પષ્ટ છે. હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ મને ક઼યામની હાલતમાં અથવા રુકૂઅની હાલતમાં અથવા સજદામાં પામે તો એ જ હાલતમાં મારી સાથે થઈ જાય. રિવાયત કરી સઈદ બિન મન્સૂરે. *(ઉમ્દતુલ ક઼ારી, ૫/૫૬)*

## સમજૂતી : ૫૦૧

**بصرہ** (બસરા) : એમાં છ લુગાત છે : باء (બે)ને ઝબર, ઝેર, પેશ તથા સ્વાદ (صاد)ને ઝબર, ઝેર, પેશ અને સાદને જઝમ અને ઝબર અને ઝેર. એની પ્રતિ નિસ્બતમાં પણ બે લુગત છે. **بَصری**એ باءને ઝબર તથા ઝેર બંનેવ. બસરા પણ સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનું આબાદ કરેલું છે જેનો પાયો તેમના હુકમથી ઉક઼બા બિન

الرَّجُلُ صَلٰوةً كُنَّا نُصَلِّيهَا مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

યાદ અપાવી જે અમે હુઝૂર ﷺની સાથે પઢતા હતા.'હઝરત ઈમરાને વર્ણન કર્યું કે તે જ્યારે

فَذَكَرَ اَنَّهٗ كَانَ يُكَبِّرُ كُلَّمَا رَفَعَ وَكُلَّمَا وَضَعَ ـ ع ـ ه

કદી માથુ ઉઠાવતા અને ઝુકાવતા તો તકબીર કહેતા હતા.'' (બુખારી, ૧/૧૦૮, ૧/૧૧૪)

## حديث ۵۰۲ [હદીષ : ૫૦૨]

عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَنَّهٗ كَانَ يُصَلِّيْ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ લોકોને નમાઝ પઢાવતા તો જ્યારે ઝુકતા અને

ગઝવાન رضی اللہ عنہએ હિ.સ. ૧૭માં રાખ્યો હતો. તે એ સમયે બે ફરસંગ પહોળુ અને ત્રણ ફરસંગ લાંબુ હતું. એક ફરસંગ ત્રણ માઈલનો થાય છે. બસરાનો લુગ્વી (શાબ્દિક) અર્થ તે નરમ પથ્થર છે જેમાં સફેદી ઝલકતી હોય. કેમ કે એ એવા જ સંગિસ્તાન (પથ્થરોના સ્થાન) પર વસેલુ છે એટલા માટે એનું નામ બસરા પડી ગયું. બસરામાં કદી મૂર્તિપૂજા થઈ નથી. એ પણ ક઼િબ્લતુલ્ ઈસ્લામ તથા ખઝાનતુલ્ અરબ કહેવાય છે. આ બનાવ જંગે જુમલ પછીનાં છે.

**પરિપૂર્ણતા** : એના બાદવાળા પ્રકરણમાં થોડી વિગત છે કે હઝરત અલી જ્યારે સજદો કરતા તો તકબીર કહેતા, જ્યારે પોતાનુ માથુ ઉઠાવતા તો કહેતા, અને જ્યારે બીજી રકાતથી ઉઠતા તો કહેતા.

**પ્રકરણનો ફ઼ાયદો** : આ હદીષથી સમજમાં આવે છે કે તે વખતે તકબીરાતે ઈન્તેક઼ાલાત (રુકનોની તબદીલી વખતની તકબીરો) લોકોએ છોડી આપી હતી. જેમ કે હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہએ ફર્માવ્યું કે હઝરત અલીએ અમને એ નમાઝ યાદ અપાવી જે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે પઢતા હતા, અથવા તો અમે ભૂલી ગયા હતા અથવા અમે જાણી જોઈને છોડી આપી હતી, જેવું કે ઈમામ અહમદ તથા ઈમામ તહાવીએ રિવાયત કર્યું છે. તદ્ઉપરાંત અમુક સહાબા તથા તાબઈનના બારામાં વર્ણન થયેલ છે કે રુકૂઅથી સજદામાં જતી વેળા તકબીર કહેતા ન હતા, અમુક બીજા સજદામાં જતી વખતે તકબીર કહેતા ન હતા. બની ઉમૈયાની ઘણી વ્યક્તિઓ દા.ત. ઝિયાદ, વલીદ બિન ઉક઼બા, ત્યાં સુધી કે ઉમર બિન અબ્દુલ અઝીઝ બલ્કે હઝરત મુઆવિયાના બારામાં પણ આવું જ કાંઈ નક઼લ થયેલ છે, એટલા માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું : રુકૂઅમાં તકબીર પૂર્ણ કરવાનું બયાન. અને બાદમાં સજદાઓના બારામાં પણ આ જ પ્રકરણ રચ્યું. ઝાહિરિયહ્ અને ઈમામ અહમદ આ તકબીરોને વાજિબ કહે છે. જમહૂર ખાસ કરીને ઈમામે આ'ઝમ, ઈમામ માલિક, ઈમામ શાફઈ વગેરે સુન્નત કહે છે.

આ હદીષથી સાબિત થયું કે રુકૂઅમાં જવાનુ શરૂ કરે તો તકબીર પણ સાથે જ કહેવાનું શરૂ કરે અને જ્યારે મુકમ્મલ રુકૂઅ કરી લે તો બંધ કરે. અને એ જ પ્રમાણે સર્વ રુકનોની તબદીલી વેળા કરે અને તકબીરમાં મદ કરે. એ પણ જરૂરી છે કે મદ ઈસ્મે જલાલત (અલ્લાહ) પર કરે, અને ક્યાંય ન કરે, નહીં તો અર્થ બગડવાના કારણે નમાઝ પણ જશે. દા.ત. ઈસ્મે જલાલતના અલિફ પર મદ કરશે તો વાક્ય પ્રશ્નાર્થ થઈ જશે. એટલે શું અલ્લાહ સૌથી મહાન છે ? અને જો અકબરના બે (بِ) પર મદ કરશે તો ''અકબાર'' થઈ જશે જેનો અર્થ ઢોલ થશે.

**સમજૂતી : ૫૦૨-૫૦૩**

**પરિપૂર્ણતા** : એના બાદવાળા પ્રકરણમાં આ જ હદીષ આ પ્રકરણ છે : મેં એક વૃદ્ધ માણસ પાછળ મક્કામાં નમાઝ પઢી તો તેમણે બાવીસ તકબીરો

بِهِمْ فَيُكَبِّرُ كُلَّمَا خَفَضَ وَرَفَعَ فَإِذَا انْصَرَفَ قَالَ إِنِّي لَأَشْبَهُكُمْ

ઉઠતા તો તકબીર કહેતા અને જ્યારે ફારિગ થતા તો ફર્માવતા, હું નમાઝમાં તમારા સૌથી અધિક

صَلٰوةً بِرَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ـ ع ـ ٥

રસૂલુલ્લાહ ﷺથી મળતો છું."

## حديث ۵۰۳

**[હદીષ : ૫૦૩]**

عَنْ عِكْرِمَةَ قَالَ رَأَيْتُ رَجُلًا عِنْدَ الْمَقَامِ يُكَبِّرُ

"અકરમાએ કહ્યું, મેં મુકામે ઈબ્રાહીમની પાસે એક સાહબને જોયા કે તે (નમાઝમાં) દરેક ઝુકવા તથા

فِيْ كُلِّ خَفْضٍ وَرَفْعٍ وَإِذَا قَامَ وَإِذَا وَضَعَ فَأَخْبَرْتُ ابْنَ عَبَّاسٍ

ઉઠતા વખતે તકબીર કહેતા અને જ્યારે ઉભા થતા અને જ્યારે બેસતા તો તકબીર કહેતા હતા. મેં

فَقَالَ أَوَلَيْسَ تِلْكَ صَلٰوةَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا أُمَّ لَكَ ـ ع ـ

હઝરત ઈબ્ને અબ્બાસને આ બતાવ્યું તો ફર્માવ્યું, શું આ નબી ﷺની નમાઝ નથી ?! તારી માં ન રહે !"

(બુખારી, ૧/૧૦૮ અઝાન)

## حديث ۵۰۴

**[હદીષ : ૫૦૪]**

أَخْبَرَنِيْ أَبُوْ بَكْرِ بْنُ عَبْدِ الرَّحْمٰنِ بْنِ الْحَارِثِ أَنَّهُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે નમાઝના માટે ઉભા થતા તો તકબીર કહેતા,

કહી. મેં ઈબ્ને અબ્બાસને કહ્યું કે તે મૂર્ખ છે. એના પર ઈબ્ને અબ્બાસે કહ્યું, તારી માં તને ખોવે ! આ હઝરત અબુલ કાસિમ ﷺની સુન્નત છે. ઈમામ તહાવી તથા ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં અને તિબ્રાનીએ અવસતમાં આ રિવાયત કર્યુ કે એ બુઝુર્ગ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હતા, એના કારણે હઝરત ઈબ્ને અબ્બાસને જલાલ આવ્યો કે એક મહાન મર્તબાવાળા સહાબીને જે સુન્નતની પાબંદી કરતા હતા તેમને અકરમાએ મૂર્ખ કહી દીધા હતા. અને એ ઝોહરની નમાઝ હતી. આ હદીષથી સાબિત થયું કે રુકનોની તબદીલી વેળાની તકબીરો **સુન્નત** છે.

**સમજૂતી : ૫૦૪**

આ હદીષ એની દલીલ છે કે ઈમામ પણ **رَبَّنَا ولك الحمد** કહેશે, એ જ ઈમામ શાફઈનો મઝહબ છે. અને અહનાફનો પણ મુખ્તાર (પસંદીદા) છે. તહમીદમાં ઘણા સેગા આવ્યા છે, બેહતર એ કે સૌને જમા કરીને આ

سَمِعَ اَبَا هُرَيْرَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

પછી રુકૂઅમાં જતી વેળા તકબીર કહેતા. જ્યારે રુકૂઅથી પોતાની પીઠ ઉઠાવતા તો سمع الله لمن حمده

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا قَامَ اِلَى الصَّلٰوةِ يُكَبِّرُ حِيْنَ يَقُوْمُ ثُمَّ يُكَبِّرُ حِيْنَ

કહેતા. પછી ઉભા ઉભા رَبَّنَا لَكَ الْحَمْدُ. પછી વાંકા વળતાં તકબીર કહેતા અને જ્યારે પોતાનુ માથુ

يَرْكَعُ ثُمَّ يَقُوْلُ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ حِيْنَ يَرْفَعُ صُلْبَهٗ مِنَ

ઉઠાવતા તો તકબીર કહેતા, અને જ્યારે સજદો કરતા તો તકબીર કહેતા. પછી જ્યારે માથુ

الرَّكْعَةِ ثُمَّ يَقُوْلُ وَهُوَ قَائِمٌ رَبَّنَا لَكَ الْحَمْدُ ثُمَّ يُكَبِّرُ حِيْنَ يَهْوِىْ

ઉઠાવતા તો તકબીર કહેતા. પછી એ જ પ્રમાણે પોતાની પૂરી નમાઝમાં કરતા,

ثُمَّ يُكَبِّرُ حِيْنَ يَرْفَعُ رَاْسَهٗ ثُمَّ يُكَبِّرُ حِيْنَ يَسْجُدُ ثُمَّ يُكَبِّرُ حِيْنَ يَرْفَعُ رَاْسَهٗ

ત્યાં સુધી કે પૂર્ણ કરી લેતા. અને જ્યારે બે રકાત પછી બેસીને ઉઠતા તો તકબીર કહેતા.

ثُمَّ يَفْعَلُ ذٰلِكَ فِى الصَّلٰوةِ كُلِّهَا حَتّٰى يَقْضِيَهَا وَيُكَبِّرُ حِيْنَ يَقُوْمُ مِنَ

અને અબ્દુલ્લાહ ઈબ્ને સાલેહે લૈષથી

الثِّنْتَيْنِ بَعْدَ الْجُلُوْسِ قَالَ عَبْدُ اللّٰهِ بْنُ صَالِحٍ عَنِ اللَّيْثِ وَلَكَ الْحَمْدُ

રિવાયત કરતાં ولك الحمد કહ્યું." (બુખારી, ૧/૧૦૯ અઝાન, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)

حديث ۵۰۵ سَمِعْتُ مُصْعَبَ بْنَ سَعْدٍ يَقُوْلُ صَلَّيْتُ اِلٰى

"મુસ્અબ બિન સઅદ કહે છે કે મેં મારા વાલિદ (સઅદ બિન વક્કાસ)ના બાજુમાં **[હદીષ : ૫૦૫]**

પ્રમાણે કહે **اللّٰهم رَبَّنا ولك الحمد**. રાજેહ (પસંદીદા) એ છે કે એમાં "વાવ" અધિક છે, જેમ કે બોલે છે **بعنى هذا الثوب** એના જવાબમાં જેને સંબોધાયું તે કહે છે : **نعم وهولك بدرهم**. એ પણ થઈ શકે છે કે આ વાવ આતિફા હોય અને મઅતૂફ અલૈહ મહઝૂફ. હવે લખાણ આ પ્રમાણે થશે : **بنا حمد ناك دلك الحمد**.

તે હદીષો જેમાં એ વર્ણન થયેલ (મઝકૂર) છે કે દરેક ઝુકવા તથા ઉઠતા વખતે તકબીર કહેતા હતા તેની મુખસ્સસ (ખાસ કરવાવાળી હદીષ) આ હદીષ છે. હવે એ હદીષોનો સાર એ થયો કે રુકૂઅથી ઉઠવાના અપવાદ સિવાય દરેક ઝુકવા તથા ઉઠવામાં તકબીર કહેતા હતા. એટલા માટે એનાથી પહેલાવાળી હદીષમાં તકબીરોની સંખ્યા બાવીસ છે તે આ જ આધાર પર છે કે તસ્મીહ (સમિઅલ્લાહુલિમન હમિદા)ને એમાં ગણવામાં આવેલ નથી.

**સમજૂતી : ૫૦૫** **كنا نفعله ـ فنهينا ـ وامرنا** જ્યારે કોઈ સહાબી ફર્માવે તો એનાથી તેમની મુરાદ એ હોય છે કે હુકમ તથા મનાઈ અલ્લાહ ﷻ તથા રસૂલુલ્લાહ ﷺની તરફથી છે, કેમ કે સહાબીનો હેતુ એનાથી શરીઅતના હુકમ પર દલીલ લાવવાનો હોય છે. એટલા માટે રાજેહ (પસંદીદા) એ છે કે આ પ્રકારના સેગા

جَنْبِ اَبِیْ فَطَبَّقْتُ بَیْنَ کَفَّیَّ ثُمَّ وَضَعْتُھُمَا بَیْنَ فَخِذَیَّ فَنَھَانِیْ اَبِیْ وَ

નમાઝ પઢી તો મેં મારી બંનેવ હથેળીઓને મિલાવી પછી તેને પોતાની બંનેવ જાંગોની વચ્ચે રાખી તો

قَالَ کُنَّا نَفْعَلُہٗ فَنُھِیْنَا عَنْہُ وَاُمِرْنَا اَنْ نَضَعَ اَیْدِیَنَا عَلَی الرُّکَبِ عـہ

મારા વાલિદે મને એનાથી મના કર્યું અને ફર્માવ્યું, અમને એનાથી મના કરી દેવામાં આવ્યું છે અને

અમને એ હુકમ આપવામાં આવ્યો છે કે પોતાના હાથો ઘૂંટણો પર રાખો."

## حدیث ۵۰۶

**[હદીષ : ૫૦૬]**

عَنِ الْبَرَاءِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کَانَ رُکُوْعُ النَّبِیِّ

"હઝરત બરાઅ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم નો રુકૂઅ તથા સજદા અને બંનેવ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَسُجُوْدُہٗ وَبَیْنَ السَّجْدَتَیْنِ وَاِذَا رَفَعَ

સજદાઓની દરમ્યાનનો ગાળો અને રુકૂઅથી માથુ ઉઠાવવા (અને સજદામાં જવાનો ગાળો)

مِنَ الرُّکُوْعِ مَاخَلَا الْقِیَامِ وَالْقُعُوْدِ قَرِیْبًا مِّنَ السَّوَاءِ ۔ للعـہ

કયામ તથા કાએદાઓ સિવાય લગભગ સમાન હતો." (બુખારી ૧/૧૦૯ અઝાન, ૧/૧૧૦, ૧/૧૧૩)

મરફૂઅના હુકમમાં છે. હવે આ ઈર્શાદનો મતલબ એ થયો કે અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના હુકમથી કરતા હતા અને અમને હુઝૂરે જ મના ફર્માવી દીધું. અને હુઝૂરે જ એ હુકમ આપ્યો કે હથેળીઓ ઘૂંટણો પર રાખો. એનું સમર્થન ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદીકા رضی اللہ عنہا ની આ હદીષથી થાય છે જેને સૈફે (ઉમ્દતુલ કારી, ૩/૬૪) અલ્ફતુહમાં વર્ણન કરી કે એના બારામાં મસરૂકે હઝરત ઉમ્મુલ મો'મિનીનને પૂછયું તો તેમણે વર્ણન કર્યું કે તત્બીક(વર્ગીકરણ) યહૂદીઓનો તરીકો હતો, પછી નબી صلی اللہ علیہ وسلم એ મના ફર્માવી આપ્યું (પ્રારંભમાં) અહલે કિતાબની મુવાફિકત (મળતાપણુ) એ ચીજોમાં પસંદ હતું જેમાં કોઈ હુકમ નાઝિલ ન થયો હોય, પછી છેવટમાં તેનાથી વિરુદ્ધતાનો હુકમ આપી દેવામાં આવ્યો.

### સમજૂતી : ૫૦૬

**قریبا من السواء** થી માલૂમ થાય છે કે કયામ તથા કાએદાઓ સિવાય વર્ણન કરેલ ફેઅલોમાં પણ તફાવત રહેતો હતો, પણ થોડો. તેમજ એ પણ કે તેમાં ગાળો હતો જે એ ફેઅલોના સાચા અર્થમાં લાગુ થવા કરતાં કાંઈક અધિક હતો. આ ગાળાને આપણે ઈત્મિનાન તથા મધ્યમમાર્ગીપણુ કહીએ છીએ."

## حديث ٥٠٧

**[હદીષ : ૫૦૭]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ تَعَالَى عَنْهَا قَالَتْ كَانَ النَّبِيُّ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું,*

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ فِي رُكُوعِهِ وَسُجُودِهِ سُبْحَانَكَ

*નબી ﷺ પોતાના રુકૂઅ તથા સજદામાં આ પ્રમાણે પઢતા હતા : હે અલ્લાહ ! અમારા પરવરદિગાર !*

اَللّٰهُمَّ رَبَّنَا وَبِحَمْدِكَ اَللّٰهُمَّ اغْفِرْلِيْ . ع ـه

*અમે તારી તસ્બીહ, તારી હમ્દની સાથે કરીએ છીએ, હે અલ્લાહ ! અમને બખ્શી આપ !*

*(બુખારી, ૧/૧૦૯ અઝાન, ૨/૬૧૫ મગ઼ાઝી, તફસીરે સૂરહ વલ્ફતહ-૭૪૨,*

*બાબે તસ્બીહ-૧૧૩, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ, સલાત)*

**સમજૂતી : ૫૦૭**

કિતાબુત્તફસીરમાં એટલુ વધારે છે કે સૂરએ ઈઝાજાઅ્ના નુઝૂલ પછી નબી ﷺએ જે પણ નમાઝ પઢી એમાં મઝકૂર દુઆ પઢી. ત્યાં જ બીજી રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાના રુકૂઅ તથા સજદામાં પુષ્કળ પ્રમાણમાં આ દુઆ પઢતા હતા, કુર્આન પર અમલ કરતા હતા. આ હદીષથી સાબિત થયું કે રુકૂઅ તથા સજદામાં ઝિક્ર સુન્નત છે, ખાસ આ દુઆને પઢવું જરૂરી નથી, અન્ય પણ વિવિધ દુઆઓ આવી છે. અમારે ત્યાં મુખ્તાર (પસંદીદા) એ છે કે રુકૂઅમાં **سبحان ربی العظیم** અને સજદામાં **سبحان ربی الاعلیٰ** પઢવામાં આવે. જેમ કે તહાવી (શરહે મઆનિયુલ આષાર, સલાત-૧૫)માં ઉક઼બા બિન આમિર رضی اللہ عنہથી મરવી છે કે તેમણે ફર્માવ્યું કે જ્યારે આ આયત **فسبح بحمد ربك العظيم** નાઝિલ થઈ તો નબી ﷺએ ફર્માવ્યું, એને તમારા રુકૂઅમાં કરી લો, અને જ્યારે **سبحان ربی الاعلیٰ** નાઝિલ થઈ તો ફર્માવ્યું, એને સજદામાં કરી લો. એને અબૂ દાઊદ (૧/૧૨૬, સલાત) તથા ઈબ્ને હબ્બાને (ઉમ્દતુલ ક઼ારી, ૭/૬૯) પોતાની સહીહ અને હાકિમે મુસ્તદરક઼ (હવાલો : અગાઉ જેમ)માં પણ રિવાયત કરી છે.

આપણે ત્યાં અફઝલ એ છે કે ફર્ઝો જ્યારે બાજમાઅત પઢે તો એના પર પૂરતુ સમજે, કેમ કે જમાઅતમાં ટૂંકાણનો હુકમ થયો છે, કેમ કે એમાં જરૂરતમંદ વૃદ્ધો, બીમાર સૌ રહેતા હતા. બાકીની દુઆઓ જ્યારે એકલા પઢે ત્યારે પઢયા કરે, ચાહે ફર્ઝો હોય, ચાહે નફ્લો. સુન્નત એ છે કે એ તસ્બીહોને ત્રણવાર પઢે જેમ કે અબૂ દાઊદ (૧/૧૨૯, સલાત)માં જ હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે રુકૂઅ કરો તો ત્રણવાર **سبحان ربی العظیم** અને જ્યારે સજદો કરો તો ત્રણવાર **سبحان ربی الاعلیٰ** પઢો.

**اللهم اغفرلی** અલ્લામા અયનીએ ફર્માવ્યું કે દુઆએ મગફિરત અલ્લાહ ﷻની તરફ મોહતાજ થવુ અને અલ્લાહ પર યક઼ીન તથા અબૂદિયતના ઈઝહાર તથા શુક્ર રૂપે છે અથવા આ (મગફેરત) અવલા (ઉચ્ચ)ના છૂટી જવાના લઈને હતી અથવા એ કે અલ્લાહ ﷻ ની મહાન તથા ઉચ્ચ શાનના એ'તબારથી ઈબાદતમાં જે કમી થઈ એનાથી છે. તદ્ ઉપરાંત દુઆ કોઈ પણ હોય તે ઈબાદત છે.

## حديث ٥٠٨

[હદીષ : ૫૦૮]

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ كَانَ النَّبِیُّ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે નબી ﷺ જ્યારે سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કહી લેતા

صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اِذَا قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ قَالَ

તો اللّٰهم ربنا ولك الحمد કહેતા અને નબી ﷺ જ્યારે રુકૂઅ કરવા લાગતા

اَللّٰهُمَّ رَبَّنَا وَلَكَ الْحَمْدُ وَكَانَ النَّبِیُّ صَلَّى اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ اِذَا

અને જ્યારે રુકૂઅથી માથુ ઉઠાવવા લાગતા તો તકબીર કહેતા અને જ્યારે

رَكَعَ وَاِذَا رَفَعَ رَاْسَهٗ یُكَبِّرُ وَاِذَا قَامَ مِنَ السَّجْدَتَیْنِ قَالَ اللّٰهُ اَكْبَرُ ع

બંને સજદાઓથી માથુ ઉઠાવતા તો અલ્લાહુ અકબર કહેતા." (બુખારી, ૧/૧૦૯, અઝાન)

## حديث ٥٠٩ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, [હદીષ : ૫૦૯]

### સમજૂતી : ૫૦૮

અહીં પ્રકરણ છે : "ઈમામ તથા મુક્તદી જ્યારે રુકૂઅથી માથુ ઉઠાવે તો શું કહે ?" આ હદીષથી કેવળ ઈમામનું તસ્મીઅ તથા તહમીદ કહેવું સાબિત થાય છે. મુક્તદીનો કોઈ ઉલ્લેખ નથી. એ અનિવાર્યપણે એ રીતે સાબિત થાય છે કે હુઝૂરે અક્દસ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : صلوا كمار أيتموني اصلى એમાં હઝફ (શબ્દ છૂટેલ) છે. મુરાદ એ છે કે સજદાથી માથુ ઉઠાવતી વખતે તકબીર કહેતા. જેમ કે તયાલ્સીની રિવાયતમાં છે, બંને સજદાઓ વચ્ચે વચ્ચે તકબીર કહેતા, નહીં તો રુકૂઅથી ઉઠતાં તકબીર નથી سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ (તસ્મીઅ) કહેતા હતા. જેમ કે એ જ હદીષમાં છે : તહમીદના માટે અફઝલ એ જ છે કે اللّٰهم ربنا ولك الحمد કહે, જેમ કે આ રિવાયતમાં છે. વિવિધ રિવાયતોમાં વિવિધ શબ્દો આવ્યા છે એ આ સર્વનો સમૂહ છે. ભાવાર્થની દૃષ્ટિએ એ અફઝલ એના કારણે છે કે એમાં પુકાર બે વાર છે.

### સમજૂતી : ૫૦૯

વર્ણન થઈ ચૂક્યું છે કે અમારા ત્યાં મુખ્તાર (પસંદીદા) એ છે કે ઈમામ તથા મુન્ફરિદ તસ્મીઅ તથા તમ્હીદ બંનેવ કહેશે અને મુક્તદી કેવળ તહમીદ. એના માટે આ હદીષ સ્પષ્ટ દલીલ છે. રહી ગયું ઈમામ તથા મુન્ફરિદનું તહમીદ કહેવું તે પહેલાવાળી હદીષથી સાબિત છે.

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِذَا قَالَ الْاِمَامُ سَمِعَ اللّٰہُ لِمَنْ حَمِدَہٗ

જ્યારે ઈમામ سَمِعَ اللّٰہُ لِمَنْ حَمِدَہٗ કહે તો તમે લોકો رَبَّنَا لَکَ الْحَمْدُ કહો, એટલા માટે કે

فَقُوْلُوْا رَبَّنَا لَکَ الْحَمْدُ فَاِنَّہٗ مَنْ وَّافَقَ قَوْلُہٗ قَوْلَ الْمَلٰئِکَۃِ غُفِرَلَہٗ مَا

જેનો કૌલ ફરિશ્તાઓના કૌલના પ્રમાણે (સાથોસાથ)

تَقَدَّمَ مِنْ ذَنْبِہٖ ؎

હશે તેને બખ્શી દેવામાં આવશે." (બુખારી, ૧/૧૦૯, અઝાન, બદાએઉલ ખલ્ક઼–૪૫૮)

## حدیث ۵۱۰

[હદીષ : ૫૧૦]

عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ لَاُقَرِّبَنَّ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું, હું નબી ﷺ ના નમાઝ

صَلٰوۃَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَکَانَ اَبُوْھُرَیْرَۃَ یَقْنُتُ فِیْ

નજીક કરી દઉં. તો અબૂ હુરૈરહ્ ઝોહર, ઈશા તથા સવારની નમાઝની અંતિમ રકાતમાં કુનૂત પઢતા.

الرَّکْعَۃِ الْاٰخِرَۃِ مِنْ صَلٰوۃِ الظُّھْرِ وَصَلٰوۃِ الْعِشَاءِ وَصَلٰوۃِ الصُّبْحِ بَعْدَ

سَمِعَ اللّٰہُ لِمَنْ حَمِدَہٗ કહ્યા પછી મુસલમાનોના માટે

**ઝઘડો** : જે લોકો હદીષ–૪૯૯થી એટલે **اذا قال الامام آمین فقولوا آمین**થી આમીન પર આ ફિલોસોફીથી દલીલ કરે છે કે કૌલમાં અસલ બુલંદ અવાજ છે જ્યાં સુધી એના વિરુદ્ધ નિશાની ન હોય. તે લોકો આ હદીષના બારામાં શું કહેશે ? અહીં પણ છે **فقولوا ربنا ولك الحمد** આ પસ્ત (ધીમે) હોવા પર કોઈ નિશાની નથી, પછી એ લોકો તહમીદ પણ આમીન જેમ બુલંદ અવાજથી કેમ નથી કહેતા ?

## સમજૂતી : ૫૧૦–૫૧૧

અહીં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષથી માલૂમ થાય છે કે હુઝૂરે અક઼દસ ﷺ ત્રણ નમાઝોમાં કુનૂત પઢતા હતા, ઝોહર, ઈશા, ફજર. અને હઝરત અનસ رضی اللہ عنہની હદીષથી માલૂમ થાય છે કે કેવળ બે નમાઝોમાં ફજર તથા મગરિબમાં.

પરંતુ ખૂદ એ જ બુખારીની કિતાબુત્તફસીર (૬૫૫)માં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી આ પ્રમાણે રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈ ક઼ૌમ પર દુઆએ ઝરર (નુકસાનીની દુઆ) અથવા કોઈ ક઼ૌમના માટે દુઆએ ખૈર કરવા ચાહતા તો રુકૂઅ પછી કુનૂત પઢતા. અહીં કોઈ નમાઝને ખાસ કરવું નથી, એની પણ સંભાવના છે કે કેવળ કોઈ એક નમાઝમાં પઢતા હતા, અને એની પણ સંભાવના છે કે સર્વ નમાઝોમાં પઢતા

مَا يَقُوْلُ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ فَيَدْعُوْ لِلْمُؤْمِنِيْنَ وَيَلْعَنُ الْكُفَّارَ

દુઆ કરતા અને કાફિરો પર લઅ્નત કરતા." (અઝાન, ૧/૧૧૦, મુસ્લિમ, અબૂ દાઊદ–સલાત)

| | |
|---|---|
| حديث ٥١١ | عَنْ اَنَسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ الْقُنُوْتُ |
| [હદીષ : ૫૧૧] | "હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે ફજર |

فِى الْفَجْرِ وَالْمَغْرِبِ

તથા મગરિબમાં કુનૂત હતું." (અઝાન બાબ, પેજ–૧૧૦)

| | |
|---|---|
| حديث ٥١٢ | عَنْ رِفَاعَةَ بْنِ رَافِعٍ الزُّرَقِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ |
| [હદીષ : ૫૧૨] | "હઝરત રિફાઆ બિન રાફેઅ ઝરકી رضی اللہ عنہ એ કહ્યું, |

હતા. અથવા કેવળ તે જ ત્રણ વર્ણવેલ નમાઝોમાં. અલ્બત્ત મુસ્લિમ શરીફ (૧/૬૫૫)માં એમની જે હદીષ છે તેમાં સલાતુલ્ ફજ્ર વર્ણન થયેલ છે. એનાથી માલૂમ થાય છે કે કેવળ સવારની નમાઝમાં કુનૂત પઢી. બુખારી, તફસીરે સૂરએ નિસાઅ (૬૧૧) અને કિતાબુદ્દા'વાત (૯૬૪)માં છે કે ઈશાની નમાઝમાં سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કહેવા તથા સજદા પહેલાં કુનૂત પઢી જેમાં આ દુઆ કરી, હે અલ્લાહ ! અય્યાશ ઈબ્ને રબીઆ તથા વલીદ બિન વલીદ અને સલ્મા બિન હિશામને નજાત આપ. હે અલ્લાહ ! સર્વ કમજોર મુસલમાનોને નજાત આપ. હે અલ્લાહ ! મુઝર પર તારી પકડ સખ્ત કર. હે અલ્લાહ ! એમના પર યૂસુફ علیہ السلام ની જેમ દુષ્કાળ કર. તેના એક પ્રકરણ પછી જે હદીષ આવી રહી છે તેના આગળ પાછળના વર્ણનથી એ જાહેર થઈ રહ્યું છે કે સર્વ નમાઝોમાં કુનૂત પઢતા હતા. અબૂ દાઊદ (૧/૨૦૪, સલાત)માં આ જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ સતત એક મહિના સુધી દરેક નમાઝ પછી કુનૂત પઢતા હતા, જ્યારે છેલ્લી રકાતમાં سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ પઢતા. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે દુઆએ કુનૂતના બે મોક્આઓ છે, એક જ્યારે કે મક્કા મોઅઝ્ઝમામાં મજબૂર તથા બેકસ મુસલમાન ફસાયેલા હતા તો તેમના છૂટકારા માટે અને મિસ્રની હલાકતના માટે દુઆ કરી. એની શક્યતા છે કે આ દુઆ તમામ નમાઝોમાં કરી હોય જેની મુદ્દત તેમનો છૂટકારો છે. અને એક મહિના સુધી ફજરની નમાઝમાં જે કુનૂત પઢ્યું તે બીરે મઊના તથા સરૈયાએ રજીઅના બનાવ પછી જેમાં રઅલ, ઝકવાન, અસિય્યા વગેરેની બર્બાદીની દુઆ કરી, એટલા માટે આ રિવાયતોમાં ટકરાવ નથી.

**يلعن الكفّار** : કોઈ નિશ્ચિત વ્યક્તિ પર લઅનત કરવી એ વખતે જાઈઝ છે જ્યારે એ યક઼ીની તૌર પર માલૂમ થાય કે એ કુફ્ર પર મર્યો છે. જેમ કે ફિરઔન, અબૂ લહબ વગેરે. રહી ગયા તે લોકો જેમના બારામાં યક઼ીની તૌર પર માલૂમ ન હોય કે કુફ્ર પર મર્યા છે તેમના પર લઅનત જાઈઝ નથી ભલે તેઓ જીવનભર કુફ્રની હાલતમાં રહ્યા હોય. અલ્બત્ત કોઈ જમાઅત પર લઅનત જાઈઝ છે જેમ કે કાફિરો પર, જેમ કે ઈમામ ગઝાલી વગેરેએ લખ્યું છે.

**સમજૂતી : ૫૧૨** એ સાહબ ખૂદ રિફાઆ જ હતા, જેમ કે નિસાઈમાં આ પ્રમાણે એની વિગત દર્શાવી છે : મેં નબી ﷺ ની પાછળ નમાઝ પઢી તો મને છીંક આવી અને મેં આ પ્રમાણે કહ્યું :–

الحمد لله حمداً كثيراً طيباً مباركاً فيه مباركاً عليه كما يحب ربنا ويرضى નમાઝ બાદ હુઝૂર ﷺ એ

كُنَّا يَوْمًا نُصَلِّي وَرَاءَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا رَفَعَ

અમે લોકો નબી ﷺની પાછળ નમાઝ પઢી રહ્યા હતા. જ્યારે રુકૂઅથી પોતાનું

رَأْسَهُ مِنَ الرَّكْعَةِ قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهُ قَالَ رَجُلٌ وَرَاءَهُ

માથુ ઉઠાવ્યું અને حَمِدَهُ سَمِعَ اللّٰهُ لِمَنْ કહ્યું તો એક સાહબે હુઝૂર ﷺની પાછળ કહ્યું **ربنا ولك الحمد**.

رَبَّنَا وَلَكَ الْحَمْدُ حَمْدًا كَثِيْرًا طَيِّبًا مُّبَارَكًا فِيْهِ فَلَمَّا انْصَرَفَ

જ્યારે હુઝૂર નમાઝથી ફારિગ થઈ ગયા તો પૂછયું, એ કલમા કહેનાર કોણ છે ? તેમણે અર્ઝ કરી,

قَالَ مَنِ الْمُتَكَلِّمُ قَالَ أَنَا قَالَ رَأَيْتُ بِضْعَةً وَّثَلٰثِيْنَ مَلَكًا يَبْتَدِرُوْنَهَا

હું ! તો ફર્માવ્યું, મેં ત્રીસથી ઉપર કેટલાક ફરિશ્તાઓને જોયા કે

أَيُّهُمْ يَكْتُبُهَا أَوَّلُ

**તેના તરફ ઝડપભેર વધ્યા કે એને પ્રથમ લખી લે."** (બુખારી, ૧/૧૧૦, અઝાન, અબૂ દાઊદ, નિસાઈ)

ت ١٦٣ وَقَالَ نَافِعٌ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَضَعُ

"અને નાફેઅએ કહ્યું કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما (સજદામાં જતા તો) **[તઅલીક઼ : ૧૬૩]**

પૂછયું તો કોઈ ન બોલ્યું. બીજી વાર પૂછયું તો મેં બતાવ્યું. અંતમાં (ફરિશ્તા થકી) લખવાને બદલે એ છે કે ઉપર લઈ જાય. અને આ મગરિબની નમાઝ હતી જેમ કે બશર બિન અમરઝ હરાનીની રિવાયતમાં છે. આ ફરિશ્તાઓ નિશ્ચિત થયેલ કિરામન કાતિબીન સિવાયના હતા.

આ ત્રણેવ હદીષો પર ઈમામ બુખારીએ કેવળ "બાબ" (પ્રકરણ) હેડિંગ વિના લખ્યું છે. ઉસૈલીની રિવાયતમાં એ પણ નથી એના પહેલાં **ربنا ولك الحمد**નું પ્રકરણ રચ્યું હતું. આ પ્રકરણમાં ખાસ **ربنا ولك الحمد**ની ફઝીલત વર્ણવી નથી, પણ એના સંલગ્ન વઝીફા તથા દુઆનો ઉલ્લેખ છે જેમાંથી અમુકના ફઝાઈલ પણ વર્ણન થયેલ છે જેથી એને આગલા પ્રકરણ સાથે એકગણુ મળતાપણુ થઈ ગયું. અને કેમ કે અહીં નમાઝની તરકીબની ચર્ચા ચાલી રહી છે અને એ હદીષોમાં જે દુઆઓ વર્ણન થયેલ છે તે આમ નમાઝોની નથી, બલ્કે ખાસ નમાઝોની છે એટલા માટે એ હદીષોને વિના ટાઈટલનું પ્રકરણ રચીને અલગ કર્યું. આ હદીષથી એ સાબિત થયું કે મોટા અવાજે ઝિક્ર જાઈઝ છે ભલે ત્યાં લોકો નમાઝ તથા અઝકારમાં વ્યસ્ત હોય, પણ એ જરૂરી છે કે એનાથી એ લોકોને ખલેલ ન પડે.

## તઅલીક઼ : ૧૬૩ની સમજૂતી

અહીં પ્રકરણ એ છે કે "સજદો કરતી વખતે તકબીર કહેતાં ઝુકે." આ અષરમાં સજદાના માટે ઝુકવાની એક કૈફિયત વર્ણન થઈ છે. એટલી સામ્યતા પણ પૂરતી છે. આ અષરને હાકિમ ઈબ્ને ખુઝૈમા, દારકુત્ની, બયહકી, તહાવીએ રિવાયત કરી છે. હઝરત ઈમામ માલિક અને ઈમામ અહમદની રિવાયતથી આ જ મઝહબ છે કે સજદામાં જતી વખતે પ્રથમ હાથ જમીન પર રાખે પછી ગુઠણ. આપણે તથા ઈમામ શાફઈ તથા ઈમામ

يَدَيْهِ قَبْلَ رُكْبَتَيْهِ

ઘૂંટણોથી પહેલાં પોતાના હાથ રાખતા." (બુખારી, ૧/૧૧૦)

## حديث ۵۱۳

**[હદીષ : ૫૧૩]**

اَنَّ اَبَاهُرَيْرَةَ كَانَ يُكَبِّرُ فِىْ كُلِّ صَلٰوةٍ مِّنَ الْمَكْتُوْبَةِ

"અબ્દુર્રહ્‌માન ઈબ્ને હારિષ બિન હિશામ તથા અબૂ સલ્મા બિન અબ્દુર્રહ્‌માને ખબર આપી કે

وَغَيْرِهَا فِىْ رَمَضَانَ وَغَيْرِهٖ فَيُكَبِّرُ حِيْنَ يَقُوْمُ ثُمَّ يُكَبِّرُ حِيْنَ

હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہ દરેક નમાઝમાં ફર્ઝ અથવા અન્ય કાંઈ, રમઝાનમાં હોય કે અન્ય

يَرْكَعُ ثُمَّ يَقُوْلُ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ ثُمَّ يَقُوْلُ رَبَّنَا وَلَكَ الْحَمْدُ

દિવસોમાં તકબીર કહેતા હતા. જ્યારે નમાઝ માટે ઉભા થતા તો તકબીર કહેતા, પછી જ્યારે રુકૂઅ

قَبْلَ اَنْ يَّسْجُدَ ثُمَّ يَقُوْلُ اللّٰهُ اَكْبَرُ حِيْنَ يَهْوِىْ سَاجِدًا ثُمَّ يُكَبِّرُ

કરતા તો તકબીર કહેતા, પછી سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કહેતા, પછી સજદો કરતા પહેલાં ربنا ولك الحمد

અહમદનો આ મઝહબ છે કે પ્રથમ ગુઠણ રાખે પછી હાથ, પછી માથુ. એટલે જે અંગો જમીનથી અધિક નજીક છે તેને પ્રથમ જમીન પર રાખે અને જે જેટલાં દૂર હોય તે ક્રમ પ્રમાણે બાદમાં રાખે. અને સિજદાથી ઉઠતી વખતે તેનાથી ઉલ્ટુ, સૌ પ્રથમ માથુ પછી હાથ પર ગુઠણો ઉઠાવે, હઝરત ઈમામે આ'ઝમે ફર્માવ્યું કે જો મોજા પહેરેલા હોય તો પ્રથમ હાથ રાખે. *(ઉમ્દતુલ કારી, ૭/૭૮)*

### સમજૂતી : ૫૧૩

ان كانت માં ان ،اِنَّ મુશદદાનો મુખફ્ફ છે. અસલમાં اِنَّهٗ હતું. આ તે સમયનો બનાવ છે જ્યારે મરવાને તેમને મદીના તયબાહ પર પોતાના નાયબ બનાવ્યા હતા. رجال એનાથી મુરાદ અબ્દુર્રહ્‌માન બિન હારિષ તથા સલ્મા બિન હિશામ છે. આ હદીષની આગળ પાછળનું વર્ણન સ્થિતિ દર્શાવી રહી છે કે હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہની મુરાદ એ છે કે હુઝૂરે અક્દસ ﷺ દરેક નમાઝમાં આ દુઆ કરતા હતા.

**વલીદ બિન વલીદ :** હઝરત ખાલિદ બિન વલીદના ભાઈ હતા. ગઝવએ બદરમાં કુરૈશની સાથે આવ્યા હતા અને પકડાઈ ગયા. તેમને અબ્દુલ્લાહ બિન જહશે ગિરફતાર કર્યા હતા. તેમના ભાઈ ખાલિદ તથા સલ્માએ ફિદીયો આપીને તેમને છોડાવ્યા. કેદથી મુક્ત થયા બાદ ઝુલ હલીફા પહોંચીને મુસલમાન થઈ ગયા. તેમને કોઈએ પૂછયું કે ફિદીયો અદા કરતાં પહેલાં જ શાથી મુસલમાન ન થયા ? ફર્માવ્યું, એટલા માટે કે કોઈને બદ્‌ગુમાની ન થાય કે કેદની મુસીબતથી ગભરાઈને મુસલમાન થઈ ગયો છું. એ જુર્મમાં એમના ભાઈઓએ મક્કામાં કૈદ કરી દીધા. હુઝૂરે અક્દસ ﷺની દુઆની બરકતથી કોઈ રીતે છૂટકારો પામીને હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થઈ ગયા, તો હુઝૂરે અક્દસ ﷺએ તેમને જ મક્કા મોઅઝ્ઝમા મોકલ્યા કે

حِيْنَ يَرْفَعُ رَاْسَهٗ مِنَ السُّجُوْدِ ثُمَّ يُكَبِّرُ حِيْنَ يَسْجُدُ ثُمَّ يُكَبِّرُ حِيْنَ

કહેતા. પછી જ્યારે સજદાના માટે ઝુકતા તો અલ્લાહુ અકબર કહેતા. પછી જ્યારે પોતાનુ માથુ

يَرْفَعُ رَاْسَهٗ مِنَ السُّجُوْدِ ثُمَّ يُكَبِّرُ حِيْنَ يَقُوْمُ مِنَ الْجُلُوْسِ فِى الِاثْنَتَيْنِ

સજદાથી ઉઠાવતા તો અલ્લાહુ અકબર કહેતા. પછી જ્યારે સજદો કરતા તો અલ્લાહુ અકબર કહેતા.

وَيَفْعَلُ ذٰلِكَ فِىْ كُلِّ رَكْعَةٍ حَتّٰى يَفْرُغَ مِنَ الصَّلٰوةِ ثُمَّ يَقُوْلُ حِيْنَ

પછી જ્યારે સજદાથી માથુ ઉઠાવતા તો અલ્લાહુ અકબર કહેતા. પછી બે રકાત પછી બેસીને ઉભા

يَنْصَرِفُ وَالَّذِىْ نَفْسِىْ بِيَدِهٖ اِنِّىْ لَاَقْرَبُكُمْ شَبَهًا بِصَلٰوةِ رَسُوْلِ اللّٰهِ

થતા તો કહેતા. અને આવુ દરેક રકાતમાં કરતા. ત્યાં સુધી કે નમાઝથી ફારિગ થયા બાદ કહેતા,

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنْ كَانَتْ هٰذِهٖ لَصَلٰوتَهٗ حَتّٰى فَارَقَ

ક઼સમ છે તે ઝાતની જેના કબજામાં મારી જાન છે કે હું રસૂલુલ્લાહ ﷺની નમાઝની સાથે મુશાબેહત

અય્યાશ બિન રબીઆ તથા સલ્મા બિન હિશામને પણ મુક્ત કરો. મક્કામાં એક લુહાર મુસલમાન થઈ ગયા હતો, ઈર્શાદ થયો તેમને ત્યાં રોકાજો અને કોઈ યુક્તિ (તદબીર) વડે તે બંનેવને કાઢી લાવજો. આ ગયા અને તે બંનેવને મદીના લાવ્યા. ખાલિદ બિન વલીદે કેટલાક માણસો સાથે પીછો પણ કર્યો પણ એઓ બચી ગયા. ઉમરતુલ ક઼ઝામાં સાથે હતા. તેમના જ થકી ખાલિદ બિન વલીદની પાસે પયગામ મોકલ્યો કે જો ખાલિદ આવી જાય તો હું તેનું તેમની શાનને લાયક સન્માન કરીશ, આશ્ચર્ય છે કે ખાલિદ જેવો માણસ અત્યાર સુધી કઈ રીતે ઈસ્લામથી દૂર છે ?! હઝરત ખાલિદને પયગામ મળ્યો તો તે ખિદમતે અક઼દસ ﷺમાં હાજર થઈને ઈસ્લામથી પાવન થઈ ગયા. તેમનો હુઝૂરની હયાત મુબારકમાં વિસાલ થઈ ગયો.

**સલ્મા બિન હિશામ** : આ ઉમ્મતના ફિરઔન અબૂ જહલના ભાઈ હતા. ક઼દીમુલ ઈસ્લામ (શરૂમાં ઈસ્લામ સ્વીકારનાર) છે. પ્રથમ હબ્શા હિજરત કરી પછી મક્કા આવ્યા અને ચાહ્યું કે મદીના હિજરત કરે તો તેમને ક઼ેદ કરી દેવામાં આવ્યા અને જાત જાતના અઝાબ આપવામાં આવ્યા. ગઝવએ ખંદક઼ પછી મદીના તયબાહ આવી ગયા. ગઝવએ મવતહ્‌માં શરીક થયા. હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના મુબારક સમયમાં શામીઓ સાથે લડવામાં આવેલ મશ્હૂર જંગ મરજુસ્સફર અથવા અજનાદૈનમાં શહાદતથી સરફરાઝ થયા.

**અય્યાશ બિન રબીઆ** : આ હઝરત ખાલિદ رضی اللہ عنہના પિત્રાઈ ભાઈ અબૂ રબીઆ અમ્ર બિન મુગીરહના પુત્ર હતા, અને અબૂ જહલના ભાઈ હતા. આ પણ ક઼દીમુલ ઈસ્લામ છે. અબૂ જહલે તેમને મક્કામાં બાંધીને રાખ્યા હતા. એ હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના મુબારક યુગમાં શામીઓ સાથેના નિર્ણાયક જંગે યરમૂકમાં શહીદ થઈ ગયા. અસાબામાં હઝરત અબ્દુર્રઝ્ઝાક઼ના હવાલાથી મઝકૂર છે કે આ ત્રણેવ સાહબો કોઈ રીતે મક્કાથી જ્યારે બહાર નીકળી આવ્યા અને હજી માર્ગમાં જ હતા કે હુઝૂરે અક઼દસ ﷺને એની ખબર મળી તો એમના માટે વર્ણવેલ દુઆ કરી.

**واشددو طأتك** : وطأનો અર્થ પગો વડે કચડવું છે. મુરાદ મજાઝી અર્થ છે, એટલે તેમને તબાહ તથા બર્બાદ કરી આપે, તેમને પોતાની સખત પકડમાં લે.

الدُّنْيَا. قَالَا وَقَالَ اَبُوْهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ وَكَانَ رَسُوْلُ اللّٰهِ

*(મળતાપણા)માં તમારા સૌ કરતાં નજીક છું, જ્યાં સુધી દુનિયાથી તશરીફ ન લઈ ગયા, આ જ હુઝૂરની*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حِيْنَ يَرْفَعُ رَأْسَهُ يَقُوْلُ سَمِعَ اللّٰهُ لِمَنْ

*નમાઝ હતી, તે બંનેવે કહ્યું. અને હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه એ કહ્યું, અને રસૂલુલ્લાહ ﷺ જ્યારે પોતાનુ*

حَمِدَهُ رَبَّنَا وَلَكَ الْحَمْدُ. يَدْعُوْلِرِجَالٍ فَيُسَمِّيْهِمْ بِاَسْمَاءِهِمْ

*માથુ ઉઠાવતા તો سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ અને ربنا ولك الحمد કહી લેતા, તો કેટલાક લોકો માટે નામ લઈને*

فَيَقُوْلُ اَللّٰهُمَّ اَنْجِ الْوَلِيْدَ بْنَ الْوَلِيْدِ وَسَلَمَةَ بْنَ هِشَامٍ وَعَيَّاشِ

*દુઆએ ખૈર કરતા અને કહેતા, હે અલ્લાહ ! વલીદ બિન વલીદ તથા સલ્મા બિન હિશામ તથા અય્યાશ બિન*

**મુઝર** : અદનાનના પપૌત્રનું નામ છે એ નબવી શજરામાં અઢારમી પેઢીમાં છે. મુઝરનો અર્થ ખાટુ દૂધ થાય છે. તેમની નસલથી જે શાખો નીકળી તે સૌને બની મુઝર કહે છે, દા.ત. કુરૈશ, હઝીલ, અસદ, તમીમ, ઝબા, મઝીના અને ઝબાબ વગેરે.

**اهل المشرق (અહલે મશ્રિક઼)** : એનાથી મુરાદ મુઝરની આ શાખો છે : બનૂ લહયાન, રઅલ, ઝકવાન, અસિયા, ઉદ્‌લ, ક઼ારા. એમનો જુર્મ એ હતો કે એમનામાંથી બની લહયાને રજીઅ સ્થળે ગઝવાએ ઓહદ પછી હિ.સ. ૩માં હઝરત આસિમ બિન ષાબિત رضي الله عنه તથા તેમના સાથીઓમાંથી સાત વ્યક્તિઓને શહીદ કરી નાખી હતી. અને હઝરત ખોબૈબ અને ઝૈદ બિન દષના તથા એક અન્ય સાહબને ગિરફતાર કરી લીધા અને મક્કા લઈ જઈને વેચી નાખ્યા. અને રઅલ, ઝકવાન, અસિયા, ઉદ્‌લ કારાએ બીરે મઊના પર હિ.સ. ૪ના શરૂમાં સિત્તેર ક઼ારીઓને શહીદ કરી નાખ્યા હતા જેમાં કેવળ હઝરત અમ્ર બિન ઉમૈયા ઝમરી رضي الله عنهને બરાઅ બિન આમિરે એવું કહીને છોડી આપ્યા હતા કે મારી માંએ એક ગુલામ આઝાદ કરવાની મન્નત માની હતી એટલા માટે તમને આઝાદ કરું છું અને તેમના માથાના આગલા હિસ્સાના વાળ કાપી કાઢયા. તેમણે આવીને ખબર આપી. ઈમામ વાક઼ેદીએ લખ્યું છે કે આ બંનેવ બનાવોની ખબર એ જ સમયે હુઝૂરે અક઼દસ ﷺને મળી જેનાથી મહાન સદમો થયો અને હુઝૂર ﷺએ કુનૂત પઢી.

**એક વિવેચન** : અહીં તથા કિતાબુત્તફસીરની રિવાયત જે હઝરત અબૂ હુરૈરહ્‌થી છે એનાથી માલૂમ થાય છે કે આ એ મઝલૂમ કૈદીઓની મુક્તિ તથા મુઝર કબીલાઓ પર બર્બાદીની દુઆ એક સાથે કરી. હઝરત અનસની હદીષથી માલૂમ થાય છે કે એ કબીલાઓની બર્બાદીની દુઆ કેવળ એક મહિનો હતી. અને મુસ્લિમમાં જે હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهની હદીષ છે એનાથી માલૂમ થાય છે કે જ્યાં સુધી એ મઝલૂમ આવી ન ગયા ત્યાં સુધી દુઆ ચાલુ રહી. મુસ્લિમ (૧/૨૩૭)ના શબ્દો આ પ્રમાણે છે : પછી મેં જોયું છે કે રસૂલુલ્લાહ ﷺએ આ દુઆ છોડી દીધી. પૂછયું તો મને જણાવ્યું કે, જોતા નથી ! તે લોકો આવી ગયા. અને સિયરની કિતાબોથી જાહેર થાય છે કે એ મઝલૂમ ગઝવએ ખંદક઼ પછી આવી ગયા હતા. એટલા માટે કે એમનામાં સૌ પ્રથમ હઝરત વલીદ બિન વલીદ કોઈ રીતે મુક્ત થઈને આવી ગયા, પછી તેમને હુઝૂર ﷺએ મોકલ્યા તો તે બંનેને છોડાવી લાવ્યા. ગઝવએ ખંદક઼ હિ.સ. ૫માં થયો. તો હવે બે શંકાઓ ઉપસ્થિત થઈ ગઈ, એક એ કે જ્યારે સરૈયાએ રજીઅ હિ.સ. ૩ તથા બીરે મઊના હિ.સ. ૪ના અરસામાં થયો અને હુઝૂરે એક મહિના સુધી દુઆએ કુનૂત પઢીને બંધ

بْنَ اَبِیْ رَبِیْعَةَ وَ الْمُسْتَضْعَفِیْنَ مِنَ الْمُؤْمِنِیْنَ اَللّٰهُمَّ اشْدُدْ

અબી રબીઆને તથા કમજોર મો'મિનોને નજાત આપ. હે અલ્લાહ ! મુઝર પર તારી પકડ સખ્ત કર અને

وَطْأَتَكَ عَلٰی مُضَرَ وَاجْعَلْهَا عَلَیْهِمْ سِنِیْنَ کَسِنِیْ یُوْسُفَ وَ

તેમને યૂસુફ علیہ السلام ના દુષ્કાળની જેમ દુષ્કાળમાં સપડાવ. અને એ વખતે

اَهْلُ الْمَشْرِقِ یَوْمَئِذٍ مِّنْ مُّضَرَ مُخَالِفُوْنَ لَهٗ ؏

પૂર્વવાળાઓમાંથી મુઝર હુઝૂર ﷺના વિરુદ્ધ હતા." (બુખારી, ૧/૧૧૦, અઝાન, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)

## حدیث ۵۱۴

**[હદીષ : ૫૧૪]**

اَخْبَرَنِیْ سَعِیْدُ بْنُ الْمُسَیَّبِ وَ عَطَاءُ بْنُ یَزِیْدَ

"સઈદ બિન મુસૈયબ અને અતા બિન યઝીદ લૈષીએ ખબર આપી કે હઝરત સઈદ અબૂ

કરી આપી, અને આ મઝલૂમો એના ઘણા સમય બાદ કમસે કમ એક વરસ બાદ આવ્યા તો આ દુઆ તેમના આવતા સુધી કઈ રીતે ચાલુ રહી ? એનો જવાબ જાહેર છે કે અનસની મોટાભાગની રિવાયતોમાં કેવળ ફજરમાં કુનૂત પઢવાનો ઉલ્લેખ છે અને કેવળ એ કબીલાઓની બર્બાદીનો ઉલ્લેખ છે. એ ખાસ કુનૂત ફજરની નમાઝમાં એક મહિના સુધી રહ્યો પછી બંધ કરી દેવામાં આવ્યો, અને તે મઝલૂમોની મુક્તિની દુઆ તે વખતે શરૂ કરી જ્યારે ખબર મળી કે કૈદથી મુક્ત થઈને મક્કાથી નીકળી ચૂક્યા છે, અને તે સમય સુધી થતી રહી જ્યાં સુધી તે આવી ન ગયા. એમની જ મુક્તિની દુઆની સાથે એના હેઠળમાં જાલિમો પર બર્બાદીની દુઆ પણ કરી. અથવા શક્ય છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષમાં મુઝરથી મુરાદ ખાસ કુરૈશ હોય. અને છેવટનું વાક્ય **اهل المشرق من مضر مخالفون له** કોઈ રાવીનો વધારો હોય. બીજી શંકા એ છે કે હઝરત અબૂ હુરૈરહ્ ખયબરમાં હાજર થયા જે હિ.સ. ૭માં થયો અને આ મઝલૂમો એનાથી ઘણા પહેલાં આવી ચૂક્યા હતા. અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ બનાવ આ પ્રમાણે વર્ણવી રહ્યા છે. જેનાથી માલૂમ થાય છે કે તે એ વખતે મૌજૂદ હતા. એનો હાલ એના સિવાય અન્ય કોઈ નથી કે આ બનાવ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કોઈનાથી સાંભળીને બયાન કર્યો. અને છેવટનો હિસ્સો રિવાયત બિલ્મઅનાના લીધે બદલાય ગયો છે. અસલ લખાણ આ પ્રમાણે રહ્યું હશે, "પછી હુઝૂરે દુઆ ત્યજી દીધી." પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, "તેઓ આવી ગયા." પણ ફેરફાર થઈને તે થઈ ગયું કે, "અબૂ હુરૈરહએ કહ્યું કે મેં જોયું કે હુઝૂરે એ દુઆ ત્યજી દીધી." અલ્લાહ બેહતર જાણનાર છે.

**સમજૂતી : ૫૧૪**

અહીં પ્રકરણ છે : સજદાની ફઝીલતનું બયાન. પ્રકરણને હદીષના આ હિસ્સા સાથે મળતાપણુ છે કે ફર્માવ્યું, ફરિશ્તા સજદાના નિશાનોથી તેમને ઓળખશે, અને સજદાના નિશાનને આગ ખાશે નહીં.

**શબ્દકોશ :** **هل نری** અહીં **نری،نبصر**ના અર્થમાં નિશ્ચિત છે, કેમ કે, જો ઈલ્મના અર્થમાં હોત તો એક અધિક મફઊલ જરૂરી થાત. તેમજ **یوم القیامة**ના ઉલ્લેખનો કોઈ ફાયદો ન થાત. **هل تمارون-تاء**ના ફતહની

اَللَّيْثِيَّ اَنَّ اَبَاهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اَخْبَرَهُمَا اَنَّ النَّاسَ

હુરૈરહ رضی اللہ عنہ એ એ બંનેવને ખબર આપી કે કેટલાક લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

قَالُوْا يَارَسُوْلَ اللّٰهِ هَلْ نَرٰى رَبَّنَا يَوْمَ الْقِيَامَةِ قَالَ هَلْ تُمَارُوْنَ فِيْ

શું કયામતના દિવસે અમે લોકો અમારા રબને જોઈશું ? તો ફર્માવ્યું, શું ચૌદમી રાતના ચાંદમાં શક કરો

الْقَمَرِ لَيْلَةَ الْبَدْرِ لَيْسَ دُوْنَهٗ سَحَابٌ قَالُوْا لَا يَارَسُوْلَ اللّٰهِ قَالَ

છો ? જ્યારે કે એના પર વાદળ ન હોય. લોકોએ અર્ઝ કરી, નહીં ! યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું કે, શું સૂરજને

هَلْ تُمَارُوْنَ فِي الشَّمْسِ لَيْسَ دُوْنَهَا سَحَابٌ قَالُوْا لَا قَالَ فَاِنَّكُمْ

જોવામાં શંકા કરો છો ? જ્યારે એના ઉપર વાદળ ન હોય. લોકોએ અર્ઝ કરી કે નહીં ! યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم

تَرَوْنَهٗ كَذٰلِكَ يُحْشَرُ النَّاسُ يَوْمَ الْقِيَامَةِ فَيَقُوْلُ مَنْ كَانَ يَعْبُدُ

તો ફર્માવ્યું, તમે લોકો અલ્લાહ جل جلالہ ને એવી રીતે જરૂર જોશો. કયામતના દિવસે લોકોને એકત્ર

شَيْئًا فَلْيَتَّبِعْهُ فَمِنْهُمْ مَنْ يَّتَّبِعُ الشَّمْسَ وَمِنْهُمْ مَنْ يَّتَّبِعُ

કરવામાં આવશે. અલ્લાહ عزوجل ફર્માવશે, જે જેને પૂજતો હોય તેની પાછળ થઈ જાય ! તો કેટલાક લોકો

الْقَمَرَ وَمِنْهُمْ مَنْ يَّتَّبِعُ الطَّوَاغِيْتَ وَتَبْقٰى هٰذِهِ الْاُمَّةُ فِيْهَا مُنَافِقُوْهَا

સૂરજની પાછળ થઈ જશે અને કેટલાક લોકો ચાંદની અને કેટલાક લોકો મૂર્તિઓની, અને આ ઉમ્મત

فَيَاْتِيْهِمُ اللّٰهُ فَيَقُوْلُ اَنَا رَبُّكُمْ فَيَقُوْلُوْنَ هٰذَا مَكَانُنَا حَتّٰى يَاْتِيَنَا رَبُّنَا

રહી જશે જેમાં આ ઉમ્મતના મુનાફિકો પણ હશે. તો અલ્લાહ جل جلالہ એ તજલ્લીની સાથે જેને તેઓ

સાથે, જેમ કે ઉસૈલીની રિવાયત છે. બાબે તફાઉલથી તેનો મસ્દર **تمارى** હતો. એક (**تاء**) "તા" તહકીકન હઝફ કરી દેવામાં આવી, જેમ કે **نارا تلظى**માં એનો માદ્દો **مرىٌ** શકના અર્થમાં છે. જમહૂરની રિવાયત **تُمَارُوْنَ**એ **تاء**ના ઝમ્માની સાથે છે, બાબે મુફાએલતથી છે. આ પ્રકરણ (બાબ)થી એનો ભાવાર્થ એ થાય છે કે શંકાસ્પદ વાત પર ચર્ચા કરાવી. **الطواغيت**એ **طاغوت**નું બહુવચન છે, એનો માદ્દો **طغوٌ** છે. **طاغوت**નો અર્થ દરેક તે ચીજ જેની અલ્લાહ عزوجل સિવાય ઈબાદત કરવામાં આવે. ક્યારેક કેવળ મૂર્તિના અર્થમાં આવે છે, તદ્ઉપરાંત તેના આ અર્થો થાય છે : શૈતાન, જ્યોતિષ, દરેક ગુમરાહનો સરદાર, અહીં મૂર્તિ મુરાદ છે. **كلاليب۔ كَلُّوْب**નું બહુવચન છે, આંકડા (હુક). **سعدان** ઊંટનો ખૂબ જ પ્રિય ખોરાક છે. એ એક કાંટાદાર ઘાસ છે જે નજદના ઈલાકામાં ખૂબ થાય છે. **امتحشوا**એનો માદ્દો **مَحْشٌ** છે એનો અર્થ એ છે કે આગ વડે ચામડીનું એ રીતે સળગી જવું કે હાડકાં દેખાવા લાગે. સળગીને કાળુ થઈ જવું, મુત્લક સળગવું. **الحبة** જંગલી છોડોનું બીજ. **حميل السيل** પૂરથી જે માટી વહીને આવે અને ક્યાંક જામી જાય જેને આપણી બોલીમાં કાંપ કહે છે. **قشبنى۔ ضرب يضرب**

فَإِذَا جَاءَ رَبُّنَا عَرَفْنَاهُ فَيَأْتِيهِمُ اللّٰهُ عَزَّ وَجَلَّ فَيَقُولُ أَنَا رَبُّكُمْ

ઓળખતા ન હશે જલ્વો ફર્માવશે, અને ઈર્શાદ ફર્માવશે, હું તમારો રબ છું ! એના પર લોકો કહેશે,

فَيَقُولُونَ أَنْتَ رَبُّنَا فَيَدْعُوهُمْ وَيُضْرَبُ الصِّرَاطُ بَيْنَ ظَهْرَانَيْ

અમે અહીં રોકાયેલા રહીએ ત્યાં સુધી કે અમારો રબ અમારા પર જલ્વો ફર્માવે. પછી આપણો રબ આપણા

جَهَنَّمَ فَأَكُونُ أَوَّلَ مَنْ يَجُوزُ مِنَ الرُّسُلِ بِأُمَّتِهِ وَلَا يَتَكَلَّمُ يَوْمَئِذٍ

પર જલ્વો ફર્માવશે તો આપણે તેને ઓળખી લઈશું. હવે અલ્લાહ ﷻ તેમના પર જલ્વો ફર્માવશે

أَحَدٌ إِلَّا الرُّسُلُ وَكَلَامُ الرُّسُلِ يَوْمَئِذٍ اللّٰهُمَّ سَلِّمْ سَلِّمْ وَفِي جَهَنَّمَ

એ તજલ્લીની સાથે જેને તેઓ ઓળખતા હશે, અને ફર્માવશે, હું તમારો રબ છું ! હવે લોકો કહેશે, હા ! તું

كَلَالِيبُ مِثْلُ شَوْكِ السَّعْدَانِ هَلْ رَأَيْتُمْ شَوْكَ السَّعْدَانِ قَالُوا

અમારો રબ છે. હવે અલ્લાહ ﷻ તેમને બોલાવશે અને જહન્નમની પીઠ પર સિરાત ક઼ાયમ કરવામાં આવશે.

نَعَمْ قَالَ فَإِنَّهَا مِثْلُ شَوْكِ السَّعْدَانِ غَيْرَ أَنَّهُ لَا يَعْلَمُ قَدْرَ عِظَمِهَا

રસૂલોમાં સૌ પ્રથમ હું મારી ઉમ્મતની સાથે એને પાર કરીશ અને એ દિવસે રસૂલો સિવાય કોઈ વાત કરશે

إِلَّا اللّٰهُ تَخْطَفُ النَّاسَ بِأَعْمَالِهِمْ فَمِنْهُمْ مَنْ يُوبَقُ بِعَمَلِهِ وَمِنْهُمْ

નહીં, અને રસૂલોની વાણી તે દિવસે આ હશે, હે અલ્લાહ ! સલામત રાખ ! સલામત રાખ ! અને જહન્નમમાં

مَنْ يُخَرْدَلُ ثُمَّ يَنْجُو حَتّٰى إِذَا أَرَادَ اللّٰهُ رَحْمَةَ مَنْ أَرَادَ مِنْ أَهْلِ النَّارِ

સઅદાન (એક ઝાડ)ના કાંટાની જેમ આંકડા હશે. શું તમે સઅદાનના કાંટા જોયા છે ? લોકોએ અર્ઝ કરી,

થી આવે છે એનો અર્થ ઝહેર આપવું છે. قشبનો અર્થ ઝહેર છે. અમુકે કહ્યું કે قشب કેવળ એ ઝહેરનું નામ છે જે જાનવરોનું ક઼ાતિલ હોય, એક ઝેરીલી ઘાસ જેને ખાવાથી જાનવર મરી જાય છે, ધૂમાડાથી શ્વાસ ગુંગળાવો, મુત્લક઼ શ્વાસ ઘૂંટાવો. એક હદીષમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ મક્કામાં હતા એવામાં એમને અત્તરની ખૂશ્બૂ મેહસૂસ થઈ તો ફર્માવ્યું, કોઈકે અમારો દમ ઘૂંટી કાઢયો. મુઆવિયા મૌજૂદ હતા, અર્ઝ કરી, ઉમ્મે હબીબાની પાસે ગયો હતો તો તેમણે ઈત્ર ઘસી આપ્યું. *(ઉમ્દતુલ ક઼ારી, ૭/૮૯)*

**منا فقوها** : જ્યારે એ એલાન થઈ જશે કે જે જેની પૂજા કરતો હતો તેની સાથે થઈ જાય. મુનાફિક઼ોએ ગૈરુલ્લાહની પૂજા કરી ન હશે અને ન અલ્લાહની હક઼ીક઼તમાં કરી છે તો પરેશાન હાલતમાં ઊભા રહેશે. કેમ કે બાતિલ મઅબૂદોના પૂજકો અલગ થઈ જશે તો હવે જે મજમો બચશે, તે તે ઉમ્મતનો તથા તેમના મુનાફિક઼ોનો હશે અથવા એ કે મુનાફિક઼ો ઈરાદાપૂર્વક મો'મિનોમાં ઘુસી આવશે એ ગુમાન સાથે કે જેવી રીતે દુનિયામાં અમો અમારા કુફ્રને છુપાવીને લાભ મેળવ્યો છે તો આજે પણ એ જ રીતે લાભ મેળવી લઈએ. મુસ્લિમ

اَمَرَ اللّٰهُ الْمَلٰئِكَةَ اَنْ يُّخْرِجُوْا مَنْ كَانَ يَعْبُدُ اللّٰهَ فَيُخْرِجُوْنَهُمْ وَيَعْرِفُوْنَهُمْ

*હા ! ફર્માવ્યું, તે આંકડા સઅદાનના કાંટાની જેમ છે. પણ તે કાંટો મોટો છે એને અલ્લાહ સિવાય કોઈ*

بِاٰثَارِ السُّجُوْدِ وَحَرَّمَ اللّٰهُ عَلَى النَّارِ اَنْ تَاْكُلَ اَثَرَ السُّجُوْدِ فَيَخْرُجُوْنَ مِنَ

*નથી જાણતુ. તે આંકડા (બદ) અમલોના કારણે લોકોને ઝપટમાં લેશે. કેટલાક પોતાના બદ્અમલોની સજામાં*

النَّارِ فَكُلُّ ابْنِ اٰدَمَ تَاْكُلُهُ النَّارُ اِلَّا اَثَرَ السُّجُوْدِ فَيَخْرُجُوْنَ مِنَ النَّارِ

*હલાક થશે અને કેટલાક રજકણ રજકણ થઈ જશે, પછી નજાત પામશે ત્યાં સુધી કે અલ્લાહ ﷻ*

قَدِ امْتَحَشُوْا فَيُصَبُّ عَلَيْهِمْ مَاءُ الْحَيَاةِ فَيَنْبُتُوْنَ كَمَا

*જહન્નમીઓમાં જેની સાથે મહેરબાનીનો ઈરાદો કરશે, તો ફરિશ્તાઓને હુકમ આપશે કે જેઓ અલ્લાહની*

تَنْبُتُ الْحِبَّةُ فِيْ حَمِيْلِ السَّيْلِ ثُمَّ يَفْرُغُ اللّٰهُ مِنَ الْقَضَاءِ بَيْنَ

*ઈબાદત કરતા હતા એમને કાઢો ! હવે ફરિશ્તા તેમને કાઢશે અને તેમને સજદાના નિશાનોથી ફરિશ્તા*

الْعِبَادِ وَيَبْقٰى رَجُلٌ بَيْنَ الْجَنَّةِ وَالنَّارِ وَهُوَ اٰخِرُ اَهْلِ النَّارِ دُخُوْلًا

*ઓળખશે અને અલ્લાહે જહન્નમ પર હરામ ફર્માવ્યું છે કે તે સજદાનાં નિશાનને ખાય. એ લોકોને*

اِلْجَنَّةَ مُقْبِلًا بِوَجْهِهٖ قِبَلَ النَّارِ فَيَقُوْلُ يَا رَبِّ اصْرِفْ وَجْهِيْ عَنِ

*જહન્નમમાંથી કાઢવામાં આવશે. ઈબ્ને આદમના પૂરા શરીરને આગ ખાશે સજદાના નિશાન સિવાય. એ*

النَّارِ فَقَدْ قَشَبَنِيْ رِيْحُهَا وَاَحْرَقَنِيْ ذَكَاؤُهَا فَيَقُوْلُ هَلْ عَسَيْتَ

*લોકોને જહન્નમમાંથી કાઢવામાં આવશે તો કાળા કોલસા બની ચૂક્યા હશે. હવે એમના પર આબે હયાત*

(ઈમાન-૧૦૭)માં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહ ﷻ દરેક મો'મિન અને મુનાફિક઼ને એક રોશની અતા કરશે, પછી બાદમાં મુનાફિક઼ોની રોશની બુઝાઈ જશે.

**فيا يتهم** : બદઉલ્ ખલ્ક઼માં આ પ્રમાણે છે :–

**فی غير الصورة التی يعرفون فيقول انا ربكم فيقولون نعوذ بالله منك** જે તજલ્લીથી લોકો અલ્લાહ ﷻને ઓળખતા હશે જેના ઉપરાંત બીજી તજલ્લીની સાથે જલ્વો ફર્માવશે અને ઈર્શાદ ફર્માવશે, હું તમારો રબ છું. તો લોકો કહેશે, અમે અલ્લાહની તારાથી પનાહ ચાહીએ છીએ. ત્યારબાદ બદઉલ્ ખલ્ક઼ તથા તૌહીદ બંનેમાં આ પ્રમાણે છે : **فيا تيهم الله فی الصورة التی يعرفون** ત્યારબાદ અલ્લાહ ﷻ તેની તે તજલ્લીમાં જલ્વો દેખાડશે જેને એ લોકો ઓળખતા હશે. પછી ત્રણેવ જગાએ આ પ્રમાણે છે કે અલ્લાહ ﷻ ફર્માવશે કે હું તમારો રબ છું. તો લોકો અર્ઝ કરશે, હા ! તું અમારો રબ છે ! અહીં એના પછી **فيد عوهم** છે. પછી અલ્લાહ ﷻ એમને પુકારશે. અને એ બંનેવ જગાએ **فَيَتَّبِعُوْنَهٗ** છે. એટલે તેઓ અલ્લાહ ﷻની એ તજલ્લીની સાથે થઈ જશે.

إِنْ فُعِلَ ذٰلِكَ بِكَ أَنْ تَسْأَلَ غَيْرَ ذٰلِكَ فَيَقُوْلُ لَا وَعِزَّتِكَ فَيُعْطِي

નાખવામાં આવશે તો એમનાં અંગો એ રીતે ઉગશે જેવી રીતે પૂરના પ્રવાહમાં દાણા ફૂટે છે. ત્યારબાદ

اللّٰهَ عَزَّ وَجَلَّ مَا يَشَاءُ مِنْ عَهْدٍ وَّمِيْثَاقٍ فَيَصْرِفُ اللّٰهُ وَجْهَهٗ

અલ્લાહ બંદાઓ દરમ્યાન ફૈસલાથી ફારિગ થઈ જશે અને એક શખ્સ જહન્નમ તથા દોઝખની વચ્ચે રહી

عَنِ النَّارِ فَإِذَا أَقْبَلَ بِهٖ عَلَى الْجَنَّةِ رَأٰى بَهْجَتَهَا سَكَتَ مَا شَاءَ

જશે અને તે જહન્નમીઓમાં સૌથી છેલ્લે જન્નતમાં દાખલ થશે. એનો ચેહરો જન્નતની તરફ હશે. હવે તે

اللّٰهُ أَنْ يَّسْكُتَ ثُمَّ قَالَ يَا رَبِّ قَدِّمْنِيْ عِنْدَ بَابِ الْجَنَّةِ فَيَقُوْلُ

અર્ઝ કરશે, હે રબ ! મારો ચહેરો જહન્નમથી ફેરવી દે, તેની બદ્‌બૂએ મારું દિમાગ ઘોંટી દીધું છે, અને તેની

اللّٰهُ لَهٗ أَلَيْسَ قَدْ أَعْطَيْتَ الْعُهُوْدَ وَالْمِيْثَاقَ أَنْ لَّا تَسْأَلَ غَيْرَ

ગરમીએ મને જલાવી દીધો છે. એના પર અલ્લાહ ﷻ ફર્માવશે, જો તારી સાથે એવું કરી દેવામાં આવે તો શું

الَّذِيْ كُنْتَ سَأَلْتَ فَيَقُوْلُ يَا رَبِّ لَا أَكُوْنُ أَشْقٰى خَلْقِكَ فَيَقُوْلُ فَمَا

તું એના સિવાય અન્ય કાંઈ માંગીશ ? તો બંદો કહેશે, તારી ઈજ્જતની કસમ ! નહીં ! હવે અલ્લાહ ﷻ

عَسَيْتَ إِنْ أُعْطِيْتَ ذٰلِكَ أَنْ لَّا تَسْأَلَ غَيْرَهٗ فَيَقُوْلُ لَا وَعِزَّتِكَ

જેટલુ ચાહશે તેનાથી વાયદા લેશે, પછી અલ્લાહ તેના ચહેરાને જહન્નમથી ફેરવી દેશે. હવે તે ચૂપ રહેશે,

لَا أَسْأَلُكَ غَيْرَ ذٰلِكَ فَيُعْطِيْ رَبَّهٗ مَا شَاءَ مِنْ عَهْدٍ وَّمِيْثَاقٍ

પછી કહેશે, હે રબ ! મને જન્નતના દરવાજાની પાસે કરી આપ ! તો અલ્લાહ ﷻ તેને ફર્માવશે, શું તેં

فَيُقَدِّمُهٗ إِلٰى بَابِ الْجَنَّةِ فَإِذَا بَلَغَ بَابَهَا فَرَأٰى زَهْرَتَهَا وَمَا فِيْهَا مِنَ

વાયદો ન કર્યો હતો કે જે માંગી ચૂક્યો છું એનાથી વિશેષ અન્ય કાંઈ નહીં માંગું ? તો તે અર્ઝ કરશે, હે રબ !

**શંકા તથા જવાબ :** અલ્લાહ ﷻ આવવા જવા તથા સ્વરૂપથી પાક છે. આ સર્વ સીમિત તથા શરીરોના ગુણો છે. અલ્લાહ ﷻ જિસ્મો જિસ્માનિયાતથી પાક છે. અનાયાસે ઉલમાએ એની તાવીલ એ કરી કે, આવવાથી મુરાદ એ હિજાબ (પર્દા)ને હટાવી દેવો છે જે આપણી નજરો તથા અલ્લાહ ﷻના દીદારના વચ્ચે આડ હતો. અને સૂરત (સ્વરૂપ)થી તજલ્લી મુરાદ છે. કેમ કે જે ગાયબ હોય તેને જોવું આવ્યા વિના શક્ય નથી એટલા માટે દીદારને આવવાથી તાબીર કર્યું. ઈમામ કુર્તબીએ ફર્માવ્યું કે આ મુતશાબેહાતમાંથી છે એટલા માટે બેહતર એ છે કે એના પર ઈમાન લાવવામાં આવે અને અર્થને અલ્લાહ ﷻ તથા રસૂલુલ્લાહ ﷺના સુપ્રત કરવામાં આવે. ખત્તાબીએ કહ્યું કે આ રૂયત (દીદાર) એનાથી અલગ છે જે જન્નતમાં નસીબ થશે.

النَّضْرَةِ وَالسُّرُوْرِ فَيَسْكُتُ مَا شَاءَ اللّٰهُ اَنْ يَّسْكُتَ فَيَقُوْلُ يَا رَبِّ

તારી મખ્લૂક઼માં સૌથી અધિક બદ્‌નસીબ હું ન રહું ! હવે અલ્લાહ عزوجل ફર્માવશે, જો તને એ આપી દેવામાં

اَدْخِلْنِى الْجَنَّةَ فَيَقُوْلُ اللّٰهُ عَزَّوَجَلَّ وَيْحَكَ يَا ابْنَ اٰدَمَ مَا اَغْدَرَكَ

આવે તો એના સિવાય અન્ય કાંઈ નહીં માંગે ?! એના પર અર્ઝ કરશે, તારી ઈજ્જતની ક઼સમ ! એના સિવાય

اَلَيْسَ قَدْ اَعْطَيْتَ الْعَهْدَ وَالْمِيْثَاقَ اَنْ لَّا تَسْئَلَ غَيْرَ الَّذِىْ اُعْطِيْتَ

હવે અન્ય કાંઈ માંગીશ નહીં. હવે તેનો રબ તેનાથી ક઼ૌલ તથા ક઼રાર (વાયદા) જેટલા લેવા ચાહશે લેશે પછી

فَيَقُوْلُ يَا رَبِّ لَا تَجْعَلْنِىْ اَشْقٰى خَلْقِكَ فَيَضْحَكُ اللّٰهُ مِنْهُ ثُمَّ يَاْذَنُ

તેને જન્નતના દરવાજા પર પહોંચાડી આપશે. પછી જ્યારે તે જન્નતના દરવાજા પર પહોંચશે, અને તેની

لَهٗ فِىْ دُخُوْلِ الْجَنَّةِ فَيَقُوْلُ تَمَنَّ فَيَتَمَنّٰى حَتّٰى اِذَا انْقَطَعَ اُمْنِيَّتُهٗ قَالَ اللّٰهُ

રોનક અને તેમાં જે તરોતાજગી તથા ખુશી છે તે જોશે તો જ્યાં સુધી અલ્લાહ ચાહશે તે ચૂપ રહેશે, પછી અર્ઝ

عَزَّوَجَلَّ زِدْ مِنْ كَذَا وَكَذَا اَقْبَلَ يُذَكِّرُهٗ رَبُّهٗ حَتّٰى اِذَا انْتَهَتْ بِهِ الْاَمَانِىُّ

કરશે, હે રબ ! મને જન્નતમાં દાખલ કરી આપ ! એના પર અલ્લાહ عزوجل ફર્માવશે, હે આદમના પુત્ર ! તારા

قَالَ اللّٰهُ عَزَّوَجَلَّ لَكَ ذٰلِكَ وَمِثْلُهٗ مَعَهٗ وَقَالَ اَبُوْ سَعِيْدِ الْخُدْرِىُّ

માટે ખરાબી થાય ! કઈ ચીજે તને વાયદા તોડનાર બનાવી દીધો, શું તેં ક઼ૌલ ક઼રાર કર્યો ન હતો કે જે કાંઈ મને

لِاَبِىْ هُرَيْرَةَ اِنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ قَالَ اللّٰهُ

આપવામાં આવેલ છે તેના સિવાય અન્ય કાંઈ માંગીશ નહીં ? તો અર્ઝ કરશે, હે રબ ! મને તારી મખ્લૂક઼નો

عَزَّوَجَلَّ لَكَ ذٰلِكَ وَعَشَرَةُ اَمْثَالِهٖ قَالَ اَبُوْ هُرَيْرَةَ لَمْ اَحْفَظْهُ مِنْ

સૌથી અધિક બદ્‌નસીબ ન બનાવ ! એના પર અલ્લાહ عزوجل હસશે જેવું હસવું તેની શાનને લાયક છે, પછી

**فيضرب الصراط** : સિરાત જહન્નમની ઉપર એક પુલ હશે જે તલ્વારથી અધિક તેજ અને વાળથી વધુ બારીક હશે જેના પરથી દરેકે પસાર થવાનું છે. એના પર ફરિશ્તા નિયુક્ત થયેલા છે જેઓ સાત જગાએ બંદાઓને રોકશે અને સાત ચીજોના બારામાં સવાલ કરશે. ઈમાન, નમાઝ, ઝકાત, રમઝાનના રોઝા, હજ્જ તથા ઉમરા, વુઝૂ, જનાબતથી ગુસ્લ.

**ولا يتكلم** : મુરાદ એ છે કે એ વખતે એટલે સિરાતથી પસાર થતી વખતે. અથવા મુરાદ એ છે કે વિના હુકમે. નહીં તો કુર્આન તથા હદીષો એનાથી ભરેલાં છે કે માનવ ત્યાં પણ ઝઘડો કરશે.

**اثار السجود** : એક ક઼ૌલ એ છે કે એનાથી મુરાદ તે સાત અંગો છે જે સજદાના સમયે જમીન પર સ્પર્શે છે.

رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِلَّا قَوْلَهُ لَكَ ذٰلِكَ وَمِثْلُهُ

તેને જન્નતમાં દાખલ થવાની ઈજાઝત આપશે અને ફર્માવશે, આરઝૂ કર ! ત્યાં સુધી કે તેની આરઝૂ ખત્મ

مَعَهُ قَالَ أَبُوْ سَعِيْدٍ إِنِّيْ سَمِعْتُهُ يَقُوْلُ ذٰلِكَ لَكَ وَعَشَرَةُ أَمْثَالِهِ ؏

થઈ જશે તો અલ્લાહ ﷻ ફર્માવશે, આ પણ અધિક કરી આપ, આ પણ અધિક કરી આપ, એને યાદ અપાવતો જશે (એટલે કે માંગવાનું શીખવાડશે) ત્યાં સુધી કે સર્વ આરઝૂઓ ખત્મ થઈ જશે તો અલ્લાહ ﷻ ફર્માવશે, તારા માટે આ છે અને બરાબર અધિક. અને હઝરત અબૂ સઈદ ખુદરીએ હઝરત અબૂ હુરૈરહથી કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ ﷻ એ ફર્માવ્યું, તારા માટે આ છે અને એનું દસ ગણુ. તો અબૂ હુરૈરહએ કહ્યું, રસૂલુલ્લાહ ﷺનો પણ ઈર્શાદ છે, મને યાદ નથી કેવળ એ યાદ છે કે, તારા માટે આ છે અને એના જેટલું અધિક. અબૂ સઈદે કહ્યું, મેં હુઝૂરથી સાંભળ્યું છે કે ફર્માવતા હતા કે આ તારા માટે છે અને તેનું દસ ગણુ અધિક."

(બુખારી, ૧/૧૧૧/૧૧૨, અઝાબ, ૨/૯૭૨, રિક઼ાક઼, ૨/૧૧૦૬, અત્તૌહ઼ીદ, મુસ્લિમ–ઈમાન, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૭૫)

حديث ۵۱۵ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ أُمِرَ النَّبِيُّ

**[હદીષ : ૫૧૫]** "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺને

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أَنْ يَّسْجُدَ عَلٰى سَبْعَةِ أَعْضَاءٍ وَّلَا يَكُفَّ

સાત અંગો પર સજદો કરવાનો, વાળ તથા કપડાં ન સમેટવાનો હુકમ આપવામાં આવ્યો.

شَعْرًا وَّلَا ثَوْبًا اَلْجَبْهَةِ وَالْيَدَيْنِ وَالرُّكْبَتَيْنِ وَالرِّجْلَيْنِ ؏

પેશાની, બંને હાથો, બંને ગુઠણો, બંને પગો." (બુખારી, ૧/૧૧૨, બાબુસ્સુજૂદ, ૧/૧૧૩)

ઈમામ ક઼ાઝી અયાઝે ફર્માવ્યું, એનાથી કેવળ પેશાની મુરાદ છે, એનું સમર્થન બાદવાળા શબ્દ **الا اثر السجود**થી થાય છે. તેમજ મુસ્લિમ (૧/૧૦૭, ઈમાન)ની આ રિવાયતથી પણ સમર્થન થાય છે જેમાં ફર્માવ્યું, લોકો જહન્નમથી કાઢવામાં આવશે જેઓ સળગેલા હશે પણ ચહેરાની ગોળાઈ. પણ ઈમામ નવવીએ પ્રથમને અપનાવ્યું અને તેનો ખુલાસો એ કર્યો કે એનાથી મુરાદ ખાસ ક઼ૌમ છે. રૂયતે બારી (રબના દીદાર)ની સંપૂર્ણ ચર્ચા. વર્ણન થઈ ચૂકી.

## સમજૂતી : ૫૧૫

એનાથી અમુક લીટીઓ પછી **باب السجود على الانف**માં છે કે નબી ﷺએ ફર્માવ્યું, મને હુકમ આપવામાં આવ્યો છે કે સાત હાડકાંઓ પર સજદો કરું, પેશાની પર અને હાથથી નાક પર ઈશારો કર્યો. અલ્ હદીષ. એટલે કે નાક પર પણ સજદાનો હુકમ આપવામાં આવ્યો છું.

આ હદીષથી સાબિત થયું કે સજદામાં પેશાનીની સાથે નાક પણ જમીન પર લગાડવી જરૂરી છે. **જો કેવળ પેશાની લાગી અને નાક ન લાગી, અથવા કેવળ નાક લાગી, પેશાની ન લાગી તો**

# حدیث ٥١٦

[હદીષ : ૫૧૬]

عَنْ اَبِیْ سَلَمَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ انْطَلَقْتُ

"અબૂ સલમાએ કહ્યું, હું હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની ખિદમતમાં

اِلٰی اَبِیْ سَعِیْدِنِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ فَقُلْتُ اَلَا تَخْرُجُ بِنَا اِلَی

ગયો અને તેમને અર્ઝ કરી, શું તમે ખજૂરના બાગમાં નહીં ચાલો કે જેથી આપણે વાત કરીએ. તો તે તશરીફ

النَّخْلِ نَتَحَدَّثُ فَخَرَجَ قَالَ قُلْتُ حَدِّثْنِیْ مَا سَمِعْتَ النَّبِیَّ صَلَّی

લઈ ગયા. મેં તેમને અર્ઝ કરી કે નબી ﷺથી શબે કદ્રના બારામાં જે કાંઈ સાંભળ્યું છે બયાન કરો.

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فِیْ لَیْلَةِ الْقَدْرِ قَالَ اعْتَكَفَ رَسُوْلُ اللّٰهِ

તો તેમણે ફર્માવ્યું નબી ﷺએ રમઝાનના પ્રથમ અશરા (દસ રોઝા)માં એ'તેકાફ કર્યો, અને અમે પણ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ الْعَشْرَ الْاَوَّلَ مِنْ رَمَضَانَ وَاعْتَكَفْنَا

હુઝૂર ﷺની સાથે એ'તેકાફ કર્યો. તો હુઝૂર ﷺની ખિદમતમાં જિબ્રઈલ આવ્યા અને બતાવ્યું કે જેને

مَعَهٗ فَاَتَاهُ جِبْرِیْلُ فَقَالَ اِنَّ الَّذِیْ تَطْلُبُ اَمَامَكَ فَاعْتَكَفَ الْعَشْرَ

તમો શોધી રહ્યા છો તે તમારી આગળ છે. તો હુઝૂરે પાછલા અશરા (દસ રોઝા)માં એ'તેકાફ કર્યો. તો

الْاَوْسَطَ وَاعْتَكَفْنَا مَعَهٗ فَاَتَاهُ جِبْرِیْلُ فَقَالَ اِنَّ الَّذِیْ تَطْلُبُ اَمَامَكَ

અમે પણ હુઝૂર ﷺની સાથે એ'તેકાફ કર્યો. પછી ખિદમતે અકદસ ﷺમાં જિબ્રઈલ હાજર થયા અને

**સજદો સહીહ થશે નહીં**, જેમ કે અમારો મઝહબ મુખ્તાર તથા મુફતાબિહ (જેના પર ફત્વો આપવામાં આવ્યો) છે.

**ولایکف** : એટલે કે વાળ તથા કપડાંને અયોગ્ય તરીકાથી સમેટવું. દા.ત. વાળોનો ચોટલો બાંધવો અથવા તેને સમેટીને અમામાની અંદર કરી લેવા અથવા બાંય ચઢાવી લેવી અથવા લુંગી કે પાયજામાને વાળીને ખોસી લેવો, એનાથી નમાઝ મકરૂહે તહરીમી થાય છે.

**સમજૂતી : ૫૧૬**

હુઝૂરે અકદસ ﷺની આદતે કરીમા હતી કે રમઝાન મુબારકના મધ્ય અશરા (૧૧ થી ૨૦)માં એ'તેકાફ કરતા હતા અને ૨૧ની સવારે ખત્મ કરી દેતા હતા. એ વરસે એવું થયું કે પ્રથમ અશરા (૧ થી ૧૦)માં પણ એ'તેકાફ કર્યો અને મધ્યમાં પણ, અને ૨૧ના હુઝૂરે પણ અને એ'તેકાફ કરનાર સહાબાએ પણ પોતપોતાનો

فَقَامَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ خَطِیْبًا صَبِیْحَۃَ عِشْرِیْنَ

અર્ઝ કરી, જેને તમો શોધી રહ્યા છો તે હુઝૂરની આગળ છે. ત્યાર બાદ હુઝૂર ઊભા થયા અને ખુત્બો આપ્યો.

مِنْ رَمَضَانَ فَقَالَ مَنْ کَانَ اعْتَکَفَ مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

ફર્માવ્યું, જેણે નબી ﷺની સાથે એ'તેકાફ કર્યો છે તેઓ પલટે એટલે ફરી એ'તેકાફ કરે, કેમ કે મને શબે કૃદ્ર

وَسَلَّمَ فَلْیَرْجِعْ فَاِنِّیْ اُرِیْتُ لَیْلَۃَ الْقَدْرِ وَاِنِّیْ نُسِّیْتُھَا وَاِنَّھَا فِی

દેખાડવામાં આવી હતી અને હું ભૂલી ગયો છું તે છેવટના દસ દિવસોના એકીમાં છે અને મેં જોયું, જાણે કીચડ

الْعَشْرِ الْاَوَاخِرِ فِیْ وِتْرٍ وَّاِنِّیْ رَاَیْتُ کَاَنِّیْ اَسْجُدُ فِیْ طِیْنٍ وَّمَاءٍ

તથા પાણીમાં સજદો કરી રહ્યો છું. અને મસ્જિદની છત ખજૂરની ડાળીની હતી અને અમે આસ્માનમાં કાંઈ

وَکَانَ سَقْفُ الْمَسْجِدِ جَرِیْدَ النَّخْلِ وَمَا نَرٰی فِی السَّمَاءِ شَیْئًا

જોઈ રહ્યા ન હતા કે અચાનક વાદળનો એક ટુકડો આવ્યો તો અમારા પર વરસાદ વરસાવવામાં આવ્યો અને

فَجَاءَتْ قَزَعَۃٌ فَاُمْطِرْنَا فَصَلّٰی بِنَا النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

અમને નબી ﷺએ નમાઝ પઢાવી ત્યાં સુધી કે મેં કીચડ તથા પાણીની અસર

وَسَلَّمَ حَتّٰی رَاَیْتُ اَثَرَ الطِّیْنِ وَالْمَاءِ عَلٰی جَبْھَۃِ رَسُوْلِ اللّٰہِ

રસૂલુલ્લાહ ﷺની પેશાની તથા નાકની હાડકી પર જોયી.

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَاَرْنَبَتِہٖ تَصْدِیْقُ رُؤْیَاہُ ؏

એ હુઝૂર ﷺના ખ્વાબની તસ્દીક્ (સમર્થન) હતી."

(બુખારી, ૧/૧૧૨, અઝાન, ૧/૨૭૦ સૌમ, બાબુલ એ'અતેકાફ, ૧/૨૭૧, ૧/૨૭૩, મુસ્લિમ–સિયામ, અબૂ દાઊદ–સલાત, નિસાઈ–સલાત, મુઅત્તા ઈમામ માલિક–૧૦૪, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૭૪, ઈબ્ને માજહ–એ'તેકાફ)

સામાન તબદીલ કરી નાખ્યો તો હુઝૂરે તે ખુત્બો આપ્યો જે આ હદીષમાં વર્ણન થયેલ છે અને હુકમ આપ્યો કે જેણે મારી સાથે એ'તેકાફ કર્યો છે તે સર્વ પાછા ફરે અને એ'તેકાફ કરે, એટલા માટે કે શબે કૃદ્ર એ જ દસ રાતોમાંથી કોઈ એકી રાતમાં છે. ત્યાર બાદથી રમઝાનના અંતિમ દસ દિવસોમાં એ'તેકાફ કરવા લાગ્યા. શબે કૃદ્રની જે નિશાની એમાં વર્ણન થઈ છે તે ખાસ તે રાતના માટે છે. આમ તો અમુક આરિફોએ લખ્યું છે કે જો રમઝાન શરીફની એકી રાતમાંથી કોઈ રાતમાં વરસાદ થાય તો ઉમ્મીદ છે કે તે શબે કૃદ્ર હશે.

## حدیث ۵۱۷

[હદીષ : ૫૧૭]

عَنْ اَبِیْ قِلَابَۃَ اَنَّ مَالِکَ بْنَ الْحُوَیْرِثِ رَضِیَ

"હઝરત માલિક બિન હુવૈરિષ رضی اللہ عنہ એ પોતાના સાથીઓને ફર્માવ્યું,

اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ لِاَصْحَابِہٖ اَلَا اُنَبِّئُکُمْ صَلٰوۃَ رَسُوْلِ اللّٰہِ صَلَّی

શું હું તમને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની નમાઝ ન બતાવું ? અબૂ કલાબાએ કહ્યું, તે કોઈ નમાઝના સમયમાં

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ وَذَاکَ فِیْ غَیْرِ حِیْنِ صَلٰوۃٍ فَقَامَ

ન હતા. તો તે ઊભા થયા પછી રુકૂઅ કર્યો પછી તકબીર કહી પછી રુકૂઅથી માથુ ઉઠાવ્યું અને થોડીવાર

ثُمَّ رَکَعَ فَکَبَّرَ ثُمَّ رَفَعَ رَاْسَہٗ فَقَامَ ھُنَیَّۃً ثُمَّ سَجَدَ ثُمَّ رَفَعَ

ઊભા રહ્યા પછી સજદો કર્યો, પછી સજદાથી માથુ ઉઠાવ્યું, થોડીવાર બેસેલા રહ્યા ફરી સજદો કર્યો પછી

رَاْسَہٗ ھُنَیَّۃً ثُمَّ سَجَدَ ثُمَّ رَفَعَ رَاْسَہٗ ھُنَیَّۃً فَصَلّٰی صَلٰوۃَ عَمْرِو

પોતાનુ માથુ સજદાથી ઉઠાવીને થોડીવાર રોકાઈ રહ્યા. અમારા શયખ અમ્ર બિન સલમાની જેમ નમાઝ

بْنِ سَلِمَۃَ شَیْخِنَا ھٰذَا قَالَ اَیُّوْبُ کَانَ یَفْعَلُ شَیْئًا لَمْ اَرَھُمْ یَفْعَلُوْنَہٗ

પઢી. ઐયૂબે કહ્યું, તે એક એવું કામ કરતા હતા કે મેં અન્ય લોકોને એવું કરતાં નથી જોયા. તે ત્રીજી કે

کَانَ یَقْعُدُ فِی الثَّالِثَۃِ اَوِ الرَّابِعَۃِ فَاَتَیْنَا النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

ચોથી રકાતમાં બેસતા હતા. માલિક બિન હુવૈરિષે બતાવ્યું કે અમે નબી صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા,

### સમજૂતી : ૫૧૭

**فی الثالثۃ او الرابعۃ** : આ રાવીનો શક છે. મુરાદ એ છે કે શક કરનાર રાવી શયખે **فی الثالثۃ** કહ્યું હતું કે **فی الرابعۃ**. મુરાદ એ છે કે ત્રીજી રકાતથી ફારિગ થયા બાદ કહ્યું હતું કે એવું કહ્યું હતું કે ચોથી રકાતના પ્રારંભમાં. એનાથી મુરાદ જલસાએ ઈસ્તેરાહત છે. અહીં ત્રીજી તથા ચોથીના વચ્ચે વર્ણન થયેલ છે. અને પ્રકરણ **من صلی بالناس وھو لا یرید الا ان یعلم۔۔الخ** માં છે : કે પ્રથમ રકાતમાં સજદાથી ઊભા થતાં પહેલાં બેસતા હતા. બંનેવથી સાબિત થયું કે પ્રથમ તથા બીજી તેમજ ત્રીજી તથા ચોથીના વચ્ચે બીજા સજદાથી ફારિગ થયા બાદ થોડીવાર બેસતા હતા. એનું સમર્થન તેમની જ આ હદીષથી થાય છે જે ત્યારબાદ પ્રકરણ **من استوی قاعدا فی وتر من صلوٰتہ** માં વર્ણન થયેલ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم નમાઝની બેકી રકાતોમાં જ્યાં સુધી સીધા બેસી ન લેતા ત્યાં સુધી ઊભા થતા ન હતા, એને જલસાએ ઈસ્તેરાહત કહે છે. ત્યાં આરંભમાં

عَلَيْهِ وَسَلَّمَ فَاَقَمْنَا عِنْدَهٗ فَقَالَ لَوْ رَجَعْتُمْ اِلٰى اَهَالِيْكُمْ صَلُّوْا

*અમે ત્યાં રોકાણ કર્યુ તો ફર્માવ્યું, જ્યારે તમે તમારાં બીવી બચ્ચાંમાં જાવ ત્યારે આ પ્રમાણે નમાઝ*

صَلٰوةَ كَذَا فِىْ حِيْنِ كَذَا صَلُّوْا صَلٰوةَ كَذَا فِىْ حِيْنِ كَذَا فَاِذَا حَضَرَتِ

*પઢજો અને એ વખતે આ પ્રમાણે નમાઝ પઢજો. જ્યારે નમાઝનો સમય આવી જાય તો તમારામાંથી*

الصَّلٰوةُ فَلْيُؤَذِّنْ اَحَدُكُمْ وَلْيَؤُمَّكُمْ اَكْبَرُكُمْ ؏

*કોઈ અઝાન કહે અને જે તમારામાં મોટો હોય તે ઈમામત કરે."*

*(બુખારી, ૧/૧૧૩, અઝાન, ૧/૧૧૪, ૧/૧૧૦, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)*

આટલું વધારે છે કે માલિક બિન હુવૈરિષ અમારી એ મસ્જિદમાં આવ્યા. એ મસ્જિદથી મુરાદ બસરાની મસ્જિદ છે.

**જલસાએ ઈસ્તિરાહત :** ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે જલસાએ ઈસ્તિરાહત સુન્નત છે, એમની દલીલ આ જ હદીષ છે. અમારે ત્યાં તથા ઈમામ માલિક અને ઈમામ અહમદને ત્યાં જલ્સાએ ઈસ્તિરાહત મશ્રૂઅ (દુરુસ્ત) નથી અને એ જ હઝરત ઈબ્ને મસ્ઊદ તથા ઈબ્ને ઉમર, ઈબ્ને અબ્બાસ, હઝરત ઉમર તથા હઝરત અલી رضی اللہ عنہمથી પણ મરવી છે. નોઅમાન બિન અબૂ અય્યાશે કહ્યું, મેં એક નહીં કેટલાય સહાબાને જોયા કે તેઓ જલ્સાએ ઈસ્તિરાહત કરતા ન હતા. ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું, એના પર અહલે ઈલ્મનો અમલ છે. (ઉમ્દતુલ કારી, ૫/૨૦૧) અબ્દુલ મલિકે કહ્યું, જલ્સાએ ઈસ્તિરાહત મદીનાવાળાઓથી કેવી રીતે છૂટી ગયો જ્યારે કે તેમને દસ વરસ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ નમાઝ પઢાવી, અને હઝરત અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન તથા અન્ય સહાબાએ પઢાવી અને તે એમનાથી રહી ગયો ?! ખૂદ એ જ હદીષમાં ખુલાસો છે કે તે એક કામ એવું કરતા હતા જે લોકોને કરતાં નથી જોયા. એનાથી સ્પષ્ટ જાહેર છે કે જલસાએ ઈસ્તિરાહત ત્યાં બસરામાં એ સમયે એમના સિવાય કોઈ કરતુ ન હતું, જ્યારે કે તે સહાબાએ કિરામનો જમાનો હતો. એમની જ આ હદીષ **باب كيف يعتمد على الارض**માં પણ વર્ણન થયેલી છે જેના અંતમાં છે કે જમીન પર ટેક લગાડતા પછી ઊભા થતા. એનાથી જાણવા મળે છે કે તેમની આદત હતી કે બીજી રકાતમાં ઊભા થતી વેળા હાથોને જમીન પર ટેકવીને ઉઠતા. પણ આપણે ત્યાં સુન્નત એ છે કે હાથોને જમીન પર ટેકવ્યા વિના ઉભા થાવ. અને આ માલિક બિન હુવૈરિષ رضی اللہ عنہની હદીષનો જવાબ એ આપવામાં આવે છે કે શક્ય છે કે જ્યારે માલિક બિન હુવૈરિષે જોયું હોય કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ કોઈ ઉઝરના કારણે જલ્સાએ ઈસ્તિરાહત કર્યો હોય. એ ખિદમતે અક્દસ صلی اللہ علیہ وسلمમાં વીસ દિવસ રહ્યા.

**હું કહું છું :** આ વિષયની વિવિધ હદીષો આવેલી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم દરેક ખફઝ અને દરેક રફઅના સમયે તકબીર કહેતા. એટલે દરેક ઝુકતા તથા ઉઠતા વખતે તકબીર કહેતા હતા. જલ્સાએ ઈસ્તિરાહતને કરનારાઓનો આ હદીષ પર અમલ ન રહેશે. જો જલ્સાએ ઈસ્તિરાહતથી પહેલાં તકબીર કહેશે તો જલ્સાએ ઈસ્તિરાહતથી ઉઠતી વખતે રહી જશે, અને જો જલ્સાએ ઈસ્તરાહત પછી કહેશે તો સજદાથી ઉઠતી વખતે રહી જશે. તો સાબિત થઈ ગયું કે આ હદીષથી વિરુદ્ધ હોવાને કારણે જલ્સાએ ઈસ્તિરાહત મસ્નૂન (સુન્નત મુજબ) નથી. અને હઝરત માલિક બિન હુવૈરિષની હદીષ મજબૂરીની હાલત પર આધારિત છે.

## حدیث ۵۱۸

**[હદીષ : ૫૧૮]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ اِنِّیْ

''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું એમાં કમી

لَا آلُوْ اَنْ اُصَلِّیَ بِکُمْ کَمَا رَاَیْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

કરીશ નહીં કે તમને એવી નમાઝ પઢાવું જેવી નબી صلی اللہ علیہ وسلم એ અમને પઢાવી.

یُصَلِّیْ بِنَا قَالَ ثَابِتٌ کَانَ اَنَسُ بْنُ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ

ષાબિતે કહ્યું, અનસ બિન માલિક رضی اللہ عنہ કાંઈક એવું કામ કરતા હતા જે

یَصْنَعُ شَیْئًا لَمْ اَرَکُمْ تَصْنَعُوْنَہٗ کَانَ اِذَا رَفَعَ رَاْسَہٗ مِنَ الرُّکُوْعِ

તમને કરતાં નથી જોયા. તે જ્યારે રુકૂઅથી માથુ ઉઠાવતા તો એટલી વાર

قَامَ حَتّٰی یَقُوْلَ الْقَائِلُ قَدْ نَسِیَ وَبَیْنَ السَّجْدَتَیْنِ حَتّٰی یَقُوْلَ

ઉભા રહેતા કે કહેનાર કહેતો તે ભૂલી ગયા. અને બંને સજદાઓની વચ્ચે પણ,

الْقَائِلُ قَدْ نَسِیَ

ત્યાં સુધી કે કહેનાર કહેતો કે ભૂલી ગયા.'' (બુખારી, ૧/૧૧૩, અઝાન, ૧/૧૧૨)

## حدیث ۵۱۹

**[હદીષ : ૫૧૯]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ عَنِ

''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ નબી صلی اللہ علیہ وسلم થી

### સમજૂતી : ૫૧૮

રુકૂઅ તથા સજદા અને બંનેવ સિજદાઓ વચ્ચે હઝરત અનસ رضی اللہ عنہનું મોડે સુધી રોકાવું એ દુઆઓ પઢવાના માટે હતું જે અમુક હદીષોમાં આવેલી છે. આ બિના પર ઈમામ અહમદ ફર્માવે છે કે બંને સજદાઓ વચ્ચે اللھم اغفرلی વારંવાર પઢે. વર્ણન થઈ ચૂક્યું કે આપણે ત્યાં એ નવાફિલમાં છે અથવા મુન્ફરિદના માટે ફર્ઝોમાં નથી, જ્યારે બાજમાઅત હોય એટલા માટે કે ફર્ઝોમાં ટૂંકાણ પસંદીદા છે, જેમ કે હદીષ વર્ણન થઈ ચૂકી, જે લોકોને નમાઝ પઢાવે તે ટૂંકાણ કરે, એકલો પઢે તો જેટલી ચાહે લંબાવે.

### સમજૂતી : ૫૧૯

સજદામાં એઅ્તેદાલ (મધ્યમ માર્ગ)નો મતલબ એ છે કે ન અધિક ફેલાવ અને ન બહુ સંકોચાવ, બંનેની મધ્યમ હાલતમાં રહો. હઝરત અબ્દુલ્લાહ બિન માલિક ઈબ્ને બહીના رضی اللہ عنہની હદીષ વર્ણન થઈ ચૂકી કે હુઝૂરે

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِعْتَدِلُوْا فِي السُّجُوْدِ

રિવાયત કરે છે કે ફર્માવ્યું, સજદામાં મધ્યમમાર્ગ અપનાવો.

لَا يَبْسُطُ اَحَدُكُمْ ذِرَاعَيْهِ اِنْبِسَاطَ الْكَلْبِ ع

તમારામાં કોઈ કૂતરાની જેમ પોતાનાં પહોંચાં (કોણી તરફ કાંડા ઉપરનો ભાગ) ન બિછાવે."

ت ١٦٤ وَكَانَ ابْنُ الزُّبَيْرِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يُكَبِّرُ فِيْ

**[તઅલીક઼ : ૧૬૪]** "અને હઝરત ઝુબૈર رضی اللہ عنہ ઊભા થવાની હાલતમાં

نَهْضَتِهٖ ع

તકબીર કહેતા હતા." (બુખારી, ૧/૧૧૪)

حديث ٥٢٠ عَنْ سَعِيْدِ بْنِ الْحَارِثِ قَالَ صَلّٰى لَنَا اَبُوْ سَعِيْدٍ

**[હદીષ : ૫૨૦]** "હઝરત સઈદ બિન હારિષે કહ્યું, અમને હઝરત અબૂ સઈદ ખુદરીએ

فَجَهَرَ بِالتَّكْبِيْرِ حِيْنَ رَفَعَ رَاْسَهٗ مِنَ السُّجُوْدِ وَحِيْنَ سَجَدَ

નમાઝ પઢાવી તો બુલંદ અવાજથી તકબીર કહી જ્યારે સજદાથી માથુ ઉઠાવ્યું અને જ્યારે સજદો કર્યો

وَحِيْنَ رَفَعَ وَحِيْنَ قَامَ مِنَ الرَّكْعَتَيْنِ وَقَالَ هٰكَذَا رَاَيْتُ

અને જ્યારે ઉઠાવ્યું, અને જ્યારે બે રકાતથી ઉભા થયા અને બતાવ્યું કે મેં

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ع

આ જ પ્રમાણે હુઝૂર صلی اللہ علیہ وسلم ને જોયા છે." (બુખારી, ૧/૧૦૪, અઝાન)

અક઼દસ صلی اللہ علیہ وسلم સજદામાં હાથોને એટલા ફેલાવતા કે બગલ મુબારકની સફેદી જાહેર થઈ જતી. મુસ્લિમ શરીફ (૧/૧૯૪, સલાત)માં હઝરત મૈમૂના رضی اللہ عنہا ની હદીષ છે, તે ફર્માવે છે કે હાથોની વચ્ચે એટલી પહોળાઈ રાખતા કે જો બકરીનું નાનુ બચ્ચુ વચ્ચેથી પસાર થવા ચાહતુ તો પસાર થઈ જતુ. કૂતરાની જેમ બિછાવવાનો મતલબ એ છે કે પૂરી કલાઈ (પહોંચાં) જમીન પર બિછાવી દેવાં એ મકરૂહ છે.

## સમજૂતી : તઅલીક઼-૧૬૪, હદીષ-૫૨૦

અષર, ઈબ્ને ઝુબૈરને ઈબ્ને અબી શયબાએ મૌસૂલન વર્ણન કરી છે. અહીં મુરાદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર છે, ઈબ્ને ઝુબૈર જ્યારે મુત્લક઼ બોલે છે તો એ જ મુરાદ હોય છે.

**પ્રકરણનો હેતુ** : ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે તશહ્હુદ પછી જ્યારે ત્રીજી રકાત માટે સીધો ઊભો થઈ જાય તો તકબીર કહે. જમહૂર કહે છે, ઉભા થવાનો પ્રારંભ કરે તો તકબીર કહેવાનું શરૂ કરે. ઈમામ

صَلَاتِهَا جِلْسَةَ الرَّجُلِ وَكَانَتْ فَقِيْهَةً

પુરૂષ જેમ બેસતાં હતાં અને તે ફ઼કીહ હતાં.'' *(બુખારી, ૧/૧૧૪, અઝાન)*

બુખારીનો પણ એ જ મસ્લક છે એના લીધે આ હેડીંગ રચ્યું કે જ્યારે બંને સજદા એટલે રકાતોથી ઊભો થવા લાગે તો તકબીર કહે.'' આ પ્રકરણમાં સજદતૈનથી મુરાદ રકાતો છે. હવે અષર ઈબ્ને ઝુબૈર તથા હદીષના પ્રકરણથી મળતાપણુ સ્પષ્ટ છે. આ અલ્લામા અયનીની તક઼રીર છે. આમ તો એ પણ શક્ય છે કે સજદતૈનથી તેનો અર્થ હક઼ીક઼ી મુરાદ લેવામાં આવે. અને ઈબ્ને રશીદની એ શંકા કે પછી એક વિષયના બે પ્રકરણો થઈ જશે એટલા માટે કે પ્રથમ આ પ્રકરણ રચી ચૂક્યા છીએ, જ્યારે સજદાથી ઊભા થાય તો તકબીર કહે. એ ધ્યાનને પાત્ર નથી એટલા માટે કે જો આ જ એક પ્રકરણ ડબલ હોય તો પ્રકરણ ડબલ થવાથી વાંધો દુરુસ્ત હતો. બુખારીમાં વિવિધ પ્રકરણો ડબલ છે, દા.ત. **يبدى ضبعيه ديجافى جنبه فى السجود** કિતાબુસ્સલાત પેજ-૫૬ પર પણ છે અને કિતાબુલ અઝાન પેજ-૧૧૨ પર પણ છે. એ જ પ્રમાણે **اذا لم يتم اسجود** પણ એ બંનેવ પેજો પર ડબલ છે, અહીં તો શબ્દો બદલ્યા છે. અને એ બંને પ્રકરણોમાં શબ્દો પણ બેઠા એ જ છે.

હઝરત અબૂ સઈદ ખુદરીએ આ નમાઝ મદીનામાં મરવાન ખબીષના અમીરપણાના અરસામાં પઢાવી. વર્ણન થઈ ચૂક્યું કે મરવાને હઝરત અબૂ હુરૈરહ્‌ને ઈમામ બનાવ્યા હતા. સંજોગોવસાત તે એક નમાઝમાં ન આવ્યા તો હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہએ નમાઝ પઢાવી. અને અન્ય પ્રસંગોની જેમ બીજી રકાતથી ઉઠતી વખતે પણ બુલંદ અવાજથી તકબીર પઢી. નમાઝ બાદ લોકોએ અર્ઝ કરી, આપની નમાઝ કાંઈ જુદી થઈ ! તો ફ઼ર્માવ્યું, મને કાંઈ પરવા નથી કે મારી આ નમાઝ તમારી નમાઝથી અલગ થઈ કે નહીં, મેં રસૂલુલ્લાહ ﷺને આ જ પ્રમાણે નમાઝ પઢતા જોયા છે. મરવાન તથા અન્ય બની ઉમૈયા એ વખતે તકબીર આહિસ્તા કહેતા હતા એના પર કોઈકે તે કહ્યું હતું. *(ફ઼ત્હુલબારી, ૨/૨૫૧)*

## તઅલીક઼ : ૧૬૫ની સમજૂતી

ઉમ્મે દરદા બે છે એક કુબરા (મોટાં) જેમનું નામ ''ખયરા'' હતું. બીજાં સુગરા જેમનું નામ ''હજીમા'' હતું. કુબરા સહાબિયા છે અને સુગરા તાબઈય્યા છે. અલ્લામા ઈબ્ને હજરે ફ઼ર્માવ્યું કે અહીં મુરાદ સુગરા છે, કેમ કે કુબરાની મક઼્હૂલથી મુલાકાત નથી થઈ અને આ અષર હઝરત મક઼્હૂલથી જ મરવી છે.

અલ્લામા અયની ફ઼ર્માવે છે કે **وكانت فقيهة** દલીલ છે કે મુરાદ કુબરા છે, પણ આ ખાદિમનો ખયાલ એ છે કે અલ્લામા ઈબ્ને હજરની રાય અધિક મજબૂત છે, તાબઈય્યા પણ ફ઼ક઼ીહ (દીની મસાઈલની નિષ્ણાત) હોય શકે છે. **وكانت فقيهة** ઈમામ મકહૂલનો ક઼ૌલ છે એટલા માટે કે મુસ્નદે ફ઼રયાબીમાં પણ **وكانت فقيهة** સુધી રિવાયત થયેલ છે. *(ફ઼ત્હુલબારી, ૨/૨૫૨)* જો એ ઈમામ બુખારીનો ક઼ૌલ હોત તો મુસ્નદે ફ઼રયાબીમાં ન હોત. આ અષરને ઈમામ બુખારીએ તારીખે સગ઼ીરમાં અને ઈબ્ને અબી શયબાએ મૌસૂલન રિવાયત કરી છે.

**હું કહું છું :** આપણે ત્યાં સ્ત્રીઓએ (નમાઝમાં) પુરૂષો જેમ બેસવું મસ્નૂન નથી. તેણીઓ પોતાના બંનેવ પગો જમણી તરફ઼ કરીને સીટ (થાપા) ઉપર બેસે. આ અષરનો અંતિમ હિસ્સો **جلسة الرجل**થી જાહેર છે કે એ યુગમાં પણ પુરૂષોની બેઠક અલગ હતી અને સ્ત્રીઓની અલગ.

## حديث ۵۲۱

**[હદીષ : ૫૨૧]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَبْدِ اللّٰهِ اَنَّهٗ اَخْبَرَهٗ اَنَّهٗ كَانَ يَرَى

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના સાહબઝાદા અબ્દુલ્લાહે ખબર આપી કે તેમણે પોતાના વાલિદ

عَبْدَ اللّٰهِ بْنَ عُمَرَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَتَرَبَّعُ فِى الصَّلٰوةِ اِذَا

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરને જોયા કે નમાઝમાં બેસતી વખતે થાપાભેર (પાલ્તી મારીને) બેસે છે. તે (કહે

جَلَسَ فَفَعَلْتُهٗ وَاَنَا يَوْمَئِذٍ حَدِيْثُ السِّنِّ فَنَهَانِىْ عَبْدُ اللّٰهِ

છે) તો મેં પણ એવું જ કર્યું અને હું તે વખતે નાની વયનો હતો. તો અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે મને એનાથી મના

بْنُ عُمَرَ وَقَالَ اِنَّمَا سُنَّةُ الصَّلٰوةِ اَنْ تَنْصِبَ رِجْلَكَ الْيُمْنٰى

ફર્માવ્યું અને બતાવ્યું કે નમાઝની સુન્નત એ છે કે જમણો પગ ઊભો રાખ અને ડાબો પગ વાળી દે. મેં અર્ઝ

وَتَثْنِىَ الْيُسْرٰى فَقُلْتُ اِنَّكَ تَفْعَلُ ذٰلِكَ فَقَالَ اِنَّ رِجْلَاىَ لَا تَحْمِلَانِىْ

કરી કે તમે પાલ્તી મારીને બેસો છો ! તો ફર્માવ્યું, મારા પગો મારુ વજન વેઠી નથી શક્તા.''

(બુખારી, ૧/૧૧૪, અઝાન, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)

**ચેતવણી** : પુરૂષોએ સજદામાં પગની દસ આંગળીઓમાંથી એકનું પેટ જમીન પર લાગવું ફર્ઝ છે અને દરેક પગની ત્રણ ત્રણ આંગળીઓનાં પેટ લાગવાં વાજિબ અને સર્વ આંગળીઓનાં પેટ લાગવાં સુન્નત છે, પણ **સ્ત્રીઓ આ હુકમથી અપવાદ છે.** એટલા માટે કે તેમણે પિંડલીઓ જમીન પર લગાડવી જરૂરી છે. અને પગોની આંગળીઓનાં પેટ જમીન સાથે લગાડવામાં પગોનું ઉભા રહેવું જરૂરી થશે જેના કારણે પિંડલીઓ જમીન સાથે ચિપકી શક્શે નહીં.

### સમજૂતી : ૫૨૧

**انما سنة الصلوٰة** એનાથી સાબિત થયું કે આ હદીષ મરફૂઅ છે. **وتثنى اليسرىٰ** આ રિવાયતમાં એ સ્પષ્ટતા નથી કે પગો પર બેસશો અથવા સીટ પર, પણ મોઅત્તા ઈમામ માલિક (પેજ–૩૩)માં જે રિવાયત છે એમાં છે કે તે પોતાના ડાબા પડખા પર બેસતા. પણ નિસાઈ (૧/૧૭૩, સલાત)માં અમ્ર ઈબ્ને હારિષના તરીક઼ાથી જે રિવાયત છે એમાં એ છે કે, ''નમાઝની સુન્નત જમણા પગને ઊભો રાખવો અને ડાબા પર બેસવું છે.''

**اَنَّ رجلاى** : اِنَّ હર્ફે મશબા બિલ ફેઅલ છે. અને **رجلاى** એનો ઈસ્મ. તો જોઈએ કે رِجْلَىَّ અને આ જ મોટા ભાગની રિવાયતમાં છે. પણ એક રિવાયતમાં જેને ઈબ્ને તયને બયાન કરી **رجلاى** અલિફની સાથે છે. એના બે ખુલાસા છે : એક એ કે اِنَّ હર્ફે મશબા બિલ ફ઼ેઅલ નથી બલ્કે હર્ફે ઈજાબ છે. અર્થમાં નઅમ છે. જેવું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہما ના આ ઈર્શાદમાં છે. જયારે કે એક શાઈરે કહ્યું : **لعن الله ناقة حملتنى اليك** અલ્લાહ એ ઊંટણી પર લઅનત કરે જે મને તારી પાસે લાવી. તો ફર્માવ્યું :

# حدیث ۵۲۲

[હદીષ : ૫૨૨]

عَنْ مُحَمَّدِ بْنِ عَمْرِو بْنِ عَطَاءٍ اَنَّهٗ كَانَ

''મુહમ્મદ બિન અમ્ર બિન અતાથી રિવાયત છે કે તે સહાબાએ કિરામની

جَالِسًا مَعَ نَفَرٍ مِّنْ اَصْحَابِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

એક જમાઅતની સાથે બેસતા હતા. તે કહે છે કે અમે નબી ﷺની નમાઝની ચર્ચા કરી તો

فَذَكَرْنَا صَلٰوةَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ اَبُوْ حُمَيْدٍ

અબૂ હમીદ સાઅદી رضی اللہ عنہએ કહ્યું, હું તમારા સૌ લોકો કરતાં અધિક રસૂલુલ્લાહ ﷺની નમાઝને યાદ

السَّاعِدِيُّ اَنَا كُنْتُ اَحْفَظَكُمْ لِصَلٰوةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

રાખનારો છું. મેં હુઝૂર ﷺને જોયા કે જ્યારે તકબીર કહી તો પોતાના હાથોને ખભાઓ સુધી લીધા અને

عَلَيْهِ وَسَلَّمَ رَاَيْتُهٗ اِذَا كَبَّرَ جَعَلَ يَدَيْهِ حَذْوَ مَنْكِبَيْهِ وَاِذَا رَكَعَ

જ્યારે રુકૂઅ કર્યો તો પોતાના હાથોને પોતાના ગુઠણો પર જમાવી દીધા. પછી પોતાની પીઠ ઝુકાવી અને

اَمْكَنَ يَدَيْهِ مِنْ رُّكْبَتَيْهِ ثُمَّ هَصَرَ ظَهْرَهٗ فَاِذَا رَفَعَ رَاْسَهُ اسْتَوٰى

જ્યારે પોતાનુ માથુ ઉઠાવ્યું તો એટલા સીધા થઈ ગયા કે પીઠનો દરેક હિસ્સો પોતાની જગાએ પરત

ان ورا کبھا હા ! અને એના સવાર ઉપર પણ. બીજુ એ કે એ બની હારિષના લુગત પર છે એ اِنَّના ઈસ્મને નસબ નથી આપતા. એમની જ લુગત પર ان ھذا ن لساحرانની કિ઼રાઅત છે.

**મસાઈલ** : આપણે ત્યાં બંને કા઼ઈદાઓમાં સુન્નત એ છે કે ડાબો પગ બિછાવીને તેના પર બેસે અને જમણો ઊભો રાખે. જેવું કે હમણા ચર્ચા હેઠળની હદીષમાં નિસાઈની રિવાયત વર્ણન થઈ ચૂકી. તેમજ આપણી દલીલ ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકા઼ رضی اللہ عنہاની હદીષ છે, ફ઼ર્માવે છે કે નબી ﷺ ડાબો પગ બિછાવતા અને જમણો ઊભો રાખતા હતા. *(મુસ્લિમ, ૧/૧૯૫, સલાત)*

**સમજૂતી : ૫૨૨**

**مع نفر** : અબૂ દાઊદમાં છે કે મેં અબૂ હમીદને દસ સહાબામાં બેઠેલા જોયા. અને સઈદ બિન મન્સૂરની રિવાયતમાં છે કે દસ સહાબા સાથે જોયા. એટલે હઝરત અબૂ હમીદ સાઅદીના ઉપરાંત દસ સહાબા હતા, એમાંથી નીચે દર્શાવેલ હઝરાતનાં નામો માલૂમ થઈ શક્યાં. *(ફ઼ત્હુલ બારી, ૨/૨૫૩)*

હઝરત અબૂ ક઼તાદા, હઝરત અબૂ હુરૈરહ્, હઝરત મુહમ્મદ બિન મુસ્લિમા, અબુલ અબ્બાસ, સહલ બિન સઅદ, અબૂ ઉસૈદ સાઅદી رضوان اللہ تعالیٰ علیہم اجمعین. એના પર લોકોને આશ્ચર્ય થયું અને ફ઼ર્માવ્યું, કઈ રીતે ? ખુદાની

حَتّٰى يَعُوْدَ كُلُّ فَقَارٍ مَّكَانَهٗ وَإِذَا سَجَدَ وَضَعَ يَدَيْهِ غَيْرَ مُفْتَرِشٍ وَ

થઈ ગયો. અને જ્યારે સજદો કર્યો તો પોતાના હાથને એ રીતે રાખ્યો કે ન તે બિછાયેલા હતા

لَا قَابِضِهِمَا وَاسْتَقْبَلَ بِأَطْرَافِ أَصَابِعِ رِجْلَيْهِ الْقِبْلَةَ فَإِذَا جَلَسَ فِي

ન સમેટાયેલા હતા. અને પોતાના પગોની આંગળીઓના છેડાઓને કિબ્લા તરફ કરી લીધા.

الرَّكْعَتَيْنِ جَلَسَ عَلٰى رِجْلِهِ الْيُسْرٰى وَنَصَبَ الْيُمْنٰى فَإِذَا

પછી જ્યારે બે રકાત પર બેઠા તો પોતાના ડાબા પગ પર બેઠા અને જમણાને ઊભો કર્યો. અને જ્યારે

جَلَسَ فِي الرَّكْعَةِ الْآخِرَةِ قَدَّمَ رِجْلَهُ الْيُسْرٰى وَنَصَبَ الْأُخْرٰى

છેલ્લી રકાતમાં બેઠા તો ડાબો પગ આગળ કરી લીધો અને બીજાને ઊભો કરી લીધો અને પોતાની બેઠક

وَقَعَدَ عَلٰى مَقْعَدَتِهٖ وَسَمِعَ اللَّيْثُ يَزِيْدَ بْنَ أَبِيْ حَبِيْبٍ وَّيَزِيْدُ

પર બેઠા. અને લૈષે યઝીદ બિન અબી હબીબથી અને યઝીદે મુહમ્મદ બિન હલહલાથી સાંભળ્યું છે

مِنْ مُّحَمَّدِ بْنِ حَلْحَلَةَ وَابْنُ حَلْحَلَةَ مِنِ ابْنِ عَطَاءٍ وَقَالَ

અને ઈબ્ને હલહલાએ ઈબ્ને અતાથી અને અબૂ સાલેહે લૈષથી રિવાયત કરતાં કહ્યું, દરેક હિસ્સો

أَبُوْ صَالِحٍ عَنِ اللَّيْثِ كُلُّ فَقَارٍ مَّكَانَهٗ وَقَالَ ابْنُ الْمُبَارَكِ عَنْ يَحْيٰى

તેની જગાએ પરત થયો. અને ઈબ્ને મુબારકે કહ્યું, યહ્યા બિન સઈદથી રિવાયત છે કે તેમણે કહ્યું,

بْنِ أَيُّوْبَ قَالَ حَدَّثَنِيْ يَزِيْدُ بْنُ أَبِيْ حَبِيْبٍ أَنَّ مُحَمَّدَ بْنَ عَمْرِو

મને યઝીદ બિન અબી હ઼બીબે હદીષ બયાન કરી કે

بْنِ حَلْحَلَةَ حَدَّثَهٗ كُلُّ فَقَارٍ ع

મુહમ્મદ બિન અમ્ર બિન હ઼લહ઼લાએ હદીષ બયાન કરી, દરેક હિસ્સો."

*(બુખારી, ૧/૧૧૪, અઝાન, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)*

કસમ ! ન તમે અમારાથી વધુ ખિદમતમાં હાજર થતા હતા અને ન અમારાથી પહેલાં તમને સોહબત નસીબ થઈ છે. *(અબૂ દાઊદ–૧૦૬, ઈફ્તિતાહુસ્સલાત, તિર્મિઝી, ૧/૪૦ સલાત)*

લોકોએ કહ્યું કે બયાન કરો તો તેમણે બતાવ્યું, મેં એને તલાશ કર્યું અને યાદ રાખ્યું. *(ફત્હુલબારી, ૨/૨૫૪)*

અબૂ દાઊદ (પેજ–૧૩૮)માં છે કે ઈમામ અહમદે આટલુ વધાર્યું કે, "બાદમાં સૌએ તેનું સમર્થન કર્યું અને કહ્યું કે તમે સાચુ કહ્યું, હુઝૂર એ જ પ્રમાણે નમાઝ પઢયા કરતા હતા."

**મસાઈલ** : (૧) ઈમામ શાફઈ رضی اللہ عنہ એનાથી દલીલ લાવે છે કે ક઼ાઈદાએ ઉલામાં જમણો પગ ઊભો રાખે અને ડાબાને બિછાવીને એના પર બેસે પણ છેલ્લા ક઼ાઈદામાં સીટ પર બેસે અને જમણા પગને વાળીને જમણી બાજુ કરી દે. પણ આપણે ત્યાં બંને ક઼ાઈદાઓમાં એક જ ઢબથી બેસે એટલે જમણા પગને ઊભો રાખે અને ડાબા પગને બિછાવીને એના પર બેસે. અમારી દલીલો આની પહેલાંવાળી હદીષમાં વર્ણન થઈ ચૂકી. ઈમામ અબૂ જઅફર તહાવી رضی اللہ عنہ *(સિફતુજજુલૂસ, પેજ-૧૨૬)* એના પર આ હદીષથી દલીલ લાવ્યા કે હઝરત વાઈલ બિન હજર હઝરમી رضی اللہ عنہએ ફર્માવ્યું કે, મેં મારા જીવમાં કહ્યું કે રસૂલુલ્લાહ ﷺની નમાઝને જરૂર જરૂર યાદ રાખીશ. જ્યારે હુઝૂર તશહ્હુદને માટે બેઠા તો ડાબો પગ બિછાવ્યો અને એના પર બેઠા. એને તિબ્રાનીએ પણ રિવાયત કરેલ છે. અને ઈમામ તહાવીએ હઝરત અબૂ હમીદ સાઅદીની આ હદીષનો એ જવાબ આપ્યો કે મુહમ્મદ બિન અમ્ર બિન અતાએ આ હદીષ ન તો હઝરત અબૂ હમીદ સાઅદીથી સાંભળી છે અન ન તે મજમામાં મૌજૂદ હઝરાતમાંથી કોઈનાથી. એમના દરમ્યાન એક મજહૂલ (અજાણ) શખ્સ છે. તેમજ મુહમ્મદ બિન અમ્રએ પોતાની હદીષમાં એ પણ વર્ણન કરેલ છે કે હઝરત ક઼તાદા એ મજમામાં હતા, જ્યારે હઝરત અબૂ ક઼તાદાની મુલાકાત મુહમ્મદ બિન અમ્રથી શક્ય નથી કેમ કે હઝરત ક઼તાદા શેરે ખુદા હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના જમાનામાં શહીદ થઈ ગયા હતા, એમની જનાઝાની નમાઝ હઝરત શેરે ખુદાએ પઢાવી હતી. એવું જ હૈષમ બિન અદીએ કહ્યું અને અલ્લામા ઈબ્ને અબ્દુલ બરે ફર્માવ્યું, એ જ સહીહ છે. (૨) એનાથી સાબિત થયું કે તકબીરે તહરીમાના વખતે ખભાઓ સુધી હાથ ઉઠાવવા સુન્નત છે એની ચર્ચા વર્ણન થઈ ચૂકી. એક જવાબ એ પણ છે કે જ્યારે આ હદીષ ઝઈફ છે તો સિહાહને એના પર અગ્રતા મળશે જેમાં એ મઝકૂર છે કે કાનો સુધી હાથ ઉઠાવ્યા.

૩. એ પણ સાબિત થયું કે સજદામાં પગોની આંગળીઓનું રુખ કિબ્લા તરફ હોવું જોઈએ, આ ત્યારે જ થશે કે આંગળીઓનાં પેટો જમીનથી રહે.

**وسمع الليث** : આ હદીષ મુઅનઅન હતી. લૈષથી લઈને મુહમ્મદ બિન અમ્ર સુધી દરેક જગાએ **عن عن** (અન અન) હતું એના માટે સાંભળવું લાઝિમ નથી. તો ઈમામ બુખારીએ યોગ્ય જાણ્યું કે સ્પષ્ટ કરી આપે કે લયષે યઝીદ બિન હ઼બીબથી અને યઝીદે મુહમ્મદ બિન હલહલાથી અને ઈબ્ને હલહલાએ ઈબ્ને અતાથી સાંભળ્યું છે.

**وقال ابوصالح** : એટલે કે અબૂ સાલેહના તરીક઼ાથી પણ એ જ શબ્દ છે જે યહ્યા બિન બુકેરના તરીક઼ાથી મઝકૂર થયા. એટલે **كل فقار مكانه وقال ابن المبارك** એનો મતલબ એ છે કે અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકના તરીક઼ાથી જે રિવાયત છે એમાં કેવળ **فقار** છે **مكانه** નથી. **حتى يعود كل فقار مكانه** પર એ શંકા છે કે **مكانه**ની ઝમીરનો મરજઅ **فقار** છે અને એ બહુવચન છે અને જમા (બહુવચન) સ્ત્રી લિંગના હુકમમાં છે, એના તરફ એકવચન મઝકૂરને પલટાવવું દુરુસ્ત નથી એનો જવાબ અલ્લામા ઈબ્ને હજરે એ આપ્યો કે એમાં શબ્દ **فقار**ની રિઆયત કરવામાં આવી છે અથવા બહુવચન **فقار**ને મજાઝન્ની મુઝક્કર ઝમીર એક વચન માની લેવામાં આવ્યું. **فقارة** **فقار**નું બહુવચન છે કરોડરજ્જુના મણકાના અર્થમાં છે અને **فقار**એ **قفر**નું બહુવચન છે જેનો અર્થ જંગલી મેદાન છે, આ અહીં દુરુસ્ત નથી.

# حدیث ۵۲۳

**[હદીષ : પર૩]**

اَنَّ عَبْدَ اللّٰہِ بْنَ بُحَیْنَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ

"હઝરત અબ્દુલ્લાહ બિન બહીના رضی اللہ عنہ એ કહ્યું

وَکَانَ مِنْ اَزْدِشَنُوْءَۃَ وَھُوَ حَلِیْفٌ لِّبَنِیْ عَبْدِ مَنَافٍ وَّکَانَ مِنْ

અને એ કબીલા અઝદિશનુઆથી હતા જે બની અબ્દે મુનાફના હલીફ (ટેકેદાર) હતા, અને નબી صلی اللہ علیہ وسلم ના

اَصْحَابِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

અસ્હાબમાંથી હતા, કે નબી صلی اللہ علیہ وسلم એ એમને ઝોહર પઢાવી તો બે પ્રથમ રકાતોમાં બેઠા નથી, ઊભા થઈ

عَلَیْہِ وَسَلَّمَ صَلّٰی بِھِمُ الظُّھْرَ فَقَامَ فِی الرَّکْعَتَیْنِ الْاُوْلَیَیْنِ لَمْ یَجْلِسْ

ગયા અને હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે સર્વ લોકો ઊભા થઈ ગયા. જ્યારે નમાઝ પૂરી થઈ ગઈ

فَقَامَ النَّاسُ مَعَہٗ حَتّٰی اِذَا قَضَی الصَّلٰوۃَ وَانْتَظَرَ النَّاسُ تَسْلِیْمَہٗ

અને લોકો હુઝૂર صلی اللہ علیہ وسلم ના સલામ ફેરવવાની રાહ જોઈ રહ્યા હતા, એવામાં હુઝૂરે બેઠાં બેઠાં તકબીર

کَبَّرَ وَھُوَ جَالِسٌ فَسَجَدَ سَجْدَتَیْنِ قَبْلَ اَنْ یُّسَلِّمَ ثُمَّ سَلَّمَ

કહી અને બે સજદા કર્યા સલામ ફેરવતા પહેલાં, ત્યાર બાદ સલામ ફેરવી.

(બુખારી, ૧/૧૧૪, અઝાન, ૧/૧૧૫, અત્તહજ્જુદ-૧૬૩, ૨/૯૮૬, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ-સલાત)

**સમજૂતી : પર૩**

અહીં ઈમામ બુખારીએ એ પ્રકરણ રચ્યું છે કે, "જે પ્રથમ તશહ્હુદને વાજિબ ન જાણે." ઈમામ બુખારી ઉપરાંત ઈમામ શાફઈ, ઈમામ માલિક વગેરેનો મસ્લક એ છે કે પ્રથમ ક઼ાઈદો અને એમાં તશહ્હુદ (અત્તહિય્યાત) પઢવું વાજિબ નથી. એમની દલીલ એ છે કે જો વાજિબ હોત તો હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ઊભા થયા બાદ યાદ આવતાં જ પરત થાત અને ક઼ાઈદો કરત અને તશહ્હુદ પઢતા. પણ આપણો પસંદીદા (મુખ્તાર) મઝહબ અને ઈમામ અહમદનો એ છે કે ક઼ાઈદાએ ઉલા (પ્રથમ) પણ વાજિબ છે અને એમાં તશહ્હુદ પણ વાજિબ છે. અમારી દલીલ આ હદીષ પણ છે. તે એ રીતે કે જો ક઼ાઈદાએ ઉલા અને તશહ્હુદ વાજિબ ન હોત તો તેના છૂટી જવા પર સજદાએ સહ્વ શા માટે કરતા ? તદ્ઉપરાતં હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ એના પર હમેશગી તથા એવી પાબંદી ફર્માવી છે કે એકવાર પણ ત્યજવું નહીં. જો ક્યારેક ભૂલી પણ ગયા તો તેના નિવારણ માટે સજદાએ સહ્વ કર્યો, આ વાજિબ હોવાની દલીલ છે. તદ્ઉપરાંત વિવિધ હદીષો પણ છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તશહ્હુદવાળી હદીષમાં **قولوا** તથા હઝરત ઈબ્ને મસઊદની હદીષમાં **فقولوا** છે આ અમ્રનો સેગો છે જે વાજિબ હોવાની દલીલ છે.

# حدیث ۵۲۴

**[હદીષ : ૫૨૪]**

قَالَ عَبْدُ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ کُنَّا اِذَا صَلَّیْنَا

''હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે જ્યારે નબી صلی اللہ علیہ وسلم ની પાછળ

خَلْفَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قُلْنَا السَّلَامُ عَلٰی جِبْرِیْلَ

નમાઝ પઢતા તો કહેતા જિબ્રઈલ તથા મીકાઈલ પર સલામ થાય, ફલાણા તથા ફલાણા પર સલામ થાય.

وَمِیْکَائِیْلَ اَلسَّلَامُ عَلٰی فُلَانٍ وَفُلَانٍ فَالْتَفَتَ اِلَیْنَا رَسُوْلُ اللّٰہِ

તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ અમારા તરફ રુખે અન્વર (ચહેરો મુબારક) ફર્માવ્યું અને ઈર્શાદ ફર્માવ્યો,

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَقَالَ اِنَّ اللّٰہَ ھُوَ السَّلَامُ فَاِذَا صَلّٰی

બેશક ! અલ્લાહ સલામ છે, જ્યારે તમે નમાઝ પઢો તો કહો, તમામ ક઼ૌલી ઈબાદતો તથા તમામ બદ્‌ની

## સમજૂતી : ૫૨૪

**પરિપૂર્ણતા** : એના પછી પ્રકરણ **مایتخیر من الدعاء بعد السلام**માં આ પ્રમાણે છે કે, અમે લોકો એવું કહેતા હતા, અલ્લાહ પર સલામ થાય એના બંદાઓના તરફથી, અને અલ ઈસ્તીઝાન પ્રકરણ **باب الا خذ بالیدین**માં છે કે મને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ આ રીતે તશહ્‌હુદ શીખવાડયું કે મારો હાથ હુઝૂર صلی اللہ علیہ وسلم ના બંને હાથો વચ્ચે હતો જેમ કે કુર્આનની સૂરતની તા'લીમ આપતા. અબૂ દાઊદમાં ઈમામ બુખારીના શયખ મુસદદની રિવાયતથી આ વધારો છે, જ્યારે અમે બેસતા, તેમજ બીજા તર્ક઼ (તરીક઼ા)માં છે કે આ (તશહ્‌હુદ)ના પઢયા પછી જે દુઆ એને સૌથી અધિક પસંદ હોય તે પઢે.

**السّلام علی فلان** : ઈબ્ને માજહમાં છે કે ફલાણા અને ફલાણાથી મુરાદ ફરિશ્તા લેતા. બુખારીમાં જ અત્તહજ્જુદ પ્રકરણ **من سمعی قوما فی الصلوٰۃ**માં આ પણ છે કે અમારામાંથી અમુક અમુકને સલામ કરતા.

**فالتفت** : અત્તહજ્જુદ પ્રકરણ **من سمی قو مافی الصلوٰۃ**માં એ છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ સાંભળી લીધું, તો ફર્માવ્યું, આમ કહો.

**فان اللّٰہ ھو السّلام** : આ રિવાયતમાં ટૂંકાણ છે જેમ કે અમે અગાઉ દર્શાવી ચૂક્યા કે તે આવુ પણ કહેતા હતા : **السلام علی اللّٰہ من عبادہ** (અલ્લાહ પર સલામ થાય તેના બંદાઓ તરફથી) **આ ઈર્શાદ એનાથી મનાઈના માટે છે.** મનાઈનું કારણ જાહેર છે કે **દરેક નેઅમત દરેક ભલાઈને અતા કરનાર અલ્લાહ** عزوجل **જ છે,** જો બંદાઓ અયબો તથા ખામીઓથી પાક છે અથવા આફતો તથા અકસ્માતોથી મેહફૂઝ રહે છે તો તેના ફઝ્‌લથી રહે છે. હવે બંદાઓનું ઉપરોક્ત વાતોનું કહેવું ઉલ્ટુ છે.

**فلیقل** : ક્યારે કહેતા એ આ રિવાયતમાં નથી, પણ અલ ઈસ્તીઝાન પ્રકરણ **السلام اسم من اسماء اللّٰہ**માં અને અદઅવાત પ્રકરણ **الدعاء فی الصلوٰۃ**માં છે કે : ''જ્યારે તમે નમાઝમાં બેસો તો કહો.'' નિસાઈમાં છે :

أَحَدُكُمْ فَلْيَقُلْ اَلتَّحِيَّاتُ لِلّٰهِ اَلصَّلَوٰاتُ وَ الطَّيِّبَاتُ اَلسَّلَامُ

*ઈબાદતો અને તમામ માલી ઈબાદતો અલ્લાહના જ માટે છે. હે નબી ! આપ પર સલામ થાય અને*

عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَ رَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُهُ اَلسَّلَامُ عَلَيْنَا وَ عَلٰى عِبَادِ

*અલ્લાહની રહમત અને તેની બરકતો અમારા પર અને અલ્લાહના સર્વ નેક બંદાઓ પર સલામ થાય.*

اللّٰهِ الصَّالِحِيْنَ فَإِنَّكُمْ إِذَا قُلْتُمُوْهَا أَصَابَتْ كُلَّ عَبْدٍ لِلّٰهِ صَالِحٍ

*જ્યારે તમે એવું કહેશો તો આસ્માન તથા જમીનમાં જેટલા અલ્લાહના નેકબંદાઓ છે સૌને સલામ*

"જ્યારે તમે બે રકાત પર બેસો તો કહો." એમાં અસ્વાદના તરીક઼ાથી છે, "દરેક જલસામાં કહો." આપણે ત્યાં દરેક ક઼ાઈદામાં તશહ્‌હુદ વાજિબ છે દલીલ આ જ અમ્ર છે. તદ્‌ઉપરાંત દારકુત્ની વગેરએ સહીહ અસનાદ સાથે રિવાયત કર્યું કે હઝરત ઈબ્ને મસઊદે ફર્માવ્યું કે તશહ્‌હુદના ફર્ઝ થતા પહેલાં અમે જાણતા ન હતા કે શું કહીએ, પણ કેમ કે આ ખબર વાહિદ છે. ખબરે વાહિદથી ફર્ઝિયત સાબિત નથી થતી પણ વાજિબ હોવું સાબિત થાય છે.

**التحيات** : (અત્તહિ઼યાત) : આ તહિય્યત (**تحيات**)નું બહુવચન છે એનો આ અર્થ છે : સલામ, સલામતી (બક઼ા), અઝમત, આફતો તથા ખામીઓથી સલામત રહેવું. એક ક઼ૌલ એ છે કે એનો અર્થ મુલ્કનો બાદશાહ પણ છે. અબૂ સઈદ જરીરે કહ્યું, એનાથી ખૂદ બાદશાહ મુરાદ નથી બલ્કે તે કલેમાત મુરાદ છે જેનાથી બાદશાહને સલામ કરવામાં આવતી હતી. અહીં તા'ઝીમ મુરાદ છે.

**والصّلوات** : અહીં નૂરે મુહમ્મદ અને રશીદિયાના છપાયેલ નુસ્ખામાં "વાવ" વિના છે પણ હાશમી પ્રેસના છપાયેલ નુસ્ખામાં "વાવ" છે. તેમજ ફત્હુલ બારી તથા ઉમ્દતુલ ક઼ારી તથા ઈર્શાદુસ્સારી તથા તયસીરુલ ક઼ારીમાં અહીં પણ "વાવ" છે. તેમજ મિસ્રી પ્રેસ જે સનદી હાશિયા સાથે છપાયેલ છે એમાં પણ "વાવ" છે. એના ઉપરાંત બુખારીમાં આ રિવાયત જેટલી જગાએ "વાવ" છે, એટલે **والصلوت**. એનાથી ક્યાં તો સર્વ નમાઝો મુરાદ છે, ચાહે તે ફર્ઝો હોય કે નફ્લો ચાહે વાજિબો હોય, અથવા તમામ ઈબાદતો મુરાદ છે અથવા તમામ દુઆઓ અથવા રહમત.

**والطيبات** : એનાથી સારા અક઼વાલ (કથનો) મુરાદ છે અથવા અક઼વાલ તથા આમાલ બંનેવ. શૈખ હાફિઝુદ્દીન નસફીએ ફર્માવ્યું કે તહિય્યાતથી ક઼ૌલી ઈબાદતો તથા અસ્સલવાત **تحيات**થી બદની ઈબાદતો તથા **الطيبات** અત્તય્યિબાત **الصلوات**થી માલી ઈબાદતો મુરાદ છે.

**السّلام عليك** : અમે આવું પહેલાં ઝુલયદૈનવાળી હદીષમાં દર્શાવી ચૂક્યા કે આ હુઝૂરે અક઼દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે નમાઝમાં હુઝૂર ﷺથી વાત કરવી નમાઝ તોડનાર નથી. એ જ પ્રમાણે આ પ્રમાણે વિશિષ્ટતાઓમાંથી છે કે સંબોધન કરીને સલામ કરવી પણ નમાઝને ફાસિદ નથી કરતું બલ્કે મુકમ્મલ કરે છે.

**એક મુદ્દો** : તશહ્‌હુદના સિયાક (આગળનું વર્ણન) એવું ચાહતા હતો કે સંબોધનને બદલે આ પ્રમાણે હોતઃ **السلام علينا و على عباد الله الصالحين** કેમ કે પ્રારંભમાં છે : **التحيات لله** અને અંતમાં છે : **السلام على النبى** તો મુનાસિબ એ જ હતું કે આ પ્રમાણે હોત : **السلام على النبى** અલ્લામા તીબીએ એનો જવાબ એ આપ્યો કે અમે બરાબર રસૂલેપાક ﷺના આદેશનું અનુસરણ કરીએ છીએ જે હુઝૂરે સહાબાએ કિરામને તા'લીમ આપી એ જ પઢવું લાઝિમ છે. અહલે ઈર્ફાનના તરીક઼ા પર એવું કહી શકીએ છીએ કે નમાઝીએ તહિય્યાત પેશ કરીને

فِي السَّمَاءِ وَالْأَرْضِ. أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا

*પહોંચી જશે. હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, અને હું ગવાહી*

عَبْدُهٗ وَرَسُوْلُهٗ ﷺ

*આપુ છું કે હઝરત મુહમ્મદ ﷺ તેના બંદા અને તેના રસૂલ છે."*

જ્યારે બાબે મલકૂત ખોલવાની દરખાસ્ત પેશ કરી તો તેમને **حی الذی لا یموت**ના હરીમે કુદ્દસમાં હાજરીની ઈજાઝત મળી. મુનાજાતથી મુશર્રફ થઈને બાગ બાગ થયા તો તેમને ખબરદાર કરવામાં આવ્યા કે આ શરફ (મહાનતા) નબીએ રહમતના વાસ્તા તથા તેમના આજ્ઞાપાલન કરવાની બરકતથી હાંસલ થયો છે. હવે એમણે જોયું કે હબીબ, હબીબની હરીમમાં જલ્વાફર્મા છે તો હુઝૂરે અક્દસ ﷺની તરફ એવું અર્ઝ કરીને હાજર થઈ ગયા, "આપ પર સલામ થાય હે અલ્લાહના નબી !" ઈમામ ગઝાલીએ અહયાઉલ ઉલૂમ (૧/૧૫૧)માં ફર્માવ્યું :–

**واحضر فی قلبك النبی صلی اللّٰه تعالٰی علیه وسلم وشخصه الكریم وقل سلام علیك ایها النبی و رحمة اللّٰه وبركاته لیصدق املك فی انه یبلغه ویرد علیك ماهوا وفٰی منه**

"હુઝૂરની મુકર્રમ જાતને પોતાના દિલમાં હાજર કર અને કહે, હે નબી ! આપ પર સલામ અને અલ્લાહની રહમત અને બરકતો થાય, જેથી તારી એ ઉમ્મીદ પૂરી થાય કે તારાં સલામ એમની બારગાહ સુધી પહોંચે છે અને તારા આ સલામનો ઉમદા જવાબ આપે."

હુઝૂરે અક્દસ ﷺનું ન રહેવું (આંખોની સમક્ષ ન હોવું) જાહેરના એ'તબારથી છે, નહીં તો અહલે સુન્નત વ જમાઅતની એના પર એકમતિ છે કે હુઝૂરે અક્દસ ﷺ તમામ આલમમાં હાઝિર તથા નાઝિર છે. શિફા શરીફમાં હઝરત અમ્ર બિન દીનારનો આ ઈર્શાદ નક્લ થયેલો છે : જ્યારે તમે ઘરમાં દાખલ થાવ અને કોઈ ન હોય તો કહો : **السلام علی النبی روحمة اللّٰه وبركاته** એની શરહમાં મુલ્લા અલી કારી ફર્માવે છે : **لان روحه صلی اللّٰه تعالٰی علیه وسلم حاضر فی بیوت اهل الاسلام** "એટલા માટે કે નબી ﷺની રૂહ મુસલમાનના ઘરમાં હાજર છે." *(બુખારી, ૨/૧૧૭)*

હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી "સુલૂક અક્રર બિસ્સુબુલ ફી ત્તવજ્જુહિ ઈલર્રસુલ"માં ફર્માવે છે : આ રિસાલો (કિતાબ) અખ્બારુલ અખ્યારના હાશિયામાં છપાયો છે. પેજ–૧૫૫ થી ૧૬૨ સુધી છે.

"ઉલમાએ અહલે સુન્નતના દરમ્યાન આટલા પુષ્કળ મતભેદો તથા મઝહબો છતાં આ મસ્અલામાં કોઈનો કોઈ મતભેદ નથી કે આં હઝરત હકીકી જિંદગીની સાથે જેમાં ન મજાઝનો સાયો છે ન તાવીલનો વહેમ. કાયમ તથા બાકી છે, અને ઉમ્મતના અહવાલ પર હાઝિર તથા નાઝિર છે." *(પેજ–૧૬૧)*

આ વિષય ખૂદ કુર્આન મજીદથી સાબિત છે. ઈર્શાદ છે : **اِنَّا اَرْسَلْنَاكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا** "અમે તમને હાજર અને ખુશખબરી આપનાર તથા ડર સંભળાવનાર બનાવીને મોકલ્યા."

અને બરાબર આ જ મુબારક વાક્યો સૂરએ ફતહ, આયત–૮માં પણ છે. કદાચ હકીકી અર્થ હાજરીનો છે. હદીષમાં નમાઝે જનાઝાની દુઆમાં છે : **اللهم اغفر لحینا ومیتنا وشاهد نا و غائبنا** "હે અલ્લાહ ! અમારાં જીવંત અમારાં મુર્દા અમારાં હાજર અમારાં ગાયબને બખ્શી આપ."

મશહૂર હદીષમાં છે : **فَلْيُبَلِّغُ الشَاهِدُ الغَائِبَ** "હાજર છે તે ગાયબને મારો પયગામ પહોંચાડી આપે."

આ બંનેવ હદીષોમાં ગાયબ સાથેની સરખામણીએ નિશ્ચિત કરી આપ્યું કે શાહિદ એ હાજરના અર્થમાં છે અને તે હાજર જે દેખતો હોય તે નાઝિર જરૂર હશે જેથી હાજરના માટે નાઝિર (જોનાર) હોવું અનિવાર્ય છે. એટલા માટે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ બંનેવ આયતોનો તર્જુમો ફર્માવ્યો, હે મહબૂબ ! અમે તમને હાઝિરો નાઝિર બનાવીને મોકલ્યા."

અને ઈર્શાદ છે : اَلنَّبِیُّ اَوْلٰی بِالْمُؤْمِنِیْنَ مِنْ اَنْفُسِھِمْ "નબી મો'મિનોની જાનોથી અધિક એમનાથી નજીક છે."

બાનીએ મદ્રસા દેવબંદ મૌલાના કાસિમ નાનોત્વીએ તહઝીરુન્નાસ (પેજ–૧૦)માં લખ્યું છે : اَلنَّبِیُّ اَوْلٰی بِالْمُؤْمِنِیْنَ مِنْ اَنْفُسِھِمْ બઅદ લેહાઝે સિલા مِنْ اَنْفُسِھِمْને જોઈએ તો એ વાત સાબિત થાય છે કે રસૂલુલ્લાહ ﷺને પોતાની ઉમ્મતની સાથે તે કુર્બ (નિકટતા) હાંસલ છે કે તેમની જાનોને પણ એમની સાથે હાંસલ નથી, કેમ કે અવલા (اَوْلٰی)એ અકરબના અર્થમાં હોય અને જો બમઅના અહબ્બિ અથવા અવ્વલિયત બિત્તસર્રુફ હોય તો પણ એ જ વાત લાઝિમ આવશે, કેમ કે અહબ્બિયત અને અવ્વલિયત બિત્તસર્રુફના માટે અકરબિયત તો સબબ હોય શકે છે પરંતુ એનાથી ઉલ્ટુ નથી હોઈ શક્તું. કુર્બ (નિકટતા) માટે નાઝિર હોવું લાઝિમ છે. તો આ આયતથી પણ સાબિત કે હુઝૂરે અકદસ ﷺ હાઝિરો નાઝિર છે.

જ્યારે હુઝૂરે અકદસ ﷺ હાઝિરો નાઝિર *(હાઝિર તથા નાઝિરનો અર્થ એ નથી કે હુઝૂર ﷺ પોતાના શરીર સાથે દરેક જગ્યાએ છે, બલ્કે અર્થ એ છે કે તેમને આપણા અહેવાલની ખબર છે. અને કબ્રે અન્વરથી જોઈ રહ્યા છે. અને શરીર સાથે કોઈ જગ્યાએ આવવા ચાહે તો આવી શકે છે. –મિસ્બાહી)* છે તો હુઝૂર ﷺનું ગાયબ રહેવું (આંખોની સમક્ષ ન હોવું) જાહેરના એ'તબારથી થયું, નહીં તો હકીકતમાં હુઝૂરી છે એટલા માટે સેગાએ ખિતાબ (સંબોધન વાચક)ની સાથે નિદા તથા સલામ કોઈપણ પ્રકારના સંકોચ વિના દુરુસ્ત છે. હઝરત શયખ પોતાના બીજા રિસાલામાં ફર્માવે છે :–

અમુક અહલે તેહકીક આરિફોએ કહ્યું છે કે એ એ'તબારથી કે હુઝૂરે અકદસ ﷺની હકીકત મૌજૂદાતના તમામ રજકણોમાં પ્રવેશ કરી ચૂકેલી છે અને હુઝૂરની ઝાત તમામ મુમ્કિનાતને ઘેરી ચૂકેલ છે એટલા માટે હુઝૂરે અકદસ ﷺ નમાઝીની ઝાતમાં હાઝિર તથા શાહિદ મૌજૂદ છે અને સંબોધન વાચક શબ્દો વડે દુરૂદ એ હકીકતમાં હુઝૂરે અકદસ ﷺના હાઝિર તથા નાઝિર હોવાના લેહાઝથી છે." *(પેજ–૩૨૩)*

**તશહ્હુદના શબ્દો** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનાં ઉપરાંત અધિક અગ્યાર સહાબાએ કિરામથી તશહ્હુદ રિવાયત પામેલ છે જેમાં અમુક શબ્દોની વધઘટ ફેરફાર છે, તેમનાં મુબારક નામો આ પ્રમાણે છે :–

હઝરત ઉમર, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત આઈશા, હઝરત ઈબ્ને ઝુબેર, હઝરત જાબિર, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત અબૂ મૂસા અશ્અરી, હઝરત મુઆવિયા, હઝરત સલ્માન, હઝરત સમુરહ, હઝરત અબૂ હમીદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین. હનફીઓનું મુખ્તાર (પસંદીદા) હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનું તશહ્હુદ છે જે આ હદીષમાં વર્ણન થયેલ છે, એની અગ્રતાનાં કારણો નીચે પ્રમાણે છે : (૧) તિર્મિઝી (૧/૩૮ સલાત)એ ફર્માવ્યું, તશહ્હુદના બારામાં નબી ﷺથી મરવી હદીષોમાં સૌથી અધિક સહીહ હઝરત ઈબ્ને મસ્ઊદની હદીષ છે અને સહાબા તાબઈનમાંથી મોટાભાગના અહલે ઈલ્મની નજીક એના પર અમલ છે. હસીફ (ઉમ્દતુલ કારી, ૭/૧૧૪)થી રિવાયત છે કે તેમણે નબી ﷺને ખ્વાબમાં જોયા અને અર્ઝ કરી કે તશહ્હુદના બારામાં મતભેદ થઈ ગયો છે, તો ફર્માવ્યું, તમે ઈબ્ને મસ્ઊદના તશહ્હુદને અપનાવો. તબ્રાનીમાં એ છે કે અબૂ બુર્દા પોતાના બાપથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું, તશહ્હુદના બારામાં ઈબ્ને મસ્ઊદની

હદીષથી અધિક સારી કોઈ હદીષ મેં નથી સાંભળી, કેમ કે તેમણે તેને નબી ﷺ સુધી પહોંચાડી છે. ઈબ્ને મુન્ઝર અને અબૂ અલી તૂસીએ કહ્યું કે હઝરત ઈબ્ને મસ્ઊદની હદીષ વિવિધ તરીક઼ાઓથી રિવાયત પામેલ છે. અને એ નબી ﷺથી તશહ્હુદના બારામાં રિવાયત થયેલ હદીષોમાં સૌથી અધિક સહીહ છે. ખત્તાબીએ કહ્યું કે આ ક્રમની સર્વ રિવાયતોથી સહીહતરીન અને મશ્હૂરતરીન હદીષ ઈબ્ને મસ્ઊદના તશહ્હુદની છે. અબૂ અમ્રએ કહ્યું કે હઝરત ઈબ્ને મસ્ઊદના તશહ્હુદને મોટાભાગના અહલે ઈલ્મે અપનાવ્યું. એટલા માટે કે એ સાબિત કે હુઝૂરે અક઼દસ ﷺએ એને પઢયું. ઈમામ નવવીએ ફર્માવ્યું, મુહદ્દિષોની એકમતિએ સૌથી અધિક સહીહ ઈબ્ને મસ્ઊદની હદીષ છે, પછી ઈબ્ને અબ્બાસની. બઝ્ઝારે કહ્યું, તશહ્હુદમાં સૌથી અધિક સહીહ ઈબ્ને મસ્ઊદની હદીષ છે, એ વીસથી અધિક તરીક઼ાઓથી ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત પામેલ છે, હું તશહ્હુદમાં એનાથી અધિક સાબિત તથા સનદના એ'તબારથી અધિક સહીહ જેના રાવીઓ સૌથી વધુ મશ્હૂર હોય કોઈ હદીષ નથી જાણતો. ઈમામ અબૂ જઅફર તહાવીએ શરહે મઆનિયુલ આષારમાં એને બાર તરીક઼ાઓ વડે રિવાયત કરી, પછી ફર્માવ્યું કે એના પર ઈજમાઅ છે કે અન્ય દુઆઓની જેમ તશહ્હુદ નથી કે જે શબ્દો વડે ચાહે પઢી લે, એના માટે માષૂર શબ્દો જરૂરી છે અને તશહ્હુદના અન્ય સેગા અન્ય સહાબાએ કિરામથી રિવાયત થયેલ છે. તેમના શબ્દોમાં મતભેદ છે. અને હઝરત ઈબ્ને મસ્ઊદના તશહ્હુદમાં કોઈ રિવાયતમાં મતભેદ નથી. સર્વ તરીક઼ા આ શબ્દો પર એકમત છે. અને જાહેર છે કે વિવાદાસ્પદ કરતાં એકમતને લેવું અધિક બેહતર છે. તદ્ઉપરાંત હઝરત ઈબ્ને મસ્ઊદ ફર્માવે છે, મેં એને હુઝૂરે અક઼દસ ﷺના મુખ મુબારકથી લીધુ છે. હુઝૂરે એક એક વાક્ય મને શીખવાડયું. બુખારીની રિવાયતો વર્ણન થઈ ચૂકી કે એ રીતે શીખવાડયું કે જાણે કુર્આનની સૂરતની તા'લીમ આપતા હતા, અને મારો હાથ હુઝૂરના બંને મુબારક હાથોમાં હતો. ઈમામ બુરહાનુદ્દીન મર્ગીનાની સાહિબે હિદાયહ્એ આ તશહ્હુદની અગ્રતામાં ફર્માવ્યું કે એમાં અમર છે જે અસલમાં વાજિબ હોવા માટે અને **استحباب** **اقل** ના માટે છે. એમાં અલિફ લામ ઈસ્તિગરાક઼ના માટે છે. એમાં "વાવ" છે જે તજદીદે કલામ તથા તાકીદે તઅલીમ પર દલીલ પૂરી પાડે છે. આ શબ્દોની પાબંદી હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની નજીક એટલી હતી કે જો કોઈ કાંઈક વધારી દેતો તો મના કરી આપતા. તબ્રાનીની મોઅજમે અવસતમાં છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ એક શખ્સને તશહ્હુદ શીખવાડી રહ્યા હતા તેણે પ્રથમ શહાદત પર **وحدہٗ لاشریك له** (વહદહુ લાશરીક લહુ) કહી દીધું તો ફર્માવ્યું કે અલ્લાહ ﷻ એવો જ છે પણ મેં જે બતાવ્યું છે એટલા પર બસ કર. બઝ્ઝારમાં છે કે એક શખ્સને બતાવી રહ્યા હતા તેણે **اشهد ان محمد اعبده ورسوله** (અશ્હદુઅન્ન મુહમ્મદન્ અબ્દુહુ વરસૂલુહ) કહેતી વખતે "અશ્હદ" છોડી દીધું તો તેને ટોક્યો. વારંવાર એવું જ થયું તો ફર્માવ્યું, અમને આવું જ શીખવાડવામાં આવ્યું છે. મુસ્નફે ઈબ્ને અબી શયબામાં છે કે એક શખ્સને સાંભળ્યો કે તે તશહ્હુદમાં બિસ્મિલ્લાહ પઢે છે તો હઝરત ઈબ્ને મસ્ઊદે ફર્માવ્યું, બિસ્મિલ્લાહ ખાવા પર છે.

**એક શંકા અને તેનું નિવારણ** : બુખારી કિતાબુલ ઈસ્તીઝાન બાબુલ અખ્ઝ બિલયદૈનમાં છે : જ્યાં સુધી હુઝૂર અમારી નજરો સમક્ષ હતા અમે આ જ પ્રમાણે તશહ્હુદ પઢતા રહ્યા. જ્યારે અમારામાંથી ઉઠાવી લેવામાં આવ્યા તો અમે **السلام علی البنی صلی اللّٰہ تعالٰی علیه وسلم** (અસ્સલામુ અલન્નબી ﷺ) પઢવા લાગ્યા. તદ્ઉપરાંત બુખારીના વિવિધ મુહદ્દિષોએ પોત પોતાની કિતાબોમાં તેને વર્ણન કરેલ છે, દા.ત. અબૂ અવાના, સિરાજ, જૂઝની, અબૂ નુઐમ, બયહક઼ી બલ્કે મુસ્નફે અબ્દુર્રઝ્ઝાકમાં તો ત્યાં સુધી છે કે સહાબાએ વિસાલ પછી **السلام علیك** (અસ્સલામુ અલૈક) કહેવાનું ત્યજી દીધું હતું.

**હું કહું છું** : આ રિવાયતો છતાં પૂરી ઉમ્મતનો એના પર ઈજમાઅ છે કે તશહ્હુદમાં સેગાએ ખિતાબ (સંબોધન વાચક શબ્દો) સાથે જ સલામ અર્ઝ કરવામાં આવે.

**તશહ્હુદમાં ધીમો અવાજ** : અબૂ દાઊદ (૧/૪૨ સલાત)માં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી જ

# حدیث ۵۲۵

**[હદીષ : પર૫]**

عَنْ عَائِشَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ખબર આપી

أَخْبَرَتْهُ أَنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَدْعُوا

કે રસૂલુલ્લાહ ﷺ નમાઝમાં આ દુઆ કરતા હતા, હે અલ્લાહ ! હું કબ્રના અઝાબથી તારી પનાહ

فِي الصَّلٰوةِ اللّٰهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنْ عَذَابِ الْقَبْرِ وَأَعُوذُ بِكَ

માગું છું અને મસીહ દજ્જાલના ફિત્નાથી તારી પનાહ માગું છું અને જિંદગી તથા મૌતના ફિત્નાથી તારી

مِنْ فِتْنَةِ الْمَسِيحِ الدَّجَّالِ وَأَعُوذُ بِكَ مِنْ فِتْنَةِ الْمَحْيَا وَ

પનાહ ચાહું છું. હે અલ્લાહ ! હું ગુનાહ તથા કર્ઝથી તારી પનાહ ચાહું છું. એના પર એક કહેવાવાળાએ

فِتْنَةِ الْمَمَاتِ اللّٰهُمَّ إِنِّي أَعُوذُ بِكَ مِنَ الْمَأْثَمِ وَالْمَغْرَمِ فَقَالَ

કહ્યું, હુઝૂર ! મોટાભાગે કર્ઝથી પનાહ કેમ માંગતા રહો છો ? તો ફર્માવ્યું, માણસ કર્ઝ લે છે તો વાત કરે છે

لَهٗ قَائِلٌ مَا أَكْثَرَ مَا تَسْتَعِيذُ مِنَ الْمَغْرَمِ فَقَالَ إِنَّ الرَّجُلَ إِذَا

તો જૂઠ્ઠુ બોલે છે, અને જ્યારે વાયદો કરે છે તો પૂરા નથી કરતો★.

રિવાયત થયેલ છે કે ફર્માવ્યું, તશહ્હુદને ધીમેથી પઢવી સુન્નત છે.

**તશહ્હુદ બંને કાઈદાઓમાં છે :** નિસાઈમાં છે કે ફર્માવ્યું, જ્યારે તમે કોઈ પણ બે રકાત પર બેસો તો તશહ્હુદ પઢો. ઈબ્ને ખુઝૈમાની રિવાયતમાં છે, હઝરત અબ્દુલ્લાહે ફર્માવ્યું કે મને રસૂલુલ્લાહ ﷺએ નમાઝની વચ્ચે તથા નમાઝની છેવટે તશહ્હુદ પઢવાની તા'લીમ આપી. *(ઉમ્દતુલ કારી, ૬/૧૧૧)*

**સમજૂતી : પર૫**

આ દુઆ અંતિમ કાઈદામાં દુરૂદ પછી માંગવામાં આવશે. એના સ્થાનને બતાવવા માટે ઈમામ બુખારીએ એના પર આ ટાઈટલ બાંધ્યું છે : ''સલામથી પહેલાં દુઆ.'' એના પર અકલી નિશાની મૌજૂદ છે કે નમાઝના બાકીના અરકાનના માટે ઝિક્રો ખાસ છે, દા.ત. કયામમાં કિર્અત, રુકૂઅ તથા સજદાઓમાં તસ્બીહ કાઈદાએ ઉલામાં તશહ્હુદ તથા બીજામાં તશહ્હુદ અને દુરૂદ, જેથી દુઆ માટે એના પછી જ ગુંજાઈશ છે. અને કરીનાએ મન્કૂલા (તે નિશાની જે કુર્આન તથા હદીષથી સાબિત હોય) એ છે એક હદીષ બીજીની તફસીર હોય છે. ઈબ્ને માજહ (ઈકામતુસ્સલવાત–૬૬)માં છે : જ્યારે તશહ્હુદથી ફારિગ થાવ તો ચાર ચીજોથી પનાહ માંગો, જહન્નમના અઝાબથી, કબ્રના અઝાબથી, જિંદગી તથા મૌતના ફિત્ના, મસીહ દજ્જાલના ફિત્નાથી. તેમજ

غرمحدث فكذب واذا وعد اخلف ع وقال محمد بن يوسف

અને મુહમ્મદ ઈબ્ને યૂસુફે કહ્યું, મેં ખલ્ફ બિન આમિરથી સાંભળ્યું કે મસીહ

سمعت خلف ابن عامر يقول في المسيح والمسيح ليس

તથા મસ્સીહમાં ફરક નથી, એક છે. એક હઝરત ઈસા عليه السلام છે

بينهما فرق وهما واحد احدهما عيسى عليه السلام والآخر

અને બીજો દજ્જાલ છે*. ઝુહરી ઉરવા બિન ઝુબૈરથી રિવાયત કરે છે કે

الدجال ع وعن الزهري قال اخبرني عروة بن الزبير ان

હઝરત આઈશા رضی الله عنها એ બતાવ્યું કે મેં રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ને સાંભળ્યા કે

عائشة رضي الله تعالى عنها قالت سمعت رسول الله صلى الله

પોતાની નમાઝમાં દજ્જાલના

تعالى عليه وسلم يستعيذ في صلاته من فتنة الدجال ع

ફિત્નાથી પનાહ માગતા રહેતા હતા✪."

(★ બુખારી, ૧/૧૧૫, અઝાન, અલ્ ઈસ્તક઼રાઝ–૩૨૨, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–સલાત, ✯ બાબુદુઆ ક઼લ્બસ્સલામ–૧૧૫, ✪ અગાઉ જેમ)

એમાં જ (પેજ–૬૧) હઝરત અબૂ મૂસા અશ્અરીની હદીષમાં છે : જ્યારે ક઼ાઈદાનો સમય આવે તો તમારો પ્રથમ ઝિક્ર તશહ્હુદ હોવો જોઈએ. તદ્ઉપરાંત હઝરત ઈબ્ને મસ્ઊદ رضی الله عنها ની તશહ્હુદવાળી હદીષોની અમુક રિવાયતમાં છે. ત્યારબાદ જે ચાહે દુઆ અપનાવે.

**فتنة (ફિત્ના)** : ફિત્નાનો અર્થ પરીક્ષા, આજમાઈશ છે. કુર્આને કરીમમાં છે કે હઝરત મૂસા عليه السلام એ રબ્બુલ આલમીનને સંબોધીને અર્ઝ કરી, **ان هى الا فتنتك** "આ તારી જ આજમાઈશ છે." (અઅ્રાફ–૧૫૫) પણ મુત્લકન આજમાઈશના અર્થમાં આમ બોલીમાં ઓછુ વપરાય છે. હવે એનો (ફિત્ના શબ્દનો) મોટાભાગે ઉપયોગ અગણમતી વાતના માટે થાય છે. અને હવે ગુનાહ, કુફ્ર, લડાઈ, સળગાવવા તથા કોઈ ચીજથી ફેરવવાના અર્થમાં થાય છે.

**المحيا والممات** : આ બંનેવ મસ્દરે મીમી છે, જિંદગી તથા મૌતના અર્થમાં. **ثلاثی معتل العين** થી મસ્દરે મીમી અને ઝર્ફ એક જ થાય છે, એટલા માટે એની પણ સંભાવના છે કે એ ઝરફે મકાન અથવા ઝરફ મકાન અથવા ઝરફે ઝમાન હોય. મતલબ એ થશે કે જિંદગી તથા મૌતનું સ્થાન અથવા સમયના ફિત્નાથી પનાહ માગું છું. જિંદગીનો ફિત્નો દુનિયાથી આકર્ષાઈને તેમાં ફસાઈ જવું અને વાસનાઓ તથા જહાલતોમાં સપડાવું છે, એમાં સૌથી સખત બુરો અને વાસનાઓ તથા જહાલતોમાં સપડાવું છે, એમાં સૌથી સખત બુરો ખાત્મો છે. **العياذ بالله** મૌતના ફિત્નાથી મુરાદ ક્યાં તો સકરાંતની તકલીફ છે અથવા ક઼બ્રમાં નકીરૈનનું આગમન અને

તેમના સવાલો તથા શૈતાનની દખલઅંદાઝી છે.

**المغرم : غرم**નો મસ્દર મીમી છે, કર્ઝના અર્થમાં. એનો ફિત્નો એ છે કે માણસ શરઈ જરૂરત વિના કરજ લે, અથવા મુરાદ એ છે કે કરજ લઈને હડપ કરવાની નિય્યત હોય. અથવા અદા કરવાની શક્તિ હોવા છતાં અદા કરવામાં મોડુ કરે, નહીં તો જરૂરતના સમયે કરજ ખૂદ હુઝૂરે અક્દસ ﷺ તથા સહાબાએ કિરામે લીધુ છે.

**એક શંકાનું નિવારણ** : હુઝૂરે અક્દસ ﷺના બારામાં ઈર્શાદ છે : **والله يعصمك من الناس** "અલ્લાહ આપની લોકોથી હિફાઝત કરશે." (માઈદા–૬૮) પછી આ તઅવ્વુઝનો શો અર્થ ? દજ્જાલના વિશે ખૂદ ફર્માવ્યું કે અંતિમ જમાનામાં આવશે. પછી એનાથી તઅવ્વુઝની શું જરૂરત ? હદીષના શર્રાહ (સમજૂતી કરનાર)એ ફર્માવ્યું કે આ ઉમ્મતની તા'લીમના માટે છે અને એની બુરાઈ ખૂબ જ અધિક ખતરનાક હોવાનું દર્શાવવાના માટે છે, તેમજ બંદાપણાને તથા આજિઝી (નમ્રતા)ને પ્રદર્શિત કરવા માટે પણ છે.

**મસીહ તથા મસ્સીહ** : શબ્દ **مَسِيْح** (મસીહ)ની તેહકીક ભાગ–૧માં વર્ણન થઈ ચૂકી છે. અબુલ હૈષમે કહ્યું હતું કે દજ્જાલ મસ્સીહ સીનની તશ્દીદની સાથે. **سكيت**ના વઝન પર છે એનો અર્થ એ છે, જેની બનાવટ (સૂરત) બગાડી નાખવામાં આવી હોય. એના નિવારણના માટે ઈમામ બુખારીએ ખલફ બિન આમિર હમ્દાની મશહૂર મુહદ્દિષનો કૌલ નકલ ફર્માવ્યો કે શબ્દ **مسيح** (મસીહ) તથા **مسّيح** (મસ્સીહ)માં કોઈ ફરક નથી. બંને હઝરત ઈસા عليه السلام માટે પણ વપરાય છે અને દજ્જાલ માટે પણ થાય છે પરંતુ મુત્લક (મસીહ) બોલીને હઝરત ઈસા عليه السلام જ મુરાદ લેવામાં આવે છે, અને દજ્જાલને કેવળ મસીહ નથી કહેતા પણ મસીહ દજ્જાલ કહેવામાં આવે છે. **مَسِيْح**નો માદો **مَسَح** છે જેનો અર્થ લૂછવું થાય છે. દજ્જાલને મસીહ કહે છે મફઉલ (કર્મ)ના અર્થમાં લૂછવામાં આવેલ. કેમ કે તે કાણો છે એની એક આંખ ગાયબ છે, જાણે કે લૂછવામાં આવેલી છે, અથવા એટલા માટે કે ભલાઈથી તે ખાલી છે, જાણે ભલાઈ લૂછી નાખવામાં આવી છે. અને હઝરત ઈસા عليه السلامને "મસીહ" ફાઈલ (કર્તા)ના અર્થમાં બોલવામાં આવે છે. કેમ કે એ બીમાર પર હાથ ફેરવી આપતા હતા તો તે સારો થઈ જતો હતો. અથવા એનો માદો **مساحت** છે. હવે "મસીહ" કર્તાના અર્થમાં થયું જેનો અર્થ સૈર કરનાર થશે, કેમ કે હઝરત ઈસા عليه السلام તબ્લીગના માટે હમેશાં ચાલતા રહ્યા અને ક્યાંક મકાન નથી બનાવ્યું, એટલા માટે એમને "મસીહ" કહેવામાં આવે છે, અને દજ્જાલ ૪૦ દિવસમાં આખા વિશ્વમાં ગશ્ત કરશે એટલા માટે એને પણ "મસીહ" કહેવામાં આવે છે. આ એ સ્થિતિમાં છે કે "મસીહ"ને અરબી માને પણ એ નિશ્ચિત છે કે હઝરત ઈસા عليه السلام માટે "મસીહ" ઈન્જીલમાં પણ છે, એનાથી સાબિત થાય છે કે એ ઈબ્રાની ભાષાનો શબ્દ છે. અલ્બત્ત ઈન્જીલમાં નાની સીનને બદલે મોટી શીન છે, અપભ્રંશ કરીને નાની સીન બોલાય છે. ઈબ્રાનીમાં "મસીહ" સિદીકના અર્થમાં છે. અલ્બત્ત એ નિશ્ચિત છે કે દજ્જાલ સાથે જ "મસીહ" છે તે અરબી ભાષાનો શબ્દ છે.

**وعن الزهرى** : મુરાદ એ છે કે મઝકૂર સનદની સાથે આ હદીષ ઈમામ ઝુહરીથી વિસ્તારપૂર્વક તથા સંક્ષિપ્ત, બંને રીતે રિવાયત પામેલી છે. વિસ્તારવાળી પ્રથમ વર્ણન કરી અને હવે સંક્ષિપ્તમાં વર્ણવી. એનો ફાયદો એ છે કે એમાં ઉમ્મુલ મો'મિનીન રસૂલુલ્લાહ ﷺથી સાંભળવાની સ્પષ્ટતા કરી રહ્યાં છે.

**મસાઈલ** : નમાઝમાં તશહ્હુદ પછી દુરૂદ શરીફ તથા દુઆ સુન્નત છે. અહનાફ (હનફીઓ)ને ત્યાં દુઆએ માષૂરાના સિવાય એવી દુઆ પણ કરી શકે છે માષૂરા દુઆઓ તથા કુર્આન મજીદના કલમાઓની જેમ હોય. એવી દુનિયાવી વાતોની દુઆ જે માણસ પણ પૂરી કરી શકતો હોય તે નમાઝમાં જાઈઝ નથી. એનાથી નમાઝ ફાસિદ થઈ જશે. એટલા માટે કે તે વાતચીત સાથે સંકળાયેલી (મુલ્હક બિલ કલામ) છે. મુસ્લિમ શરીફ (૧/૨૦૩ મસાજિદ)માં છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, અમારી આ નમાઝમાં કલામે નાસ (લોકોની વાતચીત)ની કત્અન (સદંતર) ગુંજાઈશ નથી. આ કેવળ તસ્બીહ, તકબીર તથા કુર્આનની તિલાવત છે. ઈમામ શાફઈ તથા ઈમામ માલિક દરેક પ્રકારની દુઆની ઈજાઝત આપે છે.

# حدیث ۵۲٦

**[હદીષ : પર૬]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو عَنْ اَبِیْ بَكْرِ الصِّدِّیْقِ

"હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہما હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી

رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّهٗ قَالَ لِرَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ

રિવાયત કરે છે કે તેમણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી અર્ઝ કરી, મને કોઈ એવી દુઆ શીખવાડી આપો

وَسَلَّمَ عَلِّمْنِیْ دُعَاءً اَدْعُوْ بِهٖ فِیْ صَلَاتِیْ قَالَ قُلِ اللّٰهُمَّ اِنِّیْ ظَلَمْتُ

જેને હું નમાઝમાં માંગ્યા કરું. તો ફર્માવ્યું, આ દુઆ માંગો, હે અલ્લાહ ! મેં મારા ઉપર ખૂબ જ

نَفْسِیْ ظُلْمًا كَثِیْرًا وَّلَا یَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ فَاغْفِرْ لِیْ مَغْفِرَةً

જુલ્મ કર્યો, ગુનાહ કેવળ તું જ માફ કરે છે, મને બખ્શી આપ, એવી બખ્શિશ જે તારી બારગાહે

مِّنْ عِنْدِكَ وَارْحَمْنِیْ اِنَّكَ اَنْتَ الْغَفُوْرُ الرَّحِیْمُ ۔

અક્દસથી હોય. અને મારા ઉપર રહમ (દયા) ફર્માવ ! યકીનન ! તું બખ્શનાર મહેરબાન છે."

(બુખારી, ૧/૧૧૫, અઝાન, ૨/૯૩૬, દઅવાત, મુસ્લિમ–દઅ્વાત, તિર્મિઝી–દઅ્વાત,
નિસાઈ–સલાત, કુનૂત, ઈબ્ને માજહ–દુઆ)

# حدیث ۵۲۷

عَنْ هِنْدٍ بِنْتِ الْحَارِثِ اَنَّ اُمَّ سَلَمَةَ رَضِیَ

**[હદીષ : પર૭]**

"હિન્દ બિન્તે હારિષથી રિવાયત છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત

اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

ઉમ્મે સલમા رضی اللہ عنہا એ બતાવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم સલામ ફેરવીને ફારિગ થઈ જતા તો સ્ત્રીઓ ઉઠીને

## સમજૂતી : પર૭

**પરિપૂર્ણતા :** પ્રકરણ **مكث الامام فی مصلاه بعد السلام** માં હિન્દ બિન્તે હારિષની એ ઓળખ દર્શાવી છે કે એ ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની શાગિર્દોઓમાંથી હતાં. તેમજ એ પણ છે કે એ અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ની સેવામાં આવજા કરતાં હતાં, અને મઅબદ બિન મિક્દાદનાં પત્ની હતાં જે બનૂ ઝહરાના હલીફ (ટેકેદાર) હતા. એક તરીકામાં છેવટમાં એ છે કે, હુઝૂર સલામ ફેરવતા અને હુઝૂરના પરત થતાં પહેલાં સ્ત્રી પરત થઈ જતી અને પોતાના ઘરે પહોંચી જતી.

**فِرَاسِیَّة یا قُرَشِیَّة :** આ પ્રકરણ ત્રણ તરીકાઓ થકી તેમની સિફત (ગુણ) **الفراسیة** આવી છે. અને બે

اِذَا سَلَّمَ قَامَ النِّسَاءُ حِيْنَ يَقْضِي تَسْلِيْمَهٗ وَمَكَثَ يَسِيْرًا قَبْلَ

ઊભી થતી, અને હુઝૂર ઊભા થવામાં થોડીવાર રોકાતા. ઈબ્ને શહાબે કહ્યું, મારું ગુમાન છે,

اَنْ يَّقُوْمَ قَالَ ابْنُ شِهَابٍ فَاُرٰى وَاللّٰهُ اَعْلَمُ اَنَّ مَكْثَهٗ لِكَيْ

અલ્લાહ બેહતર જાણનાર છે કે હુઝૂરનું રોકાવું એટલા માટે હતું કે સ્ત્રીઓ ચાલી જાય એનાથી પહેલાં કે

يَنْفُذَ النِّسَاءُ قَبْلَ اَنْ يُدْرِكَهُنَّ مَنِ انْصَرَفَ مِنَ الْقَوْمِ ؏

નમાઝમાંથી પરત થનારા તેમને મળી શકે." *(બુખારી, ૧/૧૧૬, અઝાન, ૧/૧૧૭, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)*

ت ١٦٥ وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَسْتَحِبُّ

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એને પસંદ કરતા હતા કે જ્યારે ઈમામ **[તઅલીક઼ : ૧૬૫]**

اِذَا سَلَّمَ الْاِمَامُ اَنْ يُّسَلِّمَ مَنْ خَلْفَهٗ

સલામ ફેરવે તો ઈમામની પાછળવાળા પણ સલામ ફેરવે." *(બુખારી, ૧/૧૧૬, અઝાન)*

તરીક઼ાઓથી **امراة من قريش** અને એક તરીક઼ાથી આવ્યું છે. **فراسية**નો મતલબ એ છે કે તે બની ફરાસથી હતાં. વંશવેલો આ પ્રમાણે છે : ફરાસ બિન ગ઼નમ બિન ષઅલ્બા બિન માલિક બિન કનાના. એના પર શંકા એ છે કે હવે એમને ક઼ુર્શિય્યહ્ કહેવું દુરુસ્ત નથી એટલા માટે કે ક઼ુરૈશ સહીહ ક઼ૌલ મુજબ ક્યાં તો નઝર બિન ક઼નાનાનો લક઼બ છે અથવા ફહર બિન માલિક બિન નઝરનો. અમે ભાગ–૧ (પેજ–૨૨૨)માં દર્શાવી આવ્યા છીએ કે બંનેનો સાર એક જ છે. એટલા માટે કે નઝરની નસલ કેવળ માલિકથી અને માલિકની કેવળ ફહરથી ચાલી, તો જે પણ નઝરની નસલથી હશે તે ફહરની નસલ (વંશ)થી જરૂર હશે. અને ફરાસના વર્ણન કરેલા વંશવેલાથી જાહેર છે કે ફરાસ નઝરની ઔલાદ નથી. વળી હિન્દ બિન્તે હારિષ ક઼ુરૈશિયહ્ કઈ રીતે થયાં ? એનો એક જવાબ એ પણ આપવામાં આવ્યો છે કે એક ક઼ૌલ એ છે કે ક઼ુરૈશ કનાનાનો લક઼બ છે પણ એ સહીહ નથી. એનાથી ઉલ્ટી સહીહ હદીષ મૌજૂદ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ ﷻએ ઈસ્માઈલની ઔલાદમાંથી કનાનાને, અને કનાનાનામાંથી ક઼ુરૈશને અને ક઼ુરૈશમાંથી બની હાશિમને પસંદ ફર્માવ્યા. *(મુસ્લિમ, ૨/૨૪૫, ફઝાઈલ, તિર્મિઝી, ૨/૨૦૧, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૧૦૭)* અલ્લામા અયનીએ ઈબ્ને તયનથી નક઼લ ફર્માવ્યું કે એમને ક઼ુરૈશિયહ્ એટલા માટે કહેવામાં આવ્યાં કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે તેમના પતિ મઅબદ બિન મિક઼દાદ ક઼ુરૈશના હલીફ (ટેકેદાર) થઈ ગયા હતા. એનું સમર્થન ઈમામ બુખારીની આ તસ્રીહ (સ્પષ્ટતા)થી પણ થાય છે કે તેમના પતિ બની ઝુહરાના હલીફ હતા. એ તાબઈય્યહ્ ખાતૂન છે.

## તઅલીક઼ : ૧૬૫ની સમજૂતી

અહીં ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે : "ઈમામ સાથે મુક઼્તદી પણ સલામ ફેરવે." પણ અષરમાં **اذا** છે જે જાહેરી રીતે શર્તના માટે છે અને મશ્રૂતનો તહક઼્ક઼ુક઼ શર્ત પછી થાય છે, જેનાથી જાહેર થાય છે કે મુક઼્તદી ઈમામ પછી ફેરવે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે અહીં **اذا** શર્તના માટે નથી બલ્કે પોતાના અસલી અર્થ **ظرف**ના માટે છે. તો એનો અર્થ એ થયો કે જે વખતે ઈમામ સલામ ફેરવે તો મુક઼્તદી પણ એ જ વખતે તેની સાથે

## حديث ٥٢٨

**[હદીષ : ૫૨૮]**

اَخْبَرَنِیْ عَمْرٌو اَنَّ اَبَا مَعْبَدٍ مَّوْلَی ابْنِ عَبَّاسٍ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ખબર આપી કે ફર્ઝ નમાઝથી ફારિગ*

اَخْبَرَهٗ اَنَّ ابْنَ عَبَّاسٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا اَخْبَرَهٗ

*થયા બાદ બુલંદ અવાજથી ઝિક્ર કરવો નબી ﷺ ના*

اَنَّ رَفْعَ الصَّوْتِ بِالذِّکْرِ حِیْنَ یَنْصَرِفُ النَّاسُ مِنَ

*મુબારક સમયમાં હતું, અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું,*

સલામ ફેરવે. ઈમામ સાથે મુસ્તહબ છે અને ખૂદ સલામ અહીં વાજિબ છે. અને ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ વગેરેને ત્યાં ફર્ઝ છે. એમની દલીલ આ હદીષ છે કે હુઝૂરે અક્દસ ﷺ એ ફર્માવ્યું, **مفتاح الصلوٰة الطهور وتحر يمها التكبير وتحليلها التسليم** "નમાઝની ચાવી પાકી છે અને તેની તહરીમા તકબીર અને તેની તેહલીલ તસ્લીમ છે." *(અબૂ દાઊદ, ૧/૯ તહારત)* તેમની દલીલ એ છે કે અહીં મસ્દર મઝાફ મુબ્તદા છે અને મસ્દર મુઅર્રફ બિલ લામ ખબર, આ તરકીબ હસ્રનો ફાયદો આપે છે. એનાથી સાબિત કે નમાઝથી બહાર આવવું સલામ કહેવામાં મુનહસ્ર (સમાયેલુ) છે. અમારો જવાબ એ છે કે પ્રથમ તો આ હદીષના એક રાવી ઈબ્ને અક઼ીલ ઝઈફ છે. બીજુ કે આ ખબરે વાહિદ છે. આ સાબિત ફર્ઝિયતના માટે પૂરતી નથી. ત્રીજુ એ અઅ્રાબીઓને જેમણે નમાઝ સહીહ ન પઢી હતી તેમને સહીહ નમાઝની તા'લીમ આપી પણ સલામને વર્ણન ન કરી. જો સલામ ફર્ઝ હોત તો તેને પણ વર્ણન કરતા. ચોથુ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ને ફર્માવ્યું, જ્યારે તેં એવું કહી લીધું અથવા કરી લીધું તો તમારી નમાઝ પૂરી થઈ ગઈ. એમાં પણ સલામનું વર્ણન નથી. પાંચમું બીજી જિલ્દમાં હદીષ–૨૭૯ વર્ણન થઈ ચૂકી કે હુઝૂરે અક઼દસ ﷺ એ ઝોહરની નમાઝ પાંચ રકાત પઢાવી અને સલામ ફેરવી દીધી. પછી જ્યારે અર્ઝ કરવામાં આવી તો પોતાના પગ મુબારકને વાળ્યો અને ક઼િબ્લા પ્રતિ મોં કર્યું અને સજદાએ સહ્વ કર્યો. જો સલામ ફર્ઝ હોત તો જ્યારે કે ચાર રકાત પર સલામ ન ફેરવી હતી તો નમાઝ ફાસિદ થઈ જવી જોઈતી હતી, સજદએ સહ્વથી કામ ન ચાલત. એનાથી માલૂમ પડયું કે સલામ ફર્ઝ નથી વાજિબ છે, જેના ત્યજવાથી સિજદાએ સહ્વ લાઝિમ છે. તેમજ ઈમામ શાફઈ વગેરેની મુસ્તદલ હઝરત અલી کرم اللہ وجہہ الکریم વાળી હદીષ મઝકૂર **تحليلها التسليم** પણ વાજિબ હોવા માટેની જ દલીલ છે. એટલા માટે કે ખબરે વાહિદ વાજિબ હોવા માટે ફાયદાકારક છે ન કે ફર્ઝિયત માટે ફાયદાકારક છે.

### સમજૂતી : ૫૨૮–૫૨૯

પ્રથમ હદીષમાં اَعْلَمُ છે અને બીજી હદીષમાં اَعْرِفُ છે. જ્યારે કે ઈલ્મ તથા મઅરેફત (જાણવું તથા ઓળખવું)માં ફરક છે. મઅરેફતનો ઉપયોગ જુઝઈય્યાતમાં છે અને ઈલ્મનો કુલ્લિયાતમાં. અહીં બનાવ જુઝઈય્યા છે. એનો ખુલાસો એ છે કે પ્રથમ હદીષમાં ઈલ્મ એ મઅરેફતના અર્થમાં છે. પ્રથમ હદીષમાં "ઝિક્ર" અને બીજી હદીષમાં "તકબીર" છે. "તકબીર" એ "ઝિક્ર"નો જ ફર્દ (હિસ્સો) છે. એનાથી જાહેર છે કે તકબીરનો

الْمَكْتُوْبَةِ كَانَ عَلٰى عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

હું લોકોના નમાઝથી ફારિગ થવાને ઝિક્રથી

وَقَالَ ابْنُ عَبَّاسٍ كُنْتُ اَعْلَمُ اِذَا نَصَرَفُوْا بِذٰلِكَ اِذَا سَمِعْتُهُ

જાણતો હતો જ્યારે તેને સાંભળતો." (બુખારી, ૧/૧૧૬, અઝાન, મુસ્લિમ, અબૂ દાઊદ–સલાત)

## حديث ٥٢٩

**[હદીષ : પર૯]**

اَخْبَرَنِيْ اَبُوْ مَعْبَدٍ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે

اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كُنْتُ اَعْرِفُ اِنْقِضَاءَ

હું નબી صلی اللہ علیہ وسلم ના નમાઝથી ફારિગ થવાને

صَلٰوةِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالتَّكْبِيْرِ

તકબીર થકી ઓળખતો હતો." (ઉપર મુજબ)

ت ١٦٦ قَالَ عَلِيٌّ حَدَّثَنَا سُفْيَانُ عَنْ عَمْرٍو

**[તઅલીક઼ : ૧૬૬]** "અલી બિન મદીનીએ અમ્ર બિન દીનારથી રિવાયત કરતાં કહ્યું કે

قَالَ كَانَ اَبُوْ مَعْبَدٍ اَصْدَقَ مَوَالِيْ ابْنِ عَبَّاسٍ

તેમણે કહ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસના ગુલામોમાંથી સાચા મઅબદ છે.

મકસદ દા.ત. કલ્મએ તૈયેબહ પઢવો, દુરૂદ શરીફ પઢવું, સર્વ ઝિક્રના ફર્દો (વિભાગો) છે. ઈમામ ક઼ાઝી અયાઝે ફર્માવ્યું, જાહેરી રીતે માલૂમ થાય છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما જમાઅતમાં શરીક થતા ન હતા, નહીં તો સલામ થકી નમાઝના પૂર્ણ થવાને જાણી લેતા. એમાં કોઈ વાંધો પણ નથી, એટલા માટે કે આપ નબવી યુગમાં બાલિગ ન હતા. પણ એની પણ સંભાવના છે કે બાળક હોવાના કારણે પાછલી સફોમાં રહેતા હોય અને સલામ ન સાંભળતા હોય, પણ ઝિક્ર તથા તકબીર બુલંદ અવાજથી હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે સર્વ મુક્તદી કરતા હતા એટલા માટે એને સાંભળી લેતા હતા.

### તઅલીક઼ : ૧૬૬ની સમજૂતી

એના ઉલ્લેખની જરૂરત એ આવી પડી કે મુસ્નદે ઈમામ અહમદ (૧/૨૨૨) તથા મુસ્લિમ (મસાજિદ–૨૧૭)માં છે કે હઝરત અમ્ર બિન દીનારે કહ્યું, આપે એને મને વર્ણવી છે. એના કારણે આ હદીષની સેહત (સહીહ હોવામાં)માં શંકા થઈ ગઈ. ઈમામ બુખારીએ હઝરત ઈબ્ને મદીનીથી ઉપર મુજબની રિવાયત

قَالَ عَلِيٌّ وَّ اِسْمُہٗ نَافِعٌ

*હું તથા અલી મદીનીએ કહ્યું, તેમનું નામ નાફિઅ છે."*

*(બુખારી, ૧/૧૧૬, અઝાન, મુસ્લિમ, અબૂ દાઊદ–સલાત, નિસાઈ–સલાત)*

## حديث ٥٣٠

**[હદીષ : ૫૩૦]**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે*

قَالَ جَاءَ الْفُقَرَاءُ اِلَی النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

*તંગદસ્ત (ગરીબ) વ્યક્તિઓ નબી ﷺની ખિદમતમાં હાજર થયા અને*

فَقَالَ ذَهَبَ اَهْلُ الدُّثُوْرِ مِنَ الْاَمْوَالِ بِالدَّرَجَاتِ

*અર્ઝ કરી કે દૌલતમંદ (માલદાર) લોકોએ મોટા મોટા દરજ્જા અને ક઼ાયમી નેઅમત હાંસલ કરી લીધી,*

الْعُلٰی وَالنَّعِيْمِ الْمُقِيْمِ يُصَلُّوْنَ كَمَا نُصَلِّیْ وَيَصُوْمُوْنَ

*જેવી રીતે અમે નમાઝ પઢીએ છીએ તેમ તેઓ પણ પઢે છે, અને જેમ અમે રોઝા રાખીએ છીએ તેમ તેઓ*

વર્ણવીને એવું દર્શાવવા ચાહ્યું છે કે એનાથી આ હદીષની સેહતમાં કોઈ ખરાબી નથી આવતી. એટલે કે આ હદીષ ઈમામ બુખારીની નજીક એટલા દરજાની આ'લા સહીહ છે કે આ સહીહમાં નોંધવા પાત્ર છે. અને એ જ ઈમામ મુસ્લિમે પણ ફાયદો કરી આપ્યો. એનાથી જાહેર થઈ ગયું કે હદીષના રાવી વર્ણન કર્યા બાદ ભૂલી જાય અને રિવાયત કરનાર આદિલ હોય તો એની રિવાયત ઈમામ શાફઈની જેમ આ બંને બુઝુર્ગોની નજીક સ્વીકાર્ય છે. પણ અમારો મઝહબે મુખ્તાર (પસંદીદા) તફસીલ છે જે ઉમ્મદુલ ક઼ારીમાં વર્ણન કરેલ છે.

### સમજૂતી : ૫૩૦

**દુષૂર** دثور **દષ્ર** دثر નું બહુવચન છે એનો અર્થ અઢળક માલ છે, એટલે અધિક માલવાળા. અબૂ દાઊદમાં છે કે હઝરત અબૂઝર رضی اللہ عنہ પણ એમાં હતા અને પ્રશ્ન કરનાર પણ એ જ હતા. તિર્મિઝી (૧/૨૧૧ સલાત)માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષમાં છે કે "અલ્લાહુ અકબર" ૩૪ વાર પઢવાનું ફર્માવ્યું. અને "લાઈલાહ ઈલ્લલ્લાહ" ૧૦ વાર. મુસ્લિમ (૧/૨૧૯ મસાજિદ)માં આ હદીષનો અંતિમ હિસ્સો આ પ્રમાણે છે કે, ત્યાર બાદ ફુક઼રા (ગરીબો) ફરી હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી કે, અમારા માલદાર ભાઈઓએ સાંભળી લીધું અને તેમણે પણ પઢવાનું શરૂ કરી આપ્યું ! તો ઈર્શાદ થયો, આ અલ્લાહનો ફઝ્લ છે જેને ચાહે અતા કરે. બઝ્ઝાર (ઉમ્મદતુલ ક઼ારી, ૬/૧૨૮)માં હઝરત ઈબ્ને ઉમરની હદીષમાં આટલુ વધારે છે, હે મોહતાજો ! શું તમને એ વાત ખુશ નથી કરતી કે તમે લોકો માલદારો કરતાં ૫૦૦ વરસ પહેલાં જન્નતમાં જશો. અબૂ દાઊદ (૧/૨૧૧ સલાત)માં છે કે એને આ દુઆ પર ખત્મ કરતા :–

كَمَا نَصُوْمُ وَ لَهُمْ فَضْلُ مِّنْ اَمْوَالٍ يَحُجُّوْنَ

પણ રોઝા રાખે છે. અને તેમને માલના કારણે ઉચ્ચતા હાંસલ છે કે તેઓ હજ્જ કરે છે, ઉમરા કરે છે અને

بِهَا وَ يَعْتَمِرُوْنَ وَ يُجَاهِدُوْنَ وَ يَتَصَدَّقُوْنَ

જેહાદ કરે છે અને સદક઼ા કરે છે (જેનાથી અમે મેહરૂમ છીએ) આ સાંભળીને હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, શું હું

فَقَالَ اَلَا اُحَدِّثُكُمْ بِمَا اِنْ اَخَذْتُمْ بِهٖ

તમને લોકોને એવો અમલ ન બતાવું કે જો તેને કરો તો જે લોકો તમારાથી આગળ વધ્યા છે એના સુધી પહોંચી

اَدْرَكْتُمْ مَنْ سَبَقَكُمْ وَلَمْ يُدْرِكْكُمْ اَحَدٌ بَعْدَكُمْ وَكُنْتُمْ خَيْرَ مَنْ اَنْتُمْ بَيْنَ ظَهْرَانِيْهِمْ اِلَّا

જાવ ! અને તમારા બાદવાળા તમને ન પામી (પહોંચી) શકે, અને વર્તમાનમાંનાઓમાં સૌથી બેહતર થઈ

مَنْ عَمِلَ مِثْلَهٗ تُسَبِّحُوْنَ وَ تَحْمَدُوْنَ وَ تُكَبِّرُوْنَ خَلْفَ

જાવ ?! પણ તે જે એના જેમ અમલ કરે. સુબ્હાનલ્લાહ (سُبْحَانَ اللّٰهِ) તથા અલ્હમ્દુલિલ્લાહ (اَلْحَمْدُ لِلّٰهِ)

كُلِّ صَلٰوةٍ ثَلٰثًا وَّ ثَلٰثِيْنَ فَاخْتَلَفْنَا بَيْنَنَا فَقَالَ بَعْضُنَا نُسَبِّحُ

તથા અલ્લાહુ અકબર (اَللّٰهُ اَكْبَرُ) દરેક નમાઝ પછી ૩૩–૩૩ વાર પઢયા કરો. ત્યારબાદ અમે મતભેદ

ثَلٰثًا وَّ ثَلٰثِيْنَ وَنَحْمَدُ ثَلٰثًا وَّ ثَلٰثِيْنَ وَنُكَبِّرُ اَرْبَعًا وَّ ثَلٰثِيْنَ فَرَجَعْتُ

કર્યો, અમુકે કહ્યું કે સુબ્હાનલ્લાહ ૩૩ વાર, અલ્હમ્દુલિલ્લાહ ૩૩ વાર અને અલ્લાહુઅકબર ૩૪ વાર. તો મેં

اِلَيْهِ فَقَالَ تَقُوْلُ سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَ اللّٰهُ اَكْبَرُ

હુઝૂરથી ફરી પૂછયું તો ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ તથા અલ્હમ્દુલિલ્લાહ તથા અલ્લાહુ અકબર કહો ત્યાં

حَتّٰى يَكُوْنَ مِنْهُنَّ كُلِّهِنَّ ثَلٰثٌ وَّ ثَلٰثُوْنَ ـع

સુધી કે તેમાંથી દરેક ૩૩ વાર થઈ જાય.

(બુખારી ૧/૧૧૬ અઝાન, ૨/૯૩૭ દઅ્વાત, અર્રિક઼ાબ–૯૫૮, અલ્ ક઼દર–૯૭૯, અબૂ એઅ્તિસામ–૧૦૨૮, મુસ્લિમ–સલાતે મસાજિદ, અબૂ દાઊદ સલાત–વિત્ર, તિર્મિઝી–મવાકીત, નિસાઈ–સહ્વ, ઈબ્ને માજહ–ઈકામતુસ્સલાત, દારમી–સલાત, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૯૩)

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ "અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, તે એકલો છે તેનો કોઈ શરીક નથી. તેના માટે મુલ્ક છે અને તેના જ માટે હમ્દ (પ્રશંસા) છે અને તે દરેક ચીજ પર ક઼ાદિર (શક્તિમાન) છે."

**خلف كل صلوٰة** : એટલે કે ફર્ઝો પછી જેમ કે મુસ્લિમ (૧/૨૧૯ મસાજિદ)માં હઝરત કઅબ ઈબ્ને ઉ઼જરાની

# حديث ٥٣١

[હદીષ : ૫૩૧]

عَنْ وَرَّادٍ كَاتِبِ الْمُغِيْرَةِ بْنِ شُعْبَةَ قَالَ

"હઝરત મુગીરા ઈબ્ને શઅબાના કાતિબ (લહિયા) વર્રાદે કહ્યું કે મુગીરા

اَمْلٰی عَلَیَّ الْمُغِيْرَةُ بْنُ شُعْبَةَ فِیْ كِتَابٍ اِلٰی مُعَاوِيَةَ

બિન શઅબાએ મુઆવિયાના નામે પત્રમાં મારી પાસે લખાવ્યું કે નબી ﷺ

اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقُوْلُ فِیْ دُبُرِ

દરેક ફર્ઝ નમાઝ પછી પઢતા હતા : અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ

كُلِّ صَلٰوةٍ مَّكْتُوْبَةٍ، لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ،

નથી, તે એકલો છે તેનો કોઈ શરીક નથી. તેના માટે મુલ્ક છે, તેના માટે હમ્દ છે, અને તે દરેક ચીજ પર

لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِيْرٌ اَللّٰهُمَّ لَا

ક઼ાદિર (શક્તિમાન) છે. હે અલ્લાહ ! જે તું અતા ફર્માવે એનાથી રોકનાર કોઈ નથી અને જેને તું મના કરી

مَانِعَ لِمَا اَعْطَيْتَ وَلَا مُعْطِیَ لِمَا مَنَعْتَ وَلَا يَنْفَعُ

આપે કોઈ આપનાર નથી. તારા મુક઼ાબલામાં કોઈ માલદારને તેની દૌલત લાભ આપશે નહીં. અને હસને

હદીષમાં મક઼તૂબાની ક઼ૈદ છે. જે ફર્ઝો પછી નફ્લો છે તેમાં નફ્લો પછી પઢે.

**મસાઈલ** : એમાં મતભેદ છે કે સાબિર ફ઼કીર અફઝલ છે કે શાકિર માલદાર. સૂફિયા હઝરાતનો પસંદીદા મઝહબ એ છે કે સાબિર ફ઼કીર અફઝલ છે, એટલા માટે કે વુસૂલે ઈલ્લલ્લાહ (અલ્લાહ ﷻ સુધી પહોંચવાનો)નો દારોમદાર તહઝીબે નફ્સ (નફ્સને સુધારવું અને તેની સુધારણા માટે મુશ્કેલીઓ સહન કરવી.) તથા રિયાઝત તથા દિલ જમઈ (દિલની એકાગ્રતા) પર છે અને આ દૌલત ફકીરોના હિસ્સામાં છે. પણ આ હદીષ એના પર દલીલ છે કે માલદાર શાકિર જો ઈબાદતોમાં સાબિર ફ઼કીરના સમાન છે અને સદક઼ાઓ તથા અન્ય માલી ઈબાદતો કરે છે તો તે અફઝલ છે. غبطہ રશ્ક એ સારી વાતોમાં બુરો નથી. અલ્બત્ત હસદ બુરો છે. રશ્ક એ છે કે કોઈના ફઝ્લો કમાલ, નેઅમત તથા ઈજ્જતને જોઈને એવી આરઝૂ કરે કે કાશ ! મને પણ આ નેઅમત મળી હોત ! તેની પડતીની ખ્વાહિશ કર્યા વિના. અને હસદ એ છે કે એવી તમન્ના હોય કે એ નેઅમત તેનાથી દૂર થઈ જાય અને મને મળી જાય. નેક અમલોમાં હરીફાઈ કરવું મુસ્તહબ છે.

**સમજૂતી : ૫૩૧** الجد : ઈમામ નવવીએ ફર્માવ્યું, મશહૂર રિવાયત જેના પર જમહૂર છે જીમનો ફતહ (ઝબર) છે. એનો અર્થ એ છે કે غِنٰی۔ حظ۔ بخت۔ عظمت અહીં સર્વ અર્થો દુરુસ્ત છે. જાહેર છે કે مِنْ બદલના માટે છે. જેમ કે કુર્આન મજીદમાં છે : اَرَضِيْتُمْ بِالْحَيٰوةِ الدُّنْيَا مِنَ الْاٰخِرَةِ "આખેરતના બદલે દુનિયાની

ذَا الْجَدِّ مِنْكَ الْجَدُّ وَقَالَ الْحَسَنُ جَدٌّ غِنًى۔

કહ્યું કે જદ્દ (جَدٌّ)નો અર્થ માલદારી છે." (બુખારી, ૧/૧૧૭ અઝાન બાબુઝ્ઝિક્ર બાદિસ્સલાત)

| | |
|---|---|
| حدیث ۵۳۲ | عَنْ سَمُرَةَ بْنِ جُنْدُبٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ |
| [હદીષ : ૫૩૨] | "હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ જ્યારે |

قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِذَا صَلّٰى صَلٰوةً أَقْبَلَ عَلَيْنَا بِوَجْهِهٖ

કોઈપણ નમાઝથી ફારિગ થતા તો પોતાનો ચહેરો મુબારક અમારી તરફ કરતા."

(બુખારી, ૧/૧૧૭ અઝાન, ૧/૧૫૮ જનાઈઝ, મુસ્લિમ, નિસાઈ)

જિંદગી પર રાજી થઈ ગયા." અને ફર્માવ્યું : **وَلَوْ نَشَاءُ لَجَعَلْنَا مِنْكُمْ مَلٰئِكَةً فِى الْاَرْضِ يَخْلُفُوْنَ** "જો અમે ચાહીએ તો તમારા બદલે જમીનમાં ફરિશ્તા કરી દઈશું જે તમારી જગા લેશે."

અને મઝાફ મહઝૂફ છે એટલે તાઅત (આજ્ઞાપાલન). હવે અર્થ એ થયો કે, કોઈ માલદારને તેની દૌલત તારા આજ્ઞાપાલનના બદલામાં લાભ આપશે નહીં. જોહરીએ કહ્યું કે **من** એ **عند**ના અર્થમાં છે. હવે અર્થ એ થયો કે, "કોઈ માલદારને તેની દૌલત તારા હુઝૂર લાભ આપશે નહીં." એટલે કે જો એને આજ્ઞાપાલનમાં ખર્ચી નથી. ઈબ્ને તયને કહ્યું, અહીં **من** ન તો **عند**ના અર્થમાં છે અને ન બદલ છે. બલ્કે એ એ જ પ્રમાણે છે જેવું કહેવામાં આવે છે : **لا ينفعك منى شى ان انا ارد تك بسوء** જો હું તારી સાથે બુરાઈનો ઈરાદો કરી લઉં તો તને કોઈ ચીજ લાભ આપશે નહીં. હવે અહીં અર્થ એ થયો કે જો અલ્લાહ ﷻ કોઈની સાથે બુરાઈનો ઈરાદો કરે તો કોઈને તેની દૌલત તથા અઝમત વગેરે ફાયદો આપશે નહીં. અનુવાદ આ પ્રમાણે થશે : "તારા મુકાબલામાં કોઈ માલદારને એની દૌલત ફાયદો આપશે નહીં."

મુસ્નદે અબ્દ બિન હમીદમાં મઅમર બિન અબ્દુલમલિક બિન ઉમરની રિવાયતથી **ولا راد لما قضيت** છે. અને **ولا معطى لما منعت** નથી, બેહતર એ છે કે બંનેને પઢી લેવામાં આવે.

**قال الحسن** : આ અષરને ઈબ્ને અબી હાતિમ તથા અબ્દ બિન હમીદે મુત્તસિલ સનદ સાથે વર્ણન કરી છે. અલ્લાહ ﷻનો ઈર્શાદ : **وَاِنَّهٗ تَعَالٰى جَدُّ رَبِّنَا** ની તફસીરમાં ઈમામ હસન બસરીએ ફર્માવ્યું કે **جد**એ **غنى**ના અર્થમાં છે. તર્જુમો આ પ્રમાણે થયો : "અને બેશક ! આપણા રબની બેનિયાઝી બુલંદ છે તેણે ન પત્ની બનાવી ન ઔલાદ. એટલે કે તદ્દન તેને કોઈની કોઈ હાજત નથી. તે દરેક બેનિયાઝથી વધીને બેનિયાઝ છે. અષરમાં **جد** વિના તન્વીન પેશ સાથે છે હિકાયતના રૂપે."

## સમજૂતી : ૫૩૨

આ એક લાંબી હદીષનો ટુકડો છે જે કિતાબુલ જનાઈઝમાં વિસ્તારપૂર્વક વર્ણન થયેલ છે. વિગતવાર હદીષ ત્યાં વર્ણન થશે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે આ હદીષનો સિયાક (આગળ પાછળની સ્થિતિ)એ દર્શાવી રહી છે કે આદતે કરીમા એ જ હતી કે દરેક નમાઝ બાદ સલામ ફેરવીને ચહેરો મુબારક સહાબાએ કિરામની તરફ કરી લેતા હતા. **اذا صلى صلوٰة**માં **صلوٰة**ની તન્કીર પણ એના માટે દલીલ પુરવાર કરે છે. પણ આ ઉમૂમ કુલ્લી તૌર પર સહીહ નથી એટલા માટે કે વિવિધ હદીષોમાં વર્ણન થયેલ છે કે કદી ચહેરો મુબારક જમણી તરફ કરતા કદી ડાબી તરફ.

# حدیث ۵۳۳

[હદીષ : ૫૩૩]

عَنْ زَیْدِ بْنِ خَالِدِ الْجُهَنِی رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

"હઝરત ઝયદ બિન ખાલિદ જુહની رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ હુદૈબિયહ્‌માં

اَنَّهُ قَالَ صَلّٰی رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ صَلٰوةَ الصُّبْحِ

સવારની નમાઝ પઢી. વરસાદ પછી જે રાતમાં થઈ ચૂકી હતી. જ્યારે નમાઝથી ફારિગ થયા તો

بِالْحُدَیْبِیَّةِ عَلٰی اَثْرِ سَمَاءٍ كَانَتْ مِنَ اللَّیْلِ فَلَمَّا انْصَرَفَ اَقْبَلَ

લોકો તરફ ચહેરો મુબારક ફેરવ્યો. અને પૂછ્યું, શું તમે લોકો જાણો છો તમારા પરવરદિગારે શું ફર્માવ્યું ?

عَلَی النَّاسِ فَقَالَ هَلْ تَدْرُوْنَ مَاذَا قَالَ رَبُّكُمْ عَزَّ وَجَلَّ قَالُوْا

લોકોએ અર્ઝ કરી, અલ્લાહ અને તેના રસૂલ સારી રીતે જાણે છે. (ફર્માવ્યું) અલ્લાહ عزوجل એ ઈર્શાદ ફર્માવ્યો,

اَللّٰهُ وَرَسُوْلُهُ اَعْلَمُ قَالَ اَصْبَحَ مِنْ عِبَادِیْ مُؤْمِنٌ بِیْ وَكَافِرٌ

મારા બંદાઓમાં કેટલાક મો'મિન બન્યા, કેટલાક કાફિર. જે લોકોએ આવું કહ્યું, અલ્લાહના ફઝ્‌લ અને

فَاَمَّا مَنْ قَالَ مُطِرْنَا بِفَضْلِ اللّٰهِ وَرَحْمَتِهٖ فَذٰلِكَ مُؤْمِنٌ

તેની રહમતથી વર્ષા થઈ, એ મારા પર ઈમાન લાવનાર છે, તારાઓનો ઈન્કાર કરનારા છે. અને જે

بِیْ كَافِرٌ بِالْكَوْكَبِ وَاَمَّا مَنْ قَالَ مُطِرْنَا بِنَوْءِ كَذَا

લોકોએ કહ્યું, કે આપણા પર વર્ષા ફલાણા ફલાણા નક્ષત્રથી થઈ. એઓ મારા મુન્કિર (ન માનનારા)

وَكَذَا فَذٰلِكَ كَافِرٌ بِیْ مُؤْمِنٌ بِالْكَوْكَبِ ؏

અને તારાઓને માનનારા થયા."

(બુખારી, ૧/૧૧૭ અઝાન, ૧/૧૪૧ ઈસ્તિસ્કાઅ્‌, ૨/૫૯૭ મગાઝી, મુસ્લિમ–ઈમાન, અબૂ દાઊદ–તિબ્બ, તિર્મિઝી–તફસીર, નિસાઈ–ઈસ્તિસ્કાઅ્‌)

**સમજૂતી : ૫૩૩**

હુદૈબિયહ્‌ એ મક્કા મોઅઝ્ઝમાની નજીક એક મંઝિલના અંતરે એક કૂવાનું નામ છે. એના નામથી ત્યાં વસ્તીને પણ હુદૈબિયહ્‌ કહે છે. એ હરમની હદોમાં સૌથી વધારે દૂર છે. એનો અમુક હિસ્સો હિલમાં છે અમુક હરમમાં છે. હિ.સ. ૬ના ઝિલ કઅદામાં હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ઉમરાની નિય્યતથી જઈ રહ્યા હતા. હુદૂબિયહ્‌

પહોંચ્યા તો મક્કાના મુશ્રિકોએ રોકી દીધા અને સુલહનો કરાર કરીને હુઝૂરે અકદસ ﷺ પરત થઈ ગયા. કરારનામા પ્રમાણે આવતા વરસે હિ.સ. ૭ ઉમરો કર્યો. અહીં જ "બયઅતે રિદ્વાન" થઈ હતી. હુદૈબિયહ્ "હુદબા"નો અપભ્રંશ છે જે એક ઝાડનું નામ છે. અહલે હિજાઝ એને તશ્દીદ વિના "હુદય્બિયહ્" પઢે છે અને ઈરાકી છેલ્લા "યા"ની તશ્દીદની સાથે (હુદૈબિય્યહ્). અને મોટાભાગના મુહદ્દિષો પણ તશ્દીદ સાથે જ પઢે છે.

مطرنا بنوء كذا : نصرينصر ،ناء ينوء نوء-થી આવે છે, એનો અર્થ મુશ્કેલી સાથે ઉઠવું. نوء-નું બુહવચન انواء છે. આ અઠ્ઠાવીસ તારાઓ છે. તેર દિવસ પર એમાંથી એક મગરિબમાં ડૂબે છે અને એની સામે પૂર્વમાં એક ઉગે છે. જ્યારે એમનામાંથી ડૂબે છે અને એના સામેવાળો ઉગે છે તો જાહિલિયતના જમાનામાં અરબો કહેતા કે હવે વરસાદ થશે અથવા લાભ થશે. જેવી રીતે આપણા હિંદુસ્તાનમાં નક્ષત્રોના બારામાં વરસાદના વિશે માન્યતા છે. **જો એવો અકીદો હોય કે તારાઓ જ વરસાદ વરસાવે છે તો આ અકીદો કુફ્ર છે, અને જો એવો અકીદો હોય કે વરસાદ અલ્લાહના હુકમથી જ વરસે છે વિવિધ તારાઓનુ ઉગવું તથા આથમવું એ એની નિશાની છે તો એમાં કોઈ વાંધો નથી.** એટલા માટે એવું કહેવું કે ફલાણા નક્ષત્રને કારણે વરસાદ થયો એ મના છે, અને એવું કહેવું કે ફલાણા નક્ષત્રમાં વર્ષા થઈ, એ જાઈઝ છે.

كذا : ત્રણ રીતે આવે છે. અવ્વલ કાફ તશ્બીહ ذا ઈસ્મે ઈશારા. જેમ કે زيد فاضل وعمرو كذا. બીજુ એ કે બે કલ્માઓથી સંકલિત થઈને એક કલ્મો થઈ ગયો અને એ અદદ કિનાયાથી ન હોય. જેમ કે હદીષમાં છે કે બંદાને કયામતના દિવસે કહેવામાં આવશે. اتذكريوم كذا وكذا فعلت كذا وكذا ત્રીજુ એ કે બે કલ્મા સંકલિત થઈને એક કલ્મો છે અને એ કિનાયા અદદથી હોય, જેમ કે અહીં છે. નિસાઈમાં છે : مطرنا بنوء المجدح મજદહનું બીજુ નામ દબરાન છે, એ એક લાલ તારો છે જે ષુરૈયાની પાછળ રહે છે.

كافربي ومومن بالكوكب : અહીં કુફ્ર તથા ઈમાનનો અર્થ શાબ્દિક છે, એટલે કે મારો મુન્કિર અને નક્ષત્રને માનવાવાળો છે. સૌદાનો એક શેઅર છે :–

***હુવા જબ કુફ્ર ષાબિત હૈ યહ તમ્ગ઼ાએ મુસલમાની–ન છૂટે શયખસે તસ્બીહ ઝુન્નારે સુલયમાની***

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી એનો મતલબ પૂછવામાં આવ્યો તો લખ્યું : "શેઅરનો જાહેર મતલબ જ્યાં સુધી શાઈરે મુરાદ લીધો હશે તે એ છે કે દાનાએ સુલયમાનીમાં જેની તસ્બીહ ખૂબ જ ઈબાદતગુઝારો તથા ખૂબ જ મોટા પરહેઝગારો રાખે છે તે જનોઈના રૂપમાં મૌજૂદ છે. એના ઉપર લટકનારી દોરી હોય છે તેનું રાખવું ફકીરીનો તોહફો છે. શાઈરે એનાથી વિશેષ લગભગ કાંઈ ન સમજ્યું હશે. આ એક બેહૂદા અર્થ છે. પણ આકસ્મિક રીતે તેના કલમથી એક શબ્દ એવો નીકળી ગયો જેણે આ શેઅરને અર્થપૂર્ણ તથા વજનદાર બનાવી દીધો. એ શબ્દ "ષાબિત" છે. જનોઈ કે જેને કાફિરો બાંધે છે. જનોઈ ઝાઈલ છે કે એક ઝટકામાં તૂટી શકે છે અને દાનાએ સુલયમાનીમાં જે એની તસ્વીર છે તે સાબિત છે કે જ્યાં સુધી દાણો રહેશે ત્યાં સુધી કાયમ રહેશે. આમ કુફ્ર બે પ્રકારનાં છે એક કુફ્રે ઝાઈલ (ખત્મ થનાર કુફ્ર) જે કાફિરોનું કુફ્ર છે, દરેક કાફિર મૃત્યુ બાદ તેનાથી બેઝાર થઈ જાય છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَاتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اٰلِهَةً لِّيَكُوْنُوْا لَهُمْ عِزًّا - كَلَّا سَيَكْفُرُوْنَ بِعِبَادَتِهِمْ وَيَكُوْنُوْنَ عَلَيْهِمْ ضِدًّا - "તેમણે અલ્લાહના સિવાય અન્યોને મઅબૂદ બનાવ્યા જેથી કરીને તેમની ઈજ્જત થાય. હરગિઝ નહીં ! નજીકમાં જ તેમની ઈબાદતથી કુફ્ર કરશે અને એમના વિરોધી થશે." *(સૂ. મરયમ)*

બીજુ કુફ્ર સાબિત છે જેને ઉલમાએ દીને ઈમાનનો ભાગ કહ્યો છે. આ તે છે જેને કુર્આને અઝીમ ફર્માવે છે :

| عَنْ نَافِعٍ قَالَ كَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى | حدیث ۵۳۴ |
|---|---|
| "નાફેઅએ કહ્યું કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما | [હદીષ : ૫૩૪] |

عَنْهُمَا يُصَلِّي فِي مَكَانِهِ الَّذِي صَلَّى فِيهِ الْفَرِيضَةَ ؏

જ્યાં ફર્ઝ પઢતા ત્યાં નફ્લ પઢતા." (બુખારી ૧/૧૧૭, અઝાન)

| وَفَعَلَهُ الْقَاسِمُ ؏ | ت ۱۶۷ |
|---|---|
| "અને એવું જ ક઼ાસિમ બિન મુહમ્મદે કર્યું." (ઉપર મુજબ) | [તઅલીક઼ : ૧૬૭] |

فَمَنْ يَّكْفُرْ بِا طَّاغُوْتِ وَيُؤْمِن بِاللّٰهِ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى لَا انْفِصَامَ لَهٗ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ

"જે શૈતાનની સાથે કુફ્ર કરે અને અલ્લાહ પર ઈમાન લાવે એણે નિઃશંક ! મજબૂત ગાંઠ થામી લીધી જે કદી ખુલશે નહીં, અને અલ્લાહ સાંભળનાર તથા જાણનાર છે." (સૂ. બક઼રહ–૨૫૬)

હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ પોતાની ક઼ૌમને ફર્માવ્યું : اِنَّا بُرَآءُ مِنْكُمْ وَمِمَّا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ كَفَرْنَا بِكُمْ "અમે તમારાથી બેઝાર છીએ અને અલ્લાહના સિવાયના તમારા મઅબૂદોથી, અમે તમારાથી કુફ્ર તથા ઈન્કાર કર્યો." (સૂ. મુમ્તહિના–૦૪)

એનું સંપૂર્ણ સમર્થન આ હદીષથી થાય છે કે ફર્માવ્યું : مُؤمِنٌ بی کافر بالکوکب પછી ફર્માવ્યું : کافر بی مومن بالکوکب.

**નમાઝ પછી ફરી જવું** : અહીં પ્રકરણ એ રચ્યું છે : "સલામ ફેરવ્યા પછી ઈમામ લોકોની પ્રતિ ચહેરો કરે." એ જ અમારો પણ મઝહબ છે. અને એમાં કોઈ ખાસપણુ નથી કે ફર્ઝ પછી નફ્લ ન હોય તો ફરે અને નફ્લ હોય તો ન ફરે, જેવું કે દેવબંદી કહે છે. પ્રથમ એ કે હદીષો મુત્લક (બેક઼ૈદ) છે એમાં કોઈ ખાસપણુ નથી. બીજુ કે આ પ્રકરણમાં ત્રીજી હદીષે અનસ જે વર્ણન થઈ છે એમાં ઈશાની નમાઝનો બનાવ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એક રાતે નમાઝ અડધી રાત સુધી મોડી કરી, પછી અમારામાં તશરીફ લાવ્યા. જ્યારે નમાઝ પઢી ચૂક્યા તો અમારા તરફ ચહેરો મુબારક કર્યો. આ પરથી સાબિત થયું કે જે નમાઝો પછી સુન્નતો છે એમાં પણ સલામ પછી નમાઝીઓની તરફ ચહેરો કરવો સુન્નત છે. અને ખાસ કરી દેવું એ આ હદીષની વિરુદ્ધ છે. આ હદીષ ભાગ–૨માં વર્ણન થઈ ચૂકી છે.

**સમજૂતી : હદીષ–૫૩૪, તઅલીક઼–૧૬૭**

આ તઅલીક઼ને અબૂબક્ર બિન અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે આ શબ્દોમાં રિવાયત કરી કે ક઼ાસિમ અને સાલિમ ફર્ઝ પઢીને એ જ જગાએ નફ્લ પઢતા હતા.

ت ۱۶۸ وَيُذْكَرُ عَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરતાં વર્ણન કરવામાં આવે છે કે [તઅલીક઼ : ૧૬૮]

رَفَعَهُ لَا يَتَطَوَّعُ الْإِمَامُ فِي مَكَانِهِ وَلَمْ يَصِحَّ

ઈમામ પોતાની જગાએ નફ્લ ન પઢે. એમણે એને મરફૂઅ કહી. અને સહીહ નથી."

حديث ۵۳۵ عَنْ عُقْبَةَ رَضِيَ اللهُ تَعَالَىٰ عَنْهُ قَالَ صَلَّيْتُ

"હઝરત ઉક઼બા બિન હારિષ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં નબી صلی اللہ علیہ وسلم ની પાછળ [હદીષ : ૫૩૫]

وَرَاءَ النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ بِالْمَدِينَةِ الْعَصْرَ فَسَلَّمَ

મદીનામાં અસ્ર પઢી. હુઝૂર સલામ ફેરવીને ઝડપભેર ઊભા થઈ ગયા અને લોકોની ગરદનો ફલાંગીને

## તઅલીક઼ : ૧૬૮ની સમજૂતી

અહનાફ તથા જમહૂરનો મઝહબ એ છે કે જ્યાં ફર્ઝો પઢવામાં આવે ત્યાં નફ્લો ન પઢે, ત્યાં જમણે કે ડાબે હટીને પઢે. ઈબ્ને અબી શયબા (ફત્હુલ બારી, ૨/૨૭૮)એ હસનની સનદ સાથે હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરી કે ફર્માવ્યું, સુન્નત એ છે કે ઈમામ જ્યાં સુધી પોતાની જગાએથી હટી ન જાય, ત્યાં સુધી નફ્લ ન પઢે. અબૂ દાઊદ (૧/૯૧, સલાત) ઈબ્ને માજહ (૧૦૪), મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત મુગીરા બિન શઅબા رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ઈમામે જ્યાં નમાઝ (ફર્ઝ) પઢી ત્યાં નફ્લ ન પઢે, ત્યાં સુધી કે હટી જાય. આ હદીષમાં ઈન્કિ઼તાઅ (વચમાં રાવીનું છૂટવુ) છે પણ ઈન્કિ઼તાઅ જમ્હૂર મુહદ્દિષો તથા આપણે ત્યાં નુકસાનકર્તા નથી.

**ويذكر** : એને અબૂ દાઊદ (૧/૧૪૪ સલાત) અને ઈબ્ને માજહ (સલાત)એ આ શબ્દોમાં રિવાયત કરી છે. "શું તમે નમાઝમાં આગળ પાછળ, જમણે ડાબે થવાથી મજબૂર છો ? એટલે નફ્લ પઢતી વખતે.

**ولم يصح** : એટલા માટે કે એમાં ઈબ્રાહીમ બિન ઈસ્માઈલ છે જેને અબૂ હાતિમે મજહૂલ કહ્યા. તેમજ આ હદીષ એકલા લૈષ બિન અબી સુલૈમે રિવાયત કરી છે, અને તે ઝઈફ છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ હદીષને શબ્દોના ફેરફાર સાથે અબૂ દાઊદે રિવાયત કરી અને એના પર મૌન અપનાવ્યું (સુકૂત કર્યું) એ એની દલીલ છે કે આ હદીષ તેમની નજીક સહીહ છે. તેમજ મુસ્લિમમાં એના સમર્થનમાં બીજી હદીષ મૌજૂદ છે. સાઈબ બિન યઝીદ બિન અખત નમરે હઝરત અમીર મુઆવિયહ્ના મક઼સૂરામાં નમાઝ પઢી અને ત્યાં નફ્લ પણ પઢી તો હઝરત મુઆવિયાએ એમની પાસે કહેણ મોકલ્યું કે હવે પછી આવું ન કરતા. જુમ્આ પઢયા બાદ ત્યાં જ નમાઝ ન પઢશો જ્યાં સુધી વાત ન કરી લો અથવા ત્યાંથી નીકળી ન જાવ. એટલા માટે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ આપણને એનો હુકમ આપ્યો છે.

**સમજૂતી : ૫૩૫** કિતાબુઝ્ઝકાતમાં છે : **تبرامن الصدقة** અંતમાં એ છે કે મેં એ પસંદ ન કર્યું કે એને રાતભર રાખું. અહીંની રિવાયતમાં એ છે કે મેં એને પસંદ ન કર્યું કે તે મને રોકે. એનાથી જાણવા મળે છે કે ઝકાત, ફિત્રા, સદક઼ાનો માલ રોકવું સારું નથી. જેટલા પ્રમાણમાં જલ્દી થઈ શકે મુસ્તહિક઼ (હક઼્ક઼ાદાર)ને આપી

فَقَامَ مُسْرِعًا فَتَخَطَّى رِقَابَ النَّاسِ إِلَى بَعْضِ حُجَرِ نِسَاءِهِ

પોતાની પત્નીઓના અમુક રૂમોની તરફ તશરીફ લઈ ગયા. હુઝૂરના ઝડપભેર જવાને કારણે લોકો ગભરાઈ

فَفَزِعَ النَّاسُ مِنْ سُرْعَتِهِ فَخَرَجَ عَلَيْهِمْ فَرَأَى أَنَّهُمْ

ગયા. પછી હુઝૂર લોકોની પાસે તશરીફ લાવ્યા તો જોયું કે લોકો એના માટે આશ્ચર્યમાં છે. પછી ઈર્શાદ

قَدْ عَجِبُوا مِنْ سُرْعَتِهِ فَقَالَ ذَكَرْتُ شَيْئًا مِنْ تِبْرٍ

ફર્માવ્યો, મેં યાદ કર્યું કે અમુક સોનુ અમારી પાસે છે, મેં એને પસંદ ન કર્યું કે મને (ક઼યામતના દિવસે) રોકે,

عِنْدَنَا فَكَرِهْتُ أَنْ يَحْبِسَنِي فَأَمَرْتُ بِقِسْمَتِهِ

એટલા માટે મેં એને વહેંચી નાખવાનો હુકમ આપી દીધો."

*(બુખારી ૧/૧૧૭ અઝાન, ૧/૧૬૩, ૧/૧૯૨ ઝકાત, ૨/૯૨૮ અલ્ ઈસ્તીઝાન, નિસાઈ, ફત્હુલ બારી, ૨/૨૭૮, ૧/૯૧ સલાત, ૧/૧૦૪, ૧/૧૪૪ સલાત)*

ت ١٦٩ وَكَانَ أَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ

"અને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ (નમાઝ બાદ) **[તઅલીક઼ : ૧૬૯]**

يَنْفَتِلُ عَنْ يَمِينِهِ وَعَنْ يَسَارِهِ وَيَعِيبُ عَلَى مَنْ

પોતાની જમણી તથા ડાબી બંને તરફ ફરતા હતા અને એના પર

يَتَوَخَّى أَوْ تَعَمَّدَ الْإِنْفِتَالَ عَنْ يَمِينِهِ

ઐબ લગાડતા હતા જેઓ ઈરાદાપૂર્વક કેવળ જમણી તરફ ફરતા હતા." *(બુખારી ૧/૧૧૯ અઝાન)*

દેવામાં આવે. આ હદીષથી સાબિત થયું કે જરૂરતના સમયે ગરદનો ઓળંગવી જાઈઝ છે, ભલે તે જરૂરત વાજિબ તથા ફર્ઝ ન હોય. જુમ્આની ખુત્બાની અઝાન મસ્જિદની બહાર આપવી સુન્નત છે, એના પર વિરોધીઓ વાંધો ઉઠાવે છે કે જરૂરી થશે કે મોઅઝ્ઝિન ઈક઼ામત કહેવા માટે ગરદનો ઓળંગીને આવે. એનો જવાબ એ છે કે એ જરૂરત છે અને જરૂરતના માટે ગરદનો ફલાંગવી જાઈઝ છે.

## સમજૂતી : તઅલીક઼-૧૬૯, હદીષ-૫૩૬

મુસ્લિમ શરીફમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, મેં મોટાભાગે એ જ જોયું છે કે રસૂલુલ્લાહ ﷺ જમણી તરફ ચહેરો મુબારક કરતા હતા. એમાં એનાથી મુત્તસિલ તેમજ અબૂ દાઊદ (૧/૯૦ સલાત)માં હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہની હદીષ છે.

તો ફર્માવે છે, **અમે જ્યારે રસૂલુલ્લાહ ﷺની પાછળ નમાઝ પઢતા હતા તો એવું પસંદ કરતા હતા કે જમણી તરફ રહીએ કે હુઝૂર પોતાનો ચહેરો મુબારક અમારી તરફ કરે.** એનાથી માલૂમ

# حدیث ۵۳۶

**[હદીષ : ૫૩૬]**

قَالَ عَبْدُ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ لَا یَجْعَلُ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું,*

اَحَدُکُمْ لِلشَّیْطَانِ شَیْئًا مِّنْ صَلٰوتِہٖ یَرٰی اَنَّ حَقًّا عَلَیْہِ

*તમો તમારી નમાઝથી અમુક શૈતાનનો હિસ્સો ન કરો એવું સમજીને કે કેવળ*

اَنْ لَّا یَنْصَرِفَ اِلَّا عَنْ یَّمِیْنِہٖ لَقَدْ رَاَیْتُ النَّبِیَّ صَلَّی

*જમણી બાજુ ફરવું વાજિબ છે. મેં નબી ﷺને ખૂબ જોયા કે*

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَثِیْرًا یَّنْصَرِفُ عَنْ یَّسَارِہٖ ۔

*ડાબી બાજુ પણ ચહેરો મુબારક કરતા હતા. (બુખારી ૧/૧૧૮ અઝાન, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

થાય છે કે નમાઝથી ફારિગ થઈને હુઝૂરે અક્દસ ﷺ અધિકતર જમણી બાજુ ચહેરો મુબારક ફેરવી લેતા હતા. હઝરત અનસની હદીષમાં "અકષર" અને હઝરત ઈબ્ને મસઊદની હદીષમાં "કષીરન" બંનેમાં વર્ગીકરણ જાહેર છે કે મુરાદ એ છે કે હમેશાં જમણી બાજુ જ ન ફરતા હતા પણ વધારે પડતુ જમણી બાજુ ફરતા હતા, અને ઘણા અંશે એવું પણ થતુ હતું કે ડાબી બાજુ ફરી જતા. આ હદીષોમાં એનું ખાસપણુ નથી દર્શાવ્યું કે કેવળ એ જ નમાઝો પછી ફરતા હતા જેના પછી નફ્લો નથી, બિનશર્તી રીતે (મુત્લક઼) છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે "દરેક નમાઝ બાદ ફરતા હતા ચાહે તેના પછી નફ્લો હોય કે ન હોય. હમણા હદીષ વર્ણન થઈ ચૂકી કે ઈશાની નમાઝ બાદ ચેહરો મુબારક સહાબાની તરફ ફેરવ્યો. અબૂ દાઊદ (૧/૧૪૪ સલાત)માં છે કે હઝરત અબૂ રમષા ફર્માવે છે કે મેં એ જ નમાઝ અથવા એના જેવી કોઈ અન્ય નમાઝ નબી ﷺની સાથે પઢી. અબૂબક્ર તથા ઉમર હુઝૂરની જમણી બાજુ ઊભેલા હતા. અને એક સાહબ હતા જે તકબીરે ઉલા વખતે હાજર હતા. નબી ﷺ નમાઝ પઢી ચૂક્યા તો જમણે ડાબે સલામ ફેરવી ત્યાં સુધી કે અમે હુઝૂર ﷺના ચહેરા મુબારકની સફેદી જોયી. પછી એ જ રીતે ફર્યા જેવી રીતે અબૂ રમષા એટલે ખૂદ તે ફર્યા હતા. ત્યારબાદ તે સાહબ જે તકબીરે ઉલા વખતે હાજર હતા તે નફ્લ પઢવા લાગ્યા તો ઉમર એમની તરફ ઝડપથી ઝપટયા અને તેમના ખભાઓને પકડીને હલાવ્યા અને ફર્માવ્યું, બેસી જાવ ! એટલા માટે કે અહલે કિતાબ એટલા માટે હલાક થયા કે તેમની નમાઝોની વચ્ચે ફાસલો ન રહેતો હતો. તો નબી ﷺએ નઝરે મુબારક ઉઠાવી અને ફર્માવ્યું, અલ્લાહે તને હક્ક઼ની તરફ રહનુમાઈ કરી. આ હદીષ પણ એના પર નસ (દલીલ) છે કે જે નમાઝો પછી નફ્લો છે એના પછી પણ ફરવું મસ્નૂન છે. એમાં કારણ એ છે કે મુસલમાનોની તરફ વિના જરૂરતે પીઠ કરવી એ મુસલમાનોને ઈજા પહોંચાડવું અને તેમની બેઅદબી છે. આ વાત દરેક નમાઝ પછી જોવા મળે છે. નમાઝમાં તો શરીઅતના હુકમથી ઈજાઝત છે પણ નમાઝ પછી કોઈ કારણ નથી કે મુસલમાનો તરફ પીઠ કરવામાં આવે.

# حدیث ۵۳۷

[હદીષ : ૫૩૭]

سَمِعْتُ جَابِرَ بْنَ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ

قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَنْ اَکَلَ مِنْ ھٰذِہٖ

ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે આ ઝાડ એટલે લસણથી ખાય તો તે અમારી

الشَّجَرَۃِ یُرِیْدُ الثُّوْمَ فَلَا یَغْشَانَا فِیْ مَسْجِدِنَا قُلْتُ مَا یَعْنِیْ بِہٖ

મસ્જિદમાં અમને ન મળે. અતાએ કહ્યું, મેં પૂછયું એનાથી શું મુરાદ હતી ?

قَالَ مَا اَرَاہُ یَعْنِیْ اِلَّا نِیْئَہٗ وَقَالَ مَخْلَدُ بْنُ یَزِیْدَ عَنِ

તો હઝરત જાબિરે બતાવ્યું કે મારું ગુમાન એ છે કે કાચુ લસણ મુરાદ છે. મુખ્લદ બિન યઝીદે

ابْنِ جُرَیْجٍ اِلَّا نَتْنَہٗ

ઈબ્ને જરીહથી રિવાયત કરતાં કહ્યું કે એની દુર્ગંધ મુરાદ છે."

(બુખારી, ૧/૧૧૮ અઝાન, મુસ્લિમ, તિર્મિઝી–અત્ઈમ, નિસાઈ–સલાત, વલીમા)

# حدیث ۵۳۸

عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّ النَّبِیَّ

[હદીષ : ૫૩૮] "હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ રિવાયત કરી કે નબી صلی اللہ علیہ وسلم એ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ فِیْ غَزْوَۃِ خَیْبَرَ مَنْ اَکَلَ مِنْ

ગઝવએ ખયબરમાં ફર્માવ્યું, જે આ દરખ્ત એટલે લસણમાંથી

**સમજૂતી : ૫૩૭–૫૩૮**

**અહીં પ્રકરણમાં આ પણ છે :** وقول النبی صلی اللّٰہ تعالٰی عَلَیْہِ وَسلم۔۔الخ અને નબી صلی اللہ علیہ وسلم નો ઈર્શાદ જે લસણ કે પ્યાજ ખાય ચાહે ભૂખના કારણે ચાહે વિના ભૂખે તે અમારી મસ્જિદની નજીક કદી ન થાય. આ શબ્દો સાથે કોઈ હદીષ રિવાયત પામી નથી. આ ઈમામ બુખારીના તસર્રુફાતમાંથી છે તેમણે રિવાયત બિલ મઅના (ભાવાર્થના એતેબારે) કરી છે. હઝરત જાબિરની આ હદીષના અમુક તરીકામાં البصل (પ્યાજ) الکرّاث (લસણ જેવી ચીજ)નો પણ વધારો છે એટલા માટે ઈમામ બુખારીએ પ્રકરણના હેડિંગમાં البصل નો ઉમેરો કર્યો. કાચા લસણ પ્યાજમાં એક નાપસંદ ગંધ હોય છે. ખાધા પછી મોડે સુધી મોઢેથી આવતી રહે છે. એટલા માટે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم એ કાચા પ્યાજ, કાચુ લસણ ખાઈને મસ્જિદમાં આવવાથી મના કર્યુ. એના પર કયાસ

هٰذِهِ الشَّجَرَةِ يَعْنِىْ الثُّوْمَ فَلَا يَقْرَبَنَّ مَسْجِدَنَا ـه

ખાય તે અમારી મસ્જિદની નજીક ન આવે.'' (૧/૧૧૮ અઝાન, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–અત્ઈમ)

## حدیث ۵۳۹

**[હદીષ : ૫૩૯]**

عَنْ عَطَاءٍ اَنَّ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ رَضِىَ اللّٰهُ

''અતાએ ગુમાન કર્યું કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ

تَعَالٰى عَنْهُمَا زَعَمَ اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَنْ

ગુમાન કર્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે લસણ તથા પ્યાજ ખાય તો અમારાથી અલગ રહે.

اَكَلَ ثُوْمًا اَوْ بَصَلًا فَلْيَعْتَزِلْنَا اَوْ فَلْيَعْتَزِلْ مَسْجِدَنَا وَلْيَقْعُدْ

અથવા એવું ફર્માવ્યું, અમારી મસ્જિદથી અલગ રહે અને પોતાના ઘરે બેસે. અને નબી صلی اللہ علیہ وسلم ની

فِىْ بَيْتِهٖ وَاَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اُتِىَ بِقِدْرٍ فِيْهِ

ખિદમતમાં એક હાંડલી પેશ કરવામાં આવી જેમાં થોડીક લીલી તરકારીઓ હતી. હુઝૂરે તેમાં ગંધ અનુભવી

خَضِرَاتٌ مِّنْ بُقُوْلٍ فَوَجَدَ لَهَا رِيْحًا فَسَاَلَ فَاُخْبِرَ بِمَا فِيْهَا

તો પૂછયું. એમાં જે તરકારી હતી તે દર્શાવવામાં આવ્યું. એના પર ફર્માવ્યું, એમની નજીક કરો. પોતાના

કરીને ફકીહોએ ફર્માવ્યું કે લસણ તથા પ્યાજ જ ખાસ નહીં, દરેક એવી ચીજ ખાઈને મસ્જિદોમાં આવવું મના છે જેનાથી મોંમાં બદબૂ પેદા થાય છે, જેમ કે ગંદના (લસણ જેવી ચીજ) અથવા બીડી, સિગરેટ, હુક્કો વગેરે પીને ગંધ દૂર થતાં પહેલાં પહેલાં મસ્જિદમાં આવવું બલ્કે કોઈપણ બદ્બૂદાર ચીજ મસ્જિદમાં લાવવી મના છે. જેમ કે કેરોસીન વગેરે. એના હુકમમાં એ લોકો પણ છે જેમના મોઢામાં બીમારીના કારણે બદ્બૂ હોય અથવા જેમનાથી લોકોને ધૃણા થતી હોય, જેમ કે રક્તપિત્તવાળો વગેરે. અને આ હુકમ મસ્જિદ સાથે ખાસ નથી બલ્કે મુસલમાનોના દરેક મજમાનો આ જ હુકમ છે. એનો સબબ મુસલમાનોને તકલીફ પહોંચાડવું પણ છે અને ફરિશ્તાઓને પણ છે.

### સમજૂતી : ૫૩૯

**الٰی بعض اصحابه** : અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે અમુક અસ્હાબથી મુરાદ હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ છે. એટલા માટે કે મુસ્લિમ (૨/૧૮૩ અશ્રબા, તિર્મિઝી ૨/૩, મુસ્નદે ઈમામ અહમદ, ૫/૯૪)માં છે : જ્યારે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم હિજરત પછી સૈયદના અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ને ત્યાં સ્થાયી થયા હતા ત્યારે હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ ની આદત એ હતી કે ખાવા તૈયાર કરીને પૂરેપૂરું ખિદમતે અક્દસમાં મોકલી આપતા. હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ના ખાઈ લીધા પછી જે વધતું તેને ખૂદ તે તથા

مِنَ الْبُقُوْلِ فَقَالَ قَرِّبُوْهَا إِلٰى بَعْضِ أَصْحَابِهٖ كَانَ مَعَهٗ

*અમુક સહાબાની તરફ ઈશારો કર્યો જેઓ હુઝૂર ﷺની સાથે હતા. જ્યારે એમણે એને જોયું તો તેને*

فَلَمَّا رَاٰهُ كَرِهَ أَكْلَهَا فَقَالَ كُلْ فَإِنِّيْ أُنَاجِيْ مَنْ لَّا تُنَاجِيْ وَقَالَ

*ખાવાનું નાપસંદ કર્યું. એના પર હુઝૂરે ફર્માવ્યું, તમે ખાવ હું એના સાથે સરગોશી (ધીમેથી વાતચીત)*

أَحْمَدُ بْنُ صَالِحٍ عَنِ ابْنِ وَهْبٍ أُتِيَ بِبَدْرٍ قَالَ ابْنُ وَهْبٍ

*કરું છું જેનાથી તમે નથી કરતા. અહમદ ઈબ્ને સાલેહે ઈબ્ને વહબથી રિવાયત કરતાં* قدر *ની જગાએ* بدر

يَعْنِيْ طَبَقًا فِيْهِ خَضِرَاتٌ — وَلَمْ يَذْكُرِ اللَّيْثُ وَأَبُوْ

*રિવાયત કર્યું. ઈબ્ને વહબે કહ્યું, એટલે થાળ જેમાં સબ્ઝીઓ હતી. લયષ તથા અબૂ સફવાને યૂનુસથી જે*

صَفْوَانَ عَنْ يُوْنُسَ قِصَّةَ الْقِدْرِ فَلَا أَدْرِيْ هُوَ

*રિવાયત કરી છે એમાં હાંડલીનો કિસ્સો નથી. હવે*

مِنْ قَوْلِ الزُّهْرِيِّ أَوْ فِي الْحَدِيْثِ

*હું નથી જાણતો કે એ ઝુહરીનો કૌલ છે કે હદીષમાં છે."*

*(બુખારી ૧/૪૮ અઝાન, ૨/૮૨૦ અલ્ અત્ઈમ્મહ્, ૨/૧૦૯૨ અલ્ એઅ્તિસામ, મુસ્લિમ સલાત, અબૂ દાઊદ–અત્ઈમ્મહ્, નિસાઈ–વલીમા)*

તેમના ઘરવાળાં ખાતાં. ખાવા જ્યારે પાછુ આવતું તો પૂછતાં કે હુઝૂરની આંગળીઓ ક્યાં પડી હતી ? ત્યાંથી ખાતાં. એક દિવસે ખાવામાં લસણ નાખી દીધું. હુઝૂરે ખાધા વિના પરત કરી આપ્યું. હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہએ પૂછયું, શું લસણ હરામ છે ? ઈર્શાદ ફર્માવ્યો, હરામ તો નથી, પણ મને પસંદ નથી.

**મસાઈલ :** આ હદીષથી સાબિત થયું કે કાચુ લસણ ખાવું જાઈઝ છે અને રાંધેલું તો એથી અંશે જાઈઝ છે. અલ્બત્ત જો ગંધ હોય તો જ્યાં સુધી તેની ગંધ ન જતી રહે ત્યાં સુધી મસ્જિદ તથા મુસલમાનોના મજમામાં જવું મના છે.

**قال احمد بن صالح :** એટલે ઈબ્ને વહબે જ ઈમામ ઝુહરીના બંને શબ્દ **قدر** તથા **بدر** રિવાયત કર્યા છે. કિતાબુલ એઅ્તેસામમાં ઈમામ બુખારીએ **بدر** વાળી રિવાયતને અપનાવી. શબ્દોનો મતભેદ દર્શાવવાના માટે ઈમામ બુખારીએ આ વર્ણન કર્યું છે.

**لاادری :** એટલે કે આ હદીષે જાબિર, યૂનુસના તરીકાથી લૈષ અને અબૂ સફવાન બંનેવે રિવાયત કરી છે. એમાં હાંડલીનો કિસ્સો નથી. **لاادری** એ બની શકે છે કે ઈબ્ને વહબનો કૌલ હોય, શક્ય છે કે ઈમામ બુખારીનો હોય, શક્ય છે સઈદ બિન ઉફૈર ઈમામ બુખારીના શયખનો હોય. મતલબ એ થયો કે જ્યારે યૂનુસના તરીકામાં **اتی بقدر** નથી તો બની શકે છે કે એ ઈમામ ઝુહરીના બલાગાતમાંથી હોય.

## حديث ٥٤٠

[હદીષ : ૫૪૦]

عَنْ عَبْدِ الْعَزِيْزِ قَالَ سَأَلَ رَجُلٌ اَنَسَ بْنَ

''અબ્દુલ અઝીઝે કહ્યું, એક શખ્સે હઝરત અનસ બિન માલિકથી પૂછયું,

مَالِكٍ مَا سَمِعْتَ نَبِيَّ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

આપે અલ્લાહના નબી ﷺથી લસણના બારામાં

فِي الثُّوْمِ فَقَالَ قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ مَنْ اَكَلَ

શું સાંભળ્યું છે ? તો એમણે બતાવ્યું કે નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો,

مِنْ هٰذِهِ الشَّجَرَةِ فَلَا يَقْرَبْنَا وَلَا يُصَلِّيَنَّ مَعَنَا ؎

જે શખ્સ આ ઝાડથી ખાય તે અમારી નજીક ન આવે અને અમારી સાથે નમાઝ ન પઢે.''

(અઝાન ૧/૧૧૮, ૨/૮૨૦, અલ્ અત્ઈમ્મહ્, મુસ્લિમ–સલાત)

## حديث ٥٤١

[હદીષ : ૫૪૧]

سَمِعْتُ الشَّعْبِيَّ قَالَ اَخْبَرَنِيْ مَنْ مَرَّ مَعَ

''ઈમામ શઅબીએ ફર્માવ્યું, મને એ બુઝુર્ગે ખબર આપી જે એ

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَلٰى قَبْرٍ مَنْبُوْذٍ

સમયે નબી ﷺની સાથે હતા. હુઝૂર એક અલગ થલગ કબ્ર પર ગુજર્યા તો એ લોકોની ઈમામત કરી.

### સમજૂતી : ૫૪૦

આ હદીષ પણ એના માટે દલીલ પુરવાર કરે છે કે નમાઝના સિવાય અન્ય સમયોમાં પણ કાચુ લસણ વગેરે ખાઈને મજમામાં આવવું મના છે.

### સમજૂતી : ૫૪૧

**પરિપૂર્ણતા** : કિતાબુલ જનાઈઝ પ્રકરણ : **كتاب الجنا ئز باب صفوف الصبيان مع الرجال** માં આ તફસીલ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી એક એવી કબ્ર પર ગુજર્યા જેને રાતમાં દફન કરવામાં આવેલ હતું. હુઝૂરે પૂછયું, આને ક્યારે દફન કરવામાં આવેલ છે ? અર્ઝ કરી, આજે રાતમાં. ફર્માવ્યું, મને શા

فَاَمَّهُمْ وَصَفُّوْا عَلَيْهِ فَقُلْتُ يَا اَبَا عَمْرٍو مَنْ حَدَّثَكَ

*લોકોએ સફ બાંધી. મેં પૂછયું, હે અબૂ અમ્ર કોણે આ તમને બયાન કર્યું ?*

قَالَ ابْنُ عَبَّاسٍ

*તો બતાવ્યું કે ઈબ્ને અબ્બાસે."*

*(૧/૧૧૮ અઝાન, ૧/૧૭૪ અલ જનાઈઝ, ૧/૧૭૭, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–જનાઈઝ)*

માટે ન જણાવ્યું ? લોકોએ બતાવ્યું કે રાતના અંધકારમાં દફન કરેલ છે. અમે એ પસંદ ન કર્યું કે હુઝૂરને જગાડીએ. તો હુઝૂર ઊભા થયા, અમે હુઝૂરની પાછળ સફબંધી કરી. ઈબ્ને અબ્બાસે કહ્યું, મેં પણ. ત્યાર બાદ હુઝૂરે નમાઝ પઢાવી અને બાબુ સ્સફૂફ એલા જનાઈઝમાં એટલું વધારે છે કે હુઝૂરે ચાર તકબીર પઢી.

**સામ્યતા તથા સ્પષ્ટતા** : અહીં પ્રકરણ છે : "બાળકોનું વુઝૂ કરવું અને એમના પર ક્યારે ગુસ્લ તથા તહારત વાજિબ થાય છે અને બાળકોની ઈદૈન તથા જનાઝાઓની જમાઅતમાં શિર્કત અને તેમની સફનો હુકમ." આ પ્રકણમાં છ ભાગો છે. બાળકોના વુઝૂનો હુકમ અને તેમના પર ક્યારે ગુસ્લ તથા તહારત વાજિબ થાય છે, ઈદોમાં શરીક થવું, જનાઝામાં શરીક થવું, તેમનું સફમાં સામેલ થવું. આ હદીષથી સ્પષ્ટપણે બે વિભાગ સાબિત થયા છે. જનાઝામાં શિર્કત અને સફમાં સામેલ થવું અને લાઝમી રૂપે વુઝૂ તથા તહારત સાબિત થાય છે અને ક઼યાસ રૂપે ઈદોમાં શિર્કતનો હુકમ નીકળે છે એ જો કે કોઈ રીતે સાબિત નથી થતું કે એમના પર ગુસ્લ તથા તહારત ક્યારે વાજિબ થાય છે, એ બીજી હદીષથી સાબિત કરીશું. ઈમામ બુખારીએ એ સ્પષ્ટ નથી કર્યું કે બાળકો પર વુઝૂ વાજિબ છે કે નથી ? એટલા માટે કે જો વાજિબ કહેતા તો લાઝિમ થતુ કે વુઝૂ છોડવાથી ગુનેહગાર થશે અને બાળકો બંધાયેલાં નથી. અને જો એવું કહેતા કે મુસ્તહબ છે તો લાઝિમ આવતુ કે જો વિના વુઝૂએ પણ નમાઝ પઢે તો એમની નમાઝ દુરુસ્ત થાય, એટલા માટે એને અધ્યાહન છોડી આપ્યું. સહીહ એ જ છે કે નાબાલિગ બાળકો પર વુઝૂ કે ગુસ્લ વાજિબ નથી પણ જેમ કે ફર્માવવામાં આવ્યું :–

**مروا ولادكم بالصلوٰة وهم ابناء سبع سنين واضربواهم عليها وهم ابناء عشرسنين** "બાળકો જયારે સાત વરસનાં થઈ જાય તો તેમને નમાઝ પઢવાનો હુકમ આપો, અને જયારે દસ વરસનાં થઈ જાય અને ન પઢે તો તેમને મારો." *(અબૂ દાઊદ, ૧/૭૧ સલાત)*

આ હુકમ તા'લીમ તથા આદત પાડવા માટે છે. એ જ પ્રમાણે એમને વુઝૂ, ગુસ્લ તથા તહારતનો પણ હુકમ આપીશું. અને જો ઉણપ વર્તશે તો તેમને સજા પણ કરવામાં આવશે જેથી વુઝૂ તથા ગુસ્લનો તરીક઼ો પણ શીખી લે અને આદત પડી જાય. સહીહ મઝહબ પ્રમાણે દફન બાદ ક઼બ્ર પર ત્યાં સુધી નમાઝ પઢી શકાય છે જ્યાં સુધી મૈયતનું શરીર ફાટે નહીં. એ કેમ કે રાતે જ દફન થયા હતા એટલા માટે તેમનું શરીર સલામત જ રહ્યું હશે. અધિક ગુમાન એ છે કે તેમની નમાઝે જનાઝા થઈ ચૂકી હતી છતાં હુઝૂર ﷺએ ક઼બ્ર પર નમાઝે જનાઝા તેમને ખૈરો બરકત પહોંચાડવા માટે પઢી. જેમ કે ખૂદ ઈર્શાદ ફર્માવ્યો કે, એ ક઼બ્રો અંધારી રહે છે, મારી નમાઝથી અલ્લાહ ﷻ તેમને રોશન કરે છે. એનું દષ્ટાંત હુઝૂર ﷺનું આઠ વરસો પછી ઓહદના શહીદો પર નમાઝ પઢવું પણ છે. જયારે કે દફનથી પહેલાં પણ તેમની નમાઝે જનાઝા થઈ ચૂકી હતી. આ આઠ વરસ પછી નમાઝ કેવળ તેમના પર પ્રેમભાવ તથા મહેરબાની તથા ખૈરો બરકત પહોંચાડવા માટે હતી. હુઝૂરે અક઼દસ ﷺ શારેઅ પણ છે જેથી પોતાના ખાસ ઈખ્તિયારથી આ પ્રકારના ક઼દમો ઉઠાવી શકે છે.

| حديث ۵۴۲ | عَنْ اَبِیْ سَعِیْدِ الْخُدْرِیِّ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ |
|---|---|
| [હદીષ : ૫૪૨] | "હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ |

عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ الْغُسْلُ یَوْمَ الْجُمُعَۃِ وَاجِبٌ

*નબી ﷺથી રિવાયત કરે છે કે હુઝૂરે ફર્માવ્યું, જુમ્આના દિવસે*

عَلٰی کُلِّ مُحْتَلِمٍ

દરેક બાલિગ પર ગુસ્લ વાજિબ છે."

*(બુખારી ૧/૧૧૮ અઝાન, અલ જુમ્આ, ૧/૧૨૩, ૧/૨૬૬ શહાદત, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)*

| حديث ۵۴۳ | سَمِعْتُ ابْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا وَقَالَ |
|---|---|
| [હદીષ : ૫૪૩] | "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને કોઈકે પૂછયું, (ઈદની નમાઝના માટે) |

لَہٗ رَجُلٌ شَہِدْتَ الْخُرُوْجَ مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

*જ્યારે હુઝૂર તશરીફ લઈ ગયા તો આપ હુઝૂરની સાથે હતા ? તેમણે ફર્માવ્યું,*

### સમજૂતી : ૫૪૨

આ હદીષમાં વાજિબનો શાબ્દિક અર્થ મુરાદ છે, એના પર એ છે કે હુઝૂરના મુબારક યુગમાં વાજિબ હોવાનો એ ફિક્હી અર્થ જે ફકીહોએ રજૂ કર્યો છે તે રિવાજમાં (સર્વ સામાજિક વ્યવહારમાં) ન હતો. તેમજ એનાથી વિરુદ્ધ એ હદીષ છે જેને ઈમામ અહમદ (ઉમ્મદતુલ કારી, ૬/૧૫૩)એ પોતાની મુસ્નદમાં, ઈબ્ને અબી શયબા (ઉમ્મતુલ કારી, ૬/૧૫૩)એ પોતાના મુસ્નફમાં, અબૂ દાઊદ ૧/૫૧ તહારત), તિર્મિઝી (૧/૫૬ જુમ્આ), નિસાઈ (૧/૨૦૫ જુમ્આ), ઈબ્ને માજહ (જુમ્આ–૭૮)એ પોતાની સુનનમાં રિવાયત કરી કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, "જેણે વુઝૂ કર્યું તો એ પૂરતુ છે અને સારુ છે. અને જેણે ગુસ્લ કરી લીધું તો સારું છે." આ હદીષ વિવિધ કિતાબોમાં સાત સહાબાએ કિરામથી રિવાયત પામેલી છે. અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈમાં હઝરત સમુરહ બિન જુન્દુબથી, ઈબ્ને માજહ, તહાવી, બઝ્ઝાર, તિબ્રાનીમાં હઝરત અનસથી, બયહકી અને બઝ્ઝારમાં હઝરત અબૂ સઈદ ખુદરીથી, મુસ્નદે અબ્દ બિન હમીદ, મુસ્નફે અબ્દુર્રઝ્ઝાક તથા મુસ્નદે ઈસ્હાક બિન રાહવિયહ્ કામિલ ઈબ્ને અદીમાં હઝરત જાબિરથી, હઝરત અબૂ હુરૈરહ્થી બઝ્ઝારમાં, અવસત તિબ્રાનીમાં અબ્દુર્રહ્માન ઈબ્ને સમુરહથી અને સુનને બયહકીમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી *(ઉમ્દતુલ કારી, ૬/૧૫૩–૧૬૫)* આ હદીષને પ્રકરણના એ હિસ્સાથી સંબંધ છે કે બાળકો પર ગુસ્લ ક્યારે વાજિબ થાય છે, પણ એ સાબિતી એના પર મૌકૂફ છે કે એ માની લેવામાં આવે કે ઈમામ બુખારીની નજીક જુમ્આનું ગુસ્લ વાજિબ છે.

### સમજૂતી : ૫૪૩

કિતાબુલ્ એઅ્તિસામમાં એટલુ વધારે છે કે હઝરત ઈબ્ને અબ્બાસે ન અઝાનનો ઉલ્લેખ કર્યો અને ન ઈક઼ામતનો. હુઝૂરે સદકાનો હુકમ આપ્યો તો સ્ત્રીઓ કાનો તથા હાથોના કડાં ઉતારવા માંડી તો હુઝૂરે હઝરત બિલાલને હુકમ આપ્યો અને તે તેણીઓની પાસે ગયા. અલ્ હદીષ.

قَالَ نَعَمْ وَلَوْلَا مَكَانِىْ مِنْهُ مَا شَهِدْتُهُ يَعْنِىْ مِنْ صِغَرِهِ

હા ! હતો, અને મારો એ નિકટનો રિશ્તો ન હોત તો હું સાથે ન રહી શકત, કેમ કે હું બાળક હતો.

اَتَى الْعَلَمَ الَّذِىْ عِنْدَ دَارِ كَثِيْرِ بْنِ الصَّلْتِ ثُمَّ خَطَبَ

હુઝૂર ﷺ એ નિશાની પાસે તશરીફ લાવ્યા જે કષીર બિન સલતના મકાનની પાસે છે. નમાઝ બાદ

ثُمَّ اَتَى النِّسَاءَ فَوَعَظَهُنَّ وَذَكَّرَهُنَّ وَاَمَرَهُنَّ

ખુત્બો આપ્યો, પછી સ્ત્રીઓ પાસે તશરીફ લાવ્યા, તેમને વઅઝ ફર્માવી અને તેમને હુકમ આપ્યો કે સદક઼ો

اَنْ يَّتَصَدَّقْنَ فَجَعَلَتِ الْمَرْأَةُ تُهْوِىْ بِيَدِهَا اِلٰى

કરે. તો થયું એવું કે સ્ત્રીઓ પોતાનાં કડાની તરફ હાથ લઈ જતી અને બિલાલના કપડામાં ફેંકી દેતી.

حَلْقِهَا تُلْقِىْ فِىْ ثَوْبِ بِلَالٍ ثُمَّ اَتٰى هُوَ وَبِلَالٌ اِلْبَيْتَ

ત્યારબાદ હુઝૂર તથા બિલાલ ઘરે પરત આવ્યા."

(બુખારી, ૧/૧૧૯ અઝાન, ૧/૧૩૩ અલ્ ઈદૈન, ૨/૧૦૮૯ અલ્ એઅ્તિસામ, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)

**اتی العلم** : "અલમ"નો અર્થ મીનારો, પહાડ, ઝંડો, નિશાન, અલામત છે. અહીં મુરાદ કોઈપણ (મુત્લક઼) અલામત (નિશાની) છે જ્યાં હુઝૂરે અક઼દસ ﷺ ઈદોની નમાઝ પઢતા હતા ત્યાં અમુક નિશાનીઓ બનાવી લેવામાં આવી હતી. આ જગા મસ્જિદે નબવીથી હજાર હાથના અંતરે પશ્ચિમ તરફ થોડીક ઉત્તર તરફ હટેલી છે. ત્યાં અત્યારે મસ્જિદ બનેલી છે. એ જગાએ હુઝૂરના મુબારક જમાનામાં કષીર બિન કિન્દીનું મકાન ન હતું બાદમાં એ જગાના દક્ષિણે બન્યું છે. કષીર બિન સલાત તાબઈ છે. નબવી યુગમાં પેદા થયા પછી મદીના આવ્યા અને બની જમૂહના હલીફ બની ગયા. તેમનું અસલી નામ ક઼લીલ હતું. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ "કષીર" રાખ્યું. ત્યાં એમનું ખૂબ જ મોટુ ઘર હતું. અહદે અક઼દસ (નબી પાક ﷺના મુબારક યુગ)માં ત્યાં કોઈ ઈમારત ન હતી. બલ્કે બાદમાં પણ મેદાન જ રહ્યું. એટલા માટે ઉલમાએ લખ્યું છે કે ઈદો સહરા (મેદાન)માં પઢવું મુસ્તહબ છે. આ હદીષથી ઈમામ બુખારીએ સાબિત કરવા ચાહે છે કે સમજદાર બાળક પુરૂષોની સફમાં સામેલ થઈ શકે છે. અને જો ઈમામ બુખારીની મુરાદ એ હોય કે બાળકોની અલગ સફ લગાડવી આનાથી સાબિત છે, તો મુશ્કેલ છે. વધુમાં વધુ એ કહી શકાય છે કે ઈબ્ને અબ્બાસ નાબાલિગ હોવા છતાં જમાઅતમાં શરીક થયા. અને નાબાલિગ બાળકોની પુરૂષો પાછળ અલગ સફ થતી હતી. તો ક઼યાસ એવું ચાહે છે કે એ વખતે પણ આ જ તરતીબથી સફબંધી થઈ હશે તો સાબિત કે નાબાલિગ બાળકોને અલગ સફ બાંધવી જાઈઝ છે.

## حدیث ۵۴۴

**[હદીષ : ૫૪૪]**

عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا عَنِ النَّبِیِّ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِذَا اسْتَاذَنَکُمْ

નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે સ્ત્રીઓ તમારાથી રાત્રે

نِسَاءُکُمْ بِاللَّیْلِ اِلَی الْمَسَاجِدِ فَاذَنُوْا لَہُنَّ

મસ્જિદે જવાની રજા માંગે તો તેમને ઈજાઝત આપી દો.''

## حدیث ۵۴۵

**[હદીષ : ૫૪૫]**

عَنْ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا قَالَتْ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું,

لَوْاَدْرَکَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَا اَحْدَثَ

ઔરતોએ જે નવો ઢંગ બનાવી રાખ્યો છે તેને રસૂલ صلی اللہ علیہ وسلم જો જોઈ લેત તો તેણીઓને

النِّسَاءُ لَمَنَعَہُنَّ الْمَسْجِدَ کَمَا مُنِعَتْ نِسَاءُ بَنِیْ اِسْرَائِیْلَ

મસ્જિદથી રોકી આપત, જેમ કે બની ઈસ્રાઈલની સ્ત્રીઓને રોકી દેવામાં આવી. (યહ્યા બિન સઈદે) અમરહને

فَقُلْتُ لِعَمْرَۃَ اَوَمُنِعْنَ قَالَتْ نَعَمْ

કહ્યું, તેમને રોકી દેવામાં આવી હતી ? તેમણે કહ્યું, હા !'' (બુખારી, ૧/૧૨૦ અઝાન, મુસ્લિમ, અબૂ દાઊદ–સલાત)

**સમજૂતી : ૫૪૪–૫૪૫–૫૪૬** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની પ્રથમ હદીષમાં બે શર્તો છે : રાતમાં ઈજાઝત તથા મસ્જિદે જવાની ઈજાઝત. અને બીજી હદીષમાં મુત્લક (બિન શર્તી) છે, ન મસ્જિદની શર્ત છે ન રાતની. એનો અર્થ એ થયો કે તેણી ક્યાંય પણ જવાની અને કોઈપણ સમયે ઈજાઝત માંગે તો ઈજાઝત આપવી જોઈએ, પણ હદીષો એકબીજાની તફસીર હોય છે, મુત્લક઼ને (બિન શર્તી)ને મુક઼ૈયદ (શર્તવાળી) પર ધારી શકીએ છીએ. જેમ કે અલ્લામા અયનીએ પ્રથમ હદીષની શરહમાં ફર્માવ્યું : પણ મારા ખયાલમાં બીજી હદીષને પ્રથમ હદીષ સાથે મુક઼ૈયદ કરવું મુનાસિબ નથી, એટલા માટે કે એનો મતલબ એ થશે કે જો માબાપથી મળવાની ઈજાઝત માંગે તો ન આપવામાં આવે. એટલા માટે જરૂરી છે કે બીજી હદીષને પહેલી હદીષથી

حديث ۵۴۶ عَنْ سَالِمِ بْنِ عَبْدِ اللّٰهِ عَنْ اَبِيْهِ عَنِ

"સાલિક બિન અબ્દુલ્લાહ પોતાના વાલિદથી રિવાયત કરે છે કે **[હદીષ : ૫૪૬]**

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِذَا اسْتَاذَنَتْ

*નબી ﷺ એ ફર્માવ્યું, તમારામાંથી કોઈની પત્ની તમારાથી ઈજાઝત ચાહે*

امْرَأَةُ اَحَدِكُمْ فَلَا يَمْنَعْهَا

*તો તેને મના ન કરે." (બુખારી ૧/૧૨૦ અઝાન)*

બાંધવામાં ન આવે. બીજી હદીષનો ફાયદો એ છે કે કોઈ ફર્ઝ, વાજિબ અથવા મુસ્તહબની અદાયગીની ઈજાઝત માંગે તો આપવામાં આવે, એના સામાન્યપણામાં મસ્જિદમાં જમાઅતથી નમાઝ પઢવાની ઈજાઝત પણ સામેલ છે, ભલે દિવસે ઈજાઝત માંગે. એ પણ શક્ય છે કે પહેલી હદીષથી દિવસમાં મસ્જિદમાં નમાઝ માટે જવાની ઈજાઝત મના હોય, બાકી કામો માટે ઈજાઝત દસ્તૂર પ્રમાણે હોય.

**મસ્જિદની હાજરી** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની બંને હદીષોથી એની ઈજાઝત નીકળે છે કે સ્ત્રીઓ મસ્જિદમાં બાજમાઅત નમાઝ માટે જઈ શકે છે, ચાહે તે પંજગાના હોય કે ચાહે જુમ્આ તથા ઈદૈન હોય. અને આ જ અસલ હુકમ છે. પણ એ રિસાલતકાળની વાત છે કે જે સમય સરાપા (સંપૂર્ણતઃ) ખૈર તથા બરકતનો હતો. નબુવ્વતના નૂરથી સ્ત્રીઓના પણ તથા પુરૂષોના પણ સીના ભરચક હતા. અલ્લાહ ﷻ નું મૌજૂદ *(અલ્લાહ ﷻ દરેક જગ્યાએ દરેક સમયે જોઈ રહ્યો છે. –મિસ્બાહી)* હોવું દિલમાં બેસી ગયેલ હતું. ખુદા તઆલાનો ખૌફ છવાઈ ગયેલો હતો. પણ આજે જ્યારે ફિત્ના ફસાદ, વાસના તથા હવસનો પ્રભાવ છે એવા સમયે એની ઈજાઝત આપવી ફિત્નાઓના દરવાજાને ખોલવું છે જેના પરિણામે મુસ્લિમ સમાજ તબાહ તથા બર્બાદ થઈ શકે છે. એક મઝાકિયા સાહબે એકવાર કહ્યું હતું કે જો સ્ત્રીઓને મસ્જિદોમાં હાજરીની ઈજાઝત આપી દેવામાં આવે તો પછી સર્વ પુરૂષો પાકા નમાઝી બની જશે ! આજની વાત તો બહુ દૂર રહી ગઈ છે, ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ પોતાના દૌરની વાત બતાવી છે કે જે સહાબીઓનો યુગ હતો કે, "સ્ત્રીઓએ જે ઢંગ બનાવી લીધા છે તેને જો હુઝૂર અક્દસ ﷺ જોઈ લેત તો મસ્જિદોમાં તેમને આવવાથી રોકી આપત." આ કેવળ ઉમ્મુલ મો'મિનીનથી જ નથી બલ્કે વિવિધ સહાબાએ કિરામથી રિવાયત થયેલ છે. હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, **"સ્ત્રી છુપાવવાની ચીજ છે, અલ્લાહ ﷻ થી સૌથી અધિક નિકટ એ વખતે થાય છે જ્યારે તે ઘરની અંદર હોય છે. જ્યારે બહાર નીકળે છે તો તેને શૈતાન ઝાંકે છે."** તેમજ તેમણે ખૂબ જ ભારપૂર્વક કસમ ખાઈને ફર્માવ્યું, "સ્ત્રીની ઘરની અંદરની નમાઝ કરતાં પ્યારી અન્ય કોઈ ચીજ નથી. હા ! હજ્જ તથા ઉમરાની વાત અલગ છે." એક સ્ત્રીએ તેમને મસ્જિદમાં જુમ્આની નમાઝના બારામાં પૂછયું તો ફર્માવ્યું, "ઘરના અંદરવાળા હિસ્સામાં તારી નમાઝ ઘરવાળી નમાઝથી બેહતર છે. અને ઘરની અંદર તારી નમાઝ બહારના રૂમ કરતાં બેહતર છે અને બહારના રૂમમાં નમાઝ તારી કૌમની મસ્જિદમાં નમાઝ કરતાં બેહતર છે." હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما જુમ્આના દિવસે જે સ્ત્રીઓ મસ્જિદમાં આવતી તેમને કાંકરી મારતા હતા. (એટલે મસ્જિદથી દૂર થવા ધ્યાન દોરવા માટે) વર્તમાન સંજોગોને જોતાં સ્ત્રીઓને મસ્જિદમાં આવવાની સદંતર મનાઈ છે. *(જ્યારે કે જમાઅત વાજિબ છે તેનાથી સ્ત્રીઓને ફિત્નાના કારણે રોકી દેવામાં આવી તો મીલાદ શરીફના જુલૂસમાં કે જે મુસ્તહબ કાર્ય છે તેમાં સ્ત્રીઓને જવાની ઈજાઝત નથી. –મિસ્બાહી)* ફિત્નાને દૂર કરવું એ મહત્વના વાજિબોમાંથી છે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# كتاب الجمعة

## (કિતાબુલ્ જુમ્અહ્) "જુમ્આ વિશે પ્રકરણ"

### حديث ٥٤٧

**[હદીષ : ૫૪૭]**

انّه سمع ابا هريرة رضى الله تعالىٰ عنه انّه سمع

"અબ્દુર્રહમાન બિન હુર્મઝા અરજે આ હદીષ બયાન કરી કે તેમણે

رسول الله صلى الله تعالىٰ عليه وسلم يقول نحن الاٰخرون

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી સાંભળ્યું કે તેમણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને એવું ફર્માવતાં સાંભળ્યા, અમે સૌથી

السّابقون يوم القيامة بيد انّهم اوتوا الكتاب من قبلنا

પાછલા કયામતના દિવસે સૌથી આગળ રહેનાર છીએ. હા ! તેમને અમારાથી પહેલાં કિતાબ આપવામાં

**સમજૂતી : ૫૪૭**

એના પર ઉમ્મતનો ઈજમાઅ છે કે જુમ્આ ફર્ઝ છે. એની ફર્ઝિયત કુર્આન મજીદ તથા હદીષો તથા કયાસથી સાબિત છે.

(૧) અલ્લાહ جل جلالہ ઈર્શાદ ફર્માવે છે :–

يَآ اَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡٓا اِذَا نُوۡدِىَ لِلصَّلٰوةِ مِنۡ يَّوۡمِ الۡجُمُعَةِ فَاسۡعَوۡا اِلٰى ذِكۡرِ اللّٰهِ وَذَرُوا الۡبَيۡعَ "હે ઈમાનવાળાઓ ! જ્યારે જુમ્આના દિવસે અઝાન આપવામાં આવે તો અલ્લાહના ઝિક્રની તરફ ઝડપભેર વધો અને ખરીદ વેચાણ છોડી દો." *(જુમ્આ–૯)*

ثُمَّ هٰذَا يَوْمُهُمُ الَّذِىْ فُرِضَ عَلَيْهِمْ فَاخْتَلَفُوْا فِيْهِ

*આવી. વળી આ તે દિવસ છે જેમાં એમના પર નમાઝ ફર્ઝ કરવામાં આવી તો તેઓ આપસમાં એના*

فَهَدَانَا اللّٰهُ لَهٗ فَالنَّاسُ لَنَا فِيْهِ تَبَعٌ اَلْيَهُوْدُ غَدًا وَالنَّصَارٰى بَعْدَ غَدٍ

*બારામાં લડી પડયા. અલ્લાહે એના તરફ આપણી રહનુમાઈ ફર્માવી જેથી એ લોકો આપણાથી પાછળ છે,*

*યહૂદી એક દિવસ અને ઈસાઈ બે દિવસ." (બુખારી ૧/૧૨૦ અલ્ જુમ્અહ્, ૧/૧૨૩, મુસ્લિમ, નિસાઈ–જુમ્અહ્)*

અમ્ર વાજિબ હોવાના (વજૂબ)ના માટે આવે છે. ઝિક્રુલ્લાહથી મુરાદ ખુત્બો છે. જેથી આ આયતથી સાબિત થયું કે ખુત્બો સાંભળવો ફર્ઝ છે, અને ખુત્બો શર્તોમાંથી છે. જ્યારે શર્તના માટે હાજર થવું ફર્ઝ તો જેના માટેની તે શર્ત છે તેના માટે વિશેષ રીતે ફર્ઝ થશે. વળી ખરીદારી ત્યજવાનો હુકમ તેને અધિક મજબૂત કરે છે, એટલા માટે કે જીવનની સલામતી માટે ખરીદ વેચાણ ફર્ઝ છે અને ફર્ઝને ત્યજવું ફર્ઝ માટે જ હોઈ શકે છે કોઈ મુસ્તહબના માટે નહીં.

હદીષો એના બારામાં પુષ્કળ પ્રમાણમાં આવેલી છે : (૧) બયહક઼ીએ હઝરત જાબિર તથા હઝરત અબૂ સઈદ رضی اللہ عنہما થી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું : **وَاعْلَمُوْا اَنَّ اللّٰهَ فَرَضَ عَلَيْكُمُ الْجُمُعَةَ** "જાણી લો ! કે અલ્લાહ ﷻ એ તમારા પર જુમ્આ ફર્ઝ કર્યો છે."

અબૂ દાઊદ (૧/૧૫૧ સલાત) હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરે છે કે હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું, **الجمعة على من سمع النداء** "જે અઝાન સાંભળે તેના પર જુમ્આ વાજિબ છે."

નિસાઈ (૧/૨૦૨ જુમ્આ)એ સહીહ સનદ સાથે મુસ્લિમની શર્તે ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા رضی اللہ عنہا થી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું : **رواح الجمعة واجب على كل محتلم** "જુમ્આના માટે જવું દરેક બાલિગ પર વાજિબ છે."

ક઼યાસથી એ રીતે સાબિત કે એ ઝોહ્રના બદલામાં છે અને ઝોહ્ર ફર્ઝ છે. ફર્ઝના બદલામાં ફર્ઝ જ થઈ શકે, મુસ્તહબ, સુન્નત નથી થઈ શક્તાં, અને સહીહ એ છે કે એ "ફર્ઝે અયન" છે ફર્ઝે કિફાયા નથી. જુમ્આની ફર્ઝિયત ક઼તઈ છે જે એનો ઈન્કાર કરે તે કાફિર છે.

**بَيْدَ** : **غَيْرَ** ، **بَيْدَ** નો સમવઝન, સમાનઅર્થી અને સમાન એઅરાબ છે. દાઊદીએ કહ્યું આ તથા **عَلٰى** અને **مَعَ** ના અર્થમાં છે આ સ્થિતિમાં ઝર્ફિયતની બિના પર મન્સૂબ થશે અને ગૈરના અર્થમાં હશે તો ઈસ્તિષ્નાની બિના પર.

**الذى فرض** : એનાથી એ મુરાદ નથી કે અલ્લાહ તઆલાએ એમના પર જુમ્આ નિશ્ચિત કરી દીધો હતો, જો હોત તો મો'મિન થઈને તેને કેમ કરીને ત્યજતા. ઈબ્ને બતાને કહ્યું કે અલ્લાહ ﷻ એ એમના માટે જુમ્આનો દિવસ નિશ્ચિત કર્યો પણ સાથોસાથ તેમને એ ઈખ્તિયાર આપી દીધો કે ચાહે તો બદલી લે. તો તેમણે આપસમાં મતભેદ કર્યો અને જુમ્આનો દિવસ ઈખ્તિયાર કરવાની તેમને તૌફીક઼ ન થઈ. એની પણ સંભાવના છે કે તેમના માટે જુમ્આનો દિવસ ખાસ અલ્લાહ ﷻ એ નિશ્ચિત કર્યો, પણ તેઓ ન માન્યા અને બીજા દિવસને અપનાવ્યો, તો અલ્લાહ ﷻ એ તેમના પસંદીદા દિવસને નિશ્ચિત કરી આપ્યો. તેનું સમર્થન ઈમામ સદીના આ ક઼ૌલથી થાય છે જેને ઈબ્ને અબી હાતિમે રિવાયત કર્યો. અલ્લાહ ﷻ એ યહૂદીના માટે જુમ્આનો દિવસ નિશ્ચિત કર્યો પણ તેઓ ન માન્યા અને અર્ઝ કરી, હે મૂસા ! અલ્લાહ ﷻ એ શનિવારે કાંઈ નથી પેદા કર્યું તેને અમારા માટે નિશ્ચિત

# حدیث ۵۴۸

**[હદીષ : ૫૪૮]**

عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا اَنَّ

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તમે*

اللّٰہِ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِذَا جَاءَ اَحَدُکُمُ الْجُمُعَۃَ فَلْیَغْتَسِلْ

*જુમ્આના માટે આવો તો ગુસ્લ કરો." (બુખારી ૧/૧૨૦ જુમ્આ, મુસ્લિમ, તિર્મિઝી, ઈબ્ને માજહ–અલ્ જુમ્અહ)*

કરી આપે. તો હઝરત મૂસા علیہ السلام એ શનિવારને નિશ્ચિત કરી આપ્યો. અને એ એમનાથી દૂર નથી.

**فهدانا الله** : એમાં બે શક્યતાઓ છે : એક એ કે અલ્લાહ عزوجل એ સ્પષ્ટતા સાથે જુમ્આના માટે ઈર્શાદ ફર્માવ્યો. બીજુ એ કે એના બારામાં **من جانب الله** કોઈ નસ (દલીલ) નથી પણ અલ્લાહ عزوجل એ મુસલમાનોના દિલોમાં ઈલ્કાઅ્ ફર્માવ્યું. એનું સમર્થન એનાથી થાય છે કે ઈમામ ઈબ્ને સીરીને ફર્માવ્યું કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ની મદીના શરીફમાં તશરીફ આવરી (આગમન) પહેલાં જ મદીનાવાસીઓ જુમ્આ પઢવા લાગ્યા હતા. અબૂ દાઊદ (સલાત ૧/૧૫૨) તથા ઈબ્ને માજહ (જુમ્આ–૭૭)માં હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ના મદીના આગમન થતા પહેલાં અસ્વદ બિન ઝરાહાએ પ્રથમ જુમ્આ પઢયો. એનાથી મુરાદ ખાસ જુમ્આની નમાઝ પઢવું છે, નહીં તો જુમ્આનો દિવસ અરબમાં પહેલેથી જ માનનીય હતો.

હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ના બાપદાદાઓમાં મુર્રા બિન કઅબને એ બુઝુર્ગી હાંસલ થઈ કે અરૂબાના દિવસે લોકોને ભેગા કરતા અને તેમને ખુત્બો આપતા, નસીહત કરતા. ખાસ કરીને તેમને એની તાક઼ીદ કરતા કે મારી ઔલાદમાંથી પયગંબરે આખિરુઝ્ઝમાં પેદા થશે, તો સૌ એમના પર ઈમાન લાવજો. જુમ્આને જ પહેલાં અરૂબા કહેતા હતા. *(મદારિજુન્નબુવ્વત, ૨/૧૧)*

**اليهود غدا** : મૂળ લખાણ આ પ્રમાણે છે : **يعظم اليهود غدا يعظم النصارىٰ بعد غدٍ** યહૂદીઓએ શનિવારનો દિવસ એટલા માટે અપનાવ્યો કે અલ્લાહ عزوجل એ દુનિયાનું સર્જન જુમ્આના દિવસે સંપૂર્ણ કરી લીધું. શનિવારે કાંઈ બનાવવાનું બાક઼ી ન હતું, તો તેમણે કહ્યું કે એ દિવસે અમે પણ કારોબાર બંધ કરીશું અને અલ્લાહ عزوجل નો શુક્ર કરીશું. ઈસાઈઓએ કહ્યું કે રવિવારથી દુનિયાનું સર્જન શરૂ કર્યું હતું એટલા માટે એ દિવસે અમે એની ઈબાદત કરીશું.

**સમજૂતી : ૫૪૮**

અહીં પ્રકરણના ત્રણ ભાગો છે : જુમ્આના દિવસે ગુસ્લની ફઝીલત, બાળકોનું જુમ્આમાં હાજર થવું, સ્ત્રીઓનું હાજર થવું. હદીષને પ્રથમ ભાગ સાથે નિસ્બત છે પણ બીજા ભાગ સાથે નથી, ભલે **احدکم**ના સામાન્યપણામાં બાળકો તથા સ્ત્રીઓ સામેલ છે. પરંતુ કેમ કે હમણા હદીષ વર્ણન થઈ ચૂકી કે ફર્માવ્યું, જુમ્આનું ગુસ્લ દરેક બાલિગ પર છે જેથી બાળકો નીકળી ગયાં. અને હમણા હદીષ વર્ણન થઈ ચૂકી કે સ્ત્રીઓને મસ્જિદમાં નમાઝ માટે જવાની ઈજાઝત કેવળ રાત સાથે ખાસ છે, એટલા માટે તે પણ નીકળી ગઈ. એટલા માટે ઈમામ બુખારીએ કોઈ હુકમ નથી વર્ણવ્યો અને પ્રશ્ન કરીને છોડી આપ્યું. **احدکم**ના સામાન્યપણાને સામે રાખીને સવાલ તો

## حدیث ۵۴۹

**[હદીષ : ૫૪૯]**

## عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ عُمَرَ بْنَ

'હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે

## الْخَطَّابِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ بَيْنَا هُوَ قَائِمٌ فِي الْخُطْبَةِ

ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ ખુત્બામાં જુમ્આના દિવસે ઊભા હતા એવામાં નબી صلی اللہ علیہ وسلم ના

## يَوْمَ الْجُمُعَةِ اِذْ جَاءَ رَجُلٌ مِّنَ الْمُهَاجِرِيْنَ الْاَوَّلِيْنَ

અવ્વલીન મુહાજિર સહાબીઓમાંથી એક સાહબ આવ્યા. ઉમરે તેમને બુલંદ અવાજથી કહ્યું,

યથાવત જ છે કે જો સ્ત્રીઓ તથા બાળકો આ સામાન્યપણામાં સામેલ છે તો તેમણે હાજર થવું જરૂરી છે અને જો સામેલ નથી તો તેમણે જુમ્આમાં હાજરી આપવી જરૂરી નથી. આગળ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની હદીષ વર્ણન કરી કે જુમ્આનું ગુસ્લ દરેક બાલિગ પર છે, એનાથી જવાબ થઈ ગયો કે બાળકોની જુમ્આમાં હાજરી જરૂરી નથી. રહી ગઈ સ્ત્રીઓ તો તેણીઓ આ હદીષથી અપવાદ છે જે વર્ણન થઈ ચૂકી કે રાતમાં મસ્જિદે જવાની ઈજાઝત માંગે તો આપી દો. રાતની સાથે ખાસપણુ દલીલ છે કે દિવસે ઈજાઝત ન આપવામાં આવે, જેથી સાબિત થયું કે તેણીઓ પર જુમ્આ ફર્ઝ નથી. (ઘરે ઝહોર પઢશે.)

**ફાયદો** : હદીષમાં اذا ઈસ્મે શર્ત છે અને ક઼ઝીયહ્ શર્તિયહ્ના સિદ્ક઼ના માટે મુક઼દમ, તથા તાલીનુ સિદ્ક઼ અથવા વજૂદ જરૂરી નથી. જેથી આ હદીષની દલાલત વકૂઅ પર ન થઈ. એનાથી માલૂમ થાય છે કે જુમ્આ ફર્ઝ નથી. એનો જવાબ અલ્લામા અયનીએ એ આપ્યો કે اذا એના પર દાખલ થાય છે જેનું વકૂઅ (બનવુ) યક઼ીની હોય.

આ ગુસ્લ જુમ્આના દિવસની તા'ઝીમના માટે છે અથવા જુમ્આની નમાઝના માટે છે. ઈમામ અબૂ યૂસુફનો ક઼ૌલ એ છે કે એ જુમ્આની નમાઝના માટે છે અને એ જ આ હદીષથી સાબિત થાય છે. સાહિબે હિદાયાએ ફર્માવ્યું કે એનો મતલબ એ છે કે ગુસ્લ કર્યા બાદ જો એ જ ગુસ્લથી નમાઝ પઢશે તો ગુસ્લનો સવાબ પામશે અને ગુસ્લ બાદ કોઈ વુઝૂ તોડનાર ચીજ જોવા મળી અને ફરી વુઝૂ કર્યું અને નમાઝ પઢી તો ગુસ્લનો સવાબ નહીં મળે. ઈમામ હસન બિન ઝિયાદે ફર્માવ્યું કે આ ગુસ્લ જુમ્આના દિવસની ફઝીલતને પ્રદર્શિત કરવા માટે છે એટલા માટે સવારથી લઈને નમાઝથી પહેલાં પહેલાં જ્યારે પણ ગુસ્લ કરશે ગુસ્લનો સવાબ પામશે, અને એ જ જમહૂરનો મઝહબ છે પણ એના પર ખૂબ મોટો વાંધો એ છે કે જો જુમ્આની નમાઝ બાદ કોઈ ગુસ્લ કરે તો તેને ગુસ્લનો સવાબ મળવો જોઈએ, જ્યારે કે એને માનનાર કોઈ નથી.

### સમજૂતી : ૫૪૯

**رجل** : એ હઝરત ઉષ્માન رضی اللہ عنہ હતા. જેમ કે મોઅત્તા ઈમામ માલિકમાં છે : **المهاجرين الاولين** મુહાજિરીને અવ્વલીનથી શું મુરાદ છે ? એમાં ત્રણ કથનો છે : ઈમામ શાફઈએ ફર્માવ્યું કે આ તે હઝરત છે જેઓ બયઅતે રિદ્‌વાનમાં શરીક રહ્યા. અને સઈદ બિન મુસૈયિબે ફર્માવ્યું, એ મુહાજિરો છે જેમણે બંનેવ ક઼િબ્લાની તરફ નમાઝ પઢી. કશાફમાં છે : એઓ બદરમાં હાજર રહેનારા છે.

مِنْ اَصْحَابِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَنَادَاہُ

આ ક્યો સમય છે ? તેમણે કહ્યું, હું કામમાં વ્યસ્ત હતો,

عُمَرُ اَیَّۃُ سَاعَۃٍ ھٰذِہٖ قَالَ اِنِّیْ شُغِلْتُ فَلَمْ اَنْقَلِبْ

મારાં ઘરવાળાં સુધી પાછો ફર્યો પણ ન હતો કે એવામાં અઝાન સાંભળી

اِلٰی اَھْلِیْ حَتّٰی سَمِعْتُ التَّاذِیْنَ فَلَمْ اَزِدْ اَنْ تَوَضَّأْتُ

અને કેવળ વુઝૂ કર્યું. ઉમરે કહ્યું,

قَالَ وَالْوُضُوْءَ اَیْضًا وَقَدْ عَلِمْتَ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی

કેવળ વુઝૂ પર બસ કર્યું ! જ્યારે કે તમે જાણો છો કે

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ یَأْمُرُ بِالْغُسْلِ

રસૂલુલ્લાહ ﷺ ગુસ્લનો હુકમ આપતા હતા." (બુખારી ૧/૧૨૦ જુમ્આ, મુસ્લિમ, તિર્મિઝી)

**اية ساعة** : મતલબ એ હતો કે તમારે શરૂ સમયમાં આવવું જાઈતું હતું, તો આટલુ મોડુ શાથી કર્યું ? એના બાદવાળી રિવાયતમાં છે કે તમે નમાઝથી કેમ રોકાયેલા રહ્યા ? **والوضوء ايضا** વાવ આતિફા છે જેનો મઅતૂફ એ વાક્ય છે જે **اية ساعة**નો મદલૂલ છે. અલ્લામા કુર્તબીએ કહ્યું કે આ વાવ હમ્ઝા ઈસ્તફહામના બદલામાં છે જેમ કે આ આયત **قَالَ فِرْعَوْنُ أٰمَنْتُمْ بِهٖ**માં એક કિ઼રાઅત **وَآمَنْتُمْ بِهٖ** પણ છે, એમાં વાવ હમ્ઝા ઈસ્તિફહામના બદલામાં છે.

**كان يامر بالغسل** : એના બાદવાળી રિવાયતમાં છે કે નબી ﷺએ ફર્માવ્યું, જે જુમ્આના માટે જાય તેણે જોઈએ કે ગુસ્લ કરે. જે લોકો જુમ્આના દિવસે ગુસ્લને વાજિબ જાણે છે તેમની એક દલીલ આ હદીષનું આ વાક્ય પણ છે કે હુઝૂરે અક઼દસ ﷺ ગુસ્લનો હુકમ આપતા હતા. અમે અમ્ર વાજિબ હોવા માટે છે. પણ આ હદીષ આપણા માટે પણ મુસ્તદલ (દલીલ પૂરી પાડનાર) છે, કે જો જુમ્આના દિવસે ગુસ્લ વાજિબ હોત તો હઝરત ઉષ્માન ગુસ્લ વિના જુમ્આના માટે ન આવત. અને જો આવી ગયા હતા તો હઝરત ઉમર તેમને ગુસ્લના માટે પરત મોકલતા. આ બધું જુમ્આના દિવસે સહાબાની મૌજૂદગીમાં થયું. જેથી સાબિત થઈ ગયું કે ગુસ્લ વાજિબ નથી. તેમજ એ પણ સાબિત થઈ ગયું કે જે હદીષોમાં **فليغتسل** આવ્યું છે એમાં અમ્ર વાજિબ હોવા માટે નથી. તેમજ એ પણ કે **واجب على كل محتلم**માં વાજિબનો શાબ્દિક અર્થ મુરાદ છે.

આપણો મુખ્તાર મઝહબ એ છે કે, **પ્રથમ અઝાનથી જ ખરીદ વેચાણ મના છે** કેમ કે જો અઝાને ષાની સુધી ખરીદ વેચાણની રજા આપવામાં આવે તો ઘણીવાર જુમ્આનો સમય ફૌત થઈ જશે. (જતો રહેશે) કેમ કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના જમાનામાં હજી પ્રથમ અઝાન શરૂ જ થઈ ન હતી, એને તો હઝરત ઉષ્માને પોતાના ખિલાફતકાળમાં શરૂ કરી છે એટલા માટે એ સમયમાં ખરીદ વેચાણની મનાઈમાં એનો એતબાર હતો. આપણે ત્યાં ખરીદ વેચાણનો મતલબ એ છે કે એ સમયે ખરીદ વેચાણ કરનાર ગુનેહગાર થશે પણ ખરીદ વેચાણ દુરુસ્ત થઈ જશે. ઈમામ શાફઈ વગેરેને ત્યાં સોદો જ સહીહ થશે નહીં.

# حدیث ۵۵۰

**[હદીષ : ૫૫૦]**

عَنْ اَبِیْ بَکْرِ بْنِ الْمُنْکَدِرِ قَالَ حَدَّثَنِیْ

''અમ્ર ઈબ્ને સુલૈમ અન્સારીએ કહ્યું કે અબૂ સઈદ ખુદરીના

عَمْرُو بْنُ سُلَیْمٍ الْاَنْصَارِیُّ قَالَ اَشْهَدُ عَلٰی اَبِیْ سَعِیْدٍ

બારામાં ગવાહી આપુ છું કે તેમણે ફર્માવ્યું કે હું રસૂલુલ્લાહ ﷺના બારામાં

قَالَ اَشْهَدُ عَلٰی رَسُوْلِ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

ગવાહી આપુ છું કે તેમણે ફર્માવ્યું, જુમ્આના દિવસે દરેક બાલિગ પર ગુસ્લ વાજિબ છે

قَالَ اَلْغُسْلُ یَوْمَ الْجُمُعَةِ وَاجِبٌ عَلٰی کُلِّ مُحْتَلِمٍ

અને મિસ્વાક કરવું, અને ખુશ્બુ લગાડવું જો પામે. હદીષના

وَّاَنْ یَّسْتَنَّ وَاَنْ یَّمَسَّ طِیْبًا اِنْ وَّجَدَ قَالَ عَمْرٌو

રાવી અમ્રએ કહ્યું, ગુસ્લના બારામાં તો ગવાહી આપુ છું કે તે વાજિબ છે

اَمَّا الْغُسْلُ فَاَشْهَدُ اَنَّهٗ وَاجِبٌ وَ اَمَّا الْاِسْتِنَانُ

પરંતુ મિસ્વાક તથા ખુશ્બુ તો અલ્લાહ તઆલા

وَالطِّیْبُ فَاللّٰهُ تَعَالٰی اَعْلَمُ اَوَاجِبٌ هُوَ

સારી રીતે જાણે છે કે વાજિબ છે કે નથી,

اَمْ لَا وَلٰکِنْ هٰکَذَا فِی الْحَدِیْثِ

પણ હદીષમાં આ જ પ્રમાણે છે.'' *(બુખારી ૧/૧૨૧ જુમ્આ, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–તહારત)*

**સમજૂતી : ૫૫૦** قال عمرو એનાથી મુરાદ હદીષના રાવી અમ્ર બિન સુલૈમ છે. એ તશ્રીક ફિઝ્ ઝિક્રના માટે તશ્રીક ફિલ હુકમને જરૂરી જાણતા ન હતા એટલા માટે ગુસ્લના વાજિબ થવા પર યકીન કર્યું અને મિસ્વાક તથા ખુશ્બુના બારામાં શંકા કરી. અમારે ત્યાં ભલે એ સિદ્ધ થયેલ છે કે ઝિક્રમાં શિર્કતથી હુકમમાં શિર્કત લાઝિમ નથી. પણ અન્ય દલીલોથી ગુસ્લ પણ મિસ્વાક તથા ખુશ્બુની જેમ વાજિબ નથી, જેમ કે વર્ણન થઈ ચૂક્યું. સહાબાએ કિરામને ત્યાં જુમ્આના દિવસે ખુશ્બુની ઘણી વ્યવસ્થા થતી. હઝરત ઈબ્ને ઉમર, હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબૂ સઈદ ખુદરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین દર જુમ્આએ કપડાંઓને ખુશ્બુથી ભરતા હતા. હઝરત મુઆવિયા બિન કુર્રાએ કહ્યું કે મેં મદીનાવાસીઓમાં ત્રણ વ્યક્તિઓને જોયા કે તેઓ પણ એવું જ કરતા હતા.

## حديث ۵۵۱

**[હદીષ : ૫૫૧]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ

"હઝરત અબૂ હુરૈરહ્ રضی اللہ عنہ થી રિવાયત છે.

رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ مَنِ اغْتَسَلَ

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે શખ્સ જુમ્આના દિવસે જનાબતના ગુસ્લની

یَوْمَ الْجُمُعَةِ غُسْلَ الْجَنَابَةِ ثُمَّ رَاحَ فَكَاَنَّمَا قَرَّبَ

જેમ ગુસ્લ કરે પછી (જુમ્આના માટે) જાય તો જાણે તેણે ઊંટ સદક઼ો કર્યું અને બીજી

بَدَنَةً وَمَنْ رَاحَ فِی السَّاعَةِ الثَّانِیَةِ فَكَاَنَّمَا قَرَّبَ

ઘડીમાં ગયો તો તેણે ગાય સદક઼ો કરી, અને જે ત્રીજી ઘડીમાં જાય તો જાણે તેણે મેંઢો સદક઼ો કર્યો, અને

بَقَرَةً وَمَنْ رَاحَ فِی السَّاعَةِ الثَّالِثَةِ فَكَاَنَّمَا قَرَّبَ

જે ચોથી ઘડીમાં ગયો તો જાણે તેણે મરઘી સદક઼ો કરી. અને જે પાંચમી

كَبْشًا اَقْرَنَ وَمَنْ رَاحَ فِی السَّاعَةِ الرَّابِعَةِ فَكَاَنَّمَا قَرَّبَ

ઘડીમાં ગયો તો જાણે તેણે ઈંડુ સદક઼ો કર્યો. પછી જ્યારે કે ઈમામ (ખુત્બા માટે)

دَجَاجَةً وَمَنْ رَاحَ فِی السَّاعَةِ الْخَامِسَةِ فَكَاَنَّمَا قَرَّبَ

નીકળી આવે તો ફરિશ્તા (ખુત્બો સાંભળવા માટે) હાજર થઈ

بَیْضَةً فَاِذَا خَرَجَ الْاِمَامُ حَضَرَتِ الْمَلٰٓئِكَةُ یَسْتَمِعُوْنَ الذِّكْرَ

જાય છે અને ઝિક્ર સાંભળે છે."

(બુખારી ૧/૧૨૧ જુમ્આ, બાબુલ ઈસ્તિમાઈ લિલ્ ખુત્બા ૧/૧૨૭, ૧/૪૫૬ બદઉલ ખલ્ક઼, મુસ્લિમ–જુમ્આ, અબૂ દાઊદ–તહારત, તિર્મિઝી–તહારત, નિસાઈ–જુમ્આ, મુઅત્તા ઈમામ–જુમ્આ મુસ્નદે ઈમામ અહમદ–૪/૪૬૦)

**સમજૂતી : ૫૫૧**

**પરિપૂર્ણતા :** આ હદીષ થોડાક ફેરફારની સાથે બાબુલ ઈસ્તિમાઅ્ લિલ્ ખુત્બા અને બદઉલ ખુલ્ક઼માં પણ છે એમાં એટલું વધારે છે કે જ્યારે જુમ્આનો દિવસ થાય છે તો ફરિશ્તા મસ્જિદના દરવાજામાં ઊભા થઈ જાય છે, પ્રથમ આવનારના ક્રમસર આગળવાળાનાં નામ લખે છે. છેવટમાં છે કે જ્યારે ઈમામ ખુત્બાના માટે

નીકળી આવે છે તો સહીફાઓ લપેટી દે છે અને ઝિક્ર સાંભળે છે.

અબુલ ફઝ્લ જવઝીની કિતાબ અત્તરગીબમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી એક હદીષ મરફૂઅ રિવાયત થયેલ છે કે જ્યારે જુમ્આનો દિવસ હોય છે તો ફરિશ્તાઓને ઝંડો આપીને દરેક તે મસ્જિદમાં મોકલવામાં આવે છે જેમાં જુમ્આ થાય છે. અને જિબ્રઈલ મસ્જિદે હરામમાં તશરીફ લઈ જાય છે. દરેક ફરિશ્તાની સાથે લખવાવાળા પણ રહે છે જેમના ચહેરા ૧૪મીના ચાંદની જેમ હોય છે. તેમની સાથે ચાંદીના કલમ અને ચાંદીના કાગળ હોય છે જેઓ આવનારાઓને ક્રમવાર નોંધે છે. જે ઈમામથી પહેલાં આવ્યો તેને સાબેક઼ીનમાં લખે છે અને જે ઈમામના આવ્યા પછી આવ્યો તેને લખે છે એ ખુત્બામાં શરીક થયો, અને જેઓ નમાઝના વખતે આવે છે તેમના બારામાં લખે છે, જુમ્આમાં હાજર થયો અને જ્યારે ઈમામ સલામ ફેરવી લે છે તો ફરિશ્તા નમાઝીઓના ચહેરાઓ પર તલાશની નજર નાખે છે અને જો કોઈ એવા શખ્સને નથી જોતા જે પહેલાં સાબેક઼ીનમાંથી હતો તો અર્ઝ કરે છે, હે રબ ! અમે ફલાણાને નથી જોયો, અમે નથી જાણતા કે આજે કેમ નથી આવ્યો, જો તેં એને ઉઠાવી લીધો છે તો તેના પર રહમ ફર્માવ, જો બીમાર છે તો તેને શિફા આપ, અને જો સફરમાં ગયો છે તો તેને સારો સાથી નસીબ ફર્માવ. અને લખનાર ફરિશ્તા આમીન કહે છે.

**غسل الجنابة** : એનાથી મુરાદ એ છે કે જેવી રીતે જનાબતનું ગુસ્લ સારી રીતે કરવામાં આવે છે એના પ્રમાણે સારી રીતે ગુસ્લ કરે. અને હક઼ીક઼ી અર્થની પણ સંભાવના છે, એટલે કે તે જનાબતનું જ ગુસ્લ કરે. એની સમર્થક અબૂ દાઊદ વગેરેની આ હદીષ છે જે હઝરત અવસ ષક઼ફી رضی اللہ عنہ થી રિવાયત પામેલી છે, તે કહે છે : મેં રસૂલુલ્લાહ ﷺ ને એવું ફર્માવતાં સાંભળ્યા કે જે જુમ્આના દિવસે ગુસ્લ કરે અને કરાવે અને વેળાસર લઈ જાય અને જાય, ખુત્બાનો પ્રથમ હિસ્સો પામે. અને પગપાળા જાય સવાર થઈને ન જાય અને ઈમામની નજીક રહે, ધ્યાનપૂર્વક ખુત્બો સાંભળે અને કોઈ ફોગટનું કામ ન કરે તો **તેને દરેક ક઼દમ પર વરસભરના રોઝા અને ક઼યામનો સવાબ મળશે.**

**ثم راح** : رواح નો અર્થ ઝવાલ પછી ચાલવું છે. કુર્આન મજીદમાં હઝરત સુલૈમાન علیہ السلام ના ફર્શના બારામાં છે : **غُدُوُّهَا شَهْرٌ وَّرَوَاحُهَا شَهْرٌ** સવારે એક મહિનાનું અંતર કાપી લેતો. હવે આ હદીષનો મતલબ એ થયો કે જે ઝવાલ બાદ તુર્ત જ જુમ્આના માટે સૌ પ્રથમ હાજર થયો તેને ઊંટ સદક઼ો કરવાનો સવાબ મળશે. અને જે એના બાદ આવ્યો તો તેને ગાય સદક઼ો કરવાનો સવાબ મળશે. તો જે રિવાયતોમાં **الساعة الاولى والثانية** આવ્યું છે તેનાથી મુરાદ મુત્લક઼ સમય છે. એટલે જે સૌ પ્રથમ આવ્યો, પછી જે તેના પછી આવ્યો. આ જ ઈમામ માલિક رضی اللہ عنہ નો ક઼ૌલ છે કે **ساعات** થી મુરાદ મામૂલી ઘડીઓ છે, પણ ઈમામ શાફઈ અને જમહૂર ઉલમા ઘડીથી મુરાદ તેનો ઉર્ફી અર્થ લે છે એટલે કે દિવસના બાર ભાગોમાંથી એક ભાગ. હવે હદીષનો મતલબ એ થયો કે જે દિવસની પ્રથમ ઘડીમાં, પછી જે દિવસની બીજી ઘડીમાં. આમ રિવાયતોમાં પાંચનો જ ઉલ્લેખ છે પણ એક રિવાયતમાં એ પણ છે કે જે પાંચમી ઘડીમાં આવ્યો જાણે તેણે એક પક્ષી સદક઼ો કર્યું, અને જે છઠ્ઠી ઘડીમાં આવ્યો તેણે ઈંડુ સદક઼ો કર્યું. છઠ્ઠી ઘડી પછી ઝવાલ થાય છે અને હુઝૂરે અક઼દસ ﷺ ઝવાલ બાદ તરત જ જુમ્આના માટે તશરીફ લાવતા હતા. જો એ ઘડીઓ પછી ઝવાલની ઘડીઓ મુરાદ લેવામાં આવે તો પછી ઉપરોક્ત તફસીલની ગુંજાઈશ રહેશે નહીં. સહાબાએ કિરામની આદત હતી કે ફજરની નમાઝ બાદ જ મસ્જિદે અક઼દસમાં હાજર રહેતા અને જુમ્આ પઢીને ઘરે જતા. **اقول وبالله التوفيق** એ જ બુખારીમાં હદીષ-૫૬૮ આવી રહી છે કે હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જ્યારે સખત ઠંડી હોતી તો જુમ્આની નમાઝ અવ્વલ (શરૂ) સમયમાં પઢતા અને જ્યારે ગરમી સખત હોતી તો જુમ્આ ઠંડી કરીને પઢતા. પછી મુત્લક઼ન્ (કોઈ શર્ત વિના) એ હુકમ લગાડવો કે હમેશાં ઝવાલ બાદ તુરત જ પઢતા એ સહીહ નથી. અને رَوَاح નો અર્થ મુત્લક઼ જવાનો પણ થાય છે. તેમ જ ઝવાલથી લઈને સૂરજ ડૂબવાના પહેલાં ચાલવા પર رَوَاح લાગુ પડે છે એટલા માટે આ હદીષની સ્પષ્ટતા

## حديث ٥٥٢

[હદીષ : ૫૫૨]

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ عُمَرَ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે

بْنَ الْخَطَّابِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ بَیْنَمَا هُوَ یَخْطُبُ یَوْمَ

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ જુમ્આના દિવસે ખુત્બો આપી રહ્યા હતા.

الْجُمُعَةِ اِذْ دَخَلَ عَلَیْهِ رَجُلٌ فَقَالَ عُمَرُ بْنُ

એવામાં એક સાહબ (હઝરત ઉષ્માન) દાખલ થયા તો હઝરત ઈબ્ને ખત્તાબે ફર્માવ્યું,

الْخَطَّابِ لِمَ تَحْتَبِسُوْنَ عَنِ الصَّلٰوةِ فَقَالَ الرَّجُلُ

તમે અવ્વલ વક્ત (શરૂ સમયે) નમાઝમાં આવવાથી કેમ રોકાયેલા રહ્યા ? તો તેમણે બતાવ્યું, એવું થયું

مَا هُوَ اِلَّا اَنْ سَمِعْتُ النِّدَاءَ تَوَضَّاْتُ فَقَالَ اَلَمْ تَسْمَعُوا النَّبِیَّ صَلَّی

કે મેં અઝાન સાંભળી અને વુઝૂ કર્યું. તો હઝરત ઉમરે ફર્માવ્યું, શું તમે નથી સાંભળ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ

اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِذَا رَاحَ اَحَدُكُمْ اِلَی الْجُمُعَةِ فَلْیَغْتَسِلْ

ફર્માવ્યું, જ્યારે તમે જુમ્આના માટે આવો તો ગુસ્લ કરી લીધા કરો."

(બુખારી, ૧/૧૨૧ જુમ્આ, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–તહારત)

એ જ રાજેહ (પસંદીદા) છે જે હઝરત ઈમામ માલિકે ફર્માવ્યું, ગરમીઓમાં જુમ્આમાં પણ મોડુ કરવું મુસ્તહબ છે, એની સંપૂર્ણ ચર્ચા એના પ્રકરણમાં વર્ણન થશે.

**حضرت الملائكة** : સહીહ એ જ છે કે આ ફરિશ્તા ઈન્સાન પર નિયુક્ત કરેલા ફરિશ્તાઓ સિવાયના છે જે ખાસ આ જ ખિદમત માટે આસ્માનથી આવે છે. જેમ કે અબુલ ફઝ્લની કિતાબ અત્તરગીબથી હદીષ વર્ણન થઈ ચૂકી કે જિબ્રઈલે અમીન علیہ السلام મસ્જિદે હરામમાં આવે છે. પછી તેની એ સ્પષ્ટતા કે દરેક ફરિશ્તાના કાતિબ હોય છે. એ પણ એનું સમર્થન કરે છે. તદ્ ઉપરાંત બીજી રિવાયતોમાં છે કે ફરિશ્તા મસ્જિદોના દરવાજા પર રહે છે અને લખે છે અને કિરામન કાતિબીન અને હાફિઝીન અલગ નથી થતા, જેના પર મુકર્રર છે તેની સાથે રહે છે. અંતમાં એ છે કે જ્યારે ઈમામ આવી જાય છે તો સહીફા (કાગળો) લપેટી આપે છે, અને કિરામન કાતિબીનના સહીફા એ વખતે પણ ખુલ્લા રહે છે.

## حديث ۵۵۳

**[હદીષ : ૫૫૩]**

عَنْ سَلْمَانَ الْفَارِسِيِّ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ قَالَ

"હઝરત સલ્માન ફારસી رضي الله عنه એ ફર્માવ્યું કે

قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ لَا يَغْتَسِلُ رَجُلٌ يَوْمَ الْجُمُعَةِ

નબી ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, જે શખ્સ પણ જુમ્આના

وَيَتَطَهَّرُ مَا اسْتَطَاعَ مِنْ طُهْرٍ وَيَدَّهِنُ مِنْ دُهْنِهِ اَوْ

રોજ ગુસ્લ કરે અને જેટલુ બની શકે ખૂબ પાક થઈ જાય, અને તેલ લગાડે અથવા

يَمَسُّ مِنْ طِيبِ بَيْتِهِ ثُمَّ يَخْرُجُ فَلَا يُفَرِّقُ بَيْنَ اثْنَيْنِ

ખુશ્બુ ઘસે, પછી (જુમ્આના માટે નીકળે) અને બેની વચ્ચે અંતર ન કરે. પછી એના

ثُمَّ يُصَلِّي مَا كُتِبَ لَهُ ثُمَّ يُنْصِتُ إِذَا تَكَلَّمَ الْإِمَامُ

નસીબમાં જેટલું લખ્યું હોય નમાઝ પઢે. પછી જ્યારે ઈમામ ખુત્બો આપે ત્યારે ચૂપ રહે

إِلَّا غُفِرَ لَهُ مَا بَيْنَهُ وَمَا بَيْنَ الْجُمُعَةِ الْأُخْرَى ؏

તો એ બીજા જુમ્આ વચ્ચે જે કાંઈ કરે સૌ માફ કરી દેવામાં આવશે." (બુખારી ૧/૧૨૧, જુમ્આ, દારમી–સલાત)

**સમજૂતી : ૫૫૩**

**અઠવાડિયા ભરના ગુનાહોની માફી હાંસલ** : કરવાની સાત શર્તો આ હદીષમાં વર્ણન થઈ છે. પ્રથમ : ગુસ્લ, બીજી : શક્તિ મુજબ તહારત (પાકી). એનાથી ક્યાં તો સફાઈ સુથરાપણામાં અતિશયતા મુરાદ છે અથવા માથાને સારી રીતે ધોવું મુરાદ છે. અથવા સારામાં સારુ જે કપડુ મળે તેને પહેરવું મુરાદ છે. ત્રીજી : માથુ તથા દાઢીમાં તેલ લગાડીને તેના વેરવિખેર હોવાને દૂર કરવું એટલે તેલ લગાડીને કાંસકી પણ કરે. ચોથી મયસ્સર થાય તો ખુશ્બુ પણ ઘસવું. પાંચમી : મસ્જિદમાં હાજર થઈને બે બેઠેલા માણસો વચ્ચે ઘૂસીને ન બેસે જેનાથી તેમને સંકડામણ થાય. છટ્ટી : જેટલી બની શકે નમાઝ પઢે. સાતમી : ખુત્બાના સમયે ચૂપ રહે. આ સાત ઉપરાંત સાત બીજી અન્ય હદીષોમાં વર્ણન થયેલ છે. આઠમી : પગપાળા મસ્જિદે હાજર થવું, પણ જો ઘર દૂર હોય જેથી પગપાળા ચાલવામાં જુમ્આ છૂટી જવાનો અંદેશો હોય તો સવારી (સાધન) વડે જવું જરૂરી છે. નવમી : રસ્તામાં કે મસ્જિદમાં કોઈને તકલીફ ન આપે. દસમી : કોઈની ગરદન ફલાંગીને ન જાય, જ્યારે કે ખબર છે કે આગળ જગા નથી. અને જો ખબર છે કે જગા છે તો જરૂરથી આગળ જાય ભલે ગરદનો કૂદવી પડે, કેમ કે તેણે (પાછળ બેસનારે) આગળ જગા છોડીને પાછળ બેસીને પોતે જ પોતાની હુર્મત (શાનનું સ્થાન) ખોઈ નાખી. અગ્યારમી: વક઼ાર તથા ઈત્મિનાનની સાથે ચાલે. બારમી : ઈમામથી નજીક રહે. તેરમી : કોઈ નકામુ કામ ન

## حدیث ۵۵۴

**[હદીષ : ૫૫૪]**

قَالَ طَاؤُسٌ قُلْتُ لِابْنِ عَبَّاسٍ ذَكَرُوا اَنَّ

"તાઉસે કહ્યું, મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને

النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِغْتَسِلُوْا يَوْمَ الْجُمُعَةِ

પૂછયું, લોકોએ વર્ણવ્યું છે કે નબી ﷺ એ ફર્માવ્યું, જુમ્આના દિવસે ગુસ્લ કરો

وَاغْسِلُوْا رُؤُسَكُمْ وَاِنْ لَّمْ تَكُوْنُوْا جُنُبًا وَاَصِيْبُوْا

અને પોતાનાં માથાંઓને ધૂઓ ભલે જુનુબ ન હોય. અને ખુશ્બુ લગાડો.

مِنَ الطِّيْبِ قَالَ ابْنُ عَبَّاسٍ اَمَّا الْغُسْلُ فَنَعَمْ وَاَمَّا الطِّيْبُ فَلَا اَدْرِىْ

તો હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, ગુસ્લ તો ઠીક છે પરંતુ ખુશ્બુ વિશે હું નથી જાણતો."

(બુખારી ૧/૧૨૧ જુમ્આ, નિસાઈ–સલાત)

## حدیث ۵۵۵

**[હદીષ : ૫૫૫]**

عَنْ طَاؤُسٍ عَنِ ابْنِ عَبَّاسٍ اَنَّهٗ ذَكَرَ

"તાઉસે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને રિવાયત કરી કે તેમની સમક્ષ

لِرَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِى الْغُسْلِ

નબી ﷺ નો ઈર્શાદ જુમ્આના દિવસે ગુસ્લના બારામાં વર્ણવવામાં આવ્યો તો મેં ઈબ્ને અબ્બાસથી

કરે, દા.ત. કાંકરીઓથી રમવું, કપડાંથી રમવું. ચોદમી : ધ્યાનપૂર્વક ખુત્બો સાંભળવો. الجمعة الاخرىથી મુરાદ આગળ આવનાર જુમ્આ પણ થઈ શકે છે અને પાછલો પસાર થઈ ગયેલો પણ થશે. **મસાઈલ : અહનાફને ત્યાં ઈમામ જ્યારે પોતાના સ્થાને ખુત્બો આપવા માટે ઉઠે અથવા હુજરામાં હોય અને હુજરાથી નીકળે તો નમાઝ, સલામ, વાતચીત, ઝિક્ર, તિલાવત સૌ મના છે, ત્યાં સુધી કે ખુત્બો પૂરો થઈ જાય.** સંપૂર્ણ ચર્ચા આગળ આવે છે.

### સમજૂતી : ૫૫૪–૫૫૫

અહીં પ્રકરણ છે : જુમ્આના દિવસે તેલ લગાડવું. બીજી રિવાયતને તો સ્પષ્ટ મળતાપણુ છે, અલ્બત્ત પ્રથમ હદીષમાં તેલનો ઉલ્લેખ નથી. એને પ્રકરણથી સામ્યતા એ છે કે નહાયા બાદ લોકો તેલ જરૂર લગાડે છે તો જાણે નહાનારે તેલ લગાડવું નિયમ પ્રમાણે લાઝિમ છે.

يَوْمَ الْجُمُعَةِ فَقُلْتُ لِابْنِ عَبَّاسٍ اَيَمَسُّ طِيْبًا

પૂછ્યું કે શું ખુશ્બુ અથવા તેલ તેના ઘરવાળાઓ પાસે હોય તો વાપરશે ?

اَوْ دُهْنًا اِنْ كَانَ عِنْدَ اَهْلِهٖ فَقَالَ لَا اَعْلَمُهٗ

તો ફર્માવ્યું, હું નથી જાણતો.'' (બુખારી, ૧/૧૨૧ જુમ્આ, મુસ્લિમ–સલાત)

## حديث ٥٥٦

**[હદીષ : ૫૫૬]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે

عُمَرَ بْنَ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ رَاٰى حُلَّةً سِيَرَاءَ

ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ મસ્જિદના દરવાજા પર **રેશમી ડ્રેસ** જોયો તો અર્ઝ કરી,

عِنْدَ بَابِ الْمَسْجِدِ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ لَوِ اشْتَرَيْتَ

યા રસૂલલ્લાહ ! જો હુઝૂર એને ખરીદી લેત અને જુમ્આના દિવસે તથા જ્યારે

هٰذِهٖ فَلَبِسْتَهَا يَوْمَ الْجُمُعَةِ وَلِلْوَفْدِ اِذَا قَدِمُوْا عَلَيْكَ

પ્રતિનિધિમંડળો (વફદો) હાજર થતાં એ વખતે પહેરતા. એના પર રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,

**ذکروا** : બહુવચનનો સેગો વર્ણન કરવામાં આવ્યો, પણ એનાથી મુરાદ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ છે, જેવું કે શરહે મઆનિયુલ આષાર (૧/૫૯) તથા ઈબ્ને ખુઝૈમા તથા ઈબ્ને હબ્બાન (૬/૧૭૭ ઉમ્દતુલ કારી)માં અમ્ર બિન દીનારના તરીકાથી જે રિવાયત છે એમાં તેમના નામની સ્પષ્ટતા છે.

**لا اعلمه ،لا ادری** : એટલે કે મને એ નથી ખબર કે ખુશ્બુ અથવા તેલ લગાડી લો, એ હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદ છે કે નથી. એની પણ સંભાવના છે કે એવું મુરાદ હોય કે જુમ્આના દિવસે ખુશ્બુ લગાડવું સુન્નત છે કે નહીં એ મને ખબર નથી.

**સમજૂતી : ૫૫૬**

**શબ્દકોશ :** حُلَّة (હુલ્લા) ચાદર, તેહબંદ سِيَراء–એકલુ રેશમી. عُطَارِد–એક જણનું નામ.

હઝરત ઉમર رضی اللہ عنہએ એ હુલ્લો પોતાના જે ભાઈને આપ્યો હતો તેમનું નામ ઉષ્માન બિન હકીમ હતું. એ તેમના અખ્યાફી (બાપ અલગ માં એક) ભાઈ હતા અથવા દૂધભાઈ. સહીહ એ છે કે એ બાદમાં મુસલમાન થઈ ગયા હતા, જેમ કે બુખારીની જ કિતાબુસ્સૈદ તથા કિતાબુલ્ અદબની રિવાયતોથી જાહેર છે કે ફર્માવ્યું, ઈસ્લામ લાવતાં પહેલાં એ તોહફો આપ્યો હતો.

فَقَالَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِنَّمَا یَلْبَسُ ھٰذِہٖ

એને તે જ પહેરે છે જેનો આખેરતમાં કોઈ હિસ્સો નથી.

مَنْ لَّا خَلَاقَ لَہٗ فِی الْاٰخِرَۃِ ثُمَّ جَاءَتْ رَسُوْلَ اللّٰہِ صَلَّی

ત્યાર બાદ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એવો જ ડ્રેસ આવ્યો તો

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مِنْھَا حُلَلٌ فَاَعْطٰی عُمَرَ بْنَ

એમાંથી એક જોડ ઉમર ઈબ્ને ખત્તાબને આપ્યો. તો તેમણે અર્ઝ કરી,

اَلْخَطَّابِ مِنْھَا حُلَّۃً فَقَالَ عُمَرُ یَا رَسُوْلَ اللّٰہِ کَسَوْتَنِیْھَا

યા રસૂલલ્લાહ ! ﷺ આ મને પહેરવા માટે અર્પણ કરી રહ્યા છો ! જ્યારે હુલ્લાએ ઉતારિદ

وَقَدْ قُلْتَ فِیْ حُلَّۃِ عُطَارِدٍ مَّا قُلْتَ فَقَالَ رَسُوْلُ اللّٰہِ

(ઉતારિદના તેહબંદ કે ચાદર)ના બારામાં તે ફર્માવી ચૂક્યા છો ?! તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِنِّیْ لَمْ اَکْسُکَھَا لِتَلْبَسَھَا

મેં તમને પહેરવા માટે નથી આપ્યો. તો હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે એ જોડ

فَکَسَاھَا عُمَرُ بْنُ الْخَطَّابِ اَخًا لَّہٗ بِمَکَّۃَ مُشْرِکًا

મક્કાવાસી પોતાના એક મુશ્રિકભાઈને પહેરવા માટે આપી દીધો."

(૧/૧૨૧ જુમ્આ, ૧/૩૫૬, ૧/૩૫૭, ૨/૮૬૮, ૨/૮૮૫ લિબાસ, મુસ્લિમ–લિબાસ, અબૂ દાઊદ–લિબાસ, નિસાઈ–ઝીનત, ઈબ્ને માજહ–લિબાસ, મુઅત્તા ઈમામ માલિક–લિબાસ, મુસ્નદે ઈમામ અહમદ ૨/૧૦૩)

**પ્રકરણની સામ્યતા** : અહીં પ્રકરણનું હેડિંગ છે : "જુમ્આના દિવસે સૌથી ઉમદા લિબાસ પહેરે." દાઊદીએ કહ્યું કે આ હદીષની પ્રકરણ સાથે સામ્યતા નથી, એટલા માટે કે હઝરત ઉમરની દરખાસ્તને હુઝૂરે અક્દસ ﷺએ રદ કરી આપી હતી. અલ્લામા અયનીએ ફર્માવ્યું, સામ્યતા એ રીતે છે કે હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હઝરત ઉમરે જે ગુઝારિશ કરી એને એ આધાર પર રદ નથી કરી કે જુમ્આના દિવસે ઉમદા લિબાસને નાપસંદ કર્યો, બલ્કે ખાસ એ રેશમી હુલ્લાના બારામાં ઈન્કાર ફર્માવ્યો કે તે પુરૂષોએ પહેરવો જાઈઝ ન હતો, બાકી તો હઝરત ઉમરની ગુઝારિશથી લાઝમી રીતે એ ભાવાર્થ બને છે કે જુમ્આના દિવસે ઉમદા લિબાસ પહેરો, એને રદ નથી કર્યું, એના પર મૌન ધારણ કર્યું જેનાથી એ ભાવાર્થનું સમર્થન મળે છે કે હુઝૂરે અક્દસ ﷺની આદતે કરીમા એ જ હતી કે જુમ્આના દિવસે ઉમદાથી લિબાસ પહેરતા હતા.

# حدیث ۵۵۷

**[હદીષ : ૫૫૭]**

## عن ابی ھریرۃ رضی اللہ تعالیٰ عنہ ان

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે

## رسول اللہ صلی اللہ تعالیٰ علیہ وسلم قال لو لا ان اشق

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો મારી ઉમ્મતને ભારે ન પડત, અથવા એવું ફર્માવ્યું,

## علی امتی، او، لو لا ان اشق علی الناس لامرتھم

જો લોકોને ભારે ન પડત તો તેમને દરેક નમાઝના

## بالسواک مع کل صلوٰۃ ۔

સાથે મિસ્વાકનો હુકમ આપતો."

(બુખારી ૧/૧૨૨ જુમ્આ, ૧/૨૫૯ અસ્સૂમ, ૨/૧૦૫૭, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી—તહારત, નિસાઈ—તહારત, મવાક઼ીત, ઈબ્ને માજહ, દારમી—સલાત, મોઅત્તા—તહારત, મુસ્નદે ઈમામ અહમદ ૨/૨૪૫)

**સમજૂતી : ૫૫૭**

આ હદીષ પર પ્રકરણનું હેડિંગ છે : "જુમ્આના દિવસે મિસ્વાક" એની સાબિતી **کل صلوٰۃ**ના ઉમૂમ (સામાન્યપણા)થી થાય છે. આ હદીષ એની દલીલ છે કે **હુઝૂરે અક઼દસ ﷺને એ અધિકાર ઉપલબ્ધ છે કે તેઓ જે ચીજ ચાહે વાજિબ કરી આપે અને જેને ચાહે મૌક઼ૂફ઼ કરી આપે.** હદીષના જાહેર પરથી માલૂમ પડે છે કે દરેક નમાઝ વખતે મિસ્વાક મુસ્તહબ છે પણ અમુક રિવાયતોમાં **مع کل وضوء** પણ આવેલ છે. કેમ કે સામાન્યતઃ દરેક નમાઝ વખતે વુઝૂ કરવામાં આવે છે તો અધિક હોવાના એતબારથી બંનેનો સાર એક જ નીકળે છે. આપણા મોટા ભાગના અસ્હાબે ફર્માવ્યું કે એનો સમય વુઝૂમાં કુલ્લી (કોગળા) કરવાનો સમય છે. મુહીતમાં છે કે ઔરતના માટે મંજન વગેરે મિસ્વાકના સ્થાને છે કેમ કે તેમના મસોડાં નાઝુક હોય છે. મિસ્વાક કરવાથી એનો અંદેશો છે કે તેમના દાંતો જલ્દી ખરી પડે. મિસ્વાક કરતી વખતે આ દુઆ પઢવી જોઈએ :–

**اللّٰھمّ طھّر فمی و نوّر قلبی وطھّر بدنی وحرّم جسدی علی النّار وادخلنی برحمتک فی عبادک الصّالحین**

"હે અલ્લાહ ! મારા મોઢાને પાક ફર્માવ, અને મારા દિલને રોશન ફર્માવ, અને મારા શરીરને પાક ફર્માવ, અને મારા શરીરને જહન્નમ પર હરામ ફર્માવ, અને તારી મહેરબાનીથી તારા નેક બંદાઓમાં મને સામેલ ફર્માવ."

સૌથી ઉમદા પીલુડીની મિસ્વાક છે. હુઝૂરે અક઼દસ ﷺએ એને વાપર્યું. એ જ પ્રમાણે ઝયતૂનની પણ. તિબ્રાનીએ અવસતમાં હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રિવાયત કરી, તે કહે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને એવું ફર્માવતાં સાંભળ્યા, બેહતરીન મિસ્વાક ઝયતૂન છે બરકતવાળા ઝાડની, મોંઢાને સાફ કરવાવાળી, બૂ લઈ

## حدیث ۵۵۸

**[હદીષ : ૫૫૮]**

حَدَّثَنَا أَنَسٌ رَضِيَ اللهُ تَعَالَى عَنْهُ قَالَ قَالَ

"હઝરત અનસ رضی اللہ عنہ એ અમને હદીષ વર્ણવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

رَسُولُ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ أَكْثَرْتُ عَلَيْكُمْ فِي السِّوَاكِ

મેં મિસ્વાકના બારામાં તમને ઘણુ બધુ ફર્માવ્યું છે."

*(બુખારી, ૧/૧૨૨ જુમ્આ, નિસાઈ, તહારત, દારમી–વુઝૂ મુસ્નદે ઈમામ અહમદ, ૩/૧૪૩)*

## حدیث ۵۵۹

**[હદીષ : ૫૫૯]**

قَالَ هِشَامُ بْنُ عُرْوَةَ أَخْبَرَنِي أَبِي عَنْ عَائِشَةَ رَضِيَ اللهُ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે

تَعَالَى عَنْهَا قَالَتْ دَخَلَ عَبْدُ الرَّحْمٰنِ بْنُ أَبِي بَكْرٍ رَضِيَ اللهُ

અબ્દુર્રહમાન બિન અબૂબક્ર અંદર આવ્યા અને એમની પાસે મિસ્વાક હતી જેને તે વાપરી

જનાર. આ મારી અને મારાથી પહેલાંના નબીઓની મિસ્વાક છે. *(ઉમ્દતુલ ક઼ારી, ૬/૧૮૧)* ખુશ્બુદાર ફૂલવાળા ઝાડની મિસ્વાક મના છે. હદીષમાં છે કે નબી صلی اللہ علیہ وسلم એ રયહાનની મિસ્વાકથી મના ફર્માવ્યું, એનાથી રક્તપિત્ત કોઢની બીમારી થાય છે. *(ઉમ્દતુલ ક઼ારી/૧૮૧)*

### સમજૂતી : ૫૫૮

અહીં પણ પ્રકરણની સામ્યતા ઉમૂમ (સામાન્યપણા)થી જ છે. જ્યારે સામાન્યતઃ મિસ્વાકના બારામાં પુષ્કળ પ્રમાણમાં ઈર્શાદ છે તો એમાં જુમ્આ અધિક કક્ષાએ સામેલ છે. એટલા માટે કે મુસલમાનોના મજમામાં રહેવું છે તો મોઢું સાફ રહેવું જરૂરી છે જેથી મુસલમાનોને તકલીફ ન પહોંચે.

### સમજૂતી : ૫૫૯

**પરિપૂર્ણતા** : કિતાબુલ મગ઼ાઝીમાં છે કે જ્યારે અબ્દુર્રહમાન અંદર આવ્યા તો હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ મારા સીના પર ટેકો લગાડેલ હતો. એમના હાથમાં મિસ્વાક હતી. બીજી રિવાયતમાં છે કે ખજૂરની તાજી ડાળી હતી. હુઝૂર મિસ્વાક તરફ જોવા લાગ્યા તો હું સમજી કે મિસ્વાક ચાહે છે. મેં પૂછયું, આપના માટે એને લઈ લઉં ? માથા મુબારક થકી ઈશારો કર્યો, હા ! મેં મિસ્વાક રજૂ કરી આપી પણ હુઝૂર એને ચાવી ન શકયા તો મેં અર્ઝ કરી, એને નરમ કરી આપું ?! ઈશારો કર્યો, હા ! મેં એને ચાવીને નરમ કરી આપી. મિસ્વાક કરીને મને આપી. હાથ મુબારક લથડી પડયો. છેવટમાં છે કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم એ એ વખતે મિસ્વાક કરી. મેં એનાથી વધુ સારી

تَعَالیٰ عَنْهُمَا وَمَعَهٗ سِوَاكٌ یَّسْتَنُّ بِهٖ فَنَظَرَ اِلَیْهِ رَسُوْلُ اللّٰهِ

રહ્યા હતા. એના તરફ રસૂલુલ્લાહ ﷺ એ જોયું.

صَلَّی اللّٰهُ تَعَالیٰ عَلَیْهِ وَسَلَّمَ فَقُلْتُ لَهٗ اَعْطِنِیْ هٰذَا

તો મેં તેમને કહ્યું કે હે અબ્દુર્રહમાન ! આ મિસ્વાક મને આપી દો !

السِّوَاكَ یَا عَبْدَ الرَّحْمٰنِ فَاَعْطَانِیْهِ فَقَصَمْتُهٗ ثُمَّ

તેમણે મિસ્વાક મને આપી દીધી. મેં તેને તોડી અને ચાવીને રસૂલુલ્લાહ ﷺ ને

مَضَغْتُهٗ فَاَعْطَیْتُهٗ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالیٰ عَلَیْهِ وَسَلَّمَ

આપી તો હુઝૂરે તેને ઉપયોગમાં લીધી એ રીતે કે

فَاسْتَنَّ بِهٖ وَهُوَ مُسْتَنِدٌ اِلٰی صَدْرِیْ ع

મારા સીના પર ટેકો લગાડેલ હતા." (બુખારી ૧/૧૨૨ જુમ્આ, ૧/૪૩૭ જેહાદ, ૨/૬૩૮–૬૪૦,

મગાઝી બાબુ મરઝુન્નબી ﷺ, મુસ્લિમ–ફદ્‌લિ આઈશા, મુસ્નદે ઈમામ અહમદ)

حدیث ۵۶۰ عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالیٰ عَنْهُ قَالَ

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે **[હદીષ : ૫૬૦]**

રીતે મિસ્વાક કરતા કદી નથી જોયા. મિસ્વાકથી ફારિગ થતાં જ વિસાલ થઈ ગયો. બસ ! એટલું જ થયું કે મિસ્વાકથી ફારિગ થયા બાદ પોતાનો હાથ મુબારક અથવા આંગળી મુબારક આસ્માનની તરફ ઉઠાવી અને ત્રણ વાર ફર્માવ્યું, હે અલ્લાહ ! રફીકે આ'લામાં ! અને રૂહ પરવાઝ થઈ ગઈ. આપ એવું ફર્માવતાં હતાં કે હુઝૂરનો વિસાલ એ હાલતમાં થયો કે હુઝૂર મારા સીના પર ટેકો લગાડેલ હતા.

**વર્ગીકરણ** : કિતાબુલ મગાઝીમાં જ ખૂદ હઝરત ઉમ્મુલ મો'મિનીનથી જ રિવાયત થયેલ છે કે હુઝૂરે અક્દસ ﷺ નો વિસાલ એ હાલતમાં થયો કે સરે અક્દસ મારી જાંગ પર હતું. (બુખારી ૨/૬૩૭) પણ આ હકીકતમાં ટકરાવ નથી. નઝઅની શરૂઆત એ હાલતમાં થઈ કે હુઝૂરે અક્દસ ﷺ હઝરત ઉમ્મુલ મો'મિનીના સીનાના સહારે બેઠા હતા. અને માથુ મુબારક તેમની હડપચી અને પેટના દરમ્યાન હતું એટલે સીના ઉપર જ્યારે હાલત બદલાઈ તો લેટાવી દીધા અને મહોબ્બતના વેગમાં માથુ મુબારક પોતાની જાંગ ઉપર રાખી લીધુ અને એ જ હાલતમાં વિસાલ ફર્માવ્યો. જાંકનીના સમયે બીમારનું બેઠેલુ રહેવું તકલીફનો સબબ બને છે અને આડા પડવામાં સહુલત રહે છે, એનો લેહાઝ કરીને જ્યારે નઝઅની અસરો ઉમ્મુલ મો'મિનીને જોઈ તો લિટાવી દીધા.

**સમજૂતી : ૫૬૦** કિર્માનીએ કહ્યું કે کَانَ જ્યારે મુઝારેઅ પર દાખલ થાય તો એનાથી ઈસ્તિમરાર તથા દવામ સમજવામાં આવે છે પણ હદીષોમાં એ કુલ્લિયહ્ નથી. એટલા માટે કે હદીષો પર નજર કરવાથી એ કુલ્લિયહ્ તૂટી જાય છે. દા.ત. મુસ્લિમ (૧/૨૮૮ જુમ્આ)માં હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ ઈદૈન તથા જુમ્આમાં سَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰی તથા هَلْ اَتٰكَ حَدِیْثُ الْغَاشِیَةِ પઢયા

كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ فِى الْفَجْرِ

નબી ﷺ જુમ્આના દિવસે ફજરમાં

يَوْمَ الْجُمُعَةِ الٓمّٓ تَنْزِيْلُ وَهَلْ اَتٰى عَلَى الْاِنْسَانِ ؏

સૂરએ هَلْ اَتٰى عَلَى الْاِنْسَانِ તથા الٓمّٓ تَنْزِيْل પઢયા કરતા હતા.''

*(બુખારી ૧/૧૨૨ જુમ્આ, મુસ્લિમ, નિસાઈ, ઈબ્ને માજહ સલાત)*

# حديث ۵٦١

**[હદીષ : ૫૬૧]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું,*

اَوَّلُ جُمُعَةٍ جُمِّعَتْ بَعْدَ جُمُعَةٍ فِىْ مَسْجِدِ رَسُوْلِ اللّٰهِ

રસૂલુલ્લાહ ﷺની મસ્જિદના બાદ પ્રથમ જુમ્આ બહરૈનના ઈલાક઼ા

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِىْ مَسْجِدِ عَبْدِ الْقَيْسِ بِجُوَاثٰى مِنَ الْبَحْرَيْنِ

*જૂવાષીમાં અબ્દુલ ક઼ૈસની મસ્જિદમાં ક઼ાયમ કરવામાં આવ્યો.'' (બુખારી ૧/૧૨૨ જુમ્આ, ૨/૨૨૭ મગ઼ાઝી)*

કરતા હતા. એમાં એ જ નોઅમાન બિન બશીર رضی اللہ عنہથી જ એ પણ મરવી છે કે જુમ્આમાં સૂરએ જુમ્આ તથા هل اتاك حديث الغاشية પઢતા હતા. (ઉપર મુજબ) તેમજ એમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે જુમ્આમાં સૂરએ જુમ્આ અને સૂરએ મુનાફિકીન પઢતા હતા. (ઉપર મુજબ) الٓمّٓ تَنْزِيْلથી મુરાદ સૂરએ સજદા છે અને هَلْ اَتٰى عَلَى الْاِنْسَانِથી સૂરએ દહ્ર છે. સુન્નતની પયરવીના ખયાલથી એના પર અમલ બેહતર છે.

## સમજૂતી : ૫૬૧

**પરિપૂર્ણતા** : અબૂ દાઊદ (૧/૧૫૩ અવ્વલ જુમ્આ)માં આ હદીષ આ પ્રમાણે છે : રસૂલુલ્લાહ ﷺની મસ્જિદ પછી ઈસ્લામમાં સૌ પ્રથમ જુમ્આ જૂવાષીમાં ક઼ાયમ કરવામાં આવ્યો જે બહરૈનની વસ્તીઓમાંથી એક વસ્તી છે. ઈમામ શાફઈ, ઈમામ અહમદ વગેરે. આ જ હદીષથી દલીલ લાવે છે કે ગામડામાં જુમ્આ સહીહ છે. એટલા માટે કે કરિયહ્નો અર્થ ગામડુ છે. ઈમામ શાફઈ જુમ્આ સહીહ થવા માટે એ શર્ત કરે છે કે કમસે કમ એ વસ્તીમાં ચાલીસ માણસો એવા હોય જેમના પર જુમ્આ ફર્ઝ હોય. ચાલીસની શર્ત તે આ હદીષથી લગાડે છે કે હઝરત અસ્અદ બિન ઝરાર رضی اللہ عنہએ હુઝૂરે અક઼્દસ ﷺના મદીના શરીફ તશરીફ લાવતા પહેલાં ''હઝમુન્નબીત'' જે મદીના પાકના એક મહોલ્લાનું નામ છે તેમાં જુમ્આ ક઼ાયમ કરી હતી. એ વખતે કુલ ૪૦ મુસલમાન હતા. *(અબૂ દાઊદ, ૧/૧૫૩, જુમ્આ, ઈબ્ને માજહ–જુમ્આ–૭૭)*

**અમારો જવાબ** : હનફીઓ (અહનાફ) એવું કહે છે કે ક઼રિયહ્નો અર્થ ગામડુ નિશ્ચિત નથી એ મક્કા મુઅઝ્ઝમા, તાઈફ શરીફ તથા ઈન્તાક઼િયા માટે પણ ખૂદ કુર્આનમાં વપરાયેલ છે. ઈર્શાદ છે : **رَبَّنَا اَخْرِجْنَا مِنْ قَرْيَةِنِ الظَّالِمِ اَهْلُهَا** "મઝલૂમ મુસલમાન એ અર્ઝ કરતા, હે અમારા રબ ! અમને એ વસ્તીથી કાઢ જેના રહેવાસીઓ જાલિમ છે." એનાથી મુરાદ મક્કા મોઅઝ્ઝમા છે.

**لَوْلَا نُزِّلَ الْقُرْآنُ عَلٰى رَجُلٍ مِّنَ الْقَرْيَتَيْنِ عَظِيْمٌ** "કાફિરોએ કહ્યું, બંને વસ્તીઓના કોઈ મહાન શખ્સ પર કુર્આન કેમ ન ઉતારવામાં આવ્યું." એનાથી મુરાદ મક્કા મોઅઝ્ઝમા તથા તાઈફ શરીફ છે. અને ઈર્શાદ છે : **وَاضْرِبْ لَهُمْ اَصْحَابَ الْقَرْيَةِ** "એમની સામે એ વસ્તીવાળાઓનો હાલ બયાન કરો." એનાથી મુરાદ ઈન્તાકિયા છે.

એટલા માટે "કરીયહ્"થી દલીલ લાવવી કે "જૂવાષી" ગામડુ હતુ એ દુરુસ્ત નથી. જૂવાષી હક઼ીક઼તમાં શહેર હતું જેની વસ્તી ચાર હજાર હતી. મુહદ્દિષ ઈબ્ને તયનએ શયખ અબુલ હસનથી નકલ કર્યું કે જૂવાષી શહેર હતું. અબૂ ઓબૈદ બક્રીએ કહ્યું, એ બહરૈનમાં એક શહેર છે. જોહરીએ સિહાહમાં, ઝમુખ્સરીએ અલ્ બુલ્દાનમાં કહ્યું કે જૂવાષી બહરૈનમાં એક કિલ્લો છે. તેમજ એ સાબિત નથી કે હુઝૂરે અક઼દસ ﷺના હુકમથી કાયમ કરવામાં આવ્યો હોય, અને ન સાબિતી છે કે હુઝૂરને એની ખબર પણ મળી. જૂવાષીમાં જુમ્આ ક઼ાયમ થવાથી ગામડામાં જુમ્આ કાયમ કરવા માટે દલીલ કરવુ પૂરતુ નથી.

રહી ગયું મદીના પાકમાં હુઝૂર ﷺની તશરીફ આવરીથી પહેલાં ચાલીસ માણસોનું જુમ્આ ક઼ાયમ કરી લેવું પણ એની દલીલ નથી. મદીના પાક નિઃશંક ! એ વખતે શહેર હતું અને શહેરમાં ચાલીસ તો ઘણા છે કેવળ ચાર મુસલમાન હોય તો કાયમ થઈ શકે છે. વળી એ સાબિત નથી કે તે હુઝૂર ﷺના હુકમથી હતો.

**અમારી દલીલ** : શેરે ખુદા હઝરત અલી كرم الله وجهه الكريم નો આ ઈર્શાદ છે :–

**لاجمعة ولا تشريق الا فى مصر جامع (وفى رواية اخرىٰ) لا جمعة و لا تشريق ولا صلوٰة فطرولا اضحٰى الا فى مصر جامع اومدينة عظيمة**

"જુમ્આ, તકબીર તશરીક, નમાઝે ઈદુલ ફિત્ર વ અદ્હા કેવળ મિસ્રે જામેઅ તથા મોટા શહેરમાં છે." અને ઈમામ અબ્દુર્રઝ્ઝાક, ઈબ્ને અબી શયબાએ પોતપોતાના મુસ્નફમાં બતરીક઼ે હજ્જાજ અબી યૂસુફ રિવાયત કરી. તેમજ બતરીક઼ે જરીર અન્ મન્સૂર પણ રિવાયત થયેલ છે. *(ઉમ્દતુલ ક઼ારી, ૬/૧૮૮)*

**શંકા તથા જવાબ** : ઈમામ નબવીએ ફર્માવ્યું કે આ હદીષ એવી ઝઈફ છે કે એનું ઝઈફપણુ મુત્તફક ઈલૈહ છે અને હઝરત અલી પર મૌકૂફ છે, તેની સનદ મુન્ક઼તઅ છે. અલ્લામા અયનીએ એનો જવાબ એ આપ્યો કે હજ્જાજ બિન ઈસ્તાત જરૂર ઝઈફ છે પણ જે રિવાયત બતરીક઼ે જરીર અન્ મન્સૂર છે એમાં કોઈ ઝોઅફ (ઝઈપણુ) નથી. ઈમામ નવવી કેવળ આ તરીક઼ાથી માહિતગાર થયા જે તરીક઼ો હજ્જાજ બિન ઈરતાતથી રિવાયત પામેલ છે. જરીર અન્ મન્સૂરવાળા તરીક઼ાથી માહિતગાર ન થયા. ઈમામ નવવીથી પહેલાં કોઈએ એને ઝઈફ નથી કહી. એટલા માટે એવું કહેવું કે એનો ઝોઅફ મુત્તકફ અલૈહ છે એ સહીહ નથી. મૌકૂફ હોવું એ રીતે નુકસાન કર્તા નથી કે એ હુકમ બુદ્ધિથી જાણી નથી શકતો, એટલા માટે મરફૂઅના હુકમમાં છે.

**મિસ્રે જામેઅ** : (**مصر جامع**) મિસ્ર જામેઅ તે આબાદી છે જ્યાં વિવિધ મહોલ્લા તથા ગલીઓ હોય, જ્યાં એવું કાયમી બજાર હોય જેમાં રોજબરોજની જરૂરિયાત સરળતાપૂર્વક ઉપલબ્ધ હોય, એનાથી ગામડાં જોડાયેલાં હોય અને ત્યાં કોઈ એવો હાકિમ હોય જે મઝલૂમનો ઈન્સાફ જાલિમથી લઈ શકે, લેવાનો અધિકાર

ધરાવતો હોય ભલે પોતાની બુરી આદતના કારણે ન લેતો હોય. આ જ વ્યાખ્યા સહીહ તથા પસંદીદા છે આ જ રિવાયતનું જાહેર છે. ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہથી એક દુર્લભ રિવાયત એ પણ આવી છે કે એ આબાદી મિસ્ર છે જેની સૌથી મોટી મસ્જિદમાં જો સર્વ લોકો ભેગા થાય જેમના પર જુમ્આ ફર્ઝ છે તો સમાય ન શકે. આ વ્યાખ્યા કેટલાક કારણે સહીહ નથી. એમાં સૌથી મોટી ખરાબી એ છે કે એ હરમૈન તૈયેબૈન પર લાગુ થતી નથી. પણ આ વ્યાખ્યા પણ ઘણા હનફી ફક઼ીહોની પસંદીદા છે. (બુખારી, ૧/૫૩૬ જુમ્આ) દુર્રે મુખ્તારમાં છે : એના પર મોટાભાગના ફક઼ીહોનો ફત્વો છે. શામી (ઉપર મુજબ)માં છે : અબૂ સુજાઅ★એ કહ્યું, એના બારામાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તેમાં સૌથી સારી વાત આ જ છે. વલ્વજીહમાં છે : આ જ સહીહ છે. વક઼ાયા તથા મુખ્તાર અને એની શરહમાં એના પર બસ કર્યું. દુરરના મતન (અસ્લ લખાણ)માં એને અગ્રતા આપવામાં આવી. એનાથી જાહેર છે કે એમના નજીક એને જ અગ્રતા છે. સદરુશ્શરીઅહ્એ એને એવું કહીને સમર્થન કર્યું કે શરીઅતના હુકમોમાં સુસ્તી જાહેર છે ખાસ કરીને હદો (સજા) લાગુ કરવામાં.

અને આજે હાલ એ છે કે ઉપરોક્ત વર્ણવેલ પ્રથમ વ્યાખ્યા હિંદુસ્તાનની ઘણી બધી મોટી આબાદીઓમાં ફિટ બેસતી નથી. આપણા જિલ્લામાં મુબારકપુર, મઉ, નાથભંજન વગેરે, તો જો પ્રથમ કૌલ પર આધાર રાખવામાં આવે તો મહાન ફિત્નાનો અંદેશો છે એટલા માટે વાંધો તથા ફિત્નો દૂર કરવા માટે આ નાદિરા રિવાયત પર ફત્વો આપવામાં આવે તો કોઈ વાંધો નથી.

**હું કહું છું** : આ ખાદિમનું ગુમાન એ છે કે મિસ્ર જામિઆની જે પણ વ્યાખ્યા ઉલમાએ કરી છે તે હદ નથી, બલ્કે વર્તમાનકાળના લેહાઝથી શહેરની જે વિશિષ્ટતાઓ હતી એને સામે રાખીને ફક઼ીહોએ નિશાનીઓ બતાવી છે. એ સમયમાં આવજા તથા માહિતી પ્રસરણ તથા સમાચારના ઝરીઆ ખૂબ જ સીમિત હતા એટલા માટે દસ્તૂર એ હતો કે દરેક મોટી આબાદીમાં એક હાકિમ એવો રહેતો હતો જેને કેસોના ફૈસલા કરવાનો અને ગુનેગારોને સજા આપવાનો અધિકાર રહેતો હતો જેથી કરીને આમ શાંતિ સલામતી જળવાઈ રહે. અને આજે મોટર, રેલગાડી વગેરેથી આવજા ઝડપી થઈ ગઈ છે. તાર ટેલીફોનથી ખબરો તથા માહિતી પહોંચાડવું ખૂબ જ સરળ થઈ ગયું છે એટલા માટે એ જરૂરી નથી રહ્યું કે દરેક મોટી આબાદીમાં જરૂર કોઈને કોઈ હાકિમ રહે. કોઈપણ ફિત્ના ફસાદના વખતે તરત જ મુખ્ય સ્થળે ખબર થઈ જાય છે અને હાકિમો પહોંચી જાય છે, એટલા માટે કોઈ મુનાસિબ જગાને જિલ્લાનું મુખ્ય સ્થાન ઠરાવીને ત્યાં જ પૂરા જિલ્લાના હાકિમો રહે છે. બલ્કે પરગણા (**Rural**)નો હાકિમ પણ પરગણામાં રહેવાને બદલે જિલ્લાના મુખ્ય મથકે જ રહે છે. અને એ જ હાલ હોદ્દાનો પણ છે. હવે જુમ્આ સહીહ થવા માટે હાકિમનું વજૂદ જરૂરી ઠરાવવાનો મતલબ એ થશે કે ઘણી બધી મોટી વસ્તીઓમાં જુમ્આ સહીહ ન થાય. ખૂદ આપણા જિલ્લા આઝમગઢનો હાલ એ છે કે જિલ્લાની સૌથી મોટી આબાદી મઉનાથભંજન છે, ત્યારબાદ મુબારકપુર છે, પણ એ બંને જગાઓએ કોઈમાં કોઈ હાકિમ નથી રહેતો, ત્યાં સુધી કે તાલુક અધિકારી પણ નથી રહેતો. એનાથી દિલચસ્પ હાલ જૈનપૂરનો છે. જૈનપૂરમાં કોઈ હાકિમ નથી અને એની નજીક એક નાના સરખા ગામ સગળીમાં તાલુકા મથક છે ત્યાં તાલુકા અધિકારી રહે છે. એટલા માટે જરૂરી છે કે હવે હાકિમના વજૂદની શરત ખત્મ કરીને બાકીની વાતો પર આધાર રાખવામાં આવે. અથવા પછી ઈમામ અબૂ યૂસુફના આ ક઼ૌલ પર જે દુર્લભ રિવાયત છે તેના પર ફત્વો આપવામાં આવે. **هذا ما سفح لی، لعل الله یحدث بعد ذلك امرا**

★ *(અબૂ શુજાઅના બદલે ઈબ્ને શુજાઅ અધિક જાહેર છે જેમ કે ગયાનહ્ વગેરેમાં છે. એમની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે એઓ મુહમ્મદ ષલૂજી છે. જદ્દલ મુમ્તાર, ૧/૩૭)*

## حدیث ۵۶۲

**[હદીષ : ૫૬૨]**

قَالَ يُونُسُ كَتَبَ رُزَيْقُ بْنُ حَكِيمٍ إِلَى

"યૂનુસે કહ્યું, રુઝૈક઼ બિન હકીમે ઈબ્ને શિહાબને લખ્યું અને હું તે વખતે વાદીલ્ ક઼ુરામાં હતો.

ابْنِ شِهَابٍ وَأَنَا يَوْمَئِذٍ بِوَادِ الْقُرَى هَلْ تَرَى أَنْ

શું તમે એ જાઈઝ જાણો છો કે હું અહીં જુમ્આ ક઼ાયમ કરી લઉં ? અને રઝીક઼ એક જમીનમાં

أُجَمِّعَ، وَرُزَيْقٌ عَامِلٌ عَلَى أَرْضٍ يَعْمَلُهَا وَفِيهَا

હતા જ્યાં ખેતી કરતા હતા અને ત્યાં હબ્શીઓ અને કેટલાક અન્ય લોકોની એક જમાઅત હતી.

جَمَاعَةٌ مِّنَ السُّودَانِ وَغَيْرُهُمْ وَرُزَيْقٌ يَوْمَئِذٍ عَلَى أَيْلَةَ

અને રઝીક઼ ઈલ્યા પર આમિલ હતા. તો તેમને ઈબ્ને શિહાબે લખ્યું અને હું સાંભળી રહ્યો હતો કે તેમને

فَكَتَبَ ابْنُ شِهَابٍ وَأَنَا أَسْمَعُ يَأْمُرُهُ أَنْ يُّجَمِّعَ

હુકમ આપી રહ્યા છે કે ત્યાં જુમ્આ ક઼ાયમ કરી લે અને એવી ખબર આપી રહ્યા છે કે સાલિમે એમનાથી આ

يُخْبِرُهُ أَنَّ سَالِمًا حَدَّثَهُ أَنَّ عَبْدَ اللهِ بْنَ عُمَرَ

હદીષ બયાન કરી છે કે અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ફર્માવતા હતા કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી આ

رَضِيَ اللهُ تَعَالَى عَنْهُمَا يَقُولُ سَمِعْتُ رَسُولَ اللهِ صَلَّى

સાંભળ્યું છે, તમે સૌ નિગેહબાન છો અને સૌને તેની પ્રજાના બારામાં સવાલ કરવામાં આવશે. ઈમામ

اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ كُلُّكُمْ رَاعٍ وَكُلُّكُمْ

(બાદશાહ કે ખલીફા) નિગેહબાન છે એનાથી એની પ્રજાના બારામાં પૂછતાછ થશે. પુરૂષ પોતાના

مَسْئُولٌ عَنْ رَعِيَّتِهِ الْإِمَامُ رَاعٍ وَمَسْئُولٌ عَنْ رَعِيَّتِهِ

ઘરવાળાંનો નિગેહબાન છે એનાથી એની પ્રજાના બારામાં પૂછપરછ થશે અને સ્ત્રી પોતાના પતિના

**સમજૂતી : ૫૬૨** આ હદીષ અહીં બુખારીમાં ઈમામ ઝુહરીના શાગિર્દ યૂનુસ બિન યઝીદ અયલીથી તેમના બે શાગિર્દોના ઝરીયા રિવાયત થઈ છે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક અને લયષ બિન સઅદ. અલ્બત્ત જે કિસ્સો મઝકૂર છે તે કેવળ તઅલીક઼ન લયષથી મરવી છે. આ તઅલીક઼ને ઝહલીએ મુત્તસિલ સનદ

وَالرَّجُلُ رَاعٍ فِىْ اَهْلِهٖ وَهُوَ مَسْئُوْلٌ عَنْ رَّعِيَّتِهٖ

*ઘરમાં નિગેહબાન છે તેણીને તેની પ્રજા (હાથ હેઠળનાં) વિશે સવાલ કરવામાં આવશે. નોકર પોતાના*

وَالْمَرْاَةُ رَاعِيَةٌ فِىْ بَيْتِ زَوْجِهَا وَمَسْئُوْلَةٌ عَنْ رَّعِيَّتِهَا

*માલિકના માલનો નિગહેબાન છે તેને તેની પ્રજાના બારામાં સવાલ થશે. અને મેં એવું ગુમાન*

وَالْخَادِمُ رَاعٍ فِىْ مَالِ سَيِّدِهٖ وَمَسْئُوْلٌ عَنْ رَّعِيَّتِهٖ قَالَ

*કર્યું કે એમણે એવું પણ જરૂર કહ્યું છે, અને પુરૂષ પોતાના પિતાના માલનો નિગેહબાન છે તેને*

وَحَسِبْتُ اَنْ قَدْ قَالَ وَالرَّجُلُ رَاعٍ فِىْ مَالِ اَبِيْهٖ وَمَسْئُوْلٌ

*તેની પ્રજાના બારામાં સવાલ કરવામાં આવશે. તમો સૌ નિગેહબાન છો અને*

عَنْ رَّعِيَّتِهٖ وَكُلُّكُمْ رَاعٍ وَمَسْئُوْلٌ عَنْ رَّعِيَّتِهٖ ؏

*તમને સૌને તમારા હેઠળનાંઓના વિશે પૂછતાછ થશે."*

*(બુખારી ૧/૧૨૨ જુમ્આ, ૧/૩૮૪ વસાયા, નિકાહ, મુસ્લિમ, મગાઝી, તિર્મિઝી)*

સાથે વર્ણન કરેલ છે.

**رزیق (રુઝૈક઼)** : આ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝની તરફથી ઈલાના હાકિમ હતા. ફત્હુલ બારીમાં છે કે એ ઈલા, બહરે કુલ્ઝુમના કિનારે મદીના તયબહ તથા મિસ્રના દરમ્યાન એક શહેર છે જ્યાં મિસ્ર, શામ, ગઝ્ઝાના હાજીઓ એકત્ર થાય છે, હવે એ વિરાન છે, ખંડેરો મૌજૂદ છે. પણ ઉમ્દતુલ ક઼ારીમાં યઅકૂબીના હવાલાથી છે કે સમુદ્રના કિનારે આ એક ઘણુ જ મોટુ શહેર છે જે પશ્ચિમ મિસ્ર, શામના હાજીઓનો માર્ગ છે. કુલ્ઝુમથી સાત મંઝિલ છે. રિસાલતકાળમાં અહીંના હાકિમે પોતે જ હાજર થઈને પયરવી માટે ઈજાઝત તલબ કરી હતી તે ઈલાના આસપાસની કોઈ વસ્તી હતી જ્યાં તેઓ ખેતી કરતા હતા.

**فکتب وانا اسمع** : અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું, જાહેર એ જ છે કે તેમણે એ હુકમ પણ લખ્યો અને હદીષપણ. અને યૂનુસે બંનેને સાંભળ્યું.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણ એ છે કે "ગામડા તથા શહેરોમાં જુમ્આ" શહેરોમાં જુમ્આનું થવું મુત્તફિક઼ અલૈહ છે. એના માટે કોઈ દલીલની જરૂરત નથી.

તેમજ પ્રથમ હદીષના આ શબ્દો : **بعد جمعة فی مسجد رسول اللہ صلی اللہ تعالٰی علیہ وسلم**થી એની સાબિતી પણ થઈ રહી છે. રહી ગયું ગામડાઓમાં, તો ઈમામ બુખારી જવાષીમાં જુમ્આના ક઼ાયમ થવા પર એના માટે દલીલ લાવ્યા. પણ આપે જોયું કે તે પરિપૂર્ણ નથી. એટલા માટે કે જવાષી ગામડુ નહીં શહેર હતું. આ હદીષથી એના પર કોઈ રીતે દલીલ ક઼ાયમ નથી થતી. અલ્બત્ત એ જગા જો ગામડુ હતી તો ઈબ્ને શિહાબના હુકમથી એવું સાબિત થાત કે ગામડાને જુમ્આ દુરુસ્ત છે. પણ ઈબ્ને શિહાબ તાબઈ છે. અને તાબઈનો ક઼ૌલ આપણા પર હુજ્જત (દલીલ) નથી, ખાસ કરીને જ્યારે કે હદીષના વિરુદ્ધ હોય. તદ્ઉપરાંત એની પણ સંભાવના છે કે એ જગા શહેરની બહાર રહી હોય અને રુઝૈક઼ને ફ઼નાએ શહેરનો હુકમ માલૂમ ન હતો જેથી ઈબ્ને શિહાબને પૂછયું.

ت ١٧٠ وَقَالَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, **[તઅલીક઼ : ૧૭૦]**

اِنَّمَا الْغُسْلُ عَلٰى مَنْ يَجِبُ عَلَيْهِ الْجُمُعَةُ ؏

ગુસ્લ એના પર વાજિબ છે જેના પર જુમ્આ વાજિબ છે." (બુખારી ૧/૧૨૨)

**દલીલ :** આ હદીષથી સાબિતી એ રીતે થાય છે કે જ્યારે હાકિમ પર બલ્કે દરેક શખ્સ પર પોતાની પ્રજાની (હાથ હેઠળનાંની) નિગેહબાની ફર્ઝ છે. નિગેહબાનીમાં એ પણ દાખલ છે કે હાથ હેઠળનાં ગુનામાં ન સપડાય. જુમ્આ ફર્ઝ છે અને ફર્ઝનો ત્યાગ ગુનોહ છે. એટલા માટે નિગેહબાનીની શાખ એ પણ છે કે જ્યાં જુમ્આ ફર્ઝ હોય અને ક઼ાયમ ન હોય ત્યાં ક઼ાયમ કરવામાં આવે જેથી લોકો ગુનાહથી મેહફૂઝ રહે.

**رعيّة :** આ મસ્દર બ મઅના ઈસ્મે મફઊલ છે. મુરાદ એ છે કે જે કોઈની નિગેહબાનીમાં હોય. એ રીતે પબ્લિક સુલ્તાન તથા હાકિમની, અવલાદ માંબાપની, શાગિર્દો ઉસ્તાદોની, મુરીદો પીરની રિઆમા (પ્રજા, હાથ હેઠળનાં) થયા. એ જ પ્રમાણે જે માલ પત્ની કે ઔલાદ કે નોકરને સુપ્રત થયેલ હોય તેની રક્ષા દેખરેખ તેમના પર વાજિબ છે.

**كلكم راع :** જેના હેઠળ કોઈ ન હોય તે પોતાનાં અંગો તથા વાણી તથા વર્તન, પોતાના સમયો, પોતાની બાબતોનો નિગેહબાન છે, એ સૌના બારામાં તે જવાબદાર થશે. આ ઈર્શાદ પણ જવામિઉલ કલમમાંથી છે.

## તઅલીક઼ : ૧૭૦ની સમજૂતી

આ અષરને બયહક઼ીએ મૌસૂલન્ રિવાયત કરી છે. અહીં પ્રકરણએ છે કે, "શું જેમના પર જુમ્આ માટે હાજર થવાનુ નથી તેમના પર ગુસ્લ છે ? દા.ત. સ્ત્રીઓ, બાળકો, મુસાફર" એટલે કે જેમના પર જુમ્આ ફર્ઝ નથી એમના પર ગુસ્લ છે અથવા કેવળ એ લોકો પર છે જેમના પર જુમ્આ ફર્ઝ છે ? પ્રકરણમાં કેવળ સવાલ કરીને છોડી આપ્યું પણ એના હેઠળ જે અષર તથા હદીષ લાવ્યા એનાથી એવું સાબિત થાય છે કે ગુસ્લ કેવળ એ જ લોકો પર છે જેમના પર જુમ્આ ફર્ઝ છે. એનાથી જાહેરી રીતે એ જ પ્રદર્શિત થાય છે કે એ જ ઈમામ બુખારીનો મસ્લક છે. અષર થકી એની સાબિતી સ્પષ્ટપણે શબ્દ انما થી છે જે કલ્માએ હસ્ર (ઘેરાવનો શબ્દ) છે અને હદીષથી બતરીકે મફહૂમ મુખાલિફ (ઉલ્ટો ભાવાર્થ) છે કે જ્યારે હુઝૂરે એવું ફર્માવ્યું કે, "જે જુમ્આના માટે આવે તે ગુસ્લ કરે" તો ઉલ્ટો ભાવાર્થ એ નીકળ્યો કે જે જુમ્આના માટે ન આવે તેના પર ગુસ્લ નથી, પણ આપણે ત્યાં મુખાલિફ મફહૂમ વિશ્વસનીય નથી. આપણા તૌર તક઼રીર એ થશે કે અસ્લ એ જ છે કે ગુસ્લ વાજિબ ન થાય. વાજિબ થવા માટે દલીલ જરૂરી છે. અને આ હદીષમાં કેવળ એ જ લોકોના ગુસ્લનો હુકમ છે જેઓ જુમ્આના માટે આવે, જેથી સાબિત કે જેઓ ન આવે એમના પર ગુસ્લ નથી. અસ્લના એતબારથી.

**પ્રકરણનો ફાયદો :** કેમ કે આ બાબતની હદીષો વિવિધ વિષયોની હતી. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષ છે કે દરેક મુસલમાન પર જુમ્આનું ગુસ્લ વાજિબ સાબિત છે. એનાથી જાહેર થાય છે કે બાળકો, સ્ત્રીઓ, આંધળા, કેદીઓ, મુસાફરો સૌના પર વાજિબ છે. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની હદીષમાં છે કે દરેક બાલિગ પર છે. એનાથી જાહેર થાય છે કે બાળકો સિવાય સૌના પર છે. જેથી એની ટીકા જરૂરી થઈ જેથી ઈમામ બુખારીએ પ્રકરણ રચ્યું છે.

## حدیث ۵۶۳

**[હદીષ : ૫૬૩]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ حَقٌّ عَلٰی کُلِّ مُسْلِمٍ

*દરેક મુસલમાન પર જરૂરી છે કે દરેક અઠવાડિયામાં એક દિવસ ગુસ્લ કરે*

اَنْ یَّغْتَسِلَ فِیْ کُلِّ سَبْعَةِ اَیَّامٍ یَوْمًا یَغْتَسِلُ فِیْهِ رَاْسَهٗ وَجَسَدَهٗ ع‍ه

*જેમાં પોતાનુ માથુ તથા શરીર ધૂએ." (બુખારી, ૧/૧૨૨ જુમ્આ ૧/૪૪૫, મુસ્લિમ–જુમ્આ, નિસાઈ–જુમ્આ)*

## حدیث ۵۶۴

**[હદીષ : ૫૬૪]**

عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا عَنِ النَّبِیِّ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ નબી ﷺ થી રિવાયત કરી છે કે ફર્માવ્યું,*

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ قَالَ اِئْذَنُوْا النِّسَاءَ بِاللَّیْلِ اِلَی الْمَسَاجِدِ

*રાતમાં મસ્જિદ જવાની સ્ત્રીઓને ઈજાઝત આપી દીધી." (૧/૧૨૩ જુમ્આ)*

### સમજૂતી : ૫૬૩

કિતાબુલ જુમ્આની પ્રથમ હદીષનો આ પણ ટુકડો છે. આ હદીષમાં **کل مسلم** બીજી હદીષોથી ખાસ બાલિગની સાથે છે અને બૌદ્ધિક દૃષ્ટિએ જોતાં તે લોકો સાથે ખાસ છે જેમના પર જુમ્આ છે. અને **یومًا**થી મુરાદ જુમ્આનો દિવસ છે. હદીષનો પ્રથમ હિસ્સો એના પર નિશાની છે અને હક્ક઼ સાબિતના અર્થમાં છે. મુરાદ ઈસ્તિહબાબ (મુસ્તહબ હોવું) છે.

### સમજૂતી : ૫૬૪

આ હદીષ સનદ તથા શબ્દોના ફેરફાર સાથે વર્ણન થઈ ચૂકી છે ત્યાં એના સંબંધી ચર્ચાઓ પણ વર્ણન થયેલ છે. અહીં હદીષને ઝિક્ર કરવાથી ઈમામ બુખારીનો હેતુ એ છે કે સ્ત્રીઓ માટે જુમ્આ તથા જુમ્આનુ ગુસ્લ નથી. એટલા માટે કે સ્ત્રીઓને મસ્જિદે જવાની ઈજાઝત કેવળ રાતમાં છે અને જુમ્આ દિવસે પઢવામાં આવે છે જેથી સાબિત કે તેમને જુમ્આની ઈજાઝત નથી.

## حدیث

**[હદીષ : ૫૬૫]**

عَنْ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ کَانَتْ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી છે કે

اِمْرَاَۃٌ لِعُمَرَ تَشْہَدُ صَلٰوۃَ الصُّبْحِ وَالْعِشَاءِ فِی الْجَمَاعَۃِ

હઝરત ઉમર رضی اللہ عنہ નાં એક પત્ની સવાર તથા ઈશાની જમાઅતના

فِی الْمَسْجِدِ فَقِیْلَ لَہَا لِمَ تَخْرُجِیْنَ وَقَدْ تَعْلَمِیْنَ اَنَّ عُمَرَ

માટે મસ્જિદમાં હાજર થતાં હતાં. તેમને કહેવામાં આવ્યું કે તમે શા માટે જાવ છો જ્યારે કે તમને

یَکْرَہُ ذٰلِکَ وَ یَغَارُ قَالَتْ فَمَا یَمْنَعُہٗ اَنْ یَّنْہَانِیْ

ખબર છે કે ઉમર એને નાપસંદ કરે છે અને એના પર એમને શરમ આવે છે. તો તેમણે કહ્યું કે તો પછી

قَالَ یَمْنَعُہٗ قَوْلُ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

તેમને મને મસ્જિદે જવાથી રોકવામાં કઈ ચીજ આડે આવે છે ? તેણે કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નો આ

لَا تَمْنَعُوْا اِمَاءَ اللّٰہِ مَسَاجِدَ اللّٰہِ

ઈર્શાદ, અલ્લાહની બંદીઓને અલ્લાહની મસ્જિદોમાં જવાથી ન રોકો." *(બુખારી શરીફ, ૧/૧૨૩, જુમ્આ)*

**સમજૂતી : ૫૬૫**

હઝરત ઉમર رضی اللہ عنہ ની એ પત્ની સાહિબાનું નામ આતિકા બિન્તે ઝયદ બિન અમ્ર બિન નુફૈલ હતું. જેમ કે મુસ્નદે ઈમામ અહમદ અને મુસ્નફે અબ્દર્રુઝ્ઝાક઼માં છે : એ હઝરત સઈદ બિન ઝયદની બહેન હતાં જે અશરાએ મુબશ્શિરામાંથી છે. હઝરત ઉમર رضی اللہ عنہ ને એ ઉચ્ચતા (શર્ફ) હાંસલ છે કે તેમના ખાનદાનની બે વ્યક્તિઓ અશરાએ મુબશ્શિરામાંથી છે અને હઝરત આતિકાને કહેવાવાળા હઝરત ઉમર જ હતા. *(ઉમ્દુલ ક઼ારી, ૬/૧૯૫)*

પ્રકરણથી મળતાપણુ એ રીતે છે કે એ જ્યારે જમાઅતનાં એટલાં શોખિન હતાં તો જો જુમ્આની હાજરીની ઈજાઝત હોત તો જુમ્આના માટે પણ જરૂર હાજર થતાં. એનાથી સાબિત કે સ્ત્રીઓને જુમ્આની હાજરીની ઈજાઝત નથી. આ હદીષથી હઝરત ઉમર رضی اللہ عنہ ની કમાલની કક્ષાની ઈતાઅત (રસૂલ صلی اللہ علیہ وسلم નું આજ્ઞાપાલન) સાબિત થઈ રહી છે કે તેમ છતાં કે સ્ત્રીઓ પર જમાઅત વાજિબ નથી અને તે પોતે પત્નીના મસ્જિદે જવાને નાપસંદ કરતા હતા, પણ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ના આ ઈર્શાદ (આદેશ)ના કારણે મના નથી ફર્માવ્યું.

ت ١٧١ وَقَالَ عَطَاءٌ إِذَا كُنْتَ فِي قَرْيَةٍ جَامِعَةٍ فَنُودِيَ بِالصَّلٰوةِ

[તઅલીક઼ : ૧૭૧] ''અને ઈમામ અતાએ કહ્યું કે જ્યારે તું કરિયાએ જામિઆમાં હોય અને

مِنْ يَوْمِ الْجُمُعَةِ فَحَقٌّ عَلَيْكَ اَنْ تَشْهَدَهَا سَمِعْتَ النِّدَاءَ اَوْ لَمْ تَسْمَعْهُ

જુમ્આના દિવસે અઝાન આપવામાં આવે તો તારા પર વાજિબ છે કે જુમ્આમાં હાજર થાય, અઝાન સાંભળે કે ન સાંભળે.'' (બુખારી, ૧/૧૨૩)

ت ١٧٢ وَكَانَ اَنَسٌ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فِي قَصْرِهٖ

[તઅલીક઼ : ૧૭૨] ''અને હઝરત અનસ رضی اللہ عنہ કદીક પોતાના મહેલમાં જુમ્આ પઢતા કદીક ન

اَحْيَانًا يُجَمِّعُ وَاَحْيَانًا لَا يُجَمِّعُ وَهُوَ بِالزَّاوِيَةِ عَلٰى فَرْسَخَيْنِ

પઢતા બસરા આવતા. તે ઝાવિયહ્‌માં રહેતા હતા જે બસરાથી બે ફરસંગ (છમાઈલ)ના અંતરે હતુ.''

(૧/૧૨૩ જુમ્આ)

## તઅલીક઼ : ૧૭૧ની સમજૂતી

આ અષરને અબ્દુર્રઝ્ઝાક઼ે રિવાયત કરી અને અંતમાં આટલો વધારો કર્યો. ઈબ્ને જુરીહે કહ્યું, મેં અતાથી પૂછયું, કરીયાએ જામિઆ શું છે ? તો તેમણે બતાવ્યું, જે વસ્તી જમાઅતવાળી જ્યાં અમીર ક઼ાઝી હોય, જેમનાં ઘરો એકબીજાથી જોડાયેલાં એકઠાં હોય, જેમ કે જિદ્દા, મિસ્ર જામેઅની લગભગ આવી જ વ્યાખ્યા હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી પણ રિવાયત થયેલ છે જે વર્ણન થઈ ચૂકી. કરીયહ્ શબ્દ મક્કા મોઅઝ્ઝમા, તાઈફ, ઈન્તાકિયા માટે કુર્આન કરીમમાં આવેલ છે.

**سمعت النداء** : કેમ કે એક હદીષમાં આવેલ છે કે જુમ્આ દરેક તે વ્યક્તિ પર છે જે અઝાન સાંભળે. *(અબૂ દાઊદ, ૧/૧૫૧ સલાત)* એનાથી જાહેરી રીતે શંકા થાય છે કે શહેરમાં રહેવા છતાં જે અઝાન ન સાંભળે તો એના પર જુમ્આ ફર્ઝ નથી. એના નિવારણ માટે ઈમામ બુખારીએ ઈમામ અતાઅ્‌નો આ ફત્વો નક઼લ કર્યો કે શહેરવાસીઓ પર જુમ્આ ફર્ઝ છે અઝાન સાંભળે કે ન સાંભળે. જુમ્આની ફર્ઝિયત તથા ફર્ઝ ન હોવામાં અઝાનને કોઈ દખલ નથી. મઝકૂર હદીષ સહીહ નથી એના પર કેટલીય રીતે ચર્ચા થઈ ચૂકી છે.

## તઅલીક઼ : ૧૭૨ની સમજૂતી

આ તઅલીક઼ના બે ભાગો છે : એક એ કે ઝાવિયહ્‌માં જુમ્આ પઢતા. બીજુ એ કે ત્યાં ન પઢતા, બસરા આવીને પઢતા. પાછલા ભાગને ઈબ્ને અબી શયબાએ પોતાના મુસ્નફમાં રિવાયત કરેલ છે. ઝાવિયહ્ બસરાથી જોડાયેલ એક વસ્તીનું નામ છે ઈમામ બુખારીનો હેતુ કદાચ એ છે કે ગામડાવાસીઓ પર શહેર આવીને જુમ્આ પઢવી ફર્ઝ નથી, પરંતુ જો આવીને પઢી લે તો બેહતર છે.

**શંકા** : ઝાવિયહ્ ગામડુ હતું ત્યાં હઝરત અનસ رضی اللہ عنہના જુમ્આ પઢવામાં બે શંકાઓ છે : એક એ કે તે ગામડામાં જુમ્આ કેવી રીતે પઢતા હતા ? બીજુ કે ત્યાં કોઈ હાકિમ ન હતો તો તે પોતે કેવી રીતે જુમ્આ ક઼ાયમ કરી લેતા ?!

# حدیث ۵۶۶

**[હદીષ : ૫૬૬]**

عَنْ عَائِشَةَ زَوْجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા નબી ﷺનાં*

وَسَلَّمَ قَالَتْ كَانَ النَّاسُ يَنْتَابُوْنَ الْجُمُعَةَ مِنْ مَّنَازِلِهِمْ

રફીક઼ાએ હયાતે ફર્માવ્યું, લોકો વારા ફરતી પોતાના મહેલો તથા અવાલીથી જુમ્આના

وَالْعَوَالِىْ فَيَاتُوْنَ فِى الْغُبَارِ يُصِيْبُهُمُ الْغُبَارُ وَالْعَرَقُ فَيَخْرُجُ

માટે ધૂળમાં આવતા, તેમના પર ધૂળ જતી અને તેમને પરસેવો નીકળતો.

مِنْهُمُ الْعَرَقُ فَاَتٰى رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

એમનામાં એક સાહબ (એક દિવસ) રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા અને

اِنْسَانٌ مِّنْهُمْ وَهُوَ عِنْدِىْ فَقَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ

હુઝૂર પાસે બિરાજમાન હતા. તો નબી ﷺએ ફર્માવ્યું, આજના

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَوْ اَنَّكُمْ تَطَهَّرْتُمْ لِيَوْمِكُمْ هٰذَا

*દિવસે તમે ગુસ્લ કરી લેત તો સારુ થાત.'' (૧/૧૨૩ જુમ્આ, મુસ્લિમ, અબૂ દાઊદ–સલાત)*

**જવાબ** : એ છે કે એ કેવી રીતે માલૂમ થયું કે ઝાવિયહ્ ગામડુ હતું ? શક્ય છે કસ્બો કે શહેર રહ્યું હોય. તેમજ એ કેવી રીતે ખબર પડી કે ત્યાં હાકિમના હુકમ વિના જુમ્આ પઢતા હતા, શક્ય છે તેમને તેનો હાકિમ તરફથી હુકમ રહ્યો હોય. અને જો ન પણ હોય તો જ્યાં હાકિમ નથી ત્યાંના રહેવાસીઓને જુમ્આ કાયમ કરવાનો હક઼ છે. તેમજ જ્યાં હાકિમ ન હોય ત્યાં શહેરના ઉલમા અધિક જાણનારને જુમ્આ ક઼ાયમ કરવાનો હક઼ છે, જેમ કે ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩માં વિવિધ જગાએ એની સ્પષ્ટતા છે. અને જાહેર છે કે હઝરત અનસએ શહેરમાં સૌથી મોટા આલિમ હતા.

**સમજૂતી : ૫૬૬**

વર્ણન થઈ ચૂક્યું કે અવાલી એ મદીના તયબહના પૂર્વી ઊંચાઈવાળા હિસ્સાનું નામ છે જેનું અંતર મસ્જિદે નબવીથી બે માઈલથી લઈને આઠ માઈલ સુધી છે. એક હદીષ (તિર્મિઝી ૧/૬૬)માં આવેલ છે : એ શખ્સ પર જુમ્આ છે જે રાત્રે ઘરે પરત થઈ શકે. તેમજ એ પણ રિવાયત થયેલ છે કે કુબાવાસીઓને હુઝૂરે અક઼દસ ﷺએ જુમ્આનો હુકમ આપ્યો. એનાથી એવું જાણવા મળે છે કે ગામડાના રહેવાસીઓ પર પણ જુમ્આ છે. એના નિવારણના માટે ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું કે કેટલા દૂરથી જુમ્આના માટે જવામાં આવે. ઉપરોક્ત હદીષથી સાબિત થયું કે ગામડાવાળાઓ પર જુમ્આ ફર્ઝ નથી પરંતુ જો તેઓ શહેરમાં આવીને પઢી લે તો

## حدیث ۵٦۷

**[હદીષ : ૫૬૭]**

اَخْبَرَنَا يَحْيَ بْنُ سَعِيْدٍ اَنَّهُ سَأَلَ عَمْرَةَ عَنِ الْغُسْلِ

*"યહ્યા બિન સઈદે ખબર આપી કે તેમણે અમ્રહથી જુમ્આના*

يَوْمَ الْجُمُعَةِ فَقَالَتْ، قَالَتْ عَائِشَةُ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا كَانَ

*દિવસે ગુસ્લના બારામાં પૂછયું તો તેમણે જણાવ્યું કે હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું*

النَّاسُ مِهْنَةَ اَنْفُسِهِمْ وَكَانُوْا اِذَا رَاحُوْا اِلَى الْجُمُعَةِ

*કે લોકો પોતાનાં કામ ખૂદ કરી લીધા કરતા હતા. અને જયારે જુમ્આના માટે આવતા તો એ*

رَاحُوْا فِىْ هَيْأَتِهِمْ فَقِيْلَ لَهُمْ لَوِاغْتَسَلْتُمْ

*જ હાલતમાં ચાલ્યા આવતા. તો એમને કહેવામાં આવ્યું કે જો તમે ગુસ્લ કરી લેત તો સારુ હતું."*

*(બુખારી ૧/૧૨૩ જુમ્આ, મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–તહારત)*

બેહતર છે. એટલા માટે કે જો ગામડાવાળાઓ પર જુમ્આ ફર્ઝ હોત તો દરેક જિમ્મેદાર હાજર થાત, શા માટે લોકો વારાફરતી હાજર થતા. હદીષ : **الجمعة علٰی من آواہٗ اللیل الی اھلہ** સહીહ નથી. ખૂદ ઈમામ તિર્મિઝીએ એને ઝઈફ કહી છે. ઈમામ અહમદે ફર્માવ્યું કે આ કાંઈ નથી અન્ય પણ એમાં કમી છે. અને કુબાવાસીઓને હુકમ આપવું અફઝિલયત હાંસલ કરવા માટે હતું. એ જ અમારો મઝહબ છે કે જુમ્આ કેવળ શહેર તથા કસ્બાના લોકો પર ફર્ઝ છે, ગામડાવાળાઓ પર નહીં.

આ હદીષથી એ પણ સાબિત થયું કે ગામડામાં જુમ્આ સહીહ નથી, નહીં તો હુઝૂરે અક્દસ ﷺ કુબા શરીફમાં જુમ્આ ક઼ાયમ કરી આપત. જયારે કે ત્યાં મસ્જિદ પણ હતી જેમાં પંજવક્તા જમાઅત થતી હતી.

### સમજૂતી : ૫૬૭

અમ્રહ્ બિન્તે અબ્દુર્રહ્માન બિન સઈદ મદીના પાકનાં રહેવાસી અન્સારી ખાતૂન હતાં. જે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ની હદીષોને સૌથી અધિક રિવાયત કરનારાં છે. અહીં પ્રકરણ છે : જુમ્આનો સમય સૂરજ ઢળવા પર છે. આ હદીષને એ સામ્યતા છે કે **رواح** ઝવાલ પછી ચાલવાને કહે છે.

**لواغتسلتم** : માં **لو** આરઝૂના માટે પણ હોઈ શકે છે. હવે તર્જુમો થશે, કાશ ! કે તમે ગુસ્લ કરી લેતા. એના હર્ફે શર્ત પણ થઈ શકે છે. આ તકદીર પર જઝા મહઝૂફ થશે. એટલે કે **لکان حسنا**. એનાથી સાબિત થયું કે જુમ્આના ગુસ્લ વાજિબ નથી બેહતર છે.

## حدیث ۵٦٨

**[હદીષ : ૫૬૮]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ کَانَ یُصَلِّی الْجُمُعَةَ حِیْنَ تَمِیْلُ الشَّمْسُ

જ્યારે સૂરજ ઢળી જતો તો જુમ્આ પઢતા હતા." (૧/૧૨૩ જુમ્આ, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–સલાત)

## حدیث ۵٦٩

**[હદીષ : ૫૬૯]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે અવ્વલ વક્ત (શરૂ સમયે)

کُنَّا نُبَكِّرُ بِالْجُمُعَةِ وَنَقِیْلُ بَعْدَ الْجُمُعَةِ

જુમ્આ માટે જતા અને જુમ્આ બાદ કૈલૂલા કરતા." (૧/૧૨૩–૧૨૪, હવાલો ઉપર મુજબ)

## حدیث ۵٧٠

**[હદીષ : ૫૭૦]**

حَدَّثَنَا اَبُوْ خَلْدَةَ هُوَ خَالِدُ بْنُ دِیْنَارٍ قَالَ

"અબૂ ખલ્દાએ કહ્યું, મેં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ને

**સમજૂતી : ૫૬૮–૫૬૯** نبکرનો માદ્દો بُكْرَة છે જેનો અર્થ સવાર (Morning) છે. હવે نبکرનો અર્થ થયો, અમે સવારના જતા હતા. આ અર્થના લેહાઝથી આ હદીષને પ્રકરણથી કોઈ નિસ્બત ન થઈ. જોહરીએ કહ્યું કે بَكَّرَનો અર્થ આગળ નીકળી જવું પણ છે. હવે હદીષનો મતલબ એ થશે કે અમે જુમ્આ માટે અગ્રતા કરતા હતા એટલે કે શરૂ સમયમાં જતા હતા. હવે પ્રકરણથી એકગણી મુનાસિબત થઈ જશે. પ્રકરણ આ છે કે જુમ્આનો સમય સૂરજ ઢળવાના સમયે છે. પ્રથમ હદીષ–૫૬૮થી સાબિત કે ઝવાલ થતાં જ જુમ્આનો સમય થઈ જાય છે એનાથી પ્રારંભિક સમય માલૂમ થઈ ગયો. રહી ગયું ક્યાં સુધી છે ? એ બીજી હદીષથી માલૂમ પડશે.

**સમજૂતી : ૫૬૮–૫૬૯** ઉલમાની એના પર એકમતિ છે કે જુમ્આનો શરૂ સમય ઝવાલનો સમય છે, અલ્બત્ત ઈમામ મુજાહિદ કહે છે કે ઝવાલના પહેલાં પણ જુમ્આ સહીહ છે. અને ઈમામ અહમદ બિન હંબલથી પણ મરવી છે. આ લોકો કહે છે કે જુમ્આ "ઈદનો દિવસ" છે અને નમાઝનો સમય પણ તે જ છે જે

سَمِعْتُ اَنَسَ بْنَ مَالِكٍ رَضِیَ اللہُ تَعَالٰی عَنْہُ یَقُوْلُ کَانَ

એવું ફર્માવતાં સાંભળ્યા કે નબી ﷺ જ્યારે સખત ઠંડક હોતી

النَّبِیُّ صَلَّی اللہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا اشْتَدَّ الْبَرْدُ بَکَّرَ

તો નમાઝ અવ્વલ વક્તમાં (શરૂ સમયમાં) પઢતા અને જ્યારે

بِالصَّلٰوۃِ وَاِذَا اشْتَدَّ الْحَرُّ اَبْرَدَ بِالصَّلٰوۃِ یَعْنِیْ الْجُمُعَۃَ

ગરમીની સખ્તી હોતી તો ઠંડી કરતા, એટલે જુમ્આને. અને યૂનુસ બિન બુકૈરે કહ્યું કે

وَقَالَ یُوْنُسُ بْنُ بُکَیْرٍ اَخْبَرَنَا اَبُوْخَلْدَۃَ وَقَالَ بِالصَّلٰوۃِ

અમને અબૂ ખુલ્દાએ ખબર આપી અને બિસ્સલાત (بالصَّلٰوۃ) કહ્યું અને

وَلَمْ یَذْکُرِ الْجُمُعَۃَ وَقَالَ بِشْرُ بْنُ ثَابِتٍ حَدَّثَنَا اَبُوْخَلْدَۃَ

જુમ્આનો ઉલ્લેખ નથી કર્યો. અને બિશ્ર બિન ષાબિતે કહ્યું કે અમને

صَلّٰی بِنَا اَمِیْرُ الْجُمُعَۃِ ثُمَّ قَالَ لِاَنَسٍ کَیْفَ کَانَ

અબૂ ખુલ્દાએ હદીષ બયાન કરી કે અમને હાકિમે જુમ્આ પઢાવ્યો પછી

النَّبِیُّ صَلَّی اللہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یُصَلِّیْ الظُّھْرَ

હઝરત અનસે પૂછ્યું કે નબી કઈ રીતે ઝોહર પઢતા હતા." (૧/૧૨૪ જુમ્આ, નિસાઈ)

ઈદોની નમાઝનો છે. એટલા માટે ઈમામ બુખારીએ જુમ્આ સમયનુ પ્રકરણ રચીને એવું સાબિત કરી આપ્યું કે જુમ્આનો સમય ઝવાલથી શરૂ થાય છે. અને હઝરત અનસની હદીષ–૫૬૯ લાવીને બતાવી આપ્યું કે આ હદીષમાં بکرથી મુરાદ અવ્વલ વક્તમાં નમાઝ પઢવું છે.

જુમ્આનો સમય બરાબર તે જ છે જે ઝોહરનો છે, એની દલીલ આ હદીષ છે. એટલે ઝવાલથી લઈને મિષ્લે ષાની (મૂળ પડછાયો ડબલ થતા) સુધી આપણે ત્યાં, અને મિષ્લે અવ્વલ સુધી ઈમામ શાફઈ વગેરેને ત્યાં. અને એમાં પણ એ જ તફસીલ છે કે ઠંડીમાં (શિયાળામાં) જલ્દી પઢવી મુસ્તહબ છે, અને ગરમીઓમાં જ્યારે ગરમીમાં ઘટાડો થઈ જાય ત્યારે એના પર આ હદીષ સ્પષ્ટપણે દલીલ પૂરી પાડી રહી છે.

**یعنی الجمعة** : એ નિશ્ચિત ન થઈ શક્યું કે પ્રથમ રિવાયતમાં **یعنی الجمعة** અબૂ ખુલ્દાનો કૌલ છે જે તાબઈ છે અથવા કોઈ અન્યનો. એટલા માટે કે યૂનુસના તરીકાથી એ જ અબૂ ખુલ્દાથી જે રિવાયત છે એમાં **یعنی الجمعة**નો શબ્દ નથી. **الصلوٰۃ**ને જો આમ (સામાન્ય) રાખવામાં આવે તો એ ઝોહર તથા જુમ્આ બંનેને સમાવે છે. અને જો એનાથી મુરાદ જુમ્આ લેવામાં આવે તો પણ કોઈ વાંધો નથી, બલ્કે બાદની તઅલીકો એના પર નિશાની છે કે **الصلوٰۃ**થી મુરાદ જુમ્આ જ છે.

**قال یونس** : આ તઅલીકને ઈમામ બુખારીએ અદબુલ મુફરદમાં મુત્તસિલ સનદ સાથે વર્ણન કર્યું છે. સંપૂર્ણ

## ت ۱۷۳ قَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللہُ تَعَالٰی عَنْہُمَا یَحْرُمُ الْبَیْعُ حِیْنَئِذٍ

[તઅલીક઼ : ૧૭૩] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, એ (એટલે જુમ્આની અઝાનના) સમયે ખરીદ વેચાણ હરામ છે." (૧/૧૨૪ જુમ્આ)

## ت ۱۷۴ وَقَالَ عَطَاءٌ تَحْرُمُ الصِّنَاعَاتُ كُلُّهَا

[તઅલીક઼ : ૧૭૪] "ઈમામ અતાએ કહ્યું કે એ સમયે સર્વ કામ હરામ છે." (ઉપર મુજબ)

આ પ્રમાણે છે : (અબૂ ખુલ્દા) કહે છે કે મેં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી સાંભળ્યું. તે હાકિમે બસ્રા હકમની સાથે બેઠેલા હતા અને એવું ફર્માવી રહ્યા હતા, નબી ﷺ જ્યારે ઠંડી સખત હોતી તો નમાઝ જલ્દી પઢતા અને જ્યારે ગરમી સખત હોતી તો ઠંડી કરીને પઢતા.

**وقال بشر** : **امیر الجمعة**થી મુરાદ હજ્જાઝ બિન યૂસુફના કાકાના પુત્ર હકમ બિન અબી અક઼ીલ છે. એ પણ હજ્જાજની જેમ લાંબો ખુત્બો આપતો હતો.

જુમ્આ પઢાવીને હકમનું હઝરત અનસ رضی اللہ عنہથી એ સવાલ કરવું કે નબી ﷺ કેવી રીતે ઝોહર પઢતા હતા, એ જાહેર કરી રહ્યું છે કે આ વાત એ યુગમાં પણ સૌના પર સિદ્ધ થઈ ચૂકી હતી કે ઝોહર તથા જુમ્આનો એક જ સમય છે.

### તઅલીક઼ : ૧૭૩-૧૭૪ની સમજૂતી

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વાળી તઅલીક઼ને ઈબ્ને હઝમે થોડા ફેરફાર સાથે રિવાયત કરી છે. અને ઈમામ અતાઅ્વાળી તઅલીક઼ને અબ્દ બિન હુમૈદે પોતાની તફસીરે કબીરમાં વર્ણન કરેલ છે. જ્યારે જુમ્આની અઝાન થાય તો જુમ્આ માટે હાજર થવું ફર્ઝ છે અને પોતાનાં સર્વ કામકાજ છોડી આપવાં વાજિબ છે એના પર મહાન દલીલ (નસ્સે જલી) અલ્લાહ جل جلالہ નો આ ઈર્શાદ છે :–

**وَاِذَا نُوْدِیَ الصَّلٰوۃِ مِنْ یَّوْمِ الْجُمُعَۃِ فَاسْعَوْا اِلٰی ذِکْرِ اللہِ** "જ્યારે જુમ્આના દિવસે અઝાન આપવામાં આવે તો ખરીદ વેચાણ ત્યજી દો અને અલ્લાહ عزوجلના ઝિક્રની તરફ તેજીથી વધો."

આયતમાં જો કે કેવળ ખરીદ વેચાણનું જ વર્ણન છે પણ **فاسعوا الی ذکر اللہ**થી જાહેર છે કે દરેક તે કામ હરામ છે જે જુમ્આના માટે હાજરીમાં આડરૂપ હોય. એના આધારે ઈમામ અતાએ ફર્માવ્યું કે સર્વ કારોબારો હરામ છે. ઈમામ બુખારીને આ વિષયની કોઈ હદીષ ન મળી શકી એટલા માટે તેમણે પ્રથમ આયતથી દલીલ રજૂ કરી પછી અક઼વાલે રિજાલ છે.

ઈમામ શાફઈ, ઈમામ અહમદ અને મોટા ભાગના ફક઼ીહો, ત્યાં સુધી કે અહનાફમાંથી ઈમામ અબૂ જઅફર તહાવીએ ફર્માવ્યું કે એનાથી મુરાદ ખુત્બાની અઝાન છે, એટલા માટે કે રિસાલતકાળમાં આ જ અઝાન હતી. પ્રથમ અઝાન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની કાઢેલી છે, પણ એના પર કોઈએ કાંઈ વાંધો નથી કર્યો, સૌએ એને પસંદ કર્યું. તો એના પર સહાબાનો મૌન ઈજમાઅ (ઈજમાએ સુકૂતી) થઈ ગયો. તેમજ હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું : **علیکم بسنتی وسنة خلفاء الراشدین** "તમારા પર મારી તથા ખુલફાએ રાશિદીનની સુન્નતની પયરવી લાઝિમ છે." (અબૂ દાઊદ, ૨/૨૭૯, ઈબ્ને માજહ્–મુક઼દ્દમા, પેજ–૫, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૧૨૬) જ્યારે આ અઝાન મશરૂઅ છે તો **اذا نودی للصلوٰۃ**ના ઈત્લાક઼માં દાખલ થઈ ગઈ. એટલા માટે વજૂબે સઈ (જુમ્આ માટે જવાની કોશિશ વાજિબ હોવા)માં અને અન્ય બીજી વ્યસ્તતાઓમાં વ્યસ્ત થવાનું હરામ

ت ۱۷۵ وَقَالَ اِبْرَاهِيْمُ بْنُ سَعْدٍ عَنِ الزُّهْرِيِّ اِذَا اَذَّنَ

''ઈમામ ઝુહરીથી મરવી છે કે જ્યારે મોઅઝ્ઝિન જુમ્આના દિવસે અઝાન આપે **[તઅલીક઼ : ૧૭૪]**

الْمُؤَذِّنُ يَوْمَ الْجُمُعَةِ وَهُوَ مُسَافِرٌ فَعَلَيْهِ اَنْ يَّشْهَدَ ع

અને મુસાફિર હોય તો તેના પર પણ જુમ્આના માટે હાજર થવું લાઝિમ છે.''

## حديث ۵۷۱

**[હદીષ : ૫૭૧]**

حَدَّثَنَا عَبَايَةُ بْنُ رِفَاعَةَ قَالَ اَدْرَكَنِىْ اَبُوْ

''અયાબા બિન રિફ઼ાઆએ કહ્યું, હું જુમ્આના માટે જઈ રહ્યો હતો એવામાં અબૂ અબસ

عَبْسٍ وَاَنَا اَذْهَبُ اِلَى الْجُمُعَةِ فَقَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ

મને મળ્યા અને કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنِ اغْبَرَّتْ

એવું કહેતાં સાંભળ્યા, જેના ક઼દમ અલ્લાહના માર્ગમાં ધૂળથી ખરડાય તેના

قَدَمَاهُ فِىْ سَبِيْلِ اللّٰهِ حَرَّمَهُ اللّٰهُ عَلَى النَّارِ

પર જહન્નમને અલ્લાહ હરામ ફ઼ર્માવી આપશે.''

*(૧/૧૨૪ જુમ્આ, ૧/૩૯૪ જેહાદ, તિર્મિઝી, નિસાઈ, દારમી–જેહાદ, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૪૭૯)*

હોવામાં એનો જ એતબાર જરૂરી થયો. તેમજ ખુત્બાની અઝાન વખતે ઘરેથી ચાલવામાં પ્રથમ સુન્નતે મોઅક્કદા પણ છૂટશે અને શરૂથી ખુત્બો ન સાંભળી શકાશે. અને ઘર દૂર હશે તો નમાઝ પણ ખતરામાં પડી શકે છે.

### તઅલીક઼ : ૧૭૫ની સમજૂતી

મુસાફ઼ર પર જુમ્આ છે કે નથી, એના બારામાં લગભગ ઈજમાઅ છે કે વાજિબ નથી. અલ્બત્ત ઈમામ ઝુહરીથી બંને રિવાયતો નક઼લ થયેલ છે. બંનેમાં વર્ગીકરણ એ છે કે મુસાફ઼ર પર જુમ્આ વાજિબ નથી, પણ એના માટે ''મુસ્તહબ'' એ છે કે હાજર થઈ જાય.

### સમજૂતી : ૫૭૧

નિસાઈમાં થોડાક ફેરફાર તથા ઉમેરા સાથે આ પ્રમાણે છે કે અબૂ મરયમે કહ્યું કે હું જુમ્આના માટે જઈ રહ્યો હતો તો અયાબહ્ બિન રિફ઼ાઆ મળ્યા, એમણે કહ્યું, તમને બશારત થાય ! તમારો ક઼દમ અલ્લાહના માર્ગમાં છે. મેં અબૂ અબસથી સાંભળ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું : અલ્ હદીષ. (જે વર્ણવી)

## حدیث ۵۷۲

**[હદીષ : ૫૭૨]**

سَمِعْتُ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا یَقُوْلُ

*"નાફેએ કહ્યું, મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને એવું ફર્માવતાં સાંભળ્યા કે*

نَھَی النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اَنْ یُّقِیْمَ الرَّجُلُ

*નબી ﷺ એ એનાથી મના ફર્માવ્યું કે કોઈ પોતાના ભાઈને એની*

اَخَاہُ مِنْ مَّقْعَدِہٖ وَیَجْلِسُ فِیْہِ قُلْتُ لِنَافِعِ الْجُمُعَۃُ

*જગાએથી ઉઠાડીને પોતે બેસે. (ઈબ્ને જુરીહે કહ્યું) મેં નાફેઅથી પૂછયું, જુમ્આના રોજ ? નાફેએ કહ્યું,*

قَالَ الْجُمُعَۃُ وَغَیْرُھَا۔

*જુમ્આ હોય કે કોઈ અન્ય મજમો." (૧/૧૨૪ જુમ્આ, મુસ્લિમ–ઈસ્તીઝાન)*

## حدیث ۵۷۳

**[હદીષ : ૫૭૩]**

عَنِ السَّائِبِ بْنِ یَزِیْدَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ

*"હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہ એ કહ્યું કે*

અલ્લામા અયનીએ એ વર્ગીકરણ કર્યું છે કે શક્ય છે કે અબૂ મરયમથી અયાબાએ એ પ્રમાણે કહ્યું હોય, અને અયાબાને હઝરત અબૂ અબસે એવું કહ્યું હોય. فی سبیل اللّٰہ સામાન્ય (આમ) છે, દરેક ભલા કાર્ય માટે ચાલવાને માટે તથા એમાં વ્યસ્ત થવાને માટે.

**સમજૂતી : ૫૭૨**

જુમ્આમાં અથવા કોઈ મજમામાં જેણે જે જગા લઈ લીધી તે તેનો હક્ક઼ બની ગઈ, એને ઉઠાડીને ખુદ બેસવું અથવા કોઈને બેસાડવું મના છે. એટલા માટે કે એમાં ઉઠાડવાવાળાનો ઘમંડ છે અને જેને ઉઠાડયો એની બેઈજ્જતી પણ છે અને એને તકલીફ આપવું પણ છે. હા ! જો કોઈ પોતે જ પોતાની જગા કોઈને આપી દે તો કાંઈ વાંધો નથી.

**સમજૂતી : ૫૭૩**

**પરિપૂર્ણતા :** અબૂ દાઊદ (૧/૧૫૫) તેમજ તિબ્રાની (ફત્હુલબારી, ૨/૩૨૭) વગેરેમાં એટલુ વધારે છે કે عَلٰی بَابِ الْمَسْجِدِ એટલે આ અઝાન મસ્જિદના દરવાજા પર થતી. પ્રથમ અઝાનના વધારા પછી પણ ખુત્બાની અઝાન ત્યાં આપવામાં આવતી હતી જ્યાં નબવી યુગમાં થતી રહેતી હતી. મિમ્બરથી નજીક ખતીબના માથા

قَالَ كَانَ النِّدَاءُ يَوْمَ الْجُمُعَةِ اَوَّلَهُ إِذَا جَلَسَ الْإِمَامُ عَلَى

નબી ﷺ અને હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમરના જમાનામાં જુમ્આના દિવસે કેવળ પ્રથમ

الْمِنْبَرِ عَلَى عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ وَ اَبِي بَكْرٍ

અઝાન હતી અને તે એ સમયે થતી જ્યારે ઈમામ મિમ્બર પર બેસતા. જ્યારે હઝરત ઉષ્માન ખલીફા

وَ عُمَرَ فَلَمَّا كَانَ عُثْمَانُ وَكَثُرَ النَّاسُ زَادَ النِّدَاءُ الثَّالِثُ

બન્યા અને લોકોની ભીડ વધી ગઈ તો તેમણે ત્રીજી નિદા (પ્રથમ અઝાન) વધારી જે ઝવરા પર

عَلَى الزَّوْرَاءِ قَالَ اَبُوْعَبْدِ اللّٰهِ الزَّوْرَاءُ مَوْضِعٌ بِالسُّوْقِ بِالْمَدِيْنَةِ

આપવામાં આવતી હતી. અબૂ અબ્દુલ્લાહ એટલે ઈમામ બુખારીએ કહ્યું કે ઝવરા મદીના પાકના બજારમાં

એક જગાનું નામ છે.'' (૧/૧૨૪–૧૨૫ જુમ્આ, અબૂ દાઊદ–જુમ્આ, તિર્મિઝી, જુમ્આ, ઈબ્ને માજહ–જુમ્આ)

પર ન થતી હતી, જેમ કે આજકાલ આમ મસ્જિદોમાં રિવાજ છે. (જો કે આપણા તરફ એ રિવાજ નથી. –*અનુવાદક*) તેમ છતાં કે શહનશાહ હિશામ બિન અબ્દુલ મલિકે પ્રથમ અઝાન ઝવરાથી બદલીને મસ્જિદે અક્દસના મીનારા પર કરી આપી. પણ ખુત્બાની અઝાન ત્યાં જ થતી રહી જ્યાં નબવી યુગથી થતી આવી હતી. ઝુર્કાની અલલ મવાહિબમાં અલ્લામા મુહમ્મદ બિન અબ્દુલ બાક઼ી લખે છે :–

**لما كان عثمان امر بالا ذان الاول يفعله على الزوراء ثم نقله هشام الى المسجداى امربفعله فيه وجعل الآخر الذى بعد جلوس الخطيب على المنبر بين يديه يعنى انه ابقاهُ بالمكان الذى يفعله فيه فلم يغيره بخلاف ماكان بالزوراء فحولها الى المسجد على المنار**

''જ્યારે હઝરત ઉષ્માન ખલીફા બન્યા તો ખુત્બાની અઝાનથી પહેલાં એક અઝાન બજારમાં ઝવરામાં અપાવી. પછી એ પ્રથમ અઝાનને હિશામે મસ્જિદ તરફ બદલી નાખી, એટલે મસ્જિદ થવાનો હુકમ આપ્યો, અને બીજી જે ખતીબની સામે મિમ્બર પર બેસવાના સમયે થતી હતી તેને ખતીબના મવાજેહમાં રહેવા દીધી, એટલે જ્યાં થતી હતી ત્યાં જ બાક઼ી રાખી.'' *(ફત્હુલબારી, ૭/૪૩૫)*

આ હદીષથી સાબિત થયું કે ખુત્બાની અઝાનમાં પણ સુન્નત એ છે કે મસ્જિદની બહાર થાય. મસ્જિદની અંદર ક્યાંય પણ આપવી, ખાસ કરીને મિમ્બરથી લાગીને ખતીબના માથા પર બિદઅત છે. હનફી ફક઼ીહોએ મસ્જિદની અંદર અઝાન આપવાને મુત્લક઼ન મના તથા મકરૂહ લખ્યું છે, એમાં ન પંજગાના અઝાનને ખાસ કર્યું ન ખુત્બાની અઝાનને અપવાદ કરી. એટલા માટે એ પણ આ હુકમમાં સામેલ છે. મૌલાના અબ્દુલ હય લખનવી ''ઉમ્દતુલર્રિઆયા'' હાશિયા શરહે વક઼ાયામાં લખે છે :–

**قوله مستقبل الا مام اى بين يديه داخل المسجدا وخارجه والمسنون هو الثانى**

''**مستقبل الامام**નો અર્થ છે : (ઈમામની) સામેના તથા સામે હોવું મસ્જિદની અંદર પણ લાગુ થાય છે અને મસ્જિદના બહાર પણ. અઝાનમાં સુન્નત એ છે કે મસ્જિદની બહાર હોય.'' *(૧/૨૦૨ જુમ્આ)*

હા ! મસ્જિદ પૂર્ણ થતા પહેલાં અઝાન માટે કોઈ જગા નિશ્ચિત કરી દેવામાં આવે, અથવા કોઈ જગા નિશ્ચિત હતી પણ ફરીથી મસ્જિદને વિસ્તારવામાં આવી જેના કારણે તે જગા મસ્જિદની અંદર આવી ગઈ તો ત્યાં અઝાન

આપવામાં કોઈ વાંધો નથી. જેમ કે હુઝૂરે અક્દસ ﷺના મુબારક જમાનામાં ખુત્બાની અઝાન મતાફના કિનારે થતી હતી. આ યુગમાં મસ્જિદે હરામ મતાફ સુધી જ હતી. *(મસ્લકે મુક્તસત, પેજ-૨૮૦)* બાદમાં જ્યારે મસ્જિદે હરામનું વિસ્તરણ થયું તો એ જગા મસ્જિદની અંદર આવી ગઈ, હવે ત્યાં અઝાન આપવામાં વાંધો નથી જેથી મસ્જિદે હરામમાં આજે પણ ખુત્બાની અઝાન ત્યાં જ થાય છે, ભલે મસ્જિદનું વિસ્તરણ થઈ ગયું. અથવા જેમ કે દિલ્હીની જામેઅ મસ્જિદમાં આ અઝાન સહેનમાં બનેલા મુકબ્બિરા પર થાય છે, આ મુકબ્બિરા મસ્જિદ ઠરાવી દેવાતા પહેલાં એના માટે ખાસ કરી દેવામાં આવ્યો હતો.

**અંબેઠી મહાશયને રદિયો** : ખલીલ અહમદ અંબેઠી ખલીફા ગંગોહીએ બજલુલ્ મજહૂદ (૨/૧૮૦)માં પોતાના દિલના ફોલ્લાઓ આ પ્રમાણે ફોડયા છે :-

**وتمسَّك بدرَئيس اهل البد عة فی زماننا احمدر ضا البريلوی واذاع الفتن والشرورفی هٰذه المسئلة وكتب فيها الكتب والرسائل**

''આ જ અબૂ દાઊદની હદીષથી આપણા જમાનામાં બિદઅતોના રઈસ અહમદ બરેલ્વી આ મસ્અલા પર દલીલ લાવ્યા છે અને ફિત્ના તથા બુરાઈ ફેલાવી છે અને આ મસ્અલામાં કિતાબો તથા રિસાલા લખ્યા છે.''

પ્રિય વાંચકો ! દેવબંદીઓનું તીરો નશ્તર તથા સંસ્કૃતિ જોઈ લો. હદીષની શરહ લખવા બેઠા છે અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પર તબર્રા કરી રહ્યા છે. દિલની જલન ક્યાં ચૈન લેવા દે છે ! હદીષમાં સ્પષ્ટ નસ (દલીલ) છે કે અઝાન રિસાલતકાળ તથા ખુલફાએ રાશિદીનમાં મસ્જિદના દરવાજા પર થતી હતી. જેનો અતિ ઉઘાડો ભાવાર્થ એ છે કે મસ્જિદની બહાર થતી હતી. એનાથી સાબિત થયું કે આ અઝાનમાં પણ સુન્નત એ છે કે મસ્જિદની બહાર થાય. હવે આપોઆપ સાબિત કે મસ્જિદની અંદર આ અઝાન અપાવવી બિદઅત, અને તે પણ બિદઅતે સૈયેઅહ્ (બુરી) થઈ, એટલા માટે કે સુન્નતની વિરુદ્ધ છે. આપને સારી પેઠે ખબર છે કે ફુક્હા (ફકીહો) મસ્જિદની અંદર અઝાન આપવાની કરાહત બાબતે આ જ હદીષથી દલીલ લાવ્યા છે. જેમ કે એ જ તીરો નશ્તરથી પહેલાં છે :-

**هٰذَ الْحَدِيْثُ اسْتُدِلَّ بِهٖ عَلٰى كَرَاهَةِ الْاَذَانِ فِى الْمَسْجِدِ وَ قَالُوْ اِنَّ بَابَ الْمَسْجِدِ كَانَ خَارِ جًامِّنْهُ فَاُذِّنَ عَلَيْهِ فَيُكْرَهُ الْاَذَانُ فِى الدَّا خِلِ وَقَدْ صَرَّحَ بِهٖ صَاحِبُ الْعَوْنِ نَا قِلًا عَنْ شَيْخِهٖ صَاحِبِ غَايَةَ الْمَقْصُوْدِ**

''મસ્જિદની અંદર અઝાનના મકરૂહ હોવા પર આ જ હદીષથી દલીલ રજૂ કરવામાં આવી છે. લોકોએ કહ્યું કે મસ્જિદનો દરવાજો ખારિજે મસ્જિદ હતો એટલા માટે ત્યાં આપવામાં આવી, મસ્જિદની અંદર અઝાન મકરૂહ છે. ............. સાહિબે ઔનએ પોતાના ઉસ્તાદ સાહિબે ગાયતુલ મક્સૂદથી નકલ કરતાં તેની સ્પષ્ટતા કરી છે.''

તમને જ્યારે એનો ઈક્રાર છે કે મસ્જિદમાં અઝાન મકરૂહ હોવા પર આ હદીષ દલીલ છે અને આ હદીષ ખાસ જુમ્આની અઝાનમાં આવેલ છે જેથી જુમ્આની અઝાન અધિક અંશે મસ્જિદની અંદર મકરૂહ છે. અને કરાહત મુત્લક બોલવામાં આવે તો તેહરીમી કરાહત મુરાદ છે અને મકરૂહે તેહરીમીમાં પડવું નાજાઈઝ તથા ગુનોહ છે.

હવે કોઈ ન્યાયપ્રિય બતાવે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એક મુર્દા સુન્નતને જીવંત કરી અને એક બિદઅતને ખત્મ કરી, તો એ કામ શરીઅતની રૂએ નિઃશંક ! મુસ્તહસન તથા દાદને પાત્ર છે કે મહેણા ટોણાને પાત્ર છે ?! સુન્નતને જીવંત કરવા પર ભલુબુરુ કહેવું એ કયા મુસલમાનનું કામ છે ?! પણ જે ગિરોહ રસૂલે પાક ﷺની તૌહીન કરવાનો આદી હોય તેના માટે શું ફરિયાદ કરવી !

**કાશ્મીરી મહાશયની પકડ** : આ વિષયે વાંચકો એક અધિક તેહકીક્ આ જ ગિરોહના ઘણા મોટા

બુઝુર્ગની સાંભળી લો ! કાશ્મીરી મહાશય "ફયઝુલ બારી" (૨/૩૩૫)માં લખે છે :–

**وَلم اجد علی کون هٰذ الاذان فی داخل المسجد دلیلا عند المذاهب الاربعة الا ماقال صاحب الهدایة انه جری به التوارث ثم نقله الآخرون ایضا ففهمت منه انهم لیس عند هم دلیل غیر ماقله صاحب الهد ایة لذا ایلجؤن الی التوارث**

"જુમ્આની અઝાન મસ્જિદની અંદર હોવા માટે ચારેવ મઝહબોની નજીક કોઈ દલીલ નથી જોવા મળી, એ સિવાય કે સાહિબે હિદાયાએ કહ્યું છે કે એના પર સૌનો અમલ છે, વળી બીજાઓએ પણ એને નક્લ કરેલ છે. એનાથી સમજમાં આવ્યું કે અઝાનના મસ્જિદમાં થવા બાબતે એમની પાસે કોઈ દલીલ નથી એ સિવાય કે સાહિબે હિદાયાએ જે કહ્યું છે એટલા માટે એ લોકો સૌના અમલની આડ લે છે."

આ કાશ્મીરી મહાશય કોણ છે ? તમારી (દેવબંદીઓની) જમાઅતની તે અજોડ હસ્તી છે કે એમના જેવો વિશાળ અભ્યાસી, બુદ્ધિ કૌશલ્ય તથા મજબૂત યાદશક્તિવાળો, પુષ્કળ ઈલ્મો વિદ્યાઓનો નિષ્ણાત તમારા લોકોના કથનાનુસાર કોઈ પેદા જ નથી થયો ! તે જણાવે છે કે મસ્જિદની અંદર ખુત્બાની અઝાન આપવા બાબતે મેં કોઈ દલીલ નથી જોઈ, અને જ્યારે એના પર કોઈ દલીલ નથી તો એના પર અમલ વિના શંકાએ હરામ તથા ગુનોહ થયો. એક હરામ કાર્યને બંધ કરવાની કોશિશ તમારા અંબેઠી મહાશયને એટલી બુરી લાગી કે તે ક્રોધમાં સંતુલન ખોઈ બેઠા છે ! પણ થવું પણ એવું જ જોઈએ ! એટલા માટે કે ગુસ્તાખે રસૂલથી એના સિવાય અન્ય શું આશા રાખી શકાય છે ?!

રહી ગઈ વાત સાહિબે હિદાયા (હિદાયાના લેખક)ના આ ઈર્શાદ **بذ لك جری التوارث**થી દલીલ પકડવું કે ખુત્બાની અઝાન મસ્જિદની અંદર આપવાનુ સતત ચાલ્યુ આવ્યું છે. એ ઘણી મોટી જેહાલત છે. અહીંનું પૂરૂં લખાણ જુઓ : **اذا صعدا لا مام المنبرواذن المؤذّنون بین یدی المنبر بذلك جری التوارث** "જ્યારે ઈમામ મિમ્બર પર આવી જાય તો મિમ્બરની સામે અઝાન કહે."

જાહેર છે કે **ذلك**નો મુશારુન્ ઈલૈહ અઝાન **بین یدی المنبر** છે અને **بین یدی المنبر**ના માટે મસ્જિદની અંદર હોવું જરૂરી નથી. અબૂ દાઊદની હદીષમાં **علی باب المسجد** પણ છે અને **بین یدی** પણ છે. જેથી આ હદીષ એના માટે દલીલ છે કે **بین یدی** મસ્જિદની બહાર પણ લાગુ થશે અને એ ખૂદ કશ્મીરી મહાશય પણ સ્વીકારે છે. અલ ઉર્ફુશ્શઝી (૧/૧૧૬ જુમ્આ)માં છે :–

**ولکن فی سنن ابی داؤد ص١٥٥، مایدل علی انه یکون فی خارج المسجد علی الباب** "પરંતુ સુનને અબૂ દાઊદ પેજ–૧૫૫ પર જે વર્ણન થયેલ છે તે એના માટે દલીલ પૂરી પાડે છે કે એ અઝાન મસ્જિદની બહાર દરવાજા પર થવી જોઈએ."

અને અંબેઠી મહાશય પણ સ્વીકારે છે. તે લખે છે :–

**ولا منافاة بین قوله بین یدی رسول الله صلی الله تعالٰی علیه وسلم وبین، علٰی باب المسجد** "સાઈબ બિન યઝીદના આ કથન **بَیْنَ یَدَی** રસૂલુલ્લાહ ﷺ અને **علٰی**માં વિરોધાભાસ નથી.

નબવી યુગમાં મસ્જિદે અક્દસ સો હાથ લાંબી સો હાથ પહોળી હતી. મિમ્બરે અક્દસ વધુમાં વધુ ત્રણ હાથનો રહ્યો હશે. મિમ્બર તથા દીવાલનું અંતર એક હાથ માની લો. સોમાંથી ચાર હાથ કાઢી નાંખો તો ૯૬ હાથનું અંતર થયું. ૯૬ હાથના અંતર છતાં **بین یدی** લાગુ થશે. તો સાહિબે હિદાયાના **بین یدی المنبر**નો મતલબ એ લેવો કે મસ્જિદની અંદર ખતીબના માથા પર અઝાન કહેવામાં આવે એ દેવબંદી મુજતહિદોનું કામ હોઈ શકે છે ! કોઈ ઈલ્મવાળાનુ હરગિઝ હરગિઝ ન હોઈ શક્તું.

સાહિબે હિદાયાના આ ઈર્શાદનો મતલબ એ છે કે, અને અઝાનોના બારામાં કોઈ પાબંદી નથી, મસ્જિદની બહાર ક્યાંય પણ આપી શકાય છે પણ ખુત્બાની અઝાનના માટે જરૂરી છે કે મસ્જિદની બહાર ખતીબની સામે થાય. આ અઝાન ખતીબ સામે થવા પર સૌનો અમલ છે.

**ઈબ્ને ઈસ્હાક઼નું સમર્થન** : મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક઼ના લીધે કેટલાક લોકોએ અબૂ દાઊદની આ હદીષને ઝઈફ કહી છે, પરંતુ એ સહીહ નથી. મુહમ્મદ બિન ઈસ્હાક એ કક્ષાના રાવી છે કે ઈમામ બુખારીએ તઅલીક઼ત થકી પોતાની સહીહમાં એમની રિવાયત લીધી. કિતાબુલ મગાઝીના શરૂમાં :–

**قال ابن اسحق اول ماغز النبی صلی اللّٰه تعالٰی علیه وسلم الابواء ثم بواط ثم العشیرة** "ઈબ્ને ઈસ્હાક઼ે કહ્યું : નબી ﷺએ સૌ પ્રથમ જે ગઝવા કર્યો તે અબવા હતો પછી બવાત પછી અશીરહ્."

મુતાબિઆતમાં ઈમામ મુસ્લિમે એમની રિવાયતો પુષ્કળ પ્રમાણમાં લીધી છે, જો એ સાક઼િતુલ એ'તબાર (અવિશ્વસનીય) હોત તો ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમ તેમની રિવાયત કદી પણ ન લેતા. તહઝીબુત્તહઝીબમાં અલ્લામા ઈબ્ને હજરે એમના બારામાં જરહો તઅદીલ (પકડ કરનારા) ઉલમાએ જે કાંઈ કહ્યું છે, સૌ ભેગુ કરી આપ્યું છે, તેમની આ'લા દરજાની પ્રશંસા પણ કરી છે અને કેટલીક પકડો પણ, અને કેટલીક પકડોના જવાબ પણ નકલ કર્યા છે. ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમનું તેમની રિવાયતને કોઈપણ કક્ષામાં લેવું એ એની દલીલ છે કે તે ષિક઼હ છે. એમાં ઈમામ બુખારીના એમના બારામાં ઈર્શાદો નક઼લ થયેલા છે કે મેં અલી ઈબ્ને અબ્દુલ્લાહને જોયા કે તે ઈબ્ને ઈસ્હાક઼ની હદીષથી દલીલ લાવ્યા છે. અને અલ્વીએ કહ્યું, મેં ઈબ્ને ઈસ્હાક઼ને મુત્તહિમ કરતાં કોઈને નથી જોયો. મેં એમની કિતાબોમાંથી ઘણુ બધું ચૂંટી કાઢયું છે. ઈમામ માલિકે એમના બારામાં જે કહ્યું છે જો તે સહીહ છે તો કદી એક શખ્સ કોઈના પર એક ટીકા કરે છે તમામ મામલાઓમાં મુત્તહિમ નથી જાણતો. ઘણા બધા લોકો અમુક લોકોના નિશાન બને છે, જેમ કે ઈબ્રાહીમે શઅબીના બારામાં જે કહ્યું અને જે શઅબીએ અકરમાના બારામાં કહ્યું, પણ અહલે ઈલ્મ (ઈલ્મવાળાઓએ) એના પ્રતિ ધ્યાન નથી કર્યું. શઅબાએ તેમને તેમની યાદશક્તિની બિના પર અમીરુલ મો'મિનીન કહ્યા, એનાથી જાહેર થઈ ગયું કે ઈમામ બુખારીની નજીક તે ષિક઼હ છે.

રહી ગયું અંબેઠી (દેવબંદી) મહાશયે જે કહ્યું કે, "બુરાઈ (શર) તથા ફ઼િત્ના ફેલાવ્યા !" તો હવે તમે બતલાવો આ હદીષનો શો મતલબ છે ?

**من احیی سنة من سنتی قد امیتت بعدی فله مثل اجور من عمل بها من غیر ان ینقص من اجودهم شیئًا**

"જેણે કોઈ મારી એવી સુન્નતને ઝિંદા કરી જે મુર્દા થઈ ચૂકી હતી, તો જેટલા લોકો એના પર અમલ કરશે સૌના જેટલો સવાબ તેને મળશે એ વિના કે એમના સવાબમાં કાંઈ કમી કરવામાં આવે."

કદીક આપે આપના ગરેવાનમાં મોઢું નાખીને જોયું કે તમે "બરાહીને ક઼ાતિઆ"માં આવું લખીને કેટલો મોટો ફ઼િત્નો ખડો કર્યો છે ?

"શૈતાન તથા મલકૂલ મૌતને આ (ઈલ્મની વિશાળતા) નસ (કુર્આની દલીલ)થી સાબિત છે. ફખ્રે આલમની ઈલ્મી વિશાળતાની કઈ નસ્સે ક઼તઈ છે જેનાથી તમામ નસો (દલીલો)ને રદ કરીને એક શિર્ક સાબિત કરે છે." *(પેજ–૫૧)*

જેનો સાફ સાફ મતલબ એ છે કે **હુઝૂરે અક઼્દસ ﷺના માટે ઈલ્મી વિશાળતા માનવી શિર્ક છે ! અને શૈતાનની ઈલ્મી વિશાળતા પર ઈમાન લાવવું વાજિબ છે.** જેનો સાર એ નીકળ્યો કે **શૈતાન લઈનનો ઈલ્મ હુઝૂરે અક઼્દસ ﷺના ઈલ્મ કરતાં વધારે છે.** આ રીતે સ્પષ્ટ કુફ઼ી લખાણને જ્યારે મુસલમાનોએ સહન ન કર્યું તો કેટલી બુરાઈ તથા ફ઼િત્ના ફસાદ ફેલાયો અને દિન પ્રતિ દિન ફેલાઈ રહેલ છે એ લોકોથી છુપુ નથી.

**زادالنداء الثلث** : એનાથી મુરાદ જુમ્આની પ્રથમ અઝાન છે. એને મશરૂઅ થવાના એતબારે કહેવામાં આવી કે પ્રથમ ખુત્બાની અઝાન અને બીજી ઈક઼ામત, આ બંનેવના પછી એનો ઉદ્ભવ થયો એટલા માટે એ થઈ.

ઈક઼ામતને અઝાન બોલવું ખૂદ હદીષમાં છે : **بین کل اذا نین صلوۃ** "દરેક બે અઝાનની વચ્ચે નમાઝ છે." હઝરત ઈબ્ને ઉમર તથા ઈમામ હસન બસરીએ એને બિદઅત કહ્યું, પણ એમની બિદઅતથી મુરાદ શાબ્દિક (લુગ્વી) અર્થ છે, એટલે કે એ નબવી યુગમાં ન હતી એને હઝરત ઉષ્માને શરૂ કરી. જેમ કે ફારૂકે આ'ઝમે ખૂદ તરાવીહ જમાઅત સાથે કરવાનો હુકમ આપ્યો તો ફર્માવ્યું : **نِعْمَتِ الْبِدْعَةُ هٰذِهٖ** આ સારી બિદઅત છે. નહીં તો જો એ બિદઅતે સૈયેઅહ્ મઝમૂમા (બુરી બિદઅત) હોત તો સહાબાએ કિરામ એના પર મૌન ન રહેત. જ્યારે મક્કા મોઅઝ્ઝમામાં **تَاَهُّل** ના અર્થમાં હઝરત ઉષ્માને કસ્ર છોડીને પૂરી નમાઝો પઢી તો લોકોએ એના પર ઈન્કાર કર્યો, આ અઝાન પર કોઈએ વાંધો નથી ઉઠાવ્યો અને એના મુજબ અમલ આજે પણ થઈ રહ્યો છે.

**ખુલફાએ રાશિદીન અને શરીઅતનો હુકમ બયાન કરનારા** : આ હદીષથી સાબિત થયું કે ખુલફાએ રાશિદીન પણ મક઼ામે તશરીઅ (શરીઅતનો હુકમ વર્ણવનારના સ્થાન) પર બિરાજમાન હતા. હઝરત સિદીકે અકબરે કુર્આન મજીદને એક મુસ્હફ (કિતાબરૂપ)માં જમા કર્યુ. હઝરત ફારૂકે આ'ઝમે તરાવીહને બાજમાઅત કરી અને હઝરત ઉષ્માને પ્રથમ અઝાનનો વધારો કર્યો. આ સર્વ એની દલીલ છે. અને આ જ ઈર્શાદે પાક **علیکم بسنتی وسنة الخلفاء الراشدین**થી પણ જાહેર થાય છે. કાશ્મીરી મહાશય (ફયઝુલ બારી, ૨/૩૩૬)ને પણ એટલુ સ્વીકાર્ય છે કે ખુલફાએ રાશિદીનનો મન્સબ (સ્થાન) તશરીઅ તથા ઈજતેહાદની દરમ્યાન છે, ભલે તશરીઅ તથા ઈજતેહાદની વચ્ચેનો મતલબ આપણી સમજથી પર છે !

**અલ્લામા ઈબ્ને હજર પર તતફ્ફુલ** : આ હદીષથી સાબિત થયું કે ઈમામ પ્રથમ મિમ્બર પર બેસશે પછી અઝાન આપવામાં આવશે અને એ જ આપણો મઝહબ છે, જેમ કે હિદાયા વગેરેમાં સ્પષ્ટતા છે. અલ્લામા હજરથી અહીં લગ્ઝિશ થઈ છે, તેમણે લખ્યું છે કે હનફીઓનો મસ્લક એ છે કે અઝાન પ્રથમ થશે ઈમામ મિમ્બર પર બાદમાં બેસશે. (તતફ્ફુલ એટલે નાનો જ્યારે મોટા પર વાંધો ઉઠાવે તો અદબમાં આ શબ્દ કહેવાય છે)

આ હદીષ એ જ પ્રકરણમાં બીજા તરીક઼ાથી પણ મરવી છે એમાં આટલુ વધારે છે : **لم یکن للنبی صلی اللہ تعالیٰ علیه وسلم موذن غیرواحد** "નબી ﷺના એકથી અધિક મોઅઝ્ઝિન ન હતા."

એનાથી મુરાદ મસ્જિદે નબવીમાં ક઼ાયમી (રેગ્યુલર) મોઅઝ્ઝિન કેવળ એક હતા એટલે હઝરત બિલાલ, બાકી હઝરાત ક્યાં તો બીજી મસ્જિદોના મોઅઝ્ઝિન હતા અથવા કામચલાઉ. દા.ત. અબ્દુલ્લાહ બિન ઉમ્મે મક્તૂમ, તેમનું અઝાન આપવું કેવળ સવારના માટે તે પણ ફક્ત રમઝાનમાં સાબિત છે. હઝરત અબૂ મહઝૂરા મક્કા મોઅઝ્ઝમામાં મસ્જિદે હરામના મોઅઝ્ઝિન હતા. હઝરત સઅદ અલ ક઼ર્ઝ કુબાના અને હઝરત ઈબ્ને હારિષ સદાઈની અઝાનની સાબિતી કેવળ એકવાર મળે છે. જેમ કે એમનાથી જ મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ મને ફજરની અઝાનનો હુકમ આપ્યો તો મેં અઝાન કહી. બિલાલે ઈક઼ામત કહેવા ચાહી તો ફર્માવ્યું : સદાઈ ભાઈએ અઝાન આપી છે, અને જે અઝાન આપે તે જ ઈક઼ામત કહે. (અબૂ દાઊદ–સલાત–૭૬, તિર્મિઝી ૧/૨૮ સલાત, ઈબ્ને માજહ–૫૩) ઈબ્ને માજહમાં એટલુ વધારે છે કે એક સફરમાં આ હુકમ આપ્યો હતો, એટલા માટે એ પણ રેગ્યુલર મોઅઝ્ઝિન ન હતા. અને હદીષની વર્ણન સ્થિતિ પરથી એ જાહેર છે. મુરાદ એ છે કે જુમ્આના માટે કેવળ એક મોઅઝ્ઝિન હતા.

# حدیث ۵۷۴

[હદીષ : ૫૭૪]

عَنْ اَبِیْ اُمَامَۃَ بْنِ سَہْلِ بْنِ حُنَیْفٍ قَالَ سَمِعْتُ مُعَاوِیَۃَ

"ઉમામા બિન સહલ બિન હુનૈફે કહ્યું, મેં મુઆવિયા ઈબ્ને અબૂ સુફયાનથી

بْنَ اَبِیْ سُفْیَانَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ وَھُوَجَالِسٌ عَلَی الْمِنْبَرِ اَذَّنَ

સાંભળ્યું, તે મિમ્બર પર બેઠા હતા, મોઅઝ્ઝિન અઝાન આપી રહ્યો હતો. મોઅઝ્ઝિને કહ્યું,

الْمُؤَذِّنُ فَقَالَ اَللّٰہُ اَکْبَرُ اَللّٰہُ اَکْبَرُ فَقَالَ مُعَاوِیَۃُ اَللّٰہُ اَکْبَرُ

અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર ! તો મુઆવિયાએ પણ કહ્યું, અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !

اَللّٰہُ اَکْبَرُ فَقَالَ اَشْھَدُ اَنْ لَّا اِلٰہَ اِلَّا اللّٰہُ فَقَالَ مُعَاوِیَۃُ وَاَنَا

પછી મોઅઝ્ઝિને કહ્યું, અશ્હદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ ! તો મુઆવિયાએ કહ્યું,

قَالَ اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہِ قَالَ مُعَاوِیَۃُ وَاَنَا فَلَمَّا

હું પણ એ જ પ્રમાણે કહું છું. મોઅઝ્ઝિને કહ્યું, અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ !

اَنْ قَضَی التَّاذِیْنَ قَالَ یَآیُّھَا النَّاسُ اِنِّیْ سَمِعْتُ رَسُوْلَ اللّٰہِ

' તો મુઆવિયાએ કહ્યું, હું પણ એવું જ કહું છું. જ્યારે તેણે અઝાન પૂર્ણ કરી લીધી તો મુઆવિયાએ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ عَلٰی ھٰذَا الْمَجْلِسِ حِیْنَ اَذَّنَ

કહ્યું, હે લોકો ! મેં રસૂલુલ્લાહ ﷺ થી આ જગાએ સાંભળ્યું છે કે જ્યારે મોઅઝ્ઝિન અઝાન

الْمُؤَذِّنُ یَقُوْلُ مَا سَمِعْتُمْ مِنِّیْ مِنْ مَّقَالَتِیْ ؎

કહેતો તો હુઝૂર પણ એ જ કહેતા જે તમે મારાથી મારી વાત સાંભળી છે." (૧/૧૨૫ જુમ્આ, નિસાઈ–સલાત)

**સમજૂતી : ૫૭૪**

**ખતીબ ખુત્બાની અઝાનનો જવાબ આપશે એટલા માટે કે એના માટે ચૂપ રહેવાનો હુકમ નથી.** અલ્બત્ત હાજરજનોએ **ખુત્બાની અઝાનનો જવાબ આપવો મના છે.** જેમ કે ફર્માવ્યું : **اذا خرج الامام فلا صلوٰۃ ولا کلام** જ્યારે ઈમામ (પોતાના રૂમથી નીકળે તો ન નમાઝ છે ન કલામ (વાતચીત). જ્યારે નમાઝની ઈજાઝત નથી તો અઝાનના જવાબની કેવી રીતે ઈજાઝત થશે ! વિસ્તારપૂર્વક ચર્ચા આગળ આવી રહી છે.

## حديث ٥٧٥

**[હદીષ : ૫૭૫]**

اَخْبَرَنِى ابْنُ اَنَسٍ اَنَّهٗ سَمِعَ جَابِرَ بْنَ عَبْدِ اللّٰهِ

*"હઝરત અનસ رضی اللہ عنہ ના સાહબઝાદાથી રિવાયત છે કે તેમણે હઝરત જાબિર બિન*

رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كَانَ جِذْعٌ يَّقُوْمُ عَلَيْهِ النَّبِىُّ صَلَّى اللّٰهُ

*અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી સાંભળ્યું કે તેમણે ફર્માવ્યું, એક ખજૂરની ડાળી જેના પર ખુત્બાના*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا وُضِعَ لَهُ الْمِنْبَرُ سَمِعْنَا لِلْجِذْعِ مِثْلَ

*વખતે નબી ﷺ ઊભા થતા હતા. જ્યારે મિમ્બર રાખવામાં આવ્યું તો અમે તેનો*

اَصْوَاتِ الْعِشَارِ حَتّٰى نَزَلَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*દસ માસની સગર્ભા ઊંટણીના અવાજની જેમ અવાજ સાંભળ્યો, ત્યાં સુધી કે હુઝૂર મિમ્બરથી*

فَوَضَعَ يَدَهٗ عَلَيْهِ ـه

*ઉતર્યા અને એના પર હાથ રાખ્યો." (૧/૧૨૫ જુમ્આ અલામાતે નબુવ્વત : ૪૦૬–૪૦૭, નિસાઈ, ઈબ્ને માજહ)*

**સમજૂતી : ૫૭૫**

**પરિપૂર્ણતા** : બુખારી, અલામાતે નબુવ્વતમાં છે : મસ્જિદની છત ખજૂરની ડાળીઓની હતી. રસૂલુલ્લાહ ﷺ જ્યારે ખુત્બો આપતા તો એમાંથી એક પર ટેક લગાડતા. અન્સારની એક ખાતૂન અથવા એક સાહબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું આપના માટે મિમ્બર ન બનાવું ? ફર્માવ્યું, જો તમો ચાહો તો બનાવો ! તેમણે મિમ્બર બનાવ્યો. જ્યારે જુમ્આનો દિવસ આવ્યો અને હુઝૂર મિમ્બર પર તશરીફ લઈ ગયા તો ખજૂરનું ઝાડ બાળક જેમ ચીસ પાડવા લાગ્યું. તો હુઝૂર ઉતર્યા અને તેને (શરીર મુબારક સાથે) લગાડી લીધું તો તે એવા બાળકની જેમ સિસકીઓ લેવા માંડયું જેને બેહલાવવામાં આવે. તે એટલા (ડાળી) માટે રડતી હતી કે ઝિક્ર સાંભળતી હતી. ઈબ્ને માજહ (૧૦૩)માં છે કે તેણે ચીસો પાડી ત્યાં સુધી કે ફાટી ગઈ ! ત્યાર બાદ હુઝૂર તેના તરફ મોઢ કરીને નમાઝ પઢતા. તે ત્યાં જ રહી એટલે સુધી કે મસ્જિદ શહીદ કરવામાં આવી. તો એને કઅબ બિન માલિક પોતાના ઘરે લઈ ગયા, તે તેમની જ પાસે રહી ત્યાં સુધી કે તેને ઉધઈ ખાઈ ગઈ. ઈબ્ને માજહમાં જ છે કે તેના રૂદનને સર્વ મસ્જિદવાળાઓએ સાંભળ્યું. **જો હુઝૂર તેને છાતી સરસુ ન ચાંપતા તો ક઼યામત સુધી રડતું.** ઉમ્મુલ મો'મિનીન (ઉમ્દતુલ ક઼ારી, ૬/૨૧૫) હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہا થી એક રિવાયત આવી છે કે **હુઝૂરે એના પર હાથ રાખ્યો તો રડવાનું બંધ કરી આપ્યું** અને જમીનમાં ધસી ગઈ. મશ્હૂર એ છે કે હુઝૂરે અક઼દસ ﷺ એ તેને પૂછયું, **જો તું ચાહે તો હર્યુ ભર્યુ (લીલુ) રહે, લોકો ક઼યામત સુધી તારુ ફળ ખાતા રહે. જો તું ચાહે તો જન્નતમાં જાય અને જન્નતી તારાં ફળ ખાય.** તેણે બીજી સ્થિતિ પસંદ કરી અને તેને ત્યાં જ હુઝૂરે દફન કર્યુ.

## حدیث ۵۷۶

**[હદીષ : ૫૭૬]**

عَنْ نَافِعٍ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا قَالَ كَانَ النَّبِیُّ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم*

صَلَّى اللّٰہُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَخْطُبُ قَائِمًا ثُمَّ یَقْعُدُ ثُمَّ یَقُوْمُ كَمَا تَفْعَلُوْنَ الْاٰنَ ع۔

*ઊભા રહીને ખુત્બો આપતા. પછી બેસતા પછી ઊભા થતા, જેવું તમે અત્યારે કરો છો."*

*(૧/૧૨૫ જુમ્આ, મુસ્લિમ–સલાત, તિર્મિઝી–જુમ્આ)*

## ت ۱۷۶ وَاسْتَقْبَلَ ابْنُ عُمَرَ وَاَنَسٌ الْاِمَامَ ع۔

*"હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત અનસ رضی اللہ عنہما એ ખુત્બાના સમયે* **[તઅલીક઼ : ૧૭૬]**

*ઈમામની તરફ મોં કર્યું." (૧/૧૨૫ જુમ્આ)*

**ઈબ્ને અનસ** : એમનું નામ હફસ બિન ગયાષ હતું. ઈબ્ને સઅદે કહ્યું કે મિમ્બર હિ.સ. ૭માં રાખવામાં આવ્યું હતું, પણ એ સહીહ નથી. ઉફક઼ના બનાવમાં હઝરત ઉમ્મુલ મો'મિનીનનો ક઼ૌલ મઝકૂર છે કે અવસ તથા ખઝરજ બંનેવ કબીલા વિખેરાઈ ગયા. નજીક હતું કે લડી પડતા. અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મિમ્બર પર બિરાજમાન હતા. મિમ્બરથી ઉતર્યા અને તેમને ઠંડા કર્યા. વર્ણન થઈ ચૂક્યું કે ઉફક઼નો બનાવ ગઝવાએ બની મુસ્તલક઼ના મોક઼ા પર ઉપસ્થિત થયો હતો અને એ ગઝવા હિ.સ. ૫માં થયો છે, જેમ કે અમે ભાગ–૨, હદીષ–૨૩૫ હેઠળ સાબિત કરી ચૂક્યા છીએ. એટલા માટે એવું માનવુ પડશે કે હિ.સ. ૫માં મિમ્બર બની ચૂક્યુ હતું.

### સમજૂતી : ૫૭૬

"ખુત્બાના માટે ક઼યામ (ઊભા રહેવું) ઈમામ શાફઈ તથા ઈમામ અહમદને ત્યાં શર્ત છે. એટલે જો બેસીને ખુત્બો આપશે તો સહીહ ન થશે. એમની દલીલ આ હદીષ અને આયતે કરીમા تَرَكُوْكَ قَائِمًا "અને તમને ખુત્બામાં ઊભેલા છોડી ગયા." અહનાફને ત્યાં ઊભા થઈને ખુત્બો આપવો સુન્નત છે. **જો કોઈ બીમાર અથવા કમજોરીના કારણે ઊભો ન થઈ શકે અને બેસીને ખુત્બો આપે તો પણ કાંઈ વાંધો નથી.** અને સહાબાએ કિરામનો બની ઉમૈયા પર વાંધો એટલા માટે હતો કે તેમણે શક્તિ હોવા છતાં સુન્નત ત્યજી દીધી હતી. મુસ્નફે અબ્દુર્રઝ્ઝાક઼માં છે કે હઝરત મુઆવિયા પ્રથમ ખુત્બો બેસીને આપતા અને બીજો ખુત્બો ઊભા રહીને આપતા. આવુ તેમણે એ વખતે કર્યું જ્યારે તેમનુ શરીર ભારે થઈ ગયું. જેનાથી જાહેર છે કે તે મજબૂરીના કારણે એક ખુત્બો બેસીને આપતા, અને મરવાન વિના મજબૂરીએ પ્રથમ ખુત્બો બેસીને આપતો એટલા માટે હઝરત ઉમરે ફર્માવ્યું."

### તઅલીક઼ : ૧૭૬ની સમજૂતી

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની "અષર"ને બયહક઼ીએ આ શબ્દોમાં રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને ઉમર ઈમામના ખુત્બાના માટે નીકળવાથી પહેલાં નફલથી ફારિગ થઈ જતા અને જ્યારે ઈમામ આવી જતો તો તે બેસવા પણ ન પામતો એવામાં આ પોતાનુ રુખ (ચેહરો) તેની તરફ કરી લેતા. અને હઝરત અનસ رضی اللہ عنہ ના

## حديث ۵۷۷

**[હદીષ : ૫૭૭]**

حَدَّثَنَا عَطَاءُ بْنُ يَسَارٍ أَنَّهُ سَمِعَ أَبَا سَعِيْدٍ

''અતાઅ્ બિન યસારે હદીષ બયાન કરી કે તેમણે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી

الْخُدْرِيَّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

સાંભળ્યું કે નબી ﷺ એક દિવસ મિમ્બર

وَسَلَّمَ جَلَسَ ذَاتَ يَوْمٍ عَلَى الْمِنْبَرِ وَجَلَسْنَا حَوْلَهُ ؏

પર બેઠા અને અમે લોકો હુઝૂર ﷺની આસપાસ બેઠા.'' (બુખારી ૧/૧૨૫ જુમ્આ)

## حديث ۵۷۸ حَدَّثَنَا عَمْرُو بْنُ تَغْلِبَ أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى

**[હદીષ : ૫૭૮]** ''હઝરત અમ્ર બિન તગ઼્લિબ رضی اللہ عنہ એ

اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ أُتِيَ بِمَالٍ أَوْ بِشَيْءٍ فَقَسَمَهُ فَأَعْطَى

આ હદીષ બયાન કરી કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં કેટલોક માલ અથવા કાંઈક

અષરને ઈબ્ને અબી શયબાએ આ શબ્દોમાં વર્ણવી કે : મુસ્તમર બિન રયાને કહ્યું, મેં હઝરત અનસ رضی اللہ عنہને જોયા કે જ્યારે ઈમામ ખુત્બો શરૂ કરતા તો એ પોતાનું રુખ તેના તરફ કરી લેતા. જ્યાં સુધી ખુત્બાથી તે ફારિગ ન થતો તેના તરફ જ રુખ કરેલ રહેતો.

### સમજૂતી : ૫૭૭

આ હદીષ એક લાંબી હદીષનો ભાગ છે જે કિતાબુઝ્ ઝકાતમાં છે. ત્યાં પૂરી હદીષનો ખુલાસો થશે. અહીં જે હિસ્સો વર્ણન થયેલો છે તેના વિશે જરૂરી વાતો રજૂ કરીએ છીએ. આ હદીષથી માલૂમ પડયું કે કદી કદી હુઝૂરે અક્દસ ﷺ મિમ્બર પર બેસીને પણ ખુત્બો આપતા હતા. એનાથી **જાણવા મળ્યું કે ખુત્બા વખતે ઊભા રહેવું ફર્ઝ કે વાજિબ નથી.**

**પ્રકરણની સામ્યતા :** અહીં પ્રકરણનું ટાઈટલ છે કે, ''જ્યારે ઈમામ ખુત્બો આપે તો લોકોએ ઈમામ તરફ મોં કરવું જરૂરી છે.'' એના પર ઉમ્મતનો ઈજમાઅ છે કે ખુત્બાના સમયે ખતીબ પ્રતિ રુખ કરવું સુન્નત મુજબ છે. આજે તમામ મુસલમાનોએ એ સુન્નત ત્યજી દીધી છે. **ખુત્બા વખતે સર્વ લોકો ક઼િબ્લા રુખ બેસી રહે છે, લોકોએ જોઈએ કે એ વખતે ઈમામની તરફ રુખ કરી લીધા કરે.**

### સમજૂતી : ૫૭૮

આ હદીષ અફરાદે બુખારીથી છે. અહીં આ પ્રકરણ છે : ''જેણે ખુત્બામાં ષના પછી **اما بعد** કહ્યું.'' એના હેઠળ એક તઅલીક઼ વર્ણન કરી જે એક લાંબી હદીષનો ટુકડો છે જે ત્રણ હદીષો પછી વર્ણન થયેલ છે. અને

رِجَالاً وَتَرَكَ رِجَالاً فَبَلَغَهُ اَنَّ الَّذِيْنَ تَرَكَ عُتِبُوْا

આવ્યું તો હુઝૂરે અમુક લોકોને આપ્યું અને અમુક લોકોને ન આપ્યું. ત્યાર બાદ હુઝૂર ﷺને

فَحَمِدَ اللّٰهَ ثُمَّ اَثْنٰى عَلَيْهِ ثُمَّ قَالَ اَمَّا بَعْدُ فَوَاللّٰهِ اِنِّىْ

એ ખબર મળી (કે એવું કહેવામાં આવી રહ્યું છે) જે લોકોને કાંઈ નથી આપ્યું તેઓ

اُعْطِى الرَّجُلَ وَاَدَعُ الرَّجُلَ وَالَّذِىْ اَدَعُ اَحَبُّ اِلَىَّ مِنَ

મઅતૂબ (કોઈ પોતાનું આપણુ સજા આપે કે ધમકાવે તે) છે. એ સાંભળીને હુઝૂરે અલ્લાહની હમ્દો ષના

الَّذِىْ اُعْطِىْ وَلٰكِنْ اُعْطِىْ اَقْوَامًا لِّمَا اَرٰى فِىْ قُلُوْبِهِمْ مِنَ

કરી પછી ફર્માવ્યું, હમ્દો ષના બાદ કહેવું એ છે કે હું કોઈને આપુ છું અને કોઈને નથી આપતો, જો કે

الْجَزَعِ وَالْهَلَعِ وَاَكِلُ اَقْوَامًا اِلٰى مَا جَعَلَ اللّٰهُ فِىْ قُلُوْبِهِمْ

જેને નથી આપતો તેઓ મને એ લોકો કરતાં અધિક પ્યારા છે જેમને આપુ છું પરંતુ **હું એવા લોકોને**

مِنَ الْغِنٰى وَالْخَيْرِ فِيْهِمْ عَمْرُو بْنُ تَغْلِبَ فَوَاللّٰهِ مَا اُحِبُّ

**આપુ છું જેમના દિલોમાં બેસબ્રી અને લાલચ જોઉં છું.** અને કેટલાક લોકોને એના હવાલે

اَنَّ لِىْ بِكَلِمَةِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ حُمْرَ النَّعَمِ

કરી દઉં છું જે અલ્લાહે તેમનાં દિલોમાં માલદારી તથા ભલાઈ પેદા કરી આપી છે.

એમનામાં અમ્ર બિન તગ઼્લિબ પણ છે. હઝરત અમ્ર બિન તગ઼્લિબ કહે છે,

રસૂલુલ્લાહ ﷺના આ આદેશની સરખામણીમાં લાલ ઊંટ પણ પસંદ નથી."

(બુખારી ૧/૧૨૬ જુમ્આ, ૧/૪૪૫ જેહાદ, ૨/૧૧૨૪-૧૧૨૫ અત્તૌહીદ)

હદીષ-૬૮ જે પ્રથમ ભાગના (ઉર્દૂ) પેજો ૩૭૯ લુગાયત પેજ-૩૭૩ પર છે, ત્યાં જે શબ્દો છે એમાં **اما بعد** નથી. પણ અહીં છે કે સૂર્ય ગ્રહણની નમાઝ બાદ હુઝૂરે અક઼દસ ﷺએ અલ્લાહની આ શબ્દોમાં હમ્દ કરી જે એના લાયક છે, પછી ફર્માવ્યું **اما بعد**. એનાથી સાબિત થયું કે ખુત્બામાં હમ્દો ષના, તશહ્હુદ તથા દુરૂદ પછી **اما بعد** (અમ્મા બઅદ) કહેવું સુન્નત છે. એમાં મતભેદ છે કે **اما بعد** સૌ પ્રથમ કોણે કહ્યું, કોઈએ કહ્યું કે સૌ પ્રથમ **امّا بعد** યઅરબ બિન કહતાને કહ્યું. કોઈકે કહ્યું કે સૌ પ્રથમ કઅબ બિન લુવૈય હુઝૂરે અક઼દસ ﷺના દાદા (જદ્દે અમજદ)એ કહ્યું. કોઈએ કહ્યું કે સુબ્હાન બિલ વાઈલે . કોઈએ કહ્યું કે કૈસ બિસ સાઅદાએ કહ્યું. પણ તિબ્રાનીની એક ઝઈફ હદીષ મરફૂઅમાં છે કે સૌ પ્રથમ દાઊદ علیہ السلامએ કહ્યું. દારકુત્નીની ગ઼રાઈબે માલિકમાં ઝઈફ સનદની સાથે આ રિવાયત છે કે જ્યારે મલકુલ મૌત હઝરત યાકૂબ علیہ السلامની પાસે હાજર થયા તો તેમની સાથે હઝરત યાકૂબ علیہ السلامએ જે ચર્ચા કરી એમાં **اما بعد** કહ્યું હતું. ખુત્બામાં અમ્મા બાદ (**امّا بعد**)ના ઉપયોગને ૩૦ સહાબાએ રિવાયત કરેલ છે.

حدیث ۵۷۹ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે [હદીષ : ૫૭૯]

صَعِدَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الْمِنْبَرَ وَکَانَ آخِرَ

નબી ﷺ મિમ્બર પર તશરીફ લઈ ગયા અને એ હુઝૂર ﷺની મસ્જિદમાં

مَجْلِسٍ جَلَسَہٗ مُتَعَطِّفًا مِلْحَفَۃً عَلٰی مَنْکِبَیْہِ قَدْ عَصَبَ رَاْسَہٗ

આખરી મજલિસ હતી. પોતાના ખભાઓ પર ચાદર લપેટેલ અને સરે અક્દસ પર તેલવાળી પટ્ટી

بِعِصَابَۃٍ دَسِمَۃٍ فَحَمِدَ اللّٰہَ وَاَثْنٰی عَلَیْہِ ثُمَّ قَالَ اَیُّھَا النَّاسُ

બાંધેલ હતા. પ્રથમ અલ્લાહની હમ્દો ષના કરી ત્યાર બાદ ફર્માવ્યું, હે લોકો ! મારી નજીક આવો !

اِلَیَّ فَثَابُوْا اِلَیْہِ ثُمَّ قَالَ اَمَّا بَعْدُ فَاِنَّ ھٰذَا الْحَیَّ مِنَ الْاَنْصَارِ

લોકો દરેક બાજુથી તૂટી પડયા. પછી ફર્માવ્યું, અમ્મા બાદ ! આ અન્સારનો કબીલો ઘટી જશે, અન્ય લોકો

یَقِلُّوْنَ وَیَکْثُرُ النَّاسُ فَمَنْ وَلِیَ شَیْئًا مِنْ اُمَّۃِ مُحَمَّدٍ فَاسْتَطَاعَ

અધિક હશે. તો જે પણ ઉમ્મતે મુહમ્મદનો વાલી હોય અને શક્તિ ધરાવે કે જેને ચાહે નુકસાન પહોંચાડે

اَنْ یَضُرَّ فِیْہِ اَحَدًا اَوْ یَنْفَعَ فِیْہِ اَحَدًا فَلْیَقْبَلْ مِنْ مُحْسِنِھِمْ

અને જેને ચાહે નફો. તો એના માટે લાઝિમ (જરૂરી) છે કે તેમના એહસાન

وَیَتَجَاوَزْ عَنْ مُسِیْئِھِمْ ؏

કરવાવાળાઓના એહસાનને કબૂલ કરે અને નાપસંદ પગલાં ભરનારાઓને માફ કરે.''

(બુખારી ૧/૧૨૭ જુમ્આ, ૧/૫૧૨ અલામાતે નબુવ્વત, ૧/૫૩૬ બાબુ મનાકિબિલ અન્સાર, તિર્મિઝી)

**اتی بمال اوبشی** : અમુક રિવાયતોમાં بشیٍ ને બદલે بسبیٍ છે. અને અમુકમાં (باء) વિના કેવળ سبیٍ છે. ઈસ્માઈલની રિવાયતમાં **بمال من البحرین** છે.

**عتبوا** : આ ખયાલ એ બિના પર પેદા થયો કે દાદ તથા ઈનામ આપવું મહોબ્બતની દલીલ છે એટલા માટે એવું જાહેર થતુ હતું કે જેમને આપ્યું છે તે લોકો મહબૂબ છે અને જેમને નથી આપ્યું તે મબ્ગૂઝ (જેના પર ગુસ્સો કરવામાં આવ્યો) છે. પણ ખરેખર એવું નથી. હુઝૂરે અક્દસ ﷺએ એનું નિવારણ કર્યું કે દાદ તથા ઈનામ આપવું મહોબ્બતની દલીલ છે પણ હમેશાં નહીં, કદીક મામલો એનાથી ઉલ્ટો પણ હોય છે, કદીક કોઈ મસ્લેહતના કારણે, કદીક સાવધાનીના લીધે અન્યો પર સખાવત થતી હોય છે.

**સમજૂતી : ૫૭૯** અલામાતે નબુવ્વતમાં છે કે અન્સાર ઓછા થતા જશે જેવી રીતે મીઠુ પાણીમાં ઓગળે છે. એ યુગમાં અન્સારની સંખ્યા મદીના તયબાહમાં ઘણી હતી, પણ રસૂલે પાક ﷺના આદેશની સચ્ચાઈ જુઓ !

## حدیث ۵۸۰

**[હદીષ : ૫૮૦]**

عَنْ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ کَانَ النَّبِیُّ

"હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم બે ખુત્બા પઢતા અને

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَخْطُبُ خُطْبَتَیْنِ یَقْعُدُ بَیْنَهُمَا ــ

બંનેની વચમાં બેસતા." (૧/૧૨૭ જુમ્આ, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ ઈબ્ને માજહ)

## حدیث ۵۸۱

**[હદીષ : ૫૮૧]**

عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا

'હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم જુમ્આના દિવસે લોકોને

قَالَ جَاءَ رَجُلٌ وَالنَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یَخْطُبُ

ખુત્બો આપી રહ્યા હતા કે એક સાહબ હાજર થયા, તો એમને પૂછ્યું, હે ફલાણા !

النَّاسَ یَوْمَ الْجُمُعَةِ فَقَالَ اَصَلَّیْتَ یَا فُلَانُ فَقَالَ لَا قَالَ قُمْ فَارْکَعْ ــ

નમાઝ પઢી ? તો તેમણે અર્ઝ કરી, નહીં ! તો ફર્માવ્યું, ઉઠ અને નમાઝ પઢ." (૧/૧૨૭ જુમ્આ)

કે સિવાય થોડાક ઐયૂબી હઝરાત અન્ય અન્સારે કિરામની અવલાદનો પતો નથી. આ હતી હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ની ગયબદાની ! આ પ્રસંગે નમાઝ પઢાવવાનું વર્ણન નથી પણ વધુ અંશે એ જ છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એવા સમયે મસ્જિદે અક્દસમાં તશરીફ લાવ્યા હશે કે નમાઝના માટે સહાબાએ કિરામ મસ્જિદે અક્દસમાં એકત્ર થયા હોય. એનાથી ક્યાસ કરી શકાય છે કે નમાઝ પણ પઢાવી હશે. જો આ સહીહ છે તો વિસાલ વેળાની બીમારીમાં ચાર સહાબાએ કિરામની સાથે બાજમાઅત નમાઝ હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ પઢી. જેમ કે ભાગ–૨, હદીષ–૨૬૩ હેઠળ અમે વિગતે લખ્યું છે.

**સમજૂતી : ૫૮૦** જુમ્આ સહીહ થવા માટે ખુત્બો શર્ત છે. ખુત્બો મુત્લક઼ ઝિક્રે ઈલાહીનું નામ છે ભલે લાંબો ન હોય. એટલા માટે એકવાર અલ્હમ્દુલિલ્લાહ કે સુબ્હાનલ્લાહ અથવા અલ્લાહુ અકબર કહેવાથી પણ ફર્ઝ અદા થઈ જશે. અલ્બત્ત એટલો લાંબો હોવો જોઈએ જેને આમ બોલીમાં ખુત્બો કહેવાય એ સુન્નત છે. અને બે ખુત્બાનું હોવા મસ્નૂન અને બંને ખુત્બાની વચમાં ત્રણ આયતોની જેટલુ બેસવું સુન્નત છે.

**સમજૂતી : ૫૮૧** એના બાદવાળી રિવાયતમાં છે કે ઉઠ ! અને બે રકાત નમાઝ પઢ. એ આવનાર બુઝુર્ગ સલીક ગુત્ફાની હતા જેવું કે મુસ્લિમ (૧/૨૮૭ જુમ્આ)ની રિવાયતમાં સ્પષ્ટતા છે. અંતમાં આટલો વધારો છે, અને ટૂંકમાં પઢ.

**ઈમામ શાફઈ વગેરેનો મસ્લક :** ઈમામ શાફઈ અને ઈમામ અહમદ વગેરે કહે છે, ખુત્બાની હાલતમાં નમાઝની ઈજાઝત છે. તેમની દલીલ આ હદીષ છે.

**આપણો મસ્લક અને દલીલો :** આપણો તથા ઈમામ માલિક વગેરેનો મઝહબ એ છે કે ખુત્બા દરમ્યાન કોઈ વાતચીતની ઈજાઝત છે ન કોઈ નમાઝની. આપણી દલીલો આ પ્રમાણે છે : ખ્વાહિરઝાદએ પોતાના મબસૂતમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : **اذاخرج الامام فلاصلوٰة ولاكلام** "ઈમામ જ્યારે ખુત્બાના માટે નીકળે તો ન નમાઝ છે ન વાતચીત."

**૧.** ઉમ્દતુલ કારી (૬/૧૩૨)માં આ હદીષની કિતાબ કિતાબુલ અસ્રારના હવાલાથી આ શબ્દોમાં તખ્રીઝ (બયાન) કરી : **اذاجاء احدكم والامام على المنبر فلا صلوٰة ولاكلام** "જ્યારે તમારામાંથી કોઈ આવે અને ઈમામ મિમ્બર પર હોય તો ન નમાઝની ઈજાઝત છે ન વાતચીતની."

દારકુત્નીએ આ હદીષ પર એ ટીકા કરી કે આ હદીષનું મરફૂઅ હોવું ઉઘાડો વહેમ છે. સહીહ એ છે કે આ ઈમામ ઝુહરી પર મૌકૂફ છે જેમ કે મોઅત્તા ઈમામ માલિક, પેજ–૩૮માં છે.

**હું કહું છું :** અમે પ્રસ્તાવનામાં દલીલો સાથે સાબિત કર્યું કે ફક઼ીહો જે હદીષથી દલીલો રજૂ કરી તે સહીહ અથવા કમસે કમ હસન જરૂર હોય છે, પછી સનદ જોવાની હાજત નથી. એની હૈસિયત ઈમામ બુખારીની તઅલીક઼ની છે જેને સેગાએ તમરીઝ (કમજોર રૂપે) થી વર્ણવેલ ન હોય.

**૨.** સિહાહ સિત્તહમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **اذا قلت لصا حبك يوم الجمعة والامام يخطب انصت فقد لغوت** "જુમ્આના દિવસે ખુત્બાની હાલતમાં પોતાના સાથીને જો તેં એવું કહ્યું, ચૂપ રહે ! તો તેં બેકાર કામ કર્યું."

અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર ફર્ઝ છે. અને એ વખતની નમાઝ સુન્નત અથવા નફ્લથી ખુત્બાની હાલતમાં જ્યારે ફર્ઝ અદા કરવાની ઈજાઝત નથી તો સુન્નત તથા નફ્લ વિશેષપણે થશે નહીં.

**૩.** ષઅલ્બા બિન અબી માલિકે કહ્યું કે હઝરત ઉમર જ્યારે ખુત્બાના માટે નીકળતા તો અમને ચૂપ કરી આપતા. ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું કે હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉષ્માન ખુત્બાના વખતે નમાઝ પઢવાને મના કરતા હતા. (ઉમ્દતુલ કારી, ૬/૨૩૨) ઈબ્ને અબી શયબાએ (ફત્હુલ કદીર, ૧/૨૫૫) રિવાયત કરી કે હઝરત અલી, ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ખુત્બાના માટે ઈમામના નીકળ્યા બાદ નમાઝ તથા વાતચીતથી મના ફર્માવતા હતા. એમના ઉપરાંત અન્ય પણ સહાબાએ કિરામનો આ જ મઝહબ હતો જેમ કે ઉક્બા બિન આમિર જહની, ષઅલ્બા બિન અબી માલિક કર્ઝી, અબ્દુલ્લાહ બિન સફવાન બિન ઉમૈયા.

**૪.** હદીષ–૫૪૯ વર્ણન થઈ ચૂકી કે હઝરત ઉષ્માન જુમ્આના માટે એ સમયે આવ્યા જ્યારે હઝરત ઉમર ખુત્બો આપી રહ્યા હતા. મોડેથી આવવા, ગુસ્લ ન કરવા પર પૂછતાછ કરી પણ નફ્લ પઢવાનો હુકમ નથી આપ્યો.

**૫.** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : **لا تصلوا والامام يخطب** "ઈમામ ખુત્બો આપી રહ્યો હોય તો નમાઝ ન પઢો." *(ઉમ્દતુલ કારી, ૬/૨૩૨)*

**શાફઈઓની દલીલોનો જવાબ :–**

**૧.** હઝરત સલીકને નમાઝ પઢવાનો હુકમ આપ્યા બાદ હુઝૂરે ખુત્બો બંધ કરી આપ્યો. જ્યારે નમાઝ પૂરી કરી ચૂક્યા તો પછી ખુત્બો આપ્યો. જેમ કે દારકુત્નીએ હઝરત અનસથી અને ઈબ્ને અબી શયબાએ હઝરત મુહમ્મદ બિન કૈસથી રિવાયત કરી છે. *(ઉપર મુજબ)*

## حدیث ۵۸۲ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ

*"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે* **[હદીષ : ૫૮૨]**

## اَصَابَتِ النَّاسَ سَنَةٌ عَلٰی عَهْدِ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

*રસૂલુલ્લાહ ﷺના જમાનામાં દુકાળ પડયો, એકવાર નબી ﷺ જુમ્આના સમયે*

**૨.** હઝરત સલીક ખુત્બો શરૂ થતા પહેલાં હાજર થયા હતા. જ્યારે એ નમાઝથી ફારિગ થયા તો ખુત્બો શરૂ કર્યો. *(મુસ્લિમ ૧/૨૮૭ જુમ્આ, ઉમ્દતુલ કારી, ૬/૨૩૨)*

**૩.** આ બનાવ નમાઝમાં વાતચીતની મનાઈ પહેલાંનો છે. જ્યારે નમાઝમાં વાતચીત મના કરી દેવામાં આવી તો ખુત્બામાં પણ મના થયું એટલા માટે કે ખુત્બો નમાઝે જુમ્આનો ભાગ કે શર્ત છે.

**૪.** કેમ કે હઝરત સલીક ફાટેલાં પૂરાણાં કપડાંમાં ખૂબ જ કંગાળ હાલતમાં આવ્યા હતા, તો એમને નમાઝ પઢવાનો હુકમ આપ્યો કે લોકો તેમની હાલત જોઈ લે. ત્યાર બાદ લોકોને સદકા માટે પ્રોત્સાહિત કર્યા જેના પર ઘણા બધાં કપડાં આવ્યાં જેમાંથી બે કપડાં તેમને અર્પણ કર્યાં. *(નિસાઈ, ૧/૨૦૮ જુમ્આ)*

**૫.** હુઝૂરે અક્દસ ﷺ શારેઅ (સાહિબે શરીઅત) છે. હુઝૂર ﷺને ઈખ્તિયાર છે કે જેને ચાહે જે સમયે ચાહે જે હુકમથી ચાહે અપવાદ કરી આપે.

**૬.** અલ્લામા અયનીએ શરહે હિદાયામાં એ હદીષથી દલીલ રજૂ કરી જેમાં છે કે જ્યારે ઈમામ ખુત્બાના માટે નીકળે છે તો ફરિશ્તા પોતાના સહીફા (પત્રકો) લપેટી દે છે અને ઝિક્ર સાંભળે છે. જો એ વખતે નમાઝ અથવા અન્ય કોઈ અમલની ઈજાઝત હોત તો ફરિશ્તા પોતાના પત્રકો ન લપેટતા. એટલા માટે કે ઈર્શાદ છે : **مَا يَلْفِظُ مِنْ قَوْلٍ اِلَّا لَدَيْهِ رَقِيْبٌ عَتِيْدٌ** "તે જે શબ્દ પણ પોતાની જીભેથી કાઢે છે તેનો મુહાફિઝ તૈયાર છે." *(કાફ–૧૮)*

**હું કહું છું :** આ દલીલ ત્યારે પૂર્ણ થાય છે જ્યારે કે જુમ્આના દિવસે આવનારા ફરિશ્તાઓથી કિરામન કાતિબીન મુરાદ હોત. અમે આ હદીષના હેઠળ દર્શાવી ચૂક્યા છીએ કે આ ખાસ ફરિશ્તાઓ કિરામન કાતિબીન સિવાયના છે. એના માટે ઉઘાડી દલીલ એ છે કે જો ધારે કે કોઈ ખુત્બાના સમયે નમાઝ પઢે કે વાતચીત કરે અથવા કોઈ નાજાઈઝ હરકત કરે તો તે લખવામાં આવશે. આપણે ત્યાં સહીહ તથા રાજેહ, મુફતા બિહ હઝરત ઈમામે આ'ઝમનો કૌલ છે કે **જ્યારે ઈમામ ખુત્બાના માટે પોતાના હુજરા (રૂમ)થી નીકળે અથવા પોતાની જગાએથી ઉઠે તે સમયથી લઈને ખુત્બો પૂર્ણ થતા સુધી નમાઝ, ઝિક્ર દરેક પ્રકારની વાતચીત મના છે, બલ્કે દરેક તે કૃત્ય મના છે જે ખુત્બો સાંભળવામાં રુકાવટ બને. દા.ત. પંખો હલાવવો, કાંઈક લખવું.**

**હદીષમાં છે : من مس الحصی فقد لغا** "(જ્યારે ઈમામ ખુત્બો આપી રહ્યો હોય) કોઈ કાંકરીને સ્પર્શે તો તેણે બેકાર કર્યું." (મુસ્લિમ ૧/૨૮૩ જુમ્આ) આ હુકમ દૂર તથા નજીકવાળા સૌના માટે છે, ચાહે તે ખુત્બો સાંભળતો હોય કે ન સાંભળતો હોય. **જો કોઈ જુમ્આની સુન્નત અથવા અન્ય કોઈ નમાઝ પઢી રહ્યો હોય અને ખુત્બાની અઝાન થવા લાગે તો તે બે રકાત પઢીને સલામ ફેરવી આપે.**

**સમજૂતી : ૫૮૨** **પરિપૂર્ણતા :** અલ્ ઈસ્તિસ્કાઅમાં છે કે એક સાહબ એ દરવાજેથી હાજર થયા જે મિમ્બરની સામે હતો. એટલે મસ્જિદના ઉત્તરી દરવાજાથી. તેણે અર્ઝ એ કરી કે માલ હલાક થઈ ગયો અને રસ્તા

فَبَيْنَا النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَخْطُبُ فِيْ يَوْمِ جُمُعَةٍ قَامَ اَعْرَابِيٌّ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ هَلَكَ

ખુત્બો આપી રહ્યા હતા, કે એક ગામડિયા ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ

الْمَالُ وَجَاعَ الْعِيَالُ فَادْعُ اللّٰهَ لَنَا فَرَفَعَ يَدَيْهِ وَمَا نَرٰى فِي

માલ તબાહ થઈ ગયો, બીવી બચ્ચાં ભૂખ્યાં છે. આપ અલ્લાહથી અમારા માટે

السَّمَاءِ قَزَعَةً فَوَ الَّذِيْ نَفْسِيْ بِيَدِهٖ مَا وَضَعَهَا حَتّٰى ثَارَ

દુઆ કરો ! તો હુઝૂરે પોતાના બંને મુબારક હાથો ઉઠાવ્યા, અને હાલત એ હતી કે અમે આસ્માનમાં

السَّحَابُ اَمْثَالَ الْجِبَالِ ثُمَّ لَمْ يَنْزِلْ عَنْ مِنْبَرِهٖ حَتّٰى

વાદળનો નાનો સરખો ટુકડો પણ જોતા ન હતા. ક઼સમ છે એ જાતની જેના કબજામાં મારી જાન છે

رَاَيْتُ الْمَطَرَ يَتَحَادَرُ عَلٰى لِحْيَتِهٖ فَمُطِرْنَا يَوْمَنَا ذٰلِكَ

કે હુઝૂરે હજી પોતાના મુબારક હાથો નીચે પણ કર્યા ન હતા એવામાં પહાડો તરફથી

وَمِنَ الْغَدِ وَمِنْ بَعْدِ الْغَدِ وَالَّذِيْ يَلِيْهِ حَتَّى الْجُمُعَةِ الْاُخْرٰى

વાદળ ઉઠયાં, હુઝૂર મિમ્બર પર જ હતા એવામાં જોયું કે વરસાદ હુઝૂરની દાઢી મુબારક પર પડી રહ્યો છે !

બંધ થઈ ગયા, એટલે કે ચારો ન મળવાને કારણે સવારીઓ કમજોર થઈ ગઈ, એ લાયક નથી કે તેના પર સફર થઈ શકે. એટલુ પાણી નથી કે સાથે લઈ જવામાં આવે અને માર્ગમાં મળવાની આશા નથી, ચરવાની જગાઓ સૂકાઈ ગઈ એટલો ચારો નથી કે સાથે લઈ જવામાં આવે અને રસ્તામાં ચારો મળવાની આશા નથી એટલા માટે લોકો ક્યાંય સફર નથી કરતા. આગળ છે, અમે આસ્માનમાં ન વાદળ જોઈ રહ્યા હતા ન વાદળનો ટુકડો અને ન અન્ય કાંઈ. અમારા તથા કોહે સલઅની વચ્ચે કોઈ ઘર ન હતું એવામાં અચાનક કોહે સલઅની પાછળથી ઢાલના જેટલો વાદળનો ટુકડો ઉઠયો અને આસ્માનના વચ્ચે આવી ફેલાઈ ગયો પછી વરસ્યો, એટલો કે અમે એક અઠવાડિયા સુધી સૂરજ ન જોયો. આવતા જુમ્આએ જે અર્ઝ હતી તે આ હતી કે માલ હલાક થઈ ગયો અને રસ્તા બંધ થઈ ગયા. બીજા જુમ્આએ વરસાદ બંધ થવાની દુઆમાં આટલો વધારો છે : હે અલ્લાહ ! ટેકરીઓ પર, પહાડો પર, નાળીઓ પર અને ઝાડો ઉગવાની જગાએ વરસાવ. એ પણ છે કે વરસાદ બંધ થઈ ગયો અને અમે મસ્જિદથી નીકળ્યા તો તડકામાં ચાલ્યા.

**رفع يديه** : આમ રિવાયતોમાં એ જ છે કે હાથ ઉઠાવ્યા, પણ અહીં આનાથી પહેલાવાળી ટૂંકી રિવાયતમાં છે : **فمد يديه** એટલે હુઝૂરે પોતાના હાથોને વધાર્યા. બંનેનો સાર સરખો છે. એટલે જેમ કે આમ (સામાન્યતઃ) દુઆના માટે હાથ ઉઠાવતા હતા એ જ પ્રમાણે ઉઠાવ્યા. જેમ કે નમાઝે ઈસ્તિસ્ક઼ાઅ્માં આવેલ છે કે હાથોને ખૂબ ઊંચા કરતા ત્યાં સુધી કે બાલની સફેદી દેખાઈ આવતી, એ મુરાદ નથી. અને એ જ જાહેર છે.

**فمايشير بيديه** : પોતાના હાથ મુબારક વડે જે તરફ ઈશારો કરતા તે તરફ વાદળ વિખેરાઈ જતું. એનાથી જાહેર થયું કે **હુઝૂરે અક઼દસ ﷺને આલમમાં તસર્રુફની શક્તિ અતા કરવામાં આવી છે અને**

فَقَامَ ذٰلِكَ الْاَعْرَابِیُّ اَوْ قَالَ غَیْرُهٗ فَقَالَ یَا رَسُوْلَ اللّٰہِ

તે દિવસે દિવસભર વરસાદ થયો, અને તેના પછીના દિવસે પણ, અને એના પછીના

تَهَدَّمَ الْبِنَاءُ وَغَرِقَ الْمَالُ فَادْعُ اللّٰہَ لَنَا فَرَفَعَ یَدَیْہِ فَقَالَ اَللّٰهُمَّ

દિવસે પણ. બીજી જુમ્આ સુધી સતત થતો રહ્યો. બીજી જુમ્આએ એ જ ગામડિયા અથવા અન્ય કોઈ

حَوَالَیْنَا وَلَا عَلَیْنَا فَمَا یُشِیْرُ بِیَدِہٖ اِلٰی نَاحِیَةٍ مِّنَ السَّحَابِ

ઊભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ઘરો પડી ગયાં, માલ ડૂબી ગયો, અલ્લાહથી અમારા માટે દુઆ

اِلَّا انْفَرَجَتْ وَصَارَتِ الْمَدِیْنَةُ مِثْلَ الْجَوْبَةِ وَسَالَ الْوَادِیْ

કરો ! હવે હુઝૂરે બંનેવ હાથ ઉઠાવ્યા અને અર્ઝ કરી, હે અલ્લાહ ! અમારી આજબાજુ વરસાવ ! અમારા પર

قَنَاةُ شَهْرًا وَلَمْ یَجِیْٔ اَحَدٌ مِّنْ نَاحِیَةٍ اِلَّا حَدَّثَ بِالْجَوْدِ ؏

ન વરસાવ ! **હુઝૂર પોતાના હાથ વડે જે તરફ ઈશારો કરતા વાદળ વિખેરાઈ જતુ.** અને મદીના

ગોળ હોઝની જેમ થઈ ગયું અને વાદીએ કનાત એક મહીના સુધી વહેતી રહી.

જે બાજુથી જે આવ્યો તેણે પુષ્કળ વરસાદની ખબર આપી."

(બુખારી ૧/૧૨૭ જુમ્આ, બાબે રફએ યદૈન ફિલ ખુત્બા–૧૨૭,

અલ ઈસ્તિસ્કાઅ્–૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૨/૯૩૯ દઅવાત, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત)

**આપનો તસર્રુફ આલમમાં લાગુ છે.**

**مثل الجوبة** : جوبة નો અર્થ ગોળ હોઝનો છે. બીજી રિવાયતોમાં છે કે મદીના તયબહ તાજની જેમ થઈ ગયું એટલે કે મદીનાની ઉપર વાદળ એ રીતે વિખેરાઈ ગયું કે તાજની જેમ ગોળ વર્તુળ બની ગયું.

**بالجود** : **جود**નો અર્થ ખૂબ પ્રમાણમાં વરસાદ છે. મુરાદ એ છે કે વરસાદ ખૂબ જ જોરથી થઈ અને કેવળ મદીના તયબહમાં જ ન થઈ બલ્કે દૂર દૂર સુધી થઈ.

**વર્ગીકરણ** : આમ રિવાયતોમાં છે કે એક સાહબ ગામડાના રહેવાસી હાજર થયા અને દુકાળની ફરિયાદ ઉપર મુજબના શબ્દોમાં કરી. પણ ઈસ્તિસ્કાઅ્માં ષાબિતના તરીકાથી એ છે કે લોકો ઉભા થયા અને મોટા અવાજે આ અર્ઝ કરી, વરસાદ રોકાઈ ગયો, ઝાડો સૂકાઈને લાલ થઈ ગયાં, ચોપગાં મૃત્યુ પામ્યાં. ક્યાં તો આ બંનેવ બે બનાવો છે અથવા એ કે કેમ કે સહાબાએ કિરામ પ્રભાવના કારણે અર્ઝ ન કરતા હતા, પણ જ્યારે એ ગામડાવાળાએ અર્ઝ કરી આપ્યું તો હિંમત આવી અને બીજા લોકોએ પણ અર્ઝ કરી.

**સ્પષ્ટતા** : આ હદીષથી જણાય છે કે જુમ્આના ખુત્બા દરમ્યાન હાજરજનો પોતાની જરૂરત પેશ કરી શકે છે, જ્યારે સહીહ એ છે કે શ્રોતાઓ ખામોશીપૂર્વક ધ્યાનથી ખુત્બો સાંભળે, ઈમામ સાથે પણ વાતચીત કરવાની ઈજાઝત નથી. એટલા માટે જરૂરી છે કે આ બનાવને એના પર આધારિત કરવામાં આવે કે આ બનાવ મનાઈ પહેલાં બન્યો, અથવા એ કે હુઝૂરે અક્દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે હુઝૂરે અક્દસ ﷺની સાથે વાતચીત કરવાની ઈજાઝત છે જેવી રીતે કે નમાઝમાં છે, કે હુઝૂરની સાથે વાતીચત કરવું નમાઝને ફાસિદ નથી કરતું.

## حدیث ۵۸۳

**[હદીષ : ૫૮૩]**

اَخْبَرَنِیْ سَعِیْدُ بْنُ الْمُسَیِّبِ اَنَّ اَبَاهُرَیْرَةَ رَضِیَ اللّٰہُ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ખબર આપી

تَعَالٰی عَنْہُ اَخْبَرَہٗ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ اِذَا قُلْتَ

કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જુમ્આના દિવસે ઈમામ ખુત્બો આપી રહ્યો હોય અને તમે તમારા સાથીને

لِصَاحِبِكَ يَوْمَ الْجُمُعَةِ اَنْصِتْ وَ الْاِمَامُ يَخْطُبُ فَقَدْ لَغَوْتَ

કહ્યું, ચૂપ રહે ! તો તમે બેકાર કામ કર્યું." (૧/૧૨૭–૧૨૮ જુમ્આ, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ)

## حدیث ۵۸۴

**[હદીષ : ૫૮૪]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ رَسُوْلَ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ

اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ذَکَرَ یَوْمَ الْجُمُعَةِ فَقَالَ فِیْہِ

જુમ્આના દિવસનો ઉલ્લેખ કર્યો અને ઈર્શાદ ફર્માવ્યો, જુમ્આના દિવસે એક એવી ઘડી છે કે એ વખતે જે

### સમજૂતી : ૫૮૩

**لغو**નો અર્થ તે કામ તથા વાત જેમાં કોઈ ફાયદો ન હોય, બેહૂદા વાત, બેહૂદા કામ. કેમ કે જુમ્આના દિવસે ખુત્બાના સમયે સર્વ હાજરજનોએ ખામોશ રહેવું અને ખુત્બાને ધ્યાનપૂર્વક સાંભળવો વાજિબ છે. અને એવું કહેવું, ચૂપ રહે ! એમાં ખલેલ નાખવાના કારણે ગુનોહ છે અને દરેક ગુનો બેહૂદા છે એટલા માટે ખુત્બાની હાલતમાં કોઈને સારી વાત પણ કહેવી જાઈઝ નથી અને એ બેહૂદા વાતમાં સામેલ છે. અહીં **لغو** બેકાર વાત (લા હાસિલ) અર્થમાં નથી હોઈ શકતો, એટલા માટે કે અત્યારે પણ એ વાતમાં ફાયદો છે કે જે વાતો કરી રહ્યા હશે તેમને શરીઅતનો હુકમ જણાવ્યો. આ હદીષ હનફીઓની દલીલ છે કે ખુત્બાની હાલતમાં ન દુનિયવી વાતોની ઈજાઝત છે ન દીની.

### સમજૂતી : ૫૮૪

આ ઘડી કઈ છે ? એને નિશ્ચિત કરવામાં અલ્લામા અયનીએ ચાલીસ કથનો વર્ણવ્યાં છે પણ જેને તેમણે સહીહ હદીષોથી સાબિત માનેલ છે તે બે છે. પ્રથમ : જ્યારે ઈમામ ખુત્બાના માટે મિમ્બર પર બેસે એ સમયથી લઈને નમાઝ પૂરી થતા સુધી. બીજી : અસ્રની નમાઝથી લઈને ગુરૂબ આફતાબ સુધી. પ્રથમ કૌલનું સમર્થન

ساعة لا يوافقها عبد مسلم وهو قائم يصلى يسأل الله

*પણ મો'મિન બંદો જે કાંઈ પણ નમાઝ પઢતાં અલ્લાહથી માંગશે તેને અતા ફર્માવશે, અને હાથ વડે*

شيئا الا اعطاه اياه و اشار بيده يقللها

*ઈશારો કરીને દર્શાવ્યું કે એ ઘડી ખૂબ જ ઓછી છે.'' (બુખારી, ૧/૧૨૮ જુમ્આ, મુસ્લિમ જુમ્આ, નિસાઈ)*

મુસ્લિમ શરીફ (જુમ્આ–૩૮૧)ની આ હદીષથી થાય છે કે હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہએ ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને એ ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યું કે આ ઘડી ઈમામના મિમ્બર પર બેસવા અને નમાઝ પૂર્ણ થવાના દરમ્યાન છે.

બીજા કૌલનું સમર્થન આ હદીષથી થાય છે જેને ઈમામ માલિકે મોઅત્તા (પેજ–૪૦)માં, ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં, ઈમામ અબૂ દાઊદ (૧/૧૫૦ સલાત)માં અને ઈમામ નિસાઈ (૧/૨૧૦ જુમ્આ)માં પોતાની સુનનમાં અને ઈમામ તિર્મિઝી (૧/૬૫ જુમ્આ) એ પોતાની જામેઅમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી. તેમણે મને કહ્યું, હું જાણું છું તે ઘડી કઈ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ કહ્યું, મને બતાવો ! કંજૂસાઈ ન કરો ! તો તેમણે કહ્યું, એ જુમ્આના દિવસની આખરી ઘડી છે. એના પર હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ એ શંકા દર્શાવી કે જુમ્આના દિવસની અંતિમ ઘડી કઈ રીતે હોઈ શકે છે જ્યારે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ એવું ફર્માવ્યું છે કે, ''જે મુસલમાન બંદો એને પામી લે એ હાલતમાં કે તે નમાઝ પઢી રહ્યો હોય.'' અને એ સમયે (મગરિબ અગાળ) નમાઝ નથી પઢવામાં આવતી ! તો હઝરત અબ્દુલ્લાહ બિન સલામે ફર્માવ્યું, શું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ નથી ફર્માવ્યું, જે નમાઝના ઈન્તેઝારમાં બેઠો હોય તે નમાઝમાં જ છે જ્યાં સુધી નમાઝ ન પઢી લે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ કહ્યું, હા ! એવું ફર્માવ્યું છે. તો હઝરત અબ્દુલ્લાહ બિન સલામે કહ્યું, આ હદીષમાં નમાઝથી એ જ મુરાદ છે. તેમજ તેનું સમર્થન હઝરત જાબિરની આ હદીષથી પણ થાય છે જેને ઈમામ અબૂ દાઊદ (૧/૧૫૦ સલાત)એ રિવાયત કરી કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એને અસ્ર બાદ અંતિમ ઘડીમાં તલાશ કરો.

એક કૌલ એ પણ છે કે બંને ખુત્બાઓ વચ્ચે જ્યારે ઈમામ બેસે, આ તે ઘડી છે. (ઉમ્દતુલ કારી, ૬/૨૪૩) એક કૌલ એ પણ છે કે એ ઘડીનો સમય નિશ્ચિત નથી, પૂરા દિવસમાં કોઈ પણ સમયે છે. જેમ કે શબે કદ્ર આખરી દસ દિવસોની એકી રાતોમાંથી કોઈમાં છે.

**ફયઝુલ બારીની પકડ** : ફયઝુલ બારી (૨/૩૪૬)માં હઝરત અબૂ હુરૈરહ તથા હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہماની ઉપરોક્ત વાતચીતના હવાલામાં 'ઈબ્ને માજહ' પણ લખી છે, જ્યારે કે ઈબ્ને માજહમાં વર્ણવેલ વાતચીત ક્યાંય નથી. અલ્બત્ત હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہથી પ્રસ્તુત વિગત એ રીતે વર્ણન થયેલ છે કે તેમણે પૂરી તફસીલ ખૂદ હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمથી સાંભળી છે. (૪/૮૧) થોડીક લીટીઓ બાદ એવું લખવું કે ઈબ્ને માજહની હદીષમાં એને મરફૂઅ દર્શાવ્યું. આ મુદરજ છે. એનો સાર એ નીકળ્યો કે ઈબ્ને માજહમાં જે વર્ણન થયેલ છે એ હઝરત અબ્દુલ્લાહ બિન સલામનું કથન છે ! હઝરત અબૂ હુરૈરહ તથા તેમની વાતચીત તો તેમ છતાં પણ વર્ણન ન થયો. અને જો આપની વાત સહીહ છે તો આ હદીષ મુદરજ કઈ રીતે થઈ ? મૌકૂફ થઈ.

**وهوقائم يصلى** : હઝરત અબૂ હુરૈરહ અને હઝરત અબ્દુલ્લાહ બિન સલામની વાતચીત પરથી જાહેર થઈ ગયું, બલ્કે ઈબ્ને માજહની હદીષના પ્રમાણે ખૂદ હુઝૂરે એકદસ صلی اللہ علیہ وسلمના ઈર્શાદથી એ જાહેર થઈ ગયું કે અહીં **يصلى**નો અર્થ મજાઝી મુરાદ છે, એટલે નમાઝની રાહ જોઈ રહ્યો હોય. અને એની પણ સંભાવના છે કે **قائما**

## حديث ٥٨٥

**[હદીષ : ૫૮૫]**

حَدَّثَنَا جَابِرُ بْنُ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ કહ્યું,

قَالَ بَيْنَمَا نَحْنُ نُصَلِّيْ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِذْ

અમે લોકો નબી ﷺની સાથે નમાઝ પઢી રહ્યા હતા એવામાં અનાજથી લદાયેલો એક કાફલો આવ્યો. સર્વ

أَقْبَلَتْ عِيْرٌ تَحْمِلُ طَعَامًا فَالْتَفَتُوْا إِلَيْهَا حَتّٰى مَا بَقِيَ مَعَ النَّبِيِّ

લોકો કાફલાની તરફ ચાલ્યા ગયા એટલે સુધી કે નબી ﷺની સાથે કેવળ બાર માણસો રહી ગયા. એના પર

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِلَّا اثْنَا عَشَرَ رَجُلًا فَنَزَلَتْ

આ આયત નાઝિલ થઈ : "અને જ્યારે એ લોકોએ કોઈ વેપાર તથા ખેલ જોયો તો એના

هٰذِهِ الْاٰيَةُ وَإِذَا رَأَوْا تِجَارَةً أَوْ لَهْوَا انْفَضُّوْا إِلَيْهَا وَتَرَكُوْكَ قَائِمًا

તરફ ચાલી નીકળ્યા અને તમને (ખુત્બામાં) ઉભેલા છોડી આપ્યા."

(બુખારી ૧/૧૨૮ જુમ્આ, ૧/૨૭૬ અલબુયૂઅ, ૧/૨૭૭, ૨/૭૨૭ તફસીર સૂરએ જુમ્આ,

મુસ્લિમ–સલાત, તિર્મિઝી–તફસીર, નિસાઈ–સલાત)

અર્થમાં دائما (દાઈમન્) હોય. જેમ કે આયતે કરીમા مادمت عليه قائمًا માં مواظبًا ના અર્થમાં છે, હવે અર્થ એ થયો કે **ખાસ ઘડીમાં પણ દુઆનુ કૂબૂલ થવું** એ શર્ત પર છે કે **તે નમાઝ પાબંદી સાથે અદા કરતો હોય.** એની પણ સંભાવના છે કે મજાઝન્ فاعلا (ફાઈલન્)ના અર્થમાં હોય, અને يصلى દુઆ તથા ઝિક્રના અર્થમાં હોય. સહીહ એ છે કે કૂબૂલ થનારી ઘડી હજી પણ બાકી છે અને કયામત સુધી બાકી રહેશે અને એ દરેક જુમ્આના હોય છે.

ساعة : **સાઅતના છ અર્થો થાય છે :– ૧.** એક કલાકની, આ રીતે દિવસ રાતમાં બરાબર ૨૪ સાઅત (ઘડી) થઈ. **૨.** ગુરૂબ આફતાબથી તુલૂઅ આફતાબનો પૂરો સમય. ૧૨ પર વહેંચણી કરતાં તેનો એક હિસ્સો એ જ પ્રમાણે તુલૂઅ આફતાબથી લઈને ગુરૂબ આફતાબનો બારમો હિસ્સો. હજી પણ ઘડીઓ ચોવીસ થઈ પણ સરખી ન થઈ વધારે થોડી થતી રહેશે. આ નજૂમીઓ તથા હિસાબ કિતાબના નિષ્ણાતની બોલી છે. **૩.** સમયનો તે હિસ્સો જે માત્રાવાળો ન હોય. **૪.** મુત્લક્ (કોઈપણ) સમય. **૫.** હાજર સમય. **૬.** કૂયામત, અહીં મુત્લક્ સમય મુરાદ છે.

**સમજૂતી : ૫૮૫**

**ونحن نصلى** : મુસ્લિમ (૧/૨૮૪ જુમ્આ)ની એક રિવાયતમાં છે : "અને રસૂલુલ્લાહ ﷺ ખુત્બો આપી રહ્યા હતા." અને આ જ અબૂ અવાના, તિર્મિઝી (૨/૧૬૪ તફસીર સૂરએ જુમ્આ) તથા દારકુત્નીની પણ

حدیث ۵۸۶ عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે [હદીષ : ૫૮૬]

اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ یُصَلِّیْ قَبْلَ

રસૂલુલ્લાહ ﷺ ઝોહરથી પહેલાં બે રકાત પઢતા હતા અને ઝોહર પછી

રિવાયતમાં છે. બંને રિવાયતોમાં વર્ગીકરણ એ છે કે **نصلی**થી મુરાદ એ છે કે અમે નમાઝની રાહ જોઈ રહ્યા હતા. અલ્બત્ત આ ખુલાસા પર એ લાઝિમ થશે કે આ હદીષને પ્રકરણથી મળતાપણુ ન રહે, એટલા માટે કે અહીં પ્રકરણ આ છે : "જ્યારે લોકો જુમ્આની નમાઝમાં ઈમામને છોડીને ચાલ્યા ગયા તો બાકી રહેલા લોકોની નમાઝ દુરુસ્ત છે."

**اذا قبلت عيرٌ : عير**એ ઊંટોને કહે છે જેમના પર સામાન લદાયેલો હોય. ક્યારેક મુત્લક઼ કાફલાના અર્થમાં પણ આવે છે આ કાફલો શામ (સીરિયા)થી દહિયા બિન ખલીફા કલ્બી લઈને આવ્યા હતા જે અનાજ લાવ્યો હતો. અમુક રિવાયતોમાં છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફનો કાફલો હતો. શક્ય છે કે કાફલો અબ્દુર્રહમાન ઈબ્ને ઔફની માલિકીનો હોય અને હઝરત દહિયા તેની દેખરેખ રાખનાર રહ્યા હોય અથવા શક્ય છે બંનેની ભાગીદારીમાં હોય.

**فالتفتوا : التفات**નો મૂળ અર્થ ત્રાંસી નજરે કોઈને જોવું છે, પણ મુરાદ છોડીને ચાલ્યા જવું છે, જેવું કે કિતાબુલ બુયૂઅની રિવાયતોમાં **فانقض الناس** છે. તેમજ આ અર્થ પર નિશાની પછીના મુબારક શબ્દો છે કે ફર્માવ્યું, નબી ﷺની સાથે કેવળ બાર માણસો રહી ગયા.

તફસીરે તબરી તથા ઈબ્ને અબી હાતિમમાં ક઼તાદાથી સહીહ સનદો સાથે એ છે કે હાજરજનોને હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, તમે લોકો કેટલા રહી ગયા ? લોકોએ ગણ્યા તો બાર પુરૂષ તથા એક સ્ત્રી હતાં. હઝરત જાબિર (મુસ્લિમ, ૧/૨૮૪ જુમ્આ) અને હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર (તિર્મિઝી, ૨/૧૬૪) બાકી રહેલા હઝરાતમાં યક઼ીનન હતા. અન્ય બાકીનાં નામોમાં મતભેદ છે. ઈસ્માઈલ ઈબ્ને અબી ઝિયાદ શામીની તફસીરમાં છે કે હઝરત સાલિમ મૌલા અબૂ હુઝૈફા પણ હતા. સુહેલીએ કહ્યું કે અસદ બિન અમ્રએ મુન્ક઼તઅ સનદ સાથે એ રિવાયત કરી કે દસ અશરાએ મુબશ્શિરા હતા અને બિલાલ તથા ઈબ્ને મસ્ઊદ અથવા અમ્માર હતા. ઓક઼ૈલીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે ચારેવ ખલીફા તથા અન્સારના લોકો હતા. આ બનાવ પ્રારંભનો છે, એ સમય સુધી જુમ્આના ખુત્બાની અહમિયત સહાબાએ કિરામને માલૂમ ન હતી, અને કદાચ અનાજની સખત હાજત હતી એટલા માટે લોકો ચાલ્યા ગયા. મરાસીલ અબૂ દાઊદમાં છે કે પ્રારંભમાં જુમ્આનો ખુત્બો પણ ઈદોની જેમ નમાઝ પછી હતો. અને ઈદોના ખુત્બામાં હાજરી વાજિબ ન હતી. નિસાઈમાં છે કે નબી ﷺ ઈદો પછી એલાન ફર્માવી આપતા હતા, જે રોકાવા ચાહે રોકાય અને જે જવા ચાહે ચાલ્યો જાય. એના પર સહાબાએ કિરામે જુમ્આના ખુત્બાને ક઼યાસ કર્યો. જો આ રિવાયત સહીહ છે તો **کنا نصلی**થી મુરાદ નમાઝના મુતઅલ્લિકાત (નમાઝની તૈયારીનાં કામો)માં મશ્ગૂલિયત થશે.

**સમજૂતી : ૫૮૬** અહીં પ્રકરણ એ છે કે જુમ્આ બાદ અને એનાથી પહેલાં નમાઝનું બયાન. હદીષમાં કેવળ જુમ્આની બાદની નમાઝનો ઉલ્લેખ છે, પહેલાની નમાઝનો કોઈ ઉલ્લેખ નથી. અલ્લામા અયનીએ એના બે જવાબ આપ્યા છે : **એક** એ કે આ જ હદીષ અબૂ દાઊદ અને ઈબ્ને હિબ્બાનમાં આટલા વધારા સાથે રિવાયત પામી છે કે હઝરત ઈબ્ને ઉમર જુમ્આથી પહેલાં લાંબી નમાઝ પઢતા હતા અને જુમ્આ બાદ બે રકાત પઢતા અને

الظُّهْرِ رَكْعَتَيْنِ وَبَعْدَهَا رَكْعَتَيْنِ وَبَعْدَ الْمَغْرِبِ رَكْعَتَيْنِ فِي بَيْتِهِ

બે રકાત અને મગરિબ બાદ બે રકાત પઢતા હતા ત્યાં સુધી કે ઘરે પરત

وَبَعْدَ الْعِشَاءِ رَكْعَتَيْنِ وَكَانَ لَا يُصَلِّي بَعْدَ الْجُمُعَةِ حَتّٰى يَنْصَرِفَ فَيُصَلِّي رَكْعَتَيْنِ

*થઈને બે રકાત પઢતા હતા." (બુખારી ૧/૧૨૮ જુમ્આ, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)*

## حديث ٥٨٧

**[હદીષ : ૫૮૭]**

عَنْ سَهْلٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَتْ فِينَا

*"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમારામાં એક (ઉમરવાળાં)*

બયાન કરતા કે રસૂલુલ્લાહ ﷺ આ પ્રમાણે જ કર્યા કરતા હતા, અને એના પર અમલની આદત છે. બીજો જવાબ એ આપ્યો કે, કેમ કે જુમ્આ ઝોહરના બદલે છે જેથી ઝોહરની સુન્નતોના જેમ જુમ્આની પણ સુન્નતો રહેશે. પણ આ ખુલાસો એટલા માટે દુરુસ્ત નથી કે બદલ હોવાની સાથે સાથે બંનેમાં ઘણો મોટો તફાવત છે. જુમ્આ સહીહ થવા માટે કેટલીક શરતો છે અને ઝોહરના માટે એ શર્તો નથી. ઝોહરની ચાર રકાતો છે જુમ્આની બે, ઝોહરમાં ક઼િરઅત સિર્રી (ધીમે) છે અને જુમ્આમાં જહરી (મોટેથી). પછી ઝોહરના બદલે હોવાને કારણે જુમ્આમાં પણ એ જ સુન્નતોનું હોવું કઈ રીતે હાંસલ થશે જે ઝોહરની છે. વાત એ જ છે કે ઈમામ બુખારીને પોતાની શરતો પર કોઈ હદીષ એવી ન મળી જે જુમ્આથી પહેલાની સુન્નત માટે દલીલ બને.

**જુમ્આની સુન્નતો :** તિબ્રાની મોઅજમે અવસતમાં ઓબૈદ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે નબી ﷺ જુમ્આ પહેલાં પણ અને બાદમાં પણ ચાર ચાર રકાત પઢતા હતા. તેમજ ઈબ્ને હબ્બાને હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہથી રિવાયત કરી. નબી ﷺએ ફર્માવ્યું, દરેક ફર્ઝ નમાઝથી પહેલાં (કમસે કમ) બે રકાતો છે. ઈબ્ને માજહ (જુમ્આ–૮૦)માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી ઝઈફ સનદ સાથે રિવાયત થયેલ છે કે નબી ﷺ જુમ્આથી પહેલાં ચાર રકાતો પઢતા, એની વચ્ચે ગાળો ન પાડતા. તબરાનીએ મોઅજમે કબીરમાં આ જ હદીષ એટલા વધારા સાથે ઈબ્ને હિબ્બાનની જ રિવાયત કરવાથી રિવાયત કરી, અને જુમ્આ બાદ ચાર પઢતા હતા.

રહી ગઈ જુમ્આ બાદ કેટલી રકાતો, તો એના અનુસંધાનમાં આ હદીષમાં બેનું વર્ણન છે પણ તિર્મિઝી (૧/૬૯ જુમ્આ) તથા ઈબ્ને માજહ (સલાત–૮૦)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી જે શખ્સ જુમ્આના બાદ નમાઝ પઢે તો જોઈએ કે ચાર પઢે. સુનને સઈદ બિન મન્સૂરમાં અબૂ અબ્દુર્રહમાન સલ્લમીથી મરવી છે કે અમને હઝરત ઈબ્ને મસઊદે જુમ્આ બાદ ચાર રકાતની તાલીમ આપી હતી. જયારે હઝરત અલી رضی اللہ عنہ તશરીફ લાવ્યા તો તેમણે અમને છ રકાતની તાલીમ આપી, અને એમાં જ સાવધાની છે કે છ પઢવામાં આવે જેથી સર્વ હદીષો પર અમલ થઈ જાય.

**સમજૂતી : ૫૮૭–૫૮૮**

આયતે કરીમા **فَإِذَا قُضِيَتِ الصَّلٰوةُ فَانْتَشِرُوا فِي الْأَرْضِ وَابْتَغُوا مِنْ فَضْلِ اللّٰهِ** "જયારે નમાઝ થઈ ચૂકે તો જમીનમાં ફેલાઈ જાવ અને અલ્લાહનો ફઝ્લ તલાશ કરો" માં **فَضْلُ اللّٰهِ**થી શું મુરાદ છે, એમાં ઉલમાના વિવિધ કથનો છે. હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **فَضْلُ اللّٰهِ**થી મુરાદ દુનિયાની

امرأة تجعل على اربعاء في مزرعة لها سلقا فكانت اذا

ખાતૂન હતાં જે પોતાના ખેતરની નાળીઓ ચુકંદર (એક શાકભાજી) રોપતાં હતાં જ્યારે

كان يوم الجمعة تنزع اصول السلق فتجعله في قدر ثم

જુમ્આનો દિવસ આવતો તો ચુકંદરની જડો ઉખેડતાં અને એને એક હાંડલીમાં પકાવતાં પછી

تجعل عليه قبضة من شعير تطحنها فتكون اصول السلق

મુટ્ઠી જવ પીસીને એમાં નાખતાં તો ચુકંદર એની બોટીઓ થઈ જતી અને અમે લોકો જુમ્આ પઢીને પરત

عرقه و كنا ننصرف من صلوة الجمعة فنسلم عليها فتقرب

થતા તો (એમની પાસે જતા) એમને સલામ કરતા. એઓ અમારી નજીક તે ખાણુ લાવતાં જેથી અમે

ذلك الطعام الينا فنلعقه وكنا نتمنى يوم الجمعة لطعامها ذلك

ખાતા. એ ખાણાના લીધે અમને જુમ્આનો ઈન્તેઝાર રહેતો."

(બુખારી ૧/૧૨૮ જુમ્આ, અલ હર્ષ બાબુ માજાઅ ફ્રિલ્ ગર્સ–૩૧૬, ૨/૮૧૩, ૨/૯૨૩ ઈસ્તીઝાન)

حديث ٥٨٨ عن سهل بن سعد رضى الله تعالى عنه

"હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, **[હદીષ : ૫૮૮]**

قال ما كنا نقيل و لا نتغدى الا بعد الجمعة

અમે જુમ્આ બાદ જ ખાણુ ખાતા અને કયલૂલા કરતા." (બુખારી ૧/૧૨૮ જુમ્આ)

તલબ નથી બલ્કે બીમાર પુર્સી, જનાઝામાં શિર્કત, દીની ભાઈની મુલાકાત મુરાદ છે. એક કૌલ એ છે કે એનાથી નફ્લ નમાઝ મુરાદ છે. ઈમામ હસન બસરી, સઈદ બિન જુબૈર શહીદ, મકહૂલે જણાવ્યું કે એનાથી ઈલ્મની તલબ મુરાદ છે. ઈમામ બુખારીએ આ હદીષ અને બાદવાળી હદીષ વર્ણવીને એ ફાયદો કરી આપ્યો કે એ પોતાના ઉમૂમ (સામાન્યપણા) પર છે, જે ચીજ પણ અલ્લાહના ફઝ્લની મિસ્દાક્ (પાત્ર) હોય શકે છે એ સૌ મુરાદ છે દા.ત. રોજીની તલાશ, કોઈનાથી મુલાકાત વગેરે પણ એમાં સામેલ છે. આયતની આગળ પાછળની સ્થિતિ એનું સમર્થન કરે છે. એનાથી પહેલાં વર્ણન થયેલ છે કે જુમ્આની અઝાનના સમયે ખરીદ વેચાણ છોડી આપો. અને જ્યારે કેટલાક લોકો ખુત્બાના સમયે ખરીદ વેચાણમાં વ્યસ્ત થયા તો એમના પર ચેતણવી આવી. હવે ફર્માવવામાં આવ્યું જ્યારે નમાઝથી ફારિગ થઈ જાવ તો જ્યાં ચાહો જાવ અને અલ્લાહનો ફઝ્લ તલાશ કરો. એટલે કે જુમ્આની અઝાનથી લઈને નમાઝના પૂર્ણ થતા સુધી જે ચીજ મના હતી હવે તેની ઈજાઝત છે. અને મના ખાસ કરીને ખરીદ વેચાણ હતું તો એ મુરાદ હોવું યકીની છે. એનાથી જાહેર થઈ ગયું **فانتشروا** તથા **وابتغوا**નો અમ્ર વાજિબ હોવા માટે નથી એબાહત (મુસ્તહબ હોવા) માટે છે, જેમ કે **واذا حللتم فاصطادواجب** "એહરામ ખોલી ચૂક્યા તો શિકાર કરો" માં છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# اَبْوَابُ صَلٰوۃِ الْخَوْفِ

## "અબ્વાબુસ્સલાતિલ્ ખૌફ" (નમાઝે ખૌફ વિશેનું પ્રકરણ)

### حدیث ۵۸۹

**[હદીષ : ૫૮૯]**

اَخْبَرَنَا سَالِمٌ اَنَّ عَبْدَ اللّٰہِ بْنَ عُمَرَ رَضِیَ اللّٰہُ

"હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે

تَعَالٰی عَنْهُمَا قَالَ غَزَوْتُ مَعَ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

રસૂલુલ્લાહ ﷺની સાથે મેં નજદની તરફ એક ગઝવહ્માં શિર્કત કરી. દુશ્મન સાથે અમારો

قِبَلَ نَجْدٍ فَوَازَیْنَا الْعَدُوَّ فَصَافَفْنَا لَهُمْ فَقَامَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ

આમનો સામનો થયો તો અમે એમના સામે સફબંધી કરી. (જ્યારે નમાઝનો સમય આવી ગયો તો)

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یُصَلِّیْ لَنَا فَقَامَتْ طَائِفَةٌ مَّعَہٗ وَ اَقْبَلَتْ طَائِفَةٌ

રસૂલુલ્લાહ ﷺએ અમને (એ પ્રમાણે) નમાઝ પઢાવી કે એક ગિરોહ હુઝૂર સાથે ઉભો થયો અને એક

**સમજૂતી : ૫૮૯** ભાગ–૨, પેજ–૨૬૮ પર અમે દર્શાવી ચૂક્યા કે સલાતે ખૌફ હુદૈબિયાના મોકા પર અસ્ફહાનમાં ઝોહર તથા અસ્રની વચ્ચે નાઝિલ થઈ હતી, અને એ પણ કે ગઝવએ ઝાતુર્રિકાઅ હિ.સ. ૭ માં થયો છે. એ નમાઝ જે ગઝવએ ઝાતર્રિકાઅમાં પઢવામાં આવી એ અસ્ર હતી. જેમ કે અબૂ દાઊદ (૧/૧૭૫

عَلَى الْعَدُوِّ فَرَكَعَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِمَنْ

ગિરોહ દુશ્મનના મુક઼ાબલામાં રહ્યો. રસૂલુલ્લાહ ﷺ એ

مَّعَهٗ وَسَجَدَ سَجْدَتَيْنِ ثُمَّ انْصَرَفُوْا مَكَانَ الطَّائِفَةِ الَّتِيْ

પોતાના સાથવાળાઓની સાથે રુકૂઅ કર્યો અને બે સિજદા કર્યા. પછી એ ગિરોહ ત્યાં ચાલ્યો ગયો

لَمْ تُصَلِّ فَجَاءُوْا فَرَكَعَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

જ્યાં તે ગિરોહ હતો જેમણે નમાઝ ન પઢી હતી. હવે એ લોકો આવ્યા અને રસૂલુલ્લાહ ﷺ એ

رَكْعَةً وَّسَجَدَ سَجْدَتَيْنِ ثُمَّ سَلَّمَ فَقَامَ كُلُّ وَاحِدٍ مِّنْهُمْ

એક રુકૂઅ અને બે સિજદા કર્યા, પછી સલામ ફેરવી. ત્યારબાદ એમનામાંથી દરેકે અલગ અલગ એક

فَرَكَعَ لِنَفْسِهٖ رَكْعَةً وَّسَجَدَ سَجْدَتَيْنِ ؏

રુકૂઅ અને બે સિજદા કર્યા." (બુખારી ૧/૧૨૮ સલાતુલ ખૌફ, મગાઝી, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ)

حدیث ۵۹۰ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا نَحْوًا مِّنْ قَوْلِ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી ઈમામ મુજાહિદના ક઼ૌલની જેમ રિવાયત **[હદીષ : ૫૯૦]**

مُجَاهِدٍ إِذَا اخْتَلَطُوْا قِيَامًا وَّزَادَ ابْنُ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

થયેલ છે કે જ્યારે બે પક્ષો ઝપાઝપીમાં આવી જાય તો ઉભા ઉભા (ઈશારાથી) નમાઝ પઢે. અને

સલાત) તથા નિસાઈ (૧/૨૨૯ સલાતુલ ખૌફ)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે. સલાતે ખૌફના વિવિધ તરીક઼ા હદીષોમાં મરવી છે. ઉપરોક્ત તરીક઼ો અહનાફનો પસંદીદા છે. આ તરીક઼ો હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ થી પણ રિવાયત પામેલ છે. (અબૂ દાઊદ, ૧/૧૭૭ સલાત) ઈમામના સલામ ફેરવ્યા બાદ પ્રથમ ગિરોહ (ટોળી)વાળા જ્યારે પોતાની પઢશે તો એમાં ક઼િર્અત નહીં કરે એટલા માટે કે એઓ 'લાહિક઼' છે અને હુકમની દષ્ટિએ ઈમામની પાછળ છે. અલ્બત્ત બીજા ગિરોહવાલા ક઼િર્અત કરશે એટલા માટે કે એઓ એક રકાતમાં 'મસ્બૂક઼' છે. અને જો ચાર રકાત પઢવી છે તો ઈમામ દરેક ગિરોહને બે બે રકાત પઢાવે. અને મગરિબની નમાઝ છે તો બે રકાત પ્રથમ ગિરોહને અને એક રકાત બીજા ગિરોહને પઢાવે.

નમાઝે ખૌફ એ સમયે છે કે દુશ્મન ખૂબ જ નિકટ હોય અને એનું અધિક્તર ગુમાન હોય કે સર્વ લોકો નમાઝમાં વ્યસ્ત થશે તો દુશ્મન એકાએક હુમ્લો કરી આપશે.

**સમજૂતી : ૫૯૦**

નિસાઈમાં **وان كانوا اكثرمن ذلك** ના બદલે **وان كان الخوف اكثرمن ذلك** છે, અને એ જ અધિક મુનાસિબ છે. એટલે કે જ્યારે ભય એનાથી અધિક હોય. એનું અધિક ગુમાન હોય કે બે હિસ્સા કરીને નમાઝ પઢવાની હાલતમાં પણ દુશ્મન હુમ્લો કરી આપશે, તો જ્યાં હોય ત્યાં એ જ હાલતમાં ચાહે ક઼િબ્લા રુખ હોય કે ન હોય,

عَلَيْهِ وَسَلَّمَ وَإِنْ كَانُوْا أَكْثَرَ مِنْ ذٰلِكَ فَلْيُصَلُّوْا قِيَامًا وَّرُكْبَانًا ءٍ

હઝરત ઈબ્ને ઉમરે નબી ﷺથી રિવાયત કરતાં આટલો વધારો કર્યો કે જો દુશ્મન વધારે હોય તો ઉભા ઉભા અને સવાર હોવાની હાલતમાં ઈશારાથી પઢે." (સલાતુલ ખૌફ–૧૨૯, મુસ્લિમ, નિસાઈ, મોઅત્ત ઈમા માલિક)

## حديث ٥٩١ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَامَ النَّبِيُّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે (ભયના સમયે) **[હદીષ : ૫૯૧]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَقَامَ النَّاسُ مَعَهُ فَكَبَّرَ وَكَبَّرُوْا مَعَهُ وَرَكَعَ

નબી ﷺ (નમાઝના માટે ઉભા થયા) અને કેટલાક લોકો હુઝૂરની સાથે ઉભા થયા. હુઝૂરે તકબીર

ઈશારાથી નમાઝ પઢે. નિસાઈમાં આટલુ વધારે છે : **يومى ايماء** "ઈશારાથી પઢે." મોઅત્તા ઈમામ માલિકમાં આટલુ વધારે છે : કિબ્લા રુખ હોય કે ન હોય.

**نحوامن قول مجاهد** : ઈમામ મુજાહિદે એ ફર્માવ્યું છે કે જ્યારે બંને પક્ષો વચ્ચે ઝપાઝપી થઈ જાય તો ઉભા ઉભા ઈશારાથી નમાઝ પઢે. આ જ હઝરત ઈબ્ને ઉમરનો પણ ઈર્શાદ છે. ઈમામ મુજાહિદે જે ફર્માવ્યું તે એમનો પોતાનો ઈર્શાદ છે પરંતુ હઝરત ઉમરે જે ફર્માવ્યું તે એમનો પોતાનો ઈર્શાદ છે પરંતુ હઝરત ઉમરે જે ફર્માવ્યું એ જાહેરી રીતે માલૂમ પડે છે કે તે એમનો પોતાનો ફત્વો છે. પણ ઈમામ બુખારીએ જે એવું કહ્યું : **زاد ابن عمر عن النبى صلى الله تعالٰى عليه وسلم** આ એના માટે (દલીલ) છે કે એ હુઝૂરે અક્દસ ﷺનો ઈર્શાદ છે. એ જ આપણો મસ્લક છે કે જ્યારે ખૌફ સખ્ત હોય તો જ્યાં રહે જે હાલતમાં હોય ઈશારાથી નમાઝ પઢી લે. અને જો એનો પણ મૌકો ન હોય તો નમાઝ લેટ કરી આપે, જેવું કે ગઝવએ ખંદકમાં હુઝૂરે અક્દસ ﷺએ કર્યું હતું.

**હું કહું છું** : આ દલીલ રજૂ કરવામાં એક શંકા એ છે કે એ વખતે નમાઝે ખૌફ **મશ્રૂઅ** થઈ ન હતી, એટલા માટે લેટ કરી. **ثم اقول وبالله التوفيق** નમાઝે ખૌફ મશ્રૂઅ (જાઈઝ) ન હોવા છતાં ખંદકના બનાવથી એ જાણવા મળ્યું કે ભીડના કારણે નમાઝની મોહલત ન હોય તો નમાઝને લેટ કરવું ફર્ઝ છે. અને અહીં જ્યારે કે નમાઝે ખૌફનો પણ મૌકો ન હોય તો એ સત્ય છે કે નમાઝની મોહલત નથી. બંનેમાં ઈલ્લત (સબબ) સમાન રીતે નમાઝની મોહલત ન હોવું છે એટલા માટે કયાસ દુરુસ્ત છે. અલ્બત્ત ભાગ–૨, હદીષ–૨૩૫ હેઠળ અમે જે એવું લખ્યું હતું કે ગઝવાએ ખંદકના મૌકા પર નમાઝે ખૌફ નથી પઢવામાં આવી, જેથી જણાયું કે એ સમય સુધી નમાઝે ખૌફ મશ્રૂઅ (જાઈઝ) થઈ ન હતી. એટલે ગઝવાએ ખંદકમાં નમાઝ ન પઢવાથી એ દલીલ કરવું કે એ વખતે નમાઝ ખૌફ મશ્રૂઅ ન થઈ હતી એ દુરુસ્ત નથી. જો કે હકીકતમાં બનાવ એ જ છે કે એ વખત સુધી નમાઝે ખૌફ મશ્રૂઅ ન થઈ હતી, બલ્કે એના પછી હુદૈબિયાના પ્રસંગે મશ્રૂઅ થઈ છે. જેમ કે મુસ્નદે ઈમામ અહમદ (૪/૫૯), અબૂ દાઊદ (૧/૧૭૪ સલાત) તથા નિસાઈ (૧/૨૩૦ સલાત)ના હવાલાથી વર્ણન થઈ ચૂક્યું.

### સમજૂતી : ૫૯૧

નિસાઈ (૧/૨૩૦ સલાતુલ ખૌફ)ની રિવાયતમાં અબૂબક્ર બિન અબિલ જહમના તરીકાથી એટલી અધિક છે : **ولم يقضوا** તેમણે એક રકાત અધિક નથી પઢી. તેમજ એ પણ કે એ નમાઝ ઝૂકર્દમાં પઢી. એક રિવાયતમાં છે કે દુશ્મન મુસલમાનો તથા કિબ્લાની દરમ્યાન હતો. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો એ જ મઝહબ છે કે જ્યારે

وَرَكَعَ نَاسٌ مِّنْهُمْ ثُمَّ سَجَدَ وَسَجَدُوْا مَعَهٗ ثُمَّ قَامَ

*કહી અને એ લોકોએ પણ હુઝૂરની સાથે તકબીર કહી. અને હુઝૂરે રુકૂઅ કર્યો તો એ લોકોએ પણ*

لِلثَّانِيَةِ فَقَامَ الَّذِيْنَ سَجَدُوْا وَحَرَسُوْا اِخْوَانَهُمْ

*રુકૂઅ કર્યો. પછી હુઝૂરે સજદો કર્યો તો એ લોકોએ પણ હુઝૂરની સાથે સજદો કર્યો. પછી બીજી રકાતના*

وَاَتَتِ الطَّائِفَةُ الْاُخْرٰى فَرَكَعُوْا وَسَجَدُوْا مَعَهٗ

*માટે હુઝૂર ઉભા થયા તો જે લોકો સજદો કરી ચૂક્યા હતા તેઓ ચાલ્યા ગયા અને પોતાના ભાઈઓની રક્ષા*

وَالنَّاسُ كُلُّهُمْ فِىْ صَلٰوةٍ وَّلٰكِنْ يَّحْرُسُ بَعْضُهُمْ بَعْضًا

*કરવા લાગ્યા અને બીજો ગિરોહ આવ્યો અને તેમણે હુઝૂરની સાથે રુકૂઅ તથા સજદા કર્યા અને સર્વ*

*લોકો નમાઝમાં રહ્યા પરંતુ અમુક અમુકની હિફાઝત કરતા રહ્યા." (બુખારી, ૧/૧૨૯ સલાતુલ ખૌફ, નિસાઈ)*

ت ۱۷۷ وَقَالَ الْاَوْزَاعِىُّ اِنْ كَانَ تَهَيَّأَ الْفَتْحُ وَلَمْ

*"ઈમામ અવઝાઈએ ફર્માવ્યું, જો જીત નજીકમાં હોય અને નમાઝ પર શક્તિમાન* **[તઅલીક઼ : ૧૭૭]**

يَقْدِرُوْا عَلَى الصَّلٰوةِ صَلُّوْا اِيْمَاءً كُلُّ امْرِئٍ لِنَفْسِهٖ فَاِنْ لَّمْ

*ન હોય તો ઈશારાથી દરેક શખ્સ પોતાની નમાઝ પઢે. અને જો ઈશારા પર શક્તિમાન ન*

દુશ્મન આપણા તથા ક઼િબ્લાની વચ્ચે હોય તો નમાઝે ખૌફનો આ જ તરીક઼ો છે કે ઈમામના સલામ ફેરવતાં જ બંનેવ ગિરોહ નમાઝથી ફારિગ થઈ ગયા. ઈમામના સલામ ફેરવ્યા બાદ અધિક એક એક રકાત પઢવાની નથી. એનો પાયો એના પર છે કે ઈમામના તહરીમા બાંધ્યા પછી તે ગિરોહ જે દુશ્મનની સામે છે ઈમામની પાછળ નથી તે હુકમન્ (હુકમની રૂએ) નમાઝમાં શરીક છે, એટલે કે નમાઝે ખૌફ હક઼ીક઼તમાં બે રકાત છે ભલે એક રકાત જણાય છે. અને એ જે અમુક રિવાયતોમાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, નમાઝે ખૌફ એક રકાત છે એનાથી મુરાદ ઈમામની સાથે એક રકાત છે. અને એ જ ઈમામ શાફઈથી પણ ઈબ્ને ક઼સારે રિવાયત કર્યું. હઝરત ઈમામ અબૂ યૂસુફે ફર્માવ્યું કે આ સ્થિતિમાં આ જ હુકમ છે, અલ્બત્ત દુશ્મન ક઼િબ્લાની દિશામાં ન હોય તો બે રકાત એ રીતે પઢવામાં આવશે જે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે.

હઝરત ઈમામે આ'ઝમ તથા હઝરત ઈમામ માલિક ફર્માવે છે કે આ નસ્સે કુર્આની (આયત)ની વિરૂધ્ધ છે. ઈર્શાદ છે : وَلْتَاْتِ طَآئِفَةٌ اُخْرٰى لَمْ يُصَلُّوْا فَلْيُصَلُّوْا مَعَكَ "અને બીજી જમાઅત આવે જેણે નમાઝ નથી પઢી તે તમારી સાથે નમાઝ પઢે." આ ઈર્શાદમાં સ્પષ્ટતા છે કે ઈમામે જ્યારે પ્રથમ રકાત પઢી તો જે ગિરોહ દુશ્મનની સામે હતો એણે નમાઝ નથી પઢી અને હઝરત ઈબ્ને અબ્બાસના મઝહબનો ફાયદો એ છે કે તે પણ એક રકાત પઢી ચૂક્યો.

## તઅલીક઼ : ૧૭૭ની સમજૂતી

ઈમામ ષૌરી, ઈમામ મુજાહિદ તથા હકમનો મઝહબ એ છે કે જો લડાઈ એ કક્ષાએ છે કે ઈશારાથી પણ નમાઝ પઢવી શક્ય નથી તો તકબીર પૂરતી છે, બાદમાં નમાઝ પઢવાની જરૂરત નથી. એનાથી ઉલ્ટુ ઈમામ

يَقْدِرُوا عَلَى الْاِيْمَاءِ اَخَّرُوا الصَّلٰوةَ حَتّٰى يَنْكَشِفَ الْقِتَالُ

હોય તો નમાઝ લેટ કરી આપે. જ્યારે જંગ ખત્મ થઈ જાય

اَوْ يَامَنُوْا فَيُصَلُّوْا رَكْعَتَيْنِ فَاِنْ لَّمْ يَقْدِرُوْا صَلَّوْا رَكْعَةً

અથવા લોકો સલામતીમાં હોય તો બે રકાત પઢે. જો એના પર ક઼ાદિર (શક્તિમાન)

وَّسَجْدَتَيْنِ فَاِنْ لَّمْ يَقْدِرُوْا فَلَا يُجْزِيْهِمُ التَّكْبِيْرُ

ન હોય તો એક રકાત અને બે સજદા કરે, જો એના પર પણ શક્તિમાન ન હોય તો કેવળ તકબીર પૂરતી

وَيُؤَخِّرُوْنَهَا حَتّٰى يَامَنُوْا وَبِهٖ قَالَ مَكْحُوْلُ ؏

નથી. નમાઝ લેટ કરે ત્યાં સુધી કે ભય દૂર થઈ જાય. અને આ જ મકહૂલે પણ કહ્યું.'' (૧/૧૨૯ સલાતુલ ખૌફ઼)

ت ١٧٨ وَقَالَ اَنَسُ بْنُ مَالِكٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

**[તઅલીક઼ : ૧૭૮]** ''અને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું,

حَضَرْتُ مُنَاهَضَةَ حِصْنِ تُسْتَرَ عِنْدَ اِضَاءَةِ الْفَجْرِ وَاشْتَدَّ

સુબ્હ ચમકતી વખતે તુસ્તરના કિલ્લા પર હુમ્લાના સમયે હું મૌજૂદ હતો અને જંગની

اِشْتِعَالُ الْقِتَالِ فَلَمْ يَقْدِرُوْا عَلَى الصَّلٰوةِ فَلَمْ نُصَلِّ اِلَّا بَعْدَ

આગ સખત ભડકેલી હતી. લોકો નમાઝ પઢવા પર શક્તિમાન ન હતા એટલા માટે દિવસ ઊંચો થયા બાદ

ارْتِفَاعِ النَّهَارِ فَصَلَّيْنَاهَا وَنَحْنُ مَعَ اَبِىْ مُوْسٰى فَفُتِحَ لَنَا

લોકોએ નમાઝ પઢી અને અમે અબૂ મૂસાની સાથે હતા. કિલ્લો ફ઼તહ થઈ ગયો. હઝરત અનસ બિન માલિકે

અબ્દુર્રહમાન બિન અમ્ર અવઝાઈ તથા અબૂ અબ્દુલ્લાહ મકહૂલ ફ઼કીહે અહલે શામ તાબઈ ફર્માવે છે કે તકબીર પૂરતી નથી, એ વખતે નમાઝ લેટ કરે, પછી જ્યારે ભય જતો રહે તો પઢે. એ લોકોની દલીલ ગઝવાએ ખંદક઼નો બનાવ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ નમાઝના બદલે તકબીર નથી કહી, બલ્કે નમાઝ લેટ કરી અને બાદમાં પઢી. અલ્લામા અયનીએ એના પર એ પકડ કરી કે એ વખતે નમાઝે ખૌફ઼ મશરૂઅ (જાઈઝ) થઈ ન હતી. અમે હમણા દર્શાવી ચૂકયા કે એનાથી દલીલ પર કોઈ અસર પડતી નથી.

## તઅલીક઼ : ૧૭૮ની સમજૂતી

تُسْتَرَ **(તસ્તર)** : ફ઼ારસના ખુઝિસ્તાન રાજ્યમાં અહવાઝના ઈલાકામાં મશહૂર શહેર છે. તેને એ વખતે ત્યાં તસ્તર કહેવામાં આવતુ હતું. એ બે વાર જીતવામાં આવ્યું, એકવાર સુલહથી બીજીવાર જંગથી. ઈમામ વાક઼ેદીએ ફ઼ર્માવ્યું કે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ સૂસની ફતહથી ફ઼ારિગ થઈને હિ.સ. ૨માં તસ્તર પર

હુમ્લો કર્યો. એ દિવસોમાં તુસ્તરનો હાકિમ હર્મઝાન હતો. તુસ્તર ફતહ થયું અને હર્મઝાનને ગિરફતાર કરીને હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં મોકલી દેવામાં આવ્યો. જયારે તે બારગાહે ખિલાફતમાં હાજર થયો. એને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, તેં વારંવાર ગદ્દારી કરી તેનું બહાનું તારી પાસે શું છે ? તેણે કહ્યું, મને ડર છે તમો બતાવતાં પહેલાં મને કત્લ ન કરી આપો. આપે ફર્માવ્યું, ડર નહીં ! તેણે પાણી માંગ્યું. જયારે પ્યાલો હાથમાં લીધો તો તેનો હાથ કાંપવા લાગ્યો. અને તેણે કહ્યું કે મને અંદેશો છે કે હું પાણી પીવાની હાલતમાં કત્લ કરી દેવામાં ન આવું. હઝરત ફારૂકે આ'ઝમે ફર્માવ્યું, જ્યાં સુધી પાણી નહીં પી લે ત્યાં સુધી કાંઈ થશે નહીં. તેણે પાણી ફેંકી દીધું. હઝરત ઉમરે બીજુ પાણી લાવવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું, એના પર કત્લ તથા તરસ બે એકત્ર ન કરો. તેણે કહ્યું, મને પાણીની હાજત નથી, હઝરત ફારૂકે આ'ઝમે ફર્માવ્યું, હું તને કત્લ કરી દઈશ. તેણે કહ્યું, આપ મને અમ્ન આપી ચૂક્યા છો. હઝરત ફારૂકે આ'ઝમે ફર્માવ્યું, તું જૂઠો છે. તેણે કહ્યું, આપે એવું નથી ફર્માવ્યું કે જ્યાં સુધી બતાવીશ નહીં, જ્યાં સુધી પાણી પીશ નહીં ત્યાં સુધી કાંઈ ન થશે. તેનું સમર્થન સર્વ હાજરજનોએ કર્યું ત્યાં સુધી કે હઝરતે અનસે પણ. તો હઝરત ફારૂકે આ'ઝમે ફર્માવ્યું, તું મને છેતરી ગયો ! ત્યારબાદ તે મુસલમાન થઈ ગયો. હઝરત ફારૂકે આ'ઝમે તેને મદીનામાં જ રાખ્યો અને બે હજારનો વઝીફો પામનારાઓમાં એને સામેલ કર્યો. એ દરેક સમયે હઝરત ફારૂકે આ'ઝમની સાથે રહેતો. ફારસની ચળવળોમાં એની સાથે મશ્વરો પણ કરતા. હઝરત ફારૂકે આ'ઝમના કાતિલ અબૂલૂલૂ મજૂસી (અગ્નિ પૂજક) સાથે એ મેલજોલ રાખતો હતો, એટલા માટે જયારે અબૂ લૂલૂએ હઝરત ફારૂકે આ'ઝમ પર ખૂની હુમ્લો કર્યો તો ષડયંત્રમાં સામેલ હોવાની શંકા પર હઝરત ફારૂકે આ'ઝમના સાહબઝાદા અબ્દુલ્લાહ બિન ઉમરે તેને કત્લ કરી આપ્યો. હઝરત ફારૂકે આ'ઝમના હુકમથી "અબ્દુલ્લાહ"ને કેદ કરવામાં આવ્યા. જયારે હઝરત ઉષ્માન رضی اللہ عنہ ખલીફા બન્યા તો પ્રથમ મામલો એ જ એમની સમક્ષ રજૂ થયો. હઝરત ઉષ્માને હઝરત અલી رضی اللہ عنہથી મશ્વરો કર્યો તો તેમણે ફર્માવ્યું, એને છોડવો ઈન્સાફ નથી. હઝરત ઉષ્માને અબ્દુલ્લાહને કત્લનો હુકમ આપ્યો. એના પર અમુક મુહાજિરોએ કહ્યું કે, સુબ્હાનલ્લાહ ! કાલે એના બાપને કત્લ કરવામાં આવ્યા અને આજે તેમના પુત્રને કત્લ કરવામાં આવી રહેલ છે. એ સાંભળીને હઝરત ઉષ્માને હર્મઝાનના ખૂનનો બદલે માલ પોતાની પાસેથી અદા કરીને મામલો રફે દફે કર્યો. *(અલબિદાયા વન્નિહાયા, ૭/૯૮૮)*

આ ફૌજમાં પુષ્કળ સહાબાએ કિરામ હતા એમના અમલથી સાબિત થયું કે જયારે જંગના કારણે નમાઝનો મોકો ન હોય અથવા નમાઝમાં મશ્ગૂલિયતના લીધે એ અંદેશો હોય કે જીતમાં મુશ્કેલી ઉભી થઈ જશે અને જંગ ચાલુ રાખવામાં એ મજબૂત ઉમ્મીદ હોય કે જીત નજીકમાં જ થઈ જશે તો નમાઝને લેટ કરી દેવામાં આવે. તેમજ એ પણ સાબિત થયું કે એ વખતે પણ કેવળ તકબીર અથવા ઝિક્ર નમાઝનુ કાઈમ મુકામ (નો બદલો) નથી થઈ શકતું, બાદમાં નમાઝ પઢવામાં આવશે. આ અષરને ઈબ્ને સઅદ અને ઈબ્ને અબી શયબાએ મૌસૂલ કરેલ છે.

ت ۱۷۹ وَقَالَ الْوَلِيْدُ ذَكَرْتُ لِلْاَوْزَاعِيِّ صَلٰوةَ شُرَحْبِيْلِ

[તઅલીક઼ : ૧૭૯] "અને વલીદે કહ્યું, મેં અવઝાઈથી હઝરત શુરજીલ ઈબ્ને સમ્ત અને

بْنِ السِّمْطِ وَاَصْحَابِهٖ عَلٰى ظَهْرِ الدَّابَّةِ فَقَالَ كَذٰلِكَ الْاَمْرُ

તેમના સાથીઓની નમાઝનું વર્ણન કર્યું કે તેમણે સવારીઓ પર પઢી. તો તેમણે કહ્યું,

عِنْدَنَا اِذَا تَخَوَّفَ الْفَوْتَ ع

અમારી નજીક એવું જ છે જ્યારે કે નમાઝ છૂટી જવાનો ડર હોય." (બુખારી, ૧/૧૨૯ સલાતુલ ખૌફ)

حديث ۵۹۲ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَ النَّبِيُّ

[હદીષ : ૫૯૨] "હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَنَا لَمَّا رَجَعَ مِنَ الْاَحْزَابِ لَا يُصَلِّيَنَّ

નબી ﷺ જ્યારે અહઝાબથી પરત થયા તો અમને ફર્માવ્યું, જ્યાં સુધી બની કુરૈઝા ન પહોંચી

**તઅલીક઼ : ૧૭૯ની સમજૂતી** આ વલીદ બિન મુસ્લિમ કર્શી ઉમૂવી દમિશ્કી છે, તેમને એક જમાઅતે સહાબામાં સામેલ કર્યા છે. શુરજીલ બિન સમ્ત કંદીના સહાબી હોવામાં મતભેદ છે. ઈકમાલમાં તેમને તાબઈનમાં સામેલ કર્યા છે. ઈબ્ને સઅદે તેમને ચોથા તબકા઼માં ગણ્યા છે. એ હુઝૂરની ખિદમતમાં પ્રતિનિધિમંડળ ની સાથે હાજર થયા અને ઈસ્લામથી પાવન થયા. અલ્લામા અયનીએ ઈબ્ને બત્તાલનો ક઼ૌલ નક઼લ કર્યો કે મેં શોધ્યું કે ક્યા મોક઼ા પર શુરજીલે આ પ્રમાણે નમાઝ પઢી હતી પણ મને ન મળ્યું. જો એ ખબર પડી જાત કે એ કયા મોક઼ાથી થયું છે તો એ નક્કી થઈ જાત કે એ લોકો કોઈકનો પીછો કરી રહ્યા હતા, અથવા એમનો કાફિરો પીછો કરી રહ્યા હતા. જે શખ્સનો કોઈ પીછો કરી રહ્યું હોય એના માટે સવારી પર ઈશારાથી નમાઝ જાઈઝ છે. પરંતુ તે લોકો જેઓ દુશ્મનનો પીછો કરી રહ્યા હોય એમના માટે આવું કરવું જાઈઝ છે કે નહીં ? એના બારામાં આપણો મઝહબ એ છે કે તાલિબ છે એટલે કે કોઈકનો પીછો કરી રહ્યા છે તો ઈશારાથી નમાઝ જાઈઝ નથી, ઈમામ શાફઈ વગેરેને ત્યાં દુરુસ્ત છે. જો પગે ચાલી રહ્યો હોય તો ઈશારાથી નમાઝ જાઈઝ નથી, જો સવાર હોય તો દુરુસ્ત છે. અને જો હેતુ છે કે દુશ્મન તેનો પીછો કરી રહ્યો છે તો સવારી પર ઈશારાથી આપણે ત્યાં પણ ઈજાઝત છે. એ વખતે શુરજીલ સવાર હતા એની દલીલ એ રિવાયત છે જે ઈમામ અવઝાઈથી જ છે કે શુરજીલે કહ્યું, કોઈ પણ ઉતરીને નમાઝ ન પઢે. સવારીની પીઠ પર પઢે. માલિક બિન અશતર નખઈએ ઉતરીને નમાઝ પઢી તો શુરજીલે તેમના હક઼્ક઼માં કહ્યું, આ મુખાલિફ છે, અલ્લાહની મુખાલિફત કરી.

**કાશ્મીરી મહાશયની પકડ** : કાશ્મીરી મહાશયે જણાવ્યું કે એ લોકો મતલૂબ હતા. અલ્લામા અયનીએ ઈબ્ને બત્તાલનો ક઼ૌલ નક઼લ કર્યો કે, માલૂમ ન થઈ શક્યું કે આ બનાવ કયા પ્રસંગનો છે જેનાથી ભાળ મળતી કે આ લોકો તાલિબ હતા કે મતલૂબ (પીછો કરનારા કે તેમનો પીછો થતો હતો) જો કાશ્મીરી મહાશયે કહ્યું એની તફસીલ જોઈ હતી તો હવાલો જરૂર લખતા. આ કેવળ હાંકી નાખ્યું છે !

**સમજૂતી : ૫૯૨** વલીદે આ જ હદીષથી ઈમામ અવઝાઈના ક઼ૌલનું સમર્થન કર્યું. ઈમામ બુખારી પણ એને પ્રકરણના સમર્થનમાં લાવ્યા છે. અહીં પ્રકરણ એ છે કે, તાલિબ તથા મતલૂબની નમાઝ સવાર હોવાની

| |
|---|
| اَحَدٌ الْعَصْرَ اِلَّا فِیْ بَنِیْ قُرَیْظَۃَ فَاَدْرَكَ بَعْضُھُمُ الْعَصْرَ |
| જાવ કોઈ અસ્ર ન પઢે. કેટલાક લોકો રસ્તામાં જ હતા એવામાં અસ્રનો સમય થઈ ગયો. |
| فِی الطَّرِیْقِ وَقَالَ بَعْضُھُمْ لَا نُصَلِّیْ حَتّٰی نَاْتِیَھَا وَقَالَ بَعْضُھُمْ بَلْ نُصَلِّیْ |
| એમનામાંથી કેટલાક લોકોએ કહ્યું, જ્યાં સુધી અમે ત્યાં પહોંચી નહીં જઈએ ત્યાં સુધી અસ્ર પઢીશું નહીં, |
| لَمْ یُرِدْ مِنَّا ذٰلِكَ فَذُكِرَ ذٰلِكَ لِلنَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ |
| અને એમનામાંથી અમુક લોકોએ કહ્યું, અમે (અહીં) પઢીશું, હુઝૂરનો મક઼સદ એ ન હતો. એ બંનેવ વાતોનું |
| فَلَمْ یُعَنِّفْ اَحَدًا مِّنْھُمْ ؏ |
| હુઝૂર ﷺને વર્ણન કરવામાં આવ્યું તો હુઝૂર કોઈને બોલ્યા નહીં." |
| *(બુખારી, ૧/૧૨૯ સલાતુલ ખૌફ, ૨/૫૯૧ મગાઝી, મુસ્લિમ–મગાઝી)* |

હાલતમાં ઈશારાથી." વલીદની દલીલ એ છે કે જે લોકોએ માર્ગમાં નમાઝ પઢી તેમણે અસ્રના સમય પછી પઢી, તો જ્યારે કે તાલિબે નમાઝને લેટ કરવું જાઈઝ છે તો ઈશારાથી પઢી લેવું એથી અધિક કક્ષાએ દુરુસ્ત થશે. જાહેર છે કે આ દલીલ પૂરતી નથી, એટલા માટે કે સમયના પછી પઢવામાં કેવળ એક શર્ત સમય છૂટશે. અને ઈશારાથી રુકૂઅ, સિજદા, કાએદા કેટલાયે અરકાન છૂટશે.

**لم نرد مناذلك** : જે લોકોએ માર્ગમાં જ નમાઝ પઢી લીધી તેમણે હુઝૂરે અક઼દસ ﷺના એ આદેશથી કે ફર્માવ્યું, જ્યાં સુધી બની કુરૈઝા ન પહોંચી જાવ ત્યાં સુધી નમાઝ ન પઢશો, એવું સમજ્યા કે હુઝૂર ખૂબ જ ઝડપથી બની કુરૈઝા પહોંચવાની તાકીદ કરી રહ્યા છે. અને તાકીદને અધિક મજબૂત કરવા માટે આવું ફર્માવ્યું. આ હદીષથી એટલું જો કે સાબિત થયું કે જો નમાઝ પઢશે તો એનો અંદેશો હોય કે દુશ્મન હાથથી નીકળી જશે અથવા પોતાની શક્તિ વધારી લેશે તો નમાઝ લેટ કરી શકે છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# كِتَابُ الْعِيْدَيْن

## "કિતાબુલ ઈદૈન" (ઈદ વિશે પ્રકરણ)

## حديث ۵۹۳

**[હદીષ : ૫૯૩]**

عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ دَخَلَ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, એકવાર

عَلَيَّ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَعِنْدِي جَارِيَتَانِ

નબી صلی اللہ علیہ وسلم મારા ત્યાં તશરીફ લાવ્યા અને મારી પાસે બે બાળકીઓ બુઆષના હાલાત પર ગીત

تُغَنِّيَانِ بِغِنَاءِ بُعَاثٍ فَاضْطَجَعَ عَلَى الْفِرَاشِ وَحَوَّلَ وَجْهَهُ

ગાઈ રહી હતી. હુઝૂર બિસ્તર પર સૂઈ ગયા અને પોતાનો ચહેરો ફેરવી લીધો. અને અબૂબક્ર આવ્યા તો

**સમજૂતી : ૫૯૩**

**درق** : ચામડાની ઢાલને કહે છે. حَرْبَةٌ حِراب નું બહુવચન છે. નાનો નેઝો. **اسود السودان**નું બહુવચન છે. કાળા રંગવાળી કોઈ ચીજ. અહીં હબ્શી મુરાદ છે **مزمارة**નો માદ્દો **زمر** છે જેનો અર્થ તે અવાજ છે જે જેમાં સીટી હોય. તેમજ **زمر**નો અર્થ સારો અવાજ થાય છે. વાસળીને પર **مزمار** (મઝમાર) કહે છે. અહીં ગીત મુરાદ છે. **ارفده** આ હબ્શીઓના સૌથી મોટા સરદારનું નામ છે. કિતાબુન્નિકાહમાં છે : ''અને અંદાઝો લગાડો કે નાની વયની બાળકી જે ખેલની શોખિન હોય તે કેટલીવાર ઉભી રહી હશે.'' તેના બાદવાળા પ્રકરણમાં છે કે અન્સારની બે બાળકીઓ ગાતી હતી. તિબ્રાનીમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ની હદીષમાં છે : ''એમાંથી એક હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ ની સાહબઝાદી હતી.'' ઈબ્ને અબી દુન્યાએ કિતાબુલ અયનમાં

وَدَخَلَ اَبُوْبَكْرٍ فَانْتَهَرَنِیْ وَقَالَ مِزْمَارَةُ الشَّيْطَانِ

*તેમણે મને ધમકાવી અને ફર્માવ્યું, શૈતાનનો રાગ નબી ﷺની સમક્ષ ! હવે રસૂલ ﷺએ તેમના*

عِنْدَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ فَاَقْبَلَ عَلَيْهِ

*તરફ ચહેરો મુબારક કર્યો અને ઈર્શાદ ફર્માવ્યો, જવા દો ! આજે ઈદનો દિવસ છે. જ્યારે અબૂબક્ર*

رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ دَعْهُمَا فَلَمَّا غَفَلَ

*તેમનાથી ધ્યાન હટાવ્યું તો મેં બંનેને ઈશારો કર્યો તો તે ચાલી ગઈ અને એ ઈદનો*

غَمَزْتُهُمَا خَرَجَتَا وَكَانَ يَوْمَ عِيْدٍ يَّلْعَبُ السُّوْدَانُ بِالدَّرَقِ

*દિવસ હતો. હબ્શી મસ્જિદમાં ઢાલો તથા બરછીઓથી રમતા હતા. હવે ક્યાં તો મેં*

وَالْحِرَابِ فَاِمَّا سَأَلْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

*રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કરી અથવા ખૂદ હુઝૂરે જ મને પૂછ્યું, જોવા ઈચ્છો છો ? મેં અર્ઝ કરી,*

وَاِمَّا قَالَ تَشْتَهِيْنَ تَنْظُرِيْنَ فَقُلْتُ نَعَمْ فَاَقَامَنِیْ وَرَاءَهٗ خَدِّیْ

*જી હા ! તો હુઝૂરે પોતાની પાછળ મને ઉભી કરી લીધી, મારો ચહેરો હુઝૂરના ચહેરા પર હતો.*

عَلٰی خَدِّهٖ وَهُوَ يَقُوْلُ دُوْنَكُمْ يَا بَنِیْ اَرْفِدَةَ حَتّٰی اِذَا

*હુઝૂર એવું ફર્માવતા, હે બની અરફદા ! અને ત્યાં સુધી કે હું થાકી ગઈ તો મને ફર્માવ્યું,*

مَلِلْتُ قَالَ لِیْ حَسْبُكِ قُلْتُ نَعَمْ قَالَ فَاذْهَبِیْ ؏

*બસ ! મેં અર્ઝ કરી, જી હા ! તો ફર્માવ્યું, જાવ."*

*(બુખારી, ૧/૧૩૦ અલ્ ઈદૈન, અસ્સલાત–૬૫, બાબ સુન્નતલુ ઈદૈન–૧૩૦, ૧૩૫, અલજિહાદ–૪૦૮, ૨/૭૮૦ નિકાહ, ૨/૭૮૮, મુસ્લિમ–સલાત, નિસાઈ–ઈદૈન)*

બતાવ્યું છે : "એમાંથી એકનું નામ હમામા હતું." તેના બાદવાળી રિવાયતમાં છે, "અન્સારે બુઆષના દિવસે જે એકબીજાને કહ્યું હતું તે ગાઈ રહી હતી. باب اذا فاتته العيد يصلی ركعتين પ્રકરણમાં છે કે તેણીઓ દફ વગાડીને ગાઈ રહી હતી. અને આ મિનાના દિવસોમાં પ્રસંગ બન્યો હતો. બઆષ મદીનાપાકમાં કોઈ જગાનું નામ છે. અહીં હુઝૂરે અક્દસ ﷺના મદીના લાવતા પહેલાં અન્સારે કિરામના બંનેવ કબીલા અવસ તથા ખઝરજમાં ખૂબ જ ખૂનરેઝ તથા તબાહી મચાવનાર જંગોનો ક્રમ ચાલુ હતો જે એકસો વીસ વરસો સુધી રહ્યો. છેલ્લી લડાઈ જંગે બઆષ હતી. એમાં હઝરત ઉસૈદના વાલિદ હુઝૈર અવસના સરદાર હતા. જે આ લડાઈમાં ઝખ્મી થયા અને ઝખ્મોના કારણે મુદ્દત પછી અલ્લાહને પ્યારા થઈ ગયા. અને ખઝરજના સરદાર અમ્ર બિન નોઅમાન હતા. પહેલાં ખઝરજનું પલ્લુ ભારે હતું પણ બાદમાં તેઓ કમજોર પડી ગયા. આ જંગમાં અન્સાર

حدیث ۵۹۴ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ كَانَ

''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે **[હદીષ : ૫૯૪]**

رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَا یَغْدُوْا یَوْمَ الْفِطْرِ حَتّٰی

રસૂલુલ્લાહ ﷺ યૌમે ફિત્રએ (નમાઝના માટે) એ સમય સુધી

یَاْكُلَ تَمَرَاتٍ وَقَالَ مُرَجَّیْ بْنُ رَجَاءٍ حَدَّثَنِیْ عُبَیْدُ اللّٰهِ بْنُ اَبِیْ بَكْرٍ

તશરીફ ન લઈ જતા જ્યાં સુધી થોડીક ખારેકો ન ખાઈ

નોઅમાનને એક તીર વાગ્યું અને મૃત્યુ પામ્યો, તો ખઝરજ મેદાન છોડીને ભાગી ગયા અને જંગ ખત્મ થઈ ગઈ. આ જંગમાં અન્સારના મોટા મોટા નામવર મારી નાખવામાં આવ્યા અને અન્સારની શક્તિ ફના થઈ ગઈ એટલા માટે ખઝરજના કેટલાક હઝરાત મક્કા મોઅઝ્ઝમા આવ્યા હતા કે કુરૈશથી આપસમાં સહકારનો ક઼રાર કરે, કે હુઝૂરે અક઼દસ ﷺ એમની પાસે તશરીફ લઈ ગયા અને એમણે એવું કહીને કે અમે જે કામ માટે આવ્યા છીએ એ એનાથી વધીને છે ઈસ્લામ સ્વીકારી લીધો. જેમ કે ભાગ–૧, હદીષ–૧૮ હેઠળ આવી ગયું. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે જંગે બઆષે જ અન્સારને ઈસ્લામથી પાવન કર્યા. સામાન્યતઃ એવું બને છે કે સરદારી તથા બડાઈનો ઘમંડ હક઼્ના સ્વીકારના માર્ગમાં આડરૂપ બને છે. આ જંગમાં એવા સર્વ સરદારો ખત્મ થઈ ગયા હતા અને જેઓ બચ્યા હતા તેઓ સહારાની તલાશમાં હતા. જ્યારે રહમતે આલમનો દામને કરમ મળ્યો તો એમાં પનાહ (શરણ) લઈ લીધી. પ્રકરણ **باب اذا فاتته العيد**માં એવું છે કે હુઝૂરે પોતાને કપડાથી ઢાંકી લીધા હતા. હિશામની રિવાયતમાં એટલું અધિક છે કે હુઝૂરે હઝરત અબૂ બક્રથી ફર્માવ્યું, દરેક ક઼ૌમના માટે ઈદ છે અને આ આપણી ઈદ છે. હુઝૂરે અક઼દસ ﷺ કપડુ ઓઢીને સૂતા હતા જેથી હઝરત અબૂબક્રએ એ ખયાલ કર્યો કે હુઝૂરની અજાણતામાં તેણીઓ ગાઈ રહી છે અને સામાન્યતઃ એ માલૂમ હતું કે ગાવુ વગાડવું ઈસ્લામમાં મના છે, એટલા માટે હઝરત અબૂબક્રએ એ બાળકીઓને તતડાવી. નિસાઈ (ઈદૈન–૨૩૬)માં છે કે ઉમ્મુલ મો'મિનીન ફર્માવે છે કે અમે શોર તથા બાળકોનો અવાજ સાંભળ્યો તો નબી ﷺ ઉઠયા અને જોયું કે હબ્શી મસ્જિદમાં રમી રહ્યા છે અને બાળકોએ તેમને ઘેરેલા છે તો મને ફર્માવ્યું, હુમૈરા ! જોવા ચાહે છે ?! મેં હકારમાં જવાબ આપ્યો. એમાં એ પણ છે કે હુઝૂર વારંવાર પૂછતા, શું તું ધરાઈ નથી ? શું તું ધરાઈ નથી ? હું કહેતી, ના ! જેથી કરીને મારી જે હૈસિયત હુઝૂરની નજીક છે તે જોઈ લઉં. (ઉમ્દતુલ ક઼ારી–૨૭૦) **باب من فاتته العيد**માં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ આવ્યા અને હબ્શીઓને મના કર્યુ. એક રિવાયતમાં છે કે કાંકરી મારવા લાગ્યા તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, હે ઉમર ! બની અરફદાને અમાન આપો. આ હદીષથી સાબિત થયું કે નાની બાળકીઓનો અવાજ ઔરત (છુપાવવાની ચીજ) નથી. શાદી, ઈદ વગેરેના પ્રસંગે એવું ગીત જે બિભત્સ ન હોય તથા ખરાબીવાળુ ન હોય ગાવુ સાંભળવું જાઈઝ છે. દફ જ્યારે ઝાંઝર વિનાની હોય તો વાંધો નથી. પ્રેક્ટિસના માટે તલ્વાર, ભાલા વગેરે આપસમાં ચલાવવા જાઈઝ છે.

**સમજૂતી : ૫૯૪** ઈદુલ ફિત્રના દિવસે નમાઝથી પહેલાં કોઈ મીઠી ચીજ ખાઈને ઈદગાહ જવું મુસ્તહબ છે જો ખારેકો અથવા ખજૂરો હોય તો ઓર બેહતર છે. આજકાલ આમ રિવાજ છે કે ઈદના દિવસે લોકો સેવો ખાઈ છે, એનાથી પણ સુન્નત અદા થઈ જશે. શરહ લખનારાઓએ ખારેકો ખાવાની હિકમત એ બતાવી કે એમાં મીઠાશ હોય છે જે આંખની રોશની વધારે છે અને સેવો પણ મીઠી જ ચીજ છે. એને બિદઅત કહેવું જેહાલત છે.

قَالَ حَدَّثَنِی اَنَسٌ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ وَیَاْکُلُهُنَّ وِتْرًا

લેતા અને એને એકી સંખ્યામાં ખાતા." (બુખારી ૧/૧૩૦ ઈદૈન)

## حدیث ۵۹۵

**[હદીષ : ૫૯૫]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ قَالَ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ કહ્યું કે

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَنْ ذَبَحَ قَبْلَ الصَّلٰوۃِ فَلْیُعِدْ

નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે નમાઝથી પહેલાં કુર્બાની કરી લીધી છે તે બીજીવાર કરે. તો એક સાહબ

فَقَامَ رَجُلٌ فَقَالَ هٰذَا یَوْمٌ یُشْتَهٰی فِیْہِ اللَّحْمُ وَذَكَرَ مِنْ جِیْرَانِہٖ

ઉભા થયા અને અર્ઝ કરી, શું આ એવો દિવસ છે જેમાં ગોશ્તની ખ્વાહિશ કરવામાં આવે છે અને પોતાના

فَكَاَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ صَدَّقَہٗ قَالَ وَعِنْدِیْ

પડોશીઓનો પણ ઉલ્લેખ કર્યો. નબી صلی اللہ علیہ وسلم એ એને સાચુ જાણ્યું. તેમણે અર્ઝ કરી, મારી પાસે બકરીનું

جَذَعَةٌ اَحَبُّ اِلَیَّ مِنْ شَاتَیْ لَحْمٍ فَرَخَّصَ لَہُ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

એક વરસથી ઓછાનુ એક બચ્ચુ છે જે મને બે ગોશ્તવાળી બકરીઓથી અધિક પ્રિય છે. તો તેમને

عَلَیْہِ وَسَلَّمَ فَلَا اَدْرِیْ اَبَلَغَتِ الرُّخْصَةُ مَنْ سِوَاہُ اَمْ لَا

નબી صلی اللہ علیہ وسلم એ ઈજાઝત આપી દીધી. હું નથી જાણતો કે આ ઈજાઝત તેમના સિવાય પણ કોઈને છે કે નથી ?"

(બુખારી ૧/૧૩૦ ઈદૈન, ૧/૧૩૪, ૨/૮૩૨ અલ ઈઝાહી, ૨/૨૩૪, મુસ્લિમ–અલઝબાએહ, નિસાઈ–સલાત)

**સમજૂતી : ૫૯૫–૫૯૬**

جذعة : ઈમામ કાઝી અયાઝે ફર્માવ્યું. **جذعة 'ભેળયા' બકરીના તંદુરુસ્ત તાજા બચ્ચાને કહે છે જે એક વરસથી ઓછી ઉમરનું હોય.** કામૂસમાં છે કે જે બચ્ચાના હજી દાંત ન જામ્યા હોય જે જઝઅહ્ (**جزعه**) કહેવામાં આવે છે. અહીં જઝઅહ્થી બકરીનુ બચ્ચુ મુરાદ છે. એના માટે બીજી રિવાયત નસ (દલીલ) છે. અલ્ ઈઝાહીમાં **باب قول النبی صلی اللّٰہ تعالٰی علیه وسلم لابی بردة** માં આ ખુલાસો છે : **وان لی داجنامن المعز** "મારા માટે બકરીનુ એક બચ્ચુ છે." અને એ બચ્ચુ એક વરસથી ઓછી વયનુ હતું. એના પર બીજી રિવાયતો સ્પષ્ટપણે દલીલ પૂરી પાડે છે. **باب التكبیر للعید** માં છે : **الاضاحی باب الذبح بعد العید** અને **وجذعة خیر من مُسِنَّةٍ** "અને મારી પાસે એક બચ્ચુ છે જે સાલભરવાળા કરતાં સારુ છે." તદ્ઉપરાંત બાદનો

حدیث ۵۹۶ عن البراء بن عازب رضی اللہ تعالی عنہما

''હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ યૌમે અદહામાં ખુત્બો આપ્યો, [હદીષ :૫૯૬]

قال خطبنا النبی صلی اللہ تعالی علیہ وسلم یوم الاضحی بعد

આવું ફર્માવ્યું : જેણે અમારી જેમ નમાઝ પઢી અને અમારી જેમ કુર્બાની કરી તો એની કુર્બાની દુરુસ્ત થઈ.

الصلوۃ فقال من صلی صلوتنا و نسک نسکنا فقد اصاب

અને જેણે નમાઝથી પહેલાં કુર્બાની કરી તો તે નમાઝથી પહેલાં છે અને તેની કુર્બાની ન થઈ. એના પર અબૂ

النسک ومن نسک قبل الصلوۃ فانہ قبل الصلوۃ ولا نسک لہ فقال ابو بردۃ

બુર્દા બિન નિયાર હઝરત બરાઅ્ના મામાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં મારી બકરીની કુર્બાની નમાઝથી

بن نیار خال البراء یا رسول اللہ فانی نسکت شاتی

પહેલાં કરી નાખી, અને હું એવું સમજ્યો કે આજનો દિવસ ખાવા પીવાનો છે અને મેં એવું પસંદ કર્યું કે મારી

قبل الصلوۃ وعرفت ان الیوم یوم اکل وشرب واحببت

બકરી સૌથી પહેલી હોય જે મારા ઘરમાં ઝબહ કરવામાં આવે, એટલા માટે મેં મારી બકરી ઝબહ કરી નાખી

ان تکون شاتی اول شاۃ تذبح فی بیتی فذبحت شاتی

અને નમાઝ માટે આવતા પહેલાં ખાઈ પણ નાખી છે. ઈર્શાદ ફર્માવ્યો, તારી બકરી ગોશ્તની બકરી છે.

وتغدیت قبل ان اتی الصلوۃ قال شاتک شاۃ لحم

તો તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારી પાસે બકરીનું એક બચ્ચુ છે

فقال یا رسول اللہ فان عندنا عناقا لنا جذعۃ احب

જે એક વરસથી ઓછાનું છે તે મને બે બકરીઓથી અધિક પસંદ છે, શું તે મારા તરફથી

الی من شاتین افتجزی عنی قال نعم ولن

પૂરતુ થશે ? ઈર્શાદ ફર્માવ્યો, હા ! અને તારા પછી

ઈર્શાદ : لن تجزی عن احد بعدک ''તારા પછી કોઈના માટે પૂરતુ ન થશે.'' પણ એના પર નિશાની છે કે એનાથી મુરાદ બકરીનું વરસભરથી ઓછી વયનુ બચ્ચુ છે. એટલા માટે કે ભેળ તથા ઘેટાનું છ માસનુ બચ્ચુ જે જોવામાં સાલભરનું જણાતુ હોય એકમતિએ તેની કુર્બાની દુરુસ્ત છે.

**મસાઈલ** : આપણે ત્યાં ઈદોની નમાઝ વાજિબ છે. એની દલીલ હુઝૂરે અકદસ ﷺનું એને સંપૂર્ણ

تُجْزِئ عَنْ اَحَدٍ بَعْدَكَ

કોઈના માટે પૂરતુ ન થશે."

(બુખારી ૧/૧૩૦, ૧/૧૩૧ ઈદૈન, ૧/૧૩૨, ૨/૮૩૨, ૮૩૩, ૮૩૪ અલ્ ઈઝાહી, ૨/૯૮૭ અલઈમાન, અબૂ દાઊ–ઝહાયા, નિસાઈ–ઝહાયા)

## حديث ۵۹۷

**[હદીષ : ૫૯૭]**

عَنْ اَبِي سَعِيْدِنِ الْخُدْرِيِّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

'હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ

قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَخْرُجُ يَوْمَ الْفِطْرِ

ફર્માવ્યું કે નબી ﷺ ઈદુલ ફિત્ર તથા ઈદુલ્ અદહાના દિવસે ઈદગાહ તશરીફ લઈ જતા, સૌ

وَالْاَضْحٰى اِلَى الْمُصَلّٰى فَاَوَّلُ شَيْءٍ يَبْدَأُ بِهِ الصَّلٰوةُ ثُمَّ

પ્રથમ નમાઝ પઢતા પછી રુખ બદલતા અને લોકો પ્રતિ મોઢુ કરીને ઉભા થતા અને લોકો પોત

يَنْصَرِفُ فَيَقُوْمُ مُقَابِلَ النَّاسِ وَالنَّاسُ جُلُوْسٌ عَلٰى

પોતાની સફો પર બેઠેલા રહેતા તો તેમને નસીહત કરતા અને તેમને હુકમ આપતા. હવે જો ક્યાંક

صُفُوْفِهِمْ فَيَعِظُهُمْ وَيُوْصِيْهِمْ وَيَاْمُرُهُمْ فَاِنْ كَانَ

મોકલવાનું હોતુ તો તેને અલગ કરી આપતા અથવા કોઈ વાતનો હુકમ આપવા ચાહતા તો તેનો હુકમ

પાબંદીની સાથે અદા કરવું છે, એ રીતે કે કદી ન ત્યજી. શયખુલ ઈસ્લામે એના માટે આ આયતે કરીમાથી દલીલ કરી છે : وَلِتُكْمِلُوا الْعِدَّةَ وَلِتُكَبِّرُوا اللّٰهَ عَلٰى مَا هَدٰىكُمْ "રમઝાનની ગણત્રી પૂર્ણ કરો અને અલ્લાહની બડાઈ બયાન કરો એના માટે કે એણે તમને હિદાયત આપી." (સૂરએ બકરહ–૧૮૫) આ આયતે કરીમામાં તકબીરથી મુરાદ નમાઝે ઈદુલ ફિત્ર છે એ જ પ્રમાણે ઈદે અદહાનું વાજિબ હોવું આનાથી સાબિત છે કે ફર્માવ્યું : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ "તમારા રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો." *(સૂરએ કૌષર–૨)*

**સમજૂતી : ૫૯૭**

કષીર ઈબ્ને સલત બિન મુઆવિયહ કંદી રિસાલતકાળમાં પેદા થયા અને ફારૂકી યુગમાં પોતાના ભાઈની સાથે મદીના હાજર થયા અને ત્યાં જ વસી ગયા અને બની જમઅના ટેકેદાર બની ગયા. અને એમનું નામ કલીલ હતું તો હઝરત ઉમરે બદલીને કષીર રાખ્યું. ઈદગાહની પાસે કિબ્લારુખ એમનું ખૂબ જ મોટુ મકાન હતું, એટલા માટે એમણે મિમ્બર બનાવ્યો હતો. એ મિમ્બર કાચી ઈંટો વડે બનાવ્યો હતો.

يُرِيدُ اَنْ يَقْطَعَ بَعْثًا قَطَعَهٗ اَوْ يَاْمُرَ بِشَيْئٍ اَمَرَ بِهٖ

આપતા પછી પાછા ફરતા. હઝરત અબૂ સઈદે ફર્માવ્યું,

ثُمَّ يَنْصَرِفُ فَقَالَ اَبُوْسَعِيْدٍ فَلَمْ يَزَلِ النَّاسُ عَلٰى

લોકો એ જ તરીક઼ા પર રહ્યા ત્યાં સુધી કે હું મરવાનની સાથે ઈદગાહ ગયો અને

ذٰلِكَ حَتّٰى خَرَجْتُ مَعَ مَرْوَانَ وَهُوَ اَمِيْرُ الْمَدِيْنَةِ فِيْ اَضْحٰى

તે **મદીનાનો** હાકિમ હતો. ઈદુદ્દોહા કે ઈદુલ ફિત્રમાં જ્યાં અમે ઈદગાહ

اَوْ فِطْرٍ فَلَمَّا اَتَيْنَا الْمُصَلّٰى اِذَا مِنْبَرٌ بَنَاهُ كَثِيْرُ بْنُ الصَّلْتِ

પહોંચ્યા તો જોયું કે એક મિમ્બર છે જેને કષીર બિન સલતે બનાવ્યું છે, અને મરવાન

فَاِذَا مَرْوَانُ يُرِيْدُ اَنْ يَرْتَقِيَهٗ قَبْلَ اَنْ يُصَلِّيَ فَجَبَذْتُ

ચાહતો હતો કે મિમ્બર પર ચઢે, તો મેં તેનું કપડુ પકડીને તેને ખેંચ્યો, એના પર એણે

بِثَوْبِهٖ فَجَبَذَنِيْ فَارْتَفَعَ فَخَطَبَ قَبْلَ الصَّلٰوةِ فَقُلْتُ لَهٗ

મને ખેંચ્યો અને મિમ્બર પર નમાઝથી પહેલાં ચડી ગયો. મેં તેને કહ્યું, તેં સુન્નત બદલી નાખી,

غَيَّرْتُمْ وَاللّٰهِ فَقَالَ يَا اَبَا سَعِيْدٍ قَدْ ذَهَبَ مَا تَعْلَمُ

ખુદાની ક઼સમ ! તો તેણે કહ્યું, હે અબૂ સઈદ ! જે તમે જાણો છો તે ચાલ્યુ ગયું. તો મેં કહ્યું, જે

فَقُلْتُ مَا اَعْلَمُ وَاللّٰهِ خَيْرٌ مِّمَّا لَا اَعْلَمُ فَقَالَ اِنَّ النَّاسَ لَمْ

હું જાણું છું એ એનાથી બેહતર છે જેને હું નથી જાણતો. એના પર એણે કહ્યું,

يَكُوْنُوْا يَجْلِسُوْنَ لَنَا بَعْدَ الصَّلٰوةِ فَجَعَلْتُهَا قَبْلَ الصَّلٰوةِ

લોકો નમાઝ બાદ મારા માટે બેસશે નહીં એટલા માટે મેં એને પહેલાં કરી દીધું.''

(બુખારી ૧/૧૩૪ ઈદૈન, મુસ્લિમ–ઈદૈન)

**મસાઈલ** : આ હદીષથી આ મસાઈલ નીકળ્યા : ઈદોમાં ખુત્બો નમાઝ પછી છે. નમાઝથી પહેલાં ખુત્બાની બિદઅત મરવાને ઉભી કરી. અમ્ર બિલ્ મઅરૂફ તથા નહીં અતિલ્ મુન્કર શક્ય હોય ત્યાં સુધી ફર્ઝ છે. **ઈદની નમાઝ ઈદગાહમાં પઢવી સુન્નત છે.** ઈદગાહમાં મિમ્બર બનાવવામાં કોઈ વાંધો નથી, એટલા માટે કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ મિમ્બર બનાવવા પર કોઈ વાંધો નથી લીધો.

# حدیث ۵۹۸ تا ۶۰۱

**[હદીષ : ૫૯૮ થી ૬૦૧]**

عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّ رَسُوْلَ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ یُصَلِّیْ فِی الْاَضْحٰی وَالْفِطْرِ ثُمَّ یَخْطُبُ

ઈદે અદહા તથા ઈદુલ ફિત્રમાં નમાઝ પઢતા પછી

بَعْدَ الصَّلٰوۃِ ـــــ اَخْبَرَنِیْ عَطَاءٌ عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ

નમાઝ પછી ખુત્બો આપતા........ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما કહેતા હતા કે

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ سَمِعْتُہٗ یَقُوْلُ اِنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

નબી صلی اللہ علیہ وسلم ઈદુલ ફિત્રના દિવસે નીકળ્યા તો નમાઝ ખુત્બાથી પહેલાં પઢી. અને અતાએ ખબર આપી કે

عَلَیْہِ وَسَلَّمَ خَرَجَ یَوْمَ الْفِطْرِ فَبَدَأَ بِالصَّلٰوۃِ قَبْلَ الْخُطْبَۃِ ـ

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ, હઝરત ઈબ્ને ઝુબૈરની જ્યારે બયઅત કરવામાં આવી તો તેના શરૂમાં

وَاَخْبَرَنِیْ عَطَاءٌ اَنَّ ابْنَ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَرْسَلَ اِلَی ابْنِ

જ એવું કહેવડાવ્યું કે ઈદુલ ફિત્રના દિવસે અઝાન ન થતી હતી. અને ખુત્બો નમાઝ પછી જ છે.

الزُّبَیْرِ فِیْ اَوَّلِ مَا بُوْیِعَ لَہٗ اَنَّہٗ لَمْ یَکُنْ یُؤَذَّنُ بِالصَّلٰوۃِ یَوْمَ

અને અતાએ રિવાયત કરી કે હઝરત ઈબ્ને અબ્બાસ અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ

الْفِطْرِ وَاِنَّمَا الْخُطْبَۃُ بَعْدَ الصَّلٰوۃِ ـــــ وَاَخْبَرَنِیْ عَطَاءٌ عَنِ ابْنِ

رضوان اللہ تعالٰی علیہم اجمعین એ ફર્માવ્યું, ઈદુલ ફિત્ર અને ઈદુલ અદહામાં અઝાન ન થતી હતી.

## સમજૂતી : ૫૯૮ થી ૬૦૧

અહીં પ્રકરણનું હેડિંગ આ પ્રમાણે છે : અઝાન તથા ઈક઼ામતના વિના ઈદના માટે પગપાળા કે સવાર થઈને જવું. એના ચાર ભાગો છે : ઈદના માટે પગપાળા ચાલવું, ઈદના માટે સવાર થઈને ચાલવું, અઝાન વિના જવું, ઈક઼ામત વિના નમાઝ પઢવું. એમાંથી ત્રીજા ભાગની સાબિતી આ હદીષથી સ્પષ્ટપણે થાય છે અને ચોથાની ઈલ્તેઝામી (બીજી વાતના હેઠળ) તૌર પર કે જ્યાં અઝાન નથી ત્યાં ઈક઼ામત પણ નથી. એના બારામાં સ્પષ્ટ હદીષો પણ છે. મુસ્લિમ *(૧/૨૯૦ ઈદૈન, અબૂ દાઊદ, ૧/૧૬૩ સલાત)* વગેરેમાં હઝરત જાબિર બિન સમુરહ

عَبَّاسٍ وَعَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمْ قَالَا لَمْ یَکُنْ یُؤَذَّنُ

અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રضی اللہ عنہથી આ

یَوْمَ الْفِطْرِ وَلَا یَوْمَ الْاَضْحٰی وَعَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہِ رَضِیَ اللّٰہُ

રિવાયત છે કે નબી ﷺ ઉભા થયા તો પ્રથમ નમાઝ પઢી ત્યારબાદ લોકોને ખુત્બો

تَعَالٰی عَنْھُمَا اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَامَ فَبَدَاَ بِالصَّلٰوۃِ

આપ્યો અને જ્યારે અલ્લાહના નબી ﷺ (નમાઝથી) ફારિગ થઈ ગયા તો ઉતર્યા

ثُمَّ خَطَبَ النَّاسَ بَعْدُ فَلَمَّا فَرَغَ نَبِیُّ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

અને ઔરતોની પાસે તશરીફ લાવ્યા અને તેણીઓને નસીહત ફર્માવી. એ વખતે હુઝૂરે બિલાલના

وَسَلَّمَ نَزَلَ فَاَتَی النِّسَاءَ فَذَکَّرَھُنَّ وَھُوَ یَتَوَکَّاُ عَلٰی یَدِ بِلَالٍ

હાથ પર ટેકો લગાડેલો હતો અને બિલાલે પોતાનું કપડુ ફેલાયેલું હતું જેમાં સ્ત્રીઓ સદકો

وَبِلَالٌ بَاسِطٌ ثَوْبَہٗ تُلْقِیْ فِیْہِ النِّسَاءُ صَدَقَۃً قُلْتُ لِعَطَاءٍ اَتَرٰی حَقًّا

નાખતી હતી. ઈબ્ને જરીહે કહ્યું, મેં અતાથી પૂછયું, શું આજે પણ ઈમામ પર

عَلَی الْاِمَامِ الْاٰنَ اَنْ یَّاْتِیَ النِّسَاءَ فَیُذَکِّرَھُنَّ حِیْنَ یَفْرُغُ قَالَ

લાઝિમ છે કે નમાઝથી ફારિગ થઈને ઔરતોની પાસે આવે અને તેમને વઅઝ કરે ?

اِنَّ ذٰلِکَ لَحَقٌّ عَلَیْھِمْ وَمَا لَھُمْ اَنْ لَّا یَفْعَلُوْاءٗ

અતાએ કહ્યું, જરૂર એ એમના પર હક્ક છે, અને એમનું શું થઈ ગયું કે એવું નથી કરતા ?!

રضی اللہ عنہથી છે કે મેં કેટલીયે વાર હુઝૂર ﷺ સાથે ઈદો પઢી એમાં ન અઝાન હતી ન ઈકામત. અબૂ દાઊદ (૧/૧૬૩ સલાત)માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ અને અબૂબક્ર તથા ઉમર અને ઉષ્માને ઈદો અઝાન તથા ઈકામત વિના પઢી. ઈદોમાં અઝાન તથા ઈકામત નથી. ફક્ત બે વાર **اَلصَّلٰوۃُ جَامِعَۃٌ** કહેવાની ફકીહોએ ઈજાઝત આપી છે. એ બિના પર ઈમામ ઝુહરીથી એક મુરસલ હદીષમાં આવેલ છે કે રસૂલુલ્લાહ ﷺ ઈદોના દિવસે મોઅઝ્ઝિનને હુકમ આપતા કે તેઓ આવું પોકરતા : **اَلصَّلٰوۃُ جَامِعَۃٌ** (ફત્હુલબારી, ૨/૩૭૭) અલ્બત્ત પ્રથમ તથા બીજા ભાગોની સાબિતી જાહેર નથી.

**હું કહું છું** : જાહેર છે કે હુઝૂરે અક્દસ ﷺ એ બંનેવ તરીકાઓમાંથી કોઈ એક તરીકાથી ગયા હશે, રિવાયતમાં ખાસ વર્ણવ્યું નથી. જો પગપાળા કે સવારી પર જવું ફર્ઝ કે વાજિબ હોત તો સહાબાએ કિરામ વર્ણન કરતા. એના પરથી જાણવા મળ્યું કે બંને રીતે જવું જાઈઝ છે અલ્બત્ત અફઝલ એ છે કે પગપાળા જાય. તેમજ ઈબ્ને માજહ (ઈદૈન–૬૯)માં હઝરત સઅદ કરઝ તથા હઝરત ઉમરથી એ રિવાયત છે કે પગપાળા જતા પણ

અને પરત આવતા પણ. તિર્મિઝી (૧/૬૯ ઈદૈન)માં છે કે હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું, સુન્નત એ છે કે ઈદગાહ પગપાળા જાય અને જતાં પહેલાં કાંઈક ખાઈ લે. એટલા માટે કે તિબ્રાનીમાં મોઅજમે કબીરમાં મુહમ્મદ બિન ઓબૈદુલ્લાહ બિન રાફેઅ અન અબીહ અન જદ્દહ રાવી છે કે નબી ﷺ ઈદગાહ પગપાળા જતા હતા. પગપાળા એટલા માટે તશરીફ લઈ જતા હતા કે ઈદગાહ મસ્જિદે અક્દસથી કેવળ હજાર હાથના અંતરે હતી. (ઉમ્દતુલ કારી, ૬/૨૭૯) હવે જો ઈદગાહ ઘણા દૂર હોય જેમ કે હિંદુસ્તાનમાં સામાન્યતઃ ઈદગાહો શહેરથી બહાર માઈલ બે માઈલ બલ્કે એનાથી પણ વધુ દૂર હોય છે તો સવારી (વ્હિકલ) પર જવામાં કાંઈ વાંધો નથી.

**وارسل الی ابن الزبیر** : રબીઉલ અવ્વલના આખરમાં હિ.સ. ૬૪માં યઝીદ પલીદ હલાક થઈ ગયો. તેના ખતમ થઈ જવાની ખબર ૧–રબીઉલ આખરમાં મળી જ્યારે કે હુસૈન બિન નુમૈરે મક્કા મોઅઝ્ઝમાને ઘેરો ઘાલેલો હતો અને ગોફણ (મિન્જિનિક્) વડે પથ્થર તથા આગ વરસાવી રહ્યો હતો. તેણે ઉમ્મે ફરવા નામની મિન્જિનિક્ વડે આગ ફેંકી જેનાથી કાબાનો પડદો અને અમુક કડીઓ સળગી ગઈ. રુકને યમાની, રુકને અસ્વદની દીવાલ ત્રણ જગાએથી ફાટી ગઈ અને આખી દીવાલ કાળી થઈ ગઈ. એ જ અરસામાં યઝીદના મરવાની ખબર મળી. જ્યારે શામવાસીઓને એની ખબર મળી તો હુસૈન બિન નુઝૈરે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરથી કહ્યું, જેના માટે આપણે લડી રહ્યા હતા તે મરી ગયો, દરવાજો ખોલી આપો કે અમે તવાફ કરીને પરત થઈ જઈએ. હઝરત અબ્દુલ્લાહ બિન ઝૂબૈરે લડાઈ બંધ કરીને દરવાજો ખોલી આપ્યો. તવાફ કરતાં કરતાં હુસૈન બિન નુઝૈરે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરને કહ્યું, કે મારી સાથે શામ ચાલો હું તમારા માટે બયઅત કરાવીશ. તેમણે એની વાત પર વિશ્વાસ ન કર્યો અને તેને કડક જવાબ આપ્યો. તેણે કહ્યું, હું તમને અરબના સારા પુરૂષોમાંથી જાણતો હતો, હું તમને ખિલાફત માટે નિમંત્રી રહ્યો છું અને તમે મને કત્લની ધમકી આપી રહ્યા છો ! ત્યારબાદ હઝરત ઝુબૈરના હાથ પર ખિલાફતની બયઅત થઈ. બની ઉમૈયાએ ઈદૈનમાં અઝાન તથા ઈકામતની બિદઅત ફેલાવી દીધી હતી એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસે હઝરત ઝુબૈરની પાસે પયગામ મોકલ્યો હતો.

**ثم نزل** : આ હદીષ તથા અન્ય હદીષોમાં ખુલાસો છે કે ઈદગાહમાં મિમ્બર ન હતો. પણ અહીં હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે ખુત્બાથી ફારિગ થઈને હુઝૂર ઉતર્યા. અલ્લામા અહમદ ખતીબ કસ્તલાનીએ એ ખુલાસો કર્યો કે نزل-انتقلના અર્થના હેઠળ છે એટલે ત્યાંથી ચાલીને સ્ત્રીઓની પાસે આવ્યા.

**હું કહું છું** : એની પણ સંભાવના છે કે પુરૂષોએ જ્યાં નમાઝ પઢી હોય તે જગા ઊંચી હતી અને સ્ત્રીઓ નીચાણમાં હતી આ પ્રમાણે ચર્ચાથી نَزَلَ પોતાના હકીકી અર્થના એતબારથી બરાબર છે.

**ઈદની નમાઝ ક્યાં પઢે ?** : આજકાલ ગૈર મુકલ્લિદોના એક તબકાએ એવો ફત્વો આપ્યો છે કે ઈદોની નમાઝ આબાદીમાં સહીહ નથી, એટલા માટે કે હુઝૂરે અક્દસ ﷺએ આબાદીમાં મસ્જિદે નબવી હોવા છતાં નમાઝ ન પઢી, બલ્કે મેદાનમાં પઢી.

**હું કહું છું** : એ સહીહ છે કે હુઝૂરે અક્દસ ﷺએ મસ્જિદે નબવીમાં ઈદોની નમાઝ નથી પઢી પણ એવું કહેવું ગલત છે કે જંગલમાં પઢી. હુઝૂરે અક્દસ ﷺ જ્યાં ઈદોની નમાઝ પઢતા હતા એ જગા મદીના પાકની વચ્ચે હતી. ઉમ્દતુલ કારી (૬/૨૮૦)માં છે કે કષીર બિન સલતનું ઘર બત્હાનના કિનારે મદીના વચ્ચે હતું. મસ્જિદે અક્દસમાં એટલી જગા ન હતી કે સર્વ લોકો સમાઈ શકે એટલા માટે ત્યાં મેદાનમાં પઢતા હતા. એટલા માટે ફતહે મક્કા પછી જ્યારે મસ્જિદે હરામમાં ઈદોની નમાઝ કાયમ થઈ તો એમને મેદાનમાં પઢવાનો હુકમ નથી આપ્યો. તે લોકો મસ્જિદે હરામમાં જ ઈદોની નમાઝ પઢતા રહ્યા, ત્યાં પઢવાની રોક્યા નથી. એ દલીલ છે કે મસ્જિદમાં પણ ઈદોની નમાઝ વિના કરાહત દુરુસ્ત છે પણ ઈદગાહમાં જઈને પઢવી અફઝલ છે.

حدیث ۶۰۲ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ

[હદીષ : ૬૦૨] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું,

شَهِدْتُ الْعِيْدَ مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاَبِىْ بَكْرٍ

હું ઈદમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માનની સાથે હાજર થયો. એ સૌ હઝરાત

وَّعُمَرَ وَعُثْمَانَ فَكُلُّهُمْ كَانُوْا يُصَلُّوْنَ قَبْلَ الْخُطْبَةِ ۔

ખુત્બાથી પહેલાં નમાઝ પઢતા." (બુખારી ૧/૧૩૧ ઈદૈન, ૨/૭૨૭ તફસીરે સૂરએ મુમ્તહિના, મુસ્લિમ, અબૂ દાઊદ)

حدیث ۶۰۳ عَنِ ابْنِ عُمَرَ قَالَ كَانَ النَّبِىُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

[હદીષ : ૬૦૩] "હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم અને

عَلَيْهِ وَسَلَّمَ وَاَبُوْبَكْرٍ وَّعُمَرُ يُصَلُّوْنَ الْعِيْدَيْنِ قَبْلَ الْخُطْبَةِ ۔

અબૂબક્ર તથા ઉમર ઈદોની નમાઝ ખુત્બાથી પહેલાં પઢતા હતા."

(બુખારી ૧/૧૩૧ ઈદૈન, ૧/૧૩૩, ૧/૧૩૫, ૧/૧૯૨ લિબાસ, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)

حدیث ۶۰۴ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ النَّبِىَّ

[હદીષ : ૬૦૪] "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ صَلَّى يَوْمَ الْفِطْرِ رَكْعَتَيْنِ لَمْ يُصَلِّ قَبْلَهَا

ઈદુલ ફિત્રના દિવસે બે રકાત નમાઝ પઢી, ન એનાથી પહેલાં કોઈ નમાઝ પઢી ન એના પછી.

وَلَا بَعْدَهَا ثُمَّ اَتَى النِّسَاءَ وَمَعَهُ بِلَالٌ فَاَمَرَهُنَّ بِالصَّدَقَةِ

નમાઝથી ફારિગ થઈને ઔરતોની પાસે આવ્યા અને હુઝૂરની સાથે બિલાલ હતા. હુઝૂરે તેણીઓને સદક઼ો

فَجَعَلْنَ يُلْقِيْنَ تُلْقِى الْمَرْاَةُ خُرْصَهَا وَسِخَابَهَا ۔

કરવાનો હુકમ આપ્યો તો સદક઼ો આપવા માંડી. હેરીંગ તથા હાર બિલાલના કપડામાં નાખવા લાગી."

(ઈદૈન ૧/૧૩૧)

## સમજૂતી : ૬૦૨ થી ૬૦૪

એ જ અમારો મઝહબ છે કે **ઈદની નમાઝથી પહેલાં કોઈ પણ નફ્લ પઢવી મકરૂહ છે, ચાહે ઘરમાં પઢે કે ઈદગાહમાં.** એના પર ઈજમાઅ છે કે ઈદોની નમાઝ બે રકાત છે.

ت ١٨٠ وَقَالَ الْحَسَنُ نُهُوا اَنْ يَّحْمِلُوا السِّلَاحَ

[તઅલીક઼ : ૧૮૦] "અને ઈમામ હસન બસરીએ ફર્માવ્યું, ઈદના દિવસે હથિયાર લઈને

يَوْمَ الْعِيْدِ اِلَّا اَنْ يَّخَافُوْا عَدُوًّا ؏

જવાથી લોકોને મના કરી દેવામાં આવ્યું પણ એ કે કોઈ દુશ્મનનો ખતરો હોય." (બુખારી, ૧/૧૩૨ ઈદૈન)

حديث ٦٠٥ عَنْ سَعِيْدِ بْنِ جُبَيْرٍ قَالَ كُنْتُ مَعَ ابْنِ عُمَرَ

[હદીષ : ૬૦૫] "હઝરત સઈદ બિન જુબૈર શહીદથી રિવાયત છે કે હું એ વખતે ઈબ્ને ઉમરની

حِيْنَ اَصَابَهٗ سِنَانُ الرُّمْحِ فِيْ اَخْمَصِ قَدَمِهٖ فَلَزِقَتْ

સાથે હતો જ્યારે તેમના પગોના તળિયામાં ભાલાની અણી વાગી હતી એવી કે

قَدَمُهٗ بِالرِّكَابِ فَنَزَلْتُ فَنَزَعْتُهَا وَذٰلِكَ بِمِنًى فَبَلَغَ الْحَجَّاجُ

તેમનો પગ પેંગડાથી ચિપકી ગયો હતો. હું સવારીથી ઉતર્યો અને એને કાઢયો.

فَجَاءَ يَعُوْدُهٗ فَقَالَ الْحَجَّاجُ لَوْ نَعْلَمُ مَنْ اَصَابَكَ فَقَالَ ابْنُ

આ મિનામાં બન્યું હતું. જ્યારે એની ખબર હજ્જાજને મળી તો તે અયાદત (ખબર લેવા) આવ્યો અને

عُمَرَ اَنْتَ اَصَبْتَنِيْ قَالَ وَكَيْفَ قَالَ حَمَلْتَ السِّلَاحَ فِيْ

કહ્યું, કાશ ! હું જાણતો કે કોણે ભોંક્યો છે ! તો ઈબ્ને ઉમરે ફર્માવ્યું, તેં ભોંક્યો છે ! તેણે કહ્યું, કેવી રીતે ?! તો

يَوْمٍ لَمْ يَكُنْ يُحْمَلُ فِيْهَا وَاَدْخَلْتَ السِّلَاحَ الْحَرَمَ

ફર્માવ્યું, તું તે દિવસે હથિયાર લાવ્યો જે દિવસે હથિયાર ન લાવવામાં આવતુ હતું. તેં હરમમાં

وَلَمْ يَكُنِ السِّلَاحُ يُدْخَلُ فِي الْحَرَمِ ؏

હથિયાર દાખલ કર્યું જ્યારે કે હરમમાં હથિયાર દાખલ કરવામાં નથી આવતુ." (બુખારી ૧/૧૩૨ ઈદૈન)

**સમજૂતી : તઅલીક઼ : ૧૮૦, હદીષ : ૬૦૫-૬૦૬**

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما હજ્જાજના જુલ્મો સિતમ પર હમેશાં ટીકા કરતા રહેતા હતા. હજ્જાજે અબ્દુલમલિક ઈબ્ને મરવાનને ફરિયાદ કરી તો તેણે હજ્જાજને હુકમ આપ્યો કે ઈબ્ને ઉમરનો વિરોધ ન કર. તેણે એક શખ્સને હુકમ આપ્યો, તેણે મુઝદલ્ફાથી પરત થતાં મિનામાં ભીડ કરીને ઝહેર મિશ્રિત ભાલો તેમના પગમાં ભોંકી આપ્યો તેના સદમાથી કેટલાક દિવસ બીમાર રહ્યા અને વિસાલ ફર્માવી ગયા. હજ્જાજે જનાઝાની નમાઝ પઢાવી. મુહાજિરોને ક઼બ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા.

## حديث ٦٠٦

**[હદીષ : ૬૦૬]**

حَدَّثَنِی اِسْحٰقُ بْنُ عَمْرِو بْنِ سَعِیْدِ بْنِ الْعَاصِ

"અમ્ર બિન સઈદ ઉમવીએ કહ્યું : હજ્જાજ, ઈબ્ને ઉમરની પાસે આવ્યો

عَنْ اَبِیْهِ قَالَ دَخَلَ الْحَجَّاجُ عَلَی ابْنِ عُمَرَ وَاَنَا عِنْدَهٗ قَالَ

અને કહ્યું, કેમ છો ? ફર્માવ્યું, સારો છું. તેણે કહ્યું, કોણે ભાલો માર્યો છે ?

کَیْفَ هُوَ قَالَ صَالِحٌ فَقَالَ مَنْ اَصَابَكَ قَالَ اَصَابَنِیْ مَنْ

ફર્માવ્યું, જેણે એ દિવસે હથિયાર લાવવાનો હુકમ આપ્યો જે દિવસે હથિયાર લાવવું હલાલ નથી.

اَمَرَ بِحَمْلِ السِّلَاحِ فِیْ یَوْمٍ لَا یَحِلُّ فِیْهِ حَمْلُهٗ یَعْنِی الْحَجَّاجَ ـ

એમની મુરાદ હજ્જાજ હતો." (ઉપર મુજબ)

ت ١٨١ وَقَالَ عَبْدُ اللّٰهِ بْنُ بُسْرٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ

**[તઅલીક઼ : ૧૮૧]** "અને હઝરત અબ્દુલ્લાહ બિન સુબ્ર رضی اللہ عنہ એ ફર્માવ્યું,

اِنْ كُنَّا فَرَغْنَا فِیْ هٰذِهِ السَّاعَةِ وَذٰلِكَ حِیْنَ التَّسْبِیْحِ ـ

અમે એ વખતે ઈદની નમાઝથી પરવારી જતા હતા અને એ ચાશ્તની નમાઝનો સમય હતો." (ઉપર મુજબ)

**ઈદના દિવસે હથિયાર :** ઈદમાં આખુ શહેર એકત્ર થાય છે. દોસ્ત દુશ્મન સૌ એકત્ર થાય છે. હથિયાર રાખવામાં ખતરાઓ છે એટલા માટે ઈદોના પ્રસંગે ઈદગાહો પર હથિયાર લઈ જવું મના છે. ઈબ્ને માજહ (ઈદૈન–૯૪)માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે હુઝૂરે અક઼દસ ﷺ એ ઈસ્લામી શહેરોમાં ઈદોમાં હથિયાર લગાડીને જવાથી મના ફર્માવ્યું, પણ એ કે દુશ્મન જો મુક઼ાબલામાં હોય.

**પ્રકરણની સાબિતી :** અહીં ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે : "ઈદ અને હરમમાં હથિયાર લઈ જવું મના છે." ઈમામ હસન બસરીના ઈર્શાદથી ઈદો તથા હઝરત ઈબ્ને ઉમરના ઈર્શાદથી હરમમાં હથિયાર લઈ જવાની સ્પષ્ટપણે મનાઈ સાબિત છે. હઝરત ઈબ્ને ઉમરના આ ઈર્શાદથી કે તું તે દિવસે હથિયાર લાવ્યો જે દિવસે હથિયાર ન લાવવામાં આવતુ હતું. સ્પષ્ટપણે એ સાબિત થાય છે કે મિનામાં મિનાના દિવસોમાં હથિયાર લાવવું મના છે. ઈલ્લત (સબબ) દરેક પ્રકારના લોકોનો સમૂહ જમા થાય છે. અને એ જ વાત ઈદોમાં પણ છે. એટલા માટે ઈદોમાં હથિયાર લઈ જવાની એનાથી મનાઈ સાબિત થઈ.

**તઅલીક઼ : ૧૮૧ની સમજૂતી** અહીં પ્રકરણ એ છે કે, "ઈદના માટે સવારમાં જવું." આ હદીષમાં તસ્બીહથી મુરાદ ચાશ્તની નમાઝ છે, જેમ કે તિબરાનીની રિવાયતમાં છે, એટલે કરાહતનો સમય પસાર થઈ ગયા પછી. આ તઅલીક઼ને અબૂ દાઊદ (૧/૧૬૧ સલાત) તથા ઈબ્ને માજહ (ઈદૈન–૯૪)એ એ તફસીલ સાથે

ت ۱۸۲ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا وَاذْکُرُوا

**[તઅલીક઼ : ૧૮૨]** "અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, અને અલ્લાહને યાદ કરો અમુક

اللّٰہَ فِیْ اَیَّامٍ مَّعْلُوْمَاتٍ اَیَّامُ الْعَشْرِ وَ الْاَیَّامُ الْمَعْدُوْدَاتُ اَیَّامُ التَّشْرِیْقِ ۔

માલૂમ દિવસોમાં. એનાથી ઐયામુલ અશ્ર મુરાદ છે. અને અલ ઐયમિ અલ્ મઅદૂદાત, ઐયામે તશ્રીક છે."

(બુખારી ૧/૧૩૨ ઈદૈન)

ت ۱۸۳ وَکَانَ ابْنُ عُمَرَ وَاَبُوْ ھُرَیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا یَخْرُجَانِ

**[તઅલીક઼ : ૧૮૩]** "અને હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہما ઝીલ હજ્જના દસ

فِی السُّوْقِ فِی الْاَیَّامِ الْعَشْرِ یُکَبِّرَانِ وَیُکَبِّرُ النَّاسُ بِتَکْبِیْرِھِمَا ۔

દિવસોમાં બજાર જતા અને તકબીર કહેતા અને લોકો એ બંનેની તકબીર પર તકબીર કહેતા." (ઉપર મુજબ)

ت ۱۸۴ وَکَبَّرَ مُحَمَّدُ بْنُ عَلِیٍّ خَلْفَ النَّافِلَۃِ ۔

**[તઅલીક઼ : ૧૮૪]** "અને મુહમ્મદ બિન અલી (બાક઼ીર) નફ્લ નમાઝ પછી પણ તકબીર

કહેતા હતા." (ઉપર મુજબ)

حدیث ۶۰۷ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا عَنِ النَّبِیِّ

**[હદીષ : ૬૦૭]** "હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ નબી ﷺ થી

રિવાયત કરી છે કે હઝરત અબ્દુલ્લાહ બિન સુબ્ર رضی اللہ عنہ ઈદુલ ફિત્ર કે ઈદુદુહાની નમાઝના માટે ગયા. ઈમામનું મોડુ કરવું નાપસંદ પડયું તો ફર્માવ્યું, અમે આ સમય સુધી ફારિગ થઈ જતા હતા, અને એ તસ્બીહનો સમય હતો. આ પ્રકરણમાં હઝરત બરાઅ બિન આઝિબવાળી હદીષ–૫૯૬ લાવ્યા છે. પ્રકરણ માટે દલીલ આ પ્રમાણે બની કે અહીં **اول مانبدأ في يومنا هذا ان نصلي** "એ દિવસે અમે સૌથી પ્રથમ કામ એ કરતા કે નમાઝ પઢતા" વધારે છે. એનાથી સ્પષ્ટ થાય છે કે દિવસ નીકળ્યા બાદ સમય થતાં જ અમે લોકો નમાઝ પઢી લેતા.

## તઅલીક઼ : ૧૮૨ની સમજૂતી

આ તઅલીક઼ને સઈદ બિન મન્સૂરે પોતાની તફસીરમાં આ પ્રમાણે વર્ણવી છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવતા હતા, અલ્લાહની યાદ કર ઐયામે માલૂમાતમાં (જાણીતા દિવસોમાં) અને અલ્લાહનો ઝિક્ર કર ઐયામે મઅદૂદાત (અમુક દિવસો)માં. ઐયામે માલૂમાતથી ઝીલ હજ્જના દસ દિવસ મુરાદ છે અને ઐયામે મઅદૂદાતથી ઐયામે તશ્રીક (ઝીલ હજ્જ ૧૦ થી ૧૩) છે.

## સમજૂતી : તઅલીક઼ : ૧૮૩–૧૮૪, હદીષ : ૬૦૭

هذهથી મુરાદ ઝીલ હજ્જના પ્રથમ અશ્રા (દસ દિવસો) પ્રતિ નિર્દેશ છે. બલ્કે અબૂ ઝરની રિવાયતમાં **فی هذه** ની જગાએ **فی هذ العشر** છે. અને એનું સમર્થન હદીષના બીજા તરીક઼ાની રિવાયતથી પણ થાય છે.

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَا الْعَمَلُ فِىْ اَيَّامٍ

*રિવાયત કરી કે ફર્માવ્યું, એ દિવસોમાં કોઈ અમલથી અફઝલ બીજા દિવસોનો*

اَفْضَلُ مِنْهَا فِىْ هٰذِهٖ قَالُوْا وَلَا الْجِهَادُ قَالَ وَلَا الْجِهَادُ

*અમલ નથી. લોકોએ અર્ઝ કરી, જેહાદ પણ નહીં ? ફર્માવ્યું, જેહાદ પણ નહીં, પણ તે શખ્સ*

اِلَّا رَجُلٌ خَرَجَ يُخَاطِرُ بِنَفْسِهٖ وَمَالِهٖ فَلَمْ يَرْجِعْ بِشَيْئٍ ـه

*જે પોતાની જાન તથા માલને ખતરામાં નાખીને દુશ્મનથી મુકાબલો કરે અને કાંઈ પરત ન લાવે."*

*(ઉપર મુજબ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

તિર્મિઝી, મુસ્નદે ઈમામ અહમદ વગેરેમાં એ જ શબ્દ છે. બલ્કે દારમીની રિવાયતમાં **من ايام عشرذى الحجة** આવેલ છે. આ ચર્ચા જોતાં આ હદીષને પ્રકરણ સાથે કોઈ મુનાસિબત રહેશે નહીં, એટલા માટે કે પ્રકરણ આ પ્રમાણે છે : "ઐયામે તશરીકૃમાં અમલની ફઝીલત" અને ઐયામે તશરીકૃ ૧૦ થી ૧૩ ઝીલ હજ્જને કહે છે. એવું કહી શકાય છે કે ઈમામ બુખારીને "અશ્ર"વાળી હદીષ ન પહોંચી હોય અને તેમણે **فى هذه**થી ઐયામે તશરીકૃ સમજી લીધુ હોય.

**العمل** : એ પોતાના ઉમૂમ (સામાન્યપણા) પણ છે, એટલે કે ઝીલ હજ્જના પ્રથમ દસકાના નેક અમલો બીજા દસકાના નેક અમલો કરતાં અફઝલ છે ત્યાં સુધી કે જેહાદથી પણ, પરંતુ એ કે દુશ્મનના સામનામાં શહાદત નસીબ થાય અને માલ પણ જતો રહે. પણ પ્રકરણના મુનાસિબ એ સ્પષ્ટતા છે કે એ બંનેવમાં તકબીરથી અફઝલ કોઈ અમલ નથી, હવે અનાયાસે ફર્ઝો તથા વાજિબોને ખાસ કરવું પડશે. એટલા માટે ઈબ્ને બતાલે એને નફ્લો સાથે ખાસ કરેલ છે.

**فلم يرجع بشى** : એનો તર્જમો જાહેરી આ પ્રમાણે છે કે, "કાંઈ પાછુ ન લાવ્યો. **با** તઅદિયાના માટે છે. એનો મતલબ એ થયો કે ખૂદ પરત થયો પણ માલ જતો રહ્યો. પણ કેમ કે "શય" ન કરા હેઠળ નફી છે જે ઉમૂમનો ફાયદો કરે છે, જેથી મતલબ એ થયો કે ઉપર જે વર્ણવ્યું છે તેમાંથી કાંઈ પણ ન પરત થયું, જેથી જાન માલ બંનેનો સમાવેશ થયો. આ અર્થ પર અબૂ અવાનાની રિવાયત દલીલ છે : **الامن لايرجع بنفسه ولاماله** બીજા તરીકામાં છે : **الا ان لّايرجع** ત્રીજામાં છે : **الامن عقرجواده واهريق دمه**

**મસાઈલ** : આ હદીષથી સાબિત થયું કે જેહાદના પણ વિવિધ દરજાઓ છે. સૌથી અફઝલ એ છે કે શહાદત નસીબ થઈ જાય. તેમજ એ સાબિત થયું કે ઝીલ હજ્જનો પ્રથમ દસકો બીજા દસકાથી અફઝલ છે. એ પણ સાબિત થયું કે જેવી રીતે એક જગાને બીજા પર ફઝીલત હાંસલ છે એ જ પ્રમાણે એક સમયને પણ બીજા પર અગ્રતા છે. એ દિવસોમાં સૌથી અફઝલ 'અરફા' એટલે નવમી ઝીલ હજ્જનો દિવસ છે.

ت ۱۸۵ وَكَانَ عُمَرُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يُكَبِّرُ فِيْ قُبَّتِهٖ بِمِنًى

[તઅલીક઼ : ૧૮૫] "અને હઝરત ઉમર رضی اللہ عنہ મિનામાં પોતાના કુબ્બામાં તકબીર કહેતા એને

فَيَسْمَعُهٗ اَهْلُ الْمَسْجِدِ فَيُكَبِّرُوْنَ وَيُكَبِّرُ اَهْلُ الْاَسْوَاقِ حَتّٰى تَرْتَجَّ مِنًى تَكْبِيْرًا

મસ્જિદવાળા સાંભળતા તો તેઓ પણ તકબીર કહેતા, બજારવાળા પણ કહેતા,

ત્યાં સુધી કે મિના તકબીરથી ગુંજી ઉઠતું." (બુખારી ૧/૧૩૨ ઈદૈન)

ت ۱۸۶ وَكَانَ ابْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يُكَبِّرُ

[તઅલીક઼ : ૧૮૬] "અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما મિનામાં એ દિવસોમાં

بِمِنًى تِلْكَ الْاَيَّامَ وَخَلْفَ الصَّلَوَاتِ وَعَلٰى فِرَاشِهٖ

તકબીર કહેતા અને નમાઝો પછી પોતાના બિછોના પર અને પોતાના

وَفِيْ فُسْطَاطِهٖ وَمَجْلِسِهٖ وَمَمْشَاهُ وَتِلْكَ الْاَيَّامَ جَمِيْعًا

તંબૂમાં બેઠેલા રહેવાની હાલતમાં, ચાલવાની હાલતમાં, અને એ સર્વ દિવસોમાં." (ઉપર મુજબ)

ت ۱۸۷ وَكَانَتْ مَيْمُوْنَةُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا تُكَبِّرُ يَوْمَ النَّحْرِ

[તઅલીક઼ : ૧૮૭] "અને ઉમ્મુલ મો'મિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا યૌમુન્નહરમાં

તકબીર કહેતાં હતાં." (ઉપર મુજબ)

ت ۱۸۸ وَكَانَ النِّسَاءُ يُكَبِّرْنَ خَلْفَ اَبَانَ بْنِ عُثْمَانَ وَعُمَرَ

[તઅલીક઼ : ૧૮૮] "અબાન બિન ઉષ્માન તથા ઉમર બિન અબ્દુલ અઝીઝની

بْنِ عَبْدِ الْعَزِيْزِ لَيَالِيَ التَّشْرِيْقِ مَعَ الرِّجَالِ فِي الْمَسْجِدِ

પાછળ પુરૂષોની સાથે સ્ત્રીઓ પણ મસ્જિદમાં ઐયામે તશ્રીક઼માં તકબીર કહેતી હતી." (ઉપર મુજબ)

**સમજૂતી : તઅલીક઼ : ૧૮૫ થી ૧૮૮, હદીષ : ૬૦૮**

તઅલીક઼–૧૮૫ને સઈદ બિન મન્સૂરે પોતાની તફસીરમાં મૌસૂલન રિવાયત કરી છે. અને તઅલીક઼–૧૮૬ને ઈબ્ને મુન્ઝરે અને ફાકહીએ અખ્બારે મક્કામાં તથા બયહક઼ીએ પણ વર્ણન કરી છે. તઅલીક઼ ૧૮૭ને બયહક઼ીએ રિવાયત કરી છે. આ હદીષ તથા આષારના સંબંધી નીચે વર્ણવેલ વાતો છે :–

**૧.** ઐયામે તશ્રીક઼ કેટલા દિવસ છે ? સહીહ એ છે કે એ ચાર દિવસ છે. ૧૦ થી ૧૩ ઝીલ હજજ. પણ કેમ કે દસવી ઝીલ હજજનું મુસ્તક઼િલ નામ યૌમે અદહા કે યૌમે નહર છે એટલા માટે એને યૌમે તશ્રીક઼ નથી કહેતા. એની દલીલ આ હદીષ (ફત્હુલબારી, ૨/૩૮૦–૩૮૧) છે જે શઅબીથી મુરસલન્ રિવાયત પામેલ છે કે ફર્માવ્યું,

حدیث ۶۰۸ حَدَّثَنِیْ مُحَمَّدُ بْنُ اَبِیْ بَکْرٍ الثَّقَفِیُّ قَالَ سَاَلْتُ

[હદીષ : ૬૦૮] "મુહમ્મદ બિન અબૂબક્ર ષક્ફીએ કહ્યું, મેં

اَنَسَ بْنَ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ وَنَحْنُ غَادِیَانِ مِنْ مِّنًی

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ને મિનાથી અરફાત જતાં તલબિયહના

اِلٰی عَرَفَاتٍ عَنِ التَّلْبِیَۃِ کَیْفَ کُنْتُمْ تَصْنَعُوْنَ مَعَ النَّبِیِّ

બારામાં પૂછ્યું કે તમે લોકો નબી ﷺની સાથે કેવું કરતા હતા ? તો તેમણે ફર્માવ્યું,

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ کَانَ یُلَبِّی الْمُلَبِّی

તલબિયહ કહેનાર તલબિયહ કહેતો, એના પર કોઈ ઈન્કાર ન કરતો, અને

لَا یُنْکَرُ عَلَیْہِ وَ یُکَبِّرُ الْمُکَبِّرُ فَلَا یُنْکَرُ عَلَیْہِ

તકબીર કહેનાર તકબીર કહેતો અને એના પર કોઈ ઈન્કાર ન કરતો."

(બુખારી ૧/૧૩૨ ઈદૈન, મનાસિક-૨૨૫, મુસ્લિમ-હજ્જ, નિસાઈ, ઈબ્ને માજહ-મનાસિક)

જેણે તશરીક્થી પહેલાં કુર્બાની કરી તે બે વાર કરે.

**૨.** એ દિવસોમાં તકબીરે તશરીક્ વાજિબ છે. એ જ આપણો મઝહબ છે. અલ્બત્ત હઝરત ઈમામે આ'ઝમનો મઝહબ એ છે કે **કેવળ ફર્ઝો પછી એ મુકીમ પર વાજિબ છે** જેણે મુસ્તહબ જમાઅત સાથે ફર્ઝો અદા કર્યો હોય અને તે શહેરમાં હોય. એટલા માટે ન મુસાફર પર વાજિબ છે ન મુન્ફરિદ પર. ન નમાઝે વિત્ર તથા ઈદૈન તથા નવાફિલ પછી અને ન ગામડામાં નમાઝ પઢવાવાળાઓ પર. એ જ પ્રમાણે જો એકલી સ્ત્રીઓએ જમાઅત કરી તો એમના ઉપર પણ નથી. એ જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہનો મઝહબ છે. ઈમામ મુહમ્મદ તથા ઈમામ અબૂ યૂસુફે ફર્માવ્યું, **દરેક ફર્ઝ પછી છે ચાહે એકલો પઢે ચાહે જમાઅતથી, મુકીમ અથવા મુસાફિર શહેરમાં હોય કે ગામડામાં. હનફીઓનો અમલ એના ઉપર છે.** અને એ જ ઈમામ માલિકનો પણ મઝહબ છે. ઈમામ શાફઈએ ફર્માવ્યું કે ફર્ઝોની સાથે નફ્લો પછી પણ છે ત્યાં સુધી કે નમાઝે જનાઝા પછી પણ. અલ્બત્ત જો સ્ત્રીઓએ એવી જમાઅતથી નમાઝ પઢી જેમાં કોઈ મર્દ ન હોય અથવા મુસાફરોએ પઢી જેમાં કોઈ મુકીમ ન હોય તો એમના પર તક્બીર વાજિબ નથી.

**૩. તકબીરે તશરીક્** ક્યાંથી ક્યાં સુધી છે ? એમાં નવ કથનો છે. અમારો મઝહબ એ છે કે **નવમીની ફજરથી લઈને તેરમીની અસ્ર સુધી** છે.

**૪.** એ તકબીરના કલમા (શબ્દો) શું છે ? આપણે ત્યાં અગ્રતા આ શબ્દોને છે :-

**الله اکبر الله اکبر لا اله الا الله والله اکبر الله اکبر ولله الحمد** એ જ હઝરત ઉમર તથા હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہماનો કૌલ છે. અને એ જ ઈમામ અહમદનો પણ મઝહબ છે.

હઝરત ઉમર رضی اللہ عنہના અષરનો મતલબ એ છે કે તેમનો તંબૂ મસ્જિદે ખૈફમાં લાગતો, તે નમાઝ બાદ તકબીર કહેતા તો મસ્જિદના સર્વ લોકો અને બજારવાળા જેઓ નમાઝમાં શરીક થતા તકબીર કહેતા. અથવા એ

حدیث ۶۰۹ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ-

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, (ઈદના ખુત્બા પછી) **[હદીષ : ૬૦૯]**

خَرَجَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَاَنِّیْ اَنْظُرُ اِلَیْہِ

નબી ﷺ ઈદગાહથી નીકળ્યા જાણે હું જોઈ રહ્યો છું. જ્યારે પોતાના હાથના ઈશારાઓ

حِیْنَ یُجْلِسُ بِیَدِہٖ ثُمَّ اَقْبَلَ یَشُقُّہُمْ حَتّٰی جَاءَ النِّسَاءَ

વડે લોકોને બેસાડી રહ્યા હતા. પછી લોકોની વચ્ચેથી ચાલ્યા ત્યાં સુધી કે સ્ત્રીઓમાં

مَعَہٗ بِلَالٌ فَقَالَ — یٰاَیُّہَا النَّبِیُّ اِذَا جَاءَکَ الْمُؤْمِنَاتُ یُبَایِعْنَکَ

તશરીફ લાવ્યા, હુઝૂરની સાથે બિલાલ હતા. અને ફર્માવ્યું, "હે નબી ! જ્યારે તમારી પાસે સ્ત્રીઓ એ

عَلٰی اَنْ لَّا یُشْرِکْنَ بِاللّٰہِ شَیْئًا وَّ لَا یَسْرِقْنَ وَلَا یَزْنِیْنَ

વાત પર બયઅત કરવા માટે હાજર થાય કે અલ્લાહનો કોઈને શરીક (ભાગીદાર) ન ઠરાવીશું અને ચોરી

وَلَا یَقْتُلْنَ اَوْلَادَہُنَّ وَلَا یَاْتِیْنَ بِبُہْتَانٍ یَّفْتَرِیْنَہٗ بَیْنَ

નહીં કરીશું અને બદકારી નહીં કરીએ અને અમારી ઔલાદને કત્લ નહીં કરીએ અને ખૂદ ઘડીને

કે તકબીરથી ખાસ એ તકબીર મુરાદ નથી. અને એ જ હઝરત ઈબ્ને ઉમરના અષરનો ભાવાર્થ છે.

અને હદીષોનો ખુલાસો એ છે કે એમાં પણ તકબીરથી ખાસ એ તકબીર મુરાદ નથી, બલ્કે તે શબ્દો મુરાદ છે જે તલીબયહમાં વધારો કરતા હતા. **واللہ تعالٰی اعلم** "અલ્લાહ બેહતર જાણનાર છે."

અહીં પ્રકરણનું હેડિંગ છે : "ઐયામે મિનામાં તકબીરનું બયાન." એના હેઠળ એ અષરો (કથનો) તથા વર્ણવેલ હદીષ હઝરત ઉમ્મે અતિયહ رضی اللہ عنہا હદીષ–૨૨૭ પણ લાવ્યા છે જે (નુઝહતુલ કારી) બીજા ભાગમાં વર્ણન થઈ ચૂકી છે. અહીં આટલુ વધારે છે : **فیکن خلف الناس ویکبرن بتکبیرھم** "સ્ત્રીઓ ઈદગાહમાં પુરૂષોની પાછળ રહેતી અને તેમની સાથે તકબીર પણ કહેતી." ઈમામ બુખારીએ અહીં તકબીરથી મુરાદ તકબીરે તશરીક મુરાદ લીધેલ છે, નહીં તો પ્રકરણથી સંબંધ ન રહેશે. પણ તેહકીક એ છે કે એનાથી મુરાદ ઈદોની નમાઝ છે. એટલા માટે કે બીજી રિવાયતોમાં **ولیشھدن الخیر** છે, અને 'ખયર'થી એકમતિએ ઈદોની નમાઝ મુરાદ છે. એક રિવાયત બીજાની તફસીર હોય છે. ખૂદ કુર્આને મજીદમાં ઈદની નમાઝનો હુકમ **لتکبروا**થી આવ્યો છે. હવે હદીષનો મતલબ એ થયો કે પુરૂષોની સાથે નમાઝ પઢી અને તેમની સાથે દુઆ માંગી. આ હદીષ એની દલીલ છે કે ઈદોની નમાઝ બાદ દુઆ છે.

**સમજૂતી : ૬૦૯**

આ હદીષ હમણા વર્ણન થયેલ હદીષ–૬૦૪નો બાકીનો હિસ્સો છે જે કિતાબુત્તફસીરમાં સંપૂર્ણ છે. જ્યા પ્રારંભિક હિસ્સામાં આટલુ અધિક છે : ઈબ્ને જરીહે અતાથી પૂછયું કે સ્ત્રીઓ સદકો ફિત્રો આપતી હતી ? તો તેમણે કહ્યું, નહીં ! એ સદકો હતો જે એ વખતે આપતી હતી, એટલે એ નફ્લ સદકો હતો.

اَیۡدِیۡھِنَّ وَاَرۡجُلِھِنَّ وَلَا یَعۡصِیۡنَكَ فِیۡ مَعۡرُوۡفٍ فَبَایِعۡھُنَّ

બોહતાન નહીં બાંધીએ અને કોઈ નેક વાતમાં તમારી નાફર્માની નહીં કરીએ, તો એમનાથી બયઅત

وَاسۡتَغۡفِرۡ لَھُنَّ اللّٰہَ اِنَّ اللّٰہَ غَفُوۡرٌ رَّحِیۡمٌ ثُمَّ قَالَ حِیۡنَ فَرَغَ مِنۡھَا

લઈ લો અને અલ્લાહથી એમની મગફિરત ચાહો. અલ્લાહ જરૂર બખ્શનારો મહેરબાન છે.'' આ આયતની

اَنۡتُنَّ عَلٰی ذٰلِكَ فَقَالَتِ امۡرَاَۃٌ وَّاحِدَۃٌ مِّنۡھُنَّ لَمۡ یُجِبۡہُ

તિલાવતથી જ્યારે ફારિગ થયા તો ફર્માવ્યું, તમે આ રવિશ પર છો ? તો એમાનામાંથી એક સ્ત્રીએ

غَیۡرُھَا، نَعَمۡ لَا یَدۡرِیۡ حَسَنٌ مَّنۡ ھِیَ قَالَ فَتَصَدَّقۡنَ فَبَسَطَ

કહ્યું, જી હુઝૂર ! એ સિવાય કોઈ સ્ત્રી ન બોલી. હસન જાણતા ન હતા કે એ કોઈ હતી.

بِلَالٌ ثَوۡبَہٗ ثُمَّ قَالَ ھَلُمَّ لَکُنَّ فِدَاءٌ اَبِیۡ وَاُمِّیۡ فَیُلۡقِیۡنَ

ત્યારબાદ સ્ત્રીઓએ સદકો આપવાનું શરૂ કર્યું તો બિલાલે પોતાનું કપડુ ફેલાવી દીધું પછી કહ્યું, લાવો !

الۡفَتَخَ وَالۡخَوَاتِیۡمَ فِیۡ ثَوۡبِ بِلَالٍ

તમારા પર મારા મા બાપ કુર્બાન ! તો સ્ત્રીઓ કંડા તથા વિંટીઓ બિલાલના કપડામાં નાખવા લાગી.''

(બુખારી, ૧/૧૩૩ ઈદૈન, ૨/૭૨૬ તફસીરે સૂરએ મુમ્તહિના, મુસ્લિમ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ–સલાત)

حدیث ٦١٠ عَنۡ جُنۡدُبٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُ قَالَ صَلَّی النَّبِیُّ

''હઝરત જુન્દુબ બિન સુફયાન બજલી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ **[હદીષ : ૬૧૦]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ یَوۡمَ النَّحۡرِ ثُمَّ خَطَبَ ثُمَّ ذَبَحَ

યૌમે નહરમાં નમાઝ પઢી, ખુત્બો આપ્યો પછી કુર્બાની કરી અને ફર્માવ્યું, જેણે નમાઝથી પહેલાં

وَقَالَ مَنۡ ذَبَحَ قَبۡلَ اَنۡ یُّصَلِّیَ فَلۡیَذۡبَحۡ اُخۡرٰی مَکَانَھَا وَمَنۡ

ઝબહ કર્યું છે તે એની જગાએ બીજુ જાનવર ઝબહ કરે અને

هَلُمَّ لَكُنَّ فداء ابى وامى એ હઝરત બિલાલનું કથન છે. એમાં فتخ નો શબ્દ આવ્યો છે. એ فتخة નું બહુવચન છે. ઈમામ બુખારીએ આખરમાં ઈમામ અબ્દુર્રઝ્ઝાક મુસ્નફના કર્તાનો આ કૌલ નકલ કર્યો કે فتخ (ફતખ) મોટી વિંટીઓને કહે છે જે જાહિલિયતના (ઈસ્લામ અગાઉના) જમાનામાં થતી હતી. પણ ખલીલે કહ્યું કે એવી વિંટીઓ છે જેમાં નંગ ન હોય. ષઅલબે કહ્યું કે એ પગોની વિંટીઓને કહે છે. الخوا تيم પર અતફથી પણ એ જ સમજાય છે એટલા માટે ખાતિમથી સંબોધવાના સમયે તે વિંટીઓ મુરાદ હોય છે જે હાથની આંગળીઓમાં પહેરવામાં આવે છે.

لَمْ يَذْبَحْ فَلْيَذْبَحْ بِاسْمِ اللّٰهِ

જેણે કુર્બાની નથી કરી તે અલ્લાહના નામથી ઝબહ કરે."

(બુખારી ૧/૧૩૪ ઈદૈન, ૨/૮૨૭ અસ્સયદ વલ ઝબાએહ, ૨/૮૩૪ અલ ઈઝાહી, ૨/૯૮૭ અલ્ ઈમાન, નિસાઈ–ઝહાયા)

حدیث ۶۱۱ عَنْ جَابِرٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کَانَ النَّبِیُّ

[હદીષ : ૬૧૧] "હઝરત જાબિર رضی اللہ عنہ એ ફર્માવ્યું, જ્યારે ઈદનો દિવસ હોતો

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِذَا کَانَ یَوْمُ عِیْدٍ خَالَفَ الطَّرِیْقَ

તો નબી ﷺ રસ્તો બદલીને આવતા." (૧/૧૩૪ ઈદૈન)

ت ۱۸۹ لِقَوْلِ النَّبِیِّ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ھٰذَا عِیْدُنَا اَھْلَ الْاِسْلَامِ

[તઅલીક઼ : ૧૮૯] "આ આપણી ઈદ છે ! હે અહલે ઈસ્લામ !" (બુખારી, ૧/૧૩૪ ઈદૈન)

## સમજૂતી : ૬૧૧

મતલબ એ છે કે જે રસ્તેથી ઈદગાહ જતા એના સિવાયના બીજા રસ્તે પરત ફરતા. હદીષની શરહ કરનારાઓ (શારેહીન)એ એમાં આ રહસ્યો લખ્યાં છે : **૧.** જેથી બંનેવ રસ્તા ગવાહ બની જતા. **૨.** બંને તરફના રહેવાસીઓ ગવાહ બની જાય. **૩.** જેથી બંનેવ રસ્તા હુઝૂરના ક઼દમ મુબારકથી બુઝુર્ગી પામે. **૪.** બંને રસ્તોના રહેવાસીઓ માટે ગર્વનો સામાન બને. **૫.** બંને રસ્તાવાળા હુઝૂરની ઝિયારતથી તથા પસાર થવાની બરકત હાંસલ કરે. **૬.** જો કોઈ હાજતમંદ હોય તો તેની હાજત પૂરી ફર્માવે. **૭.** જો કોઈ દીની મસ્અલો પૂછે તો બતાવે. **૮.** ઈસ્લામની શાન શૌકત જાહેર થઈ જાય. **૯.** અલ્લાહ عزوجل ના ઝિક્રનું આમ એલાન થઈ જાય. **૧૦.** યહૂદી મુનાફિક઼ જલે. **૧૧.** તેમના પર ધાક છવાય. **૧૨.** ભીડમાં કમી થઈ જાય. આ પ્રકારના ઘણા ભેદો નીકળી શકે છે. અમુક શરહ કરનારાઓ એ વીસ સુધી વર્ણવેલ છે.

## તઅલીક઼ : ૧૮૯ની સમજૂતી

મુહદ્દિષોએ ફર્માવ્યું કે આ ઈર્શાદ અમને ક્યાંય ન મળ્યો. અલ્લામા અયનીએ ફર્માવ્યું, ક઼યાસ એ છે કે આ બે હદીષોના ભાગો છે જેને ભેગા કરી દેવામાં આવ્યા છે. **ھذا عیدنا** આ હદીષનો ભાગ છે જે બુખારી–૧૩૦ પર હિશામના તરીક઼ાથી અન અબિયહ અન આઈશા રિવાયત થયેલ છે. અને **اھل الاسلام** એ હદીષનો ભાગ છે જેને અહલે સુનને હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત કરી છે જેમાં આ પ્રમાણે છે :
**ایام منٰی عید نا اھل الا سلام**

**પ્રકરણથી સામ્યતા** : અહીં આ પ્રકરણ છે : "જ્યારે ઈદની નમાઝ છૂટી જાય તો બે રકાત પઢે. અને એ જ પ્રમાણે સ્ત્રીઓ અને જે લોકો ઘરો તથા ગામડાંઓમાં હોય તેઓ ઈદની નમાઝ પઢે કેમ કે નબી ﷺ એ ફર્માવ્યું," આ આપણી ઈદ છે, હે અહલે ઈસ્લામ !" આ ઈર્શાદથી દલીલ એ છે કે ઈદની નમાઝ ઈદના શુક્રના તૌર પર છે અને હુઝૂર એનું ઈદ હોવું સર્વ અહલે ઈસ્લામ (મુસલમાનો)ના માટે આમ (સામાન્ય) કર્યું, એમાં પુરૂષ, સ્ત્રી, શહેરી, ગામડાવાસી, ઈમામની સાથેવાળા, ન સાથે હોય તે, કોઈને ખાસ નથી કર્યું અથવા કોઈને અપવાદ નથી રાખ્યું. તો જ્યારે ઈદ સૌના માટે છે તો તેના શુક્રની અદાયગી પણ સૌના માટે લાઝિમ છે.

ت ١٩٠ وَ اَمَرَ اَنَسُ بْنُ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

**[તઅલીક઼ : ૧૯૦]** "અને હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ

مَوْلَاهُ ابْنَ اَبِىْ عُتْبَةَ بِالزَّاوِيَةِ فَجَمَعَ اَهْلَهٗ وَ بَنِيْهِ وَصَلّٰى

પોતાના આઝાદ કરેલા ગુલામ ઈબ્ને અબી ઉત્બાને હુકમ આપ્યો તો તેમણે તેમના ઘરવાળાં તથા

كَصَلٰوةِ اَهْلِ الْمِصْرِ وَ تَكْبِيْرِهِمْ ع

પુત્રોને એકત્ર કર્યા અને શહેરવાળાઓની જેમ નમાઝ પઢી અને તકબીર કરી." (બુખારી ૧/૧૩૪ ઈદૈન)

ت ١٩١ وَقَالَ عِكْرِمَةُ اَهْلُ السَّوَادِ يَجْتَمِعُوْنَ فِى الْعِيْدِ

**[તઅલીક઼ : ૧૯૧]** "અને અકરમાએ કહ્યું, ગામડાવાળા ઈદના દિવસે એકત્ર થાય અને

وَ يُصَلُّوْنَ رَكْعَتَيْنِ كَمَا يَصْنَعُ الْاِمَامُ ع

ઈમામની જેમ બે રકાત પઢે." (ઉપર મુજબ)

ت ١٩٢ وَقَالَ عَطَاءٌ اِذَا فَاتَهُ الْعِيْدُ صَلّٰى رَكْعَتَيْنِ ع

**[તઅલીક઼ : ૧૯૨]** "અને ઈમામ અતાએ ફર્માવ્યું, જ્યારે ઈદની નમાઝ છૂટી જાય તો બે રકાત પઢે."

(બુખારી ૧/૧૩૫ ઈદૈન)

## તઅલીક઼ : ૧૯૦-૧૯૧ની સમજૂતી

હઝરત અનસવાળા અષરને ઈબ્ને અબી શયબાએ આ શબ્દોમાં રિવાયત કરેલ છે કે હઝરત અનસ કદી કદી પોતાનાં બાળ બચ્ચાં અને ખાદિમોને એકત્ર કરતા. એમને અબ્દુલ્લાહ બિન ઉત્બા નમાઝ પઢાવતા. અકરમાવાળા અષરને પણ ઈબ્ને અબી શયબાએ આ શબ્દોમાં રિવાયત કર્યો છે, જે ઈદુલ ફિત્ર અથવા ઈદે અદહાના દિવસે ગામડામાં હોય અથવા સફરમાં હોય તે પણ ભેગા થાય અને નમાઝ પઢે, એમનામાંથી કોઈ ઈમામત કરે. હઝરત અનસના અષરમાં وتكبيرهم એના માટે દલીલ પૂરી પાડે છે કે આ અષરમાં નમાઝથી મુરાદ ઈદોની જ નમાઝ છે જેમાં વધારાની તકબીરો હોય છે, મુત્લક઼ નમાઝ મુરાદ નથી. આ અષરોથી ઈમામ બુખારી એ સાબિત કરવા ચાહે છે કે ઈદની નમાઝ માટે ન શહેર શર્ત છે ન ઈમામનો હુકમ. આપણે ત્યાં એ બંનેવ ચીજો શર્ત છે. દલીલો કિતાબુલ જુમ્આમાં વર્ણન થઈ ચૂકી. અને હઝરત અનસના ફેઅલનો જવાબ પણ ત્યાં વર્ણન થયેલો છે. રહી ગયો અકરમાના કૌલનો જવાબ, તો તે એ છે કે એ તાબઈ છે અને તાબઈનો કૌલ હનફીઓ માટે હુજ્જત (દલીલ) નથી, ખાસ કરીને જ્યારે કે તે હદીષથી વિમુખ હોય.

## તઅલીક઼ : ૧૯૨ની સમજૂતી

વર્ણન થઈ ચૂક્યું કે આપણે ત્યાં ઈદોની કઝા નથી. અને હઝરત અતાઅ્ તાબઈ છે તેમની રાય આપણા માટે હુજ્જત નથી. ઈમામ બુખારીને ત્યાં અક઼વાલે રિજાલ હુજ્જત છે એટલા માટે એને દલીલમાં રજૂ કર્યું. ઈમામ

## ت ١٩٣ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا

[તઅલીક઼ : ૧૯૩] *"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ*

## کَرِہَ الصَّلٰوۃَ قَبْلَ الْعِیْدِ

*ઈદથી પહેલાં નમાઝ મકરૂહ જાણી."* (ઉપર મુજબ)

બુખારીને આ પ્રકરણની સાબિતી માટે કોઈ સહીહ હદીષ ન મળી એટલા માટે અક઼વાલે રિજાલનું અનુસરણ કર્યું. આ પ્રકરણના હેઠળ હદીષ–૫૯૩ લાવ્યા જેમાં બે બાળકીઓના ગાવાનો ઉલ્લેખ છે. અહીં અંતમાં આટલો વધારો છે : મસ્જિદમાં હબ્શી નેઝાબાઝી કરી રહ્યા હતા તો તેઓને હઝરત ઉમરે ખખડાવ્યા એના પર હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, "એમને છોડી દો. બની અરફદાને અમ્ન આપો." પણ આ હદીષને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી.

### તઅલીક઼ : ૧૯૩ની સમજૂતી

આપણો મસ્લક પણ એ જ છે કે **ઈદના દિવસે ઈદથી પહેલાં નફ્લ નમાઝ મુત્લક઼ન (વિના અપવાદ) મકરૂહ છે ચાહે ઘરે પઢે ચાહે મસ્જિદમાં ચાહે ઈદગાહમાં.** એ જ પ્રમાણે **ઈદની નમાઝ પઢી ઈદગાહમાં મકરૂહ છે ઘરે અથવા મહોલ્લાની મસ્જિદમાં મકરૂહ નથી.** એ જ પ્રમાણે **જે મસ્જિદમાં ઈદોની નમાઝ થતી હોય એ મસ્જિદમાં પણ ઈદોની નમાઝ બાદ મકરૂહ છે.**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ**

# اَبْوَابُ الْوِتْرِ

## (અબ્વાબુલ વિત્ર) "વિત્ર વિશેના પ્રકરણો"

ت ١٩٤ وَعَنْ نَافِعٍ اَنَّ عَبْدَ اللهِ بْنَ عُمَرَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا

**[તઅલીક઼ : ૧૯૪]** "અને નાફેઅથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما

كَانَ يُسَلِّمُ بَيْنَ الرَّكْعَةِ وَالرَّكْعَتَيْنِ فِي الْوِتْرِ حَتّٰى يَأْمُرَ بِبَعْضِ

વિત્રમાં એક અને બે રકાતની વચ્ચે સલામ ફેરવતા હતા ત્યાં સુધી કે પોતાની અમુક

حَاجَتِهٖ ع ٥

હાજતોને માટે હુકમ કરતા." (બુખારી ૧/૧૩૫ અલ વિત્ર)

ت ١٩٥ قَالَ الْقَاسِمُ وَرَاَيْنَا اُنَاسًا مُنْذُ اَدْرَكْنَا يُوْتِرُوْنَ بِثَلٰثٍ وَاَنَّ

**[તઅલીક઼ : ૧૯૫]** "ઈમામ ક઼ાસિમે ફર્માવ્યું, મેં જ્યારથી હોશ સંભાળ્યો (સમજણો થયો) છે મેં

كُلًّا لَوَاسِعٌ وَاَرْجُوْا اَنْ لَّا يَكُوْنَ بِشَيْءٍ مِّنْهُ بَاْسٌ ـ ع ٥

લોકોને ત્રણ રકાત વિત્ર પઢતા જોયા છે. અને એ પણ ફર્માવ્યું કે આ સર્વ (એટલે ચાહે ત્રણ પઢે ચાહે એક રકાત) જાઈઝ છે અને મને ઉમ્મીદ છે કે એમાં કોઈ વાંધો નથી." (ઉપર મુજબ)

**તઅલીક઼ : ૧૯૪-૧૯૫ની સમજૂતી** વિત્ર એક રકાત છે અથવા ત્રણ, એના બારામાં હમેશાંથી મતભેદ ચાલ્યો આવ્યો છે. ઈમામ શાફઈ વગેરેનો મઝહબ એ છે કે વિત્ર કેવળ એક રકાત છે અને આપણો મઝહબ એ છે કે વિત્ર ત્રણ રકાત છે. **આજકાલ ગૈર મુકલ્લિદોએ એને પણ મુસ્લિમો વચ્ચે વિખવાદ**

**ફેલાવવાનો ઝરીયો બનાવી લીધો છે એટલા માટે એના પર થોડીક વિગતે ચર્ચા જરૂરી છે.** થોડીક ચર્ચા હદીષ–૧૩૮ હેઠળ ભાગ–૨માં આવી ગઈ છે. અમારી દલીલો નીચે પ્રમાણે છે :–

**૧.** નિસાઈ (૧/૨૪૮)એ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી તેમણે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ વિત્રની બે રકાત પર સલામ ફેરવતા ન હતા.

**૨.** એમાં એક લીટી પછી હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ ત્રણ રકાત વિત્ર પઢતા હતા. પ્રથમમાં ઈન્ના અન્ઝલ્ના, બીજીમાં કુલ યા અય્યુહલ કાફિરૂન, ત્રીજીમાં કુલ્ હુવલ્લાહુ અહદ.

**૩.** એમાં એના બાદવાળા પ્રકરણમાં વિવિધ તરીક઼ાઓથી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ત્રણ રકાત વિત્ર પઢી.

**૪.** ઈમામ હાકિમે (ઉમ્દતુલ ક઼ારી, ૭/૪) મુસ્તદરકમાં શૈખૈનની શરત પર ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત કરી છે કે તેમણે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ ત્રણ વિત્ર પઢતા હતા કેવળ એમના અંતમાં સલામ ફેરવતા હતા.

**૫.** દારકુત્ની (ઉમ્દતુલ ક઼ારી, ૭/૪) તથા બયહક઼ીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, રાતના વિત્ર ત્રણ રકાત છે દિવસના વિત્ર મગરિબની જેમ.

**૬.** ઈમામ અબૂ જઅફર તહાવી (ઉપર મુજબ)એ અબૂ ખાલિદથી રિવાયત કરી કે મેં હઝરત અબુલ આલિયાથી વિત્રના બારામાં પૂછયું તો તેમણે બતાવ્યું કે અમને રસૂલુલ્લાહ ﷺના સહાબાએ બતાવ્યું કે વિત્ર ત્રણ રકાત છે.

**૭.** અલ્લામા ઈબ્ને અબ્દુલબર તમ્હીદમાં હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી હદીષ લાવ્યા કે રસૂલુલ્લાહ ﷺએ **بتیرا**થી મના ફર્માવ્યું. એટલે કેવળ એક રકાત નમાઝ પઢવાથી મના કર્યું.

**૮.** મુસ્લિમ તથા અબૂ દાઊદે અલી ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસના તરીક઼ાથી અન અબિયહ રિવાયત કરી. તે કહે છે કે રસૂલુલ્લાહ ﷺને ત્યાં સૂતો. એના અંતમાં છે કે હુઝૂરે વિત્ર ત્રણ રકાત પઢી.

આપની સમક્ષ આ આઠ હદીષો છે, સહાબાએ કિરામ છે : હઝરત ઉમર, હઝરત અલી, હઝરત અનસ, હઝરત ઈબ્ને મસઊદ, હઝરત હુઝૈફા, હઝરત ઉબય ઈબ્ને કઅબ, હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરેનો આ જ મઝહબ છે, ત્યાં સુધી કે હઝરત ઈમામ હસન બસરી અને ઈમામ કર્ખીએ ફર્માવ્યું કે **મુસલમાનોએ એના પર ઈજમાઅ કર્યો છે કે વિત્ર ત્રણ રકાત છે, છેવટના સિવાય ક્યાંય સલામ ન ફેરવે.** તાબઈનમાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ તથા ફુક઼હાએ સબઆનો પણ આ જ મઝહબ છે.

જે રિવાયતોમાં **اوتربوا حدة یایوتر بواحدة** આવ્યું છે એનાથી મુરાદ એ છે કે પ્રથમવાળી બે રકાતોની સાથે એક રકાત મિલાવીને વિત્ર પઢતા હતા, અથવા એને વિત્ર બનાવી આપતા. **باء**નો અસલી અર્થ **الصاق** છે અને સલામથી જ્યારે અંતર (જુદાઈ) થઈ ગયું તો **الصاق** ન રહ્યું. હઝરત ઉમર رضی اللہ عنہ ઈબ્ને ઉમરથી અનંતગણા અધિક ફક઼ીહ, અધિક જાણનાર, અધિક પરહેઝગાર છે, તેઓ ત્રણ પઢતા હતા.

બીજી તઅલીક઼માં ક઼ાસિમથી મુરાદ ક઼ાસિમ બિન મુહમ્મદ અબીબક્ર સિદ્દીક઼ رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે જેઓ મદીના તયબહના ફુક઼હાએ સબઆ તથા તાબઈને કિરામના પ્રથમ હરોળના બુઝુર્ગોમાંથી છે. મદીના પાકના ફુક઼હાએ સબઆ આ પ્રમાણે છે : ક઼ાસિમ બિન મુહમ્મદ બિન અબીબક્ર, ઉરવા બિન ઝુબેર, હવ્વારીએ રસૂલુલ્લાહ સઈદ બિન મુસૈયિબ, અબૂબક્ર બિન અબ્દુર્રહમાન, ખારજહ બિન ઝયદ, સેલૈમાન બિન યસાર, ઓબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ.

# حديث ٦١٢

**[હદીષ : ૬૧૨]**

حَدَّثَنِي عُرْوَةُ أَنَّ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا أَخْبَرَتْهُ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ખબર

أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُصَلِّي إِحْدٰى عَشْرَةَ

આપી કે રસૂલુલ્લાહ ﷺ અગ્યાર રકાત પઢતા અને હુઝૂરની રાતમાં

رَكْعَةً كَانَتْ تِلْكَ صَلٰوتَهُ تَعْنِي بِاللَّيْلِ فَيَسْجُدُ السَّجْدَةَ مِنْ ذٰلِكَ

નમાઝ હતી એમાં સિજદો એટલો લાંબો કરતા કે એમાં તમારામાંથી કોઈ

قَدْرَ مَا يَقْرَأُ أَحَدُكُمْ خَمْسِيْنَ آيَةً قَبْلَ أَنْ يَّرْفَعَ رَأْسَهُ وَيَرْكَعُ رَكْعَتَيْنِ

પચાસ રકાત પઢી લેતો. અને ફજરની નમાઝથી પહેલાં બે રકાત (નફલ) પઢતા. પછી જમણા

قَبْلَ صَلٰوةِ الْفَجْرِ ثُمَّ يَضْطَجِعُ عَلٰى شِقِّهِ الْأَيْمَنِ حَتّٰى يَأْتِيَهُ الْمُؤَذِّنُ لِلصَّلٰوةِ

પડખે સૂતા ત્યાં સુધી કે મોઅઝ્ઝિન નમાઝના માટે હાજર થતો.'' (બુખારી ૧/૧૩૫ વિત્ર, તહજ્જુદ–૧૫૧)

**સમજૂતી : ૬૧૨** એ અગ્યાર રકાતની વિગત આ પ્રમાણે છે : છ નફલ્ ત્રણ વિત્ર, બે ફજરની સુન્નત. હુઝૂરે અક્દસ ﷺ રાતમાં કેટલી રકાત નમાઝ પઢતા હતા એમાં વિવિધ રિવાયતો આવી છે : સાત, નવ, અગ્યાર, તેર, સત્તર. આ વિવિધ સમયોના લેહાઝથી છે. એટલે કદી સાત રકાત પઢતા, કદી નવ વગેરે. શંકા એ છે કે ખૂદ હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا થી વિવિધ રિવાયતો આવી છે. અબૂ દાઊદ (૧/૧૮૯)માં હઝરત ઈમામ માલિકથી હિશામ ઈબ્ને ઉરવાના તરીક઼ાથી જે રિવાયત છે એમાં તેર રકાતો વર્ણન થયેલી છે. મુસ્લિમ (સલાત–૨૫૪), અબૂ દાઊદ (૧/૧૮૯)માં અબૂ સલમાથી જે રિવાયત છે એમાં પણ તેર વર્ણન થયેલી છે. તેમજ અબૂ દાઊદ (૧/૧૮૮)માં ક઼ાસિમ ઈબ્ને મુહમ્મદના તરીક઼ાથી પણ તેરનું વર્ણન છે. તેમજ એમાં (પેજ–૧૯૩) અસ્વદ બિન યઝીદની જે હદીષ છે એમાં છે કે તેર પઢતા હતા. પછી અગ્યાર પઢયા કરતા, બે રકાત છોડી આપી. વિસાલના વખતે નવ રકાત પઢતા. રાતની અંતિમ નમાઝ વિત્ર રહેતી. તેમજ સઅદ બિન હિશામથી એક લાંબી હદીષ રિવાયત થયેલી છે કે તેમણે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશાથી એક લાંબી હદીષ રિવાયત થયેલી છે કે તેમણે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશાથી અર્ઝ કરી કે રાતના ક઼યામના બારામાં વર્ણન કરો, તો તેમણે બયાન ફર્માવ્યું. પછી અર્ઝ કરી, કે વિત્રના બારામાં બયાન કરો, તો આ પ્રમાણે બયાન કર્યું, આઠ રકાતની સાથે મિલાવીને વિત્ર પઢતા હતા. અને કેવળ આઠમી અને નવમી રકાત પર બેસતા અને કેવળ નવમી રકાત પર સલામ ફેરવતા ત્યારબાદ બેઠા બેઠા બે રકાત પઢતા. એ કુલ ૧૧ રકાતો થઈ. જ્યારે ઉમર અધિક થઈ ગઈ અને શરીર ભારે થઈ ગયું તો સાત રકાતો વિત્ર પઢતા કેવળ છઠ્ઠી અને સાતમી રકાત પર બેસતા અને કેવળ સાતમી પર સલામ ફેરવતા, ત્યારબાદ બે રકાતો પઢતા. એ નવ રકાતો થઈ હે બેટા !

# حديث ٦١٣

**[હદીષ : ૬૧૩]**

حَدَّثَنَا اَنَسُ بْنُ سِيْرِيْنَ قَالَ قُلْتُ لِاِبْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ

*"અનસ બિન સીરીને કહ્યું, મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને*

تَعَالٰی عَنْهُمَا اَرَاَيْتَ الرَّكْعَتَيْنِ قَبْلَ صَلٰوةِ الْغَدَاةِ اُطِيْلُ فِيْهِمَا الْقِرَاءَةَ

*પૂછ્યું, શું આપ એ સારી રીતે જાણો છો કે ફજરની નમાઝથી પહેલાં*

قَالَ كَانَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّیْ مِنَ اللَّيْلِ مَثْنٰی مَثْنٰی

*બે રકાતમા કિર્અત લાંબી કરું ? તો તેમણે ફર્માવ્યું, નબી ﷺ રાતમાં બે બે રકાત પઢતા હતા*

وَيُوْتِرُ بِرَكْعَةٍ وَّيُصَلِّیْ رَكْعَتَيْنِ قَبْلَ صَلٰوةِ الْغَدَاةِ وَكَاَنَّ الْاَذَانَ

*અને એક રકાત મિલાવીને વિત્ર પઢતા. ફજરની નમાઝથી પહેલાંવાળી બે રકાત એવી રીતે પઢતા*

بِاُذُنَيْهِ قَالَ حَمَّادٌ اَیْ بِسُرْعَةٍ ؏

*જાણે અઝાન હુઝૂરના કાનોમાં છે, હમ્માદે કહ્યું, એટલે કે ઝડપથી."*

*(બુખારી ૧/૧૩૬ વિત્ર, મુસ્લિમ તિર્મિઝી, ઈબ્ને માજહ–સલાત)*

આ સર્વમાં વર્ગીકરણની કોઈ સ્થિતિ નથી એટલા માટે અલ્લામા અયનીએ ફર્માવ્યું કે શક્ય છે આ મતભેદ રાવીઓથી થયો હોય. એની પણ સંભાવના છે કે રાતના કયામની રકાતોની સંખ્યા નિશ્ચિત ન હતી. ઉમ્મુલ મો'મિનીન ક્યારેક મોટાભાગની સ્થિતિ વર્ણવી ક્યારેક અન્ય હાલતોને વર્ણવી. એમાં એમની કોઈ ખાસ મસ્લેહત હશે.

**પ્રકરણથી સામ્યતા :** અહીં પ્રકરણ છે : "જે કાંઈ વિત્રમાં આવ્યું છે." આ હદીષમાં જાહેરી રીતે વિત્રનું વર્ણન નથી પણ સૌને માલૂમ છે કે એ અગ્યાર રકાતોમાં ત્રણ વિત્રની છે એટલા માટે આ હદીષને પ્રકરણથી સામ્યતા થઈ ગઈ.

**સમજૂતી : ૬૧૩**

**كان الاذان فی اذنيه** માં અઝાનથી મુરાદ ઈકામત છે. મતલબ એ થયો કે જેવી રીતે ઈકામત સાંભળનાર નમાઝમાં હોય તો ટૂંકાણમાં પઢશે એ જ પ્રમાણે હુઝૂર પણ ફજરની સુન્નતો ટૂંકી પઢતા હતા.

**વિત્રનો સમય :** આપણે ત્યાં ઈશા બાદથી સુબ્હ સાદિક તુલૂઅ થતા સુધી છે. સુબ્હ સાદિક શરૂ થયા પછી એનો સમય નથી, અલ્બત સાકિત પણ નથી તેની કઝા વાજિબ છે. આપણી દલીલ એ હદીષ છે જેને અબૂ દાઊદ (૧/૨૦૧), તિર્મિઝી (૧/૬૦), ઈબ્ને માજહ (ઈકામતુસ્સલાત–૮૩) તથા હાકિમે ખારજા બિન હુઝાફથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ અમારામાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, "અલ્લાહ جل جلاله એ તમને એક એવી નમાઝનો હુકમ આપ્યો છે જે લાલ ઊંટોથી બેહતર છે, અને એ વિત્ર છે. અને એને ઈશા તથા ફજર શરૂ થવાની

## حدیث ۶۱۴

**[હદીષ : ૬૧૪]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كُلَّ اللَّيْلِ اَوْتَرَ رَسُوْلُ اللّٰهِ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું,

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَانْتَهٰى وِتْرُهٗ اِلَى السَّحَرِ عـه

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ રાતના દરેક હિસ્સામાં વિત્ર પઢી સુબ્હ સાદિક થતા સુધી."

(બુખારી ૧/૧૩૬ વિત્ર, મુસ્લિમ, અબૂ દાઊદ–સલાત)

## حدیث ۶۱۵

**[હદીષ : ૬૧૫]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ اِجْعَلُوْا آخِرَ صَلٰوتِكُمْ بِاللَّيْلِ وِتْرًا عـه

રાતની નમાઝના છેવટને વિત્ર બનાવો."

દરમ્યાન રાખી." આ હદીષને ઈમામ હાકિમે સહીહ કહી. આ હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત અમ્ર બિન આસ, હઝરત ઉક્બા બિન આમિર, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત ખારજા બિન હુઝાફા, અબૂ નઝરહ ગફફારી અને અન અમ્ર બિન શોએબ અન અબિહિ અન જદિહી મુસ્નદ ઈબ્ને રાહવૈહ દારકુત્ની, તિબ્રાની, મુસ્તદરક વગેરેમાં રિવાયત પામેલ છ. એના અમુક રાવીઓ પર વાંધો કરવામાં આવેલો છે જો એ વાંધો સહીહ પણ હોય તો વિવિધ રિવાયતોથી આ હદીષ હસન થઈને દલીલને પાત્ર થઈ ગઈ. (ફત્હુલ કદીર, ૧/૧૭૫) ઈમામ માલિકનો મઝહબ મશ્હૂર અને ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ વગેરેનો મઝહબ એ છે કે જ્યાં સુધી ફજર ન પઢે ત્યાં સુધી વિત્ર પઢી શકે છે.

**સમજૂતી : ૬૧૪-૬૧૫**

આ હદીષ એની દલીલ છે કે વિત્રનો સમય સુબ્હ સાદિક સુધી છે. كل الليل થી મુરાદ ઈશાના પછીનો હિસ્સો છે. એના પર દલીલ તે હદીષ જે અમે હમણાં વર્ણવી છે કે અલ્લાહ جل جلالہ એ એને ઈશા તથા ફજરની વચ્ચે રાખેલ છે, જે શખ્સને વિશ્વાસ હોય કે અંતિમ રાતમાં જાગી જશે એને બેહતર એ છે કે વિત્ર છેવટ રાતમાં પઢે, નહીં તો ઈશા બાદ પઢી લે. અબૂ દાઊદે (૧/૨૦૩) હઝરત અબૂ કતાદાથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ અબૂ બકરથી પૂછયું, તમે ક્યારે વિત્ર પઢો છો ? અર્ઝ કરી સૂતા પહેલાં. અને હઝરત ઉમરથી પૂછયું તો તેમણે અર્ઝ કરી, સૂઈ જાઉં છું પછી ઉઠીને વિત્ર પઢુ છું. તો હુઝૂરે અબૂબકરથી ફર્માવ્યું, તમે સાવધાનીને અપનાવી અને હઝરત ઉમરને ફર્માવ્યું, તમે શક્તિને અપનાવી. હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (તિર્મિઝી, ૧/૬૦, ઈબ્ને

حدیث ٦١٦ عَنْ سَعِيدِ بْنِ يَسَارٍ اَنَّهُ قَالَ كُنْتُ اَسِيْرُ مَعَ عَبْدِ اللهِ بْنِ عُمَرَ

''સઈદ બિન યસારે કહ્યું, હું અબ્દુલ્લાહ બિન ઉમરની સાથે મક્કાના માર્ગમાં **[હદીષ : ૬૧૬]**

بِطَرِيقِ مَكَّةَ فَقَالَ سَعِيدٌ فَلَمَّا خَشِيتُ الصُّبْحَ نَزَلْتُ فَاَوْتَرْتُ ثُمَّ

સફર કરી રહ્યો હતો. જ્યારે મને સવાર થઈ જવાનો અંદેશો થયો તો હું સવારીથી ઉતર્યો અને વિત્ર પઢી

لَحِقْتُهُ فَقَالَ عَبْدُ اللهِ بْنُ عُمَرَ اَيْنَ كُنْتَ فَقُلْتُ خَشِيتُ الصُّبْحَ فَنَزَلْتُ

પછી એમને જઈને મળ્યો. તો અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે પૂછયું, તમે ક્યાં હતા ? મેં અર્ઝ કરી, મને સવાર

فَاَوْتَرْتُ فَقَالَ عَبْدُ اللهِ اَلَيْسَ لَكَ فِي رَسُولِ اللهِ اُسْوَةٌ حَسَنَةٌ فَقُلْتُ بَلٰى

થઈ જવાનો અંદેશો થયો જેથી ઉતર્યો અને મેં વિત્ર પઢી. એના પર અબ્દુલ્લાહે કહ્યું, તારા માટે ર

وَاللهِ قَالَ فَاِنَّ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُوتِرُ عَلَى

સૂલુલ્લાહ ﷺની જાત સારો નમૂનો નથી ? મેં અર્ઝ કરી, ખુદાની કસમ ! છે ! તો તેમણે બતાવ્યું કે

الْبَعِيرِ ؏

રસૂલુલ્લાહ ﷺ ઊંટ પર વિત્ર પઢયા કરતા હતા.''

*(બુખારી ૧/૧૩૬ વિત્ર, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)*

حدیث ٦١٧ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللهُ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ સફરમાં ફર્ઝો ઉપરાંત **[હદીષ : ૬૧૭]**

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّي فِي السَّفَرِ عَلٰى رَاحِلَتِهِ حَيْثُ تَوَجَّهَتْ بِهِ يُومِيُ

રાતની નમાઝ પોતાની સવારી પર પઢતા હતા. સવારી જે તરફ પણ હુઝૂરનો ચહેરો મુબારક કરી

માજહ– ઈક઼ામત, ૮૪) અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેને એનો ડર હોય કે રાતના આખરી પહોરમાં નહીં ઉઠી શકે તે શરૂ રાતમાં વિત્ર પઢીને સૂએ, અને જેને ઉમ્મીદ હોય કે આખરી રાતમાં જાગી જશે તો આખરી રાતમાં વિત્ર પઢે એટલા માટે કે એ વખતે ફરિશ્તા હાજર થાય છે અને એ અફઝલ છે.

**સમજૂતી : ૬૧૬–૬૧૭**

સવારી પર વિત્ર જાઈઝ છે કે નહીં ? એના બારામાં જમહૂરનો મઝહબ એ છે કે સહીહ છે અને એ જ ઈમામ શાફઈ તથા ઈમામ માલિક, ઈમામ અહમદનો મઝહબ છે, અલ્બત્ત એના માટે ઈમામ માલિક કસ્રના માટે (મુસાફરને કસ્ર એટલે કે જેટલા માઈલ જવાથી માણસ મુસાફર થાય છે તે) મુસાફિર હોવાની કેદ લગાડે છે, પણ ઈમામ શાફઈ મુત્લક઼ન (બિન શર્તી) એને જાઈઝ જાણે છે. સહાબાએ કિરામમાં હઝરત અલી, હઝરત ઈબ્ને

اِیمَاءً صَلوٰۃَ اللَّیلِ اِلَّا الفَرَائِضَ وَیُوتِرُ عَلیٰ رَاحِلَتِہٖ عہ

આપતી. અને ઈશારાથી પઢતા હતા. અને વિત્ર સવારી પર પઢતા હતા." (બુખારી, ૧/૧૩૬ વિત્ર)

حدیث ٦١٨ عَنْ مُحَمَّدِ بْنِ سِیرِینَ قَالَ سُئِلَ اَنَسُ بْنُ مَالِكٍ رَضِیَ اللّٰہُ

[હદીષ : ૬૧૮] "મુહમ્મદ બિન સીરીને કહ્યું કે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી

تَعَالیٰ عَنْہُ اَقَنَتَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالیٰ عَلَیْہِ وَسَلَّمَ فِی الصُّبْحِ قَالَ

સવાલ થયો કે નબી صلی اللہ علیہ وسلم એ સવારની નમાઝમાં કુનૂત પઢી ? ફર્માવ્યું હા ! તો અર્ઝ કરવામાં આવી કે,

نَعَمْ فَقِیلَ اَوَقَنَتَ قَبْلَ الرُّکُوعِ قَالَ بَعْدَ الرُّکُوعِ یَسِیرًا عہ

રુકૂઅથી પહેલાં કે પછી ? તો ફર્માવ્યું, રુકૂઅથી પહેલાં થોડા દિવસો સુધી." (૧/૧૩૬ કુનૂત)

حدیث ٦١٩ حَدَّثَنَا عَاصِمٌ قَالَ سَأَلْتُ اَنَسَ بْنَ مَالِكٍ رَضِیَ اللّٰہُ

[હદીષ : ૬૧૯] "આસિમે કહ્યું, મેં અનસ બિન માલિક رضی اللہ عنہ થી કુનૂતના બારામાં

تَعَالیٰ عَنْہُ عَنِ الْقُنُوتِ فَقَالَ قَدْ کَانَ الْقُنُوتُ قُلْتُ قَبْلَ الرُّکُوعِ

પૂછયું તો તેમણે ફર્માવ્યું, કુનૂત છે. મેં પૂછયું, રુકૂઅથી પહેલાં કે બાદ ? તો ફર્માવ્યું, રુકૂઅથી પહેલાં,

اَوْ بَعْدَہٗ قَالَ قَبْلَہٗ قَالَ فَاِنَّ فُلَانًا اَخْبَرَنِی عَنْكَ اَنَّكَ قُلْتَ بَعْدَ الرُّکُوعِ

આસિમે કહ્યું, ફલાણાએ મને ખબર આપી છે કે આપે ફર્માવ્યું છે કે રુકૂઅના બાદ છે. તો ફર્માવ્યું, એણે

فَقَالَ کَذَبَ اِنَّمَا قَنَتَ رَسُولُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالیٰ عَلَیْہِ وَسَلَّمَ بَعْدَ

ગલત કહ્યું. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ રુકૂઅના પછી કેવળ મહીનો કુનૂત પઢી. હુઝૂરે કેટલાક લોકોને મુશ્રિકોની

અબ્બાસ, હઝરત ઈબ્ને ઉમરનો એ જ મઝહબ છે કે સફરની હાલતમાં સવારી પર જાઈઝ છે. આપણો મઝહબ એ છે કે **વિના મજબૂરીએ સવારી પર જાઈઝ નથી** એ જ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો પણ મઝહબ છે. આ મતભેદ એની શાખ છે કે વિત્ર વાજિબ છે કે નફલ ? ઈમામ શાફઈ વગેરે એને નફલ કહે છે એટલા માટે અન્ય નફલોની જેમ એને પણ સવારી પર ઈશારાથી પઢવાને જાઈઝ કહે છે. આપણે ત્યાં કેમ કે વાજિબ છે જેમ કે હદીષ–૬૧૬માં છે.

## સમજૂતી : ૬૧૮–૬૧૯–૬૨૦

**سُئِلَ** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી સવાલ કરવામાં આવ્યો, પ્રશ્નકર્તાનું નામ ખબર નથી. પણ મુસ્લિમમાં છે કે મુહમ્મદ બિન સીરીને કહ્યું, મેં પૂછયું. **یسیرًا** થોડા જમાના સુધી છે જેની માત્રા એક મહિના સુધી હતી જેવું હદીષ ૬૧૭–૬૧૮માં ખુલાસો છે હદીષ–૬૧૭ **دون اولئك**માં **اولئك**નો તેના અગાઉ વર્ણન થયેલ **قوم من المشرکین**માં છે મતલબ એ છે કે જે મુશ્રિકોની તરફ મોકલ્યા હતા એ અન્ય લોકો હતા અને

الرُّكُوعِ شَهْرًا أُرَاهُ كَانَ بَعَثَ قَوْمًا يُقَالُ لَهُمُ الْقُرَّاءُ زُهَاءُ سَبْعِينَ رَجُلًا

એક કૌમની તરફ મોકલ્યા હતા જેમને કુર્રા (કારીઓ) કહેવામાં આવતા હતા જેઓ સિત્તેર હતા.

إِلَى قَوْمٍ مِّنَ الْمُشْرِكِينَ دُونَ أُولَئِكَ وَكَانَ بَيْنَهُمْ وَبَيْنَ رَسُولِ اللَّهِ عَهْدٌ

એ લોકો ઉપરાંત એમનામાં અને રસૂલુલ્લાહ ﷺની વચ્ચે કરાર હતો તો રસૂલુલ્લાહ ﷺએ

فَقَنَتَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ شَهْرًا يَدْعُوا عَلَيْهِمْ ع ـه

એક મહિનો કુનૂત પઢી તેમની હલાકત (બર્બાદી) માટે દુઆ કરતા હતા."

(૧/૧૩૬ બાબે કુનૂત, અલ જનાઈઝ-૧૭૩, અલ જેહાદ-૪૪૯ મગાઝી, અદ્દાવાત બાબુદુઆ, મુસ્લિમ)

حديث ٦٢٠. عَنْ أَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللَّهُ تَعَالَى عَنْهُ قَالَ قَنَتَ النَّبِيُّ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہએ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ **[હદીષ : ૬૨૦]**

صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ شَهْرًا يَدْعُو عَلَى رِعْلٍ وَّذَكْوَانَ ع ـه

એક મહિનો કુનૂત પઢયું. રઅલ તથા ઝકવાનની બર્બાદીની દુઆ કરતા હતા."

જેમની બર્બાદીની દુઆ કરી તે અન્ય બીજા લોકો હતા.

**સરિય્યા બીરે મઊના** : એની વિગત એ છે કે સફર હિ.સ. ૪માં કબીલા કલાબનો રઈસ અબૂ બરાઅ્ આમિર બિન માલિક બિન જઅફર કલાબી હુઝૂરે અક્દસ ﷺની ખિદમતમાં હાજર થયો અને હદિયો પેશ કર્યો જેને હુઝૂરે કબૂલ ન કર્યો. હુઝૂરે એના સમક્ષ ઈસ્લામ રજૂ કર્યો તેણે કબૂલ ન કર્યો અને અર્ઝ કરી કે મારી સાથે અમુક મુબલ્લિગો કરી દો જે મારી કૌમને ઈસ્લામની દાવત આપે. હુઝૂરે ફર્માવ્યું, મને નજદ તરફથી ખતરો જણાય છે. એનો સબબ એ હતો કે નજદ વિસ્તારના રઈસ આમિર બિન તુફૈલે હુઝૂરે અક્દસ ﷺને કહ્યું હતું, અથવા તમારા બાદ મને તમારો જાનશીન (અનુગામી) બનાવો અથવા હું ગુતફાનને લઈને હુમ્લો કરીશ. હુઝૂરે અક્દસ ﷺએ એ વાતોને નામંઝૂર કરી દીધી. અબૂ બરાએ જવાબ આપ્યો કે હું જામિન છું. એના પર હુઝૂરે અક્દસ ﷺએ સિત્તેર કારીઓને સાથે કરી આપ્યા. એ લોકો ખૂબ જ મહાન બુઝુર્ગ હતા એમાં મોટા ભાગના અસ્હાબે સુફફામાંથી હતા. એ લોકો દિવસભર લાકડીઓ ભેગી કરતા અને સાંજે વેચીને જે મળતુ એમાંથી અમુક અસ્હાબે સુફફાને ભેટ ધરતા અમુક બચાવી લેતા. મીઠુ પાણી લાવીને અઝવાજે મુતહહરાતના દરવાજાઓ પર રાખી દેતા. એ લોકોએ બીરે મઊના પર પહોંચીને રોકાણ કર્યું. અને હરામ ઈબ્ને મલ્હાનને હુઝૂરે અક્દસ ﷺનો પત્ર દઈને આમિર બિન તુફૈલ મઝકૂરની પાસે મોકલ્યા. એ આમિરે હઝરત હરામ બિન મલ્હાનને શહીદ કરી દીધા અને આસપાસ કબીલાઓ અસિયા, રઅલ, ઝકવાનને એકત્ર કરીને તે કારીઓના મુકાબલા માટે નીકળ્યો. જ્યારે હઝરત હરામ બિન મલ્હાનના પરત થવામાં મોડુ થયુ તો એ લોકો ખૂદ આગળ વધ્યા. માર્ગમાં અથડામણ થઈ ગઈ. આમિરે સર્વ હઝરાતને શહીદ કરી નાખ્યા. હઝરત કઅબ બિન ઝયદને મુર્દા સમજીને છોડી દીધા હતા પણ એમનામાં કાંઈક હોશ બાકી હતા તે ગમે તેમ કરીને મદીના પાક પરત આવ્યા. ગઝવએ ખંદકમાં શહીદ થયા. હઝરત અમ્ર બિન ઉમૈયા ઝમરીને ગિરફતાર કર્યા. પછી આમિરે એમની ચોટી કાપીને એવું કરીને છોડી દીધા કે મારી માએ એક ગુલામ આઝાદ કરવાની મન્નત માની હતી એટલા માટે

તને આઝાદ કરું છું. આ દર્દનાક બનાવની ખબર જ્યારે હુઝૂરે અક્દસ ﷺને થઈ તો નમાઝમાં તેમની બર્બાદીની દુઆ કરી. એ જાલિમ આમિર બિન તુફૈલનો અંજામ એ થયો કે એક સલૂલી સ્ત્રીને ત્યાં તેને પ્લેગ થઈ ગયો. કાનની નીચે ગળામાં બહુ જ મોટુ ગુમડુ નીકળી આવ્યું જેવી રીતે ઊંટને નીકળે છે. એ હાલતમાં તેણે એવું કહ્યું, ગુમડુ ઊંટના ગુમડાની જેમ અને સલૂલિયા સ્ત્રીના ઘરે મૌત ! મારો ઘોડો લાવો. ઘોડો આવ્યો તો એના પર સવાર થઈને ભાગવા ચાહ્યું પણ ઘોડાની પીઠ પર મૃત્યુએ કામ પૂર્ણ કરી આપ્યું.

**કુનૂત રુકૂઅ પહેલાં છે કે રુકૂઅ પછી ? :** હઝરત ઈમામ શાફઈ ફર્માવે છે કે કુનૂત રુકૂઅ પછી છે. તેમની દલીલ હઝરત મુહમ્મદ બિન સીરીનવાળી છે પરંતુ એ વિત્રના કુનૂતના બારામાં છે જ નથી એટલા માટે એનાથી દલીલ કરવું દુરુસ્ત નથી. તે એક કામ ચલાઉ સંજોગોને આધિન હુઝૂરે અક્દસ ﷺએ એક મહિના સુધી પઢી. અબૂ દાઊદ (૧/૨૦૪ સલાત)માં સ્પષ્ટતા છે, **ثم ترکه** "ત્યારબાદ હુઝૂરે તેને છોડી દીધું." અમારી દલીલ હઝરત અનસની જ દલીલ ૬૧૭ છે જે આસિમના તરીક઼ાથી રિવાયત પામી છે કે કુનૂત રુકૂઅથી પહેલાં છે. એ ઉપરાંત અધિક આ હદીષો છે : **૧.** ઈબ્ને માજહ (ઈક઼ામત–૮૪) તથા નિસાઈ (૧/૨૪૮)માં હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ વિત્ર પઢતા તો રુકૂઅથી પહેલાં કુનૂત પઢતા. **૨.** ઈબ્ને અબી શયબા (ઉમ્દતુલ કારી, ૬/૧૯) એ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી કે નબી ﷺ વિત્રમાં રુકૂઅથી પહેલાં કુનૂત પઢતા હતા. **૩.** મુહમ્મદ બિન નસર મરૂઝી (ઉપર મુજબ) એ હઝરત અબ્દુર્રહમાન બિન અંબરા رضی اللہ عنہથી રિવાયત કરી, રસૂલુલ્લાહ ﷺ વિત્રની ત્રીજી રકાતમાં **قل هوالله احد** કુલ્હુવલ્લાહુ અહદ અને કુનૂત પઢતા હતા. આ જ હદીષની બીજી રિવાયતમાં છે, અને કુનૂત રુકૂઅથી પહેલાં પઢતા હતા.

આ હદીષોથી ત્રણ ફાયદા હાંસલ થયા : એક એ કે કેવળ વિત્રમાં કુનૂત છે, વિત્ર સિવાય કોઈ અન્ય નમાઝમાં નથી. વિત્ર આખુ વરસ પઢવામાં આવશે. કુનૂત રુકૂઅથી પહેલાં છે. કિતાબુલ મગાઝીમાં આટલુ અધિક છે : અને હુઝૂર એવું ફર્માવતા, અને અસિયહએ અલ્લાહ તથા તેના રસૂલની નાફર્માની કરી. અબૂ દાઊદ (૧/૨૦૪ સલાત)માં એનો ખુલાસો છે કે હુઝૂરે અક્દસ ﷺએ એક મહિનો કુનૂત પઢી પછી છોડી આપી. આ કુનૂત ખાસ એ દુઃખદ બનાવના કારણે હતું અને ટેમ્પરરી હતું. એનાથી એ સાબિત થાય છે કે કોઈક દુઃખદ ઘટના વખતે કુનૂત પઢવું સુન્નત છે. અમે હદીષ–૫૧૩ના હેઠળ એના પર વિસ્તારપૂર્વક ચર્ચા કરી ચૂક્યા છીએ, હવે એને દોહરાવવાની જરૂરત નથી.

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# ابواب الاستسقاء

## (અબ્વાબુલ્ ઈસ્તિસ્ક઼ાઅ્) "ઈસ્તિસ્ક઼ાઅ્ વિશેનાં પ્રકરણો"

### حدیث ۶۲۱

**[હદીષ : ૬૨૧]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ (એ પણ ફર્માવ્યું)*

عَلَیْهِ وَسَلَّمَ قَالَ غِفَارُ غَفَرَ اللّٰہُ لَهَا وَاَسْلَمُ سَالَمَهَا اللّٰہُ وَقَالَ ابْنُ اَبِی الزِّنَادِ

*અને ગફ઼્ફ઼ારની અલ્લાહ મગફ઼ેરત ફ઼ર્માવે અને અસ્લમને સલામત રાખે.*

عَنْ اَبِیْهِ هٰذَا كُلُّهٗ فِی الصُّبْحِ ع

*ઈબ્ને અબી ઝિયાદે કહ્યું આ દુઆ સવારની નમાઝમાં કરતા હતા."* (બુખારી ૧/૧૩૭ ઈસ્તિસ્ક઼ાઅ્)

**સમજૂતી : ૬૨૧**

આ તઅલીક઼ નથી મુત્તસિલ સનદ સાથે મરફૂઅ હદીષ છે. ગફ઼્ફ઼ાર એ ક઼નાનાની એક શાખ છે જેના એક વ્યક્તિ હઝરત અબૂઝર ગફ઼્ફ઼ારી હતા અને ક઼બીલો અસ્લમ એ ખઝાઆની શાખ છે. એ જ ક઼બીલાના હઝરત અસ્લમ બિન અફ઼ૂઅ رضی اللہ عنہ હતા. ગફ઼્ફ઼ાર ક઼બીલો પ્રથમ જ ઈસ્લામ સ્વીકારી ચૂક્યો હતો અને ક઼બીલા અસ્લમે હુઝૂર صلی اللہ علیہ وسلم થી સુલહ કરી લીધી હતી એટલા માટે ખાસ રીતે દુઆએ ખૈર કરી.

એનાથી સાબિત થાય છે કે કોઈના નામથી કાર્ય લાગુ કરીને દુઆ કરવી સુન્નત છે, જેમ કે કોઈનુ નામ અહમદ હોય તો આવી દુઆ કરવામાં આવે : **احمد اللہ عاقبتك** કોઈનુ નામ અલી હોય તો આ પ્રમાણે દુઆ કરવામાં આવે : **اعلی اللہ درجاتك**. એને અઅલમુલ બદીઅમાં જનાસુલ ઈશ્તિક઼ાક઼ કહે છે.

# حدیث ۶۲۲

[હદીષ : ૬૨૨]

عَنْ مَسْرُوْقٍ قَالَ كُنَّا عِنْدَ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ فَقَالَ

"મશરૂક઼ે કહ્યું, અમે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہની ખિદમતમાં હાજર હતા. એવામાં

اِنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَمَّا رَاٰی مِنَ النَّاسِ اِدْبَارًا فَقَالَ اَللّٰهُمَّ

એમણે ફર્માવ્યું, જ્યારે નબી ﷺએ લોકો (મક્કાવાળાઓ)ની ઈસ્લામથી વિમુખતા જોઈ તો આ દુઆ કરી,

سَبْعًا كَسَبْعِ یُوْسُفَ فَاَخَذَتْهُمْ سَنَةٌ حَصَّتْ كُلَّ شَیْءٍ حَتّٰی اَكَلُوا الْجُلُوْدَ وَالْمَیْتَةَ

હે અલ્લાહ ! હઝરત યૂસુફ علیہ السلامની જેમ એમના પર સાત વરસનો દુકાળ લાગુ કર ! તો તેમને દુકાળે પકડી

وَالْجِیَفَ وَیَنْظُرُ اَحَدُكُمْ اِلَی السَّمَاءِ فَیَرَی الدُّخَانَ مِنَ الْجُوْعِ فَاَتَاهُ اَبُوْسُفْیَانَ

લીધા જેણે દરેક ચીજ ખતમ કરી આપી, ત્યાં સુધી કે તે લોકોએ ચામડુ, મુરદાર સુધ્ધાં ખાધુ અને જ્યારે

فَقَالَ یَا مُحَمَّدُ اِنَّكَ تَاْمُرُ بِطَاعَةِ اللّٰهِ وَبِصِلَةِ الرَّحِمِ وَاِنَّ قَوْمَكَ قَدْ

આસ્માનની તરફ તાકતા તો ભૂખના કારણે ધૂમાડા દેખાતા. તો અબૂ સુફયાન ખિદમતે અક઼દસમાં હાજર થયા

હઝરત અનસવાળી હદીષમાં જે દુઆ છે આ એનો ભાગ છે, જેમ કે ખફફાફ બિન અયમા ગફફારથી જે હદીષ રિવાયત પામી છે એમાં આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ ﷺએ એક નમાઝમાં આ દુઆ માંગી, હે અલ્લાહ ! બની લહયાન્ રઅલ, ઝકવાન, અસિયા પર લઅનત કર, જેમણે અલ્લાહ અને તેના રસૂલની નાફર્માની કરી. મુસ્લિમમાં આખિરમાં આટલુ અધિક છે : આ હું જાતે પોતે નથી કહેતો અલ્લાહે મારાથી કહેવડાવ્યું છે.

## સમજૂતી : ૬૨૨

કિતાબુત્તફસીરમાં આ હદીષ આ પ્રમાણે છે કે જ્યારે કુરૈશે નબી ﷺની નાફર્માની કરી તો આ દુઆ ફર્માવી, યૂસુફ علیہ السلامની જેમ એમના પર દુકાળ ઉતાર ! તો એમના પર દુકાળ તથા તકલીફ આવી પડી ત્યાં સુધી કે હાડકાં સુધ્ધાં ખાઈ ગયા. જો કોઈ આસ્માનની તરફ તાકતો તો ભૂખના કારણે આસ્માન તથા પોતાના દરમ્યાન ધૂમાડા જેવું જોતો. અલ્લાહ جل جلالہએ આયત નાઝિલ ફર્માવી, તમે એ દિવસની રાહ જુઓ જ્યારે આસ્માન ઉઘાડો ધૂમાડો લાવશે જે લોકોને ઢાંકી લેશે, ખુલ્લો અઝાબ. આ પરિસ્થિતિ પછી કોઈ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયું અને અર્ઝ કરી, મુઝરના માટે દુઆ કરો તેઓ બર્બાદ થઈ ગયા. તો ફર્માવ્યું, મુઝરના માટે ? તમે ખૂબ જ બેબાક છો. હુઝૂરે વરસાદની દુઆ કરી તો વરસાદ થયો. એના પર આ આયત ઉતરી. "તમે ફરી તે જ કરશો." જ્યારે તેમને રાહત પહોંચી તો પોતાના પહેલાવાળા હાલ પર પલટી ગયા. એના પર અલ્લાહ عزوجلએ આ નાઝિલ કર્યું, "જે દિવસે અમો સૌથી મહાન પકડ કરીશું અમે મુજરિમોથી બદલો લઈશું." એનાથી મુરાદ બદરનો બનાવ છે. એમાં વકીઅ તથા શયબાના તરીક઼ાથી જે રિવાયત છે એના શરૂમાં આ પ્રમાણે છે. "એ પણ

هلكوا فادع الله لهم قال الله عز وجل. فارتقب يوم تاتي السماء بدخان

અને અર્ઝ કરી, હે મુહમ્મદ ! તમે અલ્લાહની રહમત અને સિલએ રહમી (સગાંથી સદ્‌વર્તાવ)નો હુકમ

مبين. الى قوله انكم عائدون يوم نبطش البطشة الكبرى فالبطشة يوم

આપો છો અને તમારી કૌમ હલાક થઈ રહી છે ! અલ્લાહથી એમના માટે દુઆ કરો. અલ્લાહ એ

بدر فقد مضت الدخان والبطشة واللزام واية الروم ع ہ

ફર્માવ્યું, ''તો તમે એ દિવસની રાહ જુઓ જ્યારે આસ્માનથી એક જાહેર ધૂમાડો લાવશે. અલ્લાહ ના

આ ઈર્શાદ સુધી અમે કેટલાક દિવસો માટે અઝાબ ખોલી આપીએ છીએ, તમે ફરી તે જ

કરશો જે દિવસે અમે સૌનાથી મહાન પકડ કરીશું.'' આ પકડ બદરનો બનાવ છે.

ધૂમાડો અને આ પકડ અને પ્રભાવ તથા રૂમની નિશાની જાહેર થઈ ચૂકી.''

*(ઈસ્તિસ્કાઅ ૧/૧૧૩૭, ૨/૨૮૦ તફસીરે સૂરએ યૂસુફ, ૨/૭૦૩ તફસીરે રૂમ, ૨/૭૧૦ તફસીરે સૂરએ સાદ (ص), ૨/૭૧૪ તફસીરે સૂરએ દુખાન, ચાર પ્રકરણોમાં સતત, મુસ્લિમ–તૌબા, તિર્મિઝી–તફસીર, નિસાઈ)*

ઈલ્મ છે કે માણસ જો ન જાણતો હોય તો એવું કહી આપે કે અલ્લાહ બેહતર જાણનાર છે.'' અલ્લાહ એ ફર્માવ્યું, તમે ફર્માવો ! હું આ (તબ્લીગે દીન) પર તમારાથી કોઈ બદલો નથી ચાહતો, હું તકલીફ આપનારાઓમાંથી નથી. કુરૈશ જ્યારે નબી પર ગાલિબ આવી ગયા તો હુઝૂરે આ દુઆ કરી. મુસ્લિમ (૨/૩૭૩)માં આ પ્રમાણે છે : કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ ની ખિદમતમાં એક શખ્સ આવ્યો અને તેણે અર્ઝ કરી કે મસ્જિદમાં એક શખ્સ પોતાની રાયથી તફસીર કરી રહ્યો છે. આયતે કરીમા **فارتقب يوم تاتى السماء بدخان مبين** હેઠળ એવો અર્થ વર્ણવે છે કે કયામતના દિવસે એક ધૂમાડો ઉઠશે અને શ્વાસ ઘૂંટાવી દેશે જેવી રીતે શરદી જકડી લે છે. તો હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ એ ફર્માવ્યું, **માણસ જે વાત જાણતો હોય તે વર્ણન કરે અને જે ન જાણતો તે આ પ્રમાણે કહે, અલ્લાહ બેહતર જાણે છે. એ સમજદારીની વાત છે કે જે ન જાણતો હોય એના બારામાં કહી આપે કે અલ્લાહ બેહતર જાણનાર છે.** આ એટલે ધૂમાડાનો અઝાબ, જ્યારે કુરૈશે નબી ની નાફર્માની કરી તો હુઝૂરે એમના હક્કમાં આ દુઆ કરી.....છેવટ સુધી. બુખારી, સૂરએ રૂમમાં છે કે એક શખ્સ કંદા સ્થળે એવું બયાન કરી રહ્યો હતો કે કયામતના દિવસે ધૂમાડો ઉઠશે અને મુનાફિકોના કાનો તથા આંખોને પકડી લેશે અને મુસલમાનોને શરદીની જેમ પકડશે. એની આ વાત સાંભળીને અમે ગભરાઈ ગયા અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદની ખિદમતમાં આવ્યા. એ તકીયો લગાડીને બેઠા હતા. આ સાંભળીને ગુસ્સામાં આવી ગયા અને બેસી ગયા અને ફર્માવ્યું, માણસ જે જાણતો હોય તે કહે.....છેવટ સુધી.

**قد مضت** : આ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદનો કૌલ છે એનાથી જાહેર છે **البطشة الكبرى**થી મુરાદ બદરમાં કુરૈશની સખત હાર થઈ જેનાથી કુરૈશનો ઘમંડ ચુરચુર થઈ ગયો, તેમનો રૂઆબ ખત્મ થઈ ગયો. અને હુઝૂરે અક્દસ ની ધાક પૂરા અરબસ્તાનના જાહેર જોનારાઓ પર પણ બેસી ગઈ. **لزام**થી શું મુરાદ છે ? એમાં મતભેદ છે, હઝરત ઈબ્ને મસઊદ, હઝરત ઉબય બિન કઅબ તથા મુહમ્મદ બિન કઅબ, ઈમામ મુજાહિદ, કતાદા દ્દહાકે ફર્માવ્યું કે એનાથી ગઝવએ બદરમાં કુરૈશના સરદારોનું કત્લ મુરાદ છે. આના આધાર પર

البطشة الكبرى તથા لزام એક જ થયાં. એટલા માટે ફર્માવ્યું કે એ પણ વર્ણન થઈ ચૂક્યું. પણ ઈમામ હસન બસરીએ ફર્માવ્યું કે لزامથી મુરાદ કયામત છે. એમનાથી જ એક રિવાયત છે કે મૌત મુરાદ છે. એક કથન એ છે કે કોઈ ખાસ અઝાબ મુરાદ છે. મોહકમમાં છે કે એનાથી હિસાબ મુરાદ છે, આ આધાર لزام હજી ન થયું.

**آية الروم** : નબી ﷺના નબુવ્વતની જાહેરાતના પ્રારંભમાં ફારસ (ઈરાન) તથા રોમના વચ્ચે જંગ છેડાઈ. શરૂમાં ફારસની જીત થઈ એના પર મુશ્રિકોએ મુસલમાનોને મેહણુ માર્યું કે જેવી રીતે અમારા ભાઈ મજૂસી (અગ્નિપૂજક) ઈસાઈ પર સવાર થઈ ગયા છે એવી રીતે અમારા તમારામાં જંગ થશે તો અમે પણ તમારા પર ગાલિબ આવી જઈશું. મજૂસી અગ્નિપૂજક છે અને કુરૈશ મૂર્તિપૂજક છે એટલા માટે એઓ મજૂસી પ્રતિ વળેલા હતા, અને નસારા (ઈસાઈ) કેમ કે અહલે કિતાબ છે એટલા માટે મજૂસીની સરખામણીએ નસારા પ્રતિ મુસલમાનોનો લગાવ હતો. એના પર સૂરએ રૂમની પ્રારંભિક આયતો નાઝિલ થઈ જેમાં ફર્માવવામાં આવ્યું, "રોમ અતિ નજીકની જમીનમાં હારી ગયા એઓ હાર્યા પછી ખૂબ જ જલ્દી જીતી જશે થોડાક વરસોમાં." આ આયતોને સાંભળીને હઝરત સિદ્દીકે અકબર رضي الله عنهએ એવું કહેવાનું શરૂ કર્યું કે હવે ભાવિમાં રોમ ફારસ પર સવાર થઈ જશે. વરસની મુદ્દત નક્કી થઈ. જ્યારે હુઝૂરે અક્દસ ﷺને એનો ઈલ્મ થયો તો ફર્માવ્યું, **بضع** નો શબ્દ ત્રણથી નવ સુધી માટે બોલવામાં આવે છે, નવ વરસની મુદ્દત નક્કી કરી લો. હઝરત સિદ્દીકે અકબરે એ મુદ્દત નવ સાલ નક્કી કરી આપી.

ગઝવએ બદરના મોકા પર રોમને ફારસ પર ફતહ હાંસલ થઈ જેનાથી મુસલમાનોને બમણી ખુશી હાંસલ થઈ. અબૂ જહલ અને ઉબય બિન ખલફ બંનેવ જંગે બદરમાં માર્યા ગયા હતા. હઝરત સિદ્દીકે અકબરે તેમના વારસોથી શર્તનો માલ ઊંટ વસૂલ કર્યું. હુઝૂરે ફર્માવ્યું, એને સદકો કરી આપો તો તેમણે સદકો કરી આપ્યો. આ મહાન ગયબની ખબરની સચ્ચાઈ પર ઘણા ખુશનસીબોએ ઈસ્લામ કબૂલ કર્યો.

અલ્લામા ઈબ્ને હજર તથા અલ્લામા અયની બંનેવ સહમત છે કે દુખાન હિજરત પહેલાં બન્યો હતો જ્યારે કે હુઝૂરે અક્દસ ﷺ મક્કા મોઅઝ્ઝમા હતા. એટલા માટે કે અહીં બે વાતો કતઈ (નિશ્ચિત) છે : એક એ કે આ બદરથી પહેલાં બન્યું. હિજરત અને બદરના દરમ્યાન અબૂ સુફયાન મદીના આવ્યા ન હતા. અને હદીષમાં સ્પષ્ટતા છે કે અબૂ સુફયાને જ દુઆએ ખૈરની દરખાસ્ત કરી હતી. આ બંનેવનું અનિવાર્ય પરિણામ છે કે દુખાનનો કિસ્સો હિજરતથી પહેલાં ઉદ્ભવ પામ્યો. દમયાતીએ કહ્યું છે કે એ બદમઝહબોએ જ્યારે નમાઝની હાલતમાં પીઠ મુબારક પર ઊંટની હોજરી નાખી ત્યારબાદ હુઝૂરે અક્દસ ﷺએ દુકાળની દુઆ કરી હતી. એ બનાવ અલગ છે અને હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهની હદીષ–૫૧૩ જે વર્ણન થયેલી છે તે બીજો બનાવ છે જે મદીનામાં એ વખતનો છે જ્યારે હઝરત અય્યાશ બિન અબી રબીયા વગેરેના છૂટકારાની સાથે મક્કાવાસીઓ માટે દુકાળમાં સપડાવાની દુઆ કરી હતી જે નમાઝમાં કરી હતી.

**પ્રકરણથી સામ્યતા** : અહીં ઈસ્તિસ્કાઅ્ના પ્રકરણો ચાલી રહ્યાં છે. આ હદીષમાં ઈસ્તિસ્કાઅનું કોઈ વર્ણન નથી. **હું કહું છું** : અહીં ટૂંકાણમાં છે આગળ પ્રકરણ **اذا ستشفع المشركون با لمسلمين**માં આખરમાં છે કે અસ્બાતે મન્સૂરને રિવાયત કરતાં આટલુ વધાર્યું કે, રસૂલુલ્લાહ ﷺએ દુઆ ફર્માવી તો વર્ષા થઈ તેમજ અન્ય જગાએ પણ છે. એનાથી ઈસ્તિસ્કાઅથી મળતાપણુ થઈ ગયું. અને આ ઈમામ બુખારીની આદત છે કે કેટલી જગાએ પ્રકરણ હેઠળ જે હદીષ જેટલી વર્ણન કરે છે તેને પ્રકરણ સાથે કોઈ સામ્યતા નથી હોતી પણ તે જ હદીષ બીજા ઠેકાણે જે રીતે વર્ણન કરે છે એની સાથે પ્રકરણને નિસ્બત હોય છે જેના પર નોટીસ કેટલી વાર થઈ ચૂકી.

# حديث ٦٢٣

**[હદીષ : ૬૨૩]**

حَدَّثَنَا عَبْدُ الرَّحْمٰنِ بْنُ عَبْدِ اللّٰهِ بْنِ دِيْنَارٍ عَنْ اَبِيْهِ قَالَ سَمِعْتُ

"અબ્દુર્રહમાન ઈબ્ને અબ્દુલ્લાહ બિન દીનારે પોતાના વાલિદથી રિવાયત કરતાં કહ્યું કે

ابْنَ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَتَمَثَّلُ بِشِعْرِ اَبِيْ طَالِبٍ وَاَبْيَضَ يُسْتَسْقَى

મેં ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને અબૂ તાલિબનો આ શેઅર પઢતાં જોયા, અને ગોરા રંગતવાળા જેમના ચહેરા

الْغَمَامُ بِوَجْهِهٖ ؛ ثِمَالُ الْيَتَامٰى عِصْمَةٌ لِّلْاَرَامِلِ ع ہ

અન્વરના સદકામાં વાદળથી વર્ષા માંગવામાં આવે છે, યતીમોના હામી અને બેવાઓની પનાહ છે."

(બુખારી ૧/૧૩૭ ઈસ્તિસ્કાઅ)

ت ١٩٦ وَقَالَ عُمَرُ بْنُ حَمْزَةَ حَدَّثَنَا سَالِمٌ عَنْ اَبِيْهِ وَرُبَّمَا ذَكَرْتُ قَوْلَ

"અને ઉમર બિન હમ્ઝાએ કહ્યું, અમારાથી સાલિમે પોતાના પિતાથી રિવાયત **[તઅલીક : ૧૯૬]**

الشَّاعِرِ وَاَنَا اَنْظُرُ اِلٰى وَجْهِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَسْتَسْقِيْ فَمَا

કરતાં કહ્યું, અને ક્યારેક શાઈરના આ કૌલને યાદ કરું છું અને નબી ﷺના રૂએ અન્વર (ચહેરા મુબારક)ને

يَنْزِلُ حَتّٰى يَجِيْشَ كُلُّ مِيْزَابٍ ـ وَاَبْيَضَ يُسْتَسْقَى الْغَمَامُ بِوَجْهِهٖ

જોતો જેઓ વર્ષાની દુઆ કરતાં કરતાં એ વખત સુધી મિમ્બરથી નથી ઉતરતા જ્યાં સુધી સર્વ પરનાળા

ثِمَالُ الْيَتَامٰى عِصْمَةٌ لِّلْاَرَامِلِ ـ وَهُوَ قَوْلُ اَبِيْ طَالِبٍ ـ ع ہ

(નેવાળાં) જોરથી પડવા નથી લાગતાં. અને આ અબૂ તાલિબનો શેઅર છે." (ઉપર મુજબ, ઈબ્ને માજહ)

**સમજૂતી : હદીષ-૬૨૩, તઅલીક-૧૯૬** અહીં એ પ્રકરણ છે કે, "લોકોનું ઈમામથી સવાલ કરવું જ્યારે કે દુકાળ હોય." એના હેઠળ જે હદીષ તથા અષર (કૌલ) વર્ણન થયેલ છે કોઈમાં કોઈના સવાલનો ઉલ્લેખ નથી. પણ હકીકતમાં આ બંનેવ સંક્ષિપ્ત છે વિગતવાર બનાવ એ પ્રમાણે છે જે બયહકીએ દલાઈલુન્નબુવ્વતમાં અને ઈબ્ને હિશામે પોતાની સીરતમાં વર્ણન કર્યો છે કે એક ગામવાસી રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમારી પાસે કોઈ ઊંટ ન રહ્યું જે બોલે અને ન કોઈ એવું બચ્ચુ રહ્યું જે ભાંભરે.

**اتيناق والعذراء يدمى لبا نها وقد شغلت ام الصبى عن الطفل والقى بكفيه الصبى استكامة من الجوع ضعفا مايمر وما يحلى ولاشى ممايا كل الناس عندنا سوى الحنظل العاهى والعلهزا لغسل وليس لنا الا اليك فرارنا واين فرارالناس الا الى الرسل**

"અમે ખિદમતે અક્દસમાં હાજર થયા છે અને હાલ એ છે કે કુંવારી બાળકીની છાતી કામ કરતાં કરતાં ઝખ્મી થઈ ગઈ અને માએ બાળકથી મોઢું ફેરવી દીધું છે. ભૂખની કમજોરીના કારણે બાળકને અલગ કરી આપ્યું છે, ન મીઠી વાત નીકળે છે ન કડવી. અમારી પાસે ખાવા માટે કાંઈ નથી સિવાય કડવા હંઝલ અને રદ્દી અલહઝ (કડવી ચીજ) હુઝૂરના સિવાય ક્યાંય પનાહ (શરણ) નથી, અને લોકોને રસૂલોની બારગાહના સિવાય ક્યાં પનાહ મળી શકે છે." (હંઝલ = ઈન્દરાયનનું ફળ)

આ સાંભળીને હુઝૂરે અક્દસ ﷺ ચાદર ખેંચતા ખેંચતા ઉભા થયા અને મિમ્બર પર તશરીફ લઈ ગયા, અલ્લાહ ﷻ ની હમ્દો ષના કરી પછી દુઆ કરી, હે અલ્લાહ ! અમને સૈરાબ (તૃપ્ત) કર.....છેવટ સુધી. અંતમાં છે કે નીચાણવાળા વિસ્તારના લોકો આવીને ફરિયાદ કરવા લાગ્યા, અમે ડૂબી ગયા ! અમે ડૂબી ગયા ! તો રસૂલુલ્લાહ ﷺ હસી પડયા ત્યાં સુધી કે અણીયાણા દાંત પણ બહાર જાહેર થઈ ગયા. પછી ઈર્શાદ ફર્માવ્યો, જો અબૂ તાલિબ હાજર હોત તો તેમની આંખો ઠંડી થઈ જાત. કોણ એમના શેઅરને સંભળાવશે ? એના પર હઝરત અલીએ કહ્યું, યા રસૂલલ્લાહ ! હુઝૂરની મુરાદ એમનો આ કૌલ છે : **وابيض يسيتسقى الغمام بوجهه**એ કસીદાના થોડાક શેઅરો સંભળાવ્યા. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હા ! પછી બની કનાનાના એક સાહબે આ અશઆર પઢયા :–

**لك الحمد والحمد ممن شكر سقينا بوجه النبی المطر**
**فلم يك الا كالف الرداء واسرع حتى راينا الدرر**

**અર્થાત** : "હે અલ્લાહ ! તારા માટે પ્રશંસા છે અને શુક્ર કરનાર તરફથી પણ તારીફ (પ્રશંસા) છે. રસૂલુલ્લાહ ﷺના ચેહરએ અન્વરના સદકામાં અમને વરસાદ મળ્યો. ચાદર ઉલ્ટાવતાં બલ્કે એનાથી પણ ઓછા સમયમાં અમે વાદળો જોયાં." હવે પ્રકરણ સાથે નિસ્બત તદ્દન સ્પષ્ટ છે.

**કસીદા અબૂ તાલિબ** : અબૂ તાલિબનો આ "કસીદતુલ ઉમૈયા" એકસો દસ અશઆર (પંક્તિઓ)નો છે જે બહરે તવીલમાં છે. અબૂ તાલિબે આ કસીદો ક્યારે કહ્યો હતો અને કહેવાનો સબબ શો બન્યો એ તેહકીકી તૌર પર માલૂમ નથી. ખત્તાબી (ઝુર્કાની અલલ મવાહિબ ૧/૧૯૧)એ એક હદીષ વર્ણન કરી છે કે હઝરત અબ્દુલ મુત્તલિબના દૌરમાં સતત કેટલાય વરસો સુધી દુકાળ પડયો તો હઝરત અબ્દુલ મુત્તલિબ કુરૈશની સાથે અબૂ કુબૈસ પહાડ પર ગયા. હુઝૂરે અક્દસ ﷺને પણ સાથે લઈ ગયા. હુઝૂરને ખભા પર બેસાડીને વરસાદની દુઆ કરી તો તુરત જ વરસાદ પડયો. અલ્લામા સુહેલી (ઉમ્દતુલ કારી, ૭/૩૦)એ ફર્માવ્યું કે આ મોકા પર અબૂ તાલિબે આ કસીદો કહ્યો હતો. **اقول وبالله التوفيق** આ કૌલથી કસીદાના શેઅરો ઈન્કાર કરે છે જેમ કે હમણા આવી રહેલ છે. અલ્લામા ઝુર્કાનીએ ઈબ્ને અસાકિરના હવાલાથી ઝિક્ર કર્યું છે કે જલહમા બિન અરફત્તાએ બયાન કર્યું કે હું મક્કા આવ્યો. એ વખતે દુકાળના કારણે મક્કાવાસીઓ સખત તંગીમાં હતા. કોઈકે કહ્યું, લાત તથા ઉઝ્ઝાની પાસે જઈએ. કોઈએ કહ્યું, નહીં ! ત્રીજા બુત (મૂર્તિ) મનાતની પાસે ચાલો. એક વયોવૃધ્ધ ખૂબસૂરત સારા પુરૂષે કહ્યું, ક્યાં બહેકતા જાવ છો જ્યારે તમારામાં ઈબ્રાહીમ તથા ઈબ્રાહીમની નિશાની મૌજૂદ છે ! લોકોએ કહ્યું, તમારો આશય અબૂ તાલિબ છે. તેમણે કહ્યું, હા ! સર્વ લોકો અબૂ તાલિબના ઘરે આવ્યા, દરવાજો ખખડાવ્યો તો તે બહાર આવ્યા. સર્વ લોકો એમના તરફ લપક્યા અને કહ્યું, હે અબૂ તાલિબ આ વાદીમાં દુકાળ છે, બીવી બચ્ચાં તકલીફમાં છે, ચાલો અને વરસાદની દુઆ કરો. આ સાંભળીને અબૂ તાલિબ નીકળ્યા, એમની સાથે એક સાહબઝાદા હતા જે એવા સૂર્ય જણાતા હતા જેના પરથી હમણા કાળી ઘટા હટી હોય, એમની સાથે ઘણા નાનાં નાનાં બાળકો હતાં. અબૂ તાલિબે એ સાહબઝાદાને લીધો અને તેમની પીઠ કાબાથી લગાડી લીધી. તે સાહબઝાદાએ પોતાની આંગળી આસ્માનની તરફ ઉઠાવી, એ વખતે આસ્માનમાં વાદળનો ટુકડો પણ ન હતો, હવે ચો તરફથી વાદળ ઉઠયું અને મૂશળધાર વરસવા લાગ્યું જેથી વાદી વહેવા માંડી અને શહેર, ગામવાળા સૌ

સૈરાબ થઈ ગયા. આ બનાવના પ્રતિ નિર્દેશ કરતાં અબૂ તાલિબ કહે છે :–

وا بیض یستسقی الغمام بوجھہ ثمال الیتامی عصمۃ للارامل

تلوذبہ الھلاک من آل ھاشم فھم عندہ فی نعمۃ وفواضل

"અને ગોરી રંગતવાળા જેમના ચહેરા અન્વરના સદકામાં વરસાદ માંગવામાં આવે છે, યતીમોના મદદગાર, વિધવાઓનું શરણ સ્થાન. આલે હાશિમ બર્બાદ હાલ એમનાથી પનાહ લે છે, આ લોકો એમની બારગાહમાં નેઅમત તથા ફઝ્લમાં છે."

પણ કસીદાના શેઅરો એવું દર્શાવે છે કે આવું એમણે ત્યારે કહ્યું હતું જ્યારે કુરૈશે બની હાશિમથી બોયકોટનો કરાર કર્યો હતો. તેની પ્રારંભિક પંક્તિઓ આ પ્રમાણે છે :–

لما رایت القوم لا ودعند ھم وقد قطعوا کل العراو الو سائل

وقد جاھرو نا بالعداوۃ والاذی وقد طاوعوا امرا العد والمزایل

وقد حالفوا قوما علینا اظنۃ یعضون غیضا خلفنا با لانامل

صبرت لھم نفسی بسمراٍ سمھہ وابیض عضب من تراث المقاول

"જ્યારે મેં જોયું કે આ કૌમમાં મહોબ્બત નથી, તેમણે દરેક સંબંધ તથા તઅલ્લુક કાપી નાખ્યો. અને અમારી અદાવત તથા તકલીફ પહોંચાડવાનું એલાન કરી આપ્યું અને અલગતા પસંદ દુશ્મનની વાત માની લીધી અને અમારી વિરૂધ્ધ એવી કૌમથી કરાર કરી લીધો જે મુત્તહમ છે અને અમારી પાછળ ગુસ્સાથી આંગળીઓ ચાવે છે. મેં ઘઉંવર્ણા ભાલા અને બાદશાહોથી મળેલી તેજ તલ્વારની સાથે સબ્ર કરી."

આ રિવાયતથી એવું માલૂમ પડે છે કે હઝરત અબ્દુલ મુત્તલિબના પછી ખૂદ અબૂ તાલિબે પણ વરસાદના માટે હુઝૂરે અકદસ ﷺથી વસીલો કર્યો. એનો મતલબ એ થયો કે અબૂ તાલિબે બેવાર હુઝૂરે અકદસ ﷺના વજૂદના તુફૈલથી વરસાદ થતો જોયો હતો. જેનાથી પ્રભાવિત થઈને મઝકૂર કસીદો કહ્યો. પણ એ પ્રશ્ન હજી પણ જવાબની પ્રતિક્ષામાં છે કે ક્યાં, ક્યારે. કસીદાનો શેઅર :–

وقد حا لفوا قوما علینا اظنۃ یعضون غیظاخلفنا با لا نا مل "અમારી વિરૂધ્ધ એવી કૌમથી કરાર કરી લીધો છે જે અમારી અદાવતમાં મુત્તહમ છે અને અમારી પાછળ ગુસ્સામાં આંગળીઓ ચાવે છે."

આ જાહેર કરી રહ્યું છે કે આ કસીદો કોઈક એવા કરાર પછી કહેવામાં આવ્યો જે બની હાશિમની વિરૂધ્ધ કહેવામાં આવ્યો હતો. એવો કરાર કેવળ એક જ થયો છે જેના પરિણામે બની હાશિમ "શોઅબે અબી તાલિબ"માં ઘેરાયા હતા. એનાથી જાહેર થઈ ગયું કે આ કસીદો શોઅબે અબી તાલિબમાં નાકાબંધીની હાલતમાં અબૂ તાલિબે કહ્યો છે. સીરતે ઈબ્ને હિશામમાં છે કે જ્યારે હુઝૂરે અકદસ ﷺએ ઈસ્લામની દા'વતે આમ આપવાની શરૂ કરી તો ઉશ્કેરાઈને તમામ કબીલા દુશ્મન બની ગયા. એ વખતે અબૂ તાલિબે આ કસીદો કહ્યો હતો. એ આપણી વાતથી વિરૂધ્ધ નથી જેમ કે જાહેર છે.

# حدیث ۶۲۴

**[હદીષ : ૬૨૪]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત ઉમર બિન ખત્તાબ જ્યારે લોકો દુકાળમાં

رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ كَانَ اِذَا قُحِطُوْا اِسْتَسْقٰی بِالْعَبَّاسِ بْنِ عَبْدِ الْمُطَّلِبِ

સપડાતા તો હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہના વસીલાથી વરસાદની દુઆ કરતા અને એવું

رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ فَقَالَ اَللّٰهُمَّ اِنَّا كُنَّا نَتَوَسَّلُ اِلَیْكَ بِنَبِیِّنَا صَلَّی اللّٰهُ تَعَالٰی

કહેતા, હે અલ્લાહ ! અમે તારી બારગાહમાં અમારા નબી صلی اللہ علیہ وسلمનો વસીલો લઈને આવતા તો તું અમને તૃપ્ત

عَلَیْهِ وَسَلَّمَ فَتَسْقِیْنَا وَاِنَّا نَتَوَسَّلُ اِلَیْكَ بِعَمِّ نَبِیِّنَا فَاسْقِنَا قَالَ فَیُسْقَوْنَ ع ـه

કરતો, અને હવે અમારા નબીના કાકાનો વસીલો લઈને આવ્યા છીએ તું અમારા પર વરસાદ વરસાવ !

તો વરસાદ વરસતો." (બુખારી ૧/૧૩૭ ઈસ્તિસ્કાઅ, ૧/૫૨૬ અલ્ મનાકિબ)

**સમજૂતી : ૬૨૪**

ઝુબેર બિન બકરે (કુસ્તલાની, ભાગ-૨) અન્સાબમાં વર્ણન કર્યું કે હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત અબ્બાસ رضی اللہ عنہના વસીલાથી આ દુઆ આમ્મુર્રમાદામાં કરી હતી. ઈબ્ને સઅદ વગેરેએ લખ્યું છે કે આમ્મુર્રમાદાનો મશહૂર દુકાળ હિ.સ. ૧૮માં પડયો હતો. નવ મહિના સુધી તદ્દન વરસાદ ન પડયો. વરસાદ ન થવાને કારણે આખી જમીન ધૂળમય બની ગઈ એટલા માટે એને આમ્મુર્રમાદા કહે છે. રમાદનો અર્થ 'રાખ' છે.

અબૂ સાલેહની હદીષમાં છે કે હઝરત ઉમર તથા હઝરત અબ્બાસ મિમ્બર પર તશરીફ લઈ ગયા તો હઝરત ઉમરે પહેલાં આ પ્રમાણે દુઆ કરી :-

**اللهم انا تو جهنا اليك بعم نبيك وصِنْوِا بيه فا سقنا الغيث ولا تجعلنا من القانطين۔** "હે અલ્લાહ ! અમે તારા નબીના કાકા અને તેમના પિતાતુલ્યને વસીલો બનાવીને તારા તરફ ધ્યાનિત થયા છીએ, તું વરસાદ વરસાવ અને અમને નિરાશ થનારાઓમાં ન કરતો." પછી હઝરત અબ્બાસને ફર્માવ્યું, આપ દુઆ કરો ! તો તેમણે આ મુજબ દુઆ કરી, **"હે અલ્લાહ ! ગુનાહ વિના કોઈ બલા નથી ઉતરતી અને તૌબા વિના કોઈ બલા નથી ટળતી. મારો વસીલો લઈને કૌમ તારી બારગાહમાં ધ્યાનિત છે, તારા નબીની સાથે મારી નિકટતાના લીધે ગુનાહોથી ખરડાયેલા અમારા હાથો તારી તરફ ઉઠયા છે અને અમારી પેશાનીઓ તૌબાની સાથે, અમને વરસાદથી તૃપ્ત કરી આપ !** આ દુઆ પછી આસ્માનમાં પહાડોના જેમ પરનાળાં ખુલી આપ્યાં ત્યાં સુધી કે જમીન હરીભરી થઈ ગઈ અને લોકો જીવી ઉઠયા.

અલ્લામા ઈબ્ને હજર અને અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ હદીષથી સાબિત થયું કે **સાલેહ તથા દીનદાર લોકોથી અને અહલે બયતથી ખુદાની બારગાહમાં સિફારિશ તલબ કરવી મુસ્તહબ છે.**

ઝુબેર બિન બુકારે અન્સાબમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી આ હદીષને આ પ્રમાણે રિવાયત કરી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ એ દિવસે એવો ખુત્બો આપ્યો હતો કે રસૂલુલ્લાહ ﷺ અબ્બાસને બાપના સ્થાને જાણતા હતા. હે લોકો ! આપણા કાકા અબ્બાસના બારામાં રસૂલુલ્લાહ ﷺ નો જે વર્તાવ હતો તેનું અનુસરણ કરો અને તેમને અલ્લાહની તરફ વસીલો બનાવો. (અલ્ હદીષ) આ હદીષને ઈબ્ને હબ્બાને પોતાની સહીહમાં મુહમ્મદ બિન મુષન્નાના તરીક઼ાથી મઝકૂર સનદની સાથે ઝિક્ર કરી છે. તેમજ ઈસ્માઈલીએ પણ મુહમ્મદ બિન મુષન્નાના તરીક઼ાથી મઝકૂર સનદની સાથે થોડાક ફેરફારની સાથે રિવાયત કરી છે. તેમજ અબ્દુર્રઝ્ઝાકે પોતાની મુસ્નફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે. તેમજ ઈમામ અબૂ ક઼ાસિમ ઈબ્ને અસાકિરે પણ કિતાબે ઈસ્તિસ્ક઼ાઅ્માં તેમનાથી રિવાયત કરી છે.

આ હદીષ એની દલીલ છે કે અહલે બયત તથા બુઝુર્ગાને દીનને ખુદાની બારગાહમાં વસીલો બનાવવો મુસ્તહબ છે. જેમ કે અલ્લામા ઈબ્ને હજર અને અલ્લામા અયનીએ સ્પષ્ટતા કરી છે. હઝરત ઉમર رضی اللہ عنہ નો અમલ સર્વ સહાબીઓના મજમામાં થયો અને સૌએ એના પર અમલ કર્યો જેથી તવસ્સુલ (વસીલા)નું મુસ્તહબ હોવું સહાબાના ઈજમાઅથી સાબિત થઈ ગયું. એના પર **ગૈરમુક઼લ્લિદો અને વસીલાના મુન્કિરો એવું કહે છે કે આ હદીષમાં તવસ્સુલ (વસીલા)થી મુરાદ દુઆની દરખાસ્ત છે** કે હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી દુઆની દરખાસ્ત કરી હતી.

**હું કહું છું** : અન્ય રિવાયતોથી નજર હટાવીને જો એ લોકો કેવળ બુખારીની જ રિવાયત પર ઈમાન ધરાવતા હોત તો આવી કઢંગી વાત ન કહેત. બુખારીના શબ્દો પર એક નજર કરો, હઝરત ઉમર અર્ઝ કરે છે : **انا کنا نتوسل** (અલ્ હદીષ) હઝરત ઉમર બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરે છે, **"હે અલ્લાહ ! અમે તારી બારગાહમાં અમારા નબીને વસીલો બનાવતા હતા અને હવે અમે અમારા નબીના કાકાનો વસીલો લાવીએ છીએ અમને સૈરાબ કર."** આ અરજ અલ્લાહ ﷻ ની બારગાહમાં છે, હઝરત અબ્બાસને નહીં. એમાં સ્પષ્ટપણે ખુલાસો છે કે, "હે અલ્લાહ ! અમે અમારા નબીના કાકાને વસીલો લાવીએ છીએ તો અમને સૈરાબ (તૃપ્ત) કર." આ અરજ અલ્લાહ ﷻ ની બારગાહમાં હઝરત અબ્બાસના વસીલાથી છે. છતાં એવું કહેવું કે તવસ્સુલ (વસીલા)થી અહીં મુરાદ દુઆની દરખાસ્ત છે, એ ધોકાબાજી તથા હદીષમાં ફેરફાર નથી તો શું છે ? બીજા તરીક઼ાઓમાં દુઆના જે શબ્દો રિવાયત થયા છે એમાં પણ લગભગ આ જ વિષયનું છે.

ક્યારેક એમાં પણ કેટલાક એવું કહી આપે છે કે જીવતાનો વસીલો દુરુસ્ત છે પણ મુર્દાનો શિર્ક છે. **હું કહું છું :** પ્રથમ તો **અહલે સુન્નતનો એના પર ઈજમાઅ છે કે હુઝૂરે અક઼દસ ﷺ દુનિયાવી શારીરિક હક઼ીક઼ી હયાતની સાથે જીવંત છે,** તો આમ પણ હુઝૂરે અક઼દસ ﷺ થી વસીલો દુરુસ્ત થયો. અને એવું કહેવું કે જો હુઝૂરે અક઼દસ ﷺ થી વસીલો હજી પણ જાઈઝ હોત તો હઝરત ઉમર رضی اللہ عنہ એ હુઝૂરથી જ કેમ વસીલો ન લીધો ? હઝરત અબ્બાસથી શા માટે લીધો ? આ પહેલા કરતાં પણ મોટી જેહાલત છે. જો કોઈ કામના અમુક તરીક઼ા હોય તો એમાંથી કોઈ એકને અપનાવવું એ એની દલીલ નથી કે બીજા તરીક઼ા ગલત છે. ખાસ કરીને જ્યારે કે અપનાવેલ તરીક઼ામાં કોઈ ખાસ ફાયદો હોય, **અહીં હુઝૂરે અક઼દસ ﷺ ને બદલે હઝરત અબ્બાસના વસીલામાં એક મહત્વના ફાયદાનો હેતુ હતો કે હુઝૂરે અક઼દસ ﷺ થી વસીલો પકડવો મુસ્તહબ હોવું તો સૌને માલૂમ હતું પણ શક્ય છે કે કોઈને વહેમ થાત કે ગૈર નબીથી વસીલો હરામ છે, તો હઝરત ઉમરે હઝરત અબ્બાસને વસીલો બનાવીને બતાવી આપ્યું કે ગૈર નબીથી વસીલો એ જ પ્રમાણે મુસ્તહબ છે જેવી રીતે અંબિયાએ કિરામથી છે.** ત્રીજુ એ કે અલ્લામા ઈબ્ને હજર અસક઼લાનીએ ફતહુલબારી (૨/૪૧૨)માં અને અલ્લામા અહમદ ખતીબ ક઼સ્તલાનીએ મવાહિબે લદુન્નિયહમાં મુસ્નફે ઈબ્ને અબી શયબાના હવાલાથી લખ્યું છે કે હઝરત ઉમરના ખજાનચી માલિક વારી કહે છે કે હઝરત ઉમરના જમાનામાં લોકો દુકાળમાં સપડાયા તો એક સાહબ નબી કરીમ ﷺ ના મઝારે અક઼દસ પર હાજર

ت ١٩٧ وَزَادَ اَسْبَاطُ عَنْ مَنْصُوْرٍ فَدَعَا رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

"અસ્બાતે મન્સૂરથી રિવાયત કરતાં આટલુ અધિક કર્યું, પછી રસૂલુલ્લાહ ﷺએ **[તઅલીક઼ : ૧૯૭]**

فَسُقُوا الْغَيْثَ فَاَطْبَقَتْ عَلَيْهِمْ سَبْعًا وَّشَكَا النَّاسُ كَثْرَةَ الْمَطَرِ فَقَالَ اَللّٰهُمَّ

દુઆ ફર્માવી તો વરસાદ પડયો અને સાત દિવસ સુધી સતત પડતો જ રહ્યો અને લોકોએ વરસાદની

حَوَالَيْنَا وَلَا عَلَيْنَا فَانْحَدَرَتِ السَّحَابَةُ عَنْ رَّاسِهٖ فَسُقُوا النَّاسُ حَوْلَهُمْ ع

અધિક્તાની ફરિયાદ કરી તો કહ્યું, હે અલ્લાહ ! અમારી આસપાસ અમારા પર નહીં. તો હુઝૂરના માથેથી

વાદળો વિખેરાઈ ગયાં અને લોકોની આસપાસ વરસાદ પડતો રહ્યો." (બુખારી ૧/૧૩૯ ઈસ્તિસ્ક઼ાઅ્)

થયા અને આ પ્રમાણે અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! તમારી ઉમ્મતના માટે વરસાદ માંગો ! લોકો હલાક થઈ ગયા." એક સાહબના ખ્વાબમાં હુઝૂરે અક઼દસ ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, ઉમરને જઈને કહી આપો કે નજીકમાં જ વરસાદ આવશે. સયફે ફુતૂહમાં લખ્યું છે કે આ સાહબ હઝરત બિલાલ બિન હારિષ મુઝની رضی اللہ عنہ હતા. આ હદીષને અલ્લામા ઈબ્ને હજરે ફત્હુલબારીમાં અને અલ્લામા અહમદ ખતીબ ક઼સ્તલાનીએ મવાહિબુલ્લદુન્નિયહ્માં સહીહ કહી છે. એને બયહક઼ીએ દલાઈલુન્નબુવ્વત ૧૧મા ભાગમાં રિવાયત કરી છે અને શાહ વલીયુલ્લાહ સાહબે કુર્રતુલ ઐનૈનમાં અલ્ ઈસ્તીયાબના હવાલાથી વર્ણન કર્યું છે.

આ સહીહ હદીષથી સાબિત કે **કદી કદી સહાબાએ કિરામ મઝારે અક઼દસ ﷺ પર હાજર થઈને હુઝૂરથી પણ મદદ માંગતા રહેતા હતા.** એનાથી સાબિત થઈ ગયું કે **બારગાહે કુદ્સના ખાસ બંદાઓના મઝારો પર હાજતો માંગવા માટે હાજરી આપવી એ સહાબાની સુન્નત છે.** અને એ તો સાબિત જ છે કે વિસાલ બાદ સહાબાએ કિરામ હુઝૂરે અક઼દસ ﷺની બારગાહમાં હાજર થતા, મુશ્કેલીઓ દૂર થવા માટે દરખાસ્ત કરતા, એટલા માટે એવું કહેવું કે વિસાલ બાદ હુઝૂરે અક઼દસ ﷺનો વસીલો હરામ તથા શિર્ક છે એ આ સહીહ હદીષને રદ કરવું ગણાશે.

## તઅલીક઼ : ૧૯૭ની સમજૂતી

આ તઅલીક઼ને બયહક઼ીએ મુત્તસિલ સનદ સાથે વર્ણવી છે. દાઊદી વગેરેએ એ વાંધો ઉઠાવ્યો કે અહીં બુખારીએ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની હદીષની સનદને હઝરત અનસની હદીષના મતન (અસ્લ લખાણ)ની સાથે જોડી આપ્યું છે. દમયાતીએ પણ એનું સમર્થન કર્યું છે ત્યાં સુધી કે અલ્લામા અયનીએ પણ. પણ અલ્લામા ઈબ્ને હજર ફર્માવે છે કે મક્કામાં પણ દુકાળ દૂર થવા અને વરસાદ રોકવાની દુઆ ફર્માવી છે, જેમ કે બુખારી (૨/૭૧૪ તફસીરે સૂરએ દુખાન)માં જ છે, અને બીજીમાં પણ છે. અને મુસ્નદે ઈમામ અહમદ (૪/૨૩૬) તથા ઈબ્ને માજહ (ઈસ્તિસ્ક઼ાઅ્–૯૧)માં હઝરત કઅબ બિન મર્રા અથવા મર્રા બિન કઅબની હદીષમાં એ પણ છે કે હુઝૂરે અક઼દસ ﷺએ હાથ મુબારક ઉઠાવ્યા અને આ પ્રમાણે કહ્યું :–

اَللّٰهُمَّ اسْقِنَا غَيْثًا مَرْيْئًا مُرِيْعًا طَبَقًا عَاجِلًا غَيْرَ رَائِثٍ نَافِعًا غَيْرَ ضَارٍّ "હે અલ્લાહ ! અમને તૃપ્ત કર પૂરી વર્ષાથી જે તાઝગી લાવનાર હોય, જલ્દી થાય મોડેથી ન થાય, નુકસાન આપનાર ન હોય." બીજો જુમ્આ આવ્યો ન હતો એવામાં દુઆ ક઼બૂલ થઈ. ત્યારબાદ ફરી લોકો આવ્યા અને વરસાદની અધિક્તાની શિકાયત કરી અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ઘરો પડી ગયાં. અને હુઝૂરે આ પ્રમાણે દુઆ કરી : હે અલ્લાહ ! અમારી આસપાસ અને અમારા પર નહીં. તો વાદળ જમણી ડાબી બાજુ ફાટવા લાગ્યું.

حديث ٦٢٥ عَنْ اَبِیْ اِسْحَاقَ خَرَجَ عَبْدُ اللّٰہِ بْنُ يَزِيْدَ الْاَنْصَارِیُّ وَخَرَجَ مَعَهُ

"અબૂ ઈસ્હાક્ સબીઈથી રિવાયત છે કે અબ્દુલ્લાહ બિન યઝીદ અન્સારી અને **[હદીષ : ૬૨૫]**

اَلْبَرَاءُ بْنُ عَازِبٍ وَزَيْدُ بْنُ اَرْقَمَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمْ فَاسْتَسْقٰی فَقَامَ

તેમની સાથે હઝરત બરાઅ બિન આઝિબ અને ઝયદ બિન અરક્મ رضوان الله تعالیٰ علیہم اجمعین પણ શહેરથી બહાર

لَهُمْ عَلٰی رِجْلَيْهِ عَلٰی غَيْرِ مِنْبَرٍ فَاسْتَسْقٰی ثُمَّ صَلّٰی رَكْعَتَيْنِ يَجْهَرُ بِالْقِرَاءَةِ وَلَمْ

નીકળ્યા અને વરસાદના માટે દુઆ કરી. તે પોતાના બંનેવ પગો પર ઉભા થયા અને વરસાદના માટે દુઆ

يُؤَذِّنْ وَلَمْ يُقِمْ قَالَ اَبُوْ اِسْحَاقَ وَرَاٰی عَبْدُ اللّٰہِ بْنُ يَزِيْدَ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

કરી, પછી બે રકાત નમાઝ પઢી જેમાં ક્રિરાઅત બુલંદ અવાજથી કરી, ન અઝાન આપી ન ઈક઼ામત કહી.

અબૂ ઈસ્હાક઼ે કહ્યું, અને અબ્દુલ્લાહ બિન યઝીદે નબી ﷺને જોયા છે."

(બુખારી ૧/૧૩૯ ઈસ્તિસ્ક઼ાઅ, મુસ્લિમ–મગાઝી)

મુસ્નદે ઈમામ અહમદમાં **انك جری** આટલું વધારે છે, "યા રસૂલલ્લાહ ! આપે અલ્લાહથી મદદ માંગી તો એણે તમારી મદદ કરી, આપે દુઆ કરી તો અલ્લાહે ક઼બૂલ કરી. તો હુઝૂરે આ દુઆ માટે દસ્તે મુબારક ઉઠાવ્યા. એનાથી સાબિત થયું કે મક્કામાં પણ વરસાદની અધિક્તાના લીધે વરસાદ રોકવાના માટે દરખાસ્ત કરવામાં આવી અને હુઝૂરે દુઆ ફર્માવી. કઅબ બિન મર્રા અથવા મર્રા બિન કઅબની હદીષમાં છે કે વરસાદની દુઆની દરખાસ્ત કરવાવાળાએ ખાસ મુઝરના માટે દુઆની દરખાસ્ત કરી હતી. જેના પર હુઝૂરે ફર્માવ્યું, તમે ઘણા જ બહાદુર છો ! મુઝરના માટે ? વરસાદ બીજી જુમ્આ આવતા પહેલાં થઈ. અને હઝરત અનસની હદીષમાં ખાસ મુઝરના માટે દુઆની દરખાસ્ત નથી, મુત્લક઼ છે. અને ન એવું છે કે હુઝૂરે દરખાસ્ત પર કાંઈ ફર્માવ્યું હોય, દરખાસ્ત સાંભળતાં જ દુઆ કરી. અને એ પણ છે કે હુઝૂરે અક઼દસ ﷺ મિમ્બર પર જ હતા એવામાં વરસાદ તેજીથી થવા લાવ્યો. એટલા માટે હઝરત અનસ અને હઝરત કઅબ બિન મર્રા અથવા મર્રા બિન કઅબની હદીષોમાં બે બનાવો બન્યા અને બે સ્થળે બન્યા, એક મદીનામાં હિજરત પછી અને બીજો મક્કામાં હિજરત પહેલાં. એટલા માટે ઈમામ બુખારી પર મઝકૂર વાંધો યોગ્ય નથી.

**અસ્બાત** : અસ્બાત બે છે : એક અસ્બાત બિન મુહમ્મદ ક઼ાસ, બીજા અસ્બાત બિન નસ્ર હમ્દાની અબૂ યૂસુફ, અને એમને અબૂ નસ્ર કૂફી પણ કહે છે. ઈબ્ને મુઈને એમને ષિક઼હ કહ્યા, ઈમામ અહમદે તવક્કુફ કર્યો (ચૂપ રહ્યા), ઈમામ નિસાઈએ ફર્માવ્યું, ક઼વી નથી. અહીં બીજા અસ્બાત મુરાદ છે.

## સમજૂતી : ૬૨૫

અબ્દુલ્લાહ બિન યઝીદ અન્સારી رضی اللہ عنہ નબવી યુગમાં પેદા થયા. એક રિવાયતની બિના પર હુદૈબિયામાં શરીક હતા. અબૂ અમ્રએ કહ્યું કે એ વખતે તેમની ઉમર ૧૭ વરસની હતી. હઝરત અલી رضی اللہ عنہની સાથે સિફ્ફીન, જુમલ, નહરવાનમાં શરીક થયા. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરની તરફથી કૂફાના અમીર પણ રહ્યા અને તેમના જ યુગમાં અલ્લાહને પ્યારા થઈ ગયા.

**قال لنا** પ્રારંભની સનદમાં હતું : **قال لنا** એની સ્પષ્ટતા અલ્લામા કિરમાનીએ એ કરી કે એનાથી મુરાદ એ

## حديث ٦٢٦

**[હદીષ : ૬૨૬]**

عَنْ عَبَّادِ بْنِ تَمِيْمٍ عَنْ عَمِّهٖ قَالَ رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"અબાદ બિન તમીમ પોતાના કાકા અબ્દુલ્લાહ બિન ઝયદ માઝનીથી રિવાયત કરે છે કે*

છે કે આ હદીષ ચર્ચા રૂપે સાંભળી છે **حدثنی** (હદ્ષની)નો મતલબ એ થાય છે કે તાલીમ દરમ્યાન આ હદીષ સાંભળી છે. પણ બુખારીને ત્યાં એ ફરક નથી, કેમ કે ઘણી બધી હદીષોને પોતાની જામેઅમાં **قال لنا**થી વર્ણવી અને બીજી કિતાબોમાં સેગાએ તહદીષથી લખી છે, બલ્કે તે હદીષ મૌકૂફ તથા મુતાબેઆતમાં તેને વાપરે છે.

**خرج** : મુરાદ એ છે કે મેદાનમાં શહેરથી બહાર આવ્યા. આ હિ.સ. ૬૪નો બનાવ છે. મુખ્તાર બિન ઓબૈદ ષક્ફી કઝ્ઝાબના કૂફા પર વર્ચસ્વથી પહેલાંનો છે. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરે તેમને ઈસ્તિસ્કાઅનો હુકમ આપ્યો હતો. સુનને કજીથી એ માલૂમ થાય છે કે નમાઝ હઝરત ઝયદ બિન અરક્મે પઢાવી હતી.

**فاستسقى فقام** : **فاستسقى** સંક્ષિપ્ત છે, **فقام الخ** તેની તફસીર છે. એટલે વરસાદની દુઆ કરી. કેવી રીતે કરી એને **فقام الخ**થી બયાન કર્યું. **فاستسقى**થી મુરાદ ખુત્બો નથી.

**صلى ركعتين** : હઝરત ઈમામે આ'ઝમે ફર્માવ્યું કે નમાઝે ઈસ્તિસ્કાઅ્નો ભાગ નથી. ઈસ્તિસ્કાઅના બારામાં જે આમ રિવાયતો છે એમાં નમાઝનું વર્ણન નથી. એનાથી જાણવા મળ્યું કે ઈસ્તિસ્કાઅ્ તૌબા, ઈસ્તિગફાર તથા દુઆનું નામ છે. ઈર્શાદે બારી છે : **اِسْتَغْفِرُوْا رَبَّكُمْ اِنَّهٗ كَانَ غَفَّارًا يُّرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ مِّدْرَارًا** "પોતાના પરવરદિગારથી મગફેરત ચાહો, બેશક ! તે બખ્શનારો છે, તમારા પર મૂશળધાર વરસાદ મોકલશે." એનાથી સાબિત થયું કે ઈસ્તિસ્કાઅ્ કેવળ ઈસ્તિગફાર તથા દુઆ છે. ઈમામ અબૂ યૂસુફ, ઈમામ મુહમ્મદ તથા જમહૂર એને માનનારા છે કે ઈસ્તિસ્કાઅ્માં નમાઝ સુન્નત છે. આપણે ત્યાં અગ્રતા પામેલ તથા જેના પર ફત્વા અપાય છે તે એ છે કે નમાઝ સુન્નત નથી, ચાહે તે પઢી લે. સહીહ એ છે કે ઈસ્તિસ્કાઅની નમાઝ પણ આમ નમાઝોની જેમ છે, એમાં અધિક તકબીરો નથી અને એ નમાઝ કેવળ બે રકાત છે જેમ કે તિબ્રાનીએ અવસતમાં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ નમાઝે ઈસ્તિસ્કાઅ્ બે રકાત પઢી. અને કેવળ એક જ તકબીર પઢી. અને અમુક રિવાયતોમાં જે એવું આવ્યું છે કે ઈદના જેમ પઢી, એનાથી મુરાદ એ છે કે ઈદની નમાઝની જેમ મેદાનમાં બુલંદ કિર્અતની સાથે બે રકાતો પઢી, જેમ કે આ હદીષમાં ત્રણેવ વાતો વર્ણન થયેલી છે. તશ્બીહ (સરખામણી) માટે સર્વ ખૂબીઓમાં મળતાપણુ લાઝિમ નથી.

**خطبه ખુત્બો** : નમાઝે ઈસ્તિસ્કાઅમાં ખુત્બો નમાઝ પછી છે જેમ કે મુસ્નદે ઈમામ અહમદ (૪/૪૧)માં હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેરવાળી હદીષ–૬૨૪માં એ સ્પષ્ટતા છે કે હુઝૂરે અક્દસ ﷺએ ખુત્બાથી પહેલાં નમાઝ પઢી. તેમજ ઈબ્ને માજહ (સલાત–૯૧)માં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની હદીષમાં છે હુઝૂરે અમને બે રકાત પઢાવી, ન અઝાન આપી ન ઈક઼ામત કરી, એના પછી ખુત્બો આપ્યો અને દુઆ માટે હાથ ઉઠાવતાં ક઼િબ્લાની તરફ મોઢું કર્યું પછી ચાદર પલ્ટી તો જમણો છેડો ડાબા પર અને ડાબો જમણા ખભા પર કરી લીધો.

**સમજૂતી : ૬૨૬** બાબુ તહવીલુર્રિદાઅ્માં સનદ આ પ્રમાણે છે :–

**حدثنا سفيان عن عبدا لله بن ابى بكر انه سمع عبادبن تميم يحدث اباه عن عمه عبد الله بن زيد**

અબ્દુલ્લાહ બિન અબૂબકથી રિવાયત કરતાં અમને સુફયાને હદીષ બયાન કરી કે તેમણે અબાદ બિન તમીમને

عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ خَرَجَ يَسْتَسْقِيْ قَالَ فَحَوَّلَ اِلَى النَّاسِ ظَهْرَهُ وَاسْتَقْبَلَ

*તેમણે કહ્યું, મેં નબી ﷺને એ દિવસે જોયા જે દિવસે ઈસ્તિસ્ક઼ાઅ્‌ના માટે તશરીફ લઈ ગયા. હુઝૂર*

الْقِبْلَةَ يَدْعُوْ ثُمَّ حَوَّلَ رِدَاءَهُ ثُمَّ صَلَّى لَنَا رَكْعَتَيْنِ جَهَرَ فِيْهِمَا بِالْقِرَاءَةِ ء

*લોકોની તરફ પીઠ મુબારક અને ક઼િબ્લાની તરફ રુખે અન્વાર કરીને દુઆ કરતા રહ્યા. પછી પોતાની*

*ચાદર પલ્ટી ત્યારબાદ બે રકાત નમાઝ પઢાવી જેમાં મોટા અવાજે ક઼િર્અત કરી.''*

*(બુખારી ૧/૧૩૯ ઈસ્તિસ્ક઼ાઅ, ૧/૧૩૬, ૧/૧૪૦, ૧/૧૩૭, ૨/૯૩૯ બે તરીક઼ાથી અદઅવાત, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)*

સાંભળ્યા કે તે પોતાના કાકા અબ્દુલ્લાહ બિન ઝયદથી રિવાયત કરતાં તેમના બાપથી હદીષ બયાન કરે છે. اسمیه ابام ની ઝમીરનો મરજઅ અબ્દુલ્લાહ છે અને રાવી અબ્દુલ્લાહના બાપ અબૂબક્ર છે.

છેવટમાં કે ઈબ્ને ઓયયૂનાએ કહ્યું કે આ અબ્દુલ્લાહ બિન ઝયદ અઝાનવાળા અબ્દુલ્લાહ બિન ઝયદ છે. પરંતુ આ મામલામાં એમનાથી વહેમ થઈ ગયો છે, આ અબ્દુલ્લાહ બિન ઝયદ એ અબ્દુલ્લાહ બિન ઝયદ બિન આસિમ માઝની અન્સારી છે. અન્સારીવાળા માઝનથી છે. બની તમીમવાળા માઝનથી નથી.

**تحويل رداء** : ઈમામ ખુત્બા દરમ્યાન પોતાની ચાદરને પલ્ટી આપે એ રીતે કે નીચેનું ઉપર અને ઉપરનું નીચે થઈ જાય, આ હાલત બદલવાથી ફાલ છે. હુઝૂરે અક઼દસ ﷺની ચાદર ચાર હાથ એક વેંત લાંબી અને બે હાથ એક વેંત પહોળી હતી. ઈમામ વાક઼ેદીએ ફર્માવ્યું કે છ હાથ લાંબી અને ત્રણ હાથ એક વેંત પહોળી હતી, અને તેહબંદ ચાર હાથ એક વેંત લાંબુ અને બે હાથ એક વેંત પહોળુ હતું.

**આ નમાઝ કઈ સનમાં થઈ ?** : આ ઈસ્તિસ્ક઼ાઅ્‌ની નમાઝ હુઝૂર ﷺએ રમઝાન હિ.સ. ૬માં પઢી હતી. (ફત્હુલ બારી, ૨/૪૧૫) એની તફસીલ અબૂ દાઊદ (૧/૧૬૫–સલાત) અને ઈબ્ને હબ્બાનમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہا ની રિવાયત મુજબ એ છે કે લોકોએ નબી ﷺને દુકાળની શિકાયત કરી તો હુઝૂરે ઈદગાહમાં મિમ્બર રખાવ્યું અને એક ખાસ દિવસના માટે લોકોથી વાયદો કર્યો. એ દિવસે જ્યારે સૂર્ય નીકળી આવ્યો તો હુઝૂર તશરીફ લઈ ગયા અને મિમ્બર પર રોનક અફરોઝ થયા અને તકબીર પઢી અને અલ્લાહ ﷻની હમ્દ કરી પછી ફર્માવ્યું, તમે તમારા વિસ્તારના દુકાળ અને સમય કરતાં વરસાદના મોડા પડવાની શિકાયત કરી છે અને તમને તમારા રબ ﷻએ દુઆનો હુકમ આપ્યો છે અને તમારાથી વાયદો કર્યો છે કે તમારી દુઆ ક઼બૂલ કરશે. ત્યારબાદ કહ્યું :–

**اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ الرَّحْمٰنِ الرَّحِيْمِ مٰلِكِ يَوْمِ الدِّيْنِ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ يَفْعَلُ مَا يُرِيْدُ اللّٰهُمَّ اَنْتَ اللّٰهُ لَا اِلٰهَ اِلَّا اَنْتَ الْغَنِيُّ وَنَحْنُ الْفُقَرَاءُ اَنْزِلْ عَلَيْنَا الْغَيْثَ وَاجْعَلْ مَا اَنْزَلْتَ لَنَا قُوَّةً وَّ بَلَاغًا اِلٰى حِيْنٍ۔**

''સર્વ તારીફ અલ્લાહના જ માટે છે જે ઘણો જ મહેરબાન રહમતવાળો છે. ક઼યામતના દિવસનો માલિક છે, અલ્લાહ સિવાય અન્ય કોઈ મઅબૂદ નથી, જે ચાહે છે કરે છે. હે અલ્લાહ ! તું જ તે અલ્લાહ છે જેના સિવાય કોઈ મઅબૂદ નથી, તું ગની છે, અને અમે તારા મોહતાજ છીએ, અમારા પર વરસાદ વરસાવ ! અને જેટલો પણ વરસાવ તેને અમારા માટે શક્તિ અને મૌતના સમય સુધી ઉમર ગુજારવાનો ઝરીયો બનાવ.'' ત્યાર બાદ પોતાના હાથોને ઉઠાવ્યા અને ઉપર કરતા રહ્યા ત્યાં સુધી કે હુઝૂરની બગલોની સફેદી જાહેર થઈ ગઈ. ત્યાર બાદ લોકોની તરફ પોતાની પીઠ મુબારક કરી અને પોતાની ચાદર પલ્ટી એ હાલતમાં કે પોતાના દસ્ત મુબારક ઉઠાવેલ રહ્યા. ત્યાર બાદ લોકોની તરફ રુખે અન્વર (ચહેરો મુબારક) કર્યું અને બે રકાત નમાઝ પઢી. અલ્લાહ

حديث ٦٢٧ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ النَّبِيُّ صَلَّى

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم **[હદીષ : ૬૨૭]**

اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَرْفَعُ يَدَيْهِ فِيْ شَيْءٍ مِّنْ دُعَائِهِ اِلَّا فِي الْاِسْتِسْقَاءِ وَاِنَّهُ

ઈસ્તિસ્કાઅ્ સિવાય કોઈ દુઆમાં હાથ ઉઠાવતા ન હતા, અને એટલા ઉઠાવતા કે બગલની

يَرْفَعُ حَتّٰى يُرٰى بَيَاضُ اِبْطَيْهِ ع ہ

સફેદી દેખાઈ આવતી."

(બુખારી ૧/૧૪૦ ઈસ્તિસ્કાઅ્, બાબ સિફતુન્નબી صلی اللہ علیہ وسلم, પેજ–૫૦૭, મુસ્લિમ, નિસાઈ, ઈબ્ને માજહ, ઈસ્તિસ્કાઅ્)

ت ١٩٨ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا كَصَيِّبٍ اَلْمَطَرُ وَقَالَ غَيْرُهُ

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, صَيِّبٌ નો અર્થ વરસાદ છે, **[તઅલીક઼ : ૧૯૮]**

صَابَ وَاَصَابَ يَصُوْبُ ع ہ

અને કોઈએ કહ્યું. صَابَ اَصَابَ، يَصُوْبُ" (બુખારી ૧/૧૪૦, ઈસ્તિસ્કાઅ્)

તઆલાએ વાદળો પેદા કરી આપ્યાં, ગરજ્યાં, ચમક્યાં પછી અલ્લાહના હુકમથી વરસ્યાં. હુઝૂર પોતાની મસ્જિદમાં ન પહોંચ્યા હતા એવામાં નાળાં વહી ગયાં. જ્યારે લોકોને છુપાવામાં જલ્દી જોઈ તો એ પ્રમાણે હસ્યા કે અણીયારા દાંતો દેખાવા માંડયા અને ફર્માવ્યું, હું ગવાહી આપુ છું કે બેશક ! અલ્લાહ તમારા દરેક ચીજ પર ક઼ાદિર છે અને હું અલ્લાહનો બંદો અને તેનો રસૂલ છું.

બઝ્ઝાર અને તિબ્રાનીમાં હઝરત અબૂ દરદાઅ્ رضی اللہ عنہ થી આ પ્રમાણે રિવાયત છે કે વરસાદ રોકાઈ ગયો તો અમે અલ્લાહના નબી صلی اللہ علیہ وسلم થી સવાલ કર્યો કે અમારા માટે વર્ષાની દુઆ કરો તો બીજા દિવસે સવારે હુઝૂર صلی اللہ علیہ وسلم નીકળ્યા. અસ્હાબે સુનને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم પૂરાણા કપડાં પહેરલ હતા, આજીજી તથા ઈન્કેસારી (નમ્રતા)ની હાલતમાં ઈસ્તિસ્કાઅ્ના માટે નીકળ્યા.

## સમજૂતી : ૬૨૭

આ હદીષ જાહેરી રીતે એવું જણાય છે કે ઈસ્તિસ્કાઅ સિવાય કોઈ અન્ય મોક઼ા પર દુઆમાં હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم હાથ ઉઠાવતા ન હતા, જ્યારે કે આવી ગયું કે આમ દુઆઓમાં પણ હાથ ઉઠાવતા હતા. અલ્લામા નવવીએ ફર્માવ્યું કે મુરાદ એ છે કે એટલો ઊંચો ન ઉઠાવતા કે બગલની સફેદી જણાઈ આવવા લાગે. આટલો ઊંચો કરવું ઈસ્તિસ્ક઼ાઅ સાથે ખાસ છે, નહીં તો **દુઆના આદાબમાં છે કે ખભાઓ સુધી હાથ ઉઠાવવામાં આવે.** અને ખૂદ હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ના અમલથી સાબિત છે.

## તઅલીક઼ : ૧૯૮ની સમજૂતી

કુર્આન મજીદમાં છે : **اَوْ كَصَيِّبٍ مِّنَ السَّمَاءِ** કે જાણે આસ્માનનો વરસાદ. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે સૈયિબ (**صيب**)નો અર્થ વરસાદ થાય છે. કારણ કે આ પ્રકરણની હદીષમાં **صيّبا نا فعا** આવ્યું છે. તો

حدیث ۶۲۸ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا أَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ [હદીષ : ૬૨૮]

عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا رَأَى الْمَطَرَ قَالَ اَللّٰهُمَّ صَيِّبًا نَافِعًا ع ـه

જ્યારે વરસાદ જોતા તો આ દુઆ પઢતા, હે અલ્લાહ ! એને નફો આપનાર વરસાદ બનાવ."

(બુખારી ૧/૧૪૦, ઈસ્તિસ્કાઅ્, નિસાઈ, ઈબ્ને માજહ-દુઆ)

حدیث ۶۲۹ أَخْبَرَنِيْ حُمَيْدٌ أَنَّهُ سَمِعَ أَنَسَ بْنَ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

"હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ કહે છે કે [હદીષ : ૬૨૯]

يَقُوْلُ كَانَتِ الرِّيْحُ الشَّدِيْدَةُ إِذَا هَبَّتْ عُرِفَ ذٰلِكَ فِيْ وَجْهِ النَّبِيِّ صَلَّى اللّٰهُ

જ્યારે સખત હવા ચાલતી તો તેની અસર નબી ﷺ ના

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ع ـه

ચહેરામાં જોવા મળતી." (બુખારી, ૧/૧૪૧ ઈસ્તિસ્કાઅ્)

ઈમામ બુખારીએ મુનાસિબ જાણ્યું કે એની એવી તફસીર વર્ણવી આપે જે સૈયદુલ મુફસ્સિરીને કરી છે. આ અષરને અબૂ જઅફર તબરીએ મુત્તસિલ સનદની સાથે વર્ણન કરી છે.

قال غیرہ : થી એ ફાયદો કરવા ચાહે કે صاب یصوب، صیّب બાબ નસર નૈસરથી અજૂફવાળી છે. صَیِّبٌ અસલમાં صَیْوِبٌ હતું. سَیِّدٌના કાઈદાથી વાવને یاءથી બદલીને અવગામ કરી આપવામાં આવ્યો. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે અસ્લ ઈબારત (લખાણ) એ હતી اصاب ـ یصوب ـ صابના નાસિખોએ બેધ્યાનપણામાં اصابને یَصُوْبُ પર અગ્રતા આપી દીધી. આ કૌલનો એક ફાયદો આ છે : صَابَ મુજરદ, أَصَابَ મઝીદફિયહ બંનેના અર્થ એક છે.

**સમજૂતી : ૬૨૮** ઈબ્ને માજહમાં એ છે કે જ્યારે આસ્માનના કોઈ કિનારાથી વાદળ આવતુ જોતા તો દરેક કામ છોડી આપતા ભલે નમાઝ જ કેમ ન હોય અને વાદળના તરફ મોં કરીને આ દુઆ કરતા : "હે અલ્લાહ ! જે મોકલવામાં આવી રહ્યું છે તેની બુરાઈથી તારી પનાહ માગું છું." અને જો વરસાદ થવા માંડી તો આ દુઆ કરતા : "હે અલ્લાહ ! એને નફો આપનાર વરસાદ બનાવ !" બે કે ત્રણવાર.

એમાં ખાસ રહસ્ય એ હતું કે કૌમે આદ પર જ્યારે અઝાબના માટે આંધી કાળા વાદળોના રૂપમાં જ્યારે ઉડી તો તેમણે એને વાદળ સમજ્યાં અને એવું કહ્યું, એ આપણી પાસે આવી રહેલ છે વરસાદ વરસાવશે. બીજુ એ કે વરસાદ નુકસાનકર્તા પણ હોઈ શકે છે જેનાથી કોઈ ઈન્કાર નથી.

**સમજૂતી : ૬૨૯** કિતાબુત્તફસીર (૨/૭૧૫) સૂરએ અહ્કાફમાં એની વિગત આ પ્રમાણે છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને કદી આટલા હસતા નથી જોયા કે હુઝૂરના કાકડા દેખાઈ આવ્યા હોય. હુઝૂર કેવળ સ્મિત કરતા હતા. અને જ્યારે વાદળ તથા હવા જોતા તો તેની અસર ચહેરા મુબારક પર જોવા મળતી. ઉમ્મુલ મો'મિનીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અન્ય લોકો જ્યારે

# حدیث ٦٣٠

**[હદીષ : ૬૩૦]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે નબી ﷺ એ ફર્માવ્યું,*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ نُصِرْتُ بِالصَّبَا وَاُہْلِکَتْ عَادٌ بِالدَّبُوْرِ ع

*પૂર્વી હવાથી મારી મદદ કરવામાં આવી અને પશ્ચિમી હવાથી આદને હલાક કરવામાં આવી.''*

*(બુખારી, ૧/૧૪૧, ઈસ્તિસ્કાઅ્, બદઉલ ખલ્ક઼–૫૫૫, અલ્ અંબિયા–૪૭૧, ૨/૫૮૯ મગાઝી, મુસ્લિમ–સલાત)*

વાદળ જુએ છે તો ખુશ થાય છે એ ઉમ્મીદ પર કે વરસાદ થશે અને હુઝૂર ﷺ ને જોઉં છું કે જ્યારે એ જુએ છે તો ચહેરા પર નાપસંદી જાહેર થાય છે. ફર્માવ્યું, હે આઈશા ! મને એનાથી અમ્ન નથી કે એમાં અઝાબ હોય. એક ક઼ૌમને હવા થકી અઝાબ આપવામાં આવ્યો છે. એક ક઼ૌમે અઝાબ જોયો તો એવું કહ્યું કે એ આવી રહ્યું છે અમારા પર વરસશે. (બુખારી, ૧/૪૫૫ બદઉલ ખલ્ક઼) અને મુસ્લિમ (ઈસ્તિસ્કાઅ–૯૪૯)માં છે કે જ્યારે આસ્માન પર વાદળ છવાઈ જતુ તો હુઝૂર ﷺ નો રંગ બદલાઈ જતો, બહાર નીકળતા, અંદર આવતા, આગળ જતા, પાછળ આવતા. જ્યારે વરસાદ પડવા લાગતો તો એ કૈફિયત જતી રહેતી. ઉમ્મુલ મો'મિનીને કારણ પૂછયું તો ઉપર મુજબનો જવાબ અર્પણ કર્યો.

**સમજૂતી : ૬૩૦**

સહીહ એ છે કે ''સબા'' તે હવાને કહે છે જે યૂરોપથી પશ્ચિમે સીધી ગતિ પર ચાલે છે અને દબૂર એની સરખામણીએ પશ્ચિમથી યૂરોપ ચાલે છે. આ ગઝવએ ખંદકના મોક઼ા પર થયું હતું. દસ હજાર ફોજોએ મદીના પાકને ઘેરો ઘાલ્યો હતો અને સતત ૨૦–૨૦ દિવસ રહ્યો. ફાક઼ા, ડર, અનિંદ્રાના કારણે જે હાલ સહાબાએ કિરામનો થયો તેનું ચિત્ર કુર્આને કરીમે આ શબ્દોમાં ખેંચ્યું છે :–

**اِذَا جَاءُوْکُمْ مِنْ فَوْقِکُمْ وَمِنْ اَسْفَلَ مِنْکُمْ وَاِذْ زَاغَتِ الْاَبْصَارُ وَ بَلَغَتِ الْقُلُوْبُ الْحَنَاجِرَ وَتَظُنُّوْنَ بِاللّٰہِ الظُّنُوْنَا ھُنَالِکَ ابْتُلِیَ الْمُؤْمِنُوْنَ وَزُلْزِلُوْا زِلْزَالًا شَدِیْدًا۔ اِذْ یَقُوْلُ الْمُنٰفِقُوْنَ وَالَّذِیْنَ فِیْ قُلُوْبِھِمْ مَرَضٌ مَاوَعَدَنَا اللّٰہُ وَرَسُوْلُہٗ اِلَّا غُرُوْرًا**

''જ્યારે કાફિરો તમારા પર ઊંચાઈની બાજુ તથા નીચાણની બાજુથી આવી પડયા અને ગભરાઈ ઉઠયા અને કલેજાં મોઢે આવી ગયાં અને તમે અલ્લાહની નિસ્બત વિવિધ પ્રકારનાં ગુમાન કરવા લાગ્યા, એ વખતે મુસલમાનોની આજમાઈશ થઈ અને સખ્તીપૂર્વક ઝંઝોળવામાં આવ્યા. જ્યારે કે મુનાફિક઼ો અને જેમના દિલોમાં બીમારી હતી કહેવા લાગ્યા, અમને અલ્લાહ અને તેના રસૂલે ધોકો આપ્યો હતો.'' *(સૂ. અહ્ઝાબ, ૧૧, ૧૨)*

સ્થિતિ એવી હતી કે હઝરત જાબિર જેવા મુખ્લિસે ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કલેજાં મોઢે આવી ગયાં કોઈ દુઆ ઈર્શાદ ફર્માવો. આ હિંમત તોડનાર, સબ્રની કસૌટીના સંજોગોમાં હુઝૂરે અક઼દસ ﷺ એ સોમવાર, મંગળવાર તથા બુધવાર ત્રણ દિવસો સુધી સતત આ દુઆ કરી :–

**یَاصَرِیْخَ الْمَکْرُوْبِیْنَ یَا مُجِیْبَ الْمُضْطَرِّیْنَ اِکْشِفْ ھَمِّیْ وَ غَمِّیْ وَکُرْبَتِیْ تَرٰی مَا نَزَلَ بِیْ وَبِاَصْحَابِیْ**

''હે મુસીબતમાં સપડાયેલાઓની ફરિયાદ સાંભળનાર ! હે પરેશાન હાલોની દુઆ ક઼બૂલ કરનાર ! મારી

حدیث ٦٣١ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا قَالَ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,* **[હદીષ : ૬૩૧]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مِفْتَاحُ الْغَیْبِ خَمْسٌ لَّا یَعْلَمُهَا اِلَّا اللّٰہُ لَا یَعْلَمُ

*ગયબની કૂંચી પાંચ છે જેને કેવળ અલ્લાહ જ જાણે છે, કોઈ નથી જાણતુ કે કાલે શું થશે,*

પરેશાની અને મારા ગ઼મને દૂર ફર્માવ ! મારા પર અને મારા સહાબા પર જે વિપદા પડી છે તું તેને જોઈ રહ્યો છે"

તો અલ્લાહ جل جلالہ એ ફરિશ્તાઓ તથા સબા, પૂર્વી હવાથી પોતાના મહબૂબની મદદ ફર્માવી. એવા જોરથી ઠંડી હવા ચાલી કે ચુલાઓ પરથી દેગો ગબડી પડી, તંબૂઓ ઉખડી ગયા, તણાવાઓ તૂટી ગયા માણસો ગબડી પડયા, ઘોડા ગભરાઈ ગભરાઈને ભાગવા લાગ્યા. આ લશ્કરે ઈલાહી સામે ટકી ન શક્તાં અબૂ સુફયાને પાછા ફરવાનુ બ્યુગલ વગાડી આપ્યું અને આખુ લશ્કર રાતો રાત ભાગી નીકળ્યું. આ બાજુ એ હાલ હતો અને હુઝૂર અક઼દસ صلی اللہ علیہ وسلم ના લશ્કરમાં દીવા સુદ્ધાં સળગતા રહ્યા ! જ્યારે કુરૈશ ચાલ્યા ગયા તો ગુત્ફાન વગેરે પણ પાછા જતા રહ્યા. ૨૦–૨૨ દિવસ પછી મદીનાનું વાતાવરણ સાફ થઈ ગયું. એને અલ્લાહ جل جلالہ એ આ પ્રમાણે વર્ણવ્યું છે : **یٰاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوا اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَیْكُمْ اِذْ جَآءَتْكُمْ جُنُوْدٌ فَاَرْسَلْنَا رِیْحًا وَّ جُنُوْدًا لَّمْ تَرَوْهَا** "હે ઈમાનવાળાઓ ! અલ્લાહના એ એહસાનને યાદ કરો ! જ્યારે તમારા પર લશ્કર આવી પડયાં તો તેણે તેમના પર આંધી તથા લશ્કર મોકલ્યું જેને તમે જોઈ ન શક્યા." *(અહઝાબ–૧)*

ઈબ્ને મરદુવિયાએ પોતાની તફસીરમાં અને બઝ્ઝાર વગેરેએ રિજાલે સહીહથી રિવાયત કરી કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રાત્રે સબા હવાએ ઉત્તરની હવાને કહ્યું, ચાલો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની મદદ કરીએ તો તેણે જવાબ આપ્યો કે **الحرائر لاتهب بالليل** શરીફ સ્ત્રીઓ રાત્રે નથી ચાલતી. મદારિજમાં આ શબ્દો છે : **الحرة لاتسير بالليل** શરીફ સ્ત્રી રાતમાં નથી નીકળતી. તો એના પર અલ્લાહ جل جلالہ એ ગઝબ ફર્માવ્યો અને તેને વાંઝ કરી દીધી. *(ઝુર્કાની અલલ મવાહિબ, ૨/૧૨૧, મદારિજુન્નબુવ્વત, ૨/૨૩૭)*

એને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ અલ્મલ્ફૂઝ, ભાગ–૪માં વર્ણન કર્યું છે જેના પર દેવબંદીઓએ આસ્માન માથા પર ઉઠાવી લીધું છે. તેની વિસ્તારપૂર્વક સંપૂર્ણ રદ કિતાબ "તેહક઼ીક઼ાત"માં જુઓ.

**واهلكت عاد** : ક઼ૌમે આદ પર હઝરત હૂદ علیہ السلام મોકલવામાં આવ્યા હતા. તેઓએ જ્યારે સરકશી (નાફર્માની) કરી અને ઠઠ્ઠાના રૂપે અઝાબની માંગણી કરી તો એમના પર અતિશય તીવ્ર તથા તેજ આંધી મોકલવામાં આવી જે એમના પર આઠ દિવસ અને સાત રાતો સતત ચાલતી રહી. બુધવારની સવારે શરૂ થઈ તે બીજા બુધવારના સૂર્યાસ્ત સુધી ચાલતી રહી. એ આંધીના દબાવથી તેમનાં ફેફસાં ફાટી ગયાં અને એ લોકો લોહીની ઉલ્ટીઓ કરી કરીને મરી ગયા. તેઓ ઘણા કદાવર તંદુરસ્ત હતા. તેમનુ કદ સાઈઠ હાથનુ હતું. એઓ મેદાનમાં એ પ્રમાણે મરેલા પડયા હતા જાણે ખજૂરનાં પોલાં ઝાડો ઉખડીને જમીન પર પડયાં હોય. જ્યારે આંધીના ગુબ્બારા કાળા રંગના વાતાવરણમાં ઉઠયાં અને તેજીથી તેમની તરફ વધ્યાં તો તેને તેમણે વાદળ જાણ્યાં અને ઘણી જ બેપરવાઈથી કહ્યું, એ વાદળ છે અમારા પર આવીને વરસશે. *(કુર્આન મજીદ તથા આમ તફસીરો)*

## સમજૂતી : ૬૩૧

પ્રથમ ભાગમાં પેજ ૨૩૦થી ૨૩૪ પર વિગતે ચર્ચા થઈ ચૂકી છે. ત્યાં જ અમે દલીલોથી સાબિત કરી આપ્યું છે કે **لايعلمها الا الله** થી મુરાદ ઈલ્મે ઝાતી, ક઼દીમ, વાજિબ, ગૈર મુત્નાહી બિલ ફેઅલ છે, એ નિઃશંક ! અલ્લાહ جل جلالہ સાથે ખાસ છે. રહી ગયો અતાઈ તો તે અલ્લાહ جل جلالہ ની અતાથી અંબિયાએ કિરામ, અવલિયાએ એઝામને

اَحَدٌ مَّا یَکُوْنُ فِیْ غَدٍ وَّلَا یَعْلَمُ اَحَدٌ مَّا یَکُوْنُ فِی الْاَرْحَامِ وَلَا تَعْلَمُ

*અને કોઈ નથી જાણતુ કે માંના પેટમાં શું છે, અને કોઈ નથી જાણતુ કે*

نَفْسٌ مَّاذَا تَکْسِبُ غَدًا وَّمَا تَدْرِیْ نَفْسٌ بِاَیِّ اَرْضٍ تَمُوْتُ وَمَا یَدْرِیْ

*કાલે શું કરશે, અને કોઈ નથી જાણતુ કે કઈ જમીનમાં મરશે, અને કોઈ*

اَحَدٌ مَّتٰی یَجِیْئُ الْمَطَرُ ء

*નથી જાણતુ કે વરસાદ ક્યારે થશે." (બુખારી, ૧/૧૪૧ ઈસ્તિસ્કાઅ્)*

પણ હાંસલ છે. હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : "મુરાદ એ છે કે એ ચીજોને અલ્લાહ ﷻ ના બતાવ્યા વિના બુદ્ધિના હિસાબથી કોઈ નથી જાણતુ. અને એ ગયબી બાબતોમાંથી છે જેને ખુદા સિવાય કોઈ નથી જાણતુ, પણ એ કે અલ્લાહ તઆલા વહી કે ઈલ્હામ થકી કોઈને બતાવી આપે."

દરેક ઈન્સાફ પ્રિયના માટે ચિંતનની વાત છે કે **لایعلمها الا الله** જેને અલ્લાહ સિવાય કોઈ નથી જાણતુ, અહીં એ વાતથી કોઈને નકાર કરવાનો અવકાશ નથી કે આ શબ્દો સાબિતી તથા નકારવું બંને પર આધારિત છે. એમાં રબ તઆલા માટે સબૂત છે અને ગૈરુલ્લાહ માટે નકાર છે અને એ જાહેર છે કે જે ઈલ્મની રબ તઆલા માટે સાબિતી છે એનાથી જ ગૈર માટે નકાર છે. અને એ નિશ્ચિત છે કે રબ તઆલા માટે ઈલ્મે ઝાતી, કદીમ, ગૈર મુત્નાહી, બિલ ફેઅલની સાબિતી છે, તો એની મખ્લૂકના માટે નકાર થશે. અને એ અહલે સુન્નતના અકીદાને નુકસાનકર્તા (વિરુદ્ધ) નથી. આપણો અકીદો એ છે કે મખ્લૂકાતનો ઈલ્મ અતાઈ, હાદિષ, મુમ્કિન, મુત્નાહી બિલ્ ફેઅલ છે. એટલા માટે આ ઈર્શાદ આપણા અકીદાની વિરુદ્ધ નથી. આ ઈર્શાદનો સાર એ નીકળ્યો કે અલ્લાહ ﷻ ની અતા વિના એ ચીજોનો ઈલ્મ કોઈને નથી, અલ્લાહ ﷻ ની અતાથી છે. જેમ કે ભાગ–૧માં અમે હદીષો તથા ઉલમાના અકવાલથી સાબિત કર્યુ છે.

અલ્લામા ઈબ્રાહીમ બીજોરી શરહે કસીદા બુર્દા (પેજ–૮૪)માં લખે છે :–

**ولم يخرج صلى الله تعالٰى عليه وسلم من الدنيا الا بعد ان اعلمه الله بهذه الامور الخمسة** "અને હુઝૂરે અકદસ ﷺ ને અલ્લાહ ﷻ એ દુનિયાથી તશરીફ લઈ જતાં પહેલાં એ પાંચેવ વાતોનો ઈલ્મ અતા કરી આપ્યો હતો."

**قال العلماء الحق انه لم يخرج نبينا من الدنيا حتى اطلعه الله على تلك الخمس ولكنه امر بكتمها**

અલ્લામા સાવી સૂરએ લુકમાનની તફસીર (૩/૨૯૦–૯૧)માં લખે છે : **"ઉલમાએ ફર્માવ્યું, હક્ક એ છે કે આપણા નબી ﷺ એ સમય સુધી દુનિયાથી તશરીફ નથી લઈ ગયા જ્યાં સુધી અલ્લાહ ﷻ એ તેમને આ પાંચેવ વાતોના જાણકાર નથી ફર્માવી આપ્યા.** અલ્બત્ત તેને ગુપ્ત રાખવાનો હુકમ આપ્યો હતો."

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# ابواب الکسوف

## (અબવાબુલ કુસૂફ) "ગ્રહણ વિશે પ્રકરણ"

## حدیث ٦٣٢

**[હદીષ : ૬૩૨]**

عَنْ اَبِیْ بَکْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ کُنَّا عِنْدَ النَّبِیِّ

*"હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ ફર્માવ્યું, અમે લોકો નબી صلی اللہ علیہ وسلم ની*

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَانْکَسَفَتِ الشَّمْسُ فَقَامَ رَسُوْلُ اللّٰہِ

*ખિદમતમાં હાજર હતા એવામાં સૂર્યગ્રહણ લાગ્યું. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાની ચાદર ઘસેડતા (જલ્દીથી)*

**સમજૂતી : ૬૩૨**

**પરિપૂર્ણતા** : પેજ નં. ૧૪૩ પર આ હદીષ આ પ્રમાણે છે : સૂર્ય તથા ચંદ્ર અલ્લાહની નિશાનીઓમાંથી બે નિશાનીઓ છે, કોઈના મૃત્યુ પર એનામાં ગ્રહણ નથી લાગતુ. અલ્બત્ત અલ્લાહ એનાથી પોતાના બંદાઓને ડરાવે છે. અને પેજ નં. ૧૪૫ પર એટલુ અધિક છે કે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ એવુ એટલા માટે ફર્માવ્યું હતું કે નબી صلی اللہ علیہ وسلم ના એક સાહબઝાદા જેમનું નામ ઈબ્રાહીમ હતું તે વિસાલ ફર્માવી ગયા હતા તો લોકોએ કહ્યું હતું. **کسوف** નો અર્થ છે : હાલતોનું બદલાવું અને ઉર્ફમાં ગ્રહણ લાગવાના અર્થમાં છે. ફક઼ીહો મોટાભાગે સૂર્ય ગ્રહણને કુસૂફ અને ચંદ્ર ગ્રહણને ખુસૂફ કહે છે. જોહરીએ કહ્યું કે એ અધિક ફસીહ (સાફ, સ્વચ્છ) છે પણ એકનો બીજામાં વપરાશ હદીષમાં પણ આવેલ છે એટલા માટે ફસીહ કહેવું દુરુસ્ત નથી.

**ગ્રહણની નમાઝ** : આપણે ત્યાં સૂર્ય ગ્રહણની નમાઝ "સુન્નતે મોઅક્કદા" છે અને જમાઅતથી પઢવી "મુસ્તહબ" છે પણ જમાઅત માટે તે સર્વ શરતો જરૂરી છે જે જુમ્આના માટે છે. જો તે શરતો ન પામવામાં આવે

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَجُرُّ رِدَائَهُ حَتّٰى دَخَلَ الْمَسْجِدَ فَدَخَلْنَا

*ઉઠયા ત્યાં સુધી કે મસ્જિદમાં દાખલ થયા અને બે રકાત નમાઝ પઢી ત્યાં સુધી કે*

فَصَلّٰى بِنَا رَكْعَتَيْنِ حَتّٰى انْجَلَتِ الشَّمْسُ فَقَالَ اِنَّ الشَّمْسَ وَالْقَمَرَ

*સૂર્ય ઉઘડી ગયો. ત્યાર બાદ ફર્માવ્યું કે સૂરજ તથા ચંદ્રમાં ગ્રહણ કોઈના મૃત્યુના કારણે નથી લાગતુ,*

لَا يَنْكَسِفَانِ لِمَوْتِ اَحَدٍ وَاِذَا رَأَيْتُمُوْهَا فَصَلُّوْا وَادْعُوْا حَتّٰى يُكْشَفَ مَا بِكُمْ

*અને જ્યારે એને જુઓ તો નમાઝ પઢો અને દુઆ કરો ત્યાં સુધી કે ગ્રહણ દૂર થઈ જાય."*

*(બુખારી, ૧/૧૪૧ સલાત, ૧/૧૪૩, ૧/૧૪૫, ૧/૮૬૧ લિબાસ, નિસાઈ—સલાત)*

તો લોકો એકલા એકલા પઢે, ચાહે ઘરમાં, ચાહે મસ્જિદમાં. જુમ્આની શરતો પામવાના વખતે જો લોકો એકલા એકલા પઢે તો કાંઈ વાંધો નથી. **ચંદ્રગ્રહણની નમાઝ "મુસ્તહબ" છે એમાં જમાઅત જાઈઝ નથી,** લોકો એકલા એકલા નમાઝ પઢી લે. બે કે ત્રણ માણસ જમાઅત કરી શકે છે. ગ્રહણની નમાઝ કમસે કમ બે રકાત છે અને એ પણ અન્ય નમાઝોની જેમ કેવળ એક રુકૂઅ અને બે સજદાથી પઢવામાં આવે. એ જ હઝરત ઈબ્ને ઉમર, હઝરત અબૂબક્ર, હઝરત સમુરહ બિન જુન્દુબ, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત કબીસતુલ હિલાલી તથા હઝરત નોઅમાન બિન બશીર, હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ તથા હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضوان الله تعالٰى عليهم اجمعين થી મરવી છે. અને ઈબ્ને અબી શયબાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی الله عنهما થી પણ એ જ રિવાયત કરી છે. બે રકાતોથી વધુ પણ પઢી શકે છે. બેહતર એ છે કે નમાઝ એટલી લાંબી કરવામાં આવે કે જ્યાં સુધી ગ્રહણ રહે નમાઝમાં મશ્ગૂલ રહે અને જો નમાઝથી ફારિગ થયા બાદ પણ ગ્રહણ રહે તો બીજા ઝિક્રો તથા ઈસ્તિગફાર વગેરે કરતા રહે ત્યાં સુધી કે ગ્રહણ ખત્મ થઈ જાય. સૂર્ય ગ્રહણમાં કિર્અત ધીમેથી થશે, ચંદ્રગ્રહણમાં મોટેથી. જો મકરૂહ સમયોમાં ગ્રહણ લાગે તો નમાઝ ન પઢે, ઈસ્તિગફાર તથા ઝિક્રો અઝકારમાં વ્યસ્ત રહે.

**આ ગ્રહણ ક્યારે લાગે છે ? :** જે દિવસે હુઝૂરે અક્દસ ﷺ ના સાહબઝાદા હઝરત સૈયદના ઈબ્રાહીમ رضی الله عنه નો વિસાલ થયો હતો એ દિવસે આ ગ્રહણ લાગ્યુ હતુ. એમના જન્મના બારામાં અસ્હાબે સિયર એકમત છે કે હિ.સ. ૮ની ઝીલ હજ્જમાં થઈ હતી, અલ્બત્ત વિસાલની તારીખના બારામાં પુષ્કળ મતભેદો છે. સિયર લખનારાઓએ આ પ્રમાણે કથનો વર્ણવ્યાં છે : સિત્તેર દિવસ, પછી સોળ મહિના આઠ દિવસ, સત્તર મહિના આઠ દિવસ, એક વરસ દસ મહિના છ દિવસ, બુખારીમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીકા رضی الله عنها થી રિવાયત થયેલ છે કે સત્તર મહિના અથવા અઢાર મહિના પર. મુસ્નદે ઈમામ અહમદમાં ઉમ્મુલ મો'મિનીન તથા હઝરત જાબિર رضی الله عنهما થી આ રિવાયત છે કે ૧૮ મહિના પર વિસાલ થયો. સામાન્યતઃ એને જ અગ્રતા આપવામાં આવે છે. (ઝુર્કાની અલલ મવાહિબ, ૩/૨૧૩) કયા મહિનામાં ઈન્તેકાલ થયો એના પર પણ રિવાયતો એક નથી. ઈબ્ને હઝમે કહ્યું કે હુઝૂરે અક્દસ ﷺ ના વિસાલથી ત્રણ મહિના પહેલાં. એનો સાર એ નીકળ્યો કે ઝીલ હજ્જમાં વિસાલ થયો. એક અન્ય કથન સ્પષ્ટતા સાથે એ પણ છે કે રમઝાનમાં એક કૌલ એ છે કે રબીઉલ અવ્વલમાં. (ઉપર મુજબ, પેજ—૨૧૪) મદારિજ (૨/૫૮૧)માં છે, મુહર્રમમાં તારીખમાં પણ એ જ હાલ છે. મદારિજમાં છે કે દસ તારીખ હતી મુહર્રમની અથવા રબીઉલ અવ્વલની. *(ઉપર મુજબ)*

અલ્લામા ઈબ્ને હજર (૨/૪૩૮) તથા અલ્લામા અયની (૭/૬૯) બંનેએ એવું લખ્યું કે જમહૂર અહલે સિયરે કહ્યું કે તેમની વફાત હિ.સ. ૧૦માં થઈ. રબીઉલ અવ્વલ અથવા રમઝાન અથવા ઝીલ હજ્જમાં. અને

મોટાભાગનાનું કથન એ છે કે ચાંદની દસ તારીખે થઈ, અને એક કથન એ છે કે ચારે, અને એક કથન એ છે કે ચૌદ તારીખે. ઝુર્કાનીમાં તારીખના બારામાં આ જ તફસીલ છે.

એ કથન કે ૧૦ હિ.સ. ઝીલ હજ્જની એ તારીખોમાં વિસાલ થયો એ તદન વિશ્વાસપાત્ર નથી, એટલા માટે કે હિ.સ. ૧૦ની એ તારીખોમાં હુઝૂરે અક્દસ ﷺ હજ્જના માટે મક્કામાં હતા અથવા રસ્તામાં. અને એના પર એકમતિ છે કે હુઝૂરે અક્દસ ﷺ તેમના વિસાલના સમયે તેમની પાસે મૌજૂદ હતા અને દફનમાં શરીક થયા. હવે રમઝાન, રબીઉલ અવ્વલ તથા મુહર્રમનું કથન બાકી રહી ગયું છે પણ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہની ઉમર મુબારકના બારામાં જેટલાં કથનો (અક્વાલ) છે તેમાં કોઈની સાથે મળતાપણુ થતુ નથી, એટલા માટે કે જો મુહર્રમમાં વિસાલ માનીએ તો તેમની ઉમર મુબારક ૧૧ મહિનાની થાય છે. રબીઉલ અવ્વલ માનીએ તો ૧૫ મહિનાની અને રમઝાન માનીએ તો ૧૯ મહિનાની થાય છે, કેમ કે અગ્રતા ઉમ્મુલ મો'મિનીનના કૌલને છે કે એમની ઉમર ૧૮ મહિના હતી અને ગણત્રીમાં ઝીલ હજ્જ અથવા રમઝાનમાંથી કોઈને પૂરો મહિનો ન હોવાને કારણે છોડી દઈએ તો એ બંનેવમાં વર્ગીકરણ થઈ જાય છે. **હું કહું છું** : એ પણ થઈ શકે છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીનની બુખારીની રિવાયતમાં ૧૭ અથવા ૧૮ શંકાના લીધે નથી બલ્કે તેમણે અંદાજાથી એક લગભગ સમય બતાવ્યો છે તો વાત અધિક સ્પષ્ટ થઈ જાય છે. અલ્લામા અયની (ઉમ્દતુલ કારી, ૪/૬૪)એ એક જગાએ એના પર યકીન કરેલ છે કે શનિવારે ૧૦ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૦માં થયો છે.

**એક શંકા અને તેનું નિવારણ** : સૂર્ય ગ્રહણનો સબબ ખગોળ શાસ્ત્રીઓ એ દર્શાવે છે કે ચંદ્ર, સૂર્ય તથા પૃથ્વી વચ્ચે આડો થઈ જાય અને એ કેવળ ચંદ્રની ૨૮ મી કે ૨૯મી તારીખે બની શકે છે, અન્ય તારીખોમાં અશક્ય છે એટલા માટે ચાંદની ૧૦ કે ચાર કે ૧૪ એ સૂર્યગ્રહણ થવું અશક્ય છે. **હું કહું છું** : નિયમ મુજબના સબબોની બિના પર આ જ સહીહ છે, પણ અલ્લાહ ﷻ એના પર શક્તિમાન છે કે તે સૂર્યગ્રહણ નિયમ મુજબના સબબના વિના પણ લગાડી આપે. બલ્કે મારું ગુમાન એ છે કે ગ્રહણના લાગવા પર લોકોનું જે ગુમાન થયું કે હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہના વિસાલના કારણે લાગ્યું છે, તો એ એના જ કારણે હતું, કેમ કે તે ૨૮ કે ૨૯ના બદલે ૧૦ના લાગ્યું હતું. ૧૦ તારીખે ગ્રહણ લાગવા માટે નિયમ મુજબનો કોઈ સબબ ન હતો જેથી લોકોએ એવું ગુમાન કર્યું.

**ગ્રહણની નમાઝ** : વર્ણન થઈ ચૂક્યું કે આ નમાઝ પણ અન્ય નમાઝોની જેમ એક રુકૂઅ તથા બે સિજદાઓની સાથે અદા કરવામાં આવશે. એના પર વિસ્તારપૂર્વકની ચર્ચા અલ્લામા અયનીએ એ મોકા પર કરી છે. તેમજ ઈમામ ઈબ્ને હુમામે ફત્હુલ કદીરમાં એને સિહાહની હદીષોથી સાબિત કરેલ છે, જેના તરફ થોડોક સરખો નિર્દેશ અમે પણ કરી આપ્યો છે કે આઠ સહાબાએ કિરામથી રિવાયત પામેલ છે. ખૂદ આ જ ચર્ચા હેઠળની હદીષમાં નિસાઈ (૧/૨૨૩)માં આ પ્રમાણે છે : **فصلی رکعتین کما تصلون** "હુઝૂરે બે રકાત નમાઝ પઢી જેવી રીતે તમે અન્ય નમાઝો પઢો છો." જો હુઝૂરે અક્દસ ﷺએ એકથી વધુ રુકૂઅ કર્યા હોત તો એને જરૂર વર્ણવતા. અને **کما تصلون** ન ફર્માવતા.

# حدیث ٦٣٣

**[હદીષ : ૬33]**

عَنْ قَیْسٍ قَالَ سَمِعْتُ اَبَا مَسْعُوْدٍ یَّقُوْلُ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ

"કૈસ બિન હાઝિમ બજલીથી રિવાયત છે કે મેં હઝરત અબૂ મસ્ઊદ ષક્ફી رضی اللہ عنہ ને એવું કહેતાં સાંભળ્યા

وَسَلَّمَ اِنَّ الشَّمْسَ وَالْقَمَرَ لَا یَنْخَسِفَانِ لِمَوْتِ اَحَدٍ مِّنَ النَّاسِ وَلٰکِنَّہُمَا

કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે સૂરજ તથા ચંદ્રમાં લોકોમાંથી કોઈની મૌતના કારણે ગ્રહણ નથી લાગતુ, પરંતું

اٰیَتَانِ مِنْ اٰیَاتِ اللّٰہِ فَاِذَا رَاَیْتُمُوْہَا فَقُوْمُوْا فَصَلُّوْا ع

એ કે બંને અલ્લાહની નિશાનીઓમાંથી બે નિશાનીઓ છે. જ્યારે એને જુઓ તો ઉઠો અને નમાઝ પઢો."

(બુખારી, ૧/૧૪૨ સલાત, ૧/૧૪૪ બદઉલ ખલ્ક, પેજ–૪૫૫, મુસ્લિમ, નિસાઈ, ઈબ્ને માજહ–ખસૂફ)

# حدیث ٦٣٤

**[હદીષ : ૬3૪]**

عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَنَّہٗ کَانَ یُخْبِرُ عَنِ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે તે નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરતાં ખબર આપે છે

النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ اِنَّ الشَّمْسَ وَالْقَمَرَ لَا یَنْخَسِفَانِ لِمَوْتِ

કે સૂરજ તથા ચંદ્રમાં કોઈના મૃત્યુ કે જન્મ થવાના કારણે ગ્રહણ નથી લાગતુ, પરંતુ એ બંનેવ

اَحَدٍ وَّلَا لِحَیَاتِہٖ وَلٰکِنَّہُمَا اٰیَتَانِ مِنْ اٰیَاتِ اللّٰہِ فَاِذَا رَاَیْتُمُوْہَا فَصَلُّوْا ع

અલ્લાહની નિશાનીઓમાંથી બે નિશાનીઓ છે, જ્યારે તમે એને જુઓ તો નમાઝ પઢો."

(૧/૧૪૨ સલાત, બદઉલ ખલ્ક–૪૫૪, મુસ્લિમ, નિસાઈ)

**સમજૂતી : ૬33–૬3૪**

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષમાં **ولا لحیاتہ** વધારે છે અને હઝરત અબૂ મસ્ઊદ رضی اللہ عنہ ની હદીષ જે બદઉલ ખલ્કમાં છે એમાં પણ છે. કેમ કે અરબોની માન્યતા એ હતી કે કોઈ મહાન વાતના જાહેર થતી વખતે ગ્રહણ લાગે છે. અને મહાન વાત જેમ કે કોઈનુ મૃત્યુ હોઈ શકે છે, એ જ પ્રમાણે કોઈકનો જન્મ પણ. એટલા માટે **ولا لحیاتہ** નું ફર્માવવું મોક઼ાસર છે.

## حدیث ۶۳۵

[હદીષ : ૬૩૫]

عَنِ الْمُغِيْرَةِ بْنِ شُعْبَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَسَفَتِ

"હઝરત મુગીરા બિન શઅબા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે

الشَّمْسُ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ مَاتَ اِبْرَاهِيْمُ

રસૂલુલ્લાહ ﷺના યુગમાં સૂરજને ગ્રહણ લાગ્યું જે દિવસે હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہનો વિસાલ

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَقَالَ النَّاسُ كَسَفَتِ الشَّمْسُ لِمَوْتِ اِبْرَاهِيْمَ فَقَالَ

થયો હતો. લોકોએ કહ્યું કે ઈબ્રાહીમની વફાતના સબબે સૂરજમાં ગ્રહણ લાગ્યું છે, એના પર

رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِنَّ الشَّمْسَ وَالْقَمَرَ لَا يَنْكَسِفَانِ

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સૂરજ તથા ચંદ્રમાં કોઈના મૃત્યુ કે જન્મના કારણે ગ્રહણ લાગતુ નથી.

لِمَوْتِ اَحَدٍ وَّلَا لِحَيَاتِهٖ فَاِذَا رَاَيْتُمْ فَصَلُّوْا وَادْعُوا اللّٰهَ عــه

જ્યારે તમે ગ્રહણ જુઓ તો નમાઝ પઢો અને અલ્લાહથી દુઆ કરો."

(ઉપર મુજબ, ૧/૧૪૫, ૨/૯૧૫ અલ્ અદબ, મુસ્લિમ)

## حدیث ۶۳۶

[હદીષ : ૬૩૬]

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا قَالَتْ خَسَفَتِ الشَّمْسُ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺના યુગમાં

فِيْ عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَصَلّٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

સૂર્યગ્રહણ લાગ્યું તો રસૂલુલ્લાહ ﷺએ લોકોને નમાઝ પઢાવી. હુઝૂરે એ નમાઝમાં ક઼યામ કર્યો તો

### સમજૂતી : ૬૩૫-૬૩૬

**باب الجهر بالقراءة في الكسوف**માં આ જ હદીષમાં છે કે નબી ﷺએ ખુસૂફની નમાઝમાં મોટા અવાજે ક઼િર્અત કરી. અહનાફ, શાફઈઓ સૌ એના માનનાર છે કે સૂર્ય ગ્રહણની નમાઝમાં ક઼િર્અત ધીરેથી પઢવામાં આવશે. આપણી દલીલ હઝરત સમુરહ رضی اللہ عنہની હદીષ (અબૂ દાઊદ ૧૬૮ સલાત, તિર્મિઝી, ૧/૭૩ સલાત, નિસાઈ-૨૨૨, ઈબ્ને માજહ-૯૧) છે. તેમણે કહ્યું કે મેં સૂર્ય ગ્રહણમાં હુઝૂર ﷺથી એક અક્ષર નથી સાંભળ્યો.

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالنَّاسِ فَقَامَ فَاَطَالَ الْقِيَامَ ثُمَّ رَكَعَ فَاَطَالَ الرُّكُوْعَ

લાંબો ક઼યામ કર્યો, પછી રુકૂઅ કર્યો તો રુકૂઅ પણ લાંબો કર્યો. ત્યાર બાદ ફરી ક઼યામ કર્યો તો

ثُمَّ قَامَ فَاَطَالَ الْقِيَامَ وَهُوَ دُوْنَ الْقِيَامِ الْاَوَّلِ ثُمَّ رَكَعَ فَاَطَالَ الرُّكُوْعَ

લાંબો ક઼યામ કર્યો, પણ પહેલાવાળા ક઼યામથી ઓછો. ત્યાર બાદ રુકૂઅ કર્યો તો રુકૂઅને

وَهُوَ دُوْنَ الرُّكُوْعِ الْاَوَّلِ ثُمَّ سَجَدَ فَاَطَالَ السُّجُوْدَ ثُمَّ فَعَلَ فِي الرَّكْعَةِ

લંબાવ્યો પણ પહેલાવાળા રુકૂઅથી ઓછો. ત્યાર બાદ ફરી સિજદો કર્યો તો સિજદો પણ લાંબો કર્યો.

الْاُخْرٰى مِثْلَ مَا فَعَلَ فِي الرَّكْعَةِ الْاُوْلٰى ثُمَّ انْصَرَفَ وَقَدْ تَجَلَّتِ

ત્યાર બાદ બે રકાતમાં પણ એના જેમ અમલ કર્યો જે પહેલામાં કર્યો હતો. પછી નમાઝથી ફારિગ થયા તો

الشَّمْسُ فَخَطَبَ النَّاسَ فَحَمِدَ اللهَ وَاَثْنٰى عَلَيْهِ ثُمَّ قَالَ اِنَّ الشَّمْسَ

સૂરજ ખુલી ચૂક્યો હતો. ત્યાર બાદ લોકોને ખુત્બો આપ્યો તો અલ્લાહની હમ્દ કરી તથા ષના કરી. ત્યાર

وَالْقَمَرَ آيَتَانِ مِنْ آيَاتِ اللهِ لَا يَخْسِفَانِ لِمَوْتِ اَحَدٍ وَّلَا لِحَيَاتِهٖ

બાદ ફર્માવ્યું, સૂરજ તથા ચંદ્ર અલ્લાહની નિશાનીઓમાંથી બે નિશાનીઓ છે. કોઈના મૃત્યુ તથા જન્મના

فَاِذَا رَاَيْتُمْ ذٰلِكَ فَادْعُوا اللهَ وَكَبِّرُوْا وَصَلُّوْا وَتَصَدَّقُوْا ثُمَّ قَالَ

કારણે એમનામાં ગ્રહણ નથી લાગતુ. જ્યારે ગ્રહણ જુઓ તો અલ્લાહથી દુઆ કરો અને તકબીર પઢો અને

يَا اُمَّةَ مُحَمَّدٍ وَّاللهِ مَا مِنْ اَحَدٍ اَغْيَرُ مِنَ اللهِ اَنْ يَّزْنِيَ عَبْدُهٗ اَوْ تَزْنِيَ اَمَتُهٗ

નમાઝ પઢો અને સદક઼ો આપો. ત્યાર બાદ ફર્માવ્યું, હે મુહમ્મદની ઉમ્મત ! અલ્લાહ ﷻ થી વધીને કોઈ

يَا اُمَّةَ مُحَمَّدٍ وَّاللهِ لَوْ تَعْلَمُوْنَ مَا اَعْلَمُ لَضَحِكْتُمْ قَلِيْلًا وَّلَبَكَيْتُمْ كَثِيْرًا - ع ه

ગૈરતમંદ (શરમવાળો) નથી કે તેનો બંદો ઝિના કરે અથવા બાંદી ઝિના કરે ! હે મુહમ્મદની ઉમ્મત !

**જે હું જાણું છું જો તમે જાણતા તો હસતા અધિક અને રડતા વધુ."**

*(બુખારી ૧/૧૪૨ બાબુસ્સદક઼ા, બાબુ ખુત્બા–૧૪૨, ૧/૧૪૩, ૧/૧૪૫, બદઉલ્ ખલ્ક઼–૪૫૫, મુસ્લિમ, નિસાઈ)*

તેમજ બયહકીએ ત્રણ તરીક઼ાથી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે હું સૂરજ ગ્રહણની નમાઝમાં નબી કરીમ ﷺ ની બાજુમાં ઊભો હતો, મેં એક અક્ષર નથી સાંભળ્યો.

**فاطال القيام :** **باب صلوة الكسوف جماعة**માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા અબૂ દાઊદ (ઉમ્દતુલ ક઼ારી, ૭/૯૨)માં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની હદીષમાં છે કે સૂરએ બક઼રહ્ જેટલો લાંબો ક઼યામ કર્યો. અબૂ

حدیث ۶۳۷ وَكَانَ يُحَدِّثُ كَثِيرُ بْنُ عَبَّاسٍ أَنَّ عَبْدَ اللهِ بْنَ عَبَّاسٍ

"અને કષીર બિન અબ્બાસ બયાન કરે છે કે અબ્દુલ્લાહ બિન અબ્બાસ **[હદીષ : ૬૩૭]**

كَانَ يُحَدِّثُ يَوْمَ خَسَفَتِ الشَّمْسُ بِمِثْلِ حَدِيثِ عُرْوَةَ عَنْ عَائِشَةَ

*પણ ઉરવા અન આઈશાના જેમ હદીષ બયાન કરતા હતા. ઈમામ ઝુહરી કહે છે, મેં ઉરવાથી કહ્યું,*

فَقُلْتُ لِعُرْوَةَ إِنَّ أَخَاكَ يَوْمَ خَسَفَتِ الشَّمْسُ بِالْمَدِينَةِ لَمْ يَزِدْ عَلَى

*જ્યારે મદીનામાં સૂર્યગ્રહણ લાગ્યું હતું તો આપના ભાઈએ સવારના જેમ બે રકાત પઢી હતી અને*

رَكْعَتَيْنِ مِثْلَ الصُّبْحِ قَالَ أَجَلْ لِأَنَّهُ أَخْطَأَ السُّنَّةَ ع ٥

*કાંઈ વધારો કર્યો ન હતો ? તો તેમણે કહ્યું, હા ! તેમણે એવું કર્યું હતું, એમણે સુન્નતની ખિલાફ કર્યું."*

*(૧/૧૪૨ બાબુલ ખુત્બા, બાબુઝ્ઝુહર–૧૪૫)*

દાઊદ (૧/૧૬૮)માં હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہની હદીષમાં છે કે બંને રકાતોમાં કોઈ લાંબી સૂરત પઢી તેમજ એમાં જ છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاએ ફર્માવ્યું, મેં અંદાજો લગાડયો તો એ અંદાજો થયો કે પ્રથમમાં સૂરએ બક઼રહ અને બીજીમાં સૂરએ આલિ ઈમરાન પઢી હશે.

**فخطب الناس** : આપણે ત્યાં ગ્રહણની નમાઝમાં ખુત્બો સુન્નત નથી, અને એ વખતે લોકોના અક઼ીદાની ઈસ્લાહના માટે એ ખુત્બો આપ્યો, આજે પણ જરૂરત પ્રમાણે વઅઝ કરી શકાય છે.

**فادعوالله** : નમાઝથી પહેલાં જ્યાં સુધી નમાઝ ન આવી જાય દુઆ, તકબીર, તહલીલ, તસ્બીહ, તહમીદમાં વ્યસ્ત રહે. એ જ પ્રમાણે નમાઝથી ફારિગ થયા બાદ જો માલૂમ હોય કે હજી ગ્રહણ છે તો દુઆ તથા ઝિક્રમાં વ્યસ્ત રહે. ચાહે તો અધિક નમાઝ પઢે. ગ્રહણના સમયે સદક઼ો કરવો પણ મસ્નૂન છે. હઝરત અસ્માની એક હદીષમાં છે કે ગુલામ આઝાદ કરવાનો પણ હુકમ આપ્યો.

**ان يزنى عبده** : જેવી રીતે આપણુ કોઈ સગુ સ્નેહી સંબંધી બદ્કારીમાં સપડાય છે તો આપણને ગૈરત (શરમ) આવે છે અને સર્વ પુરૂષો સ્ત્રીઓ અલ્લાહ عزوجلના બંદાઓ તથા બંદીઓ છે, જ્યારે તેનો કોઈ બંદો કે બંદી બદ્કારીમાં સપડાય છે તો તે પણ ગૈરત ફર્માવે છે અને બંદાઓ કરતાં ખૂબ જ વધારે.

## સમજૂતી : ૬૩૭

**وكان يحدث** : ઈમામ ઝુહરીનુ કથન છે. અને એનાથી પહેલાવાળી હદીષની સનદમાં હુઝૂર **حدثنى عروة** પર મઅતૂફ છે. મતલબ એ છે કે જેવી રીતે ઉરવાએ હઝરત આઈશાથી મઝકૂર હદીષ રિવાયત કરી છે એના જેમ કષીર બિન અબ્બાસે હઝરત ઈબ્ને અબ્બાસથી પણ હદીષ રિવાયત કરી છે. એનાથી જાહેરી રીતે એ પ્રદર્શિત થાય છે કે પૂરી હદીષમાં મળતાપણુ છે. દા.ત. જેવી રીતે આ હદીષ જહરથી ક઼િર્અત (જોરથી) વર્ણન થાય છે એ જ પ્રમાણે હઝરત ઈબ્ને અબ્બાસની હદીષમાં પણ જોરથી (જહરથી) ક઼િર્અત વર્ણન થયેલ છે. પણ મુસ્લિમ (૧/૨૯૬)માં એ હદીષ વિગતવાર આ પ્રમાણે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ કેવળ એ હિસ્સો વર્ણવ્યો છે કે નબી صلی اللہ علیہ وسلمએ બે રકાતમાં ચાર રુકૂઅ અને ચાર સિજદા કર્યા. એનાથી સાબિત થાય છે કે મળતાપણુ (મુમાષિલત) કેવળ એ વાતમાં છે કે દરેક બે રકાતમાં બે રુકૂઅ કર્યા.

## حدیث ٦٣٨

**[હદીષ : ૬૩૮]**

عَنْ عَمْرَةَ بِنْتِ عَبْدِ الرَّحْمٰنِ عَنْ عَائِشَةَ زَوْجِ النَّبِيِّ

*"અમરા બિન્તે અબ્દુર્રહમાને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنَّ يَهُوْدِيَّةً جَاءَتْ تَسْأَلُهَا فَقَالَتْ

*નબી ﷺનાં રફીકાએ હયાતથી રિવાયત કરી કે એક યહૂદી સ્ત્રી તેમની પાસે માગવા માટે આવી*

اَعَاذَكِ اللّٰهُ مِنْ عَذَابِ الْقَبْرِ فَسَأَلَتْ عَائِشَةُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

*તો કહ્યું, અલ્લાહ તમને કબ્રના અઝાબથી બચાવે. એના પર હઝરત આઈશાએ રસૂલુલ્લાહ ﷺથી*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَيُعَذَّبُ النَّاسُ فِيْ قُبُوْرِهِمْ فَقَالَ رَسُوْلُ اللّٰهِ

*પૂછયું, શું લોકો પર કબ્રમાં અઝાબ થાય છે ? તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, એનાથી અલ્લાહની પનાહ ! એના*

**اخطا السنة** : કોઈકવાર હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہما શામ જવાના ઈરાદાથી મદીના પાક આવ્યા અને સૂર્યગ્રહણ થયું તો તેમણે સૂર્યગ્રહણની નમાઝ (કસૂફ) પઢાવી હતી. જે ફજરની નમાઝની જેમ બે રકાત એક એક રુકૂઅથી હતી. એને ઈમામ ઝુહરીએ હઝરત ઉરવાને કહ્યું તો તેમણે જવાબ આપ્યો, એ સહીહ છે કે એમણે સવારની નમાઝની જેમ પઢયું પણ એમણે સુન્નત વિરુદ્ધ કર્યું.

**હું કહું છું** : અહીં સૌથી અધિક વિચારવાની વાત એ છે કે તેમણે એ નમાઝ મદીનાવાસીઓના આમ મજમામાં પઢાવી જેમાં પુષ્કળ સહાબાએ કિરામ શરીક થયા હશે, કોઈએ ન એમને ટોક્યા અને ન બાદમાં એના પર ટીકા ટીપ્પણ કરી, એના પરથી જાહેર થઈ ગયું કે એમનો એ અમલ સુન્નતના મુતાબિક હતો, સુન્નતની વિરુદ્ધ ન હતો, નહીં તો લોકો જરૂર ટોક્તા, અને ટીકા ટીપ્પણ કરતા. તેમજ એ પણ સાબિત થઈ ગયું કે એના પર મદીનાવાસીઓનો ઈજમાઅ થઈ ગયો. બીજી વાત એ છે કે તે એક ખાસ નમાઝ હતી. જો હઝરત ઈબ્ને ઝુબેર رضی اللہ عنہماની પાસે એની કોઈ સનદ ન હોત તો તે આવુ કદાપિ ન કરતા, સહાબાએ કિરામને પૂછતા, પોતાની સમજબુઝ પર તે આવુ પગલુ કદી નથી ભરી શક્તા. એટલા માટે એવું કહેવું કે એમણે સુન્નતની વિરુદ્ધ કર્યુ એ સહીહ નથી. ખાસ કરીને એવી સ્થિતિમાં કે વિવિધ સહાબાએ કિરામથી રિવાયત થયેલ છે કે હુઝૂરે અકદસ ﷺએ નમાઝે કસૂફ (સૂર્યગ્રહણની નમાઝ)માં એક રકાતમાં કેવળ એક જ રુકૂઅ કર્યો હતો. તો અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરના અમલને સુન્નત ખિલાફ કહેવો અધિક વધુ રદ થઈ જાય છે.

### સમજૂતી : ૬૩૮

**فرکب** : આ હદીષથી સાબિત થાય છે કે ગ્રહણ લાગતા પહેલાં હુઝૂરે અકદસ ﷺ ઘરથી બહાર તશરીફ લઈ ગયા હતા. અને હઝરત મુગીરા વગેરેની હદીષમાં છે કે ગ્રહણ એ દિવસે લાગ્યું હતું જે દિવસે હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہનો વિસાલ થયો હતો. હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہના વિસાલની તફસીલ જે હદીષોમાં છે તેમાં આ પ્રમાણે છે કે હુઝૂરે અકદસ ﷺને તેમની હાલત બદલાવાની ખબર મળી તો હઝરત અબ્દુર્રહમાન બિન

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَائِذًا بِاللّٰهِ مِنْ ذٰلِكَ ثُمَّ رَكِبَ رَسُوْلُ اللّٰهِ

*પછી એક દિવસ સવારે સવાર થઈને ક્યાંક તશરીફ લઈ ગયા અને સૂર્ય ગ્રહણ લાગી ગયું.*

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ ذَاتَ غَدَاةٍ مَرْكَبًا فَخَسَفَتِ الشَّمْسُ فَرَجَعَ

*હુઝૂર ચાશતના સમયે પરત થયા તો અજવાળે મુતહ્‌હરાતના હુજરાઓ રૂમોના દરમ્યાનથી પસાર થયા*

ضُحًى فَمَرَّ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ ظَهْرَانَيِ الْحُجَرِ

*પછી ઉભા થઈને નમાઝ પઢવા લાગ્યા અને લોકો હુઝૂરની પાછળ ઉભા થયા. હુઝૂરે લાંબો ક઼યામ ફર્માવ્યો*

ثُمَّ قَامَ يُصَلِّيْ وَقَامَ النَّاسُ وَرَاءَهٗ فَقَامَ قِيَامًا طَوِيْلًا ثُمَّ سَاقَ مِثْلَ

*(પછી અમરાએ ઉરવાની હદીષની જેમ વર્ણન કર્યું, અંતમાં કહ્યું) અને*

حَدِيْثِ عُرْوَةَ اِلٰى اَنْ قَالَ، وَانْصَرَفَ فَقَالَ مَاشَاءَ اللّٰهُ اَنْ يَّقُوْلَ ثُمَّ اَمَرَهُمْ

*ફારિગ થઈને જે અલ્લાહે ચાહ્યું કહ્યું પછી લોકોને હુકમ*

اَنْ يَّتَعَوَّذُوْا مِنْ عَذَابِ الْقَبْرِ ؏ه

*આપ્યો કે ક઼બ્રના અઝાબથી પનાહ માગ્યા કરો."*

*(બુખારી, ૧/૧૪૩, બાબુત્તઅવ્વુઝ મિન અઝાબિલ ક઼બ્રિ ફિલ કુસૂફ, બાબુસ્સલાત–૧૪૪, બાબુર્રકઅત–૧૪૫, મુસ્લિમ, નિસાઈ)*

ઔફ رضی اللہ عنہને સાથે લઈને મદીના બહાર અબૂ સૈફના ઘરે તશરીફ લઈ ગયા, અને તશરીફ લઈ જવાની થોડીકવારમાં તેમનો વિસાલ થઈ ગયો. હવે જો એ માની પણ લેવામાં આવે કે તેમનો વિસાલ સવારના જ સમયે થયો અને ચાશતના સમય સુધીમાં તેમના કફન દફનથી ફારિગ પણ થઈ ગયા તો હઝરત ઉમ્મુલ મો'મિનીનના ઈલ્મમાં એ વાત યક઼ીનન રહી હશે કે હુઝૂર ક્યાં તશરીફ લઈ ગયા છે. પછી રિવાયતમાં આટલી મહત્વની વાત ઉમ્મુલ મો'મિનીને શાથી ન વર્ણવી ?! એનાથી માલૂમ પડે છે કે અહદ મુબારકમાં ગ્રહણ એકવારથી અધિક લાગ્યું છે. તેમજ આગળ હદીષ આવી રહી છે કે ગ્રહણની નમાઝના માટે આમ એલાન થયુ હતું. પણ હઝરત અસ્માની રિવાયતમાં છે કે તે મસ્જિદમાં આવ્યાં અને લોકોને નમાઝ પઢતા જોયા, તો હઝરત ઉમ્મુલ મો'મિનીનને પૂછયું કે શું વાત છે ? મુનાદી થકી કરવામાં આવનારું એલાને આમ હઝરત અસ્મા મદીના રહેવા છતાં ન સાંભળે એ શક્ય તો છે પણ ખૂબ જ દૂર છે. એનાથી પણ જાહેર થાય છે કે ગ્રહણની નમાઝ વિવિધ વખતે થઈ. તદ્‌ઉપરાંત હઝરત અબૂબક્ર رضی اللہ عنہની હદીષમાં છે કે હુઝૂર જલ્દીથી ચાદર ખેંચતા ઉઠયા. મુસ્લિમ (૧/૨૯૮ કસૂફ)માં હઝરત અસ્માની હદીષમાં છે કે હુઝૂર એટલા ગભરાઈ ગયા કે ગ્રહણ લાગવાના સમયે ઘરમાં હાજર હતા. તેમજ નિસાઈ (૧/૨૧૭ કસૂફ)માં હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہاથી મરવી છે કે હુઝૂરે એક ગ્રહણમાં ઝમ ઝમના છાયડામાં નમાઝ પઢી. આ એના માટે દલીલ છે કે ગ્રહણની નમાઝ એકવાર મક્કા મોઅઝ્ઝમામાં પણ પઢી હતી. અને ચર્ચા હેઠળની હદીષથી જણાય છે કે એ વખતે બહાર તશરીફ લઈ ગયા હતા અને મસ્જિદમાં તશરીફ લાવીને હુજરાઓમાં ગયા વિના નમાઝ શરૂ કરી આપી. એટલા માટે અનાયાસે માનવું પડશે કે સૂર્યગ્રહણની નમાઝ એકવાર કરતાં અધિકવાર થઈ. અને એ જ અલ્લામા ઈબ્ને અબ્દુલ બરની

# حدیث ۶۳۹

**[હદીષ : ૬૩૯]**

عَنْ عَبْدِ اللّٰہِ بْنِ عَمْرٍو رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا اَنَّہٗ قَالَ لَمَّا

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ એ ફર્માવ્યું,

کَسَفَتِ الشَّمْسُ عَلٰی عَھْدِ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ نُوْدِیَ اَنَّ

રસૂલુલ્લાહ ﷺના જમાનામાં જ્યારે સૂર્યમાં ગ્રહણ લાગ્યું તો આ પ્રમાણે નિદા (પોકાર) આપવામાં આવી

الصَّلٰوۃَ جَامِعَۃً فَرَکَعَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ رَکْعَتَیْنِ فِیْ سَجْدَۃٍ

હતી : الصَّلٰوۃَ جَامِعَۃً (અસ્સલાતુલ જામિઆ) નબી ﷺએ એક રકાતમાં બે રુકૂઅ કર્યા હતા, પછી ઉભા

ثُمَّ قَامَ فَرَکَعَ رَکْعَتَیْنِ فِیْ سَجْدَۃٍ ثُمَّ جَلَسَ ثُمَّ جُلِّیَ عَنِ الشَّمْسِ قَالَ وَقَالَتْ

થયા અને બીજી રકાતમાં બે રુકૂઅ કર્યા. ત્યારબાદ બેઠા, ત્યારબાદ ગ્રહણ ખત્મ થયું. અબૂ સલ્માએ કહ્યું,

عَائِشَۃُ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا مَا سَجَدْتُّ سُجُوْدًا قَطُّ کَانَ اَطْوَلَ مِنْھَا ع

અને હઝરત આઈશા رضی اللہ عنہا એ કહ્યું મેં કદી એનાથી વધુ લાંબો સજદો નથી કર્યો.''

*(બાબુ તુલૂસ્સુજૂદ–૧૪૩, બાબુન્નિદા બિસ્સલાતિલ જામિઆ–૧૪૨, મુસ્લિમ, નિસાઈ)*

પણ તેહકીક છે અને અલ્લામા અયનીએ પણ એને સમર્થન કર્યું છે. *(ઉમ્દતુલ કારી, ૭/૬૪)*

આનાથી તે સર્વ રિવાયતોમાં વર્ગીકરણ થઈ જશે જે નમાઝે કસૂફના બારામાં આવેલી છે. દા.ત. એ જ કે આમ રિવાયતોમાં છે કે બે જ રકાતો થઈ જશે જે નમાઝે કસૂફના બારામાં આવેલી છે. એક જ રુકૂઅ કર્યો. અને અમુકમાં છે કે છ રકાતો પઢી, દરેક રકાત બાદ પૂછતા હતા કે ખત્મ થઈ ગયું ? અથવા કે દરેક બે રકાતમાં બેથી વધુ રુકૂઅ કર્યા...... વગેર વગેરે.

فرجع ضُیَّ : આપણે ત્યાં એનો કોઈ સમય નિશ્ચિત નથી, જે વખતે ગ્રહણ લાગે ત્યારે નમાઝ પઢે મકરૂહ સમયો સિવાય. જો એ સમયોમાં ગ્રહણ લાગે તો દુઆ તથા ઈસ્તિગફાર કરે.

**સમજૂતી : ૬૩૯**

આ હદીષમાં نودی છે પણ કેમ કે નબવી યુગની વાત છે એટલા માટે એ માનવુ પડશે કે હુઝૂરે અકદસ ﷺના હુકમથી નિદા (પોકાર) થઈ હતી, જેમ કે ખૂદ બુખારીમાં જ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاની એ હદીષમાં છે જે પેજ–૧૪૫ પર વર્ણન થયેલ છે. તદ્ ઉપરાંત નિસાઈ વગેરેમાં પણ હઝરત ઉમ્મુલ મો'મિનીનથી સ્પષ્ટપણે મરવી છે કે હુઝૂરે એક જણને હુકમ આપ્યો કે તે પોકારી આવે. નમાઝે કસૂફ (સૂર્યગ્રહણ)માં અઝાન તથા ઈકામત નથી, પણ الصَّلٰوۃَ جَامِعَۃً ''અસ્સલાતુલ જામિઆ''ની સાથે પોકારની ઈજાઝત છે બલ્કે એ પણ કહી શકીએ છીએ કે સુન્નત છે. نودی ان الصلوۃ جامعۃ બે રિવાયતો છે :

ت ۱۹۹ وَصَلّٰی لَهُمُ ابْنُ عَبَّاسٍ فِیْ صُفَّةِ زَمْزَمَ عه

[તઅલીક઼ : ૧૯૯] "અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ નમાઝે કસૂફ (સૂર્યગ્રહણની નમાઝ) ઝમઝમના સામયાનામાં પઢાવી."

ت ۲۰۰ وَجَمَعَ عَلِیُّ بْنُ عَبْدِ اللّٰهِ بْنِ عَبَّاسٍ وَّصَلّٰی ابْنُ عُمَرَ سه

[તઅલીક઼ : ૨૦૦] "અને અલી બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસે લોકોને જમા કર્યા અને હઝરત ઈબ્ને ઉમરે પઢાવ્યું." (ઉપર મુજબ)

اَنِ الصلوة جامعة એ રીતે કે ان હર્ફે તફસીર અને الصلوة મુબ્તદા, جَامِعَةٌ એની ખબર, બીજુ એ કે ان الصلوة جامعةً : ان હર્ફે મુશબ્બર બિલ ફેઅલ, الصلوة તેનું ઈસ્મ, حاضرةٌ તેની ખબરે મહઝૂફ અને جامعة હાલ.

## તઅલીક઼ : ૧૯૯ની સમજૂતી

આ અષરને ઈમામ શાફઈ તથા સઈદ બિન મન્સૂરે મૌસૂલન્ વર્ણવી છે કે તાઉસે કહ્યું કે સૂરજમાં ગ્રહણ લાગ્યું તો અમને હઝરત ઈબ્ને અબ્બાસે છ રુકૂઅ બે રકાતમાં પઢાવ્યા. ઈબ્ને જરીહે સુલૈમાનથી જે રિવાયત કરી છે એમાં એ છે કે બે રકાત પઢાવી, દરેક રકાતમાં ચાર રુકૂઅ હતા અને ઈબ્ને હઝરમે સફવાન ઈબ્ને અબ્દુલ્લાહથી એ રિવાયત કરી કે બે રકાત પઢી અને દરેક રકાતમાં બે રુકૂઅ હતા.

## તઅલીક઼ : ૨૦૦ની સમજૂતી

અલી ઈબ્ને અબ્દુલ્લાહ બિન અબ્બાસ, અબ્બાસી સુલ્તાનોના જદ્દે આ'લા (દાદા) છે જે દિવસે હઝરત અલી શહીદ થયા એ જ દિવસે એ પેદા થયા એટલા માટે એમનું નામ અલી અને કુન્નિયત અબુલહસન રાખવામાં આવી. એ ષિક઼હ દીનદાર આબિદ તાબઈ હતા. દરરોજ હજાર સજદા કરતા હતા એના લીધે એમનો પણ લક઼બ સજ્જાદ છે. શામ (સીરીયા)માં બલક઼ાના વિસ્તારમાં હ઼મીમામાં ઈન્તેક઼ાલ થયો. વિસાલની સન હિ.સ. ૧૧૪ અથવા ૧૧૮ છે. સલ્તનતે અબ્બાસીયાના સ્થાપક સફાહ અબુલ અબ્બાસ અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન અલી એમના પૌત્ર હતા.

અલી ઈબ્ને અબ્દુલ્લાહની અષરની સનદ કોઈ ન મળી, અલ્બત્ત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના અષર (કથન)ને ઈબ્ને અબી શયબાએ આ પ્રમાણે રિવાયત કરેલ છે, આસિમ ઈબ્ને અબ્દુલ્લાહ કહે છે કે મેં ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને જોયા કે ગ્રહણમાં ઝડપભેર જમાઅતના માટે મસ્જિદમાં જઈ રહ્યા છે. તેમના ચપ્પલ હાથમાં છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે શક્ય છે કે وصلى ابن عمر અલી ઈબ્ને અબ્દુલ્લાહની અષરનો હિસ્સો હોય.

# حدیث ٦٤٠

[હદીષ : ૬૪૦]

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ انْخَسَفَتِ الشَّمْسُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ ના જમાનામાં

عَلٰی عَھْدِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَصَلّٰی رَسُوْلُ اللّٰہِ صَلَّی

સૂર્યગ્રહણ લાગ્યું તો રસૂલુલ્લાહ ﷺ એ નમાઝ પઢી, એમાં સૂરએ બક઼રહ પઢવાના જેટલો

اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَقَامَ قِیَامًا طَوِیْلًا نَحْوًا مِّنْ قِرَاءَۃِ سُوْرَۃِ الْبَقَرَۃِ

લાંબો ક઼યામ કર્યો પછી લાંબો રુકૂઅ કર્યો ત્યારબાદ માથુ ઉઠાવ્યું અને લાંબો ક઼યામ કર્યો એ

ثُمَّ رَکَعَ رُکُوْعًا طَوِیْلًا ثُمَّ رَفَعَ فَقَامَ قِیَامًا طَوِیْلًا وَّھُوَ دُوْنَ الْقِیَامِ الْاَوَّلِ

પ્રથમ ક઼યામથી ઓછો હતો પછી લાંબો રુકૂઅ કર્યો અને પહેલાવાળા રુકૂઅ કરતાં ઓછો

ثُمَّ رَکَعَ رُکُوْعًا طَوِیْلًا وَّھُوَ دُوْنَ الرُّکُوْعِ الْاَوَّلِ ثُمَّ سَجَدَ ثُمَّ قَامَ قِیَامًا

હતો. ત્યાર બાદ સિજદો કર્યો પછી લાંબો ક઼યામ કર્યો અને પહેલાવાળા ક઼યામ કરતાં ઓછો હતો.

طَوِیْلًا وَّھُوَ دُوْنَ الْقِیَامِ الْاَوَّلِ ثُمَّ رَکَعَ رُکُوْعًا طَوِیْلًا وَّھُوَ دُوْنَ الرُّکُوْعِ

ત્યાર બાદ લાંબો રુકૂઅ કર્યો અને એ પહેલાવાળા રુકૂઅથી ઓછો હતો. પછી માથુ ઉઠાવ્યું

الْاَوَّلِ ثُمَّ رَفَعَ فَقَامَ قِیَامًا طَوِیْلًا وَّھُوَ دُوْنَ الْقِیَامِ الْاَوَّلِ ثُمَّ رَکَعَ رُکُوْعًا

અને લાંબો ક઼યામ કર્યો અને એ પહેલાવાળા ક઼યામથી ઓછો હતો. પછી લાંબો રુકૂઅ કર્યો અને એ

طَوِیْلًا وَّھُوَ دُوْنَ الرُّکُوْعِ الْاَوَّلِ ثُمَّ سَجَدَ ثُمَّ انْصَرَفَ وَقَدْ تَجَلَّتِ الشَّمْسُ

પહેલાવાળા રુકૂઅથી ઓછો હતો. પછી સિજદો કર્યો પછી નમાઝથી ફ઼ારિગ થયા. અને ગ્રહણ ખત્મ

**સમજૂતી : ૬૪૦**

આ હદીષ કિતાબુલ ઈમાનમાં આવી ગઈ છે, ત્યાં એનો કેવળ અંતિમ હિસ્સો વર્ણન પામ્યો હતો. **اُرِیتُ النارَ**થી છેવટ સુધી. અહીં સંપૂર્ણ વર્ણન થઈ છે. અબૂ દાઊદ (૧/૧૬૮ સલાત)માં એને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે. ઈબ્ને અસાકિર અને મઝીએ કહ્યું, આ વહેમ (ભ્રમ) છે, સહીહ એ છે કે આ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી જ મરવી છે.

**نحوامن قرائۃ سورۃ البقرۃ** : વર્ણન થઈ ચૂક્યું કે આ નમાઝમાં હઝરત ઈબ્ને અબ્બાસ હુઝૂરે અક઼દસ

فَقَالَ إِنَّ الشَّمْسَ وَالْقَمَرَ آيَتَانِ مِنْ آيَاتِ اللّٰهِ لَا يَخْسِفَانِ لِمَوْتِ أَحَدٍ وَّ

થઈ ચૂક્યુ હતું, તો ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! ચાંદ તથા સૂરજ અલ્લાહની નિશાનીઓમાંથી બે નિશાનીઓ છે.

لَا لِحَيَاتِهِ فَإِذَا رَأَيْتُمْ ذٰلِكَ فَاذْكُرُوا اللّٰهَ قَالُوا يَا رَسُولَ اللّٰهِ رَأَيْنَاكَ

કોઈની મૌત તથા પેદાઈશના કારણે એમાં ગ્રહણ નથી લાગતુ. જ્યારે તમે એને જુઓ તો અલ્લાહની યાદ

تَنَاوَلْتَ شَيْئًا فِي مَقَامِكَ ثُمَّ رَأَيْنَاكَ تَكَعْكَعْتَ فَقَالَ إِنِّي رَأَيْتُ الْجَنَّةَ وَ

કરો. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે હુઝૂરને જોયા કે પોતાની જગાએ ઉભા ઉભા હુઝૂરે કાંઈ

تَنَاوَلْتُ عُنْقُودًا وَلَوْ أَصَبْتُهُ لَأَكَلْتُمْ مِنْهُ مَا بَقِيَتِ الدُّنْيَا وَأُرِيتُ النَّارَ

લીધું છે પછી અમે જોયું કે હુઝૂર પાછા હટી ગયા. તો ફર્માવ્યું, મેં જન્નત જોઈ, ચાહ્યું કે એક લૂમ લઈ લઉં. જો

فَلَمْ أَرَ مَنْظَرًا كَالْيَوْمِ قَطُّ أَفْظَعَ رَأَيْتُ أَكْثَرَ أَهْلِهَا النِّسَاءَ قَالُوا بِمَ يَا رَسُولَ

હું તેને લઈ લેત તો જ્યાં સુધી દુનિયા રહેતી તમે લોકો તેને ખાતા. અને મેં જહન્નમ જોઈ, એનાથી વધુ

اللّٰهِ قَالَ بِكُفْرِهِنَّ قِيلَ أَيَكْفُرْنَ بِاللّٰهِ قَالَ يَكْفُرْنَ الْعَشِيرَ وَيَكْفُرْنَ

ભયાનક મંઝર મેં કદી નથી જોયો. **જહન્નમીઓમાં મેં અધિકતર સ્ત્રીઓને જોઈ.** લોકોએ અર્ઝ કરી,

الْإِحْسَانَ لَوْ أَحْسَنْتَ إِلٰى إِحْدَاهُنَّ الدَّهْرَ كُلَّهُ ثُمَّ رَأَتْ مِنْكَ شَيْئًا قَالَتْ

કેમ ? યા રસૂલલ્લાહ ! ﷺ તો ફર્માવ્યું, તેમના કુફ્ર કરવાના કારણે. અર્ઝ કરવામાં આવી, **શું સ્ત્રીઓ**

مَا رَأَيْتُ مِنْكَ خَيْرًا قَطُّ ۔ ع ہ

***અલ્લાહની સાથે કુફ્ર કરે છે ?*** *ફર્માવ્યું,* ***પતિઓની નાશુક્રી કરે છે અને એહસાન નથી માનતી. જો તેણીઓ સાથે જમાનાભર એહસાન કરો પછી કોઈ નાપસંદ વાત જોશે તો કહેશે, મેં તમારાથી કદી કોઈ ભલાઈ નથી જોયી."***

(બુખારી ૧/૧૪૩ સલાત, ૧/૯ ઈમાન, ૧/૬૨ સલાત, ૧/૧૦૩, અઝાન, બદઉલ ખલ્ક઼–૪૫૪, ૨/૭૮૨ નિકાહ)

ﷺના બાજુમાં હતા, જો હુઝૂરે અક઼દસ ﷺએ આ નમાઝમાં જોરથી કિ઼ર્અત કરી હોત તો તે જરૂર બતાવત કે કઈ સૂરત પઢી અને કેટલી પઢી. અને તે એવું ન ફર્માવતા કે સૂરએ બક઼રહની જેટલી લગભગ કિ઼ર્અત કરી. એનાથી સાબિત થઈ ગયું કે હુઝૂરે અક઼દસ ﷺએ નમાઝે કસૂફ (સૂર્યગ્રહણની નમાઝ)માં ધીરેથી કિ઼ર્અત કરી.

**بكفرهن** : કુફ્રનો શાબ્દિક અર્થ છુપાવવું છે, અને છૂટકારો તથા બેઝારી (બેપરવાઈ) જાહેર કરવાનો છે. અહીં નાશુક્રી મુરાદ છે. કેમ કે નાશુક્રીને એહસાન છુપાવવું તથા મોહસિનથી બેઝારી લાઝિમ છે. આ પરથી એ નાશુક્રીના અર્થમાં છે. કુફ્રનો શરઈ અર્થ જરૂરિયાતે દીનમાંથી કોઈકનો અથવા સર્વનો ઈન્કાર કરવું છે. કેમ કે

# حدیث ٦٤١

**[હદીષ : ૬૪૧]**

عَنْ اَسْمَاءَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہَا قَالَتْ لَقَدْ اَمَرَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

"હઝરત અસ્મા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ

عَلَیْہِ وَسَلَّمَ بِالْعَتَاقَۃِ فِیْ کُسُوْفِ الشَّمْسِ ۔ عہ

સૂર્યગ્રહણમાં ગુલામ આઝાદ કરવાનો હુકમ આપ્યો."

(બાબુસ્સલાત ૧/૧૪૭, અલ અતક઼–૪૪૨, અબૂ દાઊદ–ઈસ્તિસ્ક઼ાઅ, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૩૪૫)

حدیث ٦٤٢ عَنْ اَبِیْ مُوْسٰی رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ خَسَفَتِ الشَّمْسُ

"હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે સૂર્યમાં ગ્રહણ લાગ્યું તો **[હદીષ : ૬૪૨]**

فَقَامَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَزِعًا یَّخْشٰی اَنْ یَّکُوْنَ

નબી صلی اللہ علیہ وسلم ગભરાઈને ઉઠયા. હુઝૂરને અંદેશો થયો કે ક઼યામત આવી ગઈ. મસ્જિદમાં તશરીફ લાવ્યા

السَّاعَۃُ فَاَتَی الْمَسْجِدَ فَصَلّٰی بِاَطْوَلِ قِیَامٍ وَّرُکُوْعٍ وَّسُجُوْدٍ رَّاَیْتُہٗ قَطُّ

અને એટલા લાંબા ક઼યામ તથા રુકૂઅ અને સિજદાઓની સાથે નમાઝ પઢી કે મેં કદી આવું કરતા જોયા ન

یَفْعَلُہٗ وَقَالَ ھٰذِہِ الْاٰیَاتُ الَّتِیْ یُرْسِلُ اللّٰہُ عَزَّوَجَلَّ لَا تَکُوْنُ لِمَوْتِ

હતા. અને ઈર્શાદ ફર્માવ્યો, આ નિશાનીઓને અલ્લાહ جل جلالہ મોકલે છે, કોઈના મૃત્યુ કે જન્મના કારણે આવું

اَحَدٍ وَّلَا لِحَیَاتِہٖ وَلٰکِنْ یُّخَوِّفُ اللّٰہُ بِھَا عِبَادَہٗ فَاِذَا رَاَیْتُمْ شَیْئًا مِّنْ

નથી થતુ. અલ્લાહ પોતાના બંદાઓને ડરાવે છે. જ્યારે એમનામાંથી કાંઈ જુઓ તો અલ્લાહના ઝિક્ર તથા

ذٰلِکَ فَافْزَعُوْا اِلٰی ذِکْرِ اللّٰہِ وَدُعَائِہٖ وَاسْتِغْفَارِہٖ ۔ سہ

દુઆ તથા તેનાથી માફી માંગવાની પ્રતિ વધો." (બાબુઝ઼ ઝિક્ર ફિલ કુસૂફ–૧૪૫, મુસ્લિમ, નિસાઈ)

એમાં અલ્લાહ جل جلالہ તથા રસૂલ صلی اللہ علیہ وسلم થી બેઝારી થાય છે એટલા માટે એને કુફ્ર કહે છે, આમ બોલી (ઉર્ફ)માં કુફ્રનો આ જ અર્થ નિશ્ચિત છે એના કારણે સહાબાએ કિરામને આશ્ચર્ય થયું અને તેમણે સવાલ કર્યો.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# سجود القرآن

## (સુજૂદુલ કુર્આન) "કુર્આનના સિજદાઓ વિશેનું પ્રકરણ''

## حديث ٦٤٣

**[હદીષ : ૬૪૩]**

عَنْ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ قَرَأَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

''હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી صلی اللہ علیہ وسلم એ

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ النَّجْمَ بِمَكَّةَ فَسَجَدَ فِیْهَا وَسَجَدَ مَنْ مَّعَهٗ غَیْرُ

મક્કામાં સૂરએ નજમ પઢી અને એમાં સજદો કર્યો અને હુઝૂર صلی اللہ علیہ وسلم ની સાથે જેટલા લોકો હતા સૌએ સજદો

شَیْخٍ اَخَذَ كَفًّا مِّنْ حَصًی اَوْ تُرَابٍ فَرَفَعَهٗ اِلٰی جَبْهَتِهٖ وَقَالَ یَكْفِیْنِیْ هٰذَا

કર્યો, સિવાય એક વૃદ્ધ જેણે એક મુટ્ઠી કાંકરી અથવા ધૂળ લીધી અને તેને પોતાની પેશાની સુધી ઉઠાવી અને

**સમજૂતી : ૬૪૩**

તફસીરમાં છે કે પ્રથમ સૂરત જેમાં સજદો છે સૂરતુન્નજમ નાઝિલ થઈ, જયારે કે એ નિશ્ચિત છે કે સૌ પ્રથમ સૂરત ઈક્રાઅ નાઝિલ થઈ છે એમાં પણ સજદો છે. અલ્લામા ઈબ્ને હજરે એનો ખુલાસો એ કર્યો કે મુરાદ એ છે કે એ સૂરત જેમાં સજદો છે તે પૂરેપૂરી સૌ પ્રથમ સૂરએ નજમ નાઝિલ થઈ છે અને સૂરએ ઈકરાઅની પ્રારંભિક આયતો તો જરૂર સૌ પ્રથમ નાઝિલ થઈ છે પણ તેનો છેવટનો હિસ્સો બાદમાં નાઝિલ થયો છે જેમાં અબૂ જહલની શરારતોનો ઉલ્લેખ છે અને એનો રદ છે. બીજો જવાબ એ આપ્યો કે આ અવ્વલિયત ઈઝાફી છે, એ રીતે કે ઈબ્ને મરદુવિયહ્એ આ પ્રમાણે રિવાયત કરી છે કે પ્રથમ તે સૂરતો જેનું આમ એલાન રસૂલુલ્લાહ

فَرَأَيْتُهُ بَعْدُ قُتِلَ كَافِرًا ۔ ع ه

*કહ્યું આ મને પૂરતુ છે. ત્યાર બાદ મેં એને જોયો કે કાફિર રહેવાની હાલતમાં કત્લ કરવામાં આવ્યો."*

*(બાબુ ફિસ્સુજૂદુલ કુર્આન–૧૪૬, બાબુ સજદા અન્નજમ–૧૪૬,*
*બાબુ મબઊષુન્નબી ﷺ–૫૪૩, ૨/૫૬૬ મગાઝી, અત્તફસીર–૭૨૧, મુસ્લિમ, અબૂ દાઊદ)*

ﷺએ કર્યું તે અન્નજમ છે. તેમજ એમાં એ છે કે સૌ પ્રથમ સૂરત જેને રસૂલુલ્લાહ ﷺએ મુશ્રિકો સામે તિલાવત કરી તે અન્નજમ છે.

**غير شيخ** : તફસીરમાં છે કે એ ઉમૈયા બિન ખલફ હતો. એક કૌલ એ છે કે તે ઉકબા બિન રબીઆ હતો. તબરીમાં છે કે એ સઈદ બિન આસ હતો. મુસ્નફે ઈબ્ને અબી શયબામાં હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી મરવી છે કે તે વખતે કુરૈશના બે શખ્સોના સિવાય સૌએ સજદો કર્યો. એનાથી એમનો મકસદ પોતાની નામનાનો હતો. (ફત્હુલ બારી, ૨/૪૫૬) નિસાઈ (૧/૧૫૨ સુજૂદુલ કુર્આન)માં મુત્તલિબ બિન અબૂ દવાઆની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ સૂરએ નજમ પઢી તો સજદો કર્યો અને હુઝૂરની સાથે સૌએ સજદો કર્યો. મેં મારુ માથુ ઉઠાવી લીધું અને સજદો કરવા પર રાજી ન થયો. એ સૌનો સાર એ નીકળ્યો કે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضي الله عنهએ કેવળ ઉમૈયા બિન ખલફને જોયો, જે જોયું હતું તેને વર્ણવ્યું. શક્ય છે કે અન્ય લોકોએ પણ સજદો ન કર્યો હોય જેમને એ જોઈ ન શક્યા, કેમ કે આમ મજમો હતો અને એ નીચા કદના બુઝુર્ગ હતા કે ઊભા થવામાં બેસવાવાળાઓ બરાબર થતા હતા. એટલા માટે એ રિવાયતોમાં ટકરાવ નથી, જેણે જેવું જોયું તે વર્ણન કર્યું.

**મસાઈલ** : આપણે ત્યાં **કુર્આન મજીદમાં ૧૪ જગાએ સજદો વાજિબ છે.** પઢનાર પર પણ અને સાંભળનાર પર પણ ચાહે તે ખરેખર સાંભળી રહ્યો હોય કે સાંભળનારાઓના હુકમમાં હોય. દા.ત. મુક્તદી છે અને ઈમામે સજદાની આયત તિલાવત કરી, એ દૂર છે જેથી કિર્અત નથી સંભળાતી પણ ઈક્તેદાના કારણે સાંભળનારના હુકમમાં છે એટલા માટે એના ઉપર પણ વાજિબ છે. ઈમામ બુરહાનુદ્દીન મિર્ગીનાની સાહિબ હિદાયાએ એના પર હદીષની દલીલ રજૂ કરી : **السجدة على من سمعها السجدة وعلى من تلاها** "જે સાંભળે એના પર પણ સજદો છે અને જે તિલાવત કરે એના પર પણ." એના પર એ વાંધો કરવામાં આવ્યો કે એ હદીષ ગરીબ છે સાબિત નથી.

**અકુલ** : (હું કહું છું) : અમે પ્રસ્તાવનામાં પણ અને કેટલીયે જગાએ ચર્ચા દરમ્યાન પણ દર્શાવી ચૂક્યા છીએ કે ફકીહનું કોઈ હદીષથી દલીલ કરવું એના દલીલ પાત્ર હોવાની દલીલ છે ભલે કુતુબે મુસન્નફાની કિતાબોમાં તે ન મળે. બુખારીમાં છે કે હઝરત ઉષ્માનગની رضي الله عنهએ ફર્માવ્યું : **السجود على من استمع** અને મુસ્નફે ઈબ્ને અબી શયબામાં હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهماનો ઈર્શાદ મરવી છે : **السجدة على من سمعها** "જે સાંભળે એના પર સજદો છે." રહી ગયો તિલાવત કરનાર પર વાજિબ હોવો એ હુઝૂરે અકદસ ﷺના અમલથી સાબિત છે.

તદ્‌ઉપરાંત અમારી દલીલ સજદાની આયતો છે જેમાં **فاسجدوا۔واسجد** સેગાએ અમ્રની સાથે હુકમ આપવામાં આવ્યો છે અને અમુક આયતમાં સજદો ન કરવાવાળાઓ પર ધમકી પણ કરવામાં આવી છે. અમ્રમાં અસલ વાજિબપણુ છે ખાસ કરીને ત્યજી દેવા પર ધમકી હોય. એનો તકાઝો હતો કે સજદાએ તિલાવત ફર્ઝ હોતો, પણ કેમ કે એમાં એની પર સંભાવના હતી કે નમાઝનો સજદો મુરાદ હોય. આ સંભાવનાના કારણે સજદાએ તિલાવતનું મુરાદ હોવું કતઈ ન રહ્યું એટલે ફર્ઝ ન કરવામાં આવ્યો. અને કેમ કે એ આયતો પર હુઝૂરે અકદસ ﷺએ સજદો કર્યો એનાથી એને અગ્રતા હાંસલ થઈ ગઈ કે મુરાદ તિલાવતનો સજદો છે, પણ આ

# حدیث ۶۴۴

**[હદીષ : ૬૪૪]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا قَالَ "ص" لَیْسَ مِنْ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે* ص *સજદાઓમાંથી નથી, અને મેં*

عَزَائِمِ السُّجُوْدِ وَقَدْ رَأَیْتُ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَسْجُدُ فِیْہَا ع ہ

રસૂલુલ્લાહ ﷺને એમાં સજદો કરતા જોયા છે." *(સુજૂદુલ કુર્આન, બાબુ સજદા-૧૪૬, અલ અંબિયા-૪૮૬)*

સાબિતી ખબરે આહાદથી છે એટલા માટે વાજિબનો હુકમ આપવામાં આવ્યો.

**સજદાની આયતો** : આપણા ત્યાં ૧૪ આયતો એવી છે જેમનામાં તિલાવતનો સિજદો વાજિબ છે એના અનુસંધાનમાં અલ્લામા અયનીએ ૧૧ કથનો વર્ણન કર્યા છે. આજે જેના માનનારા મૌજૂદ તે કેવળ ચાર છે. પ્રથમ : આપણો મઝહબ, બીજો : ઈમામ શાફઈનો. સહીહ મઝહબ એ છે કે ૧૪ છે. તેમને ત્યાં સૂરએ હજ્જમાં બે સજદા છે, સૂરએ સાદ (ص)માં સજદો નથી અને એ જ ઈમામ અહમદનો કૌલ છે. ત્રીજો : પંદર છે, ૧૪ તે જે આપણે ત્યાં છે અને સૂરએ હજ્જનો બીજો સજદો. મદની હઝરાતે ઈમામ માલિકનો આ જ મઝહબ રિવાયત કર્યો છે. ઈમામ અહમદથી પણ આ જ એક રિવાયત છે. ચોથુ ૧૧. મુફસ્સલના ત્રણ સજદા છોડીને બાકીના સૌ, એટલે સુરએ નજમ, સૂરએ ઈન્શિકાક, સૂરએ ઈકરાઅ્ સિવાય. ઈમામ માલિકથી જાહેર રિવાયત આ જ છે અને ઈમામ શાફઈનો કદીમ (જૂનો) કૌલ આ જ છે.

આપણે ત્યાં સૂરએ હજ્જમાં ૧૮ મી આયત પર સજદો છે. એટલે **الم تران اللہ یسجدلہ** અને ૭૭મી એટલે **یایھاالذین آمنوا ارکعو واسجدوا** એમાં રુકૂઅના ઉલ્લેખે એ નિશ્ચિત કરી આપ્યું કે આ સજદાથી નમાઝનો સજદો મુરાદ છે. જેવી રીતે રુકૂઅથી એકમતિએ નમાઝનો રુકૂઅ મુરાદ છે, નહીં તો લાઝિમ થશે કે આ આયત પર રુકૂઅ પણ કરે, અને એના માનનારા ન ઈમામ માલિક છે ન ઈમામ શાફઈ ન અન્ય કોઈ ઈમામ.

**સમજૂતી : ૬૪૪**

આપણા ત્યાં સૂરએ صમાં આયતે કરીમા وَظَنَّ دَاوٗدُ اَنَّمَا فَتَنّٰہُ فَخَرَّ رَاکِعًا وَّاَنَابَ "હવે દાઊદે સમજ્યું કે અમે તેને અજમાવ્યો હતો, તો માફી માંગી અને સજદામાં પડી ગયો." પર સજદો વાજિબ છે. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને ત્યાં વાજિબ નથી. અલ્બત્ત નમાઝ બહાર મુસ્તહબ છે. તેમની દલીલ આ છે. અને આપણી દલીલ કિતાબુલ અંબિયા કિતાબુત્તફસીરની રિવાયત છે કે ઈમામ મુજાહિદે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી પૂછયું, શું તમે صમાં સજદો કરો છો ? તો તેમણે وَمِنْ ذُرِّیَّتِہٖ دَاوٗدَ وَسُلَیْمٰنَથી લઈને **فبھداھم اقتدہ** તિલાવત કરી. એટલે ઈબ્રાહીમની નસલથી દાઊદ તથા સુલૈમાન છે, તમે એના માર્ગે ચાલો. (અન્આમ, ૮૪-૯૦) પછી ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું, તમારા નબી ﷺને હુકમ થયો કે તેમના માર્ગે ચાલે. કિતાબુત્ તફસીરમાં છે, એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ એમાં સજદો કર્યો. એનાથી આગળવાળી હદીષમાં આટલુ અધિક છે કે ઈબ્ને અબ્બાસ એમાં સજદો કરતા હતા. મતલબ એ થયો કે જેથી અમારા તથા તમારા પર પણ ફર્ઝ છે કે તેમની પયરવી કરીએ. નિસાઈ (૧/૧૫૨ સલાત)માં ખૂદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺને صમાં સજદો કરતાં જોયા છે. ફર્માવ્યું, દાઊદે તૌબાના માટે સજદો કર્યો હતો અને આપણે શુક્રના માટે

*"અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما વિના વુઝૂએ પણ સજદો કરી લીધા કરતા હતા." (સુજૂદુલ્ કુર્આન બાબુ સજદા–૧૪૬)* **[તઅલીક઼ : ૨૦૧]**

સજદો કરીએ છીએ. તેમજ અબૂ દાઊદમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની હદીષમાં છે રસૂલુલ્લાહ ﷺએ મિમ્બર પર સૂરએ ص પઢી અને મિમ્બરથી ઉતરીને સજદો કર્યો. તિબ્રાની رضی اللہ عنہ ઉમ્દતુલ કારી (૭/૯૮)એ અવસતમાં અને બયહકીએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી ﷺએ صમાં સજદો કર્યો. હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી મરવી છે કે તેમણે ફર્માવ્યું, મેં નબી ﷺથી સાથે صમાં સજદો કર્યો. તેમજ હઝરત ઉમર, હઝરત ઉષ્માન, હઝરત નોઅમાન બિન બશીર رضوان اللہ تعالٰی علیہم اجمعین એમાં સજદો કરતા હતા. હઝરત ઈબ્ને ઉમર, હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہماએ ફર્માવ્યું કે સૂરએ صમાં સજદો છે. *(ઉપર મુજબ)*

એક સ્પષ્ટતા : આ હદીષથી પહેલાં ઈમામ બુખારીએ એ પ્રકરણ રચ્યું છે કે "સૂરએ તન્ઝી લિલ્ સજદામાં સજદો." એના હેઠળ હઝરત અબૂ હુરૈરહ્વાળી હદીષ : ૫૬૦ લાવ્યા છે જેમાં મઝકૂર છે કે નબી ﷺ જુમ્આના દિવસે ફજરમાં "અલિફ–લામ–મીમ તન્ઝીલ" તથા "હલ અતા" પઢતા હતા. એના પર અલ્લામા અયનીએ ફર્માવ્યું કે એને પ્રકરણ સાથે કોઈ મળતાપણુ નથી.

**હું કહું છું** : સૂરએ "અલિફ–લામ–મીમ–તન્ઝીલ"માં આયતે કરીમા આ **انما یومن بآیتنا الذین اذا ذکر وابہا۔۔۔الایہ** છે "અમારી આયતો પર તેઓ જ ઈમાન લાવે છે જેમને અમારી આયતો જ્યારે યાદ અપાવવામાં આવે છે તો સજદામાં પડી જાય છે અને પોતાના રબની તસ્બીહ કહે છે અને ઘમંડ નથી કરતા." (૧૫)

કદાચ ઈમામ બુખારીનો મક઼સદ એ છે કે આ સૂરતમાં સજદો છે, જ્યારે હુઝૂરે અક઼દસ ﷺ આ સૂરત પઢયા કરતા હતા તો સજદો પણ કરતા હતા. પ્રકરણથી એટલી મુનાસિબત પૂરતી છે. જો કે આપણે ત્યાં બલ્કે ચારેવ ઈમામોમાં કોઈને ત્યાં આ જગાએ સજદો નથી.

## તઅલીક઼ : ૨૦૧ની સમજૂતી

અહીં મોટા ભાગની રિવાયતો એ જ છે અલ્બત્ત ઉસૈલીની રિવાયત **علی وضوء** છે. **غیر**ના હ઼ઝફની સાથે. પણ **غیر وضوء**વાળી રિવાયત સહીહ છે એટલા માટે કે ઈબ્ને અબી શયબાએ પોતાના મુસ્નફમાં રિવાયત કર્યું કે હઝરત સઈદ બિન જુબેર મઝલૂમ કહે છે કે હઝરત ઈબ્ને ઉમર પોતાની સવારીથી ઉતરતા અને પેશાબ કરતા પછી સવાર થઈને આયતે સજદા પઢતા પછી સજદો કરતા અને વુઝૂ ન કરતા.

અહીં ઈમામ બુખારીએ આયતે કરીમા **اِنَّمَا الْمُشْرِكُوْنَ نَجَسٌ** વર્ણન કરી છે એનાથી શો હેતુ છે એ વિચારવા પાત્ર છે. જો ઈમામ બુખારીનો હેતુ એ છે કે મુશ્રિકો નાપાક છે અને તેમણે સજદો કર્યો તો સાબિત કે નાપાકીની હાલતમાં સજદો સહીહ છે જેથી હાલતે હદષમાં એનાથી અધિક અંશે સહીહ થશે.

**હું કહું છું** : અને લગભગ ઈજમાઅની વિરુદ્ધ છે સિવાય ઈબ્ને ઉમર તથા શઅબીના પૂરી ઉમ્મતની એના પર એકમતિ છે કે વુઝૂ વિના તિલાવતનો સિજદો સહીહ નથી. બીજુ, મુશ્રિકો જનાબતના ગુસ્લને જાણતા ન હતા જેથી જુનુબી પણ હતા, તો શું જનાબતની હાલતમાં તિલાવતનો સિજદો દુરુસ્ત છે ? ત્રીજુ, તિલાવતનો સિજદો ઈબાદત છે અને ઈબાદતના સહીહ થવા માટે ઈમાન શર્ત છે તો પછી મુશ્રિકોનો આ સજદો વજૂદ વિનાનો છે,

## حدیث ۶۴۵

**[હદીષ : ૬૪૫]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْهُمَا اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે નબી ﷺ એ

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ سَجَدَ بِالنَّجْمِ وَسَجَدَ مَعَہُ الْمُسْلِمُوْنَ وَالْمُشْرِکُوْنَ

સૂરએ વન્નજમમાં સજદો કર્યો તો હુઝૂરની સાથે મુસલમાનો, મુશ્રિકો, જિન

وَالْجِنُّ وَالْاِنْسُ ؏

તથા ઈન્સાનોએ સજદો કર્યો.'' *(બાબુસ્સુજૂદુલ મુસ્લિમીન વલ મુશ્રિકીન, ૨/૭૨૧ તફસીરે સૂરતુલન્નજ્મ, તિર્મિઝી)*

પછી એનાથી દલીલ કરવું કઈ રીતે દુરુસ્ત છે ? પણ અહીં એ કહી શકાય છે કે એ સમયે જેટલા મુસલમાન મૌજૂદ હતા સૌએ સજદો કર્યો. અને જાહેર છે તમામે તમામ બાવુઝૂ નહીં રહ્યા હોય, એટલા માટે કે પહેલેથી તેઓ સિજદો કરવા કે નમાઝ પઢવા એકત્ર થયા ન હતા. જેથી સાબિત કે વિના વુઝૂ સજદો દુરુસ્ત છે, પરંતુ આ બિલકુલ પ્રારંભની વાત છે એટલા માટે એ ચર્ચા માંગી લે છે.

### સમજૂતી : ૬૪૫

એના અનુસંધાનમાં તફસીરની કિતાબોમાં એક અતિ નિરર્થક હિકાયત લખેલી છે કે હુઝૂરે અક્દસ ﷺ મુસલમાનો તથા મુશ્રિકોના મિશ્ર મજમામાં સૂરએ અન્નજમની તિલાવત કરી રહ્યા હતા. જ્યારે **اَفَرَأَيْتُمُ اللَّاتَ وَالْعُزّٰى وَمَنَاةَ الثَّالِثَةَ الْاُخْرٰى** પર પહોંચ્યા તો શૈતાને હુઝૂરે અક્દસ ﷺના અવાજની જેમ અવાજ બનાવીને આવુ પઢી આપ્યું : **تلك الغرانيق العلى وان شفاعتهن لترجى** હાજરજનો સમજ્યા કે એ હુઝૂર ﷺની તિલાવત છે, એના પર મુશ્રિકો ઘણા જ ખુશ થયા અને કહેવા લાગ્યા કે અમારા મઅબૂદોની પ્રશંસા કરવા લાગ્યા છે ! એટલા માટે જ્યારે હુઝૂરે સજદો કર્યો તો મુશ્રિકોએ પણ સજદો કર્યો. કેમ કે હુઝૂરે અક્દસ ﷺ રોકાઈ રોકાઈને તિલાવત કરતા હતા જેથી સાંભળનારા સારી રીતે સમજી લે અને જેઓ યાદ કરવા ચાહે યાદ કરી લે, એટલા માટે શૈતાનને મોકો મળી ગયો. આ સૌથી મહફૂઝ રિવાયત છે, નહીં તો એનાથી પણ વધુ ખતરનાક રિવાયતો મૌજૂદ છે ! દા.ત. શૈતાને ખૂદ હુઝૂરને એ ઈલ્કા કર્યું અને હુઝૂરે પણ તિલાવત કરી, પછી જિબ્રઈલ આવ્યા અને અર્ઝ કરી, તિલાવત કરો. તો હુઝૂરે એ કુફ્રી વાક્યની પણ તિલાવત કરી તો જિબ્રઈલે સુધારણા કરી કે હું આ પ્રમાણે ન લાવ્યો હતો, એના પર આ આયત નાઝિલ થઈ :–

**وَمَا اَرْسَلْنَا مِنْ قَبْلِكَ مِنْ رَّسُوْلٍ وَّ لَا نَبِيٍّ اِلَّا اِذَا تَمَنّٰى اَلْقَى الشَّيْطَانُ فِىْ اُمْنِيَّتِهٖ فَيَنْسَخُ اللّٰهُ مَا يُلْقِى الشَّيْطَانُ ثُمَّ يُحْكِمُ اللّٰهُ آيَاتِهٖ**

''તમારાથી પહેલાવાળા દરેક રસૂલ અને દરેક નબીના પઢવામાં શૈતાને પોતાના તરફથી કાંઈ ન કાંઈ મિલાવી દીધું. અલ્લાહ શૈતાનની મિલાવટને હટાવી આપે છે અને પોતાની આયતોને મોહકમ કરી આપે છે.''
*(અલ્ હજ્જ–પ૨)*

ઈમામ કાઝી અયાઝ અને અલ્લામા અયની વગેરેએ તેના સહીહ હોવાનો સખતાઈથી ઈન્કાર કર્યો અને તદન બાતિલ ઠરાવી દીધું. એટલા માટે કે **એના પર ઈજમાઅ છે કે હુઝૂરે અક્દસ ﷺથી તબ્લીગે રિસાલતમાં ખતા કે ભૂલ પણ શરઅન અશક્ય છે, તો પછી શૈતાનની તો દખલ થઈ જ નથી શકતી.** હુઝૂરે અક્દસ ﷺના માટે અલ્લાહનો વાયદો છે કે **وَ اللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ** તો પછી એ કેવી રીતે શક્ય છે કે શૈતાનથી મેહફૂઝ ન રાખે ! તે પણ તબ્લીગના હુકમોમાં ! ખૂદ ઈર્શાદ ફર્માવ્યો : **ولكن اعاننى الله عليه فاسلم** "અલ્લાહે શૈતાનના મુકાબલામાં મારી મદદ ફર્માવી તો હું એનાથી સલામત રહું છું." અને જ્યારે સહીહ હદીષથી સાબિત છે કે **શૈતાન ખ્વાબમાં પણ હુઝૂર ﷺની શક્લ નથી અપનાવી શકતો** તો એ કેવી રીતે શક્ય છે કે જાગૃતાવસ્થામાં વહીની તિલાવતના સમયે શૈતાન આપનો અવાજ પેદા કરીને વહીમાં ભેળસેળ કરી શકે !

**હું કહું છું :** આ કિસ્સો ગલત હોવા વિશેનો નિર્દેશ ખૂદ બાદવાળી આયતો કરી રહી છે, ઈર્શાદ છે :–

**اَلَكُمُ الذَّكَرُ وَلَهُ الْاُنْثٰى۔ تِلْكَ اِذًا قِسْمَةٌ ضِيْزٰى اِنْ هِىَ اِلَّا اَسْمَآءٌ سَمَّيْتُمُوْهَا اَنْتُمْ وَاٰبَآؤُكُمْ مَا اَنْزَلَ اللّٰهُ بِهَا مِنْ سُلْطَانٍ اِنْ يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَمَا تَهْوَى الْاَنْفُسُ وَلَقَدْ جَآءَ مِنْ رَّبِّهِمُ الْهُدٰى۔**

"શું તમારા માટે પુત્ર અને અલ્લાહના માટે કેવળ પુત્રી ! આ ખૂબ જ કઢંગી વહેંચણી છે. આ કેવળ અમુક નામો છે જેને તમે અને તમારા બાપદાદાએ રાખી લીધાં છે. અલ્લાહે એની કોઈ સનદ નથી ઉતારી. એ લોકો કેવળ ગુમાન અને ખ્વાહિશાતે નફ્સાની (મનેચ્છાઓ)ની પયરવી કરી રહ્યા છે, જ્યારે કે એમની પાસે એમના રબની તરફથી હિદાયત આવી ચૂકી છે." (સૂ. હજ્જ)

શું આ લાત તથા ઉઝ્ઝા અને મનાતની ખુલ્લમ ખુલ્લા આ રીતની ધજ્જીઓ ઉડાવ્યા પછી પણ મુશ્રિકો એટલા બુદ્ધુ હતા કે એ ન સમજી શક્યા કે હુઝૂરે અક્દસ ﷺ તેમના બાતિલ મઅબૂદોનો કિલ્લો ધ્વંસ્ત કરવા માટે ચળવળ ચલાવી રહ્યા છે. જેમણે મક્કાના એ મુશ્રિકોને એટલા મહાન બુધ્ધુ સમજ્યા તો એનાથી વધીને બુધ્ધુ કોણ ? આ આયતો સાફ સાફ દર્શાવી રહી છે કે લાત તથા મનાતનો કોઈ પાયો નથી અને જ્યારે તેમનો કોઈ પાયો જ નથી તો બારગાહે ખુદાવંદીમાં તેમની શફાઅતનો સવાલ જ નથી. તેમને મઅબૂદ (પૂજ્ય) જાણવા નફ્સની પયરવી છે. એના વિરુધ્ધમાં હિદાયત આવી ચૂકી છે પછી એ કુફ્રી કલમાની શું હેસિયત રહી જાય છે જેનાથી ફૂલાઈને મુશ્રિકોએ સિજદો કર્યો ?!

હવે સવાલ એ પેદા થાય છે કે તો પછી મુશ્રિકોએ આ અદાવત તથા વિરોધ છતાં સિજદો કેવી રીતે કરી લીધો? **હું કહું છું :** આ પ્રકારનો સવાલ કેવળ અહીં જ પેદા નથી થતો બલ્કે સેંકડો જગાએ ઉદ્ભવે છે જેને આજ સુધી હલ નથી કરી શક્યો. નબવી યુગની હજારો વાતો રહસ્યના પર્દામાં છે એક આ જ નહીં. શું જ્યાં જ્યાં આ પ્રકારના સવાલો પેદા થાય અને હલ ન થઈ શકે તો હલના માટે બનાવટી કિસ્સો બનાવીને ચોંટાડી દેવો પ્રમાણિક્તા છે જેને કુર્આન મજીદ તથા હદીષો તથા ઉમ્મતના સિદ્ધ થયેલા ઉસૂલ જૂઠલાવી રહ્યા હોય ?! થઈ હશે કે કોઈ વાત જેનાથી પ્રભાવિત થઈને મુશ્રિકોએ પણ સિજદો કરી લીધો. તે પણ બધાએ ક્યાં કર્યો, વર્ણન થઈ ચૂક્યું કે એવા પણ હતા જેમણે એ વખતે પણ સજદો નથી કર્યો. રહી ગઈ સૂરએ હજ્જ વર્ણવેલ આયત, તો એનાથી મુરાદ એ છે કે કિતાબુલ્લાહના ઉમ્મતમાં ફેલાયા પછી શૈતાન એમાં કાંઈક મિલાવી આપે છે અને લોકો એને કલામે ઈલાહી જાણવા લાગે છે, તો રસૂલની જાહેરી હયાતમાં અલ્લાહ ﷻ એના પર ચેતવણી દર્શાવીને એને મિટાવી આપે છે અને પોતાના આદેશોને સુરક્ષિત કરી આપે છે. જેમ કે મુસ્લિમ (૨/૩૩૯ અલ્ ઈલ્મ)માં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہماથી મરવી છે કે હું બપોરે ખિદમતે અક્દસમાં હાજર થયો. હુઝૂરે બે માણસોનો અવાજ સાંભળ્યો જેઓ એક આયતમાં મતભેદ કરી રહ્યા હતા. તો હુઝૂર અમારામાં તશરીફ લાવ્યા અને ગુસ્સાની અસરો ચહેરા મુબારક પર હતી. ઈર્શાદ ફર્માવ્યો, તમારાથી આગલા કિતાબુલ્લાહમાં મતભેદના

# حديث ٦٤٦

**[હદીષ : ૬૪૬]**

عَنْ عَطَاءِ بْنِ يَسَارٍ عَنْ زَيْدِ بْنِ ثَابِتٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ

*"અતા બિન યસારે હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ થી રિવાયત કરી કે તેમણે*

قَرَأْتُ عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَالنَّجْمِ فَلَمْ يَسْجُدْ فِيْهَا ع ه

*કહ્યું કે મેં નબી ﷺ ની પાસે વન્નજ્મ પઢી અને હુઝૂરે એમાં સિજદો નથી કર્યો."*

*(સુજૂદુલ કુર્આન–૧૪૬, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ)*

જ કારણે હલાક થઈ ગયા. મુસ્નદે ઈમામ અહમદ (૧/૪૦૧)માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે મેં સૂરએ અહકાફ એક શખ્સને પઢતાં સાંભળ્યો, તેણે કાંઈ પઢયું અને બીજા શખ્સે કાંઈ બીજુ અને મેં કાંઈ અન્ય. અમે સૌ નબી ﷺ ની ખિદમતમાં હાજર થયા અને બનાવ વર્ણવ્યો તો ફર્માવ્યું, કિતાબુલ્લાહમાં મતભેદ ન કરો ! તમારાથી આગલા કિતાબુલ્લાહમાં મતભેદના કારણે હલાક થયા. તમારામાં સૌથી મોટા જે ક઼ારી હોય તેની ક઼િર્અત અપનાવો.

**સમજૂતી : ૬૪૬**

એના આગળવાળી રિવાયતમાં છે, انه سال એટલે અતા બિન યસારે હઝરત ઝયદથી સવાલ કર્યો. શું સવાલ કર્યો મસ્ઊલ અન્હૂ મહઝૂફ છે. પણ મુસ્લિમમાં આ જ હદીષ મુફસ્સલ છે એમાં મસ્ઊલ અન્હૂ મઝકૂર છે. તેમણે હઝરત ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ થી ઈમામની સાથે ક઼િર્અતના બારામાં સવાલ કર્યો તો ફર્માવ્યો કે ઈમામની સાથે ક઼િર્અત નથી. અને એમણે બતાવ્યું કે એમણે રસૂલુલ્લાહ ﷺ ને સૂરએ વન્નજમ પઢીને સંભળાવી અને એમાં સજદો ન કર્યો. છેવટે ઈર્શાદ અધિક વધારાના રૂપે હતો.

આ હદીષથી ચાર પક્ષકારોએ દલીલો કરી છે. એક તે જે એવું કહે છે કે સૂરએ નજ્મમાં સિજદો નથી. બીજો તે પક્ષકાર જે તિલાવતના સજદાને વાજિબ નથી જાણતા. ત્રીજા તેઓ જે કેવળ તિલાવત કરનાર પર વાજિબ જાણે છે એના સાંભળનાર પર નહીં. ચોથા તે જે કહે છે કે જો તિલાવત કરનાર સજદો કરે તો સાંભળનાર પણ કરે, નહીં તો નહીં. આપણે ત્યાં તિલાવતનો સજદો વાજિબ છે. સૂરએ વન્નજ્મમાં પણ સજદો છે, તિલાવતકર્તા પર પણ અને સાંભળનાર પર પણ, ચાહે તિલાવત કરનાર સજદો કરે ચાહે ન કરે. આ હદીષનો જવાબ એ છે કે તાબડતોડ હુઝૂરે સજદો ન કર્યો ચાહે એ કારણે કે વુઝૂ ન રહ્યું હોય, ચાહે એ કારણે કે તે સમય મકરૂહ રહ્યો હોય. જ્યારે કે બીજી દલીલોથી તિલાવતના સિજદાનું વાજિબ હોવું સાબિત છે, અને સૂરએ વન્નજ્મમાં સિજદો હોવું સહીહ હદીષથી સાબિત છે તો એ હઝરાતની દલીલો રદ થશે. અને અગાઉ અમે સાબિત કરી ચૂક્યા કે તિલાવતનો સિજદો સાંભળનાર અને તિલાવતકર્તા બંને પર છે, જો તિલાવતકર્તા સજદો ન કરે તો પણ સાંભળનાર પર છે.

## حدیث ۶۴۷

**[હદીષ : ૬૪૭]**

عَنْ اَبِیْ سَلَمَۃَ قَالَ رَاَیْتُ اَبَا هُرَیْرَۃَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَرَاَ

*"અબૂ સલમાએ કહ્યું, મેં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને જોયા કે તેમણે*

اِذَا السَّمَاءُ انْشَقَّتْ۔ فَسَجَدَ بِهَا فَقُلْتُ یَا اَبَا هُرَیْرَۃَ اَلَمْ اَرَكَ تَسْجُدُ قَالَ

*સૂરએ اِذَا السَّمَاءُ انْشَقَّتْ પઢી તો એમાં સજદો કર્યો. મેં અર્ઝ કરી, હે અબૂ હુરૈરહ્ ! શું મેં તમને સિજદો*

لَوْ لَمْ اَرَ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ سَجَدَ لَمْ اَسْجُدْ ع د

*કરતાં નથી જોયા ? તો ફર્માવ્યું, જો મેં નબી ﷺને સજદો કરતાં જોયા ન હોત તો ન કરત."*

*(સુજૂદુલ કુર્આન ૧/૧૪૬, મુસ્લિમ, નિસાઈ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

ت ۲۰۲ وَقَالَ ابْنُ مَسْعُوْدٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ لِتَمِیْمِ بْنِ حَذْلَمٍ وَهُوَ

**[તઅલીક઼ : ૨૦૨]** *"અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ તમીમ બિન હઝલમથી ફર્માવ્યું,*

غُلَامٌ فَقَرَاَ عَلَیْهِ سَجْدَۃً فَقَالَ اسْجُدْ فَاِنَّكَ اِمَامُنَا فِیْهَا۔ ع ہ

*એઓ ઓછી વયના હતા તેમણે તેમની સામે સિજદાની આયત પઢી કે સિજદો*

*કર એટલા માટે કે તમે એમાં અમારા ઈમામ છો." (બુખારી ૧/૧૪૧ સુજૂદુલ કુર્આન)*

### સમજૂતી : ૬૪૭

આ હદીષથી સાબિત થયું કે સૂરએ اِذَا السَّمَاءُ انْشَقَّتْ (ઈઝસ્સમાઉન્ શક્ક઼ત)માં સિજદો છે. એ જ આપણો, ઈમામ શાફઈ તથા ઈમામ અહમદનો મસ્લક છે. એનાથી વિરુદ્ધ અબૂ દાઊદ (૧/૧૧૯ સલાત)માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે કે મદીના આવ્યા પછી રસૂલુલ્લાહ ﷺએ મુફસ્સલની કોઈ સૂરતમાં સિજદો નથી કર્યો. ઈમામ તહાવીએ ફર્માવ્યું કે આ હદીષ ઝઈફ છે એના ઝઈફ હોવાના કારણને અલ્લામા અયનીએ વિસ્તારપૂર્વક વર્ણન કરેલ છે. તેમજ જો રિવાયતન્ સાબિત પણ થાત તો અર્થના હિસાબે ફાસિદ છે, એટલા માટે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ હુઝૂરે અક઼દસ ﷺના વિસાલથી ત્રણ સાલ પહેલાં હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં હાજર થયા તે પોતાનો ચશ્મદીદ બનાવ વર્ણન કરી રહ્યા છે કે મેં નબી ﷺને સૂરએ ઈઝસ્સમાઉન્ શક્ક઼ત અને સૂરએ ઈક઼રાઅ્માં સજદો કરતાં જોયા. *(તહાવી–૧૭૫)*

### તઅલીક઼ : ૨૦૨ની સમજૂતી

આ અષરને સઈદ બિન મન્સૂરે મૌસૂલન્ રિવાયત કરી છે. અહીં આ પ્રકરણ છે : "જે ક઼ારીના સિજદો કરવાના કારણે સિજદો કરે." અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે આ પ્રકરણમાં એના પ્રતિ નિર્દેશ છે કે જો ક઼ારી

حدیث ۶۴۸ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ كَانَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم સિજદાની આયત પઢતા હતા* **[હદીષ : ૬૪૮]**

عَلَيْهِ وَسَلَّمَ يَقْرَأُ السَّجْدَةَ وَنَحْنُ عِنْدَهٗ فَيَسْجُدُ وَنَسْجُدُ مَعَهٗ فَنَزْدَحِمُ حَتّٰى

*અને અને હુઝૂરની ખિદમતમાં હાજર હોત તો હુઝૂર સિજદો કરતા અને અમે પણ હુઝૂરની સાથે સિજદો કરતા.*

مَا يَجِدُ اَحَدُنَا لِجَبْهَتِهٖ مَوْضِعًا يَّسْجُدُ عَلَيْهِ ع ه

*એટલી ભીડ થઈ જતી કે અમને કોઈ જગા પેશાની રાખવા માટે ન મળતી કે જેના પર સિજદો કરીએ."*

*(બુખારી ૧/૧૪૬ સુજૂદુલ કુર્આન, ૧/૧૪૭, મુસ્લિમ, અબૂ દાઊદ)*

સિજદો ન કરે તો સાંભળનારા પણ ન કરે. તે આ નિર્દેશ વિરુદ્ધાર્થી ભાવાર્થરૂપે કાઢી રહ્યા છે. શક્ય છે ઈમામ બુખારીનો એ જ મકસદ હોય. પરંતુ સહીહ એ છે કે તિલાવતનો સિજદો સાંભળનાર અને કારી બંને પર છે જેમ કે વર્ણન થઈ ચૂક્યું. એટલા માટે કે તિલાવતના સિજદાનો સબબ કારીનું સિજદો કરવું નથી પણ એનો સંબંધ તો સિજદાની આયતની તિલાવત અને તેના સાંભળવા સાથે છે. સાંભળનારે સાંભળ્યું છે એટલા માટે એના પર સીધી રીતે સિજદો છે, ઈમામ કરે કે ન કરે. રહી ગયો હઝરત ઈબ્ને મસઊદનો ઈર્શાદ, તો એ તમીમ બિન હઝલમની તા'લીમના માટે હતો. તે સાહબઝાદા હતા, એ ન જાણતા હતા કે તિલાવતનો સિજદો પણ કોઈ ચીજ છે, તો તેમને તા'લીમ આપી કે આ સિજદાની આયત છે એના પર સિજદો કરો. ઈમામ હોવાનો મતલબ એ છે કે કેમ કે તમારી તિલાવતના લીધે અમારા પર સિજદો વાજિબ થયો છે તો અમે તેમાં તમારા તાબે થયા તમે મત્બૂઅ છો. એ મતલબ નથી કે જો તમે સિજદો નહીં કરો તો અમારા પર પણ સજદો નથી. એટલા માટે કે વર્ણન થઈ ચૂક્યું કે સાંભળનાર પર સીધી રીતે સિજદો વાજિબ છે, કારી કરે કે ન કરે.

ઈમામ ઈબ્ને હુમામે (ફત્હુલ કદીર ૧/૨૩૧) ફર્માવ્યું, જો કોઈ જમાઅતની સામે કોઈ સિજદાની આયત તિલાવત કરે તો સુન્નત એ છે કે સર્વ લોકો સફ બાંધે અને કિર્અત કરનારને ઈમામ બનાવે. અલ્બત્ત એ ઈમામ કૌમની આગળ નહીં રહે એટલા માટે કે હકીકતમાં જમાઅત નથી, અલ્બત્ત મુસ્તહબ એ છે કે ઈમામથી પહેલાં માથુ ન ઉઠાવે.

**કશ્મીરી મહાશયની ખબત (પાગલપણ)** : "ફયઝુલ બારી"માં છે કે, "આ મોકા પર સફ લગાડીને સજદો કરવાને શયખ ઈબ્ને હુમામે મુસ્તહબ લખ્યું છે." જ્યારે કે ફત્હુલ કદીરમાં આ મસ્અલો બે જગાએ વર્ણન થયો છે, બંને જગાએ સુન્નત લખ્યું છે, અલ્બત્ત ઈમામથી પહેલાં માથુ ન ઉઠાવવાને મુસ્તહબ લખ્યું છે જેને કાશ્મીરી મહાશયે સફબંધી કરીને સિજદો કરવાની સાથે ફિટ કરી આપ્યું છે. હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہના આ ઈર્શાદનો એ મતલબ પણ હોય શકે છે.

## સમજૂતી : ૬૪૮

જો મઝકૂર પ્રકરણનો મતલબ એ લેવામાં આવે કે કારી સિજદો કરે તો સાંભળનાર પણ કરે, નહીં તો નહીં. તો હદીષથી પ્રકરણને મેળ ન રહ્યો. એટલા માટે કે હદીષથી કેવળ એ સાબિત થાય છે કે સિજદાની આયતની તિલાવત પર હુઝૂરે પણ સિજદો કર્યો અને સહાબાએ પણ. એ સાબિત નથી થતુ કે જો કારી સિજદો ન કરે તો સાંભળનાર પણ ન કરે. એટલા માટે પ્રકરણનો મતલબ એ જ છે કે **જો ભીડ એટલી હોય કે સિજદો કરવાની જગા ન હોય તો પોતાની આગળવાળાની પીઠ પર સિજદો કરી લે.** આ હદીષથી સાબિત થયું કે

ت ٢٠٣ قِيلَ لِعِمرَانَ بنِ حُصَينٍ رَضِيَ اللّٰهُ تَعَالیٰ عَنهُ الرَّجُلُ يَسمَعُ

"હઝરત ઈમરાન બિન હુસયન رضی اللہ عنہ ને કહેવામાં આવ્યું કે એક શખ્સ સિજદાની **[તઅલીક઼ : ૨૦૩]**

السَّجدَةَ وَلَم يَجلِس لَهَا قَالَ اَرَأَيتَ لَو قَعَدَ لَهَا عه

આયત સાંભળે છે અને એના માટે બેઠો નહીં. તો ફર્માવ્યું, બતાવો ! જો તે બેઠો હોત તો શું થાત ?"

(જાણે તે સિજદાની તિલાવત વાજિબ ન જાણતા હતા) (બુખારી ૧/૧૪૬ સુજૂદુલ કુર્આન)

ت ٢٠٤ وَقَالَ سَلمَانُ مَا لِهٰذَا غَدَونَا عه

"અને હઝરત સલ્માને કહ્યું કે અમે એના માટે નથી આવ્યા." **[તઅલીક઼ : ૨૦૪]**

(બુખારી ૧/૧૪૬ સુજૂદુલ કુર્આન)

તિલાવતનો સિજદો નમાઝ બહારની તિલાવત પર પણ છે. એટલા માટે કે ક્યાંય રિવાયત નથી થઈ કે સહાબાએ કિરામે રિસાલતકાળમાં આટલી ભીડમાં નમાઝ પઢી હોય કે સિજદાની જગા ન મળે. એવું થયું હશે કે સહાબાએ કિરામ બેઠા હશે અને હુઝૂરે આયતે સિજદા તિલાવત કરી અને સિજદો કર્યો, તો સહાબાએ કિરામ જે પ્રમાણે બેઠા હતા ત્યાં સિજદામાં ઝુકી ગયા. અને કેમ કે નજીક નજીક બેઠા હતા એટલા માટે સિજદાની જગા ન મળી.

**તઅલીક઼ : ૨૦૩ની સમજૂતી** આ અષરને ઈબ્ને અબી શયબાએ પોતાના મુસ્નફમાં મુત્તસિલ સનદ સાથે બયાન કરેલ છે. અહીં પ્રકરણનું હેડિંગ આ પ્રમાણે છે : "જેનો એ અકીદો હોય કે અલ્લાહ ﷻ એ સિજદો વાજિબ નથી કર્યો." જાહેર છે કે આ અષરથી પ્રકરણ સાબિત નથી થતું, એટલા માટે કે **لَو قعد لها**ની જઝાઅ્ મહઝૂફ છે. લગભગ ઈમામ બુખારીએ એની જઝાઅ્ મહઝૂફ **لم يجب عليه السجدة** માન્યું છે, એટલા માટે આ વધારો કર્યો : **كانه لايوجبه** જાણે એ એને વાજિબ ન જાણતા હતા. અમે કહીએ છીએ કે એની જઝાઅ્ મહઝૂફ **مازاد شيئا** છે. એટલે ચાલતાં ચાલતાં આયતે સજદા સાંભળી લીધી એના પર તિલાવતનો સિજદો વાજિબ થઈ ગયો. અને બેસી પણ જાત તો એ જ થાત, કે સિજદો તિલાવતનો વાજિબ હતો, વાજિબ રહેતો. અધિક અન્ય સિજદો વાજિબ ન થાત. અને તિલાવતનો સિજદો તાબડતોડ વાજિબ નથી કે રોકાઈને તરત જ કરતો, ક્યારેક કરી લેશે. બેઠો હોત તો પણ તરત જ કરવો વાજિબ ન થાત, તો પછી ચાલ્યા જવા કે બેસવામાં શું ફરક ?

**તઅલીક઼ : ૨૦૪ની સમજૂતી** આ અષરને ઈબ્ને અબી શયબાએ મુત્તસિલ સનદ સાથે આ પ્રમાણે વર્ણવી છે કે હઝરત સલ્માન ફારસી મસ્જિદમાં આવ્યા અને મસ્જિદમાં કેટલાક લોકો કુર્આન મજીદ પઢી રહ્યા હતા. તે લોકોએ સિજદાની આયત પઢી અને સિજદો કર્યો તો એમના સાથીએ કહ્યું, હે અબૂ અબ્દુલ્લાહ ! કેટલું સારું થાત કે આપણે તેમની પાસે જતા ! તો ફર્માવ્યું, આપણે એના માટે નથી આવ્યા. અને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે આ પ્રમાણે રિવાયત કરી છે કે હઝરત સલ્માન કેટલાક લોકો પાસેથી પસાર થયા જેઓ બેઠા હતા તો તે લોકોએ સિજદાની આયત પઢી અને સૌએ સિજદો કર્યો. તેમને ગુઝારિશ કરવામાં આવી તો ફર્માવ્યું, અમે એના માટે નથી આવ્યા."

એનાથી એક પછી એક બે વાતો સાબિત થઈ રહી છે, ક્યાં તો હઝરત સલ્માન તિલાવતના સિજદાને વાજિબ ન જાણતા હતા અથવા એ કે તે તિલાવતનો સિજદો કેવળ એ શખ્સ પર વાજિબ જાણતા હતા જે ઈરાદાપૂર્વક કુર્આન મજીદ સાંભળે, અને આ જ બીજુ પાસુ જાહેર છે. ભલે આ આધાર પર પ્રકરણને મુનાસિબત ન રહેશે.

ت ٢٠٥ وَقَالَ عُثْمَانُ إِنَّمَا السَّجْدَةُ عَلَىٰ مَنِ اسْتَمَعَهَا عه

[તઅલીક઼ : ૨૦૫] "અને હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ એ ફર્માવ્યું, સિજદો કેવળ તે જ શખ્સ પર છે જે ઈરાદાપૂર્વક સિજદાની આયત સાંભળે." (ઉપર મુજબ)

ت ٢٠٦ وَقَالَ الزُّهْرِيُّ لَا تَسْجُدُ إِلَّا أَنْ تَكُونَ طَاهِرًا. فَإِذَا سَجَدْتَّ وَأَنْتَ فِي حَضَرٍ فَاسْتَقْبِلِ الْقِبْلَةَ فَإِنْ كُنْتَ رَاكِبًا فَلَا عَلَيْكَ حَيْثُ كَانَ وَجْهُكَ سه

[તઅલીક઼ : ૨૦૬] "અને ઈમામ ઝુહરીએ ફર્માવ્યું, જો તમે પાક ન હોઉ તો સિજદો ન કરો, જો મુક઼ીમ હોઉ અને સિજદો કરો તો કિબ્લા તરફ મોં કરો, અને જ્યારે સવારી પર હોઉ તો તમારા પર કાંઈ વાંધો નથી, ગમે તે તરફ મોઢું હોય." (ઉપર મુજબ)

ت ٢٠٧ وَكَانَ السَّائِبُ بْنُ يَزِيدَ لَا يَسْجُدُ لِسُجُودِ الْقَاصِّ. للعه

[તઅલીક઼ : ૨૦૭] "અને હઝરત સાઈબ બિન યઝીદ, વાઈઝના સિજદો કરવા પર સિજદો કરતા ન હતા." (ઉપર મુજબ)

**તઅલીક઼ : ૨૦૫ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ે મુત્તસિલ સનદ સાથે આ પ્રમાણે રિવાયત કરી છે કે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ એ વાઈઝની નજીક પસાર થયા તો તેણે આયતે સિજદા પઢી જેથી હઝરત ઉષ્માન પણ એની સાથે સિજદો કરે. તો હઝરત ઉષ્માને ફર્માવ્યું, સિજદો કેવળ એના માટે છે જે ઈરાદાપૂર્વક તેને સાંભળે, પછી આગળ વધી ગયા.

**પ્રકરણની સામ્યતા** : આ ત્રણેવ અષરો એના માટે દલીલ નથી પૂરી પાડતી કે તિલાવતનો સિજદો વાજિબ નથી, જ્યારે કે પ્રકરણનું ટાઈટલ એ જ છે. એ વધુમાં વધુ એના માટે દલીલ પૂરી પાડે છે કે જે ઈરાદાપૂર્વક ન સાંભળે એના પર સિજદો નથી. બલ્કે હઝરત ઉષ્માનના ઈર્શાદથી ઈરાદાપૂર્વક સાંભળવાવાળા પર તિલાવતનો સિજદો વાજિબ હોવું સ્પષ્ટપણે સાબિત છે એટલા માટે કે علی વજિબ થવા પર દલીલ છે. આ પ્રકરણથી ઉલ્ટુ છે.

**તઅલીક઼ : ૨૦૬ની સમજૂતી** આ તઅલીક઼ને અબ્દુલ્લાહ ઈબ્ને વહબે મૌસૂલન વર્ણન કરી છે. આ તઅલીક઼ના પ્રથમ ભાગનો મતલબ એ છે કે તિલાવતના સિજદા માટે તહારત (પાકી) શર્ત છે. અને ન તિલાવતના સિજદાના વાજિબ હોવા માટે દલીલ કરે છે અને ન વાજિબ ન હોવા પર. પ્રકરણ બીજા ભાગથી સાબિત થાય છે. એટલા માટે કે એના પર ઈજમાઅ છે કે ફર્ઝ તથા વાજિબ સવારી પર કિબ્લા સામે હોવા વિના સહીહ નથી. અને જ્યારે ઈમામ ઝુહરીએ સવારી પર તિલાવતના સિજદાની ઈજાઝત આપી તે પણ એ સામાન્યપણાની સાથે કે ચાહે ક઼િબ્લા તરફ મોઢું હોય ચાહે ન હોય, જેથી જણાયું કે તિલાવતનો સિજદો વાજિબ નથી નફ઼્લ છે.

**તઅલીક઼ : ૨૦૭ની સમજૂતી** હઝરત સાઈબ બિન યઝીદ رضی اللہ عنہનું એ મોક઼ા પર સજદો ન કરવું શક્ય છે કે એ બિના પર હોય કે તે સિજદાની આયત સાંભળતા જ ન હોય અથવા એ કે એ વખતે ન કરતા હોય અને પછીથી કરી લેતા હોય.

# حديث ٦٤٩

**[હદીષ : ૬૪૯]**

اَخْبَرَنِی اَبُوْبَکْرِبْنُ اَبِیْ مُلَیْکَۃَ عَنْ عُثْمَانَ بْنِ عَبْدِالرَّحْمٰنِ التَّیْمِیِّ

"હઝરત અબૂબક બિન અબી મુલૈકાએ ઉષ્માન બિન અબ્દુર્રહમાન તયમીથી રિવાયત કરતાં તે

عَنْ رَبِیْعَۃَ بْنِ عَبْدِاللّٰہِ بْنِ الْھُدَیْرِ التَّیْمِیِّ قَالَ اَبُوْبَکْرٍ وَکَانَ رَبِیْعَۃُ مِنْ

રબીઆ બિન અબ્દુલ્લાહ બિન હુદૈર તયમીથી રિવાયત કરતાં આ બનાવની ખબર આપી જે એ સમયે બન્યો

خِیَارِ النَّاسِ عَمَّا حَضَرَ رَبِیْعَۃُ مِنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ

જ્યારે રબીઆ ઉમર બિન ખત્તાબની મજલિસમાં હાજર હતા, અબૂબકએ કહ્યું કે રબીઆ સારા લોકોમાંથી

قَرَاَ یَوْمَ الْجُمُعَۃِ عَلَی الْمِنْبَرِ بِسُوْرَۃِ النَّحْلِ حَتّٰی اِذَا جَاءَ السَّجْدَۃَ نَزَلَ فَسَجَدَ

હતા કે હઝરત ઉમરે મિમ્બર પર સૂરએ નહલ પઢી. જ્યારે આયતે સજદા આવી તો મિમ્બરથી ઉતર્યા અને

وَسَجَدَ النَّاسُ حَتّٰی اِذَا کَانَتِ الْجُمُعَۃُ الْقَابِلَۃُ قَرَاَ بِھَا حَتّٰی اِذَا جَاءَ السَّجْدَۃُ قَالَ

સજદો કર્યો અને સર્વ લોકોએ પણ સિજદો કર્યો. ત્યાં સુધી કે જ્યારે આગળનો જુમ્આ આવ્યો તો એને ફરી

یٰاَیُّھَا النَّاسُ اِنَّا نَمُرُّ بِالسُّجُوْدِ فَمَنْ سَجَدَ فَقَدْ اَصَابَ وَمَنْ لَّمْ یَسْجُدْ فَلَا اِثْمَ عَلَیْہِ وَلَمْ یَسْجُدْ عُمَرُ رضی اللہ عنہ

પઢી. જ્યારે સિજદાની આયત આવી તો ફર્માવ્યું, હે લોકો ! આપણે સિજદાની આયતથી પસાર થઈ જઈએ છીએ, જે સિજદો કરી લે તે ઠીક છે ન કરે તો એના પર કોઈ ગુનોહ નથી, અને હઝરત ઉમરે સિજદો ન કર્યો."

(બુખારી, ૧/૧૪૭, સુજૂદુલ કુર્આન)

**સમજૂતી : ૬૪૯**

**راويًا** માં **عن عثمان بن عبدالرحمٰن**થી **عما حضر۔اخبرنی** મુતઅલ્લિક છે અને **عما حضر ربعیة** માં મહઝૂફ છે. **ما** મસ્દર આ છે. ઈબારતની તક્દીર આ પ્રમાણે થઈ :–

**اخبرنی ابوبکربن ابی ملیکة راويًا عن عثمان بن عبد الرحمٰن عن قصة حضور ربعیة مجلس عمر رضی اللہ تعالٰی عنه۔**

એટલે રબીયા رضی اللہ عنہએ હઝરત ઉમર رضی اللہ عنہની મજલિસની ખબર આપી જેમાં એ હાજર હતા.

**فقد اصاب : اصاب**નો મફઉલબિહ **السنة** છે. મતલબ એ થયો કે જેણે તુરત જ સજદો કરી લીધો એણે સુન્નત પર અમલ કર્યો અને જેણે તુરત સિજદો ન કર્યો એના પર ગુનોહ નથી. તિલાવતનો સિજદો તુરત કરવો વાજિબ નથી. એ જ બતાવવા માટે હઝરત ઉમર رضی اللہ عنہએ બીજા જુમ્આએ સિજદો ન કર્યો.

ت ۲۰۸ وَزَادَ نَافِعٌ عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اِنَّ اللّٰهَ لَمْ

''અને નાફેએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરતાં આટલુ અધિક કર્યું, **[તઅલીક઼ : ૨૦૮]**

يَفْرِضِ السُّجُوْدَ اِلَّا اَنْ نَّشَاءَ

(હઝરત ઉમરે એ પણ ફર્માવ્યું) કે અલ્લાહે તિલાવતનો સિજદો ફર્ઝ નથી કર્યો પણ એ કે આપણે ચાહીએ.''

(બુખારી ૧/૧૪૭ સુજૂદુલ કુર્આન)

## તઅલીક઼ : ૨૦૮ની સમજૂતી

અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે **وزاد نافع۔۔الخ** ઈબ્ને જરીહનો ક઼ૌલ છે જે મઝકૂર સનદની સાથે મુસ્નફે અબ્દુર્રઝ્ઝાકમાં રિવાયત પામેલ છે. અને **ان اللہ لم یفرض۔۔۔۔الخ** હઝરત ઉમર رضی اللہ عنہ નો ઈર્શાદ છે. પણ અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો ઈર્શાદ છે, જેમ કે કિર્માનીએ કહ્યું અને મોઅલ્લક઼ છે જેમ કે ઈમામ હમીદી અને ઈમામ મઝીએ ફર્માવ્યું. અલ્લાહ બેહતર જાણનાર છે.

**لم یفرض** : એનો મતલબ એ છે કે તિલાવતનો સિજદો એ વખતે વાજિબ થાય છે જ્યારે આપણે સિજદાની આયત તિલાવત કરીએ અને આયતે સિજદાની તિલાવત આપણા ઈખ્તિયારમાં છે, આપણે ચાહિએ તો તિલાવત કરીએ ચાહીએ તો ન કરીએ, એવું નહીં કે અલ્લાહ ﷻ એ આપણા પર ફર્ઝ કર્યું છે કે આપણે આયતે સિજદાની તિલાવત જરૂરથી કરીએ અને પછી સિજદો કરીએ, જો આયતે સિજદા તિલાવત ન કરીએ તો ગુનેહગાર થઈ જઈએ એવું નથી.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# ابواب تقصير الصلوٰة

## (અબ્વાબ તક઼સીરિસ્સલાત) "કસર નમાઝ વિશેનું પ્રકરણ"

### حديث ٦٥٠

**[હદીષ : ૬૫૦]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ اَقَامَ النَّبِيُّ صَلَّى اللّٰهُ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ એ (મક્કામાં) ૧૯ દિવસ*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ تِسْعَةَ عَشَرَ يَقْصُرُ فَنَحْنُ اِذَا سَافَرْنَا تِسْعَةَ عَشَرَ

*રોકાણ કર્યું અને કસર કરતા રહ્યા. એટલે અમે લોકો જ્યારે ૧૯ દિવસ માટે ક્યાંક જતા તો કસર કરતા*

قَصَّرْنَا وَاِنْ زِدْنَا اَتْمَمْنَا ۵

*અને એનાથી વધારેના માટે જતા પૂરી પઢતા."*

*(બુખારી ૧/૧૪૭, તફસીરુસ્સલાત, ૨/૬૧૫, મગ઼ાઝી, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ–સલાત)*

**સમજૂતી : ૬૫૦**

**પ્રકરણનો ખુલાસો** : અહીં પ્રકરણનાં બે હેડિંગો છે : تقصير الصلوة અને كم يقيم حتى يقصر પ્રથમ વિષય સ્પષ્ટ છે અને બીજો વિષય ખુલાસો માગે છે. ઈમામ બુખારીનો હેતુ એ છે કે જો ક્યાંક અમુક દિવસ રહેવાનો ઈરાદો હોય તો કેટલા દિવસો સુધી રહેવા પર કસર છે અને કેટલા દિવસો પછી પૂરી નમાઝ છે. જાહેરી રીતે આ વાક્ય એ અર્થને અદા નથી કરતુ. એટલા માટે કે એનો તર્જુમો એ છે કે કેટલા દિવસ રોકાય ત્યાં સુધી કે કસર કરે બલ્કે વાક્ય જ અધ્યાહન થઈ જાય છે. એટલા માટે કે حتى અતિ દરજાની સીમા માટે આવે છે

કસરના રોકાણનો સબબ નથી અને કસરના રોકાણની સીમા સંબંધે એટલા માટે શરહ કરનારાઓને ખૂબ જ મેહનત કરવી પડી. સૌથી ઉમદા ખુલાસો અલ્લામા અયનીનો છે કે ત્યાં حتی (પ્રશ્નાર્થ) છે અથવા عدد ઇના, અને حتی તઅલીલના માટે છે. حتی ત્રણ અર્થના માટે આવે છે. અતિશય કક્ષાની હદ અને એ જ અકસર છે. તઅલીલના માટે અને الا ના અર્થમાં અપવાદના માટે يمكث ،يقيم ના અર્થમાં છે. તર્જુમો એ થયો કે, કેટલા દિવસ ક્યાંક રોકાય તો કસર કરે ? એનો જવાબ મહઝૂફ છે, દા.ત. ૧૯ દિવસ કે ૧૫ દિવસ.

تسعة عشر : હુઝૂરે અક્દસ ﷺ કેટલા દિવસ મક્કામાં રહ્યા. એના બારામાં ચાર રિવાયતો છે. હઝરત અનસની હદીષમાં છે કે દસ દિવસ, એને અસ્હાબે સિત્તહએ રિવાયત કરી. અબૂ દાઊદ (૧/૧૭૩ સલાત)માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની એક હદીષમાં છે કે ૧૭ દિવસ, તેમની જ બીજી હદીષમાં છે ૧૫ દિવસ, જેને અબૂ દાઊદ (ઉપર મુજબ, નિસાઈ, સલાત–૨૧૨, ઈબ્ને માજહ–સલાત–૭૬) નિસાઈ ઈબ્ને માજહએ રિવાયત કરી છે. અબૂ દાઊદ (૧/૧૭૩ સલાત)માં જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما અને ઈમરાન બિન હુસ્રયનની એક હદીષમાં છે કે ૧૮ દિવસ. અહીં બુખારીમાં અને ઈબ્ને માજહમાં છે કે ૧૯ દિવસ.

વર્ગીકરણ આ પ્રમાણે છે કે હઝરત અનસ رضی اللہ عنہ એ જે દસ દિવસ કહ્યું તેમાં એમની મુરાદ એ છે કે હજ્જતુલ વિદાઅના મોકા પર દસ દિવસ રોકાણ કર્યું, એમાં મિનામાં રોકાણ પણ સામેલ છે. હુઝૂરે અક્દસ ﷺ ચાર ઝીલ હજ્જ રવિવારની સવારે મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થયા અને ૧૪ ઝીલ હજ્જની જ સવારે બુધવારે મદીના માટે ચાલ્યા. અને બાકીનો મતભેદ ફતહે મક્કાના મોકા પર રોકાણના બારામાં છે. આ રિવાયતોમાં બયહકીએ એ વર્ગીકરણ આપ્યું છે કે મક્કા મોઅઝ્ઝમામાં કુલ રોકાણ સત્તર દિવસ હતું. જે લોકોએ દાખલ થવાના દિવસને તથા બહાર જવાના દિવસને લીધો તેમણે ૧૯ દિવસ કહ્યા અને જે લોકોએ એમાંથી એક લીધો તેમણે ૧૮ કહ્યા અને જેમણે બંનેવ છોડયા (દાખલ થવા તથા નીકળવાના દિવસોને) તેમણે ૧૭ કહ્યું. અને ૧૫ દિવસની રિવાયત ઝઈફ છે જેમ કે ઈમામ નવવીએ ખુલાસામાં કહ્યું છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ રિવાયત પણ સહીહ છે, એને અબૂ દાઊદ તથા ઈબ્ને માજહએ ઈબ્ને ઈસ્હાક્ના તરીકાથી અને નિસાઈએ અરાક બિન માલિકના તરીકાથી રિવાયત કરી. જો અલ્લામા નવવીએ ઈબ્ને ઈસ્હાક્ના લીધે તેને ઝઈફ કહી છે તો દુરુસ્ત નથી. પ્રથમ તો ઈબ્ને ઈસ્હાક્ષિકહ છે જેમ કે વર્ણન આવી ગયું. બીજુ જ્યારે બીજા તરીકાથી રિવાયત થયેલ છે જેમાં કોઈ તઅન નથી તો એને ઝઈફ કહેવું દુરુસ્ત નથી. હવે ખુલાસો એ છે કે ષિકહની અધિક્તા સ્વીકાર્ય છે એટલા માટે અગ્રતા ૧૭ની જ રિવાયતને થઈ.

**વતને ઈકામત** : માણસ ક્યાંક જાય અને થોડાક દિવસ ત્યાં રોકાવાનો ઈરાદો હોય તો તેને વતને ઈકામત કહે છે. શરીઅતની રૂએ કોઈ જગા કોઈની વતને ઈકામત ક્યારે બને છે એમાં બાવીસ કથનો છે. આપણો મઝહબ એ છે કે જો કોઈ આબાદીમાં ૧૫ દિવસ રહેવાનો ઈરાદો હોય તો તે જગા વતને ઈકામત છે. ઈબ્ને અબી શયબા *(ઉમ્દતુલ કારી, ૭/૧૬૬)*એ પોતાના મુસ્નફમાં ઈમામ મુજાહિદથી રિવાયત કરી છે. તે કહે છે કે હઝરત ઈબ્ને ઉમર જ્યારે ક્યાંક ૧૫ દિવસ રોકાવાનો ઈરાદો કરી લેતા તો ચાર રકાત પઢતા. ઈમામ તહાવી *(ફત્હુલ કદીર, ૧/૨૪)*એ હઝરત ઈબ્ને ઉમર અને હઝરત ઈબ્ને અબ્બાસ رضوان الله تعالى عليهم اجمعين થી રિવાયત કરી કે તે હઝરાતે ફર્માવ્યું, જ્યારે તું કોઈ શહેરમાં આવે અને મુસાફિર હોય અને તારા જીવમાં એવું છે કે ત્યાં ૧૫ દિવસ રોકાઈશ તો નમાઝ પૂરી કર. અને **જો એ ખબર નથી કે ક્યારે પરત થઈશ તો કસર કર.** રહી ગયું ફતહે મક્કાના મોકા પર ૧૭ દિવસના રોકાણ છતાં હુઝૂરે અક્દસ ﷺ નું કસર કરવું, તો શક્ય છે કે એ બિના પર હોય કે ઈરાદો એ જ રહ્યો હોય કે ૧૫ દિવસથી કમમાં ત્યાંથી પરત કૂચ કરીશું પણ કોઈક કારણે કયામની મુદ્દત વધી ગઈ. મક્કા મોઅઝ્ઝમા હમણા ફતહ થયું હતું, લોકોના શરીરો પ્રભાવ હેઠળ આવી ગયાં હતાં પણ દિલમાં હજી ઈસ્લામે જગા કરી ન હતી. જેથી હઝરત બિલાલે જ્યારે કા'બાની દિવાલ પર ચઢીને

## حديث ٦٥١ حَدَّثَنِیْ یَحْیٰی بْنُ اَبِیْ اِسْحٰقَ سَمِعْتُ اَنَسًا یَّقُوْلُ خَرَجْنَا مَعَ

''યહ્યા બિન ઈસ્હાક઼ે હદીષ વર્ણવી કે મેં હઝરત અનસ رضی اللہ عنہ થી સાંભળ્યું **[હદીષ : ૬૫૧]**

رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مِنَ الْمَدِیْنَۃِ اِلٰی مَکَّۃَ فَکَانَ

તે ફર્માવતા હતા કે અમે નબી صلی اللہ علیہ وسلم ની સાથે મદીનાથી મક્કા ગયા તો હુઝૂર બે બે રકાત નમાઝ પઢતા

یُصَلِّیْ رَکْعَتَیْنِ رَکْعَتَیْنِ حَتّٰی رَجَعْنَا اِلَی الْمَدِیْنَۃِ قُلْتُ اَقَمْتُمْ بِمَکَّۃَ

હતા ત્યાં સુધી કે અમે મદીના પરત થયા. મેં પૂછયું, મક્કા તમે લોકોએ કાંઈક રોકાણ કર્યું ?

પ્રથમ અઝાન આપી તો અત્તાબ બિન ઉસૈદે કહ્યું, ખુદાએ મારા બાપ પર મહેરબાની કરી (કે તેને ઉઠાવી લીધો) જેથી આ (અઝાન ન સાંભળ) સાંભળતો તો દુઃખ થાત. *(સીરતે ઈબ્ને હિશામ, ફતહે મક્કા)* એક અન્ય સરદારે કહ્યું, હવે જીવવું બેકાર છે. *(અસાબા)* આવા સંજાગો તદ્દન શક્ય છે કે આવી ખબરો મળતી રહેતી હોય કે એને લક્ષમાં લેતાં શાંતિ મજબૂતી માટે પાછા વળવાનો ઈરાદો હોવા છતાં મસ્લેહતને લીધે મુદ્દત વધારી દેવામાં આવતી હોય. એવી સ્થિતિમાં કે જ્યારે ઈરાદો હોય કે ૧૫ દિવસની અંદર અંદર અહીંથી રવાના થવું છે પણ કોઈક કારણે વરસો થઈ જાય તો પણ કસર જ કરશે. ઈમામ શાફઈને ત્યાં આ મુદ્દત ચાર દિવસ છે પણ એ હજ્જતુલ વિદાઅના બનાવથી મરજૂહ છે કે દસ દિવસ મક્કા મોઅઝ્ઝમા ક઼યામ રહ્યો પણ કસર કરી. અને એવું કે કેમ કે દરમ્યાનમાં મિના અરફાત તશરીફ લઈ ગયા તો મક્કા મોઅઝ્ઝમામાં દસ દિવસ રોકાણ ક્યાં રહ્યું ?

હું કહું છું : **મુસાફર થવા માટેના અંતર જેટલાથી (૯૨ કિ.મિ.થી) ઓછી સફર ઈક઼ામતને બાતિલ નથી કરતી,** જેમ કે ખૂદ ઈમામ શાફઈએ કિતાબુલ અલામ (૧/૧૬૬)માં સ્પષ્ટતા કરી છે અને મિના બલ્કે અરફાત એકમતિએ મુસાફર ગણવાના સફરના અંતરની દૂરી પર નથી. એમાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસથી પૂછવામાં આવ્યું કે અરફા સુધી જવામાં કસ્ર છે ? તો ફર્માવ્યું, નહીં ! *(ઉપર મુજબ)*

**ચાર રકાતો ક્યારે ફર્ઝ છે ?** : ઈમામ ઝહાકે પોતાની તફસીરમાં વર્ણવ્યું છે : કિબ્લાની તબદીલીથી પહેલાં ઝોહર, અસર, ઈશા પણ બે રકાતો હતી. હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ઝોહરની બે રકાત પઢી ચૂક્યા હતા કે જિબ્રઈલે અમીન કિબ્લાની તબદીલીની આયત લઈને ઉતર્યા અને હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم નું રુખ કા'બાની તરફ ફેરવ્યું અને ઈશારો કર્યો કે બે રકાત અધિક પઢી લો. અને હુકમ આપ્યો કે અસ્ર તથા ઈશા પણ ચાર રકાતો પઢે. અને અર્ઝ કરી કે પ્રથમ માત્રા (બે વાળી) આપની ઉમ્મતના મુસાફરો તથા ગાઝીઓ માટે છે. તેનું સમર્થન ઉમ્મુલ મો'મિનીન હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہا ના આ ઈર્શાદથી પણ થાય છે કે ફર્માવ્યું, અલ્લાહ عزوجل એ જ્યારે નમાઝ ફર્ઝ ફર્માવી હતી તો સફર તથા મુક઼ામ પર બંનેમાં બે બે રકાત મુક઼ર્રર કરી હતી. સફરની નમાઝ એની જ માત્રામાં બાકી રાખવામાં આવી અને મુક઼ામની નમાઝમાં વધારો કરી દેવામાં આવ્યો. *(બુખારી, ૧/૫૧ સલાત)*

### સમજૂતી : ૬૫૧

મુસ્લિમમાં શઅબા અને યહ્યા બિન ઈસ્હાક઼ની રિવાયતમાં છે : **الی الحج** એનાથી નિશ્ચિત થઈ ગયું કે હઝરત અનસ رضی اللہ عنہ નો આ ઈર્શાદ હજ્જતુલ વિદાઅના મોક઼ાના માટે છે. વર્ણન થઈ ચૂક્યું કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم ચાર ઝીલ હજ્જ રવિવારે મક્કા મોઅઝ્ઝમા દાખલ થયા અને ચૌદ ઝીલ હજ્જ બુધવારે સવારના સમયે પરત થયા. ઈમામ શાફઈનો મઝહબ એ છે કે જો કોઈ આબાદીમાં ચાર દિવસથી વધુ ક઼યામ (રોકાણ)નો

شَيْئًا قَالَ اَقَمْنَا بِهَا عَشْرًا ؎

તો ફર્માવ્યું, દસ દિવસ રોકાયા હતા."

(બુખારી ૧/૧૪૭ તકસીરુસ્સલાત, ૨/૬૧૫ મગાઝી, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)

حدیث ۶۵۲ عَنْ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ صَلَّیْتُ مَعَ النَّبِیِّ صَلَّی اللّٰهُ

**[હદીષ : ૬૫૨]** "હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, મેં નબી ﷺ

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ بِمِنًی رَکْعَتَیْنِ وَاَبِیْ بَکْرٍ وَّعُمَرَ وَمَعَ عُثْمَانَ صَدْرًا

અને અબૂબક્ર તથા ઉમરની સાથે મિનામાં બે રકાત નમાઝ પઢી અને ઉષ્માનની સાથે પણ તેમની ખિલાફતના

مِّنْ اِمَارَتِهٖ ثُمَّ اَتَمَّهَا ؎

પ્રારંભિક દિવસોમાં પછી તેમણે પૂરી પઢી." (બુખારી, ૧/૧૪૭ તફસીરુસ્સલાત, મનાસિક-૨૨૫, મુસ્લિમ, નિસાઈ)

حدیث ۶۵۳ سَمِعْتُ حَارِثَةَ بْنَ وَهْبٍ قَالَ صَلّٰی بِنَا النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

**[હદીષ : ૬૫૩]** "હારિષા બિન વહબે કહ્યું નબી ﷺએ પૂર્ણપણે અમનની હાલતમાં

عَلَیْهِ وَسَلَّمَ آمَنَ مَا کَانَ بِمِنًی رَکْعَتَیْنِ ؎

મિનામાં બે રકાત પઢાવી." (તફસીરુસ્સલાત-૧૪૭, મનાસિક-૨૨૫, મુસ્લિમ, નિસાઈ, અબૂ દાઊદ, તિર્મિઝી)

حدیث ۶۵۴ سَمِعْتُ عَبْدَ الرَّحْمٰنِ بْنَ یَزِیْدَ یَقُوْلُ صَلّٰی بِنَا عُثْمَانُ بْنُ عَفَّانَ

**[હદીષ : ૬૫૪]** "અબ્દુર્રહમાન બિન ઝયદ કહે છે અમને મિનામાં હઝરત ઉષ્માન બિન

رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ بِمِنًی اَرْبَعَ رَکَعَاتٍ فَقِیْلَ فِیْ ذٰلِكَ لِعَبْدِ اللّٰهِ بْنِ

અફ્ફાન رضی اللہ عنہ એ ચાર રકાતો પઢાવી. એનો ઉલ્લેખ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ થી કરવામાં

ઈરાદો હોય તો નમાઝ પૂરી પઢે. આ હદીષ એના પર દલીલ છે કે હુઝૂરે અક્દસ ﷺએ મક્કામાં દસ દિવસ રોકાણ કર્યું અને કસર કરી.

**સમજૂતી : ૬૫૨-૬૫૩-૬૫૪**

ઈમામુલ મુતસદ્દીક़ીન હઝરત ઉષ્માન બિન અફ્ફાન ઝુન્નૂરૈન رضی اللہ عنہ ૧ મુહર્રમ હિ.સ. ૨૪ના રોજ ખિલાફતના સ્થાને બિરાજમાન થયા અને ૧૮ ઝીલ હજ્જ હિ.સ. ૩૫માં શહીદ થયા. અને ખિલાફતકાળ ૧૨ વરસમાં ૧૨ દિવસ કમ છે. પોતાની ખિલાફતના પ્રારંભિક છ કે આઠ વરસો સુધી મિનામાં પણ કસર કરતા રહ્યા. પછી અરફાતથી પરત થયા બાદ રમીના દિવસોમાં મિનામાં પૂરી પઢવા લાગ્યા. એના પર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ અને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર તથા અન્ય સહાબાએ કિરામને વાંધો હતો. એ લોકો જમાઅતથી પઢતા તો ચાર પઢતા અને એકલા પઢતા તો બે. એની સૌથી મજબૂત સ્પષ્ટતા એ છે કે હઝરત ઉષ્માન સફરની હાલતમાં

مَسْعُوْدٍ فَاسْتَرْجَعَ ثُمَّ قَالَ صَلَّيْتُ مَعَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

આવ્યો તો તેમણે انّا لله પઢયું પછી ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺની સાથે મેં મિનામાં બે રકાતો પઢી અને

بِمِنٰى رَكْعَتَيْنِ وَصَلَّيْتُ مَعَ اَبِيْ بَكْرِنِ الصِّدِّيْقِ بِمِنٰى رَكْعَتَيْنِ وَصَلَّيْتُ

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ની સાથે મિનામાં બે રકાતો પઢી અને ઉમર બિન ખત્તાબની સાથે મિનામાં બે રકાતો

مَعَ عُمَرَ بْنِ الْخَطَّابِ بِمِنٰى رَكْعَتَيْنِ فَلَيْتَ حَظِّيْ مِنْ اَرْبَعِ رَكَعَاتٍ رَكْعَتَانِ مُتَقَبَّلَتَانِ

પઢી. કાશ ! એ ચાર રકાતોને બદલે મારો હિસ્સો ક઼બૂલ કરેલી બે રકાતો હોત." (ઉપર મુજબ)

કસરને ફર્ઝ ન જાણતા હતા બલ્કે રુખસદ (છૂટ) તથા ઈખ્તિયારી જાણતા હતા. પ્રારંભમાં કસર કરતા રહ્યા એટલા માટે કે એ જ સુન્નતે મુતવારિષા હતી. પછી એવું દર્શાવવા માટે કે કસ્ર કરવું અફઝલ નથી રુખસત છે, પૂરી પઢવી પણ જાઈઝ છે. અરફાતથી પરત થયા બાદ પૂરી પઢવા લાગ્યા. જે હઝરાતને વાંધો હતો તે એ કારણે હતો કે એ હુઝૂરે અક઼દસ ﷺ તથા શૈખૈનની રિવાયતથી વિરુદ્ધ હતું. એ પણ બની શકે છે કે તે બુઝુર્ગોની નજીક સફરની હાલતમાં કસર અફઝલ તથા યક઼ીની રહી હોય.

**મિના વગેરેમાં કસ્ર છે કે પૂરી :** એને અમે બીજા ભાગ, પેજ–૩૨૧ થી ૩૨૩માં સાબિત કરી ચૂક્યા છીએ કે સફરની હાલતમાં કસ્ર અફઝલ અને યક઼ીની છે, રુખસત તથા ઈખ્તિયારી નથી. એમાં ન મિના તથા અરફાતનું ખાસ હોવું છે ન કોઈ અન્ય જગાનું. એટલા માટે કે કસરનો હુકમ કોઈ જગાના ખાસ હોવાના લીધે નથી પણ સફરના લીધે છે. તો જ્યાં સફર છે ત્યાં કસર છે અને જ્યાં સફર નથી ત્યાં કસર નથી, તે ગમે તે જગ્યા હોય. એ જ કારણે એના પર સૌની એકમતિ છે કે મિનાવાસીઓ હજ્જના દિવસોમાં પૂરી પઢશે, અને જે મુસાફિર નથી તેને કસર જાઈઝ નથી, એમાં પણ કોઈ ખાસપણુ નથી. અને જાહેર છે કે હુઝૂરે અક઼દસ ﷺ હજ્જતુલ વિદાઅમાં મુસાફિર જ હતા. એ જ પ્રમાણે શૈખૈન હઝરાત પણ જ્યારે હજ્જની અદાયગીના માટે હાજર થતા તો મુસાફિર હોતા, એટલા માટે એ લોકો કાળજીથી મિના વગેરેમાં કસ્ર કરતા હતા. **જે લોકો મક્કા મુકર્રમામાં હજ્જ તથા ઉમરાની નિય્યતે હાજર થાય અને મક્કા મોઅઝ્ઝમામાં ૧૫ દિવસથી ઓછા રોકાણનો ઈરાદો ધરાવતા હોય તે લોકો મક્કા મોઅઝ્ઝમામાં પણ અને મિના વગેરેમાં પણ કસ્ર કરે, ભલે મિના વગેરેમાં રોકાણના દિવસો મિલાવીને ૧૫ દિવસથી અધિક થઈ જાય. અને જે લોકો મક્કા મોઅઝ્ઝમામાં ૧૫ દિવસ કે એથી વધુ રોકાણનો ઈરાદો ધરાવતા હોય તેઓ મક્કા મોઅઝ્ઝમામાં પણ પૂરી નમાઝ પઢે અને મિના વગેરેમાં પણ.**

**હાજીઓને જરૂરી ચેતવણી :** આજકાલ મુસ્લિમોની બદ્કિસ્મતીથી હિજાઝ મુક઼દ્દસ પર નજદીઓની હુકૂમત છે. **નજદીઓ અક઼ીદાના એતબારથી ગુમરાહ તથા બેદીન છે બલ્કે જમહૂર ફક઼ીહના તૌર પર કાફિર છે.** તેમનો અક઼ીદો છે કે દુનિયામાં કેવળ તેઓ જ મુસલમાન છે એના સિવાય આખા જગતના મુસલમાન કાફિર મુશ્રિક છે. જેમ કે દેવબંદ માજી શયખુલ હદીષ મોલ્વી હુસૈન અહમદ ટાંડવીએ શિહાબુષ્ષાક઼િબમાં લખ્યું છે. અને એ મુત્તફિક અલૈહ છે કે જે આખી દુનિયાને તો બહુ મોટી વાત છે, કોઈ એક મુસલમાનને કાફિર કહે તે ખૂદ કાફિર છે. જેમ કે વિવિધ હદીષો તથા ફિક઼્હનાં પુષ્કળ લખાણો એના માટે સાક્ષી છે. અને **નમાઝ સહીહ થવા માટે ઈમાન શર્ત છે. જ્યારે ઈમાન જ નથી તો નમાઝ કેવી ?! એટલા માટે મુસલમાનોએ નજદી ઈમામ પાછળ નમાઝ હરગિઝ હરગિઝ ન પઢવી જોઈએ.** તદ્ઉપરાંત મિના તથા

## حديث ٦٥٥

**[હદીષ : ૬૫૫]**

عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا قَالَ قَدِمَ النَّبِیُّ صَلَّی اللّٰهُ

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી ﷺ અને સહાબા ચોથી (ઝીલ હજ્જ)ની*

تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ وَاَصْحَابُهٗ لِصُبْحِ رَّابِعَةٍ يُّلَبُّوْنَ بِالْحَجِّ فَاَمَرَهُمْ

*સવારે (મક્કામાં) આવ્યા હજ્જની તલબિયા કહેતા કહેતા. તો હુઝૂરે તેમને હુકમ આપ્યો કે એને ઉમેરો*

اَنْ يَّجْعَلُوْهَا عُمْرَةً اِلَّا مَنْ كَانَ مَعَهٗ هَدْیٌ ع ه

*કરી આપો પણ તે લોકો જેમની સાથે કુર્બાનીનાં જાનવર હોય."*

*(બુખારી ૧/૧૪૭ તફસીરુસ્સલાત, મુસ્લિમ, નિસાઈ–હજ્જ)*

અરફાતમાં નજદી ઈમામ મુકીમ હોવા છતાં કસર કરે છે, એ રીતે પણ એમની પાછળ નમાઝ સહીહ નથી. **તેમની પાછળ નમાઝ પઢવી ન પઢવા બરાબર છે બલ્કે એનાથીય બદ્તર કૂફ્ર તરફ લઈ જનાર છે.**

**સમજૂતી : ૬૫૫**

**يلبون بالحج** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ પોતાના ઈલ્મની વાત વર્ણવી, એ જાઈઝ નથી કે જે લોકો મીક઼ાતથી હજ્જનો એહરામ બાંધીને મક્કા મોઅઝ્ઝમા આવે તેઓ એને ઉમરાથી બદલી નાખે. હવે એવું કહેવું પડશે કે એ તે હઝરાતની સાથે ખાસ હતું. કુર્બાનીનું જાનવર સાથે લાવનારા એટલા માટે બાદ કરી દેવામાં આવ્યા કે એમને એની ઈજાઝત નથી કે કુર્બાની કરવાથી પહેલાં એહરામ ખોલે. ઈર્શાદ છે : **حَتّٰی يَبْلُغَ الْهَدْیُ مَحِلَّهٗ**.

**હજ્જતુલ વિદાઅની સફર** : ૨૬ ઝીલ કઅદાએ હુઝૂરે અક઼દસ ﷺ મદીના પાકથી ઝોહરની નમાઝ પઢીને નીકળ્યા અને ઝુલ હલીફામાં અસ્રની નમાઝ પઢી. *(બુખારી ૧/૧૪૮ તફસીરુસ્સલાત)* રાત ત્યાં ગુજારી, સવારે એહરામ બાંધ્યો રવિવાર ૪ ઝીલ હજ્જ સવારે હુઝૂરે અક઼દસ ﷺ મક્કા મોઅઝ્ઝમા પહોંચી ગયા. સવારની નમાઝ ઝૂતુવામાં પઢી. આઠ ઝીલ હજ્જ જુમેરાતે ચાશતના સમયે મિના તશરીફ લઈ ગયા. ૯ ઝીલ હજ્જ જુમ્આના દિવસે અરફાત ગયા, મગરિબ બાદ મુઝદલ્ફા આવ્યા. ફજરની નમાઝ અને વુકૂફ પછી સૂર્ય નીકળવાથી થોડાક પહેલાં મુઝદલ્ફાથી ચાલ્યા અને ચાશતના સમયે જમરતુલ ઉક઼બા (મોટા શૈતાન)ની રમી (કાંકરી મારવી) કરી. પછી ઝવાલથી પહેલાં મક્કા મોઅઝ્ઝમા આવ્યા. તવાફે ઝિયારત કર્યો અને એ જ દિવસે મિના પરત થઈ ગયા. ૧૩મીએ ઝવાલથી પહેલાં રમી કરીને મક્કા મોઅઝ્ઝમા તશરીફ લાવ્યા અને મુહસ્સબમાં ક઼યામ કર્યો અને ત્યાં ઝોહર પઢી અને રાત પસાર કરી. એ જ રાતમાં હઝરત ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ તન્ઈમથી ઉમેરો કર્યો. એ ૧૪મી રાત હતી. સવારે ફજરની નમાઝથી પહેલાં તવાફે વિદાઅ કર્યો અને મદીના પરત થયા. એનાથી સાબિત થયું કે એ વરસે ઝીલ હજ્જનો ચાંદ બુધવારનો દિવસ પસાર કરીને જુમેરાતે રાતમાં થયો હતો.

આ પૂરી વિગત એ પ્રમાણે માલૂમ થઈ કે એ સાબિત છે કે હજ્જતુલ વિદાઅ જુમ્આના રોજ હતો અને એના

ت ٢٠٩ سَمَّى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ السَّفَرَ يَوْمًا وَّلَيْلَةً ؎

"અને નબી ﷺએ એક દિવસ અને એક રાતને સફર કહી." **[તઅલીક઼ : ૨૦૯]**

(બુખારી ૧/૧૪૭ તફસીરુસ્સલાત)

ت ٢١٠ وَكَانَ ابْنُ عُمَرَ وَابْنُ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَقْصُرَانِ

"અને ઈબ્ને ઉમર رضی اللہ عنہ તથા ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ચાર બરીદના **[તઅલીક઼ : ૨૧૦]**

رَانِ فِيْ أَرْبَعَةِ بُرُدٍ ؎

ફાસલા પર જતા તો કસર કરતા." (ઉપર મુજબ)

માટે લાઝિમ છે કે ચાંદનું દેખાવું બુધવારે થયું. હવે ચાર ઝીલ હજ્જે અનિવાર્ય પણે રવિવારે થશે અને ૧૪મીએ બુધવાર.

**ઉમરાથી હજ્જની તબદીલ** : જમહૂર ઉલમાની નજીક એ જાઈઝ નથી કે મીક઼ાતથી હજ્જનો એહરામ બાંધે અને પછી તેને ઉમરાથી બદલી નાખે. અલ્બત્ત ઈમામ અહમદ બિન હંબલ અને દાઊદ ઝાહિરી એને જાઈઝ જાણે છે. એમની દલીલ આ જ હદીષ છે. જમહૂર એ જવાબ આપે છે કે આ તે સહાબાએ કિરામની સાથે ખાસ છે જેઓ હજ્જતુલ વિદાઅમાં શરીક હતા. ખાસ હોવા વિશેની દલીલ અબૂ દાઊદ તથા ઈબ્ને માજહની આ હદીષ છે કે હઝરત બિલાલ બિન હારિષ رضی اللہ عنہએ ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હજ્જનુ ફસ્ખ (ખતમ) કરવું અમારી સાથે ખાસ છે કે અમારાથી બાદવાળાઓ માટે પણ છે ? ફર્માવ્યું, ખાસ તમારા માટે છે. *(મનાસિક–૨૫૧, ઈબ્ને માજહ, મનાસિક–૨૨૦)* તેમજ અબૂ દાઊદમાં છે કે હઝરત અબૂઝર ફર્માવતા હતા, હજ્જના ફસ્ખ કરીને ઉમરા કરવા કેવળ એ હઝરાત માટે હતું જેમણે રસૂલુલ્લાહ ﷺની સાથે હજ્જ કર્યો હતો. *(અબૂ દાઊદ, ૧/૨૫૧ મનાસિક)*

### તઅલીક઼ : ૨૦૯ની સમજૂતી

એટલે કે એક દિવસનો સફર પણ સફર છે શબ્દકોશના એ'તબારથી, અને ઉર્ફમાં શરઈ સફરનો ભાગ હોવાના એતબારથી.

### તઅલીક઼ : ૨૧૦ની સમજૂતી

ચાર બરીદની માત્રા ઈમામ બુખારી સોળ ફરસંગ બતાવી છે અને ફરસંગ ત્રણ માઈલનો, જેથી સોળ ફરસંગના ૪૮ માઈલ થયા. અને એક બરીદ બાર માઈલનો. આ ઈમામ બુખારીનો ઈર્શાદ છે, એમાં અન્ય કથનો પણ છે. ઈબ્ને સયદાએ કહ્યું કે બરીદ બે ફરસંગ છે. એક કથન એ છે કે બે મંઝિલોની દરમિયાનની જગાને બરીદ કહે છે. અલ્‌જામિઆના કર્તાએ કહ્યું, બરીદ અમુક માઈલ મઅરૂફ તથા મશ્હૂર છે, એક કથન એ છે કે ચાર ફરસંગ છે, અને એક ફરસંગના ત્રણ માઈલ થાય. અલ્વાઈમાં છે : રસ્તાના હિસ્સાઓમાંથી એક હિસ્સો જે બાર માઈલ થાય છે, એ જ સિહાહ વગેરેમાં પણ છે. ઈબ્ને સયદાએ કહ્યું, ફરસંગ ત્રણ અથવા છ માઈલ છે. માઈલ નજરની હદને કહે છે. એક કથન એ છે કે એક માઈલ ઘોડાના દસ કૂદકાને કહે છે, એ બસ્સો હાથનો હોય છે મુતરઝીની મુગરબમાં છે, ત્રણસોથી લઈને ચારસો હાથ સુધી થાય છે. એક કથન એ છે કે જેટલા દૂર તીર પડે એ ફાસલો માઈલ છે. અલ્લામા ઈબ્ને અબ્દુલબરે ફર્માવ્યું કે સૌથી સહીહ ક઼ૌલ એ છે કે માઈલ ત્રણ હજાર

# حديث ٦٥٦

**[હદીષ : ૬૫૬]**

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે સ્ત્રી ત્રણ દિવસના*

عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَا تُسَافِرُ الْمَرْأَةُ ثَلٰثَةَ اَيَّامٍ اِلَّا مَعَ ذِي مَحْرَمٍ ع ہ

*અંતર પર મેહરમ વિના ન જાય." (બુખારી ૧/૧૪૭ તફસીરુસ્સલાત, મુસ્લિમ)*

પાંચસો હાથનો અથવા ચાર હજાર હાથ હોય છે. એક કથન એ છે કે ઊંટના કદમથી હજાર કદમ. એક કથન એ છે કે એટલી દૂરીને માઈલ કહે છે જ્યાં જો કોઈ હોય તો માલૂમ થઈ શકે કે આવી રહ્યો છે કે જઈ રહ્યો છે, સ્ત્રી છે કે પુરૂષ. અયાઝે કહ્યું કે બાર હજાર કદમ. અલ્લામા અયનીએ (ઉમ્દતુલ કારી, ૭/૧૧૯) લખ્યું કે માઈલ છ હજાર હાથ છે અને દરેક હાથ ૨૪ આંગળી ભર. અને મધ્યમ આંગળી છ જવની પહોળાઈના બરાબર. આ સર્વ કથનોમાં કોઈ એકને અગ્રતા આપવાનો કોઈ અવકાશ નથી એટલા માટે હનફીઓએ અંતરની માત્રા નક્કી કરવા માટે બીજુ માપદંડ નિશ્ચિત કર્યું જે હમણા આવી રહ્યું છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના બારામાં એકમતિ છે કે તે ચાર બરીદ પર કસ્ર કરતા હતા. પણ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના બારામાં વિવિધ રિવાયતો છે. મુસ્નફે અબ્દુર્રઝ્ઝાકમાં છે કે નાફેઅ કહે છે કે સૌથી ઓછી તે મુસાફત (અંતર) જેના પર હઝરત ઈબ્ને ઉમર કસર કરતા હતા તે ખયબરમાં તેમની જમીન હતી અને ખયબર મદીનાથી ૫૧ માઈલ છે. ઈમામ વકીઅની રિવાયતમાં છે કે મદીનાથી સુવૈદા જતા તો કસ્ર કરતા. સુવૈદા મદીના ૭૨ માઈલ છે. ઈમામ અબ્દુર્રઝ્ઝાકે જે સાલિમથી રિવાયત કર્યું કે રીમ ગયા તો તો કસર કરી અને એ ત્રીસ માઈલના અંતરે છે. મુસ્નફે ઈબ્ને અબી શયબામાં છે કે હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું, જો એક કલાકના માટે પણ સફર કરું તો કસર કરીશ. ઈમામ થૌરીએ રિવાયત કરી કે હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું, જો એક માઈલના માટે પણ નીકળુ તો કસર કરીશ. આ સર્વ મતભેદો એ પાયા પર છે કે સફર પર કસરનો હુકમ થયો અને તેની માત્રા હુઝૂરથી રિવાયત નથી થઈ. હવે દરેક મુજતહિદે પોતાની સોચ સમજથી એના બારામાં રાય નિશ્ચિત કરી. આપણો સહીહ મસ્લક અને એનું સમર્થન પણ આગળ આવી રહ્યું છે.

## સમજૂતી : ૬૫૬

આ હદીષની સનદમાં છે : **حدثنا اسحٰق** અબૂ અલી જબાઈએ કહ્યું કે જ્યારે ઈમામ બુખારી **حدثنا اسحٰق** કહે તો એના મુરાદ ત્રણ હઝરાત હોય છે : ઈસ્હાક઼ ઈબ્ને રાહવિયહ, અબૂ નસ્ર સૂરી, ઈબ્ને મન્સૂર કૂસજ. અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું, અહીં મુરાદ ઈસ્હાક઼ બિન રાહવિયહ્ છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું, એ સહીહ છે, એટલા માટે કે ઈસ્હાક બિન રાહવિયહની મુસ્નદમાં આ હદીષ એ જ સનદ સાથે મઝકૂર છે.

**પ્રકરણથી સામ્યતા** : અહીં પ્રકરણનો વિષય છે : "કેટલા અંતરની મુસાફરી પર કસર છે." જાહેર છે કે આ હદીષને પ્રકરણથી કોઈ મળતાપણુ નથી પણ પ્રસ્તાવનામાં (ઉર્દૂ, પેજ-૮૦ પર) અમે દર્શાવી ચૂક્યા કે ઈમામ બુખારી એવું પણ કરે છે કે જો બે વિવિધ હુકમોની ઈલ્લત (સબબ) સંયુક્ત હોય અને એ ઈલ્લતમાં ગુપ્તતા હોય, હવે જો એ બે એહકામમાંથી કોઈ હુકમની ઈલ્લત સ્પષ્ટપણે કોઈ હદીષમાં વર્ણવેલ નથી, અને એના હેઠળ હદીષ તે લાવે છે જેમાં બીજો હુકમ અને એની ઈલ્લત સ્પષ્ટપણે મઝકૂર હોય. અહીં બે હુકમ છે :

એક નમાઝમાં કસર, બીજો સ્ત્રીનું મેહરમ વિના સફર ન કરવું. બંનેની ઈલ્લત (સબબ) શરઈ સફર છે. આ હદીષમાં બીજા હુકમની સાથે ત્રણ દિવસના સફરની શરત છે. તો એનાથી જાણવા મળ્યું કે શરઈ સફર કમસે કમ ત્રણ દિવસની મુસાફરી જેટલું અંતર છે. એટલા માટે સાબિત કે ત્રણ દિવસ કે એથી વધુ અંતરના સફર પર ઘરેથી નીકળે તો કસ્ર કરશે અને જો ત્રણ દિવસથી ઓછા અંતરની સફરના ઈરાદાથી નીકળે તો કસર નથી.

**સફરની માત્રા માઈલોથી** : હનફીઓએ આ જ હદીષને આધાર બનાવીને ફર્માવ્યું કે સફરનું અંતર એટલી દૂરીનું નામ છે જ્યાં માણસ ત્રણ દિવસમાં પહોંચે અને એ બિલકુલ જાહેર છે કે એનાથી દિવસ રાત ચાલવું મુરાદ નથી બલ્કે લાંબા અંતરના માટે આદત પ્રમાણે જેટલીવાર લોકો ચાલે છે એટલીવાર દરરોજ ચાલવું મુરાદ છે તે પણ પગપાળા અથવા ઊંટની મધ્યમ ચાલથી. એટલા માટે કે એ જ વિશ્વસનીય છે. હિદાયામાં છે :

**وعن ابی حنیفة رضی الله تعالٰی عنه التقدیر بالمراحل وهوقریب من الاول ولا معتبر بالفراسخ هوا لصحیح**

હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہથી મરવી છે કે મંઝિલોથી એની નિશ્ચતતા છે ફરસંગનો એતબાર નથી, એ સહીહ છે.

એના હેઠળ ઈમામ ઈબ્ને હુમામે ફત્હુલ કદીરમાં ફર્માવ્યું, આ એનાથી બચવું છે જે લોકોએ ફરસંગથી એની માત્રા નિશ્ચિત કરી હતી. કોઈકે કહ્યું ૨૧ ફરસંગ, કોઈએ કહ્યું ૧૫ ફરસંગ. જેણે જે માત્રા બતાવી તે એ આધારે બતાવી કે તેણે તે માત્રાને ત્રણ દિવસનું અંતર સમજ્યું. મરાહિલથી સફરના અંતરની નિશ્ચિતતાને સહીહ એના લીધે કહેવામાં આવ્યું કે જો રસ્તો મુશ્કેલીવાળો હોય, દા.ત. જંગલ હોય પહાડ હોય તો ત્રણ દિવસમાં ફરસંગ પણ પાર પડી શકે, તો જેટલા અંતર સુધી ત્રણ દિવસમાં ચાલી લે તે મુસાફર થશે. *(૧/૩૩૭)*

એનાથી જાહેર થઈ ગયું કે અહનાફનો સહીહ મઝહબ એ છે કે ત્રણ મંઝિલની દૂરી પર જવાનો ઈરાદો હોય તો મુસાફિર છે. પણ હવે મંઝિલો ખત્મ થઈ ગઈ, હવાઈ જહાઝ પર સફર થવા લાગી એટલા માટે આ જમાનામાં માઈલોથી એનું નિશ્ચિત કરવું જરૂરી થઈ ગયું. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ *(જદુલ મુમ્તાર, ભાગ–૧)*એ વિવિધ મંઝિલોના અંતરોને સામે રાખીને હિસાબ લગાડયો તો મધ્યમ માર્ગી રીતે ત્રણ મંઝિલોનું અંતર **સાડા સત્તાવન માઈલ** થાય જે વર્તમાન દશાંશ માપ પ્રમાણે **૯૨ કિલો મિટર** છે.

**કાશ્મીરી મહાશયની પકડ** : કાશ્મીરી મહાશયે લખ્યું છે : *(ફયઝુલબારી, ૨/૩૯૭)* કસર માટેનું અંતર મઝહબમાં ૩ દિવસ અને રાતનું અંતર છે. પછી લોકોએ મંઝિલો વડે એની માત્રા નક્કી કરી. પછી તેમાં મતભેદ કર્યો. એક કૌલ એ છે કે એ ૧૬ ફરસંગ છે અને દરેક ફરસંગ ત્રણ માઈલનો તો એ અડતાલીસ માઈલ થયા જેમ કે હદીષમાં છે. એના પર ફત્વો આપવામાં આવ્યો છે કે એ આખરના લોકોનો મઝહબ છે.

આ ત્રણ લીટીના લખાણમાં કાશ્મીરી મહાશયે નીચે મુજબની ભૂલો કરી છે :–

**૧.** પ્રથમ કહ્યું કે ત્રણ દિવસ અને રાતનું અંતર છે. એનાથી શંકા થાય છે કે એતબાર દિવસ તથા રાત ચાલવાનો છે. એવું નથી બલ્કે દિવસમાં ચાલવાનો છે તે પણ આદત (નિયમ) પ્રમાણે આખો દિવસ નહીં.

**૨.** પછી કહ્યું કે, પછી લોકોએ મંઝિલો વડે તેની માત્રા નક્કી કરી. આ પણ ગલત છે. એ ખૂદ ઈમામે મઝહબ ઈમામે આ'ઝમનો કૌલ છે જેમ કે હિદાયહ્‌નું લખાણ વર્ણન થઈ ચૂક્યું.

**૩.** પછી કહ્યું કે, મંઝિલોના બારામાં મતભેદ કર્યો. એક કૌલ એ છે કે એ ૧૬ ફરસંગ છે : સોળ ફરસંગનો કોઈ કૌલ નથી, ૨૧, ૧૮ તથા ૧૫નો કૌલ છે.

**૪.** પછી કહ્યું, જેમ કે હદીષમાં છે, ઉપર ત્રણ વાતો વર્ણન થઈ. ત્રણ મંઝિલ સોળ ફરસંગ છે, દરેક ફરસંગ ત્રણ માઈલનો, કુલ ૪૮ માઈલ થયા. માલૂમ નહીં આ નિર્દેશ કોના તરફ છે ? કોઈની પણ તરફ હોય પણ આ ત્રણ વાતોમાંથી કોઈ પણ કોઈ હદીષમાં નથી, અલ્બત્ત બુખારીમાં ચાર બરીદની માત્રા ૪૮ માઈલ દર્શાવી

છે, પણ એ હદીષ નથી ઈમામ બુખારીનો ઈર્શાદ છે.

**૫.** પછી કહ્યું, એના પર ફત્વો આપવામાં આવ્યો. એ પણ ગલત છે ! હમણા ફત્હુલ ક઼દીરથી વર્ણન થઈ ચૂક્યું કે ફરસંગનો એ'તબાર નથી. આલમગીરી (૧/૭૧ મજીદી)માં છે : **ولا اعتبار بالفرا سخ على المذهب** દુર્રે મુખ્તારમાં છે : **ولا معتبر بالفراسخ هوالصحيح كذافى الهد ايه** અસલ મઝહબના લેહાઝથી ફરસંગનો એતબાર નથી, એ જ સહીહ છે. અને ક઼ૌલે મરજૂહ (જેને ઉચ્ચતા ન આપવામાં આવી હોય તે) પર ફત્વો આપવો જેહાલત તથા ઈજમાઅ વિરુદ્ધ છે. દુર્રે મુખ્તારમાં છે : **الفتيا بالقول المر جوح جهل وخرق للاجماع** આપણા હનફી ફક઼ીહો એવો બેતુકો (કઢંગો) ફત્વો કેવી રીતે આપી શકે છે ? સપાટ તથા આસાન રસ્તામાં તો માઈલની વાત ચાલી જશે પણ પહાડી, જંગલ તથા મુશ્કેલ માર્ગોમાં માઈલના નિશ્ચિત થવાનો મતલબ થશે મૂળ મઝહબથી ફરી જવું. અસલ મઝહબ એ છે કે ત્રણ દિવસની મુસાફરીનું અંતર. અમુક પહાડી માર્ગોમાં ત્રણ દિવસમાં વીસ માઈલ પણ માણસ ન ચાલી શક્શે. જો તમે એવું કહો કે આજે જ્યારે કોઈ પગપાળા નથી ચાલતુ, એકથી એક ઝડપી સાધનો શોધાયાં છે તો જરૂરત પ્રમાણે માઈલોથી તેની માત્રા નિશ્ચિત થવી જરૂરી છે અને તે આટલા માઈલ છે, તો કાંઈ વાત બનતી !

**૬.** તમે લખ્યું છે કે, ફત્વો એના પર છે કે ૧૬ ફરસંગ એટલે ૪૮ માઈલ છે. જ્યારે કે શામી (૧/૫૨૭)માં છે કે કોઈકે કહ્યું ૨૧ ફરસંગ છે, કોઈકે કહ્યું ૧૮ ફરસંગ છે, કોઈકે કહ્યું કે ૧૫ ફરસંગ છે. અને ફત્વો બીજા ક઼ૌલ પર છે એટલા માટે કે એ મધ્યમમાર્ગી વાત છે. મુજતબામાં છે કે ખ્વારજમ (એક જગ્યાનું નામ) ઈમામોનો ફત્વો ત્રીજા ક઼ૌલ પર છે.

**હું કહું છું :** પણ બીજા તથા ત્રીજા ક઼ૌલ પર પણ ફત્વો આપવો દુરુસ્ત નથી, એટલા માટે કે એ નિશ્ચિત છે કે ફત્વો એના પર છે જે મતનોમાં છે. તેમજ હિદાયાના કર્તાની તસ્હીહ (એક ક઼ૌલનું સહીહ હોવું દર્શાવવું)ના મુક઼ાબલામાં ફત્વો આપવો સહીહ નથી. એટલા માટે આલમગીરી તથા દુર્રે મુખ્તારમાં એને ઈખ્તિયાર કર્યું જેને હિદાયાના કર્તાએ (લેખકે) સહીહ કહ્યું. એ હઝરાતના ફત્વાનો ઉલ્લેખ પણ ન કર્યો. વળી ફત્વો છે તો ૧૮ અથવા ૧૫ પર, સોળનો તો કોઈ ક઼ૌલ જ નથી કે એના પર કોઈ ફત્વો આપે. **આ ક઼ૌલ તમે મનથી ઘડયો અને ખૂદ કાઢયો કે એના પર ફત્વો આપવામાં આવ્યો. જેનાથી ધોકો થાય છે કે હનફી ફક઼ીહોએ એના પર ફત્વો આપ્યો છે !** જો તમે કહેતા કે હું ફત્વો આપુ છું તો કમસે કમ ધોકો આપવું તો ન થાત.

વળી તમે માઈલની માત્રા નથી બતાવી, આપના ચેલાઓ એનાથી એ માઈલ સમજશે જે અંગ્રેજોએ નિશ્ચિત કર્યો છે જે આજકાલ પૂરી દુનિયામાં રિવાજ પામેલ છે, એટલે ૧૭૬૦ ગજ, અને દરેક ગજ ત્રણ ફૂટનો એટલે લગભગ બે હાથનો. અને ફક઼ીહોએ ચાર હજાર હાથનો એક માઈલ માન્યો છે એટલે બે હજાર ગજનો. અને દરેક હાથ ૨૪ આંગળીઓ છ જવ અને દરેક જવ ખચ્ચરના છ વાળ બરાબર. હવે જોડો ! આપના આ ૪૮ માઈલ સાડા ચોપન માઈલથી પણ વધુ છે ! હવે કાશ્મીરી મહાશયના ચેલાઓએ વિચારવું જોઈએ કે પોતાના મનથી એક ક઼ૌલ ઘડયો પછી તેના પર ફત્વો આપીને મુસ્લિમ પબ્લિકને ધોકામાં નાખી કે નહીં ?! **હું કહું છું :** વબિલ્લાહિ તૌફીક઼, હમણા વર્ણન થઈ ચૂક્યું કે અલ્લામા શામીએ ફર્માવ્યું કે જે લોકો માઈલોથી એ અંતર નિશ્ચિત કરે છે તેઓ એના પર ફત્વો આપે છે કે આ અંતર ૧૮ ફરસંગ છે અને ૧૮ ફરસંગના અંગ્રેજી માઈલ પ્રમાણે ૫૮ માઈલથી પણ અધિક થાય છે. વળી આ'લા હઝરત رحمۃ اللہ علیہએ સાડા સત્તાવન માઈલ પર ફત્વો આપ્યો એ પણ તો સહીહ નથી ! એનો જવાબ એ છે કે આ'લા હઝરતે જાહેર મઝહબને અપનાવીને ત્રણ માઈલનું આ અંતર વર્ણન કર્યું છે. જદુલ મુમ્તારમાં લખે છે :–

الـمشهـور المتعادفى بلادنا ان كل مرحلة ١٢ ـ وقد جربت مراراكثيرة بمواضع شهيرة ان الميل الرا ئج فى بلا دنا خـمسة اثـمان كـوس المعبر ههنا ـ فاذاضربت الاكواس فى ٨ ـ وقسم الحاصل على ٥ ـ كانت اميالا فاذن اميال مرحلة واحدة ـ ١٩ ١/٥ ـ واميال مسيرة ثلاثة ايام ٥٧ ـ ٣/٥ ـ اعنى ٦ ـ ٥٧ ـ ٣٦١/٣٦٢

આપણા શહેરોમાં રિવાજ એ છે કે દરેક મંઝિલ બાર કોસની હોય છે. મેં વારંવાર પુષ્કળ પ્રમાણમાં મશ્હૂર જગાઓમાં અજમાવ્યું છે કે અત્યારે આપણા શહેરોમાં જે માઈલનો રિવાજ છે તે ૫/૮ કોસ છે જ્યારે કોસોને આઠ વડે ગુણવામાં આવે અને જે આવે તેને ૫ વડે ભાગીએ તો નિશેષ (બચે તે) માઈલ થશે. હવે એક મંઝિલ ૧/૫૧૯ માઈલની થઈ અને ત્રણ દિવસનું અંતર ૩/૫૫૮ માઈલ એટલે ૫૮.૬ માઈલ.

**ગૈર મેહરમની સાથે હજ્જ :** આ હદીષથી સાબિત થયું કે સ્ત્રીને પોતાના પતિ અથવા મેહરમ વિના ત્રણ દિવસ અથવા એથી અધિક અંતરની સફર પર જવું જાઈઝ નથી. આ સફર આમ છે એટલે કે હજ્જના માટે હોય કે પોતાની અંગત જરૂરતોના માટે હોય. પણ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હજ્જના માટે પતિ તથા મેહરમ વિના પણ જઈ શકે છે, જ્યારે કે આ હદીષમાં હજ્જને અપવાદ નથી રાખી. જેથી તે તેના સામાન્યપણાના લેહાઝથી હજ્જની સફરને પણ સામેલ કરે છે. તદ્ઉપરાંત ખાસ હજ્જના બારામાં હદીષ આવેલી છે. બુખારી (ઉમરા–૨૫૦) તથા મુસ્લિમ (૧/૪૩૪ હજ્જ)માં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે, તે ફર્માવે છે કે, **"મેં નબી ﷺને ખુત્બો આપતાં સાંભળ્યા કે પુરૂષ તથા સ્ત્રી એકાંતમાં ભેગાં ન થાય પણ એ કે મેહરમ હોય. અને કોઈ સ્ત્રી મેહરમ વિના સફર ન કરે.** એના પર એક સાહબ ઉભા થયા અને અર્ઝ કરી, **યા રસૂલલ્લાહ ! ﷺ મારી પત્ની હજ્જ કરવા જઈ રહી છે અને મેં ફલાણા ફલાણા ગઝવામાં (જંગોમાં) નામ લખાવી આપ્યું છે.** તો ફર્માવ્યું, **જા ! તારી પત્ની સાથે હજ્જ કર."** જો ઔરતનું પતિ કે મેહરમ વિના જવું જાઈઝ હોત તો હુઝૂર એવું ફર્માવી આપતા કે કાંઈ વાંધો નહીં ! તમે ગઝવામાં જાવ અને તેણી મુસલમાનો સાથે હજ્જ કરે.

**કાશ્મીરી મહાશયની પકડ :** કાશ્મીરી મહાશયે કહ્યું, "હનફિયાની આમ કિતાબોમાં છે કે ઔરતનું મેહરમ વિના સફરમાં જવું જાઈઝ નથી, અને મારી નજીક જાઈઝ છે, વિશ્વાસ તથા અમ્નની શરતની સાથે. મેં હદીષોમાં એનાં ઘણા દષ્ટાંતો જોયાં અને જે ફિક્હમાં છે તે મસાઈલ ફિતનથી છે. એના પર તેમના શાગિર્દ બદરે આલમ મેરઠીએ લખ્યું, "દા.ત. હુઝૂર અક્દસ ﷺએ હઝરત અબુલ આસને લખ્યું કે સૈયદા ઝયનબને એક શખ્સની સાથે મોકલી આપે, જે એમનો મેહરમ ન હતો. અને ઉફકના બનાવમાં હઝરત આઈશા رضی اللہ عنہا લશ્કરમાં ગૈર મેહરમ સાથે પાછાં આવ્યાં." તો એના પર આ ગુઝારિશો છે :–

**૧.** કાશ્મીરી સાહબના લખાણની વર્ણન શૈલી બતાવે છે કે તે એવું દર્શાવવા ચાહે છે કે એ કેવળ હનફીઓનો જ મઝહબ છે, જ્યારે કે એવું નથી. અલ્લામા નવવીએ શરહે મુસ્લિમમાં લખ્યું છે કે આ ઉલમાની એકમતિએ હરામ છે.

**૨.** હનફી હોવાના દાવા પછી તમને એ હક્ક ક્યાંથી મળ્યો કે એક સર્વસંમતિવાળા મસ્અલાની વિરૂદ્ધ ફત્વો આપો ? એલાન કરી આપો કે હવે અમે મુજતહિદ મુત્લક થઈ ગયા છીએ અથવા ગૈર મુકલ્લિદ થઈ ગયા ! હનફિયતનો સ્વાંગ સજીને ગૈર મુકલ્લિદિયતની રવિશ સારી નથી.

**૩.** જો તમે તે દષ્ટાંતો રજૂ કરી આપ્યા હોત તો અમે પણ જોતા કે અસલ હકીકત શું છે ? તમારા શાગિર્દે લગભગ તમારાથી સાંભળીને બે દષ્ટાંતો આપ્યાં તો એમનાથી ગુઝારિશ છે કે બંનેવ ઘટનાઓ આ ઈર્શાદથી મુકદ્દમ (આગળ બનેલી) છે. બુખારી તથા મુસ્લિમની હઝરત ઈબ્ને અબ્બાસવાળી હદીષથી માલૂમ થયું કે આ બનાવ ક્યાં તો હિ.સ. ૯નો અથવા હિ.સ. ૧૦ હજ્જતુલ વિદાઅનો છે. શું આપની નજીક મોઅખ્ખર

# حديث ٦٥٧

**[હદીષ : ૬૫૭]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ لَا یَحِلُّ لِاِمْرَاَةٍ تُؤْمِنُ بِاللّٰهِ وَالْیَوْمِ الْاٰخِرِ اَنْ تُسَافِرَ

જે સ્ત્રી અલ્લાહ પર ઈમાન ધરાવતી હોય અને જાઈઝ નથી કે

مَسِیْرَةَ یَوْمٍ وَّلَیْلَةٍ لَیْسَ مَعَهَا حُرْمَةٌ ؏

એક દિવસ અને રાતની દૂરી પર મેહરમ વિના સફર કરે.'' *(તફસીરુસ્સલાત–૧૪૮, મુસ્લિમ)*

મુક઼દ્દમનો નાસિખ નથી ? *(આગલા હુકમ વિરુદ્ધ બીજો હુકમ આવે તો આગલા હુકમ પર અમલ થશે નહીં, હવે બીજા હુકમ ઉપર અમલ થશે. –મિસ્બાહી)*

૪. તદ્ ઉપરાંત એના મોક઼ા તથા જરૂરત પ્રસંગે હુકમની સ્થિતિ અલગ હોય છે. *(જરૂરતનો મતલબ જરૂરતે શરઈય્યા છે. જેમ કે જંગલમાં હલાલ ખાવાનું ન હોય અને હરામ હોય. જો હરામ ખાણુ નહીં ખાય તો મરી જશે. તો આવી સ્થિતિ જરૂરત કહેવાય અને આવા પ્રસંગે જાન બચી જાય એટલું હરામ ખાવુ મુબાહ છે. –મિસ્બાહી)* હઝરત સૈયદા ઝયનબ رضی اللہ عنہا ને મક્કા મોઅઝ્ઝમાથી આવવું હતું જે દારુલ હર્બ હતું. શું કોઈ સ્ત્રી દારુલ હર્બમાં ફસાઈ હોય અને તેને નીકળવાનો મોક઼ો ન મળે તો દારુલ હર્બમાં જ રહેશે ? અને હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہا જો હઝરત ઝકવાનની સાથે ન આવતાં તો એ મેદાનમાં એકલાં રહી જતાં ! આ (ઝકવાન) જ્યારે લશ્કરમાં આવતા અને કોઈ મેહરમ લઈને જતા ત્યાં સુધી તે મેદાનમાં એકલાં રહેતાં જેમાં ખતરાઓ હતા. જરૂરતના મોક઼ાઓથી આમ હાલતો પર દલીલ કરવું કઈ રીતે યોગ્ય છે તે આપના ન્યાઝમંદ બતાવે ?!

**સમજૂતી : ૬૫૭**

સ્ત્રીનો મેહરમ તે પુરૂષ છે જેની સાથે તેના નિકાહ હમેશાં હમેશાં માટે હરામ હોય અને જો કોઈ રુકાવટના કારણે હરામ થયો અને રુકાવટ દૂર થયા બાદ દુરુસ્ત થઈ જાય તો તે **મેહરમ નથી.** દા.ત. **બનેવી, દિયર, પતિના કાકા વગેરે.** આ હદીષની બિના પર ઈમામ શઅબી વગેરએ ફર્માવ્યું કે મેહરમ વિના સ્ત્રીએ સફર કરવી તદ્દન જાઈઝ નથી, સફરનું અંતર થોડુ હોય કે વધુ. **આપણે ત્યાં એક દિવસ અથવા બે દિવસના અંતરની સફર સ્ત્રી વિના મહરમે પણ કરી શકે છે.** પ્રથમવાળી હદીષ કે ત્રણ દિવસના અંતરની સફર પર સ્ત્રી મેહરમ વિના સફર ન કરે, એ હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત પામી છે. તે ફિક઼હના મામલામાં હઝરત અબૂ હુરૈરહ્થી અનંતગણા વધીને છે એટલા માટે આપણે એને અગ્રતા આપી.

ت ٢١١ وَخَرَجَ عَلِيُّ بْنُ طَالِبٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَقَصَرَ وَهُوَ يَرٰى

"અને હઝરત અલી كرم الله وجهه الكريم (કૂફાથી) નીકળ્યા અને હજી ઘરોને જોઈ રહ્યા [તઅલીક઼ : ૨૧૧]

الْبُيُوْتَ فَلَمَّا رَجَعَ قِيْلَ لَهٗ هٰذِهِ الْكُوْفَةُ قَالَ لَا حَتّٰى نَدْخُلَهَا عـه

હતા અને કસર કરી અને જ્યારે પરત થયા (અને કસર કરી) તો એમને અર્ઝ કરવામાં આવી, આ કૂફા છે !

તો ફર્માવ્યું, જ્યાં સુધી એમાં પ્રવેશી ન જઈએ ત્યાં સુધી પૂરી પઢીશું નહીં." (ઉપર મુજબ-૧૮૪)

## حديث ٦٥٨

## [હદીષ : ૬૫૮]

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ صَلَّيْتُ الظُّهْرَ مَعَ

"હઝરત અનસ બિન માલિક رضى الله عنه એ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺ ની સાથે મદીનામાં

رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ بِالْمَدِيْنَةِ اَرْبَعًا وَّالْعَصْرَ بِذِي الْحُلَيْفَةِ رَكْعَتَيْنِ عـه

ઝોહર ચાર રકાત પઢી અને ઝુલ હલીફામાં અસ્ર બે રકાત પઢી."

(ઉપર મુજબ, મનાસિક-૨૦૯, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ)

### તઅલીક઼ : ૨૧૧ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ હાકિમે અને બયહક઼ીએ મૌસૂલન્ રિવાયત કરી છે. બયહક઼ીમાં મુફસ્સલ આ પ્રમાણે છે કે અમે હઝરત અલી كرم الله وجهه الكريم ની સાથે એ તરફ એટલે શામની તરફ ચાલ્યા તો બે રકાત પઢી અને જ્યારે પરત થયા અને કૂફા દેખાવા લાગ્યું અને નમાઝનો સમય થઈ ગયો તો લોકોએ અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનન ! આ કૂફા છે, શું નમાઝ પૂરી પઢીશું ? તો ફર્માવ્યું, નહીં ! જ્યાં સુધી કૂફામાં પ્રવેશી ન જઈએ. ઈબ્ને અબી શયબાએ અને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે હઝરત અલી كرم الله وجهه الكريم ના જ બારામાં રિવાયત કરી છે કે બસરાથી નીકળ્યા અને એક છાપરૂ જોયું તો નમાઝ પૂરી પઢી અને ફર્માવ્યું, જો આ છાપરાથી આગળ વધી ગયો હોત તો કસર કરતે. હઝરત અલી كرم الله وجهه الكريم ના આ બંનેવ અમલથી જાણવા મળ્યું કે જ્યાં સુધી વસ્તીથી સંપૂર્ણપણે બહાર ન થઈ જાવ કસર ન કરો. એ જ પ્રમાણે જ્યાં સુધી આબાદીમાં દાખલ ન થઈ જાય કસર ન કરે. તેમજ એ પણ જાણવા મળ્યું કે **કસરના માટે સફરનું અંતર પૂર્ણ કરવું જરૂરી નથી, જ્યારથી સફર શરૂ થઈ જાય ત્યારથી કસર કરે.** એ આપણો બલ્કે ઈમામ માલિક, ઈમામ શાફઈ તથા ઈમામ અહમદનો મઝહબ છે.

### સમજૂતી : ૬૫૮

કિતાબુલ મનાસિકમાં એટલુ અધિક છે કે હુઝૂરે અક઼દસ ﷺ એ ત્યાં રાત ગુઝારી અને ત્યાં સવાર કરી. જ્યારે પોતાની સવારી પર તશરીફ લઈ ગયા અને તે સીધી થઈ ગઈ તો તલબિયા પઢી. આ હદીષથી બે વાતો સાબિત થઈ કે આબાદીમાં રહેવા છતાં **કેવળ સફરની નિય્યત પછી કસ્ર નથી જ્યાં સુધી આબાદીથી બહાર ન થઈ જાવ. તેમજ આબાદીથી નીકળ્યા પછી કસર લાઝિમ છે, એવું નથી કે સફરનું અંતર પૂર્ણ થયા**

## حديث ٦٥٩

**[હદીષ : ૬૫૯]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتِ الصَّلٰوةُ اَوَّلُ مَا فُرِضَتْ

"હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, શરૂમાં જ્યારે

رَكْعَتَانِ وَاُقِرَّتْ صَلٰوةُ السَّفَرِ وَاُتِمَّتْ صَلٰوةُ الْحَضَرِ۔ قَالَ الزُّهْرِيُّ فَقُلْتُ

નમાઝ ફર્ઝ કરવામાં આવી તો બે રકાતો હતી. સફરની નમાઝ યથાવત રહી અને મુક઼ામની પૂરી કરી

لِعُرْوَةَ فَمَا بَالُ عَائِشَةَ تُتِمُّ قَالَ تَاَوَّلَتْ مَا تَاَوَّلَ عُثْمَانُ ع‍ه

દેવામાં આવી. ઈમામ ઝુહરીએ કહ્યું, મેં હઝરત ઉરવાથી પૂછ્યું, તો પછી હઝરત આઈશા શા માટે પૂરી પઢે છે ? તો તેમણે બતાવ્યું કે તાવીલ કરી લીધી જેથી હઝરત ઉષ્માને તાવીલ કરી લીધી હતી."

(બુખારી ૧/૧૪૮ તફસીરુસ્સલાત, મુસ્લિમ–સલાત–૨૪૧, દારમી)

**બાદ કસર કરવામાં આવે.** ઝુલ હલીફા મદીનાથી છ માઈલના અંતરે છે જેને અબ્યારે અલી પણ કહે છે, અને હઝરત શેરે ખુદા کرم اللہ وجہہ الکریم ની પ્રતિ મન્સૂબ નથી કોઈ અન્ય શખ્સ અલી નામનો હતો તેના પ્રતિ મન્સૂબ છે.

જે લોકો હજ્જ પહેલાં મદીના તયબાહ હાજર થાય છે એમને ગૈર ઈખ્તિયારી તૌર પર એ સઆદત (સદ્‌નસીબી) હાંસલ થાય છે કે તેઓ મસ્જિદે ઝુલ હલીફાથી હજ્જ અથવા ઉમરાનો એહરામ બાંધે છે અને એ રીતે આ મુબારક મસ્જિદમાં નમાઝ પઢવાની સઆદત હાંસલ થઈ જાય છે. આ ખાદિમ તથા તેના સાથીઓને પણ એ સઆદત હાંસલ થઈ, તેમજ એ પણ કે ઝોહર મસ્જિદે નબવીમાં અદા કરી અને મસ્જિદે ઝુલ હલીફામાં. **فالحمد علی ذٰلک** અમે ભાગ : ૨/૧૧૦માં અને પેજ–૨૩૫ પર દર્શાવી ચૂક્યા કે હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم શનિવારે ઝોહરની નમાઝ બાદ મદીના પાકથી હજ્જના માટે નીકળ્યા. તા. ૨૫ ઝીલ ક઼અદા હતી અથવા છવ્વીસ અને ચાર ઝીલ હજ્જ અથવા પાંચ ઝીલ હજ્જના મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા હતા. જો ચારે પહોંચ્યા હતા તો રવિવારનો દિવસ હતો અને પાંચે પહોંચ્યા હતા તો સોમવાર હતો. સફરમાં કુલ નવ દિવસ કે દસ દિવસ લાગ્યા હતા. મુસ્લિમ શરીફમાં રદિયા સાથે છે કે ચાર કે પાંચે પહોંચ્યા. અને બુખારીમાં વિના રદિયાએ એ છે કે ચારે પહોંચ્યા. મુસ્લિમ શરીફમાં જે રદિયા સાથે છે તે રાવીની શંકા પણ હોઈ શકે છે એટલા માટે અગ્રતા બુખારીની રિવાયતને છે. હવે સાર એ નીકળ્યો કે શનિવારે મદીના શરીફથી નીકળ્યા અને રવિવારની રાતે સરફ પહોંચ્યા અને સવારે નવમા દિવસે મક્કા મોઅઝ્ઝમા પહોંચી ગયા. જો મદીના તયબાહથી ૨૫ ઝીલ ક઼અદાના ચાલ્યા હતા તો એ વરસે ઝીલ હજ્જનો ચાંદ સોમવારે ૨૯નો હતો. અને જો છવ્વીસે ચાલ્યા હતા તો ચંદ્ર દર્શન ૩૦ ઝીલ ક઼અદાએ થઈ. એટલા માટે કે એ નક્કી છે કે હજ્જતુલ વિદાઅ જુમ્આના હતો, આ હિસાબથી પ્રથમ ઝીલ હજ્જ જુમેરાતે થઈ.

**સમજૂતી : ૬૫૯**

આ હદીષ ભાગ ત્રણમાં વર્ણન થઈ ચૂકી છે. પણ **قال الزهری** વાળો હિસ્સો ત્યાં નથી. આ હદીષ આપણી દલીલ છે કે સફરમાં માત્ર બે રકાત છે અને બે રકાત જ અઝીમત છે. જેના ઉપર فرضت તથા اقرتનો સેગો

# حديث ٦٦٠

**[હદીષ : ૬૬૦]**

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે જ્યારે

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَعْجَلَهُ السَّيْرُ فِي السَّفَرِ يُؤَخِّرُ الْمَغْرِبَ حَتّٰى يَجْمَعَ

સફરમાં ચાલવાની જલ્દી હોતી તો મગરિબને મોડેથી પઢતા એટલી કે મગરિબ તથા ઈશા

بَيْنَهَا وَبَيْنَ الْعِشَاءِ قَالَ سَالِمٌ وَكَانَ عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ يَفْعَلُهُ إِذَا أَعْجَلَهُ

સાથે પઢતા. સાલિમે કહ્યું, ઈબ્ને ઉમર પણ એવું જ કરતા હતા જ્યારે સફરમાં જલ્દી હોતી. અને લયમે

السَّيْرُ وَزَادَ اللَّيْثُ حَدَّثَنِي يُوْنُسُ عَنِ ابْنِ شِهَابٍ قَالَ سَالِمٌ كَانَ ابْنُ

આટલુ અધિક કર્યું કે મને યૂનુસે ઈબ્ને શહાબથી રિવાયત કરતાં કહ્યું કે સાલિમે ફર્માવ્યું કે ઈબ્ને ઉમર

બતાવે છે. ઈમામ ઝુહરીએ આવુ સમજ્યું કે સફરમાં કસ્ર અઝીમત છે, અને ચાર રકાત પઢવી જાઈઝ નથી, નહીં તો તેમને હઝરત ઉમ્મુલ મો'મિનીનના કસર ન કરવા પર આશ્ચર્ય શાથી થતું ? અને તે હઝરત ઉરવાને શા માટે પૂછતા ? હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا સફરમાં કસર કરતાં ન હતાં, પૂરી પઢતાં હતાં, અને તે કાંઈક તાવીલ કરતાં હતાં, તે તાવીલ શું હતી તે ન ઉમ્મુલ મો'મિનીને બતાવ્યું ન અમને જાણ થઈ. આપણે શું જરૂરત કે આપણા તરફથી કોઈ તાવીલ ઘડતા.

કેટલાક લોકોએ આવી તાવીલ ઘડી છે કે ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, હું સર્વ મો'મિનોની મા છું અને પુત્રનુ ઘર માનુ ઘર છે જેથી દરેક મુસલમાનનુ ઘર મારું ઘર છે. એના પર એવું કહેવામાં આવ્યું કે પછી તો દરેક ઉમ્મતીનું ઘર હુઝૂરે અક્દસ ﷺ નું ઘર થયું. તો પછી હુઝૂરે શા માટે કસર કરી ? વળી ઉમ્મુલ મો'મિનીનનું મા હોવું રૂહાની તૌર પર છે અને પુત્રનું ઘર માનુ ઘર હોવું જાહેરી અહકામથી છે. જાહેરી હુકમો બાતિની કારણોથી સાબિત નથી થતા.

**સમજૂતી : ૬૬૦**

અહીં એક હદીષ મુસ્નદ છે અને ત્રણ તઅલીક્તાત છે. પ્રથમ તઅલીક્ને છોડીને એ સર્વનો સાર એ છે કે સફરમાં એ જાઈઝ છે કે મગરિબને એટલીવારમાં પઢવામાં આવે કે તેનો આખરી સમય થઈ જાય અને એટલો સમય હોય કે નમાઝ પઢતાં પઢતાં ખત્મ થઈ જાય, પછી તુરત જ ઈશાનો વખત થઈ જશે જેથી ઈશા પઢી લે. આ જાહેરી રીતે જોતાં બે નમાઝોનું એકત્રીકરણ છે પણ હક્રીક્તમાં દરેક નમાઝને એના સમયમાં પઢવું છે. અહીં ત્રીજી તઅલીક્માં **قلما يلبث** એના પર છે. એ થોડીવાર રોકાવું એ ઈત્મિનાનના માટે હતું કે ઈશાનો સમય થવામાં શંકા ન રહે. જેમ કે ખૂદ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما નો અમલ અને ઈર્શાદ બીજી હદીષોમાં એ રિવાયત થયેલા છે કે શફક્ ગુરૂબ થવાની નજીક થઈ તો ઉતર્યા અને મગરિબ પઢી અને જ્યારે શફક્ ડૂબી ગઈ તો ઈશા પઢી. અબૂ દાઊદ (૧/૧૭૧ સલાત)માં છે :–

عُمَرَ يَجْمَعُ بَيْنَ الْمَغْرِبِ وَالْعِشَاءِ بِالْمُزْدَلِفَةِ ٥ قَالَ سَالِمٌ وَاَخَّرَ ابْنُ

હજ્જના દિવસો દરમ્યાન મુઝદલ્ફામાં મગરિબ તથા ઈશાના એક સાથે જમા કરતા. સાલિમે કહ્યું, ઈબ્ને

عُمَرَ الْمَغْرِبَ وَكَانَ اسْتُصْرِخَ عَلٰى امْرَاَتِهٖ صَفِيَّةَ بِنْتِ اَبِى عُبَيْدٍ

ઉમરે મગરિબમાં મોડુ કર્યું અને તેમને એ ખબર મળી હતી કે તેમની પત્ની સફિય્યા બિન્તે અબૂ ઓબૈદની

فَقُلْتُ لَهُ الصَّلٰوةَ فَقَالَ سِرْ فَقُلْتُ لَهُ الصَّلٰوةَ فَقَالَ سِرْ حَتّٰى سَارَ

હાલત ગંભીર છે. તો મેં અર્ઝ કરી, નમાઝનો સમય થઈ ગયો છે, તો ફર્માવ્યું, ચાલો ! ફરી મેં અર્ઝ કરી,

مِيْلَيْنِ اَوْ ثَلٰثَةً ثُمَّ نَزَلَ فَصَلّٰى ثُمَّ قَالَ هٰكَذَا رَاَيْتُ النَّبِىَّ صَلَّى اللّٰهُ

નમાઝ પઢી લઈએ ! તો ફર્માવ્યું, ચાલ્યા કરો, ત્યાં સુધી કે બે કે ત્રણ માઈલ ચાલ્યા પછી ઉતર્યા અને નમાઝ

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّىْ اِذَا اَعْجَلَهُ السَّيْرُ وَقَالَ عَبْدُ اللّٰهِ رَاَيْتُ النَّبِىَّ

પઢી. પછી ફર્માવ્યું, મેં જોયું છે કે નબી ﷺ ને જ્યારે ચાલવામાં જલ્દી હોતી તો આ જ પ્રમાણે કર્યા કરતા

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا اَعْجَلَهُ السَّيْرُ يُقِيْمُ الْمَغْرِبَ فَيُصَلِّيْهَا

હતા. અને અબ્દુલ્લાહે કહ્યું મેં જોયું કે નબી ﷺ ને જ્યારે ચાલવામાં જલ્દી હોતી તો મગરિબની નમાઝ ત્રણ

ثَلَاثًا ثُمَّ يُسَلِّمُ ثُمَّ قَلَّمَا يَلْبَثُ حَتّٰى يُقِيْمَ الْعِشَاءَ فَيُصَلِّيْهَا رَكْعَتَيْنِ ثُمَّ

રકાત પઢતા પછી સલામ ફેરવતા પછી થોડીવાર રોકાતા પછી ઈશાની ઈક઼ામત કહેવડાવતા અને તેને બે

يُسَلِّمُ وَلَا يُسَبِّحُ بَعْدَ الْعِشَاءِ حَتّٰى يَقُوْمَ مِنْ جَوْفِ اللَّيْلِ ۔ ع

રકાત પઢતા પછી સલામ ફેરવતા અને ઈશા બાદ નફ્લ્ ન પઢતા. જ્યારે રાતમાં ઉઠતા તો વિત્ર પઢતા."

**حتی اذا کان قبل غیوب الشفق نزل فصلی المغرب ثم انتظر حتی غاب الشفق فصلی العشاء ثم قال ان رسول اللّٰه صلی اللّٰه تعالٰی علیه وسلم کان اذا اعجل به امر صنع مثل ماصنعت**

"ત્યાં સુધી કે શફક઼ ડૂબવાથી પહેલાં ઉતર્યા અને મગરિબ પઢી પછી રાહ જોઈ, જ્યારે શફક઼ ડૂબી ગઈ તો ઈશા પઢી. ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ ને જ્યારે સફરમાં જલ્દી હોતી તો જેવું મેં કર્યું એવું જ કરતા હતા." અબૂ દાઊદ (ઉપર મુજબ)માં જ બીજા તરીક઼ાથી છે : **حتی اذا کان عند ذهاب الشفق نزل فجمع بینهما** "જ્યારે શફક઼ ડૂબવાની નજીક થઈ તો ઉતર્યા અને મગરિબ તથા ઈશા એકત્ર કરી." નિસાઈ (૧/૯૯)માં છે :–

**حتی اذا کان فی اخر الشفق نزل فصلی المغرب ثم اقام العشاء وقد تواری الشفق فصلی بنا ثم اقبل علینا فقال ان رسول اللّٰه صلی اللّٰه تعالٰی علیه وسلم کان اذا اعجل به السیر صنع هکذا**

"જ્યારે શફક઼નો અંતિમ હિસ્સો રહ્યો તો ઉતરીને મગરિબ પઢી. ઈશાની તકબીર એ હાલમાં કહી કે શફક઼

ડૂબી ચૂકી હતી એ વખતે ઈશા પઢી, પછી અમારી તરફ મોઢું કરીને ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺને જ્યારે સફરમાં જલ્દી હોતી તો આ જ પ્રમાણે કરતા. નિસાઈ (ઉપર મુજબ) અને ઈમામ અબૂ જઅફર તહાવી (શરહે મઆનિયુલ આષાર, ૧/૮૦)એ આ શબ્દો રિવાયત કર્યા છે :–

**حتی اذا کان الشفق قرب ان یغیب نزل فصلی المغرب وغاب الشفق فصلی العشاء ثم اقبل علینا فقال ھکذا کنا نضنع مع رسول اللّٰہ صلی اللّٰہ تعالٰی علیہ وسلم۔**

"જ્યારે શફક઼ ડૂબવાની નજીક થઈ તો ઉતરીને મગરિબ પઢી અને શફક઼ ડૂબી ગઈ તો ઈશા પઢી, પછી અમારા તરફ મોઢું કરીને કહ્યું, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે આવું જ કરતા હતા.

આ રિવાયતો એના પર કતઈ દલીલો છે કે જમા (એકત્ર કરવા)થી મુરાદ એ છે કે એક નમાઝને તેના અંતિમ સમયમાં પઢી અને અને બીજીને તેના શરૂ સમયમાં. અને આ જમા સૂરી છે હકી઼કી઼ નથી. તેમજ અબૂ દાઊદની પ્રથમ રિવાયત જેમાં આ પ્રમાણે છે : **ثم انتظر حتی غاب الشفق** "મગરિબ પઢીને રાહ જોઈ ત્યાં સુધી કે શફક઼ ડૂબી ગઈ તો ઈશા પઢી. આ બુખારીમાં આવેલ શબ્દ **فلما یلبث** "થોડીવાર રોકાવા"ની તફસીર છે. આ સેગો પોતાના અસલી અર્થના લેહાઝથી એના પર દલીલ પાડે છે કે હમેશાં આવી જ આદત હતી.

એની સંપૂર્ણ ચર્ચા અને એમાં ગૈર મુક઼લ્લિદોના શયખ શયખુલ કુલ્લ ફિલ્ કુલ્લ મિયાં નઝીર હુસૈન દહેલ્વીની ડગલેને પગલે ઠોકરો જોવી હોય તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ **حاجز البحرین الواقی عن جمع الصلوتین**નો અભ્યાસ કરો, જે ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨, પેજ–૨૮૧ લુગાયત પેજ–૪૪માં છપાયેલ છે. તેના અભ્યાસથી ન્યાયપ્રિય લોકોની આંખો રોશન થઈ જશે, દિલો સંતુષ્ઠ થશે, હનફીઓના હદીષ પર અમલનો ઈલ્મ સંપૂર્ણ થશે. અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની હદીષદાનીના તે જલ્વા જોવા મળશે કે કહેવું પડશે એ પોતાના સમયના બુખારી તથા મુસ્લિમ હતા. કાશ ! કોઈ અલીમિયાં નદવીને હિદાયત આપે કે તે આ'લા હઝરત رحمۃ اللہ علیہનો આ જ એક રિસાલો જોઈ લે તો તેમણે પણ તેમના પિતાની જેમ કહેવું પડશે **فاق اقرانہ**. (નુઝહતુલ ખવાતિર, ૮/૩૮) અને જે એમણે **قلیل البضاعۃ فی الحدیث**ની આક્ષેપ લગાડયો છે તેનાથી તૌબા કરવી પડશે, જો કે તેમને તૌબાની તૌફીક઼ ક્યાં ?! અમે આ ચર્ચાને આથી વધુ લંબાવવા નથી ચાહતા, જેને સંપૂર્ણ ચર્ચા જોવી હોય તે **حاجز البحرین**નો જરૂરથી અભ્યાસ કરે.

**સફિય્યહ બિન્તે અબી ઓબૈદ** : એ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماનાં પત્ની મશહૂર કઝઝાબ મુખ્તાર બિન અબી ઓબૈદ ષક઼ફીનાં બહેન હતાં. તેમના વાલિદ હઝરત અબૂ ઓબૈદા સહાબી છે જે હઝરત ઉમર رضی اللہ عنہના ખિલાફતકાળમાં શહીદ થયા. હઝરત સફિય્યાના સહાબિયા હોવામાં મતભેદ છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે તેમને નબી પાક ﷺનો જમાનો પણ મળ્યો અને તેમણે હુઝૂરથી સાંભળ્યું પણ છે. એ જ ક઼સ્તલાનીમાં છે કે સહાબિયા ષક઼ફિય્યહ્ છે, આબિદા બીબીઓમાંથી હતાં. તક઼રીબમાં છે : દારકુત્નીએ રિસાલતકાળ પામવાનો ઈન્કાર કર્યો છે, પણ ઈસાબામાં નિશાનીઓથી એ તેહકી઼ક઼ કરી કે તેમને હુઝૂરે અક઼દસ ﷺનો જમાનો મળ્યો પણ કાંઈ સાંભળ્યું નથી. એ બીમાર થઈ ગયાં અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماને પત્ર લખ્યો કે મારો દમ વાપસી પર છે. આ પત્ર મળતાં હઝરત ઈબ્ને ઉમર ઝડપથી ચાલ્યા ત્યાં સુધી કે એક દિવસમાં ત્રણ દિવસનો માર્ગ કાપ્યો.

حدیث ٦٦١ عَنْ نَافِعٍ قَالَ كَانَ ابْنُ عُمَرَ يُصَلِّي عَلَى رَاحِلَتِهِ وَيُوتِرُ عَلَيْهَا وَيُخْبِرُ

''હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما પોતાની સવારી પર (નફલ) નમાઝ પઢતા **[હદીષ : ૬૬૧]**

اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَفْعَلُهُ۔ عـه

હતા અને વિત્ર પણ, અને બતાવતા હતા કે નબી صلی اللہ علیہ وسلم આવું કરતા હતા.'' (તફસીરુસ્સલાત–૧૪૮, અલવિત્ર–૧૩૬)

حدیث ٦٦٢ كَانَ عَبْدُ اللّٰهِ بْنُ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يُصَلِّي فِي السَّفَرِ

''હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما સફરમાં પોતાની સવારી પર (નફ્લ) **[હદીષ : ૬૬૨]**

عَلٰى رَاحِلَتِهِ اَيْنَمَا تَوَجَّهَتْ بِهِ يُوْمِي وَذَكَرَ عَبْدُ اللّٰهِ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى

નમાઝ ઈશારાથી પઢતા હતા, સવારી તેનું મોં ગમે તે બાજુ કરેલી હોય. અને

عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَفْعَلُهُ۔ عـه

અબ્દુલ્લાહે વર્ણવ્યું કે નબી صلی اللہ علیہ وسلم આવું કરતા હતા.'' (તફ઼સીરુસ્સલાત–૧૪૮, ૧૪૯)

حدیث ٦٦٣ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَامِرِ بْنِ رَبِيعَةَ اَنَّ عَامِرَ بْنَ رَبِيعَةَ اَخْبَرَهُ

''હઝરત આમિર બિન રબીઆ رضی اللہ عنہ એ કહ્યું કે **[હદીષ : ૬૬૩]**

قَالَ رَأَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ عَلَى الرَّاحِلَةِ يُسَبِّحُ

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم સવારી પર માથાના ઈશારાથી નફ્લ પઢતા

يُوْمِي بِرَاسِهِ قِبَلَ اَيِّ وَجْهٍ تَوَجَّهَ وَلَمْ يَكُنْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

જે તરફ પણ રુખે અન્વર હોતું, અને ફર્ઝ નમાઝમાં

وَسَلَّمَ يَصْنَعُ ذٰلِكَ فِي الصَّلٰوةِ الْمَكْتُوْبَةِ۔ سه

એવું કરતા ન હતા.'' (તફ઼સીરુસ્સલાત, ૧૪૮, ૧૪૯, મુસ્લિમ)

## સમજૂતી : હદીષ : ૬૬૧ થી ૬૬૫

આ હદીષોથી માલૂમ પડયું કે સફરની હાલતમાં નફ્લ નમાઝ સવારી પર જાઈઝ છે એ શરતે કે સવારી ચાલી રહી હોય. જો ઉભા રહેવા પર કુદરત ન હોય તો બેસીને પઢે. રુકૂઅ તથા સિજદા પર કુદરત ન હોય તો ઈશારાથી પઢે. ક઼િબ્લા તરફ મોઢુ ન હોય તો પણ કોઈ વાંધો નથી. જો સવારી જાનવર છે અને ઉભી હોય તો સવારી પર ન પઢે. એમાં વિના જરૂરતે જાનવરને તકલીફ આપવું છે. હા ! જો મોટરગાડી વગેરે ગૈર જાનદાર સવારી હોય તો ઉભા રહેવાની હાલતમાં પણ તેના પર નમાઝ પઢી શકાય છે, અલ્બત્ત ફર્ઝો ચાલુ સવારી પર

حدیث ۶۶۴ حَدَّثَنِیْ جَابِرُ بْنُ عَبْدِاللّٰہِ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ

''હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ હદીષ વર્ણન કરી કે નબી صلی اللہ علیہ وسلم **[હદીષ : ૬૬૪]**

یُصَلِّیْ عَلٰی رَاحِلَتِہٖ نَحْوَ الْمَشْرِقِ فَاِذَا اَرَادَ اَنْ یُّصَلِّیَ الْمَکْتُوْبَۃَ نَزَلَ فَاسْتَقْبَلَ الْقِبْلَۃَ ؑ

પૂર્વની તરફ મોઢું હોવા છતાં પોતાની સવારી પર નમાઝ પઢતા હતા. અને જ્યારે ફર્ઝ પઢવાનો ઈરાદો કરતા તો ઉતરતા અને ક઼િબ્લાની તરફ મોં કરીને નમાઝ પઢતા.'' (તફ઼સીરુસ્સલાત–૧૪૮)

حدیث ۶۶۵ اَخْبَرَنَا اَنَسُ بْنُ سِیْرِیْنَ قَالَ اسْتَقْبَلْنَا اَنَسَ بْنَ مَالِکٍ رَضِیَ اللّٰہُ

''અનસ બિન સીરીને ખબર આપી કે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ શામથી આવી **[હદીષ : ૬૬૫]**

تَعَالٰی عَنْہُ حِیْنَ قَدِمَ مِنَ الشَّامِ فَلَقِیْنَاہُ بِعَیْنِ التَّمْرِ فَرَاَیْتُہٗ یُصَلِّیْ عَلٰی حِمَارٍ

રહ્યા હતા તો અમે તેમનું સ્વાગત કર્યું. અમે અયનિત્તમરમાં એમનાથી મુલાકાત કરી. મેં તેમને જોયા કે ગધેડા

وَّوَجْھُہٗ مِنْ ذَا الْجَانِبِ یَعْنِیْ عَنْ یَّسَارِ الْقِبْلَۃِ فَقُلْتُ رَاَیْتُکَ تُصَلِّیْ لِغَیْرِ الْقِبْلَۃِ

પર સવાર થયેલા હોવા છતાં એના પર નમાઝ પઢી રહ્યા છે અને એમનું મોઢું એ તરફ છે, એટલે કે ક઼િબ્લાની

فَقَالَ لَوْلَا اَنِّیْ رَاَیْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَفْعَلُہٗ لَمْ اَفْعَلْہُ۔

ડાબી બાજુ. તો મેં તેમનાથી અર્ઝ કરી, હું તમને ક઼િબ્લાથી અન્ય દિશામાં નમાઝ પઢતાં જોઈ રહ્યો છું ! તો

رَوَاہُ اِبْرَاھِیْمُ بْنُ طَھْمَانَ عَنْ حَجَّاجٍ عَنْ اَنَسِ بْنِ سِیْرِیْنَ عَنْ اَنَسِ بْنِ مَالِکٍ

ફ઼ર્માવ્યું, જો મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને આવું કરતાં જોયા ન હોત તો એવું ન કરતો. ઈબ્રાહીમ બિન તહમાને હજ્જાજ

عَنِ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ؑ

અન અનસ અન સીરીન અન અનસ બિન માલિકના તરીક઼ાથી એને નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી.''

સહીહ નથી. અને ન એ જાઈઝ છે કે ઉભા થવા પર કુદરત હોવા છતાં ઈશારાથી પઢે. તેમજ ફર્ઝોમાં એ પણ જરૂરી છે કે ક઼િબ્લા તરફ રુખ હોય. મોટર, રેલગાડી વગેરે ઉભાં હોય તો ફર્ઝો પણ તેના પર થઈ જશે. ચાલતી ટ્રેન તથા મોટરમાં ફર્ઝો દુરુસ્ત નથી ભલે ઉભો રહીને રુકૂઅ તથા સજદાની સાથે પઢે. એની વિસ્તારપૂર્વક ચર્ચા વર્ણન થઈ ચૂકી.

આપણે ત્યાં વિત્ર વાજિબ છે એટલા માટે એ પણ સવારી પર તથા ઈશારાથી અને કિબ્લા તરફ રુખ વિના સહીહ નથી. અને એ જ હુકમ ફજરની સુન્નતનો પણ છે એટલા માટે કે એની તાકીદ અન્ય સુન્નતો કરતાં અધિક છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની હદીષ ૬૫૯માં છે કે સવારી પર વિત્ર પઢતા હતા. અમારી દલીલ તે છે જે ઈમામ તહાવીએ રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما પોતાની સવારી પર નમાઝ પઢતા હતા અને જ્યારે વિત્ર પઢવાની હોતી તો જમીન પર પઢતા. ફર્માવતા કે નબી صلی اللہ علیہ وسلم એવું જ કરતા હતા. આ હદીષની

حدیث ۶۶۶ اَنَّ حَفْصَ بْنَ عَاصِمٍ حَدَّثَهٗ قَالَ سَأَلْتُ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی

"હફસ બિન આસિમે કહ્યું કે મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી (સફરમાં નફલના બારામાં) **[હદીષ : ૬૬૬]**

عَنْهُمَا فَقَالَ صَحِبْتُ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فَلَمْ اَرَهٗ یُسَبِّحُ فِی السَّفَرِ

પૂછ્યું તો ફર્માવ્યું, હું નબી ﷺની સાથે રહ્યો પણ મેં હુઝૂરને સફરમાં નફલ પઢતા નથી જોયા. અને

وَقَالَ تَعَالٰی لَقَدْ کَانَ لَکُمْ فِیْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ ع‍ه

અલ્લાહ તઆલા ફર્માવે છે : તમારા માટે રસૂલુલ્લાહ ﷺની જાતમાં અમલનો શ્રેષ્ઠ નમૂનો છે."

(તકસીરુસ્સલાત-૧૪૯, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)

સનદ સહીહ છે. યઝીદ બિન સફફાન, ઈમામ નિસાઈના શયખ છે અને અબૂ આસિમ નબીલ ઈમામ બુખારીના. અને હન્ઝલાથી પૂરી જમાઅતે રિવાયત કરી કે નફ્લ સવારી પર પઢતા તથા વિત્ર ઉતરીને જમીન પર પઢવું એની દલીલ છે કે સવારી પર વિત્ર સહીહ નથી. હમણા હદીષ ૬૫૯ના વર્ણન પરથી જાહેર થયું કે વિત્ર સવારી પર પઢતા હતા, તો વિત્ર સવારી પર સહીહ છે કે નહીં? એમાં શંકા પેદા થઈ ગયો. અને જાહેર છે કે ઈબાદતમાં એહતિયાત (સાવધાની) પર અમલ વાજિબ છે એટલા માટે અમે કહ્યું કે સવારી પર વિત્ર દુરુસ્ત નથી. તેમજ બંને હદીષોમાં ટકરાવ છે, અને ટકરાવમાં કોઈ એકને અગ્રતા કયાસથી થાય છે. કેમ કે કયાસ એની માંગણી કરે છે કે સવારી પર વિત્ર દુરુસ્ત ન થાય. એટલા માટે અગ્રતા એને જ છે. કયાસ એ છે કે અમે અગાઉ સાબિત કરી ચૂક્યા કે વિત્ર વાજિબ છે. અને એના પર એકમતિ છે કે ફર્ઝો જેમ વાજિબો પણ સવારી પર દુરુસ્ત નથી. તેમજ એની પણ સંભાવના છે કે સેહતવાળી હદીષ (સવારી પર વિત્ર સહીહ કહેનાર) અગ્ર સ્થાને હોય અને સેહત ન હોવું (સહીહ નથી કહેનાર) સાબિત કરનાર પાછલા ક્રમે અને એ પણ શક્ય છે કે મામલો એનાથી ઉલ્ટો હોય. તો પ્રથમ સ્થિતિમાં સેહતવાળી હદીષ મન્સૂખ થઈ ગઈ, અને એના પર અમલ જાઈઝ થશે નહીં. જેથી સવારી પર વિત્રનું સહીહ હોવું (સેહત) શંકાસ્પદ થઈ ગયું એટલા માટે એના પર અમલ અયોગ્ય છે. અને જમીન પર વિના શંકાએ એકમતિએ દુરુસ્ત છે જેથી એના પર અમલ જરૂરી થયો.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماની હદીષ-૬૫૯ની આ રિવાયતમાં જે પ્રકરણ **ینزل للمکتوبة**માં છે એમાં એટલુ અધિક છે કે હઝરત ઈબ્ને ઉમર રાતની નમાઝ સફરની હાલતમાં સવારી પર પઢતા. પણ રાતનું ખાસ હોવું નથી, દિવસના નફલો પણ સફરની હાલતમાં પઢી શકે છે. એ જ પ્રમાણે અમુક તરીકામાં સફર દર્શાવેલ નથી, એ જ પ્રમાણે અમુકમાં નફલનું વર્ણન છે. પણ અન્ય રિવાયતો એના માટે ખાસ છે. મુરાદ એ છે કે સફરની હાલતમાં કેવળ નફલની સવારી પર ઈજાઝત છે.

**عین التمر :** **عین التمر** અયનિત્તમર ઈરાકનું મશહૂર સ્થળ છે જેને સૈફુલ્લાહ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની ખિલાફતના બીજા વરસે ઈરાનીઓને હરાવીને ફતહ કર્યું હતું. એમાં હિમરાન હઝરત ઉષ્માન رضی اللہ عنہના ગુલામ તથા મુહમ્મદ બિન સીરીંનાં વાલિદા સીરીન કેદ કરવામાં આવ્યા હતાં. એ અંબારની નજીક કૂફાથી પશ્ચિમે છે.

## સમજૂતી : ૬૬૬-૬૬૭

એનાથી મુરાદ એ છે કે મોટા ભાગની સ્થિતિઓમાં સુન્નત તથા નફ્લો નથી પઢતા. નહીં તો હુઝૂરે અકદસ ﷺએ ચાશતની નમાઝ ફતહે મક્કાના મોકા પર સફરની હાલતમાં પઢી હતી અથવા મુરાદ એ છે કે ફર્ઝોની

حدیث ۶۶۷ عَنْ عِیْسَی بْنِ حَفْصِ بْنِ عَاصِمٍ قَالَ حَدَّثَنِیْ اَبِیْ اَنَّهٗ سَمِعَ ابْنَ عُمَرَ

"ઈસા બિન હફસે કહ્યું કે મારા વાલિદે મારાથી હદીષ બયાન કરી કે **[હદીષ : ૬૬૭]**

رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا یَقُوْلُ صَحِبْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવતા હતા કે રસૂલુલ્લાહ ﷺની સાથે રહ્યો. હુઝૂર સફરમાં બે રકાતથી

فَکَانَ لَا یَزِیْدُ فِی السَّفَرِ عَلٰی رَکْعَتَیْنِ وَاَبَا بَکْرٍ وَّعُمَرَ وَعُثْمَانَ کَذٰلِكَ

વધુ નમાઝ ન પઢતા અને ન અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન પઢતા હતા." (ઉપર મુજબ)

ت ۲۱۲ وَرَکَعَ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ فِی السَّفَرِ رَکْعَتَیِ الْفَجْرِ

"અને નબી ﷺએ સફરમાં ફજરની સુન્નતો પઢી." (તફસીરુસ્સલાત-૧૪૯) **[તઅલીક઼ : ૨૧૨]**

સાથે જમીન પર પઢતા ન હતા, નહીં તો હમણા હદીષ વર્ણન થઈ કે સવારી પર પઢતા હતા. એનાથી માલૂમ થયું કે સફરની હાલતમાં સુન્નતે મોઅક્કદા, મોઅક્કદા નથી રહેતી.

## તઅલીક઼ : ૨૧૨ની સમજૂતી

આ તઅલીક઼ને ઈમામ મુસ્લિમ (૧/૨૩૯ અલ મસાજિદ)એ મુત્તસિલ સનદની સાથે રિવાયત કરી છે. એ હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہની હદીષમાં મઝકૂર છે જેમાં એ બનાવ મઝકૂર છે કે સૂઈ જવાના કારણે ફજરની નમાઝ ક઼ઝા થઈ ગઈ હતી. તેમજ મુસ્લિમમાં જ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની પણ હદીષમાં છે. અબૂ દાઊદ (૧/૬૨ સલાત)માં છે, સૌએ ફજરની સુન્નત પઢી પછી ફજર પઢી. અહીં પ્રકરણ એ છે કે નમાઝો બાદ અને પહેલાના સફરની સવારીમાં નફ્લ પઢવા. એટલે ફર્ઝ નમાઝોથી પહેલાં અને બાદમાં જે સુન્નતે મોઅક્કદા છે તેના સિવાય અન્ય કોઈ નમાઝ સફરની હાલતમાં પઢવી. હવે આ અષરને પ્રકરણ સાથે કોઈ મળતાપણુ નથી, એટલા માટે કે ફજરની સુન્નત સુન્નતે મોઅક્કદામાં છે અને ફજરથી પહેલાં છે. અલ્લામા અયની વગેરેએ ફર્માવ્યું કે પ્રકરણના આ ટુકડા **غیر دبر الصلوٰۃ**ના મુનાસિબ છે, એ બાદમાં નથી. **فیه مافیه** એના હેઠળ ચાશતવાળી હદીષ વર્ણન કરી છે એને ચોક્કસ પ્રકરણથી મુનાસિબત છે. તેમજ હદીષ ૬૬૪ તથા ૬૬૫ પણ લાવ્યા છે એ બંનેવથી વાત સાબિત છે. શક્ય છે આ તઅલીક઼ના વર્ણનથી ઈમામ બુખારીનો હેતુ એ હોય કે બાકીની સુન્નતે મોઅક્કદા તો માફ છે પણ ફજરની સુન્નત માફ નથી. એને સફરમાં પણ જરૂર પઢવી લાઝિમ છે જેમ કે હનફીઓનો મસ્લક છે.

ت ۲۱۳ عَنِ ابْنِ عَبَّاسٍ رَّضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ کَانَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, **[તઅલીક઼ : ૨૧૩]**

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یَجْمَعُ بَیْنَ صَلٰوۃِ الظُّھْرِ وَالْعَصْرِ اِذَا کَانَ عَلٰی ظَھْرِ سَیْرٍ وَّ

નબી صلی اللہ علیہ وسلم જ્યારે સફરમાં હોતા તો ઝોહર તથા અસ્રમાં જમા કરતા

یَجْمَعُ بَیْنَ الْمَغْرِبِ وَالْعِشَاءِ ۔ ع ہ

અને મગરિબ તથા ઈશામાં." (તફ઼સીરુસ્સલાત–૧૪૯)

## حدیث ۶۶۸

**[હદીષ : ૬૬૮]**

حَدَّثَنَا حَفْصُ بْنُ عُبَیْدِ اللّٰہِ بْنِ اَنَسٍ اَنَّ اَنَسًا حَدَّثَہٗ اَنَّ رَسُوْلَ اللّٰہِ

"હઝરત અનસ رضی اللہ عنہ એ બયાન કર્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ یَجْمَعُ بَیْنَ ھَاتَیْنِ الصَّلٰوتَیْنِ فِی السَّفَرِ یَعْنِی الْمَغْرِبَ وَالْعِشَاءَ

સફરમાં એ બે નમાઝો મગરિબ તથા ઈશામાં જમા કરતા." (ઉપર મુજબ)

**તઅલીક઼ : ૨૧૩ની સમજૂતી** વર્ણન થઈ ચૂક્યું કે એનાથી મુરાદ જમાએ સૂરી છે હક઼ીક઼ી નહીં.

**સમજૂતી : ૬૬૮**

આ હદીષ પર ટાઈટલ એ છે કે, "જ્યારે સફરમાં મગરિબ તથા ઈશાને જમા કરે તો અઝાન તથા ઈક઼ામત કરે." પ્રથમ હઝરત ઈબ્ને ઉમરવાળી હદીષ : ૬૫૮ લાવ્યા જેમાં ઈક઼ામતનો ખુલાસો છે કે મગરિબની નમાઝના માટે પણ ઈક઼ામત કહી અને પછી ઈશાના માટે પણ. આ રીતે હદીષથી પ્રકરણનો એક ભાગ સાબિત થઈ ગયો. પણ હઝરત અનસની હદીષમાં ન અઝાનનો ઉલ્લેખ છે ન ઈક઼ામતનો. અલ્લામા કિર્માનીએ એનો ખુલાસો કર્યો કે الصلوتینએ સમજમાં આવે છે કે બંને નમાઝો પોતાના સર્વ અરકાનો તથા શરતો તથા સુન્નતોની સાથે પઢી જેમાં અઝાન તથા ઈકામત બંનેવ સામેલ છે. અથવા એટલુ કહેવામાં આવે કે હઝરત અનસની હદીષની તકબીર હઝરત ઈબ્ને ઉમરની હદીષ છે.

રહી ગઈ એ ચર્ચા કે જમાએ સૂરીમાં અઝાન તથા ઈક઼ામત કહેવામાં આવશે કે નહીં ? મને એની ક્યાંય સ્પષ્ટતા ન મળી, પણ જ્યારે ફક઼ીહો સ્પષ્ટતા કરે છે કે મુસાફિરે અઝાન તથા ઈક઼ામત બંનેને છોડવું મકરૂહ છે ત્યાં સુધી કે એકલો હોય ત્યારે પણ. અલ્બત્ત જો સર્વ સાથી મૌજૂદ હોય તો અઝાન ન કહેવું મકરૂહ નથી, પણ ઈક઼ામતને છોડવું હજી પણ મકરૂહ છે. એટલા માટે બેહતર એ છે કે બંનેના માટે અઝાન પણ કહે અને ઈક઼ામત પણ કહે, નહીં તો કમસે કમ બંનેના માટે ઈક઼ામત જરૂર કહે, જેમ કે આ હદીષમાં સ્પષ્ટતા છે.

ت ۲۱۴ فِيهِ ابْنُ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

''એના બારામાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ નબી ﷺથી રિવાયત કર્યું.'' **[તઅલીક઼ : ૨૧૪]**

(તકસીરુસ્સલાત-૧૫૦)

## حديث ٦٦٩

**[હદીષ : ૬૬૯]**

عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, નબી ﷺ જ્યારે સૂરજ ઢળતા પહેલાં

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِذَا ارْتَحَلَ قَبْلَ اَنْ تَزِيْغَ الشَّمْسُ اَخَّرَ الظُّهْرَ اِلٰى وَقْتِ

કૂચ કરતા તો ઝોહરને અસ્રના સમય સુધી લેટ કરતા, પછી બંનેને એકત્ર કરતા,

الْعَصْرِ ثُمَّ يَجْمَعُ بَيْنَهُمَا فَاِذَا زَاغَتْ صَلَّى الظُّهْرَ ثُمَّ رَكِبَ ع

અને જ્યારે સૂરજ ઢળી જતો તો ઝોહર પઢીને સવાર થતા.'' (ઉપર મુજબ, બે તરીક઼ાથી)

### તઅલીક઼ : ૨૧૪ની સમજૂતી

આ તઅલીક઼થી પહેલા મુત્તસિલ આ પ્રકરણ છે : ''ઝોહરને અસર સુધી મોડી કરે જ્યારે કે સૂરજ ઢળવા પહેલાથી કૂચ કરે.'' આ તઅલીક઼ને ઈમામ અહમદ (૧/૩૬૭ મુસ્નદ અને ઈમામ તિર્મિઝી, ઉમ્દતુલ ક઼ારી, ૭/૧૫૪)એ પોતાની સનદની સાથે, જેમાં હુસૈન બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસ છે, આ પ્રમાણે રિવાયત કરી છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, શું હું તમને એ ન બતાવું કે સફરમાં રસૂલુલ્લાહ ﷺ કેવી રીતે નમાઝ પઢતા હતા ? અમે અર્ઝ કરી, જરૂર બતાવો ! તો ફર્માવ્યું, જો મંઝિલ પર સૂર્ય ઢળી જતો તો ઝોહર તથા અસર એકી સાથે સવાર થતાં પહેલાં પઢી લેતા. અને જો સૂરજ મંઝિલ પર ન ઢળતો તો રવાના થઈ જતા ત્યાં સુધી કે જ્યારે અસરનો સમય થઈ જતો તો ઉતરતા અને ઝોહર તથા અસર સાથે પઢતા.

આ હદીષના એક રાવી હુસૈન બિન અબ્દુલ્લાહ ખૂબ જ ઝઈફ છે. ઈબ્ને મદીનીએ કહ્યું, મેં એની હદીષ ત્યજી દીધી. હઝરત ઈમામ અહમદે ફર્માવ્યું, એના માટે મુન્કર અશ્યાઅ્ (નાપસંદ ચીજો) છે. ઈબ્ને મોઈને કહ્યું, ઝઈફ છે. નિસાઈએ કહ્યું, મતરુકુલ હદીષ છે. ઈબ્ને હબ્બાને કહ્યું, સનદો બદલી કાઢે છે અને મસાનીદને મરફૂઅ કરી નાખે છે એટલા માટે આ હદીષ દલીલમાં પેશ કરવા પાત્ર નથી.

### સમજૂતી : ૬૬૯

ઈમામ શાફઈ અને ઈમામ અહમદ સફરમાં હક઼ીક઼ી જમાને (એકત્ર કરવાને) જાઈઝ હોવાના માનનાર છે. એમની દલીલ આ હદીષ છે. એમને ત્યાં આ પ્રમાણે તફસીલ છે, જો પ્રથમ નમાઝના સમયે મંઝિલ પર હોય તો અફઝલ એ છે કે પહેલીના સમયમાં જ બીજીને પણ પઢી લે. અને જો પહેલી નમાઝના સમયે સફર કરી રહ્યો હોય તો અફઝલ એ છે કે તેને મોડી કરે અને બીજી નમાઝના સમયમાં પઢે. પણ શર્ત એ છે કે પહેલીના સમયમાં એ નિયત કરી લે કે એને બીજી સમયમાં પઢીશ. અને બંનેના વખતમાં સફર જ કરી રહ્યો હોય તો તેને અધિકાર

છે ચાહે પહેલીને લેટ કરીને બીજીના સમયમાં પઢે ચાહે બીજીને પહેલીના સમયમાં પઢે. તેમને ત્યાં જમા (ભેગા પઢવું) કેવળ ઝોહર તથા અસ્ર અને મગરિબ તથા ઈશામાં છે. ઈશા તથા ફજરમાં અથવા અસર તથા મગરિબમાં નહીં. જમાની શરતો એમને ત્યાં આ પ્રમાણે છે : જો અસ્રને ઝોહરના સમયમાં અને ઈશાને મગરિબના સમયમાં પઢવા ચાહે છે તો ત્રણ શર્તો છે : પહેલીને પ્રથમ પઢે અને પહેલાથી ફારિગ થતાં અગાઉ જમાની નિયત કરી લે, બંનેની વચ્ચે કોઈ નમાઝ તોડનાર ચીજની આડ ન હોય. અને જો ઝોહરને અસરના સમયમાં અથવા મગરિબને ઈશાના સમયમાં પઢવી છે તો એ જરૂરી છે કે ઝોહરનો સમય નીકળતા પહેલાં, એ જ પ્રમાણે મગરિબનો સમય નીકળતા પહેલાં જમાની નિય્યત કરી લે. *(રદ્દુલ મુહ્તાર, બાબુલ અવક઼ાત–૨૫૬)*

**જવાબ** : આ હદીષથી શાફઈઓની દલીલો પૂર્ણ નથી, ન જમાએ તાખીરની ન જમાએ તક઼દીમની. જમાએ તાખીરની એ રીતે નથી કે એ જે ફર્માવ્યું કે ઝોહરને અસ્ર સુધી લેટ કરી. પ્રથમ એમાં એની પણ સંભાવના છે કે મુરાદ એ છે કે અસ્રના સમયની નજીક સુધી લેટ કરી. અને નજીકના સમયને અયન (ઠીક તેજ) સમય સાથે ગણાવી દેવાનું દરેક આમ બોલીમાં રિવાજ છે. હદીષે ઈબ્ને ઉમર–૬૫૮ને લક્ષમાં રાખી ટકરાવને દૂર કરવાના માટે એ સંભાવના મુરાદ લેવી લાઝિમ છે. બીજુ એવું ફર્માવ્યું કે ઝોહરને અસ્ર સુધી લેટ કરી, એટલે કે ઝોહરને એ વખતે પઢી કે ઝોહરથી ફારિગ થતાં જ અસ્રનો સમય આવી ગયો. હવે એવું કહેવું તદ્દન દુરુસ્ત કે ઝોહરને અસ્ર સુધી મોડી કરી. અને જમાએ તક઼દીમની એમાં ખબર નથી કેવળ એટલુ મઝકૂર છે કે જો ઝવાલ બાદ કૂચ કરત તો ઝોહર પઢીને સવાર થાત. એ ક્યાં મઝકૂર (વર્ણન થયેલ) છે કે અસ્ર પણ પઢતા. બલ્કે મક઼ામનો તકાઝો તો એ હતો કે જો ખરેખર ઝોહરના જ સમયમાં અસ્ર પણ પઢતા તો જરૂર વર્ણન થતુ. અહીં જાહેરના એતબારથી ઝિક્રનું ન કરવું ઝિક્ર ન હોવું સમજમાં આવે છે.

અન્ય હદીષની કિતાબોમાં એ જરૂર છે કે ઝવાલ પછી કૂચ કરતા તો ઝોહર તથા અસ્ર પઢતા. ઈમામ હાકિમે અરબઐનમાં પોતાની સનદની સાથે ઈબ્ને શહાબ ઝુહરીથી રિવાયત કરી અને ફરયાબીએ એકલા ઈસ્હાક ઈબ્ને રાહવયહ્થી અને તિબ્રાનીએ અવસતમાં પોતાની સનદની સાથે અબ્દુલ્લાહ ઈબ્ને ફઝ્લથી રિવાયત કરી છે : પ્રથમ તો એ રિવાયતો ઝઈફ સાક઼િતુલ એતબાર (અવિશ્વસનીય) છે, જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ હાજઝુલ બહરૈનમાં દલીલોથી સાબિત કર્યું. તેમજ ગૈર મુક઼લિલદોના શયખ અલ્કુલ ફિલ અલ્કુલ, મેઅયરમાં ઈમામ હાકિમ તથા તિબ્રાનીને ઝઈફ માની ચૂક્યા છે. બીજુ ગૈર મુક઼લ્લિદોના ઉસૂલે મૌઝૂઆમાંથી છે કે સહીહૈનના મુક઼ાબલામાં ગૈર સહીહૈનની રિવાયત મરજૂહ. પછી ગૈર મુક઼લ્લિદોનું એનાથી દલીલ રજૂ કરવું એમના તરીક઼ા પ્રમાણે ફાસિદ છે. ત્રીજુ એ કે રિવાયતોમાં એ ક્યાં છે કે અસ્રને ઝોહરના વખતે પઢતા હતા ? ઝોહર તથા અસ્ર પઢીને કૂચ કરતા હતા. એનો સાફ સ્પષ્ટ મતલબ એ છે કે ઝોહર પઢીને ક઼યામ કરતા, જ્યારે અસ્રનો સમય થઈ જતો તો અસ્રને એના સમયમાં પઢીને સવાર થતા. એ જ કારણે ઈમામ અબૂ દાઊદે ફર્માવ્યું કે જમ્એ તક઼દીમમાં કોઈ હદીષ ક઼ાયમ નથી.

**مسك الحتام** : જમાએ હક઼ીક઼ી નસ્સે કુર્આની (કુર્આની દલીલ)ની વિરુદ્ધ છે. ઈર્શાદ છે :–

**૧.** **اِنَّ لصَّلوٰةَ كَانَتْ عَلَى ا لْمُؤْمِنِيْنَ كِتَابًا مَّوْقُوْتًا** "બેશક ! નમાઝ મુસલમાનો પર ફર્ઝ છે જેનો સમય નિશ્ચિત કરવામાં આવેલો છે." જ્યારે કે નમાઝનો સમય નિશ્ચિત છે તો પછી એક નમાઝ ઈરાદાપૂર્વક સમય ગુજારીને અથવા સમયથી પહેલાં પઢવી આ ઈર્શાદની વિરુદ્ધ વર્તવું છે.

**૨.** **حَا فِظُوْا عَلَى الصَّلَوَاتِ وَالصَّلوٰةِ الْوُسْطٰى** "સર્વ નમાઝોની રક્ષા કરો અને વચ્ચેવાળીની." મુહાફિઝત (રક્ષા) કરવાનો અર્થ સમય પર અદા કરવું પણ છે. બયઝાવીમાં છે : **ای بالاداء لوقتها ولمداومتها** 'ઈર્શાદુલ્ અકલિસ્ સલીમમાં છે : **ای داوموا على اداٴها لا وقاتها من غيرا خلال بشى** એટલે "રક્ષાનો અર્થ એ છે કે

# حدیث ۴۷۰

**[હદીષ : ૪૭૦]**

عَنِ ابْنِ بُرَيْدَةَ قَالَ حَدَّثَنِيْ عِمْرَانُ بْنُ حُصَيْنٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى

"અબ્દુલ્લાહ ઈબ્ને બરીદાએ કહ્યું, મારાથી હઝરત ઈમરાન બિન હુસૈયન رضی اللہ عنہ એ

عَنْهُ وَكَانَ مَبْسُوْرًا قَالَ سَأَلْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنْ صَلٰوةِ

હદીષ વર્ણવી અને તે બવાસીર (મસા)ના બીમાર હતા. મેં રસૂલુલ્લાહ ﷺથી બેસીને

الرَّجُلِ قَاعِدًا فَقَالَ إِنْ صَلّٰى قَائِمًا فَهُوَ أَفْضَلُ وَمَنْ صَلّٰى قَاعِدًا فَلَهٗ نِصْفُ

નમાઝ પઢનાર વિશે પૂછયું તો ફર્માવ્યું, ઉભા રહીને નમાઝ પઢવી અફઝલ છે અને જે બેસીને પઢે

أَجْرِ الْقَائِمِ وَمَنْ صَلّٰى نَائِمًا فَلَهٗ نِصْفُ أَجْرِ الْقَاعِدِ ع ه

તેને ઉભા રહીને પઢવાનો અડધો સવાબ છે. અને જે સૂઈને પઢે એને બેસીને પઢવાવાળાનો અડધો."

*(તકસીરુસ્સલાત, ૧/૧૫૦ અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ)*

નમાઝને એના સમયો પર અદા કરો અને એની પાબંદી કરો."

આ વિષયની એક જ નહીં વિવિધ આયતો છે.

**3.** **ثُمَّ خَلَفَ مِنْ بَعْدِهِمْ خَلْفٌ اَضَاعُوا الصَّلٰوةَ** "પછી એમના બાદવાળા તે આવ્યા જેમણે નમાઝ વેડફી કાઢી." એની તફસીર (ઉમ્દતુલ કારી, ૫/૧૭) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہએ આ પ્રમાણે કરી : **اخروها عن مواقيتها وصلوها لغير وقتها** "એ લોકો નમાઝોને તેના સમયોથી હટાવે છે અને ગૈર સમયે પઢે છે." હઝરત સઈદ બિન મુસૈયિબે આ તફસીર કરી. *(ફતાવા રઝવિય્યહ, ૨/૩૭૫)* **هوان لا يصلى الظهر حتى اتى العصر** "નમાઝ વેડફવું એ છે કે ઝોહર ન પઢી ત્યાં સુધી કે અસરનો સમય આવી ગયો."

જ્યારે જમાએ હકીકી ચાહે જમાએ તકદીમ હોય કે જમ્એ તાખીર એ કુર્આની દલીલોની વિરુદ્ધ છે તો તેની સાબિતી આહાદ હદીષો તે પણ જે વિવિધ અર્થો ધરાવતી હોય તેમાંથી કદી પણ નથી થઈ શકતી. ખબરે વાહિદથી કિતાબુલ્લાહનું ખાસ કરવું દુરુસ્ત નથી તેમજ આ આધાર પર હદીષોમાં ટકરાવ ઉભો થશે. અને જમ્એ સુવરી મુરાદ લેવામાં ટકરાવ પણ ખત્મ થઈ જશે અને હદીષોમાં મળતાપણુ પણ થઈ જાય છે. એટલા માટે હનફીઓએ જમ્એ હકીકીને નાજાઈઝ કહ્યું. અને આ પ્રકરણમાં આવેલી હદીષોને જમ્એ સુવરી ગણી. વાંચકો આ મસ્અલાની તેહકીકના માટે "હાજઝુલ બહરૈન"નો જરૂર અભ્યાસ કરો.

## સમજૂતી : હદીષ-૪૭૦, તઅલીક-૨૧૫, હદીષ-૪૭૧

હઝરત અતાઅ્ની તઅલીકને ઈમામ અબ્દુર્રઝ્ઝાકે મુત્તસિલ સનદ સાથે રજૂ કરેલ છે. આ હદીષ સંબંધી ખાસ બે ચર્ચાઓ છે :–

وَقَالَ عَطَاءٌ إِذَا لَمْ يَقْدِرْ عَلَى أَنْ يَتَحَوَّلَ إِلَى الْقِبْلَةِ صَلَّى حَيْثُ كَانَ وَجْهُهُ ؏ ت ٢١٥

"અને અતાએ કહ્યું, જો કિ઼બ્લા તરફ મોઢું કરવા માટે શક્તિમાન ન **[તઅલીક઼ : ૨૧૫]**

હોય તો જે તરફ મોઢું હોય એ તરફ નમાઝ પઢે." (તકસીરુસ્સલાત-૧૫૦)

# حديث ٦٧١

**[હદીષ : ૬૭૧]**

عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ رَضِيَ اللّٰهُ تَعَالَى عَنْهُ قَالَ كَانَتْ بِي بَوَاسِيرُ

"હઝરત ઈમરાન બિન હુસ઼યન رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મને મસાની બીમારી હતી

فَسَأَلْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ عَنِ الصَّلٰوةِ فَقَالَ صَلِّ قَائِمًا

એટલા માટે મેં રસૂલુલ્લાહ ﷺ થી નમાઝના બારામાં પૂછયું તો ફર્માવ્યું, **ઉભો થઈને પઢ,**

فَإِنْ لَّمْ تَسْتَطِعْ فَقَاعِدًا فَإِنْ لَّمْ تَسْتَطِعْ فَعَلٰى جَنْبٍ ؏

***જો તેની શક્તિ ન હોય તો બેસીને, જો તેની શક્તિ ન હોય તો પડખા ભેર."***

*(ઉપર મુજબ, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**પ્રથમ ચર્ચા** : એ છે કે ફર્ઝ નમાઝ ક઼યામ પર કુદરત હોવા છતાં બેસીને પઢવી દુરુસ્ત છે કે નહીં ? અહનાફનો મસ્લક એ છે કે દુરુસ્ત નથી, એટલા માટે કે ક઼યામ ફર્ઝ છે અને વિના મજબૂરીએ ફર્ઝને છોડવાથી નમાઝ ફાસિદ થાય છે અને હદીષમાં બેસીને અથવા સૂઈને પઢવાની ઈજાઝત તે સમયે છે કે ક઼યામની અથવા ક઼ઊદ (બેસવા)ની શક્તિ ન હોય. نائما થી મુરાદ સૂઈને છે. હક઼ીક઼ી સૂવુ મુરાદ નથી. જો કોઈ ખરેખર જ સૂઈ રહ્યો હોય, ઊંઘમાં હોય તો તે કેવી રીતે પઢી શકશે ? સૂતા સૂતા નમાઝ પઢવાની ત્રણ સ્થિતિઓ છે : જમણા પડખે સૂએ અથવા ડાબા પડખે સૂએ અને મોં કિ઼બ્લા તરફ હોય અથવા ચટ્ટાપાટ સૂએ અને પગો કિ઼બ્લા તરફ હોય, બીમારની જેવી હાલત હોય એના જેમ કરે. જો ત્રણેવ એક સરખી શક્તિ હોય તો અફઝલ એ છે કે ચટ્ટાપાટ સૂઈને નમાઝ પઢે પણ ગુઠણો ઉભા રાખે, એટલા માટે કે **કિ઼બ્લા તરફ પગો ફેલાવવા મકરૂહ છે.** રુકૂઅ, સિજદા માટે માથાથી ઈશારા કરે, રુકૂઅ માટે કમ સિજદા માટે વધારે, અને માથા નીચે તકીયો રાખી લે એનાથી મોં પણ કિ઼બ્લા તરફ થશે અને ઈશારામાં આસાની રહેશે, અને **જો માથાથી ઈશારો પણ ન કરી શકે તો તે વખતે નમાઝ ન પઢે. જો છથી વધુ નમાઝોનો સમય એ જ પ્રમાણે વહી ગયો તો એ નમાઝો માફ છે અને જો છથી ઓછામાં રાહત થઈ ભલે એટલી કે માથાથી ઈશારો કરી પઢી શકતો હતો તો ક઼ઝા લાઝિમ થશે.** નફ્લ નમાઝ ક઼યામ પર કુદરત હોવા છતાં બેસીને પઢવાની ઈજાઝત છે. અલ્બત્ત બેસવા પર શક્તિ હોવા છતાં સૂઈને પઢવાની રજા નથી, ફરકનું કારણ એ છે કે બેસવું પણ નમાઝના અરકાનમાંથી છે પણ સૂવુ નથી. અને જો **બીમાર જાતે ન કિબ્લા તરફ મોં કરી શકે છે ન બીજો કરાવી શકે છે તો જે બાજુ મોં થઈ શકે એ બાજુ કરીને પઢે.**

**બીજી ચર્ચા** : એ છે કે જે ફર્માવ્યું કે બેસીને નમાઝ પઢવાનો સવાબ અડધો છે, તો એનાથી ફર્ઝો મુરાદ છે કે નફ્લો ? કુદરત (શક્તિ)ની હાલતમાં મુરાદ છે કે મજબૂરીની હાલતમાં ? ઈમામ નવવી વગેરેએ ફર્માવ્યું,

## وَقَالَ الْحَسَنُ إِنْ شَاءَ الْمَرِيضُ صَلَّى رَكْعَتَيْنِ قَاعِدًا أَوْ رَكْعَتَيْنِ قَائِمًا ۔ ٢١٦ ت

*"અને હઝરત હસન બસરીએ ફર્માવ્યું, બીમાર ચાહે તો બે રકાત બેસીને પઢે અને બે રકાત ઉભા રહીને."* (તક્સીરુસ્સલાત, પેજ-૧૫૦) **[તઅલીક઼ : ૨૧૬]**

એનાથી મુરાદ કેવળ નફ્લો છે અને શક્તિ હોવાની હાલતમાં પણ એટલે ક઼યામ કરી શકતો હોવા છતાં જે નફ્લ બેસીને પઢશે તેને અડધો સવાબ મળશે, પરંતુ જે શખ્સ ઉભો રહીને નફ્લ પઢવાનો આદી હતો પણ ઉઝ્ર (મજબૂરી) બીમારી, કમજોરીના કારણે બેસીને નમાઝ પઢશે તેને પૂરો સવાબ મળશે, ફર્ઝો મુરાદ નથી. એટલા માટે કે **ક઼યામ માટેની શક્તિ હોવા છતાં બેસીને ફર્ઝો દુરુસ્ત જ નથી,** પછી એમાં અડધા સવાબનો સવાલ જ નથી.

**પ્રકરણથી સામ્યતા :** અહીં તક઼સીરે સલાતના પ્રકરણો ચાલી રહ્યાં છે. તક઼સીરનો શરઈ અર્થ ચારને બદલે બે રકાત પઢવું છે. બીમારના માટે આ ઘટાડો નથી પણ ક઼સર સફરમાં થાય છે અને સફરમાં ક્યારેક એવો મોક઼ો આવી જાય છે કે માણસ સવારીથી ઉતરી નથી શક્તો. જેમ કે નીચે કાદવ કીચડ છે જેના પર સજદો થઈ શક્શે નહીં. તો સવારી પર ઈશારાથી નમાઝ પઢે, આટલી મુનાસિબત પણ પૂરતી છે. અથવા એ કે તક઼સીરનો શાબ્દિક અર્થ લેવામાં આવે, એટલે કમી (ઘટાડો) કરવું. કેમ કે ઈશારાથી નમાઝ પઢવામાં અથવા બેસીને પઢવામાં ક઼યામ સંપૂર્ણ તદ્દન છૂટી જાય છે અને રુકૂઅ તથા સજદાના સુન્નત તરીક઼ા છૂટી જાય છે એ એતબારથી કમી થઈ. આ હદીષ પર ઈમામ નવવીએ આ પ્રકરણ રચ્યું છે : બેસવાવાળાની નમાઝ ઈશારાથી. હદીષમાં ઈશારાનો કોઈ ઉલ્લેખ નથી. સ્પષ્ટપણે ઉલ્લેખ નથી પણ ઈશારારૂપે છે એટલા માટે કે સૂઈને જ્યારે નમાઝ પઢશે તો ઈશારાથી જ પઢશે. રુકૂઅ સિજદાનો કોઈ સવાલ જ નથી. ઈસ્માઈલી અને ખત્તાબીએ કહ્યું કે نائما તસ્હીફ છે એ بالايماء હતું, પણ એવું નથી. કરીમા વગેરે નુસ્ખાઓમાં આટલુ વધારે છે : અબૂ અબ્દુલ્લાહ એટલે ઈમામ બુખારીને કહ્યું. نائماનો અર્થ મારી નજીક સૂનારા છે. એ લોકોએ نائماનો અર્થ હક઼ીક઼ી સમજી લીધો, જ્યારે કે એના મજાઝી અર્થ લેટવું (આડા પડવું) મુરાદ છે.

### તઅલીક઼ : ૨૧૬ની સમજૂતી

ઈબ્ને અબી શયબાએ આ તઅલીક઼ના સમાન અર્થી મૌસૂલન વર્ણન કરેલ છે, એના શબ્દો આ પ્રમાણે છે : બીમારની જે હાલત હોય તેના પ્રમાણે નમાઝ પઢે. શબ્દો આ મુજબ છે :-

**يصلى المريض على الحالة اللتى هو عليها** મતલબ એ છે કે જો પૂરી નમાઝમાં ક઼યામ પર ક઼ાદિર (શક્તિમાન) નથી તો પૂરી નમાઝ બેસીને પઢે અને જો અમુક હિસ્સામાં ચાહે આગળ ચાહે વચ્ચે ચાહે પાછળ ક઼યામ પર શક્તિમાન હોય તો એટલીવાર ઉભા રહીને પઢે. એની ફરઅ (અસલ સિવાયની) હઝરત હસનનો ઈર્શાદ પણ છે."

## حدیث ۶۷۲

**[હદીષ : ૬૭૨]**

عَنْ عَائِشَةَ اُمِّ الْمُؤْمِنِيْنَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّهَا اَخْبَرَتْهُ اَنَّهَا لَمْ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે*

تَرَ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّيْ صَلٰوةَ اللَّيْلِ قَاعِدًا قَطُّ حَتّٰى

*તેમણે બતાવ્યું કે તેમણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ઉમરવાળા થતા પહેલાં રાતની નમાઝ બેસીને પઢતા કદી નથી*

اَسَنَّ فَكَانَ يَقْرَأُ قَاعِدًا حَتّٰى اِذَا اَرَادَ اَنْ يَّرْكَعَ قَامَ فَقَرَأَ نَحْوًا مِّنْ ثَلٰثِيْنَ

*જોયા. હુઝૂર صلی اللہ علیہ وسلم ની વય મુબારક જ્યારે અધિક થઈ ગઈ તો બેસીને પઢતા રહ્યા. જ્યારે રુકૂઅનો ઈરાદો*

اَوْ اَرْبَعِيْنَ آيَةً ثُمَّ رَكَعَ ـ عـه

*કરતા તો ઉભા થઈ જતા અને ત્રીસથી ચાલીસ આયતો જેટલુ લગભગ પઢતા પછી રુકૂઅ કરતા."*

*(ઉપર મુજબ, તહજ્જુદ-૧૫૪, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, મુસ્લિમ)*

## حدیث ۶۷۳

**[હદીષ : ૬૭૩]**

عَنْ عَائِشَةَ اُمِّ الْمُؤْمِنِيْنَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُصَلِّيْ جَالِسًا فَيَقْرَأُ وَهُوَ جَالِسٌ فَاِذَا بَقِيَ مِنْ قِرَاءَتِهِ

*રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બેસીને નમાઝ પઢતા હતા, કુર્આન મજીદ બેઠા બેઠા પઢતા, જ્યારે કિર્અતની*

**સમજૂતી : ૬૭૨-૬૭૩**

આ બંનેવ હદીષો એક જ છે, એક ટૂંકી છે બીજી વિગતે. પહેલીમાં આ વાત વધારે છે કે, "અધિક વયે પહોંચતા પહેલાં મેં તહજ્જુદ બેસીને પઢતા નથી જોયા." બાકીનુ લખાણ સમાન જ છે. આ હદીષ એની દલીલ છે કે નમાઝનો કેટલોક હિસ્સો બેસીને અદા કરવામાં આવે અને અમુક હિસ્સો ઉભો રહીને. એ જ આપણો મસ્લક છે. આપણા ઈમામોએ ફર્માવ્યું કે **જો એટલી શક્તિ હોય કે કેવળ તકબીરે તેહરીમા ઉભા રહીને કહી શકે, તો ફર્ઝ છે કે તકબીરે તહરીમા ઉભા રહીને કહે, પછી બેસી જાય. અને જો એટલી શક્તિ હોવા છતાં તકબીરે તહરીમા ઉભા રહીને ન કહી તો નમાઝ થશે નહીં.**

نَحْوٌ مِّنْ ثَلٰثِيْنَ اَوْ اَرْبَعِيْنَ اٰيَةً قَامَ فَقَرَأَهَا وَهُوَ قَائِمٌ ثُمَّ رَكَعَ ثُمَّ سَجَدَ يَفْعَلُ

માત્રામાંથી ૩૦ કે ૪૦ આયતો જેટલી બાકી રહેતી તો ઉભા થઈ જતા અને તેને ઉભા રહીને પઢતા

فِى الرَّكْعَةِ الثَّانِيَةِ مِثْلَ ذَالِكَ فَإِذَا قَضٰى صَلٰوتَهٗ نَظَرَ فَإِنْ كُنْتُ يَقْظٰى تَحَدَّثُ

પછી રુકૂઅ કરતા પછી સિજદા. બીજી રકાતમાં પણ એવું જ કરતા. જ્યારે નમાઝ પૂરી કરી લેતા તો જોતા,

مَعِىَ وَاِنْ كُنْتُ نَائِمًا اِضْطَجَعَ. عـد

જો હું જાગતી હોઉં તો મારાથી વાત કરતા નહીં તો સૂઈ જતા.''

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ**

# كِتَابُ التَّهَجُّد

## (કિતાબુત્તહજ્જુદ) “તહજ્જુદ વિશેનું પ્રકરણ”

## حديث ٦٧٤

**[હદીષ : ૬૭૪]**

عَنْ طَاوُسٍ سَمِعَ ابْنَ عَبَّاسٍ رَّضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كَانَ النَّبِيُّ

''ઈમામ તાઉસે રિવાયત કરી છે કે તેમણે સાંભળ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું,

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِذَا قَامَ مِنَ اللَّيْلِ يَتَهَجَّدُ قَالَ اللّٰهُمَّ لَكَ الْحَمْدُ

નબી ﷺ જ્યારે રાતમાં તહજ્જુદના માટે ઉઠતા હતા તો આ પ્રમાણે પઢતા હતા : હે અલ્લાહ ! તારા માટે

اَنْتَ قَيِّمُ السَّمٰوَاتِ وَالْاَرْضِ وَمَنْ فِيْهِنَّ وَلَكَ الْحَمْدُ اَنْتَ نُوْرُ السَّمٰوَاتِ

હમ્દ છે, તું આસ્માનો તથા જમીનો અને એમાં જેટલાં છે સૌને ક઼ાયમ રાખનારો છે. અને તારા માટે જ હમ્દ

**સમજૂતી : ૬૭૪**

**اللهم قيم السموات والارض** અમુક નુસ્ખાઓમાં **اللهم لك الحمد قيم** ــ الخ અબૂ ઝુબૈરની મઝકૂર (વર્ણન થયેલ) રિવાયતમાં **انت قيّام السموات والارض** છે. આ રિવાયતમાં **قيم**થી પહેલાં **انت محذوف** મુબ્તદા છે, જેની ખબર **قيم السموات** છે, **قَيِّمٌ-قيَّام-قيّوم** સમાનઅર્થી છે. અલ્બત્ત **قيوم** અલ્લાહ عزوجل ની ખાસ સિફત છે કોઈ મખ્લૂક઼ને **قيوم** (ક઼ૈયૂમ) કહેવું જાઈઝ નથી ત્યાં સુધી કે મજમઉન્નહરમાં અને શરહે ફિક઼્હે અકબરમાં લખ્યું છે કે **કોઈ મખ્લૂક઼ને قيوم (ક઼ૈયૂમ) કહેવું ''કુફ્ર'' છે.** જો કે સહીહ એ છે કે **કુફ્ર ત્યારે છે જ્યારે કે ખાસ એ અર્થને લઈને ગૈર ખુદા પર એ લાગુ કરે, પણ મના હોવામાં કોઈ શંકા નથી.** હઝરત ઈબ્ને

وَالْاَرْضِ وَمَنْ فِيهِنَّ وَلَكَ الْحَمْدُ اَنْتَ مَلِكُ السَّمٰوَاتِ وَالْاَرْضِ وَمَنْ

છે, તું આસ્માનો અને જમીન અને એમાં જેટલાં છે સૌનું નૂર છે. અને તારા માટે જ હમ્દ છે, તું આસ્માનો

فِيهِنَّ وَلَكَ الْحَمْدُ اَنْتَ الْحَقُّ وَوَعْدُكَ الْحَقُّ وَلِقَاءُكَ حَقٌّ وَّقَوْلُكَ حَقٌّ وَّ

અને જમીન અને જેટલાં એમાં છે એ સૌના પર તારી જ હુકૂમત છે, અને તારા માટે જ હમ્દ છે, તું હક્ક છે

الْجَنَّةُ حَقٌّ وَّالنَّارُ حَقٌّ وَّالنَّبِيُّوْنَ حَقٌّ وَّمُحَمَّدٌ حَقٌّ وَّالسَّاعَةُ حَقٌّ اَللّٰهُمَّ لَكَ

અને તારો વાયદો હક્ક઼ છે અને તારી મુલાક઼ાત હક્ક઼ છે અને તારો ઈર્શાદ હક્ક઼ છે અને જન્નત હક્ક઼ છે અને

اَسْلَمْتُ وَبِكَ اٰمَنْتُ وَعَلَيْكَ تَوَكَّلْتُ وَاِلَيْكَ اَنَبْتُ وَبِكَ خَاصَمْتُ وَاِلَيْكَ

દોઝખ હક્ક઼ છે અને તમામ અંબિયા હક્ક઼ છે અને મુહમ્મદ હક્ક઼ છે અને ક઼યામત હક્ક઼ છે. હે અલ્લાહ ! તારા

حَاكَمْتُ فَاغْفِرْلِيْ مَا قَدَّمْتُ وَمَا اَخَّرْتُ وَمَا اَسْرَرْتُ وَمَا اَعْلَنْتُ اَنْتَ

જ તાબા હેઠળ છું અને તારા પર ઈમાન લાવ્યો અને તારા પર ભરોસો કર્યો અને તારી જ તરફ રજૂઅ થયો

الْمُقَدِّمُ وَاَنْتَ الْمُؤَخِّرُ لَا اِلٰهَ اِلَّا اَنْتَ وَلَا اِلٰهَ غَيْرُكَ قَالَ سُفْيَانُ وَزَادَ عَبْدُالْكَرِيْمِ

(પલટયો) અને તારાથી જ મેં ન્યાય ચાહ્યો અને તને જ હાકિમ માન્યો, તું મને બખ્શી આપ ! જે લગ્ઝિશો

اَبُوْاُمَيَّةَ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ۔ ع ه

મારાથી પહેલાં થઈ અથવા જે બાદમાં થશે અને જે મેં છુપાઈને કર્યું અને જેને મેં જાહેરમાં કર્યું, તું જ આગળ વધારનારો છે અને તું જ પાછળ કરનારો છે, સિવાય તારા કોઈ મઅબૂદ નથી અને તારા સિવાય કોઈ પૂજા લાયક નથી અને તારી જ તૌફીક઼ વિના ગુનાહોથી કોઈ બચી નથી શક્તું અને ન નેકીઓ કરી શકે છે."

અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, قیوم (ક઼ૈયૂમ)નો અર્થ છે : الذی لایزول "જેના માટે પડતી તથા નાશ નથી." ક઼તાદાએ કહ્યું, القائم بنفسه بتد بیر خلقه المقیم لغیره "જે પોતાની મખ્લૂક઼ની તદબીરની સાથે ક઼ાયમ હોય અને અન્યને ક઼ાયમ કરનારો હોય." કેટલાક લોકોએ કહ્યું કે એનો અર્થ છે : الدائم القیام بتد بیر الخلق المعطی "જે મખ્લૂક઼ની તદબીર પર હમેશાં ક઼ાયમ હોય અને દરેક ચીજને અતા કરનારો હોય." ક઼ામૂસમાં એનો અર્થ આ દર્શાવ્યો. الذی لاندله "જેની કોઈ જોડ ન હોય." **આ قیوم (ક઼ૈયૂમ)ના શરીઅત મુજબના અર્થો છે, જેના લીધે તે અલ્લાહ તઆલા માટે ખાસ છે.** શબ્દકોશના એતબારથી અતિશ્યોક્તિ સૂચક (સેગો) છે અસલમાં قَیْوِمٌ હતું سَیِّدٌના ક઼ાયદાથી વાવ **واو**ને યા (یاء) થી બદલ્યો અને યા (یاء)માં ઈદગામ કરી આપ્યો. શબ્દ قیم **(ક઼ૈયિમ) અલ્લાહ તઆલાની ખાસ સિફ઼ત નથી,** એ હદીષોમાં **મખ્લૂક઼ માટે પર વપરાયેલ છે.** ઈર્શાદ છે : حتی یکون لخمسین امراة القیم الواحد "ત્યાં સુધી કે પચાસ ઔરતોના માટે એક નિગેહબાન હશે."
(બુખારી ૧/૧૮ અલ ઈલ્મ)

# حدیث ٦٧٥

**[હદીષ : ૬૭૫]**

عَنْ سَالِمٍ عَنْ اَبِيْهِ قَالَ كَانَ الرَّجُلُ فِيْ حَيٰوةِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત સાલિમ પોતાના વાલિદ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી*

عَلَيْهِ وَسَلَّمَ اِذَا رَاٰى رُؤْيَا قَصَّهَا عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*રિવાયત કરે છે કે તેમણે કહ્યું, નબી ﷺની હયાતમાં જ્યારે કોઈ શખ્સ કોઈ ખ્વાબ જોતો તો*

فَتَمَنَّيْتُ اَنْ اَرٰى رُؤْيَا فَاَقُصُّهَا عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَ

*રસૂલુલ્લાહ ﷺને બયાન કરતો. મને પણ તમન્ના થઈ કે કોઈ ખ્વાબ જોઉં અને તેને રસૂલુલ્લાહ ﷺથી*

كُنْتُ غُلَامًا شَابًّا وَّكُنْتُ اَنَامُ فِي الْمَسْجِدِ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*બયાન કરું અને હું નવયુવાન હતો અને નબી ﷺના જમાનામાં મસ્જિદમાં સૂતો હતો. મેં ખ્વાબ જોયો જાણે*

**انت الحق** (અન્તલ હક્ક઼) : **حق** મસ્દર છે, સાબિત હોવાના અર્થમાં અહીં મફઉલ છે. એટલે તે હસ્તી જે વિના શંકા કુશંકાએ મૌજૂદ હોય અથવા જાતે પોતે મૌજૂદ હોય, પોતાના વજૂદમાં કોઈની મોહતાજ ન હોય. અથવા તે મૌજૂદ જે મસ્બૂક બિલ અદમ ન હોય અને ઝવાલ (પડતી)ને પાત્ર ન હોય. પ્રથમ અર્થ આમ છે અને એ અર્થના એતબારથી જન્નત, દોઝખ વગેરે પર હક્ક઼નો શબ્દ પ્રયોગ થયો. બાદવાળા બંને અર્થો અલ્લાહ તઆલા સાથે ખાસ છે.

**فاغفرلی** : મુરાદ એ છે કે તે કામો જો મૂળભૂત રીતે ગુનાહ નથી પણ મારી આ'લા તથા ઉચ્ચ શાનને પાત્ર ન હતાં તે મારાથી સહવન્ બહાર પડયાં એને દર ગુઝર ફર્માવ. જેમ કે ફર્માવવામાં આવ્યું : **حسنات الابرار سيأت المقربين** ખૂદ ઈર્શાદ ફર્માવ્યો : **انه ليغان على قلبى فاستغفر الله**.

એટલા માટે **અહલે સુન્નત વ જમાઅતનો મઝહબ એ છે કે અંબિયાએ કિરામ નબુવ્વત પહેલાં પણ અને નબુવ્વત પછી પણ દરેક પ્રકારના ગુનાહોથી, ચાહે સગીરા ગુનાહ હોય ચાહે કબીરા ગુનાહ સૌથી મા'સૂમ છે.**

કિતાબુત્તૌહીદ પ્રકરણ **وجوه يومئذ ناضرة الى ربها ناظرة**માં **وما اعلنت**ના પછી આટલુ વધારે છે : **وانت تعلم** "અને તું જાણે છે." કિતાબુદાઅવાતમાં **لا اله الا انت** અને **لا اله غيرك**ની દરમ્યાન **الٰهى**નો વધારો છે.

## સમજૂતી : ૬૭૫

**પરિપૂર્ણતા** : પ્રકરણ **باب اذا تعار الليل**માં આટલુ વધારે છે : ફર્માવે છે કે મેં નબી ﷺના મુબારક યુગમાં ખ્વાબ જોયો કે મારા હાથમાં ક઼નાવીઝ (મોટા રેશમનું કપડુ) છે. હું જન્નતમાં જે જગાએ ચાહું છું તે મને ઉડાડીને લઈ જાય છે. અંતમાં છે કે હફ્સાએ કેવળ એક ખ્વાબ હુઝૂર ﷺને વર્ણવ્યો.

**كنت انام فى المسجد** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ માટીનું પોતાના માટે ઘર બનાવવા ચાહ્યું

عَلَيْهِ وَسَلَّمَ فَرَأَيْتُ فِي النَّوْمِ كَأَنَّ مَلَكَيْنِ أَخَذَانِي فَذَهَبَا بِي إِلَى النَّارِ فَإِذَا

બે ફરિશ્તાઓએ મને પકડયો અને જહન્નમની પાસે લઈ ગયા. મેં જહન્નમ જોઈ તે કૂવાની જેમ

هِيَ مَطْوِيَّةٌ كَطَيِّ الْبِئْرِ وَإِذَا لَهَا قَرْنَانِ وَإِذَا فِيهَا أُنَاسٌ قَدْ عَرَفْتُهُمْ فَجَعَلْتُ

પાકી બનેલી છે અને તેના બે ખૂણા છે અને તેમાં કેટલાક લોકો છે જેમને હું ઓળખુ છું. હું કહેવા લાગ્યો,

أَقُولُ أَعُوذُ بِاللَّهِ مِنَ النَّارِ قَالَ فَلَقِيَنَا مَلَكٌ آخَرُ فَقَالَ لِي لَمْ تُرَعْ فَقَصَصْتُهَا

જહન્નમથી અલ્લાહની પનાહ માગું છું. ત્યાર પછી એક બીજો ફરિશ્તો મળ્યો અને તેણે કહ્યું, ન ડરો ! મેં એને

عَلَى حَفْصَةَ فَقَصَّتْهَا حَفْصَةُ عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ

હઝરત હફ્સાને વર્ણવ્યો અને હફ્સાએ રસૂલુલ્લાહ ﷺને વર્ણવ્યો. તો ફર્માવ્યું, અબ્દુલ્લાહ સારો માણસ છે,

نِعْمَ الرَّجُلُ عَبْدُ اللَّهِ لَوْ كَانَ يُصَلِّي مِنَ اللَّيْلِ وَكَانَ بَعْدُ لَا يَنَامُ مِنَ اللَّيْلِ إِلَّا قَلِيلًا ؏

જો એ રાતમાં નમાઝ પઢત." (સાલિમે) કહ્યું, ત્યાર બાદ રાતમાં ખૂબ જ ઓછુ સૂતા હતા."

(અત્તહજ્જુદ, ૧૫૧, ૧૫૫, મસાજિદ–૬૩, મનાક઼િબ–૫૨૯, મુસ્લિમ–ફઝાઈલ)

પણ કોઈએ એમની મદદ ન કરી. તેમનું કોઈ ઘર ન હતું એટલા માટે તે પ્રારંભમાં મસ્જિદમાં સૂતા હતા. શક્ય છે તે એ'તેકાફની નિય્યત કરી લેતા હશે, એટલા માટે કે **મોઅ્તફિક સિવાય કોઈએ પણ મસ્જિદમાં સૂવું જાઈઝ નથી.** અમુક ઉલમાએ એ મુસાફરને પણ જેનું કોઈ ઠેકાણુ ન હોય તેને અપવાદ દર્શાવેલ છે. ભાગ–૨, પેજ–૪૩૫ પર એની તફસીલ વર્ણન થઈ ચૂકી છે.

**مطوية** : એનો તર્જુમો સામાન્યતઃ એ કરવામાં આવ્યો છે કે દોઝખ કૂવાની જેમ ગોળાકાર છે, પણ અલ્લામા ઈબ્ને હજર અને અલ્લામા અયની બંનેએ તેનો અર્થ مبنية كبناء البير કર્યો છે, એનો અર્થ એ છે કે જેવી રીતે કૂવાને પથ્થર અથવા ઈંટ વગેરે જોડીને બાંધી આપે છે કે પડવા ન પામે એવી રીતે દોઝખ પણ પાકા કૂવા જેમ હતી.

**قرنان** : قرنનો અર્થ શિંગ અથવા માથાના ખૂણાઓ છે. અહીં મુરાદ એ છે કે જેવી રીતે કૂવાઓની ઉપર બે થાંભલા ઊભા કરીને વચ્ચે લાકડી અથવા લોખંડ લગાડી આપે છે જેમાં ગરગડી હોય છે જેના પર રસ્સી રાખીને પાણી ખેંચે છે એ પ્રમાણે દોઝખની આસપાસ પણ બે થાંભલા હતા.

**ખ્વાબ તથા તાબીરમાં સામ્યતા** : ખ્વાબના બે ભાગ છે, એક એ કે જહન્નમ દેખાડવામાં આવી અને પછી કહેવામાં આવ્યું કે, ડર નહીં ! બીજો ભાગ એમના નેક હોવાની દલીલ છે અને પ્રથમ ભાગ એની કે કમાલે સલાહ (નેકીના કમાલ) સુધી પહોંચવામાં કાંઈક કમી છે જેના માટે પ્રોત્સાહિત કરવા માટે જહન્નમ દેખાડવામાં આવી. એને હુઝૂરે અક઼દસ ﷺએ બતાવી આપ્યું કે નમાઝે તહજ્જુદ ન પઢવું છે. આ હદીષથી માલૂમ થયું કે **તહજ્જુદ જહન્નમથી બચાવનાર છે અને દરજાઓ બુલંદ કરનાર પણ છે.**

# حديث ٦٧٦

**[હદીષ : ૬૭૬]**

عَنِ الْاَسْوَدِ قَالَ سَمِعْتُ جُنْدُبًا يَّقُوْلُ اِشْتَكَى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"હઝરત જુન્દુબ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ કહે છે કે નબી صلی اللہ علیہ وسلم

عَلَيْهِ وَسَلَّمَ فَلَمْ يَقُمْ لَيْلَةً اَوْ لَيْلَتَيْنِ ـ وَعَنْهُ ـ قَالَ اِحْتَبَسَ جِبْرَئِيْلُ عَلَيْهِ

બીમાર (અલીલ) થઈ ગયા જેથી એક બે રાત તહજ્જુદ ન પઢયા. અને એમનાથી જ મરવી છે કે હઝરત

السَّلَامُ عَلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتِ امْرَاَةٌ مِّنْ قُرَيْشٍ اَبْطَأَ

જિબ્રઈલ કેટલાક દિવસ નબી صلی اللہ علیہ وسلمની બારગાહમાં હાજર ન થયા તો કુરૈશની એક સ્ત્રીએ કહ્યું, એના શૈતાને

عَلَيْهِ شَيْطَانُهٗ فَنَزَلَتْ، وَالضُّحٰى وَاللَّيْلِ اِذَا سَجٰى مَا وَدَّعَكَ رَبُّكَ وَمَا قَلٰى ع

એની પાસે આવવાનું બંધ કરી આપ્યું ! તો સૂરએ વદ્દુહા નાઝિલ થઈ. કસમ છે ચાશતના સમયની, કસમ છે

રાતની જ્યારે અંધકાર ફેલાવી આપે, તારા રબે ન તને છોડયો અને ન દુશ્મન બનાવ્યો છે."

(બુખારી ૧/૧૫૧ તહજ્જુદ, ૨/૭૩૮–૩૯ તફસીરે સૂરએ વદ્દુહા, બે તરીકાથી ફઝાઈલે કુર્આન–૭૪૫,

મુસ્લિમ–મગાઝી, તિર્મિઝી–તફસીર, નિસાઈ–તફસીર)

**સમજૂતી : ૬૭૬**

તફસીરે સૂરએ વદ્દુહામાં છે કે એક સ્ત્રીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારો ખયાલ છે કે તમારા સાથીએ મોડુ કરી આપ્યું. આ હદીષના રાવી હઝરત જુન્દુબ બિન અબ્દુલ્લાહ અબૂ સુફયાન બજલી رضی اللہ عنہ છે. તેમને ક્યારેક બાપની તરફ નિસ્બત કરતાં ઈબ્ને અબ્દુલ્લાહ કહેવામાં આવે છે, ક્યારેક દાદા પ્રતિ નિસ્બત કરીને ઈબ્ને અબી સુફયાન કહે છે. કિતાબુત્તફસીરમાં જુન્દુબ બિન અબી સુફયાન કહ્યું છે. પ્રથમ હદીષ અબૂ નુઐમના તરીકાથી સુફયાન બિન ઓયયનાથી રિવાયત પામી છે. અને બીજી મુહમ્મદ બિન કષીરના તરીકાથી. સુફયાન બિન ઓયયનાથી આખર સુધી બંનેની સનદ એક છે. એ જ પ્રમાણે **فقالت امراة من قريش**થી છેવટ સુધી બંનેનું મતન (મૂળ લખાણ) પણ એક છે, પ્રારંભિક હિસ્સો અલગ અલગ છે. પહેલીમાં એ છે કે તબીયત ઠીક ન હોવાના લીધે એક બે દિવસ તહજ્જુદ ન પઢયા તો એ બદ્બખ્ત કુરૈશી સ્ત્રીએ કહ્યું. બીજીમાં છે કે જિબ્રઈલની હાજરીમાં મોડુ થયું તો તેણીએ એ મહેણુ માર્યું.

**اِشْتَكٰى** : હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمની બીમારી શું હતી એ કાંઈ હદીષમાં વર્ણન થયેલ નથી, અલ્બત્ત તિર્મિઝીમાં છે કે હઝરત જુન્દુબ رضی اللہ عنہ કહે છે કે હું ગઝવાએ અન્મારમાં હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمની સાથે હતો. હુઝૂરની કોઈ આંગળી ઝખ્મી થઈ ગઈ તો હુઝૂરે ફર્માવ્યું : **هل انت الا اصبع دُميت وفى سبيل الله مالقيت** "તો શું છે કે એક આંગળી ઝખ્મી થઈ ગઈ અને રાહે ખુદામાં તને કોઈ મોટી મુસીબત સાથે પાલો નથી પડયો." અને જિબ્રઈલે હાજરીમાં મોડુ કરી દીધું તો મુશ્રિકોએ કહ્યું, "મુહમ્મદને છોડી દેવામાં આવ્યા." તો આ આયત નાઝિલ થઈ : "તમને તમારા રબે ન છોડયા છે ન તમને દુશ્મન બનાવ્યા છે." એના પર એ અરજ છે કે સૂરએ વદ્દુહા

નબુવ્વતના યુગના શરૂમાં નાઝિલ થઈ છે અને હઝરત જુન્દુબ બાદમાં સોહબતના શરફથી માનવંત થયા. જેમ કે બગ્વીએ હઝરત ઈમામ અહમદથી મુઅજમુસ્સહાબામાં નકલ કર્યુ છે. હવે ક્યાં તો એવું કહેવામાં આવે કે તિર્મિઝીનો આ બનાવ બીજો છે અને આ હદીષમાં જે વર્ણન થયો છે તે અલગ છે. એનું સમર્થન એનાથી થાય છે કે આ હદીષમાં કહેનારી કોઈ કુરૈશી સ્ત્રી છે, અને તિર્મિઝીમાં છે કે મુશ્રિકોએ કહ્યું અથવા તો પછી એવું કહેવામાં આવે કે આ આયતનું નુઝૂલ બે વાર થયું છે. એની પણ શક્યતા છે કે વહીના રોકવાના કારણે જ દુઃખ તથા અજંપો હતો તે જ اِشۡتَکٰی થી મુરાદ છે.

**فقالت امراة من قریش** : ઈમામ હાકિમની રિવાયતમાં છે, એ અબૂ લહબની પત્ની હમ્મા લતલ હતબ ઉમ્મે જમીલ ઔરા બિન્તે હર્બ બિન ઉમૈયા, હઝરત અબૂ સુફયાનની બહેન છે. અને એ જ સહીહ છે. ઈબ્ને જરીહ અને ઈબ્ને અબી હાતિમે પોત પોતાની તફસીરમાં અને અબૂ દાઊદે અઅ્લામે નબુવ્વતમાં, કાઝી ઈસ્માઈલે અહકામમાં રિવાયત કર્યુ કે એ ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا એ કહ્યું હતું. આ રિવાયત જો કે સનદના એતબારથી સહીહ છે પણ તદ્દન ગલત છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રા જેવી કામિલુલ ઈમાન ખાતૂન એવું કેવી રીતે કહી શકે છે જ્યારે કે તેમણે નુઝૂલે વહીના પ્રારંભના જ સમયે તેમને હજી ઈમાનની દા'વત પણ ન આપવામાં આવી હતી ત્યારે એવું અર્ઝ કર્યુ હતું **کلا لایخزیك الله ابدًا** અને હઝરત વરકાઅથી સાંભળી ચૂક્યાં હતાં કે ગારે હિરામાં હાજર થનાર તે નામૂસે અકબર (હઝરત જિબ્રઈલ) છે જે હઝરત મૂસા તથા ઈસા પર નાઝિલ થયા હતા. સુનેદ બિન દાઊદે કહ્યું કે એ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા હતાં. આ જૂઠી વાત રાફઝીઓની ઘડેલી છે. હઝરત સિદ્દીકા એ વખતે ક્યાં તો પેદા જ ન થયાં હશે અને જો પેદા થયાં હશે તો ખૂબ નાનાં દૂધ પીતાં બાળકી હશે.

અલ્બત્ત એટલુ નિશ્ચિત છે કે જેણે એવું કહ્યું હતું કે, "તારા શૈતાને તને છોડી આપ્યો" એ કોઈ બદ્બાતિન ઔરત હતી અને જેણે એવું અર્ઝ કર્યુ, "યા રસૂલલ્લાહ ! ﷺ આપના સાહબે આપને છોડી આપ્યા." એ કોઈ મો'મિના હતી. પ્રથમ કથન ઠઠ્ઠો મઝાક ઉડાડવા અને તકલીફ પહોંચાડવા માટે કહેવામાં આવ્યો છે. અને બીજો કૌલ અફસોસ તથા હમદર્દી પ્રદર્શિત કરવા માટેનું વાક્ય છે. પહેલીએ હે મુહમ્મદ ! કહ્યું અને બીજીએ યા રસૂલલ્લાહ ! ﷺ કહ્યું. પહેલીએ તમારો શૈતાન કહ્યું અને બીજાંએ તમારા સાહબ કહ્યું. તેણે કહ્યું **ترکك** અને તેણે અર્ઝ કર્યુ **ابطاك** એટલે આવવામાં મોડુ કર્યુ.

**કેટલા દિવસ વહી રોકાયી ?** : ઈસ્માઈલની રિવાયતમાં છે કે ચાલીસ દિવસ, ફરાઅની કિતાબુલ મઆનીમાં છે કે પંદર દિવસ. ઈબ્ને જરીહથી નકલ થયેલ છે કે બાર દિવસ. એક કૌલ એ છે કે વીસ દિવસ. આ કથનો અને પ્રથમ રિવાયતમાં ટકરાવ નથી, કેમ કે એક બે રાત તહજ્જુદ ન પઢી, શક્ય છે શરૂમાં આદત પ્રમાણે તહજ્જુદ પઢતા રહ્યા હોય, જ્યારે મોડુ ઘણુ થયું (વહીમાં), બેચૈની તથા ગભરાહટ અધિક થઈ અથવા કોઈ બીમારી થઈ ગઈ તો બે એક રાત તહજ્જુદ ન પઢી હોય.

# حدیث ۶۷۷

[હદીષ : ૬૭૭]

اَخْبَرَنِیْ عَلِیُّ بْنُ الْحُسَیْنِ اَنَّ حُسَیْنَ بْنَ عَلِیٍّ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا

"હઝરત ઈમામ ઝયનુલ આબિદીન અલી ઈબ્ને હુસૈને ખબર આપી કે હઝરત ઈમામ હુસૈન બિન અલીએ

اَخْبَرَهٗ اَنَّ عَلِیَّ بْنَ اَبِیْ طَالِبٍ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَخْبَرَهٗ اَنَّ رَسُوْلَ اللّٰهِ

ખબર આપી કે હઝરત અલી ઈબ્ને અબૂ તાલિબ رضی اللہ عنہ એ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺ એક રાતે તેમની

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ طَرَقَهٗ وَفَاطِمَةَ بِنْتَ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

તથા હઝરત ફાતિમાની પાસે તશરીફ લાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો, તમે બંનેવ નમાઝ નથી પઢતાં ? તો મેં

لَیْلَةً فَقَالَ اَلَا تُصَلِّیَانِ فَقُلْتُ یَارَسُوْلَ اللّٰهِ اَنْفُسُنَا بِیَدِ اللّٰهِ فَاِذَا شَاءَ اَنْ یَّبْعَثَنَا

અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારી જાન અલ્લાહના કબજામાં છે, જ્યારે ચાહે છે કે અમને ઉઠાડી આપે

بَعَثَنَا فَانْصَرَفَ حِیْنَ قُلْتُ ذٰلِكَ وَلَمْ یَرْجِعْ اِلَیَّ شَیْئًا ثُمَّ سَمِعْتُهٗ وَهُوَ مُوَلٍّ یَّضْرِبُ

તો ઉઠી જઈએ છીએ. જ્યારે મેં આવું અર્ઝ કર્યું તો હુઝૂર પરત થઈ ગયા અને મને કાંઈ ન કહ્યું. પછી જ્યારે

فَخِذَهٗ وَهُوَ یَقُوْلُ وَكَانَ الْاِنْسَانُ اَكْثَرَ شَیْءٍ جَدَلًا ـ ع

ચહેરો મુબારક ફેરવી લીધો તો મેં સાંભળ્યું કે પોતાની જાંગ મુબારક પર હાથ મારી રહ્યા હતા અને

એવું ફર્માવી રહ્યા હતા કે માણસ દરેક ચીજથી અધિક ઝઘડાળુ છે."

(બુખારી ૧/૧૫૨ તહજ્જુદ, ૨/૬૮૭ તફસીરે સૂરએ કહફ, અલ એઅ્તિસામ–૧૦૯૧૧, ૧૧૧૨, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત)

## સમજૂતી : ૬૭૭

આ હદીષથી આ મસાઈલ જાણવા મળ્યા : તહજ્જુદ ફર્ઝ નથી નફ્લ છે પણ એટલી મોઅક્કદ છે કે હુઝૂરે અક્દસ ﷺ એના પર પ્રોત્સાહિત કરવાના માટે રાતમાં હઝરત અમીરુલ મો'મિનીન શેરે ખુદાના દોલતકદા પર તશરીફ લઈ ગયા. એમાં હઝરત અશદુલ્લાહનો ફઝ્લો કમાલ જાહેર થાય છે કે એવો બનાવ જેમાં એમની કાંઈક શાનના વિરુદ્ધ વાત હતી છતાં તેમણે તેને જાહેરમાં વર્ણન કરી આપી. આયતે કરીમા **وَكَانَ الْاِنْسَانُ اَكْثَرَ شَیْءٍ جَدَلًا** માં **الانسان** પોતાની સામાન્યપણા પર છે, એમાં મો'મિન કાફિર સૌ સામેલ છે.

# حديث ٦٧٨

**[હદીષ : ૬૭૮]**

عَنْ عَائِشَةَ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ اِنْ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એક અમલ છોડી આપતા*

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَيَدَعُ الْعَمَلَ وَهُوَ يُحِبُّ اَنْ يَّعْمَلَ بِهٖ خَشْيَةَ اَنْ يَّعْمَلَ بِهِ النَّاسُ فَيُفْرَضَ

*હતા જ્યારે કે એને કરવું નાપસંદ કરતા હતા એ અંદેશાના કારણે કે લોકો તે અમલ કરશે તો તેમના પર ફર્ઝ*

عَلَيْهِمْ وَمَا سَبَّحَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ سُبْحَةَ الضُّحٰى قَطُّ وَاِنِّىْ لَاُسَبِّحُهَا ۔

*કરી દેવામાં આવશે અને રસૂલુલ્લાહ ﷺએ ચાશતની નમાઝ કદી નથી પઢી અને હું તેને પઢું છું."*

*(અત્તહજ્જુદ-૧૫૨, ૧૫૮, મુસ્લિમ, અબૂ દાઊદ તથા નિસાઈ)*

**સમજૂતી : ૬૭૮**

અહીં એવું છે કે ઉમ્મુલ મો'મિનીન ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ નમાઝે ચાશત નથી પઢી અને પ્રકરણ **من لم يصل الضحى**માં છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ચાશતની નમાઝ પઢતા નથી જોયા. એના પર અહીંની રિવાયત પણ આધારિત છે. એટલા માટે કે મુસ્લિમ (૧/૨૪૮ સલાત)માં તેમનાથી મરવી છે કે જો સફરથી આવત તો પઢતા. તેમજ એમાં (૨૪૯) જ તેમનાથી એ પણ છે કે રસૂલુલ્લાહ ﷺ ચાશતની નમાઝ ચાર રકાત પઢતા અને જેટલી ચાહતા વધારી આપતા. કેમ કે નમાઝે ચાશતનો સમય તે છે કે એ વખતે હુઝૂર દૌલત ખાના (ઘર)માં તશરીફ રાખતા ન હતા, સામાન્યતઃ બહાર કે મસ્જિદમાં અથવા કોઈ સહાબીના ઘરે રહ્યા કરતા હતા અને ઉમ્મુલ મો'મિનીને ત્યાં નવ દિવસમાં કેવળ એક દિવસ રોકાણ રહેતું એટલા માટે એમને ચાશતની નમાઝ પઢતા જોવાનો સંજોગ નથી બન્યો. પરંતુ બીજાઓથી સાંભળીને ઈલ્મ થયો કે ચાર રકાત કે એનાથી વધુ પઢતા હતા. અથવા મતલબ એ છે કે પાબંદીની સાથે એ રીતે કે કદી કઝા ન થાય એ રીતે પઢતા ન હતા, જેના માટે હદીષમાં નિર્દેશ મૌજૂદ છે : ફર્માવે છે કે હુઝૂરે અક્દસ ﷺ એક કામને છોડી આપતા હતા. તો છોડવું અમલ પછી જ થશે.

**ચાશતની નમાઝની કેટલી રકાતો છે ? :** હમણા વર્ણન થઈ ચૂક્યું કે હુઝૂરે અક્દસ ﷺ ચાર રકાત પઢતા અને જેટલી ચાહતા વધારી આપતા. હઝરત ઉમ્મે હાનીની હદીષમાં છે કે આઠ રકાતો પઢી, કમસે કમ બે રકાતો પણ આવી છે. હઝરત અબૂઝર અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما ની હદીષમાં બે જ રકાતો આવેલી છે. *(મુસ્લિમ ૧/૨૫૦ સલાત)* હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એને બિદઅત કહેતા હતા. ક્યારેક ફર્માવતા સારી બિદઅત છે ક્યારેક ફર્માવતા : **ماابتدع المسلمون بدعة افضل منها** "મુસલમાનોએ એનાથી સારી કોઈ બિદઅત નથી કાઢી." *(ઉમ્દતુલ ક઼ારી, ૭/૨૪૧)* એનાથી જાણવા મળ્યું કે કોઈ મુસ્તહબ કામના માટે કોઈ ખાસ તરીક઼ો અને સમય નિશ્ચિત કરી લેવાથી તે બિદઅતે સૈયિઅહ્ (બુરી) તથા હરામ નથી થઈ જતુ, મુસ્તહબ જ રહે છે.

# حدیث ۶۷۹

**[હદીષ : ૬૭૯]**

سَمِعْتُ الْمُغِیْرَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ یَقُوْلُ اِنْ کَانَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی

''હઝરત મુગીરા બિન શઅબા رضی اللہ عنہ ફર્માવતા હતા, નબી صلی اللہ علیہ وسلم એટલી નમાઝ પઢતા હતા કે

عَلَیْہِ وَسَلَّمَ لَیَقُوْمُ اَوْ لَیُصَلِّیْ حَتّٰی تَرِمَ قَدَمَاہُ اَوْ سَاقَاہُ فَیُقَالُ لَہٗ فَیَقُوْلُ اَفَلَا

હુઝૂરના પગો અથવા હુઝૂરની પિંડલીઓમાં સોજા થઈ જતા હતા. ખિદમતે અક઼દસમાં અર્ઝ કરવામાં

اَکُوْنُ عَبْدًا شَکُوْرًا ؏

આવતી તો ફર્માવતા, શું હું શુક્રગુઝાર બંદો ન બનું ?!''

(બુખારી ૧/૧૫૨ તહજ્જુદ, ૨/૭૧૬ તફસીરે સૂરએ ફતહ, અર્રિક઼ાક઼–૯૮૫, મુસ્લિમ, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત, મુસ્નદે ઈમામ–અહમદ, ૪/૨૫૧)

# حدیث ۶۸۰

**[હદીષ : ૬૮૦]**

اَنَّ عَمْرَو بْنَ اَوْسٍ اَخْبَرَہٗ اَنَّ عَبْدَ اللّٰہِ بْنَ عَمْرِو بْنِ الْعَاصِ

''હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર આસ رضی اللہ عنہما એ ખબર આપી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,

رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا اَخْبَرَہٗ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَ

તમામ નમાઝોથી વધુ અલ્લાહ عزوجل ને મહબૂબ દાઊદની નમાઝ છે અને સર્વ રોઝાઓથી વધીને અલ્લાહને

**સમજૂતી : ૬૭૯** قدماہ اوساقاہ આ રાવીનો શક છે બંનેમાં વિરોધાભાસ નથી. વધુ વાર ઊભા રહેવાથી પગોમાં પણ વરમ આવી જાય છે અને પિંડલીમાં પણ. આમ તો ખલ્લાદની રિવાયતમાં વિના શંકાએ قدماہ છે.

**فیقال** : બઝ્ઝાર હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી એની તફસીલ આ પ્રમાણે છે : ''એના પર અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તમે આવું કરો છો ! જ્યારે કે અલ્લાહ عزوجل ના તરફથી હુઝૂરના બારામાં તો આવી ચૂક્યું છે : અલ્લાહ તઆલાએ આપને દરેક લગ્ઝિશથી મેહફૂઝ ફર્માવી આપ્યા.''

**افلا اکون** : મતલબ એ છે કે મારા પર અલ્લાહ عزوجل નાં જે અસંખ્ય એહસાનો તથા ઈનામો છે એનો શુક્ર અદા કરવાના માટે આટલી ઈબાદત કરું છું.

**સમજૂતી : ૬૮૦** કેમ કે માણસ પર નમાઝ તથા રોઝા ઉપરાંત અન્ય પણ ફર્ઝો લાગુ થયેલા છે, દા.ત. બીવી બચ્ચાંનો ઉછેર, જેહાદ, હજ્જ વગેરે, અને હમેશાં રાતભર જાગવાથી સતત રોઝા રાખવાથી એ ચીજોમાં દખલ ઉભી થશે અને કમજોરીના કારણે તેની અદાયગી થઈ શકશે નહીં, એટલા માટે દાઊદની નમાઝ તથા

لہٗ اَحَبُّ الصَّلٰوۃِ اِلَی اللّٰہِ صَلٰوۃُ دَاؤُدَ وَاَحَبُّ الصِّیَامُ اِلَی اللّٰہِ صِیَامُ دَاؤُدَ

પસંદ હઝરત દાઊદના રોઝા છે. અડધી રાત સુધી અને ૧/૩ રાત સુધી ક઼યામ કરતા અને

وَکَانَ یَنَامُ نِصْفَ اللَّیْلِ وَیَقُوْمُ ثُلُثَہٗ وَیَنَامُ سُدُسَہٗ وَیَصُوْمُ یَوْمًا وَّیُفْطِرُ یَوْمًا

સારા હિસ્સામાં સૂતા અને એક દિવસ રોઝો રાખતા અને એક દિવસ ઈફ્તાર કરતા."

**حدیث ٦٨١** سَمِعْتُ مَسْرُوْقًا قَالَ سَأَلْتُ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا اَیُّ الْعَمَلِ

**[હદીષ : ૬૮૧]** "ઈમામ મશ્‌રૂક઼ે કહ્યું, મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી પૂછયું,

کَانَ اَحَبَّ اِلَی النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ قَالَتِ الدَّائِمُ قُلْتُ مَتٰی

નબી ﷺ ને કયો અમલ સૌથી વધુ મહબૂબ હતો ? ફર્માવ્યું, જે હમેશાં કરવામાં આવે. મેં અર્ઝ કરી,

کَانَ یَقُوْمُ قَالَتْ یَقُوْمُ اِذَا سَمِعَ الصَّارِخَ ۔ ع

ક્યારે તહજ્જુદ પઢતા હતા ? ફર્માવ્યું, જ્યારે મરઘાનો અવાજ સાંભળતા."

(અત્તહજ્જુદ–૧૫૨, ૨/૯૫૭ રિક઼ાક઼, મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ–સલાત)

**حدیث ٦٨٢** عَنْ اَبِیْ سَلَمَۃَ عَنْ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا قَالَتْ مَا اَلْفَاہُ السَّحَرُ

**[હદીષ : ૬૮૨]** ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, નબી ﷺ ની

عِنْدِیْ اِلَّا نَائِمًا تَعْنِی النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ع

સવાર મારે ત્યાં હમેશાં સૂવાની હાલતમાં થઈ." (ઉપર મુજબ, મુસ્લિમ અબૂ દાઊદ, ઈબ્ને માજહ–સલાત)

દાઊદના રોઝા મહબૂબ થયા. તેમજ હમણા આવી રહી છે કે પાબંદી સાથેના અમલો અધિક મહબૂબ છે શરૂ કરીને છોડી દેવાની સરખામણીમાં અથવા ખંદક કરીને કરવામાં આવે. અને હમેશાં રાતભર જાગવાથી, સતત રોઝા રાખવામાં હમેશગી ન થઈ શકશે એટલા માટે સૌમે દાઊદ તથા સલાતે દાઊદ અફઝલ છે.

## સમજૂતી : ૬૮૧–૬૮૨

મુહમ્મદ બિન નાસિરે કહ્યું, મરઘાની આદત એ છે કે તે અડધી રાતે બોલે છે. હવે એ હઝરત ઈબ્ને અબ્બાસની હદીષના વિરૂધ્ધ ન થશે જેમાં વર્ણન છે કે, "જ્યારે અડધી રાત થઈ ગઈ અથવા કાંઈક ઓછી થઈ કે વધારે." ઈબ્ને બતાને કહ્યું, "જ્યારે ત્રીજા ભાગની (૧/૩) રાત રહી જાય છે જ્યારે બોલે છે. અનુભવ એની જ સાક્ષી પૂરે છે." આ આધાર પર હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની હદીષનો ભાવાર્થ એ થશે કે ખાસ તે રાતે એ સમયે ઉઠયા. અને ઉમ્મુલ મો'મિનીનનો ઈર્શાદ એ મોટાભાગે આદતે કરીમા હતી એના પ્રમાણે છે. બીજી હદીષમાં نائمًا થી મુરાદ સૂતેલા રહેવું છે જેથી બીજી હદીષોના ટકરાવમાં ન થાય.

## حديث ٦٨٣

**[હદીષ : ૬૮૩]**

عَنْ عَبْدِاللّٰہِ قَالَ صَلَّیْتُ مَعَ النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ لَیْلَۃً

*"હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ એ કહ્યું, એક રાત મેં નબી ﷺની સાથે નમાઝ પઢી.*

فَلَمْ یَزَلْ قَائِمًا حَتّٰی ھَمَمْتُ بِاَمْرِ سَوْءٍ قُلْنَا مَا ھَمَمْتَ قَالَ ھَمَمْتُ اَنْ اَقْعُدَ

*હુઝૂર એટલી વાર સુધી ઉભા રહ્યા કે મેં એક અયબયુક્ત કામનો ઈરાદો કરી લીધો. અમે પૂછયું, શું ઈરાદો*

وَاَذَرَ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ع

*કરી લીધો હતો ? તો ફર્માવ્યું કે મેં ઈરાદો કરી લીધો કે બેસી જાઉં અને નબી ﷺને છોડી આપુ !"*

*(બુખારી ૧/૧૫૨/૧૫૩ અત્તહજ્જુદ, મુસ્લિમ સલાત, તિર્મિઝી–શમાઈલ, ઈબ્ને માજહ–સલાત)*

**સમજૂતી : ૬૮૩**

આ હદીષ પર પ્રકરણ એ છે કે તહજ્જુદમાં નમાઝને લાંબી પઢવી. પ્રકરણથી હદીષને સામ્યતા એ છે કે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ તંદુરસ્ત મજબૂત યુવાન હતા અને નબી ﷺના દીવાના અને પયરવીના શોખિન, છતાં તેમણે બેસવાનો ઈરાદો એ વખતે કર્યો હશે જ્યારે તે ખૂબ જ થાકી ગયા હશે, એટલા કે ઉભા રહેવું મુશ્કેલ થઈ ગયું હશે. એ ત્યારે જ થશે જ્યારે કે કયામ ખૂબ જ લાંબો હોય. હનફીઓને ત્યાં કયામને લાંબો કરવું રુકૂઅ તથા સજદાઓના વધારા કરતાં અફઝલ છે. જેમ કે મુસ્લિમ શરીફમાં છે કે હઝરત જાબિર رضی اللہ عنہએ બયાન કર્યું કે રસૂલુલ્લાહ ﷺથી પૂછવામાં આવ્યું, કઈ નમાઝ અફઝલ છે ? તો ઈર્શાદ ફર્માવ્યો : **طول القنوت** અને અબૂ દાઊદમાં હઝરત અબ્દુલ્લાહ બિન જશમી ખષ્મઈ رضی اللہ عنہની હદીષમાં છે : **طول القیام** આ હદીષે કુનૂતના અર્થની સ્પષ્ટતા કરી આપી કે એનાથી મુરાદ કયામ જ છે.

**اعتذار** : ત્યારબાદ ઈમામ બુખારી હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہની તે હદીષ લાવ્યા છે જેમાં એવું છે કે નબી ﷺ રાતમાં તહજ્જુદના માટે ઉઠતા તો પોતાનું મોઢું મિસ્વાકથી સાફ કરતા. આ હદીષ ભાગ–૨માં વર્ણન થઈ ચૂકી છે. એને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી.

ઈબ્ને મુનીરે કહ્યું કે ઈમામ બુખારીનો હેતુ એનાથી હઝરત હુઝૈફાની એ હદીષની યાદ અપાવવું છે જે ઈમામ મુસ્લિમે રિવાયત કરી છે. તે કહે છે કે, "મેં એક રાત નબી ﷺની સાથે નમાઝ પઢી. હુઝૂરે સૂરએ બકરહ શરૂ કરી દીધી. મેં મનમાં કહ્યું કે સો આયત પર રુકૂઅ કરશે ! હુઝૂર આગળ વધી ગયા. મેં કહ્યું (મનમાં) એક સૂરતને એક રકાતમાં પઢશે, હુઝૂર આગળ વધી ગયા ! મેં કહ્યું, આના પર રુકૂઅ કરશે. છેવટ સુધી." એના પર અલ્લામા અયનીએ ફર્માવ્યું કે એક હદીષથી કોઈ અજનબી હદીષની યાદ અપાવવું અતિ અજીબ છે. પછી ખૂદ એવું ફર્માવ્યું, થોડી સરખી મુનાસિબત (સામ્યતા) એ પેદા કરી શકાય છે કે આ હદીષમાં તહજ્જુદ માટે ઉઠવાનુ વર્ણન થયેલું છે અને આદતે કરીમા હતી કે તહજ્જુદમાં લાંબો કયામ કરતા હતા. અને લાંબા કયામના માટે લાંબી નમાઝ લાઝિમ છે. પણ એ દરેક શખ્સ પર જાહેર છે કે આ ચર્ચા પણ પ્રકરણની સાબિતી માટે ક્યાં સુધી પૂરતી છે.

حدیث ۶۸۴ عَنِ ابْنِ عَبَّاسٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھُمَا قَالَ کَانَ صَلٰوۃُ النَّبِیِّ صَلَّی اللّٰہُ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم ની નમાઝ [હદીષ : ૬૮૪]

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ ثَلٰثَ عَشَرَۃَ رَکْعَۃً یَعْنِیْ بِاللَّیْلِ عہ

૧૩ રકાત હતી એટલે રાતમાં." (અત્તહજ્જુદ બાબ કયફસલાતિલ લૈલ-૧૫૩, મુસ્નદે ઈમામ અહમદ ૧/૩૩૮)

حدیث ۶۸۵ عَنْ مَسْرُوْقٍ قَالَ سَأَلْتُ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا عَنْ صَلٰوۃِ

"ઈમામ મસરૂક઼ે કહ્યું મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી [હદીષ : ૬૮૫]

رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِاللَّیْلِ فَقَالَتْ سَبْعٌ وَّتِسْعٌ وَّاِحْدٰی

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની રાતની નમાઝના બારામાં પૂછયું તો તેમણે ફર્માવ્યું, સાત,

عَشَرَۃَ سِوٰی رَکْعَتَیِ الْفَجْرِ سہ

નવ તથા અગ્યાર ફજરની બે રકાત સિવાય." (ઉપર મુજબ)

حدیث ۶۸۶ عَنِ الْقَاسِمِ بْنِ مُحَمَّدٍ عَنْ عَائِشَۃَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا قَالَتْ کَانَ

ઈમામ ક઼ાસિમ બિન મુહમ્મદથી રિવાયત છે કે ઉમ્મુલ મો'મિનીન [હદીષ : ૬૮૬]

النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ یُصَلِّیْ مِنَ اللَّیْلِ ثَلٰثَ عَشَرَۃَ رَکْعَۃً مِّنْھَا

હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم રાતમાં તેર રકાતો પઢતા હતા

اَلْوِتْرُ وَرَکْعَتَا الْفَجْرِ عہ

એમાં જ વિત્ર તથા ફજરની બે રકાત સુન્નત હોતી." (ઉપર મુજબ)

**સમજૂતી : ૬૮૪-૬૮૫-૬૮૬**

હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلم તહજ્જુદની કેટલી રકાતો પઢતા હતા એના બારામાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી જે મરવી છે તે આ પ્રમાણે છે : તેમની આમ રિવાયતોમાં એ જ છે. કિતાબુલ ઈલ્મ બાબુસ્સમર બિલ ઈલ્મ અને કિતાબુલ અઝાન પ્રકરણ من یقوم عن یمین الامام માં છે કે પાંચ રકાતો પઢી. કિતાબુત્તફસીર પ્રકરણ قولہ، ان فی خلق السموت والارض ની પ્રથમ રિવાયતમાં છે કે ૧૧ રકાતો પઢી. એમાં ત્રણ વિત્રની કાઢી નાખવામાં આવે તો તહજ્જુદ દસ, આઠ બે રકાતો થાય છે. હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا ની હદીષ-૬૮૩માં અહીં આ પ્રમાણે છે : ૭, ૮, ૧૧ એમાંથી ત્રણ વિત્રની રકાતો કાઢી નાખવામાં આવે તો ક્રમાનુસાર ૪, ૬, ૮, રકાતો તહજ્જુદની થાય છે અને હદીષ ૬૮૨ નો પણ સાર એ જ છે કે આઠ છે પરંતુ જો વિત્રની એક રકાત માનવામાં આવે જેમ કે ઈમામ શાફઈનો મઝહબ છે તો એ હદીષથી પણ ૧૦ રકાત તહજ્જુદની નમાઝ

સાબિત થઈ શકે છે. હઝરત ઈબ્ને અબ્બાસ તથા હઝરત ઉમ્મુલ મો'મિનીનની એ તમામ હદીષોનો સાર એ થયો કે કમસે કમ બે રકાત અને વધુમાં વધુ દસ રકાત હુઝૂરે અક઼દસ ﷺએ તહજ્જુદની નમાઝ પઢી. સૂફિયાએ કિરામ ૧૨ રકાતો પઢે છે. લગભગ એમનો પાયો એના પર છે કે ઈમામ શાફઈ رحمة الله عليهને ત્યાં વિત્રની કેવળ એક રકાત છે, એક રકાત વિત્ર બાદ કર્યા બાદ ૧૨ રકાતો તહજ્જુદની થઈ ગઈ. તેર રકાતમાં વિત્ર પણ સામેલ છે. એના પર હદીષ ૬૮૪ અને મોઅત્તા (સલાત–૪૮)ની આ હદીષ દલીલ છે કે ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું કે હુઝૂરે અક઼દસ ﷺ તેર રકાતો પઢતા હતા. પછી જ્યારે સવારની અઝાન સાંભળતા તો બે રકાતો પઢતા. તેમજ મુસ્નદે ઈમામ અહમદ (ફત્હુલ ક઼દીર, ૪/૧૭) અને અબૂ દાઊદ (૧/૧૯૩ સલાત)માં હઝરત ઉમ્મુલ મો'મિનીનથી જ મરવી છે કે હુઝૂરે અક઼દસ ﷺ વિત્ર ક્યારેક ચાર તથા ત્રણ પઢતા, ક્યારેક છ અને ત્રણ, ક્યારેક આઠ અને ત્રણ ક્યારેક દસ અને ત્રણ. તેરથી વધુ અને સાતથી ઓછી પઢતા ન હતા.

નિસાઈ (૧/૨૫૦ ક઼યામુલ્ લૈલ)માં હઝરત ઉમ્મુલ મો'મિનીનથી જ મરવી છે કે નવ રકાતો પઢતા હતા. જ્યારે ઉમર મુબારક અધિક થઈ ગઈ સાત રકાતો પઢવા લાગ્યા હતા. હમણા બાબે ક઼યામે રમઝાનમાં આવી રહ્યું છે કે ફર્માવ્યું, નબી ﷺ રમઝાન હોય કે અન્ય કોઈ મહિનો અગ્યાર રકાતથી વધુ પઢતા ન હતા. આ બધાના વર્ણનથી અમારો હેતુ એ છે કે તહજ્જુદની રકાતોના બારામાં વિવિધ રિવાયતો આવી છે. ખૂદ હઝરત ઉમ્મુલ મો'મિનીનથી જે રિવાયતો આવી છે તેમનામાં પણ મતભેદ છે. એ સર્વનો સાર એ છે કે તેની સંખ્યા નિશ્ચિત ન હતી, વિવિધ સંજોગોમાં વિવિધ સંખ્યા રહી. બીમારી, થાક, ઉમર, સમયના લેહાઝથી સંખ્યામાં ઘટાડો વધારો થતો રહ્યો. એ જ વાત રકાતોની સંખ્યામાં મતભેદનો સબબ બની ગઈ. હુઝૂરે અક઼દસ ﷺ કદી કદી વિત્ર બાદ બે રકાત નફ્લ પઢયા કરતા હતા. (ઉપર મુજબ) ફજરની સુન્નતો સિવાય, શક્ય છે અમુક રાવીઓએ એને મિલાવીને ૧૩ કરી આપી હોય.

## તઅલીક઼ : ૨૧૭ની સમજૂતી

સૂરએ મુઝ્ઝમ્મિલમાં આવ્યું છે : إِنَّ نَاشِئَةَ اللَّيْلِ هِيَ أَشَدُّ وَطْأً وَأَقْوَمُ قِيلًا ''બેશક ! રાતનું ઉઠવું ખૂબ જ અધિક જીભ તથા દિલમાં મળતાપણુ પેદા કરે છે અને વાત ખૂબ જ સહીહ કાઢનારો છે.'' હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماએ ફર્માવ્યું : نَاشِئَةનો માદ્દો نشأ છે, જેનો અર્થ ઉઠવું પણ છે. અને આ શબ્દ હબ્શામાં પણ ઉઠવાના અર્થમાં જ બોલવામાં આવે છે. એ મતલબ નથી કે હબ્શીઓથી અરબે લીધો છે અને જે نشأ, قامના અર્થમાં છે તે મૂળ હબ્શાનો છે. એટલા માટે કે સહીહ એ છે કે કુર્આને કરીમના સર્વ કલિમાઓ મૂળ અરબી છે કોઈ કલિમો અસલ અજમીનો નથી. અને જે અમુક કલિમાના બારામાં અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)એ ફર્માવ્યું છે કે ફલાણી ઝબાન (ભાષા)ના છે, એનો મતલબ એ છે કે તે ભાષાઓમાં વપરાય છે, આ જ જમહૂર ઉમ્મતનો મઝહબ છે.

કુર્આન મજીદમાં કોઈ ગૈર અરબી શબ્દ (કલમો) નથી. એના પર ક઼તઈ દલીલ એ છે કે **કુર્આન મજીદે પોતાના મુન્કિરોને ચેલેંજ કરી કે જો તમે એને કલામે ઈલાહી નથી માનતા અને એવું કહો છો કે હઝરત મુહમ્મદ ﷺનું જ કલામ છે તો તમે લોકો પણ એમના જેમ અરબી છો તો એની એક નાની સૂરતની જેમ લાવો ! પણ તેઓ લાચાર રહ્યા અને ન લાવી શક્યા.** હવે જો કુર્આન મજીદના અમુક કલિમાતને ગૈર અરબી માની લેવામાં આવે તો તેઓ કહી શકતા હતા કે એમાં અજમી કલિમા છે અને

અમે અજમી ભાષાથી વાકેફ નથી એટલા માટે એના સમાન કલામ માટે કાદિર નથી. આ તઅલીક઼ને અબ્દ બિન હમીદે પોતાની તફસીરમાં મુત્તસિલ સનદની સાથે વર્ણવી છે. અને وطأً નો અર્થ مواطاةً للقران એટલે કુર્આનનું કાન, આંખ, દિલના માફક હોવું. મતલબ એ થયો કે જો મુસ્હફથી જોઈને પઢશે તો નજર ચૂકશે નહીં, જે લખ્યું છે તેને સહીહ સહીહ જોશે અને જીભ તેને સહીહ સહીહ અદા કરશે, ધ્યાનથી સાંભળશે અને એનો વિષય (વાત) દિલમાં જામશે, તેના અર્થો દિલમાં ઉતરશે. આ ઈમામ બુખારીની તફસીર છે. અલ્લામા અયનીએ સમરકંદીના હવાલાથી તેના અર્થો અષકલ નક઼લ કર્યા છે. આ તઅલીક઼ને અબ્દ બિન હમીદે ઈમામ મુજાહિદથી મૌસૂલન વર્ણવી છે. ليواطئواليوافقوا : આ સૂરતે બરાઅતની આયતે કરીમા يُحِلُّوْنَهٗ عَامًا وَّ يُحَرِّمُوْنَهٗ عَامًا لِّيُوَاطِئُوْا عِدَّةَ مَا حَرَّمَ اللّٰهُ ـ فَيُحِلُّوْا مَا حَرَّمَ اللّٰهُ "એક વરસ એને હલાલ ઠરાવે છે અને એક વરસ એને હરામ, જેથી અલ્લાહે જેટલા મહિનાઓને હરામ ફર્માવ્યા છે તેની સંખ્યા પૂરી કરી લે. અને અલ્લાહે જેને હરામ કર્યું એને હલાલ બનાવી લે." (૩૭) આ આયતમાં لِيُوَاطِئُوا નો અર્થ لِيُوَافِقُوا છે, એટલે સમાન (બરાબર) બનાવી છે. આ તઅલીક઼ને તબરીએ હઝરત ઈબ્ને અબ્બાસથી મુત્તસિલ સનદ સાથે વર્ણવી છે. અલ્બત્ત તબરીમાં ليوافقوا ના બદલે ليتنابهوا છે.

**નમાઝે તહજ્જુદની ફર્ઝિયત અને નસ્ખ (હુકમ ઉઠી જવું)** : સૂરએ મુઝ્ઝમ્મિલના નુઝૂલ પછી તહજ્જુદ હુઝૂરે અક઼દસ ﷺ પર પણ અને સહાબા પર પણ વાજિબ તથા ફર્ઝ હતી. ઈર્શાદ છે : يٰاَيُّهَا الْمُزَّمِّلُ قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا ـ نِّصْفَهٗٓ اَوِانْقُصْ مِنْهُ قَلِيْلًا اَوْزِدْعَلَيْهِ وَرَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا "પોતાના શરીર પર કંબલ લપેટનાર ! રાતમાં ક઼યામ કરો પણ થોડી સરખી રાત, અડધી અથવા કાંઈક કમ કરો કે વધુ. અને કુર્આન ખૂબ અટકી અટકીને પઢો."

સાલભર સુધી આ હુકમ બાકી રહ્યો પછી એ જ સૂરએ મુબારકાની આખરી આયતથી ફર્ઝિયત તથા વાજિબ હોવુ મન્સૂખ થઈ ગયું. ઈર્શાદ છે :–

اِنَّ رَبَّكَ يَعْلَمُ اَنَّكَ تَقُوْمُ اَدْنٰى مِنْ ثُلُثَيِ الَّيْلِ وَنِصْفَهٗ وَثُلُثَهٗ وَطَآئِفَةٌ مِّنَ الَّذِيْنَ مَعَكَ وَاللّٰهُ يُقَدِّرُ الَّيْلَ وَالنَّهَارَ عَلِمَ اَنْ لَّنْ تُحْصُوْهُ فَتَابَ عَلَيْكُمْ فَاقْرَؤُا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ عَلِمَ اَنْ سَيَكُوْنُ مِنْكُمْ مَّرْضٰى وَاٰخَرُوْنَ يَضْرِبُوْنَ فِى الْاَرْضِ يَبْتَغُوْنَ مِنْ فَضْلِ اللّٰهِ وَاٰخَرُوْنَ يُقَاتِلُوْنَ فِىْ سَبِيْلِ اللّٰهِ فَاقْرَؤُا مَاتَيَسَّرَ مِنْهُ وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَاَقْرِضُوا اللّٰهَ قَرْضًا حَسَنًا

"તમારો રબ જાણે છે કે તમે કદી ૨/૩ રાતની નજીક અને કદીક અડધી રાત અને કદીક ૧/૩ રાત ક઼યામ કરો છો અને તમારી સાથેવાળા પણ. અને અલ્લાહ રાત દિવસનો અંદાજો ફર્માવે છે. અને માલૂમ છે કે રાતનો હિસાબ ન લગાડી શકશો. તો એ પોતાની મહેરબાનીથી તમારી પર ધ્યાનિત થયો. હવે કુર્આનમાંથી જેટલુ તમારા માટે આસાન હોય પઢો. એને ખબર છે કે તમારામાં અમુક લોકો બીમાર હશે અને અમુક જમીન પર સફર કરશે અલ્લાહનો ફઝ્લ તલાશ કરવાના માટે અને કેટલાક લોકો ખુદાની રાહમાં જેહાદ કરશે. તો કુર્આનમાં છે જેટલુ તમારા પર આસાન હોય પઢો અને નમાઝ ક઼ાયમ રાખો અને ઝકાત આપો અને અલ્લાહને સારુ કરજ આપો."

ઈમામ મુસ્લિમે (૧/૨૫૬ મુસાફિરીન) સઅદ બિન હિશામ બિન આમિરથી રિવાયત કરી છે કે તેમણે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી નબી ﷺ ના ક઼યામુલ્લૈલ (રાતના ક઼યામ)ના બારામાં સવાલ કર્યો તો ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, શું તું يٰاَيُّهَا الْمُزَّمِّلُ નથી પઢતો ? મેં અર્ઝ કરી, હા ! પઢુ છું. તો ફર્માવ્યું કે અલ્લાહ ﷻ એ આ સૂરતના શરૂમાં ક઼યામુલ્લૈલને ફર્ઝ કરી. અલ્લાહના નબી તથા તેમના સહાબાએ એક વરસ

કયામ કર્યો. અને તેના અંતનો હિસ્સો બાર મહિના સુધી અલ્લાહે આસ્માનમાં રોકી રાખ્યો ત્યાં સુધી કે અલ્લાહ ﷻએ આ સૂરતના અંતમાં ઘટાડો નાઝિલ કર્યો જેથી રાતનો કયામ ફર્ઝને બદલે નફ્લ થઈ ગયો. નિસાઈ (૧/૨૩૭ સલાત) તથા મુસ્નદે ઈમામ અહમદ (૬/૪૫)માં આટલુ અધિક છે કે અલ્લાહના નબી ﷺ અને તેમના સહાબાએ કયામ કર્યો ત્યાં સુધી કે તેમના કદમ સુજી ગયા.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની તફસીરમાં છે : **قُمِ الَّيۡلَ** "રાતે કયામ કરો" એટલે પૂરી રાત પણ કાંઈક ઓછો. તો એ નબી ﷺ તથા સહાબા પર ભારે રહ્યું. અને તેઓ પૂરી રાત કયામ કરતા, અને કાંઈક કમની હદ નિશ્ચિત ન કરી શક્યા. એના પર અલ્લાહ તઆલાએ **نِصۡفَهٗۤ اَوِ انۡقُصۡ مِنۡهُ قَلِيۡلًا** નાઝિલ કરી, એ પણ એમના માટે સખત હતું. હજી પણ આખી રાત કયામ કરતા અને તેમના પગો સુજી ગયા. અને એ પંજગાના નમાઝો પહેલાં હતું. સાલભર એ હઝરાત એ જ કરતા રહ્યા. પછી અલ્લાહ તઆલાએ તેનો નાસિખ (આગલો હુકમ હટાવનાર) નાઝિલ કર્યો, એટલે **عَلِمَ اَنۡ لَّنۡ تُحۡصُوۡهُ** "તમે લોકો ત્રીજા ભાગની તથા ચોથા ભાગનો અંદાઝો નથી કરી શકતા." જ્યારે પંજગાના નમાઝ ફર્ઝ કરવામાં આવી તો રાતના કયામની ફર્ઝિયત મન્સૂખ થઈ ગઈ. જેમ કે ઝકાતે દરેક સદકા અને રમઝાનના રોઝાએ દરેક રોઝાની ફર્ઝિયત મન્સૂખ કરી દીધી.

અલ્લામા ઈબ્ને જવઝીની તફસીરમાં છે કે આ અંદેશાના કારણે અમને ત્રીજા ભાગની તથા અડધી રાતના કયામનો હુકમ થયો અને એનો અંદાઝો ન થઈ શકતો હતો જેથી લોકો રાતભર કયામ કરતા, એ ઘણુ જ અઘરુ હતું. તો અલ્લાહ ﷻએ એક સાલ બાદ ત્રીજા ભાગની અથવા અડધી રાત સુધી પોતાના આ ઈર્શાદ **عَلِمَ اَنۡ لَّنۡ تُحۡصُوۡهُ فَتَابَ عَلَيۡكُمۡ فَاقۡرَءُوۡا مَا تَيَسَّرَ مِنَ الۡقُرۡاٰنِ** "અલ્લાહને ખબર છે કે તમે લોકો અંદાજો નહીં કરી શકો તો એણે તમારા પર મહેરબાની ફર્માવી, હવે જેટલું આસાન હોય કુર્આન પઢો, જેટલીવાર થઈ શકે નમાઝ પઢો, જો એટલીવાર જેટલી વારમાં બકરી દોહી લેવામાં આવે છે, પણ કયામુલ લૈલ (રાતનો કયામ) હજી પણ વાજિબ રહ્યો. પછી એને વાજિબ હોવાને સાલભર પછી પંજગાના નમાઝ ફર્ઝ કરીને મન્સૂખ કરી આપ્યો, જેથી વાજિબ રહેવામાં અને ઘટાડામાં વરસભરનું અંતર રહ્યું. અને વાજિબ હોવું પૂર્ણપણે મન્સૂખ થવામાં બે વરસ થયાં.

**વાતનો ખુલાસો** : આ સર્વનો સાર એ થયો કે સૂરએ મુઝ્ઝમ્મિલમાં ત્રણ નાસિખ તથા ત્રણ મન્સૂખ છે. પ્રથમ **قُمِ الَّيۡلِ**થી પૂરી રાતનો કયામ ફર્ઝ થયો. પછી **نِصۡفَهٗۤ اَوِ انۡقُصۡ مِنۡهُ قَلِيۡلًا اَوۡ زِدۡ عَلَيۡهِ** થી પૂરી રાતનો કયામ મન્સૂખ થયો અને કમસે કમ ૧/૩ રાતનો ફર્ઝ રહ્યો. પછી **فَاقۡرَءُوۡا مَا تَيَسَّرَ مِنَ الۡقُرۡاٰنِ**થી ૧/૩ રાતનો કયામ મન્સૂખ થયો. અને શક્તિ પ્રમાણેનો ફર્ઝ થયો. પછી **اَقِيۡمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ**થી કયામુલ લૈલની ફર્ઝિયત ઉમ્મતના હક્કમાં સંપૂર્ણપણે મન્સૂખ થઈ ગઈ, અને નફલ થઈ ગઈ. **هٰذَا ما عندی والعلم بالحق عند ربی وعلمه جل مجده اتم واحکم** સહીહ આ છે : તહજ્જુદની નમાઝ હુઝૂરે અકદસ ﷺ પર પંજગાના નમાઝની ફર્ઝિયત પછી પણ ફર્ઝ રહી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما (ઉમ્દતુલ કારી ૭/૧૮૯)થી કૌલ રિવાયત થયેલ છે. જેમ કે ઈર્શાદ છે : **وَمِنَ الَّيۡلِ فَتَهَجَّدۡ بِهٖ نَافِلَةً لَّكَ** "અને રાતના અમુક હિસ્સામાં તહજ્જુદ પઢો, ખાસ આપના માટે અધિક છે." *(બની ઈસ્રાઈલ-૭૯)*

અલ્લામા મુહમ્મદ બિન અબ્દુલબાકી ઝુર્કાની શરહે મવાહિબ (૧/૨૩૬)માં લખે છે :-

**الذی علیه الجمهور واکثرا صحاب الشافعی وغیرهم انه لم ینسخ لقوله تعالٰی ومن اللیل فتهجد به نا فلة لك ای عبادة ذائدة فی فرأضك۔**

"જમહૂર તથા મોટાભાગના શાફઈ અસ્હાબ વગેરેનો મઝહબ એ છે કે આ હુઝૂરે અકદસ ﷺના હક્કમાં મનસૂખ ન થયું. અલ્લાહ ﷻના આ ઈર્શાદના કારણે, "અને રાતના અમુક હિસ્સામાં તહજ્જુદ પઢો" ખાસ આપના માટે વધુ છે એટલે આપના ફર્ઝોમાં અધિક ઈબાદત."

# حدیث ۶۸۷

**[હદીષ : ૬૮૭]**

عَنْ حُمَيْدٍ اَنَّهٗ سَمِعَ اَنَسًا يَّقُوْلُ كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺ મહિનામાં રોઝા ન રાખતા હતા ત્યાં સુધી કે અમે*

وَسَلَّمَ يُفْطِرُ مِنَ الشَّهْرِ حَتّٰى نَظُنَّ اَنْ لَّا يَصُوْمَ مِنْهُ وَيَصُوْمُ حَتّٰى نَظُنَّ اَنْ لَّا

*લોકો ગુમાન કરતા કે હવે આ મહિનામાં રોઝા રાખશે નહીં. અને રોઝા રાખતા તો એટલા કે અમે લોકો*

يُفْطِرَ مِنْهُ شَيْئًا وَكَانَ لَا تَشَاءُ اَنْ تَرَاهُ مِنَ اللَّيْلِ مُصَلِّيًا اِلَّا رَأَيْتَهٗ وَلَا نَائِمًا

*ગુમાન કરતા કે હવે રોઝા છોડશે નહીં. અને હુઝૂરનો એ હાલ હતો કે જો રાતમાં નમાઝ પઢતા જોવા ચાહતા*

اِلَّا رَأَيْتَهٗ ع ـه

*તો નમાઝ પઢતા જોતા અને સૂતેલા જોવા ચાહતા તો સૂતેલા જોતા." (તહજ્જુદ–૧૫૩, અસ્સૌમ–૨૬૪)*

**સમજૂતી : ૬૮૭**

કિતાબુસ્સૌમ સુલૈમાન બિન હબ્બાન અહમરના તરીક઼ાથી શરૂમાં આટલુ વધારે છે કે હમીદે કહ્યું, મેં હઝરત અનસ رضی اللہ عنہથી નબી ﷺના રોઝાના બારામાં પૂછયું તો હઝરત અનસે તે ઈર્શાદ ફર્માવ્યો. આ હદીષનો મતલબ એ છે કે સતત પૂરા મહિનાના રમઝાન સિવાય કોઈ મહિને રોઝા ન રાખતા અને ન કોઈ મહિનો રોઝાથી ખાલી રહેતો. આ જ ક઼યામુલ લૈલ (રાતની નમાઝ)નો હાલ હતો, ન આખી રાત ક઼યામ કરતા ન રાત ક઼યામથી ખાલી રહેતી, એનો સમય નિશ્ચિત ન હતો. અને તે જે હદીષ–૬૭૯માં વર્ણન થઈ ચૂક્યું કે ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું કે જ્યારે મરઘાનો અવાજ સાંભળતા તો ક઼યામુલ લૈલના માટે ઉઠતા. આ મોટાભાગની સ્થિતિના એતબારથી છે. **تَابَعَهٗ سُلَيْمَانُ وَاَبُوْ خَالِدٍ الْاَحْمَرُ عَنْ حُمَيْدٍ** "સુલૈમાન અને અબૂ ખાલિદ અહમરે હમીદથી રિવાયત કરતાં તેમના પ્રમાણે કર્યું."

સુલૈમાનથી મુરાદ સુલૈમાન બિન બિલાલ અબૂ ઐયૂબે અને અબૂ ખાલિદ સુલૈમાન બિન હબ્બાન અહમરે પણ રિવાયત કરી છે. આ બંનેની રિવાયતો કિતાબુસ્સૌમ પ્રકરણ **ما يذكر من صوم النبى صلى الله تعالىٰ عليه وسلم**માં મઝકૂર (વર્ણન થયેલ) છે. અબૂ ઐયૂબ સુલૈમાન બિન બિલાલની રિવાયત એનાથી તદન સામ્યતા ધરાવે છે, પણ અબૂ ખાલિદ સુલૈમાન બિન હબ્બાન અહમરની રિવાયતના શબ્દો બદલ્યા છે અને લખાણ પણ અધિક છે જે કિતાબુસ્સૌમમાં વર્ણન પામશે.

## حديث ٦٨٨

**[હદીષ : ૬૮૮]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ*

قَالَ یَعْقِدُ الشَّیْطَانُ عَلٰی قَافِیَةِ رَاْسِ اَحَدِکُمْ اِذَا هُوَ نَامَ ثَلٰثَ عُقَدٍ یَضْرِبُ

**ફર્માવ્યું કે તમારામાંથી કોઈ સૂતો રહે તો શૈતાન તેની બોચી પર ત્રણ ગાંઠો મારી આપે છે**

عِنْدَ کُلِّ عُقْدَةٍ عَلَیْكَ لَیْلٌ طَوِیْلٌ فَارْقُدْ فَاِنِ اسْتَیْقَظَ فَذَکَرَ اللّٰهَ انْحَلَّتْ

***અને દરેક ગાંઠના સમયે થપકારે છે, હજી લાંબી રાત બાકી છે, સૂતો રહે !** હવે જો તે જાગી*

عُقْدَةٌ فَاِنْ تَوَضَّاَ انْحَلَّتْ عُقْدَةٌ فَاِنْ صَلّٰی انْحَلَّتْ عُقْدَةٌ فَاَصْبَحَ نَشِیْطًا

*ગયો અને અલ્લાહનો ઝિક્ર કર્યો તો તો એક અધિક ગાંઠ ખુલી જાય છે, તો તે સ્ફૂર્તિ સાથે*

طَیِّبَ النَّفْسِ وَاِلَّا اَصْبَحَ خَبِیْثَ النَّفْسِ کَسْلَانَ عـه

*ખુશ હાલતમાં સવાર કરે છે, નહીં તો તે ઢીલો સુસ્ત રહે છે."*

*(બુખારી ૧/૧૫૩ અત્તહજ્જુદ, બદઉલ ખલ્ક઼-૪૬૩, મુસ્લિમ-સલાતુલ મુસાફિરીન, અબૂ દાઊદ તતૂઅ, ઈબ્ને માજહ-ઈક઼ામતુસ્સલાત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૨૪૩)*

**સમજૂતી : ૬૮૮**

અહીં પ્રકરણનું ટાઈટલ એ છે કે "શૈતાનનું માથાની બોચીમાં ગાંઠો લગાડવું જ્યારે કે રાતમાં નમાઝ ન પઢે." અને હદીષ આમ છે, ચાહે કોઈ નમાઝ પઢે ચાહે ન પઢે, જ્યારે સૂએ છે તો શૈતાન ગાંઠ મારે છે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે જ્યારે નમાઝ પઢવાથી ગાંઠ ખુલી ગઈ તો જાણે લાગી જ ન હતી એટલા માટે પ્રકરણને હદીષથી સામ્યતા છે.

**હું કહું છું :** બની શકે છે ઈમામ બુખારી આ હદીષને પોતાના ઉમૂમ (સામાન્યપણા) પર ન રાખતા હોય અને કેવળ એની સાથે ખાસ માનતા હોય જે ઈશાની નમાઝ પઢયા વિના સૂએ. આ ફાયદા માટે પ્રકરણમાં **اذا لم یصل**ની શર્ત લગાડી પણ આ ખાસ કરવાની કોઈ દલીલ નથી, એટલા માટે ધારો કે ઈમામ બુખારી એને ખાસ માનતા હોય તો તે સહીહ નથી.

**عقد** : દલીલોને જાહેરી અર્થમાં ધારવું જરૂરી છે જ્યાં સુધી જાહેરી અર્થથી ફેરવનારી કોઈ દલીલ ન હોય, અને એના માટે કોઈ દલીલ નથી જેથી જાહેરી અર્થ લેવું જ નિશ્ચિત થશે, ભલે આપણે એ ગાંઠને મેહસૂસ ન કરીએ. બલ્કે એનું સમર્થન બીજી હદીષથી થાય છે કે મુસ્નદે ઈમામ અહમદ (૨/૨૫૩)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી જ મરવી છે કે તમારી બોચી પર રસ્સી છે જેના પર ત્રણ ગાંઠ છે. તેમજ ઈબ્ને માજહ (ઈક઼ામહ-૯૫)માં પણ છે કે ફર્માવ્યું, તમારી બોચી પર રાતમાં શૈતાન ત્રણ ગાંઠ મારી આવે છે.

## حديث ٦٨٩

**[હદીષ : ૬૮૯]**

عَنْ عَبْدِاللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ ذُکِرَ عِنْدَ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم ની

عَلَیْهِ وَسَلَّمَ رَجُلٌ فَقِیْلَ مَازَالَ نَائِمًا حَتّٰی اَصْبَحَ مَاقَامَ اِلَی الصَّلٰوةِ

બારગાહમાં એક શખ્સની ચર્ચા થઈ અને એવું કહેવામાં આવ્યું કે **સવાર સુધી સૂઈ રહ્યો, નમાઝ માટે**

فَقَالَ بَالَ الشَّیْطَانُ فِیْ اُذُنِهٖ عسه

***ન ઉઠયો તો ફર્માવ્યું, શૈતાને એના કાનમાં પેશાબ કરી આપ્યો છે."***

*(અત્તહજ્જુદ-૧૫૩, બદઉલ ખલ્ક઼-૪૬૩, નિસાઈ, ઈબ્ને માજહ-સલાત)*

## حديث ٦٩٠

**[હદીષ : ૬૯૦]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ تَعَالٰی

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું,*

عَلَیْهِ وَسَلَّمَ قَالَ یَنْزِلُ رَبُّنَا تَبَارَكَ وَتَعَالٰی کُلَّ لَیْلَةٍ اِلَی السَّمَآءِ الدُّنْیَا حِیْنَ یَبْقٰی

*આપણો રબ તબારક વ તઆલા દર રાત્રે પ્રથમ આસ્માન પર ખાસ તજલ્લી ફર્માવે છે, જ્યારે કે*

### સમજૂતી : ૬૮૯

સહીહ એ જ છે કે એ પોતાના હક઼ીક઼ી અર્થ પર છે એટલે જ્યારે શૈતાન જોઈ લે છે કે મારું કામ કરી આપ્યું તો તેના કાનમાં પેશાબ કરી આપે છે તેને ઝલીલ કરવા તથા નીચો પાડવા માટે. મક઼સદ એ છે કે પેશાબ કરીને કાન બંધ કરી આપે છે કે અઝાન નથી સાંભળતો કે જેથી ઉઠીને નમાઝ પઢે. અને આ ફર્ઝ નમાઝ છોડનાર માટે છે.

### સમજૂતી : ૬૯૦

મુસ્નદે ઈમામ અહમદ (૨/૨૬૪)માં આટલુ વધારે છે, એટલા કારણે આખરી રાતની નમાઝ અવ્વલ (શરૂ) રાતની નમાઝ કરતાં અફઝલ છે. મુસ્લિમ (૧/૨૫૮)માં આટલુ અધિક છે, કોણ એવી જાતને ક઼ર્ઝ આપે છે જે ન નાદાર છે ન ઝાલિમ. અહીં રિવાયતો ત્રણ રીતની આવી છે : એક એ જ જે આ હદીષમાં મઝકૂર છે કે જ્યારે રાતનો અંતિમ ત્રીજો હિસ્સો બાકી રહે છે તો અલ્લાહ عزوجل......છેવટ સુધી. ઈમામ તિર્મિઝી (૧/૫૯ સલાત)એ એને અસ્સહ (સહીહ) કહ્યું. બીજુ એ કે જ્યારે રાતનો ૧/૩ ભાગ પસાર થઈ જાય છે તો અલ્લાહ جل جلالہ......છેવટ

ثُلُثُ اللَّيْلِ الْاٰخِرُ يَقُوْلُ مَنْ يَّدْعُوْنِيْ فَاَسْتَجِيْبُ لَهٗ مَنْ يَّسْاَلُنِيْ فَاُعْطِيَهٗ مَنْ

**આખરી અંતિમ ત્રીજા ભાગની રાત બાકી રહે છે ફર્માવે છે, કોણ મને પોકારે છે કે હું**

يَّسْتَغْفِرُنِيْ فَاَغْفِرَلَهٗ ع ه

**તેનો પોકાર સાંભળીશ ! કોણ મારાથી માંગે છે કે હું એને આપીશ !**

**કોણ મારાથી મગફિરત ચાહે છે કે હું તેને બખ્શી આપુ !"**

*(અત્તહજ્જુદ–૧૫૩, ૨/૯૩૬ અદ્દઅ્વાત, અત્તૌહીદ–૧૧૧૬, મુસ્લિમ–સલાતુલ મુસાફિરીન, અબૂ દાઊદ, તિર્મિઝી–સુન્નત, સલાત, ઈબ્ને માજહ–ઈક઼ામતુસ્સલાત, દારમી–સલાત, મુસ્નદે ઈમામ અહમદ ૨/૨૬૪)*

સુધી. એને પણ ઈમામ તિર્મિઝીએ રિવાયત કર્યું તથા અન્ય મુહદ્દિષોએ પણ. ત્રીજુ એ છે કે જ્યારે અડધી રાત રહી જાય છે અથવા અડધી રાત પસાર થઈ જાય છે...... એ ઈસ્માઈલ બિન જઅફર હમ્માદ બિન સલમા, ઈબ્ને ઈસ્હાકની રિવાયત છે. ચોથુ રદ કરવાની સાથે કે જ્યારે અડધી રાત થઈ જાય છે અથવા આખરી ત્રીજા ભાગની રાત......એ આ ઈમામ અવઝાઈની રિવાયત છે. પાંચમુ, જ્યારે અડધી કે ૧/૩ રાત વહી જાય છે......એ મુહમ્મદ બિન જઅફર (આ પૂરી તફસીલ ઉમ્દતુલ ક઼ારી, ૭/૧૯૭ થી માખૂઝ છે)ની રિવાયત છે. છઠ્ઠુ, એ કે જ્યારે અડધી કે ૨/૩ રાત ગુજરી જાય છે.....એને ઈમામ મુસ્લિમે રિવાયત કરી.

**વર્ગીકરણ** : એ સૌમાં વર્ગીકરણ એ છે કે હુઝૂરે અક઼દસ ﷺને વિવિધ સમયોમાં વહી થઈ, તેમને હુઝૂર ﷺએ વિવિધ રિવાયતોમાં વર્ણવી. રાવીએ જે સાંભળ્યું તે વર્ણવી આપ્યું. એનો સાર એ થયો કે શક્ય છે કે શરૂમાં ત્રીજો ભાગ પસાર થતાં જ ખાસ તજલ્લી થતી હોય, એની વહી થઈ તો તેને બયાન કરી આપ્યું. પછી અડધી રાત ગુજરતાં એ ખાસ તજલ્લી થવા લાગી અને તેની વહી થઈ તો તેને વર્ણવી આપ્યું. પછી ૧/૩ રાત રહી જવા પર તજલ્લી થવા લાગી અને તેની વહી થઈ તો તેને વર્ણવી આપ્યું. અથવા ક્રમ આનાથી ઉલ્ટો હોય. એ સૌનો સાર એ નીકળ્યો કે અંતિમ ૧/૩ રાતમાં ખાસ તજલ્લી જરૂર થાય છે, એટલા માટે કે મુસ્લિમ (૧/૨૫૮ સલાત) અમુક રિવાયતોમાં છે કે સુબ્હ સાદિક઼ સુધી આ તજલ્લી રહે છે.

**ينزل ربنا** : અલ્લાહ ﷻ નુઝૂલ, ઉરૂજ (ઉતરવા, ચઢવા), તથા એક જગાએથી બીજી જગાએ જવા આવવાથી પાક છે, અને અલ્લાહ ﷻ જિસ્મ જિસ્માનિયાત (શરીર વગેરે)થી પાક છે. એટલા માટે કે તે કદીમ (હમેશાંથી) વાજિબ બિઝ્ઝાત (આપમેળે મૌજૂદ) છે.

**હું કહું છું** : આ પણ મુતશાબેહાતમાંથી છે જેમાં મઝહબ અસ્લમ એ છે કે એના હક્ક઼ હોવા પર ઈમાન રાખવામાં આવે, અને અર્થ અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺ પર છોડી દેવામાં આવે, અમુક હઝરાતે એની એ તાવીલ કરી છે કે અહીં **امر** કે **ملك** મહઝૂફ છે, એટલે અલ્લાહનો હુકમ નાઝિલ થાય છે અથવા અલ્લાહ ﷻના હુકમથી ફરિશ્તો ઉતરે છે. એનું સમર્થન આ હદીષોથી પણ થાય છે. જેમાં એ વર્ણન થયેલ છે કે પછી એક ફરિશ્તાને હુકમ આપે છે કે તે નિદા (પોકાર) કરે જેમ કે દારકુત્ની (ઉમ્દતુલ ક઼ારી ૭/૧૯૭)એ અહલે બયત અસદુલ્લાહ હઝરત અલી كرم الله وجهه الكريم થી રિવાયત કરી છે. સમર્થનનું કારણ એ છે કે આમ હદીષોમાં એ મઝકૂર છે મામૂર (નિયુક્ત કરેલા)નું કાર્ય હક઼ીક઼તમાં આમિર (નિયુક્ત કર્તા)નું જ હોય છે. કેમ કે અલ્લાહના હુકમથી ફરિશ્તો ઉતરે છે એટલા માટે તેનો સંબંધ અલ્લાહ ﷻ તરફ કરી દેવામાં આવી. બીજુ એ છે કે એનાથી રહમો કરમની ખાસ તજલ્લી મુરાદ છે.

# حدیث ۷۹۱

[હદીષ : ૬૯૧]

عَنِ الْاَسْوَدِ قَالَ سَأَلْتُ عَائِشَةَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْھَا کَیْفَ کَانَ صَلٰوۃُ

"હઝરત અસ્વદે કહ્યું, મેં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી પૂછયું, રાતમાં નબી ﷺ

النَّبِیِّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِاللَّیْلِ قَالَتْ کَانَ یَنَامُ اَوَّلَہٗ وَیَقُوْمُ اٰخِرَہٗ

કેવી રીતે નમાઝ પઢતા હતા ? તો ફર્માવ્યું, રાતના શરૂમાં સૂતા અને આખરમાં ઉઠતા અને નમાઝ પઢતા

فَیُصَلِّیْ ثُمَّ یَرْجِعُ اِلٰی فِرَاشِہٖ فَاِذَا اَذَّنَ الْمُؤَذِّنُ وَثَبَ فَاِنْ کَانَتْ بِہٖ حَاجَۃٌ

પછી પોતાની પથારી પર તશરીફ લઈ જતા. જ્યારે મોઅઝ્ઝિન અઝાન કહેતો તો ઝડપથી ઉઠતા,

اِغْتَسَلَ وَاِلَّا تَوَضَّأَ وَخَرَجَ ع

જો ગુસ્લની હાજત હોતી તો ગુસ્લ કરતા, નહીં તો વુઝૂ અને નમાઝના માટે બહાર તશરીફ લઈ જતા."

# حدیث ۷۹۲

[હદીષ : ૬૯૨]

عَنْ اَبِیْ سَلَمَۃَ بْنِ عَبْدِ الرَّحْمٰنِ اَنَّہٗ اَخْبَرَہٗ اَنَّہٗ سَأَلَ عَائِشَۃَ

"અબૂ સલમા બિન અબ્દુર્રહમાન બિન ઔફે ખબર આપી કે તેમણે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા

**સમજૂતી : ૬૯૧**

મુસ્લિમ (ઉમ્દતુલ કારી, ૭/૧૯૮)માં હદીષ આ પ્રમાણે છે કે ઈબ્ને ઈસ્હાકે કહ્યું મેં અસ્વદ બિન યઝીદથી આ હદીષ વિશે પૂછયું જે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશાએ રસૂલુલ્લાહ ﷺની નમાઝના બારામાં વર્ણન કરી છે. તો તેમણે વર્ણવ્યું કે ઉમ્મુલ મો'મિનીને એવું ફર્માવ્યું કે રાતના પ્રારંભમાં સૂતા અને અંતમાં નમાઝ પઢતા. પછી જો પોતાના અહલની તરફ હાજત હોતી તો હાજત પૂરી કરતા પછી સૂતા. જ્યારે નિદાએ અવ્વલ એટલે અઝાનનો સમય થતો તો ઝડપભેર ઉઠતા. ખુદાની કસમ ! એમણે ન એવું ફર્માવ્યું કે પોતાના શરીર પર પાણી વહાવતા અને બખુદા ન તેમણે એવું ફર્માવ્યું કે ગુસ્લ કરતા. હું જાણુ છું તેમની મુરાદ શું છે. અને જો જુનુબ ન હોતા તો પુરૂષ જેમ નમાઝ માટે વુઝૂ કરતા અને બે રકાત પઢતા. ઈસ્માઈલીએ કહ્યું, આ હદીષમાં ગલતી છે, એટલા માટે કે હદીષોમાં એવું છે કે હુઝૂર જો જુનુબ હોતા અને સૂવાનો ઈરાદો કરતા તો વુઝૂ કરી લેતા અને જે કોઈ એના બારામાં પૂછતુ તેને એવું જ બતાવતા.

رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا كَيْفَ كَانَتْ صَلٰوةُ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

رضی اللہ عنہاથી રમઝાનમાં રસૂલુલ્લાહ ﷺની નમાઝના

فِيْ رَمَضَانَ فَقَالَتْ مَا كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَزِيْدُ فِيْ

બારામાં પૂછયું તો ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ રમઝાન અથવા કોઈ અન્ય મહિનામાં

رَمَضَانَ وَلَا فِيْ غَيْرِهٖ عَلٰى إِحْدٰى عَشْرَةَ رَكْعَةً يُّصَلِّيْ أَرْبَعًا فَلَا تَسْأَلْ عَنْ حُسْنِهِنَّ

૧૧ રકાતોથી વધુ ન કરતા હતા. ચાર રકાત પઢતા એની ખૂબી અને લંબાઈને ન પૂછો ! પછી ચાર રકાત

وَطُوْلِهِنَّ ثُمَّ يُصَلِّيْ أَرْبَعًا فَلَا تَسْأَلْ عَنْ حُسْنِهِنَّ وَطُوْلِهِنَّ ثُمَّ يُصَلِّيْ ثَلٰثًا

પઢતા એની ખૂબી તથા લંબાઈ વિશે ન પૂછો ! ત્યારબાદ ત્રણ રકાત (વિત્ર) પઢતા. હઝરત આઈશાએ કહ્યું,

قَالَتْ عَائِشَةُ فَقُلْتُ يَا رَسُوْلَ اللّٰهِ أَتَنَامُ قَبْلَ أَنْ تُوْتِرَ فَقَالَ يَا عَائِشَةُ إِنَّ

મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ વિત્ર પઢવાથી પહેલાં સૂઈ જાવ છો ? તો ફર્માવ્યું,

عَيْنَيَّ تَنَامَانِ وَلَا يَنَامُ قَلْبِيْ ع ہ

મારી આંખ સૂએ છે અને દિલ નથી સૂતુ."

(અત્તહજ્જુદ–૧૫૪, બાબુ ફઝિલ ક઼યામિ રમદાન–૨૬૯, મનાક઼િબ–૫૦૪, મુસ્લિમ–સલાતુલ મુસાફિરીન, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ)

**સમજૂતી : ૯૯૨**

**فی رمضان ولافی غیرہ** : એના પર નસ (દલીલ) છે કે એનાથી મુરાદ તહજ્જુદ છે. એના પર પૂરી બહષ વર્ણન થઈ ચૂકી. ગૈર મુક઼લ્લિદોનું એ કહેવું છે કે હુઝૂરે અક઼દસ ﷺ રમઝાનમાં પણ તહજ્જુદ સિવાય અન્ય કોઈ નમાઝ પઢતા ન હતા. આપણે ત્યાં રમઝાનમાં પણ તહજ્જુદ સિવાય તરાવીહની નમાઝ પણ સુન્નત છે.

એની દલીલ હઝરત ઉમર رضی اللہ عنہનો આ ઈર્શાદ છે :–

**والتی تنامون عنها افضل من التی تقومون یرید آخر اللیل** "જેનાથી તમે લોકો સૂઈ જાવ છો અને નથી પઢતા એનાથી અફઝલ છે જેનાથી તમે અદા કરો છો, એટલે આખરી રાતમાં. *(બુખારી ૧/૪૬૯ અસ્સૌમ)* **التی** થી સમય મુરાદ નથી હોઈ શકતો બલ્કે એનાથી નમાઝ જ મુરાદ છે. એક નમાઝને અફઝલ અને બીજીને મફઝૂલ કહેવું એની દલીલ છે કે આ બંનેવ બે નમાઝો છે. તેમજ એની દલીલ એ છે કે તહજ્જુદની નમાઝના માટે જરૂરી છે કે ઈશા બાદ સૂએ પછી ઉઠીને પઢે. જેમ કે તિબ્રાની (ઉમ્દતુલ ક઼ારી, ૭/૨૦૩)એ કબીર અને અવસતમાં હઝરત હજ્જાજ બિન અમ્ર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે ફર્માવ્યું, તમે એવું ગુમાન કરો છો કે જ્યારે રાતમાં સવાર સુધી નમાઝ પઢતા રહો તો તમે તહજ્જુદ પઢી લીધી ? એવું નથી ! **التهجدا بعدرقدة** તહજ્જુદ સૂતા પછી જ છે, એ ખૂદ તહજ્જુદના અર્થથી જ જાહેર છે. અબૂ ઓબૈદાની કિતાબ અલ મજાઝમાં છે : **فَتَهَجَّدْ بِهٖ**

# حديث ۷۹۳

**[હદીષ : ૭૯૩]**

عَنْ اَبِیْ هُرَيْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم એ*

قَالَ لِبِلَالٍ عِنْدَ صَلٰوةِ الْفَجْرِ يَا بِلَالُ حَدِّثْنِیْ بِاَرْجٰی عَمَلٍ عَمِلْتَهٗ فِی الْاِسْلَامِ

*હઝરત બિલાલથી ફજરની નમાઝના સમયે ફર્માવ્યું, હે બિલાલ ! મને બતાવો તમે ઈસ્લામમાં કયો એવો*

فَاِنِّیْ سَمِعْتُ دَفَّ نَعْلَيْكَ بَيْنَ يَدَیَّ فِی الْجَنَّةِ قَالَ مَا عَمِلْتُ عَمَلًا اَرْجٰی عِنْدِیْ

*અમલ કર્યો છે જેના પર સવાબની ઉમ્મીદ સૌથી વધુ હોય ? કેમ કે જન્નતમાં મેં તમારા ચપ્પલોનો અવાજ*

اَنِّیْ لَمْ اَتَطَهَّرْ طُهُوْرًا فِیْ سَاعَةِ لَيْلٍ وَّنَهَارٍ اِلَّا صَلَّيْتُ بِذٰلِكَ الطُّهُوْرِ مَا كُتِبَ لِیْ

*મારી આગળ સાંભળ્યો છે. તેમણે અર્ઝ કરી, મેં એના સિવાય કોઈ એવો અમલ નથી કર્યો જેના પર મને*

اَنْ اُصَلِّیَ ع ه

*સૌથી વધુ સવાબની ઉમ્મીદ હોય, સિવાય એના કે હું દિવસે રાતે જ્યારે પણ વુઝૂ કરું છું તો એ*

*વુઝૂથી જેટલી મારા મુક઼દ્દરમાં હોય છે નમાઝ પઢુ છું."*

એટલે નમાઝ પઢતા પઢતા જાગો. **تهجدت ای سهرت وهجدت ای نمت يقال بصلوة ای اسهر**નો અર્થ છે હું જાગ્યો અને **تهجدت**નો અર્થ છે હું સૂતો. ઈબ્ને નયાનીની મવઅબમાં સાહિબુલ અયનથી છે : **هجودا ناموا۔ وتهجدوا ای استيقظو اللصلوة اولام قال تعالٰی فتهجدبه۔ ای انتبه بعد النوم واقرۡا القرآن۔**નો અર્થ હું સૂતો. અને **تهجد**નો અર્થ છે નમાઝ અથવા કોઈ પણ કામના માટે જાગવું. અલ્લાહ جل جلاله એ ફર્માવ્યું, **فتهجد به** એટલે કે સૂતા પછી ઉઠો અને કુર્આન પઢો. એનો સાર એ થયો કે મુજર્રદમાં એનો અર્થ સૂવુ છે, અને બાબે તફઊલમાં સૂઈને જાગવું છે. અથવા એવું કહેવામાં આવે કે એ અઝદાદમાંથી છે. પણ મુજર્રદમાં સૂવાના અર્થમાં સ્પષ્ટ ઉઘાડુ છે. અને બાબે તફઊલમાં સૂઈને ઉઠવાના અર્થમાં છે. અને સૌને ખબર છે કે તરાવીહ ઈશા બાદ સતત (મુત્તસલન) પઢવામાં આવે છે, તરાવીહથી પહેલાં કોઈ નથી સૂતુ, એટલા માટે એવું કહેવું કે તરાવીહ અસલમાં તહજ્જુદની નમાઝ છે એ સરાસર ગલત છે. આ હદીષથી સાબિત થયું કે વિત્ર ત્રણ રકાતો છે.

## સમજૂતી : ૭૯૩

કોઈ ઉમ્મતીનું મૌતથી પહેલાં જન્નતમાં જવું શરીઅતની રૂએ શક્ય નથી, પછી હઝરત બિલાલ رضی اللہ عنہ કેવી રીતે જન્નતમાં ચાલ્યા ગયા ? એટલા માટે અમુક શારેહીને ફર્માવ્યું કે આ ખ્વાબનો બનાવ છે. અમુકે ફર્માવ્યું, એ ઉદાહરણ રૂપે છે.

**હું કહું છું :** એ ઉમૂમથી કે જન્નતમાં કોઈ મૌતથી પહેલાં નથી જઈ શકતું. હઝરત આદમ તથા હવ્વા

حدیث ۶۹۴ عَنْ اَنَسِ بْنِ مَالِكٍ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ قَالَ دَخَلَ رَسُوْلُ اللّٰہِ

''હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું, રસૂલલ્લાહ ﷺ (મસ્જિદમાં) **[હદીષ : ૬૯૪]**

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ فَاِذَا حَبْلٌ مَّمْدُوْدٌ بَیْنَ السَّارِیَتَیْنِ فَقَالَ

તશરીફ લાવ્યા તો જોયું કે બે થાંભલાઓની વચ્ચે એક રસ્સી બાંધેલી છે. પૂછયું, આ કેવી રસ્સી છે ? તો

مَا ھٰذَا الْحَبْلُ قَالُوْا ھٰذَا حَبْلٌ لِّزَیْنَبَ فَاِذَا فَتَرَتْ تَعَلَّقَتْ فَقَالَ النَّبِیُّ

લોકોએ કહ્યું, આ ઝયનબની રસ્સી છે, જ્યારે થાકી જાય છે તો એની સાથે લટકી જાય છે.

અપવાદ છે. એની પણ શકયતા છે કે હુઝૂરે અક્દસ ﷺની ખિદમતની સઆદત (નેકનસીબી)ના કારણે હઝરત બિલાલ પણ અપવાદ હોય તો શું વાંધો છે ?!

રહી ગયા હુઝૂરે અક્દસ ﷺ, તો શબે મેઅરાજ જન્નતમાં તશરીફ લઈ ગયા. અલ્લામા અયનીએ આ મોક્અ પર ખૂબ જ ઈમાન અફરોઝ વાત કરી છે. લખે છે :–

**والنبی صلی اللّٰہ تعالٰی علیہ وسلم لم جاوز السموات السبع وبلغ الی سدرة المنتھیٰ خرج من ان یکون من اھل ھذا العالم فلا یمتنع بعد ھذا دخولہ الجنة قبل الموت**

''અને નબી ﷺ જ્યારે સાતમા આસ્માનથી આગળ તશરીફ લઈ ગયા અને સિદરતુલ મુન્તહા પર પહોંચી ગયા તો આ આલમવાળાઓમાંથી ન રહ્યા. તો એમાં કાંઈ શંકા નથી કે તે જન્નતમાં વિસાલથી પહેલાં તશરીફ લઈ જાય. *(ઉમ્દતુલ કારી, ૭/૨૦૭)*

**હું કહું છું :** ક્યારેક એવું થાય છે કે ખ્વાબમાં ભાવિમાં ઉપસ્થિત થનાર બનાવોને એવી રીતે બતાવવામાં આવે છે કે જાણે થઈ ગયો છે. એનું દષ્ટાંત હુઝૂરે અક્દસ ﷺનો તે મુબારક ખ્વાબ છે કે ફર્માવ્યું, મેં ખ્વાબ જોયો કે હું એક કૂવા પર છું, એનાથી પાણી ખેંચી રહ્યો શું. એવામાં અબૂ બક્ર તથા ઉમર આવ્યા. અબૂબક્રે ડોલ લીધી, એક કે બે ડોલ કાઢી. અને એમના ડોલ ખેંચવામાં કાંઈક સુસ્તી છે. અલ્લાહ એમને માફ ફર્માવે, હાથમાંથી ડોલ ઉમરે લઈ લીધી તો તે વધીને મશક થઈ ગયો છે. મેં કહ્યું, જાણકાર અનુભવીને એમના જેમ કામ કરતો ન જોયો, ત્યાં સુધી કે લોકોને તૃપ્ત કરી આપ્યા. *(બુખારી, ૨/૧૦૩૯ અરૂયા)*

રહી ગયો એ પ્રશ્ન કે જ્યારે એ સાબિત છે કે હુઝૂરે અક્દસ ﷺથી પહેલાં કોઈ જન્નતમાં જશે નહીં, પછી બિલાલ કેવી રીતે પહેલાં ચાલ્યા ગયા ? એનો જવાબ એ છે કે હઝરત બિલાલ ખાસ ખાદિમ હતા. હયાત મુબારકમાં આગળ આગળ ચાલતા હતા. અને કોઈ અલીજાહ (પ્રતિષ્ઠિત) મખ્દૂમ ક્યાંય પણ જાય છે તો પોતાના ખાદિમોના કાફલા સાથે જાય છે. ખાદિમો મખ્દૂમના તાબે હોય છે. હુઝૂરે અક્દસ ﷺ જ્યારે જન્નતમાં જશે તો એ જ શાનની સાથે જશે કે ખાસ ખાદિમ આગળ આગળ હોય. તાબેઅ હુકમમાં મત્બૂઅના હોય છે, જેથી એનું પ્રવેશવું હકીકતમાં મત્બૂઅનું પ્રવેશવું છે. હવે હુઝૂરે અક્દસ ﷺના સવાલનો સાર એ થયો કે તમારો એ કયો અમલ છે જેના બદલામાં તમે જન્નતમાં પણ તમારા આ ખાસ સ્થાન પર બિરાજી ગયા ? હદીષથી જાહેર થાય છે કે જન્નત આ માલે હસનાનો બદલો છે, જ્યારે કે એ કેવળ અલ્લાહનો કરમ છે. જવાબ એ છે કે નેક અમલો કરમ થવાનો સબબ છે અને ઝરીયાનો ઝરીયો પણ ઝરીયો છે.

**સમજૂતી : ૬૯૪** આ ઝયનબ બિન્તે જહશ ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا હતાં. જેમ કે ખતીબે પોતાના મુબ્હાતમાં વર્ણન કર્યું છે અને અલ્લામા કિર્માનીએ પણ એ જ લખ્યું છે. અબૂ દાઊદ (૧/૧૮૬ સલાત)માં

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ لَا حُلُّوْهُ لِيُصَلِّ اَحَدُكُمْ نِشَاطَهٗ فَاِذَا

હુકમ આપ્યો એને ખોલી નાખો, જ્યાં સુધી ચુસ્તી હોય નમાઝ પઢો,

فَتَرَ فَلْيَقْعُدْ ع٥

જ્યારે થાકી જાવ તો બેસી જાવ."

(બુખારી ૧/૧૫૪ તહજ્જુદ, મુસ્લિમ–મુસાફિરીન, અબૂ દાઊદ–સલાત, નિસાઈ–ક઼યામુલ્લૈલ, ઈબ્ને માજહ–ઈક઼ામતુસ્સલાત, મસ્નદે ઈમામ અહમદ, ૩/૧૦૧)

حدیث ٦٩٥ حَدَّثَنِيْ عَبْدُ اللّٰهِ بْنُ عَمْرِو بْنِ الْعَاصِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ એ કહ્યું, **[હદીષ : ૬૯૫]**

قَالَ لِيْ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يَا عَبْدَ اللّٰهِ لَا تَكُنْ مِثْلَ فُلَانٍ كَانَ

મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ! ફલાણાની જેમ ન થઈ

يَقُوْمُ مِنَ اللَّيْلِ فَتَرَكَ قِيَامَ اللَّيْلِ ع٥

જશો જે રાતમાં ક઼યામ કરતો હતો પછી ત્યજી દીધું."

(અત્તહજ્જુદ–૧૫૪, મુસ્લિમ, મુસ્લિમ–સૌમ, નિસાઈ, ઈબ્ને માજહ–સલાત)

حدیث ٦٩٦ سَمِعْتُ عَبْدَ اللّٰهِ بْنَ عَمْرٍو رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ قَالَ لِيَ النَّبِيُّ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ એ કહ્યું રસૂલુલ્લાહ ﷺ એ મને ફર્માવ્યું, **[હદીષ : ૬૯૬]**

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَلَمْ اُخْبَرْ اَنَّكَ تَقُوْمُ اللَّيْلَ وَتَصُوْمُ النَّهَارَ قُلْتُ

મને એ ખબર આપવામાં આવી છે કે તમે રાતભર ક઼યામ કરો છો અને દિવસે રોઝા રાખો છો, શું આ સહીહ

اِنِّيْ اَفْعَلُ ذٰلِكَ قَالَ فَاِنَّكَ اِذَا فَعَلْتَ ذٰلِكَ هَجَمَتْ عَيْنُكَ وَنَفِهَتْ نَفْسُكَ

છે ? મેં અર્ઝ કરી, હુઝૂર હું એવું કરું છું. તો ફર્માવ્યું, જો તમે એવું કરશો તો તમારી આંખ કમજોર થઈ જશે

ઝિયાદ બિન ઐયૂબના તરીક઼ાથી કેવળ ઝયનબ વર્ણવ્યું છે નિસ્બત વિના, પણ હારૂન ઈબ્ને અબાદ અઝદીના તરીક઼ાથી છે કે એ એમનાં બહેન હમના બિન્તે જહશ હતાં. અને એ જે મુસ્નદે ઈમામ અહમદ (૩/૧૮૪–૨૮૬)માં પણ છે. અને એમાં જ પેજ–૧૦૧ પર કેવળ ઝયનબ વિના નિસ્બતે લખ્યું છે, અને પેજ–૨૦૪ પર فلانۃ (ફલાણાં) વિના નામે છે. શક્ય છે કે એ શોખ વિવિધ ખાતૂનોને થયો હોય.

**સમજૂતી : ૬૯૫–૬૯૬** કિતાબુસ્સૌમ તથા કિતાબુલ અંબિયામાં આ પ્રમાણે છે, મને એવું ફર્માવ્યું : તમે સૌમે દહર રાખો છો અને રાત્રે ક઼યામ કરો છો ? તો મેં અર્ઝ કરી, જી હુઝૂર ! તો ફર્માવ્યું, તમે જો એવું કરશો તો આંખ કમજોર થઈ જશે અને શરીર અશક્ત થઈ જશે. જેણે સૌમે દહર રાખ્યા તેણે રોઝા નથી રાખ્યા (દર

وَإِنَّ لِنَفْسِكَ حَقًّا وَّلِأَهْلِكَ حَقًّا فَصُمْ وَأَفْطِرْ وَقُمْ وَنَمْ ع ہ

અને તમે ખૂદ કમજોર થઈ જશો. તમારી જાતનો તમારા પર હક્ક છે, તારી બીવીનો તારા પર હક્ક છે,

તું રોઝા રાખ પણ અને છોડ પણ, અને ક઼યામ પણ કર અને સૂ પણ."

(અત્તહજ્જુદ–૧૫૪, અસ્સૌમ–૨૨૬, અલ અંબિયા–૪૮૫, મુસ્લિમ–સૌમ, તિર્મિઝી–સૌમ, નિસાઈ–સૌમ, ઈબ્ને માજહ–સૌમ)

حدیث ۶۹۷ حَدَّثَنِي عُبَادَةُ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ

[હદીષ : ૬૯૭] "હઝરત ઓબાદ બિન સામિત رضی اللہ عنہ નબી ﷺ થી રિવાયત

وَسَلَّمَ قَالَ مَنْ تَعَارَّ مِنَ اللَّيْلِ فَقَالَ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ

કરે છે કે ફર્માવ્યું, જેની રાતમાં આંખ ખુલી અને આ પઢ્યું : "અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તે

لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ الْحَمْدُ لِلّٰهِ وَسُبْحَانَ اللّٰهِ وَاللّٰهُ

એકલો છે તેનો કોઈ શરીક નથી. તેના જ માટે મુલ્ક છે, તેના જ માટે હમ્દ છે અને તે દરેક ચીજ પર ક઼ાદિર

أَكْبَرُ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ ثُمَّ قَالَ اللّٰهُمَّ اغْفِرْ لِي أَوْ دَعَا اسْتُجِيبَ

છે. સર્વ પ્રશંસા અલ્લાહના જ માટે છે અને અલ્લાહ પાક છે અને અલ્લાહ ઘણો જ મહાન છે. ગુનાહોથી

لَهُ فَإِنْ تَوَضَّأَ قُبِلَتْ صَلٰوتُهُ ع ہ

બચવા અને નેકીઓ કરવાની શક્તિ અલ્લાહની જ અતાથી છે." ત્યારબાદ કહે, અલ્લાહ બખ્શી આપ !

અથવા અન્ય કોઈ દુઆ કરે તો ક઼બૂલ થશે. પછી જો વુઝૂ કરીને નમાઝ પઢે તો નમાઝ પણ ક઼બૂલ થશે."

(અત્તહજ્જુદ–૧૫૫, અબૂ દાઊદ–અદબ, તિર્મિઝી–દઅવાત, ઈબ્ને માજહ–દુઆ)

حدیث ۶۹۸ أَخْبَرَنِي الْهَيْثَمُ بْنُ أَبِي سِنَانٍ أَنَّهُ سَمِعَ أَبَا هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ

[હદીષ : ૬૯૮] "હયશમ બિન અબી સનાને ખબર આપી કે તેમણે સાંભળ્યું કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ

عَنْهُ وَهُوَ يَقُصُّ فِي قَصَصِهِ وَهُوَ يَذْكُرُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَىٰ عَلَيْهِ وَسَلَّمَ

પોતાના વઅઝમાં બયાન કરી રહ્યા હતા અને તે રસૂલુલ્લાહ ﷺ નો ઉલ્લેખ કરી રહ્યા હતા કે

મહિને) ત્રણ દિવસના રોઝા સૌમે દહર છે. મેં અર્ઝ કરી, હું એનાથી વધુ શક્તિ ધરાવું છું. ફર્માવ્યું, તો સૌમે દાઊદ રાખો, કે તે એક દિવસ રોઝો રાખતા હતા અને એક દિવસ ન રાખતા હતા અને દુશ્મનનો મુક઼ાબલો થતો તો મોઢું ન ફેરવતા.

**સમજૂતી : ૬૯૭–૬૯૮–૬૯૯**

આપણા ત્યાં ફજરની સુન્નત સુન્નતે મોઅક્કદા વાજિબની નજીક છે એ અન્ય સુન્નતો કરતાં અધિક મોઅક્કદ

اِنَّ اَخًا لَّكُمْ لَا يَقُوْلُ الرَّفَثَ يَعْنِيْ بِذٰلِكَ عَبْدَ اللّٰهِ بْنَ اَبِيْ رَوَاحَةَ ـــ وَفِيْنَا

ફર્માવ્યું, તમારા ભાઈ (અબ્દુલ્લાહ બિન રવાહા) બિભત્સ વાત (શેઅરોમાં) ન કહેતા. તેમણે કહ્યું છે,

رَسُوْلُ اللّٰهِ يَتْلُوْ كِتَابَهٗ ـــ اِذَا انْشَقَّ مَعْرُوْفٌ مِّنَ الْفَجْرِ سَاطِعٌ ـ اَرَانَا الْهُدٰى

અને અમારામાં અલ્લાહના રસૂલ છે જે અલ્લાહની કિતાબની તિલાવત કરે છે. જ્યારે મશ્હૂર તથા મઅરૂફ

بَعْدَ الْعَمٰى فَقُلُوْبُنَا ـ بِهٖ مُوْقِنَاتٌ اَنَّ مَا قَالَ وَاقِعٌ ـ يَبِيْتُ يُجَافِيْ جَنْبَهٗ عَنْ

ફજર બુલંદ થાય છે. અમને ગુમરાહી પછી હિદાયત બતાવી. અમારાં દિલ એ યક઼ીન કરી ચૂક્યાં છે કે તેમણે

فِرَاشِهٖ ـ اِذَا اسْتَثْقَلَتْ بِالْمُشْرِكِيْنَ الْمَضَاجِعُ عـه

જે ફર્માવ્યું સહીહ છે. રાતમાં પોતાનુ પડખુ પોતાના બિસ્તરથી અલગ રાખે છે

જ્યારે મુશ્રિકો બિસ્તર પર ભારે રહે છે.'' *(અત્તહજ્જુદ-૧૫૫, અબૂ દાઊદ, અદબ-૯૦૯)*

حدیث ٦٩٩ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ صَلَّى النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

**[હદીષ : ૬૯૯]** ''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું, નબી ﷺ

وَسَلَّمَ الْعِشَاءَ ثُمَّ صَلّٰى ثَمَانِيَ رَكَعَاتٍ وَّرَكْعَتَيْنِ جَالِسًا وَّرَكْعَتَيْنِ بَيْنَ

ઈશા પઢતા પછી આઠ રકાત પઢતા અને બે રકાત બેસીને પઢતા અને બે રકાત બંને નિદાની

النِّدَائَيْنِ وَلَمْ يَكُنْ يَدَعُهُمَا اَبَدًا عـه

દરમ્યાન પઢતા અને એ બંનેવને કદી ન છોડતા.'' *(અત્તહજ્જુદ-૧૫૫, અબૂ દાઊદ, નિસાઈ)*

છે, ત્યાં સુધી કે અબૂ દાઊદ (૧/૧૭૯ સલાત)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂરે અક઼દસ ﷺ એ ફર્માવ્યું, ફજરની સુન્નત ન છોડો ભલે તમને દુશ્મનના ઘોડા કચડી નાખે. એને આપણા ઈમામોએ વાજિબ એ કારણે નથી કરી કે હુઝૂરે અક઼દસ ﷺ એ હદીષે મુષાબિરામાં એને પણ વર્ણવેલ છે. અને એમાં કોઈ નમાઝ વાજિબ નથી એટલા માટે આ પણ વાજિબ નથી.

# حديث ٧٠٠

**[હદીષ : ૭૦૦]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا قَالَتْ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું,

عَلَيْهِ وَسَلَّمَ إِذَا صَلَّى رَكْعَتَيِ الْفَجْرِ اِضْطَجَعَ عَلٰى شِقِّهِ الْاَيْمَنِ عه

નબી صلی اللہ علیہ وسلم ફજરની બે રકાત સુન્નત પઢીને જમણા પડખે સૂતા રહેતા હતા." (અત્તહજ્જુદ–૧૫૫)

# حديث ٧٠١

**[હદીષ : ૭૦૧]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે નબી صلی اللہ علیہ وسلم

كَانَ إِذَا صَلَّى فَإِنْ كُنْتُ مُسْتَيْقِظَةً حَدَّثَنِيْ وَإِلَّا اضْطَجَعَ حَتّٰى يُؤْذَنَ بِالصَّلٰوةِ

જ્યારે નમાઝથી ફારિગ થતા તો જો હું જાગતી રહેતી તો મારાથી વાત કરતા, નહીં તો સૂઈ જતા ત્યાં

સુધી કે નમાઝના માટે અઝાન થતી." (અત્તહજ્જુદ–૧૫૫, ૧૫૬, મુસ્લિમ–મુસાફિરીન, અબૂ દાઊદ, તિર્મિઝી)

**સમજૂતી : ૭૦૦–૭૦૧**

આ હદીષથી સાબિત થયું કે ફજરની સુન્નત બાદ જ્યાં સુધી જમાઅતનો સમય ન થતો હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم સૂતા રહેતા હતા, પણ આ અમલ કાયમી ન હતો. મુસ્નદે ઈમામ અહમદ (૬/૧૨૧)માં છે : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે, હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم ફજરની સુન્નતો પઢયા પછી કદી કદી સૂતા રહેતા હતા. તદ્ઉપરાંત ખૂદ બુખારી (૧/૧૩૫ વિત્ર)માં જ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે તહજ્જુદથી ફારિગ થઈને સૂતા અને જ્યારે મોઅઝ્ઝિન આવ્યો તો બે રકાત પઢી પછી બહાર તશરીફ લઈ ગયા અને સવારની નમાઝ પઢી. તેમજ અહીં મઝકૂર બીજી હદીષથી પણ એ જ જાહેર થઈ રહ્યું છે કે આ અમલ પાબંદી સાથે ન હતો, બલ્કે જ્યારે ઉમ્મુલ મો'મિનીન જાગતાં રહેતાં તો બેસતા, તેમની સાથે વાતો કરતા. હદીષના જાહેર પરથી એ જ સમજમાં આવી રહ્યું છે, અને એ જ ઈમામ બુખારીએ પણ સમજ્યું છે એટલા માટે અહીં પ્રકરણ એ રચ્યું : "જેણે વાતો કરી અને સૂતો નહીં." એ જ આપણો મઝહબ છે કે ફજરની સુન્નત પછી સૂવું વાજિબ નથી અને ન સુન્નતે મોઅક્કદા છે. જો કોઈ તહજ્જુદનો આદી છે તો તે ફજરની સુન્નતથી પહેલાં અથવા બાદમાં સૂઈ લે જેથી દૂર થઈ જાય. અને ફ્રેશ થઈને સુકૂનની સાથે ફજરની નમાઝ પઢી શકે.

સહાબાએ કિરામમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એને બિદઅત કહેતા હતા અને લોકોને સખ્તીથી રોકતા હતા.

ت ۲۱۸ وَيُذْكَرُ ذٰلِكَ عَنْ عَمَّارٍ وَّاَبِىْ ذَرٍّ وَّ اَنَسٍ رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْهُمْ

"નફ્લ બે રકાત છે. આ હઝરત અમ્માર તથા હઝરત અબૂઝર તથા હઝરત **[તઅલીક઼ : ૨૧૮]**

وَجَابِرِ بْنِ زَيْدٍ وَّعِكْرِمَةَ وَالزُّهْرِيِّ عـه

અનસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ અને જાબિર ઝયદ તથા અકરમા અને ઝુહરીથી મરવી છે." (અત્તહજ્જુદ-૧૫૫)

ت ۲۱۹ وَقَالَ يَحْيَى بْنُ سَعِيْدِنِ الْاَنْصَارِيُّ مَا اَدْرَكْتُ فُقَهَاءَ اَرْضِنَا اِلَّا يُسَلِّمُوْنَ

"અને યહ્યા ઈબ્ને સઈદ અન્સારીએ કહ્યું, મેં અમારી સરઝમીનના ફ઼ક઼ીહોથી **[તઅલીક઼ : ૨૧૯]**

فِىْ كُلِّ اِثْنَتَيْنِ مِنَ النَّهَارِ عـه

કોઈને એવો ન પામ્યો જે દિવસમાં દરેક બે રકાત પર સલામ ન ફેરવી દેતા હોય."

**તઅલીક઼ : ૨૧૮ની સમજૂતી** ذٰلِكَનો નિર્દેશ પ્રકરણની તરફ છે, એટલે નફ્લ બે બે રકાત છે. પ્રકરણનું લાગુ થવું રાત તથા દિવસ બંનેના નફ્લોને સમાવે છે.

છ હઝરાત વર્ણન થયા છે જેમાંથી ત્રણ આગલા સહાબી છે અને ત્રણ પાછલા તાબઈ છે. હઝરત અમ્મારની તઅલીક઼ને તિબ્રાનીએ કબીરમાં આ પ્રમાણે રિવાયત કરી : હઝરત અમ્મારે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું, સૂતા પહેલાં વિત્ર પઢી લે અને રાતની નમાઝ બે રકાત છે. પણ એના રાવીઓમાં રબીઅ બિન બદર ઝઈફ છે. હા ! ઈબ્ને અબી શયબાએ હઝરત અમ્મારના બારામાં રિવાયત કર્યું કે તે મસ્જિદમાં દાખલ થયા અને બે રકાત ટૂંકમાં પઢી. એ જ પ્રમાણે એમાં હઝરત અબૂઝરના બારામાં પણ છે કે તે મસ્જિદમાં દાખલ થયા અને એક થાંભલા પાસે આવ્યા અને બે રકાત પઢી. અને હઝરત અનસ رضی اللہ عنہની મુફસ્સલ તઅલીક઼ પ્રકરણ **هل يصلى الا مام بمن حضر**માં વર્ણન થઈ ચૂકી (૧/૯૨ અઝાન) જેના આખરમાં છે, પછી હુઝૂરે બે રકાતો પઢી. રહી ગયા જાબિર બિન ઝયદ અને અકરમા અને ઝુહરી, તો અલ્લામા અયનીએ ફ઼ર્માવ્યું, તેમનામાંથી કેવળ અકરમાના બારામાં ઈબ્ને અબી શયબાએ પોતાના મુસ્નફમાં એ રિવાયત કરી છે કે તે મસ્જિદમાં આવ્યા અને બે રકાત પઢી. આ તઅલીક઼ોથી કેવળ એ સાબિત થાય છે કે કેવળ બે રકાત નમાઝ પઢવું સહીહ છે. જો ઈમામ બુખારીનો મક઼સદ એ જ છે તો વાત સાબિત છે પરંતુ જો ઈમામ બુખારીનો મક઼સદ એ છે કે નફ્લ નમાઝ બે રકાતથી વધુ પઢવું જાઈઝ નથી, તો એ આ તઅલીક઼ોથી સાબિત થતુ નથી.

**તઅલીક઼ : ૨૧૯ની સમજૂતી** યહ્યા બિન સઈદ અન્સારી : તાબઈનમાંથી છે. એ મદીનાના ક઼ાઝી હતા. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી હદીષ સાંભળી અને તેમના મહાન તાબઈને જેમનામાં સૌથી અગ્રગણ્ય અબૂ જઅફર મન્સૂર ઈરાક઼ી છે. તેમને હાશ્મિયહની ક઼ઝા (ન્યાયનું સ્થાન) સુપ્રત થઈ. એક ક઼ૌલ એ છે કે બગદાદના પણ ક઼ાઝી હતા. હિ.સ. ૧૪૨માં વિસાલ ફ઼ર્માવ્યો.

અમારી ભૂમિથી મુરાદ મદીના પાક છે. તેમના જમાનામાં ત્યાં ફ઼ક઼ીહો આ પ્રમાણે હતા : ઝુહરી, નાફ઼ેઅ, સઈદ બિન મુસૈયિબ, અબ્દુર્રહમાન બિન ક઼ાસિમ બિન મુહમ્મદ બિન અબૂબક્ર સિદ્દીક઼, ઈમામ જાફ઼ર સાદિક઼, રબીઆ બિન અબ્દુર્રહમાન બિન હરમઝ વગેરે. આ તઅલીક઼માં પણ એ જ તફ઼સીલ છે જે ઉપર વર્ણન થઈ.

# حديث ۷۰۲

**[હદીષ : ૭૦૨]**

عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ

"હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ يُعَلِّمُنَا الْاِسْتِخَارَةَ فِي الْاُمُوْرِ كُلِّهَا كَمَا يُعَلِّمُنَا السُّوْرَةَ

અમને સર્વ કામોમાં ઈસ્તેખારાની તાલીમ આપતા હતા, જેવી રીતે કુર્આનની સૂરતની તાલીમ આપતા હતા.

مِنَ الْقُرْاٰنِ ۔ يَقُوْلُ اِذَا هَمَّ اَحَدُكُمْ بِالْاَمْرِ فَلْيَرْكَعْ رَكْعَتَيْنِ مِنْ غَيْرِ الْفَرِيْضَةِ

ફર્માવતા હતા, જ્યારે કોઈ કામનો પાકો નિશ્ચય કરી લો તો બે રકાત નમાઝ પઢો, ફર્ઝ નહીં નફલ. પછી એ

ثُمَّ لِيَقُلْ اَللّٰهُمَّ اِنِّيْ اَسْتَخِيْرُكَ بِعِلْمِكَ وَاَسْتَقْدِرُكَ بِقُدْرَتِكَ وَاَسْئَلُكَ

અર્ઝ કરો, હે અલ્લાહ ! હું તારા ઈલ્મથી ભલાઈ માગું છું અને તારી કુદરતથી શક્તિ ચાહુ છું અને તારાથી

مِنْ فَضْلِكَ الْعَظِيْمِ فَاِنَّكَ تَقْدِرُ وَلَا اَقْدِرُ وَتَعْلَمُ وَلَا اَعْلَمُ وَاَنْتَ عَلَّامُ الْغُيُوْبِ

તારા મહાન ફઝલનો સવાલ કરું છું એટલા માટે કે તું કુદરત ધરાવે છે અને હું નથી ધરાવતો, તું જાણે છે હું

اَللّٰهُمَّ اِنْ كُنْتَ تَعْلَمُ اَنَّ هٰذَا الْاَمْرَ خَيْرٌ لِّيْ فِيْ دِيْنِيْ وَمَعَاشِيْ وَعَاقِبَةِ

નથી જાણતો અને તું ગયબોનો જાણનાર છે. હે અલ્લાહ ! જો તું જાણે છે કે આ કામ મારા દીન, મારી રોજી

اَمْرِيْ اَوْ قَالَ عَاجِلِ اَمْرِيْ وَاٰجِلِهٖ فَاقْدُرْهُ لِيْ وَيَسِّرْهُ لِيْ ثُمَّ بَارِكْ لِيْ فِيْهِ وَ

અને મારા અંજામમાં બેહતર છે. અથવા એવું ફર્માવ્યું કે હમણા કે ભાવિમાં તું એને મારા માટે મુકદ્દર ફર્માવ

اِنْ كُنْتَ تَعْلَمُ اَنَّ هٰذَا الْاَمْرَ شَرٌّ لِّيْ فِيْ دِيْنِيْ وَمَعَاشِيْ وَعَاقِبَةِ اَمْرِيْ اَوْ قَالَ

અને એને મારા માટે આસાન ફર્માવ, પછી એમાં મારા માટે બરકત અતા ફર્માવ. અને જો તું જાણે છે કે આ

**સમજૂતી : ૭૦૨**

મુસ્નદે ઈમામ અહમદમાં **هذا الامر**ના પછી છે કે પોતાની હાજતનું નામ લે. જ્યારે કોઈ કામને કરવાનો ઈરાદો હોય તો ઈસ્તેખારાની નમાઝ મુસ્તહબ છે, શરત એ છે કે તે ઈબાદાત (ઈબાદતો) ન હોય અને મનહિય્યાત (મના કરેલ બાબતો) ન હોય. એટલા માટે કે ઈબાદાતની અદાયગી અને મનહિય્યાતથી બચવું મુત્લકન ખૈર છે. હા ! એ જાઈઝ છે કે કોઈ ઈબાદતનો જેનો સમય નક્કી ન હોય તેના સમયના બારામાં ઈસ્તેખારા કરવામાં આવે. દા.ત. હજ્જ, જેહાદના બારામાં એવું કરવામાં આવે કે આ વરસે કરું કે ન કરું. અથવા કોઈ સત્તાધારીને

فِیْ عَاجِلِ اَمْرِیْ وَآجِلِهٖ فَاصْرِفْهُ عَنِّیْ وَاصْرِفْنِیْ عَنْهُ وَاقْدِرْ لِیَ الْخَیْرَ

કામ મારા દીન, મારી રોજી અને મારા અંજામમાં બુરુ છે અથવા ફર્માવ્યું, હમણા અથવા ભાવિમાં તું એને

حَیْثُ کَانَ ثُمَّ اَرْضِنِیْ بِهٖ قَالَ وَیُسَمِّیْ حَاجَتَهٗ۔ عه

મારાથી ફેરવી આપ અને મને એનાથી ફેરવી આપ. અને ભલાઈ જ્યાં ક્યાંય પણ હોય મારા માટે મુકદ્દર

ફર્માવ પછી મને એના પર રાજી કરી આપ. અને પોતાની હાજત બયાન કરે.''

*(અત્તહજ્જુદ–૧૫૫, ૨/૯૪૪ દઅવાત, અત્તૌહીદ–૧૦૯૯, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–વિત્ર, નિસાઈ–નિકાહ, ઈબ્ને માજહ–ઈકામતુસ્સલાત, મુસ્નદે ઈમામ અહમદ, ૨/૩૪૪)*

حدیث ۷۰۳ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ لَمْ یَکُنِ النَّبِیُّ صَلَّی اللّٰهُ تَعَالٰی

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે નબી صلی اللہ علیہ وسلم કોઈ નફલ પર **[હદીષ : ૭૦૩]**

عَلَیْهِ وَسَلَّمَ عَلٰی شَیْئٍ مِّنَ النَّوَافِلِ اَشَدَّ تَعَاهُدًا مِّنْهُ عَلٰی رَکْعَتَیِ الْفَجْرِ۔ عه

ફજરની બે રકાતોથી વધુ સખત પાબંદી ન કરતા હતા.'' *(અત્તહજ્જુદ–૧૫૬, અબૂ દાઊદ, નિસાઈ, મુસ્લિમ)*

અમ્ર બિલ મઅરૂફ તથા નહી અનિલ મુન્કર (સારી વાતનો હુકમ તથા તથા બુરી વાતથી રોકવા)ના બારામાં ઈસ્તેખારા કરવામાં આવે. નાનુ કામ હોય કે મોટુ સૌના માટે ઈસ્તેખારા **મુસ્તહબ** છે. કદી કદી નાની નાની વાતો મોટા દુઃખદ બનાવો તથા નુકસાનોનો સબબ બની જાય છે. બેહતર એ છે કે ઈસ્તેખારા વિવિધ વખતે કરે. એક ઝઈફ હદીષમાં સાત વારનો ઉલ્લેખ છે. એક હદીષમાં છે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે દુઆ ફર્માવતા તો ત્રણવાર દુઆ ફર્માવતા. (મુસ્લિમ, ૨/૧૦૮ જેહાદ) આના પરથી ત્રણવાર માટે દલીલ કરી શકાય છે. ઈમામ નવવીએ ફર્માવ્યું કે ઈસ્તેખારાની નમાઝની પ્રથમ રકાતમાં **કુલ યા ઐયુહલ કાફિરુન** (**قُلْ یٰاَیُّهَا الْکٰفِرُوْنَ**) અને બીજીમાં **કુલ હુવલ્લાહુ અહદ** (**قُلْ هُوَاللّٰهُ اَحَدٌ**) પઢે. ઈમામ ગઝાલીએ પણ અહયાઉલ ઉલૂમમાં આ લખ્યું છે. જો કે આ નિશ્ચિત કરવું કોઈ હદીષથી સાબિત નથી. ઈસ્તેખારાની નમાઝ બે રકાતથી અધિક પણ પઢી શકાય છે જેવું કે ઈબ્ને હિબ્બાને પોતાની સહીહમાં અને તિબ્રાનીએ મોઅજમે કબીરમાં હઝરત સૈયદના અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું **ثم صل ما کتب اللّٰه لك** પછી અલ્લાહે જેટલુ મુકદ્દરમાં લખ્યું છે એટલી નમાઝ પઢ. ઈસ્તેખારા કર્યા પછી જેના પર દિલ જામે તે કરે. અમુક ઉલમાએ (બહારે શરીઅત, ૪/૨૭) લખ્યું છે કે જો ખ્વાબમાં સફેદ અથવા લીલો રંગ જુએ તો કરે અને જો લાલ કે કાળો જુઓ તો ન કરે.

હદીષમાં જે દુઆ આવી છે એમાં એક જગાએ **ان هذا الامر** છે, અહીં પોતાની જરૂર વર્ણવે. આગળ જ છે : **فی عاقبة امری اوقال عاجل امری وآجله** અહીં કોઈ રાવીથી શક થઈ ગયો છે કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم એ **فی عاقبة امری** ફર્માવ્યું હતું કે એની જગાએ **عاجل امری وآجله** ફર્માવ્યું હતું. અહીં બેહતર એ છે કે બંનેવ પઢે એટલે કે **فی عاقبة امری واعاجل امری وآجله**.

**સમજૂતી : ૭૦૩** હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا એ ફજરની સુન્નતને નફલોમાં ગણી, એ દલીલ કે એ વાજિબ નથી સુન્નત છે.

حدیث ۷۰۴ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ کَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم **[હદીષ : ૭૦૪]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یُصَلِّیْ بِاللَّیْلِ ثَلٰثَ عَشْرَةَ رَکْعَةً ثُمَّ یُصَلِّیْ إِذَا سَمِعَ

રાતમાં તેર રકાતો પઢતા હતા. પછી જ્યારે અઝાન સાંભળતા

النِّدَاءَ بِالصُّبْحِ رَکْعَتَیْنِ خَفِیْفَتَیْنِ ۔ ۹

તો ટૂંકી બે રકાતો પઢતા.'' (ઉપર મુજબ, અબૂ દાઊદ–સલાત)

حدیث ۷۰۵ عَنْ عَائِشَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهَا قَالَتْ کَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم **[હદીષ : ૭૦૫]**

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یُخَفِّفُ الرَّکْعَتَیْنِ اللَّتَیْنِ قَبْلَ صَلٰوةِ الصُّبْحِ حَتّٰی إِنِّیْ

સવારની નમાઝથી પ્રથમવાળી બે રકાતો ટૂંકી પઢતા હતા એટલી કે હું કહેતી ઉમ્મુલ

لَأَقُوْلُ هَلْ قَرَأَ بِأُمِّ الْقُرْآنِ ۔ ۹

કુર્આન સૂરએ ફાતિહા પણ પઢી કે નહીં ?!''

(અત્તહજ્જુદ–૧૫૬, મુસ્લિમ–સલાત, તિર્મિઝી–સલાત, નિસાઈ–ઈફતેતાહ, કયામુલ્લૈલ, મોઅત્તા ઈમામ માલિક–સલાતુલ્લૈલ, મુસ્નદે ઈમામ અહમદ, ૬/૧૬૪–૧૬૫)

حدیث ۷۰۶ عَنِ ابْنِ عُمَرَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُمَا وَحَدَّثَتْنِیْ أُخْتِیْ حَفْصَةُ أَنَّ النَّبِیَّ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે. તે કહે છે કે, અને મને **[હદીષ : ૭૦૬]**

**સમજૂતી : ૭૦૪** અહીં આ પ્રકરણ છે : **مایقراء فی رکعتی الفجر** ફજરની બે રકાતોમાં શું પઢતા ? આ હદીષમાં એનો કોઈ ઉલ્લેખ નથી. અલ્લામા અયનીએ ફર્માવ્યું : **ما** ક્યારેક સિફતના બારામાં સવાલના માટે આવે છે. હવે પ્રકરણનો મતલબ એ થયો કે ''ફજરની રકાતોમાં કિર્અતની સિફત (ખૂબી) શું છે ? લાંબી કે વધારે ?'' ઉમ્મુલ મો'મિનીને ફર્માવ્યું, ખફીફ એટલે ટૂંકી બે રકાતો પઢતા હતા. એનાથી જાહેર થઈ ગયું કે ટૂંકી કિર્અત કરે. હઝરત ઈબ્ને મસ્ઊદ, હઝરત ઈબ્ને ઉમર, હઝરત અનસ, હઝરત અબૂ હુરૈરહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી મરવી છે કે તેની પ્રથમ રકાતમાં **قُلْ یٰاَیُّهَا الْکٰفِرُوْنَ** બીજીમાં **قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ** પઢયા કરતા હતા. અમુક અન્ય આયતોનું પઢવું પણ મરવી છે. આ હદીષથી સાબિત થયું કે કદી કદી હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم એ તહજ્જુદની નમાઝ દસ રકાત પણ પઢી છે.

**સમજૂતી : ૭૦૫–૭૦૬** આ બાબુલ જુમ્આમાં વર્ણન થઈ ચૂકેલી હદીષ નં. ૫૮૬નો હિસ્સો છે. પ્રારંભિક હિસ્સો આ પ્રમાણે છે : હઝરત ઈબ્ને ઉમરે ફર્માવ્યું, મેં ઝોહરથી પહેલાં, ઝોહર બાદ અને મગરિબ

صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُصَلِّي رَكْعَتَيْنِ خَفِيفَتَيْنِ بَعْدَ مَا يَطْلُعُ الْفَجْرُ وَكَانَتْ

મારી બહેન હઝરત હફસાએ આ હદીષ બયાન કરી કે નબી ﷺ ફજર તુલૂઅ થયા બાદ બે ટૂંકી

سَاعَةً لَّا أَدْخُلُ عَلَى النَّبِيِّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ فِيهَا عـه

રકાતો પઢતા હતા અને આ તે સમય હતો કે જ્યારે હું નબી ﷺને ત્યાં જતો ન હતો." (અત્તહજ્જુદ–૧૫૭)

ت ٢٢٠ وَقَالَ ابْنُ أَبِي الزِّنَادِ عَنْ مُوسَى بْنِ عُقْبَةَ عَنْ نَافِعٍ بَعْدَ الْعِشَاءِ فِي أَهْلِهِ سـه

"અને ઈબ્ને અબીઝ્ઝિનાએ મૂસા ઈબ્ને ઉક્બા અન નાફેઅની રિવાયતથી **[તઅલીક઼ : ૨૨૦]**

આ પ્રમાણે કહ્યું, ઈશા બાદ પોતાના અહલમાં (ઘરવાળામાં)"

حديث ٧٠٧ عَنْ مُوَرِّقٍ قَالَ قُلْتُ لِابْنِ عُمَرَ أَتُصَلِّي الضُّحَى قَالَ لَا۔ قُلْتُ

"મુવર્રિક઼ે કહ્યું, મેં હઝરત ઈબ્ને ઉમરથી ચાશતની નમાઝના બારામાં પૂછયું કે આપ પઢો **[હદીષ : ૭૦૭]**

فَعُمَرُ قَالَ لَا قُلْتُ فَأَبُو بَكْرٍ قَالَ لَا قُلْتُ فَالنَّبِيُّ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ

છો ? તો ફર્માવ્યું, નહીં ! મેં પૂછયું, હઝરત ઉમર પઢતા હતા ? ફર્માવ્યું, નહીં ! મેં પૂછયું, હઝરત અબૂબક્ર ? તો

وَسَلَّمَ قَالَ لَا إِخَالُهُ۔ عـه

ફર્માવ્યું, નહીં ! મેં પૂછયું, અને નબી ﷺ ? તો ફર્માવ્યું, હું નથી ગુમાન કરતો કે તે પઢતા હશે !"

(બુખારી ૧/૧૫૭, અત્તહજ્જુદ–૧૫૭)

બાદ અને ઈશા બાદ અને જુમ્આ બાદ નબી ﷺની સાથે બે બે રકાતો પઢી. એના પર સંપૂર્ણ ચર્ચા થઈ ચૂકી છે. વાંચકો એ હદીષ જોઈ લે.

**તઅલીક઼ : ૨૨૦ની સમજૂતી** આ તઅલીક઼ના ખુલાસામાં શારેહોના (શરહ કરનારાઓના) ત્રણ કથનો છે : અલ્લામા કિર્માનીએ ફર્માવ્યું કે આ હદીષના પ્રારંભિક હિસ્સામાં એક જગાએ છે : **وسجد تين بعد العشاء** અહીં આખરમાં એ જ રિવાયતમાં **فی اهله** અધિક છે, એના બે મતલબો છે : એક એ કે એ તમામ સુન્નત પોતાનાં ઘરવાળાંમાં આવીને પઢતા હતા અને એ જ જાહેર છે. બીજો મતલબ એ છે કે ઈશાના બાદવાળી બે રકાત પોતાના ઘરવાળાંમાં આવીને પઢતા હતા. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે આ હદીષના પ્રારંભિક ભાગના અંત છે : **فاما المغرب والعشاء ففی بیته** મગરિબ તથા ઈશાની સુન્નતો ઘરમાં પઢતા હતા. **ففی بیته** પછી છે : **بعد العشاء فی اهله** અલ્લામા ખતીબ ક઼સ્તલાનીએ ફર્માવ્યું કે, "ફી બયતિહી"ની જગ્યાએ **فی اهله** "ફી અહલિહી" છે.

**સમજૂતી : ૭૦૭** અહીં વિષય છે : "સફરમાં ચાશતની નમાઝ" અને હદીષમાં તદન નકાર મઝકૂર છે. સફર કે મુક઼ામની કોઈ શરત નથી, એના સામાન્યપણાને લીધે સફરમાં નકાર માટે દલીલ થઈ શકતી હતી કે ન સફરમાં ન મુક઼ામ પર. અલ્લામા ક઼સ્તલાનીએ કહ્યું કે નમાઝે ચાશતના બારામાં રિવાયતો વિરોધાભાસી છે.

# حديث ۷۰۸

**[હદીષ : ૭૦૮]**

عَنْ اَبِیْ ھُرَیْرَۃَ رَضِیَ اللہُ تَعَالٰی عَنْہُ قَالَ اَوْصَانِیْ خَلِیْلِیْ صَلَّی اللہُ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મારા ખલીલ صلی اللہ علیہ وسلم એ*

تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ بِثَلٰثٍ لَّا اَدَعُھُنَّ حَتّٰی اَمُوْتَ صَوْمِ ثَلٰثَۃِ اَیَّامٍ مِّنْ کُلِّ

*મને ત્રણ વાતોની વસિયત કરી છે. હું તેને મરતા દમ સુધી છોડીશ નહીં. દરેક મહિનામાં ત્રણ દિવસનો રોઝો*

شَھْرٍ وَّصَلٰوۃِ الضُّحٰی وَنَوْمٍ عَلٰی وِتْرٍ ۔ ھ

*અને ચાશતની નમાઝ અને વિત્ર પઢીને સૂઓ." (અત્તહજ્જુદ–૧૫૭, અસ્સૌમ–૨૬૬, મુસ્લિમ, નિસાઈ–સલાત)*

ઈમામ બુખારીએ એ સૌમાં વર્ગીકરણ આપવા માટે પ્રકરણ રચ્યું છે કે નકારની રિવાયતો સફર પર આધારિત છે અને સાબિતીની મુકામ પર. પણ તેના પછી જ ઉમ્મેહાનીની હદીષ આવી રહી છે જેમાં ચાશતની નમાઝનું વર્ણન છે અને તે ફતહે મક્કાના મોકા પર સફરની હાલતમાં હુઝૂરે પઢી હતી. વર્ગીકરણની સ્થિતિ એ જ છે જે હદીષ ૬૭૮ના હેઠળ વર્ણન થઈ ચૂકી.

**સમજૂતી : ૭૦૮**

અહીં પ્રકરણનો વિષય છે, "મુકામ પર નમાઝે ચાશતનું બયાન" એના પર દલીલ હદીષના આ શબ્દોથી થઈ રહી છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, હું તેમને મરતા દમ સુધી છોડીશ નહીં, એમાં મુકામ પણ સામેલ છે. દરેક મહિનામાં ત્રણ દિવસથી મુરાદ **ઐયામે બીઝના રોઝા** છે, એટલે **૧૩, ૧૪, ૧૫.** અહીં બુખારીની રિવાયતમાં ચાશતની નમાઝની રકાતો મઝકૂર નથી, પણ મુસ્લિમ (૧/૨૫૦ સલાત)માં જ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા رضی اللہ عنہا થી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ચાર રકાત પઢતા અને જેટલી ચાહતા વધારો કરતા. હઝરત ઉમ્મેહાની (નુઝહતુલ કારી, ૨/૧૯૯–૨૦૨)ની હદીષમાં આઠ રકાતો વર્ણન થયેલી છે. સૂવાથી પહેલાં વિત્ર પઢવાનો ખાસ હઝરત અબૂ હુરૈરહ તથા હઝરત અબૂઝર رضی اللہ عنہما ને હુકમ ફર્માવ્યો. કેમ કે સૂવામાં એનો અંદેશો છે કે ક્યાંક કઝા ન થઈ જાય. એનાથી જાણવા મળ્યું કે જેમને એ વિશ્વાસ ન હોય કે આખરી રાતમાં ઉઠી શકશે તેમના માટે જરૂરી છે કે વિત્ર સૂવાથી પહેલાં પઢી લે અને જેમને વિશ્વાસ હોય કે ઉઠી શકશે તેમના માટે અફઝલ એ છે કે રાતમાં તહજ્જુદના પછી પઢે.

કિતાબુસ્સૌમમાં ઈમામ બુખારીએ આ હદીષ પર આ પ્રકરણ રચ્યું છે : સિયામે બીઝ. (બીઝના એટલે ૧૩, ૧૪, ૧૫ના રોઝા) આ હદીષ કોઈ પણ તારીખ નિશ્ચિત કરેલ નથી પછી એનાથી ઐયામે બીઝના રોઝા મુરાદ લેવું અને ઐયામે બીઝથી મુરાદ વર્ણવેલ તારીખો નક્કી કરવી કઈ રીતે દુરુસ્ત છે !

એ વારંવાર વર્ણન થઈ ચૂકયું કે ઈમામ બુખારીની આદત છે કે પ્રકરણના હેઠળમાં જે હદીષ લાવે છે એનાથી વાતની સામ્યતા નથી થતી પણ એ જ હદીષ કોઈ અન્ય તરીકાથી ક્યાંક મઝકૂર થાય (વર્ણન પામે) છે એમાં પ્રકરણના મુનાસિબ શબ્દો હોય છે. જેમ કે આ જ હદીષને ઈમામ અબૂ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અતા ઈબ્રાહીમીએ આ શબ્દોમાં રિવાયત કરી છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, મને ત્રણ વાતોની વસિયત કરી : સૂતા પહેલાં વિત્રની, અને બે રકાત નમાઝે ચાશત પઢવાની અને દર મહિને ત્રણ દિવસ રોઝા રાખવાની

# حدیث ۷۰۹

**[હદીષ : ૭૦૯]**

عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهَا اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

*"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم ઝોહરથી પહેલાં ચાર*

كَانَ لَا يَدَعُ اَرْبَعًا قَبْلَ الظُّهْرِ وَرَكْعَتَيْنِ قَبْلَ الْغَدَاةِ ع ه

*અને સવારની નમાઝથી પહેલાં બે રકાતો છોડતા ન હતા." (અત્તહજ્જુદ–૧૫૭, અબૂ દાઊદ, નિસાઈ)*

૧૩, ૧૪, ૧૫, અને બીઝ છે (ઉમ્દતુલ કારી, પેજ–૯) એટલે રોશન દિવસ. એટલા માટે કે બીજા દિવસોની જેમ એ દિવસોમાં રોશની હોય જ છે પણ રાતોમાં પણ રાતભર ચાંદની રહે છે એના લેહાઝથી એ દિવસોની ખૂબી છે. (ફત્હુલબારી ૪/૧૯૬) ઐયામ (દિવસો)થી મુરાદ દિવસ અને રાત બંનેનો સમૂહ છે.

એ દિવસોના ઉપરાંત અન્ય પણ ત્રણ દિવસોના દર મહિને રોઝાના ફઝાઈલ આવેલા છે. એ સૌને સામે રાખતાં એના અનુસંધાનમાં દસ કથનો છે : **૧.** દર મહિને અનિશ્ચિત રીતે ત્રણ દિવસોના રોઝા અને નિશ્ચિત કરવું મકરૂહ છે. આ ઈમામ માલિકનો મશ્હૂર મઝહબ છે. **૨.** દરેક મહિનામાં ૧૩, ૧૪, ૧૫ના રોઝા, એ મોટાભાગના ઈલ્મવાળાઓનું કથન છે. અને આ જ હઝરત ફારૂકે આ'ઝમ અને હઝરત ઈબ્ને મસ્ઊદ, હઝરત અબૂ ઝર رضوان اللہ تعالیٰ علیہم اجمعیننો મઝહબ છે. તેમજ મોટાભાગના તાબઈન તથા ઈમામ શાફઈ અને ઈમામે આ'ઝમ તેમના સાહિબૈન ઈમામ અહમદ તથા ઈમામ ઈસ્હાકનો પણ. **૩.** બાર, તેર, ચૌદના રોઝા **૪.** દર મહિનાના પ્રારંભિક ત્રણ દિવસોના રોઝા જેને ઐયામે ગર્ર કહે છે. આ ઈમામ હસન બસરીનો મઝહબ છે. **૫.** દર મહિનાના પહેલા શનિવાર, રવીવાર, સોમવાર, પછી તેના બાદવાળા મહિનામાં પ્રથમ મંગળ, બુધ, ગુરૂના રોઝા. આ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاનો મઝહબ છે. **૬.** દરેક મહિનાના અંતિમ ત્રણ દિવસોના રોઝા જેને ઐયામે સ્વદ (અંધકારના દિવસો) કહે છે. એ ઈબ્રાહીમ નખઈના અગ્રતા આપેલ છે. **૭.** પ્રથમ સોમવાર, ગુરૂવાર પછી બીજા સોમવારના રોઝા. **૮.** દરેક મહિનાની પહેલી, દસમી, વીસમીના રોઝા. એ હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી મરવી છે. **૯.** દરેક મહિનાની પહેલી, અગ્યારમી, વીસમીના રોઝા. આ હઝરત અબૂ ઈસ્હાક બિન શાબાન માલિકનો અગ્રતા આવેલ છે. **૧૦.** પ્રથમ જુમેરાત પછી એના પછી આવતો સોમવાર પછી તેના બાદવાળા સોમવારના રોઝા. *(ફત્હુલ બારી, ૪/૧૯૮)*

**સમજૂતી : ૭૦૯**

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماની હદીષમાં છે કે ઝોહરથી પહેલાં બે રકાત પઢતા હતા. ઉમ્મુલ મો'મિનીન ફર્માવે છે કે ચાર રકાત, અગ્રતા એને જ છે. ષિકહનો વધારો મકબૂલ છે. જે વધારે હોય તે કમ હોય તેને ખતમ નથી કરી શકતુ. વળી એના પણ સંભાવના છે કે પ્રથમ ચાર રકાત ઘરમાં પઢતા હોય, જેમ કે મુસ્નદે ઈમામ અહમદ (ફત્હુલ બારી, ૩/૪૮) તથા અબૂ દાઊદમાં છે કે ચાર રકાત ઘરમાં પઢતા હતા, જેને ઉમ્મુલ મો'મિનીન જોતાં હોય અને બે રકાત મસ્જિદમાં તશરીફ લાવીને પઢતા હોય જેને હઝરત ઈબ્ને ઉમરે જોયું. શક્ય છે કે આ બે રકાત તહિય્યતુલ મસ્જિદ હોય, પૂરી ચર્ચા થઈ ચૂકી છે. આ હદીષ પર પ્રકરણ છે : ઝોહરથી પહેલાં બે રકાત અને હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاની હદીષમાં ઝોહરથી ચાર રકાત વર્ણન થયેલ છે. અને પ્રકરણ સાથે કોઈ સંબંધ નથી.

# حديث ٧١٠

**[હદીષ : ૭૧૦]**

سَمِعْتُ مَرْثَدَ بْنَ عَبْدِ اللّٰهِ الْيَزَنِيَّ قَالَ أَتَيْتُ عُقْبَةَ بْنَ عَامِرٍ

"મર્ષદ બિન અબ્દુલ્લાહ યઝનીએ કહ્યું, હું ઉક્બા બિન આમિર જુહની رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો.

الْجُهَنِيَّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ فَقُلْتُ أَلَا أُعَجِّبُكَ مِنْ أَبِي تَمِيمٍ يَرْكَعُ رَكْعَتَيْنِ

મેં અર્ઝ કરી, તમને અબૂ તમીમની આ વાત આશ્ચર્યમાં નથી નાખતી કે તે મગરિબથી પહેલાં બે રકાત પઢતા

قَبْلَ صَلٰوةِ الْمَغْرِبِ فَقَالَ عُقْبَةُ إِنَّا كُنَّا نَفْعَلُهُ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ

હતા ? તો હઝરત ઉક્બાએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺના જમાનામાં અમે એને પઢતા હતા. મેં અર્ઝ કરી,

تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قُلْتُ فَمَا يَمْنَعُكَ الْآنَ قَالَ الشُّغْلُ ۵

હવે કઈ ચીજ રોકે છે ? તો ફર્માવ્યું, મશ્ગૂલિયત." (અત્તહજ્જુદ-૧૫૮, મુસ્નદે ઈમામ અહમદ, ૪/૧૫૫)

**સમજૂતી : ૭૧૦**

મગરિબથી પહેલાં નફ્લ છે કે નથી એની પૂરી બહષ વર્ણન થઈ ચૂકી છે. જે લોકો એને મશ્રૂઅ (દુરુસ્ત) માને છે તેઓ પણ આ શર્ત લગાડે છે કે તે જ પઢે જે તહારત વુઝૂ વગેરેની સાથે હોય કે જેથી મગરિબની નમાઝ શરૂ સમયમાં પઢી શકે. એના પર સૌની એકમતિ છે કે મગરિબની દરેક ઋતુમાં શરૂ સમયમાં પઢવી મુસ્તહબ છે. અહનાફને ત્યાં મગરિબથી પહેલાં કોઈ નફ્લ નથી. આપણી દલીલ એ છે કે ઈમામ તાઊસે કહ્યું, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મગરિબથી પહેલાં બે રકાતોના બારામાં સવાલ થયો તો તેમણે ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺના જમાનામાં કોઈને નથી જોયો કે એને પઢતા હોય. (અબૂ દાઊદ, ૧/૧૮૨ સલાત) તેમજ તિબ્રાની (ફત્હુલ કદીર, ૧/૧૮૮)એ મુસ્નદે શામીયિનમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે અમે રસૂલુલ્લાહ ﷺની અઝવાજ (બીબીઓ)થી પૂછયું, શું તેમણે રસૂલુલ્લાહ ﷺને મગરિબથી પહેલાં બે રકાતો પઢતાં જોયા ? તો સૌએ કહ્યું, અમે નથી જોયા. હા ! ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે એકવાર મારે ત્યાં હુઝૂરે પઢી. જયારે મેં પૂછયું કે આ કઈ નમાઝ છે ? તો ફર્માવ્યું, અસ્રના પહેલાંની સુન્નત ન પઢી શકયો હતો તેને પઢી છે. તેમજ હઝરત ઈબ્રાહીમ નખઈ (ઉપર મુજબ, ઉમ્દતુલ કારી, ૬/૨૪૬)એ ફર્માવ્યું કે એ નમાઝ હુઝૂરે પઢી ન અબૂબક્રએ ન ઉમરે ન ઉષ્માને. અને એ પણ ફર્માવ્યું કે એ બિદઅત છે. કૂફામાં નેક સહાબા હઝરત અલી, હઝરત ઈબ્ને મસ્ઊદ, હઝરત અમ્માર, હઝરત અબૂ મસ્ઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હતા એમનામાંથી કોઈ મગરિબથી પહેલાં નમાઝ પઢતા ન હતા.

અને એવું કહેવું કે બુખારીની રિવાયતોને આ રિવાયતો પર અગ્રતા છે એ દુરુસ્ત નથી. જેમ કે આપણા ઉલમાએ દલાઈલે કાહિરા (મજબૂત દલીલો)થી એને સાબિત કર્યું, ખાસ કરીને ઈમામ ઈબ્ને હુમામે આ મસ્અલા પર બહષ કરતાં લખ્યું છે :

જો બુખારીમાં રિવાયત પામેલ હઝરત અનસની આ હદીષ જો સહીહ હોતી કે અઝાન થતાં જ લોકો ઝડપભેર

સુન્નતો પ્રતિ વધતા, એટલા અધિક પ્રમાણમાં લોકો નમાઝ પઢતા કે એક અજનબી એ ખયાલ કરત કે જમાઅત થઈ ચૂકી છે. તો ઈબ્ને ઉમર અને આમ સહાબાએ કિરામ ત્યાં સુધી કે હઝરત જાબિર رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ત્યાં સુધી કે અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)થી વાત છુપી રહેતી ? અને હઝરત સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ અમલ ન કરતા ? બલ્કે આમ સહાબા એને છોડી બેસતા ?

તેમજ દારકુત્ની (ફત્હુલ કદીર–૧૮૮) તથા બયહકીએ હિબ્બાન ઈબ્ને ઓબૈદુલ્લાહથી રિવાયત કરી કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, મગરિબ સિવાય દરેક બે અઝાન તથા ઈકામતની વચ્ચે નમાઝ છે. ઈબ્ને શાહીને (ઉમ્દતુલ કારી, ૭/૨૪૬) કહ્યું કે આ હદીષથી મગરિબ અગાઉની નમાઝ મન્સૂખ છે.

અલ્લામા ઈબ્ને જવઝીએ કહ્યું કે આ હદીષ મૌઝૂઅ (મનઘડત) છે એટલા માટે કે એનો એક રાવી હિબ્બાન કઝ્ઝાબ છે. પણ એમનું એવું કહેવું શંકાના લીધે છે એટલા માટે કે હિબ્બાન બે છે, એક ઈબ્ને અબ્દુલ્લાહ અને બીજા ઈબ્ને ઓબૈદુલ્લાહ. કઝ્ઝાબ ઈબ્ને અબ્દુલ્લાહ છે અને ઈબ્ને ઓબૈદુલ્લાહ ષિકહ છે, જેવું કે અલ્લામા ઝીલઈએ લખ્યું છે.

તેમજ બુખારીની હઝરત અનસવાળી હદીષથી પણ તેનું મુસ્તહબ હોવું (ઈસ્તિહબાબ) સાબિત નથી થતું. એમાં એવું છે કે **قام ناس من اصحاب النبی صلی اللّٰہ تعالٰی علیہ وسم**. સહાબામાંથી અમુક હઝરાત સુતૂનો (થાંભલાઓ) તરફ વધતા અને નમાઝ પઢતા. એનાથી જાહેર થયું કે તમામ સહાબા ન પઢતા હતા અમુક હઝરાત પઢતા હતા. આગળ છે : **حتی یخرج النبی صلی اللّٰہ تعالٰی علیہ وسلم** ત્યાં સુધી કે નબી ﷺ બહાર તશરીફ લાવતા. તેનો સાર એ નીકળ્યો કે અઝાન પછી સહાબાએ કિરામમાંથી અમુક હઝરાતે એવું વિચાર્યું કે બેકાર રહેવાથી બેહતર એ છે કે જ્યાં સુધી હુઝૂર તશરીફ લાવે નમાઝ જ પઢી લઈએ. એનાથી જાહેર થઈ ગયું કે એ નમાઝ શરીઅત તરફથી નિશ્ચિત કરેલી ન હતી, નહીં તો સર્વ સહાબાએ કિરામ પઢતા જ્યારે કે એનો મોકો હતો. જે લોકો પઢતા હતા તેઓ સમયને મહત્વની ઈબાદતમાં વ્યસ્ત કરવા માટે પઢતા હતા. અને એ આપણે પણ કહીએ છીએ કે એ સમયે નફ્લ શરીઅતના હુકમાનુસાર નથી, જો કોઈ ટૂંકમાં પઢી લે તો કાંઈ વાંધો નથી, જેમ કે ઈમામ ઈબ્ને હુમામ (ફત્હુલ કદીર–૧૮૮ લખનૌ)એ ફર્માવ્યું છે :–

**અસ્ર પહેલાં** (**قبل عصر**) અસરથી પહેલાં પણ ચાર રકાત નફ્લ મશરૂઅ (શરીઅત મુજબ) છે. ઈમામ અહમદ (૨/૧૧૭)એ પોતાના મુસ્નદમાં અને તિર્મિઝી (૧/૫૮ સલાત)એ પોતાની જામેઅમાં અબૂ દાઊદે (૧/૧૮૦ સલાત) પોતાની સુનનમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે હુઝૂરે અક્દસ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ ﷻ એ શખ્સ પર રહમ કરે જે અસ્રથી પહેલાં ચાર રકાત પઢી લે. તેમજ ઈમામ તિર્મિઝીએ (૧/૫૮ સલાત) તથા ઈમામ નિસાઈએ (૧/૧૪૦ સલાત) હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરી કે હુઝૂરે અક્દસ ﷺ અસ્રથી પહેલાં ચાર રકાત પઢયા કરતા હતા પણ કેમ કે આ બંનેવ હદીષો ઈમામ બુખારીની શર્ત પર નથી એટલા માટે એને ન વર્ણવી.

## حديث ۷۱۱

**[હદીષ : ૭૧૧]**

قَالَ مَحْمُوْدُ بْنُ الرَّبِيْعِ فَحَدَّثْتُهَا قَوْمًا فِيْهِمْ اَبُوْاَيُّوْبَ الْاَنْصَارِيُّ

"હઝરત મહમૂદબિન રબીઅ رضی اللہ عنہએ કહ્યું, મેં આ હદીષ એ લોકોની સામે વર્ણવી જેમાં હઝરત

صَاحِبُ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فِيْ غَزْوَتِهِ الَّتِيْ تُوُفِّيَ فِيْهَا

અબૂ ઐયૂબ અન્સારી, રસૂલુલ્લાહ ﷺના સહાબી મૌજૂદ હતા. એ ગઝવામાં જેમાં એ વફાત પામ્યા હતા

وَيَزِيْدُ بْنُ مُعَاوِيَةَ عَلَيْهِمْ بِاَرْضِ الرُّوْمِ فَاَنْكَرَهَا عَلَيَّ اَبُوْاَيُّوْبَ قَالَ وَاللّٰهِ

અને એમના પર યઝીદ બિન મુઆવિયા અમીર હતો સરઝમીને રોમમાં. તો હઝરત અબૂ ઐયૂબે એનો

**સમજૂતી : ૭૧૧**

આ ભાગ–રમાં વર્ણન થઈ ચૂકેલી હદીષ નં. ર૯૪ની પૂર્ણતા કરનાર છે જેને અહીં પણ ઈમામ બુખારીએ પૂરી તફસીલ સાથે વર્ણવી છે સૈયદના અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہના શકનો આધાર એ છે કે એના અંતમાં આ પ્રમાણે છે કે અલ્લાહ ﷻએ એને જહન્નમ પર હરામ કર્યો છે જેણે અલ્લાહની રઝાના માટે લાઈલાહ ઈલ્લલ્લાહ કહ્યું. એનાથી જાહેરી રીતે એ સમજાય છે કે મુસલમાનોમાં જેઓ ફાસિક઼ તથા ફાજિર છે તેઓ જહન્નમમાં જશે નહીં. આ ઘણી હદીષો તથા આયતોના વિરુદ્ધ છે એટલા માટે હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہએ ઈન્કાર કર્યો. હઝરત મહમૂદ બિન રબીઅ્એ એ ખયાલ કરીને કે કદાચ મારાથી સાંભળવામાં અથવા યાદ રાખવામાં ગલતી થઈ હશે બે વાર હઝરત ઈત્બાન رضی اللہ عنہની ખિદમતમાં હાજર થઈને ઈત્મિનાન મેળવી લીધુ કે મેં જે યાદ રાખ્યું હતું તે સહીહ છે.

**ويزيدبن معاوية عليهم** : સામાન્યતઃ મશહૂર છે કે એ કુસ્તુન્તુનિયા પર પ્રથમ હુમ્લો હતો. એના કારણે એક શંકા એ પેદા થઈ ગઈ કે એ લશ્કરનો સેનાપતિ યઝીદ હતો અથવા કમસેકમ એમાં શરીક જરૂર હતો. અને ખૂદ બુખારી કિતાબુલ જેહાદમાં આ હદીષ છે : **اول جيش من امتى يغزون مدينة قيصر مغفورٌ له** મારી ઉમ્મતનું જે પ્રથમ લશ્કર કૈસરના શહેર પર હુમલો કરશે તેને બખ્શી દેવામાં આવશે." (પેજ–૪૧૦) એ લશ્કરમાં યઝીદ શરીક હતો જેથી સાબિત કે તે બખ્શાઈ ગયેલો છે, ત્યાં સુધી કે મુહલ્લબ જેવા મહાન મુહદ્દિષ પણ એ પ્રવાહમાં વહી ગયા. જો કે મુહલ્લબના આ મુદ્દાનો સર્વ મુહદ્દિષોએ રદ કર્યો છે જે ફત્હુલબારી, ઉમ્દતુલ કારી, ક઼સ્તલાની વગેરે જોનારાઓને ખબર છે. અમે અમારા લખાણમાં એના પર ઘણું બધું લખ્યું છે જે "પાસબાન"ના ખાસ "કર્બલા કા મુસાફિર નંબર"માં પછી મક઼ાલાતે અમજદીમાં છપાઈ ચૂક્યું છે.

હઝરત અલ્લામા અલ્હાજ મુબીનુદ્દીન અમરોહવી **دامت بركاتهم القدسيه**એ પોતાના મુબારક રિસાલા શહીદે મોઅઝ્ઝમમાં એના પર ચર્ચાની દિશા અપનાવી છે એની રોશનીમાં હવે અમે એક નવેસરથી આ ચર્ચાને વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ.

અહીં પાયાની દષ્ટિએ બે વાતો વિચારવા પાત્ર છે. આ હદીષમાં કુસ્તુન્તુનિયાનુ નામ નથી. મદીનાએ કૈસર છે એટલે કૈસરનુ શહેર, મદીનાએ કૈસરનો અનુવાદ અથવા મતલબ છે કોઈ શબ્દકોશમાં કુસ્તુન્તુનિયા નથી,

مَا اَظُنُّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ قَالَ مَا قُلْتَ قَطُّ فَكَبُرَ ذٰلِكَ

*ઈન્કાર કરી આપ્યો અને કહ્યું, ખુદાના સોગંદ ! હું એ ગુમાન નથી કરતો કે રસૂલુલ્લાહ ﷺએ એવું*

عَلَيَّ فَجَعَلْتُ لِلّٰهِ عَلَيَّ اِنْ سَلَّمَنِيْ حَتّٰى اَقْفُلَ مِنْ غَزْوَتِيْ اَنْ اَسْئَلَ عَنْهَا

*ફર્માવ્યું હશે જેવું તમે કહ્યું. એ વાત મારા પર ખૂબ જ કઠિન ગુજરી અને મેં અલ્લાહને ખાતર અહદ (નિશ્ચય)*

عِتْبَانَ بْنَ مَالِكٍ اِنْ وَجَدْتُّهُ حَيًّا فِيْ مَسْجِدِ قَوْمِهٖ فَقَفَلْتُ فَاَهْلَلْتُ بِحَجَّةٍ اَوْ بِعُمْرَةٍ

*કરી લીધો કે જો અલ્લાહે મને સલામત રાખ્યો ત્યાં સુધી કે હું જંગથી પરત થાઉં તો હઝરત ઈત્બાનથી*

પછી મુહદ્દિષોએ એનો મતલબ કુસ્તુન્તુનિયા કેવી રીતે લીધો ? એ હલ ન થનાર વાત છે. ક઼ૈસરની સલ્તનતની હદોનું કોઈપણ શહેર મદીનાએ ક઼ૈસર હોઈ શકે છે. હવે આવો જુઓ કે ક઼ૈસરના શહેર પર પ્રથમ હુમ્લો ક્યારે થયો.

ઈતિહાસ તથા સિયરનો મામૂલી જાણકાર જાણે છે કે ક઼ૈસરના શહેર પર પ્રથમ હુમ્લો ખૂદ હુઝૂરે અક઼દસ ﷺના યુગ મુબારક હિ.સ. ૮ જમાદીઉલ અવ્વલમાં થયો જેનું નામ ગઝવએ મોતા છે. હવે આ બશારતના મુસ્તહિક઼ ગઝવએ મોતાના શરીકો છે. અને જો "મદીનાએ ક઼ૈસર"થી મુરાદ તેનું પાટનગર લેવામાં આવે તો જે વખતે હુઝૂરે અક઼દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો હતો એ વખતે ક઼ૈસરનું પાટનગર હિમ્સ હતું જે ફારૂક઼ી યુગમાં ફતહ થયું જેથી એ બશારતને પાત્ર હમ્સને ફતહ કરનારાઓ છે.

બીજી નોંધપાત્ર વાત એ છે કે જો કોઈને જીદ હોય કે "મદીનાએ ક઼ૈસર"થી મુરાદ કુસ્તુન્તુન્યા જ છે, તો જો કે જીદનો કોઈ ઈલાજ નથી પણ હઝરત ઈમામ આલી મક઼ામ સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہની કરામત છે કે ખાસ આ જીદનો ઈલાજ મૌજૂદ છે. **હદીષની આ બશારત ખાસ એ લશ્કરના માટે છે જે સૌ પ્રથમ "મદીનાએ ક઼ૈસર" પર હુમ્લો કરશે. અને જે લશ્કરમાં યઝીદ શરીક હતો તે કુસ્તુન્તુનિયા પર હુમ્લો કરનાર પ્રથમ લશ્કર ન હતું.** એની વિગત આ પ્રમાણે છે કે યઝીદ જે લશ્કરનો અમીર હતો તે હિ.સ. ૫૦ અથવા એના બાદ હિ.સ. ૫૨માં કુસ્તુન્તુનિયા પર ગયુ હતું. એના પહેલાં કુસ્તુન્તુનિયા પર ચાર વાર હુમ્લો થઈ ચૂક્યો હતો. પ્રથમવાર હિ.સ. ૩૨માં હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના ખિલાફતકાળમાં હઝરત મુઆવિયહ્‌ની સરદારીમાં હુમ્લો થયો હતો. અલબિદાયા વન્નિહાયા (૫/૧૫૯)માં છે :–

**ثم دخلت سنة ثنتين وثلاثين وفيها غزا معاوية بلاد الروم حتى بلغ المضيق، مضيق قسطنطنية۔** "હિ.સ. ૩૨માં મુઆવિયહ્‌એ રોમના શહેરમાં જંગ કરી ત્યાં સુધી કે કુસ્તુન્તુનિયાની ઘાટી સુધી પહોંચી ગયા."

બીજીવાર હિ.સ. ૪૩માં બુસ્ર બિન અબી ઈરતાત (ઉપર મુજબ, ૧/૩૪)ની સરદારીમાં અને ત્રીજીવાર હિ.સ. ૪૪માં, ચોથીવાર હિ.સ. ૪૬માં અબ્દુર્રહમાન બિન ખાલિદ બિન વલીદ સૈફુલ્લાહની સરદારીમાં. એમાં છે :–

**سنة ثلث واربعين فيها غزا لبسربن ابى ارطاة بلاد الروم فو قع فيها حتى بلغ مدينة قسطنطنيه سنة اربع واربعين فيها عزاعبد الرحمن بن خالدبن الوليد بلاد الروم ومعه المسلمون۔**

"હિ.સ. ૪૩માં બુસ્ર બિન ઈરતાતે રોમના શહેરોમાં જંગ કરી વધતા ગયા ત્યાં સુધી કે કુસ્તુન્તુનિયા શહેર સુધી પહોંચી ગયા. હિ.સ. ૪૪માં અબ્દુર્રહમાન બિન ખાલિદે રોમના શહેરોમાં જેહાદ કર્યો અને તેમની સાથે ઘણા બધા મુસલમાનો હતા. *(ઉપર મુજબ, પેજ–૨૭)*

ثُمَّ سِرْتُ حَتّٰى قَدِمْتُ الْمَدِيْنَةَ فَاَتَيْتُ بَنِيْ سَالِمٍ فَاِذَا عِتْبَانُ شَيْخٌ اَعْمٰى

*તેમની કૌમની મસ્જિદમાં પૂછીશ, જો તેમને જીવતા પામીશ તો. હું પરત થયો અને હજ્જ કે ઉમરાનો*

يُصَلِّيْ لِقَوْمِهٖ فَلَمَّا سَلَّمَ مِنَ الصَّلٰوةِ سَلَّمْتُ عَلَيْهِ وَاَخْبَرْتُهٗ مَنْ اَنَا ثُمَّ سَاَلْتُهٗ

*એહરામ બાંધ્યો અને મદીના આવ્યો, પછી બની સાલિમના મહોલ્લામાં ગયો તો જોયું કે ઈત્બાન વૃદ્ધ*

**سنة ست واربعين فيها شتى المسلمون ببلاد الروم مع اميرهم عبد الرحمٰن بن خالد۔ وقيل كان اميرهم غيره۔**

હિ.સ. ૪૬માં મુસલમાનોએ પોતાના અમીર અબ્દુર્રહમાન બિન ખાલિદના સાથે રોમના શહેરોમાં જેહાદ કર્યો. એક કૌલ એ છે કે અમીર કોઈ અન્ય હતું. *(ઉપર મુજબ, પેજ–૩૦)*

હિ.સ. ૩૪માં બુસ્ર બિન અબૂ ઈરતાતે જે જંગ કરી એના બારામાં ખુલાસો છે કે તે કુસ્તુન્તુનિયા સુધી પહોંચી ગયા. બિદાયા નિહાયામાં એવું મઝકૂર નથી કે હઝરત અબ્દુર્રહમાન બિન સૈફુલ્લાહ કુસ્તુન્તુનિયા સુધી પહોંચ્યા, પણ બિદાયા તથા નિહાયાથી અનંત ગણી અગ્રતાવાળી કિતાબ અબૂ દાઊદ (૧/૩૪૦, જેહાદ)માં છે કે એ કુસ્તુન્તુનિયાની દિવાલ સુધી પહોંચી ગયા અને તેનો ઘેરાવ કરી લીધો હતો. તદ્ઉપરાંત એ કે એમાં સૈયદના અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ શરીક હતા. અબૂ દાઊદમાં આ તફસીલ છે. અસ્લમ બિન અબૂ ઈમરાને કહ્યું, અમે મદીનાથી કુસ્તુન્તુનિયા પર જેહાદ માટે નીકળ્યા અને અમીરે લશ્કર અબ્દુર્રહમાન બિન ખાલિદ બિન વલીદ હતા અને રૂમી પોતાની પીઠ નપાત શહેરથી ચીપકાવીને બેઠેલા હતા. એક જણે દુશ્મન પર હુમ્લો કર્યો તો લોકોએ કહ્યું કે થોભ ! થોભ ! લાઈલાહ ઈલ્લલ્લાહ ! પોતે પોતાને તબાહીમાં ન નાખો. એના પર અબૂ ઐયૂબ અન્સારીએ કહ્યું, આ આયત આપણા અન્સારના બારામાં નાઝિલ થઈ છે, જ્યારે અલ્લાહે પોતાના નબીની મદદ કરી અને ઈસ્લામ ગાલિબ થઈ ગયો તો આપણે કહ્યું કે આપણા કારોબારમાં લાગી જઈએ, તેને ઠીક કરી લઈએ. તો અલ્લાહ جل جلالہ એ આયત નાઝિલ ફર્માવી, અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો અને જાતે પોતે હલાકતમાં ન પડો, **પોતાના કામમાં લાગી જવું, જેહાદ છોડવો એ પોતાને હલાકત (બર્બાદી)માં નાખવું છે.**

અબૂ ઈમરાને કહ્યું, અબૂ ઐયૂબ જેહાદ કરતા રહ્યા ત્યાં સુધી કે કુસ્તુનિયામાં દફન થયા.

તિર્મિઝી (૨/૧૪૧ તફસીરે સૂરએ બકરહ) થોડાક વધારા અને કાંઈક ટૂંકાણની સાથે આ રિવાયત મૌજૂદ છે. એમાં એ છે કે મિસ્ર પર ઉક્બા બિન આમિર અને એક જમાઅત પર ફઝાલા ઈબ્ને અબીદ હતા. સર સેનાપતિ કોણ હતું એ તિર્મિઝીમાં નથી. તબરીમાં જો કે પૂરી તફસીલ છે. અબૂ દાઊદવાળી સનદની સાથે છે કે મિસ્રવાળાઓ પર ઉક્બા બિન આમિર હતા અને પૂરી જમાઅત પર અબ્દુર્રહમાન બિન ખાલિદ. તબરીમાં જ બીજી રિવાયત છે કે મિસ્રવાળાઓ પર ઉક્બા બિન આમિર અને શામવાળાઓ પર ફઝાલા બિન અબીદ હતા. એ સૌનો સાર એ થયો કે લશ્કરના સરસેનાપતિ હઝરત અબ્દુર્રહમાન બિન સૈફુલ્લાહ હતા અને મિસ્રવાળાઓના મુજાહિદોના સરદાર હઝરત ઉક્બા બિન આમિર અને શામવાળાઓના ફઝાલા બિન અબીદ. આ રીતે અબૂ દાઊદ તથા તિર્મિઝીની રિવાયતોમાં વર્ગીકરણ થઈ જાય છે.

અબૂ દાઊદ તથા તિર્મિઝીમાં સન વર્ણન નથી પણ કેમ કે હઝરત અબ્દર્રુહમાન બિન સૈફુલ્લાહ رضی اللہ عنہ ને હિ.સ. ૪૨માં ઝહેર આપીને મારી નાખવામાં આવ્યા હતા *(બિદાયા વિનિહાયા, ૮/૩૧)* જેથી જરૂરી છે કે જેહાદ હિ.સ. ૪૨માં અથવા એથી અગાઉ થયો હોય. યઝીદ પલીદ જે લશ્કરમાં શરીક થયો ચાહે સરસેનાપતિની હેસિયતથી હોય કે ચાહે ટોળીના સરદારની હેસિયતથી હોય, ચાહે સામાન્ય સૈનિકની હેસિયતથી હોય તે કુસ્તુન્તુનિયા પર હિ.સ. ૪૯ કે ૫૦ અથવા તેના પછી હુમ્લામાં રહ્યો હતો. બિદાયા લ નિહાયામાં છે :

*નાબીના છે અને પોતાની કૌમને નમાઝ પઢાવી રહ્યા છે. જ્યારે તેમણે નમાઝથી સલામ ફેરવી તો મેં તેમને સલામ કરી અને બતાવ્યું કે હું કોણ છું. પછી આ હદીષના બારામાં સવાલ કર્યો તો જેવું અગાઉ બયાન કર્યું હતું તેવું જ ફરી બયાન કર્યું." (અત્તહજ્જુદ-૧૫૮)*

**سنة تسع واربعين فيها عزايزيد بن معاوية بلا دالروم حتى بلغ قسطنطنيه** "હિ.સ. ૪૯માં યઝીદ બિન મુઆવિયાએ રોમના શહેરો પર હુમ્લો કર્યો ત્યાં સુધી કે કુસ્તુન્તુનિયા સુધી પહોંચી ગયો." *(ઉપર મુજબ, પેજ-૩૨)*

ઉમ્તદુલ કારી (૭/૨૪૯) વગેરેમાં આ હદીષ હેઠળ છે કે આ જંગ હિ.સ. ૫૦માં અથવા એના પછી થઈ હતી. ખૂદ બિદાયા નિહાયામાં હિ.સ. પરના બનાવોમાં છે કે હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہનો વિસાલ થયો એ જ વરસે એટલે હિ.સ. પરમાં થયો, અને એક કૌલ એ છે કે તેના પર એક વરસ પહેલાં અથવા તેના એક વરસ બાદ. સારાંશ કે યઝીદ જે લશ્કરમાં શરીક હતો તે હિ.સ. ૪૯થી પહેલાં નથી ગયું. અને સાબિત થઈ ગયું કે હિ.સ. ૪૯થી પહેલાં કુસ્તુન્તુનિયા પર કમસે કમ ત્રણવાર નહીં તો ચારવાર હુમ્લો થઈ ચૂક્યો છે. પ્રથમ હિ.સ. ૩૨માં હઝરત મુઆવિયહએ કર્યો. હિ.સ. ૪૩માં બુસ્ર બિન અબૂ ઈર્તાતે કર્યો. હિ.સ. ૪૪માં હઝરત અબ્દુર્રહમાન બિન ખાલિદ બિન વલીદે કર્યો. હિ.સ. ૪૬માં હઝરત અબ્દુર્રહમાન બિન સૈફુલ્લાહ અથવા કોઈ અન્ય સાહબની સરદારીમાં થયો. હવે જો માની પણ લેવામાં આવે કે એ હદીષમાં મદીનાએ કૈસરથી મુરાદ કુસ્તુન્તુનિયા જ છે તો **اول جيش من امتى** સંતુષ્ઠ કરી રહેલ છે કે તેના લાગુ થનારા હઝરત મુઆવિયહ્ અથવા બુસ્ર બિન અબૂ ઈર્તાત અથવા હઝરત અબ્દુર્રહમાન બિન સૈફુલ્લાહ અને તેમના સાથીઓ છે. **જે લશ્કરમાં યઝીદ હતો તેમને આ હદીષ માટે લાગુ પડનાર નથી.** એટલા માટે કે કુસ્તુન્તુનિયા પર હુમ્લો કરનાર તે પ્રથમ લશ્કર ન હતું બલ્કે પાંચમુ કે ચોથુ હતું. અને બશારત કેવળ એ લશ્કરના માટે છે જે પ્રથમવાર હુમ્લો કરશે.

**એક શંકાનો જવાબ :** કોઈ જો એવું કહે કે, કેમ કે આ હદીષ પ્રથમ દ્વીપ કબરસ (કરીટ) પર જેહાદની ચર્ચા છે અને મદીનાએ કૈસર પર હુમ્લાનું વર્ણન બાદમાં છે. તેમજ ઉમ્મે હરામ બિન્તે મલ્હાન رضی اللہ عنہاએ જ્યારે અર્ઝ કરી કે દુઆ ફર્માવો કે હું એમનાથી થાઉં. તો ઈર્શાદ ફર્માવ્યો, તું પ્રથમવાળામાં છે. આ બંનેથી સ્પષ્ટ થાય છે કે એનાથી મુરાદ તે હુમ્લો છે તે કબરસ બાદ થયો.

**હું કહું છું :** આવું તે જ કહી શકે છે જે હદીષ તો મહત્વની ચીજ છે પબ્લિકની વાતને પણ સમજવાની ક્ષમતા ન ધરાવતો હોય. સૌને ખબર છે કે પ્રથમ વર્ણન થઈ જવું એનાથી જરૂરી નથી થતું કે પહેલાં એ બનાવ બની પણ જાય. વર્ણનમાં જે ક્રમવાર વર્ણન થાય છે તે બનવામાં પણ ક્રમવાર થાય. એટલે એવું જરૂરી નથી કે જો અમુક બનાવો વર્ણન થયા હોય તો જ ક્રમસર એ વર્ણન પામ્યા, એ જ ક્રમ પ્રમાણે બનવા પણ પામે કે જેનું વર્ણન પ્રથમ થયું હોય તે પ્રથમ બને અને જેનું બાદમાં થયું તે બાદમાં બને. એવું ઘણા ભાગે બને છે કે પ્રસંગોના ઉપસ્થિત થવાનો ક્રમ કાંઈ જુદો હોય છે. વર્ણન કરનાર એનો લેહાઝ કર્યા વિના ઉપસ્થિત થનારને બાદમાં અને બાદમાં ઉદ્ભવનારને પ્રથમ વર્ણવે છે : બીજુ, જો એને સહીહ પણ માની લેવામાં આવે તો પણ યઝીદ પરસ્તો માટે લાભદાયી નથી ! એટલા માટે કે કબરસ હિ.સ. ૨૭માં ફતહ થઈ ચૂક્યું હતું. (બિદાયા વ નિહાયા) આ જ સહીહ અને આ જ જમહૂરનો કૌલ છે. અબૂ મઅશરે કહ્યું કે કબરસ હિ.સ. ૩૩માં ફતહ થયું હતું. આ આધાર પર હઝરત મુઆવિયહ્નો હિ.સ. ૩૨વાળો જેહાદ એમાં સામેલ થશે નહીં. પણ આ બશારતથી યઝીદ પલીદ હજી પણ ખારિજ જ રહ્યો ! કેમ કે એના હુમ્લાથી પહેલાં હિ.સ. ૪૩માં બુસ્ર બિન અબૂ ઈર્તાત હિ.સ. ૪૪માં

હઝરત અબ્દુર્રહમાન બિન સૈફુલ્લાહ આ શરફ (મહાનતા)ને હાંસલ કરી ચૂક્યા છે. અલ્લાહની તૌફીક઼થી ફરી હું કહું છું : આટલું લખાણ ચૂક્યો તો આ હદીષના સંબંધે એ નવી દિશા દિમાગમાં સુઝી. આ હદીષ બુખારી (૧/૪૧૦, કિતાબુલ રોમ)માં ઉમેર બિન અસ્વદ અન્સીના તરીક઼ાથી હઝરત ઉમ્મે હરામ બિન્તે મિલ્હાન رضی اللہ عنہاથી મરવી છે. અહીં જે શબ્દો છે તેનો અનુવાદ આ પ્રમાણે છે :–

"ઉમૈર બિન અસ્વદ અન્સી કહે છે કે તે ઓબાદા બિન સામિત رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયા તે હિમ્સના કિનારે પોતાની ઈમારતમાં ઉતર્યા હતા. તેમની સાથે ઉમ્મે હરામ પણ હતાં. તો ઉમ્મે હરામે તેમને આ હદીષ વર્ણવી કે તેમણે નબી ﷺથી સાંભળ્યું. ફર્માવતા હતા, મારી ઉમ્મતના એક લશ્કરે જે સમુદ્ર પર પહેલો હુમ્લો કરશે વાજિબ કરી લીધી. ઉમ્મે હરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું તેમનામાં છું ? ફર્માવ્યું, તું એમનામાં છે. ત્યારબાદ નબી ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતના એક લશ્કરને જે સૌથી પહેલાં કૈ઼સરના શહેર પર હુમ્લો કરશે તેને બખ્શી દેવામાં આવશે. (ઉમ્મે હરામ કહે છે) કે પછી મેં અર્ઝ કરી, હું તેમનામાં છું ? તો ફર્માવ્યું, નહીં !"

એના હેઠળ અલ્લામા બદરુદ્દીન અયની ઉમ્દતુલ ક઼ારી ફર્માવે છે : આ હદીષને હઝરત અનસ رضی اللہ عنہએ ઉમ્મે હરામથી એનાથી અધિક સંપૂર્ણપણે રિવાયત કરી છે જે વાઈલુલ જિહાદ બાબુ દુઆમ્ બિલ્ જિહાદમાં વર્ણવી છે. બુખારી, ભાગ–૧, પેજ–૩૯૧ પર આ હદીષ વિગતવાર આ પ્રમાણે વર્ણન થયેલી છે, "હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺ ઉમ્મે હરામ બિન્તે મિલ્હાનને ત્યાં તશરીફ લઈ જતા હતા. તે ખિદમતે અક઼દસમાં ખાણુ પેશ કરતાં અને ઉમ્મે હરામ, ઓબાદા બિન સામિત رضی اللہ عنہماના નિકાહમાં હતાં. (એકવાર) રસૂલુલ્લાહ ﷺએ એમના ત્યાં તશરીફ લઈ ગયા. તેમણે જે હાજર હતું તે રજૂ કર્યુ જેને હુઝૂરે ખાધુ અને હુઝૂરના સરે અક઼દસથી જૂવો તલાશ કરવા લાગ્યાં તો રસૂલુલ્લાહ ﷺ સૂઈ ગયા. પછી જાગ્યા અને મુસ્કુરાઈ રહ્યા હતા. ઉમ્મે હરામે બતાવ્યું કે મેં પૂછ્યું, શાથી સ્મિત કરો છો ? યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, મારી ઉમ્મતના કેટલાક લોકો ફીસબીલિલ્લાહ ગાઝી મારી સમક્ષ પેશ કરવામાં આવ્યા જેઓ આ (લીલા) સમુદ્રની વચ્ચે સવાર છે, જેઓ તખ્ત પર બેઠેલા બાદશાહ છે અથવા તખ્ત પર બેઠલા બાદશાહોના જેમ છે. ઈસ્હાક઼થી શક થઈ ગયો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અલ્લાહથી દુઆ કરો કે મને તેમનામાંથી કરી આપે. તો રસૂલુલ્લાહ ﷺએ એમના માટે દુઆ કરી. ત્યાર બાદ હુઝૂરે સર મુબારક રાખ્યું અને ફરી સૂઈ ગયા. ફરી સસ્મિત ચહેરે જાગૃત થયા. મેં ફરી અર્ઝ કરી, હુઝૂર ! કઈ વાત પર મુસ્કુરાઈ રહ્યા છો ? ફર્માવ્યું, મારી ઉમ્મતના કેટલાક લોકો મારા પર પેશ કરવામાં આવ્યા જેઓ ફીસબીલિલ્લાહ આ (લીલા) સમુદ્રની વચ્ચે જેહાદ કરવા જઈ રહ્યા છે, તેઓ તખ્ત પર બાદશાહ છે અથવા તખ્ત પર બાદશાહોના જેમ છે, ઈસ્હાકે઼ શક કર્યો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ દુઆ ફર્માવો કે મને એમનામાંથી કરી આપે. ફર્માવ્યું, તું પહેલાવાળઓમાં છે. ત્યાર બાદ ઉમ્મે હરામ મુઆવિયહ બિન અબૂ સુફયાનના જમાનામાં સમુદ્રમાં સવાર થયાં. સમુદ્ર પાર કર્યા બાદ પોતાની સવારી પરથી ગબડી પડયાં અને મૃત્યુ પામ્યાં.

આ વિસ્તારની સાથે ઈમામ બુખારીએ આ હદીષને અધિક ત્રણ જગાએ વર્ણવી છે. કિતાબુલ જેહાદ બાબુ ગઝવતુલ મિર્અત ફીલ બહર–૪૦૩, કિતાબુલ ઈસ્તીઝાન, બાબ મનઝાર ક઼વમન્ ફક઼ાલ ઈન્દહુમ, પેજ–૯૨૯, કિતાબ તાબીરુર્રયાઅ્, બાબુર્રુયાની ફીન્નાર, પેજ–૧૦૦૨, ૧૦૦૩, તદ્ઉપરાંત બાકીની સિહાહ સિત્તહ ઉપરાંત દારમી, મોઅત્તા ઈમામ માલિક, મુસ્નદે ઈમામ અહમદ વગેરેમાં પણ વર્ણન થયેલ છે.

આ હદીષના બંને તરીક઼ાઓમાંથી દરેક તરીક઼ામાં કેટલીક વાતો અધિક છે જે બીજામાં નથી. ઉમૈર બિન અસ્વદના તરીક઼ામાં આટલુ અધિક છે : **اول جیش من امتی یغزون البحر اوجبوا** "મારી ઉમ્મતનું તે પહેલું લશ્કર જે સમુદ્રમાં જેહાદ કરે, જન્નતનું મુસ્તહિક઼ થઈ ગયું." પણ હઝરત અનસની રિવાયતમાં ન તો **اول جیش** "અવ્વલ જૈશ" છે અને ન તો **اوجبوا** (અવજબૂ) છે. એ જ પ્રમાણે ઉમૈરની રિવાયતમાં આટલુ વધારે છે કે

## حدیث ۷۱۲

**[હદીષ : ૭૧૨]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નબી ﷺ થી રિવાયત કરી કે ફર્માવ્યું,*

قَالَ لَا تُشَدُّ الرِّحَالُ اِلَّا اِلٰی ثَلٰثَةِ مَسَاجِدَ۔ اَلْمَسْجِدُ الْحَرَامِ وَمَسْجِدُ الرَّسُوْلِ

*ત્રણ મસ્જિદોના સિવાય કોઈ મસ્જિદના માટે કાઠલો ન બાંધવામાં આવે એટલે સફર ન કરવામાં આવે,*

**اول جیش امتی یغزون مد ینة قیصر مغفور لهم** "મારી ઉમ્મતના આ પ્રથમ લશ્કરને જે કૈસરના શહેર પર હુમ્લો કરશે બખ્શી દેવામાં આવ્યું." પણ હઝરત અનસની રિવાયતમાં આ નથી. એ જ પ્રમાણે હઝરત અનસની રિવાયતમાં બંને જગાએ આ તફસીલ છે : **یر کبون ثبج هذا البحر** "આ સમુદ્રના વચમાં સવાર થશે." પણ એ ઉમૈરની રિવાયતમાં નથી. પણ એ રાવીઓનો સામાન્ય તરીકો છે કે રિવાયતમાં ક્યારેક પૂરી હદીષ વર્ણવે છે અને ક્યારેક તેમાં ટૂંકાણ કરી આપે છે, જેના દષ્ટાંત આ બુખારીમાં સેંકડો છે. આ ટૂંકાણ કરવાનો મતલબ એ નથી હોતો કે આ બે હદીષો છે અથવા બે બનાવો છે, એટલા માટે અહીં એને અવકાશ નથી કે એવું કહેવામાં આવે કે આ બંનેવ બે હદીષો છે અથવા બે બનાવો છે. અલ્લામા અયનીનો ખુલાસો વર્ણન થઈ ચૂક્યો કે આ બંનેવ એક જ હદીષ છે. હઝરત અનસની રિવાયત અધિક સંપૂર્ણ છે. હવે આખી હદીષ આ પ્રમાણે થઈ કે, "મારી ઉમ્મતનું તે પ્રથમ લશ્કર જે દરિયાઈ જેહાદ કરશે તે જન્નતને પાત્ર થશે. અને મારી ઉમ્મતનું તે લશ્કર જે સૌ પ્રથમ દરિયાઈ સફર કરીને મદીનાએ કૈસર પર હુમ્લો કરશે તે બખ્શી દેવામાં આવશે." એનાથી સાબિત થયું કે મગફિરતની બશારત માટે ત્રણ શરતો છે : પ્રથમ તે દરિયાઈ સફર કરીને હુમ્લો કરે. બીજુ તે મદીનાએ કૈસર પર હુમ્લો કરે. ત્રીજુ એ કે પ્રથમ લશ્કર હોય. જે હુમ્લો કરનારા લશ્કરમાં આ ત્રણ વાતો જોવા મળશે તે મગફિરતનું મુસ્તહિક્ છે. જો આ ત્રણેવમાંથી એકની પણ ઉણપ રહી તો તે આ બશારતને પાત્ર નથી. યઝીદમાં આ વાતોમાંથી બેની ઉણપ છે, ન તો એ જે લશ્કરમાં શરીક હતો તે કુસ્તુન્તુનિયા પર હુમ્લો કરનાર પ્રથમ લશ્કર હતું અને ન તેણે દરિયાઈ માર્ગે હુમ્લો કર્યો હતો. તે પિતાના દબાણ વશ જોર હેઠળ સૂકા માર્ગે કુસ્તુન્તુનિયા ગયો હતો. એટલા માટે આ બશારતમાં કોઈ રીતે મુસ્તહિક્ નથી. અલ્બત્ત ઉક્બા બિન આમિર દરિયાઈ રસ્તાથી કુસ્તુન્તુનિયા ગયા હતા. તે આ બશારતના મુસ્તહિક્ થઈ શકે છે પણ યઝીદ પલીદ કોઈ રીતે નથી થઈ શકતો.

**સમજૂતી : ૭૧૨**

વહાબીઓ એવું કહે છે કે બુઝુર્ગાને દીનના મઝારો, મશાહિદ આષાર (તબર્રુકો)ની ઝિયારતના માટે સફર કરીને જવું હરામ છે અને દલીલમાં આ હદીષ પેશ કરે છે. તેમની દલીલ એ છે કે ઈસ્તષ્નાએ મુફર્રગ છે એટલે કે કલામ ગૈર મુજિબમાં મુસ્તષ્ના મિન્હુ મહઝૂફ છે તો લાઝિમ છે કે મુસ્તષ્ના આમનો પણ આમ હોય. તે અહીં જગા કે મકાન હશે. હવે હદીષનો મતલબ એ થયો કે આ ત્રણ મસ્જિદો સિવાય અન્ય ક્યાંય સફર કરવી જાઈઝ નથી. અને ઉમૂમ (સામાન્યપણા)માં અવલિયાએ કિરામનાં મઝારો, મશાહિદ આષાર સામેલ છે. અહલે સુન્નતનો મઝહબ એ છે કે મહબૂબાને બારગાહનાં મઝારો તથા મકબરાઓ તથા તબર્રુકો (આષાર) માટે સફર કરીને જવું જાઈઝ તથા મુસ્તહસન છે.

**હું કહું છું :** પ્રથમ તો આ હદીષનો મતલબ એ બતાવવું જાહેરી રીતે બાતિલ છે. એનો મતલબ એ થશે

وَمَسْجِدِ الْاَقْصٰى

*મસ્જિદે હરામ, મસ્જિદે રસૂલ તથા મસ્જિદે અક્સા."*

*(અત્તહજ્જુદ-૧૫૮, મુસ્લિમ-હજ્જ, અબૂ દાઊદ-મનાસિક, નિસાઈ-મસાજિદ, ઈબ્ને માજહ-ઈક઼ામતુસ્સલાત, મુઅત્તા ઈમામ માલિક-જુમ્આ, મુસ્નદે ઈમામ અહમદ, ભાગ : ૨ તથા ૬)*

કે પછી ક્યાંયની પણ કોઈ સફર કોઈપણ હેતુ માટે જાઈઝ થશે નહીં. અને એ ઉમ્મતના ઈજમાઅથી બાતિલ બલ્કે ખૂદ વહાબીઓના અમલથી પણ. બીજુ કે ઈસ્તષ્ના મુફરગમાં મુસ્તષ્નાના અઅમ્મુલ અઅમ હોવાનો એ મતલબ નથી કે કોઈ કૈદ જ નથી, બલ્કે એ જરૂરી છે કે મુસ્તષ્ના મિન્હૂ મહઝૂફ મુસ્તષ્નાની જિન્સ બલ્કે નૂઅ બલ્કે સિન્ફથી હોય. જેમ કે કહે છે : مارأيت الازيدًا "મેં કેવળ ઝયદને જોયો." એનો એ મતલબ નથી થતો કે કહેનારે ન જમીન જોઈ ન આસ્માન, ન દરો દીવાર બલ્કે જાનવરોને પણ જોવાનો નકાર નથી થતો, બલ્કે માણસોને જોવાનો પણ નકાર નથી થતો. દા.ત. તમને કોઈ ખાસ તબક઼ાના વ્યક્તિઓની તલાશ છે, તમે કોઈને પૂછયું તેમનામાંથી કોઈને જોયો. તેણે એ તબક઼ાના સિવાયના સેંકડો માણસોને જોયા હોય પણ તેમાંથી કેવળ ઝયદને જોયોય હોય તો કહેશે مارأيت الازيدًا "મેં ફક્ત ઝયદને જોયો છે." મુરાદ એ છે કે એ તબક઼ાતના લોકોમાંથી કેવળ ઝયદને જોયો છે. હવે અહીં મુષ્તષ્ના મિન્હ મહઝૂફ એ થયું કે એ તબક઼ાની વ્યક્તિઓ. એનો મતલબ એ થયો કે ઈસ્તષ્ના મુફરગમાં મુસ્તષ્ના મિન્હૂ મહઝૂફનું મુષ્તષ્નાની જિન્સ બલ્કે નૂઅ સિન્ફનું હોવું લાઝિમ છે. અહીં મુષ્તષ્ના ત્રણ ખાસ મસ્જિદો છે જેથી મુષ્તષ્ના મિન્હ મહઝૂફ પણ મસ્જિદ થશે. હવે હદીષનો મતલબ એ થયો કે, "આ ત્રણેવ મસ્જિદો સિવાય અન્ય કોઈ મસ્જિદની નમાઝ પઢવા માટે સફર કરવી જાઈઝ નથી." એટલા માટે એમના સિવાય અન્ય મસ્જિદોમાં નમાઝનો સવાબ સરખો છે. જે સવાબ સ્થાનિક જામેઅ મસ્જિદમાં નમાઝ પઢવાનો છે તે જ સવાબ દિલ્હીની જામેઅ મસ્જિદમાં નમાઝ પઢવાનો છે. પછી નમાઝ માટે સફર કરવી ફાયદાહિન છે. આ ત્રણેવ મસ્જિદોમાં નમાઝનો સવાબ ઘણો જ અધિક છે એટલા માટે એના તરફ સફર લાભદાયી છે. એનું સમર્થન હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہની આ હદીષથી થાય છે. જે મુસ્નદે ઈમામ અહમદ (૨/૬૪)માં શહર બિન હવબશથી મરવી છે કે મેં કોહે તૂરમાં નમાઝ પઢવાનું વર્ણન કર્યું તો હઝરત સઈદે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ મસ્જિદમાં નમાઝ પઢવાના માટે સવારીનો કાઠલો નથી, કસવો (બાંધવો) જોઈએ સિવાય, મસ્જિદે હરામ, મસ્જિદે અક઼્સા અને મારી મસ્જિદના સિવાય. ઈબ્ને જવઝીએ ફર્માવ્યું, શહર હસનુલ હદીષ છે ભલે એમાં કાંઈક ઝોઅફ છે.

ધારો કે જો આ હદીષમાં મુસ્તષ્ના મકાન અથવા જગા માની લેવામાં આવે તો પણ એનાથી બુઝુર્ગાને દીનના મઝારોના માટે સફર કરવાનું નાજાઈઝ સાબિત ન થશે. એટલા માટે કે અવલિયાએ કિરામના મઝારોની ઝિયારતથી હેતુ મઝારવાળી હસ્તી હોય છે કોઈ ઈમારત નહીં.

**અધિક સ્પષ્ટતા** : મુસ્નદે ઈમામ અહમદની આ હદીષની રોશનીમાં અમે એ કૈદ (શરત) વધારી કે, "કોઈ મસ્જિદની તરફ તેમાં નમાઝ પઢીને વધુ સવાબ હાંસલ કરવાની નિય્યતથી સફર જાઈઝ નથી." તેમજ એટલા માટે પણ કે, "આ ત્રણેવ મસ્જિદનો અપવાદ (ઈસ્તષ્ના) એટલા માટે છે કે એમાં નમાઝ પઢવા પર અધિક સવાબ મળે છે." જેથી મુસ્તષ્ના મિન્હૂ મુસ્તષ્નાની સિન્ફથી એ વખતે થશે કે એમાં પણ આ કૈદ સાચવવામાં આવે. એટલા માટે કોઈ મસ્જિદના બાંધકામના માટે અથવા પાયો રાખવા માટે અથવા કોઈ આલિમ કે શયખની પાછળ નમાઝ પઢવાની નિય્યતથી સફર જાઈઝ છે બલ્કે મુસ્તહસન થશે. એટલા માટે કે હદીષમાં છે : **من صلى خلف عالم تقى كانما صلى خلف نبى "જેણે કોઈ મુત્તક઼ી આલિમની પાછળ નમાઝ પઢી તો જાણે કે તેણે કોઈ નબીની પાછળ નમાઝ પઢી."** ધ્યાનપૂર્વક જોવામાં આવે તો સ્પષ્ટ થશે કે હઝરત અબૂ

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,* **[હદીષ : ૭૧૩]**

સઈદની ઉપરોક્ત હદીષે સ્પષ્ટ કરી આપ્યું કે હદીષ **لاتشدا الرحال**નો સંબંધ કૃબ્રોની ઝિયારત વગેરેના સફર સાથે છે જ નથી. એ કેવળ મસ્જિદો સાથે ખાસ છે, તે પણ કેવળ નમાઝ પઢવાની નિય્યત સાથે સફર હોય તો. જો કોઈ મસ્જિદની તરફ જ સફર હોય પણ નમાઝ પઢવા માટે ન હોય પણ અન્ય હેતુસર હોય તો એને પણ આ હદીષ સાથે કોઈ સંબંધ નથી. જ્યારે આ હદીષમાં મુસ્તષ્ના (અપવાદ) મસ્જિદો છે તો બાકીની સફરો પોતાના અસલ તથા મકૃસદના લેહાઝથી ફર્ઝ અથવા વાજિબ અથવા મુસ્તહબ અથવા હરામ થશે. દા.ત. જ્યારે જેહાદ ફર્ઝ હોય તો જેહાદ માટે સફર ફર્ઝ થશે, કોઈ વાજિબને અદા કરવા માટે વાજિબ, મુસ્તહબ કામ માટે મુસ્તહબ, મુબાહના માટે મુબાહ, હરામના માટે હરામ, કૃબ્રોની ઝિયારત સુન્નત છે તો દીનના બુઝુર્ગોના મઝારો પર હાજરી માટે સફર કરવી કમસેકમ મુસ્તહબ જરૂરી છે.

ઈબ્ને તયમિયાએ આ હદીષથી દલીલ કરતાં એવું કહ્યું છે કે હુઝૂરે અકૃદસ ﷺના મઝારે પુરઅન્વારની ઝિયારતની નિય્યતથી સફર કરવી હરામ છે. એનો એ જમાનાના તેમજ બાદવાળા ઉલ્માએ એહલે સુન્નતે સખત રદિયો આપ્યો. એટલા માટે કે મઝારાતે પુરઅન્વારની ઝિયારત ઈજમાઅ સાથે મસ્નૂન (સુન્નત મુજબની) બલ્કે વાજિબની નિકટ છે. અને આ મહાન સવાબના કામોમાંથી છે. આજકાલ ઈબ્ને તયમિયાના મુકૃલ્લિદો હિંદુસ્તાનના દેવબંદી તથા ગૈરમુકૃલ્લિદો તથા નજદના નજદીઓનો એ જ મઝહબ છે, એટલું જ નહીં કે તેને હરામ જાણે છે બલ્કે શિર્ક સુદ્ધાં કહે છે. ઈસ્માઈલ દહેલ્વીએ તકૃવિયતુલ ઈમાનમાં લખ્યું, "કોઈની કૃબ્ર પર અથવા ચિલ્લા પર અથવા કોઈની સમાધિ પર દૂર દૂરથી ઈરાદો કરવો અને સફરનો રંજ તથા તકલીફો ઉઠાવીને મેલા ઘેલા થઈને ત્યાં પહોંચવું અને તેની આસપાસના જંગલની અદબ કરવી, ત્યાં શિકાર ન કરવો, ઝાડ ન કાપવાં, ઘાસ ન ઉખાડવી અને એ પ્રકારનાં કામો કરવાં અને તેનાથી કાંઈ દીન તથા દુનિયાના ફાયદાની આશા રાખવી શિર્ક છે." (પેજ–૩૪) અહીં કોઈની કૃબ્ર કહ્યું એના સામાન્યપણા હેઠળ હુઝૂરે અકૃદસ ﷺનો મઝારે પુરઅન્વાર પણ જરૂર સામેલ છે. પણ તેના અગાઉ પેજ–૧૦ ઉપર તો સાફ સાફ આમ છે, લખે છે, "પછી જો કોઈ પીર તથા પયગંબરને, સાચી કૃબ્રને કે જૂઠી કૃબ્રને." પયગંબર કહ્યા પછી હવે શું શંકા રહી જાય છે કે હવે સામાન્ય વર્ણનમાં મઝારે પુરઅન્વાર પણ સામેલ છે. એનો સાફ અર્થ એ થયો કે **મઝારે પુરઅન્વારની નિય્યતથી સફર કરવી શિર્ક છે ! આ જ સર્વ દેવબંદીઓ તથા ગૈરમુકૃલ્લિદોનો (અસલ) મઝહબ છે.** *(જો કોઈ દેવબંદી એવું કહે કે અમે એવું નથી માનતા તો પછી તેમને પૂછો કે શા માટે દેવબંદિયતમાં પડી રહ્યા છો ?! તૌબા કરી લો અને હુઝૂર ﷺની બેઅદબી કરનારા ગુસ્તાખ મોલ્વીઓને ગુમરાહ તથા કાફિર સ્વીકારીને સુન્નિયતમાં આવી જાવ ! પણ ના ! તેવું કરશે નહીં ! મતલબ કે એઓ ધોકાબાઝ હોય છે. –**અનુવાદક**)*

## સમજૂતી : ૭૧૩

મુસ્નદે ઈમામ અહમદ (૩/૩૪૭) અને ઈબ્ને માજહ (આખિર કિતાબુસ્સલાત, ૧૦૨)માં હઝરત જાબિર رضی اللہ عنہની હદીષમાં છે, મારી મસ્જિદમાં એક નમાઝ બીજી મસ્જિદોની હજાર નમાઝથી અફઝલ છે, સિવાય મસ્જિદે હરામ. અને મસ્જિદે હરામમાં એક નમાઝ બીજી મસ્જિદોની લાખ નમાઝથી અફઝલ છે.

ઈબ્ને માજહ (ઉપર મુજબ–૧૦૩)માં હઝરત અનસ رضی اللہ عنہથી એ મરવી છે કે ફર્માવ્યું, મસ્જિદે અકૃસામાં એક નમાઝ પચાસ હજાર નમાઝના બરાબર છે અને મારી આ મસ્જિદમાં એક નમાઝ પચાસ હજાર નમાઝના બરાબર અને મસ્જિદે હરામમાં એક નમાઝ એક લાખ નમાઝ બરાબર.

وَسَلَّمَ قَالَ صَلٰوةٌ فِي مَسْجِدِي هٰذَا خَيْرٌ مِّنْ اَلْفِ صَلٰوةٍ فِيْمَا سِوَاهُ اِلَّا الْمَسْجِدَ الْحَرَامَ

*મારી આ મસ્જિદમાં એક નમાઝ મસ્જિદે હરામ સિવાય બીજી મસ્જિદોની નમાઝથી બેહતર છે."*

*(અત્તહજ્જુદ–૧૫૯, મુસ્લિમ–હજ્જ, તિર્મિઝી–સલાત, નિસાઈ–હજ્જ, ઈબ્ને માજહ–સલાત)*

ઈબ્ને માજહમાં હઝરત મૈમૂના મૌલાતે નબી ﷺથી બયતુલ મુક઼દસમાં નમાઝની ફઝીલતના બારામાં છે, એમાં નમાઝ પઢો, એમાં એક નમાઝ બીજી મસ્જિદોની હજાર નમાઝના જેમ છે. બઝ્ઝાર (મિર્ક઼ાત, ૧/૪૪૫)માં છે : મસ્જિદે હરામમાં એક નમાઝની ફઝીલત બીજી મસ્જિદોની એક લાખ નમાઝ પર છે અને મારી મસ્જિદમાં હજાર નમાઝ પર અને બયતુલ મુક઼દસમાં પાંચસો પર. એના જેમ તિબ્રાનીમાં (ઉપર મુજબ) હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી મરવી છે. તિબ્રાની (ઉમ્દતુલ ક઼ારી, ૭/૨૫૬)ની હદીષમાં છે કે મારી આ મસ્જિદમાં એક નમાઝ દસ હજાર નમાઝના બરાબર છે અને મસ્જિદે હરામમાં એક નમાઝ તેની દસ ગણી એટલે એક લાખ બરાબર.

**હદીષોનો ખુલાસો** : આ સર્વનો સાર એ નીકળ્યો કે સર્વ હદીષો એના પર સહમત છે કે મસ્જિદે હરામમાં એક નમાઝ એક લાખના સમાન અથવા એનાથી અફઝલ છે. મસ્જિદે નબવીના બારામાં ત્રણ રિવાયતો છે : એક હજારના બરાબર અથવા એથી અફઝલ, દસ હજારના બરાબર, પચાસ હજારના બરાબર. અને મસ્જિદે અક઼સાના બારામાં પણ ત્રણ રિવાયત છે : પાંચસો, એક હજાર, પચાસ હજાર.

**વર્ગીકરણ** : આ મતભેદ એ કારણે છે કે વિવિધ સમયોમાં વિવિધ વહી થઈ. પ્રારંભમાં વહી એ થઈ કે મસ્જિદે નબવીમાં એક નમાઝ હજાર નમાઝના સમાન છે. પછી વહી થઈ કે હજાર નમાઝથી અફઝલ છે, પછી વહી થઈ કે દસ હજારના બરાબર છે, પછી વહી થઈ કે પચાસ હજારના બરાબર છે. અને આ જ હાલ મસ્જિદે અક઼સાના બારામાં પણ થયો. આ વિવિધ વહીઓનો પાયો એના પર કાયમ છે કે અલ્લાહ તરફથી એ મસ્જિદોમાં નમાઝનો પ્રારંભમાં એ જ સવાબ હતો પછી અલ્લાહ ﷻ આ ઉમ્મત પર કરમ કરીને વધારી આપ્યો, પછી અધિક કરમ કર્યો અને ઓર અધિક કરી આપ્યો, એનાં હદીષોમાં વિવિધ દૃષ્ટાંતો છે જે વર્ણન થઈ ચૂક્યાં છે અને આગળ જતાં મોકાસર વર્ણન પામશે.

**مسجدی هذا** : સહીહ એ છે કે નબવી યુગ પછી મસ્જિદમાં જે વધારો થયો એ પણ આ ફઝીલત ધરાવે છે, જેવું કે જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ મસ્જિદે કરીમમાં વધારો કર્યો તો ઈર્શાદ ફર્માવ્યો, આ મસ્જિદ જો ઈદગાહ સુધી અને એક રિવાયતમાં છે કે ઝુલ હલીફા સુધી વધી જાય તો સૌ મસ્જિદે રસૂલુલ્લાહ ﷺ છે, બલ્કે આ બાબતે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅ હદીષ પણ આવી છે કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, "જો મારી આ મસ્જિદમાં કાંઈક વધારો કરવામાં આવે તો સૌ મારી મસ્જિદ હશે." એક રિવાયતમાં છે કે, "જો સનઆ સુધી વધારી દેવામાં આવે તો મારી મસ્જિદ હશે." *(મિર્ક઼ાત, ૧/૪૪૪)*

**મક્કા અફઝલ છે કે મદીના ?** : ઉલમાનો એમાં મતભેદ છે કે મક્કા અફઝલ છે કે મદીના. મસ્જિદે નબવી અફઝલ છે કે મસ્જિદે હરામ. અહનાફ તથા જમહૂરનો મઝહબ એ છે કે મક્કા મોઅઝ્ઝમા અફઝલ છે. એમની દલીલ આ હદીષ છે.

**હું કહું છું** : આ હદીષથી મસ્જિદે હરામ સિવાય મક્કા મોઅઝ્ઝમાના અન્ય હિસ્સાઓની અફઝલિયત પર દલીલ લાવવી દુરુસ્ત નથી. એટલા માટે કે એ ખાસ મસ્જિદે હરામ સાથે છે. હા ! હઝરત મુલ્લા અલી ક઼ારીએ મિર્ક઼ાત (ઉપર મુજબ–૪૪૬)માં લખ્યું છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું છે સવાબનો આ વધારો પૂરા હરમમાં છે. તેમજ હઝરત હસન બસરીએ ફર્માવ્યું કે આ વધારો કેવળ નમાઝની સાથે ખાસ નથી

દરેક ફર્માંબરદારી પર આ વધારો છે. અને ફર્માવ્યું, **મક્કા મોઅઝ્ઝમામાં એક રોઝો લાખ રોઝાના બરાબર છે, અને એક દિરહમનો સદક઼ો લાખ દિરહમના બરાબર બલ્કે દરેક નેકી લાખના બરાબર** છે. એના બારામાં એક હસન હદીષ પણ મરવી છે કે ઈર્શાદ ફર્માવ્યો કે હરમની એક નેકી લાખના બરાબર છે, તદ્ઉપરાંત ઈબ્ને માજહએ (મનાસિક–૨૩૨) હઝરત ઈબ્ને અબ્બાસથી આ હદીષ રિવાયત કરી છે કે ફર્માવ્યું, **જેણે મક્કામાં રમઝાન પામી અને રોઝો રાખ્યો અને જેટલો બની શક્યો ક઼યામ કર્યો તો તેના માટે અન્ય જગાઓના રમઝાન કરતાં લાખ રમઝાનનો સવાબ લખવામાં આવશે.** એની સાથે એ પણ વર્ણન કર્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઈબ્ને મસ઼ઊદ رضی اللہ عنہم તથા ઈમામ મુજાહિદ, ઈમામ અહમદ બિન હંબલ તથા અન્ય હઝરાતનો મઝહબ એ છે કે **મક્કા મોઅઝ્ઝમામાં એક ગુનોહ પણ લાખ ગુનાના બરાબર છે.** જાહેર છે કે બાદશાહની રૂબરૂ તેના દરબારમાં તેની આજ્ઞાનું ઉલ્લંઘન જેટલું ગંભીર છે એટલુ બાદશાહના દરબારની બહાર ગંભીર નથી.

અને **મક્કા મોઅઝ્ઝમાના જલાલનો એ આલમ છે કે ગુનાહના ઈરાદા પર પકડ થાય છે ભલે તેમાં ન પડે.** (મિર્ક઼ાત, ૧/૪૪૭) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ઼ઊદ رضی اللہ عنہથી આયતે કરીમા وَمَنْ يُّرِدْفِيْهِ بِاِلْحَادٍ نُّذِقْهُ مِنْ عَذَابٍ اَلِيْمٍ "અને જે એમાં ગલત વર્ણનનો ઈરાદો કરશે એને અમે દર્દનાક અઝાબ ચખાડીશું."થી કાઢયું છે. આ આધાર પર મક્કા મોઅઝ્ઝમાનું મદીના તયબાહ કરતાં અફઝલ હોવું જાહેર છે, પણ આ'લા હઝરત ઈમામ رحمۃ اللہ علیہ ફર્માવે છે, મક્કા મોઅઝ્ઝમામાં જેવી રીતે એક નેકી એક લાખ નેકીઓ છે એ જ પ્રમાણે એક ગુનો એક લાખ ગુનાહ છે અને ત્યાં ગુનાહના ઈરાદા પર પણ પકડ થાય છે જેવી રીતે નેકીના ઈરાદા પર સવાબ છે. **મદીના પાકમાં નેકીના ઈરાદા પર સવાબ પણ ગુનાહના ઈરાદા પર કાંઈ નથી, અને ગુનોહ કરે તો એક જ ગુનોહ અને નેકી કરે તો પચાસ હજાર નેકીઓ !** અજબની વાત નથી કે હદીષમાં خَيْرٌلَّهُمْનો ઈર્શાદ આના પ્રતિ હોય કે એમના હક઼્ક઼માં મદીના જ બેહતર છે. *(અલ્ મલ્ફૂઝ, ૨/૫૨)*

જમહૂરના ઈર્શાદના બે જવાબો હઝરત શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ જઝબુલ કુલૂબ અને અશિઅતુલ લમ્આતમાં આપ્યા છે.

પ્રથમ એ કે અફઝલિત સવાબની અધિકમાં સમાયેલ છે ન એના પર આધારિત છે. શક્ય છે કે સવાબની વિપુલતા ઉપરાંત અન્ય સબબો એવા હોય જે અફઝલિયતનો તકાઝો કરતા હોય. સવાબનો આ વધારો મક્કા મોઅઝ્ઝમા સાથે ખાસ છે પણ એની શક્યતા છે કે અન્ય કરામતો, બરકતો, અલ્લાહ جل جلاله તથા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની મહોબ્બત તથા ઈસ્લામ અને મુસલમાનોની ફાયદાના લેહાઝથી મદીના અફઝલ હોય. જેમ કે મિનાના દિવસો, મિનામાં અરફાનો દિવસ, અરફાતમાં, શબે મુઝદલ્ફા, મુઝદલ્ફામાં નમાઝ પઢવી, મસ્જિદે હરામમાં પઢવા કરતાં અફઝલ છે. જ્યારે એ સ્થળે એ દિવસોમાં નમાઝ પઢવા પર એટલા સવાબની પણ કોઈ રિવાયત નથી જે મસ્જિદે હરામમાં પઢવા માટે આવી છે, એનું કારણ રસૂલની ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) છે. શક્ય છે કે મદીના પાકમાં હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمનો કુર્બ એ બરકતોનો સબબ બને જે મક્કા મોઅઝ્ઝમામાં હાંસલ ન થઈ શકે, જેના કારણે મદીના તયબાહ મક્કા મોઅઝ્ઝમાથી અફઝલ બને. એને આ પ્રમાણે સમજો કે પચાસ હજાર અશરફીઓ એક લાખ દિરહમ કરતાં ગણત્રીમાં અડધી છે પણ કિંમત એના કરતાં વધારે છે. હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمની નિકટતાને કારણે ઈબાદતોમાં જે ખુશૂઅ તથા ખુઝૂઅ પેદા થાય છે એના કારણે મદીના તયબાહની ઈબાદતની કિંમત વધી જાય એમાં શું વાંધો છે ! એના પર સૌની એકમતિ છે કે કા'બાનો અંદરનો ભાગ મસ્જિદે હરામ કરતાં અફઝલ છે, તો હોવું જોઈએ કે કા'બાની અંદર નમાઝ મસ્જિદે હરામથી અફઝલ હોય, જ્યારે કે ઉલમાનો એમાં મતભેદ છે કે કા'બાની અંદર ફર્ઝ નમાઝ સહીહ પણ છે કે નહીં ! ઈમામ માલિક ફર્માવે છે કે

સહીહ નથી, તો પછી સવાબની અધિક્તાનો સવાબ જ શું રહ્યો ?! એનાથી જાણવા મળ્યું કે અફઝલિયતનો પાયો સવાબની અધિક્તા પર અવલંબિત નથી બલ્કે અન્ય સબબો પણ અફઝલિયતના આધાર છે. જેના કારણે બારગાહે ઈલાહીમાં જૂદે લામુત્નાહી (અસીમ સખાવત)ની પ્રાપ્તિ અધિક થાય તથા બારગાહે ઈલાહી કુર્બત (નઝદીકી) અધિક થાય છે.

**બીજુ** : કેમ કે હુઝૂરે અક્દસ ﷺનો મઝારે પુર અન્વાર એ સર્વ સ્થળોથી અફઝલ છે જ્યાં અલ્લાહ ﷻની રહ્મત નાઝિલ થાય છે, એનો કરમ ધ્યાનિત થાય છે આ ફરિશ્તાઓને ઉતરવાની જગા છે. તો શક્ય છે કે તેની બરકતથી ફર્માંબરદારીમાં તે નૂરાનિયત તથા ઈખ્લાસ પેદા થઈ જાય, જે સવાબની ગણત્રીના વધારામાં આગળ નીકળી જાય. ખાસ કરીને એવી હાલતમાં હુઝૂરે અક્દસ ﷺ હમેશાં ઉમ્મતના માટે શફાઅત તથા ઈસ્તિગફાર કરતા રહે છે.

**બીજી દલીલ** : મક્કા મોઅઝ્ઝમાની અફઝલિયત પર બીજી દલીલ એ આપવામાં આવી કે હુઝૂરે અક્દસ ﷺ જ્યારે મક્કાથી હિજરત કરવા લાગ્યા તો હઝવરહ★ પર ઉભા રહીને ફર્માવ્યું, "હે મક્કા ! તું મને સર્વ શહેરોથી અધિક પ્રિય છે, જો તારી કૌમ મને ન કાઢત તો હું ન નીકળત." તેમજ તિર્મિઝી (૨/૩૭૨), ઈબ્ને માજહ (મનાસિક–૨૩૧), દારમી (સિયર–૬૬) તથા મુસ્નદે ઈમામ અહમદ (૪/૨૦૫)માં હઝરત અબ્દુલ્લાહ બિન અદી બિન હમરા رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે નબી ﷺથી સાંભળ્યું, હુઝૂર હઝવરહ્ પર ઉભા રહીને મક્કાના બારામાં ફર્માવતા હતા, "ખુદાની કસમ ! તું અલ્લાહની સર્વ જમીનોથી બેહતર છે અને અલ્લાહને સૌથી અધિક મહબૂબ છે, જો મને કાઢવામાં ન આવત તો હું ન નીકળત." મુસ્નદે ઈમામ અહમદ (ઉપર મુજબ)માં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી પણ મરવી છે.

એનો જવાબ હઝરત અલ્લામા મુહમ્મદ બિન બાકી ઝુર્કાની શરહે મવાહિબ (૧/૩૨૮ હિજરત)માં અને હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વીએ જઝબુલ કુલૂબમાં આ આપ્યો કે આ ઈર્શાદ હિજરત વખતે હતો, એ સમય સુધી મદીના તયબાહ હુઝૂરે અક્દસ ﷺથી મુશર્રફ થયું ન હતું ત્યાં સુધી મક્કા પૂરી સરઝમીનથી અફઝલ હતું, પણ જ્યારે હુઝૂરે અક્દસ ﷺ મદીના તશરીફ લાવ્યા તો એ શરફ તેને હાંસલ થઈ ગયો.

હઝરત ઉમર તથા ઈબ્ને ઉમર અને ઘણા બધા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین તથા ઈમામ માલિક અને મોટા ભાગના મદીનાવાસીઓનો, મુતાખ્ખેરીન (પાછલાઓ)માં અલ્લામા સહમૂદી, અલ્લામા સિયૂતી, અલ્લામા અહમદ ખતીબ કસ્તલાની અને હઝરત શયખ અબ્દુલ હક્ક દહેલ્વીનો મઝહબ એ છે કે મદીના તયબહ, મક્કા મોઅઝ્ઝમાથી અફઝલ છે અને મસ્જિદે નબવી મસ્જિદે હરામથી. મોઅત્તા ઈમામ માલિક (પેજ : ૨૧)માં છે કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હઝરત અબ્દુલ્લાહ બિન અયાશ મખ્ઝૂમીથી ફર્માવ્યું, તમે એવું કહો છો કે મક્કા મદીનાથી બેહતર છે ! તેમણે કહ્યું કે એ અલ્લાહનું હરમ છે એમાં અલ્લાહનું ઘર છે. હઝરત ઉમરે ફર્માવ્યું, હું અલ્લાહના હરમ અને તેના ઘરના બારામાં કાંઈ નથી કહેતો ! પછી ફર્માવ્યું, તમે કહો છો કે મક્કા મદીનાથી બેહતર છે ! તેમણે અર્ઝ કરી, તે અલ્લાહનું હરમ છે એમાં એનું ઘર છે. હઝરત ઉમરે ફર્માવ્યું, હું અલ્લાહના હરમ અને તેના ઘરના બારામાં કાંઈ નથી કહેતો. ત્યાર બાદ પરત થઈ ગયા.

**દલીલો** : મદીના તયબહ મક્કા મુકર્રમાથી અફઝલ હોવાના બારામાં દલીલો નીચે પ્રમાણે છે :–

**પ્રથમ** : બુખારી (૧/૨૩૫ ફઝાઈલે મદીના) તથા મુસ્લિમ (હજ્જ–૪૪૨)માં હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂરે અક્દસ ﷺએ મદીના તયબહના માટે આ દુઆ કરી, હે અલ્લાહ ! મદીનામાં મક્કાથી બમણી બરકત અતા ફર્માવ.

**બીજી** : બુખારી (૧/૨૩૫)માં જ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે કે હુઝૂરે અક્દસ

ﷺએ ફર્માવ્યું, હે અલ્લાહ ! મદીનાને અમને મક્કાની જેમ પ્રિય કરી આપ અથવા એનાથી પણ વધુ. અને આ મુત્તફિક્ અલૈહ (ઈમામ બુખારી તથા મુસ્લિમ જેમાં એકમત છે.) છે કે હુઝૂરે અક્દસ ﷺની દુઆ જરૂર કૂબૂલ થઈ, જેથી પ્રથમવાળી હદીષથી સાબિત થઈ ગયું કે મદીના તયબાહમાં મક્કા મુઅઝ્ઝમા કરતાં બમણી દુનિયવી તથા દીની બરકત છે. એટલા માટે કે તખસીસ બિલા મુખસ્સિસ જાઈઝ નથી, જેથી البرکۃ પોતાના ઉમૂમ (સામાન્યપણા)માં રહેશે જે દીની તથા દુનિયવી બંને માટે સામાન્ય છે. અને દીની બરકતોનું મક્કા મોઅઝ્ઝમાથી બમણી હોવું લાઝિમ છે અફઝલિયતને. એ જ પ્રમાણે બીજી હદીષથી સાબિત કે મદીના તયબાહની મહોબ્બત મહબૂબે ખુદાએ મક્કા મોઅઝ્ઝમાથી અધિક માંગી જે ચોક્કસ મળી. અને મહબૂબે ખુદાની મહબ્બત અફઝલિયતની દલીલ છે. એ જ કારણે મક્કા મોઅઝ્ઝમાની ફતહ પછી પણ ત્યાં કાયમી વસવાટ ન અપનાવ્યો. ફતહે મક્કા પછી જ્યારે હાલાત સંતોષકારક થઈ ગયા તો તરત જ પરત ફર્યા. મદીના તયબાહથી મહોબ્બતનું આમ (સામાન્યપણુ) એ હતું કે જ્યારે સફરથી પરત થતા અને મદીના તયબાહની નિકટ થતા તો મદીનાની મહોબ્બતમાં સવારીને ઝડપી કરી આપતા અને هذہ طابۃ ફર્માવતા. *(૧/૨૫૨, ૨૫૩)*

**ત્રીજી** : ઈમામ મુસ્લિમે (૧/૪૪૦ હજ્જ) હઝરત સઈદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે હું મદીનાના બંને રણો (પૂર્વ પશ્ચિમ)ની દરમ્યાન ઝાડ કાપવા, જાનવર મારવાને હરામ કરું છું. મદીના એમના માટે બેહતર છે જો એ લોકો જાણતા.

આ હદીષ મદીનાની અફઝલિયત પર ઉઘાડી દલીલ છે એટલા માટે કે خیرનો મુફદ્દલ અલૈહ વર્ણન થયેલ નથી જેનાથી ઉમૂમ (સામાન્યપણા)નો ફાયદો થાય છે અને એના સામાન્યપણામાં મક્કા મોઅઝ્ઝમા પણ સામેલ છે.

**ચોથી** : હઝરત અબૂ હુરૈરહ્ (બુખારી ૧/૨૫૨ ફઝાઈલે મદીના)થી રિવાયત છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, દીન મદીનાની પ્રતિ સમેટાઈ આવશે જેવી રીતે સાપ પોતાના દરમાં સમેટાઈ આવે છે. આ હદીષથી સાબિત થયું કે જેવી રીતે અલ્લાહ ﷻએ મદીના પાકને એ શરફ અતા ફર્માવ્યો કે દીન ત્યાંથી જ દુનિયામાં ફેલાયો છે, એ જ પ્રમાણે આખર જમાનામાં પણ અલ્લાહ ﷻ મદીના તૈયબહને જ શરફ અતા ફર્માવશે કે દીનનું મર્કઝ હશે. સર્વ સવાબો તથા ઈકરામ (ઈનામો) તથા દીની એ'ઝાઝ દીન પર જ મૌકૂફ છે. જ્યારે દીન ન હશે તો કેવો સવાબ અને કેવો એ'ઝાઝ તથા ઈકરામ ?! તો જે મુબારક શહેર દીનનું મર્કઝ પણ હોય તે જરૂર અન્ય સર્વ શહેરોથી અફઝલ હશે.

**પાંચમી** : અલ્લાહ ﷻએ પોતાના હબીબે આ'ઝમ ﷺની કાયમી કયામગાહ (રહેઠાણ)ના માટે મદીના પાકને પસંદ કર્યું. અને દરેક મોહિબ્બ પોતાના મહબૂબને પોતાની સૌથી અધિક પસંદીદા જગાએ રાખવાનું પસંદ કરે છે, જેથી લાઝિમ થયું કે મદીના પાક પૂરા આલમે બાલા તથા પસ્ત (ઉપર તથા નીચલા આલમ)થી અધિક અલ્લાહ ﷻને પસંદ હોય, ત્યાં સુધી કે મક્કા મોઅઝ્ઝમાથી પણ. અને અલ્લાહ ﷻનું કોઈ ચીજને સૌથી અધિક પસંદ કરવું યકીનન ! તેની ફઝીલતની દલીલ છે. જેથી સાબિત થયું કે મદીના તયબાહ મક્કા મોઅઝ્ઝમાથી પણ અધિક અફઝલ છે.

અલ્લામા અહમદ ખતીબ કૂસ્તલાની رحمۃ اللہ علیہ શાફઈ છે. ઈમામ શાફઈનો મઝહબ એ છે કે મક્કા મોઅઝ્ઝમા અફઝલ છે, પણ તેમણે એ અપનાવ્યું કે મદીના અફઝલ છે. અને પોતાના ઈમામના આ મઝહબને ત્યજવાનુ કારણ એ દર્શાવ્યું કે : ھوی کل نفس حیث حل حبیبھا "દરેક જીવનું આકર્ષણ એ તરફ થાય છે જ્યાં તેનો મહબૂબ હોય છે."

અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

*તયબહ ન સહી અફઝલ મક્કા હી બળા ઝાહિદ*
*હમ ઈશ્ક કે બંદે હૈં ક્યૂં બાત બળ્હાઈ હૈ*

મદીના તયબહની અફઝલિયતની અન્ય પણ દલીલો આ ખાદિમના દિમાગમાં છે, પણ અમે આ મુબારક શેઅર પણ વાત વધારવાને બદલે ખત્મ કરી દઈએ છીએ. لاعطر بعد العروس

**મહાન ફાયદો** : મક્કા મોઅઝ્ઝમા તથા મદીના તયબાહની અફઝલિયતની જે ચર્ચા છે એનાથી મઝારે પુર અન્વાર અને કા'બા શરીફ અપવાદ છે. મુહદ્દિષે જલીલ ઈબ્ને અસાકિર અલ્લામા બાજી તથા ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, એના બારામાં તો મતભેદ છે કે મક્કા મોઅઝ્ઝમા અફઝલ છે કે મદીના તયબાહ, પણ એના પર **આખી ઉમ્મતનો ઈજમાઅ છે કે મઝારે પુર અન્વારનો તે હિસ્સો જે હુઝૂરે અક્દસના શરીર મુબારકથી સ્પર્શેલો છે તે સારી જમીનથી અફઝલ છે, ત્યાં સુધી કે કા'બાથી પણ.** ઈમામ નવવીએ શરહે મુસ્લિમ (૧/૪૪૬, હજ્જ)માં, અલ્લામા ઈબ્ને હજરે શરહે બુખારી (૨/૫૫)માં, અલ્લામા બદરુદ્દીન મહમૂદ અયનીએ ઉમ્દતુલ કારી (૪/૨૫૭)માં, અલ્લામા મુહમ્મદ ઈબ્ને અબ્દુલબાકી ઝુર્કાનીએ (અલલ મવાહિબ, ૧/૩૨૪) શરહે મવાહિબમાં અલ્લામા સહમૂદીએ વફાઉલ વફા (૧/૨૮)માં, હઝરત મુલ્લા અલી કારીએ મિર્કાત (૧/૪૪૭, અલ મસાજિદ ફસ્લ)માં, હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વીએ જઝબુલ કુલૂબ (પેજ–૧૮)માં, અલ્લામા મુહમ્મદ અલાઉદ્દીન હસ્કફીએ દુર્રે મુખ્તારમાં, અલ્લામા મુહમ્મદ અમીન ઈબ્ને આબિદીન શામીએ રદ્દુલ મુહતાર (૨/૨૫૭ હજ્જ)માં અને અન્ય હઝરાતે પોત પોતાની કિતાબોમાં નકલ ફર્માવ્યું છે અને યથાવત રાખ્યું છે. બલ્કે ઈબ્ને ઓકૈલી હંબલીએ ત્યાં સુધી ફર્માવ્યું કે, **''અર્શ''થી પણ અફઝલ છે.** *(મિર્કાત, ૧/૪૪૭, ઝુર્કાની અલલ્ મવાહિબ–૩૨૪)*

હઝરત શયખ લખે છે : જો કે કૌમની કિતાબોમાં આસ્માનો તથા અર્શનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પરંતુ એ વાત એ કબીલથી છે કે જેને પણ કહેવામાં આવશે તેના પર ખચકાટ કે ઈન્કારની મજાલ તંગ થઈ જશે.

એ જ પ્રમાણે એ પણ મુત્તફક અલૈહ છે કે કા'બા મુકદસા, મદીના તયબહ ત્યાં સુધી કે મસ્જિદે નબવીથી પણ અફઝલ છે મઝારે પુર અન્વાર સિવાય, એટલા માટે કે **મઝારે પુર અન્વાર કા'બાથી પણ અફઝલ છે.**

**જમીન અફઝલ છે કે આસ્માન ?** : એના હેઠળ આ ચર્ચા પણ નક્કી થઈ જાય છે કે જમીન તથા આસ્માનમાં કોણ અફઝલ છે ? સહીહ એ છે કે જમીન અફઝલ છે જેમ કે અલ્લામા ફાકહાનીએ સ્પષ્ટતા કરી છે. એટલા માટે કે જમીન અંબિયાએ કિરામનું રહેઠાણ (મસ્કન) તથા મદફન (દફનનું સ્થાન) છે અને અંબિયાએ કિરામ હકીકી જિસ્માની દુનિયાવી હયાતની સાથે જીવતા છે જેથી તેમના મુબારક મઝારો, તેમના મુબારક શરીરો તથા પાક રૂહોના ખજાના છે અને મકીંના શરફ (મહાનતા)થી મકાન મુશર્રફ થાય છે, ખાસ કરીને જ્યારે કે જમીનનો એક હિસ્સો હુઝૂરે અકદસ ﷺનું શરફ (મહાનતા)થી મકાન મુશર્રફ થાય છે, ખાસ કરીને જ્યારે કે જમીનનો એક હિસ્સો હુઝૂરે અકદસ ﷺનું મઝાર મુબારક અર્શથી પણ અફઝલ છે. એને જ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

*ખમ હો ગઈ હૈ પુશ્ત ફલક તઅને ઝમીનસે*
*સુન હમપે મદીના હૈ વો રુત્બા હૈ હમારા*

એ ચર્ચા વર્ણન થઈ ચૂકી કે એ ત્રણેવ મસ્જિદોમાં નમાઝ પર સવાબનો વધારો ફર્ઝોની સાથે ખાસ છે.

## حدیث ۷۱۴

**[હદીષ : ૭૧૪]**

عَنْ نَافِعٍ اَنَّ ابْنَ عُمَرَ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُمَا کَانَ لَا یُصَلِّی مِنَ الضُّحٰی

"નાફેઅથી રિવાયત છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ચાશતના સમયે કેવળ બે દિવસ નમાઝ પઢતા હતા.

اِلَّا فِیْ یَوْمَیْنِ یَوْمَ یَقْدِمُ بِمَکَّۃَ فَاِنَّہٗ کَانَ یَقْدِمُہَا ضُحًی فَیَطُوْفُ

જે દિવસે મક્કા આવતા. મક્કા હમેશાં ચાશતના જ સમયે આવતા હતા. પ્રથમ બયતુલ્લાહનો તવાફ કરતા

بِالْبَیْتِ ثُمَّ یُصَلِّی رَکْعَتَیْنِ خَلْفَ الْمَقَامِ وَیَوْمَ یَاْتِیْ مَسْجِدَ قُبَاءَ فَاِنَّہٗ کَانَ

પછી મકામે ઈબ્રાહીમની પાછળ બે રકાત નમાઝ પઢતા અને જે દિવસે મસ્જિદે કુબા આવતા ત્યાં દરેક

یَاْتِیْہِ کُلَّ سَبْتٍ فَاِذَا دَخَلَ الْمَسْجِدَ کَرِہَ اَنْ یَّخْرُجَ مِنْہُ حَتّٰی یُصَلِّیَ فِیْہِ

શનિવારે આવતા. જ્યારે મસ્જિદમાં દાખલ થઈ જતા તો એને નાપસંદ કરતા કે નમાઝ પઢયા વિના

قَالَ وَکَانَ یُحَدِّثُ اَنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ کَانَ یَزُوْرُہٗ

મસ્જિદેથી નીકળે. નાફેઅએ કહ્યું, અને ઈબ્ને ઉમર બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺ મસ્જિદે કુબાની

رَاکِبًا وَّمَاشِیًا قَالَ وَکَانَ یَقُوْلُ اِنَّمَا اَصْنَعُ کَمَا رَاَیْتُ اَصْحَابِیْ یَصْنَعُوْنَ

ઝિયારતના માટે પગપાળા તથા સવારી પર જતા. નાફેઅએ કહ્યું, અને ઈબ્ને ઉમર કહે છે, હું તે જ કરું છું જે

وَلَا اَمْنَعُ اَحَدًا اَنْ صَلّٰی فِیْ اَیِّ سَاعَۃٍ شَاءَ مِنْ لَیْلٍ اَوْ نَہَارٍ غَیْرَ اَنْ لَّا

મેં મારા સાથીઓને કરતા જોયા છે. રાત તથા દિવસના કોઈપણ હિસ્સામાં નમાઝ પઢવાથી કોઈને મના ન

یَتَحَرَّوْا طُلُوْعَ الشَّمْسِ وَلَا غُرُوْبَہَا ؏

કરતા, અલ્બત્તા સૂર્યોદય તથા સૂર્યાસ્તના સમયે ઈરાદાપૂર્વક ન પઢો."

(બુખારી ૧/૧૫૯, ફઝલુસ્સલાત ફી મસ્જિદિ મક્કાઓ મદીના)

**સમજૂતી : ૭૧૪-૭૧૫**

શબ્દ قباء માં શબ્દકોશવાળાઓએ બંનેવ કૌલ અપનાવ્યા છે, "મદ"ની સાથે તથા મદ વિનાની સાથે. એટલે અલિફના પછી હમ્ઝા પણ, અને હમ્ઝા વિના પણ. જ્યારે હમ્ઝાની સાથે હોય અને આ શબ્દ વર્ણન થયો હોય અને અલિફ મમ્દૂદા ઈલ્હાકના માટે માનીએ તો મુન્સરિફ થશે, અને જો તેને મુઅન્નષ માનીએ તો અલિફ તાનીષ માટે થશે. અને આ ગૈર મુન્સરિફ થશે. અહીં બુખારીમાં મુઝક્કર વપરાયેલ છે. પ્રથમ હદીષમાં છે :

## حديث ٧١٥

**[હદીષ : ૭૧૫]**

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ تَعَالَىٰ عَنْهُمَا قَالَ كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالَىٰ

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નબી ﷺ મસ્જિદે કુબા દર શનિવારે*

عَلَيْهِ وَسَلَّمَ يَأْتِي مَسْجِدَ قُبَاءٍ كُلَّ سَبْتٍ مَّاشِيًا وَّرَاكِبًا وَّكَانَ عَبْدُاللّٰهِ بْنُ عُمَرَ يَفْعَلُهُ ع ه

*પગપાળા તથા સવારી પર આવતા હતા. અને અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ પણ એવું જ કરતા હતા."*

*(ઉપર મુજબ, મુસ્લિમ–હજ્જ, અબૂ દાઊદ–મનાસિક, નિસાઈ–સલાત, મોઅત્તા ઈમામ માલિક–સફર, મુસ્નદે ઈમામ અહમદ–૨)*

**كان ياتيه** એના માટે મુઝક્કરની ઝમીર લાવ્યા છે. વફાઉલ વફામાં છે કે જો બુક્કાનું નામ માનીએ તો મુઅન્નષ અને ગૈર મુન્સરિફ, અને મકાનનું નામ માનીએ તો મુઝક્કર અને મુન્સરિફ. અલ્લામા નૂરુદ્દીન અલી બિન અહમદ સહમૂદીના માપ પ્રમાણે તેનું અંતર બાબે જિબ્રઈલથી સાત હજાર બસો હાથથી કાંઈક વધુ છે અને હાથ ૨૪ આંગળી અને દરેક આંગળી છ જવના બરાબર છે. અને એક માઈલ તેમની સ્પષ્ટતા પ્રમાણે ત્રણ હજાર પાંચસો હાથનો છે, તો બાબે જિબ્રઈલથી બાબે કુબાનું અંતર આ હિસાબથી બે માઈલ બસો હાથથી કાંઈક વધુ થયું. આ મતભેદ માઈલના માપના મતભેદના કારણે છે. એની તફસીલ તફસીરુસ્સલાતના પ્રકરણમાં વર્ણન થઈ ચૂકી. ખૂદ અલ્લામા સહમૂદીએ ભાગ–૧, પેજ–૧૩૦ પર માઈલની માત્રા ત્રણ હજાર પાંચસો હાથ બતાવી અને ભાગ–૪, પેજ–૨૮૫ પણ કેવળ ત્રણ હજાર હાથ બતાવી. પણ સહીહ પહેલું છે, એટલા માટે કે ખૂદ આ પ્રમાણે લખ્યું : **وذلك ميلان و حمسا سبع ميل على المعتمد** આ હિસાબ ત્યારે દુરુસ્ત થશે જ્યારે કે માઈલ સાડા ત્રણ હજાર હાથનો માનીએ. ત્યાર પછીની રિવાયતમાં ઈબ્ને નુમેરની અબ્દુલ્લાહ અન નાફેઅના તરીકાથી આટલો વધારો વર્ણન થયેલ છે **ويصلى فيه ركعتين** "અને એમાં બે રકાત નમાઝ પઢતા."

**ફઝાઈલ** : મસ્જિદે કુબા શરીફની ફઝીલતોના સંગ્રહનું સોનેરી પાનું એ છે કે હિજરત પછી ઈસ્લામની આ પ્રથમ મસ્જિદ છે એનાથીય અનંતગણુ ઉચ્ચ તથા શ્રેષ્ઠ એ છે કે હુઝૂર ﷺએ તેની તા'મીર પોતાના દસ્તે મુબારક વડે કરી, તેમજ મહાન સાબેકીન અવ્વલીન (શરૂમાં ઈસ્લામ લાવનારા) મુહાજિરો તથા અન્સારોએ પોતાના પવિત્ર હાથો વડે બનાવી છે.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, હું રસૂલુલ્લાહ ﷺ તથા અબૂબક્રને જોતા કે પેટ પર પથ્થર લાદીને લઈ જતા હતા અને રસૂલુલ્લાહ ﷺ તેનો પાયો નાખતા. જો આ મસ્જિદ ક્યાંક દૂર દરાઝ વિસ્તારમાં હોત તો અમે ત્યાં જવા માટે ઊંટોને પણ તકલીફ આપતા. *(વફાઉલ વફા, ૩/૮૦૪)*

વિવિધ હદીષો આવેલ છે કે, "મસ્જિદે કુબામાં બે રકાત નમાઝ ઉમરા સમાન છે." તિબ્રાની (ઉમ્દતુલ કારી, ૭/૨૫૮)ની એક રિવાયતમાં ચાર રકાત આવેલી છે. હદીષોથી એ જ જાહેર છે કે હુઝૂરે અક્દસ ﷺ દર શનિવારે મસ્જિદે કુબા તશરીફ લઈ જતા હતા, અને આ હમેશાં હતું. પણ અમુક લોકોએ **سبت** (સબત)થી અઠવાડિયુ મુરાદ લીધુ છે, એટલે કે દરેક અઠવાડિયે કોઈક દિવસ તશરીફ લઈ જતા હતા, પણ એ સહીહ નથી. એટલા માટે કે ઈબ્ને હિબ્બાનની સહીહ (વફાઉલ વફા, ૩/૮૦૩)માં **كل يوم سبت** આવ્યું છે. સોમવાર તથા ૨૭ મી રમઝાનની સવારે પણ કુબા જવાની રિવાયત આવી છે. ઈબ્ને શયબા (ઉપર મુજબ)એ શરીક બિન અબ્દુલ્લાહ બિન અબી નમરથી મુરસલન રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ સોમવારે પણ તશરીફ લઈ જતા

હતા. અમ્ર બિન શયબા (ઉમ્દતુલ કારી, ૭/૩૫૯)એ અખ્બારે મદીનામાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે હુઝૂરે અકદસ ﷺ ૨૭મી રમઝાનની સવારે કુબા જતા હતા. મદીનાવાસીઓનો આજે પણ એના પર અમલ છે. ઈબ્ને ગઝયહ (વયાઉલ વફા, ૩/૮૦૩)થી રિવાયત છે કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ સોમવારે તથા જુમેરાતે જતા રહેતા હતા.

**મુદ્દો** : દરેક શનિવારે જવાની હિકમત શર્રાહે (શારેહો)એ એ વર્ણવી છે કે કુબા જુમ્આ થતી ન હતી, ત્યાંથી લોકો મસ્જિદે નબવીમાં જુમ્આ પઢવા આવતા હતા પણ કેટલાક લોકો આવતા ન હતા. રહમતે આલમ ﷺ કરમ ફર્માવતાં શનિવારે ખૂદ તશરીફ લઈ જતા જેથી કરીને સર્વ લોકો જમાલે જહાંઆરા (નબી ﷺ)ની ઝિયારતથી મુશર્રફ થઈ જાય. બીજી હિકમત એ વર્ણવી છે કે જુમ્આના દિવસે જુમ્આની તૈયારી તથા જુમ્આની નમાઝમાં વ્યસ્ત રહેવાનો હતો. અને શનિવારનો દિવસ ખાલી હતો એટલા માટે ત્યાં તશરીફ લઈ જતા.

એક હિકમત આ પણ વર્ણવી છે કે, કેમ કે કુબાવાળા જુમ્આ પઢવા મદીના આવી જતા હતા અને જુમ્આના મસ્જિદે કુબા ખાલી રહી જતી, એટલા માટે શનિવારે ત્યાં તશરીફ લઈ જતા કે જેથી એ ગેબનો બદલો થઈ જતો પણ એના પર કહેવાનું એ છે કે સર્વ કુબાવાળા જુમ્આના માટે હાજર થતા ન હતા, કેટલાક લોકો ત્યાં જ જુમ્આની નમાઝ બાજમાઅત પઢતા હતા, એટલા માટે મસ્જિદે કુબાના ખાલી થવાનો સવાલ જ નથી.

એક હિકમત એ પણ છે કેમ કે કુબાવાળા જુમ્આના ખિદમતમાં હાજર થતા હતા તો હુઝૂરે અકદસ ﷺ તેના બદલામાં શનિવારે તેમને ત્યાં તશરીફ લઈ જતા. અલ્લાહ બેહતર જાણનાર છે.

આ હદીષોથી જાણવા મળ્યું કે મસ્જિદે કુબાની ઝિયારત સુન્નત છે અને શનિવારે કરવી બેહતર છે. તેમજ જાણવા મળ્યું કે **કોઈ નેક કાર્ય માટે દિવસનું નિશ્ચિત કરવું અને એના પર પાબંદી સુન્નત** છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું :–

**فی ھذا الحدیث دلالۃ علی جواز تخصیص بعض الا یام ببعض الا عمال الصالحۃ والمداومۃ علی ذلک**

"આ હદીષ એના માટે દલીલ છે કે અમુક દિવસોને અમુક નેક અમલોની સાથે ખાસ કરવા અને એના પર પાબંદી કરવી જાઈઝ છે." તેમજ એ પણ માલૂમ થયું કે અંબિયાએ કિરામ, ઔલિયાએ એ'ઝામના મઝારની ઝિયારતના માટે જવું મુસ્તહસન છે. દા.ત. તેમના મૌલુદ (જન્મસ્થળ) તથા મસ્કન (રહેઠાણ), તેમની મસ્જિદની ઝિયારતના માટે જવું.

તિબ્રાની (ઉમ્દતુલ કારી, ૭/૨૫૯)એ કબીરમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہماથી રિવાયત કરી કે જયારે કુબાવાળાઓએ મસ્જિદ બનાવવાની દરખાસ્ત કરી તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ મારી ઊંટણી પર સવાર થાય. તો હઝરત અબૂબક્ર સિદ્દીક સવાર થયા. ઊંટણીને ઉઠાવવા ચાહ્યું પણ ન ઉઠી. પછી હઝરત ઉમર સવાર થયા તો પણ ન ઉઠી. પછી હઝરત અલી સવાર થયા. તેમના સવાર થતાં જ ઉંટણી ઊભી થઈ ગઈ. રસૂલુલ્લાહ ﷺએ હુકમ આપ્યો, એની મહાર (લગામ) ઢીલી કરી દો, તેના ચક્કર ફરવાની જગાએ પાયો રાખી દો એ મામૂર (અલ્લાહ તરફથી એ હુકમ મળેલ) છે. તેનો એક રાવી યહ્યા બિન અલી ઝઈફ છે. સહીહ એ છે કે ખૂદ હુઝૂરે અકદસ ﷺએ પોતાના દસ્તે મુબારકથી તેનો પાયો નાખ્યો હતો.

## حديث ٧١٦

**[હદીષ : ૭૧૬]**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ زَيْدِنِ الْمَازِنِيِّ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ

*"હઝરત અબ્દુલ્લાહ બિન ઝયદ માઝનીથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

وَسَلَّمَ قَالَ مَا بَيْنَ بَيْتِيْ وَمِنْبَرِيْ رَوْضَةٌ مِّنْ رِيَاضِ الْجَنَّةِ

મારા ઘર અને મારા મિમ્બરની દરમ્યાન જે જગા છે તે જન્નતના બાગોમાં એક બાગ છે."

*(બાબુલ ફદ્લુસ્સલાત ફી મસ્જિદિ મક્કાઓ મદીના–૧૫૩,*
*મુસ્લિમ–હજ્જ–૪૪૬, નિસાઈ–મસાજિદ, મોઅત્તા ઈમામ માલિક–કિબ્લા)*

## حديث ٧١٧

**[હદીષ : ૭૧૭]**

عَنْ اَبِيْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ مِثْلَهٗ وَزَادَ وَمِنْبَرِيْ عَلٰى حَوْضِيْ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી આ હદીષ આજ શબ્દોમાં મરવી છે, એમણે એટલુ અધિક ફર્માવ્યું,*

*મારો મિમ્બર મારા હોઝ પર છે."*

*(બુખારી ૧/૧૫૩ બાબુલ ફદલ ફી મસ્જિદે મક્કાઓ મદીના, ફઝાઈલે મદીના–૨૫૩, ૨/૯૭૫ અર્રિક઼ાક઼ બાબુ હૌઝ, અલએઅતિસામ–૧૦૯૦, મુસ્લિમ–હજ્જ, તિર્મિઝી–મનાક઼િમ, મોઅત્તા ઈમામ માલિક–ક઼િબ્લા, મુસ્નદે ઈમામ અહમદ ૨/૨૩૬)*

### સમજૂતી : ૭૧૬–૭૧૭

એના પર ઈજમાઅ છે કે હદીષમાં بیتی થી મુરાદ બયતે (ઘર) સૈયદેના આઈશા رضی اللہ عنہا છે. એટલા માટે કે બીજી આ જ અર્થની હદીષમાં بیتی ને બદલે قبوری આવેલ છે. (મુસ્નદે ઈમામ અહમદ, ૩/૬૪) જમહૂર મુહદ્દિષો એના પર છે કે આ હદીષ પોતાના જાહેર પર છે અને મુરાદ એ છે કે આ પવિત્ર હિસ્સો એવોને એવો જ જન્નતમાં જશે. બીજી તાવીલ એ છે કે આટલો હિસ્સો જન્નતનો ટુકડો છે, ત્યાંથી આવ્યો છે. જેમ કે હજરે અસ્વદ. ત્રીજી સ્પષ્ટતા એ છે કે આ હિસ્સામાં ઈબાદત કરવી જન્નતમાં દાખલ થવાનો સબબ છે. એ પણ અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે આ આમ તો જમીનનો હિસ્સો છે પણ દુનિયામાં રહેવાના કારણે તેમાં તે ખૂબીઓ તથા ખાસિયતો નથી જે જન્નતની છે. દા.ત. ગરમી ઠંડી ન હોવી, ભૂખ્યા તરસ્યા ન થવું વગેરે વગેરે.

منبری علی حوضی આ પણ પોતાના જાહેર પર છે એટલે બેઠો આજ મિમ્બર મુબારક હૌઝે કૌષર પર લગાડાશે. એક સ્પષ્ટતા એ પણ કરવામાં આવી છે કે મિમ્બરે અક઼દસની ઝિયારત, ત્યાં નમાઝ તથા ઈબાદત એ હૌઝે કૌષરથી તૃપ્ત થવાનો ખાસ સબબ છે. હૌઝથી મુરાદ હૌઝે કૌષર છે. એક અર્થ એ પણ થઈ શકે છે કે જ્યાં આજે આ મિમ્બરે અક઼દસ છે. ત્યાં જ ક઼યામતના દિવસે હૌઝે કૌષર રહેશે. એટલા માટે કે એક હદીષમાં છે કે મેહશર શામ (સીરિયા)ની ભૂમી પર ક઼ાયમ થશે. જાહેર છે કે શામ જેવા નાના દેશમાં સર્વ અવ્વલીન તથા આખરીની સમાઈ શકશે નહીં. એટલા માટે આ હદીષનો મતલબ એ થયો કે મેહશરનું કેન્દ્રિય સ્થાન શામ હશે. મખ્લૂક઼નો ફેલાવો જયાં સુધી પણ થાય. આ આધાર પર એની શકયતા છે કે હૌઝે કૌષરનું બનવાનું સ્થળ મદીના

# حديث ٧١٨

**[હદીષ : ૭૧૮]**

سَمِعْتُ اَبَا سَعِيْدِ الْخُدْرِيَّ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يُحَدِّثُ بِاَرْبَعٍ عَنِ

*"કુઝઆ, ઝિયાદના મૌલાએ કહ્યું, મેં હઝરત સઈદ ખુદરી رضی اللہ عنہ થી સાંભળ્યું કે તે ચાર વાતો*

النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ فَاَعْجَبْنِيْ وَاٰنَقْنَنِيْ قَالَ لَا تُسَافِرُ الْمَرْأَةُ

*નબી ﷺ થી રિવાયત કરતાં વર્ણવતા હતા, એ મને પસંદ આવી અને તેમણે મને ખુશ કરી આપ્યો. ફર્માવ્યું*

يَوْمَيْنِ اِلَّا وَمَعَهَا زَوْجُهَا اَوْ ذُوْ مَحْرَمٍ وَّلَا صَوْمَ فِيْ يَوْمَيْنِ الْفِطْرِ

*કે કોઈ સ્ત્રી બે દિવસની સફર ત્યારે કરે કે તેની સાથે તેનો પતિ અથવા કોઈ મેહરમ હોય, અને બે દિવસ,*

وَالْاَضْحٰى وَلَا صَلٰوةَ بَعْدَ صَلَاتَيْنِ بَعْدَ الصُّبْحِ حَتّٰى تَطْلُعَ الشَّمْسُ

*ફિત્ર તથા કુર્બાનીના દિવસે રોઝા નથી અને બે નમાઝોના બાદ નમાઝ નથી, સવારની નમાઝ પછી ત્યાં સુધી*

તયબહ હોય.

**મસાઈલ** : આ હદીષથી મસ્જિદે નબવીની ખાસ ફઝીલત સાબિત થઈ કે તેનો એક હિસ્સો જન્નતના બાગોમાંથી એક બાગ છે, જો કે દરેક મસ્જિદને રિયાઝુલ જન્નત અમુક હદીષોમાં ફર્માવવામાં આવ્યું છે. તેના પ્રમાણે પૂરી મસ્જિદે નબવી શરીફ રિયાઝુલ જન્નત છે. છતાં પણ આ ખાસ હિસ્સાને **روضة من رياض الجنة** ફર્માવવામાં આવ્યું, તો યકીનની કોઈ ખાસ મહત્વતા તથા વિશિષ્ટપણાના લીધે છે. અમુક માલિકીઓએ આ હદીષથી એ દલીલ કરી છે કે આ હદીષ એની દલીલ છે કે મસ્જિદે નબવી એ મસ્જિદે હરામથી અને મદીના તયબહ મક્કા મોઅઝ્ઝમાથી અફઝલ છે. એટલા માટે કે એક હદીષમાં ફર્માવ્યું : **لموضع سوط من الجنة خير من الدنيا وما فيها** "જન્નતના એક કોરડાની બરાબર જગા દુનિયા તથા તેમાં જે કાંઈ છે તેનાથી બેહતર છે. કોઈ ચીજનો ટુકડો સારો હોવું એ કુલ સારું હોય છે. "તેમજ આ હદીષથી ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا ની મહાન ફઝીલત સાબિત થઈ, એ રીતે કે સર્વ અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ના મુકદસ હુજરાઓ (રૂમો) હુઝૂરે અકદસ ﷺ નાં જ ઘર હતાં પણ આ હદીષમાં ખાસ હઝરત સિદીકા رضی اللہ عنہا ના હુજરા મુબારકને બયતી بَيْتِي (ફર્માવ્યું) તો જે રીતે કાબા મુકદસાને બયતુલ્લાહ કહેવામાં તેની મહાનતા તથા અઝમતનો ઈઝહાર છે એ જ રીતે હઝરત આઈશાના હુજરાને 'બયતી' કહેવામાં તેની અન્ય ઘરો પર અફઝલિયત તથા ઉચ્ચતા જાહેર કરવાનો હેતુ છે. અને એ લાઝમી તૌર પર હઝરત ઉમ્મુલ મોમિનીનની અઝમત તથા ફઝીલતને પ્રદર્શિત કરે છે. આ વિષયની એક હદીષમાં 'બયતા' બીજામાં 'કબરી' કહેલ છે. દલીલ એ છે કે હુઝૂરે અકદસ ﷺ ને ખબર હતી કે હું ક્યાં દફન થઈશ અને આ દલીલ છે કે હુઝૂરે અકદસ ﷺ ગયબ જાણતા હતા, તેમજ **منبری علی حوضی** માં પણ ગયબની ખબર છે.

**સમજૂતી : ૭૧૮** **باب فضل الصلوة فی مسجد مكة والمدينة** ની શરૂઆતમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી આ હદીષનો આખરી હિસ્સો રિવાયત પામ્યો છે. ત્યાં એટલું અધિક છે કે તેમણે એટલે કે હઝરત

وَبَعْدَ الْعَصْرِ حَتّٰى تَغْرُبَ الشَّمْسُ وَلَا تُشَدُّ الرِّحَالُ اِلَّا اِلٰى ثَلٰثَةِ مَسَاجِدَ

કે સૂરજ નીકળી આવે અને ન અસ્ર પછી ત્યાં સુધી કે સૂર્ય ડૂબી જાય. ત્રણ મસ્જિદો સિવાય ક્યાંયના

مَسْجِدِ الْحَرَامِ وَمَسْجِدِ الْاَقْصٰى وَمَسْجِدِیْ ع ہ

માટે કાઠલો ન બાંધવામાં આવે : મસ્જિદે હરામ, મસ્જિદે અક્સા તથા મારી મસ્જિદ."

(બાબ મસ્જિદે બયતુલ મુક્દસ-૧૫૯, બાબ ફઝ્લ ફી મસ્જિદે મક્કાઓ મદીના-૧૫૮, મનાસિક-૨૫૧, અસ્સૌમ-૨૬૭, ૨૬૮, તિર્મિઝી-સલાત, ઈબ્ને માજહ-ઈકામતુસ્સલાત, મુસ્નદે ઈમામ અહમદ ૩/૩૪)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## باب استعانة اليد فی الصلوة اذا كان من امر الصلوة

## "નમાઝમાં હાથ વડે મદદ લેવા વિશે"

ت ۲۲۱ وَقَالَ ابْنُ عَبَّاسٍ رَّضِیَ اللّٰهُ تَعَالٰى عَنْهُمَا يَسْتَعِيْنُ الرَّجُلُ فِیْ صَلَاتِهٖ

"અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું, માણસ નમાઝમાં પોતાના **[તઅલીક઼ : ૨૨૧]**

مِنْ جَسَدِهٖ بِمَا شَاءَ ع ہ

શરીરના જે હિસ્સાથી ચાહે મદદ લે." (બુખારી ૧/૧૫૯, ઈસ્તિઆનતુલયદ ફીસ્સલાત)

ت ۲۲۲ وَوَضَعَ اَبُوْ اِسْحٰقَ قَلَنْسُوَتَهٗ فِی الصَّلٰوةِ وَرَفَعَهَا ع ہ

"અને અબૂ ઈસ્હાકે નમાઝમાં પોતાની ટોપી રાખી તથા ઉઠાવી." (ઉપર મુજબ) **[તઅલીક઼ : ૨૨૨]**

અબૂસઈદ ખુદરી رضی اللہ عنہ એ નબી ﷺ ની સંગાથમાં બાર ગઝવા કર્યા હતા. અહીં આ હદીષ વિગતે વર્ણન થઈ છે. એમાં ચાર અહકામ વર્ણન થયા છે. પ્રથમ કોઈ સ્ત્રી પતિ અથવા મેહરમ વિના સફર ન કરે. બીજું ઈદુલફિત્ર તથા ઈદુદ્દોહાના દિવસે રોઝો નથી. ત્રીજુ ફજરની નમાઝ પછી સૂરજ ઊગી જતા સુધી અને અસરની નમાઝથી સૂર્ય ડૂબી જતા સુધી કોઈ નમાઝ નથી. ચોથુ ત્રણ મસ્જિદો, મસ્જિદે હરામ, મસ્જિદે અક્સા, મસ્જિદે નબવીના સિવાય અન્ય કોઈ મસ્જિદમાં નમાઝ પઢવા માટે સફર કરવી જાઈઝ નથી. એમાં ત્રણના ઉપર તો વિસ્તારપૂર્વક ચર્ચા થઈ ચૂકી છે. ઈદોના દિવસે રોઝા પરની ચર્ચા કિતાબુસ્સૌમમાં વર્ણન થશે.

**لاتسافر المرأة يومين** : અહી બુખારીમાં છે કે સ્ત્રી બે દિવસની સફર પતિ કે મેહરમ વિના ન કરે. પણ મુસ્નદે ઈમામ અહમદ ભાગ-૩ના પેજ-૭, પેજ-૫૩, પેજ-૭૭ પર આ પ્રમાણે છે કે ત્રણ દિવસ અને પેજ-૪૫ પર **فوق ثلثة ايام** એટલે ત્રણ દિવસથી વધુનો સફર ન કરે. એની પૂર્ણપણે ચર્ચા થઈ ચૂકી.

**તઅલીક઼ : ૨૨૧-૨૨૨-૨૨૩** અમુક નુસ્ખાઓમાં અહીં છે કે **ابواب العمل فی الصلوة** એટલે "નમાઝમાં કામનું બયાન" ત્યારબાદ **باب استعانت الید**... الخ છે. અમુકમાં અંતમાં આટલુ અધિક છે :-

**كماوضع النبی صلی الله تعالٰی علیه وسلم یده علی راس ابن عباس وفتل اذنه واداره** જેવું કે નબી ﷺ એ

"અને હઝરત અલી کرم اللہ وجہہ الکریم પોતાની હથેળી પોતાના ડાબા કાંડા પર રાખતા **[તઅલીક઼ : ૨૨૩]**

اَنْ يَّحُكَّ جِلْدًا اَوْ يُصْلِحَ ثَوْبًا

*પણ જયારે કે શરીર ખંજવાળવાનું હોતુ અથવા કપડુ ઠીક કરવાનું હોતું." (ઉપર મુજબ)*

પોતાનો દસ્તે મુબારક ઈબ્ને અબ્બાસના માથા પર રાખ્યો અને તેમનો કાન આમળ્યો અને તેમને ધુમાવ્યા.

**પ્રકરણનો હેતુ** : નમાઝમાં ખુશૂઅ તથા ખુઝૂઅનો હુકમ છે. ઈર્શાદ છે :–

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ هُمْ فِىْ صَلَاتِهِمْ خٰشِعُوْنَ "તે ઈમાનવાળાઓએ કામયાબી પ્રાપ્ત કરી લીધી જેઓ પોતાની નમાઝોમાં ખુશૂઅ કરે છે." *(મુઅ્મિનૂન–૧)*

ખુશૂઅનો એક અર્થ એ પણ છે કે વક઼ાર (પ્રતિષ્ઠા) તથા સુકૂનની સાથે રહેવું. કોઈ નકામુ કઢંગુ કામ ન કરવું. હદીષમાં છે કે નબી ﷺએ એક શખ્સને જોયો કે તે નમાઝમાં દાઢી સાથે રમી રહ્યો છે. ફર્માવ્યું, જો તેના દિલમાં ખુશૂઅ હોત તો તેના અંગો શાંત રહેતાં. સૂરએ બકરહની આ આયતે કરીમા وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخَاشِعِيْنَની તફસીર જલાલૈનમાં છે : الساكنين الى طاعة الله "બેશક ! નમાઝ ભારે છે પણ સુકૂનની સાથે અલ્લાહની ઈતાઅત (આજ્ઞાપાલન) કરનારાઓ પર." મઆલિમમાં છે : اشارالى ان اصل الخشوع السكون "એના પ્રતિ નિર્દેશ કર્યો કે ખુશૂઅનો અસલ અર્થ સુકૂન છે." તો હવે સવાલ એ પેદા થાય છે કે નમાઝમાં અરકાનની અદાયગી ઉપરાંત કોઈ પ્રકારની હરકત અથવા કોઈ કામ જાઈઝ છે કે નહીં ? આ પ્રકરણ રચીને ઈમામ બુખારી એ ફાયદો કરવા ચાહે છે કે નમાઝની ખૂબી તથા પૂર્ણતાના માટે નમાઝમાં કોઈપણ અમલ કરી શકાય છે અને જો એ અમલનો સંબંધ નમાઝ સાથે નથી તો મના છે.

એના સમર્થનના માટે ત્રણ તઅલીકો તથા હદીષ–૧૦૦ પણ જે પ્રથમ ભાગમાં છે તથા ભાગ–૨ ની હદીષ–૧૩૮માં વર્ણન થઈ ચૂકી છે, તેને લાવ્યા છે. જેમાં એ વર્ણન થયું છે કે તહજ્જુદની નમાઝમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હુઝૂરે અક઼દસ ﷺની ડાબી બાજુ આવીને ઉભા થઈ ગયા તો હુઝૂરે અક઼દસ ﷺએ તેમનો કાન પકડીને જમણી તરફ કરી આપ્યા.

પ્રકરણમાં હાથ વડે કામ લેવાની પાબંદી છે. અબૂ ઈસ્હાક સૂબીઈ અને હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના અષરથી તો એવું સાબિત થાય છે. એટલા માટે કે ટોપીનું હલાવવું તથા ઉઠાવવું હાથ વડે જ થાય છે, એ જ પ્રમાણે ખંજવાળવું તથા કપડુ ઠીક કરવું પણ. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના અષરમાં હાથનો ઉલ્લેખ નથી. એનો જવાબ જાહેર એ છે કે હાથ શરીરનો જ હિસ્સો છે, જ્યારે શરીરના કોઈ હિસ્સાથી કામ લઈ શકાય છે તો હાથ વડે પણ લઈ શકાય છે. હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના અષરને ઈબ્ને અબી શયબાએ વર્ણન કરેલ છે. આ અષરો જે વર્ણન થયેલ છે એનાથી મુરાદ એ છે કે જરૂરત હેઠળ એક કે બે વારની ઈજાઝત છે, એક રુકનમાં એક જ અમલ એક જ જ કામ ત્રણવાર કરવું નમાઝને ફાસિદ કરી આપે છે (તોડી નાખે છે). દા.ત. એક રુકનમાં ત્રણવાર કયાંક ખંજવાળ્યું તો નમાઝ ફાસિદ થઈ જશે. ખંજવાળવું નમાઝના કામમાંથી એ રીતે છે કે ખંજવાળ લાગવાથી ધ્યાનભંગ થાય છે જે ખુશૂઅ તથા ખુઝૂઅથી વિરૂધ્ધ છે. ખંજવાળવાથી સુકૂન પેદા થઈ જશે તો ઈત્મિનાન થઈ જશે. અબૂ ઈસ્હાક શબીઈનું નામ અમ્ર બિન અબ્દુલ્લાહ છે. એ મહાન (અગ્રગણ્ય) તાબઈનમાંથી તથા ષિકાતમાંથી છે. ૩૮ સહાબાએ કિરામથી હદીષો સાંભળી છે. સૈયદના ઈમામે આ'ઝમના શયખોમાંથી છે. ૯૬ વરસની ઉમર પામ્યા, હિ.સ. ૧૨૬માં વિસાલ થયો.

## حديث ٧١٩

[હદીષ : ૭૧૯]

عَنْ عَبْدِ اللّٰهِ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ كُنَّا نُسَلِّمُ عَلَی النَّبِیِّ صَلَّی اللّٰهُ

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે અમે નબી ﷺને સલામ કરતા જો કે

تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ وَهُوَ فِی الصَّلٰوةِ فَیَرُدُّ عَلَیْنَا فَلَمَّا رَجَعْنَا مِنْ عِنْدِ النَّجَاشِیِّ

હુઝૂર નમાઝમાં હોતા, તો અમારા સલામનો જવાબ આપતા. જયારે અમે નજાશીને ત્યાંથી પરત થયા

سَلَّمْنَا عَلَیْهِ فَلَمْ یَرُدَّ عَلَیْنَا وَقَالَ اِنَّ فِی الصَّلٰوةِ شُغْلًا ؏

અને હુઝૂરને સલામ કર્યા તો જવાબ ન આપ્યો. અને ફર્માવ્યું, નમાઝમાં મશગૂલિયત છે."

(બુખારી ૧/૧૬૦–૧૬૭, બાબ હિજરતુલ હબ્શા–૫૪૭, મુસ્લિમ, સલામત, અબૂ દાઊદ–સલાત, નિસાઈ–સલાત)

### સમજૂતી : ૭૧૯–૭૨૦

"નજાશી એ હબ્શાના બાદશાહનો લક્બ છે જેમ કે "કૈસર" રોમના અને "કિસ્રા" ઈરાનના બાદશાહ હતો. ઝયદ બિન અરક્મ એ અન્સારી સહાબી છે. ક્બીલા ખઝરજના વ્યકિત છે. હિ.સ. ૬૮ માં વિસાલ ફર્માવ્યો. (ઉમ્દતુલ ક્ારી ૪/૭૬૭) ગઝવએ ઓહદમાં ઓછી વયના હોવાને કારણે પરત કરી દેવામાં આવ્યા હતા. પ્રથમ ગઝવા જેમાં તેમણે ભાગ લીધો ખંદક્ અથવા મરીસીઅ છે. હુઝૂરે અક્દસ ﷺની સાથે ૧૭ ગઝવાતમાં ભાગ લીધો. હઝરત શેરેખુદા کرم اللہ وجہہ الکریم ના સમર્થકોમાંથી હતા. જંગે સિફ્ફીનમાં તેમની સાથે રહ્યા. મુખ્તાર બિન ઓબૈદ ષક્ફી કઝ્ઝાબના દિવસોમાં કૂફામાં વિસાલ ફર્માવ્યો." (અસાબા ૧/૫૬૦)

આ જ તે બુઝુર્ગ છે જેમણે રાસુલ મુનાફિક્ીન અબ્દુલ્લાહ બિન ઉબયને એવું કહેતાં સાંભળ્યો હતો કે જો અમે મદીના પાછા પહોંચ્યા તો ઈજ્જતવાળાઓ ઝલીલને મદીનાથી કાઢી નાખશે. હુઝૂરે અક્દસ ﷺએ જયારે તેને પૂછયું તો તેણે ઈન્કાર કરી દીધો, એના પર સૂરએ મુનાફિકૂન નાઝિલ થઈ જેમાં એમનું સમર્થન છે. હુઝૂરે અક્દસ ﷺ એ ફર્માવ્યું, હે ઝયદ ! અલ્લાહે તારું સમર્થન કર્યું. (બુખારી ૨/૭૨૭, તફસીરે સૂ. મુનાફિકૂન) હઝરત અરક્મ બિન અબીલ અરક્મ رضی اللہ عنہ જેમના મકાનમાં હુઝૂરે અક્દસ ﷺ પ્રારંભમાં હઝરત ઉમર رضی اللہ عنہના ઈસ્લામથી મુશર્રફ થતા સુધી ગુપ્તપણે ઈસ્લામની તબ્લીગ કરતા હતા. આ મુહાજિરીને અવ્વલીનમાંથી મખ્ઝૂમી સહાબી છે. દસ બુઝુર્ગો પછી ઈમાન કબૂલ કર્યું. બલ્કે ઈમામ હાકિમે રિવાયત કર્યું છે કે સાતમા મુસલમાન છે. તેમનું એ મુક્દસ મકાન સફાની નજીક હતું . ઝયદ બિન અરક્મ એ તેમના સાહબઝાદા નથી. હઝરત અરક્મ બિન અબી અરક્મએ બદર વગેરે તમામ જંગોમાં શરીક રહયા. એક રિવાયતના પ્રમાણે હઝરત મુઆવિયહના સમયમાં હિ.સ. ૫૦માં ૮૫થી અધિક ઉમરમાં વિસાલ ફર્માવ્યો. વસિયત પ્રમાણે હઝરત સઅદ બિન વકક્ાસ رضی اللہ عنہએ જનાઝાની નમાઝ પઢાવી. *(અસાબા ૧/૨૮)*

**હબ્શાની તરફ હિજરત** : ઈમામ વાક્દીએ ફર્માવ્યું, રજબ નબવી સન ૫માં હબ્શાની તરફ પ્રથમ હિજરત થઈ હતી. એ હિજરતમાં ૧૧ પુરૂષો તથા ચાર સ્ત્રીઓ હતી. ઈબ્ને જરીરે કહ્યું કે બીજા લોકોએ કહ્યું કે ૮૨ પુરૂષો હતા. તેમની પત્નીઓ તથા બાળકો તેમનાં ઉપરાંત હતાં, જેમાં હઝરત ઉષ્માન તથા તેમનાં પત્ની

## حدیث ۷۲۰

**[હદીષ : ૭૨૦]**

عَنْ اَبِیْ عَمْرٍو الشَّیْبَانِیِّ قَالَ قَالَ لِیْ زَیْدُ بْنُ اَرْقَمَ اِنْ كُنَّا

*"અબૂ અમ્ર શયબાનીએ કહ્યું કે ઝયદ બિન અરકમ (એ મને કહ્યું કે નબી ﷺના જમાનામાં અમે નમાઝની*

لَنَتَكَلَّمُ فِی الصَّلٰوةِ عَلٰی عَهْدِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّمَ یُكَلِّمُ

*હાલતમાં વાત કર્યા કરતા હતા. અમે અમારા સાથી સાથે પોતાની હાજત વર્ણવી આપ્યા કરતા હતા, ત્યાં*

اَحَدُنَا صَاحِبَهٗ بِحَاجَتِهٖ حَتّٰی نَزَلَتْ ۔ حَافِظُوْا عَلَی الصَّلَوٰتِ وَالصَّلٰوةِ

*સુધી કે આ આયતે કરીમા નાઝિલ થઈ : તમામ નમાઝોનું ધ્યાન રાખો ખાસ કરીને વચ્ચેવાળી નમાઝની અને*

الْوُسْطٰی وَقُوْمُوْا لِلّٰهِ قَانِتِیْنَ فَاُمِرْنَا بِالسُّكُوْتِ ۔ ع ه

*અલ્લાહના માટે ખામોશીની સાથે ઉભા રહો." તો અમને ચૂપ રહેવાનો હુકમ આપવામાં આવ્યો."*

*(બુખારી ૧/૧૬૦, ૨/૬૫૦ તફસીરે સૂ.બક્રહ, મુસ્લિમ–સલાત, અબૂ દાઉદ–સલાત, તિર્મિઝી–સલાત તફસીર, નિસાઈ–સલાત)*

સૈયદા રુકૈયા બિન્તે રસૂલુલ્લાહ તથા હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ પણ હતા. થોડાક દિવસો પછી એ ખબર મશહૂર થઈ કે મક્કાવાસીઓ મુસલમાન થઈ ગયા તો પાછા આવ્યા, પણ એ ખબર ગલત હતી. પરત આવતાં મક્કાના જાલિમોની સિતમકારીઓ પહેલાં કરતાં ય વધી ગઈ તો ફરીવાર ઘણા લોકો હબ્શા ચાલ્યા ગયા. આ વખતે પહેલાં કરતાં બમણા મુહાજિર હતા. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہએ બીજીવાર પણ હિજરત કરી. જયારે હુઝૂરે અક્દસ ﷺ મદીના તશરીફ લઈ ગયા તો તેમનામાંથી ઘણા હઝરાત મદીના આવી ગયા તેઓમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ પણ હતા, એ કહે છે કે હું જ્યારે મદીના પરત થયો તો હુઝૂર ગઝવએ બદરની તૈયારી કરી રહ્યા હતા. *(ઉમ્દતુલ ક઼ારી, ૪/૨૬૮)* બાકી હઝરાતને હિ.સ. ૭ માં હુઝૂરે અક્દસ ﷺએ બોલાવી લીધા. એ લોકો ગઝવએ ખયબરના મોક઼ા પર પરત આવ્યા. હવે હદીષના શરહકર્તાઓમાં મતભેદ છે કે નમાઝમાં સલામ તથા કલામ (વાતચીત)થી મનાઈ મક્કામાં થઈ હતી. જયારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ પ્રથમવાર હબ્શાથી પાછા આવ્યા હતા કે મદીનામાં થઈ હતી જયારે એ બીજીવાર હિજરત કરીને પરત થયા. સહીહ એ છે કે મદીના તયબાહમાં શરૂ શરૂમાં નમાઝમાં સલામ તથા કલામની ઈજાઝત હતી અને ત્યાં વર્ણવેલ આયતના નાઝિલ થયા બાદ મનાઈ થઈ અને પ્રથમ હદીષમાં હબ્શાથી પરત થવાથી મુરાદ બીજીવારની વાપસી છે તેની દલીલો નીચે પ્રમાણે છે.

**૧.** હઝરત ઝયદ બિન અરક઼મ رضی اللہ عنہ કહે છે કે અમે નમાઝમાં નબી ﷺની પાછળ વાત કરતા હતા. (ઉપર મુજબ–૨૬૯) જયારે આ જણાવેલ આયત નાઝિલ થઈ તો અમને નમાઝમાં વાત કરવાથી રોકી દેવામાં આવ્યા. હઝરત ઝયદ બિન અરક઼મ رضی اللہ عنہ કેમ કે અન્સારી છે, તેમને હુઝૂરે અક્દસ ﷺની પાછળ નમાઝ પઢવાનો મોક઼ો મદીનામાં જ મળ્યો છે એટલા માટે એ જરૂરી છે કે આ હુકમ મદીનામાં જ થયો.

**૨.** મઝકૂર આયત સૂરએ બક઼રહની આયત છે અને સૂરએ બક઼રહ મદીના તયબહમાં નાઝિલ થઈ.

**૩.** તિબ્રાનીએ હઝરત અબૂ અમામા رضی اللہ عنہથી રિવાયત કરી કે જો કોઈ નમાઝમાં એવા સમયે સામેલ થતુ

## حديث ٧٢١

**[હદીષ : ૭૨૧]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે*

عَلَیْهِ وَسَلَّمَ قَالَ التَّصْفِیْقُ لِلنِّسَاءِ وَالتَّسْبِیْحُ لِلرِّجَالِ

*ફર્માવ્યું, તાલી સ્ત્રીઓ માટે છે અને તસ્બીહ પુરૂષોના માટે."*

*(બુખારી ૧/૧૬૦ અત્તસ્ફીકલિન્નિસાઅ, મુસ્લિમ–સલાત, નિસાઈ–સલાત, ઈબ્ને માજહ–સલાત, અબૂ દાઊદ–સલાત)*

કે કેટલીક થઈ ચૂકી હોતી તો જે સાહબ તેની બાજુમાં હોતા તેને પૂછતા અને તે બતાવી આપતા, ત્યાં સુધી કે એક દિવસ મઆઝ આવ્યા. *અલ્હદીષ.* **بطوله** (તિર્મિઝી ૧/૫૪) હઝરત અબૂ અમામા તથા હઝરત મઆઝ બંનેવ હિજરત પછી મદીના તયબહમાં ઈસ્લામથી પાવન થયા. એનાથી સાબિત કે મદીનામાં પણ પ્રારંભમાં નમાઝમાં વાતચીત મના ન હતી બાદમાં મના થઈ.

**شغلا** : મતલબ એ છે કે નમાઝમાં તિલાવતે કુર્આન, તસ્બીહ, તકબીર, અઝકારમાં મશ્ગૂલિયત છે અથવા મુરાદ એ છે કે નમાઝમાં નમાઝી અલ્લાહ ﷻની તરફ ધ્યાનિત તથા અલ્લાહની હુઝૂરમાં મશ્ગૂલ છે. સલામ તથા કલામ એમાં આડરૂપ થશે.

**والصلوة الوسطی** : **صلوٰة** (વચ્ચેવાળી નમાઝ) થી શું મુરાદ છે ? અલ્લામા બદરુદ્દીન અયની رضی اللہ عنہએ વીસ કથનો વર્ણવ્યાં છે. છેવટમાં ફર્માવ્યું કે સહીહ એ છે કે અસ્રની નમાઝ છે. સહીહ હદીષોથી એ જ સાબિત છે. બાકીના કથનોમાં અમુક ઝઈફ છે અમુક મરદૂદ (રદ પાત્ર) છે.

**امرنا بالسکوت** : અમને સુકૂત (મૌન)નકો હુકમ આપવામાં આવ્યો. મુસ્લિમ ૧/૨૦૪ સલાત)માં છે. **نهیناعن الکلام** "અને વાત કરવાથી અમને મના કરી દેવામાં આવ્યું." **السکوت** તથા **الکلام** પર અલિફ–લામ અહદે ખારજીનો છે, મુરાદ એનાથી ચુપ રહેવું અને તે કલામ છે અગાઉ મઝકૂર થઈ ચૂકયું છે. એટલે દુનિયવી વાતચીત. જેમ કે તિર્મિઝીની રિવાયતમાં છે કે પોતાના બાજુવાળા સાથે વાત કરતા. તિબ્રાનીની હદીષ આવી ગઈ કે તે પૂછતો કેટલી નમાઝ થઈ ચૂકી છે ?

આપણે ત્યાં વાતચીત ચાહે ઈરાદાપૂર્વક કે ભૂલથી, ઈખ્તિયારથી હોય કે વિના ઈખ્તિયારે દરેક રીતે નમાઝ તોડનાર છે, થોડી હોય કે વધારે

હિજરતુ હબ્શાના પ્રકરણમાં આ હદીષના અંતમાં છે કે સુલયમાને હઝરત ઈબ્રાહીમથી પૂછયું કે જો કોઈ તમને નમાઝની હાલતમાં સલામ કરે તો શું કરો છો ? તો તેમણે ફર્માવ્યું, મારા જીવમાં (જાનમાં) જવાબ આપું છું. આ હઝરત ઈબ્રાહીમનો ઈજતેહાદ હતો, નહીં તો એ હદીષનો ઈર્શાદ **ان فی الصلوة سغلا**ના વિરૂધ્ધ છે અને ફાયદાહિન પણ.

**સમજૂતી : ૭૨૧** હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہની હદીષ ૪૪૧ની અમુક રિવાયતોમાં આ આવ્યું છે. **فا خذ الناس بالتصفیح قال سهل هل تدرون ما التصفیح هو التصفیق** એના પર અલ્લામા અયની એ ફર્માવ્યું કે તસ્ફીહ તથા તસ્ફીક સમાનાર્થી છે. આ જ જોહરી, ખિતાબી, અબૂ અલી કાલી અને ઘણા લોકોએ કહ્યું

حدیث ۷۲۲

**[હદીષ : ૭૨૨]**

قَالَ اَبُوْ هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું,*

عَلَيْهِ وَسَلَّمَ نَادَتْ اِمْرَأَةٌ اِبْنَهَا وَهُوَ فِيْ صَوْمَعَتِهِ قَالَتْ يَا جُرَيْجُ قَالَ

*એક સ્ત્રીએ પોતાના પુત્રને પુકાર્યો અને તે પોતાના ઈબાદતખાનામાં હતો. તેની માએ કહ્યું, હે જરીહ !*

اَللّٰهُمَّ اُمِّيْ وَصَلَاتِيْ فَقَالَتْ يَا جُرَيْجُ قَالَ اَللّٰهُمَّ اُمِّيْ وَصَلَاتِيْ قَالَتْ

*જરીહે કહ્યું, હે અલ્લાહ ! મારી માં અને મારી નમાઝ ! તેની માએ ફરી પોકાર્યું, તેણે કહ્યું, હે અલ્લાહ ! મારી*

يَا جُرَيْجُ قَالَ اَللّٰهُمَّ اُمِّيْ وَصَلَاتِيْ قَالَتْ اَللّٰهُمَّ لَا يَمُوْتُ جُرَيْجٌ حَتّٰى يَنْظُرَ

*મા અને મારી નમાઝ ! હવે તેની માએ કહ્યું, હે અલ્લાહ ! જુરૈજ જ્યાં સુધી ઝાનિયાનું મોઢું ન જોઈ લે ન*

છે ત્યાં સુધી કે ઈબ્ને હઝ્મએ કહ્યું કે એમાં કોઈ મતભેદ નથી. પણ કાઝી અયાઝે નકલ ફર્માવ્યું કે તસ્ફીહનો અર્થ એક હાથની પીઠ પર બીજાને મારવો અને તસ્ફીહનો અર્થ છે કે એક હાથની હથેળીને બીજાની હથેળી પર મારવો. એક કૌલ એ પણ છે કે ડરાવવા તથા ચેતવવા બે આંગળીઓને બીજા હાથની પીઠ પર મારવી તસ્ફીહ છે.

સ્ત્રીઓને તસ્બીહના બદલે તસ્ફીકનો હુકમ એટલા માટે છે કે તેમનો અવાજ પણ અવરત (છુપાવવાની જ) છે અને નમાઝમાં ગૈર મેહરમ પણ શરીક રહે છે. અહીં મુરાદ એ છે કે જમણા હાથની આંગળીઓ ડાબા હાથની પીઠ પર મારે. તાળીનો તરીકો કે બંને હાથની હથેળીઓ વગાડે એ મુરાદ નથી, અને ન નમાઝમાં એની ઈજાઝત છે, એ લહબો લઈબ (ખેલ–મનોરંજન)માં સામેલ છે.

**સમજૂતી : ૭૨૨**

**પરિપૂર્ણતા** : મુસ્લિમ શરીફમાં છે : જુરૈજ નામનો એક પાદરી (રાહિબ) હતો. પોતાના ઈબાદતખાનામાં અલ્લાહ عزوجل ની ઈબાદત કરતો હતો, એક દિવસ તેની મા આવી અને તેણે કહ્યું, હે જુરૈજ ! હું તારી મા છું, મારી સાથે વાત કર ! તે વખતે તે નમાઝ પઢી રહ્યો હતો જેથી તેણે માને કોઈ જવાબ ન આપ્યો અને કહ્યું, હે અલ્લાહ મારી મા અને મારી નમાઝ ! તેણે નમાઝને અપનાવી. બે વાર એ જ પ્રમાણે થયું. હવે એની માએ એવી દુઆ કરી, હે અલ્લાહ ! આ જુરૈજ મારો પુત્ર છે, મેં એનાથી વાત કરવા ચાહી પણ તેણે ન કરી. હે અલ્લાહ ! તે ત્યાં સુધી ન મરે જ્યાં સુધી ઝાની સ્ત્રીઓનાં મોં ન જોઈ લે ! હુઝૂરે અકદસ ﷺ એ ફર્માવ્યું, જો તેણી એવી બદ દુઆ આપત કે એને ફિત્નામાં નાખ ! તો તે ફિત્નામાં પડી જાત. એક બકરીઓનો ચારનારો તેના ત્યાં પનાહ લેતો હતો. એક દિવસે એક સ્ત્રી વસ્તીમાંથી પોતાની જરૂરતના માટે નીકળી તો એ ચરવાહાએ તેની સાથે સોહબત કરી, તેને હમલ રહી ગયો. તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. તેણીને પૂછવામાં આવ્યું કે આ શું છે ? તો તે સ્ત્રીએ જણાવ્યું કે પેલા ઈબાદતગાહવાળાનો છે. હવે વસ્તીવાળા કુહાડીઓ પાવડા લઈને આવ્યા અને તેને બૂમો પાડી, તે વખતે તે નમાઝ પઢી રહ્યો હતો એટલા માટે ન બોલ્યો. હવે એ લોકો તેના ઈબાદતખાનાને તોડી પાડવા

فِي وُجُوهِ الْمَيَامِيسِ وَكَانَتْ تَأْوِي إِلَى صَوْمَعَتِهِ رَاعِيَةٌ تَرْعَى الْغَنَمَ فَوَلَدَتْ

*મરે ! બકરીઓ પાળનારી એક સ્ત્રી તેના ઈબાદતખાનામાં શરણ લેતી હતી, તેણે એક પુત્રનો જન્મ આપ્યો.*

فَقِيلَ لَهَا مِمَّنْ هٰذَا الْوَلَدُ قَالَتْ مِنْ جُرَيْجٍ نَزَلَ مِنْ صَوْمَعَتِهِ قَالَ

*તેણીને પૂછવામાં આવ્યું કે, આ પુત્ર કોનો છે ? તો તેણે બતાવ્યું, જુરૈજનો છે ! તે પોતાના ઈબાદતખાનાથી*

جُرَيْجٌ أَيْنَ هٰذِهِ الَّتِي تَزْعَمُ أَنَّ وَلَدَهَا لِي قَالَ يَا بَابُوسُ مَنْ أَبُوكَ

*ઉતર્યો હતો. જુરૈજે કહ્યું કયાં છે તે જે ગુમાન કરે છે કે તેનો પુત્ર મારાથી છે ? જુરૈજે તે છોકરાને પૂછયું,*

قَالَ رَاعِي الْغَنَمِ ء ہ

*બોલ ! તારો બાપ કોણ છે ? તો તેણે કહ્યું, બકરીઓનો ચરવાહા !''*

*(બાબ ઈઝાદાઅતિલ ઉમ્મુ વલદહા ફિસ્સલાત, પેજ–૧૬, અલ્મઝાલિમ–૩૩૭, મુસ્લિમ)*

લાગ્યા. તેણે જ્યારે એ જોયું તો ઉતર્યો. બીજી રિવાયત (બુખારી, અલ્મઝાલિમ–૩૩૭, મુસ્લિમ)માં છે કે એક આવારા સ્ત્રી જે એટલી હસીન હતી કે તેના હુસ્નનું દ્રષ્ટાંત આપવામાં આવતું હતું. તેણે કહ્યું, જો તમે લોકો ચાહો તો જુરૈજને ફિત્નામાં લાવી દઉં. તે જુરૈજની સામે આવી પણ તેમણે તેના તરફ આંખ ઉઠાવીને પણ ન જોયું. ત્યારબાદ એક ચરવાહાની પાસે આવી અને તેનાથી બદકારી કરાવી જેનાથી બાળક પેદા થયું. પૂછવા પર તેણીએ જુરૈજને બદનામ કર્યો. એનાથી એ લોકોએ જુરૈજને ઉતાર્યો અને તેને મારવા લાગ્યા અને તેના ઈબાદતખાનાને તોડી પાડયું. તેણે પૂછયું, મામલો શું છે ? તે લોકોએ કહ્યું, તેં આ બદ્‌કાર સ્ત્રી સાથે ઝિના કર્યો છે અને તારા નુત્ફાથી તેણીને પુત્ર થયો છે. જુરૈજ કહ્યું, પુત્ર ક્યાં છે ? લોકો છોકરાને લાવ્યા. તેણે કહ્યું, મને છોડી આપો હું નમાઝ પઢી લઉં. નમાઝથી ફારિગ થઈને છોકરાની પાસે આવ્યો અને તેના પેટમાં હાથથી ગોદો માર્યો અને પૂછયું, હે બાળક ! તારો બાપ કોણ છે ? બાળકે કહ્યું, ફલાણો ચારનારો ! હવે લોકો જુરૈજ પર તૂટી પડયા, તેને બોસો દેવા લાગ્યા, તેને સ્પર્શવા લાગ્યા અને કહ્યું, અમે તારા ઈબાદતખાનાને સોનાનું બનાવી દઈશું ! તેણે કહ્યું, નહીં ! જેવું પહેલાં હતું એવું જ માટીનું બનાવી આપો. તો લોકોએ બનાવી આપ્યું.

**مؤمسة** **میامیس**નું બહુવચન છે એનો અર્થ છે એલાનિયા ઝિના (વ્યભિચાર) કરનારી. **یابابوس** 'યા' હર્ફે નિદા (પોકાર વાચક શબ્દ) છે. **بابوس**ના બારામાં કઝારે કહ્યું, એનો અર્થ નાનો બાળક થાય છે. આ શબ્દ અરબી છે કે અજમી ? બંનેવ કથનો છે. દાઊદીએ કહ્યું, આ તે છોકરાનું નામ હતું. ઈબ્ને બકાલે કહ્યું કે એનો અર્થ દૂધપીવાવાળી થાય છે.

આ હદીષથી જાણવા મળ્યું કે આગલી શરીઅતોમાં નમાઝની અંદર વાતચીત જાઈઝ હતી એટલા માટે જરીહની માની બદદુઆ તેને લાગી, જેમ કે આપણી શરીઅતમાં પણ શરૂમાં જાઈઝ હતું. આયતે કરીમા **وَقُومُوا لِلّٰهِ قَانِتِينَ** નાઝિલ થયા પછી મના થયું. આ જાહેરના એતબારથી છે, નહીં તો એ શક્ય છે કે નફલ નમાઝ રહી હોય અને તેની વાલિદાને તેની ખબર ન રહી હોય કે તે ન નમાઝ પઢી રહ્યો છે. ઉલમાનો એમાં મતભેદ છે કે જો કોઈ નમાઝ પઢી રહ્યો હોય અને તેમાં માતાપિતા, દાદા દાદી બોલાવે તો તે શું કરે ? આપણે ત્યાં પસંદીદા એ છે કે જો કોઈ મોટી મુસીબત પડવા પર બોલાવી રહ્યાં હોય તો તરત જ નમાઝ તોડી નાખે ભલે પછી ફર્ઝ હોય. દા.ત. આગ લાગી ગઈ, કોઈ તેમને જાનથી મારી નાખવા ચાહે છે. અને જો મામૂલી તકલીફ પર

બોલાવી રહ્યાં હોય તો તોડવું જાઈઝ નથી. અને જો નફ્લ પઢી રહ્યો છે અને એમને ખબર હોય કે એ નમાઝ પઢી રહ્યો છે તો મામૂલી તકલીફ પર ન તોડે અને જો એ માલૂમ નથી કે નમાઝ પઢી રહ્યો છે તો તોડી નાખે ભલે મામૂલી તૌર પર બોલાવે. *(અદુર્રુલ્ મુખ્તાર વ રદ્દુલ મુહતાર, અવ્વલ અખીર મકરૂહાત-૯૪૦)*

તલ્વીહ (ઉમ્દતુલ કારી ૭/૭૮૬)માં છે કે આપણા અસ્હાબે સ્પષ્ટતા કરી છે કે હુઝૂરે અક્દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે જો હુઝૂર કોઈને બોલાવે અને તે નમાઝ પઢી રહ્યો છે તો એના પર વાજિબ છે કે તરત જ જવાબ આપે અને તેની નમાઝ બાતિલ પણ ન થશે, એનું વિગતવાર વર્ણન તેના સ્થાને આવશે અમુક ઝુલયદૈનની હદીષમાં વર્ણન થઈ ચૂકયું છે.

આ હદીષથી અમુક હઝરાતે એ દલીલ કરી છે કે ઝિનાથી હુર્મતે મસાહિરત (જમાઈનો રિશ્તો) સાબિત થાય છે એટલે કે જેવી રીતે હલાલ વતીથી. ઝાતી પર પર મુઝનિય્યહ (જેની સાથે સંભોગ થાય તે તેણી)ના ઉસૂલ તથા ફુરૂઅ (માં, બેટી, દાદી, નાની વગેરે) અને મુઝનિય્યહ (તે વ્યભિચારી સ્ત્રી) પર ઝાનીના ઉસૂલ તથા ફુરૂઅ (બાપ,દાદા, પુત્ર વગેરે) હરામ થઈ જાય છે. એ જ પ્રમાણે ઝિનાથી પણ, તે એ રીતે કે આ હદીષમાં ઝાનીને બાપ કહેવામાં આવ્યો. એનાથી સાબિત થયું કે જેવી રીતે હલાલ વતી (સંભોગ)થી નિસ્બત સાબિત થાય છે એ જ પ્રમાણે હરામથી પણ થશે અને નિસ્બત જ હુર્મતે મુસાહિરતનો પાયો છે. અને બાપ હોવું નિકાહની હુર્મત માટે લાઝિમ છે. તે એ રીતે કે જો એ પુત્રને બદલે પુત્રી હોત તો ઝાની કેમ કે તેનાં બાપ છે જેથી તે તેના માટે હરામ થાત. પણ આ દલીલ દુરુસ્ત નથી, તેને બાપ મજાઝન્ કહ્યો છે, એ માલૂમ કરવા માટે કે કોના નુત્ફાથી છે, એટલા માટે બાપના અન્ય હુકમો લાગુ નથી પડતા. દા.ત. એકબીજાનો વારસો પામવું. અથવા શકય છે કે તેમની શરીઅતમાં એ હુકમ રહ્યો હોય કે ઝાનીથી નિસ્બત માનવામાં આવતી હોય. જો કે આપણે ત્યાં પણ ઝિનાથી હુર્મતે મુસાહિરત સાબિત થાય છે. જેની દલીલ ફિક્હ તથા ઉસૂલે ફિક્હ ની કિતાબોમાં વર્ણન થયેલ છે, પણ આ હદીષથી સાબિત નથી. આ હદીષથી સાબિત થયું કે અવલિયાએ કિરામની કરામત હક્ક છે. તેમજ એ જાણવા મળ્યું કે માબાપની દુઆ ઔલાદના હક્કમાં કબૂલ થાય છે. ઉસ્તાઝી હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે **"મા બાપની દુઆ ઔલાદના હક્કમાં એવી છે કે જેવી કે નબીની દુઆ ઉમ્મતીના હક્કમાં."**

લયષ બિન સઅદે યઝીદ બિન હવસબ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી ﷺએ ફર્માવ્યું, જો જુરૈજ આલિમ ફકીહ હોત તો જાણતો કે માનો જવાબ આપવો અલ્લાહની ઈબાદતથી અફઝલ છે. *(ઉમ્દતુલ કારી-૨૮૨)*

**બાળપણમાં વાત કરનારાઓ** : આદત મુજબ બાળકો જે ઉમરમાં વાત નથી કરતાં એ ઉમરમાં વાત કરનારા હઝરાત આ પ્રમાણે છે : હઝરત ઈસા علیہ السلام તથા આ બાળક અને તે સ્ત્રીનું બાળક જેણે એક શખ્સને સજીધજીને એક ઉમદા લોકો પર જોયો તો કહ્યું, હે અલ્લાહ ! મારા બાળકને એના જેવા કરી આપ ! તો બાળકે તેણીની છાતી છોડીને કહ્યું, હે અલ્લાહ ! એના જેવો મને ન કરતો. જેમ કે બુખારી તથા મુસ્લિમ (બુખારી, ૭૯૩, મુસ્લિમ/૨/૩૧૩) માં છે. તદ્ઉપરાંત હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે લગભગ યૂસુફ علیہ السلام પણ બાળક હતા. મશ્હૂર ઈમામે તફસીર હઝરત ઝહાકે પણ બાળપણમાં વાત કરી હતી. અને હઝરત યહયા علیہ السلام અને અસ્હાબે ઓહદે જ્યારે સ્ત્રીને આગની ખાઈમાં નાખવા ચાહ્યું અને કાંઈક અટકી તો તેની ગોદના બાળકે કહ્યું, હે મા ! સબ્ર કર ! તું હક્ક પર છે. *(મુસ્લિમ-કિસ્સા અકહાબુલ ખુદૂદ-૪૧૫)*

**કાશ્મીરી મહાશયની પકડ** : ફયઝુલબારી (૭/૪૩૭)માં છે : જો નફલ નમાઝ પઢી રહ્યો છે તો નમાઝ તોડીને માને જવાબ આપે.

**હું કહું છું** : હમણા દુર્રે મુખ્તાર તથા રદ્દુલ મુહતારના હવાલાથી આવી ગયું કે નફલ નમાઝમાં એ તફસીલ છે કે માની જાણમાં હોય કે તે નમાઝ પઢી રહ્યો છે અને કોઈ મોટી મુસીબતના માટે નથી બોલાવી રહી તો નમાઝ

## حدیث ۷۲۳ حَدَّثَنِیْ مُعَیْقِبٌ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ

"હઝરત મુઐફ رضی اللہ عنہએ મને હદીષ વર્ણવી કે નબી صلی اللہ علیہ وسلمએ એ શખ્સના બારામાં **[હદીષ : ૭૨૩]**

قَالَ فِی الرَّجُلِ یُسَوِّی التُّرَابَ حَیْثُ یَسْجُدُ قَالَ اِنْ کُنْتَ فَاعِلًا فَوَاحِدَۃً ع

*ફર્માવ્યું જે સિજદો કરવાની જગાની માટી સરખી કરતો હતો, જો તારે કરવું જ છે તો કેવળ એકવાર."*

*(બુખારી ૧/૧૬૧ મુસ્લિમ–સલાત, અબૂ દાઊદ–સલાત, તિર્મિઝી–સલાત, નિસાઈ–સલાત)*

તોડવી જાઈઝ નથી. હા ! જો માના ઈલ્મમાં ન હોય કે નમાઝ પઢી રહ્યો છે તો નમાઝ તોડીને માને જવાબ આપે.

પછી આગળ છે કે ન કહેવામાં આવે કે આ હદીષ એના પર દલીલ પૂરી પાડે છે કે માના પોકારવા પર નમાઝ તોડી આપવી વાજિબ છે, ચાહે ફર્ઝ હોય ચાહે નફલ, એટલા માટે કે તે માના પોકારવા માટે દલીલ આપે છે. હું કહીશ કે બાબે દુઆ બાબે તશરીઅનું ગૈર છે તો એવું દુઆનું પણ કબૂલ થઈ જવું શકય છે જેને કબૂલ ન થવું જોઈએ. જેવું કે મુસ્નદમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ હઝરત આઈશાના માટે ફર્માવ્યું, અલ્લાહ તારો હાથ કાપી નાખે ! અને બહાર તશરીફ લઈ ગયા. પાછા આવ્યા તો તેમનો હાથ વાંકો થઈ ગયો હતો. દુઆ ફર્માવી તો ઠીક થઈ ગયો.

**હું કહું છું :** આ હદીષ મુસ્નદ છઠ્ઠા ભાગ પર છે. એમાં **قد اعوجت یداھا** નથી. પૂરી હદીષ આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એક કેદીને ઉમ્મુલ મોમિનીનના હવાલે કરીને બહાર તશરીફ લઈ ગયા. તે ગાફિલ થઈ ગયાં અને કેદી ભાગી ગયો. બીજીવાર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم આવ્યા અને પૂછયું, કેદીનું શું થયું ? અર્ઝ કરી, હું ગાફેલ થઈ ગઈ અને તે ભાગી ગયો. ફર્માવ્યું, તારો શો હાલ છે ?! અલ્લાહ તારો હાથ કાપે ! અને બહાર તશરીફ લઈ ગયા. લોકોને બતાવ્યું, લોકો તલાશ કરીને તેને લાવ્યા. હવે ફરી હુઝૂર صلی اللہ علیہ وسلم અંદર તશરીફ લાવ્યા તો જોયું કે એ બંને હાથ ઉલટ પલટ કરી રહ્યા છે. પૂછયું, પાગલ થઈ ગઈ છો ? ફર્માવ્યું, હુઝૂરે બદદુઆ કરી દીધી હતી તેનું પરિણામ છે. જોઉં છું કે કયો હાથ કાપવામાં આવશે. હવે હુઝૂરે અલ્લાહની હમ્દ કરી અને ષના કરી અને હાથોને ઉઠાવ્યા અને અર્ઝ કરી, હે અલ્લાહ ! હું માણસ છું, જેવી રીતે અન્ય લોકોને ગુસ્સો આવે છે હું પણ ગુસ્સે થાઉં છું, જે મુસલમાન મર્દ કે ઔરત માટે દુઆ કરું તેને તેની જાહેરી તથા બાતિની પાકીઝગીના માટે સબબ બનાવ.

શાહ મહાશયથી બે ગલતીઓ થઈ, એક તો એ કે હદીષ **اعوجت یداھا** નથી **وانا اقلب یدی** છે. બીજુ એ કે કેદી હવાલે કર્યો, એની દેખરેખ જરૂરી હતી, એનાથી ઉમ્મુલ મોમિનીને ગફલત વર્તી એ ગુસ્સાનો સબબ છે, પછી આ મસ્અલો ક઼બૂલ ન હોવાના ક઼બીલ (ગૃપ)નો કેવી રીતે થઈ ગયો. હા ! એ વાત જરૂર સાબિત થઈ કે કદી કદી ગુસ્સાની હાલતમાં ધમકીરૂપે અંબિયાએ કિરામ અવલિયાએ એઝામથી આવા શબ્દો નીકળી જાય છે જે જાહેરી રીતે બદ દુઆના હોય છે પણ એમનો હેતુ બદ દુઆ નથી હોતો, તેમ છતાં પણ તે શબ્દોનો જાહેરી અર્થ લાગુ થઈ જાય છે. આ હદીષમાં હુઝૂરે અક઼દસ صلی اللہ علیہ وسلمનો હેતુ બદદુઆ હરગિઝ ન હતો અને જુરૈજની માનો મકસદ બદદુઆ હતો બલ્કે નારાજગીનો ઈઝહાર હતો, પણ જે મોઢાથી નીકળી ગયુ તેવું જ થયું. આનાથી અલ્લાહના મહબૂબોની બારગાહે ઈલાહીમાં અઝમત જાહેર થાય છે.

**સમજૂતી : ૭૨૩** ઈમામ બુખારીએ હદીષ પર પ્રકરણનું હેડિંગ રચ્યું છે : નમાઝમાં કાંકરી સરખી કરવી, અને હદીષમાં કાંકરીનો શબ્દ નથી. તુરાબ (નો અર્થ) ધૂળ વર્ણન થયેલ છે. એની એક સ્પષ્ટતા એ કરવામાં આવી છે કે મુસ્લિમમાં આ જ હદીષના એક તરીક઼ામાં છે : **یسوی یعنی الحصی** બીજા તરીક઼ામાં છે કે

ت ٢٢٤ وَقَالَ قَتَادَةُ اِنْ اُخِذَ ثَوْبُهٗ يَتَّبِعُ السَّارِقَ وَيَدَعُ الصَّلٰوةَ ۔ع

[તઅલીક઼ : ૨૨૪] "અને ક઼તાદાએ ફર્માવ્યું, જો નમાઝનું કપડુ કોઈ લઈને ભાગે તો ચોરનો પીછો કરે અને નમાઝ છોડી આપે." (બુખારી ૧/૧૬૧)

ت ٢٢٥ وَيُذْكَرُ عَنْ عَبْدِ اللّٰهِ ابْنِ عَمْرٍو نَفَخَ النَّبِيُّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

[તઅલીક઼ : ૨૨૫] "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરતાં વર્ણન કરવામાં આવે છે

فِيْ سُجُوْدِهٖ فِيْ كُسُوْفٍ ۔ع

કે નબી ﷺએ સૂર્ય ગ્રહણની નમાઝના સિજદામાં ફૂંક મારી." (બુખારી ૧/૧૬૨)

કેવળ એકવાર સરખી કરવાની ઈજાઝત છે એના પર વારંવાર અરજ ગુજરી ચૂકી કે પ્રકરણ ઈમામ બુખારી રચે અને તેનું મળતાપણુ મુસ્લિમની હદીષથી પેદા કરવામાં આવે ! મળતાપણાની સહીહ ચર્ચા એ છે કે હદીષમાં જો કે તુરાબ (માટી) આવેલ છે પણ ઈમામ બુખારીએ હિસ્સા વર્ણવીને એ ફાયદો કર્યો કે બંનેનો હુકમ એક છે એટલા માટે કે બંનેની અસર નમાઝ પર સમાન છે.

## તઅલીક઼ : ૨૨૪ની સમજૂતી

આ અષરને ઈમામ અબ્દુર્રઝ઼ઝાકે મૌસૂલન્ શબ્દોના ફેરફાર સાથે વર્ણન કરી છે. અંતમાં આટલુ અધિક છે : જો છોકરાને કૂવા પર જુએ અને અંદેશો હોય કે કૂવામાં પડી જશે તો નમાઝ તોડી નાખે.

અહીં પ્રકરણ એ છે કે, "જો નમાઝની હાલતમાં ચોપગુ ભાગે તો શું કરે ?" એના હદીષ લાવ્યા છે જેમાં મઝકૂર છે કે હઝરત અબૂ બરઝહ અસ્લમી رضی اللہ عنہ નમાઝ પઢી રહ્યા હતા. તેમના ઘોડાની લગામ તેમના હાથમાં હતી. ઘોડો છોડીને ભાગવા ચાહતા હતો અને આ તેની પાછળ પાછળ હતા. એનાથી સાબિત થયું કે જો માલના નષ્ટ થવાનો સહીહ ડર હોય તો નમાઝ તોડવી જાઈઝ છે. માલથી મહત્વની જાન છે, જાન જવાના કે અંગના કપાવાનો અથવા સખત માર અથવા લાંબી કૈ઼દનો ડર હોય તો પણ ઈજાઝત છે. થોડા સરખા માલના માટે નમાઝ તોડવી જાઈઝ નથી, વધુ હોય તો ઈજાઝત છે. જો એક દિરહમ અથવા એથી વધુ કિંમતનો હોય તો વધારે ગણાશે, નહીં તો થોડો ગણાશે. *(દુર્રે મુખ્તાર વ રદુલ મુહતાર ૧/૪૪૦ મકરૂહાત)*

## તઅલીક઼ : ૨૨૫ની સમજૂતી

આ તઅલીકને ઈમામ અબૂ દાઊદ (૧/૧૬૯ સલાત), ઈમામ નિસાઈ (૧/૨૧૭ અલકસૂફ), તથા અહમદ (મુસ્નદે ઈમામ અહમદ, ૨/૧૮૮) તથા ઈમામ હા઼કિમે અલ્મુસ્તદરકમાં મૌસૂલન રિવાયત કરી છે. અબૂ દાઊદમાં આ પ્રમાણે છે. "પછી અંતિમ સજદામાં ફૂંક મારી અને ઉફ ઉફ કહ્યું." મુસ્નદે ઈમામ અહમદ તથા નિસાઈમાં આ પ્રમાણે છે : "આખરી રકાતના બીજા સજદામાં રડવા લાગ્યા અને ફૂંકવા લાગ્યા અને આ પ્રમાણે અર્ઝ કરવા લાગ્યા, હે રબ ! શું તેં એ વાયદો નથી કર્યો કે એમના પર અઝાબ ન કરીશ જ્યાં સુધી તેઓ ઈસ્તિગફાર કરતા રહે. નમાઝથી ફારિગ થઈને ખુત્બો આપ્યો કે જન્નત મારી સમક્ષ લાવવામાં આવી. મેં મારો હાથ લંબાવ્યો કે એના ગુચ્છાઓમાંથી લઈ લઉં અને જહન્નમ મારી સમક્ષ લાવવામાં આવી તો હું તેને ફૂંકવા લાગ્યો એ ડરથી કે કયાંક તમારા પર છવાઈ ન જાય. ઈમામ બુખારીએ એને સેગાએ તમરીઝ વડે (કમજોર વાત

પ્રતિ નિર્દેશ કરનાર) એટલા માટે વર્ણવી છે કે એ અતા બિન સાઈબ અન અબિયહ મરવી છે, એમની હદીષનું દલીલને પાત્ર હોવામાં મતભેદ છે અને અંતિમ ઉમરમાં તેમને ઈખ્તેલાત પણ થઈ ગયો હતો. પરંતુ ઈમામ ઈબ્ને ખુઝૈમાએ સુફયાન ષૌરીથી આ હદીષ રિવાયત કરી છે અને સુફયાન ષૌરીએ ઈખ્તેલાતથી પહેલાં અતાથી હદીષ સાંભળી છે. અતાના બાપ સાબઈની અજલી અને ઈબ્ને હબ્બાને સમર્થન કર્યું છે. અબૂ દાઊદમાં ફૂંક મારવાની તફસીર એ છે કે ઉફ ઉફ કહ્યું. ઉફ કલામ ત્યારે બોલાશે જ્યારે ફાઅલે (ف)ને મુશદદ (તશદીદ સાથે) પઢે અને જો ફાઅ્ સાકિન પઢે તો કલામ ન થશે. અલ્લામા અયનીએ ફર્માવ્યું કે જે શખ્સ ફૂંક મારી રહ્યો હોય તે તેને તશદીદ સાથે નથી અદા કરતો, બલ્કે કદાચ જ તેને તેના મખરજ (અક્ષરના ઉદ્‌ભવ સ્થાને)થી સંપૂર્ણપણે કાઢતો હોય એ રીતે કે બંને હોઠ મળી જતા હોય. લગભગ અલ્લામા અયની એ ફાયદો કરવા ચાહે છે કે હુઝૂરે અક્દસ ﷺએ જે ઉફ ઉફ કર્યું એ નમાઝમાં વાત કરવું ન થયું. એટલા માટે ઈમામ અબૂ યૂસુફે ફર્માવ્યું કે જો નમાઝમાં ઉફ, ઉંહ, ઓહ નીકળી જાય તો નમાઝ ફાસિદ થશે નહીં, પણ એમાં તફસીલ છે અને દર્દ તથા મુસીબતના કારણે ઉફ, તફ,આહ, આહ નીકળે તો નમાઝ ફાસિદ થશે. અને જો જન્નત અથવા દોઝખના ઝિક્રથી આ શબ્દો નીકળે તો નમાઝ ન ગઈ. આ રીતે અલ્લાહ ﷻની અઝમત, તેના જલાલ તથા કિબ્રિયાઈના તસવ્વુરથી નીકળે તો પણ ફાસિદ ન થશે. અહીં હુઝૂરે અક્દસ ﷺના મુખ મુબારકથી જે ઉફ ઉફ નીકળ્યું એ દોઝખને જોઈને નીકળ્યું હતું એટલા માટે એનાથી પણ નમાઝ ફાસિદ ન થશે. અને આ તે نفخ (નફખ) નથી જેનાથી મનાઈ આવી હોય. તિર્મિઝી (૧/૮૦ સલાત)માં છે, અફલહએ નમાઝમાં ફૂંક મારી તો હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું. : ترب وجهك "તારો ચહેરો ધૂળમાં મળે."

**એક પ્રકરણની ટીકા** : ઈમામ બુખારીએ એક પ્રકરણ રચ્યું : "પુરૂષોમાંથી કોઈ નમાઝમાં તાલી વગાડે તો તેની નમાઝ ફાસિદ ન થશે જો તે ન જાણતો હોય." એની સાબિતીના માટે હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہની હદીષનો હવાલો આપ્યો છે. "ન જાણતો હોય" એ વર્ણન થયેલ નથી. જાહેર એ થાય છે કે એ ન જાણતો હોય કે નમાઝમાં તાલી વગાડવાથી નમાઝ ફાસિદ થઈ જાય છે અને વગાડશે ફાસિદ થઈ જશે. અલ્લામા અયની તથા અલ્લામા ક઼સ્તલાની એ جاهلની સ્પષ્ટતા એ કરી કે જાણી બુઝીને ન હોય. એનાથી સમજાયું કે ઈરાદાપૂર્વક હોય તો નમાઝ ફાસિદ થઈ જશે. પસંદીદા એ છે કે જો ઈમામને લુક઼મો આપવાના માટે તાલી વગાડશે તો નમાઝ ફાસિદ ન થશે ચાહે ઈરાદાપૂર્વક હોય કે વિના ઈરાદે. હઝરત સહલ બિન સઅદની હદીષમાં એ જ છે કે સહાબાએ કિરામે હઝરત સિદ્દીક઼ે અકબરને એ દર્શાવવા માટે કે હુઝૂરે અક઼દસ ﷺ તશરીફ લાવ્યા છે, તાલીઓ વગાડી (ડાબા હાથની પીઠ પર જમણા હાથની હથેળી મારીને) હતી, અને હદીષમાં કોઈ એવો શબ્દ નથી કે સહાબાએ કિરામે વિના ઈરાદે તાલી વગાડી હતી, બલ્કે જાહેરી હદીષ એ જ છે કે તેમણે ઈરાદાપૂર્વક તાલી વગાડી હતી. એટલા માટે આ હદીષથી સાબિત થાય છે કે ઈમામને લુકમો આપવા માટે તાલી વગાડવાથી નમાઝ ફાસિદ ન થઈ અને જો કોઈ લહવો લઈબ (રમત)ના માટે તાલી વગાડે તો જરૂર નમાઝ ફાસિદ થઈ જશે, ચાહે ઈરાદાપૂર્વક વગાડે ચાહે વિના ઈરાદે વગાડે. વર્ણન થઈ ચૂક્યું કે અહીં તાલી વગાડવાથી મુરાદ એ છે કે જમણા હાથની હથળી ડાબા હાથની પીઠ પર મારે.

**એક અધિક પ્રકરણની ટીકા** : ત્યારબાદ પ્રકરણ છે : "જયારે મુસલ્લીને કહેવામાં આવે કે આગળ વધો અથવા રાહ જુઓ અને તેણે રાહ જોઈ તો કાંઈ વાંધો નથી." એમાં એ ખુલાસો નથી કે નમાઝની હાલતમાં કહેવામાં આવે કે નમાઝ શરૂ કરવાથી પહેલાં કહેવામાં આવે. કેમ કે એના અગાઉનાં જે પ્રકરણો છે એમાં એ જ ચર્ચા છે કે નમાઝની હાલતમાં આ કાર્યો જાઈઝ છે કે નથી, એટલા માટે જાહેરી રીતે એ જ સમજમાં આવે છે કે અહીં પણ એ જ મુરાદ છે. એને સાબિત કરવાના માટે હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہની હદીષ ૨૫૦ લાવ્યા છે. જેમાં એવું આવ્યું છે કે લોકો નબી ﷺ ની સાથે એ રીતે નમાઝ પઢતા હતા કે તેહબંદ નાનુ હોવાને કારણે ગરદનો પર બાંધેલ રહેતા હતા તો સ્ત્રીઓને કહેવામાં આવ્યું કે તેણીઓ તેમનાં માથાં ત્યાં સુધી ન ઉઠાવે જ્યાં

# حدیث ۷۲۴

**[હદીષ : ૭૨૪]**

عَنْ اَبِیْ هُرَیْرَةَ رَضِیَ اللّٰهُ تَعَالٰی عَنْهُ قَالَ نُهِیَ عَنِ الْخَصْرِ فِی الصَّلٰوةِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે નમાઝમાં કેડ પર હાથ રાખવાથી મના કરવામાં

وَقَالَ هِشَامٌ وَّاَبُوْ هِلَالٍ عَنِ ابْنِ سِیْرِیْنَ عَنْ اَبِیْ هُرَیْرَةَ عَنِ النَّبِیِّ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّم

આવ્યું છે અને હિશામ તથા અબૂ હિલાલે ઈબ્ને સીરીન અને તેમણે હઝરત અબૂ હુરૈરહથી રિવાયત કરતાં કહ્યું કે તેમણે નબી ﷺ થી રિવાયત કરી."

(બુખારી ૧/૧૬૩ અલહસ્ર ફીસ્સલાત, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ–સર્વએ સલાતમાં)

સુધી પુરૂષો સીધા ન બેસી જાય. આ હદીષમાં **فقیل** છે, "ફાઅ" (ف)ની સાથે જે તઅક઼ીબના માટે આવે છે. તેના પહેલાં **کانوا یصلون** છે એનાથી એ તારવી શકાય છે કે નમાઝની હાલતમાં પુરૂષોને કહેવામાં આવું આવ્યું. આ રીતે પ્રકરણ સાથે મળતાપણુ થઈ જાય છે.

**હું કહું છું :** એવું કહેવું કે હદીષ એના માટે દલીલ પૂરી પાડે છે કે નમાઝની હાલતમાં આવું કરવામાં આવ્યું, એવું કતઈ (તદ્દન) નથી. એક અન્ય સંભાવના પણ છે જે પહેલાવાળા કરતાં પણ અધિક જાહેર છે કે **کانوا یصلون** એ સહાબાએ કિરામની સામાન્ય આદતનું વર્ણન છે કે જેમની પાસે તેહબંદ નાનાં હતાં તેઓ તેને ગરદનો પર બાંધીને નમાઝો સામાન્યતઃ પઢયા કરતા હતા. એમની આ હાલત જોવામાં આવી તો કોઈપણ મોકા પર નમાઝની બહાર સ્ત્રીઓ સાથે એ કહેવામાં આવ્યું. આ રીતે ઈમામ બુખારીએ એની કાળજી નથી કરી કે સતત એક રવિશની સંપૂણપણે પાબંદી કરે કે એના આગલાવાળા પ્રકરણોથી એ દલીલ પુરવાર કરવામાં આવે કે નમાઝની હાલતમાં આ પ્રમાણે કરવાનું બયાન છે. જેમ કે કિતાબુલ વુઝૂમાં જોઈ લો કે દરમ્યાનમાં ઈસ્તિન્જાનાં પ્રકરણો ઉમેરી દીધાં. આ આધાર પર પ્રકરણ તથા હદીષમાં મુતાબિક઼ત (સામ્યતા) પણ થઈ જતી હોય છે અને કોઈ ઉલઝન નથી રહેતી.

**કાશ્મીરી મહાશયની પકડ :** ફયઝુલ બારી (૭/૪૩૭)માં છે : "હદીષ નમાઝ બહારના મસ્અલાની તાલીમના બારામાં છે અને તર્જુમો નમાઝ દરમ્યાનની સુધારણાના વર્ણનમાં છે. ક્યાં આ ક્યાં તે ! પણ એવું કહેવામાં આવે કે એમણે તર્જુમાને હદીષથી કોઈ પ્રકારના ઈસ્તિંબાતથી લીધો હોય.

**હું કહું છું :** એનો પાયો એક તો એ જ છે કે નમાઝમાં કાંઈક કરવાના બયાનનો ક્રમ ચાલી રહ્યો છે તો અહીં પણ એ જ મુરાદ છે, અથવા એ કે આ મહાશયે **لمصلی**થી એ સમજ્યું છે કે મુસલ્લી કોઈને એ જ વખતે સમજવામાં આવશે જ્યાં સુધી તે નમાઝ પઢી રહ્યો છે, એના પહેલાં અથવા એના પછી એને મુસલ્લી કહેવું ગલત છે !

**સમજૂતી : ૭૨૪**

આ હદીષના વિવિધ શબ્દો આવ્યા છે ખૂદ બુખારીમાં જ બાદવાળી હદીષમાં સંક્ષિપ્તમાં کشمیہنی થી અબૂઝરની રિવાયતમાં સંક્ષિપ્તમાં, નિસાઈની રિવાયતમાં સંક્ષિપ્તમાં અને અબૂ દાઊદની એક રિવાયતમાં **نهی عن الاختصار** (નહા અનિલ) અને બયહકીની એક રિવાયતમાં **عن التخصر** આવ્યું છે. તિર્મિઝીએ એની તફસીર એ કરી છે, કોઈ પોતાનો હાથ નમાઝમાં કેડ પર રાખે. અબૂ દાઊદે પણ એ જ તફસીર કરી છે.

**ت ۲۲۶** وَقَالَ عُمَرُ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ اِنِّىْ لَاُجَهِّزُ جَيْشِىْ وَاَنَا فِى الصَّلٰوةِ ع

*"અને હઝરત ઉમરે ફર્માવ્યું, હું લશ્કરને નમાઝમાં દુરુસ્ત કરું છું." (બુખારી ૧/૧૬૩)* **[તઅલીક઼ : ૨૨૬]**

**حدیث ۷۲۵** قَالَ اَبُوْهُرَيْرَةَ رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ يَقُوْلُ النَّاسُ اَكْثَرَ اَبُوْهُرَيْرَةَ

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, લોકો કહે છે કે અબૂહુરૈરહએ* **[હદીષ : ૭૨૫]**

فَلَقِيْتُ رَجُلًا فَقُلْتُ بِمَ قَرَأَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ الْبَارِحَةَ

*પુષ્કળ પ્રમાણમાં રિવાયતો કરી છે. તો મેં એક સાહબથી મુલાકાત કરી અને પૂછયું, કાલે રાત્રે રસૂલુલ્લાહ*

فِى الْعَتَمَةِ فَقَالَ لَا اَدْرِىْ فَقُلْتُ اَلَمْ تَشْهَدْهَا قَالَ بَلٰى قُلْتُ لٰكِنْ اَنَا اَدْرِىْ قَرَأَ

*ﷺને અતમહ એટલે ઈશામાં શું પઢયું હતું ? તો તેમણે ફર્માવ્યું, હું નથી જાણતો. હવે મેં કહ્યું, તેમાં હાજર*

سُوْرَةَ كَذَا وَكَذَا ع

*ન હતા ? તેણે કહ્યું, હાજર તો હતો ! મેં કહ્યું, હું જાણુ છું આ આ સૂરત પઢી." (બુખારી ૧/૧૬૩)*

**فى الصلوٰة**ના હઝફ (કમી)ની સાથે. ઈમામ તિર્મિઝીએ જે તફસીર કરી છે તે જ હઝરત મુહમ્મદ બિન સીરીને પણ કરી છે જેવું કે ઈબ્ને અબી શયબાએ રિવાયત કર્યું છે. તેમજ હિશામ બિન હસ્સાની અબૂ અબ્દુલ્લાહ કુ઼રૂસીએ પણ એ જ તફસીર કરી છે. જેમ કે બયહકી઼એ પોતાના સુનનમાં એમનાથી રિવાયત કરી છે (ઉમ્દતુલ કા઼રી, ૭/૨૯૭) અને એ જ સહીહ છે. નમાઝમાં કેડ પર હાથ રાખવો મકરૂહે તેહરીમી છે. કરાહતનું મૂળ કારણ યહૂદી સાથે મળતાપણુ છે. જેમ કે બુખારી (૧/૪૯૧, અંબિયા)માં જ હઝરત ઉમ્મુલ મોમિનીન સિદ્દીકા઼ رضی اللہ عنہاથી મરવી છે કે તે કેડ પર હાથ રાખવાને મકરૂહ જાણતાં હતાં. ફર્માવે છે કે યહૂદી એવું કરે છે. ઈબ્ને અબી શયબાએ આટલુ વધાર્યું, એટલે "નમાઝમાં." બીજુ કારણ એ છે કે એ જહન્નમીઓની રાહત છે. એ પણ ખૂદ ઉમ્મુલ મોમિનીન હઝરત સિદ્દીકા઼ رضی اللہ عنہاથી મરવી છે જેમ કે ઈબ્ને અબી શયબામાં જ છે કે તેમણે એક શખ્સને કેડો પર હાથ રાખેલો જોયો તો ફર્માવ્યું, "જહન્નમી જહન્નમમાં આ જ પ્રમાણે રહેશે." બલ્કે બયહકી઼એ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, " નમાઝમાં કેડ પર હાથ રાખવા જહન્નીઓની રાહત છે." એક કારણ એ પણ છે કે ઈબ્લીસને જ્યારે ઉતારવામાં આવ્યો તો કેડો પર હાથ રાખેલ હતો. જેમ કે ઈબ્ને અબી શયબાએ મૌકુફન રિવાયત કરી, તેમજ આ તરીકો ઘમંડીઓનો છે. તેમજ ફાહિશા સ્ત્રીઓ નાચતી વખતે અધિક તર આ જ સ્થિતિમાં રહે છે. *(ઉમ્દતુલ કા઼રી, ૭/૭૯૭)*

**તઅલીક઼ : ૨૨૬ની સમજૂતી** આ તઅલીક઼ને ઈમામ અબૂબક્ર ઈબ્ને અબી શયબાએ પોતાના મુસ્નફમાં રિવાયત કરી છે. કેમ કે લશ્કરની ગોઠવણ તથા દુરુસ્તી જેહાદના માટે છે જે દીની વાત છે એટલા માટે એમાં કોઈ વાંધો નથી.

**સમજૂતી : ૭૨૫** **اكثرا بوهريرة**થી મુરાદ હુઝૂરે અક઼દસ ﷺની હદીષો પુષ્કળ પ્રમાણમાં વર્ણન કરવું છે. જેમ કે મુદખલમાં છે. એમાં કોઈ વાંધો નથી જ્યારે રાવીને યકી઼ન હોય મને સહીહ યાદ છે. એની સંપૂર્ણ ચર્ચા આગળનાં પૃષ્ઠોમાં વર્ણન થઈ ચૂકી છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જેટલી અધિક હદીષો મરવી છે એટલી કોઈ અન્ય સહાબીથી નથી. તેમની રિવાયતો જે ગણત્રીમાં આવી છે તે ૫૩૭૪ છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# حدیث ۷۲۶

[હદીષ : ૭૨૬]

قَالَ سَعۡدٌ وَرَأَیۡتُ عُرۡوَۃَ بۡنَ الزُّبَیۡرِ صَلّٰی مِنَ الۡمَغۡرِبِ رَکۡعَتَیۡنِ

"સઅદે કહ્યું, મેં ઉરવા બિન ઝુબેરને જોયા કે તેમણે મગરિબની બે રકાત પઢી અને

فَسَلَّمَ وَتَکَلَّمَ ثُمَّ صَلّٰی مَا بَقِیَ وَسَجَدَ سَجۡدَتَیۡنِ وَقَالَ ھٰکَذَا فَعَلَ النَّبِیُّ

સલામ ફેરવી દીધી અને વાત કરી ત્યારબાદ બાકીની પઢી અને બે સજદા કર્યા અને કહ્યું,

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ ع

આવું જ નબી ﷺએ કર્યું હતું." (બુખારી ૧/૧૬૩)

**સમજૂતી : ૭૨૬**

સઅદ બિન ઈબ્રાહીમ આ હદીષના રાવી છે. એનાથી આગલી હદીષના સાથે જે સઅદ મઝકૂર છે એનાથી આ પણ રિવાયત પામી છે. લગભગ ઉરવાએ **ھکذا فعل النبی صلی اللّٰہ تعالٰی علیه وسلم**થી ઝુલ્યદૈનવાળી હદીષની પ્રતિ નિર્દેશ કર્યો છે જે બુખારીમાં હમણા આથી પહેલાં વર્ણન થઈ છે. અને નુઝહતુલ કારી, ભાગ–૨, હદીષ–૩૩૩ વર્ણન થઈ ચૂકી છે જેમાં એવું મઝકૂર (વર્ણન) છે કે હુઝૂરે અક્દસ ﷺએ ઝોહરની નમાઝમાં બે રકાત પર સલામ ફેરવી દીધી હતી. સલામ ફેરવીને એક લાકડી પર ટેકો લગાડીને કિબ્લાની તરફ પીઠ અને સહાબાએ કિરામની તરફ મોં ફરીને બેસી ગયા. ઝુલ્યદૈનએ જ્યારે બતાવ્યું તો અન્ય હઝરાતથી પૂછયું અને બે રકાત ફરી પઢી સજદએ સહ્વ કર્યો. એનાથી હઝરત ઉરવા એવું સમજ્યા કે નમાઝની સુધારણા માટે વાતચીત નમાઝને ફાસિદ નથી કરતી, અને તેમણે એના પ્રમાણે અમલ કર્યો. પણ અમે ભાગ–૨, હદીષ–૨૭૯ હેઠળ દર્શાવી ચૂક્યા કે હુઝૂરે અક્દસ ﷺથી વાતચીત નમાઝને તોડતી નથી. અને હમણા થોડાક પેજો પહેલાં તલ્વીહથી ગુજર્યું તેમજ અલ્લામા નવવી (શરહે મુસ્લિમ–૨૧૪) એ પણ લખ્યું છે કે હુઝૂરે અક્દસ ﷺ સાથે વાતચીત ન આપણે ત્યાં (હનફીઓમાં) નમાઝને બાતિલ કરે છે અને ન કોઈ અન્યને ત્યાં. એનો સાર એ નીકળ્યો કે આ ઈજમાઈ મસ્અલો છે. એટલા હઝરત ઉરવાનો આ હદીષ પ્રમાણે અમલ દુરૂસ્ત નથી. ઉરવાનું એ કહેવું કે **ھکذا فعل رسول اللّٰہ صلی اللّٰہ تعالٰی علیه وسلم** ઈરસાલ છે પણ એષિકહ છે અને તેહકીક એ છે કે ષિકહ (રાવી)ની હદીષે મુરસલ હુજ્જત (દલીલ) છે. એની શકયતા છે કે તેમણે મઝકૂર હદીષ હઝરત અબૂ હુરૈરહથી સાંભળી હોય, એટલા માટે કે તેમના અન્ય સાથીઓ જેમ કે સઈદ બિન મુસૈયિબ, અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉક્બા, અબૂબક્ર બિન અબ્દુર્રહમાન બિન હારિષ વગેરેએ હઝરત અબૂ હુરૈરહ رضی اللّٰہ عنهથી આ હદીષ રિવાયત કરી છે.

**શંકા** : અમે ભાગ–૨ હદીષ–૩૩૩ હેઠળ અલ્લામા અયની વગેરેના સમર્થનમાં લખ્યું છે કે ઝુલયદૈન અને ઝુશ્શમાલૈન એક જ સાહબ છે જે ગઝવએ બદરમાં શહીદ થયા છે. પણ મુસ્લિમ શરીફ (૧/૨૧૪ સલાત)માં હઝરત અબૂ હુરૈરહ رضی اللّٰہ عنهથી મરવી ઝુલયદૈનવાળી હદીષમાં પ્રારંભિક શબ્દો આ પ્રમાણે છે :

بنیا انا اصلی مع رسول اللہ صلی اللہ تعالٰی علیہ وسلم، الحدیث "હું રસૂલુલ્લા ﷺની સાથે નમાઝ પઢી રહ્યો હતો." આ એના પર દલીલ છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ નમાઝમાં શરીક હતા. અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હિ.સ. ૭માં ગઝવએ ખયબરના મોક઼ા પર ખિદમતે અક઼દસમાં હાજર થયા છે. હવે સાબિત થયું કે આ બનાવ હિ.સ. ૭ પછીનો છે, એ વખતે ઝુશ્શમાલૈન મૌજૂદ ન હતા. જેથી માનવું પડશે કે ઝુલ્યદૈન અન્ય બુઝુર્ગ છે અને ઝુશ્શમાલૈન અલગ છે. પણ નિસાઈ (૧/૧૮૨,૧૮૩ સલાત)માં હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہથી જ બે તરીક઼ાથી રિવાયત છે કે હુઝૂરે અક઼દસ ﷺએ બે રકાત પર સલામ ફેરવી, તો ઝુશ્શામૌલૈને અર્ઝ કરી પર હુઝૂરે અક઼દસ ﷺએ પૂછયું, ઝુલ્યદૈન શું કરી રહેલ છે ?! ઈમામ તહાવી (શરહે મઆનિયુલ આષાર–૨૧૫)એ પણ એ જ રિવાયત કર્યું છે. એનાથી જાહેર થઈ ગયું કે ઝુશ્શમાલૈન અને ઝુલયદૈન એક જ બુઝુર્ગ છે. આ આધાર પર અહનાફના તરફથી એ પણ જવાબ હશે કે આ મન્સૂખ છે, પણ હવે બે શંકાઓ ઉભરે છે કે જયારે ઝુલયદૈન તથા ઝુશ્શમાલૈન એક જ બુઝુર્ગ છે અને તે ગઝવએ બદરમાં શહીદ થઈ ગયા તો મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہની ઝબાની એ કેવી રીતે મરવી છે કે بنیا انا اصلی مع رسول اللہ صلی اللہ تعالٰی علیہ وسلم۔ الحدیث બીજુ એ કે નસખ (મન્સૂખ હોવાનો) દાવો ગલત થઈ ગયો. આ તે શંકા છે કે અલ્લામા ઈબ્ને નજીમને લખવું પડયું : لم ار عنہ جوابا شافیاً "હું એનો કોઈ શાફી (સંતોષકારક) જવાબ નથી જાણતો." (બહરુર્રાઈક ૨/૩) અલ્લાહની તૌફીક઼થી હું કહું છું : શક્ય છે કે આ બંનેવ બુઝુર્ગ બે અલગ અલગ બુઝુર્ગો હોય. એમનામાં એક સાહબને કેવળ ઝુશ્શમાલૈન કહેવામાં આવતા હોય અને તેમની શહાદત ગઝવએ બદરમાં થઈ ગઈ. જેથી આ હદીષમાં એ મુરાદ નથી, બીજા તે સાહબ જેમને ઝુલ્યદૈન પણ કહેવામાં આવતા હોય અને ઝુશ્શમાલૈન પણ કહેવામાં આવતા હોય. અને એ બાદ સુધી હયાત રહયા હોય. અને આ હદીષમાં એ જ મુરાદ હોય. રહી ગઈ નસ્ખની વાત, તો અમે એને મન્સૂખ નથી માનતા, બલ્કે એને અમે હુઝૂરે અક઼દસ ﷺની વિશિષ્ટતાઓમાંથી માનીએ છીએ. હઝરત ઉમર رضی اللہ عنہથી એકવાર આવો જ સહ્‌વ (ભૂલ) થયો હતો જેવો કે ઝુલ્યદૈનની હદીષમાં વર્ણન થયેલ છે, તો તેમણે સજદએ સહ્‌વ નથી કર્યો બલ્કે ફરીવાર નમાઝ પઢી અને એ નમાઝ બાજમાઅતમાં સહાબાએ કિરામની મૌજૂદાતમાં થયું હતું, પણ કોઈએ એનો ઈન્કાર નથી કર્યો. જયારે ઝૂલ્યદૈનવાળા કિસ્સાના સમયે હઝરત ઉમર મૌજૂદ હતા. અને એનું ગુમાન અધિકતર (ગાલિબ) છે કે અન્ય પણ એવા હઝરાત તે વખતે મૌજૂદ રહ્યા હોય જેઓ ઝુલયદૈનવાળી હદીષના બનાવમાં પણ શરીક રહ્યા હતા, પણ કોઈએ ન ટોકયા. એનું કારણ કેવળ એ જ હોઈ શકે છે કે વાતચીતનું નમાઝ તોડનાર ન હોવું હુઝૂર અક઼દસ ﷺ સાથે ખાસ છે. *(શરહે મઆનિયુલ આષાર, ૧/૨૧૭)*

## તઅલીક઼ : ૨૨૭ની સમજૂતી

અહીં ઈમામ બુખારીએ આ પ્રકરણ રચ્યું છે. : "જે સિજદએ સહ્‌વમાં તશહહુદ ન પઢે." એની સાબિતીમાં ત્રણ તઅલીકો અને ઝુલ્યદૈનવાળી હદીષ વર્ણન કરી છે. છેવટમાં ઈમામ ઈબ્ને સીરીનનો ઈર્શાદ પેશ કર્યો. ઈમામ બુખારીએ જે શબ્દોમાં તઅલીકો વર્ણવી છે એનાથી તો જરૂર પ્રકરણ સાબિત થાય છે, પણ હઝરત અનસ તથા હઝરત હસન બસરીનો જે ઈર્શાદ ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ વર્ણન કર્યો છે તેના શબ્દો આ પ્રમાણે છે. હઝરત અનસના અષરના શબ્દો આ પ્રમાણે છે : હઝરત અનસ બીજી રકાતમાં બેઠેલા રહ્યા, લોકોએ

# حدیث ۷۲۷

**[હદીષ : ૭૨૭]**

عَنْ سَلَمَةَ بْنِ عَلْقَمَةَ قَالَ قُلْتُ لِمُحَمَّدٍ فِي سَجْدَتَيِ السَّهْوِ تَشَهُّدٌ قَالَ

*"સલમા બિન અલ્કમાએ કહ્યું, મેં મુહમ્મદ બિન સીરીનથી પૂછ્યું, સજદાએ સહ્વમાં તશહ્હુદ છે ?*

لَيْسَ فِي حَدِيثِ أَبِي هُرَيْرَةَ ع

*ફર્માવ્યું, અબૂ હુરૈરહની હદીષમાં નથી." (બુખારી ૧/૧૬૪)*

તસ્બીહ પઢી તો ઉભા થયા અને ચાર રકાત પૂરી કરી પછી સલામ ફેરવીને સજદએ સહ્વ કર્યો, ત્યારબાદ લોકો તરફ મોં કરીને ફર્માવ્યું, આ જ પ્રમાણે કર્યા કરો. એમાં જ હઝરત કતાદાથી આ રિવાયત છે કે હઝરત અનસ તથા હઝરત ઈમામ હસન બસરીએ સલામ પછી સિજદએ સહ્વ કર્યો અને સલામ ન ફેરવી. ઈમામ બુખારીએ એ તફસીલ નથી વર્ણવી કે સજદએ સહવ પહેલાં તશહહુદ ન પઢે અથવા સજદએ સહ્વ બાદ ન પઢે. આ તઅલીકોથી જો સાબિત થાય છે તો એ કે સજદએ સહ્વ પછી તશહહદુ ન પઢવું તથા ઝુલ્યદૈનવાળી હદીષથી પણ વધુમાં વધુ એ જ સાબિત થાય છે. રહી ગયું સજદએ સહ્વથી પહેલાં તશહહુદ ન પઢવું, તો સાબિત નથી, બલ્કે એ નિશ્ચિત છે કે બે રકાત પછી કાઈદાએ અખીરા જ્યારે કર્યો હશે તો જરૂર તશહહદુ પઢયા હશે. રહી ગયા કતાદા, તો એમનાથી મુસ્નફે અબ્દુર્રઝ્ઝાકમાં એ નકલ થયેલ છે કે સજદએ સહ્વમાં તશહહુદ પણ પઢયા અને સલામ પણ ફેરવી.

**સમજૂતી : ૭૨૭** એટલે કે ઝુલ્યદૈનવાળી જે રિવાયત હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે એમાં તશહહુદ વર્ણન થયેલ નથી, પરંતુ દરેક શખ્સ જાણે છે કે ઝિક્ર ન કરવું ઝિક્ર ન હોવા બરાબર નથી. અને રિવાયતમાં હઝફ તથા ઈખ્તિસારની સામાન્ય આદત (નિયમ) સૌને ખબર છે. એટલા માટે આ હદીષમાં તશહહુદનું વર્ણન ન હોવાથી એવી દલીલ લાવવી કે સજદએ સહ્વમાં તશહ્હુદ નથી, એ દુરુસ્ત નથી. જ્યારે કે બીજી હદીષમાં સ્પષ્ટપણે સજદાએ સહ્વ પછી તશહહુદ પઢવાનો અને સલામ ફેરવવાનો ઉલ્લેખ મૌજૂદ છે. અબૂ દાઊદ (૧/૧૪૯ સલામ), તિર્મિઝી (૧/૫૨ સલાત)માં હઝરત ઈમરાન બિન હુસૈન رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺએ તેમને નમાઝ પઢાવી અને સહ્વ થઈ ગયો તો બે સજદા કર્યા, પછી તશહહુદ પઢયા પછી સલામ ફેરવી. ઈમામ તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે. ઈમામ હાકિમે ફર્માવ્યું, શયખૈનની શર્ત પર છે. એને ઈબ્ને હિબ્બાને પણ રિવાયત કરી છે અને તેની તસ્હીહ કરી (સહીહ ઠરાવી). તેમજ અબૂ દાઉદ (૧/૧૪૭ સલાત)માં ઓબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું, સજદા પછી તશહહુદ (અત્તહિય્યાત) પઢ પછી સલામ ફેરવ." બયહકીએ હઝરત મુગીરા ઈબ્ને શઅબા رضی اللہ عنہથી પણ સજદએ સહ્વમાં તશહહુદ પઢવાની રિવાયત કરી છે. અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે આ બંનેવ હદીષોની સનદોમાં ઝોઅફ છે, પણ આ ત્રણેવ હદીષો હસનના દરજા સુધી પહોંચી જાય છે. અલાઈએ કહ્યું, એમાં અશક્યતા જેવું નથી. ઈબ્ને અબી શયબાની રિવાયતના પ્રમાણે હઝરત ઈબ્ને મસઊદથી પણ આ મરવી છે. (ફત્હુલ બારી, ૩/૭૯) તદ્ઉપરાંત ઈમામ તહાવી (શરહે મઆનિયુલ આષાર–૨૧૦)એ સહીહ સનદ સાથે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું, સજદએ સહ્વ પછી તશહ્હુદ પઢે અને સલામ ફેરવે. તેમજ તિબ્રાનીમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી પણ આ પ્રમાણે રિવાયત થયેલ છે.

# حدیث ۷۲۸

[હદીષ : ૭૨૮]

عَن کُرَیبٍ اَنَّ ابنَ عَبَّاسٍ وَّالمِسوَرَ بنَ مَخرَمَةَ وَعَبدَ الرَّحمٰنِ بنَ

''કુરૈબથી રિવાયત છે કે ઈબ્ને અબ્બાસ તથા મિસ્વર બિન મખ્રમા તથા અબ્દુર્રહમાન બિન અઝહરે તેમને

اَزهَرَ اَرسَلُوهُ اِلٰی عَائِشَةَ رَضِیَ اللہُ تَعَالٰی عَنهَا فَقَالُوا اِقرَأْ عَلَیهَا السَّلَامَ مِنَّا

હઝરત આઈશા رضی اللہ عنہا ની ખિદમતમાં મોકલ્યા અને કહ્યું, તેમની ખિદમતમાં અમારા સૌના સલામ અર્ઝ

جَمِیعًا وَسَلهَا عَنِ الرَّکعَتَینِ بَعدَ صَلٰوةِ العَصرِ وَقُل لَّهَا اِنَّا اُخبِرنَا اَنَّكِ

કરજો, અને તેમને પૂછજો કે અસ્ર પછી બે રકાત પઢવાનો શો હુકમ છે ? અને અર્ઝ કરજો, અમને ખબર મળી

تُصَلِّینَهُمَا وَقَد بَلَغَنَا اَنَّ النَّبِیَّ صَلَّی اللہُ تَعَالٰی عَلَیهِ وَسَلَّمَ نَهٰی عَنهُمَا وَقَالَ

છે કે આપ એને પઢતાં હતાં. અને અમને એ હદીષ પહોંચી છે કે નબી ﷺ એ એને મના ફર્માવ્યું છે. અને

ابنُ عَبَّاسٍ وَّکُنتُ اَضرِبُ النَّاسَ مَعَ عُمَرَ بنِ الخَطَّابِ عَنهَا۔ قَالَ کُرَیبٌ

ઈબ્ને અબ્બાસે કહ્યું, અને હું હઝરત ઉમરની સાથે એનાથી લોકોને રોકતો હતો. કુરૈબે કહ્યું, હવે હું હઝરત

فَدَخَلتُ عَلٰی عَائِشَةَ رَضِیَ اللہُ تَعَالٰی عَنهَا فَبَلَّغتُهَا مَا اَرسَلُونِی فَقَالَت سَل

આઈશાની ખિદમતમાં હાજર થયો અને એ લોકોનો પયગામ એમને પહોંચાડી આપ્યો. તો તેમણે ફર્માવ્યું,

اُمَّ سَلَمَةَ فَخَرَجتُ اِلَیهِم فَاَخبَرتُهُم بِقَولِهَا فَرَدُّونِی اِلٰی اُمِّ سَلَمَةَ بِمِثلِ

હઝરત ઉમ્મે સલમાથી પૂછો. હું તે લોકોની પાસે પરત આવ્યો, તેમના આદેશને બતાવ્યો. હવે એ લોકોએ

مَا اَرسَلُونِی بِهٖ اِلٰی عَائِشَةَ فَقَالَت اُمُّ سَلَمَةَ، سَمِعتُ النَّبِیَّ صَلَّی اللہُ تَعَالٰی عَلَیهِ

મને ઉમ્મે સલમાની ખિદમતમાં એ જ પયગામ લઈને મોકલ્યો જે હઝરત આઈશાની ખિદમતમાં મોકલ્યો

**સમજૂતી : ૭૨૮**

આ હદીષ પર જરૂરત પૂરતી ચર્ચા થઈ ચૂકી છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો આ ઈર્શાદ **كنت اضرب الناس مع عمر بن الخطاب عنها** તેનો તર્જુમો સામાન્યતઃ એ કરવામાં આવે છે કે, ''હું હઝરત ઉમરની સાથે એને પઢવા પર લોકોને મારતો હતો.'' આ તર્જુમાને સહીહ તો કરી શકાય છે, પરંતુ عن નો સહીહ મદલૂલ મુજાવઝત તથા એઅરાઝ છે. એટલા માટે શયખ નૂરુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ તયસીરુલ ક઼ારીમાં આ પ્રમાણે તર્જુમો કર્યો : بودم من کہ دفع کردم مردم را بعمر بن خطاب رضی اللہ تعالی عنہ از گزاردن این دو رکعت એની સમર્થક

وَسَلَّمَ يَنْهَىٰ عَنْهَا۔ ثُمَّ رَأَيْتُهُ يُصَلِّيهِمَا حِينَ صَلَّى الْعَصْرَ ثُمَّ دَخَلَ عَلَيَّ

હતો. હઝરત ઉમ્મે સલમાએ ફર્માવ્યું, મેં નબી ﷺથી સાંભળ્યું હતું કે એનાથી મના કર્યું હતું. પછી મેં

وَعِنْدِي نِسْوَةٌ مِّنْ بَنِي حَرَامٍ مِّنَ الْأَنْصَارِ فَأَرْسَلْتُ إِلَيْهِ الْجَارِيَةَ فَقُلْتُ

જોયું કે અસ્ર બાદ તેને પઢી રહ્યા છે. પછી મારા ત્યાં તશરીફ લાવ્યા અને મારી પાસે અન્સારના કબીલા બની

قُومِي بِجَنْبِهِ قُولِي لَهُ تَقُولُ لَكَ أُمُّ سَلَمَةَ يَا رَسُولَ اللّٰهِ سَمِعْتُكَ تَنْهَىٰ عَنْ

હરામની કેટલીક સ્ત્રીઓ હતી. મેં લોંડીને હુઝૂરની પાસે મોકલી. મેં લોંડીને શીખવ્યું કે હુઝૂરની બાજુમાં

هَاتَيْنِ وَأَرَاكَ تُصَلِّيهِمَا فَإِنْ أَشَارَ بِيَدِهِ فَاسْتَأْخِرِي عَنْهُ فَفَعَلَتِ الْجَارِيَةُ

ઊભી થઈ જા અને કહે, હુઝૂરથી ઉમ્મે સલમા કહે છે, યા રસૂલલ્લાહ ! ﷺ મેં હુઝૂરથી જ સાંભળ્યું છે કે

فَأَشَارَ بِيَدِهِ فَاسْتَأْخَرَتْ عَنْهُ فَلَمَّا انْصَرَفَ قَالَ يَا ابْنَةَ أَبِي أُمَيَّةَ سَأَلْتِ

હુઝૂર આ બંને રકાતોથી મના કરતા હતા, અને હું જોઈ રહી છું કે હુઝૂર એને પઢી રહ્યા છે ! જો હુઝૂર હાથથી

عَنِ الرَّكْعَتَيْنِ بَعْدَ الْعَصْرِ وَإِنَّهُ أَتَانِي أُنَاسٌ مِّنْ عَبْدِ الْقَيْسِ فَشَغَلُونِي عَنِ

ઈશારો કરે તો પાછળ હટી આવજે. તે લોંડીએ એવું જ કહ્યું તો હુઝૂરે પોતાના હાથથી ઈશારો કર્યો, તે પાછળ

الرَّكْعَتَيْنِ اللَّتَيْنِ بَعْدَ الظُّهْرِ فَهُمَا هَاتَانِ ع۔

હટી આવી. જ્યારે હુઝૂર નમાઝથી ફારિગ થઈ ગયા તો ફર્માવ્યું, હે અબૂ ઉમૈયાની બેટી ! તેં અસ્ર પછીની બે રકાતોના બારામાં પૂછયું છે. થયું એવું કે અબ્દુલકૈસના કેટલાક લોકો મારી ખિદમતમાં હાજર થયા અને મને મશગૂલ કરી લીધો, હું ઝોહરના બાદવાળી બે રકાતોને ન પઢી શક્યો હતો, આ તે જ છે.''

બીજી રિવાયતમાં છે. (ઉમ્દતુલ કારી, ૪/૩૧૬) જેમાં واصرف الناس ''સાદ'' તથા ''ફા''ની સાથે છે, એટલા માટે મેં અહીં એ તર્જુમો કર્યો છે, ''હું હઝરત ઉમર બિન ખત્તાબની સાથે લોકોને એનાથી રોકતો હતો.'' હા ! અબુલ વક્ત (ઈર્શાદુસ્સારી, ૨/૩૦૫)ના એક નુસ્ખામાં عليها છે. એ નુસ્ખાનો આ તર્જુમો દુરુસ્ત છે.

**فارسلت اليه الجارية** : મગાઝીમાં الجارية ની જગાએ **الخادم** છે. એટલા માટે મેં એનો તર્જુમો લોંડી કર્યો છે. જે બંને પર લાગુ પડે છે. હઝરત અલ્લામા ઈબ્ને હજરે કયાસ કર્યો કે, થઈ શકે છે. એનાથી મુરાદ હઝરત ઉમ્મે સલમાની સાહબઝાદી ઝયનબ હોય જે તેમના આગલા પતિ હઝરત અબૂ સલમાથી હતી. જો કે આ કેવળ કયાસ જ છે, કોઈ રિવાયતથી સાબિત નથી.

**يا ابنت ابى امية** : એનાથી ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા મુરાદ છે. આ એમના પિતાની કુન્નિયત છે તેમનું નામ હુઝૈફા અથવા સુહેલ બિન મુગીરા મખ્ઝૂમી હતું.

**اتانى آت** : મગાઝીમાં છે, ''મારી ખિદમતમાં અબ્દુલ કૈસના કેટલાક લોકો મુસલમાન થઈને હાજર

થયા." અને અહીં પણ અબુલ વક઼્તના નુસ્ખાના آتِ ને ناس છે. એ નુસ્ખાને અલ્લામા ઈબ્ને હજર તથા અલ્લામા ક઼સ્તલાનીએ લીધો છે. હવે فشغلونی બહુવચનની સાથે વિના શંકાએ સહીહ છે.

**સ્પષ્ટતા** : આ હદીષથી માલૂમ પડે છે કે સુન્નતે મોઅક્કદાની ક઼ઝા છે. તેમજ એ કે અસ્રની નમાઝ પછી ક઼ઝા પઢવાની ઈજાઝત છે. આપણો તથા જમહૂરનો મઝહબ એ છે કે સુન્નતે મોઅક્કદાની ક઼ઝા નથી અને આ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. એની દલીલ આ જ હદીષની બીજી રિવાયત છે, (ઉમ્દતુલ ક઼ારી, ૭/૩૧૭) કે હઝરત ઉમ્મે સલમાએ પૂછયું, શું અમે લોકો પણ એની ક઼ઝા પઢીએ ? ઈર્શાદ ફર્માવ્યો, નહીં ! રહી ગયું અસ્ર બાદ ક઼ઝા પઢવાનું, તો અહનાફને ત્યાં અસ્ર બાદ જ્યાં સુધી સૂર્યમાં પીળાશ ન આવી જાય એટલે કે સૂર્યાસ્તથી ૨૦ મિનિટ પહેલાં સુધી ક઼ઝા પઢી શકે છે, અલ્બત્ત સૂર્યમાં પીળાશ આવ્યા બાદ સૂર્યાસ્ત સુધી ક઼ઝાની પણ ઈજાઝત નથી.

**تم تسوید الجزء الثالث من نزهة القاری باتمام شهرربیع الاول وقد مضی من هجرة النبویة علی صاجها افضل السلام وازکی التحیة اربع عشرسنة بعد الالف ومن المیلادیة تسع وعشر سنه بعد الالف وکان شهر نومبر وکان مضی منه ثلثة عشرون یوما لیلة یوم الا ثنین۔**

**فالحمد الله علی الانتهاء کماله الحمد علی الا بتداء والصلوة والسلام علی اول خلقه وجوداواٰخرا بنیائه بعثا۔ وعلی آله وصحبه واولیائه۔**

*[ભાગ–૩નો અનુવાદ સંપૂર્ણ થયો. અલ્હમ્દુલિલ્લાહ ! વાંચકોને દુઆની અપીલ કે અમારો, અમારા દોસ્તો–સહાયકો–મિત્રો સગાં સર્વ ઈમાનવાળાઓનો ખાત્મો ઈમાન પર થાય અને અમારા મર્હૂમોની મગફિરત થઈ જાય. (આમીન)] બિજાહિન્નબી કરીમ ﷺ.*

**–પટેલ શબ્બીર અલી રઝવી**

(૧૨ રમઝાન હિ.સ. ૧૪૩૧, ઈ.સ. ૨૩–૮–૨૦૧૦, સોમવાર, સમય : ૧૬.૪૨)